# પ્રકાશના પંથે

## (શ્રી યોગેશ્વરજીની આત્મકથા)



# Prakash Na Panthe

**[Yogeshwarji's autobiography]**

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

☼ ☼ ☼ ☼ ☼

e-book

| | |
|---|---|
| Title | : Prakash Na Panthe |
| Language | : Gujarati |
| Version | : 2.2 |
| Pages | : 654 |
| Created | : March 18th 2008. |
| Updated | : February 24th 2012. |

☼ ☼ ☼ ☼ ☼

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

For the information of our esteemed readers, the print version (First edition) of 'Prakash Na Panthe' is contained in one volume while the second edition, with additional material is contained in two volumes. This book is prepared based on First Edition.

☼ ☼ ☼ ☼ ☼

# નિવેદન



ભૂતકાળની સ્મૃતિ લગભગ દરેક માણસને થયા કરે છે. વીતી ચૂકેલા જીવનના મીઠા પ્રસંગોને લાંબા સમય સુધી ને વારંવાર યાદ કરીને માણસ તેમાંથી આનંદ, પ્રેરણા, પ્રકાશ, શાંતિ ને નવજીવનનું ભાથું મેળવે છે. માનવજીવન અતિ મૂલ્યવાન છે. તેનું ખાસ પ્રયોજન છે. તેમાં ભારે શક્તિ ને શક્યતા રહેલી છે. દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવી અને એને વધારેને વધારે ઉચ્ચ તથા ઉજ્જવળ બનાવી એને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે. અંધકારને દૂર કરી, અસત્ય અને મૃત્યુના આવરણને હઠાવી દઇ, તેને જ્યોતિર્મય, સત્યમય અને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તે માટે તેણે પ્રયાસ કરવાનો છે. પ્રકાશના પંથના એ પ્રવાસનું એણે અવારનવાર અવલોકન કરવાનું છે ને ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી જાગ્રત રહીને આગળ ને આગળ ધપવાનું છે.

પ્રકાશના પંથના આલેખનનું આ કાર્ય એકમાત્ર ઇશ્વરની ઇચ્છાથી થઇ રહ્યું છે. જીવનને પૂર્ણ, મુક્ત ને પ્રભુમય બનાવવા માટે થયેલી સાધનાની આ કથા પ્રામાણિક અને વાસ્તવિક છે. એ કેટલાક બુદ્ધિજીવી કે બુદ્ધિ પર જ નિર્ભર રહેતા માણસોને કૈંક અચરજમાં મૂકી દેશે, કેટલીક વાર શંકાશીલ તો કેટલીક વાર ઊંડા વિચાર કરતા કરી દેશે. જીવનને પ્રભુપરાયણ કરવાની ઇચ્છાવાળા માણસોને કે પ્રકાશના પંથે પ્રવાસ કરનારા સાધકોને આમાંથી કંઇ ને કંઇ ઉપયોગી સામગ્રી અવશ્ય મળી રહેશે. પથભ્રાંત કે હતાશ થયેલા સાધકોને આમાંથી માર્ગદર્શન ને નવજીવનની સુખદ સામગ્રી સાંપડશે. સંસારના આધ્યાત્મિક વારસામાં એ રીતે થોડોઘણો પણ વધારો થશે તો લેખનનો પરિશ્રમ કૈંક અંશે સાર્થક થયેલો મનાશે.

નાનપણથી મને રોજનીશી લખવાની ટેવ હતી. અને તે ટેવ ઉપકારક લાગવાથી લાંબા વખત સુધી ચાલુ રહી. એટલે જીવનનું અવલોકન કરીને તેનું શબ્દોમાં સરવૈયું કાઢવાની મારી પ્રિય પ્રથા, ઇશ્વરી પ્રેરણાનો પુરસ્કાર પામીને જાણે કે આત્મકથાના રૂપમાં પરિણમી રહી છે. એ પરથી કોઇએ એમ નથી સમજવાનું કે વીતી ગયેલ જીવનની બધી જ વાતોને આમાં સમાવી લેવામાં આવી છે. અહીં તો જે વાતો લખવા જેવી લાગી તે જ અને જે સાધનાત્મક અનુભવો જાહેર કરવા ઠીક લાગ્યા તે જ રજૂ કર્યા છે. વધુ તો આ કથા પોતે જ કહેશે.

**- યોગેશ્વર**

## આમુખ

દેવભૂમિથી પણ અધિક મહિમાવાળી ભારતવર્ષની ઋષિમુનિ સેવિત તપોભૂમિમાં અતીત કાળથી માંડીને અદ્યતન કાળપર્યંત જુદાજુદા અનેક અલૌકિક સંતો, મહાત્માઓ, યોગીઓ અને તપસ્વીઓ જન્મીને પોતાના લોકાત્તર જીવન દ્વારા પ્રેરણા તથા પ્રકાશ પાથરીને, અસંખ્ય આત્માઓને પથપ્રદર્શન પહોંચાડીને, જ્યોતિર્ધર તરીકેનું કલ્યાણકાર્ય કર્યું છે. શ્રી યોગેશ્વરજીએ જયોતિર્ધરોની એ પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી કરી છે તથા પ્રાણવાન બનાવી છે. એમની આત્મકથાનું અવલોકન કે અધ્યયન કરનારા આત્માઓ એ સત્યને પ્રથમ દૃષ્ટિએ સહેલાઇથી સમજી શકશે.

શ્રી યોગેશ્વરજીના જ્યોતિર્મય જીવનનો હું વરસોથી સાક્ષી રહ્યો છું. મેં ગુજરાતની પુણ્યભૂમિના એમના સાબરમતી તટ પરના નાનકડા જન્મસ્થાનને જોયું છે, એમણે જ્યાં રહીને કઠોર તપ કરેલું તે દેવપ્રયાગના એમના એકાંત આશ્રમને જોયો છે, એમના સાધનામય જીવનનો પરિચય પ્રાપ્ત કર્યો છે, એમના ઉપવાસોને નિહાળવાનું સૌભાગ્ય પણ મેળવ્યું છે, એમની સ્થિતપ્રજ્ઞતાને પણ નિહાળી છે, અને એ બધા પરથી મારી પ્રતીતિ થઇ છે કે એ જીવનમુક્ત મહામાનવ આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમ્યાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે, પરંતુ યોગેશ્વરજી જેવા સાચા, સંપૂર્ણ, સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. યોગેશ્વરજી સૌમાં જુદા જ તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.

એમની વિસ્તૃત રીતે આલેખાયેલી આત્મકથામાં એમણે છેક જ સીધીસાદી સરળ નિરાડંબર સત્યનિષ્ઠ ભાષામાં પોતાની જીવનસાધનાની અને વિવિધરંગી સિદ્ધિઓની કથા કહી છે. એ કથા કેટલી બધી રોચક, પ્રેરક અને પથપ્રદર્શક છે એ તો એનું અધ્યયન કરવાથી જ સમજી શકાશે. એને વાંચ્યા-વિચાર્યા પછી હું તો એટલું જ કહું છું, કહ્યા સિવાય રહી શકતો નથી, કે જે માતાપિતાએ એમના આવિર્ભાવમાં અજ્ઞાત રીતે પણ ભાગ ભજવ્યો છે તેમને ધન્ય છે. એમને પ્રકટાવનારું કુળ અને એમની ક્રીડાસ્થળી થનારી ભૂમિ ધન્ય છે, અને એમની પવિત્ર પદરજને ધારણ કરનારી ધરતી પણ ધન્ય છે. એમના જેવા મહાપુરુષનું દર્શન યુગો પછી કોઇવાર થઇ શકે છે તથા યુગો સુધી પ્રેરણા પ્રદાન કરનારું થઇ પડે છે.

યોગેશ્વરજીએ સાધનાના જટિલ જીવનપંથને ઇશ્વર પર શ્રદ્ધા રાખીને, ઇશ્વરરૂપી પરમ કરુણામયી માતાનો આશ્રય લઇને, એની આંગળી પકડીને, એકલે હાથે જ ખેડવા માંડ્યો ને પૂરો કર્યો છે. એ સતત સાવધ, જાગ્રત, આત્મનિરીક્ષણયુક્ત રહ્યા છે, નાના-મોટાં પ્રલોભનોમાં પડ્યા નથી. નાના સરખા ગામમાં જન્મીને અભ્યાસાર્થે મુંબઇ ગયા. ત્યાંના નિવાસ દરમ્યાન આધ્યાત્મિક માર્ગે આગળ વધવાના સંકલ્પો અને એ સંકલ્પોની સિદ્ધિના પ્રયત્નો કર્યા. પવિત્ર હિમાલયમાં વસ્યા, ભાતભાતની સાધનામાં પ્રવેશ્યા. જુદા જુદા જ્ઞાત-અજ્ઞાત સિદ્ધ પુરુષો કે સંતોને મળ્યા. અલૌકિક અનુભવો પામ્યા. અને છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચીને શાંતિમય બન્યા. એ બધું ભગીરથ કાર્ય એમણે સતત લગન, ધીરજ, હિંમત, ત્યાગ, શ્રદ્ધા તથા સમર્પણભાવથી પૂરું કર્યું. બીજા સાધારણ, અથવા અસાધારણ સાધકો એમના જીવનમાંથી ઘણું ઘણું શીખી

શકશે. સાધનાને નામે પેદા થતી ભ્રાંતિઓને ને કપોલકલ્પિત માન્યતાઓને દૂર કરીને સાધનામય જીવનનો સાચો પ્રકાશ પામી શકશે. છેવટે ધન્ય બનશે.

એમણે કરેલા અવારનવારના ઉપવાસો આજની પ્રજાને આશ્ચર્ય પમાડે તેવા છે. અને એમ તો એમનું આખું જીવન આશ્ચર્યકારક છે. એ ઉપવાસો એમની પરમાત્મપ્રીતિ, લગની ને નિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. એમણે કેટકેટલાં કષ્ટો વેઠીને એમના ધ્યેયની સિદ્ધિ સારુ સાધના કરી છે એનો પરિચય કરાવે છે. એમની સાધના કેવળ એમને માટે જ નહોતી થઇ. એમની આત્મકથા દર્શાવે છે કે દેશ તથા દુનિયાને માટે, બીજાને સુખશાંતિ પહોંચાડવા તથા મદદરૂપ થવા માટે પણ એમણે સ્વપ્નાં સેવેલાં ને બનતા પ્રયત્નો કરેલા. દેશની સ્વતંત્રતાને માટે હિમાલયમાં રહીને એમણે વરસો સુધી પ્રાર્થનાઓ કરેલી. દેશની ઘટનાઓનું સતત ધ્યાન રાખેલું, અને હજુ હમણાં જ ઇ. સ. ૧૯૭૭ના માર્ચમાં થયેલા ભારતના ઐતિહાસિક નોંધપાત્ર અદભૂત પરિવર્તનમાં પણ એમણે કેવો અદૃષ્ટ છતાં ચોક્કસ અનન્ય ભાગ ભજવેલો એનો પરિચય આત્મકથાના અંતિમ પ્રકરણ 'સુવર્ણ પ્રભાત' પરથી થઇ રહે છે. દેશને માટે પ્રતિષ્ઠા કે કશાની પરવા વિના પડદા પાછળ રહીને એમણે જે પાયાનું કામ કર્યું છે તેનો દસ્તાવેજી પૂરાવો એમાં પ્રાપ્ત થાય છે, ત્યારે સમજાય છે કે એ એક મહાન રાષ્ટ્રભક્ત કે રાષ્ટ્રવિધાયક પણ છે અને એમને માટે પરમ આદરભાવ પ્રકટે છે. આપણે એવું નિશ્ચિત રીતે માનતા હતા કે ભારતની રાજ્યપરિવર્તનની છેલ્લી ઘટનાની પાછળ કોઇક દૈવી સંકેત કે દૈવી શક્તિનો હાથ છે, પરંતુ એ હાથ આવો મજબૂત હશે અને યોગેશ્વરજી જેવા મહાપુરુષ પણ એમાં નિમિત્ત બન્યા હશે તે તો એ પ્રકરણને વાંચ્યા પછી જ સમજાય છે. મારી સાથે યોગેશ્વરજીએ એ વિશે વારંવાર વાતો કરેલી ને કહેલું કે ભારતના નક્શાને ધરમૂળથી બદલવો પડશે. રાજ્યશાસન બીજાના હાથમાં મૂકવું પડશે. એને માટે હું મારાથી બનતું કરી અને પરમાત્માને પ્રાર્થી રહ્યો છું. ભારતની છેલ્લી લોકસભાની ચૂંટણી પહેલાં જ એમણે મને જણાવેલું કે આ વખતે સરકાર છેક જ બદલાઇ જશે. એ કેવા અસાધારણ આર્ષદૃષ્ટા છે તેની સમજ અમને સંપૂર્ણપણે ત્યારે જ પડેલી.

એમના પૂર્વજન્મના જ્ઞાનની વાતોને વાંચીને કેટલાક વિચારમાં પડશે. એમણે તો સત્યને વફાદાર રહીને, સ્વાનુભવના નિર્દેશ માટે જ એ વાતને રજૂ કરી છે. એમને ઇ.સ. ૧૯૪૪માં પૂર્વજન્મનું જ્ઞાન થયેલું, અને એ પછી વરસો સુધી એ જ્ઞાન જુદી જુદી રીતે થતું રહ્યું એનો ઇતિહાસ રોચક છે. એમના એ જ્ઞાનનો હું છેક ઇ.સ. ૧૯૪૪થી જ સાક્ષી છું. આજે તેત્રીસ જેટલાં વરસો પછી એ એની માહિતીને પ્રગટ કરી રહ્યા છે તો એમને એ દ્વારા કીર્તિ કમાવાની ઇચ્છા નથી જ. જો કીર્તિ કમાવવાની, ભક્તમંડળને વધારવાની કે બીજી કોઇ લૌકિક લાલસા હોત તો એ આટલાં વરસ સુધી બેસી ના રહેત, પૂર્વજન્મના જ્ઞાનની તરત જ જાહેરાત કરત. પરંતુ એ એવી લાલસા કે ઇચ્છાથી સર્વથા મુક્ત છે. હજુ હમણાં જ એમને કેટલાંક પ્રેમીજનોએ પૂર્વજન્મ વિશે પૂછેલું તો એમણે શાંતિથી જણાવેલું કે મારી આત્મકથા હવે બહાર પડવાની છે, તેમાંથી જાણી લેજો. આટલા વખત સુધી ધીરજ રાખી છે તો થોડીક વધારે રાખો. યોગેશ્વરજી કહે છે કે એ જ્ઞાન તો મને મારા પોતાના લાભ માટે મળેલું છે. બીજાને તેની સાથે એટલો સંબંધ નથી. બીજા તેને માને કે ના માને તે મહત્વનું નથી. બીજા માને તેવો મારો આગ્રહ પણ નથી. સૌ કોઇ સ્વતંત્ર છે. મેં તો મારા અનુભવનું આલેખન કર્યું છે એટલું જ. બીજાને માટે તો હું વર્તમાન જીવનમાં જે છું તે જ વધારે મહત્વનું છે. મારે

પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું. પૂર્વજન્મના મહત્વના આધાર પર મહત્વ નથી બતાવવું. છતાં પણ મારા સ્વાનુભવોની રજૂઆત કરતી વખતે એની રજૂઆત પણ સહજ રીતે જ કરી રહ્યો છું. એમની નમ્રતા, નિખાલસતા અને સત્યનિષ્ઠા અદભૂત છે. કોઇ એમની વાતને માને કે ના માને એટલા માટે એમણે આ કથા નથી લખી. મને એમના શરીરમાં અનેકવાર રામકૃષ્ણ પરમહંસ દેવના દર્શન થયાં છે - જાગૃતિમાં ને ધ્યાનમાં બંને રીતે. એટલે મને તો એમના પૂર્વજન્મની વાતની વરસોથી માહિતી હતી. હવે એમણે જ એનું રહસ્યોદઘાટન કર્યું છે એ અતિશય આનંદદાયક છે.

રામકૃષ્ણદેવના એક ભક્તે મને જણાવેલું કે એમણે કોઇને બસો વરસ પછી ફરીથી જન્મવાની વાત કરેલી. એવા મહાપુરુષ એવી વાત કરે તોપણ પાછળથી વહેલા જન્મવાનો વિચાર કરે તો એમને કોણ અટકાવી શકે ? મહાપુરુષોની વાતો મહાપુરુષો જ સમજી શકે છે. એ વિશે આ પુસ્તકમાં 'ઉડીયાબાબાનો મેળાપ' પ્રકરણમાં એ સિદ્ધ પુરુષે જે જણાવ્યું છે તે ખાસ જાણવા જેવું છે. એથી સઘળી શંકાઓનું સમાધાન થાય છે. મને પોતાને તો એ વાતમાં કોઇ જ શંકા નથી થતી. હું રામકૃષ્ણદેવનો પરમ ભક્ત છું અને યોગેશ્વરજીના રૂપમાં એમને પુનઃ પામ્યો છું એવું અનુભવુ છું.

આત્મકથામાં એમણે મહાત્મા ગાંધીજીના પૂર્વજન્મ વિશે પણ પ્રકાશ પૂરો પાડ્યો છે. એ પણ અવનવો અદ્વિતીય થઇ પડે તેમ છે.

આત્મકથામાં આલેખાયેલો સાધનામય જીવનનો ઇતિહાસ રસિક, તર્કબદ્ધ, બુદ્ધિસંગત અને ઉપકારક છે. વરસો તથા યુગો સુધી એ સાધકોનું કલ્યાણ કરશે. ઇતર જનોને પણ પ્રેરણા પાશે. સંસારની સફરમાં દિવ્ય દીવાદાંડીની ગરજ સારશે. આ પ્રકારની આધ્યાત્મિક અનુભવોથી ભરેલી, જીવનવિકાસની સાંગોપાંગ સમજ પૂરી પાડતી આત્મકથા આ પહેલી છે, એવું કહેવામાં કશી અતિશયોક્તિ નથી થતી. પરમાત્માના પરમ કૃપાપાત્ર પરમ આદરણીય પરમ વંદનીય શ્રી યોગેશ્વરજીને એના આલેખન માટે જેટલા પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. યોગેશ્વર નામ એમને સ્વયં મા જગદંબાએ કેવી રીતે આપ્યું એનો આહ્લાદક વૃતાંત પણ આ કથામાં મળી આવે છે. એમની સાથે છેલ્લાં કેટલાય વરસોથી રહેતાં એમનાં માતાજીનો સમ્યક પરિચય પણ કથાના પ્રવાહ દ્વારા પ્રાપ્ત થાય છે.

ગુજરાતી ભાષા સાહિત્યના ભંડારને એમણે એમના નાના-મોટા અનેકવિધ ગ્રંથો દ્વારા આજ સુધી સમૃદ્ધ કર્યો છે. આત્મકથા દ્વારા એ એમાં એક અમર થવા અથવા સનાતન બનવા સરજાયેલા અસાધારણ ગુણવત્તાવાળા ગ્રંથરત્નનો ઉમેરો કરે છે. ગુજરાતી સાહિત્યમાં આ ગ્રંથરત્ન પોતાની આગવી વિશિષ્ટતાથી પ્રકાશી ઉઠશે. એની વિષય નિરૂપણ શૈલી, મૌલિકતા, સરસતા, એનું ભાષાપ્રભુત્વ, બધું જ અદભૂત છે. એ શિષ્ટ શ્રેષ્ઠ સાહિત્યના સર્વોચ્ચ શિખરોને સર કરે છે. એમની આત્મકથાનું આલેખન સરિતાના પરમ શાંત પ્રસન્ન પ્રવાહની પેઠે, પરિમલથી પુલકિત પુષ્પ કે ધીરગંભીર ચિત્તાકર્ષક ગૌરવાન્વિત ગગનમંડળની પેઠે, એટલું બધું સહજ, સરસ, સ્વયંભૂ બન્યું છે કે વાત નહીં. એનું અધ્યયન અસાધારણ આનંદવર્ષણ કરનાર, અંતરને અનુપ્રાણિત કરનારું, અને આત્માને ઉદ્દાત બનાવનારું થઇ પડે છે. જીવનનું શ્રેય સાધે છે. એ એમને સિદ્ધહસ્ત સાહિત્યકાર તરીકે પુરવાર કરે છે. એમના સરખા સમર્થ સંતપુરુષે આલેખેલી અનુભવોની અનોખી

સંહિતા સમી આ આત્મકથા પરમ પ્રકાશના સાક્ષાત્કારના પવિત્ર પંથનો પરિચય કરાવે છે અને એ પંથના પ્રવાસની પ્રેરણા આપે છે.

આ આત્મકથાએ ભારતવર્ષની સનાતન સાધના, આધ્યાત્મિકતા, સંતપરંપરા, અને હિમાલયના ગૌરવને વધાર્યું છે. એણે પ્રદર્શાવ્યું ને પૂરવાર કર્યું છે કે આજના વિષમ વખતમાં પણ પરમાત્માની પરમ કૃપાને પામેલા સાચા મહાત્માઓની પરંપરા ભારતમાં તૂટી નથી. એણે ભારતીય સંસ્કૃતિના નામને રોશન કર્યું છે.

**- સ્વામી બ્રહ્મરૂપાનંદ**

પરમધામ

(હિમાલય)

☼ ☼ ☼ ☼ ☼

## આવકાર

'પ્રકાશના પંથે' એ મહાત્મા યોગેશ્વરજીની આત્મકથા છે. પ્રારંભમાં જ લેખકે કહ્યું કે પોતે એ આત્મકથા સત્યને વફાદાર રહીને, કીર્તિની કે ધનસંપત્તિની ઇચ્છા રાખ્યા સિવાય, અભીપ્સુઓને તેથી માર્ગદર્શન મળે, સહધર્મીઓને પ્રોત્સાહન મળે એ હેતુથી લખી છે. એમાં કોઇ કપોળ-કલ્પના નથી, અતિશયોક્તિ નથી, પણ એક નક્કર આધ્યાત્મિક આત્મ-ઇતિહાસ છે. આવા ગ્રંથોનું મૂલ્ય ઘણું હોય છે, તે બીજાઓને પ્રકાશને પંથે જવાની પ્રેરણા પૂરી પાડે છે. એટલે એ એક પરોપકાર બુદ્ધિથી લખાયેલી આત્મકથા છે. પોતાને નાનપણથી, મુંબઇ અનાથ બાળકોના આશ્રમમાં હતા ત્યારથી, રોજનિશી લખવાની ટેવ પડી હતી; એટલે એક આધ્યાત્મિક દસ્તાવેજ તરીકે જ આપણે એનું મૂલ્ય આંકવાનું છે. એક અંગ્રેજ કવિએ ઠીક જ કહ્યું છે કેઃ

Lives of great men all remind us,
We can make our lives sublime,
And departing leave behind us
Foot prints on the sands of time.

બરાબર છે. આ મહાકાળના પથ ઉપર મૂકેલા એક સાધક મહાત્મા યોગીના પદચિન્હો છે, જેથી બીજા સાધકોને તેમાંથી ઘણું ઘણું જાણવાનું મળે, પોતાના અનુભવોને આ મહાત્માના અદભૂત ગણાય તેવા અનુભવો સાથે સરખાવવાનું સદભાગ્ય મળે, નિરાશાને ખંખેરી નાખી પૂર્ણતાના પથ ઉપર આગળ વધવાના ઉત્સાહ, પ્રેરણા, હિંમત અને બળ મળે.

લેખક એક બહુ જ ઊંચી કોટિના ગદ્ય લેખક અને કવિ છે. સાહિત્ય પ્રત્યેની અભિરુચિ અને કાવ્યલેખનનો આત્મ-આવિષ્કારનો અદ્વિતીય માર્ગ તેમને નાની ઉંમરથી જ, મુંબઇમાં હાઇસ્કૂલમાં અને કોલેજમાં ભણતા હતા ત્યારથી જ સ્વયં પ્રાપ્ત થયો હતો. એટલે આત્મકથાના સાહિત્યના ક્ષેત્રમાં તે આવો પ્રયાસ કરે તે સ્વાભાવિક છે. મહાત્મા ગાંધીજીએ, વેંદાતના અદ્વૈત માર્ગના ઓલિયા શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ (તેમની આત્મકથા અપ્રગટ છે), શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે વગેરે મહાપુરુષોએ આત્મકથાઓ લખી છે. પણ લેખક કહે છે તેમ દરેક જણ જે રંગે રંગાયેલો હોય તે રંગની વસ્તુ જ તેની કૃતિઓમાં સ્વાભાવિક રીતે પ્રતિબિંબિત થાય. રાજકારણી પુરુષો રાજકારણ વિશે જ વધારે લખે, સાહિત્યસર્જકો સાહિત્ય વિશે જ વધારે લખે અને તેની છણાવટ કરે, મણિભાઇ દ્વિવેદી જેવા ગૂઢ અભેદ માર્ગના સફરીઓ આત્મ-નિમજ્જન કરે, અને યોગેશ્વરજી જેવા મહાત્માઓ આધ્યાત્મિક દર્શનો, સંત મહાત્માઓના મિલનો અને કેવળ 'મા' પર શ્રદ્ધા રાખી, પરમાત્મ તત્વને પ્રાપ્ત કરવા માટે, અંદરની 'મા'ની પ્રેરણાના અવાજ અનુસાર વિવિધ સાધનામાર્ગોમાં ઝંપલાવે, પૂર્ણતા પ્રાપ્ત કરવા ભગીરથ વ્રતો, ઉપવાસો, પ્રાર્થના, તપસ્યાઓ કરે અને તે બધી વસ્તુઓનું ચિત્રણ આત્મકથામાં કરે એ સ્વાભાવિક છે. મહાત્મા ગાંધીજી, જેમની અસર લેખક ઉપર નાનપણથી જ ઘણી માત્રામાં પડી હતી, અહિંસા, સત્યાગ્રહ અને ભારતની આઝાદી અને વિશ્વશાંતિ માટે એક અનોખો માર્ગ શોધી કાઢે, જીવનમાં અજમાવીને તે સાધનની અસરકારકતા સ્પષ્ટ કરી બતાવે તે સ્વાભાવિક છે.

પણ યોગેશ્વરજીની આધ્યાત્મિક સાધનાની એક વિશેષતા છે. તે પરમાત્મ તત્વને પ્રાપ્ત કરી, તેમાં વિલીન થઇ જવાની વાતને પસંદ કરતા નથી. તેમને 'કારક' મહાપુરુષોનું અવતારી કાર્ય ખૂબ ગમે છે. પોતાના યુગને

અનુરૂપ બની, વિશ્વજીવનને વધારે આધ્યાત્મિક, પરિપૂર્ણ, વિશુદ્ધ, શાંતિમય અને સમૃદ્ધ બનાવવામાં પોતાને ઇશ્વરનિર્ણીત ભાગ ભજવવાનો છે, તે નિયતિ તરફ હંમેશા કારક-કોટિના મહાત્માઓનું ધ્યાન રહેતું હોય છે. પરમાત્માએ તેમને અમુક મિશન સોંપ્યું હોય છે, તેઓ વિશ્વનિયંતાના કમિશ્નરો હોય છે. તે કાર્ય કરવામાં જો તેઓ આનાકાની કરે, તેને પૂર્ણરૂપે સિદ્ધ ન કરે, તો પરમાત્માની આજ્ઞાનો ભંગ કર્યો ગણાય. એટલે આવા મહાપુરુષો ગીતાનો નિષ્કામ, અહંતારહિત, દિવ્ય કર્મયોગ આચરવામાં આનંદ અને કૃતાર્થતા માણતા હોય છે. આ બાબતમાં યોગેશ્વરજીનું દ્રષ્ટિબિંદુ શ્રી અરવિંદના દૃષ્ટિબિંદુને બહુ જ મળતું આવે છે તે નોંધવું અસ્થાને નહિ ગણાય.

લેખકને જગતની ઉત્ક્રાંતિમાં, આધ્યાત્મિક વિકાસમાં ખૂબ રસ છે. એટલે પ્રસંગોપાત, એક આધ્યાત્મિક વિવેચકની આંતરદૃષ્ટિ વડે, તે અંગુલિનિર્દેશ કરતા જ રહે છે. અત્યારે ભારતમાં કયા કયા ક્ષેત્રમાં શું શું ચાલી રહ્યું છે અને શું થવું જોઇએ, તેમાં કયા કયા સુધારા થવા જોઇએ તેનું આનુષંગિક વિવેચન પણ તે આ આત્મકથામાં કરતા રહ્યા છે. પોતે અમદાવાદ અને ધોળકા વચ્ચેના સરોડા ગામમાં જનમ્યા. શૈશવ ત્યાં પસાર થયું. એટલે ગામડાંની અત્યારની દશા, ગામડાં અને મુંબઇ જેવી નગરી વચ્ચેનો તફાવત, ગામડાંની સંકુચિત દૃષ્ટિ, આ બધાંની તે છણાવટ કરી લે છે, અને ગામડાંને કેળવણીની, વીજળીની, પાણીની વગેરેની સગવડ મળે અને એ દેશના વિકાસમાં પોતાનો યોગ્ય ફાળો આપી શકે, તે માટે તેમાં થવી જોઇતી ઉન્નતિ તરફ લેખક આંગળી ચીંધે છે. તેમના પિતા શ્રી મણિલાલ ભટ્ટનો ખેતીનો ધંધો એટલે તે પ્રકારના જીવનમાં આવતા મુખ્ય ગુણો સ્વાશ્રય, સહિષ્ણુતા, જાતમહેનત અને પ્રકૃતિની ગોદમાં રહેવાનું સદભાગ્ય એમની લેખક નોંધ લે છે. નિરાધાર બાળકોનો અનાથાશ્રમ, ત્યાંનુ વાતાવરણ, ગૃહપતિમાં બાળકો પ્રત્યે સહાનુભૂતિનો અભાવ, પરિણામે બાળકો પર પડતા અનિષ્ટ પ્રત્યાઘાતો વગેરેની નોંધ લઇ, ગૃહપતિ કેવો હોવો જોઇએ તેનું પણ તે સુરેખ ચિત્ર ચીતરે છે. ચિતા જોતાં તેમને જીવનની ક્ષણભંગુરતાના અને વૈરાગ્યના વિચાર આવે છે. મુંબઇમાં હાઇસ્કૂલમાં ગીતાના ખાસ વર્ગો લેવાતાં એટલે ગીતાનો મહિમા તે ગાઇ લે છે, અને બીજા અધ્યાયના સ્થિતપ્રજ્ઞના લક્ષણો તેમના મનમાં ઘર કરી જાય છે, તે મુજબ જીવન ઘડવાની અદમ્ય પ્રેરણાના પિયૂષ પાય છે. છાત્રાલયમાં પ્રેતયોનિનો પ્રસંગ નીકળતાં, તે પ્રેતયોનિ જેવી સુક્ષ્મ જગતની યોનિનો નિર્દેશ પણ કરે છે. એક બેન સાથેના પ્રસંગ સમયે, તે સ્થૂળ દેહને અને તેના વિનાશી સૌંદર્યને ન જોતાં દરેકમાં આત્મદર્શન કરવાની જરૂરિયાત તરફ સાધકોનું ધ્યાન દોરે છે. લગ્નસમસ્યાનો વિષય પોતાના જીવનમાં ઉભો થતાં તેઓ સમજાવે છે કે ઉચ્ચ આધ્યાત્મિક આદર્શવાળા મહાપુરુષ માટે લગ્નજીવન અનિવાર્ય નથી, અને સમજપૂર્વક દાંપત્યજીવન જીવવામાં આવે તો તે ક્રમેક્રમે માણસને આત્મપ્રાપ્તિ કરવામાં સહાયક બને છે તેનો ઉલ્લેખ તે કરી લે છે. હિમાલય તો યોગેશ્વરજીનું ઘર-સાચું ઘર છે. ત્યાંના અનેક સ્થાનો, પર્વતમાળાઓ, પવિત્ર ગંગા નદી વગેરેનું કાવ્યમય વર્ણન કરતાં કરતાં અત્યારે તીર્થસ્થાનોમાં જે અસ્વચ્છતા, ભ્રષ્ટાચાર, સડો વ્યાપી ગયાં છે તેમની સામે પણ લેખક લાલ બત્તી ધરે છે. દીલ્હીની એક હોટેલમાં પોતાને અનુભવ થતાં લાયસન્સ મેળવીને ચલાવાતી વેશ્યાગિરી પર, કુમળી છોકરીઓ પર થતાં અત્યાચારો પર, તેવી કન્યાઓને ખરીદીને બળજબરીથી તેમની પાસે કરાવવામાં આવતાં વ્યભિચાર પર કઠોર પ્રહારો કરે છે. યાત્રાસ્થાનોમાં ધનિકો વધારે પૈસા આપે તેમને ભગવાનની મૂર્તિનો ચરણસ્પર્શ, આરતી વગેરે કરવાની છૂટ મળે, તે દુકાનદારીની પ્રથા પર પણ તેમનું દિલ ઊકળી ઊઠે છે. તેમાં તો માણસની આંતરસ્થિતિ, વિશુદ્ધિ જ નિર્ણાયક તત્વો ગણાવા જોઇએ. કવિ ન્હાનાલાલના મિલનપ્રસંગે તેમની અપદ્યાગદ્ય શૈલીનું સ્પષ્ટીકરણ કરતાં લેખક-

વિવેચક કહે છે કે મુખ્ય બાબત તો તે પોતાના કાવ્યોમાં શું કહે છે તે છે, શૈલીની વાત ગૌણ છે, વસ્તુ પર કૃતિનું મૂલ્ય અંકાવુ જોઇએ. આ રીતે હિમાલયમાંના એક અનુભવ પરથી તેઓ ગંધર્વો, કિન્નરો, વિદ્યાધરો વગેરેની અર્ધદેવ, અર્ધમાનવ યોનિઓ પર પણ પ્રકાશ પાડે છે. આમ લેખક મુખ્યત્વે આધ્યાત્મિક યોગસાધના કરનાર મહાત્મા હોવા છતાં, આનુષંગિક રીતે સમાજસુધારક, વિવેચક, અંગૂલિનિર્દેશક તરીકે દેશના પુનરુત્થાન માટે વારંવાર દેખા દે છે.

હિમાલય માટે મહાત્મા યોગેશ્વરને અસીમ આકર્ષણ ને પ્રેમ છે. ત્યાં તેમને અનેક આધ્યાત્મિક દર્શનો પ્રાપ્ત થયા છે. રામનું (દશરથાચલ પર), બુદ્ધનું, સિદ્ધ મહાપુરુષોની મંડળીનું, આત્મજ્યોતિનું, લક્ષેશ્વર મહાદેવની કુટિયામાં પ્રકાશનું અને સમૂહ સંગીતનું, રમણ મહર્ષિનું, જ્ઞાનેશ્વરનું, જમનોત્રીના માર્ગમાં આવેલી ધર્મશાળામાં સો મહાત્માઓનું જે યોગેશ્વરજીનું સ્વાગત કરે છે, દક્ષીણેશ્વરમાં કુમારી રૂપે 'મા'નું, લેખકના મૂલાધાર ચક્ર પર અંગૂઠો દબાવી તેમને સમાધિની અનુભૂતિ કરાવનાર અવધૂત મહાત્માનું, હનુમાનજીનું, પોતાના જ દિવ્ય દર્શનનું, આલંદીમાં જ્ઞાનેશ્વરનું અને નિવૃતિનાથનું, નર-નારાયણનું, ઓગણીસ કન્યાઓએ (રિદ્ધિ, સિદ્ધિ, અષ્ટયોગ સિદ્ધિઓ અને નવનિધિઓ) તેમને પુષ્પહારો પહેરાવ્યાનું, જગદંબાનું, ત્રણ વામન સનકાદિકોનું - આમ અનેક આધ્યાત્મિક દર્શનો આ મહાન સાધક યોગેશ્વરજીને થયા છે તે તેમની યોગસાધનાની ઉચ્ચ દશાની સાબિતિઓ છે. છતાં પોતે તટસ્થતાપૂર્વક કહે છે કે દરેક સાધકને આવા દર્શનો થાય જ એવું કાંઇ આવશ્યક નથી. તે તો સાધકની રુચિ, સ્થિતિ, ઇચ્છા પર આધાર રાખે છે.

હિમાલયમાં અને ઇતર સ્થાનોમાં લેખકને અનેક સંતમહાત્માઓનું પણ મિલન થયું છે. પરમ કૃપાળુ 'મા' જ તે બધું ગોઠવતી હોય છે. વાળમાંથી દૂધ કાઢનાર એક બાવાનું, ભિક્ષુ અખંડાનંદનું (નડીયાદ, અમદાવાદમાં), સ્વામી શિવાનંદનું (ઋષિકેશમાં), વડોદરામાં રણમુક્તશ્વર મહાદેવને મેડે રહેતા શાંતાનંદનું કે મગર સ્વામીનું, અઢાર વર્ષની ઉંમરના, જડીબુટ્ટીઓના જાણકાર, વસુધારાના વૈરાગીનું, એક ત્રિકાળજ્ઞ મહાત્માનું, વેદબંધુનું, પ્રભુદત્ત બ્રહ્મચારીનું, જમીનથી અધ્ધર પદ્માસનમાં રહેતા અજ્ઞાત મહાપુરુષનું, જોશીજીનું (જે આગલા જન્મમાં એક સ્ત્રી હતા અને ત્યાર પહેલાંના જન્મમાં એક ફકીર હતા), ઉત્તરકાશીમા નાગાજીનું તથા મોતીલાલ બ્રહ્મચારીનું, શ્રી કૃષ્ણાશ્રમનું, તપોવનજીનું, દેવગિરિજીનું, પ્રજ્ઞાનાથજીનું, કુલાનંદજી, મા આનંદમયીનું તથા હરિબાબાનું (સોલનમાં), ચેલના મહાત્માનું, ભગતનું, નેપાલીબાબાનું તથા તેમના ગુરુ ચીનના લામાનું, તૈલંગ સ્વામીનું તથા એક બંગાળી મહાત્માનું વગેરે ... આ બધા સાથેની વાતચીતમાંથી, તેમના દર્શનથી લેખકને જે કાંઇ પ્રાપ્ત થયું તેની તેમણે સમીક્ષા કરી છે. આત્મનિર્ભર, ગુણગ્રાહી સાધકને દત્તાત્રેયે જેમ ચોવીસ ગુરુઓ કર્યા હતા તેમ ગમે ત્યાંથી અને ગમે તેની પાસેથી કાંઇકને કાંઇક શીખવાનું મળી રહેશે; તે બધું 'મા' જ પૂર્વયોજના પ્રમાણે કરાવતી હોય છે. કવિ નાટ્યકાર શેક્સપિયરે બરાબર જ કહ્યું છે કે સાચા જિજ્ઞાસુ માટે વહેતા ઝરણાંમાં ધર્મશાસ્ત્રો છે, પત્થરોમાં પ્રવચનો છે, સર્વત્ર કલ્યાણકારી સામગ્રી છે, આ ગુણગ્રાહીતા વ્યાપક દૃષ્ટિમાંથી સાચી વિનમ્રતામાંથી અને તત્વ-દૃષ્ટિમાંથી જ પ્રાપ્ત થાય છે.

તેમનો જન્મ ૧૯૨૧ પંદરમી ઓગષ્ટે થયો હતો. શ્રી અરવિંદનો જન્મદિન પણ પંદરમી ઓગષ્ટ, ૧૮૭૨, ભારતને આઝાદી મળી ૧૯૪૭ની પંદરમી ઓગષ્ટે, રામકૃષ્ણ પરમહંસદેવે (જેમની સાથે યોગેશ્વરજીનું તાદાત્મ્ય છે) સમાધિ લીધી તે દિન પણ પંદરમી ઓગષ્ટ હતો. આ દિવસ અનન્ય છે.

યોગેશ્વરજી અનંતના યાત્રી છે. જ્ઞાન અને યોગ તેમની સાધનામાં સહકારી છે, પણ મૂળ મુદ્દે તેમનું હૃદય શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના હૃદય જેવું ભક્તહૃદય છે. 'મા'ને પોકારતા તેમની આંખોમાંથી અશ્રુ વહે છે, હૃદય દ્રવી જાય છે, દિલ કકળી ઉઠે છે. 'મા'ના દર્શનની એ તાલાવેલી, એ લગની એ જ એમની સાધકતાની ગુરુચાવી છે. પ્રાર્થનાએ એમના જીવનમાં મહાન ભાગ ભજવ્યો છે, એમ તે પોતે અનેકવાર કહે છે. પ્રાર્થનાનું બળ અમોઘ છે. ચંપકભાઇનો રોગ (ક્ષયરોગ) પ્રાર્થનાથી ગયો, માંદા પડેલાં ગૃહપતિ (અનાથાશ્રમના) તેમની સમૂહ પ્રાર્થનાથી સાજા થઇ ગયા, ટ્રસ્ટીમંડળના સંસ્થાપકની બાબતમાં પણ તેમ જ બન્યું. પણ આંતર વિકાસમાં પણ બાળક જેમ 'મા'ને પોકારે એમ તે હંમેશા 'મા'ને પોકારતા રહ્યા છે. તે જ તેમનું બળ છે, વિજયની ચાવી છે.

હજી તો કેવળ ગુજરાત કે ભારત નહિ, પણ વિશ્વ તેમની પાસેથી ઘણી ઘણી મોટી આશાઓ રાખે છે. તેમનો પણ સંકલ્પ એવો જ છે કે વિશ્વના વિકાસમાં સહાયભૂત થવું, માર્ગદર્શક બનવું. તે પોતે જ પોતાને એક આધ્યાત્મિક પ્રોફેસર માને છે, જગતના દર્દની ચિકિત્સા કરનાર આધ્યાત્મિક વૈદ્ય અથવા ડોક્ટર માને છે. એંધાણ તો એવા જ છે કે તે સંકલ્પ જરૂર ચરિતાર્થ થશે. તેમના પ્રવચનો સાંભળી લોકો ગદ્દગદ્દ અને આશ્ચર્યવિભોર બની જાય છે. તેમની ભાષા સરળ, શિષ્ટ, સંસ્કારી અને મધુર છે. તેમના કાવ્યોમાં પણ તે જ ભાષાશૈલીની અને આધ્યાત્મિકતાની પ્રચુર છાંટ હોય છે, તેમની કલમ કોઇ આધ્યાત્મિક શક્તિથી અણથંભી વહેતી જ રહે છે, તેમની વાગ્ધારાની જેમ. એટલે આ મહાન આધ્યાત્મિક વિભૂતિથી જગતને અનહદ લાભ થશે જ, એવી અમારી દૃઢ માન્યતા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમ કરો એવી અમારી સાચા દિલની પ્રાર્થના છે. તે પોતે સતત એવી પ્રાર્થના કરતાં જ રહ્યા છે. તેમની પ્રાર્થનાઓ ભૂતકાળમાં અનેક ક્ષેત્રોમાં અનેક રીતે ફળી છે. અને આ સંકલ્પની સિદ્ધિમાં પણ તે ફળશે જ એવી અમારી અતૂટ શ્રદ્ધા છે.

'પ્રકાશના પંથે' એ ગ્રંથની દેણ અનેક ક્ષેત્રોમાં અનેકવિધ છે. સાધકો માટે તે સાધનામાં સહાયક, અમૂલ્ય પથપ્રદર્શિકા છે. સાહિત્યના ક્ષેત્રે એ એક ઉત્તમ આત્મકથા ગ્રંથ છે. દેશના હિતચિંતકો માટે તે અમૂલ્ય સામગ્રીથી ભરપૂર, કાર્યદિશાઓ બતાવનાર, નિર્દેશગ્રંથ છે, તેમના પ્રશંસકો અને પ્રેમીઓ માટે તે તેમના આંતરજીવનમાં ડોકિયું કરાવનાર રહસ્યબારી છે. અમને આ ગ્રંથને આવકારતાં હર્ષ અને ગૌરવ થાય છે. જિજ્ઞાસુઓ, સાહિત્યપ્રેમીઓ, દેશહિતના વિધાયકો આનો પૂરો લાભ ઊઠાવે એવી અમારી નમ્ર પણ આગ્રહભરી વિનંતી છે.

ૐ તત્ સત્

- **શાંતિલાલ ઠાકર** (એમ. એ, બી. ટી, વિદ્યાભાસ્કર)

ભૂલા ઠાકરની પોળ, નડીયાદ.

તાઃ ૧૬-૧૨-૧૯૭૭

# અનુક્રમણિકા


૧. કથાનું પ્રયોજન અને પ્રારંભ
૨. જન્મ
3. રૂખીબાની સ્મૃતિ
૪. માતાપિતાની ઝાંખી
૫. નવમું અવનવું વર્ષ, પિતાજીનું મૃત્યુ
૬. મુંબઇના આશ્રમમાં
૭. આશ્રમજીવનનો વિચાર - ૧
૮. આશ્રમજીવનનો વિચાર - ૨
૯. આશ્રમજીવનની બીજી વાતો
૧૦. સત્યાગ્રહની ઝાંખી ને લેખનની રુચિ
૧૧. આશ્રમમાં આરંભની અરુચિ
૧૨. ગૃહપતિ માટે પ્રાર્થના
૧૩. જીવનવિકાસની પ્રેરણા
૧૪. પરિવર્તન
૧૫. પ્રેમની દશા
૧૬. બે પ્રવાહો ને પ્રેતની વાત
૧૭. સાપનું સ્વપ્ન
૧૮. સરસ્વતીનું સ્વપ્નદર્શન
૧૯. ભગવાન બુદ્ધનું સાક્ષાત્ દર્શન
૨૦. એક બેનનો સંબંધ
૨૧. બેનના સંબંધની અસર
૨૨. બેનનાં પ્રસંગો અને આકર્ષણનો અર્થ
૨૩. સંસ્થાની વિદાય
૨૪. લગ્નની સમસ્યા - ૧
૨૫. લગ્નની સમસ્યા - ૨
૨૬. જી. ટી. બોર્ડિંગ હોસ્ટેલમાં
૨૭. યોગાભ્યાસની રુચિ
૨૮. સંતોનો સમાગમ
૨૯. વાળમાંથી દૂધનો ચમત્કાર
૩૦. સાહિત્યનો રસ
૩૧. મુંબઇના નિવાસનો અંત
૩૨. મહર્ષિ અરવિંદને પત્ર
૩૩. પત્રનો પ્રત્યુત્તર
૩૪. હિમાલય જવાનો નિર્ણય
૩૫. ભિક્ષુ અખંડાનંદનો મેળાપ
૩૬. ભિક્ષુ અખંડાનંદની મદદ
૩૭. ઋષિકેશ માટે પ્રસ્થાન
૩૮. હરદ્વાર અને ઋષિકેશ
૩૯. સ્વામી શિવાનંદની મુલાકાત
૪૦. અલૌકિક અનુભવ
૪૧. ઋષિકેશની વિદાય
૪૨. દિલ્હીનો પ્રસંગ
૪૩. મુસ્લીમ ગૃહસ્થનો મેળાપ
૪૪. ભાદરણમાં
૪૫. વડોદરાનો નિવાસ
૪૬. શાંતાશ્રમની મુલાકાત
૪૭. ફરી ઋષિકેશ
૪૮. દેવકીબાઇની ધર્મશાળા
૪૯. ચંપકભાઇનો પરિચય ને બીજી વાતો
૫૦. વસુધારાનો વૈરાગી
૫૧. ત્રિકાળજ્ઞ મહાત્માનો મેળાપ
૫૨. 'મા'ની કૃપા માટે ત્રણ દિવસનું વ્રત
૫૩. દેવપ્રયાગનું પ્રથમ દર્શન
૫૪. ધર્મશાળાનું રાજીનામું
૫૫. દશરથાચલ માટે પ્રસ્થાન
૫૬. દશરથાચલ પર
૫૭. ભગવાન રામનું દર્શન
૫૮. શંકરદર્શનની વાત
૫૯. મંત્રદર્શન અને દર્શનના પ્રકાર
૬૦. ચંપકભાઇની કસોટી


૬૧. શ્રી કૃષ્ણદર્શનનું વ્રત અને પ્રસ્થાન
૬૨. ટીહરીને રસ્તે
૬૩. સ્વામી રામતીર્થના સ્થાનની મુલાકાત
૬૪. પોલીસનો પ્રસંગ
૬૫. વેદબંધુ : એક સાચા સંતનો સમાગમ
૬૬. કુંડલિનીનો ઉત્તમ અનુભવ
૬૭. ખેચરીનો પ્રયોગ ને ફરી ઋષિકેશ
૬૮. એક અજ્ઞાત મહાપુરુષનું સાક્ષાત દર્શન
૬૯. દહેરાદૂન અને ઉત્તરકાશી
૭૦. ખેચરી અને આત્મજ્યોતિનો અનુભવ
૭૧. બે આશ્ચર્યકારક અનુભવો
૭૨. રમણ મહર્ષિ અને સંત જ્ઞાનેશ્વરનું દર્શન
૭૩. સંતોનો મેળાપ
૭૪. પૂર્વજન્મનું જ્ઞાન
૭૫. જમનોત્રીની યાત્રા અને માતાજીનો મેળાપ
૭૬. ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ
૭૭. માતાજીની માંદગી ને રામનું દર્શન
૭૮. અયોધ્યા, પ્રયાગ, કાશી, વ્રજમંડળ
૭૯. શાંતાશ્રમનો ફરી મેળાપ
૮૦. સરોડામાં
૮૧. કવિવર ન્હાનાલાલનો મેળાપ
૮૨. ભગવાન રમણ મહર્ષિના દર્શને
૮૩. શાંતાશ્રમમાં
૮૪. કાળી આકૃતિનો અનુભવ
૮૫. દક્ષિણેશ્વરના અનુભવો
૮૬. ઘરેણાં વેચી દઇશું
૮૭. આલ્મોડાના આશ્રમમાં
૮૮. અલૌકિક દીક્ષા
૮૯. ધરમપુરનાં સેનેટોરિયમમાં
૯૦. માતા આનંદમયીનો મેળાપ - ૧
૯૧. માતા આનંદમયીનો મેળાપ - ૨
૯૨. ચેલના મહાત્મા
૯૩. નેપાલીબાબાનો પરિચય
૯૪. જ્ઞાનેશ્વર મહારાજની આલંદીમાં કૃપા
૯૫. રામદાસનો પરિચય
૯૬. બદરીનાથની પુણ્યભૂમિમાં
૯૭. નારદજીનો અદભૂત અનુભવ
૯૮. એ અમર રાત
૯૯. જગદંબાનું સાક્ષાત દર્શન
૧૦૦. દર્શનનાં અન્ય અનુભવો
૧૦૧. મહાત્મા ગાંધીજીનું દેહાવસાન
૧૦૨. આડત્રીસ દિવસના ઉપવાસ
૧૦૩. ડોશીમાનું દેહાવસાન
૧૦૪. રામેશ્વર, મથુરા, કન્યાકુમારી
૧૦૫. જાદુગરી સાધુ
૧૦૬. ભયંકર બિમારી
૧૦૭. સરોડા ને કાબોદ્રા
૧૦૮. જ્ઞાનેશ્વર મહારાજની આલંદીમાં કૃપા
૧૦૯. કુંભમેળો
૧૧૦. શાંતાશ્રમની તપોભૂમિમાં
૧૧૧. માતાજીની માંદગી
૧૧૨. અમરનાથ યાત્રા
૧૧૩. દક્ષિણેશ્વરનું પુનર્દર્શન
૧૧૪. જગન્નાથપુરી ને ભુવનેશ્વર
૧૧૫. નવરાત્રી વ્રત અને પછી
૧૧૬. ત્રીસ દિવસના ઉપવાસ
૧૧૭. શિરડીની યાત્રા
૧૧૮. અન્નદાતાનો મેળાપ
૧૧૯. નર્મદાતટની યાત્રા
૧૨૦. વેરાવલ, આગ્રા, આલ્મોડા, ઋષિકેશ
૧૨૧. નવરાત્રીના ઉપવાસ
૧૨૨. મહુવાના કેટલાક પ્રસંગો
૧૨૩. આવેશના પ્રસંગો
૧૨૪. પ્રાર્થનાની પુનરાવૃત્તિ

૧૨૫. મસુરી ને ઋષિકેશ
૧૨૬. નવરાત્રી પર બાર દિવસના ઉપવાસ
૧૨૭. ઉપવાસના અનુસંધાનમાં
૧૨૮. દૂધ પરના ત્રણ દિન ને આગળ
૧૨૯. દૂધ પરના બીજા છ દિન
૧૩૦. હઠયોગમાં માનો છો ?
૧૩૧. માતાજીને અંજલિ ને સાંઇબાબાનો સંબંધ
૧૩૨. સાંઇબાબાના અનુભવો
૧૩૩. સાંઇબાબાનો અલૌકિક અનુભવ
૧૩૪. બદરીનાથના ધામમાં
૧૩૫. માતાજી સરોડા જાય છે
૧૩૬. ઉપવાસના દિવસોના મનોભાવો
૧૩૭. ઉપવાસના દિવસો
૧૩૮. ઈશ્વરદર્શનના પાંચ પ્રકાર
૧૩૯. મહાત્મા હનુમાનદાસજીનો મેળાપ
૧૪૦. ચોરનો પ્રસંગ
૧૪૧. દિવ્ય દર્શનો
૧૪૨. નવરાત્રીના ઉપવાસ
૧૪૩. રાજકોટ, વીરપુર, બીલખા
૧૪૪. ગાંધીજીનો પૂર્વજન્મ
૧૪૫. ઋષિકેશના દિવસો અને દેહુ
૧૪૬. સાધનાનો દિવસ લંબાય છે
૧૪૭. મસુરીમાં ત્રણ માસ
૧૪૮. મસુરીથી ઋષિકેશ
૧૪૯. અદભૂત અનુભૂતિ : સિદ્ધિપ્રાપ્તિ
૧૫૦. પુષ્પની કૃપાપ્રસાદી
૧૫૧. ગાંધીનિવાસ સોસાયટીમાં
૧૫૨. ચંપકભાઇ ચાલ્યા ગયા
૧૫૩. સરીલા, કલકત્તા, મુંબઈ
૧૫૪. ગાંધીજીનો અદભૂત અનુભવ
૧૫૫. ભગવાન રમણ મહર્ષિના અનુભવો
૧૫૬. ઉડિયાબાબાનો મેળાપ
૧૫૭. મોરારજીભાઇનો મેળાપ ને બીજા પ્રસંગો
૧૫૮. ઉપસંહાર


☼ ☼ ☼ ☼ ☼


## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



The ultimate aim of Human Life is Self-Realization.

- Shri Yogeshwarji



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બાગને સૌરભ ધરીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બાગને સલિલ ધરીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બાગને જ્યોતિ ધરીએ.
જીવન એક યાત્રા, વિરાટ યાત્રા,
એની યાત્રા બનાવી બાગની યાત્રા કરીએ

યોગેશ્વરના આશિષ

## ૧. કથાનું  પ્રયોજન અને પ્રારંભ

જીવનના વીતી ગયેલા વખતને ફરીથી યાદ કરવાનું કારણ ? ભૂતકાળની ગર્તામાં પડેલી ક્ષણોને બહાર કાઢીને ફરી વાર તાજી કરવાનું કારણ ? જે પ્રસંગો પવનની લહરી અથવા તો પાણીના પ્રવાહની પેઠે કેટલાક કાળ સુધી પીડા કરીને છેવટે પસાર થઇ ચુક્યા છે ને કોટિ પ્રયત્ને પણ ફરી વાર જીવી શકવાના નથી એમને અક્ષરદેહમાં આલેખવાનું પ્રયોજન શું ? એમને શબ્દોની સુમનમાળામાં ગૂંથવાની પાછળ કયો હેતુ કામ કરી રહ્યો છે ? સ્મૃતિપટ પર સંઘરાયેલાએ પ્રસંગોને સજીવન કરીને શબ્દસ્વરૂપે રજૂ કરવાથી કોઈ વિશેષ ને ઉપકારક હેતુની  સિદ્ધિ થવાની સંભાવના છે ? વીતી ગયેલા જીવનપ્રવાહની એવી પ્રસિદ્ધિ પાછળ કોઈ સાધારણ લૌકિક હેતુ તો કામ નથી કરી રહ્યો ? કીર્તિની કમાણી કરવાની કામનાથી તો શું આ કામ નથી થઈ રહ્યું ? લક્ષ્મીની લાલસા તો તેના મૂળમાં નથી પડી રહી ? આત્મશ્લાઘા, અહંતા અને આપબડાઇનો અંચળો ઓઢીને લેખનના આ કામમાં પ્રવૃત્ત નથી થવાયુંને ?

એના જવાબમાં આપણે કહીશું કે ના. ખૂબ ખૂબ ભાર દઈને કહીશું કે ના. જીવનના પ્રકાશના પંથના પ્રવાસની આ પ્રસિદ્ધિની પાછળ કોઈ સાધારણ લૌકિક હેતુ કામ નથી કરી રહ્યો. કીર્તિની કામના અને લક્ષ્મીની લાલસા પણ તેના મૂળમાં નથી પડી. કેવલ દિલબહેલાવ કે મનોરંજનને માટે પણ એની અભિવ્યક્તિનો પ્રયાસ નથી થઈ રહ્યો. આત્મશ્લાઘા, અહંતા અને આપબડાઈની ભાવના તો અડકી શકે તેમ પણ નથી, તે તો તેનાથી કોસો દૂર છે, લોકપ્રિયતાની ફોરમ તેની પાસે ફરકી શકતી પણ નથી, ને કેવળ સમય પસાર કરવા માટે પણ જીવનની આ અમૂલ્ય ક્ષણો આવી રીતે એમ ને એમ નથી વહી રહી.

રહ્યા બીજા પ્રશ્નોના પ્રત્યુત્તરો. તે વિશે તો મારે એટલું જ કહેવાનું છે કે ભૂતકાળની સ્મૃતિ  લગભગ દરેક માણસને થયા કરે છે. વીતી ગયેલા, સારા સ્વપ્નની જેમ પસાર થઈ ચૂકેલા જીવનના મીઠા પ્રસંગોને માણસ લાંબા વખત લગી ને વારંવાર યાદ કરે છે. તેમાંથી તેને પ્રેરણા, આનંદ, પ્રકાશ ને શાંતિ મળે છે. નવજીવનનું ભાથું પણ તે તેમાંથી ભરી શકે છે. ખવાઈ ગયેલા પશુના ખોરાકની જેમ જીવાઈ ગયેલી એ પળોને વાગોળવાનું ને તેમાંથી સંજીવની મેળવવાનું કામ માણસના જીવનમાં ચાલ્યા જ કરે છે. તેના પરિણામરૂપે બીજાને કોઈ લાભ લાગતો હોય કે ન લાગતો હોય, માણસને પોતાને તો લાભ થાય જ છે. અતીતની સ્મૃતિ તેનો સ્વભાવ થઈ ગયો હોય તેવું દેખાય છે ને તેને માટે કેટલીક વાર તે ભારે સહાયકારક થઈ પડે છે. વીતી ગયેલી ક્ષણોને યાદ કરવાથી મળનારી એ સહાયતા, પ્રેરણાશક્તિ અને સંજીવનીથી વધારે મોટો લાભ બીજો કયો હોઈ શકે ? ભૂતકાળને યાદ કરવાનું એથી વિશેષ ઉપકારક પ્રયોજન બીજું કયું હોઇ શકે ? એને આત્મિક સુખ કહો, પ્રસન્નતા કહો, આત્મસંતોષ કહો કે ગમે તે કહો, વીતી ગયેલી પળોને યાદ કરવાનો તેથી વિશષ ઉપકારક, અસરકારક, પ્રબળ હેતુ પણ બીજો કયો હોઇ શકે ?

માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. તે જેમતેમ જીવી કાઢવાનું નથી. તેમાં ભારે શક્તિ ને શક્યતા રહેલી છે. તેનો સદુપયોગ કરીને એક કુશળ કારીગરની જેમ માણસે પોતાના જીવનનું ઘડતર કરવાનું છે. જીવન મિથ્યા નથી, પ્રયોજન વિનાનું પણ નથી. તેની પાછળ અમુક નિશ્ચિત હેતુ છે. તેનું ખાસ પ્રયોજન છે. દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવી અને એને વધારે ને વધારે ઉચ્ચ તથા ઉજ્જવળ બનાવી

છેવટે એને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે. અંધકારને દૂર કરી, અસત્ય અને મૃત્યુના આવરણને હટાવી દઈ, તેને જ્યોતિર્મય, સત્યમય ને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. તે માટે તેણે પ્રયાસ કરવાનો છે-કહો કે અનવરત પ્રયાસ કરવાનો છે. પ્રકાશના પંથના એ પ્રવાસનું એણે અવારનવાર અવલોકન પણ કરતા રહેવાનું છે ને ધ્યેયસિદ્ધિ ન થાય ત્યાં સુધી જાગૃત રહીને આગળ ને આગળ ધપવાનું છે. એવું અવલોકન અને એવી જાગૃતિ ખૂબ ખૂબ મદદરૂપ થઈ પડશે. વીતી ગયેલા પ્રસંગોનું સરવૈયું કાઢવાનો એ પણ એક લાભ છે.

પણ તેવું સરવૈયું તો સ્મૃતિ દ્વારા પણ કાઢી શકાય. શાબ્દિક રૂપે એવું સરવૈયું કાઢવાની જરૂર છે જ એવું થોડું છે ? એનો ઉત્તર એટલો જ કે કોઈનામાં શક્તિ હોય, ને તેવું સરવૈયું તે શાબ્દિક રૂપે કાઢે, તો તેમાં ખોટું પણ શું છે ? જેને જે પદ્ધતિ વધારે અનુકૂળ આવે તેનો લાભ તે ભલે લે. એમાં આપણને હરકત પણ શું છે ? દરેક માણસે અમુક પદ્ધતિનો જ આધાર લેવો જોઈએ એવો દુરાગ્રહ આપણે કે કોઈએ શા માટે રાખવો જોઈએ ? જેને જે પદ્ધતિ વધારે પસંદ પડે એનો જ આશ્રય તે ભલે લે. તે માટે તે સ્વતંત્ર છે.

મારા સંબંધમાં તો હું એટલું જ કહી શકું કે આ કામ ઈશ્વરની ઈચ્છાથી થઈ રહ્યું છે. ભૂતકાળને યાદ કર્યા વિના હું સારી પેઠે આગળ વધી શકું તેમ છું. છતાં ઈશ્વરી પ્રેરણા પ્રમાણે મારે તેની યાદ કરવી પડે છે. સ્મૃતિપટ પર તાજા થયેલા ભૂતકાળને શબ્દોમાં સાકાર કરવાનું કામ પણ તેથી જ થઈ રહ્યું છે. એને અક્ષરમાં આલેખ્યા વિના ચાલી શકે તેમ છે. છતાં ઈશ્વરની ઈચ્છા જુદી છે ને મારે તે પ્રમાણે ચાલ્યા વિના છૂટકો નથી. તેની પાછળ ઈશ્વરનું શું પ્રયોજન છે તે તો તે જ જાણે. એક નાના સરખા બાળકને પૂર્ણતા કે પ્રકાશને પંથે પ્રવાસ કરવાની પ્રેરણા થઈ ને તેણે પ્રવાસ શરૂ કર્યો. માર્ગમાં તેને કેવા કેવા અસંખ્ય અવનવા અનુભવો થયા ને છેવટે તેના પ્રવાસનું પરિણામ શું આવ્યું, તેનો સંપૂર્ણ સાચો કે પ્રામાણિક ઈતિહાસ આજના જડવાદ તરફ વધારે ને વધારે ઢળતા જતા જગતને વાંચવા મળે, ને તે તેનામાં શક્તિસંચાર કરવાનું ને મરી પરવારતી આધ્યાત્મિકતા ને ઈશ્વરપરાયણતાને જાગૃત કરવાનું કામ કરે - એવી પણ કદાચ ઈશ્વરની ઈચ્છા આ પ્રેરણાની પાછળ હોઈ શકે. તેની ખરેખરી ઈચ્છા શી છે તે કોણ કહી શકે ? મારી ફરજ તો એનું અનુકરણ કરવાની કે તે ઈચ્છાને અનુવાદિત કરવાની છે. સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરવા સિવાય સેવકનો બીજો સ્વધર્મ શો હોઇ શકે ? એટલે જ જેમ ઈશ્વરની પ્રેરણા થાય છે તેમ કર્યે જાઉં છું. ખરી રીતે તો મારું જીવન આજે વરસોથી ઈશ્વરી ઈચ્છા કે પ્રેરણાની આવૃતિ જેવું બની ગયું છે. પોતાની પ્રેરણાનો અનુવાદ ઈશ્વર આજે વરસોથી મારા જીવન દ્વારા કરાવ્યે જાય છે. આત્મકથાના પ્રસંગોને વાંચતા જવાથી આગળ પણ એ વાતની યથાર્થતાની ખાતરી થઈ જશે. ઈશ્વરના હાથમાં હું હથિયાર છું. હું વાંસળી છું ને તે તેમાં પ્રાણ પૂરનાર કે તેને વગાડનાર. જીવન જ આખું તેનું છે ને તે મય છે. માટે જ તે લખાવે છે તેમ લખ્યે જાઉં છું ને કરાવે છે તેમ કર્યે જાઉં છું. તેની ઇચ્છા એ જ પ્રયોજન. તેથી વિશેષ કીમતી પ્રયોજન બીજું કયું હોઇ શકે ?

સંસાર આજે સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહ્યો છે. ધાર્મિક જગતમાં પણ ક્રાંતિ કેટલાય વખતથી શરૂ થઇ ચુકી છે. જૂના મુલ્યો ફેરવાતાં જાય છે. તેને ઠેકાણે નવા પોતાનું સ્થાન લેતાં જાય છે. તેમને પણ ઠેકાણે પડતાં કે સ્થિર થતાં વાર લાગે છે. ભૌતિક સુધારણાની શ્રદ્ધા દિવસે દિવસે વધતી જાય છે એ વાત સારી છે પણ નૈતિક કે આત્મિક ઉન્નતિની ઉપેક્ષા થતી જાય છે ને તે બાબતે માણસ વધારે ને વધારે શંકાશીલ,

અંધશ્રદ્ધાળુ, ઉચ્છૃંખલ ને કોરો બનતો જાય છે એ હકિકત ભારે જોખમકારક ને માનવજાતિના સર્વતોમુખી વિકાસની દ્રષ્ટિએ અમંગલ ને ચિંતાજનક છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. ઇશ્વર ને ધર્મની વાતોને સ્વાર્થસિદ્ધિ તથા સગવડ માટે ઉપજાવી કાઢેલી વાતો તરીકે મોટા મોટા બુદ્ધિમાન માણસો પણ માનવા માંડ્યા છે. ને જે પોતાને ધાર્મિક કે ઇશ્વરપરાયણ માને છે કે મનાવે છે તેમનામાંના પણ બહુ જ થોડા, સત્ય ધર્મનું પાલન કરીને, જીવનને ઇશ્વરપરાયણ બનાવવા ને ઇશ્વરનો સાક્ષાત્કાર કરવા સાચા અર્થમાં પ્રયાસ કરે છે. સાધારણ માણસને જેટલી ઘરમાં, રોટીમાં, ધન ને વૈભવમાં, શારીરિક સુખમાં, દારૂ, શરાબ, જુગાર ને પત્તાં જેવી રમતોમાં, યંત્રોમાં, વીજળીમાં ને જાહેર અભિપ્રાયોમાં કે લોકમતમાં શ્રદ્ધા છે તેટલી જ શ્રદ્ધા ઇશ્વર, ધર્મ, અને આત્મોન્નતિની વાતોમાં નથી. એવે વખતે આ કથાની રચના થાય છે. જીવનને પૂર્ણ મુક્ત ને પ્રભુમય બનાવવા માટે થયેલી સાધનાની કથા કેટલાક બુદ્ધિજીવી કે બુદ્ધિ પર જ નિર્ભર રહેતા માણસોને કૈંક અચરજમાં મૂકી દેશે. કેટલીક વાર શંકાશીલ, તો કોઇ વાર ઊંડા વિચાર કરતાં પણ કરી મુકશે. કોઇક વાર તેમની પ્રસન્નતામાં વધારો પણ કરી મૂકશે. કોઈ એવી વાતો અને એવા પ્રસંગો પણ તેમની સામે રજૂ થશે. પણ કથા આખીયે પ્રામાણિક કે વાસ્તવિક છે એ વાતને યાદ રાખવાથી આશા છે કે બધી જાતનાં માણસોને આમાંથી કંઈ ને કંઈ ઉપયોગી સામગ્રી અવશ્ય મળી રહેશે. જીવનને પ્રભુપરાયણ કરવાની ઈચ્છાવાળા માણસો કે પ્રકાશને પંથે પ્રવાસ કરનારા સાધકોને સાધનાના નાનાસરખા ઈતિહાસ જેવી આ કથામાંથી, જીવનવિકાસને માટે મદદરૂપ એવી ભરપૂર સામગ્રી મળી રહેશે એ નક્કી છે. પથભ્રાંત કે હતાશ થયેલા સાધકોને આમાંથી માર્ગદર્શન ને નવજીવનની સુખદ સામગ્રી સાંપડશે. સંસારના આધ્યાત્મિક વારસામાં એ રીતે થોડોઘણો પણ વધારો થશે તો લેખનનો પરિશ્રમ કૈંક અંશે સાર્થક થયેલો મનાશે.

મારે પોતાને માટે તો આત્મકથાનો અક્ષર દેહે આલેખાયેલો ક્રમ જુદા જુદા તીર્થોની એક સળંગ, વિરાટ, મહામૂલ્યવાન યાત્રા જેવો છે. તેની સ્મૃતિ અત્યંત ઉપકારક છે. કપાઈ ચૂકેલા યાત્રાના વિશાળ માર્ગનો વિચાર કરીને જેમ યાત્રી સંતોષ ને ઉલ્લાસનો અનુભવ કરે તેવી મારી દશા છે. નાનપણથી મને રોજનીશી લખવાની ટેવ હતી. તે ટેવ ઉપકારક લાગવાથી લાંબા વખત સુધી ચાલુ રહી. એટલે જીવનનું અવલોકન કરીને તેનું શબ્દોમાં સરવૈયું કાઢવાની મારી પ્રિય પ્રથા, ઈશ્વરની પ્રેરણાનો પુરસ્કાર પામીને જાણે કે આ આત્મકથાના રૂપમાં પરિમણી રહી છે. એ પરથી કોઈએ એમ ન સમજવાનું કે વીતી ગયેલા જીવનની બધી જ વાતો આ આત્મકથામાં સમાવી લેવામાં આવી છે. અહીં તો જે વાતો લખવા જેવી લાગી તે જ લખેલી છે. સાધનાના પ્રદેશમાં થયેલા અનુભવોમાંના પણ થોડા ઘણા જ, જે જાહેર કરવા ઠીક લાગ્યા છે તે જ, જાહેર કર્યા છે. આત્મકથા લખનારે પોતાના જીવનની બધી જ કથા લખવાની નથી હોતી. પણ પોતાના જીવનની લખવા જેવી ઉપયોગી કથા લખવાની કે કહેવાની હોય છે. એ વિચારનો મેં શરૂઆતથી જ સ્વીકાર કર્યો છે. છતાં આ કથા મારા જીવનની લગભગ સમગ્ર કથા બની રહે છે એ પણ નક્કી છે.

આ કથામાં મોટે ભાગે આધ્યાત્મિક જીવનના તાણાવાણા જોવા મળે તો તેથી કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. મારું આજ સુધીનું જીવન જ આધ્યાત્મિક છે. આત્મિક ઉન્નતિને માટે જ તેનો ઉપયોગ થયો છે. તેની કથા આત્મિક ઉન્નતિ માટેની સાધનાની જ કથા છે. એટલે આ આત્મકથામાં મોટે ભાગે બીજું આવે પણ શું ? બીજાની આશા પણ શી રીતે રાખી શકાય ? આપણે ત્યાં કહેવત છે કે કૂવામાં હોય તો હવાડામાં આવે.

તે જ પ્રમાણે જે જીવનમાં છે તે જ કથામાં છે. જે હૈયે તે જ હોઠે છે. બગીચો જ આખો ગુલાબનો છે. તો તેમાંથી ગુલાબ સિવાયના બીજા ફૂલો કેવી રીતે મળી શકવાનાં છે ? આંબા પર કેરી વિના બીજું કયું ફળ થઈ શકવાનું છે ? નદીની પાસેથી નિર્મળ નીર વિના બીજી કઈ વસ્તુની આશા રાખવાની છે ? રાજનીતિજ્ઞનું જીવનવૃતાંત રાજનીતિની વાતોથી જ મોટે ભાગે ભરેલું હોય છે. સૈનિકનું વૃતાંત સેના, શૂરવીરતા અને સંગ્રામની વાતોથી મઢેલું હોય છે. એવી રીતે એક સાધક કે આધ્યાત્મિક પંથના પ્રવાસીની જીવનકથામાં આધ્યાત્મિકતા અને સાધનાની વાતો વિના બીજું શું હોય ? બીજું કાંઈ હોય તો પણ મોટે ભાગે તો તે જ હોય એ સમજી શકાય તેવું છે. રસિયા અને જિજ્ઞાસુ વાચકો તેમાંથી રસ મેળવી લેશે એવી આશા છે.

કેટલાક માણસો એમ માને છે કે આધ્યાત્મિક અનુભવો કે સાધનાની ગુહ્ય વાતોને જાહેર કરવાનું કામ ઠીક નથી. એવી વાતો તો અનુભવી માણસના પોતાના પૂરતી ગુપ્ત રહે ને સચવાઈ રહે એ જ બરાબર છે. આ માન્યતા આપણે ત્યાં સારી પેઠે પ્રચલિત છે ને કેટલેક અંશે સારી પણ લાગે છે પણ તેને પકડીને બેસી રહેવાનું કામ કાયમને માટે બરાબર લાગતું નથી. સાધનાની ગુહ્યતામાં માનનારા સંતોએ પોતાના અનુભવની વત્તીઓછી વાતો માનવજાતિના મંગલ માટે પોતાના ભક્તો પાસે રજૂ કરી છે. તે પાછળથી જાહેર પણ થઈ છે. કેટલીક વાતો તેમણે પોતે લખી કે વર્ણવીને ગ્રંથાકારે પ્રસિદ્ધ કરી છે. ઈશુ, બુદ્ધ, રામકૃષ્ણદેવ, રમણ મહર્ષિ અને અરવિંદ જેવા સંતોની એવી કેટલીય વાતો જાણીતી છે. તેથી માનવજાતિનું મંગલ જ થયું છે. હજારો લોકોને તેમાંથી સમય સમય પર પ્રેરણા મળી છે ને બીજા લાખો કે કરોડોને તેમણે પ્રકાશ પહોંચાડ્યો છે. આત્મોન્નતિ અને ધર્મપરાયણતાની જ્યોતિને જલતી રાખવામાં તેમણે ખૂબ જ મહત્વનો ફાળો આપ્યો છે. કેટલાય મૃતઃપ્રાય માણસોના જીવનમાં તેમણે પ્રાણ પૂર્યો છે. એટલે એવી બીજી અનુભવકથાઓ પ્રસિદ્ધ થાય તો તેનું પરિણામ એકંદરે સારું જ આવશે. સંસારને તેથી લાભ જ થશે. ધર્મ અને ઈશ્વરની શ્રદ્ધાને જીવતી રાખવામાં અને આત્મિક પંથના પુણ્ય પ્રવાસીઓને પ્રોત્સાહિત કરવામાં તે મદદરૂપ સાબિત થશે.

છતાં આ વાત રુચિની અને ઈશ્વરી પ્રેરણાની છે. કોઈની રુચિ હોય ને ઈશ્વરી પ્રેરણાનું પીઠબળ મળવાથી તે જો પોતાના અનુભવની વાતો લખે તો તેમાં કંઈ ખોટું નથી. જે ઈશ્વરની પ્રેરણા પ્રમાણે ચાલે છે તેણે બીજી ચિંતા કરવાની જરૂર નથી. હા, એક વાત તરફ આપણે સાધકોનું ધ્યાન ખેંચીશું કે પોતાની અનુભવ વાતોને પ્રકટ કરવાની પાછળ ધનપ્રાપ્તિનો કે કીર્તિની કમાણીનો કોઈ ક્ષુદ્ર હેતુ ન હોવો જોઈએ. અત્યંત શુદ્ધ ભાવે, બીજાને મદદરૂપ થવા માટે જ, પોતાની અનુભવવાતોની અભિવ્યક્તિ થવી જોઈએ. તેમ થાય તો કશી હરકત નથી. બાકી લોકપવાદનો વિચાર કરીને બેસી રહેવાથી કંઈ નહિ વળે. લોકો તો એમ પણ કહે છે બધા અનુભવો ને બધી વિદ્યાને ગુપ્ત રાખવાની પદ્ધતિનો કડકપણે આધાર લેવાથી ઘણી વિદ્યાઓ અને અનુભવવાતો લુપ્ત થઈ ગઈ છે અને એવી રીતે સંસારે ઘણું ઘણું ખોયું છે. એટલે લોકપવાદનો તો પાર નથી. સારો ને સાચો માર્ગ દિલને તપાસવાનો, ઈશ્વરની ઈચ્છાને જાણવાનો અને એનો અમલ કરવાનો છે. એ માન્યતાથી પ્રેરિત થઈને જ આ નાનકડી કથાની શરૂઆત કરી રહ્યો છું.

આ વખતની ગુજરાતયાત્રા દરમિયાન મારે અમદાવાદ રહેવાનું થયું. ત્યાં એક અમલદાર મળવા આવ્યા. તેમણે પરદેશમાં અભ્યાસ કર્યો હતો. તેમની સાથે કેટલીક વાતચીત થયા પછી તેમણે કહ્યું કે

આપણે ત્યાં ભણેલા લોકોનો એક એવો વર્ગ છે જે ઈશ્વરને માનતો નથી. ઈશ્વરના સાક્ષાત્ દર્શનની વાતને સ્વીકારતો નથી, ને બીજા ઊંચી કોટિના કહેવાતા આધ્યાત્મિક અનુભવોને પણ તદ્દન પાયા વિનાના માને છે. તે વિશે તમારું શું કહેવું છે ? શું તેમનું વલણ સાચું નથી ? આવા તર્કપ્રધાન યુગમાં પણ તમે ઈશ્વરને વળગી રહ્યા છો અને આ માર્ગે ચાલી રહ્યા છો એ શું આશ્ચર્યકારક નથી ?

મેં એમને ઉત્તર આપતા કહ્યું કે મને તો તેમા કંઈ જ આશ્ચર્યકારક લાગતું નથી. તમને લાગે તો ભલે. ઈશ્વર અને આધ્યાત્મિકતા વિશે શિક્ષિત કહેવાતા લોકોનું વલણ કે મંતવ્ય તમે કહો છો તેવું હોય તો તે સંબંધમાં કહેવું જોઈએ કે તે બરાબર નથી. શિક્ષિત લોકો સાચી શિક્ષા કે સમજથી દૂર છે એની તે પરથી સૂચના મળે છે. આપણે ત્યાં ઘણા માણસો એવા છે જેમને આધ્યાત્મિક સાધનાનો લેશ પણ ખ્યાલ કે અનુભવ નથી હોતો. છતાં પણ વખત આવે છે ત્યારે તે 'અમે પણ કાંઇક જાણીએ છીએ' એવું માનીને ચર્ચા, વિવાદ ને ઉપદેશ દ્વારા પોતાના મિથ્યા જ્ઞાનનું પ્રદર્શન કરવા સદાય તૈયાર રહે છે. અને આધ્યાત્મિકતાને અન્યાય કર્યો છે એમના અભિપ્રાયોનું મહત્વ પણ શું ? જેણે જીવનભર દાક્તરી વિશે કંઇ જાણ્યું જ ન હોય અથવા દાક્તરી કરી જ ન હોય તેવા માણસ દાક્તરી વિશે અભિપ્રાય કે સલાહ આપવા બેસે, તો તેના અભિપ્રાય ને તેની સલાહનું મહત્વ કેટલું માની શકાય ? સંગીતને ન જાણનાર ને સમય આવતાં કંટાળી કે સૂગ ચઢાવીને સંગીતથી દૂર ને દૂર રહેનાર માણસ સંગીતની કળા વિશે ને કાયદાને ન જાણનારા કાયદાના શાસ્ત્ર વિશે મનગમતો અભિપ્રાય આપવા માંડે તો તે મિથ્યા બકવાદ નહિ તો બીજું શું કહેવાય ? આધ્યાત્મિકતા અને સાધનાનું પણ એમ જ સમજવાનું છે. તે વિશે કોઇ નિશ્ચિત નિર્ણય પર પહોંચવાની ઉતાવળ કરતાં પહેલાં માણસે ખૂબ ખૂબ ધીરજ રાખવાની ને વિચારણા ચલાવવાની છે. તે ઉપરાંત વધારે મહત્વની વાત તો એ છે કે તેણે શક્તિ પ્રમાણે પોતાની મેળે સાધના કરવાની છે. સાધના દ્વારા લાંબા કાળ સુધી ઇશ્વરપરાયણ બનીને અનુભવી પુરુષોના આદેશાનુસાર પોતાની જાતનું ઘડતર કરવાનું છે. તે પછી જ જરૂર પડે તો મોં ઉઘાડવાનું છે. તે વખતે સ્વાનુભવથી સંપન્ન હોવાથી તેની વાણીમાંથી જે ઝરશે તે સત્ય જ હશે. તે બીજા માટે પ્રેરણાદાયક સાબિત થશે. સાધના કરતાં કરતાં પણ જ્યાં સુધી ધ્રુવપદે પહોંચાય કે સિદ્ધિ ના સાંપડે ત્યાં સુધી મૂંગે મોઢે સતત પ્રયાસ કરતાં રહેવાનું છે. પોતાની ત્રુટિને લીધે કેટલીકવાર માણસને સારા ઇશ્વરવિષયક અનુભવો નથી થતા ને સિદ્ધિ પણ નથી સાંપડતી. તેવા સંજોગોમાં ત્રુટિને શોધી કાઢીને સિદ્ધિનો માર્ગ પ્રકાશિત કરવાને બદલે તે ઇશ્વર અને સાધનાને જ મિથ્યા માનવા-મનાવવાની ભૂલમાં કેટલીકવાર પડી જાય છે. એ એક મોટું ભયસ્થાન છે ને તેનાથી સાવધ રહેવાની આવશ્યકતા છે. સ્વાનુભવો સિવાયના માણસો શિક્ષિત હોય તોપણ તેમના અભિપ્રાયનું વજન કેટલું ? તેમના કરતાં લાંબા વખતના અનુભવ પછી જેમણે તે વિષયો પર અભિપ્રાય આપ્યા છે તેમનું વજન વધારે છે અને તે વધારે સાંભળવા જેવા, સ્વીકાર્ય અને સાચા છે.

મારા જવાબથી તે ભાઇને રાહત મળી અને આનંદ થયો. જીવનમાં વરસોથી હું સાધનાના માર્ગે સફર કરું છું. ઇશ્વરનું શરણ લઇને વરસોથી એના એક નમ્રાતિનમ્ર શરણાગત શિશુ તરીકે આગળ વધું છું. તે દરમિયાન મને અનેક અનુભવ થયા છે ને ઇશ્વરની કૃપાનો લાભ પણ મળ્યો છે. તેવા સ્વાનુભવમાંથી જ મારી શ્રદ્ધા ને સમજશક્તિ ઉત્પન્ન થઇ છે. આ તર્કવાદના જમાનામાં, તર્કને નેવે મુક્યા વિના, તેથી જ ઇશ્વરનું

શરણ લઇને ઇશ્વરની સાથે હું પ્રેમના અતૂટ મજબૂત દોરથી બંધાઇ ગયો છું. એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. આશ્ચર્ય લાગે તો એટલી આપણી કમનસીબી અને દીનતા સમજી લેવાની છે.

બાકી તો પરમ પ્રકાશના પાવન પંથના પ્રવાસની કથા પોતે જ કહેશે. તેને શાંતિપૂર્વક વાંચી વિચારી જવાથી ઘણી ઘણી શંકાનું સમાધાન થઇ જશે. તે પોતે જ હાજર થાય છે, પછી છૂટીછવાયી વિચારણાની શી જરૂર છે ? કૂવાથી જે હેતુ સરવાની શક્યતા છે તે સરોવરથી સહેજે સરી રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. જન્મ

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગભ્રષ્ટ પુરુષની ગતિ વિશેની વાત આવે છે. તેમાં અર્જુને જિજ્ઞાસા રજૂ કરતા ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યું છે કે, કોઈ સાધક અધ્યાત્મ માર્ગ ની શ્રધાથી સંપન્ન હોય પરંતુ તન, મન અને અંતરના સંયમની સાધનામાં કોઈ કારણથી સફળ ન થયો હોય, તે જો યોગસાધનામાંથી ચલિત થાય તો તેને યોગની પરમ સિદ્ધિ તો ન મળી શકે એ દેખીતું છે, પણ કઈ ગતિની પ્રાપ્તિ થઈ શકે ? એના ભાવિ વિશે માહિતી મેળવવાની મને ઈચ્છા થઈ છે તો તે ઈચ્છા તમે પૂરી કરો.

તેના ઉત્તરમાં ભગવાને કહ્યું છે કે હે અર્જુન, અધૂરી રહેલી સાધનાવાળા એ સાધકનું કદી અમંગલ થતું નથી. તેનો નાશ થતો નથી ને તેની દુર્ગતિની પણ કોઈ કાળે શક્યતા નથી. તેવો સાધક શરીર છૂટ્યા પછી કેટલાક સમય સુધી ઉત્તમ ને પુણ્યવાન લોકોમાં નિવાસ કરે છે, ને પછી આ પૃથ્વી પર શીલવાન ને પવિત્ર ઘરમાં જન્મે છે. અથવા તો જે કુળમાં પહેલાના કાળમાં કોઈ યોગીપુરુષ થઈ ગયા હોય, તેવા કુળમાં પણ શરીર ધારણ કરે છે. પછી પેલી પહેલાંના જીવનની અધૂરી રહેલી સાધનાને પૂરી કરવા આ જીવનમાં પ્રયાસ કરે છે. તેના જન્માંતર-સંસ્કાર તેને તે જન્મમાં બાળપણથી જ સાધનાના માર્ગમાં પ્રેરિત કરે છે. બાળપણથી જ તેની વૃત્તિ ઈશ્વરાભિમુખ બની જાય છે. સંસારિક કામકાજ કે વિષયોમાં તેનું મન લાગતું નથી. જીવનના અરુણોદયમાંથી જ તે સાધનાના પ્રદેશમાં પ્રવેશ કરે છે. તેને જન્માંતરના સંસ્કારોના સુપરિણામરૂપે સદબુદ્ધિ પણ સાંપડી જાય છે, ને પ્રલોભનોમાંથી પસાર થઈને પોતાના માર્ગમાં આગળ ને આગળ વધતા છેવટે તે સિદ્ધિની પ્રાપ્તિ કરી લે છે.

ગીતાની આ વાત ઘણી પ્રસિદ્ધિ પામી ચૂકી છે. તેનો ઉપયોગ પણ છૂટથી થઈ રહ્યો છે. એટલે કે તે વારંવાર જુદા જુદા માણસોના સંબંધમાં લાગુ પાડવામાં આવે છે. જે મહાપુરુષો લોકોત્તર શક્તિથી સંપન્ન દેખાય ને જેમના જીવનમાં અસાધારણ કર્મોનું દર્શન થાય તેમને ઈશ્વરના અવતારમાં ખપાવવાની પરિપાટી આપણે ત્યાં સારી પેઠે પ્રચલિત છે. માણસ શરૂઆતમાં માનવસહજ સાધારણ ગુણધર્મોથી સંપન્ન હોય ને પાછળથી ભારે સાવધાની ને પરિશ્રમથી તેમનો વિકાસ કરીને મહાનતાની પ્રાપ્તિ કરી હોય એ વાતની ખબર હોવા છતાં કોઈ ને કોઈ અવતારના નામ સાથે તેના નામને  સાંકળવાની કોશિશ માણસ કર્યા કરે છે, ને તેમ કરીને જ તે સંતોષ મેળવે છે. માણસ મહામહેનતથી પોતાની જાતનું ઘડતર કરીને અસાધારણ બની શકે છે ને મહાન કાર્યો કરી શકે છે, એ વાત હજુ સુધી કેટલાક માણસોના માનવામાં આવતી નથી. તેથી જયારે જયારે પ્રસંગ નીકળે છે ત્યારે તે કહે છે કે ભાઈ, એ તો અવતાર કહેવાય. આપણે તો સાધારણ માણસ રહ્યા. આપણાથી કાંઈ એમના જેવું જીવન જીવી શકાય અને એમના જેવા કામો કરી શકાય ? એવા માણસો નરમાંથી નારાયણ બનવાના માનવજીવનના સહજ વિકાસના આદર્શનો અનાદર કરે છે, ને પોતાની જાતને કાયમને માટે નિર્બળ, હલકી ને સાધારણ માની લઈને પોતાને જ હાથે પોતાનું ખૂન કરે છે. એનો અર્થ એવો નથી કે અવતારી પુરુષોની વાત સો ટકા સાચી છે. પણ તેવા પુરુષોને પારખવાની પદ્ધતિમાં પારંગત થવાની જરૂર છે. તેમને પારખવાની કળા વિના પ્રત્યેક અસાધારણ પુરુષને અવતારમાં ઘટાવવાની પરિપાટીમાં જોખમ રહેલું છે.

યોગભ્રષ્ટ પુરુષની પ્રસિદ્ધ વાતના સંબંધમાં પણ એવું બનવા માંડ્યું છે. કોઈના જીવનમાં બાળપણથી જ આધ્યાત્મિકતા તરફની અભિરુચિ દેખાય કે કોઈનામાં નાની ઉમરમાં ઈશ્વરપરાયણતા અને લૌકિક વિષયો તરફ ઉદાસીનતાનું દર્શન થાય તો માણસો તેને યોગભ્રષ્ટ માની લે છે. વિવેકાનંદ, રામતીર્થ ને દયાનંદ જેવા મહાપુરુષોના નાની ઉમરે થયેલા મોટા કામોનો ઉલ્લેખ કરીને પણ તેઓ એવો જ સૂર છેડે છે કે ભાઈ, એ તો બધા યોગભ્રષ્ટ જીવ કહેવાય. એ તો પહેલેથી જ સંસ્કારો લઈને જન્મેલા. અધૂરી રહી ગયેલી સાધનાને પરિપૂર્ણ કરવા માટે આ અવની પર આવેલા. એ તો બધા દૈવી પુરુષો. વિશેષ ઈજારાઓ લઈને પ્રગટેલા પુરુષો. આપણાથી કાંઈ એમના જેવા કામો કરી શકાય ?

અહીં પણ નિરાશાનો સૂર સંભળાયો. લઘુતા ને નિરાશા સદાને માટે જોખમકારક છે. તે માણસને વિકાસના માર્ગે આગળ વધવામાં મદદ નથી કરતી. માટે જ આપણને તે પસંદ નથી અને આપણે તેનો વિરોધ કરીએ છીએ. મારા પોતાના સંબંધમાં વાત નીકળતા કેટલીકવાર માણસો કહે છે કે એ તો યોગભ્રષ્ટ પુરુષ કહેવાય. એમની ચાલ જ જુદી હોય. આપણાથી કાંઇ એમને માર્ગે જઇ શકાય ? આપણે તો એમના દર્શન કરીએ ને પગે લાગીએ. બહુ બહુ તો તેમની સેવા કરી છૂટીએ. એથી વિશેષ આપણાથી શું થાય ? આપણી શક્તિ જ કેટલી ?

માણસો ધારે તો તેના કરતાં બીજું ઘણું કરી શકે છે ને જીવનને ઉન્નત અને મહાન બનાવવાની પ્રેરણા મેળવવામાં એમને અસરકારક લાગતાં સારા જીવનચરિત્રનો ઉપયોગ પણ કરી શકે છે. તેને બદલે પ્રણિપાત ને પૂજા કરીને જ બેસી રહેવાની ને તેથી વિશેષ બીજું કંઇ જ ન થઇ શકે એમ માની લેવાની હીન કે કંગાલ મનોવૃતિ જરાય ઠીક લાગે તેવી નથી ને તેનો વહેલામાં વહેલી તકે અંત આવે તે આવશ્યક છે.

કેટલાક માણસો એમ પણ કહે છે કે એ તો અવતારી પુરુષ કહેવાય નહિ તો આટલી નાની ઉંમરમાં આવું આધ્યાત્મિક જીવન ક્યાંથી હોય ? હું તેમને કહું છું કે ભાઇ, સાધારણ માણસની જેમ જીવનમાં મેં પણ મુસીબતો ને વેદના વેઠી છે ને ચિંતા સહન કરી છે. મારી શીલસંપત્તિ ઘણી સીમિત રહી છે. અને આજે પણ હું છેક સાધારણ માણસ જ છું. જીવનમાં સાચા માનવ બનીને ઇશ્વરની કૃપા મેળવીને પરિપૂર્ણતાના શિખર ઉપર પ્રતિષ્ઠિત થવાના પ્રયાસો મેં કર્યા છે. પણ તે રીતે તો મેં એક મનુષ્ય તરીકેની મારી જન્મજાત સાધારણ વારસામાં મળેલી ફરજ જ બજાવી છે. એનો અર્થ એવો થોડો છે કે હું કોઇ વિશેષ માનને કે અવતાર જેવા ઇલ્કાબને લાયક છું ?

પરંતુ મારા ખુલાસા છતાં પણ તે માણસો પોતાના વલણનો ત્યાગ કરતા નથી ત્યારે મારે મૂક રહેવું પડે છે. તેમની ને બીજાની માહિતી માટે હું એક વાત જણાવવાની રજા લઉં છું કે ગીતામાં કહ્યા પ્રમાણે હું કોઇ યોગથી ભ્રષ્ટ થયેલો કે અધૂરા રહેલા યોગવાળો પુરુષ નથી. એ બધા નામે પ્રસિદ્ધ થવાનું મને પસંદ નથી. કેમ કે મારા અનુભવ પ્રમાણે તે સત્ય હકિકતથી વેગળું છે. એટલે ભવિષ્યમાં પણ કોઇ મને તે નામની સાથે સાંકળવાનો પ્રયાસ ના કરે એમ ઇચ્છું છું. તેવો પ્રયાસ કદાપિ થાય તો મિથ્યા માનવામાં આવે એટલું માગી લઉં છું. હું તો ઇશ્વરનો એક સાધારણ બાળક છું અને એ રીતે જ રહેવાનું ને પ્રસિદ્ધ થવાનું પસંદ કરું છું.

સાધના કરવાથી તન ને મનનાં પરમાણુઓ પલટાઇ જાય છે ખરાં ? અનુભવી સંતોનું એવું કહેવું છે ખરું. મેં કોઇ એવી ભારે સાધના કરી નથી. છતાં પણ આજે વરસોથી મને એ વાતનો અનુભવ થઇ રહ્યો છે. મતલબ કે તન ને મન એવું પલટાઇ ગયું છે કે મારો ક્યાંય જન્મ થયો હશે એમ લાગતું જ નથી. જાણે સમૂળી ક્રાંતિ કે કાયાપલટ થઇ ગઇ હોય એવી મારી દશા છે. મનોવૃતિ જ એવી થઇ ગઇ છે કે મારો જનમ થયો હશે તે વાત તેમાં ઊગતી ને ઠરતી જ નથી. જનની ને જન્મભૂમિના ભાવો તેમાં જાગતા ને તેની સાથે બંધબેસતાં જ નથી. આ કોઇ ભાવના નથી, કલ્પનાવિહાર પણ નથી, પણ નક્કર હકિકત છે. બીજાને માટે તેને સમજવાનું જરા મુશ્કેલ થશે. છતાં જે વાસ્તવિકતા છે તેને રજૂ કરી રહ્યો છું. કોઇ અનુભવી પુરુષો તેને સહાનુભૂતિથી વિચારી ને સમજી પણ શકશે. એ પરથી કોઇએ એમ નથી સમજવાનું કે સંસારમાં સામાન્ય રીતે જેમ સૌનો જન્મ થાય છે તેમ મારો જન્મ નથી થયો. મારા કહેવાનો આશય પણ એવો નથી. મારું શરીર કોઇ બીજા માનવશરીરના આધાર લીધા વિના જ આ પૃથ્વી પર પ્રકટ થયું છે અથવા તો એનું અવતરણ અલૌકિક રીતે સીધું આકાશમાંથી થયું છે એમ પણ નથી. એવી વાત તદ્દન પાયા વિનાની છે. બીજાં બધાં જ શરીરોની જેમ મારા શરીરનો જન્મ તદ્દન સામાન્ય ને લૌકિક રીતે જ થયો છે. પરંતુ તે શરીર અને આ શરીરમાં જાણે કે આસમાન-જમીનનો ફરક પડી ગયો હોય એવું મને લાગ્યા કરે છે. જૂનાં પહેલાંના શરીરનાં પરમાણુઓમાં પરિવર્તન થઇને જાણે નવું સાધનામય શરીર થયું હોય ને તેની સાથે સાથે નવા મનનો પણ ઉદય થયો હોય એમ લાગ્યા વિના રહેતું નથી. એટલે મને ઘર, જન્મસ્થાન, જનની, બહેન તથા બીજા સ્નેહીજનો તરફ જે મમત્વ થવું જોઇએ તે થતું નથી. એક સામાન્ય રૂપે થયેલા જન્મ પછી બીજો નવો જન્મ થયો અથવા તો મારા સર્વસ્વનો જાણે પુનરાવતાર થયો હોય એવી અનેરી દશાનો અનુભવ આજે દિવસોથી કરી રહ્યો છું, મારા કહેવાનો સારાંશ આટલો જ છે, એનો મર્મ આ જ છે. આ અનુભવ કેવળ મારા પુરતો જ મર્યાદિત રહી શકે ને સાચો ઠરી શકે એ સહેજે સમજી શકાય તેવું છે. જરૂરી પણ તે જ છે ને લાભ પણ તેમાં જ સમાયલો છે. એક સરી જતા સ્વપ્નની વિગતને યાદ કરતો હોઉં એવી મારી આજની દશા છે. અતીત કાળના સુષુપ્ત સંસ્કારોને સ્મૃતિપટ પર તાજા કરીને તદ્દન તટસ્થ રીતે આલેખી રહ્યો હોંઉ એવી મારી અનોખી અવસ્થા છે.

એ દશામાં રહીને સામાન્ય રીતે વાત કરું તો કહી શકાય કે મારો જન્મ અમદાવાદ ને ધોળકાની વચ્ચે આવેલા સરોડા ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતાનું નામ મણિલાલ ભટ્ટ ને માતાનું નામ જડાવબેન. સરોડા એક પચરંગી છતાં બ્રાહ્મણની વધારે પડતી વસ્તીવાળું નાનું સરખું ગામ છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામની પાસેથી પવિત્ર સાબરમતી વહી જાય છે. ઇ. સ. ૧૯૨૧માં ઓગષ્ટની પંદરમી તારીખે મારો જન્મ. ભારતીય દેશી પદ્ધતિ પ્રમાણે શ્રાવણ સુદી બારસને સોમવાર. તે વખતે સવારનો સમય હતો. પરંતુ સૂર્યોદય નહોતો થયો. જન્મ પછી દસેક મિનિટે સૂર્યોદય થયો એમ માતાજીનું કહેવું છે. તે વખતે ગામડામાં ઘડિયાળ ભાગ્યે જ રહેતા એટલે સુનિશ્ચિત સમય તો કોણ કહી શકે ?

યોગીરાજ શ્રી અરવિંદનો જન્મદિવસ પણ પંદરમી ઓગષ્ટ હતો. બીજા કેટલાય જ્ઞાત-અજ્ઞાત પુરુષોનો જન્મ તે દિવસે થયો હશે. કોઇનું મૃત્યુ પણ થયું હશે. કહે છે કે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનો સમાધિ દિવસ પણ તે જ હતો. તે દિવસે રાતે એક વાગ્યે તેમણે સમાધિ લીધી હતી. ભારતને જે અહિંસક આઝાદી

મળી તે પણ પંદરમી ઓગષ્ટે. પણ એ રીતે કંઇ એ દિવસના મહત્વને સિદ્ધ કરવાનો મારો ઉદ્દેશ્ય નથી. તેનું મહત્વ સિદ્ધ થાય પણ કેવી રીતે ? ઇશ્વરના દરબારમાં બધા દિવસો સરખું મહત્વ ધરાવે છે. હર્ષ અને શોક તથા ઉત્થાન ને પતનના સારા-માઠાં પ્રસંગો વત્તા-ઓછા પ્રમાણમાં આ વિશાળ પૃથ્વી ઉપર લગભગ રોજ બનતાં હોય છે.

કોઇ કોઇ મહાન પુરુષોનાં જીવનચરિત્રમાં આવે છે કે તેમના જન્મ વખતે સુવાસિત ને શીતળ પવન પ્રસરવા માંડ્યાં, નદીનાં નીર વિશાળતા ધારણ કરીને અદભૂત નિનાદે વહેવા માંડ્યાં; પૃથ્વી પર પ્રસન્નતા ફરી વળી, ને તે ધનધાન્યવતી અથવા સસ્યશ્યામલા બની ગઇ. તો કોઇ કોઇ ઠેકાણે આવે છે કે તેમના જન્મ વખતે દેવોએ અંતરિક્ષમાંથી પુષ્પો વરસાવ્યાં. તેવી વાતો સાચી છે કે કાલ્પનિક, તે વાત જુદી છે. તેની સત્યાસત્યતામાં ઊતરવાની આવશ્યકતા પણ નથી. અહીં તો એક બીજી જ વસ્તુનો ઉલ્લેખ કરવા માંગું છું. તે એ કે જો કે હું મહાન પુરુષ નથી છતાં બાળપણથી અસામાન્ય એવા માર્ગે મેં મુસાફરી કરી છે. તેથી મારા જીવનમાં કાંઇક નવીનતા જોઇને મહાપુરુષોના જીવનની વાતોને યાદ કરીને, હું કોઇકવાર માતાજીને પૂછું છું કે મારા જન્મ વખતે પણ શું આવું કંઇ થયું હતું ખરું ? મારા પર ફૂલો વરસ્યાં હોય કે મારા જન્મથી ઘરમાં કોઇ સુખમય ફેરફારો થયા હોય એવું કાંઇ બનેલું ખરું ? અથવા કેટલાક મહાપુરુષોના સંબંધમાં સંભળાય છે કે તે જન્મતાં જ મોટા દેખાવા માંડ્યા. રામનામ લેવા માંડ્યા કે બત્રીસીથી સંપન્ન થઇ ગયા. અથવા તો લોકોત્તર લક્ષણો બતાવવા માંડ્યા, એવું કંઇ મારા જીવનમાં બનેલું ખરું ? તેના ઉત્તરમાં માતાજી કહે છે કે, ના. એવું કાંઇ જ બન્યું ન હતું. ઘર પણ જેવું ચાલતું હતું તેવું સાધારણ ને ગરીબ દશામાં જ ચાલતું હતું અને એમ જ ચાલુ રહ્યું. દેવોએ ફૂલો પણ વરસાવ્યાં કે ગીત પણ ન ગાયા. અથવા સૂક્ષ્મ રીતે કોઇને ખબર ન પડે તેમ કર્યું હોય તો પ્રભુ જાણે. મતલબ કે જન્મસમયની દશા તદ્દન સાધારણ હતી. કલ્પનાના રંગો પૂરીને કવિ કે લેખક અથવા પ્રસંશકો એને અસાધારણ બનાવી બતાવે તો ભલે, બાકી સાચી હકિકત આ છે અને રહે એ આવશ્યક છે.

ઇ. સ. ૧૯૨૧ માં ભારતદેશ ગુલામ હતો. પરદેશી સત્તાનું અહીં સામ્રાજ્ય હતું, તેમાંથી છૂટવા માટેની યોજના દેશના બાર નેતાઓ કોંગ્રેસના સંગઠન નીચે ભેગા મળીને ઘડી રહ્યા હતા. તે વાતાવરણમાં મારો જન્મ થયો. એવે વખતે ફૂલોની વર્ષા ને સન્માનનાં ગીત શોભે પણ ખરાં કે ? એટલે પણ બરાબર છે કે જન્મ સાધારણ હશે.

જન્મ વખતે મારી ધન રાશિ હતી તે સહેજ. મારું નામ ભાઇલાલભાઇ પાડવામાં આવ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. રૂખીબાની સ્મૃતિ

જે ઘરમાં મારો જન્મ થયો હતો તે ઘર તદ્દન સાધારણ ને ઝૂંપડા જેવું હતું. તેમાં માતાજીના બા રહેતાં. તેમનું નામ રુક્મિણી હતું. પણ ગામડાંની રોજીન્દી ભાષામાં તે રૂખીબા કહેવાતાં. તે પણ ઘણી જ ગરીબ દશામાં પોતાનું જીવન પૂરૂં કરતાં. તે લગભગ અભણ જેવા જ હતાં. એટલે કે શાળાના અભ્યાસથી વંચિત જેવાં છતાં તેમની સમજણશક્તિ ને તેમનું વ્યવહારિક જ્ઞાન વિશાળ હતું. તે બાબતમાં તેમની સલાહ લેવાનું ને પ્રશંસા કરવાનું મન સૌ કોઇને થતું. દયાની તો તે મૂર્તિ હતાં. કોઇનુંયે દુઃખ જોઇને તે તરત દ્રવી ઉઠતાં ને બનતી મદદ કરવાનો પ્રયાસ કરતાં. ભક્તિભાવ પણ તેમનામાં ઘણો ભારે હતો. ભજનો ગાવા ને સંભળાવવામાં તેમને ખૂબ આનંદ આવતો. ગામમાં આવેલા રણછોડજીના મંદિરમાં રોજ રાતે તે દર્શન કરવા જતાં ને ત્યાં ભગવાનની પ્રતિમાનું દર્શન કરતાં કલાકો લગી બેસતાં. ત્યારે તેમના રામમય ને નિર્મળ હૃદયમાંથી પ્રકટેલા ભાવો આંસુના રૂપમાં આંખમાંથી કેટલીય વાર ટપકવા માંડતાં. તેમનું હૃદય ઘણું પ્રેમાળ ને પવિત્ર હતું. કોઇનું બુરૂં કરવામાં તેમને રસ હતો જ નહિં. પણ કોઇ દ્વારા કોઇનું બુરૂં થતું હોય તો તે પણ તેમને ગમતું નહિ. તે જોઇને પણ તેમનો આત્મા કકળી ઉઠતો.

એમનું મૃત્યુ ઘણી અલૌકિક રીતે થયું. તે પ્રસંગ ઘણો અનેરો હતો. તે વખતે મારી ઉંમર લગભગ સત્તરેક વરસની હશે. વેકેશનનો વખત હતો એટલે હું મુંબઇથી સરોડા આવ્યો હતો. વૈશાખ મહિનાનો વખત હતો. વૈશાખી પૂનમનું ગ્રહણ હતું. તે દિવસે સાબરમતી સ્નાન કરી આવીને તે દેવમંદિરે દર્શન કરવા ગયા. તે પછી તેમને તાવ આવ્યો. એટલે પથારીમાં પડ્યાં. વૃદ્ધાવસ્થાને લીધે તેમને શારીરિક નબળાઇનો અનુભવ સારી પેઠે થતો હતો. તે તેમના જીવનનો છેલ્લો તાવ હતો.

બીજે દિવસે પણ તાવ ચાલુ જ રહ્યો. પણ તે દરમ્યાન તેમને અવનવા અનુભવો થવા માંડ્યાં. તેમને કેટલાંક અજબ લાગે તેવા દૃશ્યો દેખાવા માંડ્યાં. તેનું તે વારંવાર વર્ણન કરવા માંડ્યા. સાધારણ માણસો તેમની વાતોના રહસ્યને સમજી શકે તેમ ન હતાં. પણ તે વાતો સાચી હતી, ને મનમાં ભાવ ઉઠતો ત્યારે આનંદપૂર્વક તે તેનું વર્ણન કર્યા કરતાં. એકવાર તે કહેવા માંડ્યા કે હવે મારે જવાનો વખત આવી ગયો. આજે વહેલી સવારે બે સંન્યાસી જેવા પીતાંબર પહેરેલા માણસો અને એક સુંદર રેશમી વસ્ત્રો પહેરેલી બાઇ મારા ખાટલા પાસે આવ્યાં અને મને કહેવા માંડ્યા કે તારે વિદાય થવાનો વખત આવી ગયો છે. માટે અમે તને લેવા માટે આવ્યા છીએ. તારે અમારી સાથે ચાલવાનું છે. એમ કહીને તે મને લેવા માટે તૈયાર થઇને ઊભા રહ્યાં. પણ મેં એમને ઉત્તર આપ્યો કે અત્યારે ને અત્યારે મારાથી તમારી સાથે આવી શકાય તેમ નથી. સંસારની મને માયા નથી. સંસારમાંથી વિદાય થવું પડે તેનો શોક પણ નથી. જે જન્મ્યું તેણે જવાનું જ છે. ઈશ્વરના દરબારનો એ નિયમ છે, ને તે અનાદિ કાળથી ચાલ્યો આવે છે. તેમાંથી યક્ષ, ગંધર્વ ને દેવ પણ બચી શકે તેમ નથી, તો પછી સાધારણ માણસનું તો શું કહેવું ? એટલે મૃત્યુનો શોક નથી. પરંતુ હજી મારૂં એક કામ બાકી રહી ગયું છે. મારો દીકરો વડોદરામાં છે. અંતકાળે તેને મળવાની મારી ઈચ્છા અધૂરી રહી જાય તે બરાબર નહિ. તે ઈચ્છા પૂરી થાય પછી મને તમારી સાથે આવવાનું જરૂર ગમે. પછી હું શાંતિથી છોડી શકું. મારાં બધાં કામ થઈ ગયાં છે. ફક્ત આટલું કામ બાકી રહ્યું છે.

થોડીવાર શ્વાસ લેવા અટકીને તે વળી કહેવા માંડ્યાં કે તેમણે મારી વાત માની લીધી છે, ને મારો કોલ લઈને વિદાય થયાં છે. જતાં જતાં કહી ગયાં છે કે હવે અમે આજથી ત્રીજે દિવસે જરૂર આવીશું ને તમને સાથે લેતાં જઈશું. ત્યાં સુધીમાં વડોદરાથી તમારા દીકરા પણ આવી જશે ને તમે તેમને મળી લેશો. માટે હવે હું બે-ત્રણ દિવસની મહેમાન છું. વડોદરાથી રમણને વહેલામાં વહેલા તેડાવી લો.

તેમની વાતો સાધારણ માણસોને માટે સમજવી મુશ્કેલ હતી. પણ તે તેને તદ્દન સહજપણે પ્રગટ કરી રહ્યાં હતાં. રમણભાઈ વડોદરા હતા. આવા અસાધારણ પ્રસંગે તેમને બોલાવવાની જરૂર તો હતી જ. એટલે વાત ને પરિસ્થિતિની ગંભીરતા સમજી લઈને તેમને તાર કરીને બોલાવવામાં આવ્યા. એક-બે દિવસમાં તાવ ઊતરી જતાં સારું થઈ જશે એવી સૌને આશા હતી. પણ તે આશા ખોટી ઠરી. તાવ ચાલુ જ રહ્યો. તાવને પાંચમે દિવસે રમણભાઈ આવી પહોંચ્યા. એટલે રૂખીબાને સંતોષ થયો. તે દિવસે બપોરે તેમણે ઘીનો દીવો કરાવ્યો, ને મને પાસે બેસીને ગીતાપાઠ કરવાનું કહ્યું. તે પ્રમાણે મેં ગીતાપાઠ પૂરો કર્યો. પછી જે પ્રસંગ બન્યો તે હજી પણ યાદ છે. સાંજે તેમણે રમણભાઈને પોતાની પાસે બેસાડ્યા ને તેમના હાથમાં માતાજીનો હાથ મૂકીને કહ્યું કે ભાઈ આ બેન. રમણભાઈ ઘણા જ પવિત્ર ને સમજુ હતા. તેમણે કબૂલ કર્યું કે બેનની સંભાળ હું જરૂર રાખીશ. તમે ચિંતા ના કરશો. ત્યારે તેમને શાંતિ થઈ.

તે દિવસે સાંજે તેમણે જે મળવા આવ્યા તેમને પ્રેમથી બોલાવ્યાં. તેમના દિલમાં કોઈને પ્રત્યે અણગમો, તિરસ્કાર કે દ્વેષભાવ  નહોતો. પછી રાત પડી એટલે કહેવા માંડ્યાં કે પેલા સંન્યાસી જેવા બે માણસો ને પેલી રૂપાળી સ્ત્રી મારા ખાટલા પાસે આવીને હવે મને જોયા કરે છે. તે કહે છે કે કેમ ડોશીમા, હવે તમારું કામ પતી ગયું ને ? હવે અમારા વચન પ્રમાણે અમે તમને લેવા આવ્યાં છીએ. આજે તમારે અમારી સાથે જરૂર આવવાનું છે. એટલે આજે હવે હું જરૂર જઈશ.

તે જ રાતે-મધરાત પછી તેમણે શરીરનો ત્યાગ કર્યો. મૃત્યુનો વખત પહેલેથી જણાવીને જેણે શરીર છોડ્યું હોય એવી વ્યક્તિ મારી જાણ પ્રમાણે આ પહેલી જ હતી. યોગી કે ભક્તોને મૃત્યુનું જ્ઞાન પહેલેથી થઈ શકે છે. પણ રૂખીબા કંઈ યોગી ન હતાં. કોઈ મોટાં ભક્ત કે જ્ઞાની પણ ન હતાં. તે તો સાધારણ વ્યક્તિ હતાં. તેમની વિશેષતા તેમનું નિર્મળ ને ભાવભીનું હૃદય હતું. ઈશ્વર પરની તેમની ઊંડી આસ્થા હતી. તેને લીધે જ તેમને જીવનમાં કેટલીક વાર આવા અનેરા અનુભવો થયા કરતા. એટલે જ વિદ્વાનો કહે છે તે સાચું છે કે ઈશ્વરની કૃપા માટે પંડિતાઈની જરૂર નથી. જેની જરૂર છે તે તો સરળ ને સાફ હૃદયની છે. તેની હાજરીથી નિરક્ષર પણ અવનવા અનુભવથી સંપન્ન ને સાક્ષર થઈ જાય છે ને તેની ગેરહાજરીથી ભલભલા પંડિતો પણ કોરાધાકોર ને નિરક્ષર રહી જાય છે.

તે દિવસે રૂખીબાના મૃત્યુ વખતે જ ગામમાં એક કુંભારને સ્વપ્નું આવ્યું કે ગામના પાદરે વિમાન ઊતર્યું છે ને તેમાં રૂખીબાને બેસાડીને ત્રણચાર દૈવી માણસો વિદાય થાય છે. ગમે તેમ, પણ મૃત્યુ થઈ ચૂક્યું એ નક્કી. પિંજર પડી રહ્યું ને હંસલો ઊડી ગયો. કુદરતની લીલા અજબ છે. કોઈ તેનો પાર પામી શક્યું નથી. ભલભલા જ્ઞાની ને વિજ્ઞાની પણ તેમાં પાછા પડ્યા છે. પોતાના નક્કી નિયમો પ્રમાણે કુદરત કામ કર્યે જ જાય છે. તેના પ્રભાવમાંથી કોઇયે માનવપ્રાણી છૂટી શકતું નથી. જે ઇશ્વરનું શરણ લે છે અથવા તો

પરમાત્માની સાથે અનુસંધાન સાધી લે છે તે જ તેના પ્રભાવથી મુક્તિ મેળવી તેના રહસ્યનો પાર પામી શકે છે.

રૂખીબાની સ્મશાનયાત્રામાં હું પણ સામેલ થયો. સાબરમતીના તટ પર ચિતા ખડકીને તે પર તેમના શરીરને મુકવામાં આવ્યું. તે પછી પ્રચંડ પાવકજ્વાળા પ્રકટી. સરિતાના શાંત તટપ્રદેશ પર બેસીને મેં શરીરની વિનાશશીલતાની, જીવનની અનિત્યતાની વિચારણા કરી. એની મમતા કર્યા સિવાય સદબુદ્ધિ સહિતના સમ્યક સદ્ઉપયોગ દ્વારા આત્મોન્નતિનાં ઉચ્ચતમ શ્રેયસ્કર શિખરોને સર કરવાનો મેં સંકલ્પ કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. માતાપિતાની ઝાંખી

**(૧)**

સ્મશાનમાં સળગનારી ચિતા શું કોઇ સાધારણ વસ્તુ છે ? ના. બીજાને માટે તે તદ્દન સાધારણ વસ્તુ હશે પણ મારે માટે તો વાત તેથી ઊલટી જ છે. મને તો તે સદાને માટે અસાધારણ લાગી છે અને આજે પણ લાગ્યા કરે છે. કેમકે એમાં અપાર શિક્ષા ને અખૂટ પ્રેરણાની સામગ્રી સમાયેલી છે. વિવેકથી ભ્રષ્ટ થયેલા અથવા તો અવિવેકથી અંધ થયેલા માણસને તે જાણે કે પોતાની પ્રજ્જવલિત જ્યોતિથી જાગ્રત કરે છે ને કહે છે કે સંસારના સારા ને નરસા, નાના ને મોટા, બધા પદાર્થોનો અંત આવો છે. સૌનું છેવટનું પરિણામ સરખું છે. વિનાશના અગ્નિમાં આખરે બધા પદાર્થો હોમાઇ જવાના છે. માટે તેમનો મોહ મિથ્યા છે. અરે, આ સુંદર અને આકર્ષક દેખાતું શરીર પણ છેવટે તો આ જ અવસ્થાને પામવાનું છે, સ્મશાનની ચિતામાં સળગી ને ભસ્મિભૂત થઇને છેવટે શાંત થવાનું છે. માટે તેની મમતા ને તેનો અહંકાર છોડ. તેના મોહનો ત્યાગ કર. તેને માટે ન કરવાનાં કામો કરવાનું મુકી દે. બળ, રૂપ, યૌવન કે ધન કશાનું ગુમાન ન કરીશ. ભલભલાં બળવાન, રૂપવાન, ધનવાન ને યુવાન સ્ત્રીપુરુષો મારા જેવી લાખો ચિતામાં સ્વાહા થઇ ગયા છે. તેમનું નામનિશાન પણ રહ્યું નથી. માટે અહંકારનો ત્યાગ કર, ભલાઇને ગ્રહણ કર અને આ દુનિયાની કર્મભૂમિમાં એવાં કર્મ કર કે જેથી મૃત્યુની છાયા પડવા છતાં, મૃત્યુની સોડમાં સૂતાં છતાં પણ અમર બની જાય. મૃત્યુ તારું ન થાય પણ મૃત્યુનું થાય, ને તારે લીધે મૃત્યુ પણ યશસ્વી બની જાય.

સ્મશાનની ચિતાની અંદર પ્રેરણાના આવા જુદા જુદા કેટલાયે પાઠો સમાયેલા છે. તેથી તે મને સદાને માટે આકર્ષક અને અસાધારણ લાગ્યા કરે છે. ચિતા એક જાતની યુનિવર્સિટી છે એમ કહીએ તો પણ જરાયે અતિશયોક્તિભર્યું નથી. ફકત માણસમાં જરીક જાગૃતિ જોઇએ. તેની આંખ ઉઘાડી હોવી જોઇએ. આ જગતમાં ઘણા માણસો એવા છે જે ઉઘાડી આંખે પણ અંધ જેવું જીવન જીવી રહ્યા છે. મતલબ કે પોતાની આસપાસની દુનિયામાંથી તે કોઇ નક્કર શિક્ષા મેળવી શકતા નથી. પોતાની આજુબાજુના વાતાવરણ કે પ્રસંગોમાંથી પ્રેરણા મેળવીને પોતાના અનુભવ કે જ્ઞાનના ભંડારને ભરપૂર કે સમૃદ્ધ કરી શકતા નથી. પરિણામે આ વિશાળ સંસાર તેમને માટે વિશેષ સહાયકારક થઇ શકતો નથી. પરંતુ જાગ્રત માણસોની વાત જુદી છે. તે તો પોતાની આસપાસની સામાન્યમાં સામાન્ય ઘટનામાંથી પણ પ્રેરણા મેળવી લે છે ને માનવજીવન તથા કુદરતના નાના-મોટા ક્રમમાંથી કૈં ને કૈં બોધપાઠ ગ્રહણ કરે છે. તેમનું શિક્ષણ સ્કૂલ કે કોલેજની ચાર દિવાલો પૂરતું જ સીમિત રહેતું નથી અથવા તો અમુક ગ્રંથોના ચિંતનમનનમાં જ પુરું થતું નથી. તેમની જેમ સાધારણ માણસો પણ જાગ્રત બને તો ચિતાનું દ્રશ્ય ને તેની સ્મૃતિ તેના જીવનમાં જરૂર ક્રાંતિ કરી દેશે. નવજીવનની પ્રેરણા પૂરી પાડી, વર્તમાન જીવનને અવનવો ઓપ આપવા તૈયાર કરશે. પરિણામે જીવન ઘણી જાતની બદી ને વિકૃતિ તથા કેટલાય પ્રકારના અનર્થોમાંથી મુક્તિ મેળવશે. મારે માટે તો ચિતા દરેક વખતે પ્રેરણાદાયક થઈ પડી છે.

"એક દિન જાના રે ભાઈ !
આખર મિટ્ટીસે મિલ જાના,

એક દિન જાના રે ભાઈ !"

એ સુરાવલિ પ્રત્યેક વખતે તેના દર્શનથી ગૂંજી ઊઠી છે. બાળપણમાં રૂખીબાની ચિતા જોયા પછી પણ ચિતાને જોવાના પ્રસંગો જીવનમાં કેટલીકવાર આવ્યા છે. છતાં એનો સંદેશ હજી એવો જ નવો ને આકર્ષક રહ્યો છે. જે કામ ભલભલા કથાકારો ને ઉપદેશકો પણ સહેલાઇથી ન કરી શકે તે કામ સહેજ વારમાં અને અસરકારક રીતે કરવાની શક્તિનું દર્શન મને તેનામાં દરેક વખતે થયા કર્યું છે. કદાચ બીજા પણ કેટલાકને તેમ થતું હશે. ચિતાની વિલક્ષણતા જ એવી છે.

રૂખીબાની જેમ અમારું ઘર પણ ગરીબ જ હતું. માતાપિતાની આર્થિક અવસ્થા છેક સાધારણ હતી. માતાપિતાનું ભણતર પણ છેક સાધારણ. તે વખતે ગામડામાં ભણતરનું મહત્વ પણ બહુ થોડું મનાતું. તેમાંય વળી સ્ત્રીઓને તો ભણતરની જરૂર જ ના હોય એમ મનાતું. કન્યાશાળાની પ્રથા નાના ગામડામાં ભાગ્યે જ જોવા મળતી. તેનો વિચાર પણ લોકદૃષ્ટિએ રુચિકર કે આવકારદાયક ભાગ્યે જ થતો. બાળલગ્નોની પ્રથા વ્યાપક હતી, એટલે બાળકોને કેળવવા કરતાં ઘર માંડવા તરફ માબાપનું ધ્યાન વિશેષ રહેતું. એવા માબાપ પાસેથી ઉત્તમ કેળવણીની આશા પણ કેવી રીતે રખાય ? કુળનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. તે પિતાજીને વારસામાં મળેલો. અમારા કુળમાં અમારી જાણ પ્રમાણે આગળ પર કોઇ ભક્ત, જ્ઞાની કે યોગીપુરુષ નહોતા થયા. એક-બે શ્રીમંત પુરુષો જરૂર થયા હતા, પણ તેમની શ્રીમંતાઇ આધ્યાત્મિક ન હતી. માતાપિતામાં આધ્યાત્મિક સંસ્કાર જરૂર હતા. પિતાજીની સ્થિતિ ઘણી ગરીબ. વળી એકના એક વ્યવસાય ખેતી પ્રત્યે તેમનું લેણું ન હતું. એટલે ગરીબાઇમાં વધારો થયા કરતો. ખેતરમાં જાત-મહેનત ઘણી કરે, ઉત્તમ યોજનાઓ બનાવે ને તેને ઉત્સાહપૂર્વક અમલમાં પણ મુકે. પરંતુ ભાગ્ય એવું કે મહેનત મોટેભાગે માથા પર જ પડે. કોઇવાર કુદરત રુઠે તો કોઇ વાર કોઇ બીજું જ કારણ બને. કપરી દશા સુધરે જ નહિ. દવા કરવા છતાં પણ દર્દ ન ટળે. છતાં પણ ઘરમાં ખાવાનું દુઃખ ન હતું. ઘી-દૂધ પણ સ્વતંત્ર રીતે મળી રહેતા. વળી માતાપિતા બંને સંતોષી સ્વભાવનાં હોવાથી ઇશ્વર પર શ્રદ્ધા રાખીને બધી દશામાં પ્રસન્ન રહેતાં.

પિતાજી ગરીબ છતાં સ્વભાવનાં અમીર હતા. તેમનું શરીર તંદુરસ્ત ને પડછંદ હતું. બીજાનું દુઃખ તેમને દુઃખી કરતું ને તેને દૂર કરવા તે બને તેટલા તમામ પ્રયાસ કરતા. ગામમાં બહારવટિયા આવે ત્યારે તેમનો સામનો કરવામાં તે પહેલા રહેતા. તેમનામાં કેટલાય સદગુણો હતા. તેમણે પોતાના જીવનમાં કોઇનું બગાડ્યું તો શું પણ બગાડવાનો વિચારે કર્યો ન હતો. પોતાના રોજિંદા જીવનમાંથી બહાર નીકળવાની તેમને ફુરસદ જ ક્યાં હતી ? તે ભલા ને તેમનું કામ ભલું. દિવસનો મોટો ભાગ તે ખેતરમાં જ પસાર કરતા ને જાતમહેનતથી રળેલું અન્ન ખાતા. તેમને કોઇના પર દ્વેષ ન હતો. સૌની સાથે મૈત્રી હતી. તેમના એ બધા ગુણોને લઇને આજે પણ વાત નીકળે છે ત્યારે ગામના માણસો તેમના મુક્ત કંઠે વખાણ કરે છે.

ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે, તે સાચું છે. યથાર્થ છે. તેના વિના જગત શાના આધાર પર જીવત ? તેનું ઋણ જગતને માથે ખરેખર ઘણું મોટું છે. ખેતીનો ધંધો પણ આપણે ત્યાં જૂના વખતથી ઉત્તમ માનવામાં આવે છે. આઝાદીનો અનુભવ કરતો તે ધંધો ખરેખર ઉત્તમ છે. તેમાં માણસ કુદરતની સાથે એકરૂપ થઇ શકે છે ને કલંકરહિત જીવન ગુજારવાની તક મેળવે છે. જોકે બીજા બધા જ ધંધાની જેમ ખેતીના ધંધામાં પણ આજે વિકૃતિ પેઠી હશે, છતાંય એકંદરે તે વધારે પ્રામાણિક રહ્યો છે, મારા જન્મ સમય

દરમિયાન તો તે ઘણો પવિત્ર ને પ્રામાણિક હતો, એટલે પ્રામાણિકતાથી જીવન ચલાવનાર ગામડાના એક ખેડૂતના ઘરમાં જન્મ મળવા બદલ હું મારી જાતને ખરેખર ભાગ્યશાળી માનું છું. તે માટે ગૌરવની લાગણી પણ અનુભવું છું. ગરીબોના શોષણ દ્વારા ધનવાન બનેલા કોઇક ધનિકને ત્યાં જન્મવા કરતાં પ્રામાણિકતા ને પવિત્રતાથી જીવનારા એક ગરીબ ઘરમાં જન્મવામાં હું ઇશ્વરની કૃપા માનું છું. બાકી તો જન્મ ને મરણ ઇશ્વરાધીન છે. કુદરતના કયા કાનૂનો કે કર્મના કયા નિયમો તેની પાછળ કામ કરે છે તે કોણ કહી શકે ? સાધારણ માણસને તેની સમજ પણ શું પડે ? કોઇ અસાધારણ અનુભવી પુરુષ જ તેના રહસ્યનો ઉકેલ કરવા-કરાવવામાં સફળ થઇ શકે. એટલુ સાચું છે કે સંસારનું કોઇયે કર્મ અવ્યવસ્થિત કે આકસ્મિક નથી. જે આકસ્મિક લાગે છે તેની પાછળ પણ કર્મની પ્રામાણિક ને ચોક્કસ વ્યવસ્થા કામ કરતી હોય છે. માણસ તેને જાણી શકતો નથી એટલું જ. એટલે સરોડાના નાના ગામમાં એક સાધારણ ખેડૂત કુટુંબમાં થયેલો મારો જન્મ આકસ્મિક ન હતો. તેની પાછળ કર્મની અદભૂત કળા અથવા ઇશ્વરની ઇચ્છા કામ કરી રહેલી.

(૨)

માતાજીમાં પણ નાની ઉંમરથી જ ધાર્મિક સંસ્કારોનું અસ્તિત્વ હતું. ઇશ્વર પરની શ્રદ્ધા તેમનામાં વાસ કરી રહેલી. તેમનું લગ્ન બાળપણમાં થયેલું. તે વખતે સરોડામાં બોધાનંદ ને સોમેશ્વરાનંદ નામે બે સંન્યાસી રહેતા. ગામથી થોડે દૂર એકાંતમાં સિદ્ધેશ્વરી માતાનું મંદિર છે, ત્યાં તેમનો ઉતારો હતો. માતાજી તેમની પાસે અવારનવાર જતા. તે તરફ વાવ પણ હતી. એટલે વાવે પાણી ભરવા જતાં કેટલીયવાર તે તેમના દર્શને પહોંચી જતા. બોધાનંદ તેમની પર ઘણો પ્રેમ રાખતા ને તેમને જસુ કહીને સંબોધતા. બંને સંન્યાસીઓ ભારે વિદ્વાન હતા, પરંતુ બોધાનંદ વૈદકમાં પણ પ્રવીણ હતા. માતાજીનો ઘરસંસાર સુખી ન હતો. તેમના શ્વરસુરપક્ષના સભ્યો તેમને સતાવવામાં, દબાવવામાં ને નાહક ક્લેશ કરાવવામાં બહુ રસ લેતા ને તેમનો ઘરસંસાર દુઃખી થાય તેવા પ્રયાસ કર્યા કરતા. તેથી તે ખૂબ ત્રાસી જતા. એકવાર તો તેમણે મરવાનો નિર્ણય કરીને ઝેરી વસ્તુનું સેવન પણ કરી લીધેલું હતું. પરંતુ સદભાગ્યે તે બચી ગયાં ને જરૂરી ઉપચારોને અંતે સારાં પણ થયા, એવા દુઃખી જીવનમાંથી મુક્તિ મેળવવાની કામના તેમના મનમાં કાયમ રહેતી ને તે માટેના ઉપાયોનો વિચાર તે કર્યા કરતા. બોધાનંદની પાસે વારંવાર જવામાં તે પણ એક મહત્વનું કારણ હતું. એકવાર તો તેમના સાંસારિક જીવનને શાંતિમય ને સુખી કરવા બોધાનંદે તેમને એક મંત્રેલી સોપારી પણ આપેલી. પરંતુ ધારેલી અસર કરવામાં તે નિષ્ફળ નીવડી. સાંસારિક જીવન જ્યાં લગી ચાલુ રહ્યું, ત્યાં લગી તેમને દુઃખ ને માનસિક અશાંતિનો અનુભવ કરવો પડ્યો.

માતા ને પિતા બંને પરગજુ ને ઇશ્વરથી ડરીને ચાલનારાં હતાં. ઘરની અંદરનું વાતાવરણ ક્લેશમય હોવાં છતાં ઘરમાં અનાજ સારા પ્રમાણમાં રહેતું. જીવનની જરૂરિયાતોની બાબતમાં નિરાંત રહેતી એટલું સારું હતું.

(3)

ખેડૂતના ઘરમાં જન્મ મળવાથી કહો કે બીજા કારણથી કહો, પણ મારું જીવન પણ ખેડૂતના જીવન જેવું જ બની ગયું છે એમ નથી લાગતું ? ખેડૂતના સંસ્કાર મારી અંદર વારસામાંથી જ ઉતરી આવ્યા છે. ખેડૂત આખો વખત કુદરતને ખોળે પોતાના કામમાં મશગુલ બનીને જીવન પસાર કરતો હોય છે. તેમ મને

પણ કુદરત પ્રત્યે પ્રેમ છે અને એકાંતમાં વાસ કરવામાં આનંદ આવે છે. કુદરતને ખોળે મારા શરૂઆતના જીવનમાં હું કલાકો લગી શાંતિ માણતાં બેસી રહેતો ને જીવનમાં તો કુદરત મારી સદાની સહચરી બની ગઇ છે. આજે તો મારું જીવન કુદરતમય થઇ ગયું છે. પ્રકૃતિપ્રિયતા એ રીતે જાણે કે મને ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થઇ છે.

ખેડૂતનું બીજું વિશેષ લક્ષણ સ્વાવલંબન છે ને મારા જીવનમાં તેણે પણ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે. પ્રકાશના પરમ પંથના પ્રવાસની આ કથા વાંચનારને તેની પ્રતીતિ સહેજે થઇ રહેશે. જીવનમાં મેં સદાયે સ્વાશ્રયી થવા, મારા પોતાના પગ પર ઉભા રહીને આગળ વધવા ને કોઇનાય આધારે બેસી ન રહેવાનો પ્રયાસ કર્યો છે. તેથી મને લાભ થયો છે. સાદાઇ, સંયમ અને ઇશ્વરપરાયણતાનું પણ તેવું જ છે. તે પણ મને વારસામાં મળ્યા છે. હા, મેં વડીલોપાર્જિત જમીન ખેડવાનું બંધ કર્યું છે અને એ પુરાણા બળદોના વંશજ બળદ, હળ અને કોશ જેવા રાચરચીલાં પણ આજે મારી પાસે નથી. પણ એનો અર્થ એવો થોડો છે કે ખેતી બંધ થઇ છે ને ખેડૂત તરીકેના જીવનને મેં તિલાંજલિ આપી છે ? ના, હું ખેડૂત મટી નથી ગયો, કદાપિ નહિ. ઇશ્વરે મને એક પ્રકારની ખેતીને બદલે બીજા પ્રકારની ખેતી સોંપી છે એટલું જ. હવે હું આખા જીવનનો ખેડૂત છું અને સમગ્ર જીવનની ખેતી કરી રહ્યો છું. આ ખેતીની ઉપજ પણ કેવળ મારે માટે નહિ પણ સમસ્ત સંસારને માટે છે. આ આધ્યાત્મિક ખેતી ખૂબ અનેરી અને આશીર્વાદરૂપ છે. તેમાં જીવનની જમીનને સંયમ ને શ્રદ્ધાના હળ તથા બળદથી ખેડી, ઇશ્વરના પ્રેમનું બીજ વાવવું પડે છે. ભક્તિની વર્ષાને તે પર વરસવા દઇને જ્ઞાનનાં સૂર્યનાં કિરણોનો લાભ લેવો પડે છે. ત્યારે તેમાં સિદ્ધિ, શક્તિ, શાંતિ, પરમાત્મપ્રાપ્તિ કે પૂર્ણતાનો પાક ઉતરે છે. ઇશ્વરની કૃપાથી એ ખેતી હજી ચાલુ જ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. નવમું અવનવું વર્ષ - પિતાજીનું મૃત્યુ

પિતાજીને ખેતીના કામમાં સતત સહયોગ દેનાર તેમનાં માતાજી સાંકુબા પણ હતાં. તે ખૂબ બહાદુર ને મહેનતુ હતાં. શરીરે પણ સુદૃઢ, એટલે કામ ખૂબ કરી શકતાં. ખેતરમાં પાણી વાળવાનું, કેટલીક વાર કોસ ચલાવવાનું ને બીજાં બધાં જ કામ તે રમતાં-રમતાં કરી શકતાં. તે તદ્દન નિરક્ષર હતાં. પરંતુ ઈશ્વર પરની શ્રદ્ધા તેમના જીવનમાં દેખાતી. પાછલા જીવનમાં તો તે સારા પ્રમાણમાં વધી ગયેલી.

કેટલાક માણસોને પોતાનું બાળપણ બરાબર યાદ હોય છે. નાનામાં નાના પ્રસંગોનું સ્મરણ ને ચિત્રણ કરવાનું કામ તે સહેલાઈથી કરી શકે છે. આ હકીકત યુવાનો પૂરતી જ મર્યાદિત છે એમ નહિ, યુવાનીને વટાવી ચૂકેલા કેટલાક વૃદ્ધોના સંબંધમાં પણ તે સાચી ઠરે છે. પ્રસંગ નીકળતાં સ્મૃતિને તાજી કરીને ઘટનાઓની એવી પરંપરા તે રજૂ કરે છે, જેનો વિચાર કરતાં સાંભળનારના દિલમાં આશ્ચર્ય અને એમની સ્મરણશક્તિ માટે માન બંને ઉત્પન્ન થાય. એવા માણસો મોટી ઉંમરે પણ પોતાનાં બાળપણને કલ્પનાના ભાવમય જગતમાં જઈને ફરી જીવી શકે છે ને થોડી વારને માટે અવનવા ભાવોનો અનુભવ કરે છે. પણ મારા સંબંધમાં પરિસ્થિતિ તદ્દન જુદી જ છે. તે યોગ્ય છે કે કેમ અથવા આશિર્વાદરૂપ છે કે નહિ તે વાતની ચર્ચા અહીં નથી કરતો. અહીં તો જે હકીકત છે તેની જ રજુઆત કરી રહ્યો છું કે બાલ્યાવસ્થાના વધારે ભાગના પ્રસંગો મને યાદ જ નથી. એક-બે આછી સ્મૃતિઓ આછાપાતળા સ્વરૂપમાં તાજી થાય છે એટલું જ. બાકી મોટાભાગનાં શૈશવ જીવન પર જાણે કે કાયમને માટેનો પડદો પડી ચૂક્યો છે. એકલી બાલ્યાવસ્થાની જ વાતો જો રજૂ કરવી હોય તો તે કામ મારે માટે કપરું થાય તેમ છે ને તેનો મને હર્ષ-શોક પણ નથી. આજ સુધી માણસે કેટલાય બાળજીવન જીવી લીધાં છે, જન્મજન્માંતરથી તે આ પૃથ્વીનો પ્રવાસ કરે છે અથવા તો સંસૃતિચક્રમાં ફર્યા કરે છે. તે દરમ્યાન તેણે કેટકેટલી બાલ્યાવસ્થાઓ પસાર કરી તેની કોને ખબર છે ? તેનો હિસાબ કોણે રાખ્યો છે ? તેને પોતાને પણ તે બધી અવસ્થાઓની સ્મૃતિ ક્યાં છે ? છતાં તેને તે માટે કાંઇ શોક થતો નથી કે ઓછું પણ આવતું નથી. તો પછી આ જીવનના બાળપણની સ્મૃતિનો લોપ થવાથી તે શા માટે શોક કરે કે ઓછું આણે ? આ જીવન અને આ બાળપણ પણ ક્યાં સનાતન છે ? તેને વળગી રહેવાની અને તેમાં મમત્વબુદ્ધિથી બંધાવાની ઇચ્છા શા માટે ? વળગી રહ્યા છતાં પણ તે ક્યાં કાયમ રહે તેમ છે ? તેની સ્મૃતિ તાજી થાય તો આનંદ અવશ્ય થાય; પરંતુ તેની વિસ્મૃતિનો વિષાદ પણ ન હોવો જોઇએ. એટલી તાલીમ મેળવી શકાય તો તે પૂરતી છે.

બાળપણમાં મને પેટનો વ્યાધિ રહેતો એમ માતાજીના કહેવા પરથી જાણી શકાય છે. સાત-આઠ વરસની વયમાં મારી સ્મરણશક્તિ ઘણી સારી હતી. ગામમાં રમતાશંકર નામે એક સજ્જ્ન ભક્તપુરુષ રહેતા. તે ગામના વિદ્યાર્થીઓને સંધ્યાદિ શીખવતા. તેમની પાસેથી હું સંધ્યા, શિવમહિમ્નસ્તોત્ર અને રૂદ્રી શીખેલો. તે વખતે મહાદેવના મંદિરમાં અમે રોજ સંધ્યાપૂજા કરવા જતા.

બાળપણના દિવસોનેય પસાર થતાં વાર લાગે છે ? આખું જીવન જ જ્યાં પાણીના રેલાની જેમ અથવા પવનની લહેરીની માફક પસાર થઇ જાય છે ત્યાં નાનાસરખા શૈશવનો શો હિસાબ ? આઠ વરસ તો એમ ને એમ પસાર થઇ ગયા ને નવમું વરસ શરૂ થયું. તે વરસ મારા જીવનમાં ક્રાંતિકારી સાબિત થયું.

જીવનમાં તે નવા જ પ્રસંગો ને નવો જ સંદેશો લઇને ઉપસ્થિત થયું. શ્રાવણ સુદી બારસે નવમું વરસ બેઠું ને ભાદરવામાં પિતાજીને ભયંકર બળીયા નિકળ્યાં. બળીયાની ગરમી શરીરની અંદર જ સમાઇ ગઇ. પરિણામે તે જ માસમાં તેમનું મૃત્યુ થયું. નાની વયમાં મૃત્યુ થવાથી કુટુંબમાં હાહાકાર થઇ રહ્યો. ગંભીર શોકની છાયા બધે ફેલાઇ ગઇ. ગામના માણસો પણ તેમની ભલમનસાઇને યાદ કરીને શોક કરવા લાગ્યાં. માતાજી પણ શોકમાં ડૂબી ગયા. તે વખતે તેમની ઉંમર પચીસેક વરસની હતી. તેમનું સૌભાગ્ય ખંડિત થયું. શોકનો એ સમય મને થોડો થોડો યાદ આવે છે.

પરંતુ શોક કરવાથી શું થાય ? જે જાય છે તે કાંઇ પાછું થોડું જ આવે છે ? જન્મ ને મરણ સંસારમાં સનાતન છે ને સૌની પાછળ વળગેલાં છે. પરમાત્માનું શરણ લઇને પરમાત્માને ઓળખવાથી જ માણસ તેમને જીતી શકે છે. બાકી તો સૌએ તેમના પાશમાં સપડાવાનું જ છે. જે શોક કરે છે ને રડે છે તેમણે પણ એ માર્ગે જવાનું છે. ને જીવન ને મરણ તો સાપેક્ષ છે, એકસાથે વળગેલાં છે. એક ઠેકાણે સૂર્યાસ્ત થાય છે એટલે શું સૂર્યનો નાશ થઇ જાય છે કે સૂર્યને છુટ્ટી મળે છે ? એક ઠેકાણેનો સૂર્યાસ્ત તે બીજે ઠેકાણેનો સૂર્યોદય છે. તેવું જ જન્મ ને મરણના સંબધમાં સમજી લેવાનું છે. તેનો હર્ષ શોક શા માટે ? ને સૌભાગ્ય તો સૌનું કાયમ છે. જેને ઇશ્વરના ચરણોમાં પ્રેમ છે ને ઇશ્વરને સર્વસ્વ સમજીને જે તેની પ્રસન્નતા માટે પ્રયાસ કરે છે, તેના સૌભાગ્યને કોણ ખંડિત કરી શકે છે ? તે તો અખંડ અને અમર છે. સાચું પણ તે જ છે. જે પરમાત્માને પોતાના પ્રિયતમ, સખા અને સુહૃદ માને છે તેનું સૌભાગ્ય સનાતન છે. કરોડો કાળથી પણ તે લૂંટી શકાય તેમ નથી. બીજા બધા જ સાંસારિક સૌભાગ્યો નામના છે, તે ગમે તેટલા સુખદ ને દીર્ઘજીવી દેખાય તોપણ શ્રેયસ્કર ને શાશ્વત નથી. આ કાયા ક્ષણભંગુર છે. તેનો નાશ નક્કી છે. ધીરા ભગતે ગાયું છે કેઃ

"કાચનો કૂપો કાયા તારી,
વણસતાં ન લાગે વાર;
જીવ કાયાને સગાઇ કેટલી,
મૂકી ચાલે વનમોજાર."

પરંતુ મોટાભાગના માણસો સાચા વિવેકથી વંચિત છે. તેથી તે રોકકળ કરે છે ને પાર વિનાના શોકમાં ડૂબી જાય છે. અમારે ત્યાં પણ શોક છવાઇ રહ્યો. તેમાં વધારો કરતો બીજો એવો જ કરુણ પ્રસંગ પિતાજીના મૃત્યુ પછીના પહેલા પંદર દિવસની અંદર ઉપસ્થિત થયો. અમે ત્રણ ભાઇબેન હતાં. તેમાં તારાબેનથી નાની-છેક નાની બેનનું પણ મૃત્યુ થયું.

ઇશ્વરની લીલા અપાર છે. તેના રહસ્યનો ઉકેલ કોણ કરી શકે ? પરંતુ તે સદાને માટે ને સઘળા સંજોગોમાં મંગલમય હોય છે, એમ અનુભવી મહાપુરુષો ને સંતો જાહેર કરે છે. તેમના કથનને પ્રામાણિક માનીને આ સંસારમાં સફર કર્યા વિના છૂટકો નથી. પિતાજીના મૃત્યુ પછી મારે માટે ઇશ્વરની કૃપાથી એક નવી જ મંગલ વ્યવસ્થા ઊભી થઇ. માતાજીના બે ભાઇ હતા. તેમાંથી મોટાભાઇ રમતાશંકર મુંબઇમાં ચોપાટી પર એક શેઠને ત્યાં રસોઇની નોકરી કરતા. તેમની બાજુમાં જ અનાથ વિદ્યાર્થીઓનો આશ્રમ હતો. માતા કે પિતા વિનાના બાળકોને તેમાં દાખલ કરવાનો નિયમ હતો. તેમાં મારે માટે રહેવા ને ભણવાની વ્યવસ્થા કરવાનો તેમને વિચાર થયો. તેમણે પ્રયાસ કર્યો ને મને મંજૂરી મળી ગઇ. તે જમાનામાં મુંબઇ

ભણવા જવું તે અમારા જેવા પછાત ગામડાનાં માણસોને લંડન જવા જેવું લાગતું. તે વખતે કેળવણીનો આટલો પ્રચાર ન હતો. એટલે મારા મુંબઇ જવાના પ્રસ્તાવનો વધારે ભાગના ગામલોકોએ વિરોધ કર્યો. પણ મારી ઇચ્છા અડગ હતી. સંસ્કારો ને ઇશ્વરની ઇચ્છા જાણે કે અદૃષ્ટ રીતે મને મુંબઇની નવી ભૂમિમાં ખેંચી રહ્યાં. તેણે જ મારા મનને મજબૂત કર્યું. તેમાં વળી, માતાજી ને તેમના બન્ને ભાઇઓનો સાથ મળ્યો, એટલે મારે મુંબાઇ રહેવાનું નક્કી થયું. નવમા વરસના ફાગણ મહિનામાં જ મેં મુંબઇ જવા માટે પ્રસ્થાન કર્યું. તે વખતે હું ગુજરાતી ચોથા ધોરણમાં અભ્યાસ કરતો.

નવમું વરસ એ રીતે મારા જીવનમાં, અવનવા પ્રસંગોને ઉભા કરનારું, ફેરફારો કરનારું ને જીવનને નવી જ દિશામાં નવો ઘાટ આપવા માટે લઇ જનારું અવનવું વર્ષ થઇ પડ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. મુંબઈના આશ્રમમાં

સાબરમતીના તટ પર વસેલું ક્યાં નાનુંસરખું સરોડા ને ક્યાં મુંબઈ ! એક તદ્દન અવિકસિત, શાંત ને પછાત જેવું ગામડું ને બીજું સારા પ્રમાણમાં વિકસેલું ને વિકસતું જતું, પ્રવૃત્તિ, પ્રવૃત્તિ ને પ્રવૃત્તિથી ભરેલું ભારતનું પ્રથમ પંક્તિનું શહેર. બંનેનું વાતાવરણ પણ કેટલું બધું જુદું ! એટલે દૂર આટલી નાની ઉંમરમાં મારે જવાનું પણ ક્યાંથી હોય ? પરંતુ લલાટના લેખની વાત અનેરી છે. હજારો ગાઉની વચ્ચે પડેલા પડદાને દૂર કરીને પણ તે પોતાનું કામ કરે છે. દૂર વસનારી તદ્દન અજાણી વ્યક્તિની સાથે મેળાપ કરાવે છે. ને તેના પરિણામે રાગ કે દ્વેષની નવી દુનિયા ઊભી કરે છે. એનામાં એવી શક્તિ છે. ગમે તેવા વાતાવરણમાં પણ તે પોતાનું કામ કરે છે ને પોતાને અનુકૂળ માર્ગ નક્કી કરે છે. દરેક માનવીના જીવનમાં તે પોતાનું એકછત્રી શાસન ચલાવ્યા કરે છે. માનવીના જીવનનો ઘાટ એને અનુકૂળ હોય એવી રીતે જ ઘડાતો હોય છે. સમજુ માણસ આ વાતનો સ્વીકાર કરે છે. જક્કી અને અહંકારી માણસ એની અવગણના કરે છે. પરંતુ બંનેનાં જીવન ચાલે છે તો તે પ્રમાણે જ. લલાટના લેખ કોઈ સરમુખત્યાર કે આપખુદ માણસે પોતાની સ્વતંત્ર ઈચ્છા પ્રમાણે બળજબરીથી લખી કાઢેલી કે લાદેલી વસ્તુ નથી. કોઈ મનસ્વી માણસે વરસાવેલો આશીર્વાદ કે અભિશાપ પણ નથી. તે તો કરેલાં કર્મોનો સંગ્રહ છે. માણસે પુરુષાર્થ કરીને ઊભા કરેલા કર્મસંસ્કારોનું મોટું પરિબળ છે. આ જીવનમાં કે બીજા જીવનમાં કર્મ કરીને જે રકમ તેણે જમા મૂકી તેનું જ વ્યાજ કે ફળ છે. પ્રત્યેકના જીવનમાં તે પોતાનો ભાગ ભજવ્યા જ કરે છે. તેણે જ મારો હાથ પકડ્યો અને નાના ગામડામાંથી ઊંચકીને મુંબઈ જેવા મોટા શહેરમાં મૂકી દીધો.

મુંબઈમાં બાબુલનાથ ને ચોપાટીના માર્ગની વચ્ચે એક નાના રસ્તા પર ધી લેડી નૉર્થકોટ હિન્દુ ઑર્ફનેજનું મકાન હતું. તેમાં મને દાખલ કરવામાં આવ્યો. મકાન ઘણું સુંદર ને વિશાળ હતું. વાતાવરણ પણ શાંતિમય. આશ્રમમાં તે વખતે લગભગ દોઢસો વિદ્યાર્થી હતા. તેમને ભોજન, વસ્ત્ર ને કેળવણી મફત મળતાં. ભણવા જવાનું બહાર હતું. જે વિદ્યાર્થીને ભણવાની રુચિ ન હોય તેમને માટે બીજા શિક્ષણની પણ વ્યવસ્થા હતી. સંગીત, ચિત્રકલા, દરજીકામ, સુથારીકામ, બેન્ડ, વ્યાયામ, હોઝીયરી કામ ને પ્રેસનું કામ આશ્રમની અંદર જ ચાલતું. તેનો લાભ લેવાની કોઈ પણ વિદ્યાર્થીને છૂટ હતી. સંસ્થામાં વિદ્યાર્થીને વીસ વરસની વય પછી રહેવા દેવામાં આવતા નહિ. તેટલી ઉંમર દરમિયાન ગમે તેટલો અભ્યાસ કરવાની છૂટ હતી. તદ્દન નાનાં બાળકોને માટે વ્યવસ્થા અલગ હતી. એટલા બધા વિદ્યાર્થીઓની વ્યવસ્થા માટે સંગીન યોજના ઘડી કાઢવામાં આવી હતી. એ-બી-સી જેવી નવ ટુકડીઓ પાડીને દરેક ટુકડીમાં લગભગ પંદર વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવતી અને દરેકમાં એકેક કેપ્ટનની વ્યવસ્થા હતી. બધા વિદ્યાર્થીઓના પ્રશ્નો ગૃહપતિ પ્રત્યે રજૂ કરનારો આખી સંસ્થાનો એક મોટો વિદ્યાર્થી પણ રહેતો. એ રીતે વ્યવસ્થા ખૂબ સારી હતી. વિદ્યાર્થીઓને વસ્ત્રો હાથે ધોવાં પડતાં તથા વાસણ પણ હાથે ઉટકવાં પડતાં. પથારીમાં એક શેતરંજી, ઉશીકું ને બે બનૂસ આપવામાં આવતાં.

સંસ્થાના દૈનિક કાર્યક્રમનો ઉડતો ઉલ્લેખ કરી જઇએ તો તે અસ્થાને નહી ગણાય. દરેક ઋતુમાં સવારે પાંચ વાગે ઊઠવુ પડતું. તે પછી શૌચ, દાતણ ને સ્નાનથી પરવારવાનું રહેતું. સ્નાન દરેક ઋતુમાં

ઠંડા પાણીથી જ કરવાનો નિયમ હતો. લગભગ સાડા છ વાગ્યે દૂધ મળતું. પાછળથી તેને બદલે વધારે પુષ્ટિકારક પદાર્થ તરીકે રાબનો સ્વીકાર ને પ્રચાર થયેલો. સાતથી સાડા સાત સંધ્યા કરાવવા ને ગીતા શીખવવા માટે શાસ્ત્રીજી આવતા. બ્રાહ્મણના બાળકોને સંધ્યા ખાસ શીખવવામાં આવતી. સાડા સાતથી સવા આઠ વ્યાયામનો વખત હતો. તે વખતે વિદ્યાર્થીઓને વ્યાયામ કરાવવા એક વ્યાયામ શિક્ષક આવતા. સવા આઠથી સાડા આઠનો સમય ગૃહપતિને પહેરેલાં કપડાં બતાવવાનો હતો. તે વખતે નખ તથા માથા પરના વાળ ને દાંતની સ્વચ્છતા પણ જોવામાં આવતી. તે પછી સવા નવ સુધી વાંચન ચાલતું. સવા નવ વાગ્યે જમવાનો ઘંટ વાગતો. બ્રાહ્મણ વિદ્યાર્થીઓને અબોટિયાં આપવામાં આવતા. તે પહેરીને જમવા બેસવાની પ્રથા હતી. બીજા વિદ્યાર્થીઓ વસ્ત્રો પહેરીને બેસી શકતાં. રસોડાની બહાર મોટો ચોક હતો. તેમાં મોટા મોટા પાટલા મૂકીને તે પર વિદ્યાર્થીઓ બેસતા. રસોઇ બનાવનારા રસોઇયા હતા, પરંતુ પીરસવાની જવાબદારી વિદ્યાર્થીઓની હતી. બ્રાહ્મણ વિદ્યાર્થીઓના દરેક મહિને પીરસવા માટે વારા નિકળતાં. રસોઇની વ્યવસ્થા ઘણી સારી હતી. તે પ્રમાણે જુદી જુદી જાતની વાનગીઓ વિદ્યાર્થીઓને મળી રહેતી. ભોજન પછી નિશાળનો કાર્યક્રમ રહેતો. સાંજે પાંચ વાગ્યે નિશાળમાંથી છુટ્યા પછી કોઇ ખાસ ક્રમ ન હતો. કેટલીક વાર મોટા વિદ્યાર્થીઓ ક્રિકેટ જેવી રમત રમતાં. સાંજે સવા છ વાગ્યે જમવાનું થતું. તે પછી સાડા સાતે સમુહ પ્રાર્થના થતી. તેમાં બે-ત્રણ વિદ્યાર્થીઓ રોજ જુદાં જુદાં ગીતો ગવડાવતાં ને બીજા ઝીલતાં. તે કાર્યક્રમ લગભગ અડધો કલાક ચાલતો. રાત્રે નવ વાગ્યે બધાને ફરજિયાત સૂવું જ પડતું. રાતે કોઇને વાંચવાની, બેસવાની કે વાતો કરવાની છૂટ ન હતી. ફકત પરીક્ષાના દિવસોમાં રાતે વાંચી શકાતું. વિદ્યાર્થીઓની તંદુરસ્તી માટે એ નિયમ ઘણો સારો હતો.

કોઇ જાહેર સંસ્થાના નિયમો સારા હોય, મકાનની રચના ને વ્યવસ્થા સારી હોય છતાં પણ શું એટલાથી જ તે સંસ્થા આદર્શ સંસ્થા બની જાય છે ખરી ? શું એટલાથી જ તેને ઉત્તમ અને અનુકરણીય કહી શકાય ખરી ? એ પ્રશ્ન જરૂર વિચારવા જેવો છે. કોઇ સંસ્થાનું મકાન રાજમહેલ જેવું વિશાળ ને ભવ્ય હોય, તેમાં નળ, વીજળી ને સંડાસની ઉત્તમોત્તમ વ્યવસ્થા હોય, ને તેના નિયમો પણ દેખીતી રીતે ઘણા સારા હોય તો પણ, તે સંસ્થા આદર્શ છે કે નહિ તે તરત કહી શકાતું નથી. તે બધાં તત્વો સંસ્થાને ઉત્તમ અને આદર્શ બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે, એ વાત સાચી. કોઇપણ સમજુ માણસ તેનો ઇન્કાર નહિ કરી શકે એ પણ સાચું. પરંતુ તેની સાથે સાથે એક બીજી મહત્વની વસ્તુનો પણ વિચાર કરવો પડે છે. ને તે વસ્તુ બીજી કોઇ નહિ પણ તે સંસ્થાના સંચાલક કે જેમની પ્રકૃતિ અને પદ્ધતિનો પ્રભાવ તે સંસ્થા પર સારા પ્રમાણમાં પડે છે, ને સંસ્થાના છાત્રોના જીવનઘડતરનું એક મહત્વનું મૂલ્યવાન અને અનિવાર્ય અંગ બની રહે છે. બાળકોના ચારિત્ર્ય પર તેનો ઘણો આધાર રહે છે તે વાત કોણ નથી જાણતું ? એટલે જ મારું માનવું છે કે ઉત્તમ મકાન ને ઉત્તમ નિયમોની સાથે સાથે સંસ્થાના સફળ સંચાલન સારૂ ઉત્તમ માણસ, સંચાલક કે ગૃહપતિની પસંદગીને પણ વળગી રહેવાની જરૂર છે. તેવો સંચાલક સંસ્થાને પોતાનું ઘર ગણીને તેમાં રહેનારા બાળકોને પોતાના કુટુંબના સભ્યોસમા સમજી તેમાં પ્રાણ પૂરવાનો પ્રયાસ કરશે ને સંસ્થાની ઉન્નતિને પોતાની ઉન્નતિ સમજશે. બાળકોની સેવા જેમને પ્યારી હોય ને તે માટે જેમના હૃદયમાં ઝંખના, તલસાટ ને તમન્ના હોય, તેવા સેવાના વ્રતવાળા માણસો જ તે કામ કરી શકશે. આપણી સંસ્થાઓને એવા માણસોની

સેવા મળે તે જરૂરી છે. એવા સેવાના ભેખધારી માણસોનું માર્ગદર્શન મેળવીને આપણી સંસ્થાઓને સેવા ને સંસ્કારની સંસ્થાઓ બનાવવા સંસ્થાઓના સંસ્થાપકો કે સંરક્ષકોએ સચેત રહેવું જોઇએ. એ વિના આપણી સંસ્થાઓ કેવળ નામની રહેશે. તેમનાં મોટાં ને મોહક મકાનો ઊભાં રહેશે, તેમનો પ્રચાર થશે, તેમની સુંદર નિયમાવલિ પણ પ્રસિદ્ધ થશે - પ્રશંસાને પાત્ર ગણાશે ને તેમની અર્ધશતાબ્દી કે શતાબ્દી પણ ઉજવાશે છતાં તે સફળ, અનુકરણીય, પ્રાણવાન કે આદર્શ નહિ ગણાય. એટલે આદર્શ સંચાલક એ આદર્શ સંસ્થાનું એક આવશ્યક અંગ છે એ સમજી લેવાની જરૂર છે. આજે તો સંસ્થાઓની વાત જુદી છે. બાળકોની સંસ્થાઓમાં કેટલાક એવા સંચાલકો પણ છે, જેમને બાળસ્વભાવ, બાળસુધાર ને બાળકોની કેળવણીનું કશું જ્ઞાન નથી. અરે, બીજી વાત તો ઠીક પણ બાળકો પ્રત્યે પ્રેમ ને એમની સેવામાં રસ જ નથી. તે રસને કેળવવાની રુચિ પણ નથી. કોઇ લાગવગને લીધે કે પરંપરાગત વારસાના પ્રતિનિધિ બનીને તેવા માણસો સંચાલક જેવા મહત્વના પદ પર પ્રતિષ્ઠિત થઇ ગયા છે. તેમની દવા કરવાની જરૂર છે. તે વિના તેમને ને સંસ્થાને સફળ અને આદર્શ બનાવી નહિ શકાય. ધનની ઇચ્છાવાળા માણસે પણ કર્તવ્યની ભાવનાને અદા કરવા જ આ માર્ગ તરફ દૃષ્ટિપાત કરવો જોઇએ. અમારી સંસ્થા બીજી બધી રીતે સારી હતી પણ તેને સારા સંચાલક મળ્યા ન હતા, એટલે એને આદર્શ કેમ કહી શકાય ?

☼ ☼ ☼ ☼ ☼



## ૭. આશ્રમજીવનનો વિચાર - ૧

આશ્રમજીવનનાં વરસો દરમિયાન મને ત્રણ ગૃહપતિ કે વ્યવસ્થાપકોનો અનુભવ થયો. બાળકોની સાથે એક થઈ જઈ, તેમના દિલમાં ડોકિયું કરીને, તેમને સમજવાની ને તેમના પ્રશ્નોને ન્યાય આપવાની કળા તેમને ભાગ્યે જ હસ્તગત હતી. અનાથાશ્રમમાં આવેલાં બાળકો તો અનાથ કહેવાય એટલે તેમની જાણે કોઈ જુદી જ જાત હોય તેમ તેમના તરફ કંઈક તિરસ્કાર ને અણગમાની નજરે જોવામાં આવતું. તેમની સાથે દિલ ખોલીને વાતો કરવાની તો વાત જ શાની, તેમની સાથે હળવામળવાનું પણ બંધ હતું. જો કોઈ ગુનો થયો હોય તો જ વિદ્યાર્થીને મોટે ભાગે ગૃહપતિની પાસે ઊભા રહેવાનો લહાવો મળતો. ગુનેગાર વિદ્યાર્થીને તેની ભૂલનું ભાન કરાવીને તે ભૂલનું પુનરાવર્તન ન કરવા માટે સમજાવવાને બદલે ગૃહપતિ તેને ધમકાવતા ને માર મારતા. તે વસ્તુ લગભગ સામાન્ય જેવી થઈ ગયેલી. એને પરિણામે તેમનામાં એક પ્રકારની ફડક પેસી જતી. ગૃહપતિથી તે ખૂબ જ ડરતાં રહેતાં. ગૃહપતિ કોઈ ધન્ય દિવસે સંસ્થામાં ચક્કર મારવા નીકળે તો તે સમાચાર સંસ્થામાં વાયુવેગે ફરી વળતા ને ગૃહપતિના માર્ગમાંથી નાસી જઈને બાળકો આડાંઅવળાં સંતાઈ જતાં કે બેસી રહેતાં. તેમના દિલમાં ડરની એવી દુર્ભેદ્ય દીવાલ ઊભી થઈ ગયેલી. ગૃહપતિના મનમાં એવો જ ભાવ ઘર કરી બેસતો કે તે પોતે બાળકો કરતાં વધારે વિશેષતાવાળા જુદી જ જાતિના એવા કોઈ અનેરા પુરુષ છે. આ માન્યતાને લીધે વિદ્યાર્થીઓને તે ઉપયોગી થઈ શકતા નહિ. ઊલટું કેટલાક વિપરીત વિચારોને લીધે પોતાના ને વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધને દિનપ્રતિદિન બગાડવામાં વધારે ભાગ ભજવતા. માટે જ જે સંસ્થામાં પ્રવેશતાવેંત પ્રેમ ને મીઠાશનું દર્શન થવું જોઈએ, તેમાં ઉંદર ને બિલાડી જેવી વિરોધી, ડરપોક ને હિંસક મનોવૃત્તિનું દર્શન થતું. વિદ્યાર્થીઓ ગૃહપતિથી ડરતા જ રહેતા ને તેમને પરાયા માનતા. અંગ્રેજ રાજ્યના જમાનામાં જેમ પ્રજાને માથે જુલમ ગુજારનારા ગોરા સાહેબો હતા ને પ્રજાને તેમની બીક હતી, તેવું જ આ બાબતમાં પણ સમજાતું. અંગ્રેજોના સ્વભાવ ને તેમની નીતિરીતિનું દર્શન કરીને તે વખતે આપણા કેટલાક કાળા સાહેબો પણ તેમનું અનુકરણ કરવાની હરિફાઈમાં પડ્યા ને અમારી સંસ્થા પણ તેથી સાવ અછૂત ન હતી.

ગૃહપતિ ને બાળકોના આવા પ્રતિકૂળ સંબધનું પરિણામ કેવું આવે તે સારી પેઠે સમજી શકાય તેમ છે. એવો સંબંધ બાળકોના જીવન વિકાસમાં શું મહત્વનો ફાળો આપી શકે ? એવા સૂકા સંબંધવાળી સંસ્થામાંથી સ્વમાની, સ્વંત્રતાના ઉપાસક ને તેજસ્વી બાળકો કેવી રીતે નીકળી શકે ? જીવનને ઉજ્જવળ કરનારા, ઉત્તમ કારકીર્દિવાળા, માનવતાથી સંપન્ન યુવાનો, મહાપુરુષો ને નેતાઓ તેમાંથી કેવી રીતે નીકળી શકે ? કોઈના સંસ્કારની મૂડી વધારે મૂલ્યવાન હોય ને તેને આગળ પર સારી સહાયતા ને સત્સંગતિ મળી રહે તો તેનું જીવન ચમકી ઉઠે તે ભલે, બાકી આવી રસ ને કસને ચૂસી લેનારી સંસ્થામાંથી કુટુંબ, ગામ, નગર, સમાજ ને દેશ તથા દુનિયાના જ્યોતિર્ધરો કેવી રીતે જન્મી શકે ?

સંસ્કારના રહ્યાસહ્યા અંકુર પણ જ્યાં ખાખ થઈ જાય ને પ્રેમની જ્યોતિનું રહ્યુંસહ્યું અજવાળું પણ જેના પ્રતિકૂળ વાતાવરણમાં ઘોર અંધકારમાં ફેરવાઈ જાય તે સંસ્થામાંથી ભવિષ્યના આદર્શ નાગરિકો ને સંસ્કૃતિના સૂત્રધારો પ્રગટવાની આશા કેવી રાખી શકાય ? તેમાં આદર્શ બાળકો કે કિશોરો પણ કેવી રીતે

તૈયાર થઈ શકે ? આ તો એક એવો જાહેર બગીચો છે જેમાં તેના માળી તરફથી છોડવાઓને પાણી પણ પાવામાં નથી આવતું, અંકૂરો અને રોપાઓને જલસિંચન પણ કરવામાં પણ નથી આવતું, એટલું જ નહિ, માળી તરફથી બીજી સંભાળ રાખવામાં નથી આવતી. તેના સંરક્ષક પોતે જ તેના તરફ ઉદાસીન છે ! ને તેની પાસેથી ઉત્તમ ફળ, ફૂલ, વૃક્ષો ને લીલોતરીની આશા રાખવામાં આવે છે. શું તે આશા કોઈ રીતે ફળી શકે તેમ છે ? બીજી કોઈ રીતે ફળે તો ભલે, બાકી માળીના પ્રયત્નનો વિચાર કરતાં તો નિરાશ જ થવું પડે છે.

જે માળી પોતાના હાથમાં પડેલા બગીચાને પોતાનું માનીને જોતો નથી, પ્યાર કરતો નથી, તેમાં પ્રાણ પરોવતો નથી ને તેની ઉન્નતિ માટે જરૂરી ખાતર નાખી, કલમો રોપી, પાણી સીંચી તેની ફળદ્રુપતા માટે મહેનત કરતો નથી ને વધારામાં, તેને વધારે ને વધારે વિકૃત કરવાના પ્રયાસ કરે છે, તે તેની ખીલવણી કરીને તેની શોભાને કેવી રીતે વધારી શકશે ? જાહેર સંસ્થાઓના સંબંધમાં પણ કુશળ માળી ના મળવાથી મોટે ભાગે એવું જ બને છે. અમારી સંસ્થામાં બાળકો તો હજારો આવ્યાં, પણ તેમાંથી તૈયાર થઈને બહાર પડેલાં બહુ ઓછા બાળકો પોતાની વિશેષ ફોરમવાળા ને તેજસ્વી થઇ શક્યા તેનું મોટુ કારણ આ પણ છે. એટલે જાહેર સંસ્થાના સંચાલકોને મારી પ્રાર્થના છે કે બાળકોના જીવનવિકાસના વિચારને મહત્વનો માનતો હોય તેવા અને બાળકોમાં રસ લેનાર કોઇ કુશળ કારીગરના હાથમાં તેમને સુપરત કરજો. કોઇ એવા ગૃહપતિની તેમને માટે પસંદગી કરજો જે તેમના પ્રશ્નોને સમજવાની શક્તિ ધરાવતો હોય ને તેમને માટે બનતું બધું જ કરી છૂટવા તૈયાર હોય. ગૃહપતિના પદ પર પ્રતિષ્ઠિત થયેલા માણસોને પણ મારે એ જ કહેવાનું કે બાળકોની સેવા કરવા માટે મળેલી ઉત્તમ તકને માટે ઇશ્વરનો આભાર માનજો ને તેમના જીવનમાં રસ લઇ તેમની બનતી સેવા કરવા દિનરાત તૈયાર રહેજો. બાળકોને પ્રભુના પ્રતિનિધિ માનીને તેમના જીવનમાં ભળી જવાની કોશિશ કરજો, તો તમારું જીવન ધન્ય બનશે, તમારી મારફત સમાજની મોટી સેવા થશે ને સંસ્થા તમારે લીધે સફળ ને સજીવ બનશે.

આના જ અનુસંધાનમાં એક બીજી વાત કહી દઉં. આપણે ત્યાં અનાથાશ્રમો ઘણાં છે ને તેમની સંખ્યા વધતી જાય છે. સમાજમાં અનાથો વધે તે જોકે સારી વાત નથી. પણ જ્યારે સમાજમાં અનાથો હોય જ ત્યારે તેમને સહાય કરનારા આશ્રમો વધે એ ખરેખર આનંદ પામવા જેવી વાત છે. સેવાની જાહેર સંસ્થાઓ જે સમાજમાં વધે તે સમાજ આખરે અભ્યુદયને માર્ગે આગળ વધે, એમાં સંદેહ નથી. તે વિશે મારે ખાસ કાંઇ કહેવાનું નથી. મારે તો અનાથાશ્રમ સંબંધી જ થોડો ઉલ્લેખ કરવો છે. અનાથાશ્રમ શબ્દ છે તો સારો, પણ વધારે ભાગના લોકો તેમાં એકલદોકલ, અસહાય, રખડતાં, કંગાલ અને અનાથ સ્ત્રીપુરુષો રહેતાં હશે એમ માને છે. એવી માન્યતાથી પ્રેરાઇને અનાથાશ્રમો ને તેમાં રહેનારા સભ્યોને તે કાંઇક હલકી ને સૂગની નજરે જુએ છે. આ વસ્તુ સારી નથી. ને તેથી અનાથાશ્રમ શબ્દમાં તેવી ભ્રામક માન્યતાની શક્યતા સમાયેલી ના હોય તોપણ તેને બદલે બીજા કોઇ સારા શબ્દનો પ્રયોગ કરવાનું વધારે યોગ્ય થઇ પડે તેમ લાગે છે. અનાથાશ્રમને બદલે સેવાશ્રમ, બાળાશ્રમ જેવા શબ્દોનો પ્રયોગ વધારે સારો કહી શકાય.

આશ્રમના બાળકોને અથવા તેના સ્ત્રીપુરુષ સભ્યોને પણ આપણે કહીશું કે તમારી જાતને અનાથ ન માનશો. માતાપિતા જેવા લૌકિક સંબંધોથી વંચિત થવા છતાં પણ તમારી જાતને અસહાય ને નિરાધાર ન

સમજશો. ઇશ્વર સારા સંસારનો સ્વામી છે. તે જ સૌનો પિતા છે ને માતાની જેમ માયાળુ બનીને સૌની સંભાળ લેવા પણ તે તૈયાર છે. તે સૌની રક્ષા કરે છે. તેને યાદ કરો, પ્રેમ કરો, તેના પર શ્રદ્ધા રાખો ને પ્રાપ્ત થયેલી પરિસ્થિતિમાં પ્રસન્ન રહીને તેમાંથી માર્ગ કાઢવા મહેનત કરો. જીવનને ઉજ્જવળ બનાવવા કોશિશ કરો. ગરીબ ને એકલદોકલ એવા કેટલાય બાળકો આપમેળે આગળ વધીને સંસારમાં મહાન થયા છે. તેમ તમે પણ મહાન બનવાનો પ્રયાસ કરતાં રહેશો તો જરૂર મહાન બની શકશો. બાકી તમારી જાતને દીન, હીન ને લાચાર ના સમજશો. પોતાની જાતને હલકી માનવામાં એક પ્રકારનો અપરાધ સમાયેલો છે.

ગુજરાતમાં મારે એક જૈન ભાઇ સાથે વાત થઇ. તે જાહેર સંસ્થાઓમાં ગૃહપતિ બાળકોને મારે, ધમકાવે ને દંડ કરે તેની તરફેણમાં હતા. સમજાવટ ને પ્રેમથી બાળકો બગડે છે એમ તેમનું કહેવું હતુ. જે જૈન ધર્મ અહિંસાને શીખવે છે, એના એક અનુયાયીનું કથન સાંભળીને મને નવાઇ લાગી. મેં તેમને ઉત્તર આપ્યો કે બાળકોને મારવામાં આવે કે નહિ તે વાત જુદી છે. પરંતુ મોટાભાગના ગૃહપતિઓ બાળકોને અનાથ ને હીન માની તેમને તિરસ્કારની નજરે જુએ છે ને તેમનાથી દૂર ને દૂર રહેવામાં ગૌરવ માને છે. તેમનું તે વલણ જરાય સારું નથી. બાળકોને મારીને કે સમજાવીને ગમે તે રીતે સુધારવામાં તેમને વધારે રસ જ હોતો નથી. તેમનો રસ તો પોતાનું બળ બતાવવામાં ને પ્રભુત્વ જમાવવામાં જ હોય છે. તે વસ્તુને આપણે કેવી રીતે આવકારી શકીએ ? કોઇપણ સમજુ માણસ કેવી રીતે આવકારી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૮. આશ્રમજીવનનો વિચાર - ૨

આશ્રમમાં કપડાં હાથે ધોવા પડતાં ને નાની ઉંમરમાં મને કપડાં ધોવાની આવડત નહિ એટલે શરૂઆતમાં મુશ્કેલી પડતી. પણ પછીથી ટેવાઇ જવાયું. કપડાં જરા પણ મેલાં રહેતા તો ગૃહપતિ તરફથી દંડ થતો કે માર પડતો. તેથી વિદ્યાર્થીઓ ગૃહપતિથી ખૂબ બીતા. બીકનું સામ્રાજ્ય એ પ્રમાણે આશ્રમમાં બધે ફેલાઈ ગયેલું દેખાતું. વિદ્યાર્થીઓનાં માનસ જ મોટેભાગે ડરપોક બની ગયેલાં. આપણે ત્યાં એક એવો વર્ગ છે જે 'ભય વિના પ્રીત નહિ' ની જૂની છતાં સારી પેઠે પ્રચલિત થયેલી કહેવતમાં માને છે. ભય વિના પ્રીત થાય છે કે નહિ ને ભય દ્વારા થયેલી પ્રીત લાંબી ટકે છે કે નહિ તે વાત જુદી છે. પરંતુ કેટલાક માણસો એવા હોય છે જેમનો ભય બતાવીને પણ પ્રીત કરવાનો ઉદ્દેશ નથી હોતો. ભય બતાવવામાં એમને એક જાતનો આનંદ આવે છે. વળી તે ભયની અસર થાય છે તથા પોતાને જોઈને કોઈ ભયભીત થાય છે તે જોઈને પ્રસન્ન થાય છે. ભય દ્વારા પ્રીત નહિ પણ વધારે ને વધારે ભય જગાવવાનો ને ભયના વાતાવરણને કાયમ રાખવાનો તેમનો ઉદ્દેશ હોય છે. તેમના બધા જ પ્રયાસો એ ઉદ્દેશને લક્ષમાં રાખીને કરવામાં આવે છે. પરસ્પરની પ્રીત, મમતા ને શુભેચ્છાના વેરી જેવા તે માણસો બીજાનો સુધાર કરીને બીજાના જીવનને ઉજ્જવળ કેવી રીતે કરી શકે ? માનવતાની માવજત કરીને કોઈકના જીવનની કરમાયેલી વાડીને તે કેવી રીતે હરિયાળી બનાવીને ખીલવી શકે ? અતિશય લાડથી જેમ બાળકો બગડે છે તેમ અતિશય દાબ, માર ને ભયથી પણ તેમનો સુધાર અસંભવ બની જાય છે. બાળકોને પોતાનાં માનીને તેમના સુધારમાં જે રસ જ ના લે તે તો બાળકોની સાથે મીઠો સંબંધ સ્થાપી શકે જ કેવી રીતે ? તે તો કેવળ પોતાના અહંભાવને સંતોષવા માટે બાળકોને ધમકાવે, દંડ કરે ને માર મારે. તેમની પાસે જઈને તેમની સાથે ભળી જઈને એક થવાને બદલે તેમનાથી દૂર ને દૂર રહ્યા કરે. એવા વર્તાવથી બાળકોને શું લાભ થઈ શકે ?

એવો વર્તાવ કરનારા ગૃહપતિ, વ્યવસ્થાપકો ને શિક્ષકો આપણે ત્યાં નથી એમ નહિ. હવે જો કે હવા બદલાતી જાય છે ને વિચારોની ક્રાંતિ પણ સારા પ્રમાણમાં થતી જાય છે તો પણ પરિસ્થિતિ પૂરેપૂરી સુધરી નથી. એ દિશામાં હજી ઘણા ઘણા પ્રયાસો કરવાના બાકી રહે છે.

વિદ્યાર્થીઓને દંડ દેવાથી ને મારવાથી વિદ્યાર્થીઓનું માનસ કેટલીકવાર સુધરવાને બદલે બગડે છે ને તેમના દિલમાં દ્વેષ ને પ્રતિશોધની ભાવના પ્રગટ થાય છે. અમારા આશ્રમમાં તેની પ્રતીતિ સહેલાઈથી થઈ શકતી. વિદ્યાર્થીઓ ગૃહપતિને ગાળો દેતા પણ જોવામાં આવતા ને તેમને કોઈ નુકસાન થાય તો તેથી વધારે ભાગે રાજી પણ થતા. કોઈ કોઈ સમજુ વિદ્યાર્થીઓ પણ મળી આવતા. પરંતુ સામાન્ય પરિસ્થિતિ તો આવી જ હતી. તે પરિસ્થિતિ કેટલીકવાર પ્રબળ પણ બની જતી. ત્યારે વિદ્યાર્થીઓ ગૃહપતિ સામે જાહેર રીતે પોતાનો વિરોધ જાહેર કરતા ને રોષ ઠાલવતા. લગભગ નવેક વરસ સંસ્થામાં રહીને મારે પાછળથી બીજી સંસ્થામાં દાખલ થવાનું થયું ત્યારે એવું જ બનેલું. પરિસ્થિતિ કોઈ કારણથી એટલી બધી બગડેલી કે વિદ્યાર્થિઓએ વીજળી બંધ કરી દઈને ગૃહપતિને ચંપલ જેવાં સાધનોથી માર મારેલો. એ આખોયે પ્રસંગ દુ:ખદ ને વખોડી કાઢવા જેવો હતો. પરંતુ એ બનાવ વિદ્યાર્થીઓ ને ગૃહપતિ વચ્ચે જે વિરોધની ખાઈ લાંબા વખતથી ખોદાતી જતી હતી તેના ઊંડાણના પડઘારૂપે હતો. જે સંસ્થામાં વિદ્યાર્થી ને વ્યવસ્થાપકો વચ્ચે

મમતા, મીઠાશ ને સંપ હોય તે સંસ્થામાં આવા ભયંકર ને શરમજનક પ્રસંગો ના જ બની શકે. ધરતીની અંદર જ્યારે ઉષ્ણતા અત્યંત પ્રમાણમાં વધી પડે ત્યારે છેવટે ધરતી કંપે છે એમ કહેવાય છે. એ કથન આ સબંધમાં પણ લાગુ પાડવાનું છે ને વિદ્યાર્થીઓના મનમાં વિરોધ કે દ્વેષ ના જાગે તે માટે જાગ્રત રહેવાનું છે. તેના શરૂઆતના ને મહત્વના અકસીર ઈલાજ તરીકે સેવાના આદર્શ પર ઊભી થયેલી સંસ્થાના સંચાલક કે વ્યવસ્થાપકોએ સંસ્થાના સભ્યો તરફનો લગીર જેટલો પણ વિરોધ, દ્વેષ ને ઉપેક્ષાનો ભાવ પોતાના દિલમાંથી દૂર કરવાનો છે. તો જ સંસ્થાનું વાતાવરણ શાંતિમય બની શકે ને સંસ્થામાં સ્વર્ગ ઉતરે.

સંસ્થામાં ચિત્ર, સંગીત, બેન્ડ, હોઝિયરી ને દરજી તથા સુથારી કામની તાલીમ આપવામાં આવતી. વળી સ્કાઉટિંગની પ્રવૃત્તિ પણ ચાલતી. બીજી રમતગમતોનો પણ અવકાશ હતો. પોતાની રુચિ પ્રમાણે તેમાં ભાગ લેવાની સૌને છૂટ હતી. પરંતુ મારું ધ્યાન તો મુખ્યત્વે ભણવામાં જ લાગેલું, એટલે અભ્યાસ વિના બીજી કોઇ પ્રવૃતિમાં મને રસ ન હતો. સંસ્થામાં દર વર્ષે ઉત્સવ થતો. તેમાં બહારના પ્રતિષ્ઠિત માણસોને બોલાવવામાં આવતા ને બીજા દર્શનાર્થી પણ ભેગા થતાં. પહેલે માળે આવેલો સુંદર ને વિશાળ હોલ માણસોથી ભરાઇ જતો. તે વખતે વિદ્યાર્થીઓ નાટકો ભજવતા ને ગીતો ગાતા. વળી સંગીત ને વ્યાયામના વિવિધ પ્રયોગો પણ કરી બતાવતા. તે પ્રયોગો જનતામાં ખૂબ જ પ્રિય થઇ પડતાં. તેમાં સારું કામ કરી બતાવનારને ઇનામો પણ મળતા. એ વાર્ષિકોત્સવ મને ખૂબ જ ગમતો. વરસો સુધી મેં તેમાં લાગટ ને સક્રિય ભાગ પણ લીધેલો. એક-બે ગીતો લોકોને ખાસ આકર્ષક થઇ પડ્યા હતા. તેમાં મારે મહત્વનો ભાગ ભજવવાનો હતો. તે ઉપરાંત નાટકો પ્રત્યે પણ મને ખાસ અભિરુચિ હતી. મારામાં એક નટની સુષુપ્ત શક્તિ છે એમ ઉત્સવના એક કુશળ સંચાલક ભાઇને એક વાર ખાતરી થઇ. તેથી નાની ઉંમરમાં જ મને નાટકમાં એક નાનો પાઠ આપવામાં આવ્યો. તે પછી દર વરસે મને જુદા જુદા નાટકોમાં મહત્વની ભૂમિકા આપવામાં આવતી. એક વાર મને કરણ ઘેલાનું ને બીજી વાર શિવાજીનું પાત્ર આપવામાં આવ્યું. તો એક વાર ગીતાના પહેલા અધ્યાયના કૃષ્ણ અને અર્જુનના સંવાદના નાટકમાં મને અર્જુન બનાવવામાં આવ્યો. તે પ્રસંગ વિશેષ યાદગાર હતો કેમ કે તે વખતનો વાર્ષિક ઉત્સવ મુંબઇના ગવર્નર લોર્ડ બ્રેબોર્નના પત્ની લેડી બ્રેબોર્નના પ્રમુખપદે થયો હતો. ઉત્સવ માટે અમે દિવસોથી તૈયારી કરી રાખેલી. હોલ આખો આગંતુકોથી ખીચોખીચ ભરાઇ ગયો. તે વખતના સંસ્થાના ગૃહપતિ વિદ્વાન ને ભલા હતા. લેડી બ્રેબોર્નને તે બધા કાર્યક્રમની વિગતો સમજાવતા. બધો ઉત્સવ પૂરો થયો પછી ઇનામો વહેંચાયા. ત્યારે નાટકમાં ઉત્તમ અભિનય બદલ મને પણ શ્રીમતી બ્રેબોર્નના હાથે ઇનામ મળ્યું. તેમણે મારી સાથે પોતાની પશ્ચિમી પદ્ધતિ પ્રમાણે હસ્તધૂનન કરીને મારું નામ પૂછીને શાબાશી આપી. એથી અમારો ઉત્સાહ વધી ગયો.

સંસ્થાના લગભગ દરેક ઉત્સવમાં એ રીતે હું ભાગ લેતો. સંસ્થા છોડ્યા પછી જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં રહેવાનું થયુ ત્યારે પણ મેં નાટકમાં ભાગ ભજવ્યો હતો. ગુજરાતના સિદ્ધહસ્ત ને લોકપ્રિય હાસ્યલેખક શ્રી જ્યોતિન્દ્ર દવેના પ્રસિદ્ધ પ્રહસન 'લગ્નના ઉમેદવારો' માં મેં કવિનો પાઠ લીધેલો. બાળપણની એ રુચિ અને કુદરતી બક્ષીસ જો વધારે કેળવાઈ હોત તો તેનું કોઈક જુદું જ પરિણામ આવ્યું હોત. પરંતુ પાછળથી જીવનનો માર્ગ કંઈક અંશે બદલાતા તે રુચિને પોષણ મળવાનું બંધ પડ્યું. સંકુચિતતાનો ત્યાગ કરીને, જરાક વિશાળ દૃષ્ટિને અપનાવીને વિચારીએ તો આજે પણ શું છે ? નાટક, અભિનય અને અભિનેતા

ત્રણેય આજે પણ મોજૂદ છે. જીવન એક મહાન નાટક નહિ તો બીજું શું છે ? ફેર એટલો જ છે કે રંગમંચ પરનો અભિનય મોટેભાગે કાલ્પનિક હોય છે; તેને રજૂ કરનાર એનાથી અછૂત રહે છે, જ્યારે જીવનના મહાન નાટકનું તેવું નથી. આ નાટકનો અભિનય એના અભિનેતાને કર્મના મજબૂત સંસ્કારબંધનથી બાંધે છે ને સમય પર છોડાવે છે પણ ખરો. આ અભિનય સાચો છે ને જો અભિનેતામાં આવડત હોય તો તેને માટે શ્રેયસ્કર થઇ પડે તેમ છે. પૂર્ણતાના છેવટના અંક લગી તે ચાલુ જ રહે છે. ત્યાં સુધી જન્મ ને મરણના પડદા પડે છે ને ઊંચકાય છે પણ નાટક પૂરું થતું નથી. એના એ અભિનેતાને જુદા જુદા રૂપે અભિનય પૂરો કરવા માટે આવવું પડે છે. તેના વિના છૂટકો નથી થતો. સામાન્ય નાટક કરતાં જીવનના આ મહાન નાટકમાં વધારે કલા, શક્તિ ને સમજની જરૂર પડે છે તેની ના પણ કોણ કહી શકશે ? માટે જ કહું છું કે અભિનય ચાલ્યા જ કરે છેઃ ચાલવા જેવો અભિનય હજી પણ ચાલ્યા જ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. આશ્રમજીવનની બીજી વાતો

આપણે ત્યાં જીવનકથા કે આત્મકથાનું સાહિત્ય વધતું જાય છે તે ખરેખર આનંદની વાત છે. તે પ્રકારના સાહિત્યક્ષેત્રનો જેટલો વિકાસ થાય તેટલો લાભકારક છે. જુદા જુદા દૃષ્ટિકોણથી તૈયાર થયેલી જીવનના જુદા જુદા પ્રવાહોને રજૂ કરનારી સત્ય ઘટનાત્મક કથાઓ વધારે ને વધારે પ્રમાણમાં બહાર પડે તે ઇચ્છવા યોગ્ય છે. તેથી લોકોને માનવજીવન, માનવ સ્વભાવ ને માનવ પુરુષાર્થની વિવિધતાનો ખ્યાલ આવશે અને બીજાના જીવનના ઘડતરમાં તે ફાળો ઘણો ઉપયોગી થઇ પડશે. સાધારણ રીતે આપણે ત્યાં મોટાભાગના લોકોમાં કંઇક એવો ખ્યાલ પ્રવર્તે છે કે જે મહાન હોય ને જેણે કોઇક મહાન પરાક્રમનું કામ કર્યું હોય તે જ પોતાની જીવનકથા લખી શકે. કેમ કે સાધારણ શ્રેણીના માણસના જીવનમાં બીજાને બતાવવા જેવું ને પ્રેરણા પૂરી પાડવા જેવું શું છે ? પરંતુ ખરી રીતે તેવું નથી. દરેક માણસના જીવનમાં વત્તીઓછી પ્રેરણાત્મક શક્તિ રહેલી હોય છે. તદ્દન સામાન્ય જેવા દેખાતા જીવનમાં પણ કેટલીક વાર એવી અસાધારણતા, એવું જાદુ ને પ્રેરણાબળ ભર્યું હોય છે જે આપણા અંતરમાં આદરભાવ જગાડે અને અલૌકિકતા જન્માવે. એટલે બહારથી સાધારણ ને વિશેષતા વિનાના દેખાતા જીવનને તદ્દન સાધારણ માની લઇને સદાને માટે ઉપેક્ષાની નજરે જોવાની જરૂર નથી. માણસે પોતે પોતાને દીન ને હીન માનીને પોતાના જીવનને ક્ષુદ્ર માનવાની પણ જરૂર નથી. સાધારણ કે અસાધારણ માનતા જે માનવને પોતાના જીવનની રજૂઆત જાહેર રીતે કરવાનું ઠીક લાગતું હોય ને તેવી રજૂઆતની કલા જેને સિદ્ધ થઇ ચૂકી હોય તે પોતાની જીવનકથા કે આત્મકથા લખી શકે છે. તેનો પ્રયાસ અવશ્ય આવકારદાયક ગણાશે.

જીવનકથા કે આત્મકથાનું આલેખન કોઇ દિલ બહેલાવ કે રમત નથી. કોઇ લૌકિક લાલસા કે મહત્વકાંક્ષાના પોષણનું તેમજ આત્મવિજ્ઞાપનનું અસરકારક સાધન પણ નથી, તે તો એક કષ્ટ કે સાધના છે. જીવનની શુદ્ધિ ને જીવનના વિકાસનું એક મોટું મદદકારક પીઠબળ છે. જીવનને ઉજ્જવલ કરવામાં મોટો ભાગ ભજવનારી વિદ્યા છે. જીવનને શુદ્ધ ને ઉચ્ચ બનાવવા માટે એનો આધાર લેવો આવશ્યક છે. જે માણસને જીવનનો વિચાર કરવાની ટેવ નથી તે પોતાની જાતને ભાગ્યે જ મહાન બનાવી શકશે. પોતાની જાતની ઉન્નતિ પણ ભાગ્યે જ કરી શકશે. જીવનનું આલેખન શબ્દોમાં કરવું જ જોઇએ એવો કોઇ ખાસ નિયમ નથી. તે તેની રુચિ પર અવલંબે છે. પરંતુ વિચારના પ્રદેશમાં, ચિંતન, મનન ને નિદિધ્યાસનના સાધનો દ્વારા તેનું આલેખન કરવાની ટેવ તો તેણે પાડવી જ જોઇએ. તે કળામાં તો તેણે પારંગત થવું જ જોઇએ. જીવનના વિકાસ માટે તે ખૂબ જ જરૂરી છે.

આત્મકથાનું આલેખન એક કળા છે એ વાતનો ખ્યાલ રાખીને એનો આશ્રય લેનારે ખૂબ ખૂબ સાવધ ને જાગ્રત રહેવાની જરૂર છે. સત્યને વફાદાર રહીને તેણે પોતાની જાતને જેવી હોય તેવી જ ચીતરી બતાવવાની છે. હૃદયમાં એક અને વાણીમાં બીજી એવી બે વાતોના પૂજારી તેણે બનવાનું નથી. અતિશયોક્તિના ઉન્માદમાંથી બચવાનું છે. તેની સાથે સાથે પોતાની જાતને વધારે પડતી કંગાળ ને હોય તેથી પણ દીન બતાવવાની ઘેલછામાં પણ નથી પડવાનું. આત્મપ્રશસ્તિ અને આત્મનિંદા બંનેના કેફથી સાવધ રહેવાનું છે. સત્ય ને વાસ્તવિકતાને વફાદાર રહીને, તટસ્થતાને વળગી રહીને પોતાની કથાને

કહેવાની કળા તે સાધી લે તે જરૂરી છે. ઉપરાંત, તેણે પોતાની જાતના વિવેચક થવાની પણ આવશ્યકતા છે. તો જ તે જીવનના સારભાગને રજૂ કરીને પોતાની ને બીજાની સેવા કરી શકશે ને પોતાના જીવનનું આલેખન કરીને બેસી રહેવાને બદલે જીવનના વિકાસમાં રસ લઇને તે વિકાસને પરિપૂર્ણ કરવાની કોશિશ કરશે. એ દૃષ્ટિનો સ્વીકાર કરીને આત્મકથાના આ આલેખનમાં હું ઉત્તરોત્તર આગળ વધી રહ્યો છું.

આશ્રમજીવન દરમ્યાન વાસણ, કપડાં ને પથારીની સફાઇ સૌને હાથે જ કરવી પડતી. તે વસ્તુ કેટલાંક વિદ્યાર્થીઓને ગમતી ન હતી. દરેક ઋતુમાં સવારે પાંચ વાગ્યે ઉઠવું પડતું ને ઠંડા પાણીથી સ્નાન કરવાનું રહેતું તે વાતનો પણ કેટલાકને અણગમો હતો. પણ વિદ્યાર્થીઓના ભાવિજીવનને માટે તે નિયમો ઘણાં ઉપયોગી હતા તેમાં સંદેહ નહિ. તિતિક્ષા ને સ્વાશ્રયને શીખવવામાં તે ભારે કિમતી ભાગ ભજવતા. મને પોતાને તે વખતે તે નિયમોનું મુલ્ય બરાબર સમજાતું ન હતું. પરંતુ પાછલા દિવસોમાં મારે માટે તે નિયમો ઘણાં ઉપયોગી થઇ પડ્યા ત્યારે મને તેનું મહત્વ સમજાયું. આજે મારે માટે એ નિયમો સોનેરી થઇ પડ્યા છે. આશ્રમજીવન પછી મારે માટે ઇશ્વરે હિમાલયનો એકાંતવાસ નિર્માણ કર્યો તે વખતે જો હું સ્વાશ્રયી જીવન ને સહનશક્તિને શીખવનારા એ નિયમોથી ટેવાયો ન હોત તો હિમાલયવાસ મારે માટે મુશ્કેલ થઇ પડત એમાં તલમાત્ર સંદેહ નથી. બાળપણમાં પડેલી ટેવો જીવનમાં મજબૂત રીતે જામી જાય છે. એટલે બાળપણની આશ્રમજીવનની કેટલીક સારી ટેવો આગળ ઉપર મને મદદરૂપ થઇ પડી. આશ્રમજીવન વિદ્યાર્થીઓને વ્યવસ્થિત, નિયમિત તથા સ્વાશ્રયી બનાવનારું હોવાથી તે એટલા માટે પણ આવશ્યક છે તેમ મારું માનવું છે.

આશ્રમમાં નિયમિત વહેલા ઉઠવાની ટેવ પડી તે પણ પાછળથી અત્યંત લાભકારક થઇ. આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં સફર કરનાર સાધકને માટે જેટલું બની શકે તેટલું વહેલું ઉઠવું જરૂરી છે. તે નિયમના પાલનમાં મને મુશ્કેલી ના પડી તેનું એક મોટું કારણ બચપણથી પડેલી મારી ટેવ હતું. પાછલા દિવસોમાં મને સ્વચ્છતા તરફ જે એક પ્રકારનો પક્ષપાત રહ્યો તેથી કેટલાકને નવાઇ લાગતી. હિમાલયના શાંત અને એકાંત પ્રદેશમાં મારે રહેવાનું થયું ત્યારે પણ મારી સ્વચ્છતા ને તેની ચીવટ ઘણાં માણસોને વધારે પડતી લાગતી. તે માટે ટીકા પણ થતી. કોઇ કહેતું કે સર્વ કાંઇ છોડી દઇને જંગલમાં રહેનારા ને સાધુજીવન જીવનારાને વળી સ્વચ્છતા શી ? સાધુ મહાત્મા તો બને તેટલા ગંદા જ રહે. તેમને સ્વચ્છતા તરફ પ્રેમ જ શેનો હોય ? વળી કોઇ મને શ્રીમંત માનતું. પણ સાચી વાતની સમજ કોઇને ભાગ્યે જ હતી. મારા જીવનમાં બાળપણથી જ સ્વચ્છતાના મહિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એટલું જ નહિ પણ અસ્વચ્છતા કે ગંદકી, દૂર કરવા જેવી ને ઉપેક્ષણીય છે એ વાત મારા જેવા બીજાં બાળકોના મનમાં સારી પેઠે ઠસાવવામાં આવેલી. ગંદા કપડાં, ગંદા વાસણ, ગંદી પથારી, ગંદા વાળ ને નખ તથા ગંદા દાંત માટે અમને દંડ પણ કરવામાં આવતો. એટલે સ્વચ્છતાના આકરા નિયમપાલન વચ્ચે ને સ્વચ્છતાના વાતાવરણમાં જ મારો વિકાસ થયેલો. સ્વચ્છતાના સતત આગ્રહે મને કેળવ્યો હતો. સ્વચ્છ મકાનમાં, સ્વચ્છતાના હિમાયતી સંચાલકો ને સ્વચ્છતાના પુજારી બાળકોની સાથે શ્વાસ લઈને હું મોટો થયેલો. એક, બે કે ત્રણ દિવસ નહિ પણ વરસો સુધી મેં સ્વચ્છતાની તાલીમ લીધેલી. એ સ્વચ્છતા અંદરની ને બહારની બંને પ્રકારની હતી. તે બંનેથી મને લાભ થયેલો. એટલે તેની ઉપેક્ષા હિમાલયના એકાંતવાસ દરમ્યાન મારાથી કેવી રીતે થઈ શકે?

સાધુ જીવન ગંદકીનું ઉપાસનાઘર ને શુધ્ધીનું ઉપેક્ષાક્ષેત્ર છે એ વાતને હું સ્વીકારતો નથી ને મારી સમજ પ્રમાણે સાચા સંતો, શિક્ષકો ને ઉપદેશકો પણ સ્વીકારતા નથી. તેને તો શુધ્ધિનું મહાન મંદિર માનવામાં આવે છે. તેનો ઉપાસક અંદર ને બહારની શુધ્ધિ દ્વારા પવિત્રતાની પ્રતિમા કે શુધ્ધિના સ્વામી જેવા પરમાત્માને પ્રાપ્ત કરવાની સાધના કરે છે. એ અશુધ્ધિના અસુરનો ઉપાસક કેવી રીતે હોઈ શકે ? સાધુજીવન ને સાધનાને નામે આમ જનતામાં કેટલાક ભ્રાંત અને પાયા વિનાના ખ્યાલો ફેલાયેલા છે તે ભારે ખેદની વાત છે. એમનો અંત આણવાની આવશ્કતા છે.

જે શ્રીમંત હોય તે જ સ્વચ્છ રહી શકે છે ને ગરીબ તો ગંદો જ રહે એવું થોડું છે ? સ્વચ્છ થવા માટે માણસે શ્રીમંત થવાની અથવા તો શ્રીમંત દશાની રાહ જોવાની જરૂર નથી. સ્વચ્છતા તો સૌ કોઈ રાખી શકે છે. તે તો માનવમાત્રનો ઈજારો છે. ગરીબ કે અમીર કોઈચે તેની સાધના કરી શકે છે. ફક્ત તે માટે રુચિ ને પ્રેમ જોઈએ. તે હોય તો ગરીબ પણ સ્વચ્છ રહી શકે ને ના હોય તો પ્રચુર ધન તથા સામગ્રીવાળો શ્રીમંત પણ અસ્વચ્છ રહે.

હિમાલયના આ પ્રદેશમાં ગંગામાતાનું મહામોઘું દાન ઈશ્વરે આપેલું છે. ગંગાનું પાણી કેટલું બધું નિર્મળ હોય છે ? તેનો ઉપયોગ કરવાની છૂટ સૌ કોઈને મળેલી છે. છતાં પણ બધા માણસો તેનો ઉપયોગ કરીને સાફ રહેવાનું પસંદ નથી કરતા એ હકીકત છે. ગંગાના પવિત્ર પાણીમાં રોજ રોજ કપડાં ધોવાની કોણ ના કહે છે ? પણ દરરોજ કપડાં ધોઈને સાફ રહવાનું બહુ ઓછા માણસો પસંદ કરે છે. કેટલાક માણસો એવા પણ છે જે સાધન હોવા છતાં આળસને લીધે રોજ નાહતા પણ નથી. તેમાંના કેટલાક કોઈ ધન્ય દિવસે નહાવાની પરંપરાગત આદતના દાસ થયા હોય છે. એ બધા ધારે તો સહેજે સાફ રહી શકે છે. તેમાં અમીર ને ગરીબના ભેદ આડે આવતા નથી. એ તો રુચિને કેળવવાનો ને આળસને છોડીને સાધારણ શ્રમ કરવાનો પ્રશ્ન છે. વાત ખરેખર એવી છે છતાં પણ કેટલાક માણસો મેં આગળ ઉપર કહ્યું તેમ મારાં સાધારણ સાફ કપડાંને ને ઠીક કરેલા વાળને જોઈને મને સારી સ્થિતિનો સમજતા. આશ્રમજીવનની નાનપણમાં પડેલી ટેવને લીધે જ પાછલા જીવનમાં હું સ્વચ્છતાનો પૂજારી રહી શક્યો. આશ્રમજીવનનો એ લાભ કાંઇ જેવો તેવો ના કહેવાય.

આશ્રમમાં રહેવાનું થયું તે દરમ્યાન મને ચકભિલ્લુ જેવી રમતો ને ક્રિકેટનો શોખ હતો. પણ તે શોખ કાંઇ વધારે પડતો ના કહેવાય. કોઇ વાર અનુકૂળતાં મળતાં મને ક્રિકેટ રમવાનું ગમતું. બીજી રમતો તરફની અભિરુચિ ઓછી હતી.

કસરત કરાવવા માટે રોજ સવારે કસરતમાં પ્રવીણ શિક્ષક આવતાં. એટલે રવિવાર સિવાયના બધા જ દિવસોમાં અમારે કસરત કરવી પડતી. કસરતના પ્રયોગો ખૂબ જ સારી રીતે શીખવવામાં આવતા. દંડ-બેઠક, પિરામીડ, લકડીપટ્ટા, લકડી, મગદળ, ભાલા, લેજીમ, બોક્ષીંગ, બંદૂક તથા દોડવાની તાલીમ અપાતી. તે ઉપરાંત જુદી જુદી રમતો પણ રમાડવામાં આવતી. મને પણ તેના શિક્ષણનો લાભ મળેલો. પરંતુ શરૂઆતમાં મને તેમાં બિલકુલ રસ ન હતો. લગભગ ચૌદેક વરસની વય સુધી પરિસ્થિતિ એવી જ રહી. પછી તેમાં ફેર પડ્યો. એકવાર મારા હાથમાં લોકમાન્ય શ્રી તિલક મહારાજના જીવનનો એક પ્રસંગ આવ્યો. તેમાં જણાવ્યું હતું કે તિલક મહારાજનું શરીર શરૂઆતમાં બહુ નબળું રહેતું. એક વાર તેમને તે સાલવા લાગ્યું

ને શરીરને નિરોગી, સશક્ત ને સુદૃઢ કરવાનો તેમણે નિર્ણય કર્યો. તિલક મહારાજ જેવા મજબૂત મનોબળવાળા મહાપુરુષનો નિર્ણય હોય પછી તો કહેવું જ શું ? તે જ દિવસથી તે દંડ-બેઠકની પાછળ આદુ ખાઇને લાગી ગયા. તેનું પરિણામ ઘણું સુંદર ને ચમત્કારીક આવ્યું. તેમના શરીરનો બાંધો જ બદલાઇ ગયો. એ પ્રસંગના વાચનની મારી પર સારી અસર થઇ. એટલું જાણે મને પ્રેરણા પાવા પૂરતું ન હોય તેમ તે પછી થોડા દિવસોમાં મારા હાથમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર (ઝંડાધારી) આવ્યું. તેમાં વિસ્તારથી વર્ણવેલા એ મહાન જ્યોતિર્ધરના જીવનપ્રસંગોને મેં જોયા. તેમની શરીરશક્તિનો ચિતાર આપતા પ્રસંગો પણ એમાં અનેક હતાં. તેમનાં શરીરસૌષ્ઠવ અને અદભૂત શરીરસામર્થ્યનો તેના પરથી મને ખ્યાલ આવ્યો. તેમના મહાન શિષ્ય સ્વામી શ્રદ્ધાનંદનું જીવન જોવા મળ્યું. એ પરથી મને લાગી આવ્યું કે શરીરની ઉપેક્ષા બરાબર નથી. એ કોઇપણ કારણથી ચલાવી લેવાય તેમ નથી. જીવનને મહાન બનાવવું હોય ને પોતાની ને બીજાની સેવા કરવી હોય તો શરીરને સુદૃઢ અને નીરોગી કરવાની જરૂર છે. શરીર પ્રત્યેની ઉદાસીનતા ને બેપરવાઇને દૂર કર્યે જ છૂટકો છે. સુખી જીવનના લાભ માટે પણ શરીરને સુંદર કે શક્તિશાળી બનાવવાની આવશ્યકતા છે. ધર્માચરણ ને આત્મિક જીવનની સાધના માટે પણ શરીરસંપત્તિની અનિવાર્ય આવશ્યકતા છે. શરીર પાયો છે. એનો અનાદર કરીને આત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ ઇમારતના ચણતરની આશા કેવી રીતે રાખી શકાય ? સાધારણ માણસને માટે પણ 'પહેલું સુખ તે જાતે નર્યા'ની વાત પ્રસિદ્ધ જ છે, માટે શરીર તરફ પૂરતું ધ્યાન રાખવું જ પડશે.

એ વિચારણાએ મારામાં કસરત પ્રત્યેનો પ્રેમ પેદા કર્યો. મારું શરીર ખૂબ જ નબળું હતું. મારો બાંધો પણ પહેલેથી એકવડિયો હતો. માથાનો દુઃખાવો મારે માટે સામાન્ય થઇ પડ્યો હતો. મને થયું કે એ બધું બરાબર નથી. તેનો ઇલાજ કરવો જોઇએ. મહાન પુરુષ બનવાની મહત્વકાંક્ષા ને ભાવનાએ મારા દિલમાં મજબૂત રીતે ઘર કરેલું એટલે મને થયું કે શરીર પ્રત્યે પણ બેદરકાર ના રહેવું જોઇએ. નિયમિત વ્યાયામ કરવો જોઇએ. વળી યોગના ગ્રંથો ને કેટલાક યોગીઓના જીવન વાંચવાથી મને યોગી બનવાની ઇચ્છા થઇ. તે માટે પણ શરૂઆતમાં શારીરિક તાલિમની આવશ્યકતા લાગી. એટલે મેં એનો આશ્રય લીધો. દંડ-બેઠક, સૂર્યનમસ્કાર અને શીર્ષાસન ખૂબ જ ઉત્સાહથી કરવા માંડ્યાં. કસરત પ્રત્યેની મારી ઉદાસીનતા કાયમને માટે દૂર થઇ. કસરતનો પ્રેમ મારા જીવનમાં તે પછી ઉત્તરોત્તર વધતો જ ગયો. તેથી મારા તન ને મને બન્નેને ફાયદો થયો. તન અને મન પરસ્પર સંકળાયેલા છે એટલે એકની અસર બીજા પર અચૂકપણે પડે છે જ. કસરતને લીધે મારો બાંધો બદલાઇ ગયો, માથાનો દુઃખાવો કાયમને માટે દૂર થઇ ગયો, ને તંદુરસ્તી ઉપરાંત બીજા ઘણાં લાભો વારસામાં મળ્યાં. આજે મારુ શરીર સારું છે. મારા કાર્યમાં સહાયક છે. મને પોતાને હાથી જેવા બળની, પહેલવાનપણાની કે જે મળે તે બધું સ્વાહા કરી જવાની શક્તિ કેળવવાની ઇચ્છા નથી. તેમાં રસ પણ નથી. પરંતુ આરોગ્યમાં રસ અવશ્ય છે. ને તેથી જ દરેક ભાઇબેનને વ્યાયામ પ્રત્યે પ્રેમ કેળવવા, વ્યાયામ કરવા અને શરીરને સુંદર બનાવવા માટે શ્રમ કરવાની મારી વિનંતિ છે, કહો કે ભલામણ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. સત્યાગ્રહની ઝાંખી ને લેખનની રુચિ

**(૧)**

આપણે ત્યા જ્યાં જ્યાં છાત્રાલયો હોય ત્યાં ત્યાં બધે જ વ્યાયામના નિયમિત શિક્ષણની વ્યવસ્થા કરવાની જરૂર છે. કેટલાંય છાત્રાલયો એ વ્યવસ્થાથી વંચિત દેખાય છે. છાત્રાલયો કવળ બાળકોને રાખવાનાં સ્થાન નથી. તે તો બાળકોને કેળવવાની જગ્યાઓ છે. માટે બાળકોના તન, મન ને વાણીના વિકાસ માટેની જરૂરી સામગ્રીથી તે સંપન્ન હોવા જોઈએ. વળી તે સામગ્રીનો સદ્ઉપયોગ થાય છે ને તેનો લાભ લઈને બાળકોનાં જીવન વધારે ને વધારે ઓજસ્વી બને છે એ વાતનું પણ ધ્યાન રખાવું જોઈએ. છાત્રાલયોમાં રહેનાર બાળકો પણ વ્યાયામપ્રિય બને ને શરીરને સ્વસ્થ રાખે તે માટે કાળજી રખાવી જોઈએ. માતાપિતા, સંરક્ષક ને શાળાના સંચાલકોએ તેમને વ્યાયામપ્રિય બનાવવામાં મદદરૂપ થવાની અસાધારણ આવશ્યકતા છે.

મારે મુંબઈના આશ્રમમાં રહેવાનું થયું તે વખતે દેશમાં આઝાદી માટેની લડત ચાલતી હતી. પાછળના વરસોમાં તે લડત વધારે ને વધારે ઉગ્ર બનતી થઈ તે જાણીતું છે. ગાંધીજી મુંબઈ આવતા ત્યારે હજારો લોકો તેમના દર્શન માટે ભેગા થતા. ચોપાટી પર દેશના મહાન મનાતા નેતાઓની હાજરીમાં સભા થતી, સરઘસ નીકળતાં ને જુદા જુદા નેતાઓનાં પ્રવચનો ચાલતાં ત્યારે તે જોવાની મને તક મળતી. તેથી મને આનંદ થતો. એક વરસ તો જરા અનેરી રીતે પસાર થઈ ગયું. તે વરસે ગાંધીજી લગભગ અઠવાડિયા સુધી રોજ સવારે અમારા આશ્રમનાં વિશાળ મેદાનમાં પ્રાર્થના કરવા આવ્યા. તેમની સાથે જાણીતા નેતાઓની મંડળી પણ હતી. એ જ અરસામાં એક સવારે એ આશ્રમમાં પ્રાર્થના કરવા આવતા હતા ત્યારે જ તેમની ધરપકડ પણ થઈ. મુંબઈનું સ્થાન દેશમાં ઘણું મહત્વનું છે. રાજકીય દૃષ્ટિએ પણ તેનું મહત્વ ઓછું નથી. તે વરસોમાં પણ મુંબઈની બોલબાલા ઘણી હતી. તેની તરફ આખા દેશનું ધ્યાન રહેતું એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. એટલે એ વરસોમાં મુંબઈમાં રાજકીય પ્રવૃત્તિનું પ્રમાણ ઘણું વધારે હતું ને સમસ્ત દેશની તેના પર નજર રહેતી. મારી અવસ્થા તે વખતે છેક નાની હતી. દેશની સ્વતંત્રતા માટે થઈ રહેલી સત્યાગ્રહ અને અસહકારની લડતને સમજાવનાર કોઈ ન હતું. કોંગ્રેસ સંસ્થા અને એના હેતુ વિશે મને સમજ ન હતી. તે વખતની બુદ્ધિ કાચી કહેવાય, તો પણ જો આશ્રમ અથવા તો શાળાના સંચાલકોએ સહેલી ભાષામાં તેની સમજ પૂરી પાડવાનો પ્રયાસ કર્યો હોત તો અમે તે વિશે સારી માહિતી મેળવી શકત ને સમજવા જેવી સારી વાતોને સમજી પણ શકત. પરંતુ સંચાલકો તે બાબતે તદ્દન ઉદાસીન હતા. પરિણામે અમે એક મોટા લાભથી વંચિત રહી ગયા. પોતાના દેશની વર્તમાન સ્થિતિ કેવી છે ? તેમાં શા દોષ રહેલા છે ? ને તેમને દૂર કરવા માટે કેવા પ્રયાસો થાય છે ? દેશના વર્તમાન નેતા કોણ છે ને કેવા છે ? કોંગ્રેસ ને ગાંધીજી શું છે ને તેમની વચ્ચે શો સંબંધ છે ? સ્વતંત્રતા કોને કહેવાય ને તે કેવી રીતે મેળવવાની છે ? તેની પ્રાપ્તિના પ્રયાસોમાં વિદ્યાર્થીઓ ધારે તો પોતાની રીતે શો ફાળો આપી શકે ? એ બધા અને એવા જ બીજા જાણવા જેવા મુદ્દાઓની માહિતી અમને સરળ શબ્દોમાં પૂરી પાડવામાં આવી હોત તો ખૂબ આનંદ થાત અને આગળ ઉપર વિશેષ લાભ થાત. નાની ઉંમરમાં દેશપ્રેમની વાતો સાંભળવાથી અમારું અંતર પણ

દેશપ્રેમથી ઊભરાઈ જાત, ને મોટા થતાં શુધ્ધ ચારિત્ર્યવાળા બનીને દેશના મંગલને માટે કોઈક નક્કર કામ કરી છૂટવાનું ને ભોગ આપવાનો આછોપાતળો પણ સંકલ્પ અમારામાંથી કોઈકના મનમાં પ્રકટ થાત. અંકુરરૂપે ઉગેલા તે સંકલ્પમાથી કળી, ફૂલ ને ફળની કેવી સુંદર સૃષ્ટિ થાત તેની કલ્પના કોણ કરી શકે તેમ છે ? દેશના વર્તમાન નેતાઓના જીવનમાંથી પ્રેરણા મેળવીને અમારામાંથી કોઈ બાળક કે યુવાન પણ આગળ પર દેશસેવક કે નેતા થાત અને એવી રીતે એનું જીવન એને તથા બીજા માટે કેટલું બધું ઉપકારક બની જાત તેની કોને ખબર છે ? બાળપણમાં પડેલા સંસ્કારો વજ્રલેપ જેવા બની રહે છે ને લગભગ જીવનપર્યંત જળવાઈ રહે છે. અમારા સંચાલકો પણ એ વાતને જાણતા હતા છતાં દેશની પરિસ્થિતિ વિશે તેમણે અમને કશી માહિતી જ આપી નહિ. અમારી સાથે બેસવાનો ને વાત કરવાનો પ્રસંગ તે ભાગ્યે જ યોજતા એટલે જીવન સુધારવાની બીજી વાતો પણ ના જાણી શક્યા. આશ્રમજીવન પૂરું થયા પછી લાંબે વખતે મારા પોતાના પ્રયાસથી દેશની પરિસ્થિતિ ને સત્યાગ્રહની લડત વિશે મને થોડી માહિતી મળી શકી. બાકી તે દૃષ્ટિએ જોતાં કહેવું જોઈએ કે જીવનમાં પહેલા વીસ વરસ તો અંધારામાં જ ગયા.

એવી રીતે અંધારામાં રહેવા છતાં પણ મને એટલું તો જણાયું હતું કે ગાંધીજી એક સાચા મહાન પુરુષ કે મહાત્મા છે ને દેશના ભલા માટે કામ કરે છે. અંગ્રેજી રાજ્યનો અંત લાવવાની તેમની ઝંખના છે. તે માટે તે જવું પડે તો જેલમાં જાય છે ને ઘણું ઘણું સહન કરે છે. તે પોતે પવિત્ર પુરુષ છે, તે જાણીને મારા મનમાં ગાધીજી પ્રત્યે માન ઉત્પન્ન થયું. તે સારું જ કામ કરી રહ્યા છે એવી ખાતરી થઈ. તેમનો વિચાર કરીને મને પણ સારા સાચા ને મહાન પુરુષ બનવાની ને બીજાને માટે કામ કરવાની ઈચ્છા થઈ.

**(૨)**

સાહિત્યનો રસ મારા જીવનમાં કેવી રીતે ઉત્પન્ન થયો તે પણ જાણવા જેવું છે. નાની ઉંમરમાં મને વાંચનનો શોખ હતો. બહારનાં સારાં સારાં પુસ્તકો ને માસિકો વાંચવામાં મને આનંદ આવતો. અમારા આશ્રમમાં જ પુસ્તકાલય હતું. તેનો લાભ સૌને મળતો. તેમાં સારાં સારાં માસિકો પણ આવતાં. દર રવિવારે તેમનો લાભ લેવાની છૂટ મળતી. છાત્રાલય, શિક્ષણ પત્રિકા, બાલમિત્ર, બાલજીવન, કુમાર, પ્રસ્થાન, શારદા, નવચેતન ને ગુજરાત જેવાં સારાં સારાં માસિકો હું ખાસ રસપૂર્વક વાંચતો. તેમાં પ્રગટ થતાં કાવ્યો ને લેખોમાં મને રસ પડતો. મારી ઉંમર લગભગ બાર તેર વરસની હતી ત્યારે એક પ્રસંગ બન્યો. આશ્રમમાં કેટલાક મોટી ઉંમરના સાહિત્યરસિક ભાઈઓએ હસ્તલિખિત માસિક કાઢવાની શરૂઆત કરી. તેના તંત્રી ભાઈ શ્રી શંકરલાલ ચોક્સી હતા. તે બહુ સારા ને સદગુણી વિદ્યાર્થી હતા. તે માસિક જોઈને મને પણ કંઈક લખવાનો વિચાર થયો. એક દિવસ હિંમત કરીને મેં ગામઠી નિશાળના શિક્ષક વિશે એક નાનો લેખ લખી નાખ્યો. ભાઈ શંકરલાલને તે વંચાવતા તે ઘણા પ્રસન્ન થયા, મને ઉત્સાહ આપ્યો, ને વિદ્યાર્થીઓમાં મારા વખાણ કર્યા. 'વખાણી ખીચડી દાંતે વળગે' એ કહેવત આપણે ત્યાં જાણીતી છે. કેટલીક વખત તે સાચી પણ ઠરતી હશે. પરંતુ તે કહેવતને દૃષ્ટિ સામે રાખીને જેની તેની ને જ્યારે ત્યારે ટીકા કરવાની પદ્ધતિ બહુ સારી નથી. ઘણી વાર સામેનો માણસ નિરાશ થઈ જાય છે. કેટલાક માણસોની પદ્ધતિ જ એવી હોય છે. ટીકાકાર કે વિવેચક બનવાનો પ્રસંગ આવે ત્યારે પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરવાના હોય તે રીતે સાહિત્યકૃતિમાંથી દોષ ઊભા કરે છે ને તેના પર સખત શબ્દોના પ્રહાર કરવા માંડે છે. તેમાં જ તેમને આનંદ આવે છે. કોઈ હાથી

મદોન્મત બનીને કોઈ કમળને સૂંઢમાં ઉપાડી લઈને ધરતીમાંથી ખેંચી કાઢે ને ફેંકી દે તેવી તેમની દશા હોય છે. તે દશા સારી નથી. તેને લીધે કેટલીય કુમળી કળીઓ અકાળે કરમાઈ જાય છે. તેને બદલે વિવેચકો જરાક માયાળુ ને સહાનુભૂતિવાળા બને તે જરૂરી છે. તે યાદ રાખે કે તેમનું કામ કેવળ લેખકની કૃતિના ગુણદોષ બતાવવાનું નહિ પણ લેખકને પ્રોત્સાહિત કરવાનું ને તેના લેખનને સુધારવાનું પણ છે. એનો અર્થ એમ નથી કે તે લેખકના ગમે તે લખાણનાં નિરર્થક વખાણ જ કર્યા કરે અને એ રીતે એકાદ ભાટની યાદ અપાવે. સ્તુતિ ને ટીકાના કેફથી દૂર રહીને તે પોતાનું કામ કરે એ આવશ્યક છે. પણ લેખકને ઉત્સાહ આપવા તેણે તેના દોષની સાથે ગુણ બતાવવામાં પણ રસ લેવો જોઇએ. તે ઉપરાંત ઉગતા લેખકોની પીઠ થાબડવાનું પવિત્ર કામ પણ તેણે કરવાનું છે. એ રીતે કહીએ તો કહી શકાય કે તેણે એક માતાની જેમ હૃદયમાં મમત્વ રાખીને જીવવાનું ને વર્તવાનું છે.

નાના સરખા મારા લેખના વખાણથી મને ઉત્સાહ ચઢ્યો. જો તેની કડક ટીકા કે અવગણના થઇ હોત તો મારા હૃદયનો લેખન માટેનો ઉત્સાહ કાયમને માટે ઓસરી જાત. પ્રશસ્તિએ મારા પર જાણે કે પ્રેરણારૂપી પાણી રેડવાનું કામ કર્યું. પછી તો મેં બીજા એક-બે લેખો લખી નાખ્યા અને એક-બે ગીતો પણ લખ્યાં. ધીરે ધીરે વિદ્યાર્થીવર્ગમાં મારી વાતો થવા માંડી. પછી તો ચૌદેક વરસની ઉંમરે અમે હાઇસ્કૂલમાં 'ચેતન' નામે એક સ્વતંત્ર હસ્તલિખિત દ્વિમાસિક કાઢવાની શરૂઆત કરી. તેમાં મને તે વખતે મારી સાથે અંગ્રેજી ચોથા ધોરણમાં ભણતા ભાઇઓએ ને ખાસ કરીને મારા વિદ્યાર્થી મિત્ર ભાઇ નારાયણ જાનીએ મદદ કરી. એવી રીતે મારા સાહિત્યલેખનની સાધારણ શરૂઆત થઇ. તે ક્રમે ક્રમે વધતી જ ગઇ. આજે પણ તે ચાલુ જ છે. એક ગામઠી નિશાળના શિક્ષક પરના નાના સરખા લેખરૂપે શરૂ થઇને લેખનની એ કળા આજે આત્મકથાના અભિનવ સર્જનમાં પરિણમે છે એ પરથી એની પ્રતીતિ થશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. આશ્રમમાં આરંભની અરુચિ

મુંબઇનું વાતાવરણ મારે માટે તદ્દન નવું હતું. ગામડાના મુક્ત ને તદ્દન કુદરતી વાતાવરણમાંથી જરાક કૃત્રિમ લાગતા મુંબઇના શહેરી વાતાવરણમાં જવાનો પ્રસંગ મારા જીવનમાં તદ્દન આકસ્મિક રીતે ઉભો થયો, તેથી મને આનંદ તો થયો. પરંતુ શરૂઆતમાં થોડા સમય સુધી આશ્રમના નવા વાતાવરણમાં મને ગમ્યું નહિ. તેના કેટલાય કારણો હતાં. એક તો મારી ઉંમર તે વખતે તદ્દન નાની હતી. એટલી નાની ઉંમરમાં મારે માટે છેક અજાણ્યા વાતાવરણમાં અજાણી વ્યક્તિઓની વચ્ચે જઇને વસવાટ કરવાનો અવસર ઉપસ્થિત થયો. એટલે તે વાતાવરણને અનુકૂળ થતાં કેટલીક મુશ્કેલી પડે ને વાર લાગે તે સમજી શકાય તેવું હતું. વળી કેટલીક સંસ્થાઓમાં જોવામાં આવે છે તેમ અમારી સંસ્થામાં પણ નાના વિદ્યાર્થીઓ પર મોટા વિદ્યાર્થીઓનું પ્રભુત્વ હતું. નાના વિદ્યાર્થીઓ પાસે મોટા વિદ્યાર્થીઓ પોતાના કામ કરાવતા, તેમ કરવામાં જરૂર પડે તો ધાકધમકી ને મારનો આશ્રય પણ લેતા. એ પરિસ્થિતિ સામાન્ય હતી. એટલે નાના વિદ્યાર્થીઓ કંટાળતા. કેટલીકવાર તે સૌથી ઉપરી ગણાતા વિદ્યાર્થીને અથવા ગૃહપતિને ફરિયાદ પણ કરતા. ત્યારે તે માટે તપાસ થતી ને પગલાં લેવાતાં. પણ એવી રીતે ફરિયાદ કરવામાં પણ હજાર વાર વિચાર કરવો પડતો, કેમ કે ઉપરી વિદ્યાર્થી કે ગૃહપતિ પાસે પહોંચવાનું કામ મહાભારતના મેદાનમાં જવા જેવું મોટું મનાતું ને મોટા વિદ્યાર્થીઓ ફરિયાદની માહિતી મળતા ફરિયાદી વિદ્યાર્થીને સતાવવા સદાય તૈયાર રહેતા. ભયનું સામ્રાજ્ય એ રીતે બાળકોની ચારે તરફ, અંદર અને બહાર બધે જ ફેલાયેલું. એ દશામાં નવા નવા ને નાની ઉંમરના વિદ્યાર્થીને સંસ્થામાં ગમે નહિ ને તે ઘેર પાછા જવાના ઘાટ ઘડે એ સ્વાભાવિક હતું. કેટલાક વિદ્યાર્થીઓ તો ના ગમવાથી નાસી પણ જતા.

તેમાં પ્રમુખ ભાગ ભજવનારા બીજા પણ એક બે કારણો હતાં. નાની ઉંમરના બાળકોને પણ બધું કામ હાથે જ કરવું પડતું. જો કે પાછળથી તે પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવેલો અને અમુક ઉંમરના બાળકોને હાથે કપડાં ધોવાના કામમાંથી મુક્તિ મળેલી. તે સારું જ હતું કેમ કે નવેક વરસના ને તેથી નાના બાળકો સરસ રીતે કપડાં ધોવાના ને વાસણ ઉડકવાના કામમાં પારંગત કેવી રીતે થઇ શકે ? તેમની પાસેથી સારા કામની આશા કેવી રીતે રાખી શકાય ? જેમણે પોતાના ઘરમાં પાણી પીવાના પ્યાલાને અજવાળવાનું શિક્ષણ ન લીધું હોય ને કેટલીક વાર તો સ્વચ્છતા ને સુઘડતાના ખ્યાલથી જેમને એકલા પોતાના હાથે ન્હાવા દેવામાં પણ ન આવતા હોય તે બાળકો પોતાના બધા જ કામને સસ્થામાં પ્રવેશતા વેંત જ હાથે કેવી રીતે કરી શકે ? મોટી ઉંમરના બાળકોના સરખામણીમાં પોતાના કામને તે સરસ રીતે ક્યાંથી કરી શકે ? તેવા બાળકોને સારું કામ ના કરવા બદલ સજા કે દંડ કરવામાં આવે તે તો ક્રૂરતા જ ગણાશે ને મૂર્ખતામાં ખપશે. તેથી તેમનામાં સુધારો નહિ થઇ શકે. તેમનામાં સુધારો કરવા માટે તેમની રગને સમજવાની, તેમની નાડી પરીક્ષામાં પ્રવિણતા મેળવવાની આવશ્યકતા છે. એટલે કે બાળમાનસને જાણવાની જરૂર છે. તો જ તેમના પ્રશ્નો સરળતા, સહાનુભૂતિ ને સફળતાપૂર્વક ઉકેલી શકાશે.

દૈનિક કાર્યક્રમના નિયમોનું પાલન સંસ્થામાં ખૂબ જ ચોકસાઇ ને કડકાઇથી થતું. તેથી પણ કેટલાક નાના વિદ્યાર્થીઓને શરૂઆતમાં કંટાળો આવતો. નિયમોના પાલનમાં પ્રમાદ કરવાથી જે આકરી સજા થતી

તેની કલ્પના પણ ભારે કંપાવનારી હતી. તેમાંયે શારીરિક સજાના વિચારે જ કેટલીકવાર બાળકો ઢીલાં ઢીલાં થઇ જતાં. બાળકોના કોમળ ગાલ પર ગૃહપતિનો રાક્ષસી પંજો પડતો ત્યારે બાળકો થથરી જતા ને બૂમ પાડી ઉઠતાં. કેટલીકવાર તે તમાચો તેમના કોમળ કાન પર પડતો ને કાન બહેર મારી જતા. કોઇ વાર કોઇકના ગાલ દુખવા માંડતા ને ફૂલી જતાં. એક-બે બાળકોને તે મારને પરિણામે ગાલે પાટા બાંધવા પડેલા ને દાક્તરની સારવારનો આધાર પણ લેવો પડેલો. કેટલીકવાર તો વિદ્યાર્થીઓએ ગૃહપતિના વર્તન પ્રત્યે વિરોધ કરીને સંસ્થાના ટ્રસ્ટીને અરજી પણ કરેલી પણ તેનું ધાર્યા પ્રમાણે કશું ખાસ પરિણામ આવ્યું નહિ. એવા વાતાવરણમાં મારે રહેવાનું હતું. એટલે શરૂઆતમાં તો એ બધું શાને માટે છે ને તેનું લક્ષ્ય શું છે તેની સમજ પણ પડતી નહિ ને ગામડાંનું મુક્ત વાતાવરણ યાદ આવતાં દિલ એ વાતાવરણનો આનંદ લેવાં જાણે કે દોડી જતું.

મારા મુંબઇગમન દરમ્યાન માતાજીના મોટાભાઇ સંસ્થાની પાસે જ રહેતા. એકાદ વરસ રહીને તે તેમના શેઠની સાથે અંધેરી રહેવા ગયા. તેમની પાસે હું લગભગ દરેક રવિવારે જતો. તેથી મને સારું લાગતું. તે મારા પર પુષ્કળ પ્રેમ રાખતા ને મને જોઇતી મદદ કરતા. તેમના અંધેરી ગયા પછી એકવાર માતાજી મારી ખબર કાઢવા મુંબઇ આવ્યાં. તે મારી પાસે સંસ્થામાં આવ્યાં એટલે મેં તેમને કહ્યું કે 'મને અહીં ગમતું નથી. મને ઘેર લઇ જાવ.' પરંતુ તેમના ભાઇ ખૂબ જ સમજુ હતા. તેમણે મને હિંમત આપી ને પછી તે વિદાય થયા.

એટલે સંસ્થામાં દાખલ થયા પછી એકાદ બે વરસ તો મારું મન કૈંક અસ્વસ્થતા અને અણગમાનો અનુભવ કરતું રહ્યું પણ પાછળથી ઠીક થઇ ગયું. વેકેશનની રજા પડતાં ઘેર જવાનું થતું. પણ પછી તો સંસ્થામાં એટલું બધું ગમી ગયું કે તેને છોડીને ઘેર જવાનું પણ ખેંચાણ ખાસ થતું નહિ. દરેક નવી વસ્તુ ને નવા વાતાવરણનું લગભગ એવું જ છે. તેના સમાગમમાં આવતાં શરૂઆતમાં મન બળવો કરે છે, અણગમો અનુભવે છે, ને જૂનું વધારે સુખમય ને સારું હતું એમ માનીને તેની ચાહના કરે છે. એમ કેટલાક સમય સુધી ચાલ્યા કરે છે ને પછી પરિસ્થિતિ પલટાય છે. મન નવી વ્યક્તિ ને નવા વાતાવરણથી ટેવાઇ જાય છે ને છેવટે તેમાં જ આનંદ અનુભવવા માંડે છે. જૂનાનું આકર્ષણ પછી ઓછું થાય છે ને જૂનાની આસક્તિ ને જૂના પ્રત્યેનું મમત્વ પછી નવામાં અનુભવાય છે. પછી તેનો ત્યાગ કરવાનું મન નથી થતું. મનની રચના જ એવી છે કે તે એ પ્રમાણે સંસાર બદલ્યા જ કરે છે. તેની પ્રેરણા ને પ્રસન્નતાનાં સ્થાન ને કેન્દ્રમાં ફેરફાર થયા જ કરે છે. આજે જે પ્રિય લાગે છે, તેના તરફ કાલે ઉદાસીનતા થાય છે, ને એક બીજી કાલે તે એકદમ અપ્રિય બને છે. છેવટે કેટલીકવાર તેનું સ્મૃતિપટ પરથી નામનિશાન પણ મટી જાય છે. વળી તેનું સ્થાન કોઈ બીજું જ લઈ લે છે ને તે બીજું વળી વધારે પ્રિય બને છે. તેનામાંથી વળી પ્રેરણા ને પ્રકાશ મળે છે ને મન તેને ભજતાં એમાં આસક્તિ કરતું થઈ જાય છે. તે પણ કાયમ રહે તો ભલે, નહિ તો તેને બદલે કોઈ બીજી નવી જ વ્યક્તિ ને વાતાવરણમાં તે લીન બને છે. મનનો એવો સામાન્ય સ્વભાવ છે ને તે લગભગ બધે જ દેખાય છે. કન્યાને પોતાનું ઘર ઘણું જ ગમતું હોય છે. તેનું લગ્ન થયા પછી સાસરે જતાં તેને દુ:ખ થાય છે ને રડવું આવે છે. પણ પછી વખત વીતે છે તેમ તેને સાસરિયું સારું લાગે છે ને ઘરની મમતા બદલાતાં કેટલીકવાર

તો તેને ઘેર આવવાનું પણ ગમતું નથી. આવે છે તો પણ મનમાં પોતાના નવા ઘરનાં સ્વપ્નાં લઈને આવે છે ને થોડા દિવસ પસાર કરીને તરત સાસરે જવાની તૈયારી કરે છે. સંસારમાં સર્વત્ર એવું દેખાયા કરે છે.

ગયે વરસે અમે બદરીનાથની યાત્રાએ ગયા ત્યારે રસ્તામાં એક મોટર ડ્રાઈવરનો મેળાપ થયો. અમે તેની જ મોટરમાં જ બેઠાં હતા. તે પાકિસ્તાન થયા પછી આ વિભાગમાં આવ્યો હતો. એટલે મેં તેને સ્વાભાવિક રીતે જ પૂછ્યું કે શું તમને આ હિમાલયના પર્વતીય પ્રદેશમાં મોટર ચલાવવાનું ગમે છે ? તેણે મને હસતાં હસતાં ઉત્તર આપ્યો કે શું કરીએ ? ઈશ્વર જ્યાં લઈ જાય ત્યાં ગમાડ્યા વિના છૂટકો છે ? પહેલાં અમે પંજાબની સુંદર ને સીધી સડકો પરથી મોટરો દોડાવતા ત્યારે અમને સ્વર્ગસુખ લાગતું. પંજાબમાંથી ભૂલેચૂકે કે કોઈ કામ પ્રસંગે પણ બહાર જવાનું થતું ત્યારે ગમતું નહિ. પણ કુદરત અજબ છે. તેની કળાની કોને ખબર છે ? પંજાબ છોડવું પડ્યું અને અમે આ પ્રદેશમાં વસવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તો ખૂબ જ માઠું લાગતું, પંજાબનાં સ્વપ્નાં મનમાંથી છૂટતા નહિ. પણ હવે તો આ પ્રદેશ સાથે ભળી ગયા છીએ. હવે તો ખૂબ જ મોજથી મોટરો દોડાવીએ છીએ અને આ વાંકાંચૂંકા, ચઢાઈ ને ઉતરાઈવાળા કાચા પર્વતીય માર્ગોમાં પણ આનંદ કરીએ છીએ. હવે મન આ પ્રદેશમાં માની ગયું છે.

ખરેખર, મનની લીલા એવી અદભૂત છે. તેનામાં પ્રાપ્ત પદાર્થ ને પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાની ને તેમાં ડૂબી જવાની સહજ શક્તિ છે. વધારે ભાગે તે માણસના લાભમાં જ છે. તેથી માણસ જૂનાનો મોહ મૂકીને નવાને અનુકૂળ થતો જાય છે ને જીવનમાં નવી આશા ને નવા સુખની પ્રાપ્તિ થાય છે. પરિણામે જીવન જીવવા જેવું બને છે. પરંતુ એનો અર્થ એવો નથી કે માણસ જૂનાને તદ્દન ભૂલી જાય તે સારું છે. જૂનાના સારભાગ ને જીવનના પ્રેરક બળને તે યાદ રાખે તે જરૂરી છે. જૂના તરફ કૃતજ્ઞતા ને વફાદારીની ભાવનાથી જોવાનું ચાલુ રહે તે તેને માટે લાભકારક છે. બાકી પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન થવાની કળા તેણે શીખવી જોઈએ. ડાહ્યા માણસો મરણથી પણ ના ડરવાનું ને મરણ સામે પણ સ્મિત કરવાનું એટલા માટે જ કહે છે કે મરણ દેખીતી રીતે અશુભ અને અનિષ્ટકારક લાગે છે, છતાં તેની પાછળ નવી સૃષ્ટિ ઊભેલી છે અને એમાં પ્રવેશવા માટે જન્મરૂપી પાસપોર્ટ આપવામાં તે સહાયક થઈ પડે છે.

પરંતુ લાંબા અનુભવ અને લાંબી તાલીમ પછી જ એ સત્યની સમજ પડે છે. બાળપણમાં મારામાં એ સમજનો અભાવ હોય એ દેખીતું છે. તેથી શરૂઆતમાં થોડો વખત મને સંસ્થામાં ગમ્યું નહિ.

મુંબઈનું પાણી ઘણાને લાગે છે તેમ શરૂઆતમાં મને પણ લાગ્યું ને મને ખસ થઈ. એકવાર બિમારી પણ આવી ગઈ. સંસ્થામાં કાયમી દવાખાનું હતું. ત્યાં કંપાઉન્ડર કાયમ રહેતા ને રવિવાર સિવાય લગભગ રોજ સાંજના દાક્તર આવતા. તેથી વિદ્યાર્થીઓને ઘણી રાહત રહેતી. બરાબર ઉપચાર કરવાથી થોડા જ દિવસમાં મને ને બીજા બાળકોને ખસ મટી ગઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. ગૃહપતિ માટે પ્રાર્થના

મારા સંસ્થાના નિવાસના વરસો દરમિયાન કેટલાય વિદ્યાર્થી ભાઈઓના સહવાસમાં આવવાનો સુયોગ મને સાંપડી શક્યો. વિદ્યાર્થીઓમાં લગભગ દર વરસે ફેરફાર થતા. એટલે કે જૂના જતા ને નવા આવતા. પરંતુ કોઈ વરસ એવું ન હતું કે જેમાં તેમની સંખ્યા સવાસોની આસપાસ ના હોય. બાળકોની એક અનેરી દુનિયામાં જ અમે રહેતા એમ કહી શકાય. એ દુનિયા જો કે નાનકડી તો પણ રસમય ને જોવાલાયક હતી. એ દર્શનીય દુનિયાનું દર્શન કરવા કેટલીકવાર સારી ને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ આવી પહોંચતી. એ દુનિયાને પોતાના અલગ પ્રશ્નો હતા, અને એનું તંત્ર પણ અલગ હતું. વિવિધ સ્વભાવનાં બાળકોની વચ્ચે રહેવાનો આનંદ પણ અનેરો હતો. બાલજીવનના અનેકવિધ પ્રશ્નોનો તેથી પરિચય થતો ને બાળકોનાં દિલમાં ડોકિયું કરવાની તક મળતી. નવેક વરસના લાંબા ગાળા લગી એ સંસ્થામાં રહેવાનો અવસર મળવાથી સંસ્થા તરફ મને ઘર જેવો ભાવ થઈ ગયો. એ વરસો જીવનની શરૂઆતના ઘડતરની દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી ને કિમતી હતાં. તે દરમિયાન જે સંસ્કારો પડ્યા અને અનુભવો મળ્યા તે કાયમ રહી ગયા એમ કહેવામાં જરાય હરકત નથી. જીવનની શરૂઆતનો એ સમય જ એવો હોય છે જ્યારે અનુભવો ને સંસ્કારોનાં બીજ જીવનમાં મજબૂત રીતે જામી જાય છે. તે સમય દરમ્યાનના ઘણા ઘણા અનુભવો ને પ્રસંગો યાદ છે. જે યાદ આવે છે તેમને ક્રમેક્રમે અહીં રજૂ કરી રહ્યો છું.

આગળ ઉપર મેં કહ્યું જ છે કે અમારા આશ્રમમાં ગૃહપતિ ને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ બહુ મીઠો ને નિકટનો ન હતો. સંસ્થામાં રહેનારા સૌ એક વિશાળ કુટુંબના સભ્યો છે ને સૌએ પરસ્પર પ્રેમથી રહેવાનું છે એ ભાવ કેળવાય તેવા પ્રયાસ પણ થતા ન હતા, પરિણામે બાળકોને ગૃહપતિ તરફ સદાને માટે ભય ને તિરસ્કાર રહેતો. તેમના દિલમાં અસંતોષની આગ સળગ્યા કરતી.

એક વરસ એક જુદો જ પ્રસંગ બન્યો. સંસ્થાના એક ગૃહપતિનું મૃત્યું થયું ને તેમની જગ્યાએ એક બીજા ગૃહપતિ આવ્યા. તે સ્વભાવે સારા ને શિક્ષિત હતા. તેમણે સંસ્થામાં થોડા સુધાર પણ કરી દીધા. છતાં વિદ્યાર્થીઓમાં આગળ જતાં તેમના તરફ પણ અસંતોષ ઊભો થયો. એક વાર તે બીમાર પડ્યા ને દિવસો સુધી પથારીવશ રહ્યા. દાક્તરી સારવારનો આશ્રય લીધો છતાં એમને આરામ ના થઈ શક્યો. બીમારી ભયંકર હતી ને દાક્તરનો નિર્ણય સાંભળીને ઘરના સભ્યો શોકમાં પડી ગયાં. સંસ્થાનું વાતાવરણ કરુણ બની ગયું. તે વખતે મને એક વિચાર સૂઝ્યો. પ્રાર્થનાની શક્તિનો મને પૂરેપૂરો અનુભવ ન હતો પણ સાધારણ ખ્યાલ તો હતો જ. એ વરસોમાં સંસ્થામાં થતી સાંજની પ્રાર્થના ઉપરાંત સાંજ-સવારે નિયમિત પ્રાર્થના કરવાની મેં ટેવ પાડેલી. તેથી મને શાંતિ મળતી. પ્રાર્થનાની જરૂરત ને શક્તિ વિશે મેં થોડું ઘણું સાહિત્ય પણ વાંચેલું. ઉત્કટ પ્રાર્થનાથી પ્રેરાઈને ભક્ત શિરોમણી નરસિંહ મહેતાને પ્રભુએ હાર પહેરાવ્યો ને તેમના જેવા બીજા કેટલાય ભક્તોને દર્શન આપ્યાં. પ્રેમભરી પ્રાર્થનાથી દ્રવી કે પીગળીને દ્રોપદીની લાજ રાખવા માટે તેમણે કૌરવસભામાં ચીરરૂપે પ્રવેશ કર્યો, ને પ્રાર્થનાને લક્ષમાં લઈને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો તથા મીરાંને માર્ગદર્શન આપ્યું. એ બધી અને એના જેવી બીજી વાતો મારા ધ્યાનમાં હતી. માનવજીવનને પવિત્ર કરવામાં, ઘડવામાં ને પ્રભુપરાયણ બનાવવામાં પ્રાર્થના કેવો મહત્વનો ભાગ ભજવે છે તેનો મને ખ્યાલ

હતો. સંતપુરુષોના જીવનચરિત્રોના વાચનથી એ બાબતે મને કેટલીક માહિતી મળી. તેથી જ મને પ્રાર્થના પ્રત્યે પ્રેમ થયો. જીવનમાં તેને વણી લઈને જીવનને ઉજ્જ્વળ કરવાની ભાવના પણ તેમાંથી જ જાગ્રત થઈ. એટલે સ્વાભાવિક રીતે જ મને થયું કે ગૃહપતિને આરામ થાય તે માટે પ્રાર્થનાનો આધાર પણ લેવો જોઈએ. મતલબ કે સંસ્થાના બાળકોએ ભેગા મળીને પ્રાર્થના કરવી જોઈએ.

પ્રાર્થનાની ભાવના તો મારા મનમાં જાગ્રત થઈ પણ તેનો અમલ કરાવવાનું કામ કપરું હતું. વિદ્યાર્થીઓ ને ગૃહપતિ વચ્ચેના સંબંધનો વિચાર કરતાં મારી ભાવનાનો અમલ વિદ્યાર્થીઓ ભાગ્યે જ કરશે એમ લાગતું. સંસ્થામાં આ પહેલાં આવો કોઈ પ્રસંગ પણ ઉપસ્થિત થયો ન હતો. એટલે મારી કલ્પના કે ભાવના તદ્દન નવી હતી. છતાં પણ તેને વિદ્યાર્થીભાઈઓ પાસે રજૂ કરવાની જરૂર હતી. કેમ કે તેની પાછળનો ઉદ્દેશ ઘણો સારો હતો. એક દિવસ સાંજની પ્રાર્થનામાં મેં મારો વિચાર વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યો. મેં કહ્યું: 'સંસ્થાના બાળકો તરીકે આપણી ફરજ છે કે સંસ્થાના સંચાલકોનું આપણે ભલું ચાહવું. ગૃહપતિની બીમારી ઘણી ભારે છે. તે દૂર થાય તે માટે આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ તે જરૂરી છે. બાળકોની પ્રાર્થનામાં કદાચ બહુ બળ ના હોય, છતાંય આપણા સરળ ને સીધા હૃદયની પ્રાર્થના ઈશ્વર જરૂર સાંભળશે અને એ અસરકારક સાબિત થશે. ગૃહપતિનું આપણા તરફનું વર્તન સંતોષકારક ના હોય અને કેટલાકને એનો અણગમો હોય તે સમજી શકાય તેવું છે. પણ તે હકીકતને આવે વખતે વચ્ચે આવવા દેવી જોઈએ નહિ. બિમારી ને મૃત્યુ સમયે માણસે ભલભલા મતભેદ ભૂલી જઈને દયાળુ બનવું જોઈએ, એક થવું જોઈએ, ને પ્રેમ તથા સેવાની ભાવનાથી સંપન્ન બનવું જોઈએ. આપણી પ્રાર્થના જ તેમને બચાવશે એમ નથી. બચાવનાર તો એક ઈશ્વર છે. આપણે તો આપણી નમ્ર ફરજ બજાવીએ છીએ અને આપણા અંતરનો અવાજ ઈશ્વર આગળ રજૂ કરીએ છીએ. આવો કરુણ પ્રસંગ ઊભો થયો છે ત્યારે આપણે ખુલ્લા દિલથી ઈશ્વરને પ્રાર્થના કરીએ તે સારું છે. તેનું પરિણામ સારું આવશે. એમ પણ બને કે ગૃહપતિને સંપૂર્ણ આરામ થતાં તેમને માટે આપણે કરેલી પ્રાર્થનાનો વિચાર કરીને તે આપણા પ્રત્યે વધારે સારો વ્યવહાર રાખે. ગમે તેમ પણ આપણે આજે એમને માટે પાંચ મિનિટ મનોમન પ્રાર્થના કરીએ કે ઈશ્વર એમને આરામ કરી દે ને વહેલામાં વહેલી તકે સંપૂર્ણ આરામ કરી દે.'

વિદ્યાર્થીઓના મન પર મારા શબ્દોની શી અસર થઈ તે પ્રભુ જાણે. પરંતુ તેમની મુખાકૃતિ પરથી સાફ હતું કે એમનામાંના બધાને મારું કથન રુચિકર ના લાગ્યું. કેટલાક સમજુ વિદ્યાર્થીઓએ મારી વાતને વધાવી લીધી. તેમને તે સારી લાગી, જ્યારે કેટલાકને જરાપણ ના ગમી. કોઈને એમ પણ લાગ્યું કે આ રીતે પ્રાર્થના કરાવવા પાછળ ગૃહપતિના વિશેષ કૃપાપાત્ર કે વહાલસોયા વિદ્યાર્થી બનવાની વૃત્તિ મારા મનમાં કામ કરી રહી છે. કોઈકોઈને તેમાં ગૃહપતિની ખુશામતની ગંધ આવવા લાગી. પરંતુ પોતાના ભાવને કોઈએ જાહેર કરવાની હિંમત ના કરી. મને કે કમને પણ બધા મૂંગા બેસી રહ્યા. પ્રાર્થનાના વિશાળ હોલમાં લાકડાનું મોટું સ્ટેજ હતું. મારું કથન પૂરું કરીને હું તેના પર બેસી ગયો. પ્રાર્થના પૂરી થઈ ત્યાં સુધી બધા બેસી રહ્યા. વધારે ભાગના વિદ્યાર્થીઓએ પ્રેમપૂર્વક પ્રાર્થના કરી પણ ખરી.

પ્રાર્થનાની અસર થાય છે ખરી ? મને લાગે છે કે હવે એ બાબતમાં સમજુ માણસોને સંદેહ નથી રહ્યો. એ વિશે ઘણુંઘણું કહેવાઈ ને લખાઇ ચૂક્યું છે. સાચા દિલની પ્રાર્થના ઈશ્વર જરૂર સાંભળે છે. એક

સાધારણ માણસ પણ પ્રાર્થનાથી પીગળીને ધારી મદદ કરવા તૈયાર થાય છે તો આ તો ઈશ્વર છે. કૃપાનિધાન, દયાસાગર ને સર્વશક્તિમાન. માણસની સાચી પ્રાર્થના તે શા માટે ના સાંભળે? વહેલો કે મોડો પણ પ્રાર્થનાનો ઉત્તર તે અવશ્ય આપે છે. કેટલીકવાર પ્રાર્થનાનો ધારેલો ઉત્તર નથી મળતો તો માણસ નિરાશ થાય છે ને ઈશ્વરમાંથી શ્રદ્ધા ખોઈ બેસે છે. પણ તેમાં નિરાશ થવાનો પ્રશ્ન જ નથી. માણસની બધી જ ઈચ્છા ને પ્રાર્થના તેના ને બીજાના હિતમાં મદદકારક જ હોય છે એમ નથી. ટૂંકી દૃષ્ટિને લીધે માણસ તેનો વિવેક સહેલાઈથી કરી શકતો નથી. એટલે તેને ને બીજાને માટે હિતકારક ને જરૂરી ના હોય એવી ઘણીયે વસ્તુની પ્રાર્થનાને ઈશ્વર નામંજૂર કરે છે. તેવે વખતે માણસે તેની અંદરની શ્રદ્ધાને ખોઈ બેસવા તૈયાર થવાનું નથી. પણ બધા જ સંજોગોમાં ઈશ્વરની ઈચ્છાને મંગલ માનીને પ્રસન્નતાનો અનુભવ કરતાં શીખવાનું છે. અમારી પ્રાર્થનાથી ગૃહપતિ જો સાજા થયા ના હોત તો શું ઈશ્વર પરની અમારી રહીસહી શ્રદ્ધાભક્તિ પણ ઊઠી જાત ? ના. તે દશામાં પણ અમે ઈશ્વરની ઈચ્છાને મંગલ માનીને સમાધાન મેળવત. આખરે તો તેની ઈચ્છાનુસાર જ બધું થાય છે. આપણું કામ તો તેની પાસે આપણા કેસની રજૂઆત કરવાનું કે આપણી ઇચ્છાની અભિવ્યક્તિ કરવાનું જ છે. આપણો એ અધિકાર ને સ્વભાવ છે.

પરંતુ ધારેલું પરિણામ આવી ગયું. પ્રાર્થના પછી થોડા જ દિવસોમાં ગૃહપતિ સાજા થઈ ગયા. તેમને સંપૂર્ણ આરામ થયો. અમે કરેલી પ્રાર્થનાની વાત સાંભળીને તેમને ખૂબ જ આનંદ થયો. તેમનું દિલ ભરાઈ ગયું. મારા પર પણ તેમને વિશેષ સદ્દભાવ થયો. અનાથાશ્રમનાં બાળકો તરફનો તેમનો દ્રષ્ટિકોણ જરાક બદલાયો.

પછી તો વિદ્યાર્થીઓમાં પ્રાર્થનાની પરિપાટી પ્રચલિત ને કૈંક અંશે પ્રિય થઈ પડી. થોડા વખતમાં સંસ્થાના વ્યવસ્થાપક બીમાર પડ્યા. કેટલાક વિદ્યાર્થીઓએ પહેલ કરીને તેમને સારુ પણ સમૂહપ્રાર્થના કરાવી. અતિશય માંદા વિદ્યાર્થીઓને માટે પણ પ્રાર્થના કરવાની પદ્ધતિ ચાલુ થઈ. તેથી મને આનંદ થયો. જેથી પરસ્પર પ્રેમ, ભ્રાતૃભાવ ને મીઠાશ વધે એવી સારી ટેવોથી કોને આનંદ ના થાય ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. જીવનવિકાસની પ્રેરણા

**(૧)**

માનવના જીવનવિકાસમાં કેટલાંક ચોક્કસ વરસો ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. કેટલીકવાર અમુક ખાસ મહિના ને દિવસો તેના જીવનના ઘડતરમાં મહત્વનું કામ કરી જાય છે ને તેથી અમર બની જાય છે. એથી પણ આગળ વધીને કહીએ તો કેટલીક પળો કે ક્ષણો તેના જીવનમાં ક્રાંતિ કરનારી સાબિત થાય છે, તે દરમિયાન જીવન એવા પ્રસંગો ને એવી પરિસ્થિતિમાંથી પસાર થાય છે, જેની અસર આખર સુધી રહી જાય છે ને તેના ભવિનો નિર્ણય કરનારી થઈ પડે છે. અચાનક કોઈ એવી વ્યક્તિની સાથે સંબંધ થઈ જાય છે કે જેનો પ્રભાવ લાંબા વખત લગી ચાલ્યા કરે ને જીવનને અવનવીન કરે. અથવા કોઈ એવા વાતાવરણની પ્રાપ્તિ થાય છે જે પોતાની અસરથી આજ સુધી ચાલુ જીવાતા આવેલા જીવનને જ બદલી દે. અથવા સારી કે નરસી એવી બુદ્ધિનો ઉદય થઈ જાય છે જે તેના ચાલુ પ્રવાહને પલટાવી દે. એવી ક્રાંતિકારી ક્ષણો જીવનમાં કદી કદી ઉત્પન્ન થાય છે, ને તે તેના જીવનમાં સીમાચિહ્ન સમી થઈ પડે છે. એવા દિવસો, મહિના અને એવા વરસો જીવનને માટે ભારે કીમતી કામ કરનારાં થઈ પડે છે. દરેક માનવના જીવનને માટે આ વાત વત્તેઓછે અંશે સાચી ઠરે છે. મારા સંબંધમાં પણ એમ જ સમજી લેવાનું છે. નવમું વરસ મારા જીવનમાં ઘણું કીમતી હતું. તે વરસ દરમિયાન જે અવનવા બનાવો બની ગયા તેનો ઉલ્લેખ મેં આગળ ઉપર કરી દીધો છે. ચૌદમું વરસ પણ તેવું જ હતું. તે વરસે મને જીવનના ચોક્કસ ઘડતરની પ્રેરણા પૂરી પાડી. જીવનની શુદ્ધિની ઝંખના તે દરમિયાન જાગી ઊઠી. જીવનને મહાન ને ઉન્નત બનાવવાની મહત્વાકાંક્ષાએ હૃદયમાં ઘર કર્યું. તે દરમિયાન પ્રગટ થયેલા સંસ્કારો ને વિચારો તે પછીનાં વરસોમાં વધારે ને વધારે પ્રબળ બનવા તથા ફાલવા ને ફૂલવા માંડ્યાં.

ચૌદમા વરસની પહેલાંથી જ મને એક સારા સદ્દગુણી ને હોશિંયાર વિદ્યાર્થી બનવાની ઈચ્છા થઈ. ખૂબ સારો અભ્યાસ કરીને જીવનને ઉજ્જ્વળ કરવાની મારામાં કામના જાગી. તેને પૂરી કરવાના પ્રયાસ પણ મેં શરૂ કરી દીધા. મારા જીવનને સુધારવા ને સદ્દગુણી બનાવવા મારાથી બનતી મહેનત હું કરતો હતો. બધા જ વિદ્યાર્થીઓ પર પ્રેમભાવ જણાઈ રહે ને કોઈના પ્રત્યે કોઈ પણ કારણથી દ્વેષ કે તિરસ્કાર ના થાય તેનું ધ્યાન રાખતો. એ વખતે મારો અભ્યાસ સારો હતો. તેથી ગૃહપતિ મારા પર પ્રેમ રાખતા. તેને લીધે બીજા વિદ્યાર્થીઓથી ઉત્તમ હોવાનું અભિમાન થવાનો સંભવ હતો. અભિમાનનો અંશ પણ ઉત્પન્ન ના થાય તે માટે હું જાગ્રત રહેતો. કોઇ જાતનું વ્યસન લાગુ ના પડે તેની સાવધાની પણ રાખ્યો કરતો. ને બધા વિદ્યાર્થીઓ પ્રત્યે મિત્રતા હોવા છતાં બૂરી ટેવ ને ખરાબ કારકિર્દીવાળા વિદ્યાર્થીઓની કુસંગમાં પડાય નહિ તેનું પણ ધ્યાન રાખતો. કેટલાક મહાન પુરુષો શરૂઆતમાં રોજનીશી રાખતા એવું મેં સાંભળેલું. તેથી મને પણ રોજનીશી રાખવાનું મન થયું અને એનો અમલ પણ મેં કરી દીધો. નવરાશનો વખત મળે ત્યારે ચોપડી વાંચવાની કે શાંતિથી બેસી રહેવાની ટેવ તો મને પહેલેથી જ પડી હતી. એટલે મારો વખત કદી બગડતો નહિ.

તે દિવસોમાં મને ગીતાનું વાચન કરવાનું મન થયું. ગીતા તરફ મારું ધ્યાન કેવી રીતે ખેંચાયું તે જાણવા જેવું છે. મુંબઈમાં સેન્ડહર્સ્ટરોડ પર આવેલી કબુબાઈ હાઈસ્કૂલમાં મને અંગ્રેજીના અભ્યાસ માટે દાખલ કરવામાં આવ્યો. તેમાં અંગ્રેજી ચોથા ધોરણથી ગીતાનો વિષય દાખલ કરવામાં આવેલો, તે માટે એક ખાસ શાત્રીજીની નિયુક્તિ કરવામાં આવી. શાત્રીજી ભારે વિદ્વાન ને મિલનસાર હતા. તેમના ગુણો ભારે હતા. એ અર્થ સાથે ગીતાના એકાદ-બે અધ્યાયોનો અભ્યાસ કરાવતા. પાછળથી અમારી સંસ્થામાં પણ તેમની નિમણૂક કરવામાં આવી. સંસ્થામાં પણ અમૂક ચોક્કસ દિવસે રાતે તે એકાદ કલાક ધર્મોપદેશ માટે આવતા. તે ઘણા જ ભલા ને સરળ સ્વભાવના હતા. સંસ્થાના બાળકો તરફ તેમને એક પ્રકારનો મીઠો પક્ષપાત ને ભાવ હતો. તેમની ગીતા શીખવવાની પદ્ધતિ પણ ઘણી સારી હતી. પરંતુ વિદ્યાર્થીઓ તેનો લાભ ભાગ્યે જ લેતા. કેટલાક વિદ્યાર્થીઓને ધર્મ પ્રત્યે અરુચિ અને સૂગ હતી, તો કેટલાકની માન્યતા એવી હતી કે ગીતા જેવા ગ્રંથોનો અભ્યાસ કરનાર માણસ છેવટે સંસારને માટે નકામો થઈ જાય છે. સંસારનો વ્યવહાર તેનાથી થઈ શકતો નથી. એવા એવા ઉટપટાંગ ખ્યાલોને લીધે કોઈક જ વિદ્યાર્થી ગીતાના અભ્યાસની અભિરુચિવાળો નીકળતો. એ વખતની અમારી અવસ્થા જ એવી અપરિપક્વ હતી કે જેમાં ગીતા જેવા મહાન ગ્રંથના મહિમાનો ખ્યાલ જ ના આવે. ગીતા શી વસ્તુ છે ને તેમાં શું સમાયેલું છે તેનો અમને મોટેભાગે તો ખ્યાલ જ ન હતો. છતાં પણ શાત્રીજી મહારાજના પ્રયાસથી કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ કરાવનારા એક વિષય તરીકે ગીતાનું મહત્વ સમજીને પણ તેનો પાઠ કરતા થઈ ગયા.

એ સંજોગોમાં ગીતા મારા હાથમાં આવી. મેં સાંભળ્યું હતું કે ગીતા ભારતનો જ નહિ પણ સમસ્ત સંસારનો એક મહાન ધર્મગ્રંથ મનાય છે. વળી એમ પણ સાંભળ્યું હતું કે મહાત્મા ગાંધીજી જેવા મહાપુરુષ તેનો નિત્યપાઠ કરે છે. એટલે તેનો પરિચય કરવાનું મન તો મને ક્યારનુંય થયું હતું. પરંતુ મારું ભાષાજ્ઞાન તે વખતે ઘણું કાચું હતું. સંસ્કૃત હજી અંગ્રેજી ચોથા ધોરણથી જ બીજા વિષય તરીકે શરૂ થયેલું એટલે ગીતાના સંસ્કૃત શ્લોકને સમજવાનું કામ મારે માટે સહેલું ન હતું. છતાં પણ શ્લોકોનો ઉકેલ મારે માટે ધાર્યા કરતાં સહેલો થઇ પડ્યો. તે માટે શરૂ શરૂમાં મેં શ્લોકોને બદલે વધારે ને લગભગ બધું જ ધ્યાન તેના ગુજરાતી અર્થ પર આપવા માંડ્યું. તેથી મને લાભ થયો. અર્થો સરળ હતા. તે મારી સમજીમાં સહેલાઇથી આવવા માડ્યાં. મને ઘણો આનંદ થયો. પછી તો મેં ગીતાવાચનનો જાણે કે નિયમ જ કરી નાખ્યો. ગીતાના બધા અધ્યાયો સમજવા સહેલા નથી. તેમાંથી બારમો, પંદરમો, સોળમો ને બીજો એ ચાર અધ્યાય પ્રમાણમાં સહેલા છે. તેમાંથી પણ બીજો અધ્યાય હું વારંવાર વાંચતો. તેના ભાવ મને ખૂબ જ ગમી ગયેલા. તેમાંયે તેમાં આખરે વર્ણવેલા સ્થિતપ્રજ્ઞના લક્ષણો મારુ ખાસ ધ્યાન ખેંચતા. મારે માટે તે પ્રેરણા ને પથપ્રદર્શનની સામગ્રી જેવા થઇ પડ્યા. મહાત્મા ભિક્ષુ અખંડાનંદની ગીતામાં અધ્યાયોની આગળપાછળ જુદાં જુદાં પુસ્તકોમાંથી સુંદર ઉપદેશ ને ઉતારા આવતા. તેને વાંચતા હું ધરાતો નહિ. તેમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ ને રામતીર્થના ઉપદેશ હતા. તે મને ગમતા અને અસરકારક લાગતા. રોજ રાતે તેમને વાંચી જવાની મને લગની લાગેલી. તેનો મહાન સ્વાદ મને મળી ગયેલો. એટલે તેને મૂકવાનું મન થતું ન હતું. પાછળથી તો મને તેમાંના મોટા ભાગનાં ઉપદેશવચનો યાદ પણ રહી ગયેલા.

તેની સાથે સ્થિતપ્રજ્ઞના શ્લોકોના વિચારે મારા ચાલુ જીવનમાં ક્રાંતિ કરી નાખી. મને મહાન પુરુષ થવાની ઇચ્છા થઇ. પરંતુ સ્થિતપ્રજ્ઞના લક્ષણો પરથી મને સમજાયું કે મહાન પુરુષ થવા માટે ઘણા ઘણા સદગુણો કેળવવાની ને ઉત્તમ લક્ષણોને અપનાવવાની જરૂર છે. તે માટે ભારે પ્રયાસ કરવો જોઇએ.

**(૨)**

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો કેટલાં બધાં વિશાળ ભાવથી ભરેલાં ને ગહન છે ? તેમને સમજવા જેટલી પાકી બુદ્ધિનો તે વખતે મારામાં અભાવ હોય એ દેખીતું છે. છતાં પણ તેના મોટાભાગના ભાવ મને સમજાવા માંડ્યા. તે લક્ષણો પ્રમાણે મેં મારા જીવનને સરખાવવા માંડ્યું. જે સ્થિતપ્રજ્ઞ છે તે કામ અને ક્રોધથી પર હોય છે. કામિની, કાંચન ને કાયાની આસક્તિમાં ફસાતો નથી. અહંકાર, રાગદ્વેષ ને મમતાથી રહિત હોય છે. ભય તેને લાગતો નથી. મન ને ઇન્દ્રિયો પર તેનો કાબૂ હોય છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોની આસક્તિ મૂકીને તેણે પરમાત્માની પ્રીતિ કરી હોય છે. તેનું મન પરમાત્મામાં રમી રહ્યું હોય છે ને પરમાત્માની સાથે એકતાર બની ગયું હોય છે. તેના જીવનની નદી અનંત કાળથી વહેતી વહેતી છેવટે પરમાત્માના પરમ સાગરને મળી ગઇ હોય છે. તેથી તેના તન, મન ને વચનમાં પરમ શાંતિ, પ્રેમ ને પવિત્રતા ફરી વળી હોય છે. તે સદગુણ ને સુવિચારની મૂર્તિ જેવો બની જાય છે. એવાં એવાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો વિચાર કરીને મને થયું કે મારે પણ સદગુણની મૂર્તિ બનવું જોઇએ. જીવનને સુવિચાર ને સત્કર્મથી સંપન્ન બનાવવું જોઇએ. ઉત્તમ ભાવના અને આદર્શથી ભરી દેવું જોઇએ. કામ, ક્રોધ, અભિમાનથી અછૂત રહેવાની કોશિશ કરવી જોઇએ. ભય ને ધિક્કારથી મુક્તિ મેળવવી જોઇએ. તન, મન ને વચનને નિર્મળ ને મધુર કરવા જોઇએ. સૌ પ્રત્યે પ્રેમ રાખવો જોઇએ, એટલે કે પ્રેમની મૂર્તિ બનવું જોઇએ. પરમાત્માની પાસે પહોંચવાનો પ્રયાસ કરવો જોઇએ. જીવનને એવી રીતે મહાન બનાવી શકાય.

જીવનના ઘડતરની યથાર્થ સમજ પૂરી પાડવામાં એવી રીતે ગીતાએ મને ખૂબખૂબ મદદ કરી. માતાની પેઠે પ્રારંભમાં તેણે મને માર્ગદર્શન આપ્યું. જીવનની શુદ્ધિ ને જીવનના વિકાસની નક્કર પ્રેરણા પૂરી પાડી. એટલે મારું કામ સહેલું થયું. પછી તો મેં બરાબર સાવધ રહીને જીવનને સદગુણોની મૂર્તિ બનાવવાનો પ્રયાસ શરૂ કર્યો. રોજ રાતે સૂતાં પહેલાં આખાયે દિવસનું મનન કરવાની ટેવ એ બાબતમાં મને ખૂબ મદદકારક થઇ પડી. પછી તો હરેક ક્ષણે મન જાણે કે વિવેચકની જેમ જાગ્રત રહેતું ને થયેલી કે થઇ રહેલી ભૂલને પકડી પાડી તે પ્રત્યે વિરોધ નોંધાવતું. ભૂલને માટે દિલમાં લાગી આવતું. પશ્ચાતાપ થતો, ને તેનું પુનરાવર્તન ના થાય તે માટે સાવધ રહેવાનો નિશ્ચય કરતો. રોજનીશીની ટેવ પણ તે કામમાં મદદરૂપ થઇ પડી. મારામાં પહેલેથી બહુ દુર્ગુણો તો ન હતા. તો પણ જે હતા તે પણ આત્મનિરીક્ષણની એ નવી ટેવ દ્વારા દૂર થવા માંડ્યા. મારા જીવનમાં એવી રીતે નવો રસ ને નવો પ્રકાશ પ્રકટવા માંડ્યો. જીવનનું મંથન શરૂ થયું.

ગીતા પ્રત્યેનો મારો પ્રેમ ને પૂજ્યભાવ એ પછી તો દિવસે દિવસે વધતો ચાલ્યો. તેમાં કદી ઓટ આવી નથી. તેણે જે હૂંફ આપી તે અમૂલ્ય થઇ પડી. તેની પૂરી પાડેલી પ્રેરણારૂપી સંપત્તિ જીવનની કંગાલિયત, જડતા કે દરિદ્રતાને દૂર કરવામાં ભારે સફળ સાબિત થઇ. તે પછીના વરસોમાં ગીતાની પાસે હું

વધારે ને વધારે પહોંચતો ગયો ને ગીતાના રહસ્યને યથાશક્તિ સમજવાની કોશિશ કરતો. તેથી મને અનહદ આનંદ મળ્યો અને અપાર લાભ થયો.

(૩)

ગીતાના પ્રારંભના પરિચયના એ દિવસોમાં એક બીજો પ્રસંગ બની ગયો. તેણે પણ જીવનશુદ્ધિની દિશામાં મને મદદ કરી. બે-ત્રણ દિવસથી અહીં વરસાદ બંધ જેવો હતો. તેથી ઉકળાટ સખત થતો. હવે વરસાદ પુષ્કળ પ્રમાણમાં પડવા માંડ્યો છે. તેથી કેટલો બધો આનંદ થાય છે ! મારા તે વખતના જીવનમાં પણ ઇશ્વરની આકસ્મિક કૃપાનો વરસાદ વરસવા માંડ્યો. વાત એમ બની કે એક દિવસ મારા હાથમાં અચાનક શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનું જીવનચરિત્ર આવી ગયું. મને સારા ને સદગુણી જીવન પર પ્રેમ છે ને સારા વાંચનનો પણ શોખ છે એ વાત મારા વિદ્યાર્થીમિત્રોના જાણવામાં આવી. તેમાંથી એક વિદ્યાર્થીએ પુસ્તકાલયમાંથી લાવીને તે પુસ્તક મને વાંચવા આપ્યું. રામકૃષ્ણદેવનું જીવન મારે માટે તદ્દન નવું હતું. ગીતાના પાછલા પૃષ્ઠોમાં છપાયેલા તેમના છુટક ઉપદેશો મેં અનેકવાર વાંચેલા. એટલે એમના તરફ મને આદરભાવ હતો, અને ઇશ્વરને મેળવી ચુકેલા એક લોકાત્તર મહાન પુરુષ તરીકે હું તેમને પ્રેમપૂર્વક યાદ કરતો. તેમનું જીવનચરિત્ર એવી રીતે અચાનક મારા હાથમાં આવ્યું તેથી મને આનંદ થયો. ઇશ્વરે પોતે જ કૃપા કરીને એ યોગ ઉભો કર્યો. અથવા તો રામકૃષ્ણદેવે પોતે જ, મુંબઇની સંસ્થામાં જીવનવિકાસના પ્રયોગની સમજ પૂરી પાડવા, પુસ્તકાકારે સ્થૂળ સ્વરૂપ લઇને, જાણે કે મારા જીવનમાં પ્રવેશ કર્યો. ઇશ્વરની ઇચ્છા અકળ છે. કુદરતની લીલા પણ અનેરી ને ગહન છે. કયે વખતે તે શું કરવા માગે છે તેની કોને ખબર પડી શકે ? શાસ્ત્રો ને સંતો કહે છે કે જન્માંતર સંસ્કાર ને કર્મફળની ભૂમિકા પર વર્તમાન જીવનનો ઘાટ ઘડાય છે. પણ તેનો પૂર્વાપર સંબંધ કોણ સમજી ને સિદ્ધ કરી શકે ? કોઇ દિવ્ય દૃષ્ટિવાળા મહાપુરુષને માટે તે શક્ય હોય તો ભલે પરંતુ સાધારણ માણસને માટે તો તે આકાશકુસુમવત્ જેવું મુશ્કેલ જ નહિ પણ અશક્ય છે. સંસારના મોટા ભાગના માણસો હજી તદ્દન સામાન્ય દશામાં જ જીવે છે. કર્મના આધાર પર જીવનમાં ઘટતી ઘટનાઓનું રહસ્ય તે કેવી રીતે સમજી શકે ? તે કામ તો પંડિતોને માટે પણ અટપટું ને અસંભવ છે. ચૌદ વરસની નાની અવસ્થામાં મને તો તેની સમજ પડે જ કેવી રીતે ? છતાં પણ એટલું તો સમજી શકાયું કે રામકૃષ્ણદેવનું પુસ્તક જોતાંવેંત મને આનંદ થયો. અંતરમાં કોઇ અનેરી લાગણી થઇ આવી.

(૪)

રામકૃષ્ણદેવના જીવનનું વાચન મારે માટે રસિક થઇ પડ્યું. તેમના જીવનપ્રસંગો જેમ જેમ મારી સમક્ષ ઉપસ્થિત થવા માંડ્યા તેમ તેમ મારો રસ વધતો ગયો. તેમનું જીવન કેટલું સુંદર છે ? સંસારના આધ્યાત્મિક ઇતિહાસની એ એક મહામોંઘી મૂડી છે. મારી જેમ ભારતમાં જ નહિ પણ ભારતની બહાર પણ તેણે કેટકેટલા માણસોને પ્રેરણા આપી હશે ને રસ પાયો હશે તે કોણ કહી શકે ? પરમહંસદેવ ભારતના જ નહિ પણ સારા સંસારના છે. આજે તો તેમનું નામ ભારતની સીમાઓ ઓળંગીને દૂર દૂર સુધી પહોંચી ચૂક્યું છે. ભારત ને સંસારના મહાત્મા પુરુષોમાં અગ્રપદે તેમની સ્થાપના કે પ્રતિષ્ઠા થઇ ચુકી છે. તેમના જીવનચરિત્રે મારા જીવનમાં નવો પ્રકાશ પહોંચતો કર્યો. ઇશ્વરના સાક્ષાત્કાર માટેના તેમના સાધનાપ્રયોગો મેં વાંચ્યા. તેમનું જગદંબા સાથેનું અખંડ અનુસંધાન જોયું. મહાન શક્તિશાળી ગુરુ તોતાપુરીની કૃપાથી

થયેલી તેમની નિર્વિકલ્પ સમાધિનો વિચાર કર્યો. એમની અપાર પવિત્રતા ને નિષ્ક્રિયતાનું દર્શન કર્યું. શારદામાતા સાથેનો તેમનો લગ્ન પછીનો, મિલન-દિવસથી છેવટ સુધીનો સંયમી ને કામવાસના રહિત તદ્દન નિર્મળ સંબંધ જોયો. વિવેકાનંદનું તેમણે કરેલું ઘડતર જોયું. તેમની દ્વારા કરાયેલી કેટલાય ભક્તોની કાયાપલટની ઝાંખી કરી. તેમનો ઉત્કટ ઇશ્વરપ્રેમ અને માનવ અનુકંપાનો ભાવ જોયો. કામિની, કાંચન ને કીર્તિ તરફના તેમના પ્રખર વૈરાગ્યનો વિચાર કર્યો. તેમના સરળ છતાં સારરૂપ ઉપદેશોનું મનન કર્યું. ને છેલ્લે છેલ્લે જોયું તેમનું મહાપ્રસ્થાન. એ બધા ભાવો ને પ્રસંગો દિલમાં એવા તો જડાઇ ગયા અને એવી અલૌકિક અસર કરી ગયા કે વાત નહિ. તેમનું જીવન ધર્મનો અનુવાદ ને સાધનાનો પ્રત્યક્ષ તરજૂમો હતું. મને તેમાંથી ઇશ્વરના દર્શન ને તે માટેની સાધનાની પ્રેરણા મળી. જીવનના વિકાસના આરંભના અંગ હૃદયશુદ્ધિનો પરિચય તો થયો જ હતો. હવે એના આગળના અંગરૂપે ઇશ્વરદર્શનની સ્પષ્ટ સમજ મળી. મારા આનંદનો પાર ન રહ્યો. મારા જાણેલા-માણેલા જીવનનું મેં મનન કર્યું હોય એમ મને લાગવા માંડ્યું.

સાથે સાથે જીવનની ઉચ્ચતાનું જે શિખર સર કરવાનું છે તેનો મને ખ્યાલ આવ્યો. રામકૃષ્ણદેવ જેવા મહાન પુરુષ થવાની ને ઇશ્વરની કૃપા મેળવવાની મને ભાવના થઇ. મને થયું કે મારો જન્મ તે માટે જ છે. મારા જીવન દ્વારા ઇશ્વર તે ભાવનાની પૂર્તિ કરવા માંગે છે. એ ભાવોથી મારું હૃદય ભરાઇ ગયું. રામકૃષ્ણદેવના જીવનનું વાચન પૂરું કર્યું ત્યારે હું એક વસ્ત્ર પહેરીને અગાશીના બારણાં પાસે બેઠેલો. પુસ્તકમાં શ્રીરામકૃષ્ણદેવનો સુંદર ફોટો હતો. મેં એને આંખમાં આંસુ સાથે પ્રણામ કર્યા, ને પ્રાર્થના કરતાં કહ્યું કે 'હે પ્રભુ, મને તમારા પ્રેમામૃતનું પાન કરાવો. મને તમારા જેવો પવિત્ર, પ્રભુપરાયણ અને મહાન બનાવો. કાયા, કાંચન ને કીર્તિના મોહમાંથી કાયમને માટે મુક્તિ આપો. મારા પર ઇશ્વરની-જગદંબાની સંપૂર્ણ કૃપા વરસી જાય તે માટે આશીર્વાદની વૃષ્ટિ વરસાવો. મને સંસારમાં આસક્ત થવા દેશો નહિ ને કાયમ માટે મારી સંભાળ રાખીને શુદ્ધ, બુદ્ધ, મુક્ત ને પૂર્ણ બનાવી દેજો.'

એ પ્રસંગ આજે પણ યાદ આવે છે ત્યારે અંતરમાં અનેરી લાગણી ઉત્પન્ન થાય છે. એ પ્રસંગ અને એ દિવસ જીવનનો યાદગાર ને પુણ્યવાન દિવસ હતો એમાં શંકા નહિ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. પરિવર્તન

રામકૃષ્ણદેવના જીવનના વાચનનો પ્રસંગ મારા જીવનમાં એ એક જ હતો એમ નહિ. એ પ્રસંગ પહેલો જરૂર હતો પણ છેલ્લો ન હતો. તે પછી તો એ ઉત્તમ, આદર્શ, અનુકરણીય જીવનનું વાચન મેં કેટલીયવાર કર્યું ને તેનું મનન કરવાનો નિયમ તો જાણે રોજનો થઇ પડ્યો. ગીતાની પેઠે તેનો પ્રેમ મારા જીવનમાં કાયમ રહ્યો ને દિવસે દિવસે વધતો જ ગયો. એની અંદરનો મારો રસ કદી ખૂટ્યો નથી. એ આદર્શ મહાપુરુષના જીવનના મનનથી મને ઘણો લાભ થયો ને તેવા મહાપુરુષના સમાગમ માટે હૃદય રડવા, પ્રાર્થના કરવા, તલસવા લાગ્યું. એ દશા લાંબા વખત લગી ચાલુ રહી. તેમના જીવનનું વાચન પૂરું કર્યા પછી તેમના જેવા બીજા સંતોના જીવનચરિત્રનું વાચન કરવાનું મને મન થયું. તેને પરિણામે મેં સ્વામી વિવેકાનંદ, રામતીર્થ, મહર્ષિ દયાનંદ ને સ્વામી શ્રદ્ધાનંદના જીવનચરિત્રો વાંચી લીધા. ચૈતન્ય મહાપ્રભુનું જીવન પણ જોઇ લીધું. તેથી મારી ભાવના દૃઢ થવા માંડી. સ્વામી ભાસ્કરાનંદ, બ્રહ્માનંદ, પયહારી બાબા ને તૈલંગ સ્વામીના જીવનના વાચનથી વળી વધારે મદદ મળી. એ બધા મહાપુરુષોના જીવનના વિચારથી પ્રતીતિ થઇ કે જીવનને સદગુણી ને સાત્વિક બનાવવાથી જ શાંતિ મળે છે. સદગુણ ને સાત્વિકતા ઉત્તમ જીવનનો જરૂરી પાયો છે. તે પાયા પ્રત્યે દુર્લક્ષ કરવાથી કોઇપણ માણસ મહાન બની શકે નહિ. કદાચ તે મહાન બનેલો લાગતો હોય ને લોકોમાં મહાન કહેવાતો હોય તોપણ તેને સાચા અર્થમાં મહાન કહી શકાય નહિ. મહાન બનવા માટે માનવતાની ખીલવણી જરૂરી છે. માણસ કેવળ ધનથી, સંપત્તિથી, સત્તા, વિદ્યા ને સુંદરતાથી તથા તપથી પણ મહાન બની શકતો નથી. તે બધી કે તેમાંની એકાદ વસ્તુ હોવા છતાં પણ જો તે સાચા અર્થમાં માનવ ના બને તો તેને મહાન કહી શકાય નહિ. સદગુણી જીવન, સાત્વિક સ્વભાવ, સારા વિચાર ને સારા કર્મ જીવનને ઉન્નત પદે પહોંચાડવા માટે જરૂરી છે. સંતોના જીવનના મનનથી મારા એ વિચારને પુષ્ટિ મળી. સંતોએ જાણે એના પર મહોર મારી.

તે ઉપરાંત, એક બીજો વિચાર પણ મજબૂત બન્યો. પરમાત્મા છે ને તેમની પ્રાપ્તિ કરી શકાય છે તે રહસ્યની સમજ શ્રી રામકૃષ્ણદેવના જીવનમાંથી મને સહેજે પડી. પરમાત્માના દર્શન માટે તેમણે જે કઠિન સાધનાનો આધાર લીધેલો તેનું વર્ણન મેં ખૂબ જ રસપૂર્વક વાંચ્યું હતું. એટલે માણસે પોતાના જીવનમાં બને તેટલો પ્રયાસ કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ એ ભાવ મારા મનમાં દૃઢ થઇ ગયો. મને થયું કે પરમહંસ દેવની જેમ મારે પણ પરમાત્માનું દર્શન કરવું જોઇએ. એક આદર્શ સંત બનવું જોઇએ ને ઇશ્વરના પૂર્ણ કૃપાપાત્ર થવું જોઇએ. તે માટે હૃદયની શુદ્ધિ, મન ને ઇન્દ્રિયોનો સંયમ ને પ્રબળ પ્રેમ અથવા તો ભક્તિભાવની જરૂર છે. તેની સિદ્ધિ થતાં ધારેલું કામ જરૂર થઇ શકે. તે વિના માનવજીવન અલ્પ જ રહી જાય. માટે ઇશ્વર પર શ્રદ્ધા રાખીને જીવનને સદગુણી કરવા ને ઇશ્વરનું દર્શન કરવા માટે સાધના કરવા તૈયાર થવું જોઇએ.

તે પ્રમાણે ઇશ્વરની ઇચ્છા કે પૂર્વજન્મના સંસ્કાર ગમે તે કારણથી મારા મનમાં જીવનને આધ્યાત્મિક ઉન્નતિની દિશામાં આગળ વધારવાની ઇચ્છા થઇ. તે દિવસે દિવસે પ્રબળ બનતી ગઇ. તેને પરિણામે મારા જીવનનો ક્રમ જ બદલાઇ ગયો. મેં દિવસનો વધારે ભાગ વિદ્યાર્થીઓથી દૂર એકાંતમાં જ ગાળવા માંડ્યો.

નવરાશનો વખત સારા સારા વાંચન કે વિચારમાં વિતાવવા માંડ્યો. આગળ જતાં તે ક્રમમાં વધારો થતો ગયો. સ્કૂલમાં હું મોટેભાગે બપોર સુધી જ રહેતો ને પછી હેન્ગીંગ ગાર્ડન પર ચાલ્યો જતો. ત્યાં છેક ઉપર જઇને કોઇ ઝાડની છાંયામાં આરામ કરતો ને જીવનના ઘડતરની વાતો વિચારતો. હેન્ગીંગ ગાર્ડનના વચલા ભાગમાં તે વખતે એક ઝરણું હતું. તેની પાસે પણ લગભગ રોજ બેસતો. તેની પાસે બેસી રહેવાનું મને ખૂબ ગમતું. આજુબાજુ પંખી ઉડતાં ને બોલતાં, તે જોઇને મારો આનંદ માતો નહિ. ઝરણાંની અંદર પગ મૂકીને હું કલાકો લગી એ સુંદર ને શાંત વાતાવરણમાં બેસી રહેતો. કેટલાક દિવસો સાંજ પણ ત્યાં પસાર કરતો. કોઇવાર ચોપાટીના વિશાળ સાગરકિનારે આંટા મારતો. હેન્ગીંગ ગાર્ડન પર જતી વખતે મને એમ જ લાગતું કે હું કોઇ મહાન વિશ્વવિદ્યાલયમાં જઇ રહ્યો છું. કુદરત એક મોટું વિશ્વવિદ્યાલય નહિ તો બીજું શું છે ? ચાર દિવાલના બનેલા પત્થર કે ઇંટના વિશ્વવિદ્યાલયમાં જે શિક્ષણ મળે છે તેના કરતાં કુદરત પાસેથી માણસને ઓછું શિક્ષણ નથી મળતું. માણસની આંખ જો ઉઘાડી હોય ને ગ્રહણ શક્તિ તાજી હોય તો કુદરતને ખોળે બેસીને તે ઘણું ઘણું જ્ઞાન મેળવી શકે છે. નદી, ઝરણાં, સાગર, આકાશ તથા વૃક્ષો, પુષ્પો અને સંધ્યા તથા ઉષાના રંગો તેને ડહાપણ ને જીવનપરિવર્તનના કેટલાયે અવનવા પાઠ આપી શકે છે. મારો પોતાનો એ અનુભવ છે. મને પોતાને કુદરતની પાસેથી ઘણું શિક્ષણ ને ઘણી શાંતિ મળી છે. કુદરત પ્રત્યેના શરૂઆતના પક્ષપાત ને વધારે પડતા પ્રેમને લીધે જ મારે માટે કુદરતી સૌંદર્યથી ભરપૂર હિમાલયમાં વરસો સુધી વસવાટ કરવાનું વિધાન ઇશ્વર તરફથી નક્કી થયું હશે. ગમે તેમ પણ એ દિવસોમાં મને કુદરતને ખોળે વખત વિતાવવાનું ખૂબ ગમતું. એનો અર્થ એ નથી કે સ્કૂલના અભ્યાસ પ્રત્યે મને અણગમો કે અનાદર હતો. ભણતર તરફ મને ખાસ પ્રેમ હતો એ વાતનો નિર્દેશ મેં આગળ કરી જ દીધો છે. પણ મારી બુદ્ધિમાં મને વિશ્વાસ હોવાથી ભણતરની વધારે પડતી ચિંતા હું નહોતો કરતો. પરીક્ષાની આગળના દિવસોમાં હું ખૂબ પરિશ્રમપૂર્વક અભ્યાસ કરતો. એટલે પરિણામ સુંદર આવતું. મારો નંબર મોટેભાગે પહેલા ત્રણ વિદ્યાર્થીઓમાં જ રહેતો એટલે શિક્ષકોને મારે માટે સદાય સદભાવ રહેતો.

સુવાનું સ્થાન પણ મેં ફેરવી નાખ્યુ. સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરના હોલમાં સુઇ રહે એવો નિયમ હતો. પણ એકાંત ને શાંત વાતાવરણનો વિચાર કરીને ઉપરની અગાશીમાં સુવાનો નિયમ રાખ્યો. વરસાદના દિવસોમાં હું હોલની પાસેની ગેલેરીમાં સુઇ રહેતો. એવી રીતે સુઇ રહેવાનું કામ સંસ્થાના સામાન્ય નિયમની વિરુદ્ધ ગણાતું. તે માટે ગૃહપતિની વિશેષ પરવાનગીની જરૂર રહેતી. પરંતુ એક સારા વિદ્યાર્થી તરીકે સંસ્થામાં મારી એટલી નાની ઉમરમાં પણ પ્રતિષ્ઠા હતી. એટલે એકલા સુવાનું કામ મારે માટે સહેલું થયું. ગૃહપતિએ પણ એ વિશે મને ના પાડેલી નહિ. એક-બે વાર તેમણે મને તે વિશે પૂછેલું ખરું પણ મેં તેમને જણાવેલુ કે મને એકાંતમાં સુવાનું વધારે ગમે છે. એટલે તેમણે મને રજા આપેલી. એ રીતે મારુ કામ સહેલું થયું હતું.

તે દિવસોમાં મેં રાતે વહેલાં ઉઠીને પ્રાર્થના ને ધ્યાન કરવાની ટેવ પાડેલી. તે ટેવ પાછળથી પણ ચાલુ જ રહી. રાતે લગભગ એક વાગ્યાની આસપાસ ઉઠીને હું પ્રભુને પ્રાર્થના કરતા આંટા મારતો. પછી પથારીમાં બેસીને ધ્યાન કરતો. ધ્યાન કરવાની કોઇ ખાસ વિધિની મને સમજ ન હતી. પણ મારું વલણ મોટેભાગે શ્વાસોશ્વાસની ગતિ બંધ કરવા તરફ રહેતું. શ્વાસોશ્વાસ શાંત થતાં તરત સમાધિ થાય છે એમ હું

માનતો. રામકૃષ્ણદેવના જીવનમાં મેં એમ વાંચેલું કે તે મધરાત દરમ્યાન ઉઠીને એક વસ્ત્ર સાથે ને કેટલીકવાર બધા જ વસ્ત્રોનો ત્યાગ કરીને ધ્યાનમાં બેસતા. તેને યાદ કરીને મેં પણ એનું અનુકરણ કરવા માંડ્યું. વસ્ત્રને દૂર કરીને ધ્યાન કરવા માંડ્યું. પણ એમ કાંઇ રામકૃષ્ણદેવની જેમ સમાધિ ઓછી થાય ? તે માટે તો અસાધારણ અભ્યાસ જોઇએ. છતાંપણ મને તે દશામાં આનંદ જરૂર મળતો. કેમ કે બીજાની જેમ મારું મન ધ્યાન કરવા બેસતાં આમતેમ ભમતું નહિ. શરીરના ભાનને હું ભૂલી શકતો નહિ અથવા દેહાધ્યાસથી ઉપર ઉઠી શકતો નહિ પણ મનમાં ખાસ સંકલ્પ-વિકલ્પો પણ ઉઠતા નહિ. તેથી મને શાંતિ લાગતી ને મારો બધો વખત આનંદમાં વીતી જતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. પ્રેમની દશા

રાતે કોઇ કોઇ સાધકો વહેલા ઉઠીને જપ કે ધ્યાન કરવા બેસે છે. પરંતુ ઘણીવાર તેમને આળસ ને ઊંઘ સતાવ્યા કરે છે. તેથી તે મૂંઝવણમાં મૂકાય છે. તેવા સાધકોએ ઊંઘમાંથી ઉછીને મોઢું ધોઇ નાખવુ જોઇએ. વળી તે છતાં પણ સુસ્તીનું આક્રમણ ચાલુ જ રહે તો શરૂઆતમાં થોડો વખત આંટા મારતાં પ્રભુસ્મરણ કરવું જોઇએ. તેથી ઘણો ફાયદો થશે. એવા સાધકોએ રાતે પેટ ભરીને ખાવાને બદલે સૂક્ષ્મ ભોજન કરવું જોઇએ. વળી રાતે જેટલું બને તેટલું વહેલું જમવું જોઇએ. કેટલાક માણસો રાતે ખૂબ મોડા જમે છે, ભરપેટ જમે છે, ને પછી તરત જ પથારીમાં સૂવા પડે છે. એ ટેવ આરોગ્યની દૃષ્ટિએ સારી નથી ગણાતી. માટે કેવળ આરોગ્યનો વિચાર કરીને પણ તેમણે તેમાંથી છૂટવાનો પ્રયાસ કરવો જોઇએ. સાધનાનો આશ્રય લેવા માંગનાર માણસે તો તેમાંથી મુક્તિ મેળવવી જ જોઇએ. તે વિના રાતે ને વહેલી સવારે તેને સાધનાનો સાચો આનંદ નહિ મળી શકે. તે વખતે તેના પર આળસ, સુસ્તી, ઊંઘ ને કેટલીકવાર કુવિચાર ને કુસ્વપ્નનું આક્રમણ થયા કરશે.

સંસ્થામાં સાંજનું ભોજન સવા છ વાગ્યે થઇ જતું ને સુવાનો સમય રાતે નવનો હતો. એટલે મધ્યરાત્રિ દરમ્યાન કે તે પછી ઉઠવામાં મુશ્કેલી ન લાગતી ને પ્રાર્થના કરતાં કે ધ્યાનમાં બેસતાં આળસનો અનુભવ ના થતો. નાનપણથી મારું મન વધારે ભાગે વિચાર વિનાનું રહેતું. સંકલ્પો ને વિકલ્પોની સ્ફુરણા તેમાં ભાગ્યે જ થતી. કોઇ ઠેકાણે બેસીને હું કોઇ ઝાડ-પાનને જોતો હોઉં, સાગરના પાણીને જોતો ફરતો હોઉં, રાતે તારા મઢેલા વ્યોમનો વૈભવ જોતો હોઉં કે હેન્ગીંગ ગાર્ડનમાં આરામ કરતાં કરતાં આકાશમાં સરી જતા વાદળનું નિરીક્ષણ કરતો હોઉં, મારું મન તે વખતે વધારે ભાગે શાંત જ રહેતું. એ એક હકીકત હતી. એટલે ધ્યાન કરતી વખતે મનને નિર્વિચાર કરવાનો પ્રશ્ન મારે માટે ખાસ ભારે ન હતો. બીજા કેટલાકને તે પ્રશ્ન જેમ મૂંઝવ્યા કરે છે તેમ તેણે મને ખૂબ મૂંઝવણમાં મૂક્યો નહિ. મારે માટે મોટો પ્રશ્ન દેહભાનને ભૂલી જવાનો ને સમાધિમાં પ્રવેશ કરવાનો હતો. તે પ્રશ્ન મને જરા વધારે ભારે લાગતો ને તેના ઉકેલ માટે કોઇપણ પ્રકારની સ્પષ્ટ સમજ વિના મારા પ્રયાસ ચાલુ રહેતા. મારા જીવનમાં તેવા પ્રયાસ વરસો સુધી ચાલુ રહ્યા. ત્યારે જ ઇશ્વરની કૃપાથી છેવટે દેહાતીત દશાનું દ્વાર મારે માટે ઉઘડી શક્યું. સૌથી આગળ તરી આવતી વિશેષ વસ્તુ તો એ હતી કે ઉત્તમ દશાના અનુભવ માટેના એ પ્રયાસ મારે ઇશ્વર પર શ્રદ્ધા રાખીને એકલે હાથે જ કરવા પડ્યા. સાધનાના સંગ્રામમાં લાંબા વખત લગી શરૂઆતમાં મારે એકલે હાથે જ લડવું પડ્યું. કોઈ બાહ્ય શક્તિ કે ગુરુની દોરવણીનો લાભ મને ના મળી શક્યો, તેથી મારું કામ કઠિન જરૂર થયું. પરંતુ તેણે મને નિરાશ નથી કર્યો. મારી શ્રદ્ધા, ભાવના ને મહત્વાકાંક્ષા દિનપ્રતિદિન વધારે ને વધારે ઉત્કટ બનતી ગઇ, ને જેવી સમજ્યો તેવી સાધના પણ મેં ચાલુ રાખી. સાધનાના બાગના માળી બનીને તેની એકલે હાથે માવજત કર્યે રાખી. એમ વરસ પર વરસ વીતતાં જ ગયા.

તે દિવસોમાં શરૂ થયેલી એક બીજી અનુભવદશાનો ઉલ્લેખ પણ કરી લઉં. રામકૃષ્ણદેવનું જીવન વાંચ્યા પછી મને થયું કે તેમની જેમ મને પણ ઇશ્વરને 'મા' રૂપે ભજવાનું જ ગમશે. તે ભાવ મને વારસામાં મળ્યો હોય તેમ લાગ્યું. તેથી મેં પણ ઇશ્વરને જગદંબા માનીને પ્રાર્થના કરવા માંડી. પ્રાર્થનાના વિજ્ઞાનની

મને કશી જ સમજ ન હતી. તેના વિધિવિધાનની પણ માહિતી ન હતી. મને તો એટલી જ ખબર હતી કે ઇશ્વર સંસારની માતા છે ને હું તેનો બાળક છું. તે બધે જ હાજર છે છતાં પવિત્રતા ને પ્રેમની કમીને લીધે તેનું દર્શન દુર્લભ થઇ ગયું છે. માટે હૃદયની પવિત્રતા, પ્રેમ ને દર્શનને માટે તેને પ્રાર્થના કરવી જોઇએ. બાળક જેમ 'મા' ને માટે તલસે છે ને રડે છે તેમ તેને માટે તલસવું ને રડવું જોઇએ. એની આગળ દિલને ખુલ્લું મૂકી દેવું જોઇએ. તેની કૃપાના આસ્વાદ માટે આતુર બનવું જોઇએ. તો તે જરૂર કૃપા કરી દે, દર્શન દે ને જીવન સંપૂર્ણપણે સુખી, શાંત, સમૃદ્ધ ને કૃતાર્થ બની જાય. એ સંબંધમાં મેં પરમહંસદેવના વચનો વાંચ્યા હતા, ને લગભગ રોજ રાતે સૂતાં પહેલાં તેનું પુનરાવર્તન પણ થતું હતું. મારે માટે તે એક જાતનો ઉપયોગી, સ્વાદિષ્ટ ને શક્તિસંચારક ખોરાક થઇ ગયો હતો. રોજ રાતે જમ્યા પછી હું ઉપર અગાશીમાં જઇને બેસતો. વળી કોઇવાર સંસ્થાના મોટા મેદાનમાં આવેલા ચકડોળ પર બેસતો કે ચોપાટીના દરિયાકિનારે જતો. ત્યાં બેસીને જગદંબાના દર્શન માટે પ્રાર્થના કરતો. તે વખતે મારી દશા અજબ જેવી થઇ જતી. મારું હૃદય ભાવવિભોર ને કરુણ બની જતું. કેટલીકવાર મને 'મા'ના દર્શન માટે રડવું પણ આવતું. કોઇવાર ભાવમાં ડૂબી જઇને હું અગાશીમાં કે ચોપાટીની રેતીમાં આળોટતો તો કોઇવાર કોઇ ભૂલને યાદ કરીને તે માટે પશ્ચાતાપ કરતાં પૃથ્વી સાથે માથું ઘસતો. હે મા, મને શુદ્ધ બનાવ, મુક્ત બનાવ ને દિવ્ય બનાવ. મારી નિર્બળતાનો નાશ કરી દે, મારા દૂષણ દૂર કર, મારી અશુદ્ધિનો અંત લાવી દે - એવી પ્રાર્થના હું રોજ કરતો. વળી એમ પણ કહેતો કે હે મા, હું તો નાનો બાળક છું છતાં મારા દિલમાં તમારા દર્શનની લગની લાગી ગઇ છે. મારી આંખ તમારે માટે આતુર ને તરસી થઇ છે. તમારું સુંદર રૂપ જોવાનું મને મન થયું છે. રામકૃષ્ણદેવની જેમ મારે તમારી સાથે વાતો કરવી છે તો મારા પર કૃપા કરો. તમે કૃપા કરી દેશો તો છેવટે કશું જ બાકી નહિ રહે. બધી ઇચ્છા પૂરી થશે ને જીવન સુખી બનશે. તમે તો સર્વસમર્થ છો. જે ધારો તે કરી શકો છો. તો હવે મને દર્શન દો. મારા પર કૃપા કરો. મારાથી દૂર ના રહો. તમે તો માતા છો, દયાળુ છો, પ્રેમની મૂર્તિ છો. તો મારી પાસે દોડી આવો ને મારી સંભાળ લો.

એવી એવી પ્રાર્થનાની દશામાં કલાકો વીતી જતાં. પછી તો દિવસે પણ એવી પ્રાર્થના ચાલુ રહેતી. સવારમાં જ મોટેભાગે હું હેન્ગીંગ ગાર્ડન પર જતો. ત્યાં બેસીને અથવા કોઇવાર સંસ્થામાં રહીને ઉષા ને સંધ્યાના પલટાતા જતાં રંગોને અવલોકવામાં મને આનંદ આવતો. તે વખતે પણ જગદંબાને યાદ કરીને ને જુદા જુદા રંગોમાં તેની જ સુંદરતાની ઝાંખી કરીને હું પ્રાર્થના કરતો ને કરુણતા અનુભવતો. રાતે તો મારી દશા ખૂબ જ કરુણ થઇ જતી. પ્રાર્થના ને આરાધનાના ભાવથી હૃદય ભરાઇ જતું. તે વખતે કોઇની સાથે વાત કરવાનું મન પણ થતું નહિ. તે વખતે કોઇ મને જોતું તો તેને ભારે આશ્ચર્ય થતું. મારા મનની કલ્પના કરવાનું કામ પણ બીજાને માટે મુશ્કેલ હતું. મારા ભાવો ને વિચારોને સમજવાની બીજામાં શક્તિ પણ ન હતી. એ બધાની અભિવ્યક્તિ કરવાની જરૂરે ન હતી. એટલે મોટેભાગે એકાંતમાં રહીને જ હું મારું કામ કર્યા કરતો ને મારા ભાવોને બનતાં ગુપ્ત રાખતો. દિલનું દર્દ દિલમાં જ ઠલવાયા કરતું.

આ બધી વાત હું ચૌદ વરસથી શરૂ કરીને પછીના ત્રણેક વરસ સુધી તે સંસ્થાના નિવાસ દરમ્યાનની મારી ઝાંખીને માટે કરી રહ્યો છું. પ્રેમની એ દશામાં ઉત્તરોત્તર વધારો જ થતો ગયો. કોઇને એવી શંકા થવાનો સંભવ છે કે 'એટલી નાની ઉંમરમાં તે પ્રેમની એવી દશા હોય ને પ્રેમના એવા પ્રબળ ભાવો

દિલમાં જાગી શકે ?' પરંતુ જે જન્માંતરમાં માને છે એને એવી શંકા કદી પણ નહિ સતાવે. તે તો જાણે છે કે આ જન્મ કાંઇ એક જ ને પહેલો જન્મ નથી. આ પહેલાં ઘણાં જન્મો વીતી ગયા છે ને તેના સંસ્કાર વારસામાં મળ્યા છે. એ સારા કે નરસા કે કર્મસંસ્કારનો વારસો આ જીવનના ઘડતરમાં આરંભથી જ ભાગ ભજવે છે. એટલે ચાલુ જીવનમાં કોઇની ઉંમર નાની દેખાતી હોય તો તેને નાની જ માની લેવાની ભૂલ કરી બેસવાની જરૂર નથી. જીવન અનંત છે ને તેના ચક્રમાં વિચરણ કરનારા જીવે કેટલીય ઉંમર પૂરી કરી છે. તેનો હિસાબ કે આંક કોઇથી કાઢી શકાય તેમ નથી. એટલે નાની ઉંમરમાં કોઇના જીવનમાં કોઇ વિશેષતા કે કોઇ મહત્તાનું દર્શન થાય કે કોઇ મોટું કામ થયેલું લાગે તો નવાઇ પામવાની જરૂર નથી. મારી દશાનો વિચાર કરીને પણ કોઇએ શંકા કરવાની જરૂર નથી. જન્માંતર સંસ્કાર બહુ પ્રબળ હોય છે. એવા સંસ્કારવાળા ધાર્મિક પાત્રો સંસારમાં ઘણાં થઇ ગયા છે. તેમની વિશેષતા આગળ મારી વિશેષતા કાંઇ જ નહિ લાગે. જુઓને, ધ્રુવજીએ પાંચેક વરસની જ ઉંમરે તપ કરીને ભગવાનનું દર્શન કર્યું. પ્રહ્લાદે પણ નાની ઉંમરમાં ઉત્તમ પદ મેળવી લીધું. ને શંકર (શંકરાચાર્ય), શુકદેવ, નારદ, જડભરત, અષ્ટાવક્ર ને જ્ઞાનેશ્વરે નાની ઉંમરે કેવું અલૌકિક કામ કર્યું ! તેમની સરખામણીમાં મારું કે કોઇયે સાધારણ માણસનું કામ શું વિસાતમાં છે ? છતાં પણ તે વખતે જે કામ થઇ રહ્યુ હતું તે જન્માંતરના અનુસંધાનમાં હતું એ જ કહેવા માંગુ છું.

પ્રેમની એ દશા ધીરે ધીરે વધતી ગઇ. પછી તો જાણે 'પત્રે પત્રે વિટપવિટપે' 'મા' જ છે એમ લાગવા માંડ્યુ. સંધ્યા ને ઉષાના રંગોમાં ને તારા-ચંદ્રમાં તેની જ મોહિની લાગવા માંડી. રાતે ચોપાટીના દરિયાના પાણીમાં ઉભો રહેતો ત્યારે મોટા મોટા મોજાં મારા પગની આસપાસ ફરી વળતા. તે વખતે તરંગોના રૂપમાં આવીને 'મા' જ મને આશ્લેષ આપતી હોય એમ લાગતું. કિનારા પરની રેતીમાં, ફૂલમાં, પતંગિયાની પાંખોમાં ને પંખીની સુમધુર સુરાવલિમાં 'મા'ની જ હાજરી દેખાતી ને 'મા'ના પ્રેમનું દર્શન થતું. રસ્તે ચાલતાં જે કુમારી કે સ્ત્રી મળતી તેમને પણ 'મા'ની પ્રકટ પ્રતિમા માનીને મનોમન પ્રણામ કરવાની મેં ટેવ પાડેલી. પુરુષો ને સ્ત્રીઓની દૃષ્ટિ ને વાણીમાં તેનો જ વિહાર અનુભવાતો. એ દશા સહજ બની ગઇ. રાત્રે સૂતી વખતે પણ 'મા'ના ખોળામાં માથું મૂકતો હોઉં એમ માનીને હું ઉશીકા પર માથું મૂકતો. વેદાંતની 'બધે બ્રહ્મ'ની ફિલસૂફી એ રીતે મારે માટે જાણે અનુભવની સામગ્રી બની ગઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. બે પ્રવાહો ને પ્રેતની વાત

પ્રેમની દશા મારા જીવનમાં એવી રીતે વધતી જ ગઈ. અનુભવની અવનવી દિશા પણ ઉઘડતી ગઈ ને જીવન નવાનવા ભાવોથી ભરાવા લાગ્યું. જગદંબાના નિરાકાર રૂપની ઝાંખી મને મારી આજુબાજુના બધા પદાર્થોમાં થવા લાગી. તેની હાજરીનો અનુભવ મારે માટે અખંડ અને આનંદદાયક થઈ પડ્યો. મારા જીવનમાં તે વખતે બે પ્રકારના પ્રવાહો કામ કરી રહેલા. એક પ્રવાહ મારી ઊંડી ભાવનાનો હતો. તેને લીધે જડ ને ચેતનમાં મને જગદંબાના સુંદર સ્વરૂપની ઝાંખી થતી. સંસારના પ્રત્યેક પદાર્થમાં તેનો ભાસ થતો. જુદા જુદા રૂપમાં તે જ રમણ કરે છે, લીલા કરે છે, એવો અનુભવ મળ્યા કરતો. પરિણામે મારું હૃદય પ્રસન્ન બની જતું. પરંતુ પ્રસન્નતાની સાથે સાથે તેમાં કરુણતા પણ પ્રગટ થતી. તેનું કારણ પ્રેમ ને લાગણીનો અતિરેક હતું. તેને લીધે સઘળા પદાર્થોમાં રમી રહેલા જગદંબાના સ્વરૂપને મૂર્ત થયેલું જોવાની મને ઈચ્છા થતી. મતલબ કે જે જગદંબા કે ઈશ્વર પ્રેમ, પવિત્રતા, સુંદરતા ને વિશેષતા બનીને સંસારના સઘળા પદાર્થોમાં વિરાજમાન છે તે પોતાનું પૂર્ણ ને સ્વતંત્ર સ્વરૂપ ધરી મારી સામે પ્રગટ થાય ને મારી સાથે વાતો કરીને મને પોતાના પ્રેમમાં નવરાવી દે એવી મારી ભાવના હતી. તે ભાવનાને સાકાર કરવા માટે મારું હૃદય તલસવા ને રડવા માંડતું તેમજ સતત પ્રાર્થનાનો આધાર લેતું. જગદંબાના સાક્ષાત્ દર્શનનું કામ કાંઈ એટલું સહેલું ન હતું. મને તેની ખબર હતી છતાં પણ તેની ઈચ્છા મારા દિલમાં સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થયેલી. તેને દૂર કરવાનું મારે માટે અસંભવિત હતું. નદી જેમ સાગર તરફ કોઈનો ઉપદેશ લીધા વિના સ્વાભાવિક રીતે જ વહે છે ને વરાળ કોઈની ભલામણ વિના સહજ રીતે જ ગગન તરફ ગતિ કરે છે તેમ મારું મન કુદરતી રીતે જ જગદંબાને મળવાના મનોરથ કર્યા કરતું. કામ મુશ્કેલ છે તેની ખબર હોવા છતાં તે તેનો ત્યાગ કરવા અસમર્થ હતું. પૂર્વજન્મના સંસ્કાર જ જાણે કે મને એ દિશામાં ખેંચી રહ્યા. તેની જ પ્રેરણાથી મારું જીવન જાણે કે ઝંકૃત થયું, ને પ્રેમ ને ભક્તિના નવા સૂર છેડવા માંડ્યું. ગયા જન્મનું અનુસંધાન જાણે કે શરૂ થઈ ચૂક્યું. નવજાગરણની એ ક્રિયા ક્રમે ક્રમે છતાં ચોક્કસ રીતે થઈ રહી.

પ્રેમ કે ભક્તિના એ પ્રવાહની સાથે સાથે બીજો એક પ્રવાહ પણ ચાલી રહ્યો. તે પ્રવાહ તેના અનુસંધાનમાં ને તેના વિરોધી નહિ પણ પૂરક કે સહાયક પ્રવાહ તરીકે કામ કરી રહ્યો. તે પ્રવાહ ધ્યાનનો અથવા યોગનો હતો. તેની ગતિ પહેલાં પ્રવાહ કરતાં ઘણી મંદ હતી ને તેનું સ્વરૂપ પણ પહેલાંની સરખામણીમાં સાધારણ હતું. છતાં તેની અસર પણ તે વખતના જીવન પર થોડીઘણી થઇ રહી. ભક્તિના પંથની પેઠે યોગના પંથની યાત્રા પણ સહેલી ન હતી. તેમાં પણ ભારે ધીરજ, શુદ્ધિ ને મહેનતની જરૂર હતી. અખંડ સાધના વિના તેની સિદ્ધિ થવાનું કામ કપરું હતું. તે યાત્રા માટે પણ જન્માંતર સંસ્કારો જ મને પ્રેરિત કરી રહ્યા. ભગવાન બુદ્ધ, સ્વામી ભાસ્કરાનંદ ને ત્રૈલંગ સ્વામીના જીવન મેં સારી પેઠે વાંચેલા. તેમની જેમ મહાન યોગી, પ્રકૃતિના સ્વામી થવાની ને મૃત્યુંજય બનવાની ધગશ મારામાં જાગી ઉઠી. સમાધિના ઊંડા પ્રદેશમાં પ્રવેશ કરીને આત્મદર્શન કરવાની ને પરમ શાંતિ, પૂર્ણતા ને મુક્તિનો અનુભવ કરવાની મને લગની લાગી. તે કામ કેવી રીતે કરી શકાશે ને કેટલા વખતમાં કરી શકાશે તેની મને ખબર ન હતી. પણ મારી શ્રદ્ધા, ભાવના ને મહત્વકાંક્ષા અજબ, અડગ અને અમર હતી. જીવનને ઉજ્જવળ કરવાનો ને મહાન

થવાનો મારો સંકલ્પ દૃઢ હતો એટલે મારી શક્તિ ને સમજ પ્રમાણે તેની પૂર્તિ કે સફળતા માટે હું બનતો પ્રયાસ કર્યા કરતો.

કિશોર ને યુવાવસ્થાના વરસો જ એવા વિલક્ષણ હોય છે. તે વરસોમાં મન જે વસ્તુને પકડી લે છે તેમાં પાવરધા બનવાનો ને તેમાંથી પાર ઉતરવાનો પ્રયાસ કરે છે. આશા, શ્રદ્ધા, ઉત્સાહ ને મહત્વાકાંક્ષા તે વખતે સર્વલક્ષી ને સમુન્નત બને છે ને જો યોગ્ય રાહ ને રાહબર મળી જાય તો જીવનને માટે મંગલકારક થઇ પડે છે. મારુ હૃદય પણ તે વખતે ઉત્તમ ભાવના, વિચાર ને ઉત્સાહથી ભરપૂર હતું. તેમાં ઉઠતાં દિવાસ્વપ્નો ઘણાં જ મહાન અને અલૌકિક હતા. ક્રાંતિના એ કાળમાં જીવનને જરૂરી આધ્યાત્મિક માર્ગ મળી ગયો તે જીવનનું સદભાગ્ય હતું.

મારા સહાધ્યાયી વિદ્યાર્થીઓમાં આવી કોઇ ભાવનાનું દર્શન ભાગ્યે જ થતું. આજુબાજુના વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ જીવનના પ્રેરણાબળથી રહિત જ દેખાતાં. કેટલાક મોટાં મનાતા માણસોની પણ એ જ દશા હતી. પોતાની નાનીસરખી વિચારસૃષ્ટિમાં જ તે સંતુષ્ટ હતા. એ દશામાં મને વારંવાર થતું કે ઇશ્વરે મને એકલાને જ આવું હૃદય કેમ આપ્યું છે અને આવી આધ્યાત્મિક ભાવના મારામાં જ કેમ ભરી છે ? તે વખતે મને ખબર નહિ કે આધ્યાત્મિક ભાવનાથી સંપન્ન માણસો દુનિયામાં હમેંશા બહુ થોડા જ થતા રહ્યા છે. બહુ થોડા માણસોને ઇશ્વરની ભૂખ હોય છે ને વધારે ભાગના માણસો તો શરીર ને સંસારના વિષયોમાં જ ઇતિકર્તવ્યતા માનીને બેસી રહે છે.

માણસોના મન જીવનને વધારે ને વધારે મહાન ને ઉજ્જવળ કરવાની આકાંક્ષાથી કેમ ભરાઇ જતા નથી એ એક આશ્ચર્ય છે. વધારે ભાગના માણસો પોતાને દીન, હીન ને પામર માનીને બેસી રહે છે ને એ જ રોજિંદુ જીવન જીવ્યા કરે છે. યુવાનો પણ સ્વપ્ન સેવીને પોતાના સ્વપ્નોને સિદ્ધ કરવા માટે શ્રમ કરનારા કેમ થતા નથી ને થાય છે તો કેમ ઓછા થાય છે એ એક આશ્ચર્ય છે. તેમની રગેરગમાં મહત્વકાંક્ષા ને ઉત્સાહનો સંચાર કેમ થતો નથી ને તેમના દિલમાં નવા ક્ષેત્રોને સર કરવા ને ઉત્તમ પદ પર પ્રતિષ્ઠિત થવા માટે થનગનાટ કેમ થતો નથી એ આશ્ચર્ય મને તે વખતે પણ થતું. કેમ કે તે વખતે મારું જીવન જુદું હતું. વધારે ભાગના યુવાનો કરતાં તે જુદી જ દિશામાં વહી રહેલું. તે વખતે મારી સાથે ભણતા એક ભાઇ, નારાયણભાઇ મારી વાતને સમજી શકે તેમ હતા. તે સારા ગુણો ને સંસ્કારોથી સંપન્ન હતા. વળી મારા પર પ્રેમ રાખતા. એટલે એમની આગળ કેટલીકવાર હું મારા દિલને ખુલ્લું કરતો.

તે વખતે હું એકલો અગાશીમાં સૂઇ રહેતો એ વાત મેં આગળ કહી દીધી છે. તેથી કેટલાક વિદ્યાર્થી નવાઇ પામતા. તેનું કારણ જરા જુદું હતું. વાત એમ હતી કે અમારી સંસ્થામાં એક નહિ પણ ત્રણ પ્રેત રહે છે એવી વાત પરંપરાથી વહેતી આવેલી. કોઇ કોઇ વિદ્યાર્થીઓએ એમનો અનુભવ પણ કર્યો હતો. એ બાબતે સંસ્થામાં રસોઇ કરનાર ત્રણ-ચાર મહારાજ પણ સાક્ષી પૂરવાનું કામ કરતા. વાત એમ હતી કે સંસ્થામાં દર સુદ બારસે લાડુ બનતા. એટલા બધા વિદ્યાર્થીઓના લાડુ સવારે બની શકે નહિ એટલે મહારાજ રાતે જાગીને લાડુ બનાવી લેતા. એક વાર તે પોતાના કામમાં મગ્ન બનીને વાતો કરી રહ્યા હતા ત્યારે રસોડાની બારી પાસે તેમણે એક પારસી ગૃહસ્થને હાથમાં કપડાનું પોટલું લઇને ઉભેલો જોયો. થોડી વારે તે પારસી ગૃહસ્થ રવાના થયો. તે દરમ્યાન એક મહારાજ બેટરી લઇને બધે જોવા માંડ્યાં પણ કાંઇ દેખાયું નહિ. ફકત દુરના નળ પાસેથી કપડાં ધોવાનો અવાજ

આવવા માંડ્યો. મહારાજ ત્યાં ગયા ત્યારે ત્યાં પણ કાંઇ ના દેખાયું અને અવાજ પણ બંધ થયો. બીજે દિવસે એ વાત સંસ્થાના વિદ્યાર્થીઓમાં વહેતી થઇ. કોઇને બીક પણ લાગી. કોઇ વિદ્યાર્થીઓએ પોતાના એવા જ અનુભવો વર્ણવ્યા. ખાસ વાત એ હતી કે પ્રેત એક નહિ પણ ત્રણ મનાતા. કહે છે કે સંસ્થાનું મકાન પહેલાં એક મરાઠી બ્રાહ્મણ, એક પારસી ને એક ખ્રિસ્તીનું હતું, ને મરણ પછી તે ત્રણે પ્રેત થયેલા હતા.

એક દિવસ એક સારા ને મોટા વિદ્યાર્થીએ પોતાની વાત રજૂ કરતા મને કહેવા માંડ્યુ, 'હું પણ પહેલા રોજ એકલો ગેલેરીમાં સૂતો. પણ એક દિવસ ભરઉંઘમાં હતો ત્યારે કોઇ મરાઠી જેવો માણસ આવ્યો ને મને કહ્યું કે અહીં કેમ સૂતો છે ? આ સૂવાની જગ્યા નથી. જોજે, કાલથી અહીં સૂઇ ન રહેતો. પછી તે વિદાય થયો. છતાં પણ બીજે દિવસે મેં ત્યાં સૂવાનું ચાલુ જ રાખ્યું. બીજે દિવસે પણ તે આવ્યો ને મને આગલી રાતના શબ્દો ફરીથી કહીને તમાચો મારી દીધો. ને મારી પથારીને ખેંચીને ગેલેરીને બીજે છેડે મૂકી દીધી. પણ ત્યારથી હવે હું બળવાન છું તોપણ ત્યાં સૂતો નથી. મારી હિંમત જ ચાલતી નથી. માટે તમે પણ એકલા અગાશીમાં ના સુશો. બધાની સાથે હોલમાં જ સુજો. તમારા ભલા માટે કહું છું.'

પણ તે ભાઇની વાત મેં ગળે ના ઉતારી. એમની વાત સાંભળ્યા પછી તો મારો એકવાર સૂવાનો રસ ઉલટો વધી ગયો. લગભગ રોજ રાતે પથારીમાં બેસતાં કે આંટા મારતાં હું જોતો કે ભૂત દેખાય છે કે કેમ ? મને થતું કે હું તેને સદ્દુપદેશ આપીને સન્માર્ગે વાળીશ. મેં તેનું કાંઇ બગાડ્યું નથી, તેથી મારે તેનાથી ડરવાની જરીયે જરૂર નથી. તે હશે તોપણ મારી પાસે શા માટે આવશે ? હું તો અહીં બેસીને ઉત્તમ કામ કરી રહ્યો છું. તે વખતે મારામાં નિર્ભયતા ઘણી હતી એટલે હું શાંતિપૂર્વક સૂઇ રહેતો. લગભગ ત્રણેક વરસથી પણ વધારે વખત સુધી એમ ચાલ્યું. પણ એકે દિવસ મેં પ્રેતનું દર્શન ના કર્યું ! જ્યારે મેં સંસ્થા છોડી ત્યારે મારી જેમ એક બીજા ભાઇ પણ મારી જગ્યાએ સૂવા માંડ્યા. પણ બીજે કે ત્રીજે જ દિવસે તેમની પાસે કોઇ માણસ આવ્યો ને તેમને તમાચો મારીને 'અહીં કેમ સૂતો છે' એમ કહીને ઉભો રહ્યો. તે ભાઇ ગભરાટમાં આવી જઇને નીચે હોલમાં પથારી લઇને જતા રહ્યા. તે પછી તેમણે અગાસીમાં સૂવાનું છોડી દીધું. સંસ્થા છોડ્યા પછી મને મળ્યા ત્યારે તેમણે મને એ વાત સંભળાવીને કહ્યું હતું કે 'એવી જગ્યામાં તમે આટલો લાંબો વખત કેવી રીતે સૂઇ શક્યા ? કે પછી તમારા તરફ ભૂતને કોઇ પક્ષપાત હતો ?'

મેં તેમને ઉત્તર આપતા કહ્યું કે, 'ઇશ્વરેચ્છાની વાત છે. બાકી ભૂત સાથે મારે કોઇ સંબંધ કે મિત્રતા થોડી જ છે ? પછી તે મારા તરફ પક્ષપાત શા માટે રાખે ? બાકી તો તે મળે તો ખુલાસો કરી શકાય. મને ઇશ્વર પર શ્રદ્ધા છે. તેથી જ હું ત્યાં સુતો હતો. ઇશ્વર મારી રક્ષા કરે છે એવો મારો વિશ્વાસ હતો. તેણે જ મારી રક્ષા કરી હશે. તેથી જ હું નિર્ભય ને સલામત રહી શક્યો.'

મારા ખુલાસાથી તેમને આનંદ થયો ને તેમનો મારા પરનો પ્રેમ વધી પડ્યો. પરંતુ તેમાંથી પ્રેરણા મેળવીને એકલા અગાસીમાં સુવાની હિંમત તે કેળવી શક્યા નહિ.

ત્યારે શું પ્રેત નામના કોઇ વસ્તુ છે ખરી ? કે પછી તે માત્ર મનની કલ્પના, શંકા કે વહેમવૃત્તિ છે ? કોઇને એવો પ્રશ્ન થવાનો સંભવ છે. તેના ઉત્તરમાં આપણે કહીશું કે જેમ મનુષ્યયોનિ એક યોનિ છે તેમ પ્રેતયોનિ પણ ચોક્કસ યોનિ છે. એટલે ભૂતપ્રેત હોવાની વાત તદ્દન સાચી છે. તે કોઇ કલ્પના, શંકા, પરંપરાગત અંધશ્રદ્ધા અને અજ્ઞાનમાંથી ઊભી થયેલી માન્યતા કે વહેમ નથી. મનુષ્યયોનિ સિવાયની બીજી

કેટલીય યોનિઓ આ સંસારમાં હયાત છે. તેમા પ્રેતયોનિ પણ એક છે. એ બાબતે ભારતના ધર્મપુસ્તકો સૂર પુરાવે છે. મહાભારત, ભાગવત, રામાયણ ને ગીતામાં પ્રેતયોનિની હયાતિના પુરાવા પડેલા છે. એટલે તેની સત્યતાની ખાત્રી થાય છે. શાસ્ત્રો કહે છે કે પ્રેતયોનિ કેવળ સૂક્ષ્મ શરીરે રહેનારી હોય છે. એટલે તે યોનિમાં સ્થૂલ શરીરની મદદ વિના જીવ ભોગ ભોગવ્યા કરે છે.

મોટે ભાગે એવું બને છે કે બીકણ ને વહેમી લોકો ભૂતપ્રેતની ખોટી વાતોને ફેલાવે છે ને તે સાંભળીને બીજા માણસો ડરવા માંડે છે. 'અમુક ઘરમાં ભૂતનો વાસ છે તેથી તેમાં કોઇ રહી શકતું નથી ને હિંમત કરીને રહેવા જાય છે તો ભૂત પોતાનો પરચો બતાવ્યા વિના રહેતું નથી. પરિણામે જે રહેવા જાય છે તે બિમાર પડે છે. ગામની ભાગોળે અમુક કુવામાં ભૂત રોજ રાતે ભૂસકા મારે છે ને નહાવા પડે છે. તથા અમુક ખાસ ચોતરો ને અમુક ખાસ ઝાડ તો તેનાં કાયમી નિવાસસ્થાન ગણાય છે.' - એવી એવી વાતો ગામડામાં ને શહેરમાં સારી પેઠે પ્રચલિત હોય છે.

વડોદરામાં એક યોગીએ એક શેઠના ખાલી બંગલામાં ઉતારો કર્યો. ને તેના કંપાઉન્ડમાં જમીનમાં મોટો ખાડો ખોદાવીને સમાધિ લીધી. નવમે દિવસે તે બહાર નિકળવાના હતા. પણ તે પહેલાં જ જમીનની અંદરથી દુર્ગંધ આવવા માંડી. ભોંયરામાં તપાસ કરી તો પેલા યોગીપુરુષનું મરણ થયું હતું. તેમના શબને ઠેકાણે પાડ્યું. પરંતુ બંગલો પછી ખાલી જ પડી રહ્યો. કેમકે પાસે રહેનારાં માણસો કહેવા માંડ્યા કે પેલા યોગીની કોઇ વાસના રહી ગઇ છે, ને તે પ્રેત થયા લાગે છે. રાતે તે બંગલાની અંદર ને બહાર ફરે છે ને ધમાલ કરી મૂકે છે ! એટલે ભૂતપ્રેતની વાતો ગામડાના અભણ લોકોમાં જ ફેલાયેલી છે એમ નહિ. શહેરના ભણેલા કહેવાતા લોકોનો પણ તેને ટેકો છે. પશ્ચિમના દેશોમાં અને આપણે ત્યાં પણ કેટલેક ઠેકાણે મૃતાત્માઓ ને પ્રેતાત્માઓને બોલાવવાની ને તેમની સાથે વાત કરવાની વિદ્યા પ્રચલિત છે ને તેમાં માનનારી ને સક્રિય કામ કરનારી સંસ્થાઓ પણ છે. એટલે ભૂતપ્રેતની વાત સાવ નિરાધાર કે અંધશ્રદ્ધામાં ખપાવી ઉડાવી દેવા જેવી નથી. તેની પાછળ ખાસ વિજ્ઞાન છે. માણસનું જ્ઞાન અને અનુભવનું ક્ષેત્ર એટલું બધું અલ્પ છે કે સંસારના કેટલા બધા રહસ્યનો ઉકેલ તે હજી બરાબર કરી શક્યો નથી. માટે કોઇ વસ્તુને નિરર્થક ઠરાવવાનું સાહસ ઠીક નથી.

તોપણ એક વાત તો નક્કી છે કે કેટલીક વાતો લોકોએ ઉપજાવી કાઢેલી હોય છે ને બીજી કેટલીક રજનું ગજ કરીને મીઠું-મરચું ભભરાવીને વધારી મૂકી હોય છે. કેટલીક પૂર્વજો તરફથી વારસામાં મળીને વંશપરંપરાથી વહેતી થઇ હોય છે ને બહુ જ થોડી વાસ્તવિક હકિકતથી ભરેલી હોય છે. એટલે માણસે બધી દશામાં વિવેક કરવાની જરૂર છે. બીજી મહત્વની વાત એ છે કે ભૂતપ્રેતની વાત ગમે તેટલી સાચી હોય તોપણ માણસે તેથી નાહિંમત કે ડરપોક બનવાની જરૂર નથી. તે વાતોની નબળી અસરથી તેણે મુક્ત રહેવું જોઇએ. તેણે નીડર ને શૂરવીર બનતાં શીખવું જોઇએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. સાપનું સ્વપ્ન

ભૂતકાળના એ દિવસો અત્યંત ઝાંખા સ્વરૂપમાં સ્મૃતિપટ પર તાજા થાય છે. આજે તો ગંગાતટના આ સ્થાનમાં બેસીને હિમાલયના પાવન પ્રદેશની હવા લઇ રહ્યો છું. દિલના ભાવો બદલાઇ ગયા છે. વિચારો વધારે વિશદ અને વિશાળ બન્યા છે અને આદર્શમાં અલૌકિકતા આવી ગઇ છે. બીજમાંથી જેમ અંકૂર ફૂટે ને તેમાંથી ફૂલ અને ફળની દુનિયા બહાર આવે તેમ બાળપણના સાધારણ સંસ્કારબીજોમાંથી નવી દુનિયા ઉગી નીકળી છે. એ બીજોની કીમત આંકી ના અંકાય તેવી ભારે છે ને તેમનું મહત્વ પણ ભૂલવા જેવું નથી, કેમ કે તેમના વિના ફૂલ ને ફળથી ભરેલી જીવનની વાડીની આ નવી દુનિયા ક્યાંથી થાત ? મૂળ જ ના હોત તો શાખાની સૃષ્ટિ ક્યાંથી થાત ? પાયા વિના મકાનનું ચણતર જેમ થઇ શકે નહિ, દૂધ વિના દહીં બની શકે નહિ, ને કૌમાર્ય દશામાંથી પસાર થયા વિના સ્ત્રી વૃદ્ધા બની શકે નહિ તેમ બાલ્યાવસ્થાનો અનુભવ કર્યા વિના યુવાવસ્થાના અનુભવ માટેનો અધિકાર ના મળી શકે. બાલ્યાવસ્થા જીવનની ઇમારતનો પાયો છે. તેની અસર સમગ્ર જીવન પર ઘણી જ પ્રબળ પડે છે. એટલે તેની ઉપેક્ષા કે અવગણના કેવી રીતે થઇ શકે ?

એ દિવસોમાં મને એક સ્વપ્ન આવ્યું. અમારી સંસ્થામાં એક નાનું મંદિર અને એની બહાર નાનું સરખું મેદાન હતું. તે મેદાનમાં હું ઊભો છું એવું સ્વપ્ન શરૂ થયું. થોડીવાર સુધી હું ઊભો રહ્યો કે તરત જ મેદાનના છેડા તરફથી નીકળીને એક સાપ મારી તરફ આવવા માંડ્યો. મને જરા ભય લાગ્યો એટલે મેં મેદાનમાં દોડવાનું શરૂ કર્યું. પણ મારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે સાપ પણ મારી પાછળ દોડવા માંડ્યો. હું આગળ ને સાપ પાછળ. કેટલાય વખત સુધી મેદાનમાં દોડવાનું ચાલ્યા જ કર્યું. છેવટે મને થાક લાગવા માંડ્યો. મને થયું કે હવે મારાથી દોડાશે નહિ ને સાપ મને જરૂર પકડી પાડશે. પણ ત્યાં તો એક બીજું આશ્ચર્ય થયું. સાપને જાણે કે વાચા ફૂટી. સાપને કદી બોલતાં જોયો કે સાંભળ્યો નથી. પણ આ સાપ તો બોલવા માંડ્યો. તેણે મને સંબોધીને કહેવા માંડ્યું કે 'શા માટે દોડ્યા કરો છો ? મારાથી શા માટે ડરો છો ? હું તમને કાંઇ નહિ કરૂં. ઊભા રહો.'

કેટલું વિચિત્ર ? સાપ તે વળી આવું શુદ્ધ ગુજરાતીમાં બોલે ? મારું આશ્ચર્ય વધી ગયું. પણ ખરેખર તે સાપ જ બોલતો હતો. તેના આશ્વાસનથી ઉત્સાહિત થઇને ભયને ત્યાગીને મેં તેની સામે જોયું. ત્યાં તો તે ઊભો રહ્યો. મસ્તકને ઊંચુ કરીને હલાવવા માંડ્યો. તે વખતે તેનું શરીર અદૃશ્ય થઇ ગયું, ને તેને ઠેકાણે એક મૂર્તિ થઇ ગઇ. મૂર્તિ નાની હતી પણ કોની હતી તે મારી સમજમાં આવ્યું નહિ. મારી તરફ જોઇને તે બોલવા માંડી કે 'તમે એક મહાન પુરુષ થશો. તે માટે જ તમારો જન્મ છે.' એટલું કહીને તે અદૃશ્ય થઇ ગઇ. મારી નિંદ્રા પણ તે પછી પૂરી થઇ. જાગ્યા પછી મને થયું કે સ્વપ્નમાં દેખાયેલો સાપ કોણ હશે ને મારી પાછળ શા માટે દોડતો હશે ? શું તે કલિયુગ કે માયાનું સ્વરૂપ હશે ? અથવા ઇશ્વર પોતે હશે ? તે પ્રશ્નોના ઉત્તર મારા મનને મળી શક્યા નહિ. પરંતુ સ્વપ્નની ખુમારી લાંબો વખત રહી. મને લાગવા માંડ્યું કે હું જરૂર એક મહાન પુરુષ થઇશ. કેવી રીતે તે મને ખબર નથી. પણ ઇશ્વરને તે ખબર છે ને તે મને જરૂર મહાન બનાવશે. તેની તે ઇચ્છા છે ને તે ઇચ્છાને તેણે આ સ્વપ્ન દ્વારા મારી આગળ રજૂ કરી છે.

એવી સમજને પરિણામે મારો ઉત્સાહ ખૂબ વધી ગયો ને મહાન થવાની મહત્વકાંક્ષા વધારે ને વધારે મજબૂત બનવા માંડી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. સરસ્વતીનું સ્વપ્નદર્શન

જીવનને મહાન બનાવવા માટે સદગુણોના વિકાસ તરફ મેં વધારે ને વધારે લક્ષ આપવા માંડ્યું. મને ખબર પડી કે જીવનને મહાન બનાવવા માટે અધિક ધનની, રૂપની, યશની કે સંપત્તિની જરૂર નથી. વળી બીજા લોકો મહાન માને એવા કેટલાક લોકો છે જે લોકોની નજરમાં મહાન કહેવાય છે, પરંતુ તેમનામાં મહાનતાનો છાંટો પણ નથી હોતો. એથી ઊલટું કેટલાક મહાન પુરુષો સાચા અર્થમાં મહાન હોવા છતાં લોકોમાં જરાય પંકાયેલા હોતા નતી. એટલે લોકોમાં પંકાવું તે મહાનતાની પારાશીશી નથી. અધિક વિદ્વતા કે જ્ઞાન પણ માણસને મહાન બનાવી શકતું નથી. મહાન બનવા માટે મુખ્ય વાત તો એ છે કે માણસે સદગુણી ને સદાચારી થવું જોઈએ. દૈવી સંપત્તિના ગુણોથી સંપન્ન થવું જોઈએ. વિચાર, વાણી, વર્તનમાં એક થવું જોઈએ, અથવા તો એ બધા ભાવોને એક જ વાક્યમાં સમાવી લઈને કહેવું હોય તો કહી શકાય કે તેણે સાચા અર્થમાં માનવ બનવું જોઈએ. તેની સાથે સાથે પોતાના ને બીજાના હિતને માટે શ્રમ કરીને, મન ને ઈન્દ્રિયોનો સંયમ સાધીને પરમાત્મા કે પૂર્ણતાની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવો જોઈએ. તો જ તેને સાચા અર્થમાં મહાન ને માનપાત્ર માની શકાય. તેવો માણસ લોકોમાં પ્રસિદ્ધ જ હોય એવું કશું નથી. લોકકીર્તિ કે નામનાથી દૂર રહીને પણ તે પોતાનું  જીવન જીવી રહ્યો હોય અથવા તો કોઈવાર સમાજમાં પ્રતિષ્ઠા ને યશની પ્રાપ્તિ પણ કરી ચૂક્યો હોય. તે નિરક્ષર કે સાક્ષર પણ હોય શકે, પરંતુ બંને દશામાં વિવેકશક્તિથી સારી પેઠે સંપન્ન હોય. તેનામાં બહારના રૂપનો છાંટોયે ના હોય અથવા એમ પણ બને કે તે રૂપરૂપનો અંબાર હોય, પરંતુ બંને દશામાં બાહ્ય રૂપ ને રંગની આસક્તિથી પર હોય. ધનને જીવનનું પ્રધાન અંગ ના માનતો હોય, તેને જરૂર જેટલું જ મહત્વ આપતો હોય, ને જીવનના પ્રધાન બળ તરીકે આત્મબળ કે ઈશ્વરને જ માનતો હોય. એવા જ પુરુષને મહાન પુરુષ કે મહાત્મા કહી શકાય. તેવા લોકોત્તર પુરુષની સંક્ષિપ્ત રૂપરેખા એવી જ હોઈ શકે તે વિશે મને સંશય ન હતો. એટલે કિશોરાવસ્થાના તે કાળમાં જ તે ખ્યાલને સાકાર કે સફળ કરવાની શરૂઆત મેં કરી દીધી. મારી નાની ઉંમરના પ્રમાણમાં મહાન જીવનનો એ ખ્યાલ જરાક મોટો હતો. પરંતુ તેને સ્પષ્ટતાથી સમજવામાં બુદ્ધ, રામકૃષ્ણદેવ, દયાનંદ ને વિવેકાનંદ જેવા મહાન પુરુષોના જીવનચરિત્રો તથા ગીતામાંથી મને મદદ મળી. તેમણે મારા કામને પ્રમાણમાં સહેલું કરી દીધું.

એટલે મારા જીવનની શુદ્ધિ માટે મેં વ્યક્તિગત પ્રયાસો કરતાં કરતાં ઈશ્વરરૂપી 'મા'ને પ્રાર્થના કરવા માડી. તે દિવસોમાં એક બીજું યાદગાર સ્વપ્નું આવ્યું. તે સ્વપ્ન ઘણું જ સુંદર ને રસિક હતું. તેમાં મેં આકાશમાં સફેદ રૂના ઢગલા જેવાં વાદળો પર સુંદર મેઘધનુ જોયું. તેના પર જગદંબા-માતા સરસ્વતી બેઠેલાં. તેમણે સફેદ દૂધ જેવાં વસ્ત્રો પહેરેલાં. તેમનું સ્વરૂપ અતિશય સુંદર ને ગૌર વર્ણનું હતું. લાંબા લાંબા ખુલ્લા વાળ તેમના મુખની આજુબાજુ ઊડી ને શોભી રહેલા. તેમના હાથમાં વીણા હતી. તેના તાર પર તેમની કિસલય કરતાં પણ કોમળ દેખાતી પાતળી અંગુલિ ફરી રહેલી. તેમની આંખ ને વદનના ભાવો કેટલા અનુપમ હતા તે તો કોઈ મોટામાં મોટો કવિજન પણ કેવી રીતે કહી શકે ? હું તો એટલું કહી શકું કે તેમના વદન પર અખૂટ શાંતિ ને મધુરતા દેખાતી. તેમની બંને બાજુ બે-બે બીજી સ્ત્રીઓ ઊભેલી. તેમાંથી કોઈ પંખો નાખતી તો કોઈ પ્રણામ કરીને જોઈ રહેલી. સ્વપ્નનું એ દર્શન એટલું બધું સાફ હતું કે વાત નહિ.

અંતરિક્ષમાં છતાં છેક પાસે જોવામાં આવેલું 'મા'નું એ સ્વરૂપ આજે પણ સ્મૃતિપટ પર એવું જ સાફ દેખી શકાય છે. એ સ્વપ્ન વીણાપાણિ સરસ્વતીનું હતું એમ સામાન્ય રીતે કહી શકાય. કેમ કે વીણાપુસ્તકધારિણી સરસ્વતીની કલ્પના સાથે તે બંધ બેસે છે. વળી પેલા પ્રસિદ્ધ શ્લોકમાં કહ્યા પ્રમાણે તો સ્વરૂપ કુંદ, ઈન્દુ ને તુષારહાર જેવું ધવલ ને સ્વચ્છ શ્વેત વસ્ત્રોથી સંપન્ન હતું. પરંતુ મારે માટે તો તે 'મા'નું દર્શન હતું. જે 'મા'ને મેળવવા માટે મારું હૃદય રડી રહેલું ને જેને જોવા માટે મારી આંખમાં ઝંખના હતી તે 'મા'એ જ પોતાના સુંદર સ્વરૂપને સ્વપ્નમાં મારી પાસે આ રીતે પ્રગટ કર્યું એમ મેં માની લીધું. ને મારું માનવું બરાબર ન હતું એમ કોણ કહેશે ? શાસ્ત્રોકારોએ સાધનાની સરળતા ખાતર, સાધકોની જુદી જુદી રુચિ કે પ્રકૃતિનો વિચાર કરીને મહાકાલી, મહાલક્ષ્મી ને મહાસરસ્વતી એવાં ત્રણ શક્તિસ્વરૂપોનું વર્ણન કર્યું છે. તે ત્રણે સ્વરૂપો બહારથી ભિન્નતાવાળાં દેખાવા છતાં પણ અંદરખાને એક છે અને એક જ જગદંબાના ત્રણ રૂપ છે એ વાતની કોણ ના કહેશે ? તે દ્વારા 'મા'ના મહિમાની અભિવ્યક્તિ નથી થઈ રહી એવું કહેવા કયો વિચારશીલ ને અનુભવી પુરુષ તૈયાર થશે ? આપણા ઋષિવરો તો કહી ગયા છે કે સત્યરૂપી પરમાત્મા એક જ આ સંસારમાં વિરાજી રહ્યા છે. બીજા જુદાં જુદાં નામ ને રૂપ તેમનાં જ છે. एकं सद्विप्रा बहुधा वदन्ति. એટલે કેવલ પુરુષરૂપો જ નહિ જ પણ સ્ત્રી ને પુરુષનાં બધાં જ રૂપો એક પરમાત્માનાં જ છે. સૌમાં તત્વરૂપે તે જ રહેલા છે. ભેદભાવને દૂર કરીને અભેદભાવના એવા અનુભવની પ્રાપ્તિ કરવાની છે. અનેકતામાંથી એકતામાં પ્રવેશ કરવાનો છે. ઈશ્વરની કૃપાથી મને જીવનનાં એ શરૂઆતના વરસોમાં એમ જ લાગતું કે જડ ને ચેતનનાં જુદાં જુદાં રૂપોમાં એ ઈશ્વરરૂપી 'મા' જ વિલસી રહી છે. એટલે તે જ 'મા'એ કૃપા કરીને મને સ્વપ્નમાં પોતાનું સ્વરૂપ બતાવ્યું એમ મેં માની લીધું.

'મા'ના એ સ્વપ્નદર્શનથી મને આનંદ થયો. સાથે સાથે મને વિચાર થયો કે 'મા'નું સ્વરૂપ કેટલું બધું સુંદર છે ? સમસ્ત સંસારની સુંદરતા સાથે પણ તેની સુંદરતાની સરખામણી ભાગ્યે જ કરી શકાય. સંસારની સ્ત્રીઓમાં જે સુંદરતા દેખાય છે તે તો માની સુંદરતાના એક સહસ્ત્રાંશ બરાબર પણ નથી. સંસારમાં સુંદર દેખાતાં ને કહેવાતા બધાં જ શરીરો વ્યાધિ, વૃદ્ધાવસ્થા, ગંદકી ને મરણને શરણ થનારાં છે. તેમાં કોઈ શાશ્વત નથી. પછી તેમની સુંદરતા ક્યાંથી શાશ્વત હોઈ શકે ? માનવ શરીરમાં પ્રગટ થનારું યૌવન ને તેનું સૌંદર્ય તો આકાશમાં ક્ષણવાર ચમકીને અદૃશ્ય થઈ જનારી ચપલાની પેઠે ચંચળ છે. તેનો મોહ ને ગર્વ અસ્થાને છે. તેની પ્રીતિ પણ મિથ્યા છે. કોઈ પણ વિવેકી પુરુષ સુંદરતાના સદન સમા ઈશ્વરરૂપી 'મા'ના આવા સનાતન ને સુખમય સ્વરૂપને છોડીને સંસારનાં સાધારણ સ્વરૂપોમાં આસક્ત થવાનું ભાગ્યે જ પસંદ કરશે. બીજા ગમે તેમ કરે પણ મારે તો 'મા'ના એ સુંદર સ્વરૂપમાં જ મન લગાડવું જોઈએ. ને તેનો સાક્ષાત્કાર કરવાના પ્રયાસ કરવા જોઈએ. 'મા'નું આવું સુંદર સ્વરૂપ ઉઘાડી આંખે જોવાનો લહાવો મળે તો કેટલો આનંદ આવે ? જીવન ત્યારે જ સફળ ને ધન્ય બને.

એ પ્રમાણે 'મા'ના સ્વપ્નદર્શનથી 'મા'નો સાક્ષાત્કાર કરવાની મારી ભાવનાને બળ મળ્યું. મને થયું કે 'મા'ની મારા પર કૃપા છે ને તેને પરિણામે 'મા'નું સાક્ષાત્ દર્શન એક ધન્ય દિવસે જરૂર થશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. ભગવાન બુદ્ધનું સાક્ષાત્ દર્શન

ધ્યાન કેવી રીતે કરવું તેની મને ખબર ન હતી. સમાધિની સમજ પણ તે દિવસોમાં બરાબર ન હતી. માત્ર તેની ઝાંખી સરખી કલ્પના હતી. એકાંતમાં આંખ મીંચીને શાંતિપૂર્વક બેસી રહેવું ને મનને નિર્વિચાર કરી દેવું તેને હું ધ્યાન માનતો. એવું ધ્યાન મને ગમતું. એનો અભ્યાસ વહેલી સવારે તથા રાતે કરવાનો મેં નિયમ રાખ્યો. તેથી મને શાંતિ મળી. એમ કરતાં કરતાં શરીરનું ભાન ભૂલાઈ જશે, મન સંપૂર્ણપણે એકાગ્ર બનીને પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મામાં મળી જશે, ત્યારે સમાધિની સિદ્ધિ થશે, એવો મારો ખ્યાલ હતો. તેવી સિદ્ધિ માટે હું પ્રયાસ કરતો પણ તેની પ્રાપ્તિનું કામ જરા કઠિન હતું. મોટામોટા સાધકો ને જ્ઞાનીઓને માટે પણ તે કઠિન છે તો પછી હું તો એક સાધારણ અનભિજ્ઞ બાળક હતો. મારામાં જ્ઞાન કે સાધનશક્તિનો છાંટો પણ ન હતો. મારે માટે તે કામ સહેલું ક્યાંથી થઈ શકે ? છતાં પણ મારા પ્રયાસ ચાલુ હતા. મને વિશ્વાસ હતો કે 'મા'ની કૃપાથી એક દિવસ મારા પ્રયાસ જરૂર સફળ થશે ને મને સમાધિ અવસ્થાના અનેરા આનંદની પ્રાપ્તિ થઈ જશે. વિશ્વાસની એ શક્તિની સહાયતાથી મારું જીવન આગળ ને આગળ વધી રહ્યું.

તે વરસોમાં જ્યારે જ્યારે ઉનાળાની રજા પડતી ત્યારે હું વડોદરા ને સરોડામાં રહેતો. સરોડાના ગ્રામજીવનમાં મને વધારે ગમતું. સરોડામાં રહેતો તે દરમિયાન સવારે સાબરમતી નદીમાં સ્નાન કરવાનો મેં નિયમ રાખેલો. ઉપરાંત રોજ બપોરે ગામથી દૂર એકાંતમાં આવેલા સિદ્ધેશ્વરી માતાના સ્થાનમાં જઈને હું બેસતો. ત્યાં માતાના મંદિરમાં બેસીને પ્રાર્થના ને ધ્યાન કરતો. એવી રીતે મારો વખત શાંતિપૂર્વક પસાર થઈ જતો. વડોદરામાં પણ સાંજે રાજમહેલ રોડ તરફ ફરવા જવાની મેં ટેવ પાડેલી.

એવી જ રીતે એક વેકેશનમાં હું વડોદરા ગયો હતો. તે વખતે મારી ઉંમર સોળેક વરસની હતી. માતાજીના ભાઈ રમણભાઈ વડોદરાની લોહાણા બોર્ડીંગના મકાનમાં જ રહેતા. તેમના મકાનમાં એક નાનું સરખું માળિયું હતું. ત્યાં બેસીને હું કોઈ સારા પુસ્તકનું વાચન ને સાંજે એકાદ કલાક પ્રાર્થના ને ધ્યાન કરતો. સૂર્યાસ્ત થયા પછી થોડીવારે માળિયામાં અંધારું છવાઈ જતું એટલે મને આનંદ આવતો. કારણ કે અંધારું મને પ્રથમથી જ પ્યારું લાગતું. અંધારા એકાંતમાં પ્રાર્થના ને ધ્યાન કરતાં કલાકો લગી બેસી રહેવાની કેટલાય વખતથી મેં ટેવ પાડેલી.

એક દિવસ સાંજનો સમય હતો. માળિયાની નાની સરખી બારીમાંથી બહારનું ખુલ્લું આકાશ દેખાતું. તેમાં છવાઈ ગયેલા સંધ્યાના સુંદર રંગોનું દર્શન કરતાં હું બારી પાસે ઊભો રહ્યો. તે વખતે મને ધ્યાનમાં બેસવાનું મન થયું. હું ધ્યાનમાં બેઠો.

તે દિવસે કોણ જાણે કેમ પણ મને ધ્યાનમાં ઊંડી શાંતિ મળી. કોઈ શીતળ સરિતામાં સ્નાન કરતો હોઉં એમ મારું મન છેક જ શીતળ થઈ ગયું. લગભગ કલાક જેટલો સમય વીતી ગયો. ધ્યાનનો કાર્યક્રમ પૂરો થયો. આંખ ઉઘાડીને થોડીવાર ત્યાં ને ત્યાં જ પ્રાર્થના કરવાનો મેં વિચાર કર્યો. તે પ્રમાણે મેં આંખ ઉઘાડી. ત્યાં મારી નવાઈનો પાર રહ્યો નહિ. અત્યાર સુધી કદી પણ ના જોયેલું ને જેની કલ્પના પણ ન હતી એવું એક દૃશ્ય મારી સામે ઉપસ્થિત થયું. આ કદાચ મારા મનનો ભ્રમ કે મારી આંખોની નબળાઈ તો નથી

ને, એમ વિચારીને મેં ધ્યાનાવસ્થામાંથી તાજી ઉઘડેલી મારી આંખને ચોળી જોઈ, એકવાર ફરી બંધ કરી ને ઉઘાડી. પણ તે દૃશ્ય તો એવું જ અચલ રહ્યું. વાત એમ હતી કે મારી સામે લગભગ બે ફૂટ જેટલે જ દૂર માળિયામાં બધે પ્રકાશ પથરાઈ ગયેલો અને એની વચ્ચે મારી બરાબર સામે એક મહાપુરુષની આકૃતિ પ્રકટેલી. તે મહાપુરુષ આંખ બંધ કરીને સનાતન શાંતિની મૂર્તિ બનીને બેઠેલા. તેમણે પીળા રંગનું વસ્ત્ર ચીવર પહેરેલું. તેમના તેજસ્વી સુવર્ણસમા મુખ પર મધુરતા ને નિશ્ચલતા હતી. શિર પર કાળા કોમળ કેશ હતા. તે શિરની વચ્ચે કોઈ પ્રાચીન ઋષિવરની પેઠે બાંધેલા હતા. એવી અપાર શોભાના સાકાર સ્વરૂપ જેવા એ મહાપુરુષ મારી તદ્દન નજીક વિરાજેલા. તેમને ઓળખી કાઢતાં મને વાર ના લાગી. તેમના ચિત્રો મેં જોયાં હતાં. તેમની સાથે તેમની આકૃતિ તદ્દન મળતી હતી. એટલે મને નક્કી કરતાં વાર ના લાગી કે આ મહાપુરુષ ભગવાન બુદ્ધ છે. પ્રભુના એક મહાન પ્રતિનિધિ, અવતાર, પ્રેમ ને ત્યાગની મૂર્તિ અને અહિંસાના ઉપદેશક ભગવાન બુદ્ધ જ કૃપા કરીને મારી સામે પ્રગટ થયા છે ને મને તેમના દર્શનનો દુર્લભ લાભ મળી રહ્યો છે એ વિશે મને તલ માત્ર સંદેહ ના રહ્યો. રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષોના જીવનમાં આવા દર્શનના પ્રસંગો મેં વાંચેલા. સાધકના જીવનમાં મહાપુરુષો, દેવતાઓ ને ઈશ્વરના અવતારના દર્શનના આવા પ્રસંગો આવે છે તે વાતની ખબર પણ મને તેથી જ પડેલી. ભગવાન બુદ્ધનું જીવન મેં વાંચેલું. તે મને ખૂબ જ ગમી ગયેલું. તેમની જેમ જ આત્મોન્નતિ કરવાનો મારો વિચાર હતો. તે વિચારને જાણી લઈને ભગવાન બુદ્ધ પોતે જ મને આશીર્વાદ આપવા આવ્યા કે શું ? મારા સુષુપ્ત સંસ્કારને જાગ્રત કરવા ને મારી સાથેનો પોતાનો પુરાતન સંબંધ ફરી ચાલુ કરવા તેમણે આ ઉત્તમ તક ઊભી કરી કે શું ? એક સારા સાધક તરીકે મારી યોગ્યતા તલભાર પણ ન હતી. જ્ઞાન, ભક્તિ ને યોગના રહસ્યથી હું અજાણ હતો. ટૂંકમાં કહું તો તદ્દન કોરો હતો. છતાં પણ ઈશ્વરની કૃપાથી દર્શનનો આ અનેરો અવસર મને પ્રાપ્ત થયો. કૃપાના એ રહસ્યનો એ ઉકેલ કોણ કરી શકે ? તેનો પાર કોણ પામી શકે ? તે કોના પર, ક્યારે ને ક્યાં કૃપા કરવા માગે છે તેનો ભેદ કોણ જાણી શકે ? મોટા મોટા મુનિવરોની મતિ ત્યાં મૂંઝવણમાં મુકાય છે તો મારું શું ગજું ?

ગમે તેમ પણ દર્શનનો આનંદ અનેરો હતો. ભગવાન બુદ્ધની આકૃતિ કેટલી બધી પ્રેમમય અને અલૌકિક હતી ? તેનું પાન કરતાં આંખ થાકતી ન હતી અને અંતરને તૃપ્તિ પણ વળતી નહિ. લગભગ પાંચેક મિનિટ સુધી એ દર્શન કાયમ રહ્યું. પછી ભગવાનની છાતી પર મોટા રૂપેરી અક્ષરો લખાયા. પહેલા 'યુ' લખાયો. તે અદૃશ્ય થઈ ગયો. પછી 'ગા' લખાયો. તે પણ અદૃશ્ય થઈ ગયો. એમ ક્રમેક્રમે 'યુગાવતાર' એમ પાંચ અક્ષરો શુદ્ધ ગુજરાતીમાં લખાયા ને અદૃશ્ય થઈ ગયા. તેનો સાચો મર્મ મારા સમજવામાં આવ્યો નહિ. તે પછી બુદ્ધ ભગવાનનું સ્વરૂપ સહેજ ઝાંખું થયું, વધારે ઝાંખું થયું, ને છેવટે અવકાશમાં મળી ગયું કે અદૃશ્ય થયું.

દર્શનનો  આવો પ્રંસંગ માટે પહેલો જ હતો તેથી મારો ઉત્સાહ વધી ગયો. સાધકના જીવનમાં આવા અનુભવથી ઉત્સાહ વધે ને શ્રદ્ધા બળવત્તર બને એ સમજી શકાય તેમ છે. તેથી સાધનામાં મન વધારે લાગે અને એકાગ્રતા વધે. એથી ઈશ્વર કેટલીકવાર સાધકોના જીવનમાં આવા પ્રસંગો પેદા કરે છે. પણ જેને આવા અનુભવો ના મળતા હોય તેણે પણ નિરાશ થવાની જરૂર નથી. કેમ કે દરેકના અનુભવ એકસરખા ભાગ્યે જ હોય છે. અનુભવની વધારે ચિંતા કર્યા વિના સાધનાના માર્ગે આગળ ને આગળ વધતા રહેવું જોઈએ.

રામકૃષ્ણદેવ કહ્યું છે કે કેટલાક ઝાડને પહેલાં ફળ ને પછી ફૂલ આવે છે તેમ કેટલાક સાધકોને પહેલાં અનુભવ થાય છે ને પછી તે સાધકો સાધના કરે છે. મારા સંબંધમાં એ વાત સાચી ઠરી. નહિ તો કોઈ પણ પ્રકારની વિશેષ સાધના વિના મને આવો અનુભવ ક્યાંથી થાય ? કદાચ તેમાં જન્માંતર સંસ્કારો કારણરૂપ હશે.

ભગવાન બુદ્ધની એ અલૌકિક આકૃતિ આજે પણ એવી જ યાદ આવે છે. તે પછી તો તેમના પ્રત્યેનો મારો પ્રેમ ઘણો વધી ગયો છે. તેવી રીતે ભગવાન બુદ્ધને માટે જેના દિલમાં પ્રેમ હોય ને જેનું અંતર તેમનું દર્શન કરવા આતુર હોય તે આજે પણ તેમનું દર્શન કરી શકે છે એવો મારો વિશ્વાસ છે. મારામાં તે વખતે વિશેષ પ્રેમભાવ ના હોવા છતાં તેમણે મને દર્શન આપ્યાં તો જે રાત દિવસ તેમના પ્રેમમાં રંગાઈ જશે ને તેમની યાદમાં ચકચૂર બનશે તેને તો તે દર્શન દેશે જ એ નક્કી છે. ભગવાન બુદ્ધનો આ સંદેશ છે. એ સંદેશના પ્રદાતા ભગવાન બુદ્ધને મારા પ્રણામ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. એક બેનનો સંબંધ

સંસારનાં જુદાં જુદાં સ્વરૂપોમાં ઇશ્વરનો વાસ છે એમ માનીને સૌની અંદર ઇશ્વરની ઝાંખી કરવાનું કામ સહેલું નથી. મન જ્યાં સુધી તદ્દન મલિન હોય ને કુવિચાર, કુસંસ્કાર, વિષયાસક્તિ તથા અહંકારથી ભરેલુ હોય ત્યાં સુધી દૃષ્ટિ નિર્મળ થઇ શકતી નથી. મન જેમ જેમ નિર્મળ થતું જાય તેમ તેમ નવી આંખ અથવા નવી દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે. તેને દિવ્ય દૃષ્ટિ પણ કહેવામાં આવે છે. તેની પ્રાપ્તિ થતાં ઇશ્વરની અલૌકિકતાની ઝાંખી થઇ શકે છે. જેના સમાગમમાં આવવાનું થાય છે એની અંદર પણ ઇશ્વરની સત્તાની ઝાંખી થયા કરે છે. ચરાચરમાં રહેલા ઇશ્વરના એવા અપરોક્ષ અનુભવ માટે શાસ્ત્રો ને સંતોનો આદેશ છે. સાધકો તે માટે મહેનત કરે છે ને વિવિધ પ્રકારની સાધનાનો આધાર લે છે. આંખ અને અંતરની આડે આવી પડેલા આવરણને દૂર કરવા માટે મહેનત કરે છે ને પ્રભુની પ્રાર્થનાનો પણ આધાર લે છે.

મેં પણ એ પ્રમાણે પ્રાર્થનાનો આધાર લેવાની શરૂઆત કરી દીધી. મન સંપૂર્ણપણે નિર્મળ થતાં ચરાચરમાં ઇશ્વરનું દર્શન થઇ શકે છે એ વાત સાચી છે. પરંતુ તેમાં મદદ મળે તે માટે મેં એક બીજી પદ્ધતિ અજમાવવા માંડી. જે જે વસ્તુ કે વ્યક્તિ દેખાય તે પરમાત્માની જ પ્રતિમા છે એવા વિવેક સાથે મેં તે વસ્તુ કે વ્યક્તિ તરફ જોવા માંડ્યુ. પરિણામે મારી દૃષ્ટિ જુદી જ બનવા લાગી. તેમાં દિવ્યતાનું પ્રાકટ્ય થવા લાગ્યું. સ્ત્રીમાત્રને જોતાંવેંત તે જગદંબાનું સ્વરૂપ છે તેવા ભાવ સાથે મેં તેના ચરણમાં મનોમન પ્રણામ કરવા માંડ્યા ને તેની સાથે સાથે સંસારમાં સર્વત્ર વ્યાપેલા જગદંબાના એ દેવરૂપને સાક્ષાત્ કરવા ને તેનું સાકાર દર્શન કરવા મારા મનમાં એક પ્રકારનું મંથન શરૂ થયું.

એ દિવસોમાં એક બીજો નોંધપાત્ર બનાવ બની ગયો. મારા જીવનમાં એક કન્યાનો પ્રવેશ થયો. અથવા એમ કહો કે જગદંબાએ કુમારીના સાધારણ લૌકિક સ્વરૂપમાં મારા જીવનમાં પ્રવેશ કર્યો. તે વખતે મારી ઉંમર ચૌદ વરસની હતી. ચૌદમું વરસ વળી એવી રીતે વધારે મહત્વનું બની ગયું. તે વખતે હું ભણવામાં હોંશિયાર ગણાતો. તે ઉપરાંત એક સમજુ અને સારા વિદ્યાર્થી તરીકે મારું માન હતું. મારા કરતાં મોટી ઉંમરના વિદ્યાર્થીઓ સંસ્થામાં ઘણાં હતા, મારા કરતાં આગળ ભણનારા પણ હતા. તેમાં સારા વિદ્યાર્થીઓ ન હતા એમ નહિ. પરંતુ ઇશ્વરની ઇચ્છા જુદી જ હશે. મારા જીવનના ઘડતરમાં એક નવા પ્રસંગ ને નવા વાતાવરણને ઉપસ્થિત કરવાનું તેને જરૂરી લાગ્યું હશે. એટલે તે વખતના જીવનમાં એક નવો જ પ્રવાહ શરૂ થયો. અમારી સંસ્થાના ત્રણ બંગલા સંસ્થાના મકાનની પાસે જ હતા. તે ભાડે આપેલા. તેમાં એક બ્રાહ્મણ કુટુંબ રહેતું. તેની સાથે મારો સંબંધ શરૂ થયો. તે કુટુંબમાં નાની ઉંમરના ભાઇ-બેન હતા. તેમને ફાલતૂ વખતમાં ભણતરમાં મદદ કરવાનું કામ મારે માથે આવી પડ્યું. સંસ્થાના ગૃહપતિની આજ્ઞાથી મારે એ કામમાં જોડાવું પડ્યું. ભાઇની ઉંમર બેનથી નાની હતી. તે તો કોઇક જ વાર મારી પાસે ભણવા બેસતા. પણ બેનનો અભ્યાસ કાચો હોવાથી તેને મારી મદદ વારંવાર લેવી પડતી. બેનની ઉંમર તે વખતે લગભગ દસેક વરસની હશે. તે વખતે તેના અંગ્રેજીના અભ્યાસની શરૂઆત હતી. તે બેનની સાથે મારો સંબંધ લગભગ ચાર વરસ જેવો રહ્યો. શરૂઆતમાં તો તે મારી પાસે જ્યારે જરૂર પડે ત્યારે સંસ્થામાં જ અભ્યાસ

કરવા આવતી. પરંતુ પાછળથી મારે તે બેનને ત્યાં જ જવાનું થતું. તેમના મોટા મકાનમાં શાંતિપૂર્વક બેસી શકાય તેવી જગ્યા હતી.

બેનનું શરીર સ્વસ્થ હતું. ઉંમરના પ્રમાણમાં તેનું મન ઘણું વિકસેલું દેખાતું. સારાં સારાં વસ્ત્રો પહેરવાનો ને યથામતિ તથા યથાશક્તિ રૂપાળા થઇને ફરવાનો તેને શોખ હતો. ઇશ્વરે તેને સ્વરૂપ પણ સારું આપી રાખેલું. તેને શણગારવાનો તેનો શોખ વખતના વિતવા સાથે વધતો જ ગયો. ભણવામાં તેનું મન ઓછું લાગતું. એટલે મોટેભાગે મને બોલાવીને જરૂરી અભ્યાસ પૂરો કરીને તે મારી પાસે બેસી રહેતી ને વાતે વળગતી. બાળસહજ અવસ્થા પ્રમાણે તે વખતે જુદી જુદી વાતો નિકળતી ને રાતનો કલાક જેટલો સમય પસાર થઇ જતો. બેનને અભ્યાસ કરાવવા જ્યારે જ્યારે બોલાવવામાં આવે ત્યારે મારે તેને ત્યાં રાતે જ જવું પડતું. વધારે ભાગે તો સાંજની સાડા સાત વાગ્યે શરૂ થતી પ્રાર્થના પૂરી થાય પછી બેન પોતે જ મને બોલાવવા આવતી. મારા થોડાઘણા સદગુણી જીવનથી તેના માતાપિતા વાકેફ હતા એટલે તે પણ મારા ઉપર ભાવ રાખતા ને મને જોઇને પ્રસન્ન થતાં.

બેનનો સમાગમ સૌથી પ્રથમ ક્યારે થયો તે વાત હજી ઝાંખી જેવી યાદ છે. એક દિવસ સવારે હું સંસ્થાના મંદિરમાં બેઠો હતો. મારા હાથમાં અમારી સ્કૂલના હસ્તલિખિત માસિક 'ચેતના'નો અંક હતો. તેના મુખપૃષ્ઠને હું શણગારી રહ્યો હતો. લગભગ નવેક વાગ્યાનો વખત હશે. એટલામાં મંદિરની અંદરની ઘંટડી વાગી. એ ઓચિંતા રણકારથી મારા ધ્યાનમાં ભંગ પડ્યો. મેં માથું ઉંચુ કરીને સામે જોયું તો એક કન્યા મંદિરમાં ભગવાનની મૂર્તિ પાસે ઊભેલી. મેં મારું બાકી રહેલું કામ શરૂ કર્યું. બેન પણ બે ત્રણ મિનીટ પછી વિદાય થઇ.

એ પછી એક દિવસ તે બેન સંસ્થામાં મારી શોધ કરતાં મારી પાસે આવી ને થોડુંક અંગ્રેજી શીખી ગઇ. થોડાંક દિવસોમાં ગૃહપતિની મને આજ્ઞા મળી કે તે બેનને મારે ભણવામાં મદદ કરવી. પાછળથી મને ખબર પડી કે મંદિરમાં રોજ સવારે દર્શન માટે જવાનો બેનનો નિયમ હતો. તે નિયમ મને ઘણો સારો લાગ્યો. બેનનો પરિચય એ રીતે શરૂ થયો ને પછી તો ચંદ્રની કળા વધે તેમ દિવસે દિવસે વધતો જ ગયો.

મેં આગળ કહી દીધું છે કે બેનનું ધ્યાન અભ્યાસમાં ઓછું રહેતું. વધારે ભાગે તેને રમત ને વાતો જ પસંદ પડતી. એક દિવસ રાતે બેન મને બોલાવવા આવી. ઘરમાં જઇને મેં અભ્યાસ કરાવવાની શરૂઆત કરી કે તરત તેના માતાપિતા ચોપાટી પર ફરવા જવા વિદાય થયાં ને નાનો ભાઇ બાજુના ઓરડામાં જઇને પથારીમાં પડ્યો. શરૂઆતના ને પાછળના દિવસોમાં એવી પરિસ્થિતિ અવારનવાર ઉભી થતી. એટલે બેનની પાસે મારે એકલા જ રહેવું પડતું. માતાપિતાના ગયા પછી બેને બારણું બંધ કર્યું. મકાન રસ્તા પર હતું, રાતનો વખત હતો, ને ઘરમાં કોઇ વડીલ ન હતું. નોકર પણ ન હતો. એટલે સલામતીને માટે તેમ કરવાની જરૂર હતી. પણ ઘરમાં કોઇ વડીલ ના હોય એટલે અભ્યાસ કરવાનું મન કોને થાય ? બેને ચોપડી બંધ કરી દીધી ને મને કોઇ રસ પડે તેવી વાતો કરવાનું કહ્યું. એમ પરસ્પર વાતો શરૂ થઇ. છેવટે એકાદ કલાકે બારણું ખખડ્યું. બેન સાવધ બની ગઇ. તેણે ગણિતનું પુસ્તક ઉઘાડ્યું ને મારા હાથમાં નોટબુક આપી કહેવા માંડ્યું કે આટલો અધૂરો રહેલો દાખલો જરાક પૂરો કરી દો. પછી તેણે બારણું ઉઘાડ્યું. તેના માતપિતા મારી હાજરી જોઇને નવાઇ પામ્યા. તેમના મનમાં એમ કે હું તો હવે સૂવા માટે વિદાય થયો હોઇશ. મને મોડે સુધી

બેસાડી રાખવા માટે તેમણે બેનને સહેજ ઠપકો પણ આપ્યો. પણ બેન હોંશિયાર હતી. તેણે તરત ઉત્તર આપ્યો કે હું શું કરું ? ગણિતનો દાખલો એટલો બધો ભારે ને મોટો છે કે હજી સુધી તેનો પાર આવતો નથી. છેવટે તેના પિતાશ્રીએ સવારે અધૂરૂં રહેલું કામ પૂરૂં કરવાની રજા આપી ત્યારે હું છૂટો થઇ શક્યો. બીજે દિવસે સવારે મેં તેનો દાખલો પૂરો કરી આપ્યો. આ પ્રસંગ લગભગ મારી સોળેક વરસની ઉંમરનો હશે. પરંતુ આવા પ્રસંગો વારંવાર બનતાં. તેથી મને જરા દુઃખ પણ થતું. દુઃખ થવાનું કારણ બેન તરફથી તેના પિતાશ્રીને અપાતો ખુલાસો હતું. જે ચતુરાઇ ને હોંશિયારીનો ઉપયોગ સત્યનો ઢાંકપિછોડો કરવા માટે કરવામાં આવે તે ચતુરાઇ ને હોંશિયારીને શું કરવાની ? સદગુણી જીવનની જોઇતી જાગૃતિ તે વખતે મારામાં હતી. એટલે એવી વાતો મને ખૂંચતી. પણ જે પરિસ્થિતિમાં મારે રહેવાનું હતું તેમાં તેના નિવારણ માટે બીજો કોઇ ઉપાય ન હતો.

જે વખતે ચરાચરમાં 'મા'ના દર્શનનો આનંદ મેળવવાનો પ્રયાસ મારા જીવનમાં ચાલતો હતો તે જ વખતે બેનનો પરિચય થયો ને ચાર-પાંચ વરસ જેટલા લાંબા વખત લગી કાયમ રહ્યો. તેથી મારા જીવન પર સારી અસર થઇ. હૃદયની શુદ્ધિની જે સાધના તે દિવસોમાં સતત રીતે ચાલતી તેને માટે તે પરિચય કસોટી કરનારો ને વધારામાં મદદરૂપ થઇ પડ્યો. તે વખતે મારી ઉંમર નાની હતી. પરંતુ તેના પ્રમાણમાં હૃદય ઘણું જ ભાવપ્રધાન, લાગણીવાળું ને મોટું હતું. તેમાં સંવેદનના તરંગો સારી પેઠે ઉત્પન્ન થતા. એટલે તે કાળ મારે માટે સુવર્ણકાળ થઇ પડ્યો. વળી તે સમય જીવનના પાયાનો સમય હતો. તેના ઘાટ પર બાકીના જીવનનો મોટો આધાર હતો. ઇશ્વરની કૃપાથી મારો તે સમય બહુ જ સારી રીતે વીતી ગયો ને જીવનની શુદ્ધિના પ્રયોગમાં તેણે ભારે મહત્વનો ફાળો આપ્યો.

બેનની પાસે બેસતી વખતે હું એમ જ માનતો કે 'મા' જગદંબા પોતે પ્રેમ, મધુરતા ને સુંદરતાનું સ્વરૂપ ધારણ કરીને એની અંદર પ્રકટ થાય છે. તેથી મારા હૃદયમાં તેને માટે પવિત્રતા કાયમ રહેતી ને વધુમાં પૂજ્યભાવ પેદા થતો. મારી ભાવનાને પરિણામે મારા મનમાં બૂરા વિચાર કદીપણ ઊઠતાં નહિ ને કેટલીકવાર વાતાવરણ પ્રતિકૂળ હોય તોપણ મારું મન નિર્મળ જ રહેતું. જગદંબાએ જાણે શરૂઆતના જીવનમાં એ રીતે મારી કસોટી કરવા માંડી. બેનની પાસે જ્યારે જવાનું હોય ત્યારે રાતે જ જવાનું હોવાથી પણ મને લાભ થયો. કેમ કે રાતનો વખત મારે માટે આખાય દિવસનું અવલોકન કરીને થયેલી ભૂલોને તપાસવાનો હતો. તેથી મન નમ્ર ને નિર્મળ થઇ જતું ને તે દશામાં હું બેનની પાસે જઇને બેસતો એટલે નિર્મળતા કાયમ રહેતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. બેનના સંબંધની અસર

નિર્મળતાને કાયમ રાખવાનું કામ કપરું છે તે હું જાણું છું. વધારે ભાગના લોકોની તે માટેની મૂંઝવણ, મહેનત ને મુશ્કેલીનો મને ખ્યાલ છે. પરંતુ તન ને મનની પવિત્રતાને જાળવી રાખવાનું કામ અસાધ્ય કે અશક્ય છે એ વાત હું માનતો નથી. મારો આજ સુધીનો અનુભવ એથી ઉલટો છે. તન ને મનની નિર્મળતાને કાયમ રાખીને માણસ કામવાસનાથી મુક્તિ મેળવી જ ના શકે એમ માનવામાં માનવઆત્માની અસીમ શક્તિનું અપમાન રહેલું છે ને ઇશ્વરની અનંત અનુકંપાની પણ અવગણના છે. વધારે ભાગના માણસો કામવાસનાના શિકાર થવામાં જ શ્રેય સમજતા હોય ને તે વિના જીવન નીરસ થઇ જશે એવો ઉતાવળિયો અભિપ્રાય આપવા તૈયાર થતા હોય; વળી કામવાસના સામેના જંગમાં ઝઝૂમતાં ને લડતાં લડતાં કેટલાંક લોકો હતાશ ને ઘાયલ થઇ જતા હોય; કે કોઇ નિર્બળ મનના માણસો એક જ તીર વાગતા તેનું શરણ સ્વીકારતા હોય; તેથી કાંઇ એમ ના કહેવાય કે કામવાસના જીવનનું એક આવશ્યક અંગ છે ને તેને જીતવાનું કામ તદ્દન અશક્ય છે. માણસ જો ધારે તો તે કામને સહેલું કરી શકે છે. તે માટે પ્રભુનું શરણ લઇને પ્રભુપ્રાર્થનાનો આધાર લેવાની આવશ્યકતા છે. પ્રભુની પ્રાર્થનાથી કયું કામ નથી થતું ? તે દ્વારા પ્રભુની કૃપા મળતા માણસ મોટામાં મોટી મુશ્કલીઓને પણ જીતી શકે છે. કામવાસના તો એક સાધારણ વાસના છે. તેના કરતાં પ્રભુની કૃપાનું બળ મોટું છે. જેના મનમાં વિશ્વાસનો એ ભાવ જાગી જાય છે તેનું કામ સીધું ને સહેલું બની જાય છે.

કામવાસનાને વશ કરવાનું કામ કપરું છે એમ માનીને માણસે નિરાશ થવાની જરૂર નથી. પોતાની નિર્બળતા ને મલિનતાનો વિચાર કરીને ભગ્નહૃદય બનવાની જરૂર નથી. બધી દશામાં કાયરતાનો ત્યાગ કરવાનો છે. નિર્બળતાને દૂર કરવાની છે અને અશુદ્ધિનો અંત લાવવા તૈયાર થવાનું છે. તે માટે ખૂબ ખૂબ જાગ્રત રહીને પ્રભુની મદદ માગવાની છે. એમ કરવાથી નિર્મળતાની સાધના સહેલી થઇ શકશે.

માણસનું કામ વધારે કપરું તો ત્યારે બને છે જ્યારે તેને પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવવાનો પ્રસંગ મળે છે. વધારે ભાગના માણસો સંજોગો ને સંગ અનુકૂળ હોય ત્યાં સુધી મનને નિર્મળ રાખી શકે છે. પરંતુ સંજોગો અને સંગ વિપરિત બનતા તેમની નિર્મળતા ડોલવા લાગે છે ને સંયમના બંધ તૂટી પડે છે. એ પણ એક જાતની નિર્બળતા જ છે ને પવિત્રતાનો ઉપાસક તેનો પરાજય કરે એ જરૂરી છે. વાતાવરણ અનુકૂળ ના હોય તોપણ જેનું મન ડગે નહિ ને જેની નિર્મળતાની વૃતિમાં વિક્ષેપ પડે નહિ, તે જ વીર પુરુષ. સંસારમાં તે સૌથી મોટો શૂરવીર, મહાત્મા ને નમસ્કાર કરવા યોગ્ય પુરુષ કહી શકાય. જે સિદ્ધાંતો પુરુષને તે જ સ્ત્રીને લાગુ પડે છે. એટલે સ્ત્રીઓને માટે પણ આ વાત એટલી જ સાચી સમજી લેવાની છે.

મારે માટે જીવનની શરૂઆતમાં જ ઇશ્વરે બાહ્ય દૃષ્ટિએ સહેજ પ્રતિકૂળ કહી શકાય તેવા સંજોગો ઉત્પન્ન કર્યા. જો કે સમગ્ર રીતે વિચાર કરતાં મારે માટે તે સંજોગો ખૂબ જ અનુકૂળ હતા. કેમ કે તેથી મારી પવિત્રતાને પરિપકવ કરવાનો મને સમય મળ્યો. તે ઉપરાંત એક કુમારી બેનમાં જગદંબાની ઝાંખી કરીને તેની સાથે સ્નેહસંબંધ સાધવાની તક મળી. તેથી સાધનાના માર્ગમાં મોટી મદદ મળી. એટલી નાની ઉંમરે એ બધું એવી અજબ રીતે થઇ ગયું કે વાત નહિ.

મારા જીવનપ્રવાહનો ઉલ્લેખ મેં કોઇની પાસે કર્યો ન હતો. ભાવો ને વિચારોને હૃદયમાં જ સમાવી રાખીને કોઇને તેની ગંધ પણ ન આવે તે રીતે હું તે વખતનું જીવન જીવ્યે જતો. ઇશ્વરે જાણે કે મારા વિકાસ માટે પહેલેથી જ વિચાર કરીને અમુક પ્રકારનું વાતાવરણ તૈયાર કરી રાખેલું. તેમાં તાલીમ આપીને તે જ ઇશ્વરરૂપી 'મા' મારી રક્ષા કરી રહી હતી ને વિકાસનો જે નક્શો તેણે મારે માટે તૈયાર કર્યો હતો તે પ્રમાણે પ્રકાશને પંથે એક પ્રવાસી તરીકે મને આગળ ને આગળ વધારી રહી હતી. જન્મ આપનારી જનેતા તો દૂર હતી, પણ જનેતા બનીને તે મારું જીવની જેમ જતન કરતી હતી. નહિ તો એટલી નાની ઉંમરમાં મારા મનમાં વિકાસના સોનેરી સ્વપ્નાં ક્યાંથી ઉત્પન્ન થઇ શકે ? નાના શરીરમાં 'મા'એ મારે માટે મોટું હૃદય ને મોટું મગજ મૂકી દીધું હતું. તેની પાછળ જન્માંતરના સંસ્કારોની મૂડી હતી. તેથી જ મારું જીવન તે વખતે અલૌકિક રીતે આગળ વધી રહ્યું. તે વખતના મારા જીવનવિકાસના સાક્ષી મારી સાથે ભણતા નારાયણભાઇ ને શાંતિભાઇ જેવા એક-બે મિત્રો હતા. તે ઉપરાંત બીજા સાક્ષી તરીકે મારી રોજનીશી હતી. તેમાં હું મારા વિચારો રજૂ કરતો ને ભાવો ઠાલવતો. ત્રીજા સાક્ષી તરીકે ઇશ્વરરૂપી 'મા' હતી. તેની દૃષ્ટિ સદાય મારા ઉપર મંડાયલી હતી. તે મારા તન, મન, અંતરને સારી રીતે જાણતી ને તેનો ઘાટ ઘડતી. તેની કૃપાને લીધે જ હું સલામત રહી શક્યો.

મેં ભગવાન બુદ્ધનું જીવન વાંચેલું. એની અસર મારા પર ખૂબ જ પ્રબળ પડેલી. ભગવાન બુદ્ધ પહેલા રાજકુમાર હતા. તેમને યશોધરા જેવી સુંદર ને સુશીલ સ્ત્રી હતી. છતાં તેમણે દુનિયાના જુદા જુદા દુઃખ જોયા ને તેમનું હૃદય હાલી ઊઠ્યું. સનાતન સુખને માટે સાધના કરવાની તેમને ઇચ્છા થઇ. તેમને થયું કે દરેક દેહધારીને દુઃખનો સામનો કરવાનો છે. ને જ્યાં સુધી દુઃખ નિશ્ચિત છે ત્યાં સુધી સુખ ક્યાંથી હોય ? આજે જે સુખ છે તે પણ ચંચળ છે ને કાલે નષ્ટ થઇ જનારું છે. માટે ક્ષણિક સુખ ને સુખની સામગ્રીમાં પડી રહેવાને બદલે સનાતન સુખની પ્રાપ્તિ કરવી જોઇએ. બહારના નશ્વર રાજ્યની પ્રાપ્તિ કરવાને બદલે અંદરના અમર રાજ્યને મેળવવું જોઇએ. કામ, ક્રોધ ને અહંકારને વશ કરીને તન, મન, ઇન્દ્રિયોના સ્વામી થવું જોઇએ. કેવી રીતે શાંતિ મેળવીને સંસારને શાંતિનો માર્ગ બતાવવો, એ પ્રમાણે વિચાર કરીને તેમણે પોતાની પત્ની યશોધરાનો અને પોતાના વિશાળ રાજ્યનો ત્યાગ કર્યો, વનમાં જઇને તપ કર્યું, ને પરમ શાંતિની પ્રાપ્તિ કરી. એ વાતને વાંચ્યા પછી તેના પ્રસંગો મારા અંતરચક્ષુ સામે રાતદિવસ રમવા માંડ્યા. મને થયું કે બુદ્ધ ભગવાનને સામ્રાજ્યનું સુખ પણ ફિક્કું લાગ્યું તો હજારો લાખો ને કરોડા માણસો સંસારના સાધારણ સુખોમાં આસક્ત શા માટે બનતાં હશે ? તેનો ત્યાગ કરીને અથવા તેમાંથી મનને પાછું વાળી લઇને પરમ સુખની પ્રાપ્તિ માટે તે પરમાત્માની આરાધનામાં શા માટે નહિ લાગી જતા હોય ? ગમે તેમ પણ મારે તો સંસારમાંથી મનને પાછું વાળી લઇને પરમાત્માની આરાધનામાં જ લાગી જવું જોઇએ, જગદંબાનું દર્શન કરવું અને એવી રીતે જીવનને કૃતાર્થ કરવું જોઇએ. બુદ્ધ ભગવાનના જીવનના મનન પરથી એવા નિર્ણય કરીને મેં શરીરની ગંદકી ને સંસારના દુઃખોનો વારંવાર વિચાર કરવા માંડ્યો. ભગવાન બુદ્ધની જેમ મારું જીવન પણ ઉજ્જવલ ને મહાન થાય તે માટે 'મા'ને પ્રાર્થના કરવા માંડી.

તે દિવસોમાં કોઇ કોઇવાર હું સિનેમાની મુલાકાત પણ લેતો. તે વખતે ન્યુ થિયેટર્સના ચિત્રો ખૂબ સારાં આવતા. પ્રભાત ને બોમ્બે ટોકિઝનું ધોરણ પણ સારું હતું. ચિત્રનું નામ અત્યારે યાદ નથી પણ તે

બોમ્બે ટોકિઝનું કોઇ ચિત્ર હતું એમ લાગે છે. તે ચિત્રમાં એક ચિતાનું દૃશ્ય આવતું. ચિત્રની એક સુંદર સ્ત્રીને ઉદ્દેશીને એક ગીત ગાવામાં આવતું. તેની પહેલી લીટી 'કંચન કી તોરી કાયા' હતું. ગીતનો ભાવ ટૂંકમાં એવો હતો કે આ સંસારમાંથી કેટલાય સુંદર સ્ત્રીપુરુષો અદૃશ્ય થઇ ગયા છે. કોઇની કાયા અમર રહી નથી. તારી કંચન જેવી સુંદર કાયા પણ છેવટે નાશ પામવાની છે. પેલી જલી રહેલી ચિતામાં એને એક દિવસ જલી જવાનું છે, માટે તેનું ગુમાન ના કર, તેની મમતા ના કર, ને તેને માટે મૂઢ બનીને પાપમાં ના પડ. આ જગત નશ્વર છે. તેમાં પ્રીતિ કરવાને બદલે પ્રભુમાં જ પ્રીતિ કર.

ચિતાના એ દૃશ્યે ને ગીતની પેલી પંક્તિએ મારા પર અસાધારણ અસર કરી. બેનને અભ્યાસ કરાવવા મારે તેની પાસે બેસવાનું થાય ત્યારે એ જ દૃશ્ય મારી સામે હાજર થાય, એ વસ્તુ સહજ થઇ પડી. બેનનું શરીર સુંદર હતું. તેને જોઇને હું હમેંશા વિચાર કરતો આમાં સુંદર શું છે ? આ શરીર હાડ, માંસ, લોહી ને મળમૂત્રથી ભરેલું છે. તેને ચામડીના ઢાંકણથી ઢાંકવામાં આવ્યું છે. બહારથી તે કૈંક સારું અને સ્વચ્છ લાગે છે પણ એની અંદરની ગંદકીનો પાર નથી. પ્રસ્વેદ, લીંટ, થૂંક ને કફાદિને લીધે બહારથી પણ તે ઓછું ખરાબ નથી દેખાતું. વળી આ શરીર વિવિધ પ્રકારના વ્યાધિથી ભરેલું છે. વૃદ્ધાવસ્થાનો શિકાર બનવાનું છે. તે વખતે આ જ શરીર કેટલું કદરૂપું દેખાશે ? આજે તે આકર્ષક લાગે છે પણ તે વખતે તેને જોવાનું પણ ગમશે કે ? દાંત પડી જશે, આંખો ઉંડી જતી રહેશે, ગાલ બેસી જશે, શરીરે કરચલી પડી જશે, ને યૌવનસહજ સુંદરતા, મધુરતા, ને કોમળતા ન જાણે ક્યાંયે અદૃશ્ય થઇ જશે. તે વખતે આ શરીર કેટલું બેડોળ દેખાશે ? ને કાયમને માટે તે સુંદર રહે તોપણ છેવટે તેનું મૃત્યુ તો નક્કી જ છે. સિનેમાની પેલી સળગતી ચિતા જેવી ચિતામાં આખરે આ શરીરને સુવાનું ને ભસ્મીભૂત થઇ જવાનું છે, એ વિચાર જ કેટલો કંપાવનારો છે ? શરીર અત્યારે કેટલું બધું સુંદર ને સોનેરી છે ! તેનો પણ નાશ થઇ જશે ? જરૂર. વહેલાં કે મોડાં સૌ કોઇને એ માર્ગે જ જવાનું છે. તો પછી આ શરીરનો મોહ શો ? આની મમતા શી ? આમાં આસક્તિ કરવાનું શું કામ ? કેટલાય માણસો આમાં આસક્તિ કરીને બરબાદ થઇ ગયા. તેમના રસ ને કસ શોષાઇ ગયા. પરિણામે કાંઇ પણ હાથમાં આવ્યું નહિ. સુખ શાંતિ ને અમૃતતત્વની આશા અધૂરી રહી ગઇ. મારે એ માર્ગનું અનુકરણ નથી કરવું.

એવા વિચારથી મારું રહ્યું સહ્યું આકર્ષણ ઊડી જતું ને મારી વૈરાગ્યની ભાવના દૃઢ બનતી. તેની સાથે સાથે બેનના શરીરને જોઇને હું વિચાર કરતો કે આ તો જગદંબાનું મંદિર છે. આ હાલતાચાલતા ચેતન મંદિરમાં જગદંબાનો વાસ છે. 'મા'ની મંગલ મૂર્તિનો પ્રકાશ સંસારના બીજા પદાર્થોની જેમ આની અંદર સ્પષ્ટપણે પડી રહ્યો છે. તે પ્રકાશને લીધે આ શરીર પાવન થયું છે. સ્ત્રીનો મહિમા વધી ગયો છે. એથી એની સાથે પવિત્ર સંબંધ હોવો ઘટે. બૂરા ભાવ ને વિચાર લઇને એની પાસે ન બેસાય. બૂરી નજરે તેને જોવાય પણ નહિ. એની સંનિધિનો જે લાભ મળે છે તે આનંદદાયક છે. એને જોવાનો અથવા એની પાસે બેસવાનો અવસર આવે ત્યારે એની અંદર રહેલા અને એની આરપારથી બહાર નિકળતા જગદંબાનું દર્શન કરવું જોઇએ. તેનું દર્શન કરવાની ટેવ પાડવી જોઇએ. તે માટે 'મા'ને પ્રાર્થના કરવી જોઇએ. 'મા'ની કૃપાથી તે કામ સહેલું થઇ જશે.

વળી હું વિચાર કરતો કે જગદંબાના એક સાધારણ અંશ જેવી આ બેન આટલી આકર્ષક અને સુંદર દેખાય છે, તો જગદંબા પોતે કેટલા બધા અપાર આકર્ષણથી ભરપૂર હશે ? તેમનું સ્વરૂપ કેટલું બધું સુંદર અને સુખમય હશે ? તેમની મધુરતા અને તેમના પ્રેમનો સ્વાદ કેવો અનેરો હશે ? બેનના શરીર દ્વારા એમના અલૌકિક સ્વરૂપની ઝાંખી કરી તે સ્વરૂપનું દર્શન કરવા માટે મહેનત કરવા જોઇએ. તે જગદંબા પોતે જ મારા સુષુપ્ત જન્માંતર સંસ્કારોને જાગ્રત કરવા, મને પોતાના પ્રેમનો સ્વાદ ચખાડવા, ને છેવટે પોતાની મોહિની લગાડીને મારા મનને પોતાની તરફ વાળી લઇને પોતાનું કરી દેવા જાણે કે પૃથ્વી પર પધાર્યા હતાં અને એ બેનને નિમિત્ત બનાવીને તેની મારફત કામ કરી રહ્યાં હતા, એ વાતની પ્રતીતિ મને એટલી નાની ઉંમરમાં પણ સારી રીતે થઇ રહી.

જીવનનો પ્રવાહ એ રીતે પ્રેમની નવી પૃથ્વીમાં પ્રવેશ કરીને અભિનવ બનતાં આગળ વધી રહ્યો. બેનને અભ્યાસ કરાવવા માટે મારે જવાનું હતું. પણ અભ્યાસમાં બેનનું ધ્યાન બહુ ઓછું રહેતું. તેને બદલે મારો જ અભ્યાસ ચાલ્યા કરતો. જીવનની પાઠશાળાના નવા પાઠ મારે માટે શરૂ થયા અથવા કહો કે એક નવા અભ્યાસક્રમ, નવી તાલીમ ને નવી પરીક્ષાની અસર નીચે નવો આકાર લેતું મારું જીવન પસાર થઇ રહ્યું.

બેનનો પરિચય મારે માટે ખૂબ જ મંગલકારક સાબિત થયો. તેનો સંબંધ જેમ જેમ વધતો ગયો તેમ તેમ મારું અંતર આનંદથી ઉભરાવા માંડ્યું. બેનને જોઇને મને આનંદ થતો. બેનના હૃદયમાં તે વખતે કેવા કેવા ભાવપ્રવાહો વહેતા હતા તેની મને ખબર નથી, તે જાણવાની મને ખાસ ઇચ્છા પણ થઇ નથી. પરંતુ તેને મારા પર હેત અને સદભાવ હતો એ નક્કી છે. તેની પાસે મારે બેસવાનું થતું ત્યારે હું ખૂબ જ શાંત રહેતો. મારું મન જગદંબાના વિચારોમાં જ રમ્યા કરતું. તે વખતના મારા ભાવ જોઇને તેને નવાઇ પણ લાગતી હશે. તે કાળ જીવનની શરૂઆતનો હતો. તે કાળના સારા કે નરસાં સંસ્કારો પર બાકીના જીવનનો બહુ મોટો આધાર હતો. 'મા'ની કૃપાથી એ કાળ પવિત્રતાથી પસાર થઇ ગયો. એ વાતને યાદ કરીને મને આજે પણ સંતોષ થાય છે. સંજોગો જ્યારે અનુકૂળ હોય ને સંયમના માર્ગને મુશ્કેલીમાં મૂકી દેનારું વાતાવરણ તૈયાર હોય ત્યારે મનને નિર્મળ રાખવાનું કામ કપરું છે. છતાં પણ 'મા'ની કૃપાથી એ કામ સહજ થઇ શક્યું. બાકી તો સાધારણ માણસનું શું ગજું ?

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. બેનના પ્રસંગો અને આકર્ષણનો અર્થ

નિયમિત અભ્યાસને લીધે મારું મન જ જાણે કે જૂદું બની ગયું. કામ ને ક્રોધના આછાપાતળા અંકૂર પણ તેમાંથી નિકળી ગયા હોય ને તે સહજ શાંતિથી સંપન્ન થઇ ગયું હોય તેવી તેની દશા થઇ ગઇ. પવિત્ર ભાવો અને વિચારોના ફુવારા તેમાં ઊડવા માંડ્યા. ઉત્તમ વૃત્તિના ફોરમવંતાં ફૂલો ખીલી ઊઠ્યાં, ને પ્રેમના પરમ પવિત્ર દેવતાની પધરામણીથી આનંદ આનંદ થઇ ગયો. અંતરના અર્ણવના તરંગો અનુરાગમાં આવીને નિરંતર ઊછળવા માંડ્યા; રોમ રોમમાં એક પ્રકારની શાંતિ ને પ્રસન્નતા ફરી વળી. દૃષ્ટિ બદલાઇ ગઇ. પ્રેમ, પવિત્રતા ને સુંદરતારૂપે વિરાજી રહેલા ઇશ્વરની મૂર્તિ જડ ને ચેતનમાં બધે દેખાવા માંડી. જગદંબાની ઝાંખી જ્યાં જ્યાં નજર પડે ત્યાં બધે જ થવા માંડી. બેનની પાસે બેસતી વખતે પણ મારી દશા એક નાના બાળક જેવી થઇ જતી. જગદંબાના પ્રકાશની ઝાંખી બેનની અંદર મને સહેજે થવા માંડી. તેની આંખમાં ને તેની વાણીમાંથી તેની જ શક્તિ વહી રહી હોય એવો અનુભવ થવા લાગ્યો. તેને જોઇને મેં મનોમન પ્રણામ કરવા માંડ્યા. એકવાર તો મને એવો વિચાર પણ થઇ આવ્યો કે બેનને બોલાવીને હું તેની આગળ મારા દિલને ખૂલ્લું કરું ને તેના ચરણોમાં પૂજ્યભાવે પ્રત્યક્ષ પ્રણામ કરું. પરંતુ પાછળથી મેં તે વિચારને રોકી રાખ્યો. કેમ કે તેનો અમલ કરવામાં જરાક જોખમ હતું. એક તો મારા મનના ભાવો મનમાં જ રહે તે સારું હતું ને બીજું, બેનને પ્રણામ કરવાથી કેટલીક ગેરસમજ થવાનો સંભવ હતો.

છતાંપણ હું ખૂબ જ જાગ્રત રહેતો. દિવસે જે વિચાર આવ્યો હોય કે જે વર્તન થયું હોય તેની યાદ રોજ રાતે સૂતાં પહેલાં કરી જવાનો મારો નિયમ હતો. તેથી મને મોટી મદદ મળતી. રાત્રે એકાંતમાં બેસીને હું 'મા'ની પ્રાર્થના પણ કર્યા કરતો. વિદ્યાર્થીઓ સાથે હું બહુ જ ઓછા પ્રમાણમાં હળતોમળતો ને જરૂર જેટલો જ વ્યવહાર રાખતો. રાતે વધારે ભાગે મારે બેસવાનું સ્થાન અગાશી કે પછી સંસ્થાના મેદાનમાં આવેલું ચકડોળ રહેતું. ત્યાં કલાકો લગી ભક્તિના ઊંડા ભાવમાં ડૂબીને હું બેસી રહેતો. કેટલાક વિદ્યાર્થીઓને મારી એ પ્રવૃતિની ખબર હતી. પાછળથી બેનને પણ તેની માહિતી મળેલી. એક વાર રાતે તે મારી તપાસ કરતી ચકડોળ પાસે આવી પહોંચી. તે વખતે હું 'મા'ની પ્રાર્થના કરતો હતો. તે જોઇને તેને નવાઇ લાગી. એવા એકાંત અંધારા સ્થાનમાં બેસવાનું મને કેમ ગમતું હશે તેવો વિચાર તેના મનમાં ઉત્પન્ન થયો હોય તો નવાઇ નહિ. તેણે જ્યારે મને બોલાવ્યો ત્યારે જ મને તેની હાજરીની ખબર પડી. તે વખતે તેણે મને પૂછ્યું પણ ખરું કે અહીં શું કરો છો ! પરંતુ મેં તેના ઉત્તરમાં એટલું જ કહ્યું કે કાંઇ નહિ, ખાલી બેઠો છું. અને અભ્યાસ કરાવવા ઘરે આવવાનું કહીને તે વિદાય થઇ.

બીજા એક દિવસે સાંજે હું અગાશીમાં બેઠો હતો. દૂર આકાશમાં સંધ્યાના સુંદર રંગો ફરી વળેલા. તે જોવામાં હું મશગૂલ હતો. તે વખતે એ એકાએક મારી પાછળથી આવી પહોંચી.

'તમે રોજ અહીં બેસો છો તેનું કારણ શું ? અહીં એકલા એકલા તમને ગમે છે ?'

મેં કહ્યું: 'કેમ નહિ ? મને એકાંતમાં જ આનંદ આવે છે. જો, પેલા સંધ્યાના રંગો કેટલા રમણીય દેખાય છે ? તેમને જોવાનો આનંદ કેવો અજબ છે ? પંખીઓ પોતાના માળામાં જવા ઊડી રહ્યા છે તે પણ કેટલાં સુંદર દેખાય છે ? તેમને જોવાનું કોને ના ગમે ? અહીં બેસીને હું એ બધું જોયા કરું છું.'

એટલે મારા અકાંતપ્રિય સ્વભાવની બેનને ખબર હતી. તે ઉપરાંત, એકાંતમાં બેસીને હું કાંઇક જરૂરી કામ કર્યા કરૂં છું, એવો પણ તેને ખ્યાલ હતો. ગમે તેમ પણ તેનો મારા પરનો સદભાવ વધતો જતો. તેનું વર્તન હંમેશા નિર્મળ જ રહેતું. પરિણામે મારો તેના પ્રત્યેનો ભાવ પણ વધતો જતો.

આજે તો એ દિવસો ભૂતકાળની સામગ્રી બની ગયા છે. મારૂં જીવન પણ જૂદું થયું છે. એટલે સુધી કે તે દિવસો મારા જીવનના છે એમ પણ સહેજે લાગતું નથી. જીવન તે પછી અનેક અવનવા અનુભવોમાંથી પસાર થયું છે. એ દિવસોની યાદની ખાસ જરૂર પણ નથી. છતાં તે વખતના જીવનપ્રવાહોનો ખ્યાલ આવે તે માટે ઇશ્વરના હાથમાં હથિયાર બનીને તેને તટસ્થપણે ચિતરી રહ્યો છું.

બેનના પિતાજીનો સ્વભાવ સારો હતો. તે પણ મારા તરફ સદભાવ રાખતાં. તેમને મારા સારા ચારિત્ર્યમાં વિશ્વાસ હતો. મારા વર્તનમાં તેમને કે બેનને કોઇ ત્રુટિ દેખાઇ હોત તો તે મને સાવધાન કરત. એટલું જ નહિ પણ તેમના ઘરમાં જવાનો ને બેનને ભણાવવાનો જે વિશેષ માનપૂર્ણ અધિકાર મને મળ્યો હતો તેનો પણ કદાચ અંત આવત. પરંતુ તેવો કોઇ પ્રસંગ ઊભો ના થયો. ઇશ્વરે મારી નિરંતર સંભાળ રાખીને મારી તન ને મનની નિર્મળતાને ટકાવી રાખી. તેને લીધે બેનનો મારા પ્રત્યેનો પ્રેમ સારી પેઠે વધી ગયો.

બેનનું હૃદય કેવું હતું, ખરેખર તેના ભાવ કેવા હતા, ને તે મારા તરફ ખેંચાતું હતું કે કેમ તે તો પ્રભુ જાણે. એટલી નાની ઊંમરે તેની સમજ પણ છેક કાચી હોય એ સહેજે સમજી શકાય તેવું છે. પરંતુ મારા હૃદયમાં તો પ્રેમનો પવિત્ર સાગર ભર્યો હતો. તેના તરંગો મારા તન, મન, અંતરને ઘેરી વળેલા. મારૂં સર્વસ્વ પ્રેમમય થઇ ગયેલું. તે વખતના મારી આજુબાજુના વાતાવરણથી મારો વિચાર ને વર્તનનો વિકાસ સૈકા આગળનો છે એમ મને લાગતું. વધારે મહત્વની વાત તો એ હતી કે મારા હૃદયમાં બેન પ્રત્યે પ્રેમ હતો પણ મોહ કે કામ ન હતો. તેથી જ મારૂં જીવન વિશુદ્ધ ને ઉર્ધ્વગામી બની શક્યું. તેમાં આધ્યાત્મિક પરમાણુઓ મુક્તપણે પ્રકટી નિકળ્યાં. તેને બદલે જો મોહ અને કામ હોત તો વસ્તુસ્થિતિ ઉલટી જ હોત. જીવન નિર્મળ બનવાને બદલે મલિન બની જાત, સાધનાનો પ્રવાહ અટકી જાત, ને જીવન ભ્રાંતિ, અશાંતિ અને અંધકારમય થઇને પતનની ગર્તામાં ડૂબી જાત. પણ ઇશ્વર દયાળુ છે. તેની ઇચ્છા મંગલ છે. તેણે મારે માટે નવા, જુદા ને મંગલ જીવનની યોજના ઘડી રાખેલી.

પ્રેમ અને આકર્ષણના અર્થ વિશે આપણે ત્યાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે. એક માણસને - પુરુષ કે સ્ત્રીને બીજા પુરુષ કે સ્ત્રી તરફ આકર્ષણ થાય છે એટલે શું થાય છે તે ખબર છે ? તે વ્યક્તિમાં રહેલો આત્મા બીજી વ્યકિતમાં રહેતા આત્મા સાથે શરીર કે આંખના વાહન દ્વારા એકતા સાધવા પ્રયાસ કરે છે. આકર્ષણનો સાચો અર્થ એ જ છે. એ આકર્ષણ કેવળ માનવસૃષ્ટિ પૂરતું મર્યાદિત નથી પણ જડ-ચેતનના બધા જ પદાર્થો માટે સાચું છે. સૃષ્ટિના સઘળાં પદાર્થો પરમાત્મ તત્વથી ભરપૂર છે. પરમાત્મા સૌમાં વ્યાપક છે. તેથી સૌમાં પરમાત્માનું દર્શન કરવાની ટેવ પાડવી જોઇએ. ધારો કે કોઇ પુરુષને કોઇ સ્ત્રી તરફ પ્રેમ કે આકર્ષણ થાય છે તો તેણે વિચાર કરવો જોઇએ કે એ આકર્ષણ સ્ત્રીની અંદરના આત્માનું છે, ને શરીરમાં આત્માનું અસ્તિત્વ છે તેથી થઇ રહ્યું છે. પોતાની અંદરનો આત્મા સ્ત્રીની અંદર રહેલા આત્મા સાથે પરિચય સાધે ને તેને લીધે આકર્ષણ ઉત્પન્ન થાય છે. એટલે તેનો લાભ લઇને માણસે તે સ્ત્રીની અંદર રહેલા આત્માનું દર્શન કરીને તેની

સાથે એકતા સાધવી જોઇએ. તેના શરીર, તેની વાણી, દૃષ્ટિ તથા તેની સુંદરતા ને મધુરતામાં પરમાત્માના પ્રકાશનું દર્શન કરવું જોઇએ. તેમ કરીને માણસ સ્ત્રી તરફના પ્રેમ અને આકર્ષણને આત્મોન્નતિની સાધનાનું અંગ બનાવી શકે. પરંતુ વધારે ભાગના માણસોનું મનોબળ નબળું છે. તેથી આત્માના આકર્ષણનો ઉપયોગ કરીને આત્મદર્શન કરવાને બદલે તે તેમાં બંધાઇ જઇને શરીરના સુખમાં ફસાઇ જઇને ઇન્દ્રિયોના અલ્પજીવી આનંદમાં ડૂબી જાય છે. સમજુ માણસોએ તેમાંથી છૂટવા માટે પ્રયાસ કરવો જોઇએ. સાચા દિલથી પ્રયાસ થાય તો પ્રભુકૃપાથી બધે આત્મદર્શન કરવાનું ને શરીરસંબંધમાં જોડનારી કામવાસનાથી મુક્તિ મેળવવાનું મુશ્કેલ નથી. આકર્ષણ સારું છે, પ્રેમ પણ સારો છે, ને સહેજ છે. પણ તેનો ઉપયોગ આત્માની એકતાનો અનુભવ કરવા માટે થવો જોઇએ. તો જ તે હિતાવહ અને વંદનીય છે.

એ વિચારો મારા તે વખતના જીવનમાં પ્રબળપણે ને સફળ રીતે કામ કરી રહેલા. તેથી જ મારું જીવન આત્મોન્નતિના અનુભવમાર્ગે આગળ વધી રહ્યું. એમાં અજાણ્યે પણ ભાગ ભજવનાર ને મદદ કરનાર બેનની ઉપેક્ષા કેવી રીતે કરી શકું ? તેને મારા ભાવભીના પ્રણામ છે !

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. સંસ્થાની વિદાય

મેટ્રિકના વરસ સુધીમાં આધ્યાત્મિક વિકાસ માટે મારું મન ખૂબ જ આકુળવ્યાકુળ થઇ ગયું. ઇશ્વરની કૃપાથી તેને શાંતિનો અનુભવ પણ થવા લાગ્યો. આધ્યાત્મિક વિકાસ એ જ જીવનનો વાસ્તવિક વિકાસ છે એ વાત મને બરાબર સમજાઇ ગઇ. તેને સિદ્ધ કરવા માટે હું પ્રયાસ કર્યા કરતો. જગદંબાના દર્શનની લગની મારા દિલને લાંબા વખતથી લાગી ગયેલી. તેને પરિપૂર્ણ કરવાની પ્રાર્થના હું હંમેશા કર્યા કરતો. મારું જીવન એ રીતે જુદે જ માર્ગે વળી ગયું હતું. એટલે સ્કૂલના અભ્યાસમાં મારું ધ્યાન ઓછું હતું. પરીક્ષાના થોડા દિવસો બાકી રહેતા ત્યારે હું વાંચવાનું શરૂ કરતો. મારી સ્મરણશક્તિ ઘણી સારી હતી. એટલે થોડા દિવસની મહેનત પણ મને પરીક્ષામાં પાસ કરવા પૂરતી થઇ પડતી. પરંતુ મેટ્રિકના વરસમાં એ વલણ બદલાયું. મેટ્રિકમાં પાસ થવાનું કામ તે વખતે ખૂબ જ કઠિન હતું. ભલભલા હોંશિયાર વિદ્યાર્થીઓ પણ તેની મુશ્કેલીનો અનુભવ કરતાં. મેટ્રિકની પરીક્ષામાં બેસવા જનારો વિદ્યાર્થી કોઇ મોટો ગઢ જીતવા જતો હોય તેવી લાગણીનો અનુભવ કર્યા વિના રહેતો નહિ. એ પરિસ્થિતિમાં મેટ્રિકના અભ્યાસ પ્રત્યે બેદરકાર રહેવાનું ઠીક ન હતું. તેથી સ્કૂલમાં નિયમિત હાજર રહીને મેં અભ્યાસમાં બરોબર મન પરોવી દીધું. એક ખાસ વાત એ હતી કે મેટ્રિકમાં મેં 'ફિઝીયોલોજી અને હાઇજીન'નો વિષય લીધેલો. કેમ કે તેના પ્રત્યે મને જરા પ્રેમ હતો. આખી સ્કૂલમાં તે વિષય લેનાર વિદ્યાર્થી હું એકલો જ હતો. એટલે મારે માટે નવા શિક્ષકની નિમણૂંક કરવાનું શક્ય ન હતું. પરિણામે તે વિષયનો અભ્યાસ મેં મારી મેળે જ કરી લીધો. બીજા વિષયો તરફ પણ ખાસ ધ્યાન આપવા માંડ્યું.

મેટ્રિકની પરીક્ષા આપવા જતી વખતે મને ગૃહપતિએ શુભેચ્છાનો સંદેશો કહી સંભળાવ્યો. પરીક્ષા પ્રમાણમાં સારી હતી. પરંતુ મેથેમેટીક્સનું પેપર ઘણું જ અઘરું હતું. એટલું બધું અઘરું હતું કે તે વિશે વિદ્યાર્થી ને શિક્ષકોમાં ઉહાપોહ થયો. છેવટે યુનિવર્સિટીએ ઠરાવ કર્યો કે મેથેમેટીક્સના પ્રત્યેક પેપર પર અમુક ટકા માર્ક ઉમેરી આપવા. મારો મેથેમેટીક્સનો વિષય જરા કાચો હતો. છતાં મેં તેમાં એકંદરે ઘણાં સારા માર્ક મેળવ્યા. અમારી સંસ્થા ઘણાં વખતથી ચાલતી હતી પણ કોઇ મેટ્રિકમાં પાસ થતું નહિ. કોઇ વિદ્યાર્થી હોંશિયાર હોય તો મેટ્રિકમાં આવતા પહેલાં તેની ઉંમર વીસ વરસની થઇ જતી એટલે તેને સંસ્થા છોડવી પડતી. કેમ કે સંસ્થામાં વિદ્યાર્થીને વીસ વરસની ઉંમર સુધી જ રાખવાનો નિયમ હતો. પરિસ્થિતિ એવી હોવાથી સંસ્થામાં રહીને લાંબા વખત પછી મેટ્રિકની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી હું પહેલો જ હતો. મેટ્રિકમાં મારી સાથે બીજા બે વિદ્યાર્થીઓ બેઠેલા. પણ તે પાસ થઇ શક્યા ન હતા.

મેટ્રિકમાં પાસ થયો ત્યારે મારી ઉંમર સંસ્થાના નિર્ધારીત ધારાધોરણથી ઓછી હતી. એટલે સંસ્થાએ મને આગળના અભ્યાસને માટે તક આપવી કે કેમ તે પ્રશ્ન ઉભો થયો. તેવો પ્રશ્ન ઉભો થવાનો પ્રસંગ સંસ્થાના ઇતિહાસમાં પહેલો હતો. અંતે, તેના ઉત્તરરૂપે ઇશ્વરની ઇચ્છાનુસાર માર્ગ મળી ગયો. અમારી સંસ્થાના ગૃહપતિ મારા પર પ્રેમ રાખતા. તે પોતે કોલેજના જીવન દરમ્યાન મુંબઇની જી. ટી. બોર્ડિંગ હોસ્ટેલમાં રહ્યા હતા. તેમણે મારી વ્યવસ્થા તે સ્થળે થઇ જાય તો સારું એવી ઇચ્છા વ્યક્ત કરી. તેને સાકાર કરવાનો પ્રયત્ન શરૂ કર્યો. પરિણામે મને જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં જગ્યા મળી ગઇ. વરસો પછી મારું સ્થાન

પરિવર્તન થવાનો વખત આવી પહોંચ્યો. સંસ્થાના મકાનને મારાથી ભૂલી શકાય તેમ ન હતું. તે સ્થાનમાં મને નવજીવનની પ્રેરણા મળેલી. મારી કાયાપલટ કરવાની તક પ્રાપ્ત થયેલી. નવા નવા અનુભવોથી મારા શરૂઆતના જીવનને તેણે સરસ અને સૌરભમય કરેલું. તેણે મારો ઘાટ ઘડ્યો ને જીવનના આદર્શની ઝાંખી કરાવેલી. માતાની જેમ મારી સંભાળ લીધેલી. તેને કેવી રીતે ભૂલી શકાય ? જીવનમાં પ્રત્યેક માણસ કૃતજ્ઞતાની ભાવના કેળવે, ને પોતાને મદદ કરનાર વ્યક્તિ કે વસ્તુને વિસરે નહિ તે ઇચ્છવા જેવું છે. આજે તો મારી દશા જુદી છે. ભૂતકાળની વસ્તુ ને વ્યક્તિ પરથી મારો મોહ મટી ગયો છે. તે તરફનું મારું આકર્ષણ શાંત થયું છે. તે માટે મારે કોઇ પ્રયાસ નથી કરવો પડ્યો. તે તો વિકાસના ફળસ્વરૂપે સહજ થયું છે.

સામાન્ય રીતે સંસારમાં આપણએ જોઇએ છીએ કે માણસ એક વસ્તુ કે વ્યક્તિને છોડીને બીજી વસ્તુ કે વ્યક્તિના સમાગમમાં આવે છે ને તેમાં રસ લેતો થતાં પહેલી વસ્તુ કે વ્યક્તિનું મમત્વ મોળું પડવા માંડે છે. સ્ત્રીને માટે સર્વકાંઇ કરવા તૈયાર થનાર પુરુષ સ્ત્રીનું મૃત્યુ થતાં બેચેન બની જાય છે ને કકળાટ કરી મૂકે છે. પરંતુ તેની કરુણતા કાયમ માટે ભાગ્યે જ ટકે છે. વખત વીતતાં તે ફરીવાર લગ્નનો ઉમેદવાર બને છે ને વરણાગી વરરાજા થઇને ફેરા ફરવા માંડે છે. બીજી પત્નીને પણ તે એજ પ્રમાણે પ્રેમ કરે છે. શરૂઆતમાં તો પહેલી સ્ત્રીની સ્મૃતિ વાદળમાં ચમકતી વીજળીની જેમ વારંવાર ઉત્પન્ન થાય છે ને શમે છે. પરંતુ છેવટે છેક જ શાંત થાય છે. કોઇક વાર ઉત્પન્ન થાય છે તોપણ ખાસ અસર કર્યા વિના જ મટી જાય છે. જે વાત સ્ત્રીના સંબંધમાં લાગુ પડે છે તે જ વાત કેટલીકવાર પુરુષના સંબંધમાં સાચી ઠરે છે. કોઇ સ્થાન કે વસ્તુના સંબંધમાં પણ એમ જ સમજી લેવાનું છે. મમતાની નિવૃતિની વાત આધ્યાત્મિકતાના માર્ગમાં ખૂબ જ સાચી ઠરે છે. એ માર્ગે પ્રયાણ કરનાર સાધક રાગ કે દ્વેષ બંનેથી પર થઇ જાય છે. ઇશ્વર વિના બીજી કોઇયે વસ્તુ કે વ્યકિતને તે કાયમને માટે વાસનાની ગાંઠ બાંધીને વળગી નથી રહેતો. ઇશ્વરની ઇચ્છા કે યોજના પ્રમાણે વિવિધ વ્યક્તિના સમાગમમાં આવવાનું બને છે ને સમય પર તે વ્યક્તિથી વિખૂટા પડવું પડે છે એમ માનીને બધી દશામાં તે મનની સ્થિરતા જાળવી રાખે છે ને વધારે ને વધારે ઇશ્વરપરાયણ બને છે. આ જીવન કાંઇ પહેલું ને છેલ્લું જીવન નથી. ચાલુ જીવન તો જીવનની અનંત સાંકળનો એક અંકોડો માત્ર છે. તે પહેલો, વચલો કે છેલ્લો અથવા તો ગમે તેવો હોઇ શકે. આજ સુધી કેટકેટલા જીવન પસાર થઇ ગયા તેની કોને ખબર છે ? તે દરમ્યાન માણસે કયા કયા સંબંધો બાંધ્યા ને કેવાં કેવાં મકાનોમાં વસવાટ કર્યો તેનો હિસાબ કોની પાસે છે ? આ જીવનમાં આગલા જીવનની વધારે વિસ્મૃતિ થઇ ગઇ છે ને તેની મમતા ને આસક્તિનો પણ અંત આવ્યો છે. તે પ્રમાણે આ જીવનની વસ્તુ ને વ્યક્તિનું પણ સમજી લેવાનું છે. તેમાં મમતા ને આસક્તિ કરવી નિરર્થક છે. આત્મિક વિકાસને વરી ચૂકેલા સાધકને માટે એ વાત વધારે સાચી ઠરે છે ને સહજ બને છે. તેથી જ મેં કહ્યું કે સંસ્થાના મકાન તરફ આજે મને એટલું આકર્ષણ નથી. એકલી સંસ્થાની જ વાત શા માટે, ભૂત કે વર્તમાન જીવનની કોઇયે વસ્તુ કે વ્યક્તિ તરફ મને આજે આકર્ષણ, મમતા કે આસક્તિની ભાવના નથી. ને ના હોય તે જ સારું છે. કેમ કે એક ઇશ્વરનું આકર્ષણ ને એક ઇશ્વરની મમતા માણસને માટે મંગલકારક છે. જીવનનું સાચું શ્રેય તેમાં જ છે.

સંસ્થાને છોડવાનો અવસર આવ્યો ત્યારે મારામાં એ ભાવના કે સમજનો અભાવ ન હતો. પરંતુ એની અસર હજી કાચી હતી. વળી દરેક વ્યક્તિ ને વસ્તુમાં ઇશ્વરના પ્રકાશની ઝાંખી કરવાની મને ટેવ હતી.

તેને લીધે કોઇયે વસ્તુ કે વ્યક્તિને વિસરવાનું કામ મારે માટે મુશ્કેલ હતું. એટલું આવશ્યક પણ ન હતું, કેમ કે જે સ્મૃતિ, સંબંધ ને સ્નેહ જીવનને ઉજ્જવળ કરવામાં મદદરૂપ થાય છે તે કાયમ રહે તેમાં કશી હરકત નથી એવી મારી તે વખતે પણ માન્યતા હતી. જીવનને જડ ને તેથી જ વિપથગામી કરનારી સ્મૃતિ ને પ્રીતિ નુકસાનકારક ને તેથી જ વિસ્મરણીય છે. એ વાત સહેજે સમજી શકાય તેવી છે. તેથી સંસ્થાની સ્મૃતિ તે વખતે ખૂબ જ તાજી થઇ. હવે હું નવી સંસ્થામા જઇ રહ્યો હતો ત્યારે તેનો ઉપકાર ને તેણે ભજવેલો ભાગ યાદ આવવાથી હૈયું ગળગળું બની ગયું. પરંતુ દિલમાં દુઃખ ના થયું. કેમ કે નવી જગ્યામાં જવાનું જીવનના હિતમાં હતું. મારી સંસ્થા પરિવર્તનની પ્રક્રિયા પાછળ જીવનની ઉન્નતિની પ્રેરણા પડેલી. કન્યાને માટે જ્યારે સાસરે જવાનો અવસર આવે છે ત્યારે તેની દશા કેવી થઇ જાય છે ? સુખ ને દુઃખ અથવા તો હર્ષ અને વિષાદની મિશ્રિત લાગણીનો તે અનુભવ કરે છે. પુરાણું ઘર ને પુરાણાં સ્નેહીને છોડવા પડે છે તેનું તેના દિલમાં દુઃખ હોય છે. પણ નવા ઘરમાં નવા સ્નેહી સાથે સંબંધ બાંધવાની કલ્પના તેને માટે સુખદ થાય છે. એ પ્રમાણે મારા મનમાં હર્ષ ને વિષાદની મિશ્રિત લાગણી ઉત્પન્ન થવા લાગી.

એ દશામાં સંસ્થાને મનોમન પ્રણામ કરીને મેં તેની વિદાય લીધી ને જી. ટી. બોર્ડિંગ હોસ્ટેલના નવા વાતાવરણમાં પ્રવેશ કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. લગ્નની સમસ્યા - ૧

લગ્નની પ્રથા માનવના જીવનમાં ઓછું મહત્વ નથી ધરાવતી. સ્ત્રી કે પુરુષ સૌના જીવનમાં તે અસર પહોંચાડે છે. ગામડાં ને શહેરમાં લગભગ બધે સ્થળે તે પ્રચલિત થઇ ચૂકી છે ને લોકો તેમાં રસ લે છે. જીવનની એક અનિવાર્ય આવશ્યકતા તરીકે મોટી સંખ્યામાં લોકો તેનો સ્વીકાર કરે છે ને તેના વિના જીવનમાં નીરસતા પણ અનુભવે છે. સરોડાનું નાનું સરખું ગામ પણ એમાં અપવાદરૂપ ન હતું. પોતાના બાળકો વહેલી તકે પરણીને ઠેકાણે પડી જાય તેની ચિંતા સૌને રહ્યા કરતી. પરિણામે છેક નાની વયમાં સગાઇ કરવાની ને પછી વિના વિલંબ લગ્ન લેવાની પદ્ધતિ લગભગ સર્વસામાન્ય થઇ પડેલી. માબાપ ને કુટુંબીજનો બાળકોનાં લગ્નની જેટલી ચિંતા કરતા તેટલી તેમની વિદ્યા ને સુધારણાની પણ ના કરતાં. બાળકોના લગ્નનો જેટલો ઉત્સાહ તેમના દિલમાં હતો તેટલો તેમના શીલસંસ્કાર માટે ભાગ્યે જ જોવા મળતો. એટલે મારા અભ્યાસકાળ દરમ્યાન કુટુંબીજનો ને ગામનાં પ્રતિષ્ઠિત માણસોએ મારા લગ્નની વાત ઉપાડી લીધી. મુંબઇના નિવાસ તથા સાત્વિક સ્વભાવને લીધે ગામમાં મારી સુવાસ સારી પેઠે ફેલાઇ ચૂકેલી. તેથી સારાં સારાં કુટુંબો મારા લગ્નના વિષયમાં રસ લેવા માંડ્યાં. પરંતુ જ્યારે તેમને ખબર પડી કે લગ્ન કરવાની મારી બિલકુલ ઇચ્છા નથી ત્યારે તેમને નવાઇ લાગી. વાત ખરેખર નવાઇ પમાડે તેવી જ હતી. કેમ કે મારું વલણ ગામના પરંપરાગત વલણથી તદ્દન વિરોધી હતું. ગામના લાંબા ઇતિહાસમાં કોઇએ સ્વેચ્છાથી લગ્ન કરવાની ના પાડી હોય તેવો પ્રસંગ ભાગ્યે જ જડે તેમ હતો. દેવું કરીને ને લાગવગ લગાડીને પણ લગ્ન કરવા ને કરાવવામાં મહત્તા ને મોટાઇ માનનારા માણસોને મારી વાત તદ્દન નવી લાગે તે સમજી શકાય તેમ હતું. લગ્ન વિના કોઇ રહી શકે જ નહિ ને લગ્ન વિનાના જીવનમાં સાર પણ નહિ એવી માન્યતાવાળા માણસો મારી વાતને આશ્ચર્યથી સાંભળે તે સ્વાભાવિક હતું. કન્યા ના મળવાથી છેવટે કોઇને કુંવારા રહેવું પડે અથવા વરની અછતને લીધે કોઇ કન્યાને બે-ચાર વરસ વધારે રાહ જોવી પડે એ વાત તેમની સમજમાં આવી શકે તેમ હતી. પરંતુ સર્વપ્રકારની અનુકૂળતા હોવા છતાં પણ કોઇ વ્યક્તિ લગ્ન કરવાની ના પાડે તે વાત તેમની સ્વીકૃત નિયમાવલીની બહારની હતી. એથી લગ્નજીવનમાં પડવાની મારી 'ના'એ તેમનામાં ભારે ઉહાપોહ જગાવ્યો, પોતપોતાની બુદ્ધિ પ્રમાણે તેમાંના કેટલાક વાતો પણ કરવા માંડ્યા. કોઇ કહેવા માંડ્યા કે 'એ તો હવે મુંબઇ ગયા ને અંગ્રેજી ભણવા માંડ્યા. એટલે કાંઇ ગામડાંની કન્યા ગમે ? એ તો કોઇ શહેરની છોકરી સાથે લગન કરશે.' તો કોઇએ અંગ્રેજી ભણતરનો જ દોષ કાઢવા માંડ્યો. 'અંગ્રેજી ભણતર ભણે એટલે બુદ્ધિ જ બગડી જાય. માણસનું મન જ બદલાઇ જાય.' કોઇ ડાહ્યા વડીલોએ વરસોનાં અનુભવને વહેતો મૂકવા માંડ્યો, 'અરે ભાઇ, તમે જાણો નહિ. જુવાન છોકરા શહેરોમાં જાય એટલે એવું જ થાય. પણ લગ્ન વિના તે કોઇ રહી શક્યું છે ? એ તો વખત જશે તેમ એની મેળે ઠેકાણે આવશે ને માની જશે.' તો કોઇએ કહેવા માંડ્યું કે, 'કોઇ છૂપો રોગ હશે નહિ તો પરણવાની ના કેમ પાડે ?' કોઇકે એમ પણ જણાવ્યું કે 'હમણાં એનું બધું ધ્યાન ભણવામાં લાગેલું છે. ત્યાંથી ધ્યાન હઠાવી લે તો ભણવાનું બગડે ને ? એટલે ના કહે છે. પણ પાછળથી જરૂર હા કહેશે.' એમ લગ્નનો એક જ વિષય વિવિધ રીતે ચર્ચાવા માંડ્યો.

પરંતુ મારી ખરી મનોદશાની ખબર કોને પડે ? ચૌદ વરસની વયથી મારા જીવનમાં જે જાગૃતિ આવી તેને પરિણામે મારામાં સુષુપ્ત આત્મિક સંસ્કારોની પરંપરા પ્રકટવા માંડી. તેણે છેલ્લા ચારેક વરસમાં મારી કાયાપલટ કરી નાખી. તેના ફળરૂપે મારામાં પવિત્ર ને સંયમી જીવન જીવીને ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની મહત્વકાંક્ષા જાગી ઉઠી. તે દશામાં મને ઇશ્વર અને આત્મિક ઉન્નતિ વિનાની બીજી વાતોમાં રસ જ પડતો નહિ, તે વાત તેમની કલ્પનામાં કેવી રીતે આવી શકે ? શિક્ષા, સમજણ ને સભ્યતાનો દાવો કરનારા ને ગર્વ રાખનારા શહેરી માણસો પણ તે વાતને ભાગ્યે જ સમજી શકે તેમ હતા. તો આ તો બહારના સંસ્કાર અને સંપર્કથી રહિત, નિરક્ષર જેવા ને પોતાની મર્યાદિત દુનિયામાં જીવનારા ગામડાંના માણસો. તેમની બુદ્ધિમાં તે કેવી રીતે ઉતરી શકે ? એટલે તેમને માટે તે આશ્ચર્યજનક થઇ પડે તે સ્પષ્ટ હતું. પણ મને તેથી દુઃખ થતું નહિ. સમય મળતાં તેમની આગળ મારા હૃદયને ખુલ્લું કરવાનો હું પ્રયાસ કરતો ને તેમની પાસે મારું દૃષ્ટિબિંદુ રજૂ કરતો. છતાં તેની ધારી અસર થતી નહિ. તેમના પરંપરાગત સંસ્કારો પ્રબળ હતા. તેમની દૃષ્ટિ પણ ટૂંકી ને સંકુચિત હતી. તેથી મારી વાતને તે ભાગ્યે જ સમજી શકતા.

પરંતુ પ્રકાશના પંથના પ્રવાસની મારા જીવનની અત્યાર સુધીની કથા વાંચનાર વ્યક્તિ મારી તે વખતની સ્થિતિને સહેલાઇથી સમજી શકશે. તે વખતની મારી મનોદશાનો ઉડતો ખ્યાલ અત્યાર સુધીની કથા પરથી આવી શકે છે. તે વખતે મેં પ્રત્યેક સ્ત્રીમાં જગદંબાના સ્વરૂપનું દર્શન કરવાની ટેવ પાડેલી. તેને લીધે મારું મન નિર્મળ થઇ ગયેલું. તે ઉપરાંત જે બેનનો મેં આગળ પર ઉલ્લેખ કર્યો છે તેના લાંબા સંબંધે મારા માટે પવિત્રતાની પ્રયોગશાળાનું કામ કર્યું. તેણે મારા જીવનને તાવી, તપાવી ને વધારે વિશુદ્ધ કર્યું. એટલે લગ્નની જરૂર મારે માટે જરાપણ રહી ન હતી. લગ્નની જરૂર માણસને શા માટે પડે છે ? તેની જરૂર પડવાનું સૌથી મોટું કારણ તો એ છે કે માણસ જીતેન્દ્રિય નથી ને જીતેન્દ્રિય થવાનો નક્કર પ્રયાસ કરતો નથી. શરીરના સુખની વાસના તેને વળગેલી છે. તેનો ત્યાગ કરવાની તેની ઇચ્છા પણ ભાગ્યે જ હોય છે. સ્ત્રી ને પુરુષ એકમેકનો સંસર્ગ ને શરીરસંબંધ ચાહે છે. એટલે કે કામદેવતાનું રાજ્ય સંસારમાં કાયમ છે. એ દશામાં લગ્નની અનિવાર્યતા વધી પડે છે. સંસારમાં એ પરિસ્થિતિ વધારે પ્રમાણમાં રહેવાની. એટલે લગ્નની જરૂર પણ વધારે ભાગના સ્ત્રી પુરુષોને રહેવાની. ભવિષ્યની વધારે ભાગની પ્રજા સંયમી ને પ્રભુપરાયણ બનશે તો લગ્નની જરૂર આજના જેટલી નહિ રહે. જોકે તેવો યુગ આવશે કે કેમ અને આવશે તો ક્યારે આવશે તે કહેવું મુશ્કેલ છે. પણ એકાદ કે વધારે વ્યક્તિને માટે તો તેવો યુગ આજે ને કોઇયે કાળે આવી શકે છે.

માણસની અંદર શરીરસુખની લાલસા કે કામવાસના હોય છતાં તેને લગ્ન કરવાની ઇચ્છા ના થાય તે અસંભવ નથી. કામવાસનાના શક્ય પ્રભાવની સામે તે સલામત રહી શકશે ને ધીરે ધીરે પ્રયાસ કરીને કામથી મુક્તિ મેળવશે. એવો વિશ્વાસ હોવાથી કેટલીક વાર માણસ લગ્નનો આશ્રય નથી લેતો, એવા ઉદાહરણ પણ જગતમાં જોવા નથી મળતા એમ નહિ.

કામવાસનાનું પ્રમાણ જીવનમાં ના હોય અથવા બહુ ઓછું હોય છતાં પણ સરખા મનના સ્ત્રીપુરુષો જીવનભર સાથે રહેવા માટે કેટલીકવાર લગ્ન કરે છે. એ પ્રમાણે લગ્ન કરવાનું કામ ઠીક છે કે કેમ ને તેથી જીવનપર્યંત નિર્મળ રહી શકાય છે કે કેમ તે વાત જુદી છે. તેની ચર્ચામાં ઉતરવું અસ્થાને છે. પણ લગ્નની

પ્રેરણાનું એ પણ એક કારણ છે તેની ના નહિ. તે ઉપરાંત, કેટલાકને સંતાનની પ્રાપ્તિ માટે લગ્ન કરવાની ઇચ્છા થાય છે. લગ્ન કરવાના બીજા પણ કેટલાંક નાનામોટાં કારણો હશે. પરંતુ મારે કહેવાની વાત એટલી જ છે કે ઉપર દર્શાવેલા કે બીજા કોઇયે કારણો મને લગ્નજીવનની પ્રેરણા આપી શક્યા નહિ. મારું બધું જ ધ્યાન કામ ને ક્રોધને જીતીને સંપૂર્ણ શુદ્ધ બનાવવામાં લાગી ગયું હતું. વળી પ્રત્યેક સ્ત્રીમાં પરમાત્માનું દર્શન કરવામાં મને આનંદ આવતો. એટલે લગ્ન કરવાની વાત મને પસંદ ના પડી. મારી મનોદશાને ના જાણનાર ગ્રામજનો એ કેવી રીતે સમજી શકે ? તેમની પાસેથી સમજણની આશા પણ કેવી રીતે રાખી શકાય ? તેમાં તેમનો દોષ પણ કેવી રીતે કાઢી શકાય ?

ઇશ્વરની કૃપા મેળવીને મેં એક મહાન યોગી કે સંતપુરુષ થવાનો સંકલ્પ કર્યો. એને માટે અપરિણિત રહેવાની અને સમગ્ર જીવનને આત્મોન્નતિની સાધનામાં લગાડી દેવાની જરૂર હતી. લગ્ન કરવાથી માણસ ઘર, સ્ત્રી, કુટુંબ ને સંતાનમાં ફસાઇ પડે છે, તેના પ્રશ્નોમાંથી ઊંચો આવી શકતો નથી, ને તેના જીવનનો ઘણોખરો અમૂલ્ય સમય એમ ચાલ્યો જાય છે. તેવી રીતે સમયને બરબાદ કરવાની મારી જરાપણ ઇચ્છા ન હતી. મારે તો તેનો સદુપયોગ કરીને મારું તથા બીજાનું મંગલ કરવું હતું. તેથી લગ્ન ના કરવાનો જ મેં નિર્ણય કર્યો. લગ્નનો આશ્રય લઇને કેટલાંક માણસો આત્મિક વિકાસ કરી ગયા છે એ વાતનો મને ખ્યાલ હતો. પરંતુ તેણે પણ મને લગ્નજીવનમાં પ્રેરિત ના કર્યો. કેમ કે પાછળનાં વરસોમાં મને યોગની સાધના કરવાની લગની લાગેલી. તે માટે વરસો સુધી એકાંતમાં રહીને કોઇ મહાપુરુષની દોરવણી પ્રમાણે ચાલવાની જરૂર હતી. એટલે લગ્નનો વિચાર મને આકર્ષી શક્યો નહિ. બ્રહ્મચર્યનું બનતું પાલન કરી, આત્મિક વિકાસની મૂર્તિ બની, સ્વામી વિવેકાનંદ ને મહાત્મા ગાંધીજીની જેમ મનુષ્ય જાતિના મંગલને માટે કામ કરવાના હું સ્વપ્નાં સેવવા માંડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૫. લગ્નની સમસ્યા -૨

જીવનમાં વહેલામાં વહેલી તકે આત્મોન્નતિ કરવાની જેની અભિલાષા હોય તેણે લગ્નજીવનમાં ના પડવું જોઇએ. લગ્ન કરીને આત્મોન્નતિ કરવાને બદલે સંસારના પ્રશ્નોમાં અટવાઇ જવાની તેને જરૂર નથી. સંસારના વધારે પડતાં પ્રશ્નો ને વિષયવાસનાથી દૂર રહીને પોતાનું બધું જ ધ્યાન પોતાની જાતની ઉન્નતિ ને પરમાત્માની પ્રાપ્તિ પાછળ લગાડી દેવાનો સંકલ્પ તેણે કરી લેવો જોઇએ. જે વિનાશશીલ ને પરિવર્તનશીલ છે તેને વરવાથી શું વળે ? તેની મમતા અને આસક્તિ કોઇને કાયમી સુખ, શાંતિ ને મુક્તિ કેવી રીતે અર્પણ કરી શકે ? જો વરવું જ હોય તો તો સમજુ માણસે એક ઇશ્વરને જ વરવું જોઇએ, ઇશ્વરના ચરણોમાં જ પ્રીતિ કરવી જોઇએ, અને અવિનાશી ઇશ્વરની સાથે જ અનુરાગના દોરે બંધાઇ જવું જોઇએ. ઇશ્વરને મનોમન વરી લઇને, દિલમાં ઇશ્વરની લગન ભરીને, ઇશ્વરનો સાક્ષાત્કાર કરવા તૈયાર થવું જોઇએ. ઇશ્વરના રૂપ, ગુણ, ને ચારિત્ર્ય પર મુગ્ધ થવું જોઇએ. ઇશ્વરની બરોબરી કરી શકે તેવી વસ્તુ બીજી ક્યી છે જેના પર માણસ મુગ્ધ થઇને વારી જાય ? ઇશ્વર તો સંસારના સ્વામી છે. તેથી સંસાર કરતા વધારે સુંદર, શક્તિશાળી ને સંપૂર્ણ છે. તેને છોડીને જે સંસારને ભજે ને પ્રીતિ કરે તે તેની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે ? લગ્નજીવનમાં પડેલા માણસોએ પણ પોતાના મનને ધીરે ધીરે વિશુદ્ધ ને ઇશ્વરપરાયણ કરવાનું છે. લગ્નજીવનનું શ્રેય તેમાં જ છે. પણ જેમણે લગ્ન કર્યું ના હોય તેમણે તો જો પોતાની જાતમાં શ્રદ્ધા હોય ને ઇશ્વર પ્રત્યેની ઝંખના હોય તો, અવિવાહિત જ રહેવું જોઇએ. અવિવાહિત રહીને બેસી રહેવું ના જોઇએ પણ પરમાત્મા પ્રેમરંગે રંગાઇ જવું જોઇએ. પોતાની પ્રત્યેક પળનો ઉપયોગ તેમણે પરમાત્માની પાસે ને પાસે પહોંચવાની સાધના માટે જ કરવો જોઇએ. કેમ કે જીવન ઘણું ટૂંકુ છે, પ્રવાહ જેવું ચંચળ છે. તેના આ ચાલુ અંકનો પડદો ક્યારે પડી જશે તેની કોને ખબર છે ? માટે જે સમય મળ્યો છે તેને સોનેરી સમજીને તેનો બનતો લાભ લેવા તૈયાર થવું જોઇએ.

એ વિચારો મારા તે વખતના જીવનને ઘડી રહ્યા હતા. તેના પર એની અસર ઘણી ભારે હતી. બ્રહ્મચર્યની મૂર્તિ જેવા સ્વામી દયાનંદ, વિવેકાનંદ, શંકરાચાર્ય ને જ્ઞાનેશ્વર મારી આંખ આગળ રમી રહેલા. તેમની શક્તિ ને સિદ્ધિનો વિચાર કરીને હું આશ્ચર્ય અનુભવતો. તેમનું જીવન મારે માટે પ્રેરણાસ્પદ હતું. તેમના જીવનનો વિચાર મને ઉત્સાહિત કરતો, ને મને તેમના જેવા બનવાની હિંમત આપતો. તેમની જેમ બ્રહ્મચર્યનું વ્રત પાળીને આધ્યાત્મિક ઉન્નતિ કરવાની મહત્વકાંક્ષા મારામાં જાગ્રત થઇ. તે માટે મને મારી જાતમાં ને જગદંબાની દયામાં વિશ્વાસ હતો. શ્રીરામકૃષ્ણદેવ, રામતીર્થ તથા શ્રદ્ધાનંદ જેવા સંતોએ ગાયેલો સંયમી જીવનનો મહિમા મને યાદ હતો. કામવાસના ને કાંચનથી દૂર રહેવાની રામકૃષ્ણદેવની વારંવારની સૂચનાનો મને ખ્યાલ હતો. તે સૂચનાનો અમલ કરવા રામકૃષ્ણદેવે પોતાના પ્રારંભિક જીવનમાં જે મહાન પ્રયોગો કરેલા તેનું મને સ્મરણ હતું. તેમને પગલે ચાલીને જગંદબાનો સાક્ષાત્કાર કરવાની અને એક સાચા સંત થવાની મારી ઇચ્છા હતી. તે ઇચ્છાને સાકાર કરવામાં મુશ્કેલી નહિ પડે એવો મને ઊંડે ઊંડે વિશ્વાસ હતો. મહત્વની વાત તો એ કે હું લગ્નજીવનમાં ના પડું તેવી ઇશ્વરની ઇચ્છા હતી. તેથી જ હું અપરિણીત રહેવાનો નિર્ણય કરી શક્યો ને મારા નિર્ણયમાં દૃઢ રહીને મારું દૃષ્ટિબિંદુ વત્તેઓછે અંશે સમજાવી શક્યો.

મારી આધ્યાત્મિક અવસ્થાથી અજાણ માણસો કેટલીકવાર મને સમજાવવાનો પ્રયાસ કરતા. સરોડા જવાનું થતાં એવા પ્રસંગો સહેજે બનતાં. એકવાર ગામના એક આગેવાન ભાઇ મને સમજાવવા આવ્યા. તેમણે મને શિખામણ આપતાં કહેવા માંડ્યું, 'જુઓ, તમારા ઘરમાં તમે એકના એક પુત્ર છો. લગ્ન નહિ કરો તો વંશ ક્યાંથી રહેશે ? વંશવેલો વધતો રહેવો જોઇએ. માટે માની જાવ. હમણાં લગ્ન ના કરવું હોય તો એકલું સગપણ કરી લો. લગ્ન પછી થઇ રહેશે. લગ્ન વિના પિતૃની ગતિ થાય નહિ. લગ્ન નહિ કરો તો તમારું શ્રાદ્ધ પણ કોણ કરશે ?'

છેલ્લું વાક્ય સાંભળીને મને થયું કે આગેવાન ભાઇએ નજર બહુ લાંબી દોડાવી. તેમનું ભેજું બહુ ફળદ્રુપ લાગે છે ! છતાં મેં તેમને શાંતિથી ઉત્તર આપ્યો કે 'મને વંશની ચિંતા નથી. આજે શંકરાચાર્ય ને જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષોને લાખો લોકો યાદ કરે છે. બીજા કેટલાયને ભજે છે ને યાદ કરે છે. તેમનો વંશ એ રીતે કાયમ છે. ઇશ્વરના ભક્તો ને મહાપુરુષો પોતાના કર્મોથી લાખો લોકોને પ્રેરણા પાય છે. તે અમર છે. તેમને પોતાનું નામ કાયમ રાખવા કોઇ સંતાનની જરૂર નથી પડતી. બાકી બ્રહ્માનો વંશ તો ચાલ્યા જ કરે છે. જગતમાં એક, બે કે વધારે સ્ત્રીપુરુષો લગ્ન નહિ કરે તેથી કાંઇ બ્રહ્માનો વંશ પૂરો થવાનો નથી. લગ્ન નહિ કરનારા માણસોની જેમ લગ્ન કરવા તૈયાર થનારા માણસો પણ સંસારમાં થયા કરશે. ને નહિ થાય તો તેની ચિંતા ઇશ્વર પોતે કરી લેશે. ઇશ્વરના ભક્તના માતાપિતા ને તેનું કુળ સહેલાઇથી તરી જાય છે. નરસિંહ મહેતા અને ભક્તોએ એ વાતનો ઉલ્લેખ કરેલો છે. માટે પિતાના કુળને તારવા માટે લગ્નની જરૂર નથી. તે માટે તો ઇશ્વરનું શરણ લઇને સત્કર્મ કરવા જોઇએ. ને મારા શ્રાદ્ધની મને ચિંતા નથી. હું આ જીવન દરમ્યાન જ પ્રભુની કૃપાની પ્રાપ્તિ કરી લઇશ. મારી શાંતિ ને ગતિ માટે હું બીજા પર આધાર નહિ રાખું, પ્રખરમાં પ્રખર પુરુષાર્થ કરીને આ જ જીવનમાં પરમ ગતિને મેળવી લઇશ.'

મારો પ્રત્યુત્તર સાંભળીને તે ભાઇ જરા ઢીલા પડ્યા પણ યુદ્ધમાં રમનારો સૈનિક બનતાં બધાં જ શસ્ત્રોનો પ્રયોગ કરી બતાવે તેમ તેમણે વિચારોના નવાં નવાં શસ્ત્રો કાઢવા માંડ્યા. તેમણે શરૂ કર્યું કે 'એમ તો પહેલાંના ઋષિઓ પણ લગ્ન કરતાં હતા. લગ્ન કરીને તે ઇશ્વરની પ્રાપ્તિ કરતા ન હતા ? વળી શાસ્ત્રો પહેલાં બ્રહ્મચર્યાશ્રમનું પાલન કરવાનું કહીને પછી જ ગૃહસ્થાશ્રમની આજ્ઞા કરે છે.'

મેં કહ્યું: 'તે વાત બરાબર છે પણ તેવી આજ્ઞા તો સર્વસામાન્ય માણસો માટે છે. જેનો વૈરાગ્ય દૃઢ હોય ને પરમાત્માને મેળવવા જેનું મન તલપાપડ હોય તેને માટે તે આજ્ઞાનો આગ્રહ બરાબર નથી. તેને માટે શાસ્ત્રોએ બ્રહ્મચર્યાશ્રમમાંથી જ ઇશ્વરપરાયણ થવાની ને ત્યાગ કરવાની સૂચના કરી છે. એટલે મારું વલણ બરાબર છે. વળી કેટલાક ઋષિઓ પરણેલા હતાં માટે બધાંએ પરણવું જ જોઇએ એવો આગ્રહ અસ્થાને છે. દરેકને પોતાની રુચિ ને શક્તિ પ્રમાણે ચાલવાની છૂટ હોવી જોઇએ.'

એ રીતે વિચારોના બધાં જ બારણાં જ્યારે બંધ થઇ ગયા ત્યારે પોતાના વ્યવહારિક અનુભવને રજૂ કરતાં તે કહેવા માંડ્યા, 'અત્યારે ના કહો છો. પણ પછી હા કહેશો ને તે વખતે કોઇ કન્યા બાકી નહિ રહે તો ?'

મેં કહ્યું: 'તે ચિંતા તમે મારા પર છોડી દો. બાકી મારો વિચાર મજબૂત છે.' ત્યારે તે મારી દૃઢતા માટે મને શાબાશી આપતાં ઊભા થયા. તે સમજી શક્યા કે મારી વાત સાચી હતી.

લગ્ન વિશેની વાતચીતનો આ કાંઇ પહેલો પ્રસંગ ન હતો. તે પછી એવા કેટલાય પ્રસંગો બની ગયા. એક ભાઇએ તો ઠેઠ ઇ.સ. ૧૯૪૪ સુધી મારા પરિવર્તનની આશા રાખી હતી. પણ છેવટે તેમને નિરાશ થવું પડ્યું. ગામમાં સોમાભાઇ વ્યાસ નામે એક ભાઇ હતા. તેમને મારા પર પ્રેમ હતો. અમારા મકાન પાસેથી પસાર થતી વખતે માતાજીને તે વારંવાર કહેતા કે, 'એને સંસારમાં નાખી દો. પણ એ સંસારમાં નહિ પડે. તમે જાણો છો એ કોણ છે ? એના લક્ષણો હું જોયા કરું છું. એ તો બ્રહ્મજ્ઞાની છે, બ્રહ્મજ્ઞાની. તમારા કુળને તારી દેશે.' એમણે મારા ભાવોને કંઇક અંશે ઓળખ્યા હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. જી. ટી. બોર્ડિંગ હોસ્ટેલમાં

આજના યુગમાં વિલાસીતા વધતી જાય છે ત્યારે સંયમી જીવનનું મહત્વ ઓછું અંકાવાનો સંભવ છે. સ્વચ્છંદી જીવનમાં માનનારા સ્ત્રીપુરુષોને સંયમનું મૂલ્ય નહિ જેવું લાગવાનો સંભવ છે. તો પણ તેના મહત્વ ને મૂલ્યમાં તેથી કાંઇ ફેર પડતો નથી. સંપૂર્ણ સંયમ સાધારણ માણસોને માટે મુશ્કેલ છે એ વાત સાચી, પરંતુ તેથી વિલાસ ને સ્વચ્છંદતાનો બચાવ કરવામાં જરાય ડહાપણ નથી રહ્યું. સાધારણ માણસોએ અતિ સંયમ અને અતિ વિલાસ બંનેની વચ્ચેના મધ્યમ માર્ગને અપનાવવો જોઇએ ને ધ્યેય તરીકે વિલાસને બદલે સંયમની જ પસંદગી કરવી જોઇએ. ક્રમે ક્રમે તે ધ્યેયની સિદ્ધિ માટે પ્રયાસ પણ કરવા જોઇએ. પરંતુ જે સાધકો હોય તે તો વિલાસને બદલે સંયમનું જ વ્રત લઇ લે. કેમ કે ઉંચી કોટિની આત્મોન્નતિની સાધના સંયમના પાલન વિના ભાગ્યે જ થઇ શકે. ઇશ્વરદર્શનની ભાવના કે આકાંક્ષા પણ તેના વિના અધૂરી જ રહે. જે આળસુ અને એદી છે, અશ્લીલ ચિત્રો જુએ છે, ઇન્દ્રિયોને ઉત્તેજનારાં પુસ્તકો વાંચે છે, ને કુસંગ કરે છે, તેને માટે સંયમનું પાલન આકાશને અડવા જેવું અશક્ય બની રહેવાનું. પણ જે સદગ્રંથોના વાચનમાં ને સત્સંગમાં રસ લે છે ને ખાનપાનમાં શુદ્ધિ ને સાત્વિકતા સાચવવાની ચીવટ રાખે છે તેને માટે તે મુશ્કેલ હોવા છતાં ઇશ્વરની કૃપાથી સહેલું થઇ પડવાનું. તેમાં મદદ મળે તે માટે માણસે ઇશ્વરદર્શન અથવા એવા જ કોઇ ઉચ્ચ આદર્શ માટે જીવનને અર્પણ કરવાની આવશ્યકતા છે. એ આદર્શ માટે ફના થવાની તાકાત તેણે તૈયાર કરવાની છે ને તેની સિદ્ધિ માટેની મહેનતમાં મશગૂલ બનવાનું છે. તેમ થતાં જીતેન્દ્રિય થવાનું કામ સહેલું થઇ પડશે. તે ઉપરાંત, પ્રભુની પ્રાર્થનાનો આધાર લેવાથી પણ માણસનો માર્ગ મોકળો થઇ શકશે. સંયમનું પાલન કરવામાં પ્રાર્થનાએ મને સારી સહાય કરી છે. શરૂઆતથી તે અત્યાર સુધી તે મારે માટે મદદરૂપ થઇ પડી છે.

મેટ્રિક પાસ કરીને મારે આગળના અભ્યાસ માટે ગોવાલિયા ટેન્ક પર આવેલી જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં આવવાનું થયું. ત્યારે મારી ઉમર સત્તર વરસની હતી. વિશુદ્ધ જીવન ને 'મા'ના દર્શન માટેની પ્રાર્થનાનો ક્રમ ત્યાં પણ ચાલુ જ રહ્યો. સંસ્થાના જીવનનો મને લાંબો અનુભવ હોવાથી નવા વાતાવરણને અનુકૂળ થતાં વાર લાગી નહિ.

જીવનની વિશુદ્ધિ અને 'મા'ના દર્શન માટેની ઝંખના નવા વાતાવરણમાં વધતી જ ગઇ. તે ઝંખનાની પાછળ કોઇ ક્લેશ, કષ્ટ કે વાતાવરણનો પ્રભાવ ન હતો. તેની પાછળ તો વિવેકનું પીઠબળ હતું. એટલે વાતાવરણમાં ફેર પડે તોપણ તેમાં ફેર પડવાનો સંભવ ન હતો. મારે જે કોલેજમાં જવાનું હતું તે વિલ્સન કોલેજ તદ્દન પાસે જ હતી. તેમાં હાજર રહેવાનો સમય પણ પ્રમાણમાં ઓછો હતો. એટલે મારા પ્રિય સ્થાન હેન્ગીંગ ગાર્ડન ને નરીમાન પોંઇટના શાંત વાતાવરણમાં બેસવાનો લાભ વધારે પ્રમાણમાં મળવા માંડ્યો. તેથી મને આનંદ થયો. બોર્ડીંગમાં દરેક વિદ્યાર્થીને સૂવા માટે પલંગ મળતો. પરંતુ મેં તેનો ઉપયોગ કરવાને બદલે વધારે ભાગે શયનખંડની પાસેની ગેલેરીમાં ચાદર પાથરીને જમીન પર જ સૂવાનું રાખ્યું. મારા એવા વર્તનથી કોઇ કોઇ વિદ્યાર્થીઓ ભારે નવાઇ પામતા. તેવા વિદ્યાર્થીઓ મોજશોખ અને આમોદપ્રમોદને જ જીવનનું સર્વસ્વ સમજતાં. તેથી ઉલટું, કોઇ કોઇ વિદ્યાર્થી ભાઇઓને મારું વર્તન સારું લાગતું. તે મારી મુક્ત

કંઠે પ્રશંસા કરતા. તેમનામાં સાદાઇ, સંયમ અને સુવિચારની છાપ હતી. તેમને જોઇને મને આનંદ થતો. જેમ દરેક ઊંચી કેળવણીની સંસ્થામાં હોય છે તેમ અમારી સંસ્થામાં પણ તેવા સંસ્કારી વિદ્યાર્થીઓ ઘણા થોડા હતા. સંસ્થામાં વધારે ભાગે બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને જ દાખલ કરવાનો નિયમ હતો. પણ બુદ્ધિ ને સંસ્કાર બે જુદી જ વસ્તુઓ છે. બંનેનો સમન્વય બહુ વિરલ વ્યક્તિના જીવનમાં જોવા મળે છે. અમારી સંસ્થાને માટે પણ તે હકીકત સાચી હતી.

જી. ટી. બોર્ડીંગમાં વિશાળ મેદાન હતું. તેમાં ટેનીસ કોર્ટની સગવડ હતી. તે મેદાનની એક ખૂણે એક ઝાડ હતું. તે ઘણું નાનું હોવા છતાં મને ગમી ગયું. રામકૃષ્ણદેવના જીવનમાં મેં વાંચેલું કે દક્ષિણેશ્વરના તેમના નિવાસસ્થાનમાં આવેલી પંચવટી નામની જગ્યામાં લગભગ મધરાત દરમ્યાન તે ધ્યાનમાં બેસતા. તે વખતે પોતે શરીરથી અલગ છે તે વાતનો અનુભવ કરવા કેટલીક વાર કપડાં પણ કાઢી નાખતા. તે વાતની અસર મને સારી થઇ. તેમાંથી પ્રેરણા મેળવીને છેલ્લા ત્રણેક વરસથી મધરાતની આસપાસ ધ્યાન કરવાની મેં ટેવ પાડેલી. તે પ્રમાણે મધરાત દરમ્યાન ઉઠીને પેલા નાના ઝાડ નીચે ધ્યાનમાં બેસવાની મેં ટેવ પાડી. ધ્યાન કરતી વખતે રામકૃષ્ણદેવને યાદ કરીને મેં વસ્ત્રો પણ કાઢી નાખવા માંડ્યા. તે દશામાં મને શાંતિ મળવા માંડી અને આનંદનો અનુભવ થવા લાગ્યો. લગભગ અઢી ત્રણ વાગ્યે ધ્યાન પૂરું કરીને વસ્ત્રો પહેરીને હું પાછો આવી જતો ને થોડોક સમય સૂઇ રહેતો. એ ક્રમ મારો પ્રિય ક્રમ બની ગયો. તેની ખબર કોઇ વિદ્યાર્થીને પડી શકી નહિ કેમ કે જે ઝાડ નીચે હું બેસતો તે ઝાડ અંધારામાં હતું ને મારા ધ્યાનમાં બેસવાના વખત દરમ્યાન વિદ્યાર્થીઓ વધારે ભાગે સુતેલાં જ રહેતા. એ રીતે નવા વાતાવરણમાં રહીને મેં મારો માર્ગ કાઢી લીધો.

મૌનથી ઘણાં લાભ થાય છે એમ મારા સાંભળવામાં આવેલું. ગાંધીજી દર સોમવારે મૌનવ્રત રાખતા તેની મને ખબર હતી. મેં પણ અઠવાડીયામાં એક દિવસ મૌનવ્રત પાળવાનું નક્કી કર્યું. ઓછું ને ખપ પૂરતું બોલવાની ટેવ મને પહેલેથી જ પડેલી. એમ કહો કે જરૂર જેટલું જ બોલવાનો મારો સહજ સ્વભાવ હતો. તેથી મૌનવ્રતનું પાલન મારે માટે સહેલું થઇ પડ્યું. કોલેજમાં હાજરી પુરાતી તે વખતે પણ હું મૌન જ રાખતો. તે વખતે મારા વતી 'યસ સર' બોલવાનું કામ પણ મૌન વ્રતના દિવસે એક બીજા ભાઇને સોંપતો. તે ભાઇ સમજુ ને સંસ્કારી હતા. તેમને મૌનવ્રત જેવા વ્રતો પર ને મારા પર પ્રેમ હતો. તેથી મારી સૂચનાને તે સહર્ષ વધાવી લેતાં. બાકી તો કોલેજમાં વધારે ભાગે વક્તા જેવા પ્રોફેસરોના શ્રોતા જ બનવાનું હોય છે. એટલે મારું વ્રત સહેલું બનતું. સંસ્થામાં પણ વિદ્યાર્થીઓ મારી વાત સમજી જતાં.

મૌનવ્રતની એ ચાલુ થયેલી પરિપાટી મારા જીવનમાં કેટલાક જરૂરી ફેરફાર સાથે લાંબા વખત લગી ચાલુ રહી. આજે પણ તે એક યા બીજી રીતે ચાલુ છે. તેથી મને લાભ થયો છે. મૌનવ્રતથી શક્તિ બચે ને શાંતિ મળે છે, ને વિચારશક્તિ વધે છે. બીજા પણ કેટલાક લાભ નથી થતાં એમ નહિ. પરંતુ સૌથી મોટો ને સૌને સમજાય તેવો લાભ તો એ છે કે માણસ તે દરમ્યાન અસત્યભાષણથી અનિચ્છાએ પણ બચે છે. સાધકોને માટે મૌનનું મહત્વ ઘણું મોટું છે. ચિત્તની એકાગ્રતા અને કર્તવ્યપરાયણતા માટે એ આવશ્યક છે. મૌનના આટલા લાંબા અનુભવ પછી હું એવા નિર્ણય પર પહોંચ્યો છું કે મૌનનો મર્મ માણસે રોજિંદા જીવનમાં ઉતારવો જોઇએ. એટલે કે રોજના જીવનમાં સાચું, સારું ને ખપ જેટલું બોલવાની ટેવ પાડવી

જોઇએ. તેની સાથે ખોટું, કડવું ને જરૂર વગરનું બોલવાની ટેવમાંથી છૂટવું જોઇએ. તેમ કરવાથી મૌનનો આનંદ મળી રહેશે ને મૌન જીવનનું અંગ બની જશે. એને માટે પ્રયત્ન કરવાની સૌને મારી ભલામણ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. યોગાભ્યાસની રુચિ

યોગાભ્યાસ તરફ મારું મન પહેલેથી જ ખેંચાતું હતું. યોગાભ્યાસ કરીને લોકોત્તર શરીરસંપત્તિ કે સિદ્ધિઓની પ્રાપ્તિ કરવાનો મારો વિચાર ન હતો. યોગાભ્યાસ મને આત્માનો સાક્ષાત્કાર કરાવી આપશે એવી આશાથી જ તે તરફ મારું મન આકર્ષાતું. મારા દિલમાં જગદંબાનું દર્શન કરવાની લગની લાગેલી. તે લગનીને જે શાંત કરી ના શકે તેવા યોગ, જ્ઞાન કે સાધનની મારે મન કશી કિંમત ન હતી. મારા થોડાં ઘણાં વાચન પરથી મને જાણવા મળ્યું કે યોગસાધનાનો આધાર લેવાથી પરમાત્માનો સાક્ષાત્કાર સાધકને સહેલાઈથી થઈ શકે છે. તેથી મને યોગ પ્રત્યે રુચિ થઈ. પરમાત્માનાં દર્શન માટે મારા દિલમાં તે વખતે જે લ્હાય લાગી હતી, ને જે વેદના થતી હતી તેનું વર્ણન કેવી રીતે કરું ? તે વખતની મારી વિરહદશાનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. મારું મન સંસારના કોઈયે પદાર્થમાં લાગતું નહિ. કોઈયે વિષયની રસવૃત્તિ મને સ્પર્શી ના શકતી. પરમાત્માના દર્શન માટે મારું અંતર આતુર બનીને રડતું. મન બેચેન બનતું. વિરહની પરંપરા ઊઠતી, વેદના તેને નીચોવી નાખતી. જીવનમાં પ્રેમની જ્વાળા સળગી રહેતી. હૃદય રાગમય બનીને 'મા'ને પોકારતું અને આંખ ચારે તરફ તેની શોધ કરતાં તલસતી. રાત પડતી ને હૃદય રડી પડતું કે એક દિવસ વધારે વહી ગયો પણ 'મા'નું દર્શન ના થયું ! તેના દર્શન વિના જીવનમાં કશો સાર ના દેખાતો. એ દશા ઘણી અજબ હતી. તે દશામાં 'મા'નો સાક્ષાત્કાર કરવા મારાથી બને તેટલા બધા પ્રયાસ હું કરી છૂટું તે વાત સહેલાઇથી સમજાય તેવી છે. માંદા માણસો જેમ સાજા થવાના બધા જ પ્રયાસ કરે, ને શક્ય તેટલા વધારે વૈદો ને ઉપચારોનો આધાર લે તેમ મેં પણ બને તેટલા વધારે સાધનનો આધાર લેવાનો ને છેવટે દિલના દર્દને કાયમ માટે દૂર કરવાનો વિચાર કર્યો. તેથી જ મને યોગાભ્યાસ પ્રત્યે પ્રેમ થયો.

પરંતુ યોગની સાધના શીખવી કેવી રીતે ? યોગાભ્યાસની માહિતી કેવી રીતે ને કોની પાસેથી મેળવવી ? યોગાભ્યાસ કરવાની ઈચ્છા હોય તેથી જ કાંઈ યોગાભ્યાસનું કામ સહેલું થઈ જતું નથી. યોગાભ્યાસ માટે મુખ્ય અનિવાર્ય આવશ્યકતા ગુરુ અથવા માર્ગદર્શકની છે. જેણે પોતે યોગની સાધના કરી હોય ને તેના રહસ્યનું જેને જ્ઞાન હોય એવા અનુભવી પુરુષની દોરવણી વિના યોગની સાધના ભાગ્યે જ થઈ શકે. પણ એવા અનુભવી પુરુષ ક્યાંથી મળે ? મહાપુરુષો કહે છે કે દૃઢ ઈચ્છા હોય તો તેવા પુરુષ મળી શકે છે. જેનું હૃદય તેવા પુરુષના મિલન માટે તલસતું હોય તેને તેની પ્રાપ્તિ થઈ રહે છે. ઈશ્વરની કૃપાથી એવા સંજોગો ઊભા થાય છે અને એવું વાતાવરણ મળી રહે છે. એ કથનનો અનુભવ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. મારા જીવનમાં મને એનો અનુભવ આજ સુધી અનેકવાર થયો છે. તે વખતે પણ તેની જરા જેટલી ઝાંખી થઈ શકી.

તે વખતે મુંબઈમાં ત્રણેક યોગાશ્રમો ચાલતા. એમાંનો એક અમરધામ યોગાશ્રમ ચર્નીરોડ સ્ટેશનની પાછળ એક ઊંચા મકાનમાં હતો. તેની વાત મેં સાંભળી એટલે એક દિવસે સવારે મેં તેની મુલાકાત લીધી. આશ્રમના મુખ્ય સંચાલક ગુરુજી કહેવાતા. તે યોગ વિદ્યામાં કુશળ મનાતા. તેમની પાસે જઈને મેં આશ્રમ વિશે માહિતી માગી. તે બહુ ભલા માણસ હતા. તેમનું વર્તન માયાળુ, નમ્ર ને સરળ હતું. તે મને જોઈને ખુશ થયા ને મારી જિજ્ઞાસાને તૃપ્ત કરવા તેમણે પોતાનાથી બનતો પ્રયાસ કરી જોયો. મેં તેમની પાસે મારા

મનોભાવોની રજૂઆત કરતાં ખુલાસો કર્યો કે મારો વિચાર ઈશ્વરનું દર્શન કરવાનો છે. તે માટે મને લગની લાગી છે ને તે વિના મને ચેન પડતું નથી. શું તમે ઈશ્વરદર્શન કર્યું છે ? પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે ? અથવા તેનો ચોક્કસ ઉપાય તમે જાણો છો ? અહીં આસનો, ષટ્ ક્રિયા ને પ્રાણાયામ શીખવવામાં આવે છે. પણ મારો મુખ્ય રસ તેમાં નથી. મને ઈશ્વરદર્શન કરવાની જ ઈચ્છા છે. તેના વિના બીજું કાંઈ જ નથી ગમતું.

મારી વાત સાંભળીને તેઓ પ્રસન્ન થયા. તેમણે મારા તરફ પ્રેમથી જોયું ને પછી કહેવા માંડ્યા, 'તમારા જેવા વિદ્યાર્થી તો અમારા યોગાશ્રમમાં આ પહેલા જ આવે છે. આ મુંબઈ નગરીમાં ઈશ્વરની ભૂખ ભાગ્યે જ કોઈને લાગી હશે. અત્યારે તો લોકો સંસારના સુખને સર્વસ્વ માનીને તેને મેળવવા માટે જ મહેનત કરે છે. ધન, પ્રતિષ્ઠા, સત્તામાં વધારે ભાગના મનુષ્યો ડુબી ગયા છે. તેની મોહિનીને મૂકીને આત્મસાક્ષાત્કારની વાતો કોણ કરે ? તમને ધન્ય છે કે આટલી નાની ઉંમરમાં તમને આવા ઉત્તમ વિચારો આવે છે. તમારા સંસ્કારો ઘણા સારા છે. અહીં ઈશ્વરદર્શનની તાલીમ તો નથી અપાતી. પણ આસન, પ્રાણાયામ વિગેરે શીખવાય છે. તેનું મહત્વ પણ ઘણું છે. શરીર ને મન બંને પર તેની સારી અસર થાય છે. તેમાં થોડો થોડો રસ લો તો કંઈ ખોટું નથી. તેથી કોઈ નુકસાન થવાને બદલે લાભ જ થશે.'

તેમના શબ્દો સાંભળીને મને આનંદ થયો. એમનું કહેવું સાચું હતું. મુંબઈની મોહમયી નગરીમાં ઈશ્વરદર્શનની ઉત્કટ ઈચ્છાવાળા માણસો ભાગ્યે જ કો'ક હશે. માણસો રોજીન્દા જીવનના પ્રશ્નોમાંથી જ ઊંચા આવતા નથી તો વળી ઈશ્વરદર્શનની ઈચ્છા ક્યાંથી કરે ? જેમને રોજીન્દા જીવનના પ્રશ્નો સતાવતા નથી એટલે કે જેઓ સાંસારિક રીતે સુખી છે તે સુખને જ સર્વ કાંઈ સમજે છે, અને આત્મિક ભૂખ તેમને લાગતી નથી. તેવા લોકોને ઈશ્વનદર્શનની લગની ક્યાંથી લાગે ? આ વાત એકલા મુંબઈ શહેરને જ નહિ, પણ સંસારનાં લગભગ બધાં જ શહેરોને લાગુ પડે છે. આ આશ્રમમાં આવનારા સાધકોમાંના બહુ જ ઓછા સાધકો આત્મોન્નતિની ઈચ્છાથી પ્રેરાઈને આવતા હોય છે. કેટલાક સાધકો કેવળ શોખ ખાતર તો કેટલાક સ્વાસ્થ્યના સુધાર અને સંરક્ષણ માટે યોગાશ્રમમાં આવે છે. બીજા કેટલાક કુતૂહલથી પ્રેરાઈને તો કેટલાક નવીનતાના મોહને લીધે આવે છે. આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શનની લગનવાળા સાધકો બહુ વિરલ હોય છે. તેથી તેમને જોઈને ઉપર કહ્યું તેમ કેટલીકવાર યોગાશ્રમના અનુભવી સંચાલકોને પણ આશ્ચર્ય થાય છે, પરંતુ એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. જન્માંતર સંસ્કારની મૂડીવાળા માણસો મુંબઈ, કલકત્તા, લંડન, મોસ્કો, ન્યૂયોર્ક કે એવા સંસારના કોઈયે નાના કે મોટા શહેરમાં જન્મી ને પ્રક્ટી શકે છે. તેવા માણસોના સંસ્કારો એટલા બધા પ્રબળ હોય છે કે ગમે તેવું શહેરી કે સંસારી વિપરીત વાતાવરણ પણ તેમને નિર્મૂલ કરી શકે તેમ નથી હોતું. પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહીને પણ તે પોતાનો માર્ગ કરી શકે છે. મુંબઈનું વાતાવરણ મારે માટે અનુકૂળ કહી શકાય તેવું ના હોવા છતાં પણ મારા પૂર્વસંસ્કારો જરા વધારે શક્તિશાળી હશે. એટલે મારા જીવનને આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે લઈ જવામાં તે સફળ થઈ શક્યા.

જે વસ્તુની મને ઝંખના હતી તેની પ્રાપ્તિનો સંભવ ના હોવા છતાં યોગ તરફના આકર્ષણને લીધે મેં યોગાશ્રમમાં જવાનું શરૂ કર્યું. વ્યાયામનો શોખ મેં કેળવ્યો. વળી શીર્ષાસન કરવાની ટેવ પણ પહેલાની સંસ્થામાં મારી મેળે જ પાડેલી. એટલે બીજાં આસન શીખવામાં મને મુશ્કેલી ના પડી. તે વખતે આશ્રમમાં

કોઈ વિદેશી સાધક આવતા. તે ધોતીક્રિયા ઘણી સારી રીતે કરતા. તે મારા પર પ્રેમ રાખતા. મને પશ્ચિમોત્તાનાસન કરતાં ફાવતું નહિ તેનો તેમને ખ્યાલ હતો. એકવાર હું તે આસન કરવાનો પ્રયાસ કરતો હતો ત્યારે એ અચાનક પાછળથી આવીને મારા બરડા પર બેસી ગયા. બસ મારું નાક લાંબા કરેલા પગના ઘૂંટણને લાગી ગયું અને આસન થઈ ગયું. ત્યારથી પશ્ચિમોત્તાસન મારે માટે સહજ થઈ ગયું.

યોગાશ્રમમાં બધા મળીને કેટલા દિવસ જવાનું થયું તે મને બરાબર યાદ નથી. પણ બહુ થોડા દિવસ હું ત્યાં જઈ શક્યો. મારા દિલમાં જે ઈશ્વરદર્શનની ઝંખના હતી તે મને વારંવાર સૂચના કરતી કે હૃદય શુદ્ધ થતાં ને પ્રેમની વૃદ્ધિ થવા માંડતા ઈશ્વરદર્શન સહેજે થઈ શકશે. તે માટે યોગાસનની જરૂર છે જ એમ નથી. યોગની બીજી ક્રિયાની માહિતી વિના પણ ચાલી શકે છે. મારું હૃદય મને કહેતું કે ઈશ્વરને માટે આતુર બાળકની જેમ આક્રંદ કરવાથી, તલસવાથી ને પ્રાર્થનાથી તેનું દર્શન જરૂર થઈ જશે. તેને માટે નરસી, મીરા, શબરી, રામકૃષ્ણદેવ ને ચૈતન્ય મહાપ્રભુ જેવો પ્રેમ જગાવવો જોઈએ. તેની યાદ ને તેના ભાવમાં ચક્ચૂર બનીને ડૂબી જવું જોઈએ. રોમરોમમાં તેનો જ રાગ ભરી દેવો જોઈએ. એ સાધન અક્સીર છે ને પૂરતું છે. એટલે થોડા દિવસ પછી મેં યોગાશ્રમમાં જવાનું બંધ કર્યું.

એનો અર્થ એવો નથી કે મને યોગસાધના તરફ અરુચિ થઈ. ના, કદાપિ નહિ. યોગસાધનાનો રસ મારા જીવનમાં ચાલુ જ રહ્યો ને ઉત્તરોત્તર વધતો જ રહ્યો. તે વખતે પણ નિયમિત આસન કરવાનો ક્રમ મેં ચાલુ જ રાખ્યો. તે ક્રમ આજે પણ ચાલુ છે. તેથી મને શારીરિક અને માનસિક સારો લાભ થયો છે. યોગાસન પ્રત્યેનો મારો પ્રેમ આજે પણ એવો જ અખૂટ છે. મુંબઈ છોડ્યા પછી વડોદરામાં મને નેતિ, ધોતિ ષટ્ ક્રિયા શીખવાનો લાભ મળ્યો ને પછી તો બીજી પણ કેટલીક જરૂરી ક્રિયાઓ શીખવાની તક મળી. તેનો ઊડતો વિચાર ક્રમેક્રમે કરી શકાશે. અહીં તો આ પ્રકરણને આટલેથી પૂરું કરીને મારે એટલું જ કહેવાનું છે કે યોગાભ્યાસ પ્રત્યેક માનવને માટે ખૂબ જ ઉપયોગી છે. આત્મિક ઉત્કર્ષની વાત કોરે મૂકીએ તો પણ સ્વાસ્થ્યના સુધાર ને સંરક્ષણ માટેય તેનું મહ્ત્વ ઘણું મોટું છે. દરેક યુવક-યુવતીએ તેમાં રસ લેવાની આવશ્યકતા છે. આપણી શાળાઓમાં ફરજિયાત વ્યાયામનું શિક્ષણ આપવાની વ્યવસ્થા છે. તેની સાથે સાથે આપણા બાળકો તથા યુવક-યુવતીઓને યોગાભ્યાસની શરૂઆતની તાલીમ આપવામાં આવે તો તે તેમની તનમનની સંપત્તિને વધારવામાં ઘણો જ મહ્ત્વનો ભાગ ભજવી શકે. એ દિવસ વહેલો આવે એવું ઈચ્છું છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. સંતોનો સમાગમ

મુંબઇના નિવાસ દરમ્યાન કોઇ સંતપુરુષના દર્શનની ઇચ્છા મને અવારનવાર થયા કરતી. સંતોનો મહિમા કોણ નથી જાણતું ? સંતોની શક્તિ અનંત છે. સંતો સંસારને માટે આશીર્વાદરૂપ છે. તાપથી તપેલા લોકોને તે શીતળ છાયાનું દાન કરે છે અને આરામ આપે છે. માનવજાતિ પર તેમનો ઉપકાર ઘણો મોટો છે. દાનવતાને દૂર કરીને સાચા અર્થમાં માનવ થવાનો ને છેવટે પરમાત્માને મેળવવાનો માર્ગ તે માણસને બતાવે છે. તેમની છત્રછાયામાં રહીને માણસ બંધનમાંથી મુક્ત થાય છે, પોતાની સુષુપ્ત શક્તિઓની ખીલવીને પૂર્ણ બને છે, ને શાંતિ મેળવે છે. તેમનો સમાગમ સદાયે સુખમય ને મંગલ હોય છે. પરંતુ વિવેકી પુરુષો કહે છે કે તે દુર્લભ છે. સંતોનો સત્સંગ તો દુર્લભ છે જ પણ સંતોનું દર્શન પણ ઓછું દુર્લભ નથી. તેમાંયે વળી મુંબઇ જેવા શહેરમાં તો તે દુર્લભ હોય જ. એ સહેલાઇથી સમજી શકાય તેવું છે. ઇશ્વરની કૃપા હોય તો જ ત્યાં સંતસમાગમ થઇ શકે.

એનો અર્થ એવો નથી કે સાચા સંતો કોઇ પર્વતમાળા કે નદીના પ્રદેશમાં જ રહે છે અથવા ગામડામાં જ વસવાટ કે વિચરણ કરે છે, ને મુંબઇ જેવા શહેરોમાં નથી રહેતા. શહેરોમાં પ્રવેશ કરતાં તે ડરે છે એવું નથી સમજવાનું. ઇશ્વરની ઇચ્છા પ્રમાણે તે ગમે ત્યાં રહે છે ને ગમે તે પ્રદેશમાં વિચરણ કરે છે. ગ્રામજીવન ને શહેરી જીવનના ભેદ તેમને મૂંઝવણમાં નથી મૂકતાં. તેમનું દર્શન જેમ એકાંત નદીતટ પરના પ્રદેશમાં, તીર્થોમાં ને પર્વતના પ્રદેશમાં થાય છે તેમ કોઇ કોઇવાર શહેરના રાજસી ને પ્રવૃતિથી ભરેલા વાતાવરણમાં પણ થઇ શકે છે, એટલું જ નહિ, શહેરમાં પણ તે જન્મે છે, જીવે છે, ને કામ કરે છે. શહેરીજીવનનો આધાર લઇને પણ પોતાની જાતને ઘડે છે ને આગળ વધે છે. ઇશ્વરની કૃપા હોય તો એવા આદર્શ અને સાચા સંતોના દર્શનનો લાભ શહેરોમાં પણ મળી જાય છે અને એમના સમાગમથી અંતર શાંતિ અને આનંદ અનુભવે છે. છતાં પણ તેમનું દર્શન દુર્લભ છે એ વાતનો ઇન્કાર કરાય તેમ નથી.

પુસ્તકો દ્વારા સંતોનો પરોક્ષ સમાગમ મને મળી ચૂક્યો હતો. પરંતુ તેવા કોઇ સંતના પ્રત્યક્ષ સમાગમની ઇચ્છા મને કદી કદી થયા કરતી. તેમની સાથે વાર્તાલાપ કરવાનું મન થતું. સંતોના વાસ્તવિક સ્વરૂપને સમજવાની શક્તિ તે વખતે મારામાં મુદ્દલ ન હતી. તેમને પારખવાની કળા મને હસ્તગત ન હતી. એટલે તે વખતે મને જે બે-ત્રણ સંતોના સમાગમનો લાભ મળ્યો તે ખરેખર કેવા ને કેવી કોટિના હતા તે કહેવાની શક્તિ મારામાં નથી. પણ તે સંતના પ્રચલિત વિશાળ અર્થમાં સંત હતા તેની ના નહિ. તેથી તેમનો ઉડતો ઉલ્લેખ કરી રહ્યો છું.

### એક સંન્યાસી મહાત્મા

મારા કોલેજના પ્રથમ વર્ષ દરમ્યાન એક મહાત્મા રોજ સવારે ચોપાટી પર ફરવા આવતા ને ત્યાંની રેતીમાં લગભગ પા કલાક શીર્ષાસન કરતાં. તેમનું શરીર ગોરું ને તેજસ્વી હતું. તેમની ઉમર ૪૦–૪૫ જેટલી હશે. તેમનું શીર્ષાસન હું ખૂબ જ રસપૂર્વક જોયા કરતો. બીજા પણ કેટલાક માણસો જરા નવાઇ પામતા ને ટોળે વળતાં. તે મહાત્માના મુખના ભાવો ઘણાં સારા ને સાત્વિક હતા. તેમને જોઇને મને આનંદ થતો. થોડા

દિવસો પછી તે પણ મારા પર પ્રેમ રાખતા થયા. હું યોગાશ્રમમાં જઇને આસનો શીખ્યો છું, ને તે નિયમિત કરું છું, એ જાણીને તે ખૂબ ખુશ થયા. કોઇવાર તે પ્રાણાયામ કરતા પણ દેખાતા. બપોરે ગાર્ડન પર ફરવા જતો ત્યારે બગીચામાં કોઇ ઝાડ નીચે સૂતેલાં તેમને હું વારંવાર જોતો. તેમના લક્ષણો સારાં હતા. તેમનો સ્વભાવ શાંત હતો. તેથી તેમની પાસે બેસવાનું મને ગમતું. સાંજે હું નરીમાન પોંઇટ તરફ દરિયાકિનારે પાળ પર બેસતો ને સૂર્યાસ્ત થયા પછી ધ્યાન ધરતો. તે વખતે તે કેટલીક વાર ત્યાંથી પસાર થતા. એકવાર તો તેમણે મને સૂચના પણ આપેલી. ધ્યાનમાંથી જાગ્રત થઇને હું સાગરના તરંગોને જોતાં પાળ પર બેઠેલો ત્યારે તે મારી પાસે આવી પહોંચ્યા ને કહેવા લાગ્યા, 'તમે ધ્યાન કરો છો તે સારું છે પણ આ પ્રમાણે પાળ પર બેસીને ધ્યાન કરવું બરાબર નથી. ધ્યાન કરતાં કરતાં જો ઝોકું આવી જાય ને પાણીમાં ગબડી પડો તો તમારી દશા કેવી ભયંકર થઇ જાય તેની કલ્પના કરો. માટે આ સ્થળે ધ્યાન કરવાનું બંધ કરો તે સારું છે.'

તેમની વાત સાવ ઉડાવી દેવા જેવી કે હસી કાઢવા જેવી ન હતી. તેમનો સાવધાનીનો સૂર તેમના આજ સુધીના ઊંડા અનુભવમાંથી ઉતરી આવેલો. પરંતુ મને લાગ્યું કે મારે તેથી ડરવાની ને મારા કામને મૂકી દેવાની જરૂર નથી. ધ્યાનમાં બેસવાની મારી ટેવ કાંઇ નવી ન હતી. છેલ્લાં ચારેક વરસથી તે ચાલુ હતી. તેના પરિણામે મારું મન અમુક રીતે ધ્યાન કરવા ટેવાઇ ગયેલું. તેથી ધ્યાનમાં ઝોકું આવવાનો સંભવ ન હતો. મેં તે વાતનો ખુલાસો કરતાં તેમને કહ્યું કે 'તે વાતની ચિંતા ના કરશો, ધ્યાનની શરૂઆત કરનારને માટે તમે કહ્યો તેવો ભય રહે છે, પરંતુ મારે માટે તેવા ભયનું કોઇ કારણ નથી. હું આવી રીતે આજકાલથી નહિ પણ લાંબા વખતથી ધ્યાન કરું છું. વળી ઇશ્વર મારી સંભાળ રાખે છે પછી મારે ભય પામવાની જરૂર નથી.'

મારો ઉત્તર સાંભળીને તેમને આનંદ થયો તોપણ તેમણે મને સાવધાન રહેવાની સૂચના તો આપી જ. તે મે સાભાર સ્વીકારી લીધી, કેમ કે સાવધ રહેવું સઘળા સંજોગોમાં હિતાવહ છે.

તે મહાપુરુષ મુંબઇમાં બહુ લાંબો વખત રહેલા. તેમને છેલ્લી મુલાકાત ક્યારે થઇ તે યાદ કરું છું તો એક નાનો સરખો પ્રસંગ યાદ આવે છે. કોલેજની વાર્ષિક પરીક્ષા ચાલતી હતી. તે દિવસે ઇતિહાસનું પેપર હતું. પરીક્ષા પૂરી કરીને હું ચોપાટી પર ફરવા ગયો તો તે મહાપુરુષ ત્યાં ઊભા હતા. તેમણે મારી પાસેથી પરીક્ષાની માહિતી મેળવી. પછી ઇતિહાસનું પેપર લઇને તે પ્રત્યેક પ્રશ્નનો વારાફરતી ખુલાસો કરવા માંડ્યા ને મેં તે પ્રમાણે જ લખ્યું છે કે નહિ તે પૂછવા લાગ્યા. છેવટે બીજી કેટલીક વાતો કરીને અમે છૂટા પડ્યાં. તે પછી આજ સુધી પાછા મળી શક્યા નથી, પણ તેમના પ્રત્યેના માનની લાગણી મારા દિલમાં આજેય કાયમ છે. તેમની સ્મૃતિ વારંવાર થઇ આવે છે ત્યારે હૃદય રંગમાં આવીને કહેવા માંડે છે કે ભારતમાં સારા અને શિક્ષિત સંતો પણ છે. ત્યાગ અને સેવાની પરંપરાને ટકાવી રાખનારા ને શાસ્ત્રીય જ્ઞાનની સાથે ભારતીય સંસ્કૃતિના સ્વરૂપને સાચવનારા સંતો પણ છે. આત્મિક અનુભવની દૃષ્ટિએ તે કદાચ કોરા કે અધૂરા હશે તોપણ જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં કિંમતી ને કામના છે તેની ના કહી શકાય તેમ નથી. તેમની કાયા પર કેટલોક કચરો ને સડો જરૂર છવાઇ ગયો હશે. પણ તેને દૂર કરવાથી તેની અંદરનો સાત્વિક અને પ્રાણવાન

ભાગ આજે પણ જોઇ શકાશે. માટે બધા જ સાધુસંત ને ત્યાગીઓ ખરાબ છે એવું છડેચોક જાહેર કરવાની ને માની લેવાની જરૂર નથી.

## પ્રવાસી મહાપુરુષની મુલાકાત

બીજા સંતપુરુષના દર્શનનો લાભ મને હેન્ગીંગ ગાર્ડન પર મળ્યો. જે બાંકડા પર હું સવાર-સાંજ નિયમિત બેસતો તે જ બાંકડા પર તે એક સાંજે બેઠેલા. તેમણે સફેદ વસ્ત્રો પહેર્યાં હતા, ને પંચકેશ રાખેલા. તેમની મુખાકૃતિ શાંત હતી. મુંબઇમાં તે તેમના કોઇ પરિચિત ભક્તને ત્યાં ઊતર્યા હતા. લગભગ આખા દેશમાં તેમણે પરિભ્રમણ કરેલું. તાજેતરમાં તે બ્રહ્મદેશ જઇ આવેલા. તેમની પાસે કાકા કાલેલકરનું 'બ્રહ્મદેશનો પ્રવાસ' નામે પુસ્તક હતું. તેથી તે સુશિક્ષિત હતા ને વાચનમાં રસ લેતા એમ લાગતું. મારી જિજ્ઞાસાના જવાબમાં તેમણે ભારતના અનેક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ સ્થળોની માહિતી મારી પાસે રજૂ કરી. તેથી મને આનંદ થયો. તેમનો વિચાર હવે રામેશ્વર તરફ ફરી વાર જવાનો હતો. તેમને જોઇને મને પણ તેમના જેવું જીવન જીવવાનું મન થઇ ગયું. કેટલું સરસ જીવન ! ના કોઇનો રાગ, ના કોઇ સાથે દ્વેષ, અહંકાર, મમતા કે તૃષ્ણા નહિ; ઇશ્વર સિવાય કોઇની ચિંતા ને ગુલામી તથા કોઇનું બંધન નહિ. વહેતા પ્રવાહની પેઠે કોઇની દખલગીરી વિના મન માને ત્યાં જવાનું ને રહેવાનું. કેટલું સ્વતંત્ર ને સ્વમાની જીવન ? માણસ આજે પરાધીન બની ગયો છે. એવા પરાધીન જીવનમાં શો આનંદ મળી શકે ? છતાં માણસ આનંદ માને છે ને પરાધીનતાને દૂર કરવા તૈયાર થતો નથી એ આશ્ચર્ય છે. પણ મને એક શંકા થઇ. સંતપુરુષને મેં પૂછ્યું કે, 'પ્રવાસી જીવનમાં ધ્યાન વિગેરે આત્મોન્નતિનાં સાધન થઇ શકે ? આત્મોન્નતિની સાધના વિનાનું એકલું પરિભ્રમણ વિવેકી પુરુષને ભાગ્યે જ પસંદ પડે.'

તેમણે શાંત સ્વરે ઉત્તર આપ્યો, 'જરૂર. પ્રવાસ કરતાં-કરતાં સમય બચાવીને નિયમિત રીતે સાધના કરી શકાય છે. જેને સાધનામાં રસ છે તે તો ગમે તેમ કરીને પણ સમય શોધી કાઢશે. સાધનામાં રસ વિનાનો માણસ એકેય દિવસ ભ્રમણ નહિ કરે ને એક જ ઠેકાણે બેસી રહેશે તો પણ સાધનાનું કામ નહિ કરે. એટલે મર્યાદા મુજબનો પ્રવાસ સાધનામાં નડતરરૂપ નથી. બાકી તો આ પ્રશ્ન પ્રત્યેકની રુચિનો છે.'

મેં જરા હિંમત કરીને પૂછ્યું, 'તમો સાધના કરો છો ?'

તેમણે કહ્યું, 'હા.'

'ત્યારે તમને નિર્વિકલ્પ સમાધિ થઇ છે ખરી ?'

એવી જ શાંતિથી પ્રત્યુત્તર આપતાં તેમણે જાહેર કર્યું, 'ના, હજી એ દશાએ હું નથી પહોંચ્યો પણ પહોંચવાનો પ્રયાસ કરું છું. એટલે શ્રદ્ધા છે કે થોડા વખતમાં પહોંચી જઇશ. ધ્યાનમાં મને સારા અનુભવો થાય છે.'

તેમના ઉત્તરથી મને આનંદ થયો. મને ખાતરી થઇ કે તે એક અનુભવસંપન્ન મહાપુરુષ છે. તેમની નમ્રતા ને નિરાડંબરતાએ મારા પર ખૂબ જ અસર કરી. તેમણે મને પણ ધ્યાન કરતાં રહેવાની સલાહ આપી.

'આ માર્ગ ભારે વિકટ છે.' તે બોલ્યા, 'વળી લાંબો પણ છે. તેમાં ધીરજપૂર્વક પુરુષાર્થ કરવાની જરૂર છે. પણ તેની સત્યતા વિશે શંકા કરવાની જરૂર નથી. જેને ઇશ્વર પર શ્રદ્ધા ને સાધના પર પ્રેમ છે તે ક્રમે ક્રમે તેમાં જરૂર સફળતા મેળવે છે.'

તેમના વચન ડહાપણથી ભરેલાં હતાં. તેમાં શંકા કરવાનું કારણ નથી. મોડે સુધી વાતો કરીને છેવટે અમે છૂટાં પડ્યાં. આજે તે છે કે નહિ ને છે તો ક્યાં છે તેની ખબર નથી. પણ તેમનો પુરુષાર્થ ચાલુ રહ્યો હશે તો આજે તેમની દશા અનેરી હશે તે નક્કી છે.

## ગાંધીજીનું દર્શન

કોલેજના પ્રથમ વરસ દરમ્યાન મને મહાત્મા ગાંધીજીના દર્શનનો લાભ મળ્યો. મહાત્માજી તે વખતે બિરલા હાઉસમાં ઉતર્યા હતા. જી.ટી. બોર્ડીંગ હોસ્ટેલમાંથી બે-ત્રણ ભાઇઓ તેમના દર્શને જતા હતા. તેમની સાથે એક સાંજે હું પણ તેમના દર્શને પહોંચી ગયો. અમે પહોંચ્યા ત્યારે ગાંધીજીની સાંજની પ્રાર્થનાનો વખત હતો. બિરલા હાઉસની બહાર ઘાસના મેદાનમાં ગાંધીજી બેઠેલા. વાતાવરણ તદ્દન શાંત હતું. ગાંધીજી સફેદ વસ્ત્રો પહેરીને શાંતિથી બેઠા હતાં. તેમની આંખો નીચી નમેલી ને તેમનું મુખ તેજસ્વીતા ને પ્રસન્નતાથી ભરેલું હતું. તેમને જોઇને મને આનંદ થયો. શા માટે ના થાય ? ભારતની સ્વતંત્રતાને માટે તે પરિશ્રમ કરતા. દેશના લાખો લોકોને સુખી કરવા તેમણે જીવનને હોડમાં મૂકેલું. તેમનું વ્યક્તિત્વ દેશ પૂરતું જ મર્યાદિત ન હતું. તેમનો ઉન્નતિકારક ને પ્રેરણાપ્રદાયક અવાજ વિદેશોમાં પણ દૂર દૂર સુધી પહોંચતો હતો. વિદેશોમાં પણ તેમના ભક્તો, પ્રશંસકો, પ્રેમીજનોનો પાર ન હતો. પ્રાચીન ઋષિઓની યાદ આપનારા, સંયમી ને શુદ્ધ જીવનની મૂર્તિ જેવા, તે મહાપુરુષ દેશ ને દુનિયાની એક મહાન વિભૂતિ હતા. ભારતની ઉન્નતિ ને આઝાદી માટે તે જે પરિશ્રમ કરી રહેલા તેનો મને ખ્યાલ હતો. જો કે તે વખતે મારી વયના પ્રમાણમાં તે ખ્યાલ ઘણો જ ઝાંખો હતો, પરંતુ તેથી તેમના પ્રત્યેના મારા પ્રેમભાવમાં વધારો થયેલો.

ગાંધીજીના દર્શનની અસર મારા પર ઘણી ભારે થઇ. એક મહાન સંતપુરુષ થવાની ભાવના મારા મનમાં કેટલાય વખતથી જાગ્રત થઇ હતી. તેને પોષવા ને સાકાર કરવા મારાથી બનતો પ્રયાસ હું કર્યે જતો. ગાંધીજીના દર્શનથી તે ભાવનાને વધારે પુષ્ટિ મળી. જો કે ગાંધીજી સાથે કોઇ જાતની વાત કરવાનો મને અવસર મળ્યો નહિ પરંતુ તેમના દર્શનની કિંમત પણ મારે માટે ઘણી ભારે હતી. તેમનું દર્શન કરીને મને થયું કે મારે પણ મહાન બનીને દેશ ને દુનિયાની ભલાઇનાં કામ કરવા જોઇએ. સૌથી પહેલાં તો મારે ઇશ્વરદર્શન કરવું જોઇએ, ઇશ્વરની કૃપાથી લોકોત્તર શક્તિ મેળવવી જોઇએ, ને તે દ્વારા બીજાને મદદ કરવી જોઇએ. મને થયું કે દેશને આઝાદ કરવાના કામમાં હું ગાંધીજીને કોઇ મોટી મદદ કરી શકું તો કેવું સારું ? ઇશ્વર કરે ને મારે જ હાથે દેશને આઝાદી મળે તો કેવું સારું ? ઇશ્વરની ઇચ્છાથી સર્વ કાંઇ થઇ શકે છે. તેની કૃપાથી કોઇયે કામ અશક્ય નથી રહેતું. પણ તે માટે સૌથી પહેલાં ઇશ્વરનો સાક્ષાત્કાર કરવો જોઇએ. ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ જાય છે એનામાં અનંત શક્તિ ઉત્પન્ન થાય છે ને તેની મદદથી તે ધારેલું કામ સહેલાઇથી કરી શકે છે. એટલે ઇશ્વરની પૂર્ણ કૃપાની પ્રાપ્તિ કરવાનો મેં નિર્ણય કર્યો. પહેલાંનો જે નિર્ણય હતો તેને વધારે મજબૂત કર્યો. તેની સાથે સાથે મારા દિલમાં એવી ભાવના જાગી ઊઠી કે મારો જન્મ દેશ ને દુનિયાનું

મંગલ કરવા માટે જ છે. ઇશ્વરની કૃપા પામી, બુદ્ધ ને ઇસુની જેમ, સંસારને હું શાંતિ ને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ બતાવું એવી ઇશ્વરની ઇચ્છા છે. મારા શરીરધારણ પાછળ એ જ હેતુ કામ કરી રહ્યો છે, તે સમય પર કામ કર્યા કરશે ને સિદ્ધ થશે એની મને ખાત્રી થઇ.

એ બધા વિચારોથી મારું મન અને અંતર નાચી ઊઠ્યું. પછી તો દિવસો ને વરસો સુધી હું એ વિચારો ને ભાવોમાં ન્હાતો રહ્યો. એ વિચારો મારે યાદ કરવા પડતા ન હતાં પણ મારા મનમાં આપોઆપ ઉઠતાં. એ વિચારોએ મારા આગળ ઉપરના જીવનમાં ખૂબ જ મોટો ભાગ ભજવ્યો. બીજરૂપે રહેલા એ વિચારોએ આગળ ઉપર અંકુરિત બનીને મારા જીવનની ઉન્નતિમાં ભારે મદદ કરી. દેશ ને દુનિયાની સેવા કરવાનો એ વિચાર મારા મનમાં આજે પણ કાયમ છે. મને થાય છે કે આ સંસારમાં શ્વાસ લેવાનો સમય મળ્યો ત્યારથી છેક આજ સુધી મેં બીજાની સેવા ને સહાયતા લઇને જ જીવન પસાર કર્યું છે, એમ કહો કે મારો બધો જ બોજો બાળપણથી એક ઇશ્વરે જ ઉપાડી લીધો છે. તેણે જ મારી રક્ષા કરી છે. તે ઇશ્વરને માટે મારા સમગ્ર જીવનને સમર્પણ કરી દેવાનો મારો પવિત્ર સ્વધર્મ થઇ પડે છે. તે ઉપરાંત, તેની ઇચ્છા પ્રમાણે તેના સમાજ ને સંસારની પણ કૈંક સેવા કરી શકું તે જરૂરી લાગે છે. તે માટે જે જે તક મળે છે તેનો લાભ હું ઉઠાવી રહ્યો છું ને વધારે મોટી તક મળે તેની રાહ જોઇ રહ્યો છું. બાકી ઇશ્વરના ચરણોમાં જીવનનું સમર્પણ તો થઇ ચૂક્યું છે ને ચાલશે પણ તે જ રીતે.

દેશને સ્વતંત્રતા મળે તે માટે પાછલા જીવનમાં મેં ઇશ્વરને સતત પ્રાર્થના કરી. તે માટે વિચારો ને વ્યૂહો પણ ઘડ્યા. તેનો વિચાર ક્રમે ક્રમે આવ્યા કરશે. અહીં તો એટલું જ કહીશ કે દેશની આઝાદી મને ઘણી જ પ્રિય હતી ને તે માટે હિમાલયમાં રહીને સાધના કરતાં કરતાં મેં નિયમિત ચિંતા ને પ્રાર્થના ચાલુ રાખેલી. ભારતની આઝાદીની પાછળ ઇશ્વરની ઇચ્છા ને યોજના કામ કરી રહી છે તેની મને પ્રતીતિ હતી. પણ તેમાં વધારે નહિ તો થોડા પણ નિમિત્તરૂપ બનાય તેવી મારી ઇચ્છા હતી. હિમાલયવાસ દરમ્યાન તો દેશ મારે જ હાથે આઝાદ થાય ને ઇશ્વર મને જ એ સદભાગ્ય આપે એવી ભાવના હું સેવ્યા કરતો ને ઇશ્વર આગળ રોજે રોજ રજૂ કરતો. એ પરથી ગાંધીજી પર મને કેટલો બધો આદરભાવ હતો તેની કલ્પના કરી શકાશે. તેમના દર્શનથી મને આનંદ થયો. તે તેમનું પહેલું ને છેલ્લું દર્શન હતું. આજે પણ તેની યાદ એવી જ તાજી છે ને તાજી રહે તે જરૂરી છે. કેમ કે તેમાં પ્રેરણાની સામગ્રી ભરેલી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. વાળમાંથી દૂધનો ચમત્કાર

એક સાધુપુરુષનો બીજો પ્રસંગ યાદ આવે છે. તેનો ઉલ્લેખ કરી લઉં તે વખતે પણ યાદ છે ત્યાં સુધી, પરીક્ષાના દિવસો હતા. એક દિવસ બપોરે પરીક્ષા આપીને હું વિલ્સન કોલેજના દરવાજામાંથી નીકળતો હતો. ત્યાં દરવાજાની બહાર મેં એક સાધુપુરુષને ઊભેલો જોયો. તેનો દેખાવ કોઈ ફકીર જેવો હતો. તેણે મને સંકેત કરીને પોતાની પાસે બોલાવ્યો. હું કુતૂહલવશ તેની પાસે ગયો એટલે તેણે મને વધારે ને વધારે પાસે બોલાવ્યો. તેણે તાપથી બચવા માટે છત્રી ઓઢેલી, તેને ઊંચી કરીને તેણે કોલેજના મકાન તરફ ને આગળ પાછળ બધે નજર ફેરવવા માંડી. તેને ખાતરી થઈ કે કોઈ આવે તેવો સંભવ નથી. એટલે તેણે મને પૂછ્યું કે ખિસ્સામાં કેટલા પૈસા છે ?

એ માણસનું વર્તન મને ઘણું વિચિત્ર લાગ્યું. એવો સાધુ એ પહેલાં મારા જોવામાં કદી આવ્યો ન હતો. તેના ચહેરા પર સાત્વિકતા ભાગ્યે જ દેખાતી. એટલે તેને જોઈને મને આશ્ચર્ય તો થયેલું જ. તેણે પૂછેલા પ્રશ્નથી તે આશ્ચર્ય વધી પડ્યું. એક અજાણ્યા વિદ્યાર્થીને બીજું કાંઈ પૂછવાને બદલે સીધો પૈસાની માહિતી માંગતો પ્રશ્ન પૂછી કાઢવો તેમાં મને વિવેકની ખામી દેખાઈ આવી. મને થયું કે મારા ખિસ્સામાં કેટલા પૈસા છે, તેની સાથે એ સાધુપુરુષને શી નિસ્બત ! એ બધા વિચારોએ મારા મુખ પરના ભાવોને પલટાવી નાખ્યા હશે. તેને જોઈને સાધુપુરુષનું મન પણ પલટાયું હોત. પણ તે તો પોતાના વલણમાં મક્કમ હતા. તેણે તેના પહેલાંના પ્રશ્નનું પુનરાવર્તન કર્યું, ને આજુબાજુ કોઈ આવે છે કે કેમ તેની ખાતરી કરી લઈને મારી તરફ જિજ્ઞાસાભરી દૃષ્ટિથી જોવા માંડ્યું.

'એક વિદ્યાર્થી પાસે કેટલા પૈસા હોય ?' મેં તેની જિજ્ઞાસાને શાંત કરવા કહેવા માંડ્યું, 'આ તો ભણવાનું સ્થાન છે, પૈસા કમાવાનું નથી. અમે તો અહીં ભણવા આવીએ છીએ. વળી તમે તો કોઈ સાધુપુરુષ જેવા દેખાવ છો. તમારે પૈસા સંબંધી પૂછપરછ કરવાનું શું કામ ? મારા ખિસ્સામાં કેટલા પૈસા છે એ જાણવાથી તમને શો લાભ છે, ને ન જાણવાથી નુકસાન પણ શું થવાનું છે ? કોઈ પણ પ્રકારના પરિચય વિના કોઈને એકદમ પૈસા વિશે પ્રશ્ન કરવાનું કામ શું ડહાપણ ભર્યું છે કે ? તમારો પ્રશ્ન સાંભળીને મને ખરેખર નવાઈ લાગે છે.'

મારા વાત પરથી તેને લાગ્યું તે પરિસ્થિતિ જરા જુદી દિશામાં વળાંક લઈ રહી છે. તેની કલ્પના એવી હતી કે તેના પ્રશ્નના ઉત્તરરૂપે મારા ખિસ્સાને હું તેની આગળ ખૂલ્લું કરી દઈશ. પણ તેની આશા ફળી નહિ, વધારામાં, અમારી વાતચીત દરમ્યાન ત્રણ-ચાર માણસો અમારી પાસે ફુટપાટ પર થઈને રવાના પણ થયા. વધારે માણસો પણ પસાર થાય એવો સંભવ હતો. તેમાંથી કોઈને અમારા જેવા બે તદ્દન જુદા જ રૂપરંગના માણસોને તદ્દન જુદી જ રીતે અને આશ્ચર્યકારક અવસ્થામાં ઊભેલા ને વાતે વળગેલા જોઈને કુતૂહલ થાય, અને અમારી વાતોમાં દરમ્યાનગીરી કરવાનું મન થાય તે પણ સમજી શકાય તેમ હતું. એટલે વખતને વરતી લઈને મને પ્રભાવિત કરવા માટે સાધુપુરુષે બીજો દાવ અજમાવ્યો. તે દાવ તદ્દન નવો, અપૂર્વ અને અસરકારક હતો. ભલભલા ડાહ્યા ને અનુભવી માણસને પણ પ્રભાવિત કરવાની તેનામાં તાકાત

હતી. તેની શરૂઆત કરતાં પહેલાં તેણે મને કહ્યું, 'સાધુઓની શક્તિની તમને ખબર નથી, તેનો પરચો જોવાની ઈચ્છા હોય તો જુઓ.'

એમ કહીને તેણે વળી પાછી આજુબાજુ નજર નાખી ને કોઈ આવતું નથી તેની ખાતરી કરી, છત્રીને જરા ઊંચી કરી. પછી તેના લાંબા લાંબા વાળની સાત-આઠ લટ હાથમાં પકડી રાખી. તરત જ તેણે તે લટને દબાવીને નિચોવવા માંડી. તે જ ક્ષણે દૂધની ધારા ટપકવા લાગી. તે જોઈને મને નવાઈ લાગી. તેનું પ્રદર્શન મને પ્રભાવિત કરવા માટે જ હતું, તે વાત મારા ધ્યાન બહાર ન હતી. તેથી મને તેની ચમત્કારશક્તિ અથવા જાદુવિદ્યા જોઈને તેના ગુણગાન ગાવાનું મન ના થયું. મને તેમાં કોઈ સાધારણ વિદ્યાની કરામત કે મદારી વિદ્યા દેખાઈ. મદારી ખેલ કરે છે, માંકડાને નચાવે છે, ને છેવટે માગવા નીકળે છે. એવા મદારી ચોપાટી પર તે વખતે કેટલાય આવતા ને ખેલ કરતા. તેના કરતાંય એ માણસનો ખેલ મને ખરાબ લાગ્યો. કેમ કે તેની પાછળ ઠગવિદ્યા હતી. ત્રણ-ચાર મિનિટ સુધી વાળમાંથી દૂધ ટપકાવીને પછી તે સાધુપુરુષે હાથ લૂછી નાખ્યો ને ચમત્કાર બંધ કર્યો. તેની નજર હજી મારા ખિસ્સા તરફ જ હતી. ચમત્કાર પૂરો જ કરીને તરત જ તેણે પૈસાની વાત આગળ ધરી, 'હવે સાચું કહો, ખિસ્સામાં કેટલા પૈસા છે ? જેટલા હોય તેટલા મને આપીદો.'

વાત બે ડગલાં આગળ વધી ગઇ. પૈસાની માહિતી મેળવવાને બદલે હવે તેણે પૈસાની માગણી કરી. તેનું વર્તન જોઈને મને વિચિત્ર લાગણી થઈ આવી. તેની કરામતથી પ્રભાવિત થયા વિના મેં તેને હિંમતપૂર્વક પૂછ્યું, 'પૈસાનું શું કામ છે ? મારી પાસેથી પૈસા લઈને તમે શું કરશો ?'

તેણે ઉતાવળથી કહેવા માંડ્યું, 'હવે ખૂબ વાર થઈ ગઈ છે. વિલંબ ના કરો. મારે ચા પીવી છે. માટે પૈસા આપી દો. ભગવાન તમારું ભલું કરશે. તમે ખૂબ જ વિદ્યા તથા નામના મેળવશો ને સુખી થશો.'

મને થયું કે જે માણસ વાળમાંથી દૂધ કાઢી શકે છે તે ચાને માટે ભીખ શા માટે માગે છે ? તે દૂધ જ પી લે તો ? અથવા દૂધ વેચે તો શું તેને બીજા પાસે માંગવાની જરૂર પડે ખરી ? બીજાને પ્રભાવિત કરવા તે આવી ઠગવિદ્યાનો આશ્રય શા માટે લે ? પણ મને વિચાર આવ્યો કે એ વિચારોને મનમાં જ રાખવા ઠીક છે. તેને જાહેર કરવામાં ડહાપણ નથી. તો પણ મેં તેને નિર્ભયતાથી કહ્યું, 'તમે પહેલેથી જ મને કહી દીધું હોત કે મારે ચા પીવા પૈસા જોઈએ છે તો હું તમને પૈસા આપત કે ચા પીવડાવત. પણ તમે તો જુદી જ પદ્ધતિ નો આધાર લીધો. છતાં પણ લો, હું તમને ચા પીવા માટે પૈસા આપું છું.'

પરંતુ મારા આપેલા પૈસા એને ઓછા પડ્યા. એણે તો મારી પાસેથી કોઈ મોટી રકમની ઈચ્છા રાખેલી. એટલે ખિસ્સામાંથી બધા પૈસા કાઢીને બતાવવાની મને સૂચના કરી.

હવે મેં જરા મજબૂત વલણ અખત્યાર કરતાં કહેવા માંડ્યું, 'મારી પાસે તમને આપવા માટે આટલા જ પૈસા છે. આટલી રકમ તમારે ચા પીવા માટે પૂરતી થઈ રહેશે.'

હવે તેને લાગ્યું કે વધારે આગ્રહ કરવો નકામો છે. એટલે તેને મને ફરમાવ્યું, 'ઠીક, હવે પાછળ જોયા વિના જે દિશામાં જવું હોય તે દિશામાં સીધા જાવ; પાછળ જોશો તો સારું નહિ થાય.' અને અમે બંનેએ જુદીજુદી દિશામાં ચાલવા માંડ્યું. મારે હેન્ગીંગ ગાર્ડન જવું હતું એટલે મેં ગાર્ડનનો રસ્તો પકડ્યો.

બીજે વરસે પણ એવો જ પ્રસંગ બન્યો. બપોરના વખતે હું વડોદરાના વિશાળ રસ્તા પરથી પસાર થતો હતો. કમાટીબાગનો દરવાજો પસાર કરીને હું આગળ વધ્યો કે તરત જ મારી પાસે ત્રણેક સાધુ જેવા વેશધારી પુરુષો આવી પહોંચ્યા. તે મને કેમ્પના રસ્તા તરફ એક ઝાડ પાસે લઈ ગયા. પછી તેમાંના એકે છત્રીની આડમાં ઊભા રહીને મને કહેવા માંડ્યું, 'તમારું કપાળ ખૂબ જ ચમકે છે. તમે ભાગ્યશાળી છો. પુષ્કળ ધન મેળવશો, યશ મેળવશો ને સુખી થશો. તમારું નસીબ જોરદાર છે. હવે ખિસ્સામાં જેટલા પૈસા હોય તેટલા મને આપી દો.'

એટલું કહીને તેણે આજુબાજુ જોવા માંડ્યું. પછી લાંબા વાળની લટને હાથમાં લીધી. હું બધી વાત સમજી ગયો. મને મુંબઈનો પૂર્વપ્રસંગ યાદ આવ્યો. મેં હિંમત કરીને કહેવાનું શરૂ કર્યું, 'હું તમારો વિચાર સમજી ગયો છું. હવે મારે તમારી કોઇ કરામત જોવી નથી. મારી પાસેથી તમને એકપણ પૈસો નહિ મળી શકે. તમે બધા આવા કીમિયા કરીને લોકોને ફસાવો છો ને હેરાન કરો છો તેની મને ખબર છે. પણ મને નહિ ફસાવી શકો. હમણાં જ હું પેલા પોલીસને બોલાવું છું ને તમારી કરામત ખુલ્લી કરું છું.'

મારી વાત સાંભળીને તે અજાયબીમાં મૂકાઈ ગયા. મારા તરફથી આવો હિંમતભર્યો સામનો થશે તેની તેમને કલ્પના પણ ન હતી. સદ્દભાગ્યે થોડેક દૂર એક પોલીસ પણ ઊભેલો. એટલે તેમનું વલણ બદલાયું. તે બોલ્યા, 'બસ,બહુ જોરથી ના બોલશો.'



☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. સાહિત્યનો રસ

નવી સંસ્થાના નિવાસ દરમ્યાન સાહિત્યના વાચન ને લેખનનું કામ પહેલાંની જેમ સતત રીતે ચાલુ રહ્યું. જુદાં જુદાં માસિકો ને પુસ્તકોના વાચનનો મારો પ્રેમ વધતો જ ગયો. ધાર્મિક પુસ્તકો ઉપરાંત ગુજરાતી સાહિત્યનાં બીજા વિશિષ્ટ ગણાતાં પુસ્તકોના વાચનમાં મને રસ પડતો. બહારના વાચન તરફ મેં પહેલેથી જ વધારે ધ્યાન રાખવા માંડ્યું હતું, ને તેમાં મદદ મળે તે માટે હું સેન્ડહર્સ્ટ રોડ તથા ધોબીતળાવ પર આવેલા પુસ્તકાલયની નિયમિત મુલાકાત લેતો. સંસ્થાના સ્વતંત્ર પુસ્તકાલયમાંથી પણ મને સારી મદદ મળી રહેતી. પરિણામે મારું સાહિત્યવિષયક જ્ઞાન તે દિવસોમાં ઘણું સારું હતું. નરસિંહ યુગથી માંડીને પ્રેમાનંદ યુગ, નર્મદ-દલપત યુગ, સાક્ષરયુગ ને ન્હાનાલાલ યુગ તથા તે વખતે ચાલી રહેલા ગાંધીયુગના ગુજરાતી સાહિત્યનું અધ્યયન મેં ખૂબ રસપૂર્વક કર્યું હતું. તે વિશેના થોડાં વિવેચનગ્રંથો ને લેખો પણ વાંચ્યા હતા. કવિતા તરફ મને જરા વધારે રુચિ હતી તે રુચિને પોષવા કાવ્યગ્રંથોનું વાચન પણ મેં સારું કર્યું હતું. ચાલુ કવિતાઓના નવા બહાર પડતા ગ્રંથો હું રસપૂર્વક વાંચી જતો. તેમને સમજવામાં મને ખાસ મુશ્કેલી નહોતી પડતી. સાપ્તાહિકો ને માસિકોમાં પણ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ કવિઓનાં જે કાવ્યો છપાતાં તેમના તરફ હું દૃષ્ટિપાત કરી જતો. તેથી મને ઘણું ઘણું જાણવાનું મળતું. તે વખતે પણ મારી લેખનપ્રવૃત્તિ સારી ચાલતી. ખાસ કરીને કાવ્યો વધારે લખાતાં. વળી નાટકો ને ચિંતનલેખો લખવાની શરૂઆત પણ થઈ ચૂકેલી. કાવ્યોમાં હું વધારે ભાગે સંસ્કૃત છંદોનો જ પ્રયોગ કરતો. ન્હાનાલાલની અપદ્યાગદ્યની શૈલીને પણ મેં અજમાવી જોઈ. તેમાંના થોડાંક કાવ્યો મેં જુની સંસ્થાના ગૃહપતિને વંચાવ્યાં. તેથી તે ખુશ થયા, ને મારો લેખનનો પ્રયાસ ચાલુ રહેશે તો હું એક સારો કવિ થઈ શકીશ એવો અભિપ્રાય આપ્યો. તેથી મને આનંદ થયો. ભવિષ્યમાં એક મહાન કવિ થવાની મહત્વાકાંક્ષા મારા મનમાં જાગ્રત થઈ ને જ્યારે મારા સાંભળવામાં આવ્યું કે ટાગોરને ગીતાંજલિ માટે નોબલ પ્રાઈઝ મળ્યું છે ત્યારે મેં ગીતાંજલિ વાંચીને નિર્ણય કર્યો કે ભવિષ્યમાં હું પણ સરસ કવિતાની રચના કરીને નોબલ પ્રાઈઝ મેળવીશ ને દુનિયામાં દેશનું ગૌરવ વધારીશ. હજી તો મારી ઉંમર ઘણી નાની છે. આગળ ઉપર મારી લેખનકળાનો વિકાસ થશે તો મારી ભાવના સાચી ઠરશે. મહત્વકાંક્ષાના એવા એવા ઉત્તમ વિચારોથી મારું મગજ ઘેરાયેલું રહેતું. સાધારણ જીવન તો મને ગમતું જ ન હતું. જે ક્ષેત્રમાં પડવું તેમાં લોકોત્તર બનવું ને પ્રથમ કક્ષાના થવું એમાં જ મને રસ પડતો.

ધર્મ ને સાહિત્ય અથવા આત્મોન્નતિની સાધના ને સાહિત્યના બે પ્રબળ પ્રવાહો આમ મારા તે વખતના જીવનમાં વહી રહેલા. વધારે નોંધપાત્ર વસ્તુ તો એ હતી કે તે બંને પ્રવાહો એકમેકને મદદરૂપ ને પરસ્પર પોષક હતાં. તેમાં સૌથી પ્રબળ પ્રવાહ આત્મોન્નતિની સાધનાનો હતો ને સાહિત્યનો બીજો પ્રવાહ તેમાં સંવાદનો સૂર રેલાવતો વહ્યો જતો. આપણે ત્યાં કેટલાક માણસો એવી માન્યતા ધરાવે છે કે સાધના ને સાહિત્ય સાથે સાથે ચાલી શકે નહિ : એકને માટે બીજાનો ભોગ આપવો જ જોઈએ. પણ તે માન્યતા ભૂલી છે. સાધના ને સાહિત્યને છૂટા પાડવાની જરૂર નથી. તે બંને પરસ્પર વિરોધી નથી. જરા સૂક્ષ્મતાથી વિચાર કરો તો જણાશે કે પ્રત્યેક કળાની જેમ સાહિત્ય પણ એક મોટી સાધના છે. તેથી સ્વ ને પરનું હિત સાધી

શકાય છે. એટલું જ નહિ, જ્યારે એને આત્મોન્નતિની સાધનાના એક અંગ તરીકે અપનાવવામાં આવે છે ત્યારે એ આશીર્વાદરૂપ બનીને જીવનના મંગલ માટેના મંત્ર જેવું થઈ પડે છે. મીરાં, તુલસી, સૂર ને તુકારામ જેવા મહાપુરુષોનો વિચાર કરવાથી આ વાત સહેજે સમજી શકાશે. એટલે આત્મોન્નતિની સાધનામાં સાહિત્ય અંતરાયરૂપ છે એમ માનીને તેની સાથે સંબંધવિચ્છેદ કરવા તૈયાર થવાની જરૂર નથી. મુખ્ય વાત સાધના ને સાહિત્યના સહકાર ને સમન્વયની છે. તેમાં વચ્ચે આવતાં તત્વોને દૂર કરી દો તો બંનેના પ્રવાહો સાથે સાથે ચાલે તેથી ડરવાનું કોઈ જ કારણ નથી.

પેલી અંગ્રેજી કહેવત પ્રમાણે આપણે ત્યાં પણ કહેવામાં આવે છે કે કવિઓ તો જન્મે છે, તૈયાર કરી શકાતા નથી. તેનો શબ્દશ: અર્થ કરનારા કેટલાક માણસો ભારે વિમાસણમાં પડે છે. કવિ તો ઈશ્વર પાસેથી કુદરતી ઈજારો લઈને આવેલા માણસો છે અને આપણે ગમે તેટલી મહેનત કરીએ તો પણ તેમના જેવા થઈ શકીએ નહિ એવી માન્યતા તેમના દિલમાં ઘર કરી બેસે છે. તેથી તે હતાશ પણ થઈ જાય છે. બીજા કેટલાક માણસો એવા છે જે કવિતા લખીને ભૂલ દેખાય તો પણ તેને સુધારવાની તસ્દી લેતા નથી. તે પણ પોતાનું તેવું વલણ પેલી કહેવતમાંથી જ નક્કી કરે છે. તે કહે છે કે કવિની જેમ તેની કવિતા પણ સહજ રીતે જ પ્રકટ થવી જોઈએ, તેનું સહજ પ્રકટ થનારું સ્વરૂપ જ બરાબર છે, તેમાં કોઈ સુધારાવધારાને અવકાશ ના હોવો જોઈએ. મને લાગે છે કે આ બંને જાતની વિચારસરણીમાં દોષ રહેલો છે. કવિતા સહજ રીતે પ્રકટ થાય છે એ સાચું છે, પરંતુ તેમાં સુધારણા માટે અવકાશ રહેલો છે, તેમાં સુધારોવધારો કરવાની કવિને છૂટ છે. તે વાતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. સારસ પક્ષીને બાણ મારીને હણનારા પારધીને જોઈને મહર્ષિ વાલ્મીકિના મુખમાંથી સરસ્વતી આપોઆપ નીકળી પડી તે રીતે કોઈક જ સિદ્ધહસ્ત કવિના હૃદયમાંથી કવિતાની પંક્તિઓ આપોઆપ અને અણિશુદ્ધ રીતે પ્રકટ થાય છે. તે કવિનું સ્થાન ઊંચું છે તેની ના નહિ. બાકી વધારે ભાગના કવિઓના કવિતાલેખનની મૂળ કોપી જુઓ તો કેટલીય જગ્યાએ છેકછાકવાળી દેખાશે. કેટલાક પ્રસિદ્ધ કવિઓના સંબંધમાં પણ એવું દેખાય છે. તેથી એકવાર લખેલી કવિતાને ફરી ના સુધારવાનો સત્યાગ્રહ કરવાની જરૂર નથી. તેવા સત્યાગ્રહથી સાચા કવિ ભાગ્યે જ થઈ શકાશે.

કવિ જન્મે છે તેનો મૂળ અર્થ એ છે કે કવિત્વશક્તિથી સંપન્ન માણસો સંસારમાં બહુ ઓછા હોય છે, ને જે હોય છે તેમનામાં પોતાના વિચારો ને ભાવોને કવિતાના સ્વરૂપમાં સહજ રીતે પ્રકટ કરવાની શક્તિ હોય છે. બાકી તે શક્તિનો વિકાસ કરીને કોઈ કવિ થઈ જ ના શકે એવા નિરાશાજનક વિચારનું સેવન કરવાની જરૂર નથી. કેટલીક ઈશ્વરદત્ત શક્તિઓને પણ માણસે મન દઈને વિકસાવવી પડે છે. ત્યારે જ તે સુંદર સ્વરૂપ ધારણ કરે છે ને ફાલેફૂલે છે. કવિતા ને સાહિત્યની શક્તિનું પણ એવું જ સમજવાનું છે.

કવિતા લખવાની સહજ શક્તિ મારામાં ચૌદ વરસની ઉમરથી જ પ્રકટ થઈ. ધીરે ધીરે તે વિકસતી ગઈ. એક વસ્તુ ખૂબ મહત્વની છે કે કવિતાની રચના માટે મારે વિશેષ વિચાર કરવો પડતો ન હતો. તેની રચના સહજ રીતે થઈ જતી. કેટલીકવાર એવું બનતું કે કવિતા લખવાની અદમ્ય વૃત્તિ અંતરમાં ઉત્પન થતી ને તેને લીધે મારે ફરિજ્યાત કવિતા લખવી પડતી. કવિતા લખાતી ત્યારે જ મને નિરાંત વળતી. તો પણ લખેલી કવિતા સુધારવાની ટેવ વધારે ભાગે ચાલુ જ રહેતી.

કોલેજના પ્રથમ વરસમાં મારી પાસે કાવ્યો સારા પ્રમાણમાં થયાં. કેટલાક મિત્રોને તે ગમતાં. તેમણે મારી પાસે મારા કાવ્યસંગ્રહની પ્રસિદ્ધિની વાત મૂકી. ગમે તેમ કરી ને અમે ભેગા મળીને એક કાવ્યસંગ્રહ બહાર પાડવાની યોજના કરી. તે વખતે મને ગુજરાતી સાહિત્યના જાણીતા સાક્ષર ને હાસ્યલેખક શ્રી જ્યોતિન્દ્ર દવેનો પરિચય થયો. અમારી સંસ્થામા તેમનાં ત્રણ-ચાર પ્રવચનો થયાં હતાં. તેથી હું તેમને ઓળખતો થયો. તેમની પાસે મારા કાવ્યસંગ્રહ માટે પ્રવેશ કે ઉપોદઘાત લખાવવાનો મારો વિચાર થયો. તેથી એક દિવસ મેં તેમની મુલાકાત લીધી. તેમનો મધુર, સરળ ને સહાનભૂતિપૂર્ણ વ્યવહાર જોઈને મને ઘણો આનંદ થયો. નમ્રતા ને સૌજન્યની મૂર્તિ જેવા તે વિદ્વાન પુરુષે મારા જેવા સાધારણ વિદ્યાર્થી તરફ જે મીઠું વર્તન કરી બતાવ્યું તેણે મારા પર અસાધારણ અસર કરી ને તેમને માટેના મારા પ્રેમમાં વધારો થયો.

ઉપોદઘાત લખવાનું જવાબદારીભર્યું કામ એમ ને એમ કેવી રીતે થઇ શકે ? તેને માટે કાવ્યોને વાંચી જવાની જરૂર હતી. તેથી તે વિદ્વાન પુરુષે કાવ્યોની મારી હસ્તપ્રત રાખી લીધી ને મને અમુક દિવસ પછી ફરીવાર મળવાની વિનંતી કરી.

થોડા દિવસ પછી મેં તેમની ફરી મુલાકાત લીધી. ત્યારે રાતનો વખત હતો. તે વખતે તેમણે મને પ્રેમપૂર્વક સલાહ આપતાં કહ્યું, 'કાવ્યો સારાં છે. પણ ક્યાંક ક્યાંક શબ્દોમાં ભૂલ છે. મારો વિચાર તો એવો છે કે તમે હજી થોડી ધીરજ રાખો ને રાહ જૂઓ તો સારૂં. લખવાનો પ્રયાસ ચાલુ રાખશો તો ભવિષ્યમાં વધારે સારા કાવ્યો થઇ શકશે. તે વખતે હું છાપવાની સલાહ જરૂર આપીશ. હાલ તો છાપવાનો વિચાર બંધ કરો તે જ સારું છે.'

પછી તેમણે મને થોડીક ભૂલો બતાવી. સાહિત્યની કેટલીક વાતો કર્યા પછી અમે છૂટાં પડ્યા. તેમનો વ્યવહાર મને ઘણો ગમી ગયો. પરંતુ એમ લાગ્યું કે તે મારા કાવ્યોને સમજી શક્યા નથી. એમ લાગવાનું કારણ એ જ કે તે વખતે મારો અનુભવ કાચો હતો. આજે હવે એ કાવ્યોની હસ્તપ્રતને જોઉં છું તો તે વિદ્વાન પુરુષની સલાહ સાચી ને સમયસરની હતી એવું લાગ્યા વિના રહેતું નથી. તે કાવ્યોને પ્રસિદ્ધ કરવાનું આજે મને ડહાપણભર્યું લાગે તેમ નથી. તે વખતે હું એ વાત સમજી શક્યો ન હતો. માટે જ મારી ત્રુટિને જોઇ શક્યો નહિ.

સાહિત્ય એક સાધના છે ને તે ધીરજ ને તપ માગી લે છે. આજે, જે લખાય તે આજે કે કાલે છપાવવાની વૃતિ આપણે ત્યાં વધતી જાય છે. તે સારા ને પ્રાણવાન સાહિત્યને માટે ઉપયોગી નથી. લેખકે પોતાના લખાણને થોડો વખત રાખી મૂકી ને સુધારવાની ને પછી લાંબે વખતે જાહેર કરવાની વૃતિ કેળવવાની જરૂર છે. સાહિત્યની સમૃદ્ધિને માટે તે વૃતિનું મહત્વ ઓછું નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. મુંબઈના નિવાસનો અંત

સાહિત્યના લેખન ઉપરાંત બીજી કેટલીક પ્રવૃત્તિઓમાં પણ હું ભાગ લેતો. જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં દર વરસે વકતૃત્વ કળાની હરીફાઈ થતી. તે ઉપરાંત, ચર્ચાસભા (ડિબેટિંગ સોસાયટી) પણ યોજાતી, ને વાર્ષિક ઉત્સવ થતો. તેમાં ભાગ લેવાનું મને ગમતું. પહેલે જ વરસે વકતૃત્વકળાની હરિફાઈમાં આખી હોસ્ટેલમાં મને પહેલું ઈનામ મળ્યું. વિલ્સન કોલેજની વાર્ષિક વકતૃત્વ હરિફાઈમાં પણ પહેલું ઈનામ મારે જ ફાળે આવ્યું. વળી કોલેજના વાર્ષિક અંકમાં મેં 'ગાંધીયુગનું સાહિત્યમાં સ્થાન' નામે એક લેખ આપ્યો તેને માટે સમસ્ત ગુજરાતી વિભાગમાં મને પહેલું ઈનામ મળ્યું. એ રીતે મારી કોલેજજીવનની કારકીર્દિ ઘણી સારી હતી. અમારા ગુજરાતીના પ્રોફેસર શ્રી પી. કે. શાહ ઘણા ભલા, માયાળુ ને સજ્જન પુરુષ હતા. હાઈસ્કૂલમાં પણ અમારા ગુજરાતી શિક્ષક તે જ હતા. એટલે તે મારા પર પ્રેમ રાખતા. ગુજરાતીનો વિષય લઈને હું બી. એ. થાઉં ને ઉત્તમ કારકિર્દી પ્રાપ્ત કરું એવી તેમની ભાવના હતી. મને પણ મારી જાતમાં ને મારા ઉજ્જવળ ભાવિમાં શ્રદ્ધા હતી ને તેથી પ્રેરાઈને ગુજરાતીના પ્રોફેસર થવાનો વિચાર મારા દિલમાં અવારનવાર સ્ફુરી આવતો.

પરંતુ ઈશ્વરની ઈચ્છા જુદી જ હતી. તેની ઈચ્છા જ સર્વોપરી છે, ને તે પ્રમાણે જ બધું થયા કરે છે, એ કોણ નથી જાણતું ? તેની ઈચ્છા મને આધ્યાત્મિકતાના માર્ગ પર, પૂર્ણતા ને પ્રકાશને પંથે, આગળ ને આગળ લઈ જવાની હતી. તેને લીધે મારે હિમાલયની નવી જ યુનિવર્સિટીમાં પ્રવેશ કરવો પડ્યો ને લાંબા વખત સુધી નવી તાલીમ લેવી પડી.

કોલેજના વખત દરમ્યાન મારો વૈરાગ્યભાવ વધતો જતો હતો. પરમાત્માનો સાક્ષાત્કાર કરવો એ જ જીવનનું લક્ષ્ય છે ને તેની પ્રાપ્તિ માટે વધારે ને વધારે પુરુષાર્થ કરવામાં જ જીવનની શોભા ને મહત્તા છે એ વિચાર મારા મનમાં ઠસી ગયો. કોલેજના અભ્યાસમાં મારું મન લાગતું ન હતું. જો કે કોલેજમાં હું નિયમિત રીતે હાજર રહેતો. પણ મને તેમાં ખાસ રસ પડતો નહિ. મને લાગતું કે જીવનનો અમૂલ્ય વખત બરબાદ થઈ રહ્યો છે. કોલેજના વખત દરમિયાન વિદ્યાર્થીઓનું ધ્યાન વધારે ભાગે જમીન પર પગ પછાડીને અવાજ કરવામાં, આગલી હરોળમાં બેઠેલી છોકરીઓને જોવામાં ને પ્રોફેસરો પર કાગળના વિમાન નાંખીને ને બીજી રીતે સતાવવામાં જ રહેતું. વર્ગમાં વધારે ભાગે અશાંતિ જ રહેતી. એવા વાતાવરણમાં મને ભાગ્યે જ આનંદ આવતો. મારી બેઠક વધારે ભાગે બારણાની પાસેના બાંકડા પર જ રહેતી. ત્યાંથી ચોપાટીનો દરિયાકિનારો ને દરિયો દેખાતો. આકાશમાં કેટલીકવાર વાદળ ફરી વળતાં ત્યારે દેખાવ ખૂબ જ સુંદર લાગતો. તે વખતે મને હિમાલયની યાદ આવતી. મને થતું કે હિમાલયનો પ્રદેશ કેવો સુંદર હશે ! હિમાલય તો ઋષિમુનિઓનું નિવાસસ્થાન, તપસ્વીઓની તપોભૂમિ. તેના પરમાણુ કેટલાં પવિત્ર ને શક્તિશાળી હશે ! ત્યાં કેટલી અસીમ શાંતિ હશે ! ગંગાના તટ પર આજે પણ મહાન યોગી વસી રહ્યા હશે ને તપસ્વી વિચરણ કરતા હશે. તેમનાં દર્શન ને સત્સંગનો લાભ મળે તો કેટલો આનંદ થાય ? હિમાલયના એ પાવન પ્રદેશમાં રહેવાનું સૌભાગ્ય સાંપડી જાય તો સાધનાનું કામ સરળ બને ને ઈશ્વરનું દર્શન કરીને જીવનને કૃતાર્થ કરી શકાય. કોલેજની કેળવણીથી શું વળશે. તેથી બહુ બહુ તો પ્રોફેસર થઈ શકાશે અને અર્થચિંતા ટળશે તથા સામાજિક જીવન

સુખી બનશે. પણ તેથી શું અંતરની અશાંતિ ટળી શકશે ? શાંતિની ભૂખ શમી શકશે ? ઈશ્વરદર્શન થઈ શકશે ? મુક્ત ને પૂર્ણ જીવનની પ્રાપ્તિ કરી શકાશે ? માટે તે કેળવણીની પાછળ વધારે સમય ને શક્તિ ખરચવાને બદલે હિમાલયના પ્રદેશમાં પ્રવેશ કરીને આત્મોન્નતિની સાધના કરવી જોઈએ ને વહેલામાં વહેલી તકે ઈશ્વરની કૃપાની પ્રાપ્તિ કરીને ધન્યતા મેળવવી જોઈએ. હિમાલયના શાંત પ્રદેશમાં વસવાની તક મળશે તો મારી ભાવના જરૂર ને જલદી પૂરી થશે.

એવા એવા ભાવોથી મારું હૃદય ભરાઈ જતું. હિમાલયની યાદ કોણ જાણે કેમ પણ મને વારંવાર આવ્યા કરતી. હિમાલય જેવા શાંત ને સુંદર પ્રદેશમાં રહેવાનું મળે તે માટે હું પ્રભુને પ્રાર્થના પણ કરતો. તે વખતે મને શી ખબર કે મારા હૃદયમાં ઉત્પન્ન થતા ભાવો મારા ભાવિ જીવનના સૂચક, પ્રભુપ્રેરિત અને પ્રભુની ઈચ્છાનુસાર સાચા થવા સર્જાયેલા હતા ! મારી પ્રાર્થના પ્રભુની પાસે પહોંચી ચૂકી છે ને નજીકના જ ભવિષ્યમાં પ્રભુ તેના પર મંજૂરીની મહોર મારી દેશે તેની મને શી ખબર ? એ સ્વીકૃતિની છાપ લાગવાથી મારું જીવન તદ્દન બદલાઈ જશે તેની પણ તે વખતે મને શી ખબર ? તે વખતે તો હું મહત્વાકાંક્ષા ને ભાવનામાં રમ્યા કરતો ને ભાવિ જીવનનાં સુખદ સ્વપ્નાં સેવીને આનંદ માણતો.

કોલેજનું એ વરસ મારા જીવનમાં ક્રાંતિકારી સાબિત થયું. પરીક્ષાના છેલ્લા દિવસો સુધી મેં જરૂરી વાંચન કર્યું નહિ અને અધૂરી તૈયારીએ જ પરીક્ષા આપી. પરિણામે હું બેએક વિષયમાં પાંચ જેટલા માર્કે નાપાસ થયો. અમારા ગુજરાતીના પ્રોફેસરે પોતાનાથી બનતા બધા જ પ્રયાસ કર્યા પણ પરિણામમાં ફેર ના પડ્યો. વેકેશનમાં હું વડોદરા હતો. ત્યાં મને પરિણામની માહિતી મળી. મને જરા દુઃખ થયું. કેમકે નપાસ થવાનો સમય મારે માટે આ પહેલો જ હતો. નપાસ થયેલા વિદ્યાર્થીને જી. ટી. બોર્ડીંગની સંસ્થામાં ફરી દાખલ કરતા નથી એવી મારા પર છાપ પડેલી. એટલે મેં ફરી મુંબઈ જવાનો કે સંસ્થામાંથી માહિતી મેળવવાનો પ્રયાસ પણ ના કર્યો. કર્યો હોત તો આજે કદાચ મારા જીવનનો નક્શો જુદો હોત. કેમ કે પાછળથી મને માહિતી મળી કે નાપાસ થનાર વિદ્યાર્થીને સંસ્થામાં ફરી તક આપવામાં આવતી ને હું ફરીવાર સંસ્થામાં કેમ ના ગયો તે માટે સંસ્થાના સંચાલકો તરફથી પૂછપરછ કરવામાં આવેલી. હું સંસ્થામાં ગયો હોત તો મને પ્રવેશ જરૂર મળ્યો હોત. કેમ કે સંસ્થાના સંચાલકોને મારે માટે માનની લાગણી હતી. પરંતુ હું મુંબઈ ના જઈ શક્યો. તેમાં મારા પ્રારબ્ધસંસ્કારે, સંકોચશીલ સ્વભાવે, ઈશ્વરની ઈચ્છાએ કે મારી સંસ્થાના નિયમોની અજ્ઞાનતાએ, ખરેખર તે બધાએ કે તેમાંથી કોઈ એકે તો કોણે, ભાગ ભજવ્યો તે કોણ કહી શકે ? પણ એટલું તો સાચું કે નપાસ થવાની એ ઘટનાએ મારા આખા જીવનનો પ્રવાહ પલટાવી દેવામાં ઘણો મહત્વનો ભાગ ભજવી દીધો.

વડોદરામાં રહીને મેં કોલેજનો અભ્યાસ કરવાની શરૂઆત કરી. પણ તે કારકીર્દિ પણ લાંબો વખત ટકી નહી. તે આગળ પરના વર્ણનથી જોઈ શકાશે. બરોડા કોલેજના વખત દરમિયાન પણ મને વડોદરાની બધી કોલેજોના વિદ્યાર્થીઓની વક્તૃત્વ હરિફાઈમાં 'ગાંધીજી મારી દૃષ્ટિએ' વિષય પર બોલવા માટે પહેલું ઈનામ મળ્યું. તે ઉપરાંત કોલેજના ગુજરાતી વિભાગની સભામાં બોલવા માટે પણ ગુજરાતીના પ્રોફેસરે ખાસ બોલાવીને મારી પ્રશંસા કરી. ગુજરાતીના વિશેષ રસને લીધે હું વારંવાર ઈન્ટરના વર્ગો પણ ભરતો. પણ

મુંબઈમાં જે સુંદર, ઉત્તમ અને અનુકૂળ વાતાવરણ હતું તેનો વડોદરામાં અભાવ હતો. એટલે મારું મન જરા ઉદાસીન જેવું રહેતું

મુંબઈ ને વડોદરાના સાધારણ અભ્યાસ પછી મારા કોલેજના અભ્યાસનો અંત આવ્યો. મારા જીવનમાં નવી તાલીમની શરૂઆત થઈ. પણ કોલેજનો અભ્યાસ એ જ કાંઈ જીવનનો અભ્યાસ નથી. મારે જે આધ્યાત્મિક ઉન્નતિના અભ્યાસની જરૂર હતી તે માટે સામાન્ય કોલેજોમાં અવકાશ ન હતો. તે માટે મારે કોલેજને બદલવાની જરૂર હતી. આગળ ઉપર કહ્યું છે તેમ હિમાલયની કોલેજમાં પ્રવેશ કરવાની મારી મહત્વાકાંક્ષા હતી. પાછળથી ઈશ્વરની કૃપાથી તે મહત્વાકાંક્ષા પૂરી થઈ. એટલે સામાન્ય કોલેજના અભ્યાસ પછી પણ મારો અભ્યાસ ચાલુ જ રહ્યો. કોઈ વિદ્યાર્થી મેટ્રીક, પ્રીવિયસ કે ઈન્ટર પછી દાક્તરી, વકીલાત, એન્જિનીયરીંગ કે એવી બીજી લાઈન લે તેમ મેં પણ આધ્યાત્મિક ઉન્નતિની સાધનાની એક નવી લાઈન જ લીધી ને તેમાં પારંગત થવાનો પ્રયાસ કર્યો. સામાન્ય ડીગ્રી કોલેજો આ લાઈન ને તેની ડીગ્રીથી અજ્ઞાત છે. છતાંય તેની વાસ્તવિકતા સંબંધી સંદેહ કરી શકાય તેમ નથી. તે લાઈનમાં ઈશ્વરદર્શન, સાક્ષાત્કાર, સમાધિ, સિદ્ધિ, પૂર્ણતા, સ્થિતપ્રજ્ઞ દશા જેવી જુદી જુદી ડિગ્રીઓ છે. કહો કે વિકાસની દશાઓ છે. તે લાઈનમાં મારો અભ્યાસ વરસોથી શરૂ થયો છે ને ચાલ્યા જ કરે છે. તેની શરૂઆત માટે આગળના બધા જ ભણતરને ભૂલી જવાની ને મનને બધી પ્રકારના પૂર્વગ્રહથી રહિત, સ્વચ્છ ને સંયમી કરવાની જરૂર પડે છે. તેમાં નવા જ અભ્યાસક્રમને અપનાવવો પડે છે.

મુંબઈના જીવનમાં ચાર, પાંચ કે છ વરસ વધારે રહીને સામાન્ય કોલેજમાં ભણવાનું ચાલુ રહ્યું હોત તો ? તો કદાચ આજે જીવનનું બાહ્ય બંધારણ જુદું જ હોત. પણ તેથી આધ્યાત્મિક ઉન્નતિની દિશામાં કોઈ વિશેષ મદદ મળત એમ મને જરા પણ લાગતું નથી. ઉલટું, કેટલોક વખત બીજી રીતે વપરાઈ જાત. એટલે ઈશ્વરે જે કર્યું છે તે સારું જ કર્યું છે એ નક્કી છે. આજનું ભણતર માણસને આત્મિક ઉન્નતિમાં ભાગ્યે જ કામ આવે તેવું છે. તેમાં આત્મિક ઉન્નતિને ભોગે બીજાં મહત્વનાં ચાર કે છ વરસો ગાળવાનું કામ મારી તે વખતની મનોદશાનો વિચાર કરતાં ભાગ્યે જ ડહાપણભર્યું થાત.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. મહર્ષિ અરવિંદને પત્ર

મુંબઈમાં રહીને કોઈક પ્રોફેસરના પદ પર પ્રતિષ્ઠિત થવાનું થયું હોત તો ? કોઈક સારા કહેવાતા લત્તામાં વાસ કરત, સાહિત્યનું સંશોધન કરત, સાહિત્યવિષયક જાહેર વાર્તાલાપ આપત, તથા લેખો લખત. એવું જીવન જીવીને પણ આત્મોન્નતિની સાધના કરી શકાય છે. પણ સાધનાના કેટલાક તબક્કા એવા આવે છે કે જ્યારે મનને બીજા બધા જ વ્યવસાયો ને વિષયોમાંથી પાછું  વાળીને કેવળ સાધનાપરાયણ કરવું પડે છે. તેવે વખતે બાહ્ય પ્રવૃત્તિવાળું પરાધીન જીવન સાધનામાં નડતરરૂપ થાત. તેવે વખતે તેનો ત્યાગ કરવાની સમસ્યા એક વાર ફરી ઊભી થાત. સ્વામી રામતીર્થના જીવનનો વિચાર કરવાથી આ વાત સહેજે સમજી શકાય છે. તે પૂર્વ જીવનમાં પ્રોફેસર જ હતા. પરંતુ તેમના દિલમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની લગન લાગી, ત્યારે પ્રોફેસરપદ તેમને માટે બાધક અને અળખામણું થઈ પડ્યું. મારા જીવનમાં પણ છેવટે તેમ થવાનો સંભવ રહેત. વળી મારી તે વખતની વૈરાગ્યભાવના ને ઈશ્વરના સાક્ષાત્કારની લગની જોતાં પ્રોફેસરપદ જેવા કોઈ પદની પ્રપ્તિ સુધી હું રોજિંદુ જીવન જીવવાની ધીરજ રાખી શકત કે કેમ તે પણ શંકાસ્પદ છે. એટલે તે વખતના મારા દર્દને સમજી લઈને ઈશ્વરે મારે માટે જુદી જ દવાનો પ્રબંધ કરી દીધો. તે દવા શરૂઆતમાં કડવી છતાં પાછળથી ગુણકારી ને મીઠી થઈ પડી. ઈશ્વર જે કરે છે તે સારા માટે જ.

ઈશ્વરને કદાચ થયું હશે કે ગુજરાતીના પ્રોફેસર તો કેટલાય થાય છે ને બીજા કેટલાય થશે. આના ના થવાથી તેમના વર્ગમાં કાંઈ ખોટ પડવાની નથી. પણ આય જો પ્રોફેસર થશે તો પછી હિમાલયના એકાંત વનપ્રદેશમાં રહીને મારી કૃપાની પ્રાપ્તિની સાધના કોણ કરશે, ને તેવી સાધનામાં સફળ થઈને મારામાંથી શ્રદ્ધાભક્તિને ખોતા ને જડતા તરફ વધારે ને વધારે પ્રમાણમાં ઢળતા જતા સંસારને મારો માર્ગ કોણ બતાવશે ? પોતાના જીવનને સાધનાપરાયણ કરી દઈને આ યુગમાં પણ સાધના કરી શકાય છે ને મારી કૃપા મેળવી શકાય છે એવી સૂચના કોણ પૂરી પાડશે ? ખુદ સાધના ને મારી સત્યતા તરફ શંકાની નજરે જોનારા માણસોની શંકા દૂર કરનારા સાધનાના સફળ પ્રયોગો જીવનમાં પછી કોણ કરી બતાવશે ? આધ્યાત્મિક જીવનનાં સાચાં છતાં ભૂલાઈ ગયેલા રહસ્યોની શ્રદ્ધા કોના દ્વારા પાછી પુનર્જીવિત કરી શકાશે ? બધાની પેઠે આ પણ જો પ્રોફેસર થશે તો આધ્યાત્મિક ઉન્નતિના વધારે આવશ્યક અને ઉપકારક પ્રયોગો બીજું કોણ કરી બતાવશે ? એવા પ્રયોગો કરનારા બીજા કેટલાય થઇ ગયા છે, આજે પણ બીજા કેટલાય છે, ને ભવિષ્યમાં પણ કેટલાય થશે. પરંતુ તેવા પ્રયોગવીરોમાં આનો ઉમેરો થાય તે ખરેખર ઈચ્છવા જેવું છે અને તે માટે આને વહેલી તકે સાધનાના સ્વતંત્ર જીવનનું દાન કરું તે સારું છે. સાધનાના સ્વતંત્ર ક્ષેત્રમાં શ્વાસ લઈને અત્યારથી જ આ સંકટ સહન કરે, મૂંઝવણ ને મુશ્કેલી વેઠે, ને પોતાની જાતનું ક્રમે ક્રમે છતાં ચોક્કસ રીતે ઘડતર કરે, તે જરૂરી છે. એવી વિચારધારાથી પ્રેરાઈને જ ઈશ્વરે મને મુંબઈના વાતાવરણમાંથી ઉપાડી લીધો હશે. આ તો કલ્પના છે. બાકી કયું કામ તેણે શા હેતુથી પ્રેરાઈને કર્યું છે તે કોણ કહી શકે ? તેની લીલાનો સાચો સાંરાશ તે જ જાણે છે.

અને એક રીતે અત્યારે હું પ્રોફેસર જ છું કે બીજું કાંઈ ? અભ્યાસ કરતાં કરતાં હું બીજાને મદદરૂપ થવાનું કામ કર્યા જ કરું છું. આધ્યાત્મિક પંથે પ્રવાસ કરીને સારી સ્થિતિએ પહોંચી ચૂકેલા પુરુષો એક

પ્રકારના પ્રોફેસરો જ છે, તે સારાય જગતના છે. જ્યાં રહે છે કે જાય છે, ત્યાં લોકોને ધર્મ ને ઈશ્વરની વાતો કહ્યા કરે છે. શાસ્ત્રોએ તેમની મહત્તા એકસ્વરે કહી બતાવી છે. આધ્યાત્મિક પંથનો એક સાધારણ પ્રવાસી થઈને હું પણ મારાથી બનતી મદદ બીજાને કર્યા કરું છું. ને જ્યાં જાઉં છું ત્યાં જાહેર કરું છું કે જીવનનો સદુપયોગ કરીને સૌએ પરમપદની પ્રાપ્તિ કરવાની છે. તે પદની પાસે લૌકિક કે પરલૌકિક બધાં પદ ઝાંખા ને મિથ્યા છે - સાધારણ પદ તો શું, ઈન્દ્રપદ ને બ્રહ્મપદ પણ. એ પરમપદ પર પ્રતિષ્ઠિત થવામાં જ જીવનનું શ્રેય રહેલું છે.

વડોદરાના નિવાસ દરમિયાન દિવસો શાંતિપૂર્વક પસાર થઈ જતાં. દિવસનો વધારે વખત કામાટીબાગમાં જ પૂરો થતો. સાધનાનો પ્રવાહ અસ્ખલિત રીતે ચાલ્યા કરતો. વહેલી સવારનું ધ્યાન વધારે ભાગે કામાટીબાગમાં જ થયા કરતું. કોઈ કોઈ વાર રમણભાઈના પુત્ર મનુભાઈ સાથે હું રાજમહેલ રોડ પર આવેલા કાશી વિશ્વનાથના મંદિરમાં જતો. ત્યાં કોઈ ઝાડની નીચે મનુંભાઈ સાથે થોડો વખત ધ્યાન કરવા બેસતો. કેટલીક વાર અંધારામાં કપડાં કાઢી નાખીને પણ અમે ધ્યાન કરવા બેસતા. તે વખતે મને ફરવાની ટેવ ખૂબ હતી. ઘરમાં તો હું ભાગ્યે જ રહેતો. સવાર, સાંજ ને બપોરે વધારે ભાગે હું બહાર જ રહેતો. તે વખતે કુદરત મને ખૂબ જ પ્રિય લાગતી.

વડોદરામાં તે દિવસોમાં સ્વામી જીવનતીર્થ નામે એક પુરુષ આવેલા. તે સંગીત વિદ્યાલયની સામેના મકાનમાં યોગાશ્રમ ચલાવતા. તેમની સાથે એક વ્યાયામવિશારદ ભાઈ પણ હતા. તેમનું નામ ગિરધરભાઈ હતું. તે ભાઈ હાડવૈદ પણ હતા ને કુદરતી રોગોપચારનું કામ પણ સારું કરતા. તેમનો સ્વભાવ ઘણો સરળ અને માયાળુ હતો. તેમની સાથે મારે સ્નેહ થયો. સ્વામીજી પણ મારા પર પ્રેમ રાખતા. તેથી હું વારંવાર તેમની પાસે જતો અને આશ્રમમાં થનારી સાંજની પ્રાર્થનામાં ભાગ પણ લેતો. પાછળથી હું ત્યાં નેતિ, ધોતિ જેવી ષટ્ ક્રિયાઓ પણ શીખ્યો.

વડોદરાનું વાતાવરણ મારે માટે તદ્દન નવું હતું એટલે મુંબઈની જેમ મારું મન ત્યાં લાગતું નહિ. જીવનમાં જે એકાએક પલટો આવેલો એની અસર મારા મન પર પ્રબળપણે પડી. મારું જીવન હવે કયે માર્ગે જશે ને કેવા કેવા પલટા લેશે તે મને સમજાતું નહિ. મનોમંથન સારા પ્રમાણમાં ચાલતું હતું, ને તેની અંદર પણ આત્મોન્નતિની મારી ચિંતા એવી જ કાયમ હતી. તે દરમ્યાન મારા મનમાં એક નવો વિચાર ઉત્પન્ન થયો. મને થયું કે મારું બધું જ ધ્યાન હવે ઈશ્વરદર્શન કે સાધના તરફ લગાડું તો સારું. તેમાં જો સફળતા મળે તો મન શાંતિ અનુભવે ને કોઈ લૌકિક કામમાં લાગી શકે. યોગીશ્રી અરવિંદ અને એમના આશ્રમ વિશે મને સાધારણ માહિતી હતી. અરવિંદની શક્તિ વિશે મેં કેટલીક વાતો સાંભળેલી. તેમાં તે જમીનથી અદ્ધર થઈ શકે છે, ને પોતાની વિશેષ શક્તિથી કોઈનો ફોટો જોઈને તેના જીવનની ઝીણામાં ઝીણી વિગતો જાણી શકે છે, એવી એવી વાતોનો સમાવેશ થતો. યોગની સાધના કરીને અમુક ચોક્કસ સિદ્ધિ મેળવ્યા પછી તે દેશને મદદ કરવાના છે ને દોરવણી આપવાના છે એમ પણ મેં સાંભળેલું. પરિણામે મને તેમના તરફ આકર્ષણ થયું ને તેમને માટે મારા દિલમાં માનની લાગણી જાગી. મને થયું કે આવા મહાપુરુષની સાથે રહેવાનું સૌભાગ્ય મળે તો કેવું સારું ? મને પણ દેશ પ્રત્યે પ્રેમ હતો ને દેશને મદદરૂપ થવાની ઈચ્છા હતી. દેશની ગુલામીની શૃંખલા તોડી નાખવા ગાંધીજી પોતાનાથી બનતો બધો જ પ્રયાસ કરી રહેલા, તેનું સ્મરણ

કરીને મને એવો વિચાર સ્ફુરી આવ્યો કે ભારતમાં યોગી ને યોગનું ગૌરવ ઘણું છે. યોગની સિદ્ધિ સંબંધી વાતો પણ સારા પ્રમાણમાં સંભળાય છે. શ્રી અરવિંદ પણ એક યોગી છે. તેમની યોગશક્તિ પણ વખણાય છે. તો શું યોગની સિદ્ધિ મેળવીને ગાંધીજીને મદદ કરી ના શકાય ? યોગશક્તિનો ઉપયોગ કરીને દેશને આઝાદ ના કરી શકાય ? માણસ પરમાત્માનું દર્શન પણ કરે ને પછી યોગની પરમાત્માની કૃપાપ્રસાદીરૂપે મળેલી શક્તિથી દેશને સ્વતંત્ર ને સુખી કરવામાં મદદરૂપ પણ બને. વળી સાથે સાથે સંસારને પણ શાંતિનો સંદેશ સંભાળાવે. તેમ થવું શું શક્ય નથી ? મારું હૃદય આશા ને મહત્વાકાંક્ષાથી ભરપૂર હતું. એટલે મને લાગતું કે તે શક્ય છે, એટલું જ નહિ, પણ સારું ને ઈચ્છવા જેવું છે. કેમકે સત્ય અને અહિંસાના આધાર પર પરદેશી સત્તા સામે એકલે હાથે લડનારા ગાંધીજીને તેથી મદદ મળશે, ને ઈશ્વર, યોગ ને યોગી પુરુષોમાં માનવનો વિશ્વાસ વધી જશે. સાધના દ્વારા માણસ પોતાનું મંગલ તો કરશે જ પણ સાથે સાથે બીજાં પણ કરોડોનું કલ્યાણકામ કરી શકશે.

એ વિચારની પ્રબળતાથી મારું મન હાલી ને નાચી ઊઠ્યું. મને વિચાર થયો કે સાક્ષાત્કાર કરી લીધા પછી દેશના હિતનું કામ મારી મારફત કરાવવાની ઈશ્વરની ઈચ્છા છે કે શું ! એ મનોદશામાં દિવસો સુધી રમતા રહ્યા પછી અરવિંદ આશ્રમમાં દાખલ થવા માટે મેં મહર્ષિ અરવિંદને એક પત્ર લખ્યો. તેમાં મુખ્યત્વે આજ વાતનો નિર્દેશ હતો. મેં લખેલું કે મને ઈશ્વર દર્શનની લગની લાગી છે. તમારા જેવા મહાપુરુષ મને તે માટેનો માર્ગ બતાવશે એમ માનીને મને આશ્રમમાં સાધક તરીકે આવવાની ઈચ્છા થઈ છે. આશા છે કે આશ્રમમાં રહેવાની મંજૂરી મને મળી રહેશે. વળી મેં સાંભળ્યું છે કે તમે સાધનામાં સિદ્ધિ મેળવીને દેશને મદદ કરવાની ને દોરવણી આપવાની ઈચ્છા રાખો છો. આપણા દેશને અત્યારે એવી દોરવણીની આવશ્યકતા છે. મેં સાંભળ્યું છે કે તમે યોગની કેટલીક સિદ્ધિઓ મેળવેલી છે. મારી ઈચ્છા પણ તેવી સિદ્ધિ - જો મદદરૂપ હોય તો મેળવવાની છે. એવી સિદ્ધિઓ મેળવી, તેમનો પ્રયોગ કરીને, આપણા દેશને શું સ્વતંત્ર ના કરી શકાય ? તેમ થાય તો ગાંધીજીને પણ મદદ મળે. તો મારી વિનંતી છે કે તમે મને આશ્રમમાં રહેવાની રજા આપો ને બને તો તમારી સાથે જ રાખો. તમારી મદદથી હું આગળ વધીશ. પછી આપણે બંને સંયુક્ત સાધના કરી, સિદ્ધિઓની પ્રાપ્તિ કરી લઈ, દેશને સ્વતંત્ર ને સુખી કરીશું, ને સંસારને પણ શાંતિનો માર્ગ બતાવીશું. પત્ર ઘણો લાંબો હતો, પણ તેનો સારાંશ આ જ હતો. વરસો વીતી ગયાં છે તો પણ હજી તે એવો જ યાદ છે.

ભાવિ જીવનની કલ્પનામાં રમતાં રમતાં એક પુનિત પ્રભાતે તે પત્રને મેં ટપાલમાં રવાના કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## 33. પત્રનો પ્રત્યુત્તર

યોગી શ્રી અરવિંદને લખેલા પત્રના પ્રત્યુત્તરની મેં ભારે આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરવા માંડી. મને એમ લાગતું હતું કે શ્રી અરવિંદ મારાથી દૂર તેમના પોંડીચેરીના આશ્રમમાં છે, પરંતુ પોતાની અલૌકિક યોગશક્તિથી મારા વર્તમાન જીવનમાં કામ કરી રહેલા ને ભાવિ જીવનમાં કામ કરનારા આધ્યાત્મિક સંસ્કારોને ઓળખી લઈને મને આશ્રમમાં રહેવા માટે વહેલામાં વહેલી તકે રજા આપશે. એ રીતે મારું જીવન અનુકૂળ વાતાવરણનો લાભ લઈને આગળ પર ખરેખર ઉજ્જવળ બની જશે, પરંતુ શ્રી અરવિંદના ઉત્તરની મારે લાંબા વખત લગી રાહ જોવી પડી. લાંબા વખત લગી મારા પત્રનો કોઈ ઉત્તર ના આવ્યો, ત્યારે મેં બીજો પત્ર લખ્યો ને તેના ઉત્તરની રાહ જોઈને કંટાળતા છેવટે ત્રીજો પત્ર લખ્યો. મારા પત્રનો પ્રત્યુત્તર ના આવવાથી મને ચિંતા થવા માંડી અને અનેક પ્રકારના અવનવા વિચારો આવવા માંડ્યા. ત્રણે પત્રોમાં મેં જવાબ માટે જરૂરી ટિકિટો બીડેલી. પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં લગભગ બે થી અઢી મહીના વીતી ગયા. તે પછી એક દિવસ સવારે અરવિંદ આશ્રમમાંથી નીકળેલું એક કવર મારા હાથમાં આવી પહોંચ્યું.

કવરને જોતાંવેંત મારું હૃદય આનંદમાં ઊછળવા લાગ્યું. ભારે તપ કર્યા પછી કોઈ સાધકને સિદ્ધિ મળે તેમ ભારે તપશ્ચર્યાને અંતે મળેલા એ કવરને જોઈને મને કેટલો બધો આનંદ થયો હશે તે કલ્પી શકાશે. મને થયું કે મારા જીવનમાં સદભાગ્યનો સૂર્યોદય થઈ ચૂક્યો. પૂર્ણતારૂપી પ્રકાશની પ્રાપ્તિની પાવન પળ પાસે આવી પહોંચી. હવે મારી મૂંઝવણ, ગડમથલ ને ચિંતાનો અંત આવશે, ને જીવન આત્મોન્નતિના પંથે આગળ ને આગળ પ્રયાણ કરશે. હવે મારા ગુજરાતનિવાસનો અંત આવશે ને દક્ષિણમાં રહેવાનો સમય શરૂ થશે. શ્રી અરવિંદની પાસે રહેવાનો ને તેમના સહકારથી સાધના કરવાનો આનંદ કેવો અજબ હશે ! એવા એવા અનેક વિચારોમાં સ્નાન કરતાં કરતાં મેં કવર ખોલી જોયું, અંદર જે પત્ર હતો તે ખૂબ જ ટૂંકો હતો. તેના પર મારી દૃષ્ટિ પડી. તેમાં લખાયેલા શબ્દો મેં વાંચવા માંડ્યા.

એક વાર, બે વાર, ત્રણ વાર, એમ વારંવાર પત્રના શબ્દોને મેં વાંચ્યા જ કર્યા. પરિણામે મારો આનંદ ઊડી ગયો. હૃદયમાં નિરાશા ફરી વળી. આંખો ભીની થઈ. આવો ઉત્તર આવશે તેની મને કલ્પના પણ નહિ. આટલા લાંબા વખતની પ્રતીક્ષા પછી આવો ઉત્તર ? જેવી મને પણ આશા ન હતી તે વસ્તુ સામે આવીને ઊભી રહી. પત્રમાં લખ્યું હતું કે 'તમને જણાવવામાં આવે છે કે તમને આશ્રમમાં સાધક તરીકે રાખવાનું શક્ય નથી.' નીચે આશ્રમના મંત્રી નલિનીકાંત ગુપ્તની સહી હતી. પત્રનો ઉત્તર શબ્દશઃ આમ હતો.

'I beg to inform you that it will not be possible to admit you in the Ashram as an inmate.'

મને લાગ્યું કે અરવિંદે મારો પત્ર વાંચ્યો જ નહિ હોય. કેટલાક મોટા માણસોને ત્યાં બને છે તેમ મારો પત્ર તેમના કે આશ્રમના મંત્રીએ જ વાંચ્યો હશે ને ઉત્તર પણ તેમણે જ પોતાની મેળે આપ્યો હશે. શ્રી અરવિંદે તે વિશે કદાચ માહિતી મેળવી હશે. મારો પત્ર વાંચીને આશ્રમના મંત્રીને થયું હશે કે આ કોઈ તરંગી ને લાગણીપ્રધાન યુવક છે. તેમને મારા શબ્દો ભારે અતિશયોક્તિ ભરેલા લાગ્યા હશે. એવા શબ્દો બીજું કોણ લખે ? આશ્રમના ઈતિહાસમાં મારા પત્ર જેવો પત્ર કદાચ પહેલો ને છેલ્લો જ હશે. તેને વાંચીને મંત્રીનું મોં કદાચ બગડી ગયું હશે. કદાચ તેમને હસવું આવ્યું હશે. આ પત્ર તે અરવિંદને વંચાવવા જેવો પત્ર છે ? એમ

માનીને તેમણે તેને ફાડી નાંખ્યો હશે, કે કચરાપેટીમાં ધકેલી દીધો હશે. કોઈ બીજાએ વાંચ્યો હશે તો તેણે પણ તેને કચરાપેટીમાં પડવાને પાત્ર જ ગણ્યો હશે. ને તેથી જ વારંવાર પત્ર લખ્યા ત્યારે મંત્રીશ્રીએ મને ઉત્તર આપવાની કૃપા કરી હશે. મારી વિચારસરણીમાં જણાતા દોષ તેમણે મને ટૂંકમાં જણાવ્યા હોત તો તેમનો વિચાર કરીને હું તેને સુધારવાનો પ્રયાસ કરી શકત. પણ તે લાભથી હું વંચિત રહ્યો. મારામાં શી ખામી છે ને મને આશ્રમમાં શા માટે દાખલ કરવામાં નહિ આવે તે જાણવાનું કામ મારે માટે મુશ્કેલ થઈ પડ્યું. શ્રી અરવિંદે મારા પત્રની વિગત જાણી હોય તો પણ મારા વિચારો તેમને ઘણા વધારે પડતા લાગ્યા હોય એ બનવા જોગ છે. એવી એવી કલ્પનાઓ મારા મનમાં ઉત્પન્ન થવા માંડી. બાકી આખી ઘટનાની પાછળ મુખ્ય કારણ કયું હતું તે એક ઈશ્વરના વિના બીજું કોણ કહી શકે ? મને તો સમજ જ કેવી રીતે પડે ?

થોડા દિવસો સુધી મારું મન ઉદાસ રહ્યું. શ્રી અરવિંદ પોતાની અલૌકિક શક્તિ દ્વારા સાધકોને ઓળખી લે છે ને પછી જ પોતાના અધિકારી સાધકોને પોતાના આશ્રમમાં દાખલ કરે છે એવી વાત મેં સાંભળેલી. મને થયું કે મારા સંસ્કારો કાચા હશે. પત્રમાં મેં રજૂ કરેલા વિચારો વધારે પડતા લાગવાનો સંભવ હતો. પણ તેને માટે તો સુંદર ઉપાય એ હતો કે મને મારી ભૂલ સ્પષ્ટતાથી કહી દેવી ને જણાવવું કે આટલી ત્રુટિને દૂર કરો તો તમને રાખી શકાશે. તેને બદલે છેક જ ટૂંકો, કોઈ પણ કારણ વિનાનો ને નકારાત્મક ઉત્તર મળવાથી મારું મનોમંથન ધાર્યા કરતાં ઘણું વધી ગયું.

પરંતુ મારામાં મહત્વાકાંક્ષા અને આશાનો ભંડાર ભરેલો હોવાથી મારી નિરાશા લાંબો વખત ટકી શકી નહિ. મનમાં ઉત્પન્ન થયેલી ઉદાસીનતા થોડા જ વખતમાં દૂર થવા માંડી. મેં સમાધાન મેળવ્યું કે ઈશ્વરની ઈચ્છા મને અરવિંદ આશ્રમમાં લઈ જવાની નહિ હોય. ઈશ્વરે છેક બાળપણથી જ મારો હાથ પકડ્યો છે. તેણે જ મને મુંબઈમાં મૂક્યો હતો ને તે જ મારી રક્ષા કરે છે. તે મારું અમંગલ કદી પણ નહિ કરે. તેની ઈચ્છા હશે ત્યાં જ મારે રહેવાનું થશે. આધ્યાત્મિક ઉન્નતિના વિચારો મારા મનમાં તેણે જ ઉત્પન્ન કર્યા છે. અનુકૂળ વાતાવરણ મેળવી આપી તે જ તેને સફળ કરશે. તેના ભરોસે મેં જીવનને મૂકી દીધું છે ને તેની કરુણા, કૃપા ને મંગલમયતામાં મને શ્રદ્ધા છે. તેથી મારે ચિંતા કરવાની જરૂર નથી. એવા વિચારોથી ધીરે ધીરે મારો વિષાદ દૂર થઈ ગયો ને પ્રાપ્ત પરિસ્થિતિમાંથી માર્ગ કરવાનો મેં પ્રયાસ કરવા માંડ્યો.....

છતાં પણ મારા મનને સંપૂર્ણ સમાધાન ને સંતોષ મળતાં લાંબો વખત વીતી ગયો. વરસો વીતી ગયાં અને એ પત્રની સ્મૃતિ જૂની થઈ ગઈ ત્યારે મને સમજાયું કે ઈશ્વરે મારા જીવનનું ઘડતર દક્ષિણ ભારતમાં કે ત્યાં આવેલા અરવિંદ આશ્રમમાં નહિ પણ હિમાલયના પ્રદેશમાં કરવા ધાર્યું હતું. તેથી જ મને તે અરવિંદ આશ્રમમાં લઈ ગયા નહિ. મારા ત્રણ પત્રોના પરિણામે જે 'ના'નો નાનો સરખો ઉત્તર આવ્યો તેનું કારણ ઈશ્વરની એ ઈચ્છા જ હતી. તેની આગળ બીજાં બધાં જ કારણો ગૌણ હતા. મારા જીવનનો વિકાસ કોઈ અનુકૂળતા ને સગવડ ભરેલા મઠ, મંદિર કે આશ્રમમાં નહિ પણ પ્રતિકૂળતા અને અગવડથી ભરેલા એકાંત જંગલ ને પર્વતીય પ્રદેશોમાં થાય એવી ઈશ્વરની ઈચ્છા હતી. મારી જીવનસાધનાની સિદ્ધિ પર કોઈ જાણીતા ને બહુ ગવાયેલા સંતપુરુષ અને એના આશ્રમની મહોર મારવામાં આવે તે ઈશ્વરને પસંદ ન હતું. કેવળ તેના પર શ્રદ્ધા રાખીને હું આગળ વધુ, મુશ્કેલી, મુંઝવણ, ચિંતા, વેદનામાંથી એકલે હાથે માર્ગ કરું, ને મારા જ પગ પર ઉભા રહેવાની શક્તિ કેળવીને જીવનને ઉજ્જવળ બનાવું એવી તેની ઈચ્છા હતી. મારી

સાધનાના ઈતિહાસ સાથે હિમાલયના પવિત્ર ને પ્રખ્યાત નામને સાંકળી લેવાની તેની ઈચ્છા હતી. એ વાતની મને બહુ મોડે મોડે ખબર પડી. ત્યારે મારૂં હૃદય અવનવા ભાવનો અનુભવ કરી રહ્યું.

પાછળના જીવનમાં ઈશ્વરની ઈચ્છાથી જે વાતાવરણ મળ્યું તેથી મને લાભ થયો. તૈયાર બગીચામાં કુશળ ને માયાળુ માળીની નજર નીચે જે ફૂલો ખીલે છે તેમનામાં અને કોઈનીયે દેખરેખ કે સંભાળ વિના એકાંત વનજંગલમાં પોતાની મેળે ખીલનારાં ફૂલોમાં ઘણો ફેર હોય છે; વનજંગલમાં ખીલનારાં ફૂલોના માર્ગમાં મુસીબત, ટાઢ, તાપ તથા મહેનત હોય છે. તેમનો માર્ગ વધારે ભાગે કંટકમય હોય છે. છતાં પણ તેમના રૂપરંગને જોઈને ને તેમની સુવાસનો સ્વાદ લઈને માણસો કેટલીકવાર આશ્ચર્યચકિત બની જાય છે. તેમના વિકાસનો ઈતિહાસ ઓછો આકર્ષક, રસિક અને ઓછો પ્રેરણાસ્પદ નથી હોતો. એવી રીતે એકાંતમાં રહીને જેમનું જીવન પોતાની મહેનતથી ઉછર્યું હોય છે તેમની કથા અત્યંત રસ ભરેલી થઈ પડે છે. તેમના જીવનમાં કોઈ નવી જ ભાત પડેલી દેખાઈ આવે છે, બાકી તો ઈશ્વર પ્રત્યેક પ્રાણીને તેના પ્રારબ્ધ ને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવે છે. એટલે જે વાતાવરણમાં રહેવાનું થાય તેમાં સંતોષ માનીને આગળ વધવાનો પ્રયાસ કરવો તે જ બરાબર છે.

અરવિંદ આશ્રમમાં જવાની મંજૂરી ના મળવાથી ભાવિ જીવનને માટે હું જુદા જુદા ને નવા નવા ઘાટ ઘડવા લાગ્યો. મને પ્રકાશ મળે તે માટે ઈશ્વરને પ્રાર્થના પણ કરવા માંડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. હિમાલય જવાનો નિર્ણય

મંથનના એ દિવસો દરમ્યાન સાધનાનો ક્રમ સતત રીતે ચાલ્યા કરતો. ધ્યાન ને પ્રાર્થના પર મને વધારે પ્રીતિ હતી. તેમાં મારો વિશ્વાસ વધી ગયેલો. તેથી મને શાંતિ મળતી. એ સૌનો અભ્યાસ નિરંતર ચાલ્યા કરતો. સદગ્રંથોના વાચનનો ક્રમ પણ ચાલુ હતો. મુંબઇમાં મેં સ્વામી રામતીર્થ વિશે વાંચ્યું હતું. વડોદરામાં મારા હાથમાં તેમનું જીવનચરિત્ર આવી ગયું. તેના વાંચનમાં મને ખૂબ રસ પડ્યો. તેમાં આવતા હિમાલયના વિવિધ પ્રદેશનાં વર્ણનથી હિમાલય માટેના મારા આકર્ષણ અને અનુરાગમાં વધારો થયો. હિમાલયમાં જવાના વિચાર મારા મનમાં પ્રબળ બનીને રમવા માંડ્યા. હિમાલયના કુદરતી સૌંદર્યથી ભરેલા શાંત અને એકાંત પ્રદેશમાં રહેવાનો અવસર મળે તો મને શાંતિ મળે ને વહેલામાં વહેલી તકે ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ શકે એવી ભાવનાથી મારું અંતર ઉભરાવા માંડ્યું. પણ હિમાલયમાં જવું કેવી રીતે ? હિમાલયના પવિત્ર પ્રદેશની મને માહિતી જ નથી, ત્યાં તે પ્રદેશમાં જઇને વસવું કેવી રીતે ? તે પ્રદેશની મને માહિતી કોણ પૂરી પાડે ? કોની આગળ મારા રાગમય હૃદયને ખૂલ્લું કરું કે જેથી મારો ભાવનાભાર હળવો થાય ને મને જરૂરી માર્ગદર્શન મળે ? ઇશ્વરે અનેકને માર્ગદર્શન આપ્યું છે ને માયાળુ માતાની પેઠે કેટલાય બાળકોના હાથ પકડીને સંસારમાંથી તેમને સહીસલામત પાર કર્યા છે. તો મારો હાથ પણ તે જરૂર પકડશે, મારે માટે પણ વિલંબ નહિ કરે, એ શ્રદ્ધા મારા હૃદયમાં દૃઢ થઇ.

વૈરાગ્ય ને ત્યાગના વિચારો મારા જીવનમાં પ્રબળ બન્યા. તેના પરિણામે મારા બાહ્ય જીવનમાં કેટલોક ફેરફાર થયો. કેટલીક વાર હું એક વાર જ ભોજન કરતો. ચંપલ કે બૂટનો ઉપયોગ કરવાનું મેં છોડી દીધું. કોલેજમાં પણ ઉઘાડે પગે જવાની મેં ટેવ પાડી. કોટ પહેરવાની ટેવનો મેં ત્યાગ કર્યો, ને તદ્દન સાદાઇથી રહેવાની શરૂઆત કરી. કોઇયે બહારની પ્રવૃતિમાં મારું મન લાગતું ન હતું. મને તો કેવળ પરમાત્માના સાક્ષાત્કારની ધૂન લાગેલી અને તે વિનાની બીજી વાતો મનમાંથી હઠી ગયેલી.

ધૂન ને લગનની એ દિશામાં મને એક સ્વપ્ન આવ્યું. તેમાં કોઇએ કહ્યું કે, 'આત્મસાક્ષાત્કાર કરવો હોય તો રમણ મહર્ષિ પાસે જાવ.' રમણ મહર્ષિનું જીવનચરિત્ર મારા વાંચવામાં આવ્યુ ન હતું, પણ તેમનું નામ મેં સાંભળેલું. એક આત્મદર્શન કરી ચૂકેલા ઊચ્ચ કોટિના મહાત્મા તરીકે તેમની ખ્યાતિની વાતો સાંભળવાનો અવસર મને મળ્યો હતો. તેથી મારું ધ્યાન પણ તેમની તરફ ખેંચાયું હતું. પરંતુ તે વખતે મને તેમના વિશે પૂરી માહિતી ન હતી. તે વખતે મારા હાથમાં તેમનું જીવનચરિત્ર આવી ગયું હોત અથવા કોઇ ખાસ અંગત, વિશ્વાસુ કે અપિરિચિત પુરુષ દ્વારા પણ તેમનો સાચો ને ખુલાસાવાર પરિચય મળ્યો હોત તો તેમના આશ્રમની ને તેમની મુલાકાત મેં જરૂર લીધી હોત. કેમ કે તેમની થોડીઘણી માહિતી મળવાથી મારા દિલમાં તેમને માટે આદરભાવ ઉત્પન્ન થયેલો. પણ ઇશ્વરની ઇચ્છા જુદી હતી. દક્ષિણ ભારતનો પ્રવાસ કરતા પહેલાં મારે ઉત્તર ભારતનો પ્રવાસ કરવો એવું ઇશ્વરનું વિધાન હતું. વળી મને હિમાલયનો વિચાર વધારે આકર્ષક લાગતો હતો. તેથી રમણ મહર્ષિના દર્શન માટે મારાથી જઇ શકાયું નહિ ને તેના બદલામાં વચ્ચે એક નવો ફણગો ફૂટી ગયો.

તે દિવસોમાં મારા હાથમાં એક પુસ્તક આવ્યું. તે પુસ્તક સ્વામી પરમાનંદે લખ્યું હતું. તેમાં તેમના ગુરુ સ્વામી શિવાનંદનું જીવન વિસ્તારથી વર્ણવેલું. તેને વાંચવાથી મને ઘણો જ આનંદ થયો. તેમાં સ્વામી શિવાનંદ એ સ્વામી વિવેકાનંદ ને રામતીર્થ જેવા મહાપુરુષ છે અને અષ્ટ સિદ્ધિ ને નવ નીધિથી સંપન્ન છે એમ લખેલું. મને થયું કે આ લખાણ સાચું હોય તો આવા મહાન સંતપુરુષનો પરિચય કરાવવા બદલ મારે ઇશ્વરનો આભાર માનવો જોઇએ. આવા મહાપુરુષના સહવાસમાં રહેવાથી ઇશ્વરદર્શન પણ સહેજે થઇ શકે ને જીવન ધન્ય બને. વધારે હરખની વાત તો એ હતી કે સ્વામી શિવાનંદ કોઇ ભૂતકાળના નહિ પણ વર્તમાનકાળના સંત હતા. તે હજી સદેહે પૃથ્વી પર રહેતા. તેમનો આશ્રમ હિમાલયના ઋષિકેશ નામના સુંદર સ્થળમાં ગંગાના તટ પર હતો. આ બધી માહિતી મારામાં આશા કે ઉત્સાહની જ્યોતિ જગાવવા માટે પૂરતી હતી. ગંગા, હિમાલય અને ઉચ્ચ દશાએ પહોંચી ચૂકેલા સાક્ષાત્કારી સંતપુરુષ - ત્રણે વસ્તુનો સંયોગ વિરલ કહેવાય ને તેનો લાભ મળી જાય તો જીવન સફળ થઇ જાય, એમાં સંદેહ નહિ. એ વિચારથી મારું મન ઉલ્લાસમાં ઉછળવા માંડ્યું. મને થયું કે ઇશ્વરે મારી પ્રાર્થના સાંભળીને મારે માટે માર્ગ ખોલી દીધો છે.

બે-ચાર દિવસમાં જ મેં સ્વામી શિવાનંદને પત્ર લખી દીધો. તેમાં મારા ચાલુ જીવનનો ચિતાર રજૂ કર્યો અને એમના આશ્રમમાં સાધના કરવા પ્રવેશ આપવાની રજા માંગી. મને લાગ્યું કે શ્રી અરવિંદના ઉત્તરની જેમ શિવાનંદજીનો ઉત્તર પણ મોડો આવશે. પણ વાત તેથી ઉલટી જ બની. આઠેક દિવસમાં તો એમનો ઉત્તર આવી પહોંચ્યો. તેમણે ટૂંકા પ્રત્યુત્તરમાં મારા આધ્યાત્મિક સંસ્કારો ઘણાં ઊંચા છે ને મારું જીવન એ સંસ્કારોનું પોષણ કરવાથી ખૂબ જ ઉજ્જવળ થશે એવો ઉત્સાહજનક સંકેત કર્યો. ને મને થોડો વખત રાહ જોવા જણાવ્યું.

પણ મને તે સૂચના અસ્થાને લાગી. મને થયું કે શિવાનંદજીને હજી મારી લગની, ભક્તિ ને વૈરાગ્યવૃતિનો બરાબર ખ્યાલ આવ્યો નથી લાગતો. નહિ તો તે મને આવી સલાહસૂચના આપવાને બદલે તરત આશ્રમમાં જ બોલાવી લેત. વળી મને થયું કે પત્રો દ્વારા હૃદયના ભાવોની અભિવ્યકિત પણ પૂરેપૂરી રીતે ક્યાંથી કરી શકાય ? તેમાં વખત પણ ઘણો વીતી જાય. એટલે મેં શિવાનંદજીના દર્શને જવાનું નક્કી કર્યું. મને પ્રત્યક્ષ રીતે જોવાથી સ્વામીજીને મારો સાચો ને વધારે ચોખ્ખો ખ્યાલ આવશે ને મને આશ્રમમાં રહેવાની મંજૂરી જરૂર મળી જશે એવી મારી ધારણા હતી.

માતાજીના ભાઇ રમણભાઇને ત્યાં હું રહેતો હતો. તેમને મેં હિમાલય જવાનો મારો નિર્ણય જણાવી દીધો. તેમને મારા આજ સુધીના માનસિક વિકાસની બરાબર ખબર ન હતી. તેમની નવાઇનો પાર રહ્યો નહિ. તેમને દુઃખ પણ થયું. તે મને સમજાવવા માંડ્યા. હું હિમાલય જઇશ તો માતાજીની સંભાળ કોણ લેશે એમ તેમણે કહેવા માંડ્યું. મેં કહ્યું: 'જે સૌની સંભાળ લે છે તે તેમની પણ લેશે. તેમનો વિચાર કરીને હું બેસી નહિ રહું. ઇશ્વર સૌની રક્ષા કરવા તૈયાર છે. તેમાંયે જે તેનું શરણ લે છે તેની બધી જ જવાબદારી તે ઉપાડી લે છે. એટલે મને કોઇની ચિંતા નથી. હિમાલય જવાનો મારો નિર્ણય અફર છે.'

મારી અડગતા જોઇને તે મૂંઝાયા. વિચાર કરીને છેવટે મારી આગળ તેમણે એક શરત મૂકી. તેમણે કહ્યું: 'તમે જાવ તેનો વાંધો નથી. તમારા પહેલાના દેવાંની રકમમાંથી સો રૂપિયા બાકી રહ્યા છે. તે ભરી દો.'

શરત ઘણી ભારે હતી. તેમના મનમાં ખરી રીતે તો એવું હતું કે ગમે તેવો પ્રયત્ન કરવા છતાં પણ મને સો રૂપિયા જેટલી મોટી રકમ નહિ મળી શકે. એટલે મારું હિમાલય જવાનું આપોઆપ બંધ રહેશે. મને પણ તેનો વિચાર કરતાં કામ ઘણું મુશ્કેલ લાગ્યું.

પરંતુ મુશ્કેલીથી ડરવાનો, ડગવાનો કે હિંમત હારીને, નિરાશ થઇને બેસી જવાનો મારો સ્વભાવ ન હતો. પ્રતિકૂળતામાંથી પણ અનુકૂળતાને શોધી કાઢવાની મારી પ્રકૃતિ હતી. મૂંઝવણોથી મહાત થવું, મૂરઝાઇ જવું ને મરી જવું મારા નિયમથી વિરુદ્ધ હતું. જેને આગળ વધવું છે ને વિજયી થવું છે તેના માર્ગમાં મુશ્કેલીઓ આવવાની જ. સંકટ ને પ્રતિકૂળતાનો સામનો તેણે જરૂર કરવો પડવાનો. આંસુ, આહ અને અંધકારના અનુભવમાંથી તેને પસાર થવું પડવાનું. તેનાથી હતોત્સાહ થયા વિના જે આગળ વધે, ને મર્દની પેઠે સંકટ સામે સ્મીત કરે, તે જ કાંઇક મેળવી શકે છે, ને જીવનના જંગમાં તે જ જીતી શકે છે. એટલે આ અણધારી ઉભી થયેલી નવી મુશ્કેલીથી હું ગભરાયો નહિ.

તે વખતે ઇશ્વરની કૃપાથી મને એક વિચાર સૂઝ્યો. કહો કે ઇશ્વરે તે વિચાર સૂઝાડ્યો. મેં તે વખતે કેટલાક ધાર્મિક લેખો લખેલા. મને થયું કે સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયના સંચાલક શ્રી ભિક્ષુ અખંડાનંદને તે લેખો મોકલું ને સાથે સાથે મારી વર્તમાન દશા ને હિમાલય જવાની ઇચ્છાને રજૂ કરતો લાંબો કાગળ લખું. તે લેખોના બદલામાં મને પુરસ્કાર તરીકે સો રૂપિયા મળી જાય તો મારી મુશ્કેલી દૂર થાય. ભિક્ષુ અખંડાનંદનો મને પ્રત્યક્ષ પરિચય ન હતો. છતાં પણ મારી સહજ હિંમતથી પ્રેરાઇને મેં તેમને એક લાંબો પત્ર લખ્યો ને તેની સાથે પંદરથી વીસ જેટલા લેખો મોકલ્યા.

મારું એ પગલું ભારે હિંમતભર્યું હતું તો પણ મારે એનો આધાર લેવો પડ્યો. સ્વામી શ્રી ભિક્ષુ અખંડાનંદના પ્રત્યુત્તરની પ્રતીક્ષામાં મારા દિવસો અચોક્કસ મનોદશામાં પસાર થવા લાગ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. ભિક્ષુ અખંડાનંદનો મેળાપ

ભિક્ષુ અખંડાનંદને લખેલા પત્રના પ્રત્યુત્તર માટે વધારે પ્રતિક્ષા ના કરવી પડી. અઠવાડિયું પૂરું થાય તે પહેલાં તો ઉત્તર આવી ગયો. સ્વામીજીએ પત્રમાં સૂચના આપી કે મારે તેમનો પત્ર મળે તે જ દિવસે નડીયાદમાં મળવા આવવું, સ્વામીજી પોતે ત્યાં સ્ટેશન પાસે આવેલા સંન્યાસ આશ્રમમાં આવી રહ્યા છે. ત્યાં બધી જ વાતનો ખુલાસો વ્યક્તિગત રીતે થઇ શકશે.

પત્રના એવા સહાનુભૂતિભર્યા ઉત્તરથી મને આનંદ થયો. અંતરમાં આશા પ્રકટી કે મારૂં કામ ઇશ્વરકૃપાથી જરૂર સિદ્ધ થઇ જશે. આવા ઉત્તરની મને આશા ન હતી. મારા મનમાં એમ હતું કે મારા લેખોને જોઇને સ્વામીજી પ્રસન્ન થશે ને તે લેખો તેમને તાત્કાલિક છાપવા જેવા નહિ લાગે તોપણ મારી પરિસ્થિતિનો ખ્યાલ કરીને મને પ્રોત્સાહન આપવા તે પુરસ્કાર જરૂર મોકલી આપશે. પણ તેને બદલે તેમણે મને પોતાની પાસે બોલાવ્યો. તેની પાછળ પણ મને ઇશ્વરનો કોઇ ગૂઢ સંકેત જણાયો. મને થયું કે સ્વામીજીને મળવાનો પ્રસંગ મારે માટે આ પહેલો જ છે. તોપણ મારે હિંમત હારવાની કે સંકોચ પામવાની જરૂર નથી. તેમને પ્રત્યક્ષ રીતે મળવાથી મને મોટી મદદ મળશે. મારા વર્તમાન જીવન અને વિચારોને પારખવામાં તેમને સુગમતા મળશે ને મારી સાચી આધ્યાત્મિક જાગૃતિ જોઇને મને ઇચ્છાનુસાર મદદ કરવા તે જરૂર પ્રેરાશે. એ વિચારથી મારી હિંમત વધી ગઇ ને પત્ર વાંચીને બે કલાક બાદ ઉપડનારી ગાડીમાં હું રવાના થયો.

નડીયાદ શહેરમાં ફરવાનો પ્રસંગ મારે માટે એ પહેલો જ હતો. તેથી સંન્યાસ આશ્રમની શોધ કરવામાં સારો એવો સમય નીકળી ગયો. સંન્યાસ આશ્રમમાં જઇને તપાસ કરતાં ખબર પડી કે સ્વામીજી આવી ગયા છે ને ઉપરના ઓરડામાં કામ કરી રહ્યા છે. મેં તેમને મારા પહોંચ્યાના સમાચાર મોકલ્યા. તેમણે મને તરત જ ઉપર આવવાની આજ્ઞા કરી.

એક સાધારણ ખૂરશી પર બેસીને સ્વામીજી ભજનોના પ્રુફ તપાસતા હતા. તેમની પાસેના ટેબલ પર કેટલાક પુસ્તકો પડેલા. તેની બાજુમાં બે મોટી મૂર્તિઓ મુકેલી. તેમનું શરીર સારું દેખાયું. મોઢું ને માથું જરા વધારે ભારે લાગ્યું. તેમણે ભગવો ઝભ્ભો પહેરેલો. એમની આકૃતિ સહેજ પ્રભાવશાળી હતી. થોડા વખત સુધી હું તેમના તરફ જોઇ રહ્યો. મારા મનમાં તેમને માટે પહેલેથી જ આદરભાવ બંધાઇ ગયેલો. તેમણે પ્રકાશિત કરેલા ગ્રંથોમાંના કેટલાક ધાર્મિક ગ્રંથો મેં જોયેલા. બોરસદના વતની એક લોહાણા ગૃહસ્થે મુંબઇમાં ગીતાની તપાસ કરી. ગીતાની કિંમત તેને વધારે લાગી. ને પછી તો તેણે ઓછી કિંમતે ગીતા જેવા ઉપયોગી ગ્રંથો બહાર પાડવાનો સંકલ્પ કર્યો. તે સંકલ્પમાંથી સ્વામી શ્રી ભિક્ષુ અખંડાનંદનો જન્મ થયો. પોતાના સંકલ્પને સાચો કરવા તેણે ભારે પ્રયાસો કરી જોયા, ને છેવટે તેમને સફળતા મળી. ઓછા અને ઉછીના લીધેલા ભંડોળની મદદથી લોકોની સેવા કરવા તે એકલે હાથે આગળ વધ્યા ને સંકલ્પના બીજમાંથી છેવટે સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય નામે મોટી સંસ્થાની, કહો કે એક વિશાળ સેવાવૃક્ષની સ્થાપના કરી. એ સંસ્થામાંથી તેના નામ પ્રમાણે ખરેખર સસ્તાં પુસ્તકોનું પ્રકાશન થવા માંડ્યું. પણ સસ્તા પુસ્તકો કેવળ સસ્તાં જ નહિ, જીવનની ઉન્નતિ માટે ઉપયોગી ને સારાં પણ હતા. તે સંસ્થામાંથી તેમણે કિંમતી પુસ્તકો બહાર પાડવા માંડ્યા. તેની પાછળ વ્યાપારવૃતિ ન હતી, પણ નિર્ભેળ ને સાચી સેવાવૃતિ હતી. વળી ઇશ્વરની અમીદૃષ્ટિ

હતી એટલે થોડા જ સમયમાં સંસ્થા ને તેના સંચાલક સ્વામીજીનું નામ લોકજીભે ચડી ગયું, લોકોના હૃદયમાં રમતું થયું, ને લોકોને માટે શ્રદ્ધાભક્તિનો વિષય બની ગયું. શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રામતીર્થ ને ચૈતન્ય મહાપ્રભુના જીવનનો તથા જ્ઞાનેશ્વરી, ભાગવત, રામાયણ, યોગવાશિષ્ઠ ને દાસબોધ જેવા ઉત્તમ ગ્રંથોનો ગુજરાતીમાં તેમણે પરિચય કરાવ્યો, ને નવા ભાવમાં ભગીરથ બનીને જ્ઞાનની પવિત્ર ગંગાને વહેતી કરી. છતાં પણ તે વાતનું તેમને અભિમાન ન હતું. તેમની નમ્ર અને સરળ આકૃતિ ને વાણી પરથી તે સાફ જણાઇ આવતું. તે સેવાના સાચા ભેખધારી હતા. ઇશ્વરના હાથમાં હથિયાર બનીને તે પ્રામાણિકપણે કામ કર્યે જતા. ગુજરાતના એ મહાન કર્મયોગી કેવળ સૂકાં કર્મઠ ન હતાં. તેમનું હૃદય ભક્તિભાવથી ભરેલું. પ્રભુના પ્રેમની તરસ તેને લાગી ગયેલી. તેથી જે સફળતા, શ્રી ને યશને જોઇને સાધારણ માણસ છકી જાય તેમજ વિષયગામી બની જાય, તેમાં તે વિવેકી, નમ્ર ને નિર્મળ થઇને જીવી રહ્યા હતા. પોતાની સ્તુતિની તેમને સૂગ હતી. ગુજરાતના જ્યોતિર્ધરોમાં તેમનું નામ ને કામ પ્રથમ પંક્તિમાં શોભી રહ્યું હતું. છતાંપણ તે ગુણગાનથી સદાને માટે દૂર રહેતા. પોતાના લખાણોની નીચે સહી કરતી વખતે તે પોતાનો જે વિચિત્ર પરિચય આપતા તે વાંચીને મને નવાઇ લાગતી. આ પ્રશંસાપ્રિય જમાનામાં પોતાના નામની આગળ બ્રહ્મનિષ્ઠ, મહામંડલેશ્વર કે એવા બીજા ઇલ્કાબો લગાડવાને બદલે અત્યંત અનોખા શબ્દોમાં પોતાનો પરિચય આપતાં તે લખતાં કે 'જાણે તેટલું પળાય નહિ છતાં પરોપદેશે પાંડિત્ય જેવું લખે, તેથી ગાળોના દાવનો ખરાબ ભિક્ષુ અખંડાનંદ.' કેટલાક માણસો માનની ઇચ્છાથી પણ પોતાને માટે આવું સાધારણ લખાણ લખતા હોય છે. પણ સ્વામીજીનું દર્શન કરનારને તેમની નમ્રતા પરથી ખાતરી થતી કે તેમને માનની સૂગ છે અને એ લખાણ એમના અમાની અંતરનું સહજ લખાણ છે.

એવા મહાન પુરુષની પાસે બેસવાનો અવસર પ્રભુની કૃપાથી મને અચાનક પ્રાપ્ત થયો એટલે મારા આનંદનો પાર રહ્યો નહિ. મને થયું કે શું આજ એ મહાપુરુષ શ્રી ભિક્ષુ અખંડાનંદ છે ? મને એમ થતું કે મળતાંવેંત તે મારા લેખોને માટે મને શાબાશી આપશે ને મારી મરજી મુજબ મદદ પણ કરી દેશે. પણ તે તો શાંત ચિત્તે પોતાનું કામ કર્યે જ જતા હતા. જાણે મને ઓળખતા ના હોય તેમ મારા પત્ર કે લેખો વિશે એક અક્ષર પણ ઉચ્ચારતા ન હતા. વિચારો ને ભાવોના હિંચકા પર બેઠો હોંઉ તેમ હું તેમની પાસે બેસી રહ્યો.

લાંબા સમય સુધી તેમણે કામ કર્યું. પછી પુસ્તકને બાજુ પર મૂકીને મારી તરફ મુખ ફેરવ્યું ને મારી સાથે વાતો કરવાની શરૂ કરી. મારા જીવનમાં આટલી નાની ઉંમરમાં વૈરાગ્ય કેમ થયો, હિમાલય જવાની ઇચ્છા કેવી રીતે ઉત્પન્ન થઇ, મારે હિમાલય શા માટે જવું છે, તે વિશે એમણે મને પૂછવા માંડ્યું. એમના પ્રશ્નોના ઉત્તરો મેં ક્રમેક્રમે શાંતિપૂર્વક આપવા માડ્યાં. તે સાંભળીને તેમને આનંદ થયો. મારા જીવનની આધ્યાત્મિક ભૂમિકાનો ખ્યાલ આપીને મેં એમને કહેવા માંડ્યું, 'મારો વૈરાગ્ય સાચો અને ચોક્કસ વિકાસના પરિણામરૂપ છે. તેની પાછળ કોઇ ઉર્મિ, ગાંડપણ, મગજની નબળાઇ કે ઘેલછા નથી. મારું મન સંસારમાં લાગતું નથી. પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની મને લગની લાગી છે. તેને માટે મારુ હૃદય રડ્યા કરે છે. મને લાગે છે કે તેના વિના મારું જીવન વ્યર્થ વહી રહ્યું છે. તેને માટે હું ગમે તેવો ભોગ આપવા પણ તૈયાર છું. સ્ત્રીમાત્રમાં જગદંબાની ઝાંખી કરવાની મેં ટેવ પાડી છે, એટલે મને કામવાસના નથી થતી ને લગ્ન કરવાની જરૂર નથી જણાતી. બ્રહ્મચર્ય મારે માટે સહજ થઇ ગયું છે ને તેના પાલનનું મેં વ્રત લીધું છે. મને શ્રદ્ધા છે કે

જો હિમાલયના શાંત અને સુંદર વાતાવરણમાં રહેવા મળે, તો વધારેમાં વધારે છ મહિનામાં મને પરમાત્માનો સાક્ષાત્કાર થઇ શકે ને શાંતિ મળે. આ જીવન પરમાત્માની પ્રાપ્તિ માટે જ છે, તેની મને ખાતરી થઇ છે. તેના વિના મને ચેન પડતું નથી. માટે જ મેં તમને મને બનતી મદદ કરવાની વિનંતી કરી છે.'

થોડીવાર શ્વાસ ખાઇને મેં સ્વામીજી તરફ જોયું તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને એમના મુખ પર કરુણાની લાગણી ફરી વળી. મારે માટે એ બીજા અખંડાનંદનું - તેમના સ્વરૂપનું દર્શન હતું. તે બોલ્યા, 'તમારું સદભાગ્ય છે કે આટલી નાની ઉંમરમાં તમને આવા સુંદર વિચારો સુઝે છે. બાકી અમારું જીવન તો એમ ને એમ જ વહી ગયું.'

એ શબ્દોમાં તેમના નવા જ સ્વરૂપનું દર્શન થયું. તેમનું પ્રેમ ને ભક્તિથી ભરેલું હૃદય પ્રકટ બન્યું. જે મહાપુરુષે ગુજરાતના લાખો લોકોને ઉત્તમ સંસ્કારસાહિત્યનો વારસો આપ્યો અને નિસ્વાર્થ વૃતિથી જીવનને કર્મયોગમાં ખર્ચી નાખ્યું; સમય ને સંજોગો સાનુકૂળ હોવા છતાં જે શ્રી ને સંપત્તિની મોહિનીથી સદાયે દૂર રહ્યા ને લોકસંગ્રહને માટે ઇશ્વરના હાથમાં મહાન અસરકારક હથિયારરૂપ બન્યા; તે મહાપુરુષનું જીવન એમ ને એમ વહી ગયું એમ કહેવાય ? તેમનું જીવન તો સાચા અર્થમાં ધન્ય ને ઉપકારક બનીને અમર થઇ ગયું. છતાં પણ તે મહાપુરુષ પોતાનું જીવન એમ ને એમ વહી ગયું એમ કહી રહ્યા છે તે તો તેમની નમ્રતા છે. વળી કર્મ કરતાં કરતાં પણ પરમાત્માના સાક્ષાત્કાર માટે તેમનું હૃદય કેટલું બધુ જાગ્રત છે તેની તેના પરથી સૂચના મળે છે. તેમના જેવા વિવેકી પુરુષ જ દિનરાત કર્મ કરતાં કરતાં પણ આટલા બધા જાગ્રત રહી શકે, ને તેમના જ મુખમાંથી નમ્રતાની આવી સરળ વાણી નીકળી શકે. અખંડાનંદને જે કેવળ કર્મઠ સમજે છે તેમણે પોતાની ભૂલ સુધારી લેવી જોઇએ. તે ભાવભક્તિથી ભરેલા એક પ્રભુભક્ત પણ હતા. તેમના શબ્દો કોઇનાય દિલમાં તેમને માટે આદરભાવ ઉત્પન્ન કરે તેવા હતા. હું પણ તેમાં અપવાદરૂપ કેવી રીતે હોઇ શકું ?

થોડાક વખત સુધી અમે કેટલી ધાર્મિક વાતો કરતા રહ્યા. પછી તેમણે તેમના ટેબલ પર પડેલી મૂર્તિ તરફ આંગળી કરીને મને પૂછ્યું: 'આ મૂર્તિ કેવી છે ?'

મૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણની હતી ને ઘણી સુંદર હતી. એટલે મેં કહ્યું કે તે ઘણી સુંદર છે.

'તો શું તમને ગમે છે ?' તેમણે ફરી પ્રશ્ન કર્યો.

મેં કહ્યું: 'હા.'

'તો પછી એ મૂર્તિ તમે લઇ લો.' મારા આશ્ચર્ય વચ્ચે તેમણે તદ્દન નવો જ પ્રસ્તાવ મૂક્યો.

મેં કહ્યું: 'મૂર્તિ મને ગમે છે એનો અર્થ એવો નથી કે મારે તે જોઇએ છે. મૂર્તિ લેવાની મારી બિલકુલ ઇચ્છા નથી.'

પણ તેઓ ક્યાં માને તેમ હતા ? તેમણે તો પોતાનો આગ્રહ ચાલુ જ રાખ્યો. 'તમને ગમે છે તો તમે તેને જરૂર લઇ જાવ. જે વસ્તુ તમને ગમતી હોય તે મારે ના જોઇએ.'

તેમનું વલણ મજબૂત હતું. એટલે વધારે વિરોધ કરવાનું છોડી દઇને તેમણે મારી પાસે લાવી મૂકેલી મૂર્તિને મેં લઇ લીધી.

બે-ત્રણ મિનીટ વીત્યા પછી ટેબલ પર પડેલી બીજી મૂર્તિ તરફ જોઇને તેઓ પૂછવા માંડ્યા, 'આ મૂર્તિ કેવી લાગે છે ?'

મને થયું કે આ પ્રશ્નનું પરિણામ પણ શું પહેલા જેવું જ આવશે કે ? તેવું પરિણામ આવવાનું હોય તો મારે શો ઉત્તર આપવો ? પણ તેમના પ્રશ્નનો ખોટો ઉત્તર તો અપાય જ નહિ. એટલે મેં કહ્યું, 'આ તો ભગવાન કૃષ્ણની મૂર્તિ છે. આ પણ સુંદર છે.'

'તમને ગમે છે ?'

'હા.' મેં ઉત્તર આપ્યો.

'તો પછી આ પણ મારે ના જોઇએ. તમે લઇ લો.' અને બીજી મૂર્તિ પણ તેમણે મારી પાસે મૂકી દીધી. તે પણ મારે લઇ લેવી પડી. મને થયું કે આ પુરુષનું વ્યક્તિત્વ કેટલું વિચિત્ર લાગે તેવું છે !

એટલી વારમાં સાંજનો વખત થઇ ગયો. તેમણે મને તેમની સાથે ફરવા આવવા કહ્યું. ફરવાની ટેવ મને ગમતી એટલે મેં તેમની સાથે ફરવા નિકળવાની સંમતિ આપી. ધીરે ધીરે રસ્તો કાપતા અમે સ્ટેશને પહોંચ્યા ને ઝાડ નીચે એક બાંકડા પર બેઠા. તેમણે ઋષિકેશનો પ્રવાસ કર્યો હતો એટલે ત્યાંના વાતાવરણથી પરિચિત હતા. તે ઉપરાંત, બીજા કેટલાય સાધુ સંતોના સંપર્કમાં આવ્યા હતા. તેના કડવા મીઠા અનુભવો તેમના સ્મૃતિપટ પર તાજાં થયા. તે વિશે તેમણે થોડીક વાતચીત કરી. મેં હિમાલય જઇને સાધના કરવાના મારા સંકલ્પનું પુનરુચ્ચારણ કર્યું ને મારા જીવનપ્રવાહની ચોખવટ કરી. સંન્યાસ આશ્રમમાં પાછા ફરતાં તેમણે મને સહૃદયતાથી સાંજના ભોજન વિશે પૂછી જોયું. તેના ઉત્તરમાં મેં કહ્યું: 'વધારે ભાગે હું એક ટંક જમું છું. રાતે ભોજન ના કરવાથી પેટ હલ્કુ રહે છે ને સાધનભજન કરવામાં મુશ્કેલી નથી પડતી. સવારે વહેલા ઉઠવામાં પણ મદદ મળે છે. તે ઉપરાંત, બીજા પણ ઘણાં લાભ થાય છે.'

મારા શબ્દો સાંભળીને એમને આનંદ થયો.

આશ્રમમાં આવીને તેમણે મને પૂછ્યું: 'તમે ચંપલ કે બૂટ કશું જ પહેરતા નથી તેનું કારણ શું ?'

'પહેલાં હું ચંપલ પહેરતો. પણ આ વરસથી નથી પહેરતો. કેમ કે હું વિદ્યાર્થી છું ને બીજા પર નભું છું. માટે મારો ખર્ચ બનતો ઓછો જોઇએ ને જીવનની જરૂરતોને પણ તે માટે મારે ઘટાડવી જોઇએ. વળી મારે હિમાલય જવું છે ને ત્યાગમય જીવન જીવવું છે. એટલે અત્યારથી મારે ત્યાગ અને સંયમની તાલીમ લેવી જોઇએ. શરીર પણ સુદૃઢ કરવું જોઇએ ને સહનશક્તિ વધારવી જોઇએ. તેથી મેં કોટ અને ચંપલ બન્નેનો ત્યાગ કર્યો છે.'

મારા ઉત્તરથી તે સંતોષ તો પામ્યા, પરંતુ તેમનો વિચાર જુદો જ હતો. તેમના ઓરડામાં એક તરફ સપાટો ને ચંપલોનો ઢગલો પડેલો. 'આ ઢગલામાંથી જે ફાવે તે પહેરી લો.' એમણે મને આદેશ આપ્યો.

મેં કહ્યું: 'ચંપલ મને નથી મળતાં માટે હું નથી પહેરતો એમ નથી. મને તે સહેલાઇથી મળી રહે છે. છતાં મારે એની આવશ્યકતા નથી તેથી હું તેનો ઉપયોગ નથી કરતો.'

'તોપણ મારા આગ્રહ ને મારી ઇચ્છાને માન આપીને આમાંથી તમે એક જોડી પહેરી લો.' તેમણે તેમનો આગ્રહ છેવટ સુધી ચાલુ રાખ્યો. આખરે તેને માન આપવા માટે મેં સપાટની એક જોડ લઇ લીધી. મોટા માણસની આગળ આવી સાધારણ વસ્તુને માટે હઠ કરવી ને તેમનું મન-દુઃખ કરવું તે પણ સારું નહિ.

રાત પડી ચૂકેલી. આસો મહિનાની શરૂઆતનો સમય હતો. એટલે ઠંડક પણ ઠીક ઠીક હતી. રાતે વહેલા સૂઇને વહેલા ઉઠવાની મારી ટેવ હતી. એટલે સ્વામીજી મારે માટે સૂવાની સગવડ કરી આપવા આજ્ઞા

કરે તેની રાહ જોતો હું તેમની પાસે ખુરશી પર બેઠો. પણ તેમને ઉંઘવા કે ઉંઘવા દેવાની ઇચ્છા હોય તેમ લાગ્યું નહિ. કેમ કે મારી વિચારમાળાને વચ્ચે જ તોડતાં તેમણે પૂછ્યું: 'તમને ભજન ગાતાં આવડે છે, ખરું ?'

મેં કહ્યું : 'બહુ સારું તો નહિ. પણ સાધારણ જેવું આવડે છે. બાકી ભજન ને ગીતો મને ઘણાં જ ગમે છે.'

તેમને ક્યાં સંગીતશાસ્ત્રી કે ગીતવિશારદની જરૂર હતી ? તેમના દિલમાં લાગેલી ભજનની ભૂખને તૃપ્ત કરવાની જ તેમની ઇચ્છા હતી. પછી તે સાધારણ રોટલાથી તૃપ્ત થાય કે પકવાનથી તેની ચિંતા તેમને ક્યાં હતી ? ભજનના મોટા પુસ્તકને મારા હાથમાં મૂકીને તેમણે કહ્યું : 'આમાંથી છૂટાછવાયાં થોડા ભજનો સંભળાવો.'

તેમની સૂચના અનુસાર મેં ભજન ગાવાની શરૂઆત કરી. એક ભજન પૂરું થાય એટલે બીજું ગવાય, ને બીજા પછી ત્રીજું, એમ ભજનનો ક્રમ ચાલ્યા જ કરે. વચ્ચે બંધ કરું કે અટકી જાઉં તો તે તરત બોલી ઉઠે કે 'કેમ અટકી ગયા ?' ને ભજન વળી શરૂ કરવું પડે. ભજન સાંભળતા સાંભળતા વચ્ચે તે આંખ બંધ કરી દે એટલે મને થાય કે હવે સૂઇ ગયા, માટે ગાવાનું બંધ કરું. પણ ગાવાનું બંધ થતાં તે તરત જાગી ઉઠે ને ભજન ગાવાની આજ્ઞા કરે. એમ કરતાં કેટલો બધો સમય વીતી ગયો ને કેટલા બધાં ભજનો ગવાઇ ગયા તેનો હિસાબ કોણ કરે ? પછી તો મને પણ કંટાળો આવવા માંડ્યો. વિચાર થયો કે હવે તો સૂવાની આજ્ઞા મળે તો સારું.

તેમણે પ્રેમપૂર્વક કહેવા માંડ્યું : 'સવારે તમારે મારી સાથે અમદાવાદ આવવાનું છે. અત્યારે બે વાગવા આવ્યા છે. ચાર વાગ્યે મેલ માટે તૈયાર થઇ જવાનું છે. હવે આરામ કરો.' અને મારે માટે જરૂરી વ્યવસ્થા કરવાની તેમણે એક સેવકને સૂચના કરી.

ઓરડાની બહાર ગેલેરીમાં મારે સૂવાનું હતું. સૂતાં સૂતાં મને વિચાર થયો કે આ સંન્યાસી પુરુષનો ભજનપ્રેમ કેટલો ભારે છે ? પણ જે મૂળ કામ માટે તેમણે મને બોલાવ્યો છે તેની વાત તો તે કરતાં જ નથી ! સુદામાને સ્નેહ કરનાર કૃષ્ણનું સ્વાગત જોઇને સુદામાને આનંદ થાય છે પણ તેથી તેની ભૂખ ભાંગતી નથી કે તેને શાંતિયે નથી મળતી. મારી ભૂખ પણ ભાંગશે કે નહિ એ પ્રશ્ન મારી સામે ઉભો થયો. તોપણ સ્વામીજીએ મને અમદાવાદ લઇ જવાની ઇચ્છા બતાવી તેથી મારા મનમાં ઉત્પન્ન થયેલી આશા બળવત્તર બની. મને વિશ્વાસ હતો કે ઇશ્વર દયાળુ છે ને તે જે કરશે તે મારા મંગલ માટે જ કરશે.

થોડા જ વખતમાં મને ઉંઘ આવી ગઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. ભિક્ષુ અખંડાનંદની મદદ

સવારે ચાર વાગ્યે ઊઠીને મુંબઇથી આવતો મેલ પકડવા અમે સ્ટેશન પર આવી પહોંચ્યા. મેલ માટે વધારે રાહ જોવી પડી નહિ. ગાડી નિયમિત હતી. થોડીવારમાં જ અમે સેકન્ડ ક્લાસના ડબ્બામાં ગોઠવાઇ ગયા. આખા ડબ્બામાં અમારા બે વિના બીજું કોઇ જ ન હતું. વળી હજી બધે અંધારુ હતું. રાતના ઉજાગરાની અસર પણ તાજી હતી. એટલે મને થયું કે હવે નિરાંતે જરી આરામ કરી શકાશે. પરંતુ ગાડી ઉપડી કે તરત જ સ્વામીજીએ મારા હાથમાં ભજનની પેલી ચોપડી મૂકી ને મને ભજન ગાવાની સૂચના કરી.

તેમની સૂચના મને કવખતની લાગી તો પણ તેનો વિરોધ કરવાની મને ઇચ્છા ન થઇ. આખરે એ એક મહાપુરુષ હતા. તેથી તેમની સાથેના વ્યવહારમાં એક જાતની મર્યાદાનું પાલન જરૂરી હતું. મન માનતું ન હતું તો પણ તેમની સૂચનાનો અમલ કરવા માટે મેં ભજન ગાવાનું શરૂ કર્યું. વચ્ચે તેમને ઝોકાં આવતા તે દરમ્યાન હું ગાવાનું બંધ રાખતો પરંતુ તરત જ તે જાગ્રત થઇ જતા, ને ભજન આગળ ગાવાની સૂચના કરતા. નડીયાદથી અમદાવાદ વચ્ચેનું વધારે ભાગનું અંતર એ રીતે કપાઇ ગયું. બ્રાહ્મ મૂહૂર્તનો સમય પ્રભુસ્મરણ કે ભજનનો અનુકૂળ અને ઉત્તમ સમય કહી શકાય. પરંતુ ચાલતી ગાડીના ડબ્બાને તેને માટેનું યોગ્ય સ્થળ ભાગ્યે જ કહી શકાય. ગાડી ઝડપથી દોડતી હોય, ત્યારે કેટલો બધો ઘોર અવાજ ઉત્પન્ન થાય છે ! એ અવાજની સાથે કોઇ ઉસ્તાદ ગવૈયા કે ભારે સાદવાળા માણસનું ગળુ જ ટકી શકે, તે જ તેની સાથે હરિફાઇ કરી શકે. મારા જેવા સાધારણ સાદ વાળાનું તો ત્યાં ગજું જ શું ? ગાડીના ભયંકર અવાજમાં મારો સ્વર હું જ બરાબર ના સાંભળી શકું તો બીજાને તો તે સંભળાય ને સમજાય જ ક્યાંથી ? ને હદ ઉપરાંત સૂર કાઢીને ગળાને બેસાડી દેવાની કે ઘસી નાખવાની નિરર્થક હોડમાં પણ કોણ પડે ? છતાંપણ એક મહાપુરુષની ભાવનાને સંતોષવા મારાથી બનતો પ્રયાસ મેં કર્યા કર્યો. અખંડાનંદ કેવા ભારે ભજનપ્રેમી હતા ને સતત પ્રવૃતિમાં રહેવા છતાં તેમનું મન કેવું પ્રભુપરાયણ રહેતું તેના ખ્યાલ માટે આ નાનો સરખો પ્રસંગ પૂરતો છે. તેમના હૃદયને ઓળખવામાં આ પ્રસંગ મદદરૂપ થઇ પડશે.

માણસો વહેલી સવારે ભજનો બોલે છે, પ્રભાતિયાં ગાય છે, ધૂન બોલે છે ને બોલાવે છે. પણ મારા મનનું બંધારણ જરાક જુદું છે એટલે વહેલી સવારે મને મૂક રહેવાનું ને મનોમન પ્રભુસ્મરણ કે ધ્યાનાદિ કરવાનું ગમે છે. તે વખત શાંતિપૂર્વક પરમાત્માના ચિંતન મનનમાં વીતાવવાનું સારું લાગે છે. એટલે સુધી કે સવારે ચાર કે પાંચ વાગ્યે થતી સમૂહ પ્રાર્થના ને સમૂહ કીર્તનની પ્રવૃતિ મારા મનને આકર્ષી શકતી નથી. સમૂહમાં મળીને તેવી પ્રવૃતિ કરવાની જરૂર હોય તોપણ સવારે છેક સાતે વાગ્યા સુધી મને તેમાં ભાગ લેવાનું ગમતું નથી. ત્યાં સુધી અંતરંગ કે બહિરંગ જે પ્રકારનું કામ કરવાનું હોય તે કામ હું એકલો રહીને મારી મેળે જ કરવાનું વધારે પસંદ કરું છું. એનો અર્થ એવો નથી કે વહેલી સવારે ઉચ્ચ સ્વરે ભજન કીર્તન ને સમૂહ પ્રાર્થના કરવાની પદ્ધતિ ભૂલભરેલી છે. તેનો વિરોધ પણ હું નથી કરતો. કેટલાક માણસો એવા છે, જેમને તે વખતે તેવી જ પદ્ધતિ વધારે પસંદ પડે છે. તેમને તેમાં જ રસ પડે છે ને તેથી જ શાંતિ મળે છે. તે પદ્ધતિનો આધાર તે ખુશીથી લઇ શકે છે. આ આખોય વિષય મૂળ તો રુચિનો છે ને જુદા જુદા માણસોની રુચિ પણ જુદી જુદી હોવાની. પોતપોતાની રુચિ પ્રમાણે પ્રત્યેક માનવ પોતાની પદ્ધતિની પસંદગી કરવામાં

સ્વતંત્ર છે. પદ્ધતિઓ અનેક હોવાની અને અનેક રહે તેમાં કશી હરકત પણ નથી. માણસ ગમે તે પદ્ધતિનો આધાર લે, તે દ્વારા તેણે મનને સંયમી, શાંત ને પ્રભુપરાયણ કરવાનું છે. સવારનો સમય દિવસભરનો સોનેરી સમય છે. તે સમય દરમ્યાન માણસે સદવિચાર ને સદભાવનામાં સ્નાન કરીને નિર્મળ થવાની કળા શીખવાની છે. તે સોનેરી સમય વ્યર્થ વહી જાય નહિ કે બરબાદ ના થાય તે જોવાનું છે. સ્વામીજીએ તે સમય દરમ્યાન મારી પાસે ભજન ગવડાવીને તે વાતની સત્યતાની જાણે કે પ્રતીતિ કરાવી.

અમદાવાદ સ્ટેશને કાર્યાલયના એક ભાઇ આવી પહોંચ્યા. તેમની સાથે અમે આગળ વધ્યા. રસ્તામાં ફૂટપાથ પર બેઠેલા માણસોને સ્વામીજીની આજ્ઞાથી તે ભાઇ પૈસા આપતા જતા. સ્વામીજી ઘણા દયાળુ હતા. બીજાનું દુઃખ જોઇને તેમનું દિલ દ્રવી જતું ને તેને મદદ કરવા તે તરત તૈયાર થતા. કહે છે કે ગરીબોને પૈસાની મદદ કરવા ઉપરાંત બીજી મદદ પણ તે કરતા રહેતા. રાતે પોતાના માણસને કામળા સાથે બહાર મોકલતા ને શિયાળાની ઠંડીમાં પૂરતું ઓઢ્યા વિના બહાર ખુલ્લામાં કે ફૂટપાથ પર સૂતેલાં લોકોને કામળા ઓઢાડીને પાછા આવવાની આજ્ઞા કરતાં. કર્મનિષ્ઠ ને ભક્તિભાવવાળા સ્વામીજીનું આ ત્રીજું પાસું અથવા સ્વરૂપ હતું. સેવાવ્રતના તે મહાન દીક્ષાધારી હતા. તે સેવા કીર્તિ કમાવવા કે વાહ વાહ બોલાવવા થનારી નહિ પણ સેવાની આવશ્યકતા સમજીને થનારી નિષ્કામ સેવા હતી. જનતામાં જ નહિ પણ જીવમાત્રમાં જનાર્દનની ઝાંખી કરીને સૌની સેવા કરવા તે સદાય તૈયાર રહેતા.

છેવટે અમે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં આવી પહોંચ્યા. તેને કાર્યાલય કહો કે એક પ્રકારનું સરસ્વતીનું મંદિર કહો, બધું એક જ છે. ખરેખર તે સરસ્વતીનું મંદિર જ હતું. ભિક્ષુ અખંડાનંદ તેના પૂજારી હતા. સરસ્વતીની પ્રસાદીરૂપ માનવજીવનને ઉજ્જવળ કરનારી સામગ્રીથી ભરેલા સસ્તાં છતાં સુંદર ગ્રંથો તે એ નાના સરખાં મંદિરમાંથી પ્રકટ કરતાં. આજે હું પણ તેનું દર્શન કરી રહ્યો હતો. તે મારે માટે ઓછા આનંદનો વિષય ન હતો.

કાર્યાલયમાં આવતાંવેંત સ્વામીજી તેમના કામમાં પડી ગયા. સ્નાનાદિથી પરવારીને જ અમે ગાડીમાં બેઠા હતાં તેથી તેની ચિંતા ન હતી.

થોડો સમય પસાર થઇ ગયા પછી સ્વામીજી મારી સાથે વાતે વળગ્યાં. કાર્યાલયમાં થોડે દૂર ખુરશી પર એક સંન્યાસી મહારાજ બેઠેલા, તેમના તરફ સંકેત કરીને તેઓ કહેવા માંડ્યા: 'એમને મેં કાર્યાલયની વ્યવસ્થા જાળવવા રાખ્યા છે. હજી થોડા દિવસ જ થયા છે. પણ તેમનું કામ મને ખાસ સંતોષકારક નથી લાગતું. જેમતેમ કરીને ચલાવું છું. મારી ઇચ્છા એવી છે કે હિમાલય જવાનો વિચાર પડતો મૂકીને તમે આ સંસ્થામાં રહી જાવ. આ સંસ્થા દ્વારા પ્રભુની સેવા જ થઇ રહી છે. તેથી તમને ગમી જશે. છ મહિનામાં તો તમે બધા કામકાજથી માહિતગાર થઇ જશો ને પછી સંસ્થાની વ્યવસ્થા કરી શકશો. મારે છૂટાં થવાની ઘડી પાસે આવી લાગી છે. મારું શરીર હવે કથળતું જાય છે. તેથી મને પણ નિરાંત થશે. મારી જગ્યાએ કામ કરી શકે તેવા બીજા માણસને શોધું છું પણ કોઇ માણસ મારી નજરમાં ઠરતો નથી. તમે રહી જાવ તો મને ઘણો જ આનંદ થાય.'

એટલું કહીને તે મારા પ્રત્યુત્તરની પ્રતિક્ષા કરવા માંડ્યા. મને થયું કે આટલા માટે જ મને અહીં લાવ્યા હશે કે શું ? મેં તેમને શાંતિપૂર્વક ઉત્તર આપ્યો: 'હાલ તો મારી ઇચ્છા ફક્ત હિમાલય જવાની છે.

બીજી કોઇ વાત મને ગમતી નથી. મને પરમાત્માના સાક્ષાત્કારની લગની લાગી છે. તે લગની જ્યાં સુધી શાંત નહિ થાય ત્યાં સુધી મને શાંતિ વળશે નહિ ને બીજા કોઇ કામમાં મારું મન પણ નહિ લાગે.'

'તો પછી એક બીજી વાત.' તેમણે આગળ ચલાવ્યું, 'મારો વિચાર હિંદુસ્તાનના પ્રવાસે નીકળવાનો છે. મારી તબિયતને લીધે મારાથી એકલા નીકળી શકાય નહિ. કોઇ માણસ મારી સાથે જોઇએ, તો તમે મારી સાથે ચાલો. આપણે દેશના અનેક સુંદર સ્થળોમાં ફરીશું ને સત્સંગ તથા સંતસમાગમનો લાભ લઇશું. ઋષિકેશ તરફ પણ જઇશું. પછી તમારી ઇચ્છા થાય તેમ કરવાની તમને છૂટ છે.'

મારા જેવા એક સાધારણ પરિચિત બાળક પરના તેમના પ્રેમ, વિશ્વાસ ને મમત્વનો વિચાર કરીને મારું હૃદય ગદગદ થઇ ગયું ને આંખ ભીની થઇ. પણ તેમની માગણી સંતોષવાની મારામાં શક્તિ ન હતી. કેમ કે મારી અંતરદશા તદ્દન જુદી હતી. તેથી મેં કહ્યું: 'તમારી સાથે પ્રવાસ કરવાનું મને જરૂર ગમે. પણ હાલ તે પણ શક્ય નથી. ઇશ્વરદર્શન સિવાયની બીજી કોઇપણ વાત મને આકર્ષક લાગતી નથી. ને તે માટે હું એક દિવસ પણ વ્યર્થ ગુમાવવા તૈયાર નથી. આ જીવન અત્યંત મૂલ્યવાન છે. તેનો કોઇ ભરોસો નથી. તેનો ઉપયોગ કરીને બનતી વહેલી તકે પરમશાંતિની પ્રાપ્તિ કરવાની જરૂર છે. તે માટે મેં સંકલ્પ કર્યો છે. તેને ફેરવવાની કે શિથિલ કરવાની મારી ઇચ્છા નથી. પ્રવાસ તો પછી ગમે ત્યારે થઇ રહેશે.'

મારા શબ્દો સાંભળીને તે જરા ગળગળા બની ગયા. તેમની આંખો ભરાઇ ગઇ. થોડીવાર શાંત રહીને તે બોલી ઉઠ્યા : 'આટલી નાની ઉંમરમાં તમારામાં આવો વૈરાગ્ય છે ને તમારા વિચારો આટલા ઉંચા છે તે જોઇને મને ખરેખર ઘણો આનંદ થાય છે. બીજા કોઇને હું હિમાલય જવાની ભલામણ ભાગ્યે જ કરું પણ તમે જરૂર જાવ. તમને શાંતિ જરૂર મળશે ને ભવિષ્યમાં તમે ઘણો સારો વિકાસ કરી શકશો એમ મને નક્કી લાગે છે. ફકત સમય ખરાબ છે માટે જરા સંભાળજો. ને મારી એક શરત છે. તેનું પાલન કરવાનું વચન આપો. હિમાલય જઇને ને ત્યાંથી પાછા ફર્યા પછી પણ મને પત્ર લખતા રહેજો, સમાચાર જણાવજો, ને બને તો પાછા મળજો.'

તેમનો ભાવ જોઇને મને આનંદ થયો. તેમની શરત મેં કબૂલ કરી. તેથી તે પ્રસન્ન થયા ને કહેવા માંડ્યા: 'આ સંસ્થા સાર્વજનિક છે. તેમાંથી અમે કોઇને બીજા કારણો માટે પૈસાની મદદ આપતા નથી. પણ તમારે માટે એ નિયમનો ભંગ કરું છું. તમને તેમાં અપવાદરૂપ ગણીને મદદ કરું છું.' તે પછી તેમણે ટિકીટ અને માર્ગવ્યયનો હિસાબ કરીને બધા મળી એકસો વીસ રૂપિયા મને ગણી આપવાનો સંસ્થાના કર્મચારીને હુકમ કર્યો. તેની નોંધ સંસ્થાના ચોપડામાં કેવી રીતે કરવી તેની પણ સૂચના કરી.

સ્વામીજીની એ આકસ્મિક સહાયથી મને આનંદ થયો. છેક છેલ્લી વખતે સુદામાનું નસીબ ફરી ગયું - ભગવાને તેના પર કૃપા કરી, તેમ મારા સંબધમાં પણ બની ગયું. સ્વામીજીની મદદ પર મારી ભાવિ જીવનપ્રવૃતિનો મોટો આધાર હતો. હવે મને થયું કે મારી ભાવિ પ્રવૃતિનો પંથ સાફ થઇ ગયો. હિમાલય જવાનું ભાવિ મારે માટે નક્કી થઇ ગયું. તેની પાછળ ઇશ્વરની ઇચ્છા કામ કરી રહી હતી તે પણ નક્કી થયું. ઇશ્વરની ઇચ્છા વિના સ્વામીજીને પત્ર લખીને મારી પરિસ્થિતિથી વાકેફ કરવાનો વિચાર મને ભાગ્યે જ થાત, ને તેના વિના સ્વામીજીને મળવાનો અવસર પણ મળત નહિ. સ્વામીજીના દિલમાં મારે માટે પ્રેમભાવ પણ જાગત નહિ, ને મારી મરજી મુજબની મદદ પણ ના મળત. આખરે પ્રાણીમાત્રના દિલમાં રહીને પ્રેરણા

કરનારી શક્તિ ઇશ્વરની જ છે. તેની અસર નીચે આવીને પ્રાણીમાત્ર આ પૃથ્વીમાં પ્રવૃતિ કરે છે. તેની કૃપા વિના મારો માર્ગ ભાગ્યે જ સરળ થયો હોત.

જમવાનો સમય થઇ ગયો એટલે સ્વામીજીએ મને વીશીમાં લઇ જઇને જમાડવાની પોતાના માણસને આજ્ઞા કરી. મને ખબર પડી કે સ્વામીજી પોતે તે વખતે ચણાનો ઉપયોગ કરીને ચલાવતાં. તેથી તેમને જમવાની ઉતાવળ ન હતી. જમ્યા પછી હું ફરીવાર તેમની પાસે બેઠો, એટલે તેમણે મને કેટલાંક પુસ્તકો બતાવ્યા. તેમાંથી થોડાક પુસ્તકો મેં વાંચેલા તોપણ, તેમણે પંદરેક પુસ્તકો ભેટ આપ્યા ને રામકૃષ્ણ પરમહંસદેવ ને સ્વામી વિવેકાનંદના બે મોટાં ચિત્રો પણ અર્પણ કર્યાં. તે પુસ્તકો તેમની સ્મૃતિરૂપે આજે પણ કાયમ છે.

તે દિવસે સાંજની મોટરમાં મારે સરોડા જવા વિચાર હતો. માતાજી તે વખતે સરોડા હતાં, એટલે હિમાલય જતાં પહેલાં તેમને મળી લેવાની ને બધી પરિસ્થિતિથી માહિતગાર કરવાની જરૂર હતી. મોટર ચારેક વાગ્યે ઉપડતી હતી. સમય થઇ ગયો હતો એટલે મને થયું કે સ્વામીજીની છેલ્લી વિદાય લઇ લઉં. જે મહાન પુરુષે ઇશ્વરની કૃપાથી અણીને વખતે મને મદદ કરી તેમનો આભાર માની લઉં. સ્વામીજી કાર્યાલયના અંદરના ખંડમાં કાર્ય કરી રહ્યા છે તેવી માહિતી મળવાથી હું અંદરના ભાગમાં તેમની પાસે ગયો. તેમનો કર્મયોગ સતત ચાલી રહેલો. આરામની તો તેમને જાણે પડી જ ન હતી. કામ, કામ ને કામમાં જ તેમનું મન રાચતું. વિચાર કરતાં તે વાત લાગે છે પણ બરાબર. સ્વામીજીની મહાન સફળતાનો મંત્ર પણ તેમાંથી જ મળી રહે છે. એ મંત્રના બળથી જ તેમણે એકલે હાથે મહેનત કરીને એક મોટી સાહિત્ય સંસ્થાનું સર્જન કરેલું ને ગુજરાતના હજારો ઘરમાં સસ્તાં ને શક્તિસંચારક સાહિત્યને વહેતું મૂકેલું. આટલી મોટી ઉંમરે, શરીર અનુકૂળ ના હોવા છતાં તેમનો ઉત્સાહ અને પુરુષાર્થ એવો જ કાયમ હતો. તેની ગતિ હજી એવી જ ઝડપી ને ગૌરવ ભરેલી હતી. આળસુના પીર જેવો કોઇ સામાન્ય માણસ અથવા પ્રતિકૂળતાથી બેસી રહેનારો સાધારણ શક્તિવાળો માણસ તેમના જેવો કર્મયોગ ભાગ્યે જ કરી શકત, ને સફળતાના શિખરે પણ ભાગ્યે જ ચડી શકત. તેમને કામ કરતા જોઇને મને આનંદ થયો. તે મહાપુરુષ પ્રત્યેના મારા માનમાં વધારો થયો. તે એક સાધારણ ખુરશી પર બેઠેલા. શરીર પર વસ્ત્રો નહિ જેવાં જ હતા. તેમણે મારા તરફ જોયું એટલે મેં તેમને નમસ્કાર કર્યા ને તેમની રજા માંગી. વધુમાં તેમણે કરેલી મદદ માટે તેમનો આભાર માનતાં મેં કહ્યું: 'તમે મને જે મદદ કરી છે તે મને સદાયે યાદ રહેશે. એ માટે ...'

પણ મારું વાક્ય પૂરું થાય તે પહેલાં તો તે ખુરશી પરથી ઉભા થઇ ગયા. તેમનું સ્વરૂપ જ ફરી ગયું. મુખાકૃતિ બદલાઇ ગઇ. હાથ ધ્રૂજવા લાગ્યા. કંપિત સ્વરમાં ખૂબ જ ક્રોધે ભરાયા હોય તેમ તે બોલી ઉઠ્યા: 'શાની મદદ ? કોણે મદદ કરી ? કોણ કોને મદદ કરે છે ?'

તેમના રોષભર્યા શબ્દો સાંભળીને મેં ફરી નમસ્કાર કર્યા ને બહારના ખંડ તરફ ચાલવા માંડ્યું. તેમના રૌદ્ર સ્વરૂપનું દર્શન મારે માટે આ સૌથી પહેલું હતું. પણ તેથી તેમના પ્રત્યેના મારા પ્રેમભાવમાં વધારો જ થયો. આજે વધારે ભાગના માણસો કીર્તિદાન કરે છે. મદદ કરવા માટે તેમના ગુણગાન ગવાય ને તેમનો આભાર મનાય તે તેમને ગમે છે. ઘણાં માણસોની મંડળીમાં કે જાહેર સભામાં પોતે કરેલી મદદની રકમ જાહેર થાય, તેના બદલામાં તેમની પ્રશસ્તિ થાય, કોઇ ઉગતો કવિજન પણ ભાંગીતૂટી ભાષાવાળી

કવિતામાં તેમની સ્તુતિ ગાય, ભોજ, કર્ણ ને રતિદેવ જેવા દાનેશ્વરી સાથે તેમને સરખાવવામાં આવે, ને છેવટે ફૂલહાર પહેરાવી તે દશામાં ફોટા લઇને તેમનું સન્માન થાય, તેથી તેમનું દિલ ડોલી ઉઠે છે. એવા માણસો કેટલીક વાર તો ગુણગાન સાંભળીને વધારે રંગમાં આવે છે ને દાનની મોટી રકમો જાહેર કરે છે. જાહેર સભા કે માણસોની મંડળીમાં તેમનું શૂરાતન ઓર રંગ ધારણ કરે છે. એવા જાહેરાતપ્રિય પુરુષો સ્વામીજીના વર્તન ને શબ્દોને ભાગ્યે જ સમજી શકશે. ને કદાચ સમજી શકશે તોપણ તેમને સહાનુભૂતિ ને સન્માનની ભાવનાથી ભાગ્યે જ જોઇ શકશે. પરંતુ બધા પુરુષો કાંઇ એક માળાના મણકા જેવા થોડાં જ હોય છે ? સંસારમાં સાચા, સદાચારી ને સમજુ માણસો પણ છે. પછી તેમની સંખ્યા ભલે પ્રમાણમાં થોડી હોય. તેવા માણસો સ્વામીજીને સમજી શકશે તેમાં શંકા નથી.

સ્વામીજી એટલા બધા નિષ્કામ સેવા કરનાર હતા કે તેમણે કરેલી સેવાની સ્તુતિ તેમને જરા પણ પંસદ પડતી નહિ. કેવળ સેવાને માટે, પોતાની ફરજ સમજીને જ સેવા કરવાનો તેમનો સ્વભાવ હતો. તે ગુપ્ત રીતે કરાતી મદદમાં માનતા અને જાહેરાત ને ગુણગાનથી સદાયે દૂર રહેતા. પોતપોતાની પ્રારબ્ધ પ્રમાણેની વસ્તુ સૌને મળી રહે છે. તે વસ્તુ કોઇની મારફત મળે તો પણ ઇશ્વરની ઇચ્છાથી જ મળે છે. આપનાર વ્યક્તિ તો તેમાં માત્ર નિમિત્તરૂપ બની રહે છે. માટે જ તેણે કોઇ જાતનો અહંકાર કરવાનો નથી ને ઇશ્વરની લીલામાં સહાયક બનીને પોતાના ફાળે આવતો ભાગ ભજવી બતાવવાનો છે. મદદ લેનારે પણ એ જ ભાવનાને કાયમ રાખીને ઇશ્વર તરફથી મદદ મળી રહી છે એવો અનુભવ કરવાનો છે. સ્વામીજીની એવી માન્યતા હતી. આટલી સદ્ધર સંસ્થાનું સંચાલન કરવા માટે કોઇ તેમના ગુણગાન ગાતું તો તે પણ તેમને ખૂબ જ કડવું લાગતું. તેના મૂળમાં તેમની એવી મજબૂત માન્યતા હતી. એટલે કામ, કામ ને કામ કરવામાં માનનારા તે કોઇક કર્મઠ પુરુષ ન હતા પણ સાચા કર્મયોગી હતા, એ વાતનો ખ્યાલ રાખવાનો છે. એ ભૂમિકા પર ઉભા રહીને, કર્મયોગી પુરુષની દૃષ્ટિ ધારણ કરીને તેમનું દર્શન કરવાનું છે. એમ કરવાથી તેમના શબ્દો સારી પેઠે સમજી શકાશે ને તેમને ન્યાય કરી શકાશે. તેમના ત્રણ વાક્યોમાં મહામૂલ્યવાન સંદેશ છૂપાયલો છે તેની પ્રતીતિ થશે.

ખરેખર, તેમના વાક્યોને સમજુ માણસે સદા યાદ રાખવા જેવા છે. તેમાં પ્રેરણાનો ભંડાર ભરેલો છે. તેમને સદા નજર સામે રાખવાથી ને હૃદયમાં ઉતારવાથી મોટો લાભ થશે. પોતાનો આભાર માનવામાં આવે તે પણ સ્વામીજીને ગમતું નહિ. તેથી જ મારા આભારના વચન સાંભળીને તે ઉશ્કેરાઇ ગયા ને ઊકળી ઉઠ્યા. રોષે ભરાવાની વાત કદાચ સારી નહિ લાગે પણ તેની પાછળ જે કારણ છે, તેની સાથે જ આપણે તો કામ છે. તેનો જ વિચાર આપણે માટે મદદરૂપ છે. તે વિનાનો વ્યર્થ વિવાદ આપણે માટે જરૂરી નહિ ગણાય.

સ્વામીજીના વિશાળ વ્યક્તિત્વનું એક બીજું પાસું આ નાના સરખાં પ્રસંગમાં જોવા મળે છે અને આપણા દિલમાં તેમને માટે પૂજ્યભાવ પ્રકટી ઉઠે છે. તેમના જીવનમાંથી શિક્ષા ગ્રહણ કરીને આપણે પણ તેમની જેમ નિષ્કામ કર્મ કરતાં શીખી જઇએ, તો બીજાની સાથે આપણને પણ લાભ પહોંચાડી શકીએ.

હિમાલયથી પાછા આવ્યા પછી મેં સ્વામીજીને પત્ર લખ્યો. તેમને મળવાનો ઘાટ પણ હું ઘડી રહ્યો હતો. ત્યાં જ તેમનું શરીર શાંત થઇ ગયું, મારા હિમાલય ગયા પછી તે લાંબુ આયુષ્ય ભોગવી શક્યા નહિ એટલે તેમના પુનર્દશનની ઇચ્છા અધૂરી જ રહી ગઇ. તેની પાછળ પણ ઇશ્વરનો કોઇ ગૂઢ સંકેત સમજીને મેં

શાંતિ રાખી. તેમના મહાપ્રયાણના સમાચાર સાંભળીને મારું હૈયુ હાલી ઊઠ્યું. એમના પ્રસંગોની સંસ્મૃતિ સ્મૃતિપટ પર ફરી વળી. ભારતવર્ષના મહાપુરુષોની હરોળમાં ગૌરવપૂર્વક ઉભી રહી શકે એવી જે કેટલીક વિશિષ્ટ વિભૂતિઓ ગુજરાતના પુનીત પ્રદેશમાં છેલ્લે છેલ્લે પ્રાદુર્ભાવ પામી તેમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી, શ્રીમાન નથુરામ શર્મા અને મહાત્મા ગાંધીજીની જેમ ભિક્ષુ અખંડાનંદનું નામ પણ નોંધપાત્ર છે. ગુજરાતમાં હીરાપારખુ ઝવેરીઓ ઘણાં છે. તે પરપ્રાંતના હીરાને ઓળખે છે ને સન્માને છે, પરંતુ પોતાની પાસેના હીરાને કેટલીક વાર ઓળખતા ને સન્માનતાં નથી એવું કહેવાય છે. એ સાચું હોય કે ખોટું પણ ગુજરાતી ભાષા ભાષી પ્રજામાં એ મહાપુરુષનું નામ ને કામ અમર રહેશે એ નિઃશંક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. ઋષિકેશ માટે પ્રસ્થાન

સરોડા જઇને અખંડાનંદજીએ આપેલી મદદની બધી રકમ મેં માતાજીના હાથમાં મૂકી ત્યારે તેમને ભારે નવાઇ લાગી. આટલી બધી રકમ કોઇ એકી સાથે ને એકાદ બે દિવસના પરિચયમાં જ આપે એ વાત તેમના માનવામાં ના આવે તે સ્વાભાવિક હતું. પણ મારી વિગતવાર વાત સાંભળીને તે બધી વાત સમજી ગયા. મેં કહ્યું : 'ઇશ્વરની ઇચ્છા વિના અજાણી વ્યકિત પાસેથી આવી મદદ મળી શકે નહિ. ઇશ્વરની ઇચ્છા મને હિમાલય લઇ જવાની છે. તેથી જ આ મદદ મળી શકી.'

તે મને શું કહે ? મારી હિમાલય જવાની ઇચ્છા તેમને માટે દેખીતી રીતે જ દુઃખદ હતી. અત્યાર સુધી તો તેમણે મહેનત મજૂરી કરીને જેમતેમ જીવન પસાર કરેલું, પણ હવે તેમની આશા મારા પર મંડાયેલી. સંસારમાં સારી કહેવાતી કોઇ લાઇનનો આધાર લઇને હું કાંઇક કમાઉં ને તેમને મદદરૂપ બનું એવી તેમની ભાવના જરૂર હોય. તે ભાવના પૂરી કરવાને બદલે મેં હિમાલય જવાની તૈયારી કરી છતાંપણ તેમણે મારી વાતનો વિરોધ કર્યો નહિ. તેમનામાં પહેલેથી જ ઊંડી સમજ અને આધ્યાત્મિક સંસ્કારોનું અસ્તિત્વ હતું. એટલે મારી વાત તે સહેલાઇથી સમજી શક્યા. એવી રીતે એમની મંજૂરી મેળવતાં મને વાર ના લાગી.

થોડા દિવસ સરોડા રહીને હું વડોદરા આવ્યો. સરોડામાં મારી વાતને ફેલાતાં વાર ના લાગી. લોકોને મારી હિમાલય જવાની વાત સાંભળીને નવાઇ લાગી. ધંધા, વેપાર, નોકરી કે અભ્યાસ માટે કોઇ આફ્રિકા, અમેરીકા, ઇગ્લાંડ અને એવા બીજા કોઇ દેશમાં જાય તો કોઇને નવાઇ નથી લાગતી. એના એ સાહસકાર્યને માટે એની પ્રસંશા અને જાહેરાત કરવામાં આવે છે, ને વિદાય થતાં પહેલાં વિવિધ રીતે તેનું સન્માન કરવામાં આવે છે. પણ ઇશ્વરપ્રાપ્તિ કે આત્મોન્નતિની સાધના માટે કોઇ વ્યક્તિ હિમાલય જેવા કોઇ એકાંત પ્રદેશમાં જાય તો લોકોને નવાઇ લાગે છે ને તે તેમની ટીકાનું પાત્ર થઇ પડે છે. આધ્યાત્મિકતા, સાધના, ધર્મ ને ઇશ્વર જેવા વિષયો તો સંસારમાં નાસીપાસ થયેલા, હારેલા ને કંટાળેલા દુઃખી માણસો માટે છે. એમનો આશ્રય વધારે ભાગે પથભ્રાંત ને મંદબુદ્ધિના માણસો તથા સાધુ, ફકીર ને જોગીની શ્રેણીમાં શોભવા માગતા માણસો લે છે, ને ગોવિંદના ગુણ તો ઘડપણમાં જ ગાવા હોય તો ગાવા ઠીક છે એવો વધારે ભાગના લોકોનો ખ્યાલ હોય છે. સંસારના પદાર્થોની પ્રાપ્તિમાં જ જીવનનો સાચો આનંદ ને સાર સમાયેલો છે એવી તેમની માન્યતા હોય છે. આધ્યાત્મિકતાની આવશ્યકતા તેમને જરાપણ જણાતી નથી ને તેને માટે જીવનનો ઉપયોગ કરવાની વાત પણ તેમને મૂર્ખતાભરેલી ને ગાંડપણમાં ખપાવવા જેવી લાગે છે. એવા લોકોની દૃષ્ટિમાં દોષ રહેલો છે એ વાત ભાગ્યે જ સમજાવવી પડે તેવી છે. આધ્યાત્મિક વિકાસથી ને વિકાસની સાધનાની સમજથી આપણે હજી કેટલા બધા દૂર છીએ તે વાતની ખામી તેમનો વિચાર કરવાથી સહેજે થઇ શકે છે. શહેરના સુધરેલા ને શિક્ષિત કહેવાતા વાતાવરણમાં પણ એવા લોકો જોવા મળે છે તો ગામડાંમાં તો તે હોય જ એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ જ નથી. તેમણે મારી વાત સાંભળીને ફાવે તેમ ટીકા કરવા માંડી. તેમને માટે આવો પ્રસંગ આ પહેલો જ હતો. ઉગતી યુવાનીમાં કોઇએ પરણવાની ના કહીને હિમાલય જવાનો નિર્ણય કર્યો હોય એવી કથા ગામના ઇતિહાસમાં એકદમ અનેરી અને અભૂતપૂર્વ હતી. તેથી તેમને

તે કથા કોઇ પરીકથા કે અલ્લાઉદ્દીનના જાદુઇ ફાનસની કથા જેવી વિચિત્ર લાગી. નવરા ને ઓછી બુદ્ધિના લોકોએ ફાવે તેમ ચર્ચા કરવા માંડી. મારા જીવનના લાંબા વખતના સ્વાભાવિક વિકાસને પરિણામે મને આત્મોન્નતિની ઇચ્છા થઇ છે ને તેની તૃપ્તિ માટે જ હું હિમાલય જવા તૈયાર થયો છું એ વાત કોઇની કલ્પનામાં પણ ના આવી શકી.

છતાં મારો નિશ્ચય દૃઢ હતો. લોકો શું કહે છે તે તરફ મારું ધ્યાન ન હતું. કોઇની ટીકા કે ચર્ચાની મને ચિંતા કે પરવા ન હતી. મારો માર્ગ સાચો છે તે ઇશ્વર જાણે છે ને ઇશ્વરની મને મદદ છે એની મને ખાત્રી હતી. તેથી મારું મન પ્રસન્ન હતું. લોકોની વાતો સાંભળવામાં કાંઇ સાર ન હતો. સંસારનો ક્રમ જ વધારે ભાગે એવો છે. કોઇ માણસ કોઇ સારું કામ કરવાની શરૂઆત કરે એટલે કેટલાક લોકો તેની ટીકા ને નિંદાનું કામ ઉપાડી જ લેવાના. તેની ચર્ચા કરવાની તક તે ઝડપી જ લેવાના. નિર્બળ મનના માણસો તેમની ટીકા કે નિંદા સાંભળીને શરૂ કરેલું કે કરવા ધારેલું કામ મૂકી દે છે. પણ જેમનું મનોબળ મજબૂત છે તે કોઇનીયે ટીકા કે નિંદાથી ડરતા નથી ને કોઇનીયે ચર્ચા સાંભળીને લીધેલા કામને મૂકી દેતા નથી. નિંદા કે ટીકાની અસર તેમના પર જરા પણ નથી થતી. પોતાના મનમાં ધારેલું કામ તે કોઇ પણ હિસાબે પૂરું કરીને જ જંપે છે. આત્મોન્નતિની ઇચ્છાવાળા સાધકોએ એવા મનોબળને કેળવવાની જરૂર છે. કોઇનીયે ટીકા કે ચર્ચાની પરવા કર્યા વિના ઇશ્વર પર શ્રદ્ધા રાખીને તેમણે સદાયે આગળ વધવાનું છે. લોકોની નિંદાસ્તુતિને જે ધાર્યા કરતાં વધારે મહત્વ આપી દે છે ને તેનાથી પ્રભાવિત થઇને પોતાનો ઉત્સાહ ને પુરુષાર્થ ઓછો કરે છે એટલું જ નહિ, લોકોની ઇચ્છા પ્રમાણે તે પોતાની ઇચ્છાને ફેરવ્યા કરે છે, તે સાધનાના માર્ગમાં કદાપિ આગળ વધી નહિ શકે. સ્તુતિ ને નિંદાનો ક્રમ તો સંસારમાં ચાલ્યા જ કરવાનો. સાધકે શંકર સમાન શાંત મનવાળા થઇને બંનેનું પાન કરતાં ને બંનેને હજમ કરી જતાં શીખવાનું છે, ને બંનેની અસરથી અલિપ્ત રહેવાનું છે.

તેથી જ મેં ગામના લોકોની વાતો તરફ ધ્યાન ના આપ્યું ને મારા ધારેલા કામને ચાલુ રાખ્યું. મારું કામ ઇશ્વરપ્રેરિત ને સાચું હતું. પછી મારે શાની ચિંતા ? કોઇને તે ગમે કે ના ગમે, કોઇ તેનો વિરોધ કરે કે ના કરે, મારે તે કર્યે જ છૂટકો હતો.

વડોદરા જઇને મેં છેવટની તૈયારી કરી લીધી અને એક નાનીસરખી થેલી સાથે એક વહેલી સવારે ઋષિકેશ જવા પ્રસ્થાન કર્યું. તે વખતે ઇ.સ. ૧૯૪૧ નો જાન્યુઆરી માસ ચાલતો હતો. હિમાલયમાં તે વખત ઠંડીનો ગણાય. પરંતુ ઠંડીનો વિચાર મારા નિર્ણયમાં નડતરરૂપ ના થઇ શક્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. હરદ્વાર અને ઋષિકેશ

વડોદરાથી રેલ્વે મારફત દિલ્હી પહોંચીને મેં હરદ્વારની ગાડી પકડી. આટલી લાંબી મુસાફરી મારે માટે આ સૌથી પહેલી હતી. પણ અંતરમાં ઉત્સાહ હોવાથી મને તેનો થાક ના લાગ્યો કે કંટાળો પણ ના આવ્યો. મારું ચિરસેવિત સ્વપ્ન સાચું પડવાની હવે તૈયારી હતી. હિમાલયના પાવન પ્રદેશની વધારે ને વધારે પાસે હું પહોંચતો જતો હતો એટલે કુદરતી રીતે જ મારું મન મલકાતું ને અંતર ઉછાળા મારતું. હિમાલયની મારી કલ્પના કેવી હતી ? ગંગાના કિનારા પર નાની નાની પર્ણકુટિમાં મોટા ઋષિમુનિઓ ને ત્યાગી પુરુષોનો વસવાટ હશે, તે બધા પરમાત્માના ચિંતન મનનમાં મગ્ન હશે ને તેમના મુખ પર પરમ શાંતિ ને પ્રકાશની છાયા પથરાઇ રહી હશે. ઊંચા ઊંચા હિમાચ્છાદિત પર્વતો અનંત કાળથી પોતાના મસ્તક ઊંચા કરીને અતિથીનો સત્કાર કરતાં ઊભા હશે, ને તેમનું દર્શન કરવાથી જ સાધકને પરમશાંતિની પ્રાપ્તિ થતી હશે. કેટલો ભવ્ય ને મંગલમય એનો પ્રદેશ હશે ? એવા એવા વિચારોમાં મારું મન ડૂબતું જતું ને ગાડી આગળ વધતી જતી.

ત્યાં તો એક અનેરો પ્રસંગ ઉભો થયો. સહરાનપુર તરફના કોઇ નાના સ્ટેશનને છોડીને અમારી ગાડી આગળ વધતી હતી, ત્યારે જંગલ તરફથી બે સંન્યાસી આવી પહોંચ્યા ને અમારા ડબ્બાનું બારણું બળજબરીથી ઉઘડાવીને અંદર પેઠા. તેમના શબ્દો ગાડીના અવાજની બરાબરી કરે તેમ જોરથી બોલાતા. અંદર માણસોની ભીડ હતી. કેટલાય માણસો ઊભા ઊભા મુસાફરી કરી રહેલા. પરંતુ સંન્યાસી મહારાજને ઊભા રહેવાનું પસંદ ન હતું. તેથી તેમણે હરિનામ બોલીને તથા સેવાધર્મનો મહિમા કહી બતાવીને મારી સામેની બારી પાસે જગ્યા કરાવી, ને ત્યાં પોતાની બેઠક જમાવી. જીવનભર સેવા લેવાનો હક્ક માનનારા ને તે માટે જ પોતે જનમ્યા છે એવું માનનારા એ ત્યાગવીરોનું વર્તન જોઇને મને નવાઇ લાગી. તેમના શરીર ખૂબ માંસલ ને ભારેખમ હતાં. તેમની ઉમર મોટી હતી. બેઠેલા માણસોને ઉઠાડીને તેમણે બેઠક લીધી, ને પછી 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા'ની ફિલસૂફી શરૂ કરી. એ મલ્લકાય ત્યાગવીરોનો વર્તાવ જોઇને મને નવાઇ લાગી. હિમાલયનો પ્રદેશ હવે પાસે હતો. તે વખતે થયેલા એ સંન્યાસી પુરુષોના દર્શનથી મને વિચાર થયો કે હરદ્વાર-ઋષિકેશ જેવા પ્રદેશોમાં પણ શું આવા જ સંન્યાસી ને ત્યાગવીરો વસતા હશે ? આ સાધુઓ શું તેમનું જ પ્રતિનિધિત્વ કરતા હશે ? સંન્યાસી, ત્યાગી, ભક્ત ને સંતપુરુષ તો શાંતિની મૂર્તિ હોય; નિઃસ્વાર્થ સેવા માટે તેમનું જીવન હોય; દૈવી સંપત્તિની તે પ્રતિમા હોય; ઇશ્વરને માટે તેણે જીવનને સમર્પિત કર્યું હોય ને સૌમાં ઇશ્વરનું દર્શન કરીને સૌ પ્રત્યે તે પ્રેમમય વહેવાર રાખતો હોય, તેના વદન ને વચનમાં પ્રેમ, મધુરતા ને સત્યતાની છાપ હોય, ને ટૂંકમા તે પ્રભુનો સાચો પ્રતિનિધિ હોય તેવી મારી માન્યતા હતી. તેને બદલે એવા સંન્યાસી વીરોને જોઇને મને ભારે નવાઇ લાગી. એ સંન્યાસી વીરો હરદ્વાર તરફ જ આવતા હતા, તેથી મારી નવાઇમાં વધારો થયો. મને થયું કે બધા સંન્યાસીઓ સારા ને ઉચ્ચ કોટિના જ હોય છે એવું માની લેવાની જરૂર નથી.

હિમાલયના પ્રવેશના થોડાં જ વખત પહેલા થયેલા એ સંન્યાસીઓના દર્શને મને ખૂબ જ વિચાર કરતો કરી મૂક્યો.

વિચારમાં ને વિચારમાં હરદ્વાર ક્યારે આવી પહોંચ્યું તેની ખબર પણ ના પડી. હરદ્વાર આવી પહોંચતા ઠંડા પવનની શરૂઆત થઇ. કોઇ નવીન ઠંડી આબોહવાવાળા પ્રદેશમાં આવી પહોંચ્યાની ખાતરી થઇ. પવનની ઠંડી લહેરીઓ સૌનું સ્વાગત કરવાની જાણે હરિફાઇ કરવા લાગી. હરદ્વાર હિમાલયનું પ્રવેશદ્વાર છે. ત્યાંથી હિમાલય શરૂ થાય છે. પર્વતની વચ્ચેથી વહી આવતી ગંગા હરદ્વારમાં પર્વત પ્રદેશના બનાવટી બંધન તોડીને ખૂબ જ મોકળી બને છે ને વિશાળતાથી વહેવા માંડે છે. સાથે સાથે મોકળા મેદાની પ્રદેશમાંથી પસાર થવાનો અવસર મળતા તે કૈંક સંકોચ અનુભવતી હોય તેવું લાગ્યા વિના રહેતું નથી. પોતાના ચિરપરિચિત પર્વત પ્રદેશને મૂકીને તે સાગરની દિશામાં વહેવાનું શરૂ કરે છે ત્યારે તેનું દિલ દ્વિવિધ ભાવે ભરાઇ જાય છે. પોતાનો પિતૃપ્રદેશ યાદ આવતાં ને તે પ્રદેશમાં સેવેલા પૂર્ણકામ ઋષિવરોના સત્સંગનું સ્મરણ થતાં તેની ગતિ થંભી જાય છે. આગળ વધવું કે નહિ તેનો તેને વિચાર થઇ પડે છે. પરંતુ પોતાના સ્વધર્મ ને લક્ષ્યસ્થાન સાગરની યાદ આવતાં વળી તે ધીરે ધીરે વહેવા માંડે છે. તન આગળ ને મન પાછળ એના જેવી દશા છે. તેના પવિત્ર પ્રેમમાં સ્નાન કરીને વહેનારો વાયુ સંપૂર્ણપણે સંતુષ્ટ થયો હોય તેમ શીતળતા ધારણ કરે છે. તેનો સ્પર્શ થતાં પ્રવાસી રોમાંચ અનુભવે છે.

હરદ્વારનું સ્થળ ઘણું પુરાતન છે. ત્યાંથી થોડેક દૂર કનખલ છે. ત્યાં પુરાણ પ્રસિદ્ધ દક્ષ પ્રજાપતિનો યજ્ઞ થયેલો. તે ઉપરાંત હરદ્વારમાં સપ્ત સરોવર નામે બીજી એક સુંદર જગ્યા છે. કહે છે કે ગંગા જ્યારે ત્યાં થઇને પહેલવહેલી પસાર થવા માંડી ત્યારે ત્યાં સાત ઋષિના સાત આશ્રમ હતા. કોઇ એક જ ઋષિના આશ્રમ આગળથી પસાર થવાને બદલે તે સાત પ્રવાહમાં પલટાઇને સાતે ઋષિના આશ્રમ આગળથી પસાર થઇ. તેથી તે જગ્યાનું નામ સપ્ત સરોવર પડી ગયું.

ગંગાનું પાણી કેટલું બધું પવિત્ર છે ? તપશ્ચર્યાથી નિર્મળ થયેલા તપસ્વીના હૃદય જેવું તે નિર્મળ ને સુમધુર છે. તેનું દર્શન કરીને મને આનંદ થયો. ગંગાના ઘાટ પર મોટું ટાવર છે. તેને લીધે તેની શોભા વધી જાય છે. તેની પાસે જઇને હું ઊભો રહ્યો ને ગંગાના વિશાળ છતાં શાંત પ્રવાહને શાંતિથી જોવા લાગ્યો. પવિત્ર ઋષિમુનિઓની યાદ મારા મનને વીંટી વળી. તેમની ચરણરજથી પવિત્ર થયેલા આ પ્રદેશમાં લાવવા માટે મેં ઇશ્વરનો ઉપકાર માન્યો. એટલામાં તો સામેથી સૂર્યોદય થયો. સૂરજના સોનેરી કિરણો ગંગામાં નહાવા ને રમવા પડ્યા. તે વખતનું દૃશ્ય અત્યંત અલૌકિક થઇ ગયું. મને વિચાર થયો કે મારે પણ હવે નહાવું જોઇએ. ને પછી તો કટિવસ્ત્ર પહેરીને હું નહાવા પડ્યો. એ આનંદ અજબ હતો. મને થયું કે આજે મારું જીવન કૃતાર્થ થયું. તન, મન, અંતર નિર્મળ ને અલૌકિક થઇ ગયા. આજે મને નવો અવતાર મળી ગયો. બંધનો તૂટી ગયાં, ગ્રંથિ છૂટી ગઇ. મુક્તદશાની પ્રાપ્તિ થઇ. મારું અંતર ઉત્સાહથી ભરપૂર બની ગયું. તેમાં પ્રેમ ને શાંતિના ફુવારા ફૂટી નીકળ્યા. રોમેરોમમાં જાણે કે રસ ફરી વળ્યો.

સૂર્યદેવતા સામે આંખ મીંચીને થોડો વખત મેં ધ્યાન કર્યું ને પછી લાંબા વખત લગી ઘાટ પર બેસી રહ્યો. ઘાટ હવે જનસમૂહથી ઉભરાઇ ગયો. દેશના જુદા જુદા પ્રદેશમાંથી આવેલા ભાત ભાતના ને જાત જાતના માણસોનો જાણે કે મેળો ભરાયો. તેમની ઝાંખી કરીને મેં સ્ટેશનનો માર્ગ લીધો. હરદ્વારની સ્વચ્છતા ને શોભાથી હું આકર્ષાયો. તેનું વાતાવરણ મારા મનમાં વસી ગયું. પણ હું પરમાર્થનો એક પ્રવાસી છું તેનો મને ખ્યાલ હતો. મારા પ્રવાસનું લક્ષ્ય હરદ્વાર નહિ પણ ઋષિકેશ હતું એ વાતનું મને સ્મરણ હતું. હરદ્વાર

આટલુ બધું સુંદર છે તો ઋષિકેશ કેટલું બધું સુંદર હશે ? તે કલ્પના મારા મનમાં રમી રહી. એટલે જે ખાસ પ્રયોજન વિના હરદ્વારમાં વધારે વખત બેસી રહેવાનું ઠીક ના લાગવાથી મેં ઋષિકશની ગાડી પકડવા સ્ટેશન તરફ પ્રયાણ કર્યું.

પરમાર્થના પ્રવાસીએ આ વાતને ખાસ યાદ રાખવાની છે. પોતાના લક્ષ્ય કે ગંતવ્યસ્થાનને તેણે કદી ભૂલવાનું નથી. પ્રવાસ કરતાં કરતાં પંથમાં સુંદર સ્થળો આવે, મમતા ને માયા બતાવનારા માણસો મળે, ને આંખ અને અંતરને આકર્ષી લેનારા પદાર્થોની પ્રાપ્તિ થાય તોપણ તેણે ડગવાનું કે ભ્રાંતિમાં પડવાનું નથી. વિસામાની જરૂર હોય તો થોડીવાર તે વિસામો જરૂર કરી લે, સુંદર સ્થળોની સુંદરતા ને માદકતાને આંખમાં ભરી લે. માયાળુ માણસોની માયાળુતાનો સ્વાદ પણ લેવો હોય તો ભલે લઇ લે, અને આકર્ષક પદાર્થોના અમૃતથી આંખને આંજી દે, પરંતુ કશામાં આસક્તિ કરીને પોતાના ધ્યેયને તે ભૂલે કે મૂકે નહિ. જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી કોઇનામાં મમતા કરીને સુખશાંતિનો મિથ્યા શ્વાસ લઇને બેસે નહિ. જેનું મનોબળ નબળું ને જેની બુદ્ધિ ચંચળ છે તથા ધ્યેયવસ્તુની નિષ્ઠા જેણે કેળવી નથી તે વચગાળાના સ્ટેશનોએ ઘર કરીને બેસી જાય છે, ઇશ્વરને ભૂલીને સાધારણ સ્ત્રીપુરુષોમાં મમતા કરીને આસક્તિના દોરે બંધાઇ જાય છે, ને ઇશ્વરને બદલે અંતરને આકર્ષી લેનારા સાધારણ પદાર્થો પર વારી જાય છે. તે આત્મોન્નતિની સાધનામાં સફળ થઇ શકતા નથી. પરમાર્થના પ્રકાશમય પંથનો તેમનો પ્રવાસ અધૂરો જ રહી જાય છે.

હરદ્વારના સ્ટેશન પર વધારે વખત રાહ જોવી ના પડી. થોડા જ વખતમાં ઋષિકેશની ગાડી આવી પહોંચી. હરદ્વાર ને ઋષિકેશ વચ્ચે એકાદ કલાકનું અંતર છે. ગાડીનો માર્ગ જંગલમાંથી પસાર થાય છે ત્યારે દેખાવ ઘણો રમણીય લાગે છે. પાણી, પર્વત ને જંગલ વિના આ માર્ગમાં બીજુ કાંઇ જ દેખાતું નથી. હિમાલયના કુદરતી સૌંદર્યથી ભરેલા પ્રદેશનું દર્શન કરવાની ઇચ્છાવાળા પ્રવાસીને કુદરતી સૌંદર્યથી છલકાતા એ પ્રદેશને જોઇને અપૂર્વ સંતોષ થાય છે. નાની સરખી ગાડી ધીરે ધીરે આગળ ને આગળ દોડ્યે જાય છે તેની સાથે તેનું મન પણ જુદી જુદી કલ્પના કરતું જાણે કે દોડવા માંડે છે.

ઋષિકેશનું સ્ટેશન આવી પહોંચ્યું. સ્ટેશન છેક જ નાનું છે. ગાડી હવે અહીથી આગળ નથી જતી. સ્ટેશનથી ગામમાં જવાનો રસ્તો તદ્દન એકાંત ને જંગલનો છે. ઊંચા ઊંચા પર્વતો યાત્રીઓનું સ્વાગત કરવા ઊંચી આંખ કરીને ન જાણે કેટલાય કાળથી ઊભા રહ્યા છે. તેમનો દેખાવ કેટલો બધો સુંદર છે. અંગ્રજી કવિ વર્ડ્ઝવર્થનું દિલ જેમ મેઘધનુને જોઇને ઉછળી રહેતું તેમ તેમને જોઇને રસિક જનનું હૃદય ઉછળવા માંડે છે.

ઋષિકેશ ને હરદ્વારમાં કેટલો બધો ફેર છે ? એક ગોકુળ ને બીજુ મથુરા. એક બેટ ને બીજુ દ્વારકા. ઋષિકેશનું વાતાવરણ ગામડા જેવું વધારે ને હરદ્વારનું વાતાવરણ શહેરી. ઋષિવરોનું યાદ દેનારી ઋષિકેશની ભૂમિને મેં પ્રણામ કર્યાં. એ ભૂમિનો સ્પર્શ કેટલો બધો પાવનકારી હતો ? એ ભૂમિ કેટકેટલાં પ્રસ્થાન ને મહાપ્રસ્થાનોની સાક્ષી હતી ? કેટકેટલા તપસ્વી, યોગી, રાજર્ષિ ને મહર્ષિને તેણે પોતાને ખોળે આશ્રય આપીને રમાડ્યા હતા, અને આત્મિક ઉન્નતિની આતુરતાવાળા કેટકેટલા માનવબાળોને શાંતિ આપેલી ? કેટકેટલા મહાનુભાવો જીવનના અંતિમ કાળમાં પરમાત્માનો સાક્ષાત્કાર કરવા ને શાંતિ મેળવવા અહીં આવ્યા હતા ? વ્યાસ, વાલ્મિકી, શુકદેવ, દત્તાત્રેય, ભગીરથ, શંકર, પાંડવ ને શંકરાચાર્યની ચરણરજથી પવિત્ર

થયેલી એ ભૂમિ અતીતકાળથી તે આજ લગી કેટકેટલા સંતો ને સાધારણ માનવોના આકર્ષણનું કેન્દ્ર બની છે તે કોણ કહી શકે ! ભારતની જ નહિ પણ ભારતની બહારની પ્રજા પણ તેનું દર્શન કરવા સદા આતુર રહી છે. તેનો મહિમા તેમના કાન સુધી પહોંચી ચૂક્યો છે. ને તેથી જ માતાની પાસે બાળકો દોડી આવે તેવી માયા ને મમતાથી દેશ ને વિદેશના ન જાણે કેટલાય બાળકો તેની પાસે દોડી આવે છે. ગંગા ને હિમાલયનું જાદૂ સામાન્ય માણસને પણ સદા આકર્ષ્યા કરે છે. એ બે શબ્દોની સાથે ભારત ને તેની સંસ્કૃતિનો સૈકા જૂનો ઇતિહાસ સંકળાયેલો છે. તે બંનેથી સુશોભિત થયેલી ભૂમિ પર પગ મૂકતાંવેંત મને ભારતના મહાન ઋષિવરોની યાદ આવી ને મારું હૃદય લળી પડ્યું. એ ભૂમિના દર્શન માટે કેટકેટલા દિવસોથી મેં સ્વપ્નાં સેવેલાં ને કેવા કેવા મનોરથ કરેલા ? ઇશ્વરની કૃપાથી તે સફળ થવાથી મારા અંતરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો. જીવનની મંગલતાના મહોત્સવમાં હું શામેલ થઇ રહેલો. પ્રાચીન ઋષિવરોની પંક્તિને શોભાવવા ને તેમની પરંપરાને જીવતી રાખવા હું તૈયારી કરી રહ્યો હતો. મારું હૃદય ભાવના ને મહત્વકાંક્ષાથી ભરેલું હોવાથી તેમાં જુદા જુદા ભાવો પ્રકટી રહ્યા.

આખરે હું શિવાનંદ આશ્રમ પાસે આવી પહોંચ્યો. સ્ટેશનથી આશ્રમનો માર્ગ ઘણો લાંબો હતો, છતાં પણ અંતરમાં ઉત્સાહ હોવાથી ભૂખ અને થાકની પરવા કર્યા વિના તેને સહેલાઇથી કાપી નાખ્યો. માર્ગમાં સંતસાધુના મઠ અને આશ્રમો આવતા. કોઇવાર સાધુપુરુષોના દર્શનનો લાભ પણ મળતો. ઋષિકેશ વધારે ભાગે સાધુ સંતોનું જ ગામ છે એવી છાપ મારા મન પર પડ્યા વિના ના રહી. ગંગાને કિનારે પસાર થતો પગદંડીનો રસ્તો ખૂબ જ સુંદર દેખાતો. ગંગાનું દર્શન કરતાં કરતાં તે પરથી હું પસાર થયો.

શિવાનંદ આશ્રમનું સ્થાન એકાંત અને રમણીય હતું. પાસે જ ગંગા હોવાથી તેની રમણીયતામાં વધારો થતો. જોનારાના મનને પહેલી જ નજરે આકર્ષ્યા વિના રહેતું નહિ. આશ્રમ તે વખતે ઘણો નાનો હતો. ચાર-પાંચ મકાનનો બનેલો આશ્રમ જોઇને મને આનંદ થયો. આશ્રમની ઓફિસમાં જઇને મેં એક સંન્યાસી મહારાજ સાથે થોડીક વાતો કરી. શિવાનંદજીના દર્શન માટે મારું મન ઉત્સુક હતું. પરંતુ મારે જરા રાહ જોવી પડી. કેમ કે દર્શન ને મિલનનો સમય સાંજના પાંચ પછીનો હતો. વચગાળાનો વખત આશ્રમના સંતપુરુષોની સાથે વાર્તાલાપ કરવામાં વહી ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. સ્વામી શિવાનંદની મુલાકાત

ગંગાના પવિત્ર તટ પર એક નાનું સરખું મકાન હતું. તેની બહારની ઓસરીમાં સ્વામી શિવાનંદ આંટા મારતા હતા. ત્યાં જઇને મેં તેમનું દર્શન કર્યું. તેમનું મુખમંડળ સહેજ ગંભીર હતું. કોઇ ઊંડા ચિંતનમાં ડૂબ્યા હોય તેવી તેમની દશા હતી. તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. પહેલી નજરે જ જોનારના મન પર તેની છાપ પડતી. તેમને પ્રણામ કરીને હું તેમની પાસે ઊભો રહ્યો. તેમણે મને ઓળખી લીધો. મારા વિગતવાર લખેલા પત્રની તેમને યાદ હતી. મને જોઇને તે ખુશ થયા, પણ તેમના મુખ પર જરા અણગમાની છાયા ફરી વળી. તેનું કારણ સ્પષ્ટ હતું. એમના આશ્રમમાં હું આટલો વહેલો આવી પહોંચીશ તેની તેમને કલ્પના પણ ન હતી. મારા પત્રના પ્રત્યુત્તરમાં તેમણે ઉત્સાહજનક પત્ર લખેલો એ સાચું પણ તેમાં મારે હજી થોડી રાહ જોવી એવું જણાવેલું. યોગ્ય સમય આવતાં મને બોલાવી લેવામાં આવશે એવી સૂચના કરવામાં આવેલી. તેનો ઉલ્લેખ મેં આગળ કરી દીધો છે. પરંતુ મારું બધું ધ્યાન 'યોગ્ય સમય' જેવા શબ્દો પર કેન્દ્રિત થયું હતું. તે શબ્દો વિવાદાસ્પદ હતા. મને લાગતું હતું કે મારા જીવનમાં યોગ્ય સમય આવી ગયો છે. તેને માટે મેં લાંબા વખતથી જાગ્રત રહીને જીવનની શુદ્ધિની સાધના કરી છે. તે સાધનાનો ખ્યાલ દૂરના અપરિચિત માણસને ભાગ્યે જ આવી શકે, કોઇ સારા સંતપુરુષને પણ ના આવી શકે. પત્રના સ્થૂલ સાધન દ્વારા તેની ઝાંખી કેવી રીતે કરાવી શકાય ? માટે જ મેં ઋષિકેશ પહોંચીને શિવાનંદજીને મારી પરિસ્થિતિથી વાકેફ કરવાનો વિચાર કર્યો હતો. મને ખાતરી હતી કે મારી મનોદશા ને જીવનશુદ્ધિની સાધનાથી પરિચિત થયા પછી તે મને આશ્રમમાં રહેવાની ના નહિ પાડે. તેને માટેનો 'યોગ્ય સમય' આવી ગયો છે તેની તેમને ખાતરી થશે.

કિન્તુ મારો ખ્યાલ ખોટો નીકળ્યો. તેમણે મને જોઇને કહ્યું: 'તમે આવી ગયા ? તમે ઉતાવળ કરી. પત્રમાં મેં તમને રાહ જોવાની સૂચના કરેલી.'

મેં કહ્યું: 'બરાબર છે, મને તેની યાદ છે. પણ મારાથી અહીં આવ્યા વિના રહી શકાયું નહિ. મને પરમાત્માના સાક્ષાત્કારની લગની લાગી છે. તે માટે હું સતત પ્રયાસ કરું છું. જગતમાં બધે મને પરમાત્મતત્વની ઝાંખી થયા કરે છે, પરંતુ તે તત્વને સાક્ષાત્ કરી તેનું સાકાર દર્શન કરવાની મારી ઇચ્છા છે. વળી સમાધિદશાનો અનુભવ કરીને તેને મારી અંદર પ્રત્યક્ષ કરવાની અથવા અનુભવવાની પણ અભિલાષા છે. મારી ઇચ્છાની પૂર્તિ વિના મને શાંતિ મળવાનો સંભવ નથી. બીજા કોઇ વિષયમાં મારું મન લાગતું નથી ને મને ચેન પણ નથી પડતું. આવા શાંત વાતાવરણમાં મને રહેવા મળે, તો થોડા વખતમાં મારી ઇચ્છા પૂરી થાય ને મને શાંતિ મળી શકે. એટલે અહીં રહેવાનો નિશ્ચય કરીને જ હું આવ્યો છું.'

તેમના મુખ પરની ગંભીરતા સહેજ ઘટી ગઇ. તેમણે મારી વાતને શાંતિપૂર્વક સાંભળીને ઉત્તર આપ્યો: 'તમારી વાત સમજી શકાય છે, પણ અહીં આશ્રમમાં પૂરતી વ્યવસ્થા નથી, માટે હજી થોડો વખત ગુજરાતમાં જઇને રાહ જુઓ, પછી હું તમને બોલાવી લઇશ.'

મને વિચાર થયો કે પ્રભુ મારી પરીક્ષા કરી રહ્યા છે કે શું ? હિમાલયમાં રહેવાનો વિચાર કરીને તો હું આવ્યો છું. હવે હું ખાલી હાથે પાછા ફરવાનો વિચાર જ કેવી રીતે કરી શકું ? રણમાં કૂદી પડ્યા પછી શત્રુની

શક્તિનો વિચાર કરીને પીછેહઠ કરવાનું ને છેવટે નાસી જવાનું કામ શૂરવીર સૈનિકને માટે સારું ગણાય ? યુદ્ધના મેદાનમાં તો મુશ્કેલી જ હોય, એકેકથી ચડીયાતા હથિયારોનો સામનો કરવાની તૈયારી સાથે જ ત્યાં જવાનું હોય. જે વિપત્તિથી ડરે, ઘા જોઇને ગભરાઇ જાય ને વેદનાનો વિચાર કરીને જેના પગ ધ્રૂજવા માંડે તે યુદ્ધ કેવી રીતે કરી શકે ? તેને વિજય પણ કેવી રીતે મળી શકે ? આત્મિક ઉન્નતિના માર્ગનું પણ એવું જ સમજી લેવાનું છે. તેમાં પણ મુશ્કેલી, વિપત્તિ ને વેદનાનો સામનો કરવો પડે છે. બહારના દુશ્મન કરતાં વધારે પ્રબળ એવા અંદરના દુશ્મન સામે મેદાને ઉતરવું પડે છે. યુદ્ધમાં જોઇએ તેથી પણ વધારે બહાદુરીની તેમાં જરૂર પડે છે. કાયર પુરુષનું તેમાં કામ નથી. મજબૂત મનોબળવાળા માનવો જ તેમાં સફળ થઇ શકે છે. એટલે મુશ્કેલીનો વિચાર કરીને પાછા પડવાનું કામ બરાબર નથી. મુશ્કેલી હોય તોપણ હિંમત હાર્યા વિના સદા આગળ ને આગળ વધવું જોઇએ. 'ડગલુ ભર્યું તે ના હઠવું, ના હઠવું' - એ સૂત્રને તેણે દિલમાં લખી રાખવું જોઇએ. એ વાતનો મને ખ્યાલ હતો. એટલે સ્વામીજીએ આપેલી પાછા જવાની સલાહ મને રુચિ નહિ.

કૈંક કરુણ સ્વરમાં મેં કહેવા માંડ્યું: 'મારી ભાવના પૂરી ના થાય ને મને પૂર્ણ શાંતિ ના મળે ત્યાં સુધી કોઇયે સંજોગોમાં મારો પાછા જવાનો વિચાર નથી. કોઇક કલ્પના કે ભાવમાં તણાઇ જઇને તંરગી મનોદશાને લીધે હું અહીં આવ્યો નથી, પણ ઇશ્વરરૂપી 'મા'ની કૃપા મેળવવાના ચોક્કસ હેતુથી, આવ્યા વિના રહેવાયું નહિ તેથી આવ્યો છું. મુશ્કેલીઓનો સામનો કરવાની મારી તૈયારી છે. અગવડમાં રહીને પણ સગવડ શોધી લેવાની મારી ઇચ્છા છે. માટે જ આશ્રમમાં રહેવાની ઇચ્છાથી આવ્યો છું. મને આશ્રમમાં જગ્યા નહિ મળે તોપણ હું પાછો તો નહિ જ જઉં. અહીં રહેવા નહિ મળે તો હું આગળ પહાડમાં જઇશ ને ઇશ્વરની કૃપા માટે મહેનત કરીશ.'

'પહાડમાં ક્યાં જશો ? પહાડમાં તમને ખાવાનું કોણ આપશે ?' સ્વામીજી તરત બોલી ઉઠ્યા.

મેં કહ્યું: 'ખોરાકની મને ચિંતા નથી. ઇશ્વરના હાથમાં મેં મારી જાતને સોંપી દીધી છે. એટલે તે મારી સંભાળ લેશે ને મારું મંગલ કરશે. ઇશ્વર જ્યાં લઇ જશે ત્યાં હું જઇશ. ને ખાવાનું નહિ મળે તો ભૂખ્યો રહીશ. પણ મારી ભાવના પૂરી કરીને જ જંપીશ ને શાંતિનો શ્વાસ લઇશ.'

મારા શબ્દોની અસર તેમના પર કેવી થઇ તે પ્રભુ જાણે, પણ તેમણે કહ્યું: 'ઠીક, હમણાં આરામ કરો. પછી જોઇ લેવાશે.' અને અમે છૂટાં પડ્યાં.

ૠષિકેશમાં શિયાળાની ૠતુમાં સાંજ પડતાં વાર લાગતી નથી. થોડા જ વખતમાં આકાશ સંધ્યાની રંગોળીથી રંગાઇ ગયું. આશ્રમમાં તે વખતે સ્વામી કૃષ્ણાનંદ હતા. તેમણે મને મમતાભરી ભાષામાં બોલાવ્યો. તેથી હું તેમની પાસે ગયો. તે ટાઇપનું કામ કરતા હતા. સ્વામીજી એક સારા લેખક હતા. ધાર્મિક અને આધ્યાત્મિક પ્રચારમાં તે માનતા. તેથી એક અંગ્રેજી માસિક ચલાવતા. બીજી કેટલીક પ્રવૃતિ પણ આશ્રમમાં ચાલતી. કૃષ્ણાનંદજી તેમાં ખાસ ભાગ ભજવતા. મને જોઇને તે મારી સાથે વાતો કરીને ખૂશ થયા. તેમના પોતાના જીવનપ્રવાહની વાતો પણ તેમણે કહી બતાવી. મારા પર તેની સારી અસર થઇ. કૃષ્ણાનંદ મદ્રાસ તરફના યુવાન હતા. તેમના વિચાર ને સંસ્કાર ઘણાં ઉંચા હતા. તેમની સાથે સ્નેહસંબંધ કરતાં મને વાર ના લાગી.

આશ્રમમાં એક બીજા મદ્રાસી યુવાન સંન્યાસી હતા. તેમનું નામ રામચંદ્ર હતું. તે પણ ભારે સંસ્કારો ને પવિત્ર પ્રકૃતિના હતા. તેમની સાથે પણ મારે સ્નેહ થયો. તેમણે મને ઉત્સાહ આપ્યો.

આશ્રમના સભ્યો પાસેથી સ્વામીજીના જીવનનો એક પ્રસંગ મને જાણવા મળ્યો. એ પ્રસંગ તાજેતરમાં જ બનેલો. આશ્રમજીવનના સંચાલન અથવા કોઇ બીજી વસ્તુની અસરથી સ્વામીજીનો વૈરાગ્યભાવ ખૂબ જ પ્રબળ બન્યો. તેને લીધે એક દિવસ તે કોઇને પણ કહ્યા વિના, આશ્રમનો ત્યાગ કરીને કોઇ અજાણ્યા સ્થળે ચાલી નિકળ્યા. એ આકસ્મિક બનાવને લીધે આશ્રમના મંત્રી ને સભ્યો ચિંતામાં પડ્યા. આશ્રમના માસિકમાં તેમણે સ્વામીજીના ફોટા સાથે વિજ્ઞપ્તિ બહાર પાડી. તેમાં તેમનું દુઃખ સ્પષ્ટપણે ઠલવાયેલું દેખાતું. તેમણે સ્વામીજીનો સવિસ્તાર પરિચય આપીને જાહેર જનતાને વિનંતી કરી કે જે સ્વામીજીના સમાગમમાં આવે અથવા સ્વામીજીના દર્શન કરવાનું જેને સૌભાગ્ય મળે તેણે આશ્રમમાં તરત જ ખબર આપવી. આશ્રમના સભ્યોના સ્વામીજી પ્રત્યેના પ્રબળ પ્રેમ ને પૂજ્યભાવનું તેમાં દર્શન થતું હતું. સ્વામીજી આશ્રમના વાતવરણથી કંટાળી ગયા કે જે હેતુને માટે તેમણે પ્રવૃતિમય સાંસારિક જીવનનો ત્યાગ કરીને હિમાલયમાં વાસ કર્યો તે હેતુની સિદ્ધિ સારુ વિશેષ સાધના કરવા એકાંતનો આશ્રય લેવાની ઇચ્છાથી આશ્રમનો ત્યાગ કરી ગયા ? તેમના ત્યાગની પાછળ સાચું કારણ કયું હતું તે તો તે જ કહી શકે. તેમના વિના બીજા કોઇને તેની સમજ કેવી રીતે પડી શકે ? તે વાતની ચર્ચા પણ નકામી છે. પણ પોતે જ ઊભા કરેલા સંગીનરૂપે ચાલતા આશ્રમના ત્યાગનો પ્રસંગ તેમના આજ સુધીના ત્યાગમય જીવનને શોભાવે તેવો હતો, તેમાં સંદેહ નહિ. તે પ્રસંગની માહિતી મળવાથી મારો તેમના પ્રત્યેનો પ્રેમભાવ વધ્યો.

પણ એ પ્રસંગ લાંબો ના ટક્યો. આશ્રમ ને આશ્રમવાસીઓના સદભાગ્યે એક દિવસ સ્વામીજી પોતાની મેળે જ આશ્રમમાં પાછા આવ્યા અને આશ્રમને સંભાળવા માંડ્યા. મારે તેમના આશ્રમમાં જવાનું થયું ત્યારે તે પ્રસંગ તાજો જ બનેલો.

આશ્રમમાં કેટલીક પ્રવૃતિઓ ચાલતી. તે જોઇને મને થયું કે આવી પ્રવૃતિ તો ઘેર રહીને પણ થઇ શકે. તે કરવા સાધકો અહીં શા માટે આવતા હશે ? આશ્રમમાં તો કેવળ સાધના જ હોય. તેથી પહેલે દિવસે આશ્રમની છાપ મારા પર બહુ સારી ના પડી. પણ વરસો વીતતાં મને લાગ્યું કે મારો વિચાર ને ખ્યાલ અધૂરો હતો. સાધકો બધો સમય સાધનામાં ભાગ્યે જ ગાળી શકે છે, તેથી બાકીના સમયમાં તે સાધનામાં બાધક નહિ પણ સાધક પ્રવૃતિ કરે તે ખોટું નથી. તેથી તેમને ને બીજાને લાભ જ થશે. સાધનામાં જ મગ્ન બનેલા ઉચ્ચ કોટિના સાધકોને બાદ કરતા બીજા સાધકો સાધના સાથે પ્રવૃતિપરાયણ બને તે સારૂં છે, એ વિશે અહીં વિશેષ ચર્ચામાં નહિ ઉતરું. અહીં તો એટલું જ કહીશ કે આશ્રમમાં રહીને કે સ્વતંત્રપણે માણસ પ્રવૃતિ કરે તે ખોટું નથી. પણ પ્રવૃતિના નાદમાં બાહ્ય પ્રવૃતિને જ સર્વ કાંઇ સમજીને આત્મિક વિકાસની વ્યક્તિગત સાધનની તેણે ઉપેક્ષા કરવાની નથી. આત્મિક વિકાસની સાધનાનું સ્થાન સૌથી પહેલું છે એ હંમેશ માટે યાદ રાખવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. અલૌકિક અનુભવ

કેટલાક લોકો આધ્યાત્મિકતાના આધાર પર શરૂ થયેલા આશ્રમોમાં કેટલીક બીજી પ્રવૃતિનું દર્શન કરીને મોં મચકોડે છે ને ટીકા કરે છે, પરંતુ તેમની પદ્ધતિ બરાબર નથી. આશ્રમો આધ્યાત્મિક સાધનાના અક્સીર સાધન બનવાની સાથે સાથે જનસેવાના કાર્યમાં પણ એક યા બીજી રીતે ફાળો આપે તે જરૂરી છે. આશ્રમો પોતપોતાની પદ્ધતિ પ્રમાણે સામાજિક સેવાના કેન્દ્ર બનીને કામ કરે તે સામે કોઇને પણ અણગમો શા માટે હોઇ શકે ? આત્મિક ઉન્નતિની ઇચ્છાવાળા સાધકોને મદદ કરવાની સાથે સાથે બહારની જનતાને તે દોરવણી આપે ને મદદ કરે તે વસ્તુ આવકારદાયક લેખાશે. તેની સામે મોં મચકોડવાની કે સૂગ ચઢાવવાની જરૂર નથી. શિવાનંદ આશ્રમનો વિચાર પણ એ જ દૃષ્ટિએ કરવાનો છે.

કેટકેટલા ઉત્સાહથી ગુજરાતની ભૂમિને મૂકીને એ આશ્રમને માટે મેં પ્રસ્થાન કર્યું હતું ? કેવી કેવી આશા સાથે ઋષિકેશની પવિત્ર ભૂમિ પર પગ મૂકીને આશ્રમમાં મેં પ્રવેશ કર્યો હતો ? સ્વામીજી સાથેનો વાર્તાલાપ મારી કલ્પના કરતાં જુદો જ નીકળ્યો. છતાં પણ તેથી મને નિરાશા ના થઇ, મારો ઉત્સાહ એવો જ અખંડ રહ્યો. મારો નિશ્ચય અફર હતો. આશ્રમમાં રહેવાની રજા ના મળે તોપણ ઇશ્વરની કૃપા મેળવવા માટે મહેનત કરવાનો મારો સંકલ્પ હતો. હિમાલયના પુણ્યપ્રદેશમાં આવવાનું થયું છે તો શાંતિ મળે નહિ ત્યાં સુધી પાછા ના જ ફરવું એવો મારો નિર્ણય હતો. હૃદય ઇશ્વરના અનુરાગથી ભરપૂર હતું. અંતરના અંતરતમમાં શાંતિ માટેની ઝંખના જાગેલી. તેને શાંત કર્યા વિના છૂટકો ન હતો.

આશ્રમનું વાતાવરણ મને શરૂઆતમાં બહુ સારું ન લાગ્યું. પણ સ્વામીજી અને આશ્રમના બે-ત્રણ બીજા સભ્યોનું વ્યક્તિત્વ મને ગમી ગયું. એટલે મેં આશ્રમમાં રહેવા માંડ્યું.

પણ લાંબા વખત લગી રહેવાનો લેખ મારા લલાટમાં નહોતો લખાયેલો. આશ્રમમાં પહોંચ્યા પછી બીજે કે ત્રીજે દિવસે એક પ્રસંગ બન્યો. તેણે મારા જીવન પર શકવર્તી અસર પહોંચાડી, ને થોડા જ વખતમાં મેં સ્વેચ્છાએ આશ્રમની વિદાય લઇને ગુજરાતની પુણ્યભૂમિમાં ફરીવાર પ્રવેશ કર્યો.

સ્વામીજીનો આશ્રમ તે વખતે શરૂઆતની દશામાં હતો. એટલે આશ્રમમાં રહેનારા સાધકો માટે આશ્રમમાં ભોજનની વ્યવસ્થા એક જ વાર થઇ શકતી. સાંજની ભિક્ષા માટે ઠેઠ નેપાલી ક્ષેત્રમાં જવું પડતું. પરિસ્થિતિ એવી નાજુક હોવાં છતાં પણ મને આશ્રમમાં બંને ટાઇમ ભોજન આપવામાં આવતું તે વાત ઓછી પ્રશંસનીય ન હતી. સ્વામીજીની અતિથિસત્કારની ભાવનાનું તે ઉજ્જવલ ઉદાહરણ હતું.

આશ્રમ નિવાસના બીજા કે ત્રીજા દિવસે સાંજે ભોજન કરીને હું કીર્તનમાં સામેલ થયો. કીર્તન માટે સ્વતંત્ર ઓરડાની વ્યવસ્થા હતી. તેમાં ભગવાન શ્રીકૃષ્ણનું એક મોટું તૈલચિત્ર રાખવામાં આવેલું. ત્યાં રોજ રાતે એકાદ કલાક બધા ભેગા મળતા ને ધૂન બોલાવતા. કોઇ સાધકો ભજન પણ ગાતા. તે દરમ્યાન સ્વામીજી પણ ત્યાં ઉપસ્થિત રહેતા. ભજનકીર્તનનો એ કાર્યક્રમ ઘણો સુંદર સાબિત થતો. ગંગાના તટ પરના એ એકાંત ને શાંત સ્થળમાં થતાં ભજન કીર્તનની અસર શ્રોતાજનો પર જુદી જ થતી. મને તે કીર્તનખંડમાં જ ઉતારો આપવામાં આવેલો. એટલે કીર્તનનો કાર્યક્રમ પૂરો થયા પછી તે ખંડમાં જ હું આરામ કરતો.

તે રાતે મારી દશા જરા જુદી જ હતી. પ્રેમ ને ભક્તિના ભાવોથી મારું હૃદય ભરાઇ ગયું. ગમે તેમ કરીને મારે શાંતિ મેળવવી હતી ને તે માટે ઇશ્વરની કૃપાનો અનુભવ કરવો હતો. દિવસો એક પછી એક વીતી જતા હતા. આશ્રમમાં રહેવાનું નક્કી ન હતું ને મારી ઇચ્છા હજી અધૂરી જ રહેલી. તે દશામાં મને ચેન કેવી રીતે પડે ? તે રાતે અખંડ જાગરણ કરીને પ્રભુને પ્રાર્થના કરવાનો મેં વિચાર કર્યો. પ્રાર્થનાની શક્તિમાં મને વિશ્વાસ હતો. પરમાત્માની સાથે આત્માનું અનુસંધાન કરવાના અકસીર સાધન તરીકે મને તેના પર પ્રેમ હતો. એનો આધાર હું વારંવાર, લગભગ રોજ લેતો ને તેથી મને શાંતિ મળતી. ઘણી અટપટી સમસ્યાઓનો ઉકેલ તેથી સરળ બનતો. વધુમાં એમ લાગતું કે ઇશ્વરરૂપી માતા મારી રક્ષા કરવા સદાયે તૈયાર છે. એટલે મારે કોઇ જાતની ચિંતા કરવાની જરૂર નથી. તેની આગળ પ્રાર્થનાના વાહન દ્વારા દિલને ખુલ્લું કરવામાં મને આનંદ આવતો. મને સમજાતું કે સંસારમાં હું અસહાય અને એકલો નથી. મારા પર ઇશ્વરરૂપી 'મા'ની મીટ સદાયે મંડાયેલી છે, મને સહાય કરવા તે સદાય તૈયાર છે, ને તે કાયમ માટે મારી સાથે રહે છે, મને હિમાલય આવવાની પ્રેરણા કરનાર શક્તિ પણ તે જ છે, તે જ મારો યોગક્ષેમ વહન કરશે, ને છેવટે મને શાંતિ આપશે, એવી મારી શ્રદ્ધા હતી. એટલે જ મેં રાતભર જાગ્રત રહીને તેની પ્રાર્થના કરવાનો નિર્ણય કર્યો.

કારતક મહિનો હોવાથી ઠંડી સારા પ્રમાણમાં હતી, મારી પાસે ઓઢવાનું પૂરતું સાધન ન હતું. એક પાતળી સાધારણ કામળી જ હતી. રામચંદ્ર નામે એક સ્નેહી ને સાત્વિક પુરુષે મને કામળો આપ્યો, તેથી મારું કામ સહેલું થયું. ભજનખંડમાં એક નાનો દીવો બળતો હતો. તેના પ્રકાશમાં ભગવાન શ્રી કૃષ્ણનો ફોટો ઓર રંગ ધારણ કરતો. તેને જોતાં જોતાં મેં ઉત્કટ અંતરે પ્રાર્થના કરવા માંડી. મારી દશા કેવી હતી ? મારામાં કોઇ વિશેષ શક્તિ ન હતી. જ્ઞાન, ભક્તિ, યોગ, સાત્વિકતા, સંયમ - સૌનો અભાવ હતો. મારી ઉંમર પણ નાની હોવાથી મારો અનુભવ પણ અપરિપક્વ હતો. છતાં હું ઇશ્વરની કૃપાની કામના કરતો, ને મને વિશ્વાસ હતો કે હું બાળક બનીને બેઠો છું, માટે ઇશ્વર મારી ઇચ્છા જરૂર પૂરી કરશે. જો હું જ્ઞાની, યોગી કે ભક્ત બનીને ઇશ્વરની કૃપા માટે દાવો કરતો હોત તો મારી ઇચ્છા ભાગ્યે જ પૂરી થાત. પણ હું તો નિર્બળ ને નિરાધાર હતો. ને નિર્બળના બળ રામ છે તેની મને ખબર હતી. તેથી બીજી બધી વાતની ચિંતા છોડી દઇને મેં પ્રાર્થનાનો આધાર લીધો. મારામાં કોઇ યોગ્યતા ના હોવા છતાં મારી શ્રદ્ધા અડગ હતી. યોગ્યતાનો વિચાર આવતાં જ મારા સ્મૃતિપટ પર તુલસીદાસની પેલી પ્રસિદ્ધ પંક્તિના ભાવો ઉભા થતાં:

અજામીલ ગીધ વ્યાધ, ઈનમેં કહો કૌન સાધ,
પંછી કો પદ પઢાત ગણિકાકો તારી,
દીનન-દુઃખ હરન દેવ, સંતન હિતકારી.

અજામીલ, ગીધ, વ્યાધ ને ગણિકા જેવાં કેટલાયને પ્રભુએ તાર્યા છે. તો શું મને શાંતિ નહિ આપે ? મારું હૃદય એમ પૂછતું. ને તરત ઉત્તર પણ આપતું કે મળશે. શાંતિ જરૂર મળશે. પ્રભુની કૃપા જરૂર થશે. પ્રભુ તો દીનદુઃખીને મદદ કરનારા ને સૌનું હિત કરનારા છે. મારી સંભાળ તે જરૂર લેશે.

એ પ્રમાણે જુદી જુદી ભાવના ને પ્રાર્થનાથી મન ભરાઇ ગયું. પ્રેમની પ્રબળતાને લીધે આંખમાંથી આંસુ ચાલ્યા. અવસ્થા અત્યંત કરુણ બની. એ દશામાં દીવો પણ હોલવાઇ ગયો ને મને ઉંઘ આવી ગઇ. એ

બધું ક્યારે બન્યું તેની ખબર પણ ના પડી. ઉંઘ ઉડી ગઇ ત્યારે મેં બહાર જોયું તો હજી અંધારું જ હતું. પવનના સાધારણ સૂસવાટા સિવાય બીજું બધું જ શાંત હતું. લગભગ રાતના બે કે ત્રણ વાગ્યાનો વખત હશે. કામળો ઓઢીને પદ્માસન વાળીને મેં ફરીવાર પ્રાર્થના ને ધ્યાન કરવાની શરૂઆત કરી. હજી શાંતિ મળી ન હતી. શાંતિ ક્યારે મળશે તે ચિંતા મનમાં થયા કરતી. તે દશામાં ધ્યાનાવસ્થામાં શરીરભાન ભૂલી જવાનો અનુભવ મને જીવનમાં પહેલી વાર જ પ્રાપ્ત થયો. એ અનુભવ કેટલો વખત ટકી રહ્યો તેનો મને ખ્યાલ નથી. પણ સમાધિના સાધારણ અનુભવમાંથી હું જાગ્રત થયો ત્યારે મારું મન તદ્દન શાંત હતું. હું હજી પદ્માસન વાળીને જ શાંતિનો અનુભવ કરતાં બેઠો હતો. ત્યાં જ એક બીજો અલૌકિક અનુભવ શરૂ થયો. મારા હૃદયમાંથી કોઇ બોલતું હોય તેવા સ્પષ્ટ સુમધુર શબ્દો સંભળાયા. કોણ બોલે છે તેની મને ખબર ન હતી. પણ શબ્દો અંતરના છેક ઊંડાણમાંથી આવતા હતા: 'તમે નિત્ય સિદ્ધ છો, નિત્ય બુદ્ધ છો, નિત્ય મુક્ત છો. સંસારમાં ગમે તે સ્થળે જશો, ગમે ત્યાં રહેશો, ને ગમે તે કામ કરશો, પણ માયા તમને કાંઇ નહિ કરી શકે. માયાના બંધનમાં તમે કદીપણ નહિ પડો. માટે ચિંતા કરશો નહિ. તમારી ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં રહો ને વિચરણ કરો.'

શબ્દો કેટલા બધા સ્પષ્ટ હતા ? બુદ્ધ ભગવાનનાં દર્શન પછી જાગ્રત દશામાં થયેલો જીવનનો આ બીજો અનુભવ હતો. આ અનુભવને લીધે મારા મનમાં અખંડ અને અનંત શાંતિ ફરી વળી. અંતરમાં અનેરો અને અસીમ આનંદ ઉછળવા માંડ્યો. મને થયું કે જીવન ધન્ય થયું, હિમાલયનો ફેરો સફળ થયો. ઇશ્વરે એવી રીતે મારા પર કૃપા કરી.

એ અનુભવ મારે માટે તદ્દન નવો હતો. શાસ્ત્રોમાં મેં આકાશવાણી અને આત્માના અવાજ વિશે વાંચેલુ. શું એ અનુભવ તેવો હતો ? તેને ગમે તેવો કહેવામાં આવે તેથી તેની વાસ્તવિકતામાં ફેર પડતો નથી. એની અસરકારકતા એવી જ કાયમ રહે છે. એથી મને જે આનંદ થયો તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી. રોજનીશીમાં તેની નોંધ કરીને હું બેઠો ત્યારે મારા અંતરમાં ઇશ્વરની કૃપાનો વરસાદ વરસ્યો તેમ બહાર પણ વરસાદ વરસતો હતો. પૂરેપૂરા પ્રકાશની પ્રતિક્ષા કરતાં સવારનો શેષ સમય મેં શાંતિપૂર્વક પસાર કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. ઋષિકેશની વિદાય

અજવાળું થયું એટલે ઓરડાનું બારણું ઉઘાડીને હું બહાર નીકળ્યો. બ્રાહ્મમુહૂર્તનો અલૌકિક અનુભવ હજી તાજો જ હતો. તેને લીધે જાણે કે મારો નવો અવતાર થયેલો. અંગેઅંગમાં આનંદ ફરી વળેલો. ઇશ્વરે હિમાલયની પવિત્ર ભૂમિમાં પ્રવેશતાવેંત મારા પર જે કૃપા કરી તેથી મારું જીવન ધન્ય બન્યું. હૃદય ગદ્ ગદ્ થયું. આગલા દિવસની ચિંતા, અશાંતિ, ગડમથલ, મૂંઝવણ આજે મટી ગઇ. તેને ઠેકાણે શાંતિ ને નિશ્ચિંતતા ફરી વળી. કેટલી બધી મધુર અને મંગલ હતી એ અવસ્થા ?

બહાર નીકળીને મેં ગંગા તરફ નજર કરી. તેનો દેખાવ અત્યંત આકર્ષક હતો. મારા જેવા ન જાણે કેટલાય સાધકો તેના તટપ્રદેશમાં નિવાસ કરીને શાંતિની પ્રાપ્તિ કરી ગયા હશે ? પરમાર્થના પવિત્ર પંથના ન જાણે કેટલાય પ્રવાસીઓને તેણે પ્રેરણા આપી હશે, ને તેનું સેવન કરનારા ન જાણે કેટલાય શ્રેયાર્થી પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થયા હશે ? યુગોથી તેનો પ્રવાહ ચાલી રહ્યો છે, ને તે માતા બનીને પોતાના બાળકોને બોલાવી ને પાળી રહી છે. તેનામાં ઇશ્વરી શક્તિનું દર્શન કરીને મેં તેને મનોમન પ્રણામ કર્યા. પછી આનંદના અતિરેકમાં આવી જઇને વરસતા વરસાદમાં ફરતાં ફરતાં મેં આત્મા ને પરમાત્માની એકતાનું ગીત ગાવાનું શરૂ કર્યું. તે વખતે સ્વામીજી મારી પાસે આવી પહોંચ્યા. રોજ સવારે ઊભા ઊભા તે મારી ખબર લઇ જતા. પણ મારી આજની દશા જોઇને તે જરાક નવાઇ પામ્યા. આટલા બધા આનંદનો ઉદય મારામાં એકાએક ક્યાંથી થઇ ગયો તે વાત તેમની સમજમાં ન આવી શકી. તેમની જિજ્ઞાસાવૃતિને સંતોષવાનો પ્રયાસ કરતાં મેં કહેવા માંડ્યું: 'આજે આ સ્થાનમાં લગભગ બ્રાહ્મમુહૂર્તના સમયમાં મને એક અદભૂત અનુભવ થયો. વળી સમાધિદશાનો પણ સ્વાદ મળ્યો. તેથી મને અનુભૂતિ થઇ કે હું મુક્ત અને બુદ્ધ છું. મને કોઇ જાતના બંધન નથી. એ અનુભવના આનંદમાં હું રાચી રહ્યો છું.'

મારું સ્પષ્ટીકરણ સાંભળીને સ્વામીજી પ્રસન્ન થયા.

મારા પર પ્રેમ રાખનારા આશ્રમના બે-ત્રણ સંન્યાસી ભાઇઓએ મારા અનુભવની વાત સાંભળી ત્યારે તે પણ પ્રસન્ન થયા. પણ તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે કેટલાય વખતથી, વરસોથી, આશ્રમમાં રહેતા ને ભજનખંડમાં પણ બેસતાં તોપણ આવા કોઇ વિશેષ અનુભવથી વંચિત હતા. મને આશ્રમનિવાસના એક-બે દિવસમાં જ આવો અનેરો અનુભવ ક્યાંથી થઇ શક્યો તે તેમને માટે એક વિકટ પ્રશ્ન થઇ પડ્યો. તે કોયડો તેમને માટે લાંબા વખત લગી અણઉકલ્યો જ રહ્યો. પણ તેને ઉકેલવાનું કામ કઠિન ન હતું. વાત એમ હતી કે આશ્રમમાં આવ્યા પહેલાં પણ લાંબા વખતથી મારા દિલમાં શાંતિની ઝંખના કાયમ હતી. લાંબા વખતથી મારા જીવનમાં સાધના ચાલતી-હૃદયશુદ્ધિના પ્રયાસનો પ્રારંભ થયેલો. પૂર્વજન્મના પડદા પાછળ પડેલા પ્રયાસોની વાતને જવા દઇએ તો પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા આ જન્મમાં પણ મેં મારાથી બનતો પ્રયાસ કર્યો હતો. એટલે મને મળેલો શાંતિ માટેનો અનુભવ એકાએક કે આકસ્મિક ન હતો. તેની પાછળ થોડીઘણી તૈયારી કે પૂર્વભૂમિકા હતી. અત્યાર સુધીની કથાનો વિચાર કરવાથી તેનો ખ્યાલ સહેજે આવી શકશે. બાકી તો ઇશ્વરની લીલા અનંત છે. તેની કળા અકળ છે. તેનો પાર કોણ પામી શક્યું છે ? તેની

ઇચ્છાનુસાર તે કોઇને ગમે તેવો અનુભવ આપી શકે છે. તે અનુભવ તે ક્યાં, ક્યારે ને શા માટે આપે છે તે તેના વિના બીજુ કોણ કહી શકે ?

મને થયેલા એ અલૌકિક અનુભવથી મારી કાયાપલટ થઇ ગઇ. આશ્રમનું વાતાવરણ અનુકૂળ ન હતું. સ્વામીજીની પહેલા દિવસની વાતચીત પણ બહુ ઉત્સાહજનક ન હતી. ને સૌથી મહત્વની વાત તો એ હતી કે મને શાંતિ સાંપડેલી, આશ્રમમાં આવવાનો હેતુ ઇશ્વરની કૃપાથી સિદ્ધ થયેલો લાગ્યો. આશ્રમમાં વધારે રહેવાની જરૂર ન હતી. તેથી વડોદરા રમણભાઇને પત્ર લખીને મેં બધી વિગત જણાવી ને વડોદરા પાછા જવા માટે જરૂરી પૈસા મંગાવ્યા. મનીઓર્ડર મળતાં સુધી બાકીના દિવસો આશ્રમમાં પસાર કરવાનો નિર્ણય કર્યો.

મારા નિર્ણયની વાત જાણીને સ્વામીજી ને બીજા બે-ત્રણ સંન્યાસી ભાઇઓ નાખુશ થયા. મારા પર તેમને ધીરે ધીરે પ્રેમ થયેલો. તેથી હું આશ્રમમાં જ રહી જાઉં તેવી તેમની ઇચ્છા હતી. તે મને આશ્રમમાં રહેવા સમજાવા માંડ્યા. 'આવા સુંદર વાતાવરણમાં રહેવાથી તમને આનંદ મળશે. અહીં રહેવાથી તમને દરેક રીતે લાભ થશે. ભવિષ્યમાં તમે સ્વામી વિવેકાનંદની જેમ પરદેશ જઇને ધર્મપ્રચાર કરીને યશસ્વી બની શકશો.' એવા એવા આદરણીય અભિપ્રાયો એમણે આપવા માંડ્યા. પણ મારો નિર્ણય અફર જ રહ્યો. ઇશ્વરની ઇચ્છા એવી જ હતી કે મારે ગુજરાતના પ્રદેશમાં વાસ કરવો. એટલે મને એવા જ વિચારો આવવા માંડ્યા. અન્નજળ ગુજરાતનું હતું પછી મારું ઋષિકેશમાં રહેવાનું કેવી રીતે બની શકે ? ઋષિકેશના શિવાનંદ આશ્રમમાં રહેવાનું થયું હોત તો આગળ પર મારી દશા કેવી થાત તે કોણ કહી શકે ? મારું બાહ્ય કલેવર આજે છે તેના કરતાં તે સંજોગોમાં જરા જુદું જ થાત. પણ આશ્રમજીવનથી મને મુક્ત રાખવાની ઇશ્વરની ઇચ્છા હતી. તે ઇચ્છા મારે માટે મંગલકારક જ નીવડી છે. તેથી મને કોઇ પ્રકારનું નુકસાન થવાને બદલે લાભ જ થયો છે.

શિવાનંદજીના આશ્રમ પાસે રામતીર્થ લાયબ્રેરી છે. સ્વામી રામતીર્થના નામ સાથે તે સંકળાયેલી છે. તેનો લાભ હું સારી પેઠે લેતો. તેમાં બેસતાવેંત સ્વામી રામતીર્થના જીવનપ્રસંગો મારી સામે હાજર થતા ને મારું હૃદય અનુરાગથી ઉભરાઇને અવનવા ભાવો અનુભવી રહેતું.

આખરે મનીઓર્ડર આવી ગયો. સ્વામીજીએ મને છેલ્લીવાર આશ્રમમાં રહેવા કહી જોયું, પણ મારું મન માન્યું નહિ. મેં કહ્યું, 'અહીં આવવાનો મારો હેતુ પૂરો થઇ ગયો છે. તેથી મને સંતોષ છે. માટે હવે હું ગુજરાતમાં જ જઇશ. મને બધે સ્થળે ને બધી વસ્તુમાં પરમાત્માની ઝાંખી થઇ રહી છે. ગમે ત્યાં રહીશ તોપણ મને આનંદ જ રહેશે.'

'તો પછી આ રૂપિયા શા માટે રાખો છો ? રૂપિયાને ગંગામાં ફેંકી દો.' સ્વામીજીએ વિરોધ કરતાં હોય તેમ કહેવા માંડ્યું.

મેં કહ્યું, 'રૂપિયા, ગંગા અને ફેંકનાર બધાં એક છે તો કોણ, કોને ને ક્યાં ફેંકે ? વળી શા માટે ફેંકે ? આ રૂપિયા બ્રહ્મ તો ઠેઠ વડોદરા પહોંચાડશે. તેને ફેંકી દેવાથી તો તેના તરફનો તિરસ્કાર જણાઇ આવશે ને ભેદભાવની પ્રતીતિ થશે.'

સ્વામીજી હસવા માંડ્યા. તેમનો સ્વભાવ ઘણો સરળ અને નમ્ર હતો. તે વખતના કરતાં આજે તેમનો યશ વધી ગયો છે. હિમાલયના આ પ્રદેશમાં આજે વરસોથી જિજ્ઞાસુ જનોને માટે શક્તિ અને આકર્ષણનું કેન્દ્ર બનીને તે અનેક જાતની પ્રવૃતિઓ કરી રહ્યા છે. ભારતના જ નહિ, ભારતની બહાર પણ તેમનું નામ ને કામ પહોંચી ગયુ છે. ભારતના વર્તમાન સંતપુરુષોમાં તે સવિશેષ સ્થાન ધરાવે છે.

આશ્રમમાં પંદરેક દિવસ રહીને છેવટે મેં આશ્રમની વિદાય લીધી. એ પંદરેક દિવસ મારે માટે ભારે મહત્વના હતા. તે દરમ્યાન મને ઘણું ઘણું જોવા ને જાણવા મળ્યું. હવે હું એક શાંતિસંપન્ન સફળ પ્રવાસી તરીકે પાછો ફરી રહેલો. આજે વરસો વહી ગયા છે ત્યારે મારે કહેવું જોઇએ કે તે અનુભવ ખૂબ ઉત્તમ હતો તો પણ અંતિમ ન હતો. ઇશ્વરના સાક્ષાત્કાર ને પૂર્ણ દર્શનની પ્રાપ્તિ માટે મારે હજી વિશેષ સાધના કરવાની અને અનુભવ મેળવવાની આવશ્યકતા હતી. સદભાગ્યે એ વાતને સમજતાં મને વિશેષ વખત ના લાગ્યો.

એ અલૌકિક અનુભવની અસર મારા પર ખૂબ જ પ્રબળ રહી. જે દિવસે એ અદભૂત અનુભવ થયો તે જ દિવસે મેં એક ગીત લખ્યું. તે પરથી મારી તે વખતની મનોદશાની માહિતી મળશે. એ ગીતને યાદ કરીને મેં ઋષિકેશની દિવ્ય ભૂમિની વિદાય લીધી.

**પરમાનંદ સ્તોત્ર**



હતા સંશયો સર્વ ઉડી ગયા રે,
છુટ્યાં સર્વ જૂઠાં હતા તે પડો રે,
રહ્યો જંગલે કે મહેલે ભલે ને
સદા મુક્ત મૂર્તિ મને બંધ ના છે.

સદા મુક્ત ને બુદ્ધ ચૈતન્ય મૂર્તિ,
સ્વરૂપસ્થ કૂટસ્થ ને શાંતિમૂર્તિ,
રહ્યો જંગલે કે મહેલે ભલે ને
સદાનંદ મૂર્તિ મને બંધ ના છે.

હતો સૃષ્ટિ આરંભમાં ને છું આજે,
થઇ ભિન્ન ને ભિન્ન પાછો રહીશ;
રહ્યો જંગલે કે મહેલે ભલે ને
સદા મુક્ત મૂર્તિ મને બંધ ના છે.

મથે કૈંક યોગીન્દ્ર જે શોધવાને,
વળી ભક્ત તે છે શરીરે મહારે;
રહ્યો જંગલે કે મહેલે ભલે ને

સદાનંદ મૂર્તિ મને બંધ ના છે.

નથી મૃત્યુ મારે, નથી બંધનોયે,
નથી લેપનો ભિન્ન મારા થકી રે,
હું તો સચ્ચિદાનંદ દૈવી સદાયે
સદા મુક્ત મૂર્તિ મને બંધ ના છે.

લઇ ગેરુઆ ઘૂમું શાને ગુફાએ,
રહી આશ્રમે સેવું શાને રૂપોને;
સદા શુદ્ધ છે સર્વ સાથે જ એક,
મને આત્મથી અન્ય લાગે હવે ન.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૨. દિલ્હીનો પ્રસંગ

ઋષિકેશથી હરદ્વાર થઇને કાંગડી ગુરુકુલની મુલાકાત લઈને હું દિલ્હી આવ્યો. દિલ્હીના પ્રસિદ્ધ સ્થળો જોવાની ઇચ્છાથી એકાદ દિવસ રોકાવાનો વિચાર કરીને સ્ટેશન પાસેની એક હોટલમાં મેં મુકામ કર્યો. થોડીવાર વિશ્રામ કરી સ્નાનાદિથી નિવૃત થઇને મેં ભોજન કર્યું. ઋષિકેશના પ્રવાસનું સ્મરણ કરતાં કરતાં એકાદ કલાક વીતી ગયો હશે ત્યાં હોટલનો માણસ બારણું ઉઘાડીને અંદર આવ્યો ને મારી સાથે વાતે વળગ્યો. મારે શહેરમાં ફરવાનો વિચાર હતો, તે જાણીને તેને આનંદ થયો. ઓછા ખર્ચે શહેરના ખાસ ખાસ સ્થળો જોઇ શકાય તે માટે ટાંગાની વ્યવસ્થા કરી આપવાનું તેણે માથે લીધું. મને તેથી સંતોષ થયો. મારા મગજ પરનો મોટો ભાર જાણે કે ઉતરી ગયો.

પ્રારંભિક વાર્તાલાપ પછી થોડીવાર વાતાવરણમાં શાંતિ ફેલાઇ રહી. પણ તે વધારે વખત સુધી ટકી નહિ. પાંચેક મિનીટ પછી પેલા ભાઇએ કહેવા માંડ્યુ, 'તમને અહીં આરામ તો લાગે છે ને ? કોઇ વસ્તુની જરૂર હોય તો વિના સંકોચ કહી દેજો. અમે અહીં મુસાફરોને માટે દરેક પ્રકારની સગવડ રાખીએ છીએ.'

મેં કહ્યું: 'મને કોઇ વસ્તુની જરૂર નથી. કોઇ તકલીફ પણ નથી. બધી રીતે આરામ છે.'

'નહિ, તમે સમજ્યા નહિ.' તેણે આગળ ચલાવ્યું, 'મારી કહેવાની વાત જરા જુદી છે. કેટલાક લોકો સંકોચ રાખે છે, એટલે મારે કહેવાનું સાહસ કરવું પડે છે. તમે યુવાન છો એટલે તમારે જરૂર હોય તો કોઇ છોકરીને અમે તમારી સેવામાં મોકલી શકીએ તેમ છીએ. તે માટેની વ્યવસ્થા પણ અમે રાખીએ છીએ.'

આવી વાતની મને કલ્પના પણ ન હતી. ભારતના પાટનગરનું વાતાવરણ આવું અશ્લીલ અને અનીતિમય હશે તેની મને કલ્પના પણ ન હતી. મારી સામેના ઓરડામાં બેત્રણ પુરુષો ને એક સ્ત્રીના બોલવાનો અવાજ આવતો હતો. કોઇક વસ્તુ માટે તેમની વચ્ચે ઘર્ષણ થઇ રહ્યું હોય એમ લાગતું. તે તરફ મારું ધ્યાન ગયું. ત્યાં જ સ્ત્રીએ ઝીણા સ્વરમાં દર્દભરી ચીસ પાડી ને મારું દિલ હાલી ઉઠ્યું. મને થયું કે કોઇ નિર્દોષ સ્ત્રી પર અત્યાચાર થઇ રહ્યો છે. તે સ્ત્રી પણ હોટલ તરફથી જ મુસાફરોને પૂરી પાડવામાં આવી હશે ! એ વિચારથી મારું દિલ વધારે પ્રમાણમાં કંપી ઉઠ્યું. આ હોટેલમાં આવી તો કેટલીય સ્ત્રીઓ રહેતી હશે જેમના પર અત્યાચાર ગુજરતા હશે, જેમનાં શરીર વેચવામાં આવતા હશે ને જેમના આંસુ અને આક્રંદ હોટલની અંધકારભરી દિવાલોની અંદર ને અંદર અટવાઇ જતા હશે. અને આ તો એક હોટલની વાત છે. આવી કેટલીય હોટલો અનીતિના અડ્ડા બનીને ભારતના આ પાટનગરમાં ને બીજાં અસંખ્ય શહેરોમાં કામ કરી રહી હશે તેની કોને ખબર છે ? અનીતિના આવા અડ્ડા પર માણસ ગુજરાન ચલાવે છે, તે વસ્તુ કેટલી બધી શરમજનક ને ધૃણાસ્પદ છે ! આ અડ્ડાના નિભાવ માટે કેવા કેવા કીમિયા કરીને માણસો સ્ત્રીઓને ફસાવતા હશે ! એ બધા વિચારોથી મારું હૃદય રડવા માંડ્યું. ઉત્તર માટે મારી તરફ તાકી રહેલા માણસને મેં હિંમતપૂર્વક કહેવા માંડ્યું: 'તમે મને કેવો માણસ ધારો છો ? શું તમે મને કોઇ કામુક, વિષયી કે બદમાશ માનો છો ? એક અજાણ્યા મુસાફરની સાથે તમે શું જોઇને આવી વાત કરવાનું સાહસ કરી રહ્યા છો ? મારે કોઇ સ્ત્રીની જરૂર નથી. પણ તમે સ્ત્રીઓ કે છોકરીઓ રાખો છો ને મુસાફરોને ફસાવવાનો પ્રયાસ કરો છો તેની ખબર મારે પોલીસને આપવી પડશે. ત્યારે જ તમને ખબર પડશે.'

મારા કડક વર્તાવથી તે માણસ જરા આભો બની ગયો. મારા આવા ઉત્તરની તેને આશા પણ નહિ હોય. તેણે ધીમેથી કહ્યું: 'પોલીસને ખબર આપવાની જરૂર નથી. મેં તો તમને ખાલી જ વાત કરી છે. તમારી ઇચ્છા ના હોય તો મારો કોઇ દુરાગ્રહ નથી.'

'મારી ઇચ્છા બિલકુલ નથી. હવે તમે એ વિશે એક અક્ષર પણ ના બોલશો.' મેં તેને ફરી ઉત્તર આપ્યો.

એવો હિંમતભર્યો ઉત્તર આપવાનું એ અજાણ્યા સ્થાનમાં મને કેવી રીતે સૂઝ્યું તે પ્રભુને જ ખબર છે. પણ મારા ઉત્તરની અસર બહુ સારી થઇ. થોડી વાર રાહ જોઇને તે માણસ ઊભો થયો ને કહેવા માંડ્યો, 'સાંજના પાંચેક વાગે ટાંગો આવીને ઊભો રહેશે. ખાસ ખાસ સ્થળે ફેરવીને છેવટે તે તમને સ્ટેશન પર છોડી દેશે.'

તે દિવસે રાતની ગાડીમાં દિલ્હીની વિદાય લેતાં પહેલાં મારે શહેરમાં થોડુંક ફરવું હતું. એટલે મેં તેના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. નક્કી કરેલા સમયે ટાંગો આવીને ઊભો રહ્યો. તેમાં લગભગ અઢી કલાક ફરીને છેવટે હું સ્ટેશન પાસે ઉતરી પડ્યો.

પણ હોટેલનો પેલો પ્રસંગ લાંબા વખત લગી મારા મનમાં તાજો રહ્યો. એ પછીના અનુભવે મને બતાવ્યું કે દિલ્હીની એ હોટલ જેવી હોટલો દેશમાં ઠેર ઠેર છે. દરિયાપારના દેશોમાં પણ અનેક છે. ભારત જેવા ધર્મપરાયણ ને ગાંધીજી જેવા નીતિમાન મહાપુરુષને માટે ગૌરવ લેનારા દેશમાં આવી હોટલો ચાલે ને પ્રજા કે સરકાર તરફથી તેમને એક યા બીજી રીતે ઉત્તેજન મળે તે ખરેખર હીણપતભર્યું છે. દેશમાં અનીતિના ધામો ખુલ્લી રીતે ચાલી રહ્યા છે. લોહીનો વેપાર ચાલે છે. વેશ્યાના બજારો લગભગ દરેક મોટાં શહેરમાં જોવા મળે છે, ને નવાઇની વાત તો એ છે કે સરકાર તરફથી તે માટે લાયસન્સ પણ આપવામાં આવે છે. અનીતિ કરવા ને સમાજમાં અનીતિ વધારવા લાયસન્સ મળે એ વાત કેટલી બધી શરમજનક છે ? દેશમાં જે છૂપા અનીતિના અડ્ડા છે તેની વાત તો જુદી છે. એ બદીને દૂર કરવાની જરૂર છે. કહે છે કે ચીનની સરકારે વેશ્યાગીરીની નાબૂદીમાં સફળતા મેળવી છે. તો ભારત શા માટે તેવી સફળતા ના મેળવે ? પૂર્ણ સ્વરાજ્ય, કલ્યાણ રાજ્ય કે સર્વોદયની સિદ્ધિ માટે તેવી સફળતા જરૂરી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૩. મુસ્લીમ ગૃહસ્થનો મેળાપ

વડોદરાની ગાડી ઉપડી ત્યારે મારી પાસે એક મુસ્લીમ ગૃહસ્થ બેઠા. તે વારંવાર મારા તરફ જોયા કરતાં. બે-ચાર બીજા માણસો પણ અમારા ડબ્બામાં બેઠા. ન્યુ દિલ્હીનું સ્ટેશન આવ્યું ત્યારે એક વિચિત્ર બનાવ બન્યો. ડબ્બાનાં બારણા પાસે એક છોકરો ઉભો હતો. તે કોઇક મુસાફરનો સામાન લઇને અંધારામાં નીચે ઉતરી ગયો ! કેટલીય તપાસ કરી પણ તેનો પત્તો ના લાગ્યો.

મારી પાસે પાથરવાનું પૂરતું સાધન ન હતું. એટલે કામળી ઓઢીને મેં બેઠાં બેઠાં જ ઉંઘવાનો પ્રયાસ કરવા માંડ્યો. પેલા મુસ્લીમ ગૃહસ્થે પણ સૂવા માટે લંબાવ્યું. પણ લાંબા વખત લગી તે ઉંઘી શક્યા નહિ. સૂતાં સૂતાં તે વારંવાર આંખ ઉઘાડીને મારા તરફ જોયા કરતા. તેમને કદાચ તેમનો સામાન ચોરાઇ જવાની ચિંતા હશે !

મોડી સવારે તે ઉઠ્યા. હાથ-મોં ધોઇને તેમણે ચા દેવીની પૂજા કરી. ચા દેવી પર તેમને ખાસ પક્ષપાત હોય તેમ લાગતું હતું કેમ કે તેનો ઉપયોગ તે વારંવાર કરતા. ઉપરાંત, સોડા, લેમન જેવા ઠંડા પીણાં પણ પીતા. બપોરે તેમણે ભોજનની થાળી મંગાવી. તે પછી સાંજના પણ તેમનો ચા દેવીનો ક્રમ ચાલુ રહ્યો.

એ બધા વખત દરમ્યાન હું શાંતિપૂર્વક બેઠેલો. ગાડીમાં ખાવાની ટેવ નહિ હોવાથી મેં કાંઇ ખાધું ન હતું તથા પાણી પણ નહોતું પીધું. એ દશામાં લાબી મુસાફરી પછી દાહોદ સ્ટેશન આવી પહોંચ્યું. એટલે પેલા મુસ્લીમ ભાઇનું મૌન તૂટ્યું, 'તમે ક્યાંથી આવો છો ?' તેમણે પ્રશ્ન કર્યો.

'ઋષિકેશથી.' મેં ઉત્તર આપ્યો.

'યાત્રા કરવા ગયા હશો.'

'હા.' મેં ટૂંકમાં જ પતાવ્યું.

'પણ તમારી સહનશક્તિ ગજબની છે.' તેમણે પ્રેમપૂર્વક આજુબાજુના મુસાફરો સાંભળે તેમ કહેવા માંડ્યુ, 'દિલ્હીના સ્ટેશનથી મારી બાજુમાં બેઠા ત્યારથી તમે કાંઇ ખાધુ કે પીધુ નથી. મેં તો કેટલી બધી વાર ચા પીધી, નાસ્તો કર્યો ને ભોજન કર્યું ! તમને ભૂખ નથી લાગતી ?'

'ભૂખ તો લાગે, પણ તેને સહન કરી શકાય છે. યુવાનીમાં એવી સહનશક્તિ કેળવવાની જરૂર છે. માણસ જે ખાય છે ને પીએ છે, તેમાંનું ઘણુખરું શોખ કે ટેવને લીધે ખાય છે ને પીએ છે. ભૂખ તો દિવસમાં એક-બે વાર જ લાગે છે.'

'માફ કરજો.' મારા જવાબથી પ્રસન્ન થઇને તેમણે કહેવાનુ શરૂ કર્યું, 'હું તો તમને કોઇ ચોર સમજતો હતો તેથી તમારા તરફ વારંવાર જોતો. તમારા સાદા વેશ પરથી હું તમને ના ઓળખી શક્યો. તમે તો દેવપુરુષ છો. આટલી નાની ઉંમરમાં તમે ભારે શક્તિ કેળવી છે. તમે મારી સાથે મુંબઇ આવો. ત્યાં સ્ટેશન પાસે મારી લોખંડની દુકાન છે. ત્યાં તમે રહેજો. તમારે કોઇ અંગ્રેજી કાગળના કેવળ ઉત્તર આપવાના. બીજુ કાંઇ જ કામ નહિ કરવાનું. હું તમને બહુ સારો પગાર આપીશ. તમારા જેવા પવિત્ર પુરુષના પગલાં પડવાથી

મારી દુકાનનું ભાગ્ય ફરી જશે. વડોદરાથી મુંબઇની હું તમારી ટીકીટ લઇ લઇશ. ત્યાં ગાડી લાંબો વખત ઉભી રહે છે.'

મેં કહ્યું: 'હાલ તો મારે વડોદરા જ જવું છે.'

પણ તેમણે પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. એમ કરતાં વડોદરા આવી પહોંચ્યું. તેમણે મને ફરી સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ વ્યર્થ. મારે વડોદરા જ ઉતરવું હતું. જ્યારે મારા નિશ્ચયમાં ફેર ના પડ્યો ત્યારે તે બોલી ઉઠ્યા, 'મારુ કમનસીબ છે કે તમે ઉતરી જાવ છો. પણ જ્યારે ઇચ્છા થાય ત્યારે ને બનતાં વહેલા મુંબઇ જરૂર આવજો. આપણે સાથે રહીને કામ કરીશું. મારું તમને આગ્રહભર્યું આમંત્રણ છે.'

એમના પ્રેમ અને આમંત્રણ બદલ મેં એમનો આભાર માન્યો ને હું પ્લેટફોર્મની બહાર જવા વિદાય થયો.

એ માયાળુ મુસ્લીમ ગૃહસ્થનું આમંત્રણ હજી એવું ને એવું જ અપૂર્ણ રહ્યું છે. સંસારમાં માણસો મળે છે ને છૂટાં પડે છે પણ તેમની સુવાસ રહી જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૪. ભાદરણમાં

આધ્યાત્મિકતામાં માનનારા અને આધ્યાત્મિક વિકાસ કરી ચૂકેલા પુરુષો પોતપોતાની પસંદગી પ્રમાણેની પ્રવૃતિ કરતાં કરતાં પણ નિર્લેપ રહેવાની શક્તિ મેળવી શકે છે. તેમનુ તન સંસારમાં રહે તો પણ મન પરમાત્મામાં રમ્યા કરે છે ને પરમાત્મા સાથે અનુસંધાન સાધતું રહે છે. સંસારનો કાદવ તેમને સ્પર્શી શકતો નથી; તેની અસરથી તે સદાયે પર રહે છે. તેમના હૃદયમાં શાંતિ છવાઇ જાય છે. એવા પુરુષો સૌને માટે વંદનીય છે. એવા પુરુષોને જ્યારે સંસારના વિષમ વ્યવહારની વચ્ચે આવીને રહેવું પડે છે ત્યારે કેટલીકવાર તેમની કપરી કસોટી થાય છે. ઘર ને કુટુંબ તરફની ફરજો બજાવવા માટે તેમને કોઇ નોકરી અથવા ધંધાનો આશ્રય લેવો પડે છે. અને પોતાના આદર્શો સાથે મેળ ખાતું ન હોય એવું જીવન જીવવું પડે છે. સંસારનો ક્રમ જ કૈંક એવો છે કે પોતાની ને બીજાની આજીવિકા માટે તેમણે કોઇ ને કોઇ વ્યવસાય કરવો જ પડે. મારા સંબંધમાં પણ એવું જ બન્યું.

હિમાલયમાં કાયમને માટે વસવાટ કરવાનું કામ મારે માટે મુશ્કેલ ન હતું. પણ કામચલાઉ શાંતિ મળવાથી મને ગુજરાતમાં આવવાનું સારુ લાગ્યું. ને તે પ્રમાણે હું વડોદરા આવી ગયો. વડોદરા પહોંચીને બેસી રહ્યે ચાલે તેમ ન હતું, મારા ને માતાજીના નિભાવ માટે કોઇ ને કોઇ કામ કરવાની જરૂર હતી. પેલા મુસ્લીમ ગૃહસ્થનું આમંત્રણ હજી ઉભું હતું. તેનો લાભ લેવાની મને સ્વતંત્રતા હતી. પણ થોડા જ દિવસોમાં મારે ચરોતરમાં આવેલા ભાદરણ ગામમાં જવાનું થયું. ત્યાંની ટી.બી હાઇસ્કૂલમાં કામ કર્યા પછી ભાદરણમાં રહેવાની મુદત એક વરસ વધારે લંબાઇ. ગામમાં એક કન્યા વિદ્યાલય નામની બહેનોની સંસ્થા હતી. તેના આચાર્ય પદે જશભાઇ પટેલ નામે એક સદગુણી સજ્જન ભાઇ હતા. તેમના આમંત્રણથી હું કન્યા વિદ્યાલયમાં જોડાઇ ગયો. ત્યાં મેં એક વરસ સુધી કામ કર્યું. તે પછી એટલે ઇ. સ. ૧૯૪૨ ના એપ્રિલમાં મારે ભાદરણ છોડવું પડ્યું. કન્યા વિદ્યાલયના સંચાલકોએ પહેલી પસંદગી ગામના શિક્ષકોને આપવાની નવી નીતિનો અમલ કરવા અમને એક વરસ બાદ છૂટા કર્યા. ભાદરણના નિવાસની આ સાધારણ રૂપરેખા થઇ.

ભાદરણ ગામ ઘણું સારું ને આગળ પડતું ગણાતું. ત્યાંના ઉત્સાહી પ્રજાજનો રાષ્ટ્રીય પ્રવૃતિઓમાં ઘણો આગળ પડતો ભાગ લેતા. પશાભાઇ જેવા બે-ત્રણ ભાઇઓ તો આખા જિલ્લામાં પ્રસિદ્ધિ મેળવી ચૂકેલા. તે ભાઇઓ ગામને માટે ગૌરવ અને આશીર્વાદરૂપ હતા. ગામની રચનાત્મક પ્રવૃતિઓમાં પણ તેમને રસ હતો. પશાભાઇ ગામના મુખ્ય આગેવાન જેવા હતા ને બધી ઉપયોગી પ્રવૃતિઓમાં મોખરે રહેતા. તે વ્યાયામપ્રિય, સાદા, ને સાત્વિક પ્રકૃતિના હતા. તેમણે ગામમાં અખાડો શરૂ કર્યો. તેમાં સવારમાં જ સમૂહ પ્રાર્થના થતી, વ્યાયામનું શિક્ષણ મળતું ને રેંટિયાની પ્રવૃતિ પણ ચાલતી. તે ઉપરાંત ગામમાં ખાદી ભંડાર પણ ચાલતો.

ટી. બી. હાઇસ્કૂલની પાસે જ કન્યાવિદ્યાલય અને અખાડાનાં મકાન હતાં. તેની પાસે બહારગામથી ભણવા આવનારા વિદ્યાર્થીઓની બોર્ડીંગ હતી. શરૂઆતમાં મેં ત્યાં જ રહેવાનુ રાખ્યું. મારા નિવાસકાળ દરમ્યાન હું ત્યાં રહેતા વિદ્યાર્થીઓને બન્ને વખત સમૂહ પ્રાર્થના કરાવતો તેમજ જેમને ઇચ્છા હોય તેમને આસન પણ શીખવતો. પશાભાઇના કહેવાથી થોડા દિવસ મેં અખાડાના વિદ્યાર્થીઓને પણ આસન શીખવ્યાં.

પશાભાઇ એક સાચા સ્વયંસેવક ને નેતા હતા. તેમને આસન જેવી યોગની ક્રિયાઓ પર પ્રેમ હતો. શીર્ષાસન જેવા આસન તે ખૂબ જ કુશળતાથી કરતાં.

વિદ્યાર્થીઓની બોર્ડીંગમાં થોડો વખત રહ્યા પછી ગામની બહાર બોરસદની સડક પરના મકાનમાં રહેવાની મેં શરૂઆત કરી. તે વખતે મારી સાથે કન્યા વિદ્યાલયમાં કામ કરતા શિક્ષક ભાઇ અંબાલાલ પણ રહેતા. તેમનો સ્વભાવ ઘણો આનંદી ને માયાળુ હતો. તેમની સાથે મને આનંદ આવતો. મકાન ઘણુ મોટું હતું. પ્રેમથી પ્રેરાઇને ભાઇ આશાભાઇએ તે અમને કોઇપણ જાતના ભાડા વિના જ રહેવા આપેલું. તેનો એક નાનો ખંડ ખાસ ભજન ને ધ્યાનને માટે રાખવામાં આવ્યો. બેસીને અમે સવારે ધ્યાન કરતા. થોડાક મહિના તે મકાનમાં રહ્યા પછી અમે ગામમાં એક બીજા મકાનમાં રહેવાનું રાખ્યું.

આપણે ત્યાં શિક્ષકોના પગારો કેટલા ટૂંકા છે ! જેમને માથે રાષ્ટ્રના ભાવિ નાગરિકોને ઘડવાની જવાબદારી છે ને જેમની પાસેથી વધારેમાં વધારે કામ ને ઉપયોગી પ્રવૃતિની આશા રાખવામાં આવે છે, તેમને, તેમના ને તેમના કુટુંબના પોષણ પૂરતો પગાર નથી મળતો એ એક હકીકત છે. તેથી તેમના મન સદા ઉંચા રહે છે ને વધારે ધન મેળવવા તેમને ટ્યૂશન જેવી સહકારી પ્રવૃતિનો આધાર લેવો પડે છે. મજૂરોના જેટલો પગાર પણ કેટલાક સંજોગોમાં તેમને નથી મળતો, ને તેમને દેશને માટે ભોગ આપવાની સલાહ આપવામાં આવે છે. એ કેટલું બેહૂદું છે ! સરકારી નોકરો, અમલદારો અને શિક્ષકોના પગારમાં મોટો તફાવત હોવાને લીધે બુદ્ધિશાળી માણસો વધારે ભાગે નોકર અને અમલદાર થવાનું જ પસંદ કરે છે. પરિણામે દેશને નુકસાન થાય છે. એટલે દેશના હિતની રક્ષા માટે પણ શિક્ષકોના હિતની રક્ષા કરવાની ને તેમને સારું વળતર આપવાની જરૂર છે. તે વાત તરફ જવાબદાર વ્યક્તિઓનુ ધ્યાન જેટલુ વહેલુ ખેંચાય તેટલુ સારું છે. અમારા પગાર પણ પ્રમાણમાં ઓછા હતા. એટલે મારો વિચાર ભાદરણ છોડીને બીજે ક્યાંક જવાનો થયેલો. તે વખતે પેટલાદમાં એક છાત્રાલય ઉઘડવાનું હતું. તેના ગૃહપતિ તરીકે કોઇની નિયુક્તિ કરવાની હતી. તે માટે મેં અરજી કરી. છાત્રાલયના ટ્રસ્ટીઓએ મારા પર પસંદગી પણ ઉતારી. પરંતુ એક યા બીજા કારણે મારાથી તે કામ સંભાળવા જઇ શકાયું નહિ.

ભાદરણના નિવાસ દરમ્યાન મેં ધાર્મિક વાચન ચાલુ રાખ્યું. ત્યાંના શાંતિ આશ્રમમાં સારા સારા સંન્યાસી પુરુષો આવતા. તેમનો સમાગમ હું કર્યા કરતો, તેના પરિણામે મારામાં મંથન શરૂ થયું. મને થયું કે હજી મારે વધુ વિકાસ કરવો જોઇએ. તે માટે કાં તો પાછુ હિમાલય જવું જોઇએ કે પછી ગુજરાતમાં રહીને કેવળ આધ્યાત્મિક પ્રવૃતિ કરવી જોઇએ. મને યોગમાં રસ હતો એટલે એક યોગાશ્રમ શરૂ કરવાનો વિચાર કર્યો. પણ તેને માટે શરૂઆતમાં કેટલીક આર્થિક સદ્ધરતાની આવશ્યકતા હતી. મને અખંડાનંદજીનું સ્મરણ થયું. તેમને કાને વાત નાખવાની ઇચ્છા થઇ. પણ મારી વાત અધૂરી જ રહી. કેમ કે તે જ અરસામાં મને ભિક્ષુ અખંડાનંદના અવસાનના સમાચાર મળ્યા. એક મહાપુરુષ ગુજરાતને નિર્ધન કરીને કાયમ માટે વિદાય થઇ ગયા !

ભાદરણના નિવાસ દરમ્યાન એક બીજી ઉલ્લેખનીય વાત બની ગઇ. પ્રસિદ્ધ પુરુષોત્તમ ભગવાનના કુટુંબ સાથે મારે ગાઢ પરિચય થયો. પુરુષોત્તમ ભગવાનની બે પૌત્રીઓ- કમુબેન ને સીતાબેન ખૂબ જ પવિત્ર અને પ્રભુપરાયણ હતી. મોટા કમુબેન કર્વે યુનિવર્સીટીનો અભ્યાસ કરતાં ને નાના બેન હાઇસ્કૂલમાં

ભણતા. તે મારી પાસે શીખવા આવતાં. તેમની હિંમત ને બુદ્ધિ પ્રસંશનીય હતી. પિતા તરફથી તેમને કોઇ જાતની ખાસ મદદ મળતી ન હતી છતાં પણ તેમને તેનો શોક ન હતો. માતાની સાથે તે બન્ને બેનો એકલી જ રહેતી. પોતાના પગ પર ઉભી રહીને તે સ્કૂલ ને કોલેજની કેળવણીથી સંપન્ન બની અને આગળ વધી. તેમના ટૂંકા પરિચય દરમ્યાન તેમનામાં જે ઉત્તમ ચારિત્ર્યની છાપ જોઇ તે કાયમને માટે યાદ રહી ગઇ.

લગભગ દોઢ વરસના પરિચય પછી ભાદરણના સંસ્કારી ગામને છોડીને મારે ફરી વડોદરા આવવું પડ્યું. ભાદરણમાં જ રહેવાનુ થયું હોત તો જીવન એકાંગી બની જાત. પરંતુ ઇશ્વરની ઇચ્છા જુદી હતી. મારે હજી અનેક અનુભવોમાંથી પસાર થવાનું હતું. એટલે યોગ્ય વખતે ઇશ્વરે મારી ફેરબદલી કરી દીધી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૫. વડોદરાનો નિવાસ

કવિઓ કેટલીક વાર જીવનને નદી સાથે સરખાવે છે. નદી કેવી સતતતાથી સાગર તરફ વહ્યા કરે છે ! જીવન પણ તેવી રીતે પૂર્ણતાની દિશામાં પ્રગતિ કર્યા કરે છે. સદાને માટે તે સીધા ને સપાટ પ્રદેશમાંથી જ વહે એમ નથી. નદીની પેઠે તેનો પ્રવાહ પણ કદીક કાંકરા ને પત્થરમાંથી, કદીક ખાડા ને ટેકરા તો કદીક સપાટ મેદાનમાંથી વહ્યા કરે છે. અવનવા અનુભવમાંથી તેને પસાર થવું પડે છે. કોઇવાર મંદ તો કોઇવાર ગંભીર ને કોઇવાર ઝડપી ગતિથી તે આગેકૂચ ચાલુ રાખે છે. પોતાની સહજ સાધના, આરાધના ને પોતાનો વિકાસ કરતાં કરતાં બીજાને માટે તે મદદરૂપ થઇ પડે છે. એની અમૃતમય અંજલિ લઇને કેટલાય આત્માઓ આરામ મેળવે છે, અંતરની તરસ મટાડે છે, ને સંસારમાં સંતપ્ત એવા અનેક જીવો એમાં સ્નાન કરીને શાંતિનો અનુભવ કરે છે, ત્રિતાપમાંથી મુક્તિ મેળવે છે. ટાઢ ને તાપમાં તપસ્યા કરવાનો, નિંદાસ્તુતિમાં સમાન રહેવાનો ને સમતાથી સંપન્ન થવાનો લેખ તેના લલાટમાં લખાઇ ચૂકેલો છે. કર્તવ્યપરાયણતા ને બધા પ્રકારની પરિસ્થિતિમાં પ્રમાદનો પરિત્યાગ એ તો તેનો જન્મજાત સ્વભાવ છે. એટલે તે એક સ્થળમાં અને એક વ્યક્તિની પાસે ઘર કરી બેસવાને બદલે નિરંતર આગળ ને આગળ ધપ્યા કરે છે. અનેક સ્થળો ને વ્યક્તિઓ સાથે સંબંધ સાધે છે. મારા જીવનપ્રવાહનું પણ તેવું જ હતું. કવિઓએ કરેલી સરખામણી ને કલ્પના મારા જીવનમાં સાચી ઠરતી હતી. અનેકવિધ અનુભવોમાંથી પસાર થઇ રહેલો મારો જીવનપ્રવાહ ઇશ્વરની ઇચ્છા પ્રમાણે ઇશ્વરને લક્ષ્ય કરીને જુદા જુદા સ્થળમાં વહ્યા કરતો. ભાદરણની ભૂમિ પરથી વહીને તેણે વડોદરાની ભૂમિમાં વહેવાનું શરૂ કર્યું.

વડોદરામાં શરૂઆતના થોડા દિવસો તો કોઇ કામની શોધમાં એમ ને એમ પસાર થઇ ગયા. પણ પાછળથી આશાનું કિરણ મળી ગયું. લોહાણા બોર્ડીંગના ગૃહપતિ શ્રી ભવાનીશંકર શાસ્ત્રી બહુ અનુભવી ને વિદ્વાન હતા. તેમનો મારા પર પ્રેમ હતો. તેમણે મને વિદ્યાર્થીઓની દેખરેખનું કામ સોંપ્યું. વિદ્યાર્થીઓના ચારિત્ર્યના સુધારનું તેમજ તેમનામાં સારા સંસ્કારો ઉત્પન્ન થાય તેવી સામૂહિક પ્રવૃતિઓ ચલાવવાનું ખાસ કામ મારે કરવાનું હતું. તે ઉપરાંત વિદ્યાર્થીઓની ફરિયાદો સાંભળવાનું ને તેમના પ્રશ્નો પતાવવાનું પણ મારે માથે હતું. મને એવા કામમાં રસ પણ હતો. મારું શરૂઆતનું જીવન અનાથાશ્રમ જેવી સંસ્થામાં વીત્યું હોવાથી બાળકોના માનસ ને પ્રશ્નોનો અભ્યાસ કરવાની મને તક મળેલી હતી. બાળજીવન ને છાત્રાલયોના પરસ્પરના સહાયક સંબંધ વિશે મેં સારા પ્રમાણમાં વિચાર કરેલા. એટલે શાસ્ત્રીજીએ સંસ્થામાં મારી નિયુક્તિ કરી તેથી મને આનંદ થયો. શાસ્ત્રીજીની ઇચ્છા મને તાલીમ આપીને ધીરે ધીરે તેમની જગ્યાએ ગૃહપતિપદે નીમવાની હતી. તે ઇચ્છાની અભિવ્યક્તિ તેમણે મારી આગળ અનેક વાર કરેલી. પરંતુ પાછળના દિવસોમાં મારા જીવનપ્રવાહે જે એકાએક પલટો ખાધો, તેને લીધે તે ઇચ્છાનો સ્વીકાર કરવાનું મને ઠીક ના લાગ્યું. એટલે વાત ત્યાં જ અટકી પડી.

બોર્ડીંગના નિવાસ દરમ્યાન વિદ્યાર્થીઓની દૈનિક પ્રાર્થનામાં ભાગ લેતો, તેમના રોજના પ્રશ્નોમાં રસ લેતો ને તેમના જીવનને નિર્ભય, સ્વચ્છ ને સદાચારી કરવા બનતા પ્રયાસ કરતો. વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવવા તરફ મારું ધ્યાન હંમેશા રહેતું. પરિણામે વિદ્યાર્થીઓ મને પ્રેમભાવથી જોતા થયા.

રવિવારે ચર્ચાસભા પણ યોજવામાં આવતી. તે દરમ્યાન વિદ્યાર્થીઓ નક્કી કરેલા વિષય પર વાર્તાલાપ કરતા. કાર્યક્રમની પૂર્ણાહૂતિ પ્રસંગે હું તેમને કેટલીક જરૂરી સૂચના આપતો. એ કાર્યક્રમ ઘણો પ્રિય થઇ પડ્યો.

ઇ.સ. ૧૯૪૨નું વરસ ભારતના સત્યાગ્રહ જંગનું મહત્વનું વરસ હતું. આઝાદીની લડત તે વખતે પુરજોશમાં ચાલી રહેલી. 'કરેંગે યા મરેંગે'ની ભાવના દેશના નેતાઓ ને પ્રજાજનોના મનમાં કામ કરતી. દેશી રાજ્યોની પ્રજામાં પણ જાગૃતિ આવેલી ને વડોદરામાં પણ એની અસર સારા પ્રમાણમાં દેખાતી. આજ વરસના ઓગષ્ટ મહિનાની નવમી તારીખે મહાત્મા ગાંધીજીએ 'ભારત છોડો'નો જબરદસ્ત ધ્વનિ વહેતો મૂક્યો ને પ્રજાએ તેને પ્રેમ ને ઉત્સાહથી ઝીલી લીધો. ભારતની આઝાદીના ઇતિહાસમાં એ દિવસો સોનેરી અક્ષરે લખી લેવાય તેવા પ્રાણવાન ને અમર હતા. આઝાદી માટે પ્રજાનો ઉત્સાહ તે વખતે અનેરો જ હતો. મારા હૃદયમાં દેશ માટે પ્રેમ હતો. દેશની સ્વતંત્રતા મને પ્રિય હતી. એટલે દેશની સ્વતંત્રતાની પ્રવૃતિને હું આદરભાવથી જોતો. બીજા સાધકો ને સંતપુરુષોની પેઠે દેશના મંગલની પ્રવૃતિને હું મિથ્યા માનતો ન હતો. મને તેની અગત્ય ને ઉપકારકતાની ખબર હતી. તેની પાછળ ઇશ્વરનો હાથ છે, ઇશ્વરનું ચોક્કસ વિધાન કામ કરી રહ્યું છે, ને તે પ્રમાણે દેશને સ્વતંત્રતાની પ્રાપ્તિ થશે જ થશે, એ વાતમાં મને વિશ્વાસ હતો. જે ધર્મ, સાધના, આધ્યાત્મિકતા કે ફિલસૂફી ઘર, કુટુંબ, સમાજ, દેશ ને દુનિયાની અવગણના કરે ને તેમના પ્રશ્નોને મિથ્યા માનીને તેનો ઉપહાસ કરે તે ધર્મ, સાધના અને આધ્યાત્મિકતા મને પસંદ ન હતી ને તેવી ફિલસૂફીમાં મને વિશ્વાસ ન હતો. તેનો પ્રણેતા ગમે તેટલો મહાન ને શક્તિશાળી હોય તો પણ મારા અંતરને આકર્ષી શકવા સમર્થ ન હતો. ગાંધીજીની પદ્ધતિ તેથી ઉલટી હતી. દેશ ને દુનિયાના હિતની ચિંતા કરતાં તે ફરતા. દીન, દુઃખી, પીડિત ને તિરસ્કૃતની કલ્યાણભાવના તેમના દિલમાં કાયમ હતી. તેથી મને તેમના પ્રત્યે પ્રેમ હતો. તેમની પ્રવૃતિના સમાચાર હું રસપૂર્વક સાંભળતો.

એ દિવસોમાં હું નિયમિત રેંટિયો ફેરવતો. ખાદી પહેરવાની શરૂઆત તો મેં જી. ટી. બોર્ડીંગમાં રહેતી વખતે જ કરી દીધેલી. એટલે તે ક્રમ ચાલુ જ રહ્યો.

ગાંધીજી તે વખતે કોંગ્રેસની નીતિ નક્કી કરતા ને દેશને દોરવણી આપતા. દેશની સ્વતંત્રતાના મહાન યજ્ઞમાં સક્રિય ભાગ લેવાનું અને આહૂતિ આપવાનું મન મને પણ થયા કરતું. પણ મારી મર્યાદાની મને માહિતી હતી. મારી સમજ ને શક્તિની સીમા મને ખબર હતી. વળી સ્વતંત્રતાની લડત તરફનો મારો દૃષ્ટિકોણ જરાક જુદો હતો. શ્રી અરવિંદને લખેલા પત્રમાં વ્યક્ત કરાયેલા વિચારોની અસર મારા પર કાયમ હતી. તે દશામાં હજી વધારે ને વધારે સાધના કરવાની ને લોકોત્તર શક્તિ મેળવવાની આવશ્યકતા મને સ્હેજે જણાયા કરતી. એવી શક્તિ ને યોગ્યતા વિના ગાંધીજીને મદદ કરીને દેશના હિતનું કામ કરવાનું મને મુશ્કેલ લાગતું. એટલે 'તીરે ઉભા જુએ તમાશો'ની નીતિ અપનાવ્યા વિના મારે માટે કોઇ ઉપાય ન હતો. સભામાં ભાગ લેવો, પ્રવચન કરવા, સરઘસમાં જોડાવું, ને જેલમાં જવું, એ બધી વાતોને પોતાનું મહત્વ જરૂર હતું. પણ મારા માનસિક ઘડતર પ્રમાણે મને તે વાતો ઘણી સાધારણ લાગતી. તેથી તેનો અમલ કરવાનું કે તેમાં ભાગ લેવાનું મને ગમતું નહિ. મારો સ્વભાવ જ પહેલેથી કોણ જાણે કેમ પણ એવો છે કે મને સેનાના સૈનિક થવાનું નહિ પણ સેનાની થવાનું જ ગમે છે. આગળની હરોળમાં સૌથી આગળ ઊભા રહેવાની જ મારી

ભાવના હોય છે. મારું મન અસાધારણની જ ઉપાસના કરે છે. એટલે સાધારણ શ્રેણી કે વસ્તુમાં લાગતું નથી. ફૂલની માળાની જેમ કાં તો ઇશ્વરના પરમ કૃપાપાત્ર થઇને સંસારના શિખર પર ચઢી જવું કે તે પછી વનમાં જ - એકાંતમાં જ ગુપ્તરૂપે કરમાઇ જવું મને વધારે પસંદ પડે છે. મનસ્વી પુરુષોની બે પ્રકારની ગતિ ગણાવતો એક સંસ્કૃત શ્લોક મારા સંબંધમાં સારી રીતે લાગુ પડે છે.

कुसुमस्तवकस्यैव द्वे गतीस्ते मनस्विनः ।
मुर्ध्नि वा सर्वलोकस्य विशीर्येत वनेऽथवा ॥

એ અરસામાં ગાધીજીએ એક નિવેદન બહાર પાડીને જાહેર કર્યું કે તેમના વારસ જવાહરલાલ નહેરુ છે ને પોતાની પાછળ તે તેમની પસંદગી કરે છે. તે દિવસ મને યાદ છે. તે વખતે હું વડોદરાની એક લાયબ્રેરીમાં હતો. ત્યાં મેં તેમનું નિવેદન વાંચ્યું ત્યારે મારું હૃદય મહત્વાકાંક્ષાથી ભરાઇ જઇને અજબ ભાવો અનુભવવા માંડ્યું. મને થયું કે ગાંધીજીને હજી મારી ખબર નથી. નહિ તો તે પોતાના વારસ તરીકે જવાહરનું નામ ના દેત. જવાહર તેમના રાજકીય વારસ જરૂર થઇ શકશે પણ આધ્યાત્મિક વારસ તો હું છું. તેમના પછી સંસારને આધ્યાત્મિક સંદેશ આપવાનું કામ મારે જ કરવાનું છે. તે માટે જ મારો જન્મ થયો છે ને ઇશ્વરની ઇચ્છા પણ તેવી જ છે. તે સત્ય થઇને જ રહેશે. તેવા વિચાર ને ભાવથી મારું મન ભરાઇ ગયું. તે વાતની સ્મૃતિ આજે પણ કાયમ છે.

આ પ્રસંગ વાંચીને કોઇએ ગેરસમજ કરવાની કે ભ્રમણામાં પડવાની જરૂર નથી. આમાં કોઇએ આત્માભિમાનની છાયા પણ જોવાની નથી. આ પ્રસંગ તો મેં એટલા માટે જ નોંધ્યો છે કે તેથી મારા મનની તે વખતની ઉચ્ચ વિચારસરણી, ભાવના ને મહત્વકાંક્ષાનો ખ્યાલ આવે. મારા મનની તે વખતની અવસ્થાનો આ પ્રસંગ પરથી સહેજે ખ્યાલ આવી શકશે. જીવનના ઉજ્જવલ અને મહાન ભાવિની મારી કામનાનો પરિચય મળશે. મારી કલ્પના અને આકાંક્ષાના તરંગો કેટલા ઊંડા અને અનંત હતા તેની સમજ પડશે. મારી વિચારધારા કઇ દિશામાં વહી રહી હતી ને જીવનના હેતુનું હિમશિખર મેં કેટલું ઉંચુ ને અનેરુ કલ્પી રાખ્યુ હતું તેની સાધારણ સમજ માટે આ પ્રસંગ પૂરતો છે ને તેથી જ તટસ્થભાવે મેં તેની રજૂઆત કરી છે. મારા અંતરમાં તે વખતે ઉત્તમ અને અસાધારણ જીવનનો આદર્શ ઉછાળા મારી રહ્યો હતો. મહાન બનવાની, આધ્યાત્મિક સાધનાના ગુરુશિખરને સર કરવાની, ને દેશ તથા દુનિયામાં પ્રકાશ પાથરી યશસ્વી થવાની મહત્વકાંક્ષા મારા મનમાં દિનરાત કાયમ રહેતી. આત્મશ્રદ્ધાની અલૌકિક જ્યોતિ અંતરમાં જલ્યા કરતી. તેની વધારે સ્પષ્ટતા માટે એક બીજી વાતનો ઉલ્લેખ કરી લઉં. સ્વામી રામતીર્થ ને વિવેકાનંદના વ્યાખ્યાનોમાં મેં વાંચેલું કે ઉન્નતિનો સૂર્ય પૂર્વમાંથી પશ્ચિમ તરફ ચાલ્યો ગયો છે, પરંતુ હવે પશ્ચિમની પ્રદક્ષિણા પૂરી કરીને ફરીવાર તેની પ્રગતિ પૂર્વ તરફ થઇ રહી છે, એટલે થોડા જ વખતમાં પૂર્વના દેશો ને ખાસ કરીને ભારતવર્ષ સમૃદ્ધ બનવાનું ને ઉન્નતિના શિખર પર પહોંચીને સંસારને આધ્યાત્મિકતાનો સંદેશ આપવાનું શરૂ કરશે. વિવેકાનંદના વ્યાખ્યાનોમાં એમ પણ આવતું કે આવતા પચાસ વરસમાં ભારતની આધ્યાત્મિક ઉન્નતિનો સુવર્ણકાળ શરૂ થશે ને ભારત વિશ્વગુરૂ બનીને સંસારને માટે શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિના મંત્રો વહેતા મૂકશે. વળી તેમણે કહેલું કે નવીન ભારતને નજીકના ભાવિમાં પ્રકટ થતું હું મારી અલૌકિક આંખે જોઇ રહ્યો છું. ભારતના એ આધ્યાત્મિક ગુરુપદ માટે એવા મહાપુરુષની જરૂર છે, જેનામાં

શંકરનું મસ્તિષ્ક, બુદ્ધનું હૃદય ને કૃષ્ણ જેવા મહાપુરુષના કર્મયોગનું સંમિશ્રણ હોય. શ્રી રામકૃષ્ણદેવને તે એવા આદર્શ મહાપુરુષ સાથે સરખાવતા ને તેમની વિશેષતાનું ભારે ભક્તિભાવે વર્ણન કરતા. ભવિષ્યમાં પણ એવા મહાપુરુષનો આવિર્ભાવ થશે એમ જાહેર કરતા. ભારતના એ બંને મહાપુરુષોના લખાણો વાંચતા મારા મનમાં અનેરા ભાવોનો ઉદય થતો. તે લખાણને હું વારંવાર વાંચ્યા કરતો. દરેક વખતે મારા હૃદયમાં એવો જ ભાવ ઉત્પન્ન થતો કે આ શબ્દો મને જ લક્ષ્ય કરીને લખાયેલા છે. ભારત ને સંસારના બીજા દેશોને શાંતિ અને આધ્યાત્મિકતાનો સંદેશ આપનાર પુરુષ હું જ છું.

વિવેકાનંદ ને રામતીર્થ તો પોતાનું કામ કરીને વિદાય થયા. પણ પછીના વરસોએ તેમની ભવિષ્યવાણીને સાચી પાડી છે. ભારત ને પૂર્વના બીજા દેશો ફરી જાગ્રત થયા છે ને ઉન્નતિના પંથે પ્રયાણ કરી રહ્યા છે. ભારતે ગુલામીમાંથી મુક્તિ મેળવી છે. મહાત્મા ગાંધી જેવા મહાન જ્યોતિર્ધરે દેશને મુક્તિનો માર્ગ બતાવીને દુનિયાને માટે પણ શાંતિ અને આધ્યાત્મિકતાના મંત્રોને વહેતા મૂક્યા છે. તેમણે પસંદ કરેલા રાજકીય વારસદારે પોતાની તટસ્થ શાંતિમય નીતિથી દુનિયાના દેશોમાં ભારતની પ્રતિષ્ઠા વધારી છે. ભારત સમૃદ્ધિની સડક પર સફર કરી રહ્યું છે ને સફર કરતું જ રહેશે એ નક્કી છે. છેલ્લાં પચાસ વરસોમાં ગાંધીજી ઉપરાંત ભારતમાં જે મહાન આધ્યાત્મિક જ્યોતિર્ધરો ઉત્પન્ન થયા તેમાં શ્રી રમણ મહર્ષિ તથા શ્રી અરવિંદના નામો વિશેષ ઉલ્લેખનીય છે. ભવિષ્યની વાત તો એક ઇશ્વર જ જાણે છે. છતાં તેમની પરંપરા ચાલુ રહેશે એમ નક્કી લાગે છે.

મારી આધ્યાત્મિકતા તે વખતે છેક શૈશવ દશામાં હતી એમ કહી શકાય. મારી શક્તિ, આવડત ને યોગ્યતા પણ નજીવી રહી. છતાંપણ મારી ભાવનાઓ ઉંચી ને ઉત્તમ હતી. તે બતાવવા માટે જ ગાંધીજીના નિવેદનની મારા પર થયેલી અસરનો મેં ઉલ્લેખ કર્યો છે. તેની અસર નીચે આવીને કોઇ મને મહાત્મા, મહાપુરુષ કે જ્યોતિર્ધર માનવાની ભૂલ ના કરે. અસાધારણ શક્તિઓથી સંપન્ન હોવાની ભ્રમણામાં પણ ના પડે. તેમજ મને પ્રભુના પ્રતિનિધિ તરીકે ચીતરી બતાવવાનું સાહસ પણ ના કરે. મારો તે માટેનો કોઇ દાવો પણ છે નહિ. મારી તે વખતની મનોદશાને વફાદાર રહીને મારા પર પડેલી છાપનો જ મેં ઉલ્લેખ કર્યો છે. બાકી હું તો આજે પણ એક સાધારણ માનવ છું. મારી સમજ અને મારી શક્તિ સીમિત છે. ઇશ્વર જેમ કરાવે તેમ કર્યે જાઉં છું ને દોરે તેમ દોરાઉં છું. તેની મરજી મુજબ તે મારો ઘાટ ઘડ્યા કરે છે. માણસ સાધારણ હોય તો પણ અસાધારણ વિચારોનું સેવન કરી શકે છે. વડોદરાના નિવાસ દરમ્યાન મારી દશા એવી જ હતી.

એટલું સાચું કે હું કેવળ સ્વપ્નસેવી ન હતો. વિચારો, ભાવો ને મહત્વકાંક્ષામાં નિરર્થક રીતે રમ્યા કરવાનું મને પસંદ ન હતું. ભાવના અને આકાંક્ષા મારે માટે સહજ હતી ને કુદરતી રીતે જ મારા જીવનમાં જાગ્યા કરતી. મારા સ્વભાવ ને તે વખતના જીવન સાથે તે તાણાવાણાની જેમ ભળી ગયેલી. તેને સિદ્ધ કરવા ને તે માટેની યોગ્યતા મેળવવા હું પ્રયત્નશીલ હતો. ચારિત્ર્યસુધાર ને સાધનાનો આશ્રય લઇને આત્મબળની અભિવૃદ્ધિ કરવા ને સાચા અર્થમાં મહાન બનવા હું બનતો પ્રયાસ કર્યા કરતો.

ઇ.સ. ૧૯૪૨ના ઓગષ્ટમાં 'ભારત છોડો'નું નવું આંદોલન ચાલુ થયું ત્યારે ગાંધીજી ને બીજા દેશનેતાઓને સરકારે અટકમાં લીધા. તે વખતે 'હરિજન બંધુ' માટે મેં ત્રણેક લેખ લખી મોકલ્યા, પરંતુ તે

લેખ અપ્રકટ જ રહ્યા. કેમ કે તે દરમ્યાન થોડા જ વખતમાં 'હરિજન બંધુ' બંધ થયું. 'હરિજન બંધુ' બંધ ના પડ્યું હોત તો પણ મારા લેખો તેમાં પસંદ કરાત કે કેમ તે શંકાસ્પદ જ હતું. તે પસંદ કરવામાં આવે તો 'હરિજન બંધુ'માં નિયમિત કે અવારનવાર લખવાનો મારો વિચાર હતો. આના પરથી તે વખતના મારા આદર્શવાદી ને ઉત્સાહી જીવનનો ખ્યાલ આવશે. મારી તન, મન, અંતરની રચના કેવી જાતની માટીમાંથી થઇ હતી તેની થોડી પણ કલ્પના કરવાનું કામ સહેલું થશે.

નાની ઉંમરથી મારા જીવનમાં આ બે પ્રવાહો ખાસ કામ કરી રહ્યા છે. એક તો મારી વ્યક્તિગત સાધનાનો અથવા જીવનના વિકાસનો પ્રવાહ છે, એની અસર મારા પર ઘણી ભારે છે. તેણે જ મને જીવનના ઉષાકાળમાં જાગ્રત કર્યો છે ને પ્રભુના પ્રેમરંગે રંગી દીધો છે. તે ઉપરાંત બીજો પ્રવાહ બીજાને કામ આવવાનો, મદદરૂપ થવાનો ને બહાર બધે ઉત્તમ ને પૂર્ણ જીવનના મંત્રને વહેતો કરવાનો છે. તેને તમે આધ્યાત્મિકતાનો પ્રચાર કહો, સાચા ધર્મની જાગૃતિ કહો, પ્રભુના મહિમાનો પ્રસાર કહો, અથવા તો બીજાની સુખશાંતિ માટેનું કર્મ કહો, તેથી તેમાં કાંઇ જ ફેર પડતો નથી. ભાષા જુદી પણ ભાવ એક જ છે. શબ્દો અલગ અલગ, સાર એક છે. તેનો વિસ્તાર સમસ્ત માનવજાતિ ને સૃષ્ટિ સુધી વ્યાપક છે. ગંગા ને જમના જેવા આ બે પ્રવાહો મારા જીવનમાં સુમધુર સ્વરે વહ્યા કરે છે. તે વખતે પણ વહેતા.

તેથી જ મને મારી જાતનો વિકાસ કરવાની લગની લાગી. પહેલા સંપૂર્ણ ને શક્તિશાળી થવું ને પછી બીજાને સુખશાંતિનો માર્ગ બતાવવો ને મદદ કરવી એ વાત મારા મનમાં ઠસી ગઇ. બુદ્ધ, ઇસુ, કૃષ્ણ ને રામકૃષ્ણદેવની જેમ પૂર્ણ થઇને ને પરમાત્માની સંપૂર્ણ કૃપા મેળવીને મદદરૂપ થવાની વાત મને વધારે પસંદ પડતી. વિચાર કરતાં મને લાગતું કે મારે હજી ઘણી સાધના કરવાની જરૂર હતી. હિમાલયના અનુભવથી મને આનંદ થયેલો પરંતુ પૂર્ણતાનો પંથ હજી અધૂરો રહેલો. તે પંથે પ્રવાસી થઇને મારે આગળ વધવાની આવશ્યકતા હતી.

તે દિવસોમાં મારું મન યોગાભ્યાસ તરફ ખેંચાવા લાગ્યું. યોગસાધનાનો આધાર લેવાની મને ઇચ્છા થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૬. શાંતાશ્રમની મુલાકાત

**(૧)**

એ દિવસો ખૂબખૂબ મંથન ને ઉત્કટતાના હતા. ઉત્કટતા પૂર્ણ ને સિદ્ધ યોગી થવા માટેની ઈચ્છાની ને મંથન તે માટેનાં સાધનની શોધનું હતું. સિદ્ધ યોગી થવું છે; જન્મ, મૃત્યુ, જરા ને વ્યાધિથી પર થવું છે; પંચમહાભૂતના સ્વામી થવું છે, અને અખંડ આત્માનંદમાં પ્રતિષ્ઠિત બનવું છે; એ ભાવના મનમાં રાતદિવસ રમ્યા કરતી. તેની પૂર્તિ માટે ભગીરથ પ્રયાસ કરવા પડે અથવા તો લાંબા વખત લગી સાધના કરવી પડે તો પણ શું ? તે માટેની મારી તૈયારી હતી. ગંગાને પૃથ્વી પર લાવતાં પહેલાં ભગીરથને ભારે પરિશ્રમ કરવો પડ્યો હશે. તેવી રીતે સાધનાની સિદ્ધિગંગાને જીવનમાં વહેતી કરવા ભારે તપ કરવું પડે ને વિપત્તિ વેઠવી પડે તો પણ શું ? જરા પણ ડગ્યા, ડર્યા ને નિરાશ થયા વિના તે કરવાની ને વેઠવાની મારી તૈયારી હતી. વાત એમ હતી કે મને સમાધિની સિદ્ધિ હજી થઈ ન હતી. 'મા'નું સાક્ષાત્ દર્શન હજી દૂર હતું ને મારી શક્તિ પણ છેક સીમિત હતી. મારી એ ત્રુટિની મને ખબર હતી. તેને દૂર કરવાની મારી ઈચ્છા હતી. તેથી જ એક ઉત્તમ અને અસરકારક સાધન તરીકે યોગની સાધના તરફ મને આકર્ષણ થયું.

પણ એકલા આકર્ષણથી શું વળે ? એકલી દૃઢ ઈચ્છા પણ શું કરી શકે ? યોગની પ્રાણાયામ જેવી ક્રિયાઓના અભ્યાસ માટે તે ક્રિયાઓને જાણનાર કોઈ મહાન અનુભવી પુરુષની પણ જરૂર હતી. તેવા મહાપુરુષના માર્ગદર્શન પ્રમાણે ચાલવાથી જ સિદ્ધિ સાંપડી શકે ને પૂર્ણ યોગીપદની પ્રાપ્તિ સહજ બને. તે માટે શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ જેવા મહાપુરુષની જરૂર હતી તે માટે મેં તપાસ કરી. જેટલા ભગવાં વસ્ત્રધારી મળે તેમની મુલાકાત લેવાની મારી ટેવ હતી. પરંતુ આંખ ઠરે ને હૈયું હસે કે પ્રસન્ન થાય એવી વિભૂતિનાં દર્શન થતાં ન હતાં. યોગની નક્કર સાધના માટે પ્રાણાયામની જરૂર વિશેષ હતી. પણ તે જાણનાર સંત, સાધુ, મહાપુરુષ કે સારી કોટિના સાધક ક્યાં ને કેવી રીતે મળે ?

પણ દરેક દર્દની સાથે તેનો ઈલાજ પણ જન્મે છે એ વાત જાણીતી છે. તે વાત પ્રમાણે મારી ચિંતા લાંબો વખત ટકી નહિ. અલબત્ત, મને રામકૃષ્ણદેવ જેવા સિદ્ધ પુરુષનો મેળાપ તો ના થયો પણ મારી ભાવનાને કામચલાઉ સંતોષી શકે એવા એક મહાત્મા મળી ગયા. એકવાર વડોદરામાં ચોખંડીમાં યોગાશ્રમ ચલાવતા ભાઈ ગિરધરભાઈ સાથે હું યોગ વિશે વાર્તાલાપ કરી રહેલો હતો. ત્યાં એક અપરિચિત બાળક આવ્યો. તેણે કહેવા માંડ્યું : 'અહીં રણમુક્તેશ્વર મહાદેવમાં એક સંન્યાસી મહાત્મા રહે છે. તે પ્રણાયામ સારી રીતે જાણે છે.' એટલું કહીને પળ વાર પણ ઊભા રહ્યા વિના તે બાળક જતો રહ્યો.

એ બાળક કોણ હશે ? પહેલાં તેને કોઈવાર જોયો ન હતો. મારે માટે તેણે દેવદૂતની ગરજ સારી. જીવનમાં જ્યારે ચિંતાના વાદળ ઘેરાયાં હતા ત્યારે તેણે આશાના દૂતનું કામ કર્યું. ઈશ્વરની કૃપા આવી જ અનેરી અને આકસ્મિક થતી હોય છે. ઉચિત સમયે તે વરસી રહે છે ત્યારે તેનું દર્શન કરીને જીવન કૃતાર્થ થાય છે. જે તેની કામના કરે છે ને ઈશ્વરના ચરણમાં મન લગાડીને જે ઈશ્વરને અંતરના અંતરતમમાંથી પ્રેમ કરે છે તેના પર તે જરૂર તેની કૃપા વરસાવે છે. શરણાગતની સંભાળ રાખવી એ તો ઈશ્વરની પ્રિયમાં પ્રિય ખાસિયત છે. તે વખતે વરસાદ વરસતો હતો તો પણ તેમાં પલળતાં પલળતાં મેં પાસે જ આવેલા

રણમુક્તેશ્વર મહાદેવના મંદિરનો માર્ગ પકડ્યો. મારું દિલ બાળકે કહી બતાવેલા મહાત્માપુરુષના દર્શન માટે આતુર હતું.

રણમુક્તેશ્વર મહાદેવનું સ્થળ ગોયાગેટ તરફ હતું. ત્યાં જઈ પહોંચતાં મને વધારે વાર ના લાગી. સ્વામીજી મંદિરને મેડે રહેતા. તેમનું નામ શાંતાશ્રમ. પણ વધારે ભાગે તે મગર સ્વામીને નામે ઓળખાતા. દેખાવે શાંત ને તેજસ્વી મુખના સ્વામીજી જમીન પર એક પાતળી ભગવા વસ્ત્રથી ઢાંકેલી પથારી પર બેઠેલા. શરીરે ભગવું વસ્ત્ર પહેરેલું. પાછળ ખુણામાં દંડ હતો. તેના પરથી પ્રથમ દર્શને જ તે દંડી સ્વામી છે એમ જણાઈ આવતું. તેમની સામે એક નાની લાકડાની પેટી હતી, ને બાજુમાં થોડાંક પુસ્તકો પડેલાં તે પરથી તે વાચનપ્રિય ને વિદ્વાન હશે એવું અનુમાન કરી શકાતું. તેમની પાછળના ભાગમાં કમંડલ પડેલું. વાતાવરણ તદ્દન સાદું, શાંત ને પ્રેરણાત્મક હતું. શરૂઆતમાં સ્વામીજીએ મારા રહેઠાણ વિશે પૂછી જોયું. બાકી કોઈ વાત ના કરી. થોડી વારમાં સાંજનો વખત થઈ ગયો. એટલે તેમણે કહ્યું, 'હવે સાંજનો સમય થયો છે. ઘેર જઈને સંધ્યાદિ કર્મ કરવું જોઈએ.'

તે પોતે ગુજરાતી જાણતા. જન્મે બંગાળી હોવા છતાં ગુજરાતમાં લાંબા વખતથી વસી રહ્યા હતા. તો પણ હિંદીમાં જ વાતચીત કરતા.

બહાર આકાશમાં સંધ્યાના સોનેરી રંગો ફેલાઈ રહ્યા. પંખી પોતપોતાના માળા તરફ પ્રયાણ કરવા લાગ્યાં. સ્વામી પણ પાસેના નાના ઓરડામાં નિત્યકર્મ કરવા જવાની તૈયારી કરવા લાગ્યા. એટલે મેં પ્રણામ કરીને તેમની વિદાય લીધી.

આ મારી પ્રથમ મુલાકાત. બીજ કેટલું નાનું ને સાધારણ હોય છે ! પણ તેમાંથી જ આગળ જતાં અચરજમાં નાખી દે એવા વિશાળ વૃક્ષનું નિર્માણ થાય છે. અગ્નિનો એકાદ અંગારો કેટલો સૂક્ષ્મ ને સાધારણ હોય છે ! પણ તેમાંથી જ જ્વલંત જ્વાળાની સૃષ્ટિ થાય છે ને કેટલીક વાર મોટા મોટા દાવાનલનો દેહ બંધાય છે. તેમ સંત્સગતિ શરૂઆતમાં છેક થોડી ને સાધારણ હોય તો પણ જીવનનું ઘડતર કરવામાં આગળ પર અતિશય અસરકારક નીવડે છે.

સ્વામીજીના પ્રથમ પરિચયથી મારો ઉત્સાહ વધી પડ્યો. આત્મિક ઉન્નતિ માટે વિકાસ કરવાનું મારે માટે સહેલું થઈ પડશે તેની ખાતરી થઈ. મને થયું કે મારા પર ઈશ્વરની કૃપા છે, નહિ તો આટલો જલદી મને આવા મહાન પુરુષનો પરિચય ના થઈ શકે. ઉમંગમાં ને ઉમંગમાં લાંબું અંતર કાપીને હું ક્યારે ઘેર આવી પહોંચ્યો તેની ખબર પણ ના પડી.

તે દિવસોમાં રણમુક્તેશ્વર મહાદેવની મુલાકાત લેવાનો મેં નિયમ જ બનાવી લીધો. રોજ એક વાર અને કેટલીક વાર તો બે વાર પણ ત્યાં જતો. સ્વામીજી ખાસ વાત કરતાં નહિ. વાત કરવાને બદલે શાંતિથી બેસી રહેવાની ટેવ તેમને વધારે હતી. છતાં પ્રેમ, ઉત્સાહ અને આશાને લીધે તેમની પાસે હું રોજરોજ જતો ને તેમની સામે શાંતિથી બેસી રહેતો. એવી રીતે રોજરોજ બેસી રહેવાનું કામ સહેલું ન હતું. માણસો વધારે ભાગે મૌનથી ગભરાય છે ને વાતોને પસંદ કરે છે. એક જગ્યાએ લાંબા વખત લગી શાંતિથી બેસી રહેવાનું તેમને ભાગ્યે જ ગમે છે. પણ એકલા રહેવાની, ફરવાની ને બેસવાની મને ટેવ હતી. એટલે જે કામ બીજાને માટે તપશ્ચર્યા કરવા જેવું કઠીન થઈ પડે તે મારે માટે સહેલું થયું. મૌનમાં કેટલીક વાર વધારે રસ અને

આકર્ષણ હોય છે. સ્વામીજીનું મૌન મને આકર્ષક લાગતું. તેમની પાસે બેસી રહેવામાં કંટાળો નહિ પણ આનંદ આવતો.

તે મગર સ્વામીના આશ્ચર્યકારક નામે ઓળખાતા. તે વિશે એક સત્યઘટનાની માહિતી મળેલી. સ્વામીજીને પૂછતાં તેમણે પણ એને અનુમોદન આપેલું. તે સિનોરમાં નર્મદા કિનારે એક મહાદેવના સ્થાનમાં વરસો સુધી રહેલાં. તે દરમ્યાન એકવાર નદીમાં નહાવા પડ્યા. નર્મદાનું પાણી ઘણું ઊંડું હોય છે. તેમાં મગર સારી સંખ્યામાં વાસ કરે છે. સ્વામીજી સ્નાન કરતાં સહેજ આગળ નીકળી ગયા. તે વખતે એક મગરે તેમનો હાથ પકડ્યો. સાધારણ રીતે એ દશામાં માણસ ગભરાઈ જાય, પણ તે જરા પણ ગભરાયા નહિ. તેમને તરતાં આવડતું હતું. વળી પ્રાણાયામના પણ તે અભ્યાસી હતા. એથી મગર સાથે લડતાં લડતાં હિંમતપૂર્વક કિનારે આવવા માંડ્યાં. કિનારા પર માણસો ટોળે વળી ગયાં. કિનારે આવતાં મગરે તેમને છોડી તો દીધાં પણ તેમના હાથનું માંસ તોડી લીધું. પાછળથી તેમને મગરનું ઝેર લાગ્યું ને તેમની દશા કફોડી થઈ પડી. તેમને દવાખાનામાં દાખલ કરાયા. લાંબી સારવાર પછી તે સાજા થયા. પણ તેમના હાથે ખોડ તો રહી જ ગઈ. હાથ લગભગ નકામા જેવો ને ઠુંઠો થઈ ગયો. કહે છે કે ગામ લોકોએ તે પછી તે મગરને એક દિવસ મારી નાખ્યો. ઈશ્વર કૃપાથી સ્વામીજી બચી ગયા. પછી તો ભયને લીધે નહિ પણ સલામતી ખાતર ને પ્રારબ્ધને આધીન થઈને નર્મદા તટનો તેમણે ત્યાગ કર્યો. મગરની એ ઘટના પછી તેમનું નામ મગર સ્વામી પડી ગયું.

**(૨)**

નર્મદા કિનારે રહ્યા પહેલાં 'મગર સ્વામી' કેટલોક વખત હિમાલયનાં ઋષિકેશ ને ઉત્તરકાશી જેવાં સ્થળોમાં રહેલા. તે વિશે તે કોઈ વાર વાત કરતા. તેમના ભોજન માટે મંદિરમાં જ પ્રબંધ હતો. એક બ્રાહ્મણ તેમનું ભોજન બનાવતા. તેથી તે ભિક્ષા માટે જતા નહિ.

એકવાર સ્વામીજીએ મને પોતાની પાછળ પડેલી કોઈ વસ્તુ લાવવા કહ્યું. તે લાવવા માટે હું ઊભો થયો. વચ્ચે સ્વામીજીની પથારી હતી. તેની બાજુમાં થઈને જઈ શકાય તેમ હતું, પરંતુ તેમ કરવાને બદલે મેં સ્વામીજીની પથારી પર પગ મૂક્યો ને સામેની વસ્તુ લાવવા હું આગળ વધ્યો. એ જોઈએ સ્વામીજી જરા રોષભર્યા સ્વરમાં ને જોરથી બોલી ઊઠ્યા : 'અરે, આ શું ? તમારો આશ્રમ કયો ને મારો આશ્રમ કયો ?'

તેમનું ઉગ્ર રૂપ જોઈને મને થયું કે તે અભિમાની છે તેમજ અહંભાવથી પ્રેરાઈને પુજાવામાં આનંદ માને છે. તે વખતે મને તેમનું વલણ બહુ સારું ના લાગ્યું. પરંતુ પાછળથી, જ્યારે આધ્યાત્મિક અનુભવ ને વ્યવહારના પ્રદેશમાં મારે વધારે ને વધારે આગળ વધવાનું થયું ત્યારે, મારું મંતવ્ય તદ્દન નહિ તો થોડુંક પણ ખોટું હતું એ મને સ્પષ્ટ રીતે સમજાઈ ગયું. સંત મહાત્માના સમાગમમાં આવીને તેમની બાહ્ય ક્રિયા પરથી માણસો કેટલીક વાર ઉતાવળિયા અભિપ્રાયો બાંધી લે છે ને તેમને જીવનભર વળગી રહે છે. સંત મહાત્માઓની કોઈ ક્રિયા જોઈને તેમના વિશે અભિપ્રાય બાંધતા પહેલા ખુલાસો મેળવવાની જરૂર છે. તેમના વર્તન કે વચનમાં શંકા ઉત્પન્ન થાય તો તેનું સમાધાન કરવાનો પ્રયાસ કરવાની જરૂર છે. વધારે સારી પદ્ધતિ તે જ છે. પરંતુ બહુ ઓછા પુરુષો એ પદ્ધતિનો આધાર લે છે. પૂર્વગ્રહના આધાર પર તે મનગમતાં નિર્ણયો કરી લે છે, અભિપ્રાયો આપવા માંડે છે, ને રાગદ્વેષ કેળવે છે. પરિણામે નુકસાન તેમને જ થાય છે.

મહાત્માઓના નાનામોટા વ્યવહાર વિશે અભિપ્રાય બાંધતા પહેલાં વિવેકનો ઉપયોગ કરીને તેના રહસ્યને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. વિવેકને તાજો કરીને સ્વામીજીના શબ્દો પર વિચાર કરીએ તો તેમને સહાનુભૂતિથી સમજી શકાશે ને ન્યાય પણ કરી શકાશે. જેમની અવસ્થા એકદમ ઉચ્ચ છે અથવા તો જે વિધિનિષેધના ભાવ ને જ્ઞાનથી રહિત છે તેવા સંત તો આવા પ્રસંગે વિરોધી સૂર ના કાઢે એ સમજી શકાય તેવું છે. પણ ઉચ્ચ અવસ્થાએ પહોંચેલા સંતપુરુષ પણ મર્યાદાનો વિચાર કરીને આવા પ્રસંગે આવો વર્તાવ કરે ને વિરોધી સૂર કાઢે તો તે તેમને માટે શોભાસ્પદ છે એમાં તલમાત્ર સંદેહ નથી. આવો વર્તાવ તે પ્રતિષ્ઠા, પૂજા કે મોટાઈના વિચારથી પ્રેરાઈને કરતા નથી, પરંતુ વ્યવહાર કે આચાર-વિચારની શુદ્ધિ ને વ્યવસ્થા માટે જ કરે છે. વ્યવહારમાં જ્યાં ભૂલ લાગે કે દોષ દેખાય ત્યાં તેને બતાવવાની ને સુધારવાની સમાજ ને સંસ્કૃતિના સંરક્ષક તરીકે તેમની ફરજ છે. તેથી તો તેમને લોકશિક્ષક અથવા ગુરુનું અર્થસૂચક નામ આપવામાં આવ્યું છે. કેટલાક માણસો સંત, મહાત્મા કે મોટા માણસોના આસન પર છુટથી બેસે છે, તેમનાં વસ્ત્રો ને વાસણોનો ઉપયોગ કરે છે, ને તેમના વપરાશની વસ્તુઓ તેમની મંજૂરી વિના પોતાને માટે વાપરે છે. એ ટેવ સારી નથી, તેમાં મોટો વ્યવહારદોષ છે. સંત મહાત્મા કે આધ્યાત્મિક વિકાસસંપન્ન પુરુષ ઉચ્ચ છે, પૂજ્ય છે, ને તેમનું એક વિશિષ્ટ સ્થાન છે. તેથી તેમની સાથેના વ્યવહારના નિયમો પણ જુદા જુદા છે. તેમનું પાલન કરવામાં પોતાની, સંત કે મહાપુરુષની ને ધર્મની મર્યાદાનું પાલન રહેલું છે. એ દૃષ્ટિથી જોઈએ તો સ્વામીજીના આસન પર પગ મૂકવાનું કામ મારે માટે કે બીજા કોઈનેય માટે બરાબર ના ગણાય. તેનો બચાવ પણ ના કરી શકાય તે સમજાય તેવું છે.

એટલી જરૂરી સમજ ને વિચારણા પછી તેમના વચન ને વર્તનનો મર્મ મને સારી પેઠે સમજાયો. નાની વાતોનો અનાદર કરવો ઠીક નથી. કેમ કે નાની વાતોમાં જ કેટલીકવાર મોટાં રહસ્યો સમાયેલાં હોય છે. આટલા નાના મુખમાં આવી સુંદર ને સારરૂપ વાણી ને બત્રીસી સમાયેલી છે તે પ્રથમ નજરે જાણી શકાય છે ? સાધક કે વિવેકી પુરુષે પ્રત્યેક નાના કે મોટા પ્રસંગનું મંથન કરીને તેમાંથી નવનીત શોધી કાઢવું જોઈએ, તો જ જીવનની સાધના વિકસે અને સફળ બને.

**(3)**

સ્વામીજી અંગ્રેજી તથા સંસ્કૃત સારી પેઠે જાણતા. તે યોગાભ્યાસી હતા. યોગ પર તેમણે સંસ્કૃતમાં કોઈ ગ્રંથ પણ લખેલો એમ કહેવાતું. છતાં તે નિરાભિમાની ને પ્રેમની મૂર્તિ હતા. યોગની વિવિધ ક્રિયાઓ શીખીને તેમાં પારંગત થવાનો મારો વિચાર હતો. તે વિશે તેમની સાથે કેટલીકવાર વાતચીત થતી. યોગશાસ્ત્રમાં મેં ખેચરી મુદ્રા વિશે વાંચેલું એટલે તેનાથી થતા લાભની મને માહિતી હતી. તે શીખવાની મારી ઈચ્છા હતી. ખેચરી મુદ્રાથી સમાધિ સહજ અને સરળ થઈ જાય છે ને અખંડ યૌવન તથા આકાશગમન જેવા બીજા પણ લાભ થાય છે તે મારા ધ્યાનમાં હતું. તે વિશે મેં તેમની સાથે એક દિવસ વાત કરી. તેમણે કહ્યું, 'મેં ખેચરી મુદ્રાનો અભ્યાસ કરેલો છે. કોઈવાર તમારી આગળ કરી બતાવીશ. ત્યારે તમને વિશ્વાસ થશે. કોઈવાર સમાધિ પણ કરી બતાવીશ.'

તે પછી થોડા જ દિવસોમાં તેમણે મને ખેચરી મુદ્રા કરી બતાવી ને તેનું રહસ્ય સમજાવ્યું. પરંતુ સમાધિનું અવલોકન કરવાનો અવસર કદી મળી શક્યો નહિ. તે વિશે પછી વાત જ નીકળી ન હતી. પહેલાં

સાધન કરી બતાવવું ને પછી શીખવવું એ સ્વામીજીનો સ્વભાવ હતો અને આ સ્વભાવ બહુ જ ઓછા અનુભવી પુરુષોના જીવનમાં જોવા મળે છે.

સ્વામીજીનો સ્વભાવ શાંત હતો, યોગાભ્યાસ કરવાની મારી લગની તે જાણતા. તેમણે એક દિવસ અચાનક કહેવા માંડ્યું: 'હું તમને દીક્ષા આપવાનો વિચાર કરી રહ્યો છું.'

પછી તેમણે થોડીવાર પંચાગમાં જોયું ને ફરી કહ્યું: 'નવરાત્રિમાં પાંચમનો(?) દિવસ સારો છે. તે દિવસે સવારમાં આવજો.'

એમના આકસ્મિક વચનો સાંભળીને મને આનંદ થયો. તેમણે કહેલો દિન ખરેખર પંચમીનો હતો કે કેમ તે મને બરાબર યાદ નથી. એટલે જ 'પાંચમનો' શબ્દ પછી મેં પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે.

નવરાત્રીને આવતાં વાર ના લાગી. આગલે દિવસે સ્વામીજીએ મને સુચના કરી : 'દીક્ષા વખતે કાંઈ ને કાંઈ લાવવું જોઈએ એવી પ્રથા છે. ફૂલ અથવા ફળથી પણ ચાલી શકે છે. તમે તો શું લાવી શકશો ? બે ફળ લેતા આવજો એટલે ચાલશે.'

બીજે દિવસે સવારે ડઝન જેટલા ફળ લઈને હું તેમની પાસે ગયો. તેમને પ્રણામ કરીને બેઠો. થોડી વાર પછી તેમણે મને અંદર આવવાનું કહ્યું. એક આસન પર પોતે બેઠા ને સામેના બીજા આસન પર મને બેસવાનું કહ્યું. પછી ત્રણ વાર બોલીને મંત્ર આપ્યો. તે પછી પ્રાણાયામની વિધિ બતાવી ને છેલ્લે એક મુદ્રા કરાવીને મને પૂછ્યું કે કેવો અનુભવ થાય છે ? મેં કહ્યું, 'પ્રકાશ પ્રકાશ દેખાયા કરે છે.'

તેમણે કહ્યું: 'ત્યારે તો તમારી કુંડલિની જાગ્રત છે. હવે બધું જ કામ થઈ જશે.'

એ શબ્દો સાંભળીને મને આનંદ તો થયો. પણ તેનું રહસ્ય મારા સમજવામાં ના આવ્યું. પરંતુ જે આનંદ થયો તેથી સાધના માટેનો મારો ઉત્સાહ વધી ગયો.

દીક્ષા પહેલાં ત્રણચાર માસથી મેં મીઠું, હળદર છોડી દીધાં હતાં. તેલ, મરચું અને આમલી તો લેતો જ નહોતો. પાણીમાં બાફેલું શાક ખાતો. વળી દૂધ ને ઘી પણ મળે તો ગાયનું જ લેવાનું રાખેલું. સ્વામીજીના કહ્યા પ્રમાણે પ્રાણાયામ માટે આહારનો એવો સંયમ જરૂરી હતો.

મંત્રદીક્ષા પછી મન લગાડીને મેં સાધના શરૂ કરી. એક નવી આશા ને નવજીવન તથા યોગીજીવનના નવા પ્રેરણા-કિરણની મને પ્રાપ્તિ થઈ. ઈશ્વર પર આધાર રાખીને મારે આગળનો પંથ કાપવાનો હતો. તે પંથ પ્રકાશમય ને પોતાના મૂળ સ્વરૂપ કે પૂર્ણત્વને વધારે ને વધારે પ્રકાશિત કરવાનો, અથવા પ્રકાશનાયે પ્રકાશ એવા પરમાત્માની પ્રાપ્તિનો હતો. ઈશ્વર પર શ્રદ્ધા રાખી, ધીરજ, ખંત ને હિંમતથી મહત્વાકાંક્ષાની મૂર્તિ બની, તે માર્ગે આગળ ને આગળ ધપવાનું હતું. જ્યાં સુધી પૂર્ણ સંતોષ મળે નહિ ને પરમાત્માની પરિપૂર્ણ કૃપા વરસે નહિ ત્યાં સુધી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૭. ફરી ઋષિકેશ

મગર સ્વામીની સુચના હતી કે મારે રોજના ઓછામાં ઓછા એક હજાર જપ તો કરવા જ. તેમ ના કરવાથી પાપ લાગશે એમ પણ તેમનું કહેવું હતું. જપ બહુ જ ઉત્તમ ને ઉપયોગી વસ્તુ છે. વધારે ને વધારે પ્રમાણમાં તેનો લાભ લેવાય તે જરૂરી છે. તેથી મોટી મદદ મળે છે. હજારોની સંખ્યામાં તેને જપવાનું કામ ઉત્તમ છે. વળી સંખ્યાની ચિંતા કર્યા વિના તે સતત રીતે થયા કરે એવી અવસ્થા પણ ઇચ્છવા જેવી અને આશીર્વાદરૂપ છે. પરંતુ પાપ લાગવાની વાત સહેજે સમજાય તેવી નથી. દિવસમાં એક હજાર જેટલા જપ ના કરવાથી કોઇને પાપ કેવી રીતે લાગે તે સમજી શકાય તેવું નથી. પાપ લાગવાનો વિચાર રજૂ કરીને સ્વામીજી ખરેખર શું કહેવા માંગતા હતા તે તો તે જ જાણે. મારી સમજમાં તો એટલી વાત સહેજે આવી શકે છે કે જીવન અત્યંત કિંમતી છે. પ્રત્યેક દિવસ ને પળનું મુલ્ય મોટું છે. તેનો સદ્‌ઉપયોગ કરીને મનને પ્રભુસ્મરણમાં લગાડી દેવું જોઇએ. પ્રભુસ્મરણ સિવાયનો સમય અમૂલ્ય હોવા છતાં પણ વ્યર્થ વહી જાય છે. માટે સમજુ પુરુષે જીવનના સુવર્ણ સમયને પ્રભુપરાયણ કરવાની કોશિશ કરવી જોઇએ. એમ કરવાથી મન સ્થિર અને એકાગ્ર થઇ જાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે, ને તેમાં પ્રભુપ્રેમની પવિત્ર જ્યોત જાગી ઉઠે છે. પ્રેમની પ્રબળતા થતાં પ્રભુનું દર્શન થઇ જાય છે ને જીવન કૃતાર્થ થાય છે. એવા ચોક્કસ વિવેકથી નામસ્મરણ કે બીજી કોઇ સાધનાનો આધાર લેવાની આવશ્યકતા છે. ત્યારે જ સાધક સાધનાનું મૂલ્ય સમજી શકે છે ને તેનો સ્વાદ મેળવવામાં ને તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા પોતાની સમગ્ર શક્તિને કામે લગાડે છે. ગમે તેવી મુસીબતો ને ગમે તેવા પ્રલોભનોથી ડર્યા કે ડગ્યા વિના આગળ ને આગળ ધપ્યે જાય છે.

એટલે ભય નહિ પણ પ્રેમ ને પ્રલોભન નહિ પણ પવિત્ર વિવેકને જ સાધનાનું પ્રેરણાત્મક પીઠબળ બનાવવાની આવશ્યકતા છે. ભય ને પ્રલોભનના સડેલા પાયા પર ઊભી થયેલી સાધનાની ઇમારત સદ્ધર બની શકતી નથી ને લાંબા કાળ લગી ટકી પણ શકતી નથી. છતાં પણ કેટલાંક મોટા માણસો તે પાયાનો આધાર લેતાં અચકાતા નથી એ ખરેખર આશ્ચર્યજનક છે. 'અમુક ધર્મકામ નહિ કરવાથી ને અમુક વાતમાં વિશ્વાસ નહિ રાખવાથી નુકસાન થશે, અપરાધમાં પડાશે, ને પાપ લાગશે. એટલું જ નહિ પણ નરકમાં જવું પડશે; અને અમુક કામ કરવાથી સ્વર્ગ અને વૈકુંઠમાં વાસ થશે, તથા પૃથ્વી પર ના જોયેલા ને જાણેલા પદાર્થો ભોગવવા મળશે.' એવી એવી સારીનરસી સૂચનાપદ્ધતિનો તે ઉપયોગ કરે છે ને તેને જ ધર્મ ને સાધનાની સાર વાત સમજી બેસે છે. એવી પદ્ધતિ મને જરાપણ પસંદ નથી. આપણે લોકોને ધર્મ ને સાધનાના ઉપકારક કામમાં લગાડવા છે ને બની શકે તો સમસ્ત સૃષ્ટિને પ્રભુપરાયણ કરી દેવી છે પણ તે માટે ધાકધમકી અને અત્યાચારનો આધાર લેવો નથી. ભય, ક્રોધ ને ધિક્કારના રાક્ષસી સાધનોથી તે હેતુની સિદ્ધિ નથી કરવી. તેવા સાધનથી થયેલી સિદ્ધિ ટકે પણ કેટલી ? સમય આવતાં તેવી સિદ્ધિની ઇમારતના ક્યારે ભાંગીને ભુક્કા થઇ જાય તે કહેવાય નહિ. આપણે તો પ્રેમ ને વિવેકનો આશ્રય લેવો છે. સદભાવ ને સહાનુભૂતિથી કામ લેવું છે. તેવો પાયો ને તેના પર ઊભી થયેલી ઇમારત જ મજબૂત હશે, અડગ હશે ને અક્ષય બનશે. તે વખતના મારા જીવનમાં એવા વિચારો કામ કરતા હોવાથી પાપ લાગવાના ભયની

માન્યતાને મિથ્યા માનીને, જીવનને પ્રભુપરાયણ કરવાની એક પવિત્ર ફરજ તરીકે મેં નામજપ ને ધ્યાનાદિની સાધનામાં મનને પરોવી દીધું.

જપ દ્વારા ખરેખર શું મળવાનું છે તેનો મને બરાબર ખ્યાલ ન હતો. ઇશ્વરને 'મા'રૂપે ભજવાનું મને ગમતું. તેથી 'મા'ના સાક્ષાત્ દર્શન માટે કોઇ અકસીર મંત્રની મારે આવશ્યકતા હતી. મગર સ્વામીએ આપેલો મંત્ર નિર્ગુણ મંત્ર હતો. પાછળથી મને લાગ્યુ કે ઇશ્વરની ઇચ્છાનુસાર જે મંત્ર મળ્યો તે ખરો. તેને જપતાં જપતાં 'મા'ના દર્શન ને સમાધિના અનુભવ માટે પ્રયાસ કરી શકાશે. 'મા'ની કૃપાને પ્રાપ્ત કરવા મારું મન અત્યંત આતુર થઇ રહ્યું. વળી સમાધિના સતત અનુભવની પણ મને ઇચ્છા હતી. ધ્યાનમાં બેસતી વખતે મારું મન સ્થિર ને શાંત રહેતું. તેમાં બીજા વિચારો ઉત્પન્ન થતા નહિ ને તે આમતેમ ભટકતું પણ નહિ. પણ શરીરનું ભાન કાયમ રહેતું. તે ભાન મટી જાય ને મન ધ્યેય પદાર્થ અથવા પરમાત્મામાં ડૂબી જાય ત્યારે સમાધિ થઇ એમ કહેવાય છે. તે વિશે મેં સાંભળેલું. મનની શાંત દશાનો એવો સાધારણ અનુભવ મને ઋષિકેશના શિવાનંદ આશ્રમમાં થયેલો. તેને સ્વાભાવિક ને સ્થાયી કરવાની મારી ઝંખના હતી. તે માટે મારાથી બનતી મહેનત હું કર્યે જતો. ઋષિકેશનો કુદરતી સૌંદર્યથી ભરેલો પ્રદેશ મને વારંવાર યાદ આવતો. મને થતું કે એ પ્રદેશમાં જો થોડા વખત રહેવાનું ને સાધના કરવાનું સદભાગ્ય સાંપડી જાય તો જીવન ફરી જાય ને ધારેલી વસ્તુ સિદ્ધ થાય. પણ હિમાલયના પવિત્ર પ્રદેશમાં જવાનું એમ વારંવાર ક્યાંથી બની શકે ?

પરંતુ ઇશ્વરની ઇચ્છા જુદી જ હતી. મને ફરીથી હિમાલયની ભૂમિમાં લઇ જવાનું તેણે નક્કી કર્યું. થોડા જ વખતમાં મને તેની જાણ થઇ. વાત એમ બની કે ઋષિકેશમાં દેવકીબાઇની ગુજરાતી ધર્મશાળા છે. તેની સંચાલિકા બાઇ દેવકીબાઇનું તાજેતરમાં જ મૃત્યુ થયું. ધર્મશાળાના મુંબઇના ટ્રસ્ટીઓને તેની ખબર પડી એટલે ધર્મશાળાના મેનેજર તરીકે યોગ્ય માણસની શોધ કરવાનું તેમને માથે આવી પડ્યું. એક ટ્રસ્ટીને લોહાણા બોર્ડીંગના ગૃહપતિ શાસ્ત્રીજી સાથે સારો પરિચય હતો. તેમણે શાસ્ત્રીજીને મેનેજર તરીકે કામ કરી શકે તેવી કોઇ વિશ્વાસુ વ્યક્તિની માહિતી આપવા કહ્યું. તે વખતે હું શાસ્ત્રીજીના હાથ નીચે કામ કરતો એટલે શાસ્ત્રીજીને મારો ખ્યાલ હતો. મારા તરફ તેમને વિશેષ પ્રેમ હતો. હું એકવાર ઋષિકેશ જઇ આવ્યો છું તે પણ તે જાણતા હતા. એટલે સહજ રીતે જ તેમને મારો વિચાર આવી ગયો. તેમણે મારી સલાહ માગી તો મેં હા પાડી. ઇશ્વરની કૃપા વિના આવો અનુકૂળ અવસર કેવી રીતે આવી શકે ? ઋષિકેશ જવાથી એક સાથે બે હેતુ સરે તેમ હતા : આજીવિકાનો પ્રશ્ન ઉકલી જાય ને સાધના માટે મનપસંદ વાતાવરણ પણ મળી રહે. એથી વિશેષ ઇશ્વરની કૃપા બીજી ક્યી હોઇ શકે ?

શાસ્ત્રીજીએ મારા સંબધી ટ્રસ્ટીઓને માહિતી આપી. એટલે રૂબરૂ મુલાકાત માટે તેમણે મને મુંબઇ બોલાવ્યો. એ પ્રમાણે યોગાનુયોગ ઊભો થવાથી લાંબે વખતે મેં ફરી મુંબઇની મુલાકાત લીધી. મુંબઇમાં મહાલક્ષ્મી પર રહેતા એક ટ્રસ્ટી શ્રી મંગળ શેઠને ત્યાં મારો ઉતારો હતો. મને જોઇને તે પ્રસન્ન થયા. બીજા ટ્રસ્ટીઓએ પણ મારી નિમણૂંકને વધાવી લીધી. ધર્મશાળાના વહીવટ વિશે મને કેટલીક સૂચનાઓ આપી. ઋષિકેશ જવાના ખર્ચની રકમ છેલ્લે દિવસે તેમણે મને સુપરત કરી ને મારા પ્રસ્થાનનો દિવસ પણ આવી ગયો.

વડોદરા પાછા આવી હું સરોડા માતાજીને મળવા ગયો. તેમને બધી વાતથી વાકેફ કર્યા. આટલે દૂર જવાની વાત તેમને સહેજે ગમે તેવી ન હતી તોપણ તેમણે કોઇ જાતનો વિરોધ ના કર્યો. એ એમની વિશેષતા હતી. મારા કોઇપણ નિર્ણયનો એમણે અત્યાર સુધી વિરોધ નથી કર્યો. મેં એમને જણાવ્યું કે ઋષિકેશ ખૂબ જ સુંદર તથા સાનુકૂળ સ્થળ છે. તેથી ચિંતા કરવા જેવું નથી. થોડાક સમય પછી ત્યાંના વાતવારણથી સુપરિચિત થતાં તમને પણ ત્યાં બોલાવી લઇશ.

મગર સ્વામી એ સમાચારથી પ્રસન્ન થયા. એમણે મને પ્રોત્સાહન પ્રદાન કરતાં કહ્યું કે સાધના માટે ઋષિકેશનું સ્થળ ઉત્તમ છે. ત્યાં રહીને શાંતિથી સાધના કરજો.

મેં તો નિર્ણય કરી જ રાખેલો. તે પ્રમાણે દિવાળી પછી મેં વડોદરાથી પ્રસ્થાન કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૮. દેવકીબાઇની ધર્મશાળા

કહેવાય છે કે પ્રારબ્ધ પત્થરમાંથી પણ માર્ગ કરે છે. તેની ગતિને કોઇ રોકી શકતું નથી, તે નિશ્ચિત છે. માણસ ધારે કે ના ધારે ને ચાહે કે ના ચાહે, સમય પર તે આવે જ છે ને પોતાનું કામ કર્યે જાય છે. માણસને તે ભોગવવું જ પડે છે. ભોગવવાથી જ તેનો ક્ષય થાય છે. બીજો કોઇ જ ઉપાય નથી. હા, એક વાત સાચી છે : પ્રભુ અથવા પ્રભુના કૃપાપાત્ર મહાપુરુષો ધારે તો તેને પલટાવી શકે અથવા અન્યથા કરી દે છે. પણ તેવી દરમ્યાનગીરી એ અપવાદરૂપ જ કરે છે. એટલે વધારે ભાગે પ્રારબ્ધનો ભોગ કરવો જ પડે છે. કરેલાં કર્મો ફળદાયક થઇને માનવજીવનને જુદાજુદા આકારો આપ્યા કરે છે ને જુદી જુદી વ્યક્તિ તથા જુદા જુદા પ્રદેશના પરિચયમાં લાવ્યા કરે છે. કોઇની સાથે સ્નેહ ને સાનુકૂળતા તથા કોઇની સાથે વેર ને પ્રતિકૂળતા પણ તે જ કરાવે છે. તેના જ પ્રભાવથી મારે હિમાલયના પુરાણપ્રસિદ્ધ પ્રદેશમાં એકવાર ફરી જવાનું થયું કે પછી પરમકૃપાળુ પરમાત્માએ વિશેષ કૃપા કરીને મારા જીવનને હિમાલયની ભૂમિ સાથે જોડી દેવાનું યોગ્ય ધાર્યું તે તો કોણ કહી શકે ? મને તો એ વાતના વિચારથી આનંદ થયો કે એક વાર ફરીથી હિમાલયમાં રહેવાનો અવસર આવી મળ્યો.

એ અવસર ધાર્યા પ્રમાણે અનુકૂળ ન હતો, એની ખાતરી થતાં વાર ના લાગી. ઋષિકેશના સ્ટેશને ઉતરીને હું દેવકીબાઇની ધર્મશાળામાં ગયો, ત્યારે ત્યાં પરિસ્થિતિ જુદી જ દેખાઇ. દેવકીબાઇ જીવનની છેલ્લી દશામાં બિમાર પડ્યાં, તે વખતે તેમના કુટુંબમાંથી બાઇ લક્ષ્મીબાઇ તેમની સારવાર કરવા આવી. દેવકીબાઇના મૃત્યુ પછી તે બાઇ ધર્મશાળાની સર્વેસર્વા બની બેઠી. તે કહેતી કે મારી સેવાના બદલામાં દેવકીબાઇએ મને ધર્મશાળા સોંપી દીધી છે. વધુમાં ઋષિકેશના બે-ત્રણ પંડાઓનો તેને સાથ હતો. તેમની શિખામણથી તેનું વલણ વધારે મજબૂત બન્યું. ધર્મશાળાની બહાર થોડીક દુકાનો હતી અને અંદર પણ એક-બે ભાડૂતી ઓરડીઓ હતી. તેનું ભાડું તે ઉઘરાવી લેતી ને ધર્મશાળાના ટ્રસ્ટીઓને તેની જાણ પણ ના કરતી. એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મારે ત્યાં જવાનું થયું.

લક્ષ્મીબાઇ સાઠેક વરસની ઉંમરની વિધવા બાઇ હતી. તેનું શરીર ખૂબ જ ભારે હતું. ધર્મશાળામાં ઓરડાની બહાર તે ઢોલિયો ઢાળીને બેઠેલી. મને જોઇને તેણે ભવાં ચઢાવ્યાં. મેં તેને મારો પરિચય આપ્યો. પછી ટ્રસ્ટીઓની ચિઠ્ઠી સુપ્રત કરી. પણ એ અક્ષરશત્રુ હતી એ તરત જ સમજાઇ ગયું. ટ્રસ્ટીઓનું નામ સાંભળીને તેનું સ્વરૂપ બદલાઇ ગયું. તેની આંખ લાલ થઇ ગઇ. તેણે રણચંડીનું રૂપ ધારણ કરીને ક્રોધિત થઇને કહેવા માંડ્યુ: 'ટ્રસ્ટીબસ્ટીને હું ઓળખતી નથી. તેના માણસનું પણ મારે કામ નથી. ધર્મશાળા મારી છે. મને દેવકીબાઇએ સુપ્રત કરેલી છે. તેના પર મારા વિના બીજા કોઇનો હક નથી. ટ્રસ્ટી અત્યારે ક્યાંથી જાગ્યા ? દેવકીબાઇ બિમાર હતી ત્યારે તે શું કરતા હતા ? તન તોડીને ચોકરી તો મેં કરી છે. તે વખતે ટ્રસ્ટી શું ઊંઘતા હતા ? મારી ચાકરીના બદલામાં તેણે મને ધર્મશાળા લખી આપી છે. હવે મને કોણ બહાર કાઢે તેમ છે ? ટ્રસ્ટીની તાકાત શી કે મને બહાર કાઢી શકે ?'

બાઇનું રૌદ્રરૂપ જોઇને હું તો ભારે વિમાસણમાં પડી ગયો. ભગવાનના ભયંકર સ્વરૂપને જોઇને ભયભીત થયેલા અર્જુનની અવસ્થાનું આલેખન કરતો ગીતાનો અગિયારમો અધ્યાય મને યાદ આવ્યો. મેં

શાંતિથી ઉત્તર આપ્યો: 'તમને ધર્મશાળાની બહાર કાઢવાની વાત જ ક્યાં છે ? તમારે રહેવું હોય તો ધર્મશાળામાં ખુશીથી રહો. પણ માલિક બનીને નહિ રહી શકાય. દેવકીબાઇએ ટ્રસ્ટીઓ નીમેલા છે. તે ધર્મશાળાનો વહિવટ કરશે. તેમણે જ મને મોકલ્યો છે. તેથી તમારે સમજી જવું જોઇએ. દેવકીબાઇએ ટ્રસ્ટીઓ કરેલા છે એટલે બીજા કોઇને ધર્મશાળા લખી આપવાનું બની શકે જ કેવી રીતે ? તમે તન તોડીને ચાકરી કરી તે સારું થયું. પણ તેનો તમે ગેરલાભ ઉઠાવી રહ્યા છો. આ તો ધર્માદા સંસ્થા છે. તેના પર હક કરવાનું કામ સારું ના કહેવાય. માટે સમજી જાઓ તો સારું.'

પણ સમજવાનો શ્રમ કરવાની પણ તેણે જાણે કે બાધા લીધેલી. તેણે એવું જ રૌદ્ર રૂપ કાયમ રાખીને જવાબ વાળ્યો : 'હું તો બધું સમજી બેઠેલી છું. મારે સમજવાનું કંઇ બાકી નથી. જોઉં તો ખરી મને ટ્રસ્ટીઓ કેવી રીતે કાઢે છે ! જીવું છું ત્યાં લગી હું અહીંથી નીકળવાની નથી ને મારો માલિકી હક છોડવાની નથી.'

ને પછી તો તેણે ટ્રસ્ટીઓને માટે તૈયાર રાખેલો ગાળોનો શબ્દકોશ શરૂ કર્યો. તેનું વર્ણન ના કરું તે જ સારું છે. તેનું પારાયણ કરવાનો મારો વિચાર નથી.

અમારા વાર્તાલાપ દરમ્યાન ધર્મશાળામાં રહેતી બે-ત્રણ બીજી ગુજરાતી વિધવા બેનો પણ આવી પહોંચી. હું હજી ઊભો જ હતો. મારી સામે એક નાની ઓરડી હતી. તેમાં એક બીજાં વિધવા બેન ઊભા હતાં. તેમનું નામ દેવકોરબેન હતું. અમારી વાત પૂરી થઇ પછી તેમણે મને પોતાની પાસે બોલાવ્યો ને મારી સાથે સહાનુભૂતિથી વાત કરી. લક્ષ્મીબાઇની ગાળો હજી ચાલુ જ હતી. તે દશામાં તેને સમજાવવાનું કામ કઠિન હતું. એટલે દેવકોરબેનના કહેવાથી હું તેમની સાથે ગંગાકિનારે ફરવા નીકળી પડ્યો. થોડા જ વખતમાં મને સમજાઇ ગયું કે તે બેનનો સ્વભાવ ખૂબ જ માયાળુ ને પરગજુ હતો. તે નાશિકના વતની હતાં. તેમની ઉંમર પ્રમાણમાં નાની હતી. ખૂબ જ સુખી ઘરજીવન જીવીને તે થોડાંક વરસોથી વિધવા થયેલા. ટ્રસ્ટીઓને તે સારી રીતે ઓળખતાં. તેમણે મને ધર્મશાળાની વર્તમાન પરિસ્થિતિની વિસ્તારથી માહિતી આપી ને હિંમત પૂરી પાડી. ધર્મશાળામાં તે વખતે બધી મળીને છ ગુજરાતી સ્ત્રીઓ રહેતી. તેમાં તેમનો સ્વભાવ ઘણો સારો હતો. તે ઉપરાંત ધર્મશાળાના મંદિરના પૂજારી અને એક બીજા ભાઇ રહેતા. તેમનો સ્વભાવ પણ સારો હતો.

દેવકોરબેન મને નેપાલી ક્ષેત્રના વ્યવસ્થાપક ચોતરામ પાસે લઇ ગયાં. તે દેવકીબાઇના વિશ્વાસુ હતા. તેમણે પણ મને બનતી મદદ કરવાનું વચન આપ્યું. બીજે દિવસે ધર્મશાળામાં આવીને તેમણે લક્ષ્મીબાઇને સમજાવી. પણ તે કોઇ રીતે માને તેમ ન હતી. ઋષિકેશના બે-ત્રણ પ્રતિષ્ઠિત પંડાઓએ તેને સાથ આપ્યો, એટલે તેની હિંમત વધી ગયેલી.

એટલું સારુ થયું કે પહેલે જ દિવસે લક્ષ્મીબાઇએ મને ધર્મશાળામાં ઓરડી ઉઘાડી આપી. ધર્મશાળાનું મકાન સુંદર હતું. ચારે તરફ ઓરડીઓ, પરસાળ ને વચ્ચે મોટો ખુલ્લો ચોક. ચોકમાં નાનું સરખું છતાં સુશોભિત શિવમંદિર. હવા, ઉજાસ બધું બરાબર. મંદિરની પાસે જ કૂવો ને તેની પાસે એક-બે નાના સરખાં ઝાડ. ઉપર બધે જ ધાબાં. ચોકની વચ્ચે ઊભા રહેવાથી બે બાજુએ ઊંચા ઊંચા પહાડનું દર્શન થયા કરે. કેટલી સરસ જગ્યા ! દેવકીબાઇ મૂળ કચ્છનાં હતાં. તેમણે ઠેકઠેકાણે ફરીને પૈસા ઉઘરાવ્યા ને પછી ધર્મની ભાવનાથી પ્રેરાઇને ધર્મશાળા બંધાવી. એક અભણ ગામડાંની બાઇએ સેવાધર્મની મહત્તાને સમજીને

એકલે હાથે કેવું ઉત્તમ ને ઉપયોગી કામ કરી દીધું ! પ્રવાસી ને યાત્રીઓને રહેવાની કેવી સરસ સગવડ કરી દીધી ! જ્યાં સુધી ઋષિકેશ રહેશે ત્યાં સુધી દેવકીબાઇની સેવાભાવનાનું સ્મારક અમર રહેશે.

એ સ્મારકમાં મારો જે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પ્રવેશ થયો તેનો વિચાર કરતાં અંતર અવનવા ભાવોનો અનુભવ કરવા માંડ્યું.

પરિસ્થિતિ ઉપર કહ્યા પ્રમાણે પ્રતિકૂળ હોવાથી મારે ધર્મશાળામાં ખાસ કામ ન હતું. લક્ષ્મીબાઇ પોતાનો કબ્જો છોડવા તૈયાર ન હતી. એટલે તે સંબંધી મેં ટ્રસ્ટીઓની સાથે પત્રવ્યવહાર ચલાવવા માંડ્યો. ટ્રસ્ટીઓએ મને ટ્રસ્ટડીડની નકલ મોકલી. પરંતુ તેથી કામ સરે તેમ ન હતું. કોર્ટમાં કેસ કર્યા વિના આખોયે પ્રસંગ ઉકલે તેવી આશા ન હતી. એ વિશે પોતાને યોગ્ય લાગે તે નિર્ણય ટ્રસ્ટીઓને લેવાનો હતો.

લક્ષ્મીબાઇ મને ગાળો દેતી પણ હું તેને શાંતિથી સાંભળી રહેતો. પ્રભુએ જાણે મારી કસોટી કરવાનું શરૂ કર્યું. પ્રતિકૂળતામાં પણ પ્રભુની કૃપાનું દર્શન કરીને મેં અનુકૂળ વાતાવરણ તૈયાર કરવા માંડયું. મારા હૃદયમાં ભક્તિભાવ ને વૈરાગ્ય હતો. વળી ઋષિકેશ જેવું સ્થળ મળ્યું એટલે મેં મનને સાધનામાં લગાડી દીધું. મારા ખંડમાં મારી પથારીની પાસે કબાટ પર મેં શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ ને વિવેકાનંદના મોટા ફોટાઓ લગાવી દીધા. તે ફોટાઓ મને ભિક્ષુ અખંડાનંદજીએ ભેટ આપેલા. સવાર-સાંજ તેમની પાસે બેસીને મેં જપ, ધ્યાન ને પ્રાર્થનાનો આનંદ લેવા માંડ્યો. દિવસે વધારે ભાગે બારણાં બંધ રાખીને મારું કામ કર્યા કરતો. એકાંત જીવનનો અભ્યાસ મને પહેલેથી પડી ગયો હતો. એટલે એકલા રહેવામાં અનેરો આનંદ આવતો. વધારે ભાગે હું સાધનાપરાયણ જ રહેતો. અઠવાડિયામાં બે વાર - ગુરૂવાર ને સોમવારે મૌનવ્રત પણ રાખવા માંડ્યો. પ્રભુએ કૃપા કરીને મને જે એકાંત જીવનનો લાભ આપ્યો, તેનો વિચાર કરીને મેં પ્રભુનો ખરેખર અંતઃકરણપૂર્વક આભાર માનવા માંડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૯. ચંપકભાઇનો પરિચય અને બીજી વાતો

ધર્મશાળામાં રહેવાનો જે સોનેરી સમય મળ્યો, તેનો ઉપયોગ કરીને વધારે ને વધારે સાધનાપરાયણ થવાની વૃતિ મેં કેળવવા માંડી. તે દિવસોમાં મારું ધ્યાન જપ તરફ વિશેષ હતું. દિવસનો વધારે વખત હું જપ જ કર્યા કરતો. જપથી અનેક લાભ થાય છે ને સિદ્ધિ મળે છે તે વાતની મને ખબર હતી. એટલે જપ કરવામાં મને ખૂબ જ આનંદ આવતો.

ધર્મશાળામાં ગયા પછી લગભગ ત્રણ-ચાર મહિને મારું મન જરા અસ્વસ્થ રહેવા લાગ્યું. સાધનાના મુશ્કેલ માર્ગનો વિચાર કરીને તે મુંઝાવા માંડયું. ધર્મશાળાના વાતાવરણની અસર પણ તેના પર થોડીઘણી થઇ હશે. તે દરમ્યાન મારે એક યોગીપુરુષના પરિચયમાં આવવાનું થયું. તેમણે મને રોજના હજાર ગાયત્રીજપ કરવાનું કહ્યું. તે પ્રમાણે મેં નિયમિત રીતે ગાયત્રીજપ કરવાની શરૂઆત કરી. પરિણામ ઘણું ચમત્કારિક આવ્યું. લગભગ ત્રણેક મહિના પછી મારું મન સ્થિર થઇ ગયું. તેમાં આશા અને ઉત્સાહ ફરી વળ્યાં. જપની શક્તિનો એ અનુભવ ઘણો અમૂલ્ય હતો. તેને લીધી જપ પરના મારા વિશ્વાસમાં વધારો થયો.

રસોઇ બનાવવાનો પ્રસંગ મારે માટે આ પહેલો જ હતો. ધર્મશાળામાં પ્રવેશ કર્યા પહેલાં રસોઇના વિજ્ઞાનની મને માહિતી ન હતી. કડછી કે વેલણ પકડવાનો પહેલવહેલો અવસર ધર્મશાળામાં જ આવી પડ્યો. છતાંપણ મેં હિંમત કરીને જેવા તેવા પ્રયોગ કરવા માંડ્યા. સદભાગ્યે ધર્મશાળામાં રહેતા એક-બે ભાઇબહેનો ખૂબ જ માયાળુ હતા. તે મને વારંવાર સલાહસૂચનો આપતા ને મદદ કરતાં. તેથી મારું કામ સહેલું થઇ પડતું. છતાંપણ કોઇને જમાડી શકાય તેવી રસોઇ તો હું બનાવી જ ના શકતો. તેવી રસોઇની કળા બહુ લાંબે ગાળે હસ્તગત થઇ શકી.

હું ટ્રસ્ટીનો મોકલેલ માણસ હોવાથી લક્ષ્મીબાઇ મને કોઇ જાતની મદદ કરવા તૈયાર ન હતી. તે મને શત્રુ સમજતી, ગાળો દેતી, મારી વિરુદ્ધ ફાવે તેવી વાતો ફેલાવતી, ને મને હેરાન કરવાની તક શોધ્યા કરતી. કોઇ રીતે કંટાળી કે ત્રાસીને હું ધર્મશાળાનો ત્યાગ કરીને ચાલ્યો જાઉં એવી તેની ઇચ્છા હતી. પણ મારે માથે થોડીક પણ જવાબદારી હતી. મારે ધર્મશાળામાં રહીને બધી વિગતથી ટ્રસ્ટીઓને વાકેફ કર્યા વિના છૂટકો ન હતો. મને સમજાતું કે લક્ષ્મીબાઇને મારી હાજરી સાલે છે. પણ શું થાય ? તે માટે કોઇ ઉપાય ન હતો. ધર્મશાળાના પ્રકરણની સુખદ પૂર્ણાહુતિ માટે પ્રભુને પ્રાર્થના કરીને હું બને તેટલો શાંત રહેતો. વળી મારા મનમાં તે બાઇ પ્રત્યે ખરાબ વિચાર કે વિરોધી ભાવના ના જાગે તે માટે પણ બનતી સાવધાની રાખતો. તેમાં મદદ મળે તે માટે અઠવાડિયામાં એક વાર તેની પાસે જતો ને બધી વાત સમજાવીને કહેતો કે, 'મારા અહીં રહેવાથી તમને દુઃખ થાય છે તેની મને ખબર છે. પણ શું કરું ? લાચાર છું. મારે ટ્રસ્ટીઓની આજ્ઞા પ્રમાણે ચાલવું પડે છે. છતાં પણ મારે લીધે તમને દુઃખ થતું હોય તો તમારી માફી માંગુ છું.'

તેથી લક્ષ્મીબાઇને જરા શાંતિ વળતી ને સારું લાગતું. પણ પોતાની મૂળ પ્રકૃતિમાં આવી જતાં તેને વાર ન લાગતી. તે મને ગાળો દેતી કે વિરોધી વચનો કહેતી છતાં મેં તેનો સામો ઉત્તર આપ્યો હોય એવો એકે પ્રસંગ મને યાદ નથી. ઇશ્વરે જાણે મારી સહનશક્તિની કસોટી કરવા માંડી. તે દિવસોમાં એક દિવસ

મારે મૌનવ્રત હતું. ત્યારે તે બાઇ મારે માટે ફાવે તેમ બોલવા લાગી. મારી પાસે તે વખતે ચંપકભાઇ બેઠેલા. તેમને પણ બાઇના વચનો સાંભળીને ઘણું ખરાબ લાગ્યું. બાઇને મારા તરફથી ઉત્તર આપવાની ઇચ્છા થઇ. કેમ કે તેમને મારા પર પ્રેમ હતો. પરંતુ મેં તેમને સંકેત કરીને શાંત રાખ્યા. એવા વિરોધી વાતાવરણમાં મારે તે વખતે રહેવાનું હતું.

ચંપકભાઇના ઉલ્લેખ પરથી કોઇને તેમના વિશે વધારે જાણવાની ઇચ્છા થશે. તેમણે મારા તે વખતના જીવન દરમ્યાન મને ઘણી યાદગાર મદદ કરેલી.

ચંપકભાઇની પહેલવહેલી મુલાકાત મને સ્વર્ગાશ્રમમાં થઇ. ત્યાં વિખ્યાત વડના વૃક્ષની નીચે શ્રી જયદયાલ ગોયન્કાનો સત્સંગ ચાલતો. કોઇ કોઇ વાર હું તે સ્થાનની મુલાકાત લેતો. સત્સંગ પૂરો થયા પછી ત્યાં બેઠેલા બે ગુજરાતી ભાઇઓની સાથે હું બેઠેલો, ત્યારે એમાંના એક ભાઇએ ચંપકભાઇને બોલાવીને તેમની સાથે મારી ઓળખાણ કરાવી. ચંપકભાઇને મારી નાની ઉંમર જોઇને મારા વિશે જરા કુતૂહલ થયું. તેમણે મને બેત્રણ પ્રશ્નો પૂછ્યાં ને મેં તેના પ્રેમથી ઉત્તર આપ્યા. સાંજ પડવાનો વખત પાસે આવતાં હું ઋષિકેશના મારા ઉતારે જવા તૈયાર થયો. એટલે તેમણે પણ મારી સાથે આવવાની ઇચ્છા બતાવી. બજારમાં થઇને અમે ધર્મશાળામાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે મારી રોજનીશી જોઇ. જતી વખતે તેમણે મારી સાથે રહેવાની ઇચ્છા બતાવી. મેં કહ્યું, 'તમે મારી સાથે રહો તેમાં મને કશી હરકત નથી. પરંતુ તમને ફાવવું મુશ્કેલ છે. હું વધારે ભાગે પ્રભુપરાયણ રહુ છું. અઠવાડિયામાં બે દિવસ મૌન રાખું છું. તે ઉપરાંત રોજ બપોરે બે થી પાંચ સુધી જપ કરું છું. તે વખતે બારીબારણાં બંધ રાખું છું. તમારે અંદર બેસવું હોય તો શાંતિથી બેસવું પડશે અથવા પસંદ પડે તો તે વખતે બહાર જવાનું રહેશે. તમને અનુકૂળ આવે તો મને હરકત નથી.'

તે મારી વાત સાથે સંમત થયા. એમણે ભગવાન આશ્રમમાં એક ખંડ રાખેલો એટલે રાતે ત્યાં રહેવાનું ને દિવસનો બધો ભાગ મારી સાથે ગાળવાનું નક્કી કર્યું. ભોજન પણ શરૂઆતમાં કેટલોક વખત અમે સાથે જ બનાવતાં. તે મને બનતી બધી જ મદદ કરતાં. બપોરે બારીબારણાં બંધ કરીને હું જપ કરવા બેસતો ત્યારે શરૂઆતમાં તો અપૂર્વ હિંમત રાખીને તે બંધ ઓરડામાં બેસી રહેતા. પરંતુ થોડા દિવસ પછી તે પણ જપ કરતા થયા. સામે રાધાકૃષ્ણની છબી રાખીને, હાથમાં માળા લઇને, તે જપ ને પ્રાર્થના કરતા. એ રીતે અમારો પ્રેમ વધતો ગયો.

પ્રેમ ને પરિચય વધવાથી અમે એકમેકની પાસે પહોંચતા ગયા. ચંપકભાઇના બહુવિધ ગુણોની મને ખબર પડી. તેમનો સ્વભાવ શાંત ને પરગજુ હતો. મિત્રતા કરવાની તેમની શક્તિ ખાસ ઉલ્લેખનીય હતી. અજાણ્યા માણસોની સાથે પણ તેમને સ્નેહ કરતા વાર લાગતી નહિ. તે બહુ દયાળુ ને પવિત્ર દિલના હતા. સૌરાષ્ટ્રના દેશી રાજ્યોની આઝાદીની લડતમાં તેમણે આગળ પડતો ભાગ લીધેલો ને ૧૯૪૨ની લડતમાં મુંબઇમાં કામ કરતાં તે પકડાયેલા. મુંબઇની જેલમાંથી તે ધોળે દિવસે નાસી છૂટેલા. તેના પરથી તેમની અજબ હિંમત ને સમયસૂચકતાનો સહેજે ખ્યાલ આવી શકે તેમ છે. ત્રીસ થી બત્રીસ વરસની અંદર અંદર તેમણે મેળવેલા અનુભવો ઘણાં કિંમતી હતા. મુંબઇથી નાસી છૂટીને કોઇ મિત્રની સલાહ પ્રમાણે તે મસૂરી જવા રવાના થયા. પરંતુ દૈવયોગે મસૂરી જવાને બદલે સીધા ઋષિકેશ આવી પહોંચ્યા. કૃશ શરીરના એ ખાદીધારી, બુદ્ધિશાળી ને સાહસિક યુવાનને જોઇને મને ખરેખર આનંદ થયો. એમનામાં એક ઉમદા પુરુષના

ઘણાંખરા લક્ષણો વિદ્યમાન હતાં. તેમનું બહોળુ મિત્રમંડળ તેમને સ્વેચ્છાથી આર્થિક મદદ મોકલ્યા કરતું. એટલે જીવનની એક મહત્વની ચિંતાથી તે મુક્ત હતા. મારી સાથે પ્રસંગમાં લાવવા માટે જ ઇશ્વરે તેમને ઋષિકેશ મોકલી આપ્યા હોય એમ લાગ્યું. તે ઉપરાંત તેમના જીવનમાં બીજરૂપે રહેલા આધ્યાત્મિક સંસ્કારોની વૃદ્ધિ કરીને એક નવી જ દુનિયાનું દર્શન કરાવવાનો પણ ઇશ્વરનો હેતુ હશે.

જે હોય તે, પણ અમારો સ્નેહસંબંધ દિવસે દિવસે વધતો જ ગયો. તે વખતે ચંપકભાઇની સાથે એકવાર હું દહેરાદૂન ગયો હતો. દહેરાદૂનમાં અમે થોડાં દિવસ અભય મઠમાં રહેલા. તે દરમ્યાન એક પ્રસંગ બન્યો. મઠની પાસે રહેતા કોઇ બે પુરુષો રોજ સાંજે મને મળવા આવતા. પણ તે વખતે મને ધ્યાનમાં બેઠેલો જોઇને તે પાછા જતા. તેમણે ચંપકભાઇને વાત કરતાં કહ્યું, 'અમારે મહાત્માજીને મળવું છે.' ચંપકભાઇએ તેનું કારણ પૂછ્યું તો તેમાંના એક ભાઇ બોલ્યા: 'થોડા દિવસ પહેલા મને સંતસમાગમની ઇચ્છા થઇ. તે વખતે એક સંતપુરુષનું સ્વપ્નમાં દર્શન થયું. બેત્રણ દિવસ પહેલાં તમારી સાથેના મહાત્માને જોયા એટલે અમને તેની યાદ આવી. સ્વપ્નમાં મેં તમારી સાથે છે તે જ મહાત્માજીને જોયા. તેમને મારે ઘેર લઇ જઇને ભોજન કરાવવું છે.'

ચંપકભાઇને એ વાત સાંભળીને જરા નવાઇ લાગી. તેમણે મને વાત કરી જોઇ. તેથી મને પણ નવાઇ લાગી. એક દિવસ રાતે અમે મઠમાં ફરતા હતા તે વખતે તે ભાઇઓ આવી પહોંચ્યા. મારે મૌન હોવાથી મેં તેમને સવારે આવવાની સૂચના કરી ને તેમના આગ્રહને માન આપીને બીજે દિવસે તેમને ત્યાં ભોજન કરવા જવાનું કબૂલ કર્યું.

સવારે તે ભાઇઓ આવી પહોંચ્યા. થોડીક વાતો કરીને અમે તેમના બાજુના મકાનમાં ગયા. તેમણે અમને ભાવપૂર્વક ભોજન કરાવ્યું. ભોજન કરીને તેમની વિદાય લેવાની મેં તૈયારી કરી, ત્યાં જ એક ડોશીમા આવી પહોચ્યાં. તેમના હાથમાં એક પાણીની વાડકી હતી. વાડકી મારી સામે ધરીને તે મારો રસ્તો રોકીને ઉભા રહ્યાં ને તૂટીફૂટી ભાષામાં કાંઇક બોલવા માંડ્યા. પેલા ભાઇએ મને તેમનો પરિચય આપતા કહ્યું કે ડોશીમા તેમના માતા હતા. કેટલાય વખતથી તે બિમાર ને પથારીવશ હતા. લાંબા વખતથી ડોક્ટરોની દવા ચાલતી, પણ તેમને કોઇ આરામ થતો ન હતો. બિમાર વ્યક્તિને વધારે ભાગે સંતસાધુના આશીર્વાદની ઇચ્છા હોય જ છે. તેમાંયે વળી કોઇ વિશેષ ભાવિક ને શ્રદ્ધાળુ વ્યક્તિને તેની વિશેષ ઇચ્છા હોય છે. ડોશીમા પણ મારા આશીર્વાદની ઇચ્છાથી મારી આગળ ઉભા રહ્યા. તેમના હાથની વાડકીને હું સ્પર્શ કરું ને તેનું પાણી તે પી જાય તો તેમની બિમારી દૂર થઇ જાય એવી તેમની ભાવના હતી. દરેક વ્યક્તિને પોતાની પસંદગી પ્રમાણેની ભાવના સેવવાનો અધિકાર છે. તેમાંથી તેને કોઇ વંચિત કરી શકે તેમ નથી. પરંતુ મારા તરફથી મારે મારી યોગ્યાયોગ્યતાનો વિચાર તો કરવો જોઇએને ? મારામાં કોઇ ખાસ યોગ્યતા ન હતી, તેમજ કોઇ કરામત પણ ન હતી. તે દશામાં ડોશીમાની ઇચ્છાનો અમલ કરવાનું કામ સારું ના જ ગણાય. એટલે મેં તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો.

પરંતુ તે તો પોતાની હઠને વળગી જ રહ્યાં. પેલા ભાઇને મેં તેને સમજાવી જોવા વિનંતી કરી. પણ તે ભાઇ માતાના પક્ષના જ નીકળ્યા ! તેમણે મને ડોશીમાની ભાવના પૂરી કરી તેમને સંતોષ આપવાની પ્રાર્થના કરી.

મેં કહ્યું: 'મને આવી વાતોમાં શ્રદ્ધા જરૂર છે. પણ આજે તો તેમનો વેપાર ચાલ્યો છે ને તે રોજની થઇ પડી છે. સ્વાર્થી હેતુથી પ્રેરાયેલા કેટલાય લેભાગુ અને અધકચરા સાધુઓ આવી પદ્ધતિનો આધાર લઇને લોકોને ઠગી રહ્યા છે. છતાં તમે શિક્ષિત થઇને આવી વાતને પસંદ કરો છો ને ઉત્સાહ આપો છો એ આશ્ચર્યજનક છે. સાચા સંતોના આશીર્વાદ સર્વકાંઇ કરી શકે છે એમાં મને શંકા નથી. પણ હું તો હજી શરૂઆતનો સાધક છું. મારી ક્ષુદ્રતાનો મને ખ્યાલ છે. માટે એક વાર ફરી ડોશીમાને સમજાવી જુઓ તો સારૂં. મને આનંદ થશે.'

પણ ડોશીમા પોતાના નિર્ણયમાં દૃઢ હતાં. એટલે નાછૂટકે મારે તેમની વાડકીને હાથ લગાડવો પડ્યો. જતી વખતે મેં કહ્યું : 'જોજો, મને કોઇ જાતનો દોષ દેતા નહિ. તમારી ભાવનાને માન આપીને જ મેં વાડકીને હાથ લગાડ્યો છે. મેં તો તમારી ઇચ્છા પ્રમાણે અભિનય કરી બતાવ્યો છે. હા, તમને આરામ થાય તે માટે મેં પ્રભુને પ્રાર્થના જરૂર કરી છે. તેને સાંભળવાનું કામ તેનું છે.'

અભય મઠમાં પાછા આવીને મેં ચંપકભાઇને કહ્યું : 'હવે આપણે ઋષિકેશ જઇએ તે સારું છે. અહીં વધારે રહેવું સારું નથી. પરિચયો ધીરે ધીરે વધવા માંડતા માણસો વધારે ને વધારે પ્રમાણમાં ભેગા થશે અને આપણી એકાંત સાધના-ભજનમાં ભંગ પડશે. માટે પહેલેથી ચેતી જઇએ તે સારું છે. ઇચ્છા હોય તો તમે અહીં થોડા દિવસ ભલે રહો. પણ હું તો આજે જ વિદાય થઇશ.'

ચંપકભાઇ મારી સાથે સંમત થયા. એટલે મેં તે જ દિવસે સાંજે દહેરાદૂન છોડ્યું. તે થોડા દિવસ રોકાઇને ફરી ઋષિકેશ આવ્યા ત્યારે કહેવા લાગ્યા : 'તમારા ગયા પછી પેલા ભાઇઓ મઠમાં આવ્યા હતા. ડોશીમાનું સ્વાસ્થ્ય પાણી પીધું તે દિવસથી સુધરવા માંડેલું. તેથી તેમની શ્રદ્ધા વધી હતી. તે તમારું ઋષિકેશનું સરનામું પૂછતાં હતાં પણ તમે ના કહી હોવાથી મેં તેમને સરનામું ના આપ્યું. બીજા પણ કેટલાક ભાઇઓ દર્શન કરવા આવેલા.'

મેં કહ્યું : 'પ્રભુની ઇચ્છા એવી હશે એટલે ડોશીમાને આરામ થવા માંડ્યો. બાકી માણસમાં શી શક્તિ છે ? આ તો કાગને બેસવું ને ડાળને પડવા જેવું થયું છે. એમાં આપણે આનંદ માનવાનો કે ગૌરવ લેવાનો પ્રશ્ન જ ના હોય.'

ચંપકભાઇની પાછળ વોરંટ હતું. તેથી તે ખૂબ જ સાવધાનીથી રહેતા. તેમણે ચંપકભાઇને બદલે મનુભાઇ નામ રાખ્યું. મિત્રોને પત્રો લખવામાં પણ તે એ જ નામનો ઉપયોગ કરતા. તેમના શિર પર જોખમ હતું. મુંબઇની બાહોશ મનાતી છૂપી પોલીસ તેમની કડીબંધ માહિતી મેળવીને તેમને ક્યારે પકડી પાડે તે કહેવાય તેમ ન હતું. એટલે તે સદાયે જાગ્રત ને વિચારશીલ રહેતા.

એ અરસામાં અમે એકવાર દહેરાદૂનની પાસે આવેલા કુદરતી સૌંદર્યથી ભરેલા સ્થળ સહસ્ત્રધારાના દર્શને ગયા. નામ પ્રમાણે પાણીની હજારો ધારાઓ ત્યાં વહ્યા કરે છે. એ શાંત અને એકાંત સ્થળને જોઇને મને ઘણો આનંદ થયો. પાછા આવતાં રાયપુરમાં માતા આનંદમયીના દર્શનનો લાભ મળ્યો. તેમનું વ્યક્તિત્વ આકર્ષક હતું. રાયપુરમાં એમના આશ્રમની પણ અમે મુલાકાત લીધી.

દહેરાદૂનમાં શ્રી ભૈરવદત્ત જોશી નામે એક યોગીપુરુષ હતા. તેમની પહેલવહેલી મુલાકાત મને ઋષિકેશના ભરત મંદિરમાં થઇ. સાધનાના માર્ગે તેમણે ઘણો નોંધપાત્ર વિકાસ કર્યો હતો. તેમના અનુભવો

તેમની પાસેથી સાંભળવાનો કોઇવાર લાભ મળતો ત્યારે આનંદ થતો. તેમના અનુભવો ઘણાં ગુઢ હતા. તેમનો સ્વભાવ શાંત ને પ્રેમાળ હતો. ઔષધિનું તેમનું જ્ઞાન ઘણું ઊંચું હતું. સાધુ સંત ને ગરીબોની સેવા તેઓ ખૂબ જ રસપૂર્વક કરતા. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં તેમનું મન પ્રભુપરાયણ રહેતું. આત્મિક ઉન્નતિની ઇચ્છાવાળા સંસારીજનોને માટે તેમનું જીવન આદર્શરૂપ ને પ્રેરણાથી ભરેલું હતું. તે પહેલાં સરકારી નોકરી કરતાં પણ કોઇ કારણથી છૂટા થઇને સાધનાના ક્ષેત્રમાં પડેલા. મને મળેલા સજ્જન પુરુષોમાં તેમનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. તેમની નમ્રતા પણ અનુકરણીય હતી. તે મારા પર પ્રેમ રાખતા. ચંપકભાઇને પણ સુયોગ્ય સલાહ આપતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૦. વસુધારાનો વૈરાગી

એક દિવસ ભોજન કરીને હું ધર્મશાળામાં આરામ કરતો હતો. ત્યાં તો મારા ઓરડાનું બારણું ઉઘડ્યું અને એક કૃશ કાયાવાળા કાળી શાહી જેવા દેખાતા યુવાન સાધુએ અંદર પ્રવેશ કર્યો. મેં તેમને આદરપૂર્વક આસન આપ્યું. મને લાગ્યું કે તે ગુજરાતી હશે એટલે આ ધર્મશાળામાં કોઇના કહેવાથી આવ્યા હશે ને મને મેનેજર જાણીને મારી સાથે વાત કરવા માગતા હશે.

મારી કલ્પના અમારી વાતચીત પરથી સાચી નીકળી. તે યુવાન મૂળ સૌરાષ્ટ્રના નિવાસી હતા. બાળપણમાં તે ઘર છોડીને નીકળી ગયેલા. તેમના શરીર પર એક માત્ર લંગોટી હતી. તેના પર કાળી કફની પહેરેલી. માથા પર નાની જટા ને કાનમાં કુંડલ તેમની શોભામાં વધારો કરતાં. તેમની મુખાકૃતિ છેક જ કાળી પણ આંખો તેજસ્વી હતી. તેમનો ઉપલક પરિચય જાણ્યા પછી મેં તેમને પ્રશ્ન કર્યો: 'તમે ક્યાં રહો છો ને ક્યાંથી આવો છો ?'

તેમણે ઉત્તર આપ્યો : 'વસુધારા રહું છું ને ત્યાંથી જ આવી રહ્યો છું. વસુધારા બદરીનાથથી લગભગ છ માઇલ દૂર છે.'

'ત્યાં કેવી રીતે પહોંચી ગયા ?' મારી જિજ્ઞાસા વધી.

'સંસ્કારને લીધે.' તેમણે કહેવા માંડ્યું, 'ફરતો ફરતો બદરીનાથ ગયો, ત્યારે ત્યાંની સુંદરતાને જોઇને ત્યાં રહેવાનું મન થઇ ગયું. મંદિરનો પટ બંધ થઇ ગયો તોપણ હું તો ત્યાં જ રોકાઇ ગયો. બે ત્રણ બીજા સાધુ પણ ત્યાં રહેતા હતા. તેમની સૂચનાથી હું તેમની પાસે વસુધારાની ગુફામાં રહેવા માંડ્યો.'

'પણ ત્યાં તો પ્રખર ઠંડી હશે. વળી ખાવા પીવાનું સાધન પણ નહિ. ત્યાં તમને કેવી રીતે ફાવે છે ?' મેં પ્રશ્ન કર્યો.

'વાત સાચી છે.' તેમણે કહેવા માંડ્યું, 'પણ ખાસ મુશ્કેલી જેવું નથી. વસુધારાની પાસેના પ્રદેશમાં એક જાતની જડીબુટ્ટી થાય છે. તેનું સેવન કરવાથી લગભગ ચાલીસ દિવસ સુધી ભૂખ નથી લાગતી. ત્યાંના અનુભવી મહાત્માઓએ મને તે બુટ્ટી બતાવી ને તેને વાપરવાની વિધિનું જ્ઞાન આપ્યું. એટલે મારી ચિંતા દૂર થઇ. બદરીનાથના પ્રદેશમાં એવી કેટલીય બુટ્ટીઓ થાય છે. એક બીજી બુટ્ટી છે, તેની અમુક વિધિપૂર્વક ભસ્મ બનાવીને તેનું સેવન કરવાથી ને તેના રસને શરીરે ચોપડવાથી એટલી બધી ગરમી ઉત્પન્ન થાય છે કે બરફ પર ઉઘાડા પગે ચાલવામાં આવે તોપણ ઠંડી ના લાગે. બરફ પર સૂઇ જઇએ તોપણ કાંઇ જ થાય નહિ. એ બુટ્ટીની મદદથી કેટલાક સંતો બરફના ટૂંકા માર્ગે થઇને બદરીનાથથી કેદારનાથ વચ્ચે આવજા કરે છે.'

એમ કહીને તેમણે ખભે લટકાવેલી નાની થેલી કાઢી, અને મને બંને પ્રકારની જડીબુટ્ટી બતાવી. મને તેથી આનંદ થયો. તેમણે કહ્યું કે : 'ઔષધિ સેવનથી ભૂખ લાગતી નથી, પણ લાંબે ગાળે શરીર જરા અશક્ત જરૂર થાય છે. એટલે તદ્દન એકાંત પ્રદેશમાં ન છૂટકે જ તેનો ઉપયોગ કરવો સારો.'

અમે પ્રાણાયામની વાતો કરી. તેમણે મને કહ્યું : 'તમે મારી સાથે ચાલો. આપણે વસુધારા રહીશું. હું તમને ઔષધિ બતાવી દઇશ.'

મેં કહ્યું : 'હાલ તો અનુકૂળતા નથી. ભગવાન કરશે તો ભવિષ્યમાં તે તરફ આવવાનું થતાં મળીશું.' મારે મન સાધારણ ઔષધિ કરતાં ઇશ્વરની પ્રેમરૂપી ઔષધિની કિંમત વધારે હતી ને મારામાં એની જ ઝંખના જાગેલી. તેની પ્રાપ્તિ થતાં જીવન ધન્ય બની જાય છે તેની મને ખબર હતી.

અત્યંત આગ્રહ કરીને મેં તેમને પાશેર જેટલું દૂધ પાયું ને તે વિદાય થયા. બદરીનાથ જતાં અધવચ્ચે માંદા પડવાથી તે પાછા આવ્યા. પછી તો આજ સુધીમાં મારે ત્રણ વાર બદરીનાથ જવાનું થયું, એક વાર વસુધારાની મુલાકાત પણ લીધી, પણ એ આકર્ષક ને તેજસ્વી યુવાન વૈરાગીના દર્શન કરવાનો પ્રસંગ નથી મળ્યો. તે હશે કે નહિ ને હશે તો ક્યાં હશે તે એક ઇશ્વર જ જાણે છે. આજે તે બાલયોગીનું સ્મરણ કરતાં અંતર આનંદથી ઉભરાઇ જાય છે. પ્રભુની કૃપા વિના એવા બાલબ્રહ્મચારી યોગી પુરુષનું દર્શન આ યુગમાં ખરેખર અશક્ય છે. દુર્લભ તો છે જ.

ભારતવર્ષને માટે બાળયોગીની વાત કાંઇ નવી નથી. સંસ્કૃતિનો ઉષઃકાળ શરૂ થયો ત્યારથી તે અત્યાર સુધી આ દેશમાં બાળબ્રહ્મચારી ને યોગીપુરુષો પાકતાં જ રહ્યાં છે. સંસારના પદાર્થમાંથી મનને પાછું વાળી પરમાત્મામાં બાળપણથી જ પ્રીતિ કરનારા બડભાગી આત્માઓ આ દેશમાં અસંખ્ય થતાં રહ્યા છે. ભારતની આત્મિક સાધનાનું એ એક ઉજ્જવલ પ્રકરણ છે. સનકાદિ ઋષિથી માંડીને નારદ ને શુકદેવ, જડભરત, દત્તાત્રેય, અષ્ટાવક્ર ને ગાર્ગી, તેમજ શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર, તેમના ભાઇબેન અને એકનાથ તથા આધુનિક યુગમાં વિવેકાનંદ જેવા અનેક ઉદાહરણો એ પ્રકરણમાં લખી શકાય તેમ છે. એમનાં નામ તો પ્રસિદ્ધ છે, પણ આ પ્રકરણમાં જેમનો ઉલ્લેખ કર્યો છે તેવા બીજા કેટલાય અપ્રસિદ્ધ બાલયોગી પુરુષો આ દેશમાં વસતાં ને વિચરણ કરતાં હશે, તેનો ચોક્કસ આંકડો કોણ આપી શકે ? જે દેશમાં ધ્રુવ ને પ્રહ્લાદ જેવા ભક્તો ને ધર્મપરાયણ બાળકો જન્મે છે તે દેશ પર પ્રભુની કૃપા છે, તેની સંસ્કૃતિનો વિનાશ કદી પણ નહિ થાય એ નક્કી છે.

પ્રભુની કૃપા વિના એવા યોગીપુરુષોના દર્શનનું સૌભાગ્ય સાંપડવું મુશ્કેલ છે. કવિએ 'સાચા સંતોના દર્શન દોહ્યલાં રે' એમ કહ્યું છે. પરંતુ મારે માટે તે સદા સોહ્યલાં થયાં છે. જેના દિલમાં તેને માટે લગની છે, ઝંખના છે, ને જે તેને માટે બેચન બને છે, તેને માટે તે સોહ્યલાં થાય છે એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૧. ત્રિકાળજ્ઞ મહાત્માનો મેળાપ

દેવકીબાઇની ધર્મશાળામાં આવ્યે થોડાક મહિના થઈ ગયા. મારો સમય સાધના ભજનમાં સુખપૂર્વક વીતી રહ્યો. મારા નિયમ પ્રમાણે એકવાર સવારે કામકાજમાંથી પરવારીને હું ગંગા કિનારે જવા રવાના થયો. બહાર જતી વખતે બારણામાં તાળું મારવાને બદલે કેવળ સાંકળ વાસવાની મને ટેવ હતી. એ પ્રમાણે મેં બહાર સાંકળ મારી. થોડો વખત ગંગા તટ પર પસાર કરીને છેવટે હું ધર્મશાળામાં પાછો આવ્યો. ત્યારે મારા આશ્ચર્ય સાથે મારા જોવામાં આવ્યું કે મારો ઓરડો કોઈએ ઉઘાડ્યો છે. અંદર જઈને જોયું તો મારું આશ્ચર્ય વધી પડ્યું. બેસવાની શેતરંજી પાસે નીચે જમીન પર એક ભગવાં વસ્ત્રધારી સાધુપુરુષ બેઠેલા. તેમની ઉંમર ઘણી મોટી -આશરે પચાસ પંચાવનની દેખાઈ. તેમની મુખાકૃતિ આકર્ષણ વગરની ને કાળી હતી. તાજું જ મુંડન કરાવેલું હોવાથી તેમનું મસ્તક જરાક ચમકતું હતું. તેમની આંખો તેજસ્વી હતી. એવી એક અજાણી વ્યક્તિને મારી મંજૂરી વિના મારા ઓરડાનાં બંધ બારણા ઉઘાડીને અંદર બેઠેલી જોઈને મને ખરેખર આશ્ચર્ય થયું. તેનું એ સાહસ જોઈને મને અનેક પ્રકારના વિચારો આવવા માંડ્યા. પણ વિચારોના વમળમાં અટવાઈ ગયે ચાલે તેમ ન હતું. જે હકીકત હતી તેનો સ્વીકાર ને સામનો કર્યે જ છૂટકો હતો. વળી આ વ્યક્તિ કોઈ સામાન્ય ન હતી. તેનું સ્વરૂપ સંન્યાસીનું હતું. એટલે મેં આસન પર બેસીને તે સંન્યાસી પુરુષને પ્રણામ કર્યા ને આવવાનું કારણ પૂછ્યું.

તેમણે સુંદર ને આકર્ષક સ્મિત કરતાં ઉત્તર આપ્યો : 'તમને હું પહેલી જ વાર મળું છું. ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો છું. ગુજરાતી ધર્મશાળા છે એટલે કોઈકવાર આવી જ જાઉં છું.'

'તમે ગુજરાતી છો ?' મેં પ્રશ્ન કર્યો. '

તેમણે કહેવા માંડ્યું, 'હા. હું ગુજરાતી છું. આફ્રિકામાં થોડોક વખત નોકરી કરીને હવે કેટલાંક વરસોથી મેં સન્યાસ લીધો છે. અહી માયાકુંડ પાસે મારી પર્ણકુટી છે. છ મહિના અહીં ને છ મહિના પંજાબમાં રહું છું. પંજાબની પ્રજા બહુ ભાવિક ને સેવાભાવી છે. સાધુસંતોનું સન્માન તે ખૂબ જ પ્રેમથી કરે છે.'

વાતાવરણમાં થોડીવાર સુધી શાંતિ ફરી વળી. બહાર રસ્તા પરથી પસાર થતા માણસોની વાતચીત વિના બીજું કાંઈ સંભળાતું ન હતું. મારી પાસે રામકૃષ્ણદેવ ને વિવેકાનંદના ફોટા હતા. તેની તરફ જોઈને હું તે સાધુપુરુષના શબ્દો પર વિચાર કરવા માંડ્યો. ત્યાં તો તેમણે અચાનક પ્રશ્ન કર્યો, 'કેમ, અહીં ગમે છે ને ? આ જગ્યા કેવી લાગે છે ?'

'ગમે છે.' મેં તરત જ ઉત્તર આપ્યો: 'આવું પવિત્ર તીર્થ, ગંગાનો કિનારો ને વળી ધર્મશાળાની શાંત ને સુંદર જગ્યા. પછી શા માટે ના ગમે ? સાધનભજનમાં વખત આનંદમાં વીતી જાય છે. અહીં બરાબર અનુકૂળ આવશે એટલે થોડા વખત પછી માતાજીને પણ બોલાવી લઈશ. તે અહીં પ્રભુસ્મરણ કરશે ને આનંદ કરશે.'

એકાદ સેકંડ સુધી તે ચૂપ રહ્યા. પછી જમણા હાથની આંગળીને નાકે લગાડીને કહેવા માંડ્યા, 'એમ નહિ થઈ શકે. ઈશ્વરની ઈચ્છા એવી નથી. તમે અહીં ફક્ત એક જ વરસ રહી શકશો. તેથી વધારે નહિ ને ઓછુંયે નહિ.'

મને તેમનું કથન વિચિત્ર લાગ્યું. તેમની વાત સાચી માનવી કે ખોટી ? 'મારી મરજી તો અહીં જ રહેવાની છે. મારા દિલમાં સાચો વૈરાગ્ય ને પ્રભુપ્રેમ ભરેલો છે. મારે આવા એકાંત સ્થળનો ત્યાગ કરીને હવે સંસારના કોલાહલ ભરેલા વાતાવરણમાં નથી જવું. મને સંસારમાં રહીને કોઈ ખાસ પ્રવૃત્તિ કે વ્યવસાય કરવાની ઈચ્છા નથી.' મેં તેમને ખુલાસો કર્યો.

'એ તો હું સમજી શકું છું.' તેમણે કહેવા માંડ્યું, 'હું ક્યાં કહું છું કે તમે સંસારની માયામાં પડવાના છો ? મારે તો એટલું જ કહેવાનું છે કે આ સ્થાનમાં તમે બધું મળીને એક વરસ રહી શકશો. પછી તમને પાણીની પાસે શાંત ને સુંદર જગ્યા મળશે. ત્યાં તમે રહેશો ને તમારો ખરો વિકાસ ત્યાં જ થશે; ત્યાં તમે ઘણો મહત્વનો વિકાસ કરી શકશો. જીવનમાં તમે અનેક પ્રકારની સાધનાનો આધાર લેશો ને સારા સારા અનુભવો મેળવશો. પણ જ્યાં સુધી કાલી કે હનુમાનને ઈષ્ટ નહિ કરો ત્યાં સુધી તમને શાંતિ નહિ મળે એ નક્કી છે. '

'ધર્મશાળાનો કેસ ચાલશે. કેસ બરાબર દોઢ વરસ સુધી ચાલશે અને આખરે એમાં ટ્રસ્ટીઓ જીતી જશે. પણ તે વખતે તમે તો અહીં નહિ જ હો. તમે તો સાધના કરશો. સાધનાના ઊંચામાં ઊંચા શિખર પર પહોંચી જશો ને મહાન બનશો. તમારી અત્યારની સાધના શા હિસાબમાં છે ? ખરી સાધના તો હજી હવે થશે. અને એક વખત એવો આવશે કે જ્યારે દુનિયાના લોકો તમારી પૂજા કરશે ને તમારા દ્વારા શાંતિનો માર્ગ મેળવશે. તે વખતે હું તમને ફરી મળીશ. તમે મને ઓળખી લેજો. કેમ કે તે વખતે તમારી આસપાસ ઘણા લોકો ફરતા હશે.'

તેમની ભવિષ્યવાણી મારે માટે તદ્દન નવી હતી. ઈશ્વરની કૃપા અથવા સાધનાની શક્તિથી મહાપુરુષો આ પ્રમાણે ભૂત, ભાવિ ને વર્તમાન જાણી શકે છે, એ વાતમાં મને શ્રદ્ધા હતી. પણ (તેમણે કરેલું) મારું આ ભવિષ્યદર્શન કેટલે અંશે સાચું છે તેનો નિર્ણય કરવાનું કામ મારે માટે મુશ્કેલ બની ગયું. મારા વધારે પડતાં વખાણ કરવાની તો તેમની ઇચ્છા નહિ હોય ? પણ તેમ કરવાનો અર્થ શો ? તેમ કરવાથી તેમના હાથમાં શું આવવાનું હતું ?

'તમારામાં આવી શક્તિ ક્યાંથી આવી ?' મેં કુતૂહલ બતાવ્યું.

'પ્રભુની ઈચ્છા ને ગુરુની કૃપાથી.' તેમણે કહેવા માંડ્યું, 'મારા ગુરુ એક સમર્થ પુરુષ હતા. તેમણે મને મંત્ર આપીને હનુમાનની સાધના બતાવેલી. તે વરસોમાં મારો વૈરાગ્ય અત્યંત પ્રબળ હતો. રાતભર જાગીને હું ગંગાકિનારે જપ કરતો. એમ કરતાં કરતાં મારા પર હનુમાનજીની કૃપા થઈ. તેમની કૃપાનો જ પ્રભાવ છે કે હું જેના મુખ સામે જોઉં છું, તેના ભૂત, ભાવિ ને વર્તમાનને સાફ સાફ જોઈ શકું છું. દર્પણમાં જેમ પ્રતિબિંબ દેખાય તેમ મારા મનમાં સૌનું પ્રતિબિંબ પડી જાય છે.'

મેં કહ્યું: 'તમારા જેવા પુરુષ જો મુંબઈ જેવા શહેરમા જઈને નિવાસ કરે તો અઢળક ધન ને યશ મેળવી શકે, માણસોને ગાંડાં કરી દે.'

તેમણે સુમધુર સ્મિત કરતાં કહ્યું : 'વાત સાચી છે. પણ મારું તે તરફ ધ્યાન જ નથી. જો મને ધનની કામના હોત તો હું મારી ચાલુ નોકરી શા માટે છોડત ? સાધના દ્વારા સાંપડેલી શક્તિ કોઈ મદારી વિદ્યા નથી. તે જનરંજન માટે કે સ્વાર્થી હેતુની સિદ્ધિ માટે નથી. ધનના સંગ્રહ સારુ પણ નથી. મને તેનું પ્રદર્શન કરવાનું પસંદ નથી. હા, કોઈકવાર તેનો પ્રયોગ સ્વાભાવિક રીતે થઈ જાય, તેની વાત જુદી છે. બાકી તો

તેને ગુપ્ત રાખવાની જરૂર છે. મારામાં આવી શક્તિ છે તેની કોઈને ખબર પણ ના પડે તેની સાવધાની રાખું છું. તમારી પાસે ઈશ્વરની ઈચ્છાથી જ જાણે ખેંચાઈ આવ્યો છું; ને તમને જોઈને પ્રેમ થવાથી આટલો વાર્તાલાપ કરી રહ્યો છું,'

તેમનો વાર્તાલાપ રસિક હતો. તેમના મેળાપથી મને આનંદ થયો. મારું હૃદય અવનવા ભાવે ભરાઈને ઉછળી રહ્યું. મેં પ્રેમપૂર્વક કહેવા માડ્યું : 'તમારા જેવા સાચા સંતોના દર્શન હવે દુર્લભ થઈ ગયાં છે. તમારા વિચારો ખરેખર ઉત્તમ છે. તમને મળીને મને આનંદ થયો છે. તમારી શક્તિ ને નિસ્પૃહતા છક કરી દે તેવી છે.'

થોડા વખત સુધી ઓરડામાં શાંતિ પથરાઈ ગઈ. તુલસીદાસે ગાયું છે કે 'બિન હરિકૃપા મિલહિ નહિ સંતા' તે પ્રમાણે મારા પર પ્રભુની કૃપા હતી. તે વિના આવા મહાપુરુષનો મેળાપ ના જ થઈ શકે. વાર્તાલાપ કરતી વખતે તેમને નાક પર હાથ લગાડવાની ટેવ હતી. વધારે નહિ પણ એકાદ સેકંડ તે નાકે હાથ લગાડતા. તે જોઈને મને શરૂઆતમાં વિચાર આવેલો કે તે સ્વરોદયશાસ્ત્રના આભ્યાસી હશે ને તેના આધાર પર ભૂત-ભાવિની વાતો કહેતા હશે. પરંતુ ઈષ્ટની કૃપા વિશેનો તેમનો ખુલાસો સાંભળીને એ વિચાર નિરાધાર છે એમ લાગ્યા વિના રહ્યું નહિ. બાકી સ્વરોદયશાસ્ત્રથી પણ માણસ ત્રિકાળજ્ઞ થઈ શકે છે એમ કહેવાય છે. ઈષ્ટદેવની કૃપા તો સર્વ કાંઈ કરી શકે છે. જેને તેની પ્રાપ્તિ થાય છે, તે પૂર્ણ શાંતિ ને સિદ્ધિ મેળવી લે છે. મને પણ ઈષ્ટ કૃપાની ઈચ્છા હતી. પણ તે મળે કેવી રીતે ? વળી ઈષ્ટ કરવા પણ કોને ? જગદંબા પર મને પ્રેમ હતો પણ હનુમાનની વાત મારે માટે નવી હતી.

તેમણે જાણે કે મારા વિચારોને જાણી લીધા ને તેના જવાબમાં કહેવા માંડ્યું : 'કાલી માતાનો એક મંત્ર છે. તે ખૂબ જ અકસીર છે. તેનો વિધિપૂર્વક જપ કરવાથી સાતમે દિવસે મા કાલીનું દર્શન થઈ જાય છે.

'કાલી કાલી મહાકાલી, દોનોં હાથ બજાવે તાલી,
બ્રહ્મા કી બેટી ને ઈન્દ્ર કી સાળી, બેઠી પીપલ કી ડાળી,
તેરા વચન ન જાવે ખાલી.
પઠાવું ત્યાં જા, મેરા વચન પાલકે આ.
શબદ સાચા, ગુરુ વાચા,
ગુરુ વચન આદેશ.'

તે પછી તેમણે મને મંત્રજપની વિધિ બતાવી ને ભારે ગંભીરતા ને શ્રદ્ધા સાથે કહ્યું કે સાતમે દિવસે સાંજે પાંચ હજાર જપ પૂરા કરીને પીપળાના ઝાડ પાસે માટલું મૂકવાથી પીપળાની ડાળી પર બેઠેલી કાલી માતાનું દર્શન જરૂર થશે. એ વાતને વરસો થઈ ગયા છે, પણ એ પ્રયોગને અજમાવવાનું કદી મન થયું નથી. સાત જ દિવસમાં સાક્ષાત્કાર થવાની આશા કાંઈ નાનીસૂની નથી. પરંતુ મંત્રના શબ્દપ્રયોગનો વિચાર કરતાં જ મન પાછું પડે છે. ખાસ કરીને 'બ્રહ્માની બેટી ને ઈન્દ્રની સાળી' નો પ્રયોગ ખૂબ જ વિચિત્ર લાગે છે. તે સાંભળીને માતા પ્રસન્ન થવાને બદલે ક્રુદ્ધ કે નાખુશ તો નહિ થાય ને, તે વિચાર પણ ભારે મહત્વનો ભાગ ભજવે છે. તે વખતે પણ મંત્રને સાંભળતાં વેંત મારા મનમાં વિરોધી ભાવો જ ઉત્પન્ન થયેલા. તેવા ભાવથી

પ્રેરાઈને જપ કે અનુષ્ઠાન થાય તો તે સફળ પણ કેવી રીતે થઈ શકે ? પ્રેમ ને શ્રદ્ધા વિનાની કોઈયે સાધના સારવતી ભાગ્યે જ થઈ શકે.

મંત્રને વાંચી કે સાંભળીને કેટલાકને હસવું આવશે તે જાણું છું. પણ તેથી તેને સસ્તો ને ઉડાઉ માની લેવાની જરૂર નથી. આપણે ત્યાં એવા સાધકો ને સિદ્ધો કેટલાય છે, જે સંસ્કૃતનું જ્ઞાન ધરાવતા નથી. તેમને ગુરુપરંપરાથી કેટલાક મંત્રોની પ્રાપ્તિ થઈ હોય છે. તે મંત્રો આવી જાતના હોય છે. પરંતુ તેમની અકસીરતામાં તેમને શ્રદ્ધા હોય છે. તેમને તે જપે છે, સાધે છે, ને છેવટે સિદ્ધિ મેળવે છે. આવા મંત્રો એક નહિ પણ અનેક મળે છે. તેમાં માનનારા માણસો પણ અનેક છે. તેમાં કાંઈ હરકત પણ નથી. મંત્ર સંસ્કૃત હોય કે પ્રાકૃત, તેમાં શ્રદ્ધા હોવી એ મુખ્ય વસ્તુ છે. તેની પાછળ ગુરુપરંપરાનું બળ હોવાથી કેટલાક સાધકોને સહજમાં શ્રદ્ધા થઈ જાય છે. કોને કયા નામ ને રૂપમાં શ્રદ્ધા થશે તે કોણ કહી શકે ? એકલવ્યને માટી કે શિલાની મૂર્તિમાં થઈ. તે પ્રમાણે કોઈને ક્યાંક બીજે પણ થઈ શકે છે. ને સાચું કહીએ તો સાધનામાં શ્રદ્ધા જ કામ કરે છે. આપણી શ્રદ્ધા કોઈ વસ્તુમાં ના થાય તેથી તે નકામી છે એમ ના કહેવાય, તેને હાસ્યાસ્પદ સમજીને ઉતારી પણ ના પડાય. હજારો માણસો એવા પણ છે, જેમને તેના પર પ્રેમ છે, શ્રદ્ધા છે અને એનો આધાર લઈને જે જીવનની ઉન્નતિ કરવાની સાધના કરે છે, તેમને સહાનુભૂતિથી સમજવાની આપણામાં શક્તિ હોવી જોઈએ. એ પ્રમાણે સમજવાનો પ્રયાસ કરવાથી તે મહાત્માના મંત્રના રહસ્યને સહેજે સમજી શકાશે ને તેવા બીજા મંત્રોને સમજવાની શક્તિ પણ સાંપડી શકશે.

મંત્રનું રહસ્ય બતાવીને તે મહાપુરુષ ઊભા થયા. આટલા વખતમાં તેમને મારા પર ઘણો પ્રેમ થઈ ગયો. તેથી તેમણે મને તેમની પર્ણકુટીનો પરિચય આપ્યો ને ત્યાં આવવા માટે વિનતિ કરી. મેં તેમને ભાવભરી વિદાય આપી.

પછી તો અમારો સંબંધ વધતો જ ગયો. તેમની પર્ણકુટીની મુલાકાત હું કોઈ કોઈ લેવા વાર લાગ્યો. તે મને જોઈને પ્રસન્ન થતા, મારો સ્નેહથી સત્કાર કરતા, તે લગભગ દરેકવાર મને દૂધ પાતા. કોઈવાર દૂધ ઓછું હોય તો તેમાં ગંગાજલ નાખીને મારા દેખતાં જ તેને વધારતા. તેમની સાદાઈ બહુ વખાણવા લાયક હતી. આટલી શક્તિ હોવા છતાં તેમનામાં કોઈ દંભ કે ગર્વ ન હતો. તેમનામાં એક નિર્દોષ બાળક જેવી સરળતા હતી. તે ક્ષેત્રમાંથી બંને વખત ભોજન લેતા. કોઈવાર સાંજે ક્ષેત્રમાં ભિક્ષા માટે જતાં, ત્યારે તેમને જોઈને મને થતું કે કોણ જાણે આવાં કેટલાંય ગુપ્ત રત્નો ક્ષેત્રની ભિક્ષા પર નભતાં હશે ! ક્ષેત્રમાં ભિક્ષા લેનારા સાધુ-સંતોમાં જેમ બુરાં તત્વો પ્રવેશી ગયાં છે તેમ સારાં તત્વો પણ નથી એમ નહિ. તેમને અન્યાય ના થઈ બેસે તે જોવાનું છે. મને થતું કે આ મહાપુરુષ કોઈ શહેરમાં જઈને પોતાની શક્તિને છતી કરે તો કુલે પૂજાય, પણ તે તો ભિક્ષાના ભોજનમાં જ ખુશ છે. જે સંતુષ્ટ ને નિસ્પૃહ છે તેને કોની પરવા છે ? ઈન્દ્રને કુબેરનો વૈભવ પણ તેને માટે તણખલા બરાબર છે.

એકવાર મેં સરોડા માતાજીને મનીઓર્ડર મોકલ્યો હતો. વીસેક દિવસ થઈ ગયા. પરંતુ કોઈ પ્રત્યુત્તર ન હતો. મનીઓર્ડરની પહોંચ પણ મળી ન હતી. મને જરા ચિંતા થઈ.

ગંગાકિનારે આવેલી પેલા મહાપુરુષની પર્ણકુટીમાં પહોંચીને તેમને પ્રણામ કર્યા ને બધી વાતથી વાકેફ કર્યા.

તેમની લાક્ષણિકતા પ્રમાણે તેમણે નાક પર હાથ ફેરવ્યો ને તરત જ ઉત્તર આપ્યો, 'ચિંતા ના કરશો. તમારો મનીઓર્ડર પહોંચી ગયો છે. માતાજી બહારગામ ગયાં હતાં. તેથી મનીઓર્ડર ગામના પોસ્ટમાસ્તરે રાખી મૂકેલો. માતાજી આજે આવી ગયાં છે ને તેમને પૈસા મળી ગયા છે. હવે આજથી સાતમે દિવસે તમને તેની પહોંચ મળી જશે ને તેટલા વખતમાં માતાજીનો કાગળ પણ આવી જશે.'

'માતાજી અત્યારે શું કરે છે ?' મેં પૂછ્યું.

'ઘરમાં બેસીને ઘંટી ફેરવે છે ને ગાય છે.' તેમણે તરત જ ખુલાસો કર્યો. માતાજી તે વખતે જરૂર પ્રમાણે ઘંટી ફેરવતાં.

મને થયું કે સાત દિવસ તો હમણાં નીકળી જશે ને તેમના શબ્દોની સત્યાસત્યતા જણાઈ જશે. તેમનું બીજું ભવિષ્ય કથન તો દૂરનું છે, પણ આ તો તદ્દન નજીકનું છે. જોઈએ તો ખરા તે સાચું ઠરે છે કે નહિ !

પણ તેમના શબ્દો સાચા નીકળ્યા. બરાબર સાતમે દિવસે મનીઓર્ડરની પહોંચ આવી ગઈ. માતાજીનો પત્ર પણ આવી પહોંચ્યો. તેમણે તેમના બહારગામ જવાની ને પોસ્ટમાસ્તરે મનીઓર્ડર રોકી રાખ્યાની વાત લખેલી. પૈસા તે મહાત્મા પુરુષના કહ્યા પ્રમાણેના દિવસે જ મળ્યા. પોસ્ટમાસ્તર ગામના જ શિક્ષક હતા. એટલે તે ઓળખાણને લીધે થોડા દિવસ મનીઓર્ડર રોકી રાખે તે સમજી શકાય તેવું હતું. આ પ્રત્યક્ષ પ્રમાણથી મને ખૂબ જ આનંદ થયો. તે મહાત્મા પુરુષની શક્તિમાં મારો વિશ્વાસ વધી પડ્યો. એવા પુરુષનો પરિચય કરાવવા બદલ મેં ઈશ્વરનો ઉપકાર માન્યો. આવાં છૂપાં રત્નો આ દેશમાં ક્યાં ને કેટલાં પડ્યાં છે તે કોણ કહી શકે ? એક ઈશ્વરને જ તેની ખબર છે.

☼ ☼ ☼ ☼ ☼

## પર. 'મા'ની કૃપા માટે ત્રણ દિવસનું વ્રત

રામકૃષ્ણ પરમહંસદેવનું જીવન મારે માટે શરૂઆતના જીવનમાં પ્રેરણાદાયક થઈ ચૂક્યું હતું. તે વિશે મેં આગળ પર ઉલ્લેખ કરી દીધો છે. ઋષિકેશમાં આવ્યા પછી પણ તેમને હું રોજ યાદ કરતો. આધ્યાત્મિકતાના આદર્શ તરીકે તેમનું જીવન મને ખૂબ પ્રિય લાગતું. એમાં અનંત શક્તિ ભરેલી. તેને નજર સામે રાખીને જીવનને ઉજ્જવળ ને પ્રભુપરાયણ કરવા હું સદા પ્રયાસ કરતો. તેમના જીવન વિશે ચંપકભાઈ સાથે પણ વારંવાર વાતો થતી. તેમની પાસે તે વખતે રામકૃષ્ણદેવના ઉપદેશોની એક નાની ચોપડી હતી. રામકૃષ્ણદેવના જીવનમાં તેમને રસ હતો એવું જણાઈ આવતું.

રામકૃષ્ણદેવ પર મને અપાર પ્રેમ ને પૂજ્યભાવ હતો. તેથી તેમનો ફોટો હું હમેંશા મારી પાસે રાખતો. તેને લીધે કહો કે ઈશ્વરની કૃપા જેવા કોઈ બીજા કારણને લીધે કહો પણ મારા પર તેમનો વિશેષ પ્રેમ વરસવા માંડ્યો. કેટલીયવાર સવારે એવું બનતું કે હું જપ કે ધ્યાન કરીને આંખ ખોલતો ત્યારે તેમના શાંત ને સુંદર સ્વરૂપને મારી સામે ઓરડામાં ઉભેલું જોતો. કોઈ વાર તેમની મુખાકૃતિનું જ દર્શન થતું. એકાદ મિનિટ પછી તેમનું સ્વરૂપ અદૃશ્ય થઈ જતું. એ અનુભવ અલૌકિક હતો. તેથી મને આનંદ થતો ને મારા સાધનામાંનો વિશ્વાસ ને ઉત્સાહ વધી પડતો.

સાધનાના વચગાળાના વિકાસ દરમ્યાન મહાપુરુષોનાં દર્શનના અને એવા બીજા અનુભવોથી સાધકોના ઉત્સાહમાં વધારો થાય છે. તેથી તેમને બળ ને પ્રેરણા મળે છે ને સાધનાની સત્યતા અને અસરકારકતાની ખાતરી થાય છે. પરંતુ બધા જ સાધકોને એવા અનુભવો થાય છે અથવા થવા જોઈએ એવો કોઈ નિયમ નથી. જેમને એવા અનુભવો ના થાય તેમણે નિરાશ થઈને સાધના મૂકી દેવાની જરૂર નથી. અનુભવો ના થાય તેથી તેમની સત્યતા સંબંધી શંકા કરવાની પણ જરૂર નથી. સાધનામાં સૌને એકસરખા અનુભવો નથી થતા. રુચિ, પ્રકૃતિ ને પાત્રતા પ્રમાણે અનુભવોના પ્રકારમાં ફેર પડે છે. માટે અનુભવો થાય કે ના થાય તો પણ સાધના ચાલુ જ રાખવી જોઈએ. સાધનાનો ઉત્સાહ ને વિશ્વાસ કોઈયે સંજોગોમાં ઠંડો પડવા દેવો ના જોઈએ. આવા અનુભવોનો લાભ જેમને મળતો હોય તેમણે પણ ફુલાઈ જવાની, અંહકારી થવાની કે અતિશય ઉત્સાહમાં આવી જઈને પ્રમાદી બની બેસવાની જરૂર નથી. એ અનુભવોને જ સર્વકાંઈ માની લઈને તેમાં અટવાઈ જવાની જરૂર નથી. તેથી આગળ વધીને તેમણે પરમાત્માનું દર્શન કરી લેવાનું છે ને સાધનાના નક્કી કરેલા ધ્યેયની પ્રાપ્તિ કરવાની છે.

ઈશ્વરની કૃપાથી મને સાધનાના છૂટાછવાયા અનુભવો છેક બાળપણથી જ થયા કરે છે. તેથી મને ઘણો લાભ થયો છે. શ્રી રામકૃષ્ણદેવના દર્શનનો અનુભવ પણ મારે માટે લાભકારક થઈ પડ્યો. રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષ પોતાના પ્રેમી ભક્તો પર કૃપા કરવા તૈયાર છે ને શ્રદ્ધાભક્તિથી પ્રેરાયેલા કોઈયે સ્ત્રીપુરુષને તેમનાં દર્શનનો લાભ મળી શકે છે, તે વાતની મને ખાત્રી થઈ. એવા મહાપુરુષો મનુષ્યજાતિના મંગલને માટે આજે પણ કામ કરે છે. સાધકો ને સામાન્ય માણસોમાં સુતેલા આધ્યાત્મિક સંસ્કારોને જગાડે છે ને તેમને મોટી મદદ કરે છે. મારા સ્વાનુભવથી મને એ વાતનો ખ્યાલ આવ્યો.

તે દિવસોમાં એક બીજો પ્રસંગ બની ગયો. પ્રસંગ આમ તો તદ્દન નાનો પણ મહત્વમાં મોટો છે. નાના પ્રસંગોમાં કેટલીક વાર મોટું રહસ્ય સમાયેલું હોય છે.

ઈશ્વરને 'મા'રૂપે ભજવાનું મને વધારે ગમતું. 'મા'નું દર્શન કરવાની ને 'મા'ની સાથે વાતો કરવાની મને ઈચ્છા હતી. 'મા'ના નિરાકાર સ્વરૂપને હું જગતમાં બધે જ જોતો. જગતના જડ ને ચેતન બધા પદાર્થોને હું 'મા'ના સ્વરૂપ જેવા સમજતો ને સૌમાં તેનું દર્શન કરતો. એ ટેવ મેં લાંબા વખતથી પાડી હતી. પરંતુ મારું હૃદય એક પ્રેમી ભક્તનું હૃદય પણ હતું. તેથી જ્ઞાનના એ અનુભવની સાથે સાથે અનંત શક્તિ ને સુંદરતાથી ભરેલી 'મા'ની અલૌકિક કાયાનું દર્શન કરવાની ઈચ્છા પણ મને થયા કરતી. તે માટે હું પ્રાર્થના ને પ્રયાસ કર્યા કરતો. પેલા ત્રિકાળજ્ઞ મહાત્માએ કહ્યા પ્રમાણે મને 'મા' પર પ્રેમ જરૂર હતો. તે 'મા'ની કૃપાદૃષ્ટિ માટે મારું મન તલસતું રહેતું. પણ 'મા'ના મંગલમય સ્વરૂપ પર વધારે રુચિ હતી. તે પ્રમાણે તે વખતે મેં સરસ્વતીદેવીનો એક નાનો ફોટો રાખેલો. વીણાપાણિ સરસ્વતીએ મુંબઈમાં મને સ્વપ્નમાં દર્શન આપ્યું ત્યારથી મને તેના તરફ વિશેષ આકર્ષણ થયેલું.

એકવાર વિચાર કરતાં કરતાં મને થયું કે જીવન તો ચાલ્યું જાય છે. પાણીના દોડતા રેલાની જેમ ચાલ્યું જાય છે. સવાર પછી સાંજ ને વળી પાછી સવાર, એમ કાળ પોતાનું કામ કર્યે જ જાય છે. જીવનમાંથી એકેક દિવસ ઓછો થતો જાય છે. આમ ને આમ બધા દિવસો જતા રહેશે તો કેમ ચાલશે ? 'મા'નું દર્શન કરવાનું સુખ ક્યારે મળશે ? 'મા'ના દર્શનને માટે પ્રયાસ તો ચાલે છે, પરંતુ હજી વધારે પ્રયાસ કરવો જોઈએ. તે વખતે મને રામકૃષ્ણદેવનાં વચનો યાદ આવ્યા. તેમણે કહ્યું હતું કે આ કળિયુગમાં જો કોઈ સાચા દિલથી ત્રણ જ દિવસ પોકારે ને પ્રાર્થના કરે તો પ્રભુ તેને જરૂર મળે. મને થયું કે આ અનુભવ કરવા જેવો છે. આ વચનો અજમાવવા જેવાં છે. તે વચનો કોઈ સામાન્ય માણસનાં ન હતાં. ઈશ્વર વિના જેના જીવનમાં કાંઈ સાર ન હતો, જેનું મન રાતદિવસ ઈશ્વરમાં જ રમ્યા કરતું ને વરસોની સતત તથા સખત સાધના પછી જેના પર ઈશ્વરની પૂર્ણ કૃપા વરસી ચૂકી હતી, તેવા ઈશ્વર સાથે એકતા સાધી ચૂકેલા એક આદર્શ અનુભવી પુરુષનાં એ વચનો હતાં. તેથી જ મારે મન તેનું મૂલ્ય વિશેષ હતું. એ વચનો પ્રમાણે ત્રણ દિવસ સતત પ્રાર્થના કરવાની મને ઈચ્છા થઈ.

તે દિવસોમાં સવાર-સાંજ પાશેર ગાયનું દૂધ લેવાનો મારો નિયમ હતો. વળતે જ દિવસે મને વિચાર થયો કે આજે તો દૂધ ના જ પીવું. ત્રણ દિવસ ભોજન ના કરવું ને ખાસ કામકાજ વિના ઓરડામાંથી બહાર પણ ના નીકળવું. રાત ને દિવસ બને તેટલા વધારે સમય સુધી 'મા'ને પ્રાર્થના કરતા રહેવું. ત્રણ દિવસ સુધી 'મા'ની કૃપાને માટે સતત તલસ્યા કરવું.

સંકલ્પ થઈ ગયો પછી તેનો અમલ કરતા વાર શી ? સવારથી જ મેં બારણું બંધ કર્યું, સરસ્વતીના સુંદર ફોટાને સામે રાખ્યો, તેની પાસે દૂધની વાડકી રાખી ને પ્રાર્થનાની શરૂઆત કરી, રામકૃષ્ણદેવના વચન પ્રમાણે ત્રણ દિવસ થતાં 'મા' પ્રકટ થશે એવો મારો વિશ્વાસ હતો. તે પોતાના હાથે દૂધ પીને મને પ્રસાદ તરીકે બીજું દૂધ આપશે એવી મારી ભાવના હતી.

આશામાંને આશામાં પહેલો દિવસ પૂરો થઈ ગયો. રાત પણ વીતી ગઈ. રાતે થોડી ઊંઘ આવી ગઈ. બીજો દિવસ પણ વીતી ગયો. છતાં કોઈ વિશેષ નોંધપાત્ર અનુભવ ના થયો. ત્રીજો દિવસ પણ પસાર થઈ

ગયો. ત્રીજે દિવસે સાંજે હું બહાર નીકળ્યો. દૂધ તો ખરાબ થઈ ગયું હતું. પણ 'મા'નું દર્શન ના થયું. રામકૃષ્ણદેવને મેં વારંવાર પ્રાર્થના કરવા માંડી. પણ બધુ જાણે વ્યર્થ. 'મા' તો એવાં જ અચલ હતાં. મારી મહેનત જોતાં કોણ જાણે તે શા શા વિચાર કરી રહ્યાં હશે ?

ચોથે દિવસે મેં દૂધ પીધું ને ભોજન કર્યું. પરંતુ મને પૂરો આનંદ ના થયો. એટલો સંતોષ હતો કે મેં મારી સમજ પ્રમાણે પ્રયાસ કરી જોયો. તે પ્રયાસ જો સફળ થયો હોત તો મને ખૂબ ખૂબ આનંદ થાત ને શાંતિ મળત. પણ ધાર્યા પ્રમાણે અનુભવ ના થવાથી નિરાશ થવાનું કોઈ જ કારણ ન હતું. પુરુષ તો પુરુષાર્થ જ કરી શકે છે. તેનું ફળ આપવાનું ઈશ્વરના હાથમાં છે. ક્યારે, ક્યાં, કેટલું ને કેવું ફળ આપવું તે ઈશ્વર જ જાણે છે. માણસે તેનો વિચાર કરીને શોક ને મોહમાં પડવાનું કોઈ કારણ નથી, કર્મનો કંટાળો લાવીને કર્મસંન્યાસ લેવાની પણ જરૂર નથી.

ત્યારે શું રામકૃષ્ણદેવનાં વચનોને મિથ્યા માનવાં ? તેમના જેવા મહાન અનુભવી પુરુષના વચનને મિથ્યા કેમ મનાય ? તે તો સાચાં જ છે. પણ તેના સીધા શબ્દાર્થને બદલે તેની પાછળના ભાવને જોવાની ને ગ્રહણ કરવાની જરૂર છે. વળી માણસના ભાવમાં કાંઈ ને કાંઈ ત્રુટી રહી જાય છે. તે દૂર થતાં ત્રણ દિવસથી પણ ટૂંકા કાળમાં ઈશ્વરની કૃપા મળી શકે છે. તે ઉપરાંત, પ્રારબ્ધ કર્મની પ્રબળતાને લીધે પણ, કેટલીકવાર સાધના પ્રમાણે અનુભવ મળતાં વાર લાગે છે ને વધારે સાધનાની જરૂર પડે છે. રામકૃષ્ણદેવના ઉપદેશમાં એવા ઉપદેશ વચનોનો અભાવ નથી. તે બંનેનો એકી સાથે વિચાર કરવાથી શંકાનું સમાધાન થઈ જશે.

તે વખતે મને શી ખબર કે ભવિષ્યમાં 'મા'ની સંપૂર્ણ કૃપા માટે મારે તો અનેક ઉપવાસ કરવા પડશે અને આવી રીતે અનેક દિવસો સુધી તપવું ને તલસવું પડશે ? તે વખતની મારી શ્રદ્ધા ને હિંમતનો ખ્યાલ લાવવા આ પ્રસંગ પૂરતો થઈ પડશે એવી આશા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૩. દેવપ્રયાગનું પ્રથમ દર્શન

ઋષિકેશ પહોંચ્યાને દસેક મહિના થયા હશે. તે દરમ્યાન મારે માટે નાનકડા પ્રવાસનો પ્રસંગ ઊભો થયો. અમદાવાદનું એક સંસ્કારી ગુજરાતી કુટુંબ ઋષિકેશની યાત્રાએ આવી પહોંચ્યું. મારે તેની સાથે પરિચય થયો. તેના મુખ્ય સભ્ય દામોદરદાસ ખૂબ જ માયાળુ ને ભલા સજ્જન પુરુષ હતા. ગરીબ દશામાંથી આગળ વધીને તે આર્થિક રીતે સુખી સ્થિતિએ પહોંચ્યા હતા. તેથી તેમનામાં નમ્રતા ને સેવાભાવના સારી હતી. દરેકનું ભલું કરવાની ભાવના તેમના દિલમાં ભરેલી. દયાળુ પણ તે ભારે હતા. બીજાનું દુઃખ જોઇને દ્રવી જતા. ઇશ્વર પર તેમને શ્રદ્ધા હતી ને સંતમહાત્મા તથા ઇશ્વરભક્તોનો સમાગમ કરવા તે સદાયે તૈયાર રહેતા. તેમના યુવાન અને આશાસ્પદ પુત્રનું તાજેતરમાં મૃત્યુ થયુ હોવાથી તેમને દુઃખ થયેલું. તેમનું દિલ બેચેન હતું. હિમાલયના પ્રખ્યાત પ્રદેશમાં કોઇ સારા સંતનો સમાગમ થવાથી બેચેની ટળશે ને શાંતિ મળશે એવી આશાથી તે ઋષિકેશના દર્શને આવ્યા. ઇશ્વરની ઇચ્છાથી કે સંસ્કારના બળથી મારે તેમની સાથે પહેલે જ દિવસે પરિચય થયો. પછી તો તેમનો મારા પરનો પ્રેમ દિનપ્રતિદિન વધતો જ ગયો. તેમના ધર્મપત્ની પણ માયાળુ ને સેવાભાવી હતા. હું તેમને વૈરાગ્યશતક તથા બીજા ધર્મગ્રંથોના ઉપદેશ સંભળાવતો. તેથી તેમને શાંતિ મળતી.

તેમની ઇચ્છા દેવપ્રયાગ જવાની હતી. ઠંડીના દિવસો તદ્દન પાસે હોવાથી હિમાલયની લાંબી યાત્રા કરવાનો તેમનો વિચાર ન હતો. પણ દેવપ્રયાગ સુધી તો તેમને જવું જ હતું. દેવપ્રયાગના ગોર શ્રી ચક્રધર જોશી સાથે તેમને ઓળખાણ હતી. એટલે તેમનું મન ત્યાં સુધી જવા માટે ખાસ લલચાયું. થોડા દિવસોની અવરજવરને લીધે તેમને મારા પર ભાવ થયેલો. મને સાથે લેવાથી સમય શાંતિથી પસાર થઇ જશે અને આનંદ આવશે એમ લાગવાથી તેમણે મને દેવપ્રયાગ આવવાનું આમંત્રણ આપ્યું. મને પણ હિમાલયના આગળના પ્રદેશનું અવલોકન કરવાની ઇચ્છા તો હતી જ. એટલે એ આમંત્રણને મેં સપ્રેમ વધાવી લીધું. મેં સાથે આવવાની સંમતિ આપી એટલે તેમને ખૂબ આનંદ થયો.

વહેલી સવારે અમે દેવપ્રયાગની મોટરમાં રવાના થયા. પર્વતની મુસાફરીનો પ્રસંગ મારે માટે આ સૌથી પહેલો જ હતો. ઋષિકેશથી દેવપ્રયાગનો મોટરમાર્ગ ઉપરાઉપરી આવતા અનેક વળાંકથી ભરેલો છે. વધારે ભાગે તે માર્ગે મોટરોને ચઢાઇ અને ઉતરાઇમાંથી પસાર થવું પડે છે. સીધી સડક બહુ જ ઓછી આવે છે. પર્વતોમાંથી કોતરી કાઢેલો માર્ગ ઘણો જ સુંદર દેખાય છે. માર્ગની એક તરફ ઊંચા ઊંચા પર્વત ને બીજી તરફ ઊંડી ખીણ છે. વધારે ભાગે તેમાં સર્પાકારે વહી જતી ગંગાનું દર્શન થયા કરે છે. તે દૃશ્ય હૃદયસ્પર્શી ને રમણીય લાગે છે. તેની શોભાને ધરાઇ ધરાઇને જોયા જ કરીએ એવી ભાવના થયા કરે છે. પરંતુ મોટર પોતાનું કામ કર્યે જાય છે ને રસ્તો કપાતો ચાલે છે.

ઋષિકેશથી દેવપ્રયાગનું લગભગ અડધું અંતર કાપ્યા પછી એક ઠેકાણે મોટર ઊભી રહી. ત્યાં એક બે નાની સરખી દુકાનો હતી. ત્યાં ચા, દૂધ અને ખાવાનું મળતું. પાસે પાણીનું સુંદર ઝરણું હતુ. પર્વતોની વચ્ચે આવેલું તે વિશ્રામ સ્થાન કુદરતી સૌંદર્યથી ભરેલુ હતું. ત્યાં દામોદરદાસ શેઠના સમાચાર મળવાથી દેવપ્રયાગના ગોર ચક્રધરજી તેમને લેવા માટે આવેલા. દેવપ્રયાગથી આવતી મોટરમાંથી તે હમણાં જ

ઉતરેલા. શેઠને જોઇને તે સામે આવ્યા ને નમસ્કાર કરીને ઊભા રહ્યા. તેમનો સ્વભાવ મને પ્રથમ દૃષ્ટિએ ઘણો સારો લાગ્યો. તેમનો વિવેક જોઇને મને આનંદ થયો. તે સાદા, સરળ ને મધુરભાષી હતી. શેઠને લીધે અમારી ઓળખાણ થતાં વાર ના લાગી.

દેવપ્રયાગમાં અમારે તેમને ત્યાં જ ઉતરવાનું હતું. તેમનું મકાન ગંગાકિનારે હતું. વધારે ભાગનું દેવપ્રયાગ એવી રીતે ગંગાકિનારે ઊંચા પર્વતની તળેટીમાં જ વસેલું છે. ત્યાં અલકનંદા અને ભાગીરથીનો સંગમ થાય છે. તેની શોભા અપાર કહી શકાય તેવી છે. સંગંમ થયા પછી પર્વતોની વચ્ચેથી પસાર થતો ગંગાનો પ્રવાહ ખૂબ જ આકર્ષક લાગે છે. પાણી પ્રબળ ગતિથી વહી જાય છે અને ઉછાળા મારે છે. કિનારા પર ઘાટ ને મોટાં મોટાં પત્થરો છે. ઘાટ પર બે ગુફાઓ પણ આવેલી છે. તેમાં કોઇ વાર કોઇ સાધુસંતો નિવાસ કરે છે.

દેવપ્રયાગમાં ત્રણેક દિવસ રહ્યા પછી અમને જાણવા મળ્યુ કે દેવપ્રયાગથી લગભગ ચારેક માઇલ દૂર એક સુંદર પર્વત છે. તે દશરથાચલ નામે ઓળખાય છે. ત્યાં ઘાસના વિશાળ મેદાનો છે ને ક્ષિતિજમાં અર્ધચંદ્રકાર બરફવાળા હિમાલયનું દર્શન થાય છે. અમને તેનું દર્શન કરવાની ઇચ્છા થઇ. એટલે ચક્રધરજી સાથે વળતે દિવસે સવારે અમે રવાના થયા. શેઠના પરિવારમાંથી શેઠ ને તેમના બે સંતાનો આવ્યાં. તેમને માટે દંડીની વ્યવસ્થા કરી.

પર્વતમાં નાની પગદંડી પરથી પસાર થતાં લગભગ સાત હજાર ફીટની ઊંચાઇએ આવેલા દશરથાચલ પહાડ પર અમે આવી પહોંચ્યા ત્યારે સાંજ પડવાને થોડો વખત બાકી હતો. રસ્તામાં ત્રણ ગામ આવી ગયા. હવે અમે ખૂબ જ ઊંચાઇ પર ઊભા હતા. પર્વત પર ચીડના સંખ્યાબંધ વૃક્ષો હતા. તેને ચીડના વૃક્ષોનું ઘર કહીએ તોપણ ચાલી શકે. દિવાળીની પાસેના દિવસો ને પર્વતની ઉપરનો પ્રદેશ, પછી ઠંડીનું તો કહેવું જ શું ! સાંજનો સમય થયો એટલે ઠંડો પવન ફૂંકાવા માંડ્યો. ચામડીને ચીરી નાખવાની તૈયારીવાળો વાયુ આમતેમ ફરતા સૂસવાટા મારવા માંડ્યો. પર્વતવાસી પવન મેદાનમાં રહેતા માણસોને ઘણે વખતે જોઇને જાણે ગાંડો થઇ ગયો હોય એવું દેખાયું. પર્વતનું દૃશ્ય સુંદર હતું. પર્વત પર કોઇ ગામ ન હતું. કોઇ જમીનદારે બાંધેલુ એક નાનું સરખું મકાન જર્જર દશામાં અમારુ સ્વાગત કરતું ઊભુ હતું. બાકી ઉતરવા કે રહેવાનું કોઇ જ ઠેકાણું ન હતું. એવા એકાંત પર્વતને જોઇને મને આનંદ થયો. તેના પર પગ મૂકતાંની સાથે જ મારા દિલમાં અવનવા ભાવો ઉત્પન્ન થવા માંડ્યા. થોડી વાર સુધી મારૂં મન તદ્દન શાંત થઇ ગયું. મને થયું કે આ પર્વત પર લાંબો વખત રહેવા મળે તો મારો વિકાસ ઘણો સારો થાય ને મને શાંતિ મળી શકે. પર્વતનો પ્રદેશ મારે માટે ચિરપરિચિત હોય એમ મને લાગવા માંડ્યું.

બીજે દિવસે સવારે અમે આમતેમ ફરવા નીકળ્યા ને પછી નાસ્તો કરવા બેઠા. પર્વત બધી રીતે અનુકૂળ હશે પણ પાણીની તકલીફ હતી. ઝરણું ઘણું દૂર હતું ને તેનું પાણી તીવ્ર વૈરાગ્યની અસર નીચે હોય તેમ ટપકે ટપકે પર્વતમાંથી પડતું. પાણી એટલુ બધું ઠંડુ કે તેને પીવું એટલે જાણે દવાનું સેવન કરવું.

બપોર પછી અમે દેવપ્રયાગ આવવા રવાના થયા પણ એક દિવસના પરિચયમાં તો જાણે પર્વત સાથે મારી પ્રીત થઇ ગઇ. તેનું વાતાવરણ મારા મનમાં ઘર કરી ગયું. દિવાળી તેમજ બેસતા વર્ષના મંગલ દિવસો દેવપ્રયાગમાં પસાર કરીને છેવટે અમે ઋષિકેશ આવી પહોંચ્યા. ત્યાંથી દામોદરદાસ શેઠ સાથે મારે

હરદ્વાર આવવાનું થયું. ત્યાં તેમણે મને તેમની સાથે અમદાવાદ આવવા ખૂબ જ આગ્રહ કરી જોયો. આટલા દિવસોમાં તેમને મારા પર પુષ્કળ પ્રેમ થઇ ગયેલો. તેમણે કહ્યું : 'અમદાવાદમાં આનંદ આવશે. આપણે સાથે રહીશું ને વેપાર કરીશું.'

પણ મારું મન માન્યું નહિ. મેં કહ્યું : 'હાલ તો પ્રભુના નામનો વેપાર લઇને બેઠો છું. તેમાં સફળ થવાય તેવી ઇચ્છા છે એટલે બીજા વેપારની કામના નથી. જીવનમાં શાંતિ મેળવવા આ વેપાર કરવાની જરૂર છે. પ્રભુએ પ્રેમ કરીને અવસર આપ્યો છે તો તેનો લાભ લઇ લઉં.'

છેવટે તેમણે મને જેમ બને તેમ જલ્દી અમદાવાદ આવીને થોડો વખત તેમને ત્યાં રહેવાનુ આમંત્રણ આપ્યું. મેં તેનો સ્વીકાર કર્યો. પણ ઇશ્વરની ઇચ્છાને કોણ જાણી શકે છે ? અમદાવાદ પહોંચ્યા પછી થોડાં જ વખતમાં એમનું અવસાન થયું. ફરીવાર તેમની ને મારી મુલાકાત ના જ થઇ શકી.

તેમનો ઉલ્લેખ કરતી વખતે આજે પણ તેમના ઉત્તમ ગુણો યાદ આવે છે. ખરેખર તે એક દેવપુરુષ હતા એમ લાગ્યા વિના રહેતું નથી. કર્મના સંસ્કાર પ્રમાણે આ સંસારમાં માણસો મળે છે ને છૂટા પડે છે. પણ તેમની સુવાસ સદાને માટે રહી જાય છે.

આંખ ફરકવાનો ફળાદેશ સાચો છે ? મને તેની ખબર નથી. પણ હરદ્વારમાં છેલ્લા બે દિવસથી મારી ડાબી આંખ ફરકી રહેલી. ઋષિકેશ આવતા ખબર પડી કે બે દિવસ પહેલાં લક્ષ્મીબાઇનું મરણ થયું છે. મૃત્યુ વખતે મારી તરફ કરેલા ખરાબ વર્તાવ બદલ તેને દુઃખ થયું ને તે રડી. જે બાઇ ધર્મશાળાનો દાવો કરતી હતી તે ખાલી હાથે ચાલી ગઇ ને ધર્મશાળા અહીં ને અહીં રહી ગઇ. ખરેખર આ પૃથ્વી કોઇની થઇ નથી ને થવાની નથી. મોટા મોટા મહીપતિ પણ અહીંથી ખાલી હાથે વિદાય થયા છે. છતાં પણ પામર માણસ અહંકારી બને છે અને ના કરવાના કામ કરે છે એ આશ્ચર્યજનક છે. સમજુ માણસે સાવધાન રહીને રાતદિવસ એવાં કામો કરવા જોઇએ કે અંતિમ વખતે તેને કરેલા કામને માટે પશ્ચાતાપ કરીને રોવું ના પડે. જીવન દરમ્યાન શુદ્ધિની સાધના કરીને તેણે વખત આવે ત્યારે શાંતિપૂર્વક સ્મીત કરતાં વિદાય થવાનું છે.

લક્ષ્મીબાઇએ પોતાની ભૂલ સમજીને છેલ્લી ઘડીએ પશ્ચાતાપ કર્યો તે પણ તેનું ભાગ્ય ને ઇશ્વરની કૃપા. છેલ્લી ઘડીના પશ્ચાતાપના પાવકમાં પવિત્ર થયેલો તેનો જીવાત્મા બીજા જન્મમાં વધારે સારી ગતિ ને બુદ્ધિની પ્રાપ્તિ કરી શકશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૪. ધર્મશાળાનું રાજીનામું

**(૧)**

લક્ષ્મીબાઇએ મૃત્યુ વખતે પશ્ચાતાપ કર્યો તેથી તેને જરૂર લાભ થયો હશે. પશ્ચાતાપનું કામ તેના આત્માના મંગલને માટે ઉપયોગી થઇ પડ્યું હશે. છેલ્લી ઘડીએ પણ પોતાનું વિરાધી વર્તન યાદ કરીને તેને દુઃખ થયું. તે તેના ભાવિ જીવનને માટે એક સારું ચિન્હ કહી શકાય. તેને મારી માફી માગવાની ઇચ્છા થઇ આવેલી, એવું મને જાણવા મળ્યું. પરંતુ મારી દશા જુદી જ હતી. મને તેના તરફ દ્વેષભાવ નહોતો થતો. પરંતુ અનુકંપા થયા કરતી. મારા દિલમાં તેને માટેનો પ્રેમભાવ કાયમ હતો ને તેથી પ્રેરાઇને તેને સદબુદ્ધિ ને સદવર્તનની પ્રેરણા મળે તે માટે હું પ્રાર્થના કરતો. એ પ્રમાણે કરવાનું કામ કઠિન છે તે જાણું છું. સામાન્ય રીતે માણસ આવા સંજોગોમાં દ્વેષભાવથી ભરાઇ જાય છે, ગાળાગાળી ને તકરાર પર ચઢી જાય છે, ને વેરનો બદલો વેરથી લેવાના ઘાટ ઘડે છે. પરંતુ સતત જાગૃતિ, પ્રાર્થના ને ઇશ્વરની કૃપાથી મારું મન તેવી પ્રવૃતિથી કાયમને માટે દૂર રહી શક્યું. લક્ષ્મીબાઇના વિરોધી વર્તાવથી મને તો લાભ જ થયો. મારી સહનશક્તિને કેળવવાની મને તક મળી. તે તો ખરું જ, પરંતુ સાથે સાથે ધર્મશાળાના રોજિંદા કામથી નિવૃત રહીને મારો મોટા ભાગનો વખત હું સાધનામાં લગાડી શક્યો. એટલે લક્ષ્મીબાઇને માટે મારા દિલમાં કટુતા કે દ્વેષભાવ કેવી રીતે જાગી શકે ? વેર ને પ્રેમનો મુખ્ય આધાર પ્રારબ્ધ કર્મો પર રહે છે. તેમને અનુસરીને કોઇને કોઇ પ્રત્યે પ્રેમ ને કોઇ પ્રત્યે વેર થાય છે. તે ઉપરાંત, વેર ને પ્રેમના બીજા કારણો પણ હોઇ શકે છે. તેની ચર્ચામાં ઉતરવાની આવશ્યકતા નથી લાગતી. મુખ્ય વસ્તુ એ છે કે પોતાને કોઇ વેરભાવે જુએ કે ના જુએ, તો પણ સાધકે સૌને પ્રેમ કરતા શીખવું જોઇએ. વેરથી કાયમને માટે દૂર રહેવું જોઇએ, ને છેવટે રાગ ને દ્વેષ બંનેથી પર થવાની કોશિષ કરવી જોઇએ. કામ ભગીરથ હોવાં છતાં પણ સતત સાધના ને ઇશ્વરકૃપાથી સાધી શકાય તેવું છે.

**(૨)**

લક્ષ્મીબાઇનું મૃત્યુ થવાથી મારું કામ સરળ થયું. તે દિવસોમાં ટ્રસ્ટીઓએ વકીલને રોકીને લક્ષ્મીબાઇ સામે કેસ કરવાની તૈયારી કરી. બાઇએ પણ ઋષિકેશના પંડાની મદદથી કોર્ટમાં લડી લેવાની હિંમત બતાવી. એટલે ધર્મશાળાનું કામ સહેલાઇથી ઉકલે તેવું ન હતું. આગળ પગલાં ભરીને માર્ગ કાઢવાનું કામ ટ્રસ્ટીઓનું હતું. એટલે મને રાહત મળી. હવે ધર્મશાળમાં કોઇ પ્રકારની દખલગીરી અને ઉપાધિ વિના શાંતિથી રહી શકાશે એમ લાગવાથી મારો ઉત્સાહ વધી પડ્યો.

ધર્મશાળામાં રહેવાનો મુખ્ય હેતુ માતાજીની સંભાળ રાખી શકાય અથવા એમને આર્થિક મદદ મોકલી શકાય તે હતો. તે માટે જ મેં ધર્મશાળાનું કામ સ્વીકારેલું. હવે મને ધર્મશાળામાં ફાવી પણ ગયું. ઋષિકેશનું વાતાવરણ પણ મને ગમતું. પરંતુ તુલસીદાસે કહ્યું છે કે 'હોવત સોઇ જો રામ રચી રાખા'. ઇશ્વરની ઇચ્છા પ્રમાણએ જ બધું થયા કરે છે. તે પ્રમાણે મારા જીવનમાં એક નવા અણધાર્યા પ્રસ્થાનનો કાળ આવી પહોંચ્યો. એક નવી પરિવર્તનની પળ પેદા થઇ. છેલ્લા કેટલાક વરસોમાં જીવનમાં ઉપરાઉપરી અનેક ફેરફારો થયેલા. એના અનુસંધાનમાં એક બીજા મોટા ફેરફારનો વખત આવી પહોંચ્યો.

રોજના નિયમ પ્રમાણે સ્નાનાદિથી પરવારીને હું સવારે ધ્યાનમાં બેઠો. ને થોડાં જ વખતમાં મારું મન એકાગ્ર થઇ ગયું. તે વખતે શરીરનું જરાક જેટલું ભાન કાયમ હતું. તે દશામાં મારા હૃદયમાં ઉંડે ઉંડે પ્રેરણા કરતું કોઇ કહેવા માંડ્યું : 'અરે, માતાજીની ચિંતા શા માટે કરે છે ? તને મારા પર શ્રદ્ધા નથી ? માતાજીના ગુજરાનની ચિંતા કરીને તો તું મારા પરની શ્રદ્ધાને ઓછી કરે છે. જરા વિચાર તો કર કે આખા જગતની ચિંતા કોણ કરે છે ? મનુષ્ય જ નહિ પણ પશુપંખી ને વનસ્પતિનો ભાર કોણ વહન કરે છે ? સૌનું પોષણ કરનાર શું એક ઇશ્વર નથી ? તે ઇશ્વર પર - મારા પર તને શ્રદ્ધા નથી ? તો પછી અહીં શું કામ બેસી રહ્યો છે ? આ નાનકડા પિંજરમાં શા માટે પૂરાઇ રહ્યો છે ? નોકરી કરવા જ હોય તો મારી કર. મારો જ સેવક ને પ્રેમી બન. તેમ કરીશ તો તારું જીવન ધન્ય બની જશે. તું કૃતાર્થ થઇ જશે. માતાજીની ચિંતા છોડી દે. તેમને કોઇ જાતની તકલીફ નહિ પડવા દઉં. તારા જીવન માટે તું બીજા પર આધાર રાખે છે ત્યાં સુધી તારું સમર્પણ સાચું નથી. પૂરું નહિ પણ અધૂરું છે. માટે મારે માટે સર્વસમર્પણ કરીને આગળ પર્વતોમાં ચાલ ને જીવનને મારામય કરી દે. હવે વિલંબ ના કર.'

પહેલેથી તૈયાર કરી રાખ્યા હોય તેવા શબ્દો અંતરના ઉંડાણમાંથી એક પછી એક બોલાયે ગયા. તે શબ્દોને સંભળાવનાર શક્તિનું દર્શન ના થયું. શિવાનંદ આશ્રમમાં પહેલી વાર જે અલૌકિક અનુભવ મળેલો તેને મળતો આ બીજો અનુભવ હતો. આ શબ્દો મારા મનના વિચાર કે ભાવતરંગ ન હતા, કલ્પના પણ ન હતી, પણ તે વખતે આકસ્મિક રીતે અંતરમાંથી આવી રહેલા. તેમને પ્રેરિત કરનારી શક્તિ કોઇ જુદી જ હતી. તેમની સામે કોઇ દલીલ કામ કરતી ન હતી. તર્કશક્તિ તેમને અનુકૂળ થઇને સ્વીકાર્યે જતી.

એ પ્રેરણાશબ્દોની અસર તો જુઓ ! શબ્દો પૂરા થયા કે તરત જ મેં આંખ ઉઘાડી, સામે પડેલી નોટબૂક લીધી, ને ટ્રસ્ટીઓને રાજીનામાનો કાગળ લખી નાખ્યો. 'આજથી પંદર દિવસ પછી હું ધર્મશાળા છોડી દઇશ. તે દરમ્યાન ઇચ્છા હોય તો કોઇ બીજા માણસને મોકલી દેજો નહિ તો તમારી મંજૂરી મળશે તો, દહેરાદૂનમાં એક ગુજરાતી ભાઇ વરસોથી રહે છે તેમને મારી જગ્યાએ મેનેજર તરીકે મુકતો જઇશ. એટલે તમને તકલીફ નહિ પડે.' એવી સૂચના પણ કાગળમાં કરી દીધી. રાજીનામાનો પત્ર પૂરો કર્યા પછી પદ્માસન પૂરું કરીને હું ઉભો થયો. મારો નિર્ણય તદ્દન નવો અને આકસ્મિક હતો. તેની પાછળ ઇશ્વરની પ્રેરણા હતી. એટલે મારા મનને શાંતિનો અનુભવ થઇ રહ્યો. આખરે તો ઇશ્વરની ઇચ્છા પ્રમાણે જ બધું થયા કરે છે. કવિ દયારામે ઠીક જ કહ્યું છે કે -

'ધણીનો ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નહિ ફરે,
ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે !'

**(3)**

ટ્રસ્ટીઓને પત્ર રવાના કર્યા પછી એક પત્ર મગર સ્વામીને લખીને બીજો પત્ર મેં ચંપકભાઇને લખી દીધો. તેમને મેં મારા નિર્ણયની જાણ કરી. ચંપકભાઇ તે વખતે નહાન સ્ટેટમાં પોન્ટા સાહેબ નામે સ્થાનમાં હતા. તેમના સમાચાર અવારનવાર આવતા. દહેરાદૂનમાં રહેતા ગુજરાતી ભાટિયા ભાઇ વલ્લભદાસે તેમને તે સ્થાન બતાવેલું. તેથી તે ત્યાં એકાંતવાસ માટે ગયેલા.

મગર સ્વામીની સાથે મારો પત્રવ્યવહાર ચાલુ હતો. હું ધર્મશાળામાં રહું તેવી તેમની ઇચ્છા હતી. એટલે મારો રાજીનામાનો નિર્ણય તેમને સારો ના લાગ્યો. કોની સલાહ લઇને મેં રાજીનામું આપ્યું, ધર્મશાળાનું સ્થાન મારા માટે બહુ સારુ હતું, ત્યાં રહેવાની મારી આજ્ઞા હતી, તેનું પાલન કેમ ના કર્યું, એવા એવા ભાવો તેમણે કાગળમાં ઠાલવી બતાવ્યા. પણ મારે માટે એ ભાવોનું મહત્વ ઝાઝું ન હતું. મને ઇશ્વરી પ્રેરણા મળી ચૂકેલી. તેનું પાલન કર્યા વિના છૂટકો ન હતો. એકાદ વ્યક્તિને બદલે ઇશ્વરને વફાદાર રહેવાનો મારો ધર્મ હતો. તે ધર્મની ઉપેક્ષા કરવાની મારી શક્તિ ન હતી, ઇચ્છા પણ ન હતી.

મારો નિર્ણય માતાજીને માટે મૂંઝવણરૂપ હતો. પણ ઇશ્વર પર શ્રદ્ધા રાખીને એનો અમલ કરવાની આવશ્યકતા હતી. તેની કૃપાથી બધું મંગળ જ થઇ રહેશે એવી મને શ્રદ્ધા હતી. માતાજીને માટે એ કાળ ભારે કસોટીનો હતો. તેમનો સ્થૂળ આધાર કેવળ મારા પર હતો. તેથી તેમની દશા સમજી શકાય તેવી છે. પછીના વરસો તેમને માટે વધારે કપરાં ને કસોટી કરનારા સાબિત થયા. પણ ઇશ્વરની કૃપાથી ભયંકર અગ્નિપરીક્ષામાંથી પસાર થઇને છેવટે તે સુખ અને શાંતિ મેળવી શક્યા. આજે તે વરસોથી મારી સાથે જ રહે છે. તેવો યોગ કેવી રીતે પ્રાપ્ત થયો તે ક્રમે ક્રમે કહેવાશે. હાલ તો એટલું જ કહીશ કે ઇશ્વરી પ્રેરણા પ્રમાણે થયેલો રાજીનામાનો નિર્ણય મારે માટે આગળ પર મંગલમય સાબિત થયો. ધર્મશાળામાં જ બેસી રહેવાનું થયું હોત તો મારા જીવનમાં આજના જેટલો આધ્યાત્મિક વિકાસ કદાચ ના થઇ શક્યો હોત. ધર્મશાળા છોડવાથી મને બધી રીતે લાભ જ થયો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૫. દશરથાચલ માટે પ્રસ્થાન

ધર્મશાળામાંથી મુક્ત કરીને ઇશ્વરે મારા પર ખરેખર કૃપા કરી. જીવનના વધારે વિકાસનો માર્ગ મોકળો કરી આપ્યો. ધર્મશાળાનો ત્યાગ કર્યા પછી હિમાલયના પાવન પ્રદેશમાં મેં ઇચ્છાનુસાર વિચરણ કર્યું, તે ભાગ્ય ધર્મશાળામાં બેસી રહેવાથી મને ભાગ્યે જ મળી શક્યું હોત. ભારતના જુદા જુદા પ્રદેશોમાં ફરવાના ને નિવાસ કરવાના ભાગ્યથી પણ વંચિત રહી જાત. ધર્મશાળાના એક સાધારણ મેનેજર તરીકે હું જીવતો હોત. તે દશામાં પણ મારી સાધના તો ચાલ્યા જ કરત. પરંતુ તેનું સ્વરૂપ જરા જુદું હોત. ધર્મશાળાનો ત્યાગ કરવાથી મારા જીવનમાં અંદરના ત્યાગની સાથે સાથે બહારના ત્યાગની દશા પણ શરૂ થઇ. એ વાત એટલી અગત્યની ન હતી. તે ઉપરાંત મારી પ્રવૃતિ પાછળ ઇશ્વરની પ્રેરણા હતી. ઇશ્વરનો હાથ હતો, એટલે મને શાંતિ હતી.

મારા રાજીનામાનો ઉત્તર આવી ગયો. ટ્રસ્ટીઓની મંજૂરી મળી ગઇ.

ધર્મશાળાનો ત્યાગ કરવાનો વખત પાસે ને પાસે આવતો જતો હતો. ચંપકભાઇના પ્રત્યુત્તરની હું પ્રતીક્ષા કરતો હતો. ત્યાં તો છેલ્લે ચંપકભાઇ પોતે જ આવી પહોંચ્યા. મારો પત્ર મળવાથી તેમને મારી પાસે આવવાનું મન થયું. તે પ્રમાણે નહાનથી દહેરાદૂન થઇને તે ઋષિકેશ આવી પહોંચ્યા. અંધારી રાતે તેમણે બહારની રસ્તા પર પડતી બારીમાંથી મને બોલાવ્યો. તેમનો પ્રેમ અજબ હતો. તેના વિના આટલે દૂરથી કષ્ટ વેઠીને મને મળવા માટે કોણ આવે ? મેં તેમને છેલ્લે છેલ્લે બનેલી કેટલીક ઘટનાથી માહિતગાર કર્યા. ધર્મશાળાનું રાજીનામું આપવાનો વિચાર કયા સંજોગોમાં ઉભો થયો તે પણ તેમને કહી બતાવ્યું. બધું સાંભળીને તે રાજી થયા. એટલું જ નહિ, મારી સાથે આવવાની ઇચ્છા પણ તેમણે પ્રદર્શિત કરી : 'તમે જ્યાં જશો ત્યાં હું આવીશ ને તમારી સેવા કરીશ. મને ના કહેશો નહિ. તમે એકલા ના જાવ તેથી તો હું તમારો પત્ર મળ્યો કે તરત જ અહીં આવી પહોંચ્યો છું.'

મેં કહ્યું : 'તમારી વાત બરાબર છે. પણ આ બાબતમાં સાહસ કરવાનું કામ બરાબર નથી. હું ક્યાં જઇશ ને ક્યાં રહીશ તે પણ નક્કી નથી. દિવસો સુધી પગે ચાલવું પડે ને કોઇવાર ભૂખ્યા-તરસ્યા પણ રહેવું પડે. તમારાથી તેવું થઇ શકે નહિ. તમે સારા ઘરમાં ને સુખસગવડમાં ઉછરેલા છો. તમારાથી કષ્ટ સહન નહિ થઇ શકે. વળી મારો વિચાર એકાંતમાં એકલા જ રહેવાનો છે. એકાંતમાં રહીને મારે સતત સાધના કરવી છે. દિવસો સુધી મૌનવ્રત રાખવાની પણ મારી ઇચ્છા છે. તે સંજોગોમાં તમને મારી સાથે નહિ ફાવી શકે.'

પરંતુ તેમની ઇચ્છા દૃઢ હતી. તેમણે પ્રેમપૂર્વક કહેવા માંડ્યું : 'મને કષ્ટમય જીવન ગમે છે. તેવા જીવનનો મને અભ્યાસ છે. સંજોગોને અનુકૂળ થવાની મારામાં શક્તિ છે. વળી હું તમારા માર્ગમાં અંતરાયરૂપ નહિ બનું, બધી રીતે અનુકૂળ થઇને હું તમને બનતી મદદ કર્યા કરીશ. માટે મને ના ના કહેશો. મને સાથે આવવાની ઉત્કટ ઇચ્છા છે.'

એ પ્રમાણે લાંબા વખત લગી અમારી વચ્ચે વિચાર વિનિમય થતો રહ્યો. બીજે દિવસે પણ એની એ વાતો થતી રહી. છેવટે એમનો અત્યંત પ્રેમ અને આગ્રહ જોઇને મેં તેમને સાથે આવવાની હા કહી. તેમને

તેથી ઘણો આનંદ થયો. સૌ પહેલાં અમે દેવપ્રયાગ જવાનું નક્કી કર્યું. ત્યાં શ્રી ચક્રધરજીને ત્યાં બેત્રણ દિવસ રહીને દશરથાચલ પર જઇને સાધના કરવાનો મારો વિચાર હતો. ચંપકભાઇ મારા વિચાર સાથે સહમત થયા. વળતે દિવસે સવારે અમે દેવપ્રયાગની મોટરમાં ગોઠવાઇ ગયા. મોટર ઉપડી તે જ વખતે મને પેલા ત્રિકાળજ્ઞ ગુજરાતી મહાત્મા યાદ આવ્યા. તેમની ભવિષ્યવાણી સાચી પડી. ધર્મશાળામાં મારે બરાબર એક વરસ રહેવાનું થશે એવું તેમણે કહી દીધેલું. મેં ચંપકભાઇને તારીખ પૂછી. તો તેમણે કહ્યું, આજે સત્તાવીસ તારીખ છે. કેટલી ચોક્કસતા ! ૨૭ નવેમ્બર, ૧૯૪૨ને દિવસે મેં ધર્મશાળામાં પ્રવેશ કરેલો ને ૨૭ નવેમ્બર, ૧૯૪૩ને દિવસે મેં તેનો ત્યાગ કર્યો. બરાબર એક વરસ ! કોણ કહે છે કે આજે પણ આ દેશમાં વચનસિદ્ધ ને ત્રિકાળજ્ઞ સંતપુરુષો નથી ? વખતના વહેવા સાથે તેવા દિવ્ય દૃષ્ટિવાળા મહાપુરુષો લુપ્ત થયા છે એવું કોણ કહી શકે છે ? એવા મહાપુરુષો સમય ને સ્થળના બંધનથી પર છે. તેમની સંખ્યા પહેલાના પ્રમાણમાં આજે ઓછી હશે. પણ તેમનો સંપૂર્ણપણે લોપ થયો છે એમ નહિ કહી શકાય. આ દેશમાં વિચરણ કરતા ને વસતા લાખો સાધારણ કોટિના સાધુઓમાં એવા અસાધારણ શક્તિવાળા સાધુપુરુષો પણ દેખાય છે. પછી ભલે તે વિરલ હોય. તેમને મળવાની ભૂખ હોય તો ઇશ્વરની કૃપાથી કેટલીક વાર એ આપણા ઘરનાં બારણાં ખખડાવતા આપણી પાસે આવી પહોંચે છે અને આપણને કૃતાર્થ કરે છે. એટલે તેવા મહાન પુરુષો છે જ નહિ એમ માનવાનું કોઇ કારણ નથી.

ઋષિકેશ છોડીને અમારી મોટર આગળ ને આગળ દોડ્યે જતી હતી. શિયાળો હોવાથી પ્રવાસીઓની સંખ્યા તદ્દન નજીવી હતી. પર્વતને રસ્તે મોટર મુસાફરી કર્યે જતી હતી. તેના અવાજમાં અવાજ મેળવીને તાલબદ્ધ રીતે હું ૐ તત્ સત્ નો ધ્વનિ કર્યા કરતો. તે વખતનો આનંદ અદભૂત હતો. બધાં પ્રકારના બંધનમાંથી મુક્તિ મળી હોય એવો અનુભવ મને થયા કરતો. બધી જાતની ચિંતાની ચિતા કરીને એક ઇશ્વરના આધાર પર હું આગળ ને આગળ જઇ રહેલો. મારા જીવનનો એક અનેરો અધ્યાય શરૂ થયેલો.

ઋષિકેશનું એક વરસ મારે માટે ખૂબ જ મદદકારક થઇ ગયું. તે દરમ્યાન મને અનેક સારાનરસાં અનુભવોની પ્રાપ્તિ થઇ. હવે નવા પ્રદેશોમાં નવા અનુભવ માટે મારો પ્રવેશ થઇ રહ્યો. મોટર ચાલતી અને અંતર કપાતું તેમ કાળ પણ કપાતો જતો. મોટર તેની યાદ આપતી ને જાણે કહેતી કે હે માનવ, મહાકાળની મોટર આમ ચાલી જાય છે ને તારો જીવનપંથ કપાતો જાય છે. જે સમય જાય છે તે ફરી આવશે નહિ. માટે તેનો સદુપયોગ કર ને શાંતિ, શક્તિ, સમૃદ્ધિને મેળવી લે.

ઉત્સાહમાં ને ઉત્સાહમાં દેવપ્રયાગ ક્યારે આવ્યું તેની ખબર ના પડી. ચક્રધરજી અમને જોઇને ખુશ થયા. પહેલા પરિચય પછી અમે ફરીવાર દેવકીબાઇની ધર્મશાળામાં મળ્યા હતા. એટલે તે મારા વિચારોથી પરિચીત હતા. ચંપકભાઇને માટે તેમના પરિચયનો પ્રસંગ આ પહેલો જ હતો. પણ ચંપકભાઇનો સ્વભાવ ઉદાર ને મિલનસાર હતો. અજાણ્યા વાતાવરણને પણ જાણીતું કરી દેવાની તેમનામાં આવડત હતી એટલે તેમને ત્યાંના વાતાવરણમાં ભળી જતાં વાર ના લાગી.

એક બે દિવસ પછી અમે દશરથાચલ પર જવાની તૈયારી કરી. દશરથાચલ પર રહેવાની ને પાણીની તકલીફ હતી પણ ત્યાંનું શાંત અને સુંદર વાતાવરણ મારી આંખ આગળ રમી રહેલું. એટલે ત્યાં જવાની મારી ઇચ્છા હતી. ચંપકભાઇએ એ બાબતમાં મને સારો સહકાર આપ્યો. ઠંડીથી ડરીને તેમણે મારી

વાતનો જરાપણ વિરોધ ના કર્યો. દેવપ્રયાગના કેટલાક ભાઇઓને અમારા નિર્ણયથી ભારે આશ્ચર્ય થયું. એક તો માગશર મહિનો ને વળી લગભગ સાત હજાર ફીટ ઊંચાઇના પર્વત પર રહેવાનો વિચાર ! અમારા જેવા યુવાન છોકરાઓનું કામ એમને અસાધારણ સાહસ ભરેલું લાગ્યું. એવે વખતે તો પર્વત પર રહેવાનો વિચાર તેમને પણ ના ગમે, ત્યારે અમે તો મેદાની પ્રદેશના માણસો !

☼ ☼ ☼ ☼ ☼

## ૫૬. દશરથાચલ પર

દશરથાચલ પર્વતનું વાયુમંડળ સાધનાત્મક અંતરંગ અભ્યાસને માટે અતિશય અનુકૂળ હતું. દશરથાચલ પર જતી વખતે મારા મનમાં વિવિધ સંકલ્પોની સૃષ્ટિ થયેલી. એક તો ઇશ્વરના સાકાર સ્વરૂપના દર્શનનો સંકલ્પ અને બીજો સમાધિ અવસ્થાના અનુભવનો સંકલ્પ. એ દ્વિવિધ સંકલ્પોમાંથી કોઇપણ એક સંકલ્પના સુખદ સાફલ્યને માટે બનતો પરિશ્રમ કરવાનો અને તેના પ્રસન્નતાપૂર્વકના પરિણામ પછી જ પર્વત પરથી નીચે ઉતરવાનો મારો નિર્ણય હતો. એને માટે અસાધારણ સાધનાભ્યાસની આવશ્યકતા હતી. એવા સાધનાભ્યાસથી સિદ્ધિ તથા શાંતિની સંપ્રાપ્તિ માટેની મારી શ્રદ્ધા અચળ હતી.

ઋષિકેશની એક વરસની સતત સાધનાના પરિણામરૂપે એ શ્રદ્ધા બળવત્તર બનેલી.

દશરથાચલ પર આવીને મેં કપડા કાઢી નાખ્યા ને માત્ર લંગોટીભર રહેવાનું શરૂ કર્યું. પાણીની અગવડ હોવાથી રોજ રોજ કપડા ધોવાનું ફાવે તેમ ન હતું. તેમજ લંગોટીભર રહેવાની મારી ભાવના હતી. ઠંડી ભારે હોવાથી લંગોટીભર રહેવાનો પ્રયોગ કઠિન હતો. સૂર્યકિરણોનો લાભ પર્વત પર બધે જ સારા પ્રમાણમાં મળે તેમ હતો. એટલે ખાસ ચિંતા ન હતી. પાથરવા માટે મારી પાસે એક મૃગચર્મ ને શેતરંજી - એ બે વસ્તુઓ હતી. ઓઢવા માટે ચક્રધરજીએ આપેલો જાડો કામળો હતો. રાતે વધારે ભાગે બેસી રહેવાનો ને ધ્યાન કરવાનો નિયમ મેં રાખેલો. આખી રાત કામળો ઓઢીને ધ્યાન કરતાં બેસી રહેવાની ટેવ પાડેલી. ઠંડી અતિશય હોવાથી રાતે સૂવાનું મન પણ થતું નહિ, અને આખી રાત શાંતિપૂર્વક ક્યાં પસાર થઇ જતી તેની ખબર પણ ના પડતી.

મારી સાથે રહેવામાં ચંપકભાઇની ખરેખરી ને કપરી કસોટી થઇ રહી. તેમને ઠંડી વધારે લાગતી. ખાસ વાત તો એ હતી કે તેમની પાસે ઠંડીથી બચવાનું પૂરતું સાધન ન હતું. જેલમાંથી નાસીને એકાએક હિમાલયના પ્રદેશમાં આવી પહોંચ્યા હોવાથી તેમની પાસે પહેરવા ઓઢવાના પુરતાં વસ્ત્રોનો અભાવ હતો. તેમની પાસે કાનટોપી ને કામળી હતી. તે ઉપરાંત ચક્રધરજીએ તેમને એક ગરમ લાંબો કોટ આપેલો. તેથી તેમનું કામ જેમ તેમ કરીને ચાલતું. દિવસે તો વધારે ભાગે તે તડકે જ બેસી રહેતા. મને સતત સાધનામાં મગ્ન જોઇને તે પણ સાધના કરવા તૈયાર થયા. તે પ્રમાણે તેમની રુચિ પ્રમાણે તે જપ ને પ્રાર્થના કર્યા કરતા ને વખતને આનંદપૂર્વક વ્યતીત કરતાં. મને પહેલા એમ લાગતું કે તેમને કદાચ પર્વત પર રહેવાનો કંટાળો આવશે ને મારે નાછૂટકે નીચે ઉતરવું પડશે. પણ તેમની સહનશક્તિ, હિંમત ને ધીરજ ધાર્યા કરતાં ઘણી વધારે હતી. તેથી તે જરા પણ બડબડાટ વિના મારી સાથે રહ્યા ને મને બધી રીતે અનુકૂળ બન્યા.

દશરથાચલ પર પહોંચીને મેં મૌનવ્રત શરૂ કર્યું એટલે તેમની મુશ્કેલી વધી. પર્વત પર અમારા બે વિના બીજું કોઇ મળે નહિ એટલે વાત કરવી હોય તો પણ તે કોની સાથે કરે ? કોઇવાર ઇચ્છા થતાં હું તેમની સાથે સંકેતથી વાત કરતો કે અઠવાડીયામાં એકાદવાર કોઇ એકાદ શબ્દ બોલી બતાવતો. એટલે તેમને પણ કુદરતી રીતે મૌન જ રહેતું. મારા સમગ્ર સમય ને મારી સઘળી શક્તિનો સદુપયોગ સાધના માટે કરવાનો નિર્ણય કરીને મેં મૌન રાખવાનું શરૂ કર્યું. મને પ્રત્યેક પળનો ઉપયોગ ધ્યાન, જપ ને પ્રાર્થના માટે કરીને સાધનાના ઉત્તમોત્તમ અનુભવની પ્રાપ્તિ કરવાની લગન લાગી. તે દશામાં મૌન મારે માટે સ્વાભાવિક

બની ગયું. પણ ચંપકભાઇને માટે તો તે મોટી પરીક્ષારૂપ હતું. તોપણ તે પૂરા ઉત્સાહથી બધી રીતે મને અનુકૂળ થઇને મારી સાથે રહેવા લાગ્યા.

પર્વત પર રહેવા માટે જે મકાન હતું તે જૂનુંપુરાણું ને સાધારણ હતું. તેમાં ત્રણ ઓરડા હતા. તેમાં બે ઓરડા ઉઘાડા ને ત્રીજો ઓરડો બંધ હતો. તેમાં મકાનમાલિકનો થોડોઘણો સરસામાન પડેલો. બે ઓરડામાંથી એક નાના ઓરડામાં હું રહેતો ને બીજા જરાક મોટા ઓરડામાં ચંપકભાઇ. ઓરડાના બારણાં તદ્દન તકલાદી હતા. તેમાં રાતે એકલા રહેવાનું કામ ભારે હિંમત માગી લે તેવું હતું. પર્વત પર વાઘ અને રીંછ સારી સંખ્યામાં રહેતા. અમારા જેવા અજાણ્યા અતિથિની મુલાકાત લેવાનું તેમને મન થાય તે સાવ સ્વાભાવિક હતું. રાતે ઓરડાની બહાર કેટલીક વાર જંગલી જનાવરની હિલચાલ સંભળાતી. ચંપકભાઇ તે વિશે મને અવારનવાર વાત કરતાં તો પણ તે ડરતા નહિ. તે બહાદુર હતા. હું પણ તેમને હિંમત આપતો ને કહેતો કે 'આપણે અહીં ઇશ્વરના આધારે બેઠા છીએ. ઇશ્વરની ઇચ્છા છે તેથી જ નાની મોટી અનેક અગવડોની વચ્ચે વસીએ છીએ. એટલે ઇશ્વર આપણી રક્ષા કરે છે ને કરશે જ. આપણે ચિંતા કરવાનું કે ડરવાનું કોઇ કારણ નથી. આપણને કોઇના પર દ્વેષભાવ નથી તો કોઇ આપણા પર શા માટે દ્વેષ રાખે ? જંગલી જનાવર પણ આપણને શા માટે નુકસાન કરે ?'

પર્વત પર પાણીનો ત્રાસ હતો. વળી ઠંડી પુષ્કળ હતી એટલે પૂરું સ્નાન તો અમે ભાગ્યે જ કોઇવાર કરતાં. વધારે ભાગે પંચસ્નાનથી જ ચલાવતા. ત્યાં તો પવનનું સ્નાન જ પૂરતું હતું. ખાવા પીવા માટે પાણીની જરૂર પડતી. તે માટે અમે અનુકૂળતા મળતા દૂર આવેલા ઝરણ પાસે પહોંચી જતા ને જોઇતું પાણી લઇ આવતા. અઠવાડીયામાં એકાદ વાર એક પર્વતીય છોકરો દેવપ્રયાગથી જરૂરી વસ્તુઓ લઇને આવતો. તેની પાસે પણ પાણી ભરાવી લેતા. પાણી ભરવા માટે મકાનમાં કેટલાક ફાલતૂ ડબા પડેલા તેનો ઉપયોગ કરવાનું રાખેલું. ભોજન બનાવવાનું કામ ચંપકભાઇએ જ ઉપાડી લીધું. ભોજન બનાવવાના કામમાં તે કુશળ ન હતા તોપણ પ્રમાણમાં તેમનો અભ્યાસ સારો હતો. વધારે ભાગે ખીચડી બનાવવાનું રાખેલું. કોઇવાર ભાખરી કે શીરો બનાવતા. રાતે ઇચ્છા થતાં કોઇવાર રાબ બનાવી લેતા. જે વાનગી બનતી તે એકલી જ ખાવાની હતી. કેમ કે દાળ, શાક કે અથાણાંની અનુકૂળતા ન હતી.

સવારે તાપ નીકળતા અમે બહાર નીકળતાં. તે પછી હું એક ટેકરી પર બેસીને ધ્યાન કરતો. ચંપકભાઇ પણ જપ ને ધ્યાન કરતાં ને પછી ભોજન બનાવતાં. કોઇ કોઇ વાર ધ્યાનમાં મને એટલો બધો આનંદ આવતો કે કલાકો નીકળી જતાં પણ ઉઠવાનું મન થતું નહિ. પાછળથી તો ધ્યાનાવસ્થામાં હું શરીરનું ભાન પણ ભૂલી જતો. તે દશામાં કેટલોય વખત વહી જતો. ચંપકભાઇ મારી રાહ જોઇને બેસી રહેતા. કેટલાકવાર તો તે ખાવાની સામગ્રી લઇને પણ મારી પાસે આવી પહોંચતા ને મારું ધ્યાન પૂરું થવાની પ્રતીક્ષા કરતા. મારું ધ્યાન પૂરુ થતું ત્યારે અમે ત્યાં બેસીને ભોજન કરતાં. હું તેમને વારંવાર મારી રાહ ન જોવાની સૂચના આપતો. ભોજન થાય એટલે જમી લઇને મારો ભાગ રાખી મૂકવાની હું તેમને ભલામણ કરતો. પણ તેમનો પ્રેમ ભારે હતો. એકલા ખાવાનું તેમને ગમતું નહિ. એટલે તે હમેશા મારી રાહ જોયા કરતા.

એ દિવસોને યાદ કરીને મારું મન અનેરા ભાવો અનુભવે છે અને હૃદય ગદગદ બની જાય છે. એ દિવસોમાં ચંપકભાઇએ મારી સેવા ખૂબ જ પ્રેમપૂર્વક કરેલી. એમને જે આર્થિક મદદ મળી રહેતી તેમાંથી અમારો ખર્ચ ચાલ્યા કરતો. તેમનો સ્વભાવ ખરેખર અનન્ય હતો. મારા તે વખતના જીવનપ્રવાહનું પ્રત્યક્ષ રીતે નિરીક્ષણ કરવાનો તેમને પ્રસંગ મળ્યો. તે મારા તે વખતના સાધનામય જીવનવિકાસના એકમાત્ર સાક્ષી થયા. તેથી અમારો પ્રેમ ઉત્તરોત્તર વધતો જતો. સાધના દ્વારા અવારનવાર મને જે અનુભવોની પ્રાપ્તિ થતી તે હું તેમની પાસે પ્રકટ કરતો. તેથી તેમને આનંદ થતો.

બપોરે હું ફરી ધ્યાનમાં બેસતો. બપોરે લગભગ ત્રણેક કલાક જપ સાથે ધ્યાન કરવાની મને ટેવ હતી. તે પછી સાંજે કોઇવાર અમે ફરવા નીકળતાં. તે પછી પ્રાર્થના કરીને અંધારુ થતાં અમે એમના ઓરડામાં બેસતા. પર્વત પર ચીડનાં અસંખ્ય લાકડાં હતા. તેને ભેગા કરીને તેની તાપણી કરતા. તેથી થોડો વખત ઠંડી દૂર થતી. લાંબા વખત બેસીને અમે છૂટા પડતાં. મકાનની જમીન જૂની ને ભેજવાળી હતી. તેથી તેમાં 'પીસ્સું' નામે નાનાં જીવડાં થતાં. તેનાથી બચવા માટે ચંપકભાઇએ ટીનના ડબાને ભેગા કરીને તેના પર તૂટેલું બારણું મુકીને પથારી કરેલી. તે વખતનું જીવન એવું કષ્ટમય હતું.

ઋષિકેશ છોડ્યા પછી મારું મન સાધનામાં લાગેલું હોવાથી મેં પત્રો લખવાનું માંડી વાળેલું. મારા વતી જરૂરી પત્રો માતાજી તથા મુંબઇના નારણભાઇને ચંપકભાઇ જ લખતાં. મારા સમાચાર જાણીને તેમને ને માતાજીને આનંદ થતો. ચંપકભાઇની એ સેવા પણ ઓછી કિમતી ન હતી.

**(૧) સમાધિનો અનુભવ**

દશરથાચલના કુદરતી સૌંદર્યથી ભરેલા વાતાવરણમાં અમારા દિવસો શાંતિપૂર્વક પસાર થઇ રહ્યા હતા. તે વખતે શંકરાચાર્યના સુંદર ગ્રંથ વિવેકચુડામણીનું વાચન કરવામાં મને વિશેષ આનંદ આવતો. તેમના બીજા મૌલિક સ્તોત્રો પણ હું વાંચતો. વિવેકચુડામણીમાં કરેલી સૂચના પ્રમાણે સ્વરૂપનો નિર્ણય કર્યા પછી તેનો પ્રત્યક્ષ અનુભવ કરવા માટે સમાધિની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ કરતો. શંકરાચાર્યે કહ્યું છે કે વિચાર દ્વારા જેની શંકા દૂર થઇ છે ને જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે તે સાધકે શાંત એકાંત સ્થાનમાં બેસીને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવો. નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરીને એણે આત્માનો અપરોક્ષ અનુભવ કરી લેવો. એ પ્રક્રિયા જ્ઞાનમાર્ગની છે. તેમાં મને રસ હોવાથી એના અમલ માટે મેં તૈયારી કરવા માંડી. દશરથાચલનું વાતાવરણ સુંદર હતું. ત્યાંના પરમાણુ પવિત્ર હતા. એનાથી વધારે ઉત્તમ અને અનુકૂળ વાતાવરણ બીજે ક્યાં મળે ? ગીતા જેવા જ્ઞાનના ને બીજા યોગના ગ્રંથોમાં સાધના માટે પવિત્ર પ્રદેશ પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. એવા પવિત્ર, શાંત, એકાંત પ્રદેશમાં ધ્યાનાદિ કરવાથી મન જલદી એકાગ્ર થઇ જાય છે, એમ પણ કહેવામાં આવ્યું છે. એટલે દશરથાચલ પર રહીને મેં દિવસ ને રાતનો વધારે વખત ધ્યાનમાં જ વીતાવવા માંડ્યો. ગમે તેમ કરીને સમાધિનો અનુભવ મેળવવાની મને તરસ લાગી. એટલે બીજી બધી વાતોમાંથી મનને પાછું વાળીને તેને ધ્યાનપરાયણ કરવાની મેં સતત કોશિશ કરવા માંડી.

જેમને સમાધિ જેવા સાધનાના ઉત્તમ અનુભવોની ઇચ્છા હોય તેમણે આ વાત સમજી લેવી જોઇએ. અંતરના ઉંડાણમાં લખી રાખવું જોઇએ કે સતત પરિશ્રમ વિના એવા અનુભવોની ઇચ્છા સંતોષાય તેમ નથી.

જેમણે થોડા વખતમાં સાધનાના સર્વોત્તમ અનુભવ-શિખર પર પહોંચી જવું છે તેમણે બીજી બધી વાતોમાંથી મનને પાછું વાળીને આદુ ખાઇને ખંતપૂર્વકની સાધના પાછળ પડવું જોઇએ. ઉત્સાહ, ખંત, હિંમત ને શ્રદ્ધાની માત્રાને વધારવી પડશે, ને પ્રમાદ કે દીર્ઘસૂત્રીપણાનો કાયમને માટે ત્યાગ કરવો પડશે. માણસોમાં વધારે ભાગે ઉત્સાહની ખામી હોય છે. સાધના માટે જરૂરી ભોગ આપતાં એ અચકાય છે અને એકધારા પુરુષાર્થનો પણ વધારે ભાગના માણસોમાં અભાવ હોય છે. સાધનાના ઉત્તમ અનુભવો ન થવામાં, બહુ ઓછા પ્રમાણમાં થવામાં, ને થોડા થવામાં, એ કારણો પણ ઓછો મહત્વનો ભાગ નથી ભજવતાં.

પરંતુ મારું અંતર અપૂર્વ ઉત્સાહથી આપ્લાવિત હતું. શ્રમ કરવામાં હું પાછું વાળીને જોઉં તેમ ન હતો. વળી વાતાવરણ બધી રીતે અનુકૂળ હતું. દશરથાચલના પ્રદેશમાં બહાર તેમ જ ઓરડાની અંદર બધે જ એક પ્રકારનો અનહદ નાદ ચાલ્યા કરતો. એ નાદ ખરી રીતે તો આગળ વધેલા સાધકને પોતાની અંદર જ સંભળાય છે. પરંતુ પર્વત ને વનના કેટલાક પ્રદેશો ને કેટલાંક મકાનો એવાં હોય છે કે તેમાં કુદરતી રીતે જ એ નાદ ચાલ્યા કરે છે. એવાં સ્થાનો ખાસ કરીને ધ્યાન કરનારા સાધકો માટે ખૂબ જ મદદરૂપ થઇ પડે છે. કુડલિનીની જાગૃતિ પછી સાધકને દસ જાતના નાદ સંભળાય છે એમ યોગશાસ્ત્રમાં કહેલું છે. તેને મળતો અમુક જાતનો નાદ તે સ્થાનોમાં ચોવીસ કલાક ચાલ્યા જ કરે છે. દશરથાચલ પર્વત પર એવો નાદ ચાલતો હોવાથી મન તેમાં તરત જ એકાગ્ર થઇ જતું. એ એક વિશેષ લાભ હતો. એ ઉપરાંત ઇશ્વરની કૃપા એટલે સમાધિનો અનુભવ મેળવતાં મને વાર ના લાગી. મનની પેલી પારના પ્રદેશનું દ્વાર જાણે કે સહેજમાં ઉઘડી ગયું ને મને શાંતિ મળવા માંડી. અંતરમાં આનંદ આનંદ થઇ રહ્યો. શરૂઆતમાં પા કે અડધો કલાક ને પછી તો ચાર ને પાંચ કલાક સુધી શરીરની વિસ્મૃતિનો એ અનુભવ કાયમ રહેવા માંડ્યો. ચંપકભાઇને પણ એથી આનંદ થયો.

વિવેકચુડામણીમાં શંકરાચાર્યે સમાધિના મહત્વનો સ્વીકાર કર્યો છે. પરંતુ સમાધિ કેટલી વખતની હોવી જોઇએ તેની નિરર્થક ચર્ચામાં તે ઉતર્યા નથી. 'જેનું મન એક ક્ષણ માટે પણ પરબ્રહ્મ પરમાત્મામાં લીન થઇ ગયું, તેનું જીવન ધન્ય થઇ ગયું, કુળ પવિત્ર થઇ ગયું, તેની જનની કૃતાર્થ થઇ, ને પૃથ્વી પણ તે બડભાગી પુરુષનો સ્પર્શ પામીને સફળ ને પુણ્યશાળી થઇ ગઇ.' એવી અંજલિ આપીને એમણે આત્માનુભવવાળા પુરુષનું ગૌરવ કર્યું છે. પરંતુ તેમના લખાણ પરથી જણાઇ આવે છે કે સમાધિના સમય પર ભાર મૂકવાને બદલે તેની ગુણવત્તા પર તેમણે વધારે ભાર મૂક્યો છે. સમાધિનો સમય ગમે તેટલો હોય પણ સમાધિ પ્રાપ્ત કરનારા સાધકને સમાધિ પછી બધે પરમાત્માની સત્તાનું દર્શન થવું જોઇએ, એ વાતને તે ખાસ મહત્વની માને છે. દૃષ્ટિને દૈવી કરીને અંદર ને બહાર બધે જ પરમાત્માનું દર્શન કરાવનારી એક ક્ષણની સમાધિ તેવું દર્શન કરવાની શક્તિ કે દૃષ્ટિ ના આપનારી કલાકો, દિવસો ને મહિનાની સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ છે, એવો એમનો અભિપ્રાય છે. બીજા પ્રકારની સમાધિથી કાળાંતરે કેટલીક સિદ્ધિઓ મળે છે, તે સાચું છે પણ તેની મુખ્ય સિદ્ધિ તો પરમાત્માનું દર્શન જ છે. તેને સાધવામાં જ તેની સફળતા છે. શંકરાચાર્યની એ વાત પર વિચાર કરીને ચરાચરમાં પરમાત્માનું દર્શન કરવાના પહેલેથી પાડેલા અભ્યાસને મેં વધારવા માંડ્યો. તેથી મને ઘણો આનંદ મળ્યો. અદ્વૈતના અનુભવના ભાવથી મારું હૃદય ભરાઇ ગયું. દશરથાચલ પર જવાનો એક ઉદ્દેશ આમ સફળ થયો.

**(૨) મારી માળા ગુમ થાય છે.**

તે દિવસોમાં બનેલો એક બીજો પ્રસંગ યાદ આવે છે. ઋષિકેશના નિવાસ દરમ્યાન મેં માળા રાખેલી. તે માળાનો જપ કરવામાં હું ઉપયોગ કરતો. પર્વત પર પહોંચ્યે થોડા જ દિવસો થયા અને એક બનાવ બન્યો. રાતે માળાને મેં પથારી પાસે રાખી. પણ બીજે દિવસે સવારે જોયું તો માળાનો પત્તો નહિ. એક રાતમાં માળા ક્યાં જતી રહી તેની કાંઇ સમજ ના પડી. ઓરડો રાતે બંધ હતો. અંદરથી સાંકળ મારેલી એટલે કોઇ માણસ કે પશુ અંદર આવીને માળા લઇ જાય તે માની શકાય તેમ ન હતું. તેવી કલ્પના પણ અસ્થાને હતી. ત્યારે માળા ગઇ ક્યાં ? તે ગુમ થઇ એ તો નક્કી હતું. પર્વત પર ઉંદર હોઇ શકે. જો કે અમે કોઇ ઉંદરને હજી સુધી જોયો ન હતો. પણ ઉંદર બંધ મકાનમાં આવે ક્યાંથી ? વળી માળાની સાથે પડેલી બીજી બધી જ વસ્તુઓ હયાત હતી. માત્ર માળા જ ન હતી. ચંપકભાઇને પણ મારી વાત સાંભળીને નવાઇ લાગી. બહાર ને અંદર બધે જ જોયું, વારંવાર જોયું, પણ માળા ના મળી તે ના જ મળી. એ આખોયે પ્રસંગ અમને એકદમ અદભૂત લાગ્યો. મને થયું કે ઇશ્વરની ઇચ્છાથી જ માળા ગૂમ થઇ છે. ઇશ્વરની ઇચ્છા એવી હશે કે હવે મારે માળા વિના ચલાવી લેવું, માળા વિના જ જપ ને ધ્યાનની સાધના કરવી. તેની સૂચના આપવા માટે જ ઇશ્વરે માળા ગુમ કરી છે. એ જ કારણ હોઇ શકે. એ જ તેનું રહસ્ય હોઇ શકે. બીજું કોઇ કારણ કે રહસ્ય મારી સમજમાં આવી શક્યું નહિ.

ચંપકભાઇ પાસે માળા હતી પણ મેં તેનો ઉપયોગ ના કર્યો. તે દિવસથી ઇશ્વરની ઇચ્છાને માન આપીને મેં માળા વિના જ કામ કરવા માંડ્યું. નવાઇની વાત એ હતી કે ખૂબ ફાવી ગયેલી માળાની ગેરહાજરી મને કદી સાલી નહિ. ઇશ્વરની ઇચ્છા સદા મંગલને માટે હોય છે તે સાચું છે. તેમાં શ્રદ્ધા કરવાથી ખરેખર લાભ થાય છે.

**(૩) રીંછની મુલાકાત**

દશરથાચલ પર વાઘ ને રીંછ સારા પ્રમાણમાં હતા, તે વાતનો ઉલ્લેખ હું આગળ પર કરી ગયો છું. પણ પ્રભુની કૃપાથી તેમના તરફથી અમને કોઇ જાતની તકલીફ ના પડી. એકાદ બે પ્રસંગને બાદ કરતાં તેમની મુલાકાત કરવાનો અવસર પણ અમને ના મળ્યો. કદાચ તેમને પણ થયું હશે કે આ તો પર્વત પર રહીને આત્મોન્નતિની સાધના કરે છે, તે કોઇનું બગાડતા નથી, બગાડવાની ઇચ્છા પણ કરતા નથી તો આપણે તેમનું શા માટે બગાડવું ? તેમની પાસે જઇને તેમનામાંથી કોઇનાયે દિલમાં તોફાન શા માટે જગાવવું ? એટલે એમણે અમારી પાસે પહોંચવાનો વિચાર નહિ કર્યો હોય. ફકત એક વાર અમારે એક રીંછની અચાનક મુલાકાત થઇ.

તે દિવસે સાંજે અમે જંગલમાં ફરવા જતા હતા. મેં રોજની જેમ કેવળ લંગોટી પહેરેલી ને હાથમાં મોટી લાકડી રાખેલી. ચંપકભાઇએ કોટપાટલૂન પહેરેલાં. પગદંડીને રસ્તે ચાલતાં ચાલતાં અમે દૂર સુધી નીકળી ગયા. હું આગળ ચાલતો ને ચંપકભાઇ પાછળ. એટલામાં તો ચંપકભાઇએ મને ખબર આપી કે સામેથી રીંછ આવે છે. મેં જોયું તો તેમની વાત સાચી હતી. છતાં મેં ચાલવાનું ચાલુ જ રાખ્યું. ચંપકભાઇને તેમાં જરા જોખમ લાગ્યું. છતાં મેં તેમને ઇશ્વર પર શ્રદ્ધા રાખીને મારી પાછળ પાછળ આવવાનું કહ્યું. તે પણ હિંમતવાળા ને સાહસિક હતા, પણ વખત એવો હતો કે ભલભલાની હિંમત હાલી જાય. પાતળી પગદંડીનો

એક જ સીધો રસ્તો. તેની બંને બાજુએ ઊંડી ઊંડી ખીણ. બીજે જવું હોય તો જવાય પણ ક્યાં ? રીંછ અમારી તરફ આવતું હતું. હમણાં તે છેક જ પાસે આવી પહોંચશે એમ લાગતું. પણ મને ઇશ્વરમાં શ્રદ્ધા હતી. રીંછ લગભગ પંદરેક ફુટ જેટલે દૂર આવ્યું ત્યાં જ હું ઊભો રહ્યો ને પાસેના પત્થર પર લાકડી પછાડી જોરથી ૐકાર નો ઉચ્ચાર કર્યો. એ ઓચિંતા ઉચ્ચારથી રીંછ ચમક્યું ને તરત જ ગભરાઇને ફૂદકા મારતું પાસેની ખીણમાં નીચે ને નીચે જવા લાગ્યું. અમે તેને જોઇ રહ્યા. એ અચાનક થયેલી રક્ષાથી ચંપકભાઇ રાજી થયા. મને પણ આનંદ થયો. પછી અંધારાનો સમય પાસે હોવાથી અમે મકાન તરફ પાછા વળ્યા. ઇશ્વરે એ રીતે અમારી પરીક્ષા ને રક્ષા કરી.

પર્વતના નિવાસી વાઘ કરતાં રીંછથી વધારે ડરે છે. અમારું કામ કરવા અઠવાડીયામાં એકાદ વાર જે છોકરો આવતો તે પાણી ભરવા જતી વખતે ટીનના ડબાને વગાડતો જતો. જંગલી પ્રાણીને નસાડવા કે ચેતવણી આપવા તે એ પ્રયોગ અજમાવતો. અમે પર્વત પર એકલા રહેતા તેથી તેને ખૂબ નવાઇ લાગતી. અમે તેને કહેતા, 'ભાઇ, એકાંતમાં રહેવું છે તેને વળી ભય શો ? ઇશ્વર આપણી રક્ષા કરવા સદાયે હાજર છે. માટે બધી જાતના ભયનો ત્યાગ કરીને તેના સ્મરણ મનનમાં મગ્ન થવાની આવશ્યકતા છે.'

અમારી ફિલસૂફી તે સમજી શકતો, તે માટે અમને ધન્યવાદ પણ આપતો. પરંતુ અમે કોઇ મોટું પરાક્રમ કરી રહ્યા હોઇએ તેમ માનીને અમારા તરફ હંમેશા નવાઇની નજરે જોયા કરતો. ખરેખર અમારો એકાંતવાસ બીજાને નવાઇ લાગે તેવો જ હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૭. ભગવાન રામનું દર્શન

દશરથાચલ પર્વત પર કાવ્યો સારા પ્રમાણમાં લખાયાં. કાવ્યો લખવાની શક્તિ મારામાં સહજ હતી એમ કહીએ તો ચાલે. કાવ્યોના વાચન ને લેખન તરફ મને પહેલેથી જ પ્રીતિ હતા. તે પ્રીતિ હિમાલય આવ્યા પછી પણ ચાલુ રહી. તેનું ઝરણું ઝરતું જ રહ્યું. કોઇને વિચાર થશે કે દશરથાચલના નિવાસ દરમ્યાન તો સાધના સતત રીતે ચાલતી હતી. આત્મોન્નતિની ઉત્કટ ઇચ્છાની તૃપ્તિ માટેના પ્રયાસો તે વખતે ચાલતા હતા. હિમાલયના બીજા સ્થળોમાં રહેવાનો મુખ્ય હેતુ પણ આત્મોન્નતિની સાધનાનો હતો. તે દરમ્યાન કવિતા લખવાનું કેવી રીતે બની શક્યું ? એવી શંકા થાય તે તદ્દન સ્વાભાવિક છે. પરંતુ તેનું સમાધાન પણ સહેલું છે. વાત એમ છે કે કવિતા મારે માટે કોઇ કલ્પનાનું કેવળ ઉડ્ડયન, મનોરંજન કે શોખનું સાધન નથી. કેવળ લખવાને ખાતર કવિતા લખવાનું મને પસંદ નથી. કવિતા મારે માટે એક કળા છે, સાધના છે, સત્ય, શિવ ને સુંદરનો સાક્ષાત્કાર કરાવનારી શક્તિ છે. તે દ્વારા પુરુષ પોતાના ભાવોની અભિવ્યક્તિ કરીને પરમાત્માની પાસે પોતાની જાતને ખુલ્લી કરે છે. પરમાત્મા સાથે વાતો કરે છે, ને પરમાત્માની કૃપાનો અનુભવ કરી શકે છે. વ્યક્તિ ને સમષ્ટિને પ્રેરણા પાવામાં, પોષવામાં ને સુધારવામાં પણ તેનો ફાળો નાનોસૂનો નથી. વ્યક્તિ તેમજ સમષ્ટિની આત્મિક ઉન્નતિની સાથે સાથે કવિતા સામાજિક ને રાષ્ટ્રીય ઉન્નતિ જેવી બીજી ઉન્નતિમાં ઓછો અગત્યનો ભાગ નથી ભજવતી. પરંતુ અત્યારે હું મારી પોતાની વાત કરી રહ્યો છું. મારા મનોભાવોને વ્યક્ત કરવામાં ને ઇશ્વર આગળ રજૂ કરવામાં તેણે મને હંમેશા મદદ કરી છે. એટલે તે સાધનામાં પૂરક કે સહાયક થઇને સાધનાની સહચરી બનીને જીવી રહી. જો તે જીવનના વિકાસની નક્કી કરેલી સાધનાની વિરોધી હોત, ને સાધના સાથે બંધબેસતી ના થતી હોત, તો તેનો ત્યાગ કરવાનો પ્રશ્ન ઉભો થાત. પણ વસ્તુસ્થિતિ તેથી ઉલટી હોવાથી, સાધનાના દિવસો દરમ્યાન પણ તેનો પ્રવાહ ચાલુ જ રહ્યો. કવિતા અથવા સાહિત્ય એ રીતે જીવન પોષક બને, તો તે આશીર્વાદરૂપ બની રહે છે. આપણે જોઇએ છીએ કે તુલસીદાસ, સુરદાસ, મીરાં, નરસી ને તુકારામ જેવા ભક્તોને માટે તેમની કવિતા પરમાત્માની સાથે સંબંધ બાંધવાના સાધનરૂપ બની છે. કવિતા તેમને માટે જપ, ધ્યાન, અનુષ્ઠાન જેવી કિમતી ઠરી છે. જેમ સાગરના વિશાળ સલીલ સાથે પંખી પોતાની પાંખની મદદથી સંબંધ સાધે તેમ કવિતાની પાંખથી આધ્યાત્મિકતાના આકાશમાં ઉડનારા તે ભક્તોએ પરમાત્માના વિશાળ સ્વરૂપને સ્પર્શ કર્યો છે. તેમને માટે કવિતાનું મૂલ્ય મંત્ર જેવું મોટું થયું છે. મારા સંબંધમાં પણ તે વાત કૈંક અંશે સાચી ઠરી. એટલે સાધનાની ઉત્કટતા દરમ્યાન પણ કવિતાનો પ્રવાહ વત્તેઓછે અંશે ચાલુ જ રહ્યો.

પરંતુ હિમાલયમાં આવ્યા પછી તેનું સ્વરૂપ જરા બદલાયું. માણસ જેવું જીવન જીવે છે, જીવવા માંગે છે, જેવા વિચાર ને ભાવ સેવે છે ને જે આદર્શોને પ્રિય ગણે છે, તેની છાયા તેની કૃતિમાં જરૂર આવવાની. તેનું પ્રતિબિંબ તેની રચનામાં જરૂર પડવાનું. તે કૃતિ ગદ્યની હોય કે પદ્યની, તેમાં તેના વ્યક્તિત્વ ને તેના અનુભવની છાપ ઉઠવાની, તેના ચિંતનમનન ને નિદિધ્યાસનની અસર તેમાં ખરેખર હોવાની. આ સિદ્ધાંતમાં અપવાદરૂપ એવાં એક-બે ઉદાહરણ નીકળી શકે, પરંતુ સામાન્ય રીતે તો આમ જ બનવાનું. તેથી જ આપણે સાહિત્યને જીવનનું દર્પણ કહ્યું છે. ગાંધીજી, વિનોબા, ટાગોર, મેક્સીમ, ગોર્કી, ટોલસ્ટોય, અરવિંદ, ન્હાનાલાલ

જેવા સર્જકોના સાહિત્યનું આમ જ સમજવાનું છે. બીજા સર્જકોનું પણ તેવું જ છે. તેમનું વ્યક્તિત્વ તેમના સાહિત્યમાં ઓતપ્રોત રહેવાનું જ. મારી લેખનશક્તિ તો સીમિત છે, છતાં પણ મારા લેખન સંબંધી પણ એમ જ સમજવાનું છે. હિમાલય ગયા પછી મારા જીવનમાં આત્મોન્નતિની સાધનાએ ભારે ભાગ ભજવ્યો. મારું જીવન મુખ્યત્વે આધ્યાત્મિક બની ગયું. આધ્યાત્મિકતા પ્રત્યેની મારી પ્રેમભક્તિ ને શ્રદ્ધામાં વધારો થતો ગયો. એટલે મારા લેખનમાં પણ તેની અસર છે, છાપ છે, ને તેનું પ્રતિબિંબ જોવા મળે છે.

સમાધિના અનુભવના આરંભથી મને અસાધારણ આનંદ થયો. મારી શ્રદ્ધા વધી પડી. મને થયું કે ઇશ્વરની મારા પર કૃપા છે. તેને લીધે મને બીજા અનુભવો પણ મળતા રહેશે. મારા દિલમાં ઇશ્વરના સાકાર દર્શનની ભાવના લાંબા વખતથી ચાલુ હતી. તેની પૂર્તિ માટે હું બનતી પ્રાર્થના કર્યા કરતો. તે દિવસોમાં મને પ્રાર્થનામાં ભારે શ્રદ્ધા હતી. પ્રાર્થના એ જ મારું બળ હતું એમ કહીએ તો ચાલે. જે અનુભવ કે વસ્તુની જરૂર હોય તેને માટે હું ઇશ્વરને પ્રાર્થના કરતો. પ્રાર્થના દ્વારા મારા દિલને ઇશ્વર આગળ ખોલી દેતો, ને ઇશ્વરની કૃપાની યાચના કરતો. જેવી રીતે બાળક માતાને માટે ટળવળે છે, રડે છે, ને બેચેન બને છે, તેવી રીતે ઇશ્વરને માટે હું બેચેન બનતો, રડતો, ને ટળવળતો. તાલાવેલીના એ દિવસો કેવી રીતે પસાર થઇ જતા તેની ખબર પણ ના પડતી. તે પછીના ને આજ સુધીના મારા જીવનનું મુખ્ય બળ પ્રાર્થના જ છે. ઇચ્છાનુસાર સિદ્ધિને માટે પણ આજે હું પ્રાર્થનાનો જ આધાર લઇ રહ્યો છું. પ્રાર્થના મારે માટે મંત્રનું કામ કરે છે. મારે કહેવું જોઇએ કે પ્રાર્થનાએ મને આજ લગી મોટી મદદ કરી છે. પ્રાર્થનાના પરિણામે ઇશ્વરે મારા પર વખતોવખત કૃપા વરસાવી છે ને સાધનાના જુદા જુદા અનુભવો આપીને મને કૃતાર્થ કર્યો છે.

ઇશ્વરના સાકાર દર્શનને માટે મારી પ્રકૃતિ પ્રમાણે હું રોજેરોજ પ્રાર્થના કર્યા કરતો. ધ્યાનમાં બેસવા માટે સવારે બારણાં બંધ કરતો, ત્યારે તો મારી દશા કરુણ થઇ જતી. મને થતું કે એક એક દિવસ વીતતો જાય છે. હજી મારી ઇચ્છા પૂરી નથી થઇ. તો પ્રભુ મારા પર કૃપા ક્યારે કરશે ?

ત્યાં તો એક દિવસ પ્રભુની કૃપા થઇ ગઇ. એ દિવસ મારે માટે આશીર્વાદરૂપ સાબિત થયો. સવારે ધ્યાન ને પ્રાર્થના કરતાં કરતાં અચાનક મારું શરીરભાન ભૂલાઇ ગયું. શરીર નિશ્ચેષ્ટ બની ગયું. તે દશામાં મને જે અલૌકિક અનુભવ થયો તેને યાદ કરીને આજે પણ મારા અંતરમાં આનંદ ઉભરાય છે. મને ભગવાન રામનું દર્શન થયું. ભગવાન રામનું સ્વરૂપ ખૂબ જ સુંદર હતું. એવું સુંદર સ્વરૂપ સંસારમાં જોવા મળતું નથી. તે ઉભા હતા. તેમણે પિતાંબર પહેરેલું, ગળામાં માળા, માથે મુકુટ ધારણ કરવાથી તેમની શોભામાં વધારો થયેલો. તે મારી તરફ જોઇ રહેલા. તેમની દૃષ્ટિની મધુરતાનું વર્ણન મારા સરખો સાધારણ ને અજ્ઞ માણસ કેવી રીતે કરી શકે ? લગભગ પાંચેક મિનીટ તે દર્શનનો અનુભવ ચાલુ રહ્યો ને પછી મને ભાન આવ્યું. હું ધ્યાનમાંથી જાગ્રત થયો. પણ મારા મનમાં ઉંડી શાંતિ હતી અને અંતરમાં આનંદનો અર્ણવ ઉછાળા મારી રહેલો. એ અનુભવની અસર એવી અજબ હતી.

થોડા વખત પછી હું બહાર નીકળ્યો ત્યારે મારા મુખ પર આનંદ આનંદ ફરી વળેલો. મને કોઇ સારો અનુભવ થયો છે એ વાતની કલ્પના મને જોતાંવેંત કરી શકાય તેમ હતી. ચંપકભાઇને મારી ટેવ મુજબ મેં લખીને મને થયેલા દર્શનના અનુભવની વાત કરી. તેથી એમને આનંદ થયો.

રામના દર્શનની મને ખાસ લગની ન હતી. તે માટે મેં કોઇ ખાસ પરિશ્રમ પણ નહોતો કર્યો છતાં પ્રભુએ મારી ભાવનાને સંતોષવાની એવી રીતે કૃપા કરી. તેમાં મારા પૂર્વજન્મના સંસ્કારો પણ કારણભૂત થયા હશે. ગમે તેમ પણ રામદર્શનના એ અનુભવથી મને અત્યંત આનંદ થયો ને પાર વિનાની શાંતિ મળી. એ અનુભવ કોઇ પ્રકારના વાર્તાલાપથી રહિત હતો. વળી ધ્યાનનો અથવા સમાધિનો હતો છતાં મારે માટે તેનું મૂલ્ય ઘણું મોટું હતું. ભગવાન રામની એ કૃપા બદલ તેમના ચરણમાં મેં વારંવાર ભીની આંખે પ્રણામ કર્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૮. શંકરદર્શનની વાત

રામનું દર્શન થયા પછી મને સ્વાભાવિક રીતે જ શંકરનું દર્શન કરવાની ઇચ્છા થઇ. શંકર ભગવાન પ્રત્યે મને પ્રેમ હતો. જ્ઞાનના અધિષ્ઠાતા ને દાતા તથા યોગના સ્વામી તરીકે તેમની તરફ મને આદરભાવ હતો. ત્યાગીઓના શિરોમણી તરીકે પણ તેમનું સ્વરૂપ ઓછું આકર્ષક ન હતું. એવા સિદ્ધિ ને મુક્તિના દાતા શંકરની કૃપાદૃષ્ટિ મેળવવાની મને ઇચ્છા થઇ. શાસ્ત્રો ને સંતોએ શંકરને આશુતોષ કહ્યા છે. તે બીજા દેવો કરતાં બહુ જલ્દી પ્રસન્ન થઇ જાય છે, એવું તેમનું કહેવું છે. તેથી સાધારણ માણસના મનમાં ઉત્સાહ જાગે છે ને તેમને પ્રસન્ન કરવાનો ભાવ ઉઠે છે. પરંતુ ઉમાએ તેમને પ્રસન્ન કરવા જે આકરું ને કષ્ટમય તપ કર્યું હતું તેનું વર્ણન વાંચીને કેટલાકનો ઉત્સાહ ઠંડો પડી જાય છે. કેટલાક તો તેમની પ્રસન્નતા માટે મહેનત કરવાનો વિચાર પણ મૂકી દે છે. તેમને થાય છે કે આપણું આમાં ગજું નહિ. જો ઉમાને શંકરની પ્રસન્નતા માટે આટલું બધું તપ કરવું પડ્યું તો આપણે કેટલું કઠોર ને લાંબુ તપ કરવું પડે તેની ત્રિરાશી તો મુકી જુઓ ! તેવા માણસોએ એક વિચાર યાદ રાખવા જેવો છે કે ઉમાની વાત બહુ જૂની છે. ઉમાએ જે જમાનામાં તપ કર્યું તે જમાનામાં માણસની શક્તિ વધારે વિકસેલી હતી. આજે જમાનો જુદો છે ને માણસો પણ જુદા છે. આજે સાધારણ રીતે જોઇએ તો માણસનું મનોબળ મોળું પડ્યું છે, તેની નૈતિકતા નબળી પડી છે. તેની પ્રભુપરાયણતા, તિતિક્ષા, ને તપ કરવાની તાકાતમાં પણ ફેર પડ્યો છે અથવા ઘટાડો થયો છે. કલિયુગના સામાન્ય દોષો તેને ઘેરી વળ્યા છે. એટલે તેની કસોટીનો ગજ પણ પહેલાં કરતાં જરા હલકો થયો છે. તેની યોગ્યતા ને પરીક્ષાના ધોરણમાં ફેર પડ્યો છે. એટેલ ઉમાનો વિચાર કરીને નિરાશ કે નાસીપાસ થવાની જરૂર નથી. બને તેટલા શુદ્ધ ને સાચા દિલથી તે પ્રભુનું શરણ લે ને પ્રભુની પ્રસન્નતા માટે બનતો ભોગ આપે તો તેના પર પ્રભુ જરૂર કૃપા કરે ને તેનું જીવન ધન્ય બની જાય, એવો અનુભવી પુરુષોનો અભિપ્રાય છે.

એટલે મેં પણ પ્રભુનું શરણ લઇને તેમની પ્રસન્નતા માટે મહેનત કરવાનો વિચાર કર્યો. મારામાં કશી યોગ્યતા ન હતી. કોઇ યોગ્યતા માટે મારો દાવો પણ ન હતો. મારામાં જ્ઞાન, ભક્તિ કે યોગ કરવાની શક્તિ ન હતી. બીજી કોઇ આવડત પણ ન હતી. મારી પાસે કેવળ પ્રાર્થનાનું સાધન હતું. ક્ષુધાતુર બાળક જેવી રીતે 'મા'ને ઝંખે, તલસે, ને જોવા માંગે, તેવી રીતે હું પ્રભુને ઝંખતો ને તલસતો. પ્રભુને માટે પ્રેમાતુર બનીને સતત પ્રાર્થના કરતો ને પ્રભુને અંતરના અંતરતમમાંથી ચાહતો. તે વખતે મારી પાસે ભગવાન શંકરનો એક નાનો ફોટો હતો. હિમાલય જતાં પહેલાં મેં તે વડોદરામાંથી ખરીદેલો. તે ફોટો અત્યંત આકર્ષક ને સુંદર હતો. તેમાં શંકર ભગવાન કેવળ કૌપીન પહેરીને ધ્યાનસ્થ દશામાં પદ્માસન વાળીને બેઠેલા. પાસે ગંગાજીનો પ્રવાહ વહી રહેલો ને ઉપર ચંદ્રમાનો પ્રકાશ હતો. સૌથી વિલક્ષણ વસ્તુ તો તેમનું સ્મિત હતું. મંદ મંદ મધુર સ્મિતથી સુશોભિત તેમના હોઠ ઉઘાડીને તે હમણાં જ કંઇ બોલી ઉઠશે એમ લાગતું. તેમનું સ્વરૂપ મને ખૂબ ગમી ગયેલું. એટલે તેને સામે રાખીને તેના દર્શન માટે મેં પ્રાર્થના કરવા માંડી.

સવારથી જ ઓરડી બંધ કરીને મેં ભગવાન શંકરને પ્રાર્થના કરવા માંડી. તેના પરિણામે મારી આંખમાંથી પ્રેમનું પાણી પ્રકટવા માંડ્યું. હરેક ક્ષણે મારી આતુરતા વધતી જતી હતી. એમ થતું હતું કે ભગવાન હમણાં જ પ્રકટ થશે. આવા પવિત્ર પ્રદેશમાંથી પાડેલો પોકાર વ્યર્થ નહિ જાય, પ્રભુ મારા પર જરૂર

કૃપા કરશે. વખત વીતતો જતો તે વાતનો વિચાર કરીને મારી બેચેની, બળતરા, અધીરાઇ પણ વધતી જતી.

વખત થયો એટલે ચંપકભાઇ ભોજનની થાળી મૂકી ગયા. ભોજન કરવાની ખાસ ઇચ્છા ન હતી. પરંતુ ચંપકભાઇની પ્રેમભરી ઇચ્છાથી પ્રેરાઇને મેં ભોજન કરી લીધું, ને પાછી પ્રાર્થના ચાલુ કરી. ચંપકભાઇની દશા ભારે વિચિત્ર હતી. આખા પર્વત પર બીજું કોઇ ન હતું. ઠંડી પણ ઘણી સખત હતી. તે ઉપરાંત બીજી મુશ્કેલીઓનો પણ પાર ન હતો. તેમની જગ્યાએ કોઇ બીજો માણસ હોત તો જરૂર કંટાળી જતા, ત્રાસી જાત, ને મને એકલો મૂકીને પર્વત પરથી સપ્રેમ નીચે ઉતરી પડત. પણ ચંપકભાઇની વાત જુદી હતી. તે જુદી જ માટીમાંથી બનેલા. ભારે હિંમતવાળા ને બહાદુર, કઠોર ને કષ્ટમય જીવનને હસતાં હસતા જીવતાં. જરા પણ બડબડાટ કર્યા વિના પોતાનું કામ કર્યે જતા. મુંબઇ જેવા શહેરના સુખી વાતાવરણમાં ઉછરેલા તેમના જેવા યુવાનને માટે પર્વતનું આ જીવન તદ્દન નવું હતું. છતાં મારા પરના પ્રેમને લીધે તે સદા આનંદમાં રહેતા ને બધું કામ કરતાં. રસોઇ બનાવવાનું ને વાસણ સાફ કરવાનું કામ પણ તેમણે ઉપાડી લીધેલું. હું તો લગભગ બધો વખત સાધનામાં જ પસાર કરતો.

શંકર ભગવાનના દર્શન માટે ભોજન પછી મારો પ્રયાસ ચાલુ રહ્યો. બપોરે લગભગ ત્રણેક વાગ્યે મારા મનમાં જરા નિરાશા થવા માંડી. ત્યારે પ્રાર્થના કરતાં કરતાં મારું શરીરભાન ભૂલાઇ ગયું, ને તે દશામાં મને ભગવાન શંકરનું ફોટાવાળું સ્વરૂપ દેખાયું. થોડા વખત પછી મને ભાન આવ્યું. એ અનુભવથી મને આનંદ જરૂર થયો ને શાંતિ મળી. પણ તે અનુભવ દર્શનની દૃષ્ટિથી બહુ ઉત્તમ કોટિનો કહી શકાય નહિ. ભગવાન શંકરે મને કામચલાઉ સંતોષ આપ્યો એટલું જ.

પરંતુ શંકર ભગવાન બહુ દયાળુ છે. તેમને માટે મારા હૃદયમાં પ્રેમ ને તલસાટ ચાલુ હતો. તેને લક્ષમાં લઇને તેમણે તે પછી મને ધ્યાનમાં અનેકવાર દર્શન આપ્યા. તેમનું દર્શન મને જુદા જ રૂપમાં થયું છે. તેમના નામ પ્રમાણે તે બહાર ને ભીતર સુંદર ને મંગલમય જ દેખાયા છે. તે સર્વસમર્થ છે. તેથી ભક્તોની ભાવના ને રુચિ પ્રમાણે પ્રકટ થઇ શકે છે. જ્યારે જ્યારે મારી સામે તે ધ્યાનાદિમાં પ્રકટ થયા છે ત્યારે સુંદર સ્વરૂપે જ પ્રકટ થયા છે. મને તો તેમનું શરીર કરોડો કામદેવ કરતાં પણ સુંદર ને ગૌર દેખાયું છે; જ્યારે જોયા છે ત્યારે તેમને સુંદર રેશમ જેવા મુલાયમ વસ્ત્રોથી વિંટાયેલા જ જોયા છે. તેમના વચનની મીઠાશનું તો કહેવું જ શું ? તે તો જે અનુભવે તે જ ઓછાવત્તા પ્રમાણમાં સમજી શકે.

મારા અનુભવના આધાર પર હું એટલું જરૂર કહી શકું છું કે આ યુગમાં પણ જે ચાહે ને પ્રયાસ કરે તે ભગવાનના રામ, કૃષ્ણ કે શંકરરૂપે દર્શન કરી શકે છે. માનવ જો શ્રદ્ધાભક્તિને વધારીને ભગવાનનું શરણ લે ને ભગવાનના ચરણોમાં મનને જોડી દે તો તેને માટે કશું જ અશક્ય નથી. યુગ ફેરવાયો હશે પરંતુ ભગવાન અને એમની દુનિયાના આધ્યાત્મિક મૂલ્યો ફેરવાયા નથી એનો અનુભવ કોઇપણ કરી શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૯. યંત્રદર્શન ને દર્શનના પ્રકાર

### (૧) નગ્નતાનો વિચાર

દેવપ્રયાગની બહાર જે મકાનમાં અમારે રહેવાનું થયું તે મકાન જૂનુંપુરાણુ હોવા છતાં એકાંત સ્થાનમાં આવેલું. એની આજુબાજુ બીજું કોઇ મકાન ન હતું. તેમાં બે ઓરડા ઉપરના ભાગમાં હતા. તેમાં અમે રહેવા માંડયા. મકાનથી થોડેક દૂર પાણીનું ઝરણું હતું. નીચે ગંગાનું દર્શન થયા કરતું. તે ઉપરાંત સાથે કીર્તિનગરની મોટર સડક દેખાતી. એટલે દેખાવ ઘણો રમણીય લાગતો. એ મકાનમાં અમે લાંબો વખત રહ્યા. તે દરમ્યાન પણ હું વધારે ભાગે કેવળ કૌપીન પહેરતો. ગામમાં જવાનું હોય ત્યારે કપડાં પહેરી લેતો. બાકી લંગોટીથી જ ચલાવી લેતો. દશરથાચલ પર રહેતી વખતે કપડાંનો કાયમ માટે ત્યાગ કરીને જીવનભર લંગોટી પર રહેવાનો મારો વિચાર હતો પરંતુ કોણ જાણે કેમ પણ પાછળથી તે વિચાર પડતો મૂકાયો. મને થયું કે વસ્તીની વચ્ચે રહેવા ને ફરવાના પ્રસંગો જીવનમાં જરૂર આવવાના. તે વખતે મર્યાદાને સાચવે તેવા સ્વચ્છ ને સાદાં વસ્ત્રો પહેરવામાં આવે તે સારું ગણાય. એટલે વિવેકથી પ્રેરાઇને જીવનભર કેવળ કૌપીન પહેરવાનો વિચાર કાયમ માટે બંધ રહ્યો. એ નિર્ણય બહુ ડહાપણ ભરેલો હતો એમ મારા અનુભવથી આજે હું સમજી શકું છું.

ભારતમાં એવા કેટલાય સાધુસંતો છે જે કેવળ કૌપીન પહેરે છે. કેટલાક એવા પણ છે જે તદ્દન નગ્ન દશામાં રહે છે. તેવા પુરુષો એકાંત વન કે જંગલમાં રહે ત્યાં સુધી તો સારું છે. પરંતુ વસ્તીમાં વસે કે વિચરણ કરે ત્યારે તેમની જીવનપદ્ધતિ ઉત્તમ, આદરણીય, અનુકરણીય નહિ કહેવાય. કૌપીનધારી પુરુષો કરતાં તદ્દન નગ્ન દશામાં વસ્તીમાં વિચરણ કરનારા પુરુષોનો પ્રશ્ન વધારે ગંભીર છે. તેવા નગ્ન સાધુઓનો આચાર બહુ બીભત્સ દેખાય છે ને સમાજ પર તેની સારી અસર નથી પડતી. ધર્મ કે સાધનાના નામે એ આચાર સાધુસમાજમાં કેવી રીતે રૂઢ થઇ ગયો છે તે તો પ્રભુ જાણે. પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કે સાધનાને નામે તેને મહત્વ આપવાની આવશ્યકતા નથી. આત્મિક ઉન્નતિ, ધર્મ, વૈરાગ્ય અને સાધના સાથે તેને કશો સંબંધ નથી. ધર્મ ને વૈરાગ્યના નામે સાધુસમાજમાં જે કેટલાક ખોટા ખ્યાલો ને આચારો પેસી ગયા છે એમાંનો એક આ પણ છે. પણ સમજુ માણસે એનો આશ્રય લેવાની ને એને અનુમોદન આપવાની આવશ્યકતા નથી. માણસ સમાજમાં રહે ને હરે ફરે એટલે તેણે સામાજિક સ્વાસ્થ્યનો વિચાર કરીને મર્યાદા સચવાય તેવો પોષાક પહેરવો જોઇએ. સાધુઓ પણ એ નિયમમાં અપવાદરૂપ નથી. સાધુસંતો સમજી લે કે સાચી સાધુતા નગ્ન રહેવામાં નહિ પણ શીલ ને સાત્વિકતાને કેળવવામાં છે. સાચો વૈરાગ્ય વિષયોમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં જોડી દેવામાં સમાયેલો છે. નગ્ન રહેવાની ભ્રમણામાં પડવાથી નહિ પણ જીવનને ઉજ્જવલ કરવાની સાધના કરવાથી જ શાંતિ ને મુક્તિ મળી શકે છે.

જેનામાં શરીરભાન ને વિવેક જાગ્રત છે તેણે તેનો ઉપયોગ કરીને પોતાની મર્યાદા જાળવવી જ જોઇએ. જે ખાય છે, પીએ છે, ફરે છે, વાતો કરે છે, અને ઓઢવાના સાધન રાખે છે, તે એકાદ લંગોટી કે નાનું કટિવસ્ત્ર શા માટે ના રાખે ? તેમ કરવાથી તેમના જ્ઞાન, વૈરાગ્ય ને ત્યાગમાં શો ફેર પડવાનો છે ? પણ

માણસો અંદરની સાચી સાધનાને બદલે બહારની ભ્રમણામાં પડીને જીવનને બરબાદ કરે છે. ઇશ્વરની કૃપા વિના એવી ભ્રમણામાંથી છૂટવું મુશ્કેલ છે.

તૈલંગ સ્વામી જેવા નગ્ન રહેનારા કેટલાક સાચા મહાપુરુષો અપવાદરૂપ છે. એમનું અનુકરણ નકામું છે. તેમની મહાનતા ને મહત્તા તેમની નગ્નતાને લીધે નહિ પણ તેમના જ્ઞાન, યોગબળ ને તેમની પવિત્રતાને લીધે હતી. એ યાદ રાખીને તેમાંથી પ્રેરણા મેળવવાની જરૂર છે. તો જ મંગલ કરી શકાશે ને સાચા અર્થમાં મહાન બનાશે.

**(૨) મંત્રદર્શનનો અનુભવ**

દેવપ્રયાગ ને દશરથાચલના નિવાસ દરમ્યાન બીજા અનુભવો પણ થયા કરતા. ધ્યાનાવસ્થામાં સિદ્ધપુરુષોના દર્શનના અનુભવો અવારનવાર મળતા. દેવપ્રયાગમાં ચક્રધરજીના ઘરની નીચેની ઓરડીમાં એક દિવસ સવારે હું ધ્યાન કરવા બેઠો ત્યારે એક મોટી ઉંમરના નગ્ન મહાત્માનું દર્શન થયેલું. દશરથાચલના નિવાસોમાં કેટલાક મંત્રો પણ મળતા. ધ્યાનમાં મળતા તે મંત્રો કદી ન સાંભળેલા ને વાંચ્યા વિનાના હતા. તે મંત્રોને ધ્યાનમાંથી ઉઠ્યા પછી હું લખી લેતો. તે વખતે મને થતું કે પહેલાંના ઋષિમુનિઓને આ પ્રમાણે ધ્યાનમાં કે જાગૃતિમાં મંત્રો મળતા હશે. તેથી જ તેમને મંત્રદૃષ્ટા કહેવામાં આવતા હશે. સાધનામાં સહજ રીતે પ્રાપ્ત થનારા એ મંત્રોમાં ભારે શક્તિ હોય છે. તેના જપથી લાભ થાય છે.

પાછળના વરસોમાં પણ મંત્રો મળવાના એવા અનુભવો ચાલુ જ રહ્યા. તેથી મને ઘણો આનંદ થતો. તે અનુભવોનું વર્ણન ઘણું લાંબુ થઇ પડે તેમ છે તેથી અહીં તો તેમાંના એકનું જ ઉડતું વર્ણન કરી શકીશ.

એકવાર રાત્રે ધ્યાન કરતાં કરતાં મને સમાધિ થઇ ગઇ. તે દશામાં મેં એક સિદ્ધ મહાપુરુષોની મંડળીને ચાલતી જોઇ. તે મંડળીની શરૂઆતમાં બેત્રણ મહાપુરુષો ઢોલક સાથે નાચતા હતા ને બીજા મહાપુરુષો તેમને તાલ આપતા આગળ વધતા. તેમનો કંઠ કોમળ ને મધુર હતો. તે મંત્રનું આકર્ષક રીતે સંવાદમય ગાન કરી રહ્યા હતા. મંત્ર બીજો કોઇ નહિ પણ જરા સંક્ષિપ્ત સ્વરૂપનો ગાયત્રી મંત્ર હતો. તે દિવસોમાં હું ગાયત્રીના જપ કરતો પણ ગાયત્રીનો મંત્ર મને લાંબો લાગતો. તેથી કદાચ ગાયત્રીના નવા સંસ્કરણ જેવો એ ટૂંકો મંત્ર મને સંભળાવવામાં આવ્યો હોય એમ મને લાગ્યા વિના રહ્યું નહિ. મંત્ર આ પ્રમાણે હતો :

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ ।

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ ॥

મહાપુરુષો નૃત્ય કરતાં કરતાં ઉપરાઉપરી એ મંત્રનું સમૂહગાન કરી રહેલા. કેટલો બધો અલૌકિક ને આનંદદાયક હતો એ અનુભવ !

કેટલાકવાર સમાધિ દશામાં કોઇ ઉપદેશ આપવામાં આવતા ને કોઇ વાર કોઇ કવિતાની પંક્તિ સંભળાતી. તેની નોંધ હું પાછળથી કરી લેતો. એવા અનુભવથી મારો ઉત્સાહ વધતો રહેતો.

દશરથાચલ પર એવા એવા અનુભવોનો આરંભ થઇ ચુકેલો. વળી સમાધિનો આનંદ પણ મળેલો. એટલે ફરી દેવપ્રયાગ આવીને રહેવાનું થયું ત્યારે એક જાતની ધન્યતા ને ઊંડી શાંતિનો અનુભવ મને થઇ રહ્યો. મુંબઇના જીવન દરમ્યાન વાવેલા આત્મિક ઉન્નતિના બી હવે જાણે ઉગી નીકળવા માંડ્યાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૦. ચંપકભાઇની કસોટી

દેવપ્રયાગની બહારનું અમારું નિવાસસ્થાન તદ્દન જંગલમાં હતું. ત્યાંથી પર્વતોનું દૃશ્ય બહુ સુંદર દેખાતું. બહારના ખુલ્લા ચોકમાં બેસીને તેનું અમે ધરાઇ ધરાઇને કલાકો લગી પાન કર્યા કરતા. ચાંદની રાતે તો ગંગા ને પર્વતમાળા કોઇ ઓર જ રંગ ધારણ કરતા. તે વખતે લગભગ પોષ મહિનો ચાલતો હતો. ઠંડી અસહ્ય હતી. પરંતુ દશરથાચલની ઠંડીનો અમને પૂરતો અનુભવ હોવાથી તે ઠંડી ખાસ વિસાતમાં ન હતી. ચંપકભાઇ પણ આ નવા અને ઓછા ઠંડા સ્થાનમાં આવીને રાજી થયા.

શિયાળાની ભયંકર ઠંડીમાં અમે એકાંત પર્વત પર રહી આવ્યા તેથી દેવપ્રયાગના પ્રેમી લોકોમાં અમારું માન વધી પડ્યું. ચંપકભાઇને પણ સૌ માનની દૃષ્ટિથી જોવા લાગ્યા. કોઇ કોઇ યુવાનોને તેમના જીવન વિશે જાણવાની ઇચ્છા થઇ. તેવા યુવાનો સાથે તે કેટલીક વાર ટુંકમાં વાતો કરતા. પોતાના અંગત જીવનની વાતોને તે ગુપ્ત રાખતા, કેમ કે તેમની પાછળ વોરંટ હતું ને તે ખૂબ જ જાગ્રત હતા. વધારે ભાગે પોતાના પહેલા જીવનની કરવા જેવી વાતો તે કરતા રહેતા. તેમના વિચારો અને અનુભવો પ્રેરણાત્મક હતા. એટલે તેમની વાતો સાંભળવામાં સૌને આનંદ આવતો. તે પોતે જાપાનમાં એકાદ વરસ રહ્યા હતા. એટલે ત્યાંની પ્રજા ને પરિસ્થિતિનો સારો અભ્યાસ ધરાવતા. તે વિશે તેમણે બેત્રણ વાર સહજ વાત કરેલી. તે ઉડતી ઉડતી બહુરૂપી બનીને કેટલાક જવાબદાર માણસો પાસે પહોંચેલી. તેવા માણસોને માટે ચંપકભાઇનો મારી સાથેનો નિવાસ એક સમસ્યારૂપ બની ગયેલો. તેમને એમ થતું કે હું તો હિમાલયના એકાંત સ્થાનોમાં રહું તે સમજાય તેવું છે, કેમ કે મારો વેશ સાધુનો છે, પણ ચંપકભાઇ મારી સાથે શું કામ રહે છે ? લાંબા વખતથી તે મારી સાથે રહે છે તેમાં કોઇ રહસ્ય હોવું જોઇએ. તે વખતે દેશી રાજ્યોમાં ને બહાર બધે જ આઝાદીની ચળવળ ચાલતી ને કેટલાય કાર્યકર્તાઓ છૂપા વેશમાં વિચરણ કરતા. તેથી તેમને શંકા થઇ કે ચંપકભાઇ કોઇ એવા માણસ તો નથી ! તેમના જાપાન નિવાસની વાતે તે શંકાને વધારવામાં ને દૃઢ કરવામાં ભારે ભાગ ભજવ્યો. તે વખતે દેવપ્રયાગમાં શાંતિનિકેતનમાં શિક્ષણ પામેલા એક યુવાન રેશનીંગ ઇન્સ્પેક્ટર હતા. તેમને ને તે વખતના દેવપ્રયાગના થાનેદારને સારો સંબંધ હતો. તે થાનેદારની કુશળતા ને ચતુરાઇ પ્રસિદ્ધ હતી. દેવપ્રયાગમાં સત્યાગ્રહ ને રાજા સામેની પ્રજાકીય લડતને તોડી પાડવામાં ને પ્રજાના સેવકો સામે કડક હાથે કામ લેવામાં તેમણે પોતાની બધી જ શક્તિ વાપરી બતાવેલી. તેમને ચંપકભાઇ પર શક પડ્યો. તેથી ચંપકભાઇની વાસ્તવિક હકીકત જાણવાની તેમને ઇચ્છા થઇ.

એક દિવસ ચંપકભાઇ રેશનીંગ કાર્ડ કઢાવવા માટે પેલા રેશનીંગ ઇન્સ્પેક્ટર પાસે ગયા. ઇન્સ્પેક્ટરે તેમની સાથે ખૂબ જ પ્રેમથી વાતો કરી ને રેશન માટે મંજૂરી આપી. તે દિવસે સાંજના અમારા મકાન પર સાદા વેશમાં સજ્જ થયેલો એક પોલીસનો માણસ આવ્યો ને કહેવા માંડ્યો કે રેશનીંગ ઇન્સ્પેક્ટર ચંપકભાઇની સાથે થોડીક વાતચીત કરવા માંગે છે. માટે કાલે સવારે તેમને ઇન્સ્પેક્ટરે પોતાને ઘેર મળવા આવવાનું કહેવડાવ્યું છે. છેલ્લા બે દિવસથી પોલીસના માણસો એક યા બીજા બહાને અમારા મકાન તરફ આવતા. તેમને જોઇને ચંપકભાઇને જરા વહેમ તો પડેલો. તેથી આ અચાનક મળેલા આમંત્રણથી તેમને આશ્ચર્ય તો ના થયું. જો આમંત્રણનો અસ્વીકાર કરે તો તેથી સામેના માણસને વધારે વ્હેમ પડે તેમ હતું. તેથી ચંપકભાઇએ તરત જ ઇન્સ્પેક્ટરના આમંત્રણનો સ્વીકાર કર્યો.

પોલીસ રાજી થઇને રવાના થયો એટલે તેમણે મને કહ્યું : 'મારે માટે પોલીસને વ્હેમ પડ્યો લાગે છે. મને લાગે છે કે મારી જાપાનની વાતે સૌને શંકામાં મૂકી દીધા છે. થાનેદારે રેશનીંગ ઇન્સ્પેક્ટરની મદદથી મને પકડવાનું છટકું ગોઠવ્યું લાગે છે. હવે શું થશે ? જો સવારે બરોબર ઉત્તર નહિ આપી શકાય તો મારી દશા કરુણ થઇ જશે. તમારા પર મને શ્રદ્ધા છે એટલે તમે મારી સાથે આવશો તો મને જરા હિંમત રહેશે, બળ મળશે, ને ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો હું હસતાં હસતાં કરી શકીશ.'

મેં તેમને લખીને હિંમત આપતાં ક્હયું : 'મારે તો મૌનવ્રત ચાલે છે, હું તમને શી મદદ કરી શકીશ ? તમે તમારે હિંમત રાખીને જજો. પ્રભુએ અત્યાર સુધી તમારી રક્ષા કરી છે તે કાલે પણ તમારી રક્ષા કરશે.'

'એ તો બરાબર છે.' તેમણે કહેવા માંડ્યું: 'પણ તમે સાથે નહિ હો તો મારો ઉત્સાહ નહિ ટકે. તમારે મૌન છે તે તો સારું છે. મારા લાભની વાત છે. પણ તમારી હાજરીનો ઘણો પ્રભાવ પડશે  માટે તમે જરૂર આવજો.'

સવારે નિત્યકર્મથી પરવારીને અમે રેશનીંગ ઇન્સ્પેક્ટરને મળવા નીકળી પડ્યા. રાતે ચંપકભાઇએ કેવા પ્રશ્નો પૂછાય તો કેવા ઉત્તર આપવા તેનો બરાબર વિચાર કરી લીધો. હું તેમની સાથે હતો એટલે તે ઉત્સાહમાં હતા. રેશનીંગ ઇન્સ્પેક્ટરનું મકાન પોલીસ સ્ટેશનની પાસે જ હતું. તેમાં અમે પ્રવેશ કર્યો કે તરત જ ઇન્સ્પેક્ટર ઊભા થયા, ને અમારો સત્કાર કરીને અમને બેસવા માટે ખુરશી બતાવી અમારી સામેની ખુરશી પર બેસી ગયા. અમે બેઠા કે તરત જ દાદર પર અવાજ સંભળાયો ને અમે ધાર્યું હતું તે પ્રમાણે થાનેદાર ને પોલીસના બીજા માણસો ઓરડામાં આવીને અમારી સામે બેસી ગયા. પહેલેથી ગોઠવી રાખ્યો હોય એવો એ અંકનો પ્રાથમિક અભિનય એમ પૂરો થયો. પછી એકાદ બે સેકન્ડ શાંતિ છવાઇ ગઇ. તેનો ભંગ કરતા ઇન્સ્પેક્ટરે ચંપકભાઇને જાપાનની ને તેમના જીવનની વાતો પૂછવા માંડી. મારા ને તેમના સંબંધ તથા હિમાલયના તેમના વસવાટના કારણ વિશે પણ પૂછવા માંડ્યું. ચંપકભાઇએ જરા પણ ભયભીત થયા વિના કે ગભરાયા વિના બધા પ્રશ્નોના સ્મિત સાથે ઉત્તર આપવા માંડ્યા. અમારા સંબંધ વિશે તેમણે કહ્યું 'મહાત્માજી સાથે મારે બાળપણથી પરિચય છે. તેમના પર મને પ્રેમ ને શ્રદ્ધા છે. તેથી સાંસારિક કામોથી છૂટો થઇને થોડાક વખત માટે તેમની પાસે શાંતિની ઇચ્છાથી આવ્યો છું. હવે મને શાંતિ છે એટલે થોડા જ વખતમાં પાછો ઘેર જવા વિચાર કરું છું. મારુ ઘર મુંબઇમાં છે.'

તે વખતે ચંપકભાઇએ મનુભાઇ શાહનું નામ રાખેલું. હું પણ તેમને તે જ નામે બોલાવતો. મારે મૌનવ્રત હોવાથી બધા પ્રશ્નોના ઉત્તરો તેમણે જ આપવાના હતા. તેમણે તે કામ હિંમત ને બહાદુરીપૂર્વક કરી બતાવ્યું. પરિણામે ઇન્સ્પેક્ટર ને થાનેદારનો વ્હેમ મોટેભાગે દૂર થઇ ગયો. દોઢેક કલાકની મુલાકાત પછી અમે ઉત્સાહપૂર્વક પાછા અમારા સ્થાન પર આવી પહોંચ્યા. પણ ચંપકભાઇ આ પ્રસંગ પરથી ચેતી ગયા. તેમણે કહ્યું : 'હવે અહીં રહેવામાં જોખમ છે. ઇશ્વરની કૃપાથી આજે હું બચી ગયો છું. તમે સાથે હતા તેથી મારામાં હિંમત હતી. તમે ના હોત તો આજે કદાચ હું પકડાઇ જાત. પણ હવે ચેતી જવું જોઇએ. હવે આવતીકાલે સવારે જ હું અહીંથી વિદાય થઇ જઇશ. તમે આવશો ત્યાં સુધી દહેરાદૂનમાં જોશીજીને ત્યાં રહીશ. ત્યાં સારુ રહેશે. પોલીસનું કામ બહુ ભારે છે. એકવાર તેમને જરાપણ શંકા આવી જાય તો તે વારંવાર તપાસ કર્યા કરે.'

મેં તેમની વાતને ટેકો આપ્યો તેથી તે ખુશ થયા. મારે માટે તેમણે દૂધની જરૂરી વ્યવસ્થા કરી દીધી, ને બીજી જોઇતી મદદ કરીને બીજે દિવસે સવારે તે મોટરમાં રવાના થયા. હું તેમને મોટર પર વળાવવા ગયો. નવાઇની વાત એ હતી કે તેમની સાથે મોટરમાં એક પોલીસ અમલદાર પણ બેઠેલા પણ તે ડરે તેમ ન હતા.

અમલદાર સાથે પ્રેમથી વાતો કરતા તે ઋષિકેશ પહોંચી ગયા ને પછી દહેરાદૂન જઇને જોશીજીને ત્યાં રહેવા માંડ્યા.

ઇશ્વરની કૃપાથી એ પ્રમાણે એ એક મોટી અગ્નિપરીક્ષા અથવા કસોટીમાંથી સહીસલામત રીતે પસાર થઇ ગયા.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૧. કૃષ્ણદર્શનનું વ્રત ને પ્રસ્થાન

ચંપકભાઇની વિદાય થયા પછી મેં વધારે ભાગે દૂધ પર રહેવાનું શરૂ કર્યું. એકાંત સ્થાનમાં મારા દિવસો શાંતિપૂર્વક પસાર થવા માંડ્યાં. દશરથાચલ પર શરૂ થયેલું મૌન વ્રત હજી ચાલુ જ હતું. દિવસનો લગભગ બધો વખત આત્માનુભવની સાધનામાં પસાર થતો હોવાથી કોઈની સાથે વાતચીત કરવાની ઈચ્છા મારા મનમાં ઉત્પન્ન થતી જ ન હતી એમ કહું તો ચાલે. મૌનની દશા એ રીતે મારે માટે સ્વાભાવિક દશા થઈ ગઈ ને તેમાં મને આનંદ આવતો. તે દિવસોમાં કોઈ વાર હું દેવપ્રયાગના પ્રસિદ્ધ જ્યોતિષી ચક્રધરજીને ત્યાં જતો. તેમને ત્યાં નાનું સરખું પણ સારું પુસ્તકાલય હતું. તેમાંથી કોઈ મનપસંદ પુસ્તકનો લાભ પણ લેતો.

એક દિવસ મારા હાથમાં પ્રેમયોગ વિશેનું એક પુસ્તક આવી ગયું. તેમાં પહેલા પાના પર ભગવાન શ્રીકૃષ્ણનું સુંદર રંગીન ચિત્ર હતું. તે ચિત્ર એટલું બધું સુંદર હતું કે પ્રથમ દૃષ્ટિએ જ મારું મન તેમાં બંધાઈ ગયું ને તેનાં પર મુગ્ધ થઈ ગયું. તેની સુંદરતાનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી. ચિત્ર આખુંયે પ્રેમ ને રસથી ભરેલું. ભગવાન શ્રીકૃષ્ણ ત્રિભંગ કરીને કદંબના વૃક્ષ પાસે ઊભેલા. તેમણે પીતાંબર ધારણ કરેલું. ગળામાં વૈજયન્તી માળા, મુખ પર મોરલી શોભી રહેલી. માથે મોરમુકુટ, બાજુમાં યમુના. આંખમાં અમૃત આંજીને ઊભેલા ભગવાન પ્રેમ ને લાવણ્યના અવતાર હોય તેવા દેખાતા. તેમને જોતાંવેંત જ હૃદયમાં અનુરાગ ઊભરાઈ રહેતો. તેમને જોઈને મારું હૃદય ખરેખર રાગથી રંગાઈ ને ભરાઈ ગયું. મને થયું કે જે ભગવાનનું ચિત્ર આટલું બધું મધુર ને મોહક છે તે ભગવાન પોતે કેવા હશે ! તેમનું પ્રત્યક્ષ સ્વરૂપ કેવું મધુર ને મોહક હશે ? ગોપીઓ તેના પર વારી જાય તેમાં શું નવાઈ પામવા જેવું છે ? તે સ્વરૂપનું દર્શન કરીને કોનું અંતર અનુરાગથી ના ભરાય ને કોનું મન મોહિત ના થાય ? જડ ને ચેતન બધા પર તેની મોહિની ફરી વળે ને બધા જ પદાર્થો તેની અસર નીચે આવી જાય, તો પછી સાધારણ માણસનું તો કહેવું જ શું ? ભગવાન રામચંદ્રજીના અલૌકિક સ્વરૂપનું દર્શન કરવાનો લાભ મને મળી ગયેલો. એટલે ભગવાનનું સ્વરૂપ કેવું લોકોત્તર હોય છે તેની મને ખબર હતી. મારી સમજ પ્રમાણે રામ, કૃષ્ણ, શંકર, શક્તિ, બુદ્ધ ને પરબ્રહ્મ સૌ એક જ હતા. તેમનામાં કોઈ ભેદ ન હતો. છતાં કૃષ્ણ ભગવાનના એ સુંદર ચિત્રને જોઈને મને એમનું સાક્ષાત્ દર્શન કરવાની લગની લાગી.

મારામાં એક વસ્તુ સ્વભાવિક છે. તેને સારી કહો, ખરાબ કહો કે ગમે તેવી કહો, પણ તે વસ્તુ મારા સ્વભાવમાં તાણાવાણની પેઠે વણાઈ ગયેલી છે. તે એ કે મને કોઈ વસ્તુને મેળવવાની લગની લાગે છે અથવા કોઈ ધ્યેયની ધૂન મારા મન પર એક વાર સવાર થાય છે પછી તેની પ્રાપ્તિ વિના મને ચેન પડતું નથી. તેને મેળવવા માટે મારું મન આકુળવ્યાકુળ બની જાય છે. ને કેવળ મારું મન આકુળવ્યાકુળ ને બેચેન બનીને બેસી રહે છે એમ નહીં, પરંતુ ધ્યેયની સિદ્ધિ માટે બનતું બધું જ કરી છૂટે છે. રાત ને દિવસ તે જ વસ્તુનું રટણ કરીને મારી બધી જ શક્તિઓને કામે લગાડીને તે વસ્તુની સિદ્ધિની સાધનામાં હું પૂરી શ્રદ્ધા, આશા ને હિંમતથી લાગી જઉં છું. તેનું એક યા બીજું પરિણામ આવે ત્યારે જ મને શાંતિ થાય છે. મારા અત્યાર સુધીના સાધનામય જીવનની આ એક મહત્વની ગુરૂકુંચી કે વિશેષતા છે. મારા આજ સુધીના

સાધનામય જીવનના ઘડતરમાં આ વૃત્તિએ મોટો ભાગ ભજવ્યો છે. એટલે તે પ્રમાણે કૃષ્ણ ભગવાનના દર્શનની લગની લાગવાથી, તે જ દિવસથી મેં કૃષ્ણદર્શનની સાધના કરવાનું શરૂ કરી દીધું. જીવન ટૂંકું છે ને તે પણ ચંચળ છે. પાણીના ધોધમાર પ્રવાહની પેઠે ઝડપથી ચાલતું જ જાય છે. એ જીવનમાં કોઈ ચોક્કસ ને નક્કર વસ્તુને પ્રાપ્ત કરવાની જેની ઈચ્છા હોય તેણે પ્રમાદનો પરિત્યાગ કરીને પરિશ્રમપ્રિય બનવાની જરૂર છે. 'કાલે કાલે ભાઈ કાલે' ની નીતિને છોડીને 'આજે આજે ભાઈ અત્યારે'ની નીતિને અપનાવવાની આવશ્યકતા છે. જીવનની વર્તમાન બાજી પૂરી થાય તે પહેલાં બનતી વહેલી તકે ધ્યેયની સિદ્ધિ માટે આકાશપાતાળ એક કરવાની જરૂર છે. તો જ આ લગીર જેટલા જીવનને ઉજ્જવળ કરીને કોઈ મહત્વની વસ્તુ મેળવી શકાય. બાકી જે સ્વપ્નાનું સર્જન કરશે, સ્વપ્નને સેવશે, પણ તેમને સાચાં કરવાની સાધના નહીં કરે તે વાસ્તવિક સુખશાંતિની પ્રાપ્તિ નહિ કરી શકે. કેવળ સ્વપ્નદૃષ્ટા ને સ્વપ્નસેવી થઈને બેસી રહેવાને બદલે તેમણે સ્વપ્નશિલ્પી થવાની સાધના કરવા કમર કસવાની છે.

મકાન પર આવીને બહારના ઓરડામાં બારી પાસે મેં તે ફોટાવાળા પુસ્તકને એવી રીતે ગોઠવી દીધું કે કૃષ્ણ ભગવાનનો ફોટો મને બરાબર દેખાયા કરે, ને પછી કામળો ઓઢીને આસન પર બેસીને ભગવાનના દર્શન માટે જપ ને પ્રાર્થનાનો પ્રારંભ કર્યો. એકાદ-બે દિવસ પછી મેં દૂધ પણ બંધ કર્યું ને નિરાહાર રહીને જ સાધના કરવા માંડી. સફળતા ન મળે ત્યાં સુધી આસન પરથી ઊઠવું નહિ કે ઓરડામાંથી બહાર જવું નહિ એવો મેં નિર્ણય કર્યો. રાતે લાંબા થઈને સુવાની ટેવ તો મેં કેટલાય વખતથી બંધ કરેલી એટલે રાતે ભગવાનના ફોટા પાસે દીવો રાખીને હું બેઠો બેઠો જપ ને પ્રાર્થના કર્યા કરતો. ને કહેતો કે, 'હે પ્રભુ, હું તો એક નાનો બાળક છું. મારું હૃદય છેક સાધારણ છે. તેની અંદર તમારા માટે કેટલો બધો પ્રેમ વહ્યા કરે છે તે હું કેવી રીતે બતાવી શકું ? તમારી સાથે વાર્તાલાપ કરવાની મને કેટલી બધી ઈચ્છા છે ? માટે મને દર્શન દો, મારી ઈચ્છા પૂરી કરો.'

એમ કરતાં કરતાં સાત દિવસ વીતી ગયા છતાં ભગવાનનું દર્શન ના થયું, એટલે મને જરા બેચેની ને ગ્લાનિ થવા માંડી. મને થયું કે શું મારી કૃષ્ણદર્શનની ઈચ્છા અધૂરી જ રહેશે ? તો તો પછી શરીરને રાખવાનું ને ઉછેરવાનું શું કામ ? જો આજે રાત દરમ્યાન મારી ઈચ્છા પૂરી ન થાય તો બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ગામમાં સંગમ પર જવું ને શરીર છોડી દેવું. કૃષ્ણનું નામ લઈને શરીર છોડી દેવાથી પણ જો ફરી જન્મ મળશે તો બાળપણથી જ ધ્રુવ ને પ્રહ્લાદ જેવી ભક્તિની પ્રાપ્તિ થશે ને ભગવાનના દર્શન પણ સહેલાઈથી થઈ જશે. મારી કોઈ ચિંતા ન કરે અથવા મારા સંબધી કોઈ ગેરસમજ ન થાય તે માટે હું આ ઓરડામાં એક ચિઠ્ઠી મૂકી જઈશ. બસ આ જ વિકલ્પ સારો છે.

કેવો વિચાર ? અલબત તે વિચાર પ્રેમ ને સર્વસમર્પણના ભાવથી પ્રેરાયેલો, પણ ઉચ્ચ કોટિનો ન હતો. ઈશ્વરની ઈચ્છાથી એનો અમલ ના થઈ શક્યો. નહિ તો આ જીવનકથાનું આલેખન કરવા માટે હું આ સંસારમાં કદાચ હાજર ના હોત. મેં અહીં 'કદાચ' શબ્દનો પ્રયોગ કર્યો છે, તેની પાછળ ઊંડુ રહસ્ય રહેલું છે. મને તે વખતે ભગવાનની કૃપામાં વિશ્વાસ હતો. પોતાનું શરણ લેનારનું ભગવાન બધી રીતે મંગલ કરે છે તેની મને ખાતરી હતી. તે દીનદયાળ, પતિતપાવન ને શરણાગતવત્સલ છે તેની મને ખબર હતી. એટલે જ મને લાગતું કે તે મને ડૂબવા નહિ દે, પ્રેમના અતિરેકમાં આવી જઈને ગંગાના સંગમમાં શરીરને શાંત

કરવાનો હું પ્રયાસ કરીશ તો પણ તે મને બચાવી લેશે. તે પોતે પ્રકટ થઈને પાણીમાં મને પકડી લેશે ને બહાર કાઢશે એમ મને લાગ્યા કરતું. કેમ કે તે મને ઉગારે નહિ તો પ્રેમસિંધુ ને દયાળુ કેવી રીતે કહેવાય ? એક સામાન્ય બાળક તેમને માટે રડે, પ્રાર્થે, પોકારે ને શરીરનું સમર્પણ કરી દે છતાં તે દર્શન ના આપે તો સાધારણ લોકો તેમને માટે શું માને ? તેમની કઠોરતાનો વિચાર કરીને તે તો કંપી જ ઊઠે ને તેમના દર્શન માટે મહેનત કરવાની હિંમત ભાગ્યે જ કરે. તેમની કૃપાની કારકિર્દીના ઈતિહાસમાં મારું જીવન એક મોટા અપવાદરૂપ અને કલંકરૂપ બની રહે. એટલે મારું અંતર ઊંડે ઊંડે કહેતું કે મારા જીવનનો એટલો બધો કરુણ અંત તે ભાગ્યે જ થવા દેશે. ?

મારે માટે ઇશ્વરની ઇચ્છા જુદી જ હતી. લગભગ આઠમે દિવસે સાંજે મારા ભાવો પલટાયા. મારા મનમાં એકાએક અદ્વૈતજ્ઞાનની લહરો પ્રકટવા ને પ્રસરવા માંડી. મને થયું કે હું મુક્ત છું, સિદ્ધ છું, માયાથી રહિત છું, પરમશાંતિ ને પરમાનંદથી ભરેલો છું. મને શોક નથી, મોહ નથી, બંધન નથી. સંસારમાં હું સર્વત્ર વ્યાપેલો છું. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારથી પર પરમાત્મા છું.

એવા એવા વિચારો મારી અંદર ઉત્પન્ન થવા લાગ્યા. તેને પરિણામે મારું મન આત્મિક ભાવનાથી ભરાઇ ગયું. તે ભાવના પ્રચંડ રૂપમાં વહેતા પૂરનું પાણી જેમ નદીના કિનારાને તોડી નાખે તેમ મારા તનમનના કિનારાને તોડીને મને તરબોળ કરતી બધે ફરી વળી. તે ભાવનાને લીધે કૃષ્ણદર્શનની ભાવના મોળી પડી ને શાંત થઇ.

પ્રેમ ને જ્ઞાનના બે પ્રવાહો મારા જીવનમાં પહેલેથી જ વહ્યા કરતા. કેટલાય સાધકોના જીવનમાં તે પ્રવાહો વહેતા હશે. કોઇ વાર પ્રેમનો પ્રવાહ પ્રબળ થતો તો કોઇ વાર જ્ઞાનનો. કોઇ વાર બંને પ્રવાહો સંવાદી બનીને સાથે સાથે પણ કામ કરતા. પણ આ વખતે તો જ્ઞાનના પ્રવાહે પ્રબળ થઇને વહી રહેલા પ્રેમના પ્રવાહ પર કાબુ કરી લીધો. પ્રેમના પ્રવાહની સફળતા માટે એ વાત બરાબર થઇ એમ ના કહેવાય. જ્ઞાનની ભાવના જાગે તો પણ તેને શાંત રાખીને પ્રેમની ભાવનાને સફળ કરવાની સાધનામાં લાગી જવાની જરૂર છે. ત્યારે જ ભક્તિ કે પ્રેમની સાધના સંપૂર્ણ થઇ શકે. પ્રેમપંથના પ્રવાસીએ જાગ્રત રહેવાની જરૂર છે.

કૃષ્ણદર્શનની સાત દિવસની સાધનાનો એ પ્રમાણે અનેરી રીતે અંત આવ્યો. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે જે ભાવ હતો તે તો કાયમ જ રહ્યો. ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણમનન તો ચાલુ જ રહ્યું. સાત દિવસની સતત ને કઠોર સાધનાથી મન પર જે સંસ્કારો પડ્યા ને જે અનુભવો થયા એની અસર પણ કાયમ રહી. ઉપવાસ પૂરા થયા, જ્ઞાનના ભાવોથી મારું હૃદય ભરાઇ ને રંગાઇ ગયું, તો પણ ભગવાન શ્રીકૃષ્ણની કૃપાની કામના ને તે માટેની પ્રાર્થના આગળ પર ચાલુ જ રહી.

ઠંડીના ખરા દિવસો હવે પૂરા થવા આવ્યા. હજી મહા મહિનો બાકી હતો. ઋષિકેશ છોડ્યા પછીના છેલ્લા બે મહિનામાં મને કેટલાય સારા સારા અનુભવો થયેલા. હવે મારો વિચાર પગરસ્તે ટિહરી થઇને ઉત્તરકાશી જવાનો હતો. મેં સાંભળ્યું કે ઉત્તરકાશીનું સ્થળ સુંદર છે ને ત્યાં સારા સારા સંતપુરુષો નિવાસ કરે છે. એટલે તેનું દર્શન કરવાની ને તેના પવિત્ર પરમાણુથી ભરેલા વાતાવરણમાં થોડો વખત રહેવાની મારી ભાવના હતી. દેવપ્રયાગના બેત્રણ પ્રેમી ભાઇઓની પાસે મેં મારી ભાવનાની રજૂઆત કરી. તેમની સલાહ મુજબ મેં વસંતપંચમી કરીને દેવપ્રયાગથી ટિહરી માટે પ્રસ્થાન કરવાનો વિચાર કર્યો.

વસંતપંચમીને દિવસે દેવપ્રયાગમાં મોટો મેળો ભરાય છે. પર્વતોની અંદરના પ્રદેશના માણસો હજારોની સંખ્યામાં દેવપ્રયાગમાં ભેગા થાય છે. સ્ત્રીપુરુષોની ઠઠ જામે છે. જૂના વખતમાં વસંતોત્સવની પ્રથા ચાલતી. એના અવશેષરૂપ એ મેળાની પ્રથા આજે પણ લોકોને માટે મનોરંજનના એક મોટા સાધનરૂપ થઇ પડે છે. ગઢવાલની ગ્રામીણ સંસ્કૃતિની છાયા એ મેળામાં સારી રીતે જોવા મળે છે. પર્વતીય પ્રજાનો જુદો જુદો પોષાક ખાસ આકર્ષક હોય છે. તેમના લોકગીતો પણ ઓછાં આકર્ષક નથી હોતાં.

ચંપકભાઇએ મને મુસાફરીમાં મદદરૂપ થાય તે માટે જાડી ખાદીનો ખભે લટકાવી શકાય તેવો એક થેલો બનાવડાવેલો. તેમાં જરૂરી સામાન ગોઠવીને હું તૈયાર થઇ ગયો. તે દિવસનું ભોજન મેં ચક્રધરજીને ત્યાં કર્યું. દેવપ્રયાગમાં તેમની પ્રતિષ્ઠા સારી હતી. એક મિલનસાર સ્વભાવના વિદ્વાન ને જ્યોતિષમાં પારંગત પુરુષ હોવાને લીધે લોકો તેમને માન ને પ્રેમની નજરે જોતા. તેમને ત્યાં ગામના સારા સારા પુરુષો ભેગા મળતા. તેમને ત્યાં ભોજન કરીને હું ઉતારા પર આવ્યો. ચંપકભાઇની ઇચ્છા એવી હતી કે હું દહેરાદૂન થઇને તેમને મળીને પછી ઉત્તરકાશી જાઉં. પણ મને ટિહરી થઇને જ ઉત્તરકાશી તરફ જવાનું વધારે સારું લાગ્યું. તે દિવસે વસંતપંચમીને દિવસે લગભગ સવારે અગિયારેક વાગ્યે ખભે સામાનનો થેલો લટકાવી, તેના પર જાડો ને ધોળો કામળો નાખી, ને હાથમાં પિત્તળના કમંડળ જેવો મોટો ડબો લઇને હું વિદાય થયો. દેવપ્રયાગથી ટિહરી લગભગ ૨૮ માઇલ હતું. મારે માટે ટિહરીનો માર્ગ નવો જ હતો. પણ મને પ્રભુ પર શ્રદ્ધા હતી. તે મારી સંભાળ રાખીને મને સહીસલામત સફર કરાવશે એમ માનીને મેં ગંગાતટ પરની પગદંડી પર પ્રવાસ કરવાનું શરૂ કર્યું. અજાણ્યા માર્ગે પર્વતોમાં મારો આ પહેલો પ્રવાસ હતો. છતાં મને કોઇ પ્રકારનો સંકોચ કે ભય ના લાગ્યો. જેને ઇશ્વર પર શ્રદ્ધા છે ને જેનામાં સત્યતા ને પ્રમાણિકતા છે, તેને સંસારમાં શાનો ભય ? જેણે ઇશ્વરને માટે ફકીરી લીધી ને ઇશ્વરને સર્વસમર્પણ કર્યું તે ગમે ત્યાં રહે ને ગમે ત્યાં ફરે, ઇશ્વર તેની રક્ષા નિરંતર કર્યા કરે છે ને તેને સદાયે સલામત ને સુખી રાખે છે. તેણે કોઇથી ડરવાનું કારણ નથી. ઇશ્વરના અનુરાગથી રંગાઇને તે ઇશ્વર સાથે અનુસંધાન સાધે કે સંબંધ બાંધી લે એટલું પૂરતું છે. આગળની બધી બાજી ઇશ્વર પોતે જ સંભાળી લેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૨. ટિહરીને રસ્તે

પર્વતના પંથની પેઠે જીવનનો પંથ પણ સદાને માટે સરળ, સીધો ને સાફ હોય છે એમ નથી. પર્વતના સાધારણ પંથ કરતાં જીવનનો પંથ વધારે જટિલ ને રહસ્યમય હોય છે. તેના પર સફળતાપૂર્વક પ્રવાસ કરવાનું કામ અજાણ્યા માણસને માટે મુશ્કેલ છે. તેમાં અનેક વળાંકો, પગદંડીના ભ્રમણામાં નાખી દેનારા નાના-મોટા માર્ગો ને પ્રલોભનોથી ભરેલાં દૃશ્યો આવે છે. કોક ઠેકાણે ચઢાઇ તો કોક ઠેકાણે ઉતરાઇ પરથી ચાલવું પડે છે. છાયા ને તાપના મિશ્રિત અનુભવમાંથી પસાર થવું પડે છે.  તે પંથના પ્રવાસીએ કેટલીકવાર કાંટા ને કાંકરામાંથી માર્ગ કરીને આગળ વધવું પડે છે. કેટલીક વાર સપાટ તો કોઇ વાર પથરીલી જમીનનો અનુભવ કરવો પડે છે. પરિણામે કોઇવાર હર્ષ તો કોઇવાર શોકની છાયા તેના હૃદયમાં ફરી વળે છે. કોઇવાર મધુર તો કોઇવાર કટુ ભાવનો અનુભવ કરતી ને કોઇવાર રાગ તો કોઇવાર દ્વેષની અસર નીચે આવતી તેની જીવનયાત્રા આગળ ને આગળ ચાલ્યા કરે છે. અનેકવિધ દૃશ્યોવાળી ને કડવા-મીઠા અનુભવથી ભરેલી એ જીવનયાત્રામાં આગળ વધનારા વિવેકી પુરુષે બધી દશામાં વિવેકની જ્યોતિને જાગ્રત રાખતાં શીખી લેવાનું છે. તેની મદદથી પ્રતિકૂળ અને અનુકૂળ બધા પ્રકારની પરિસ્થિતિમાં ચિત્તની સ્થિરતા ને શાંતિ જાળવી રાખવાની છે. બહારના આઘાત-પ્રત્યાઘાતથી પર રહેવાની કળામાં પારંગત થવાનું છે. સંસારમાં રહેવા છતાં તેનાથી અલિપ્ત રહીને આત્મોન્નતિના ઉદ્દેશને નજર સામે રાખીને તેની સિદ્ધિ માટે મહેનત કરવાની છે. સુખ આવે કે દુઃખ, હર્ષ ઉત્પન્ન થાય કે શોક ને સ્તુતિના પ્રસંગ ઉભા થાય કે નિંદાના, બધે વખતે તટસ્થ રહેવાની તાલીમ મેળવી લેવાની છે. પ્રારબ્ધ પ્રમાણે પ્રભુ તેને જે દશામાં રાખે તેમાં આનંદ માનતા શીખવાનું છે. જે સહન કરવું પડે તે પ્રેમ ને શાંતિથી સહન કરવાનું છે ને પ્રભુના પવિત્ર પ્રેમમાં નિરંતર નહાયા કરવાનું છે. જીવનના જટિલ પંથનો પ્રવાસ તો જ પરિપૂર્ણપણે સફળ થઇ શકે.

હું પણ અત્યારે પ્રવાસી હતો. જીવન ને પર્વત બંનેના એક તદ્દન સાધારણ પરિચિત પુરુષ તરીકે હું આગળ ને આગળ વધ્યે જતો હતો. દેવપ્રયાગથી થોડેક દૂર બાગી નામે એક ગામ છે. તે ગંગાને કિનારે વસેલું છે. ને તેની બાજુના મેદાનમાં મોટાંમોટાં ખેતરો છે. તેને લીધે તેની શોભા ઓર જ લાગે છે. ત્યાં સુધી મને વળાવવા આવેલા એક ભાઇની સાથે હું વાતો કરતાં આવી પહોંચ્યો. પછી તે ભાઇ મને પ્રેમપૂર્વક વિદાય આપીને પાછા વળ્યા ને હું ટિહરીને માર્ગે આગળ વધ્યો. મારો વિચાર બનતી વહેલી તકે ટિહરી પહોંચવાનો ને ટિહરી જઇને જ રોકાવાનો હતો. એટલે એકલો પડ્યા પછી મેં જરા ઝડપથી ચાલવાનું શરૂ કર્યું. શિયાળાના દિવસો હોવાથી તાપની ચિંતા તો હતી નહિ. એટલે બપોરે કોઇપણ પ્રકારની મુસીબત વિના ચાલી શકાય તેમ હતું. કુદરતી સૌંદર્યથી ભરેલા પ્રદેશનું દર્શન કરતો ને મનમાં પ્રભુનું સ્મરણ કરતો હું રસ્તો કાપવા માંડ્યો.

ટિહરીનો માર્ગ જરા મુસીબતવાળો છે, વિકસેલો નથી. એટલે બહુ જ ઓછા યાત્રીઓ તેનો ઉપયોગ કરે છે. પહેલાં ટિહરી થઇને ધરાસુ ને ત્યાંથી ગંગોત્રી ને જમનોત્રી જવા માટે આ માર્ગનો ઉપયોગ થતો. પણ હવે તો ઋષિકેશથી મોટર રસ્તે ટિહરી ને ધરાસુની સફર સહેલી થઇ છે. તેથી ગંગોત્રી, જમનોત્રી જનારા મુસાફરો વધારે ભાગે તે જ રસ્તે જવાનું પસંદ કરે છે. મને ખાસ પગરસ્તે પ્રવાસ કરવાની ઇચ્છા હોવાથી મેં

મોટર માર્ગને બદલે આ માર્ગ પસંદ કર્યો. આ માર્ગે ધર્મશાળાની વ્યવસ્થા બહુ સારી નથી. ગામડાં પણ યાત્રામાર્ગથી જરા દૂર છે. પરંતુ મને તેની ચિંતા ન હતી. 'શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ'ની ધૂન બોલતો હું આગળ ધપતો જતો. કોઇવાર પ્રભુને પ્રાર્થના કરતો, તો કોઇવાર દશરથાચલ ને દેવપ્રયાગના તાજા અનુભવોને યાદ કરતો. પગદંડીનો માર્ગ વધારે ભાગે પર્વતોની અંદર થઇને ગંગાના તટ પ્રદેશમાંથી પસાર થતો. પર્વતોની વચ્ચેથી ઠેકઠેકાણે ઉપરાઉપરી વળાંક લેતી વહી જનારી ગંગા વિહાર કરવા નીકળી પડેલી કોઇ ઋષિકન્યા જેવી દેખાતી. કોઇવાર મંદ તો કોઇવાર ઝડપી ગતિથી તે વહ્યે જતી. પર્વતો તેને લીધે વધારે સુંદર દેખાતા. પર્વતો જાણે શરીર ને તે પ્રાણ હોય એમ લાગ્યા વિના રહેતું નહિ. વેદની કોઇ મંગળ ઋચા જેવી તેની મધુરતા આંખ અને અંતરમાં જોતાંવેંત જ ફરી વળતી. તેનું દર્શન કરતાં મન ધરાતું નહિ. તેણે પણ પોતાનો બધો જ ભંડાર મારે માટે ખુલ્લો મુકી દીધેલો. એનું નિરીક્ષણ કરવાનો જે આનંદ હતો, તેની પાસે થાક કે પ્રમાદ ફરકી શકે તેમ ન હતો.

વચ્ચે વચ્ચે થેલા ને કામળાના ભારથી જ્યારે ખભો દુઃખવા માંડતો ત્યારે સામાન બીજે ખભે મૂકતો ને આગળ વધતો. રસ્તામાં ઝરણાં આવતાં ત્યારે સામાનને ઉતારીને આરામ કરતો ને પાણી પીતો. એવી રીતે હું ટિહરીની દિશામાં આગળ ને આગળ વધ્યે જતો.

એટલામાં સાંજનો સમય થઇ ગયો. સાંજની શોભા કેવી અનેરી છે ? ઉષા ને સંધ્યા બંને કુદરતની કવિતા છે. તેમાં સંધ્યા વધારે કરુણ છે. તે વધારે ભાગે જીવનસંધ્યા ને મૃત્યુની યાદ આપીને હૃદયને ગંભીર, વિચારશીલ ને વૈરાગ્યમય બનાવે છે. ત્યારે ઉષા સ્ફૂર્તિ, ચેતના, જીવનની પ્રેરણા ને ઉલ્લાસ તરફ પ્રેરે છે. પર્વતોની સંધ્યા બહુ વિશાળ ને દીર્ઘજીવી નથી હોતી. થોડી વારમાં જ વિલીન થાય છે. તે પ્રમાણે સુંદર દેખાતી સંધ્યા વિલીન થવા માંડી ને તેની જગ્યાએ અંધકાર ફરી વળવા માંડ્યો. આપણાં સંસારમાં પણ સુંદરતાના સઘળાં સ્વરૂપોના રૂપરંગ થોડા વધારે કે ઓછા સમયને માટે પ્રકટે છે, ખીલે છે, ને ચમકે છે, પરંતુ સનાતન ક્યાં છે ? માણસને સુખી કે દુઃખી કરીને, ઉલ્લાસ કે વિષાદ ને વૈરાગ્યના ભાવથી ભરપૂર કરીને, છેવટે તે પોતાની લીલાને સંકેલી લે છે ને વિલીન થાય છે.

થોડીવારમાં તો બધે અંધારૂં ફરી વળ્યું. મને થયું કે દસ પંદર મિનીટમાં તો રસ્તો પણ નહિ દેખાય. રાત પણ અંધારી છે. પાસે કોઇ ગામ કે ધર્મશાળા છે નહિ. હવે શું કરીશું ? જો રસ્તો ના દેખાય ને આગળ વધવાનું અશક્ય જ થઇ પડે, તો રસ્તા પર જ રાત પસાર કરીશું અથવા તો ગંગા કિનારાના કોઇ પથ્થર પર આરામ કરીશું. જંગલમાં હિંસક પશુ જરૂર હોય પણ આપણને તેમનો શો ભય ? ઇશ્વરની કૃપાથી તે આપણને કાંઇ નહિ કરી શકે. ઇશ્વર જે કરશે તે સારૂં જ કરશે. એ પ્રમાણે વિચાર કરતાં કરતાં હું 'શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ'ના મંત્રનું ગાન કરતો ને આગળ વધતો હતો ત્યાં તો પાછળથી કોઇનો અવાજ સંભળાયો. મને થયું કે ઇશ્વરે મને મદદ કરવા માટે કોઇ માણસોને મોકલ્યા લાગે છે ! ઝડપથી માર્ગ કાપતાં બે પુરુષ અને એક સ્ત્રી મારી પાસે આવી પહોંચ્યા. 'કેમ બાબા, કોના બળ પર આટલા અંધારામાં ચાલી રહ્યા છો ?' તેમાંના એક પુરુષે પ્રશ્ન કર્યો.

'બીજા કોના બળ પર ?' મેં તરત જ ઉત્તર આપ્યો, 'ઇશ્વરના બળ પર. તેના વિના બીજું બળ ક્યાં કામ લાગે તેવું છે ?'

પણ મારો ઉત્તર તેમને ગમ્યો નહિ. એટલે તે જરા ગુસ્સો કરીને કહેવા માંડ્યા, 'ઇશ્વરના બળ પર ? ઠીક ત્યારે ઇશ્વરના બળ પર આગળ ને આગળ ચાલતા જાવ.' થોડીવારમાં તો તે માણસો આજુબાજુના અંધકારમાં અદૃશ્ય થઇ ગયાં. ધીરે ધીરે હું પ્રભુનું સ્મરણ કરતો આગળ વધ્યો.

ત્યાં તો મારા આશ્ચર્ય વચ્ચે પેલો પુરુષ પાછો આવ્યો. મને સંબોધીને તેણે જરા મીઠી ભાષામાં કહેવા માંડ્યું : 'તમારે ક્યાં જવું છે ?'

'ટિહરી.'

'ટિહરી ? ટિહરી તો હજી અઢારથી વીસ માઇલ દૂર છે. હવે નજીકમાં કોઇ ધર્મશાળા પણ નથી. અમારું ગામ પાસે જ છે. અહીંથી પર્વત પર એકાદ ફર્લાંગ જેટલે. તમે ત્યાં ચાલો. રાતે અમારે ત્યાં આરામ કરજો ને કાલે સવારે આગળ વધજો. અમે તમને ટિહરીના માર્ગ પર મૂકી જઇશું. અમે અહીંથી દોઢેક માઇલ પર એક મહાદેવનું મંદિર છે, ત્યાંથી દર્શન કરીને આવીએ છીએ. આજે ત્યાં મોટો મેળો ભરાય છે. અમારે ત્યાં તમને કોઇ જાતની તકલીફ નહિ પડે, સમજ્યા ?'

અંધારું હવે બધે ફેલાઇ ગયેલું. વળી એ પર્વતીય ભાઇ એક વાર આગળ જઇને ફરી વાર મારી પાસે આવેલા, તેથી તેની પાછળ ઇશ્વરની પ્રેરણા માનીને મેં એમના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો. ઇશ્વરે મારે માટે છેક અણીને વખતે મદદ મોકલી આપી તેનો વિચાર કરીને મારું હૃદય ગદગદ થઇ ગયું. બેમાંના એક ભાઇ પાસે બેટરી હતી. તેના પ્રકાશમાં યાત્રાનો મુખ્ય માર્ગ મૂકીને અમે પર્વત પર ચઢાઇને રસ્તે ચાલવા માંડ્યું. પ્યારા પ્રભુની ઇચ્છાને મેં પણ અપનાવી ને પ્યારી માની લીધી.

'ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિપ્યારું ગણી લેજે !'

લગભગ અર્ધા કલાકમાં અમે પર્વત પર વસેલા નાનાસરખા ગામમાં આવી પહોંચ્યા. પર્વત પર મોટું વિશાળ મેદાન હતું. તેમાં છૂટાંછવાયાં મકાનોના સ્વરૂપમાં વસેલું ગામ આકાશમાં આવેલી કોઇ નવી દુનિયા જેવું દેખાતું. મેદાની પ્રદેશમાં ખેતી પણ સારા પ્રમાણમાં દેખાતી. જ્યાં જોઇએ ત્યાં લીલોતરીનું દર્શન થતું. રાત્રિના ઘોર અંધકારમાં બેટરીના સાધારણ પ્રકાશમાં બધો પ્રદેશ તો ક્યાંથી દેખાય, છતાં જે પ્રદેશ જોવા મળ્યો તેના પરથી ગામ વિશે સારો ખ્યાલ બંધાયો.

મારી સાથેના માણસો સાથે મેં એક નાનાસરખા ઘરમાં પ્રવેશ કર્યો. ઠંડી સખત હતી. હવે અમે પર્વતની છેક ઉપરના પ્રદેશમાં હતા. એટલે ઠંડો પવન સારા પ્રમાણમાં ફૂંકાતો. મારી સાથેના માણસો પર્વતીય જીવન અને આબોહવાથી ટેવાઇ ગયેલા છતાં પણ તેમને ઠંડી લાગતી. તેથી તે થથરતા. તે મને એક નાનાસરખા ઓરડામાં લઇ ગયા. તેનો ઉપયોગ વધારે ભાગે રસોડા તરીકે થતો. તેમણે મને પ્રેમથી બેસવાનું કહ્યું ને તે પણ મારી પાસે બેસી ગયા. પછી તેમણે તાપણી કરી. તાપણી પાસે બેસીને અમે ઠંડીને દૂર કરતાં વાતે વળગ્યા.

એક જણે પૂછ્યું : 'બાબા, આટલી નાની ઉંમરમાં સાધુવેશ કેમ ધારણ કર્યો ?'

મેં કહ્યું : 'ઇશ્વરની ઇચ્છા. તેની ઇચ્છા વિના કશું બને છે ? આ માનવજીવન મહાદુર્લભ છે. તેનો સદુપયોગ કરીને પરમાત્માની પ્રાપ્તિ કરવાની છે. માટે સંસારમાંથી મનને પાછું વાળીને પરમાત્મામાં લગાડી દેવું જોઇએ. તે માટે મોટી ઉંમર થતાં સુધી રાહ જોવાની જરૂર નથી. મોટી ઉંમર થશે એવો ભરોસો

પણ ક્યાં છે ? જીવન તો ચંચળ છે. ક્ષણે ક્ષણે ઓછું થતું જાય છે. ક્યારે પૂરું થશે તેની કોને ખબર છે ? માટે જાગ્યા ત્યાંથી સવાર સમજીને સમજ શક્તિની પ્રાપ્તિ થાય ત્યારથી જ પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરવો જોઇએ. નાની ઉંમરમાં પ્રભુપ્રાપ્તિને માર્ગે વળવાથી વહેલામાં વહેલી તકે શાંતિ ને મુક્તિ મેળવવાનો અવકાશ રહે છે ને મોટી ઉંમરે પ્રભુની કૃપાનું પેન્શન મળે તે ભોગવવાનું બાકી રહે છે. વિચાર કરી જોશો તો સમજાશે કે ઉછરતી યુવાનીમાં માણસ ધારે તે કામ કરી શકે છે. તે વખતે તેની શક્તિ તાજી ને પ્રબળ હોય છે. મન પણ ઉત્સાહ ને અવનવી આકાંક્ષાથી ભરેલું હોય છે. તેને જે વસ્તુમાં લગાડવામાં આવે તેમાં સહેલાઇથી રસપૂર્વક લાગી જાય છે. વધારે ભાગના લોકો તે વખતે સંસારના સુખની કામનાથી પ્રભુની પ્રાપ્તિના કામને ભૂલી જાય છે. તેમની વધારે ભાગની શક્તિ સંસારમાં જ વેડફાઇ જાય છે. પણ એનો અર્થ એવો નથી કે બધાએ તેમ જ કરવું. જેનામાં શ્રદ્ધા, હિંમત ને ઉમંગ હોય તે પોતાના સંસ્કારોને કેળવીને સંસારના વિષયોથી બને તેટલો અલગ રહી શકે છે ને ઇશ્વરની કૃપા મેળવવાનો પ્રયાસ પણ કરી શકે છે. તેમ કરવામાં મુશ્કેલી જરૂર રહેલી છે. ભયસ્થાનો પણ ઘણાં છે. પરંતુ માણસ ધારે તો તેમનો સામનો કરીને પોતાના કામને સહેલું કરી શકે છે. યુવાનીને અમારે ત્યાં ગધાપચીસી કહેવામાં આવે છે. તે દરમ્યાન જે મન ને ઇન્દ્રિયોને સંયમમાં રાખીને ઇશ્વરની કૃપા પામવાનો પ્રયાસ કરે છે તે કાંઇ ઓછો બહાદુર નથી. સાચા અર્થમાં તે જ શૂરવીર છે.'

પર્વતના પહેલા દિવસના પગપાળા પ્રવાસને લીધે મને થોડી થાકની અસર જણાતી હતી. તેથી જરા વહેલા વિશ્રાંતિ કરવાની મને ઇચ્છા હતી. મેં પેલા ભાઇની આગળ મારી ઇચ્છા પ્રદર્શિત કરી તો તેમણે કહ્યું : 'આરામ કરવાની વાત બરાબર છે. પણ એમ ને એમ કાંઇ આરામ કરાય ? અમારે ત્યાં આવો ને તમે ભૂખે સુઇ રહો તે ઠીક કહેવાય કે ? હમણાં રોટી બને છે, તે ખાઇને જ આરામ કરજો.'

તેમના પ્રેમ અને આગ્રહને માન આપીને મેં ભોજન કરી લીધું. પછી એ જ ઓરડામાં આરામ કરવા માંડ્યો. સવારે સ્નાનાદિથી પરવારીને મેં કહ્યું : 'હવે મને રસ્તો બતાવો. ધીમે ધીમે ચાલીને સાંજ સુધીમાં હું ટિહરી પહોંચી જઇશ.'

'રસ્તો તો બતાવવાનો જ છે.' તે બોલી ઉઠ્યા: 'પણ હમણાં શી ઉતાવળ છે ? તમને સવારના પહોરમાં કાંઇ એમ ને એમ જવા દેવાય ? હમણાં ભોજન થઇ જશે. પછી તમને રસ્તા પર મૂકી જઇશું અને અમે પણ ખેતરમાં જઇશું. તમે તો આખો દિવસ ચાલ્યા જ કરશો. રસ્તામાં ખાસ કોઇ ગામ પણ આવતાં નથી. ભિક્ષાની પણ મુશ્કેલી પડશે. માટે અહીંથી જમીને જ જાવ એટલે આગળની ચિંતા નહિ.'

મેં કહ્યું: 'મને જરા પણ ચિંતા નથી. ઇશ્વર દયાળુ છે. તેના પર મને શ્રદ્ધા છે. યોગ્ય વખતે તે યોગ્ય વ્યવસ્થા જરૂર કરી દેશે. તમે અત્યાર સુધી જે સેવા કરી તે ઘણી છે.'

પણ તે માને તેમ ન હતા. તેથી બીજો કોઇ ઉપાય પણ ન હતો. થોડીવારમાં મારી પાસે દાળભાતની થાળી આવી પહોંચી ને મેં ભોજન કર્યું. પછી મારો સામાન તૈયાર કરીને હું બહાર નીકળ્યો એટલે તેમણે મને પૈસા આપવાનો પ્રયાસ કર્યો. 'આ પૈસા રસ્તામાં કામ લાગશે.' તેમણે કહેવા માંડ્યું, 'નહિ તો સાંજે ટિહરી પહોંચીને દૂધ પી લેજો.'

પર્વતના એકાંત પ્રદેશમાં રહેનારા એ ગ્રામજનનો પ્રેમ ખરેખર મારા હૃદયને સ્પર્શી ગયો. કોણ કહે છે કે ગામડાની પ્રજા પછાત, અસંસ્કારી અને અભણ છે ? અલબત્ત, વર્તમાન કેળવણીનો પ્રચાર તેમનામાં ઘણો ઓછો છે. કેટલાક કુરિવાજોનું સામ્રાજ્ય પણ તેમની અંદર ચાલી રહ્યું છે. કોઇ કારણથી વેરઝેર ને કુસંપ પણ દેખાય છે. પણ તે તો ભણેલા લોકો ને શહેરોની અંદર પણ ક્યાં નથી ? વર્તમાન કેળવણીનો અભાવ અને ઓછો પ્રચાર હોવા છતાં પણ એમનામાં અતિથિસત્કાર ને સેવાની ભાવના સારા પ્રમાણમાં જોવા મળે છે. તે ઉપરાંત કેટલાક સંસ્કારોનું દર્શન પણ સહેજે થઇ શકે છે. શહેરોની વધારે પડતી મોહિનીને લીધે ભાંગતા જતાં ગામડાંને નવી ઢબે વિકસાવવામાં આવે ને સ્વાશ્રયી કરવામાં આવે તો તે પ્રજા સંપૂર્ણપણે સુખી થઇ શકે એ નક્કી છે. આ પર્વતીય ભાઇના સંસ્કારોને જોઇને મને ખરેખર આનંદ થયો. પણ મારે તેમની સંસ્કારિતાનો ગેરલાભ ઉઠાવવો ન હતો. તેથી મેં પૈસા લેવાની ના પાડી. તે બાબતમાં એમના આગ્રહને આધીન થવાનું મને સારું ન લાગ્યું. તે પણ છેવટે સમજી ગયા.

પગદંડીનો લાંબો રસ્તો કાપીને અમે ટિહરીની મુખ્ય સડક પર આવી પહોંચ્યા ને પછી છૂટા પડ્યા. હજી મારે મોટું અંતર કાપવાનું હતું એટલે મેં બનતી ઝડપથી ચાલવાનું શરૂ કર્યું. રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં એક માણસ મારી પાછળ પડ્યો. 'બાબા, મને તમારો શિષ્ય બનાવીને તમારી સાથે લઇ લો. હું તમારી સાથે ફરીશ ને તમારી સેવા કરીશ.'

મેં તેને કહ્યું : 'ભાઇ, ત્યાગી જીવન એટલું સહેલું નથી. તે જીવન તો ભારે મુસીબતથી ભરેલું છે. તે મોટી યોગ્યતા માગી લે છે. બધે ફરતા ફરીશું એમ માનીને એનો આધાર લેવાની જરૂર નથી. તેમાં તો વિવેક, વૈરાગ્ય ને ઇશ્વર પરની શ્રદ્ધાની જરૂર છે. ત્યારે જ તે શોભી ઉઠે ને સફળ થઇ શકે છે. ખાવાની અછત હોય અથવા કોઇ બીજી તકલીફ હોય તેથી તેનો આધાર લઇને સાધુ થવાનાં સ્વપ્ના સેવવાની જરૂર નથી. જ્યાં છો ત્યાં રહીને દુર્ગુણનો, દુષ્ટ વિચાર, વૃતિ ને દુષ્ટ કર્મોનો ત્યાગ કરો. અહંકાર ને મમતાને દૂર કરવાની કોશિશ કરીને પરમાત્માને પ્રેમ કરો ને પરમાત્માનું દર્શન કરવાનો પ્રયાસ કરો, એટલે સુખશાંતિ મળી જશે. બાકી બધાએ બહારનો ત્યાગ કરવો જ જોઇએ એવો ખાસ નિયમ નથી. તે છતાં તમારે શિષ્ય થઇને નીકળી પડવું હોય તો કોઇ સારા ગુરુની રાહ જુઓ. હું તો હજી સાધારણ દશામાં છું ને સૌને ગુરુભાવે જોયા કરું છું. કોઇનો ઉદ્ધાર કરવાની મારામાં શક્તિ નથી.'

મારા શબ્દોને શાંતિપૂર્વક મને કે કમને સાંભળ્યા પછી એણે પૂછ્યું : 'આટલા વહેલા ક્યાંથી આવ્યા ?'

'રાતે બાજુના નાનકડા ગામમાં રોકાયેલો ત્યાંથી.'

'ક્યા ગામમાં ?'

મેં એના કુતૂહલને શાંત કરવા મારા રાત્રિનિવાસની વાત કરી તો એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'તમે ક્યા ગામની વાત કરો છો ?' ને તરત જ બોલ્યો : 'સ્વપ્નના કે જાગૃતિના ?'

'જાગૃતિના.'

'તમને સ્વપ્ન તો નહોતું આવ્યું ને ? અહીં આસપાસના વિસ્તારમાં કેટલાક ગાઉ સુધી ગામ જ નથી. આ પ્રદેશમાં જનમ્યો અને મોટો થયો છું એટલે મને બધી માહિતી છે. એ તો ઠીક છે કે તમે આ વાત મને કહી છે. બીજા કોઇને કહી હોત તો ગાંડપણમાં ખપાવત.'

એની સાથે અધિક દલીલો કરવાનો કશો અર્થ ન હતો, એટલે મૌન રાખીને ઇશ્વરનું સ્મરણ કરતો અને એમના અલૌકિક અનુગ્રહને વિચારતો હું ટિહરીના માર્ગે આગળ વધ્યો. એ પવિત્ર હિમગિરિ પ્રદેશમાં સમીપવર્તી વિસ્તારમાં કોઇ ગામ હોય કે ના હોય તો પણ ઇશ્વરની અસીમ કૃપાથી હું એક એકાંત સુંદર ગામમાં જ રહી ચૂકેલો એ હકીકતનો ઇન્કાર કેવી રીતે કરી શકાય ? ઇશ્વરની અસીમ શક્તિને માટે કોઇક ગ્રામપ્રદેશનું નિર્માણ કાર્ય અસંભવિત તો નથી જ. ઇશ્વરને માટેની મારી શ્રદ્ધાભક્તિમાં અભિવૃદ્ધિ થઇ.

ટિહરી આવ્યું ત્યારે સાંજ પડવાની તૈયારી હતી. ટિહરી મારે માટે નવું સ્થળ હતું. પણ પ્રભુની કૃપા તો જુઓ. ગંગા પરના પુલને પસાર કરીને હું ગામમાં પહોંચ્યો કે તરત જ એક વિદ્યાર્થી મળ્યો. તે કોલેજમાં ભણતો હતો. તે મને એક ધર્મશાળામાં લઇ ગયો. પણ મને તો પસંદ ના પડવાથી છેવટે મને લઇને તે બદરીનાથના મંદિરમાં આવ્યો. ત્યાંની ધર્મશાળામાં મારે માટે રહેવાની વ્યવસ્થા થઇ ગઇ.

☼ ☼ ☼ ☼ ☼



## ૬૩. સ્વામી રામતીર્થના સ્થાનની મુલાકાત

મારા છેલ્લા શબ્દોને વાંચીને કોઇને થશે કે 'બદરીનાથનું પ્રસિદ્ધ મંદિર તો એક બદરીનાથમાં છે. તેના દર્શન માટે દર વરસે હજારો માણસો હિમાલયના ઉત્તરાખંડની યાત્રા કરે છે. ઉત્તરાખંડનાં ચાર મોટા ને પ્રખ્યાત ધામ કહેવાય છે. બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી, ને જમનોત્રી. તેમાં બદરીનાથનું આકર્ષણ સૌથી વધારે ગણાય છે. બદરીનાથનું મંદિર પર્વતમાળાની વચ્ચે આવેલું છે ને ત્યાં નારાયણ ભગવાનની મૂર્તિ છે. એ વાત લોકોમાં સારી પેઠે જાણીતી છે છતાં તમે ટિહરીમાં બદરીનાથના મંદિરની વાત કરી. તો શું ટિહરીમાં પણ બદરીનાથનું મંદિર આવેલું છે ? કે પછી તે વિશેના લખાણમાં કોઇ ભૂલ થાય છે ?'

મારા લખાણ પરથી આવી શંકા થાય તે સ્વાભાવિક છે. તેનું સમાધાન એ છે કે મારા લખાણમાં કોઇ જાતની ભૂલ નથી. પણ સાચી વાત એવી છે કે ટિહરીમાં બદરીનાથ અને કેદારનાથ બંનેના મંદિર આવેલા છે. ઉત્તરાખંડનું પ્રખ્યાત બદરીનાથનું મંદિર તો છે જ. મુખ્ય મંદિર તો તે જ ગણાય છે. યાત્રીઓ તેના જ દર્શનનો સંકલ્પ કરીને ઘેરથી રવાના થાય છે. પણ તે ઉપરાંત ટિહરીમાં પણ બદરીનાથનું નાનું મંદિર આવેલું છે. હું તે જ મંદિરની વાત કરી રહ્યો છું. તેની ધર્મશાળા ઘણી મોટી છે. તેમાં મારો ઉતારો હતો. બદરીનાથ ને કેદારનાથ બંનેના મંદિર છેક પાસે પાસે જ આવેલા છે.

ટિહરી ગામ પર્વતના બીજા ગામોના પ્રમાણમાં મોટું છે. મેં તે ગામની મુલાકાત લીધી ત્યારે ઇ. સ. ૧૯૪૪નું વરસ ચાલી રહેલું. મને બાવીસ વર્ષ પૂરા થયેલા. તે વખતે ત્યાં ઇન્ટર સુધીની કોલેજ ચાલતી. ટિહરીની આજુબાજુ સુંદર પર્વતો છે પણ ગામ મોટેભાગે મેદાનમાં જ વસેલું છે. બદરીનાથનું મંદિર ગંગાના કિનારે આવેલું છે. ગંગાનું નામ અહીં ભાગીરથી છે. મંદિરની પાસે જ ભાગીરથી ને ભીલંગણાનો સંગમ થાય છે. તે દૃશ્ય ઘણું રમણીય દેખાય છે. લાંબા વખત લગી તેને જોયા કરીએ તો પણ મન ધરાતું નથી ને તેની સુંદરતા ઓછી થતી નથી.

કેદારનાથના મંદિરમાં એક બ્રહ્મચારી મહાત્મા રહેતા. તે કુરુક્ષેત્રના નિવાસી હતા. ટિહરીના શાંત વાતાવરણમાં લાંબો વખત રહીને ગાયત્રીનું અનુષ્ઠાન કરવાનો તેમનો વિચાર હતો. તે જ વિચારથી પ્રેરાઇને તે ટિહરી આવેલા. તે પોતે સ્વયંપાકી હતા. ભક્તોની સહાયતા સાથે તે આટલે દૂર આવી પહોંચેલા પણ આવતાવેંત જ તેમને ટિહરીના તીર્થસ્થાનનો કડવો અનુભવ થયો. તેમના છસો રૂપિયા મંદિરની તેમની રહેવાની ઓરડીમાંથી કોઇ ચોરી ગયું. તેથી તેમને ચિંતા થતી. એટલી રકમમાં તે બે અઢી વરસ સહેલાઇથી કાઢી શકે તેમ હતા. તે રકમ તેમની જીવાદોરી જેવી હતી. તેમની સાથેનો મારો પરિચય વધ્યો ત્યારે તેમણે મારી પાસે દિલ ખોલ્યું. તેમની વાત સાંભળીને મને જરા ખેદ થયો. હિમાલયના આવા શાંત અને એકાંત પ્રદેશમાં પણ આ રીતે ચોરી થાય છે તે જાણીને મને વધારે ખેદ થયો. હિમાલયની મારી કલ્પના શરૂઆતમાં જરા જુદી જ હતી. મને એમ લાગતું કે હિમાલય તો ઋષિમુનિનો મુલક ને ત્યાગી તથા તપસ્વીનો પ્રદેશ કહેવાય છે. આજે પણ ત્યાં મોટેભાગે ઋષિમુનિ ને ત્યાગી તપસ્વી જ ત્યાં રહેતા હશે. ફળફૂલ ને કંદમૂળથી ત્યાંનો પ્રદેશ ભરપૂર હશે. લોકો પણ પવિત્ર, પ્રામાણિક ને પ્રભુપરાયણ હશે. ચોરી, વ્યભિચાર, જૂઠ ને કપટનું તો ત્યાં નામનિશાન નહિ હોય. પરંતુ હિમાલયનું દર્શન કર્યા પછી મારી કલ્પના ખોટી ઠરી. મને સમજાયું કે

પહેલાંનું વાતાવરણ ગમે તેવું હોય પણ અત્યારે તો હિમાલયનું વાતાવરણ બહું વખાણવા જેવું નથી. ચોરી, વ્યભિચાર, જૂઠ, કપટ અને અનીતિનું સામ્રાજ્ય હિમાલયમાં પણ સારી પેઠે ફેલાવા માંડ્યુ છે. જ્યાં જ્યાં માનવ ને તેનું મન છે ત્યાં ત્યાં મનના સારાં ને નરસાં બધાં તત્વોનું દર્શન સહેજે થયા કરે છે. હિમાલયના કેટલાક પ્રદેશની વર્તમાન પરિસ્થિતિ એટલી બધી અનીતિમય ને વિકૃત થઇ ગઇ છે કે બહારના પ્રદેશમાંથી આવીને વસેલા મોટાભાગના જૂના વિવેકી લોકોને પણ તે સાલે છે. શું પર્વતોમાં કે શું મેદાનોમાં, પ્રજાનું નૈતિક જીવન ઝડપથી કથળતું જાય છે એ એક હકીકત છે. તેની દવા કર્યા વિના પ્રજાના જીવનધોરણને ઊંચુ આણવાનો ને સુખશાંતિમય સમાજની રચના કરવાનો આપણો કે કોઇનોય પ્રયાસ ભાગ્યે જ સફળ થઇ શકશે.

કુરુક્ષેત્રના એ મહાત્મા પુરુષ સાથે થોડા વખતમાં તો મારે સારો સ્નેહસંબંધ થઇ ગયો. મને બદરીનાથ મંદિરમાં રોજ તૈયાર ભોજન મળે તે માટે તેમણે બનતો પ્રયાસ કર્યો. મંદિરના પૂજારીઓને પણ મારા પર પ્રેમ થવા માંડ્યો. પરિણામે મને મંદિરમાં બંને વખત ભોજન મળવા માંડ્યું.

ટિહરીમાં રહેવાનું થાય ને સ્વામી રામતીર્થને કેમ ભૂલાય ? ટિહરીના પ્રદેશ સાથે સ્વામી રામતીર્થનું નામ ગાઢ રીતે સંકળાયેલું છે. આ પ્રદેશમાં તે રહ્યા હતા એટલું જ નહિ, તેમનું શરીર પણ આ પ્રદેશમાં જ છૂટી ગયેલું. એટલે ટિહરીના નિવાસ દરમ્યાન તેમની સ્મૃતિ તાજી થાય એ તદ્દન સ્વાભાવિક હતું. ધર્મ ને તત્વજ્ઞાનની ગંગા-જમનાને ભારતમાં જ નહિ પણ ભારતની બહાર પણ વિપુલતાથી વહેતી કરનારા જે આંગળીને વેઢે ગણી શકાય એટલા થોડા મહાપુરુષો આ દેશમાં છેલ્લા થોડા વરસોમાં ઉત્પન્ન થયા તેમાં વિવેકાનંદની જેમ સ્વામી રામતીર્થનું નામ પણ ખાસ યાદ રાખવા જેવું છે. વિવેકાનંદને પગલે ચાલીને તેમણે દૂરના દેશોમાં ભારતીય સંસ્કૃતિનો દીપક જાગૃત કર્યો. તેમનામાં મહાન વ્યક્તિત્વની ઝલક હતી. તેમનો દેશપ્રેમ ને માનવપ્રેમ ખૂબ વિશાળ હતો. તેમનું જીવન એક જીવતું જાગતું વેદાંત હતું. અમેરીકાના લોકોને તેમણે પોતાની પ્રતિભાથી એટલા બધા મુગ્ધ કર્યા હતા કે તેમને તે ઇશુની સાથે સરખાવતા. હિમાલયમાં પ્રવેશ કરતાં પહેલાં મેં તેમનું જીવનચરિત્ર વાંચીને પ્રેરણા મેળવેલી, ત્યારથી મને તેમને માટે માન ઉત્પન્ન થયેલું. એટલે ટિહરીમાં તે જે જગ્યામાં રહેતા તે જગ્યાનું દર્શન કરવાની મને ઇચ્છા થઇ.

એક જાણકાર ભાઇ મને તે જગ્યામાં લઇ ગયા. નદીને કિનારે એક મોટું સુંદર મકાન હતું. ટિહરીના રાજાની ઇચ્છાથી સ્વામી રામતીર્થ થોડો વખત તે મકાનમાં રહેલા. રાજા તેમના ભક્ત હતા.

રાજાના એ મકાનનું દર્શન કરીને મને આનંદ થયો. ટિહરીથી કીર્તિનગર જવાના માર્ગની એક બાજુએ આવેલા એ મકાનનું નિરીક્ષણ કરીને અમે પાછા વળતા હતાં, તે વખતે માહિતી મળી કે સ્વામી રામતીર્થ જીવનના છેલ્લા દિવસોમાં જે સ્થાનમાં રહેલા ને જ્યાં તેમણે સમાધિ લીધેલી તે સ્થાન તો બીજું જ છે. સીમલાસુ ગામની પાસે આવેલું તે સ્થાન એકદમ એકાતમાં છે. તે માહિતી મેળવીને મને તે સ્થાનનું દર્શન કરવાની ઇચ્છા થઇ. એટલે બેચાર દિવસમાં એક ભાઇને લઇને હું તેનું દર્શન કરવા નિકળી પડ્યો.

સ્વામી રામતીર્થના એ બીજા સ્મૃતિસ્થાનમાં અમે પહોંચ્યા ત્યારે બપોરનો વખત હતો. સ્વામીજીની સ્મૃતિરૂપે એક નાનુંસરખું મકાન ત્યાં ઉભુ હતું. બાજુમાં એક બીજુ મકાન હતું. તેમાં નાની સરખી સુંદર ગુફા હતી. પાસે કેટલાક વૈરાગી સાધુઓ ઝૂંપડીઓ બાંધીને રહેતા. તેમાં એકબે નાથ સંપ્રદાયના સાધુ પણ હતા.

સ્થાન સુંદર અને એકાંત હતું. પાસે જ ગંગા વહેતી. સાધુઓ સાથે થોડીક વાતચીત કરીને અમે તે તરફ વળ્યા.

ગંગા કિનારે કાળા પત્થરોની કતાર થયેલી. પાણીની અંદર પણ મોટા મોટા પથ્થરો હતા. એક પથ્થર પર મેં ચાલવા માંડ્યું કે તરત જ મારો પગ લપસી ગયો. જો જરાક ગફલત થઇ હોત તો તે દિવસે હું સીધો ગંગામાં પડી જાત. પણ પ્રભુકૃપાથી મારા શરીરની સ્થિરતા મેં સાચવી લીધી. કિનારા પરના લગભગ બધા જ પત્થરો ચીકણા હતા. મને તરત જ યાદ આવ્યું કે સ્વામી રામતીર્થનો પગ પણ આવી રીતે જ લપસી ગયો હશે. એમના અંતકાળની ઘટના મારી સામે તાજી થઇ.

સ્વામીજીનું જીવન જેણે વાંચ્યું હશે તે તેમના અંતકાળની ઘટનાનું સ્મરણ સહેલાઇથી કરી શકશે. દિવાળીને દિવસે સવારે નિત્યકર્મમાંથી પરવારીને તે સ્નાન કરવા ગયા. ત્યારે કહે છે કે તેમનો પગ લપસી ગયો ને તે પાણીમાં વહેવા માંડ્યા. તે મોટા તરવૈયા હતા. પણ પાણીનો વેગ સખત હતો. ને તેથી પણ વધારે મહત્વનો મુદ્દો તે હતો કે તેમના શરીરની શાંતિનો સમય નજીક આવેલો. તેથી તે અકસ્માતમાંથી ઉગરવાનો કોઇ ઉપાય થઇ શક્યો નહિ ને તેમનું શરીર વહેતું જ રહ્યું. પરંતુ સાવધાન બનેલા સ્વામીજીએ આત્મબળને એકઠું કરીને તરત પદ્માસન વાળી લીધું ને ઓમકારનો ઉચ્ચાર કરીને મનને પરમાત્મામાં જોડી દીધું. તેમનું શરીર ગંગાના પાણીમાં પ્રવાહિત થતું થતું છેવટે કેટલેક દૂર જઇને એક ઠેકાણે ગુફા જેવું હતું ત્યાં અટકી પડ્યું. તેમના ભક્તોએ પાછળથી શોધ કરીને તેનો પત્તો મેળવી લીધો. તેમના અંતકાળનો ઇતિહાસ ટૂંકમાં આવો છે.

સ્વામીજીનું શરીર પગ લપસી જવાથી પાણીમાં પ્રવાહિત થઇને શાંત થઇ ગયું કે પછી સ્વામીજીએ પોતાની મેળે સ્વેચ્છાથી જ સમાધિ લીધી અથવા શરીર છોડ્યું તે વિશે ભક્તોમાં મતભેદ છે. કેટલાક ભક્તો એમ કહે છે કે સ્વામીજી તો મહાન ને સિદ્ધ હતા. કાળના સ્વામી હતા. તેમની ઇચ્છા વિના તેમનું શરીર કેવી રીતે શાંત થઇ શકે ? તેમના જેવા પરમાત્મામય મહાપુરુષને પાણી કેવી રીતે પ્રવાહિત કરી શકે ? માટે તેમણે સ્વેચ્છાએ જ શરીર છોડ્યું હોવું જોઇએ. ગંગામાં સ્નાન કરવા ગયા પહેલાં તેમણે જે લખાણ લખ્યું છે તેના પરથી પણ ખાતરી થાય છે કે તે પોતાના વ્યક્તિગત નામરૂપનો ત્યાગ કરીને સમષ્ટિગત પરમાત્મામાં કાયમ માટે મળી જવા માગતા હતા.

સાચી વાતની ખબર તો સ્વામીજીને જ હોઇ શકે. તેમનું શરીર શાંત થયું છે તે નક્કી છે. એટલે તેની પાછળ તે વિશેની વિશેષ ચર્ચાવિચારણાનું ખાસ મહત્વ નથી. તટસ્થ રીતે વિચાર કરતા જણાશે કે ઉપર્યુક્ત વિચાર બહુ સંતોષકારક નથી. બ્રહ્મજ્ઞાની પુરુષનો પગ લપસી જ ના શકે ને કદાચ લપસી જાય તો તેવા પુરુષનું શરીર તેની ઇચ્છા વિના પાણીમાં પ્રવાહિત ના થઇ શકે એ વિચાર ભૂલભરેલો છે. બ્રહ્મજ્ઞાની પુરુષ તો સર્વ પ્રકારના સંકલ્પ વિકલ્પોથી પર હોય છે. જીવનની તૃષ્ણા ને મરણની બીકથી મુક્ત. તેનું શરીર પાણીમાં પ્રવાહિત થાય કે અગ્નિમાં બળી જાય તો પણ તેણે સિદ્ધ કરેલી કે અનુભવેલી ઇશ્વર સાથેની એકતામાં શો ફેર પડવાનો છે ? તેની પ્રભુપરાયણ અથવા બ્રહ્મમયી વૃતિમાં શો દોષ આવવાનો છે ? તેવો પુરુષ તો જીવતાં જ મુક્ત છે. શરીર ગમે ત્યાં ને ગમે તે દશામાં પડે તેથી તેની મુક્તાવસ્થામાં કોઇ જાતનો દોષ આવવાનો નથી જ નથી. પાણીમાં વહી જવા જેવા અકાળ મૃત્યુના પ્રસંગોથી સાધારણ માણસોની

દુર્ગતિ થાય છે એ વાતને સાચી માનીએ તોપણ જેમણે જીવતાં જ પરમાત્માને જાણી લીધા છે તેવા લોકોત્તર મહાપુરુષના સંબંધમાં તેને લાગુ પાડવાની જરૂર નથી. એટલે સ્વામી રામતીર્થનું શરીર પાણીમાં વહી જઇને શાંત થઇ ગયું એ હકીકત બરાબર હોય તો તેનો સ્વીકાર કરવામાં કોઇએ એટલા માટે આનાકાની નથી કરવાની કે તે હકીકતથી સ્વામીજીની મહત્તા, પ્રતિષ્ઠા કે પ્રભુપરાયણતા ઓછી થાય છે. ના, તેથી તેમની પ્રભુપરાયણતા, પ્રતિષ્ઠા ને મહત્તામાં કાંઇ જ ફેર પડતો નથી.

માણસનું શરીર કેવી રીતે છૂટે છે તે વાત કરતાં શરીર છૂટતી વખતે તેની મનોવૃતિ કેવી રહે છે તે વાત મહત્વની ને ધ્યાનમાં રાખવા જેવી છે. તે પરથી જ તેની મહત્તા કે શ્રેષ્ઠતાનું માપ કાઢી શકાય છે. તે રીતે વિચાર કરવાથી સ્વામીજીની મહાનતાને બરાબર સમજી શકાશે ને તેમને ન્યાય કરી શકાશે. મહાત્મા ગાંધીજીને અંતકાળે ગોળી વાગી. તેનું કારણ કર્મના નિયમ પ્રમાણે ગમે તે હોય પણ તે વખતે પણ તેમની વૃતિ શાંત રહી શકી, પ્રભુમાં લાગી શકી, ને તેમના મુખમાંથી 'રામ'નું નામ નીકળી પડ્યું, તે જ તેમની મહત્તા. તેથી જ બાહ્ય દૃષ્ટિએ ભીષણ અને અમંગલ લાગતી મૃત્યુની પળ તેમને માટે મંગલ થઇ શકી. એમના અંતકાળની ઉજળી બાજુ તે જ હતી. ગોળીથી મરવાનો પ્રસંગ તેમના સંબંધમાં પ્રશંસનીય નથી, પણ તે પ્રસંગ વખતની તેમની મનોવૃતિ પ્રશંસનીય છે, અનુકરણીય છે, ને તેમની પ્રતિષ્ઠાને સાચી ઠરાવનારી ને વધારનારી છે. તે પ્રમાણે સ્વામીજીના સંબંધમાં પણ સમજી લો તો પછી શંકાને સ્થાન નહિ રહે. સ્વામીજી પરમાત્મામય હતા. અંતકાળે પણ તેવા જ રહ્યા. તેમના અંતકાળને આકસ્મિક માનીએ તોપણ તે વખતે તેમની વૃતિ પ્રભુપરાયણ જ હતી ને તેમણે ઓમકારનો ઉચ્ચાર કર્યો હતો એ નિર્વિવાદ છે. તે જ તેમની મહાનતા. તેનો વિચાર કરવાથી તેમની લોકોત્તરતાનો ખ્યાલ આવશે ને તેમને માટે માન જાગશે.

બાકી તો મને જે લાગ્યું તે મેં કહી દીધું છે. સ્વામીજીના સ્થાન પાસેના ગંગાતટ પર જે અસંખ્ય ચીકણા પત્થરો પડ્યા હતા તેમને જોઇને મને થયું કે આવા પત્થર પર ગફલતમાં રહેવાથી કોઇવાર કોઇનોય પગ લપસી શકે. સ્વામીજીનો પગ પણ લપસી ગયો હોય તો નવાઇ નહિ. ગંગાતટ પર ફરતાં ફરતાં ભારતના એ મહાપુરુષના જીવનને મેં પ્રેમથી યાદ કર્યું અને એમને અંજલિ આપી.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૪. પોલીસનો પ્રસંગ

કુરુક્ષેત્રના પેલા મહાત્મા સાથે એક દિવસ હું ટિહરીમાં ફરવા નીકળ્યો. ટિહરીમાં મંદિરો ને સાધુમહાત્માના સ્થાનો ઘણાં છે. તેમાંના કેટલાક સ્થાનોનું દર્શન કરતાં અમે ગામની મુખ્ય ભૂમિમાં આવી પહોંચ્યા. ત્યાં મોટું બજાર હતું. તેનું નિરિક્ષણ કરીને અમે ગામના પુસ્તકાલયમાં પ્રવેશ કર્યો. લગભગ અડધો કલાક થયો હશે એટલામાં ત્યાં એક પોલીસ ઇન્સ્પેક્ટર આવી પહોંચ્યા ને અમારી પાસે જરા અક્કડતાપૂર્વક ઊભા રહ્યા. થોડીવાર સુધી તો એમણે અમારું માથાથી પગ સુધી નિરીક્ષણ કર્યા કર્યું ને પછી પૂછવા માંડયા : 'તમે બન્ને અહીં ક્યાં રહો છો ?'

'હું બદરીનાથ મંદિરમાં રહું છું ને આ મહાત્મા કેદારનાથ મંદિરમાં.' મેં શાંતિથી ઉત્તર આપ્યો.

'તમે બંને કાલે સવારે આઠેક વાગ્યે પોલીસ સ્ટેશન પર આવજો.' તેમણે ફરમાવી દીધું.

એ ઓચીંતા ફરમાનથી મને આશ્ચર્ય થયું. મેં ખુલાસા માટે પૂછ્યું : 'કેમ ? અમારું કંઇ કામ છે ?'

'મારે તમારી તપાસ કરવી છે.' તેમણે તુમાખીથી ઉત્તર આપ્યો.

'તપાસ કરવી હોય અને અમારા વિશે માહિતી મેળવવી હોય તો અમે અત્યારે હાજર છીએ. તમારે જે કાંઇ પૂછવું હોય તે અમને પૂછી શકો છો. બાકી કાલે સવારે તો મારાથી પોલીસ સ્ટેશને નહિ આવી શકાય. કેમ કે સવારે લગભગ સાડા નવ સુધી હું મારા નિત્યકર્મમાં રોકાયેલો રહું છું. તેનો ત્યાગ કરીને મારાથી તમારી પાસે નહિ જ આવી શકાય.'

'નહિ. તમારે આવવું જ પડશે. તમને ખબર છે કે હું અહીંનો પોલીસ ઇન્સ્પેક્ટર છું ?' તેમણે જરા કડકાઇથી કહેવા માંડ્યું.

'તે તો તમારા કહેવાથી ખબર પડી.' મેં શાંતિથી ખુલાસો કર્યો; 'પણ તેનો અર્થ એવો નથી કે મારે કાલે સવારે તમારી પાસે આવવું જ જોઇએ. સવારે તો મને સમય જ નથી હોતો. હા, તમારી ઇચ્છા હોય તો મને અત્યારે જે કાંઇ પૂછવું હોય તે પૂછી શકો છો.'

મારા ખુલાસાથી તેમનો રોષ વધવા માંડ્યો. જો હું પોલીસ સ્ટેશન નહિ જાઉં તો સારું પરિણામ નહિ આવે એવી ધમકી આપીને તે ચાલી નીકળ્યા. તેમની ધમકીથી પેલા કુરુક્ષેત્રના મહાત્મા ડરી ગયા. મેં તેમને હિંમત આપી છતાં તેમણે પોલીસ સ્ટેશને જવાની વાત પસંદ કરી. પણ હું તો પોલીસ સ્ટેશને ગયો જ નહિ. મારા પર તે ઇન્સ્પેક્ટરની ધમકીની જરાપણ અસર ના થઇ. મેં નક્કી કર્યું કે પોલીસ ઇન્સ્પેક્ટર મારી પાસે આવે તો મારે તેમને જરૂરી માહિતી પૂરી પાડવી પણ તેમની પાસે સામે ચાલીને તો ના જ જવું. પરંતુ તે પણ મારી પાસે ના આવ્યા.

એ નાના સરખા પ્રસંગે મને દિવસો સુધી વિચાર કરતો કરી મૂક્યો. મને થયું કે પોલીસની આ પદ્ધતિ કેવી છે ! રસ્તે ચાલનારા ગમે તે માણસને સાધારણ શંકા પરથી કે કોઇવાર શંકા ના હોય તોપણ તે તપાસ માટે પોતાની અનુકૂળતાએ પોલીસ સ્ટેશને બોલાવે છે ને કોઇ તેનો વિરોધ કરે છે તો તેને ખરાબ પરિણામની ધમકી આપે છે. મનમાની વાતની કબૂલાત માટે ત્રાસ, માર ને જુલ્મોનો પણ આશ્રય લે છે. પોલીસને તપાસ કરવી હોય તો નમ્રતાપૂર્વક માણસની મુલાકાત લઇને કરી શકે છે. બાકી ગમે તે માણસને

પોતાની પાસે આવવાની ફરજ પાડવામાં વિવેક કે શિષ્ટાચારનો અભાવ જ દેખાઇ આવે છે. આજે પણ આવા પ્રસંગો નથી બનતા એમ નહિ. એક સ્વતંત્ર દેશની પ્રજા ને પોલીસ માટે આવા પ્રસંગો શોભારૂપ નથી. વ્યક્તિસ્વાતંત્ર્યની હિમાયત કરનાર દેશમાં પોલીસના આવા પ્રસંગોને ચલાવી ના લેવાય. એટલે પોલીસે પોતાના વર્તનમાં ફેરફાર કરવાની ને વધારે ને વધારે નમ્ર, પ્રમાણિક, શિસ્તબદ્ધ, સેવાભાવી થવાની આવશ્યકતા છે. પલટાતા જતા સમયમાં તેમણે પણ પોતાની કાયાપલટ કરવાની છે. તો જ તે પ્રજાની સેવા કરીને પ્રજાને ઉપયોગી ને પ્રિય થઇ શકશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૫. વેદબંધુ : એક સાચા સંતનો સમાગમ

(૧)

સાચા સંતો સત્સંગનો મહિમા ગાતા થાકતા નથી. સંસારમાં નાનામોટાં અનેક જાતનાં સુખ છે. તેમાં સત્સંગનું સુખ સૌથી શ્રેષ્ઠ છે, એમ સંતો કહ્યા કરે છે. બીજા કેટલાક સુખો તન ને મનને અસર કરે છે. પણ સત્સંગનું વિલક્ષણ સુખ તો આત્માના પ્રદેશમાં પહોંચી જાય છે ને આત્માને અસર કરે છે. એટલે સુધી કે પોતાની જાતને પલટાવીને આત્મા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં પણ મદદ પહોંચાડે છે. વિતરાગ ને ઇશ્વરદર્શી મહાત્માઓ પણ તેનો લાભ લેવા સદા તૈયાર રહે છે ને તેનાં ગુણગાન ગાતા થાકતા નથી. મને પોતાને પણ સત્સંગ પ્રિય છે. સાચા સંતોના સમાગમ માટે મારું અંતર હમેંશા આતુર રહ્યા કરે છે. તેમના સમાગમમાં મને સ્વર્ગસુખ સાંપડે છે.

હિમાલય તો સંતોનું ઘર, ધામ ને આશ્રયસ્થાન. હિમાલયને સંતોની આરાધ્યભુમિ કહીએ અથવા સંતોના માતાપિતાની ઉપમા આપીએ તો કાંઇ જ ખોટું નથી. ત્યાં તો સંતોનું દર્શન સહેલાઇથી થઇ શકે. એમાં આશ્ચર્ય જ ક્યાં છે ? અલબત્ત, આજે તો હિમાલયમાં પણ સાચા સંતોના દર્શન દુર્લભ થઇ ગયા છે. સંતોના દર્શન ને સમાગમ સારુ આવતા કેટલાય લોકો તેથી નિરાશ પણ થાય છે. આખી દુનિયામાં પરિવર્તન થઇ રહ્યું છે, ત્યારે હિમાલયમાં પણ થાય એ સમજી શકાય તેવું છે. હિમાલય પણ તેનાથી અસ્પૃશ્ય ને પર કેવી રીતે રહી શકે ? તોપણ હિમાલયની ભૂમિમાં હજી સાચા સંતો છે. ભલે તેમની સંખ્યા ઓછી હોય, પણ તેમને લીધે હિમાલયની પવિત્રતા હજી કાયમ છે. તેમનું દર્શન સહેલાઇથી નથી થઇ શકતું. છતાં સારા સાધક તેમના સમાગમનો લાભ ઇશ્વરની કૃપાથી કોઇવાર મેળવી શકે છે. મને પણ તેવો લાભ આજ સુધી અનેકવાર મળ્યો છે. ટિહરીના નિવાસ દરમ્યાન ઇશ્વરકૃપાથી તેવો લાભ મળી ગયો. એક સાચા અને સારા સંતનો મેળાપ થયો. તેનું વર્ણન શરૂ કરું તે પહેલાં થોડા વખત માટે ટિહરીનું ક્ષેત્ર છોડીને આપણે હરદ્વારના પવિત્ર ક્ષેત્રમાં પ્રવેશ કરવો પડશે. માટે કલ્પનાની પાંખ પર ઉડીને ચાલો આપણે હરદ્વાર પહોંચી જઇએ.

આગળના એક પ્રકરણમાં મેં અમદાવાદના એક સંસ્કારી કુટુંબનો ઉડતો ઉલ્લેખ કરી લીધો છે. તે કુટુંબના સભ્યો સાથે ઇ. સ. ૧૯૪૩માં હું દેવપ્રયાગની પહેલવહેલી મુસાફરી કરીને હરદ્વાર આવ્યો હતો. તે વખતે શ્રવણનાથના મંદિરના હોલમાં ઉત્તરપ્રદેશના સુપ્રસિદ્ધ સંત શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજી ભાગવત સપ્તાહ કરાવી રહેલા. ત્યાં અમે થોડો વખત બેઠેલા. ભાગવતની કથા પૂરી થયા પછી પ્રભુદત્તજી પોતાના નિયમ પ્રમાણે ઊભા થયા ને નૃત્ય સાથે કીર્તન કરવા માંડ્યા. તેમના હાથમાં મંજીરા હતા. બીજા કેટલાક ભક્તોના હાથમાં મંજીરા, કરતાલ ને ઢોલકનું દર્શન થતું. તે ભક્તો પણ નૃત્ય સાથે નામસંકીર્તન કરતાં કરતાં પ્રભુદત્તજીને સાથ આપવા માંડ્યા. નામનો ધ્વનિ મારી સમજ પ્રમાણે 'રાધે રાધે શ્યામ બોલો રાધે રાધે શ્યામ' એવો હતો. ધીરે ધીરે કીર્તનનો રસ વધવા માંડ્યો, ને નામનો ધ્વનિ કેવળ 'રાધે રાધે રાધે રાધે' એમ જ સંભળાવા લાગ્યો. મને પણ કીર્તનમાં રસ હતો. તે વખતે હું કરતાલ રાખતો તે મારી પાસે હાજર હતી. એટલે આનંદમાં આવી જઇને હું પણ કીર્તનમાં સામેલ થયો. કીર્તન લગભગ દસેક મિનીટ સુધી ચાલ્યું. તેને

અંતે પ્રભુદત્તજી મંજીરા મૂકીને પોતાના ખંડમાં દોડી ગયા. એટલે ભક્તોએ પણ કીર્તન બંધ કરી દીધું. પરંતુ દસેક મિનીટનું એ સમૂહ કીર્તન ખરેખર રસથી ભરેલું હતું. શ્રી ચૈતન્ય મહાપ્રભુ ભાવમાં આવી જઇને કીર્તન કરતા ને કરાવતા તે વિશે મેં વાચેલું. તેમની કીર્તનમંડળીનું એક ચિત્ર પણ મારા જોવામાં આવેલું. તે મને ખૂબ ગમી ગયેલું. ચૈતન્ય મહાપ્રભુના એ કીર્તનના આદર્શને નજર સામે રાખીને પ્રભુદત્તજી કીર્તનનો કાર્યક્રમ ચલાવતા હોય એવી મારી છાપ પડી. ચૈતન્ય મહાપ્રભુના સંકીર્તનની મસ્તી ને મજા તો અનેરી જ હોય. તેનું દર્શન પણ અપવાદરૂપ જ હોય. પ્રભુદત્તજીના સંકીર્તનને તેની સાથે સરખાવવાનું સાહસ બરાબર ના કહેવાય છતાં પણ એટલું તો કહેવું જોઇએ કે તેમનું સંકીર્તન પણ આકર્ષક ને આનંદકારક હતું. પ્રભુનું નામસંકીર્તન સદાયે સુખમય અને આનંદકારક, શાંતિદાયક અને રસપ્રદાયક છે. જેને તેમાં રસ ના મળે તેની રસવૃતિ કાચી છે એમ જ કહેવું જોઇએ.

સમૂહકીર્તનના પ્રયોગો ને કાર્યક્રમો આજે વધતા જાય છે તે સારી વાત છે. કીર્તનપ્રેમી પુરુષો ને સ્ત્રીઓને તેથી આનંદ થશે. પણ તેના ભયસ્થાનથી સૌએ સાવધ રહેવાની જરૂર છે. વધારે ભાગના ભજનકીર્તનના પ્રયોગો લોકોનું રંજન કરવા, વાહ વાહ બોલાવવા, ભક્તમાં ખપવા ને ધન એકઠું કરવા કરવામાં આવે છે. એ હકીકત કડવી છતાં સાચી છે ને તેનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. નામસંકીર્તન ને ભજન માણસના પોતાના હૃદયમાં પ્રેમ પ્રકટાવીને ઇશ્વરને પ્રસન્ન કરવા માટે છે. તે એક પ્રકારની ઊંચી આરાધના છે. તેના આરાધ્યદેવ એક ઇશ્વર જ છે. તે ઇશ્વરના પવિત્ર આસન પર સાધારણ જનતા કે લૌકિક સ્વાર્થ ના બેસી જાય, ને ઇશ્વરને બદલે તેની જ આરાધનાનો આરંભ ના થાય તે કીર્તન ને ભજન કરનારે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. મીરાં, નરસી, તુકારામ ને ચૈતન્ય મહાપ્રભુની જેમ જો તે કેવળ ઇશ્વરપ્રેમથી પ્રેરાઇને ઇશ્વરની પ્રસન્નતા માટે જ ભજન કીર્તન કરશે તો તેનું જીવન ધન્ય થઇ શકશે. તે ઇશ્વરનું દર્શન પણ કરી શકશે. ને જો તેની ઇચ્છા હશે તો તેને ધન ને પ્રતિષ્ઠા તો આપોઆપ મળી રહેશે. પોતાને ભજનારની બધી રીતે રક્ષા કરવી ને તેના જીવનની જરૂરતો પૂરી પાડવી એ તો ઇશ્વરનો સહજ સ્વભાવ છે, ધર્મ છે. તે માટે ઇશ્વરે પ્રતિજ્ઞા કરી છે. શરૂઆતમાં માણસ લોકરંજન ને ધનકીર્તિને માટે ભજન કીર્તન કરે તો પણ પોતાના આરાધ્યદેવ તો એક ઇશ્વર જ છે તે વાતને સદાયે યાદ રાખીને છેવટે તેણે ઇશ્વરના જ ભક્ત ને પૂજારી બની રહેવું જોઇએ, ને ભજન કીર્તનનો કેવળ શોખ ખાતર નહિ પણ સાધના માટે પ્રયોગ કરવો જોઇએ. તો જ જીવનની ઉન્નતિ થઇ શકે.

કીર્તન પૂરું થયા પછી અમે પ્રભુદત્તજીના દર્શન માટે ગયા. અમને જોઇને તે ખુશ થયા. અમને પણ તેમના દર્શનથી આનંદ થયો. તે વખતે તેમના ઓરડામાં એક બીજા મહાત્મા બેઠેલા. તેમણે સફેદ વસ્ત્રો પહેરેલાં. તેમના મુખ પર તેજ હતું. તેમની આંખ પણ તેજસ્વી ને ઊંડી શાંતિથી ભરેલી હતી. તેમને જોઇને મને થયું કે આ કોઇ મહાપુરુષ છે. થોડીવાર સુધી મેં તેમને જોયા કર્યા. તેમણે પણ મને જોયો. પણ એટલા બધા માણસોની વચ્ચે વાત કરવાનો વખત ના મળ્યો. અમે ત્યાંથી વિદાય થયા ત્યારે પણ એ શાંત સાધુપુરુષની આકૃતિ મારા મનમાં કાયમ માટે વસી ગઇ. તે મહાપુરુષના સંબંધમાં મને પ્રથમ નજરે જ પ્રેમ કહીએ તેવું થઇ ગયું.

તે વાતને દિવસો થઇ ગયા ને મારે ટિહરીમાં રહેવાનું થયું ત્યારે એક દિવસ અચાનક જ એમનો મેળાપ થઇ ગયો. હું ગંગા તરફ જતો હતો ને તે ગંગા તરફથી આવતા હતા. બંનેની નજર એક થઇ ગઇ. આનંદ થયો. વધારે આનંદ તો એ વાતનો થયો કે અમે બંને બદરીનાથ મંદિરની એક જ ધર્મશાળામાં ઉતરેલા. ઇશ્વરની કૃપાથી એક મહાન સંતનો સમાગમ આમ સહેલો બન્યો. તેમને મળવાની મારી લાંબા વખતની ઇચ્છા આમ એકાએક પૂરી થઇ. તેમનું નામ વેદબંધુ હતું.

**(૨)**

વેદબંધુના સમાગમથી મને આનંદ થયો. ધીરેધીરે અમારી વચ્ચે સ્નેહસંબંધ બંધાઇ ગયો. તે મદ્રાસ પ્રાંતના નિવાસી હતા. તેમની ઉંમર પાંત્રીસથી ચાલીસની અંદરની હશે. તેમનું શરીર પાતળું ને ઘઉંવર્ણનું હતું. તેમના તેજસ્વી ને શાંત મુખને જોતાંવેંત તેમને માટે મનમાં માનની ભાવના ઉત્પન્ન થતી. નાની ઉંમરમાં તે ઘેરથી નીકળી ગયેલા. તે પછી શ્રી અરવિંદ ને રમણ મહર્ષિના આશ્રમમાં રહ્યા. તે ઉપરાંત અનેક સ્થળોમાં ફર્યા ને અનેક સંતમહાત્માઓના પરિચયમાં આવ્યા. તેમણે પોતે કેટલીય જાતની સાધના કરી. તેમનો સ્વભાવ નમ્ર ને માયાળુ હતો. તેમને અંગ્રેજી અને સંસ્કૃતનું સારું જ્ઞાન હતું. અત્યારે તે ઉત્તરકાશીથી આવી રહેલા. તેમની સાથે એક વૃદ્ધ સંન્યાસી પુરુષ હતા. તે દેવીના ઉપાસક હતા ને ઉત્તરકાશીમાં રહેતા. નેપાલના રાજકુમારને તેમના પર ને વેદબંધુ પર પ્રેમ હતો. રાજકુમારના મસૂરી ને દહેરાદૂનની વચ્ચે આવેલા જડીપાણીના સ્થાનમાં વેદબંધુ વારંવાર રહેતા. રાજકુમારના કહેવાથી તે પેલા સંન્યાસી મહારાજને લઇને ઋષિકેશ તરફ જઇ રહેલા પણ વચ્ચે એક અણધારી મુશ્કેલી ઉભી થઇ. ટિહરી ને ઋષિકેશનો મોટરમાર્ગ એકબે ઠેકાણે તૂટી જવાથી મોટરવ્યવહાર બંધ થઇ ગયો. તે ચાલુ ના થાય ત્યાં સુધી તેમણે ટિહરીમાં જ રહેવાનો નિર્ણય કર્યો. મોટરવ્યવહાર ચાલુ થતાં વીસેક દિવસ રહેજે નીકળી ગયા. એટલે તે દરમ્યાન અમે એકમેકના ગાઢ સંસર્ગમાં આવી ગયા. તે સંસર્ગમાંથી પ્રેમનો પવિત્ર પ્રવાહ પ્રકટ થયો. એટલા થોડા વખતમાં એવો પ્રબળ પ્રેમ મને બહુ ઓછા સંતપુરુષો પર થયો હશે.

અમે બદરીનાથના મંદિરની ધર્મશાળામાં ભેગા થયા ત્યારે વેદબંધુએ પ્રસન્નતાપૂર્વક કહેવા માંડયું : 'આખરે આપણે મળ્યા ખરાં. હરદ્વારમાં તમને પ્રભુદત્તજીની પાસે જોયા ત્યારે જ મને થયું હતું કે તમારામાં કાંઇક વિશેષતા છે. તમને જોઇને આનંદ થયેલો ને તમને મળવાની ઇચ્છા જાગેલી.'

તેમના શબ્દો સાંભળીને મારા હૃદયમાં તેમને જોઇને જાગેલા એવા જ ભાવની મને સ્મૃતિ થઇ. તેમની આગળ મેં તેનો ચિતાર રજૂ કર્યો. તેથી તેમને આનંદ થયો. મેં તેમને પ્રશ્ન કર્યો, 'શું તમને કીર્તન નથી ગમતું ? તમે પ્રભુદત્તજીની સાથે જ રહેતા તો પણ તેમના કીર્તનમાં નહોતા દેખાયા.'

'સાચી વાત છે.' તેમણે ઉત્તર આપ્યો, 'હું કીર્તનમાં સામેલ નહોતો થતો. કોઇક જ દિવસે હું કથા કીર્તન કરતી વખતે હાજર રહેતો. પણ એનો અર્થ એવો હરગીઝ નથી કે મને કીર્તન પર પ્રેમ નથી. મને કીર્તન ગમે છે પણ જનસમૂહમાં બેસવા કરતાં એકાંતમાં બેસવાનું વધારે સારું લાગે છે. તેથી વધારે ભાગે હું અંદર ઓરડામાં જ બેસી રહેતો. કોઇવાર કીર્તનમાં બેસવાનું થાય તો પણ કીર્તન ચાલતું હોય ત્યારે હું ખેચરી મુદ્રા કરીને બેસી રહેતો. એટલે મને આજુબાજુ શું થાય છે તેનું ભાન રહેતું નહિ.'

'તમને ખેચરી મુદ્રા આવડે છે ?'

'હા.' તેમણે સહેજ પણ સંકોચ સિવાય જવાબ દીધો.

'યોગશાસ્ત્રો તો ખેચરી મુદ્રાનાં ખૂબ જ ગુણગાન કરે છે. ખેચરીથી સમાધિમાં સિદ્ધિ મળે છે, આકાશગમન થઇ શકે છે, મસ્તકમાંથી ટપકતાં અમૃતનું પાન કરીને તેના દ્વારા યોગી અખંડ યૌવનની પ્રાપ્તિ કરે છે ને મૃત્યુંજય બની જાય છે. એવી વાતોનો યોગના ગ્રંથોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમને તેનો અનુભવ મળ્યો છે ?'

'મને કેટલોક અનુભવ મળ્યો છે.' તેમણે સ્પષ્ટતા કરી, 'તેથી મને સંતોષ થયો છે. ખેચરી દ્વારા અમૃતરસનું પાન થાય છે ને સમાધિમાં સિદ્ધિ મળે છે એ સાચું છે. મારી દશા અત્યારે એવી છે કે હું ખેચરી મુદ્રા કરીને જીભને તાળવા પર લગાડું એટલે મને સમાધિ સહેલાઇથી થઇ જાય છે. એ દશામાં હું ઇચ્છાનુસાર રહી શકું છું. ખેચરી કરતી વખતે હું નક્કી કરું કે બરાબર અર્ધા, પોણા કે એક કલાકે મારી સમાધિદશા પૂરી થાય ને ભાન આવે તો તે પ્રમાણે બરાબર અર્ધા, પોણા કે એક કલાકે જ મને ભાન આવે છે. મારી મરજી મુજબનો વખત પૂરો ના થાય ત્યાં સુધી જીભ તાળવા પર લાગેલી જ રહે છે.'

તેમનો ખુલાસો મારે માટે નવો હતો. પુસ્તકોમાં મેં તે વિશે વાંચેલું, પરંતુ એક અનુભવ પ્રાપ્ત પુરુષની મારફત મળતો આવો વિશદ ખુલાસો મારા જીવનમાં આ પહેલો જ હતો. એટલે મને જિજ્ઞાસા થઇ. મેં તેને વ્યક્ત કરતાં કહ્યું, 'તે પ્રમાણે બની શકે ખરું ?'

'જરૂર.' તેમની આંખ ચમકી ઉઠી ને તેમના મુખ પર સ્મિત ફરી વળ્યું : 'જરૂર બની શકે. એ બધું સંકલ્પનું જ કારણ છે. સંકલ્પની શક્તિ ઘણી ભારે છે. તેને ધીરે ધીરે કેળવી ને વધારી શકાય છે. આપણે જોઇએ છીએ કે મજબૂત મનના માણસો સૂતી વખતે અમુક વાગે ઉઠી જવાનો સંકલ્પ કરે છે ને તેના પ્રભાવથી તેટલા વાગે અચૂક ઉઠી જાય છે. સમાધિનું પણ તેવું જ છે. લાંબા અભ્યાસ પછી સમાધિ દશામાં પણ ઇચ્છાનુસાર રહી શકાય છે. એવી શક્તિ ભારે સાધના પછી મળી શકે છે એ સાચું છે, પણ તેની સત્યતામાં કોઇ જાતનો સંદેહ નથી.'

નેપાલના રાજકુટુંબ સાથે તેમને કેવી રીતે સંબંધ થયો તે વિશે મેં પૂછી જોયું તો તે ભારે પ્રસન્નતાપૂર્વક કહેવા માંડ્યા : 'એ વાત આપણી વર્તમાન વાતના અનુસંધાનની જ છે. સાંભળો, થોડા વરસ પરની વાત છે. તે વખતે પણ હરદ્વારના શ્રવણનાથ મંદિરમાં પ્રભુદત્તજી તરફથી શ્રીમદ્ ભાગવતની કથા ચાલતી. એક દિવસ સાંજની કથામાં હું પણ સામેલ થયો. કથા પૂરી થવાને થોડોક વખત બાકી રહ્યો ત્યારે મેં ખેચરી મુદ્રા કરી લીધી. તેના પ્રભાવથી મને તરત જ સમાધિ થઇ ગઇ. બાહ્ય ભાન ભુલાઇ ગયું. કથા પછી કીર્તન શરૂ થયું ને તે પણ પૂરું થયું. શ્રોતાજનો એક પછી એક વીખરાવા માંડ્યા પણ મને ભાન આવ્યું નહિ. લગભગ બધા લોકો વિદાય થયા પણ એક વૃદ્ધા ત્યાં બેસી રહી. તેની નજર પહેલેથી જ મારી તરફ મંડાયેલી. મને અચલ અવસ્થામાં આટલા લાંબા વખત લગી બેઠેલો જોઇને તેને નવાઇ લાગતી. મારા જાગ્રત થવાની રાહ જોઇને તે થાકીને મારી પાસે આવીને મને બારીકાઇથી જોવા માંડી. તેને યોગમાર્ગનો થોડો અનુભવ હતો. એટલે મારી અવસ્થાને ઓળખી લઇને તેણે મને જાગ્રત કરવાનો પ્રયાસ કરવા માંડ્યો. થોડા વખતમાં હું જાગ્રત થયો ત્યારે મારી પાસે એ અજાણી વૃદ્ધા માતાને બેઠેલી જોઇને મને આશ્ચર્ય થયું. તેનું શરીર ગોરું હતું ને પોશાક પરથી તે કોઇ શ્રીમંત કુટુંબની સ્ત્રી હોય એવું અનુમાન કરી શકાતું. તે

દિવસથી તે માતાનો ને મારો સંબંધ વધતો ગયો ને ગાઢ સ્નેહમાં પરિણમ્યો. તે માતા નેપાલના રાજકુટુંબની હતી. તેનું મકાન સપ્તસરોવર પર હતું. ત્યાં પણ મારે થોડા દિવસ રહેવાનું થયું. એ રીતે નેપાલના રાજકુટુંબના બીજા સભ્યો સાથે મારો પરિચય થયો. તે પ્રસંગ બન્યા પછી હું વધારે ભાગે એકાંતમાં જ બેસવાનું રાખું છું.'

તેમની વાત સાંભળીને મને આનંદ થયો. અનુભવી સંતોનો સમાગમ સદાયે સુખકર અને શાંતિદાયક હોય છે. તેવા સંતો સાધનાના અનેક ગ્રંથોની ગરજ સારે છે એમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

**(૩) વેદબંધુનો અનેરો અનુભવ**

વરસો સુધી ધર્મ ને સાધનાના ગ્રંથોનું વાંચન ને મનન કરવાથી જે ફળ મળે, તેથી પણ વધારે કીમતી ફળ સાધના ને ધર્મથી જીવનને ઉજ્જવલ કરી ચુકેલા એક સંતપુરુષના દર્શન ને સમાગમથી મળે છે. તેવા સંતપુરુષની હાજરી ખૂબ જ પ્રેરણારૂપ નીવડે છે ને તપેલા અંતરને માટે શાંતિ આપનારી સાબિત થાય છે. તેના સમાગમથી મનને અશાંત કરનારી કે બેચેન બનાવનારી શંકાઓનું સુખદ સમાધાન થાય છે ને કેટલાક અવનવા અનુભવોની માહિતી મળે છે.

વેદબંધુ વધારે ભાગે યોગી હતા. યોગ તરફ તેમનું વલણ વધારે હતું. પણ તે એકલા યોગી ન હતા. તેમને વેદાંત તરફ ખાસ રુચિ હતી. તેમની દૃષ્ટિ જ્ઞાનમયી હતી. અષ્ટાવક્ર ગીતાના શ્લોકો પર તેમને ખાસ પ્રેમ હતો. તે ઉપરાંત, તેમને ભક્તિમાર્ગ માટે પણ માન હતું. તેના સિદ્ધાંતોને તે સારી પેઠે સમજી શકતા. એટલે તેમની વિચારદૃષ્ટિ વિશાળ હતી. તેમાં સંકુચિતતા ન હતી.

અમારી વચ્ચે પરસ્પર પ્રેમ વધતો ગયો તેમ તેમ અમે વધારે ને વધારે પાસે પહોંચતા ગયા. અમારી વચ્ચેનું બહારનું અંતર ઓછું થતું ગયું એટલે અમે એકમેકની આગળ અમારા વ્યક્તિગત અનુભવોની આપ-લે કરવા લાગ્યા. ઋષિકેશમાં મને જે ત્રિકાળજ્ઞ મહાત્માનો મેળાપ થયો હતો તેમના વિશે મેં વેદબંધુને વાત કરી તો તે રાજી થયા ને બોલી ઉઠ્યા : 'આ દેશમાં આજે પણ એવા ત્રિકાળજ્ઞાની મહાપુરુષો કેટલાય છે. કોઇ વાર પ્રભુની કૃપાથી તેમનું દર્શન થઇ જાય છે ત્યારે અતિશય આનંદ થાય છે. હમણાં થોડાક મહિના પહેલાં અમે એક સુંદર સ્થળમાં રહેતા હતા. પ્રભુદત્તજી પણ મારી સાથે હતા. ત્યાં તે ભાગવતની કથા કરાવતા. એક દિવસ ત્યાં એક મહાપુરુષ આવી પહોંચ્યા. તે તદ્દન નગ્ન દશામાં રહેતા. કથા પૂરી થયા પછી રાતે તે અમારી પાસે આવ્યા. અમે તેમનો સત્કાર કર્યો. થોડી વાર સુધી એમ ને એમ બેસી રહ્યા પછી તેમણે મને ને પ્રભુદત્તજીને અમારા ભૂત ને ભાવિ જીવનની વાતો કહેવા માંડી. તેમની ભૂતકાળની વાતો અમારા જીવન સાથે બંધબેસતી હતી, તેથી અમને ભારે નવાઇ લાગી. અમને તેમની મહાનતાની ખાત્રી થઇ. વાતો પૂરી થયા પછી અમે એમને આરામ કરવાની વ્યવસ્થા કરી આપી. પછી નિર્ણય કર્યો કે તે લોકોત્તર સંતપુરુષનું અમે સવારે સારી રીતે સન્માન કરીશું ને તેમની યોગ્ય સેવા કરીશું. પરંતુ સવારે તો તેમનું દર્શન જ ના થયું. વહેલી સવારે જ તે ક્યાંક રવાના થઇ ગયા. અમારા હાથમાં ઓચિંતો આવેલો હીરો આમ તદ્દન અજ્ઞાત રીતે જતો રહ્યો અને અમે એમની સેવાથી વંચિત રહ્યા. એથી અમને દુઃખ થયું. પણ બીજો કોઇ ઉપાય પણ ન હતો. એટલે તેમની થોડીક નિષ્ફળ શોધ કરીને અમે શાંતિ મેળવી. આ દેશમાં આવાં કેટલાં ગુપ્ત રત્નો છે તેની કોને ખબર છે ?'

મેં કહ્યું : 'કોઇ વાર તેમનો સમાગમ થઇ જાય ત્યારે જ તેની ખબર પડે છે. તે પોતે જ્યાં સુધી કૃપા કરીને તેમના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ ના આપે ત્યાં સુધી તેમના સમાગમમાં આવવાનું થાય તો પણ તેમને કોણ ને કેવી રીતે ઓળખી શકે ? તેમના સાચા સ્વરૂપને સમજવાનું કામ સામાન્ય તો શું પણ અસામાન્ય માણસોને માટે પણ મુશ્કેલ છે. બાકી તો આ દેશનું સદભાગ્ય ને ગૌરવ છે કે એમાં આવા લોકોત્તર મહાપુરુષો આવા કઠિન સંક્રાતિકાળમાં પણ પ્રકટે છે ને વિચરણ કરે છે. ધર્મ, સાધના ને તેની લોકોત્તર શક્તિમાં ના માનનારા માણસોના જીવનમાં તે મોટી અસર કરે છે. તેમને પ્રેરણા પાય છે, વિચાર કરતા કરી મૂકે છે, ને મનમાં જળોની જેમ જામી ગયેલા કેટલાક રૂઢ ખ્યાલોના પાયાને હચમચાવીને તોડી પાડવામાં મદદ કરે છે. એ દૃષ્ટિથી વિચારીએ તો તેમની સેવા ઓછી નથી.'

વેદબંધુ મારી વાત સાથે સંમત થયા. એ પ્રમાણે રોજ વિવિધ વિષયોની ચર્ચા ચાલ્યા કરતી. કોઇ વાર ધર્મશાળાના વિશાળ ચોકમાં આંટા મારતા તો કોઇ વાર ઓસરીમાં આરામ કરતા. તે દિવસોમાં વેદબંધુને મેં મારા દશરથાચલ પરના અનુભવોનો ખ્યાલ આપ્યો. તેથી મારા પ્રત્યેનો તેમનો પ્રેમભાવ વધી પડ્યો. તે ખૂબ પ્રસન્ન થયા.

'મને પણ કેટલાક મહાન સંતપુરુષોના દર્શન થયા છે.' તે કહેવા માંડ્યા, 'જે પ્રમાણિકપણે સાધના કરે છે, તે એવા એવા અનેક અનુભવો મેળવી શકે છે. પણ અનુભવોને સર્વસ્વ માની લેવાની જરૂર નથી.'

'બરાબર છે. અનુભવોથી પ્રેરણા ને ઉત્સાહ મેળવીને માણસે આગળ વધવાનું છે. તેમને સર્વસ્વ માનીને બેસી જવાનું નથી. તેથી તો વિકાસ રુંધાય છે. આત્મસાક્ષાત્કાર અથવા ઇશ્વરદર્શન ના થાય ત્યાં સુધી આગેકૂચ ચાલુ જ રાખવાની છે, ધ્યેયની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી ખોટો સંતોષ પામીને કે કુલાઇ જઇને બેસી રહેવાની વૃતિ બરાબર નથી. તે વૃતિથી સાધકે સદાયે સાવધ રહેવાનું છે.'

તે પછી તેમણે પોતાને થયેલા કેટલાક અનુભવોનો ઉલ્લેખ કરવાની શરૂઆત કરી : 'એક વાર મને મહમ્મદ સાહેબનું દર્શન થયું. તેમના હાથમાં પોપટ હતો. તેમનો ચહેરો તેજોમય ને સુંદર હતો. એ એક મહાપુરુષ હતા તે વાત તો જાણીતી જ છે. એમનામાં પ્રેમ ને વિશ્વાસ હોય એને આજે પણ એમનું દર્શન થઇ શકે છે. બીજા પણ કેટલાક સંતોના દર્શનનો લાભ મને મળી શક્યો છે. ભાગવત જેવા શાસ્ત્રો ને પુરાણોમાં ભગવાન વ્યાસની વાત આવે છે. તેમના દર્શનનો પણ લાભ મળ્યો છે.'

'વ્યાસનો ?'

'હા.' તે જરા વિચારમાં પડ્યા ને કહેવા માંડ્યા, 'તે વખતે હું ઉત્તરકાશી હતો. ઉત્તરકાશીથી દોઢેક માઇલ દૂર ગંગોત્રીની સડક પર લક્ષેશ્વર મહાદેવનું સુંદર એકાંત સ્થળ આવેલું છે. ત્યાં ગંગાતટ પાસેની એક નાની કુટિયામાં હું રહેતો. મેં મારાથી બનતી સાધના કરી પણ મને શાંતિ ના સાંપડી. તેથી મારી બેચેની વધતી જતી હતી. તેને દૂર કરવાનો કોઇ ઉપાય મારા હાથમાં આવતો ન હતો. મારી મૂંઝવણ વધી ગઇ. મેં વ્રત કરવાનો વિચાર કર્યો. નવરાત્રિના દિવસોમાં નવ દિવસ સુધી અન્નનો ત્યાગ કરીને પ્રભુની પ્રાર્થના કરવાનો સંકલ્પ કર્યો. તે પ્રમાણે નવરાત્રિના દિવસો આવી પહોંચ્યા ને મેં મારું વ્રત શરૂ કર્યું. કેવળ ગંગાજળ પર રહીને હું દિવસરાત એ એકાંત સ્થળમાં રહીને પ્રાર્થના કરવા લાગ્યો. નવમો દિવસ પૂરો થયો ત્યાં સુધી મને શાંતિ ના મળી. તે દિવસે સાંજે હું કુટિયાની બહાર બેઠેલો. તે વખતે ત્યાં એક સાપ આવ્યો. તે ખૂબ જ

તેજસ્વી હતો. મારી પાસે આવીને તે ઊભો રહ્યો. એટલે બીજા દિવસને માટે મંગાવી રાખેલું દૂધ મેં તેની સામે ધર્યું ને પ્રભુનો પાર્ષદ માનીને તેના પર બેચાર ફૂલ નાખ્યા. દૂધ પીને તે જંગલને રસ્તે રવાના થઇ ગયો. પણ મને કોઇ વિશેષ અનુભવ ના થયો. તેથી મારી ચિંતા મટી નહિ. દસમે દિવસે સવારે હું ખૂબ જ ચિંતામાં હતો. મને થતું હતું કે અરેરે, મેં આટલી મહેનત ને પ્રાર્થના કરી પણ શાંતિ ના મળી. હવે મારું શું થશે ? મારે શું કરવું ? મારી આંખ ભીની થઇ. તે જ વખતે કુટિયામાં મારી સામે પ્રકાશ પથરાઇ ગયો ને તેમાં એક મહાપુરુષનું દર્શન થયું. મને સમજાયું કે તે મહાપુરુષ બીજા કોઇ નહિ પણ મહર્ષિ વ્યાસ હતા. તેમનું શરીર સોના જેવું તેજસ્વી ને ચમક ભરેલું હતું. આંખ જાણે અમૃતથી આંજેલી. તે શુદ્ધ સંસ્કૃતમાં મને શાંતિનો સંદેશ સંભળાવવા લાગ્યા. તેમના બધા શબ્દો મને યાદ નથી, પણ તેમના સંદેશના છેલ્લા શબ્દો **कैवल्यं प्राप्यसि ।** તું કૈવલ્યની પ્રાપ્તિ કરીશ, એવા હતા. તેમણે જે કહ્યું એનો સાર આવો હતો : પૂર્વજન્મમાં તું શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદાચાર્યનો શિષ્ય હતો. તે વખતે તારામાં જ્ઞાન હતું પણ વિજ્ઞાન ન હતું. તેથી તું મુક્તિ ના મેળવી શક્યો. તે જન્મમાં તેં તારા એક મિત્રને સુવર્ણની ચોરી કરવામાં સાથ આપેલો. તેના પ્રાયશ્ચિત રૂપે તું આ જન્મમાં અશાંતિને અનુભવી રહ્યો છે. હવે ઉત્તરકાશીમાં જઇને અમુક જાતનો હવન કર, બ્રહ્મભોજન કરાવ. તેથી તારું પ્રાયશ્ચિત પૂરું થશે, તને શાંતિ મળશે, અને આ જન્મમાં તું કૈવલ્યની પ્રાપ્તિ કરી શકીશ.'

'એમ કહીને ભોજપત્રના કૌપીનવાળા એ મહાપુરુષ અદૃશ્ય થઈ ગયા. એ અનુભવથી મને શાંતિ મળી. ઉત્તરકાશીમાં આવીને તેમણે કહેલી વિધિ પ્રમાણે મેં હવન કરાવ્યો ને બ્રહ્મભોજન પણ કરાવ્યું. તે પછી થોડા દિવસમાં એક ધન્ય પળે મને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થયો. તેથી મારી બધી અશાંતિ દૂર થઇ. આજે મને શાંતિ છે, સંપૂર્ણ શાંતિ છે.'

☼ ☼ ☼ ☼ ☼

## ૬૬. કુંડલિનીનો ઉત્તમ અનુભવ

વેદબંધુનો અનુભવ ખરેખર અદ્દભુત હતો. જેમને સાધનામાં શ્રદ્ધા નથી, સાધનાના મર્મની સમજ નથી, ને જેમનું જીવન સાધનામય નથી, તેમને માટે એવા અલૌકિક અનુભવોને સમજવાનું ને માનવાનું કામ કઠિન થશે. પણ તેથી તેમની સત્યતા મટી જતી નથી. માણસ જેમ જેમ પ્રામાણિક, પવિત્ર ને પ્રભુપરાયણ થશે ને અંતરંગ સાધનાની દુનિયામાં ઊંડો ને ઊંડો ઊતરતો જશે, તેમ તેમ તેને આવા અનેક જાતના અનુભવોનું રહસ્ય સમજાતું જશે. આવા અનુભવોનો આનંદ ક્રમે ક્રમે મળતો રહેશે. મારા જીવનમાં આવી જાતના અનુભવ એક યા બીજા સ્વરૂપમાં થઈ ચૂકેલા, તેથી તેને સમજવાનું કામ મારા માટે મુશ્કેલ ન હતું. વેદબંધુને થયેલો અનુભવ આનંદદાયક હતો. તેને સાંભળવાથી પણ આનંદ મળતો. વેદબંધુ હવે સંપૂર્ણ શાંતિમાં સ્નાન કરતા હોય તેવા દેખાતા. તેમાં તેમને મળેલા અનુભવનો ફાળો ઓછો ન હતો.

વેદબંધુને વ્યાસનું દર્શન થયું કે દત્તાત્રેયનું તેની મને બરાબર સ્મૃતિ નથી. તે દર્શન ગમે તેનું હોય તો પણ શાંતિદાયક હતું એમાં સંદેહ નથી. તેમને થયેલા અનુભવનો વિચાર કરવાથી એક-બે વિશેષ વિષયો આપણી સામે ઊભા થાય છે. તેમને મળેલી માહિતી મુજબ તે શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદાચાર્યના શિષ્ય હોય તો તેમને થયે અથવા શરીર છોડ્યે ઘણો વખત વીતી ગયો કહેવાય. તો પછી વર્તમાન શરીર ધારણ કર્યા પહેલાંનો હજારથી પણ વધારે વરસોનો ગાળો તેમણે ક્યાં ને કેવી રીતે પસાર કર્યો હશે ? સાધારણ માણસને એવો પ્રશ્ન ઊઠવાનો સંભવ છે. તેના ઉત્તર માટે ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગભ્રષ્ટ પુરુષની ગતિના જે શ્લોકો છે તે મદદરૂપ થઈ પડે તેવા છે. તેમાં વર્ણવ્યા પ્રમાણે તે કોઈ પુણ્યવાન લોકમાં એટલો વખત રહ્યા હશે એમ માનવામાં જરા પણ હરકત નથી. તેવી માન્યતા શાસ્ત્રીય છે ને તર્ક તથા અનુભવના આધાર પર સાચી ઠરે છે. શાસ્ત્રોમાં મૃત્યુલોક ઉપરાંત બીજા દૈવી લોકોનું વર્ણન અનેક ઠેકાણે આવે છે. તેની કોઈ પણ પ્રકારના વિશેષ પ્રયોગ અને અનુભવ વિના અવગણના કરવાની વૃત્તિ બરાબર નથી.

વેદબંધુને મળેલા અનુભવના આધાર પર વિચાર કરીએ તો જણાય છે કે સુવર્ણની ચોરીમાં મદદરૂપ થવા માટે હજાર જેટલાં વરસ પછી પણ તેમને જન્મ લેવો પડ્યો અને પોતાના અપરાધનું પ્રાયશ્ચિત કરવું પડ્યું. એનો અર્થ એ થયો કે માણસ જે સત્કર્મ કે દુષ્કર્મ કરે છે તેનું ફળ તેને વહેલું કે મોડું જરૂર મળે છે. પદ્મપાદનો શિષ્ય કાંઈ સાધારણ શ્રેણીનો ના હોય. જ્ઞાન ને સાધનાના પવિત્ર પ્રદેશનો પ્રવાસ તેણે સારી પેઠે કર્યો હશે. તેવા વિશેષ અધિકારી પુરુષને પણ પોતાના એકાદ અપરાધને માટે ફરી જન્મ લઈને અશાંતિ ભોગવવી પડી, તો પછી જે માણસો હાલતાં ચાલતાં જૂઠું બોલે છે, કપટ કરે છે, દંભ, પાખંડ ને અનીતિનો આધાર લે છે; ચોરી, ખૂન તથા જુગાર ને વ્યભિચાર જેવાં મહાપાપોનું પુનરાવર્તન કર્યા કરે છે, તેમનો ઉદ્ધાર સહેજ વારમાં કેવી રીતે થઈ શકવાનો છે ? જે ડગલે ને પગલે પાપ કરે છે તેમને કેટલી બધી યંત્રણા અને અશાંતિમાંથી પસાર થવું પડશે ? કરેલાં કુકર્મોને ભોગવવા જન્મોજન્મ લગી ન જાણે કેટલોય દંડ તેમની રાહ જોયા કરશે. માણસ જે કરે છે તે તેણે ભોગવવું પડે છે. સત્કર્મ અથવા દુષ્કર્મનું સારું કે નરસું ફળ આ જન્મમાં મળતું ના દેખાય તો પણ મળશે જ નહિ એમ માની લેવાની જરૂર નથી. માટે માણસે દુષ્કર્મ ને પાપથી બચવાની કોશિષ કરવી જોઈએ. કુકર્મ કરવાની વૃત્તિ જ ના થાય એવી રીતે સ્વભાવને શુદ્ધ કરી

દેવો જોઈએ. જેમને આત્મોન્નતિ અથવા ઈશ્વરદર્શનની ઈચ્છા હોય તેવા સાધકોએ તો આ વાતને ખાસ યાદ રાખવાની છે. મન,વચન, કાયાથી પવિત્ર થઈને તેમણે પવિત્ર કર્મો કરવાની ટેવ પાડવાની છે, તે વિના તેમની સાધના ભાગ્યે જ સફળ થઈ શકશે. જે જીવન જતું રહ્યું છે તે ફરી આવવાનું નથી. પણ જે બાકી છે તે જીવનને સંભાળી લેવામાં આવે તો પણ ઘણું છે. બાકીના જીવનમાં કોઈ કુકર્મ ના થાય ને કલંક ના લાગે તે માટે સાવધ રહેવાથી મોટો લાભ થશે. વેદબંધુનો અનુભવ એવી પ્રેરણા પણ પૂરી પાડે છે.

ટિહરીના નિવાસ દરમ્યાન મને અનેક અનુભવો થતા. મારું વલણ તે વખતે વધારે ભાગે યોગ તરફ હતું. યોગ સાધનાનો પ્રવાહ વધારે પ્રમાણમાં ચાલી રહેલો. ધ્યાન ને સમાધિ તરફ મારું ધ્યાન વધારે રહેતું. રાતે વધારે ભાગે હું બેસી જ રહેતો. ધ્યાનમાં શરીરનું ભાન ભુલાઈ જતાં જે આરામ મળતો તે મારે માટે પૂરતો થઈ પડતો. બેસી રહેવાથી પગ દુખવા માંડતા ત્યારે તેમને થોડીવાર લાંબા કરીને રાહત મેળવી લેતો. રાતનો સમય શાંતિપૂર્વક પસાર થઈ જતો. આજે પણ મને લાગે છે કે રાતનો શાંત સમય સાધના માટેનો સર્વોત્તમ સમય છે. એ વખતે જે કુદરતી શાંતિ રહે છે તે મનને વશ અને એકાગ્ર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. તેથી સારા સાધકોએ રાતના શાંત સમયનો સદ્ઉપયોગ કરીને બને તેટલી સાધના કરવી જોઈએ.

તે વખતે મને જે જુદા જુદા અનુભવો થતા તેનો ઉલ્લેખ હું વેદબંધુ પાસે કર્યા કરતો. તેવો ઉલ્લેખ પરસ્પરના પ્રેમને લીધે સહજ રીતે જ થયા કરતો. વેદબંધુ ભારતના કેટલાય ગુપ્ત ને પ્રકટ સંત-મહાત્મા ને સાધકોના સમાગમમાં આવેલા. તે કહેતા કે તેમણે આજ સુધીમાં પાંચથી છ જેટલા ઊંચી કોટિના જીવનમુક્ત મહાપુરુષોને જોયેલા. તેમાં તે શ્રી રમણ મહર્ષિ નો સમાવેશ કરતા. મારી ઉંમર તે વખતે ખૂબ જ નાની હોઈને તે મારા પર પણ ખાસ પ્રેમ રાખતા.

તે દિવસોમાં મને એક વિશેષ ઉલ્લેખનીય અનુભવ થયો. એકવાર રાતે હું ધ્યાનમાં બેઠેલો. મધરાત પછી મને ધ્યાનમાં આનંદ આવવા માંડ્યો. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ મારી એકાગ્રતા વધતી ગઈ. તે વખતે ખરેખર કેટલા વાગ્યાનો વખત હશે તેની મને ખબર નથી. મારી પાસે તે જાણવાનું કોઈ સાધન પણ તે વખતે ન હતું. તે દરમ્યાન મારું શરીરભાન ભુલાઈ ગયું. સમાધિ દશાના અનુભવની શરૂઆત થઈ. મને પ્રકાશ-પ્રકાશ દેખાવા લાગ્યો. હજારો દીવા એકી સાથે પ્રકટવાથી જેવો પ્રકાશ થાય તેવો તે પ્રકાશ હતો. તે પ્રકાશની અંદર મને કરોડરજ્જુનું દર્શન થવા માંડ્યું. કરોડરજ્જુની અંદરનો ભાગ દેખાવા માંડ્યો. તે પણ હજારો દીપકના પ્રકાશ જેવા પ્રકાશથી ભરપૂર હતો. તે પ્રકાશમાં મેં જોયું કે કરોડરજ્જુની નીચેના ભાગમાંથી કોઈ સૂક્ષ્મ શક્તિતત્વ ધીરે ધીરે ઉપર ચઢી રહ્યું છે. મને થયું કે આજ કુંડલિની, યોગના ગ્રંથોમાં જેનું વર્ણન છે તે કુંડલિની આ જ છે. ધીમે ધીમે ઉપર ચઢતી ચઢતી તે શક્તિ મારા હૃદય અને પછી કંઠના પ્રદેશ સુધી આવી પહોંચી. પછી તે ભ્રૂમધ્ય પાસે આવવા લાગી. તે વખતે મને શરીરનું સ્મરણ ન હતું. કેવળ સૂક્ષ્મતર સ્વરૂપમાં જાગ્રત રહેલું મન આ બધું અનુભવી રહેલું. તે શક્તિ જેમ જેમ ઉપર ચઢતી તેમ તેમ મારું મન પ્રકાશના વમળમાં ગોળ ગોળ ફરતું. તે વખતે મારી જે દશા હતી તેની સરખામણી ગાડાં કે રથના ગોળ ફરતા પૈડા સાથે કરી શકાય. મન પણ તેમ ફરતું હતું. પણ તે ફરવાનું ધીરે ધીરે હતું. તે વખતે મને આનંદ અને અજાયબી બંનેનો અનુભવ થતો. એ પ્રમાણે ફરતું ફરતું મન ક્યાં જશે ને મારા શરીરનું શું

થશે તેનો વિચાર કરીને મને થોડોક ભય પણ થતો. આવો અનુભવ મારે માટે તદ્દન નવો હતો. તે વખતે એક બીજો અનુભવ પણ થઈ રહ્યો. મારા હૃદયના ધબકારા ધીરે ધીરે ઓછા થતા જતા હતા. તે એકદમ શાંત પડી જવાની તૈયારીમાં હતા. યોગ ગ્રંથોમાં મેં વાંચ્યું હતું કે ઊંચી જાતની નિર્વિકલ્પ સમાધિમાં હૃદયના ધબકારા પણ બંધ થઈ જાય છે. એ વાતનો અનુભવ મને પ્રત્યક્ષપણે થઈ રહ્યો. મને થયું કે હું નિર્વિકલ્પ સમાધિ તરફ જઈ રહ્યો છું કે શું ? એ સમાધિ તરફ હું ધીરે ધીરે જઈ રહ્યો હતો. એ આખોયે અનુભવ ઓચિંતો હોવાથી મને સંકોચ કે ભય થતો હતો. એ અનુભવ કેટલા વખત સુધી રહ્યો તે તો કોણ જાણે, પણ તે પછી મને કોઈ પ્રકારનું સુક્ષ્મ ભાન પણ ના રહ્યું. મન પણ જાણે કે મરી ગયું

આંખ ઉઘડી ત્યારે સવાર થઈ ગયેલું. બહાર સૂર્યનો પ્રકાશ પથરાઈ ગયેલો. વેદબંધુ મારી રાહ જોઈને મારા ખંડ બહાર ઊભેલા. હું બહાર નીકળ્યો એટલે તે કહેવા માંડ્યા : 'અરે, આટલું બધું મોડું ? કેટલા વખતથી તમારી રાહ જોઉં છું. તમારા મુખ પર પ્રકાશ અને આનંદ છે. કોઈ ઉત્તમ અનુભવ થયો હોવો જોઈએ.'

મેં તેમને મારા અલૌકિક અનુભવની વાત કહી બતાવી. તેથી તે ખૂબ પ્રસન્ન થયા ને મને ભેટી પડ્યા. 'ધન્ય છે તમને !' તે બોલી ઊઠ્યા : 'તમારા પર પ્રભુની પૂરી કૃપા છે.'

કુંડલિનીનો આવો અનુભવ શ્રી રામકૃષ્ણદેવના જીવનચરિત્રમાં આવે છે. જિજ્ઞાસુજનો તે જોઈ શકે છે. હું તો છેક સાધારણ છું. મારી સાધના છેક સાધારણ છે. રામકૃષ્ણદેવની શક્તિ ને યોગ્યતા તો ઘણી લોકોત્તર હતી. હું તો તેમના ચરણની રજ થઈ શકું તો પણ ઘણું છે. છતાં તેમના જીવનચરિત્રમાં વાંચેલા એવા અનુભવ યાદ કરીને મને આનંદ થયો. ઈશ્વરની કૃપા વિના મારા જેવા સાધારણ સાધકને એવો અનુભવ ભાગ્યે જ થઈ શક્યો હોત.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૭. ખેચરીનો પ્રયોગ ને ફરી ઋષિકેશ

ટિહરીથી ઋષિકેશનો મોટર વ્યવહાર ચાલુ થતાં ઘણો વખત વીતી ગયો એટલે વેદબંધુ ને તેમની સાથેના મહાત્માને તેટલો વખત ઈચ્છા કે અનિચ્છાએ પણ ટિહરી રહેવું પડ્યું. બીજો કોઈ ઉપાય ન હતો. પગ રસ્તે ઋષિકેશ જઈ શકાય તેમ હતું, પણ તે માટે તેમની તૈયારી ન હતી. તેમના ભોજનની વ્યવસ્થા ટિહરીના એક અમલદાર દ્વારા થતી હતી. તે ટિહરીનરેશના સંબંધી થતા હતા. નેપાળના રાજકુટુંબ સાથે તેમને પરિચય હતો. વળી તે સાધક હતા. તેમને દેવીની સાધનામાં રસ હતો. તેથી તે ખૂબ પ્રેમથી સેવા કરતા. મારા પર મંદિરના પૂજારીઓને પ્રેમ હતો, તેથી મંદિરમાં મને બંને વખત ભોજન મળતું. મારો વિચાર ઉત્તરકાશી જવાનો હતો. પણ પૂજારીઓને તે બિલકુલ પસંદ ન હતો. તેમની ઈચ્છા હું તેમની પાસે જ રહું તેવી હતી. તેમણે મને કાયમને માટે મંદિરમાં રહેવાનો આગ્રહ કરી જોયો. મંદિરની ઉપરના ભાગમાં સારી ઓરડી આપવાનું વચન પણ આપ્યું. પરંતુ મારું મન માન્યું નહિ. તેમના પવિત્ર પ્રેમનું આકર્ષણ અજબ હતું, તે સાચું; પરંતુ ઉત્તરકાશીના અજ્ઞાત પ્રદેશનું આકર્ષણ એથી પણ અજબ હતું, એટલે તેમનો પ્રસ્તાવ મારાથી સ્વીકારી શકાય તેમ ન હતો. મેં તેમને શાંતિ આપતાં કહ્યું; 'ઉત્તરકાશીમાં થોડા દિવસ રહી ને પછી બની શકશે તો અહીં જરૂર આવીશ. અહીં મને ગમી ગયું છે.' પણ તેમને મારા પાછા આવવાની ખાતરી ન હતી. એકવાર નીકળ્યા પછી ફરીવાર એ જગ્યામાં આવવાનું મુશ્કેલ છે એમ તેમને લાગતું. ને બન્યું પણ તેમ જ. ટિહરીના એ મંદિરમાંથી નીકળ્યે આજે વરસો વીતી ગયાં છે પણ ત્યાં ફરી રહેવા માટે જઈ શકાયું નથી.

મારો વિચાર ટિહરીથી પગ રસ્તે ઉત્તરકાશી જવાનો હતો. પરંતુ વેદબંધુના પ્રેમ અને આગ્રહને વશ થઈને મારે એ વિચાર પડતો મૂકવો પડ્યો. તેમની ઈચ્છા મને ઋષિકેશ લઈ જવાની હતી. ત્યાંથી મસૂરી થઈને ઉત્તરકાશી જઈ શકાય તેમ હતું. તેથી તેમના પ્રેમથી પ્રેરાઈને મેં તેમની સાથે ઋષિકેશ જવાનું કબૂલ કર્યું. તેમણે મને સૂચના આપી; 'ઉત્તરકાશીમાં બને તો લક્ષેશ્વર મહાદેવના સ્થાનમાં મેં કહેલી કુટિયામાં જ રહેજો. ત્યાંનું વાતાવરણ તમને ગમી જશે. ઉત્તરકાશીમાં ચરણદાસ કરીને એક ભાઈ છે. તેમની પાસે તે કુટિયાની કુંચી રહે છે. તે તમને ત્યાં રહેવાની મંજૂરી જરૂર આપશે.' મેં તેમની સૂચના આગળ પર મદદરૂપ થાય તેમ હોવાથી ધ્યાનમાં રાખી.

બદરીનાથના મંદિરમા કોઈ કોઈ વાર નાથસંપ્રદાયના સાધુ પણ આવતા. નાથસંપ્રદાય બહુ પ્રાચીન સંપ્રદાય છે. કેટલાક બીજા સંપ્રદાયોની જેમ તે પણ ભગવાન શંકરના નામ સાથે સંકળાયેલો છે. શંકર એના આદિ ગુરુ કે પ્રણેતા છે. મત્સ્યેન્દ્રનાથ ને ગોરખનાથ જેવા મહાપુરુષોથી સુશોભિત બનેલો એ સંપ્રદાય વધારે ભાગે યોગસાધના પર ભાર મૂકે છે. યોગ તેનો પાયો ને પ્રાણ છે. ષટક્રિયા ને ખેચરી મુદ્રાને તે સારું મહત્વ આપે છે. અખંડ યૌવન, અંખડ આરોગ્ય, મૃત્યુંજયપણું ને લોકોત્તર શક્તિની પ્રાપ્તિ તેનું મુખ્ય પ્રેરકબળ છે. તેની ઉપાસનાની આડમાં તે આત્મદર્શનની સાધનાને ભૂલી જતો કે ગૌણ ગણતો નથી. તે તો તેનું ધ્યેય છે. નાથસંપ્રદાયના સાધુ સાથે વખત મળતા હું યોગસાધના વિશે વાતો કરતો. હવે તો એ સંપ્રદાયમાં સાધના કરનારા સાધુ બહુ ઓછા મળે છે. કાનમાં કુંડલ પહેરીને જટા ને ભસ્માદિ ધારણ કરવામાં ને બહુ બહુ તો દમ લગાવીને વારંવાર અલખ અલખ બોલવામાં જ વધારે ભાગના સાધુઓ સાધનાની સિદ્ધિ સમજી ને બેસી રહે

છે. પરંતુ કોઈ ધન્ય ઘડીએ કોઈ સાધક સાધુનો સમાગમ થાય છે ત્યારે અંતર આનંદથી ઉભરાઈ જાય છે. મત્સ્યેન્દ્ર, ગોરખ, ગોપીચંદ, ભર્તુહરી ને ગૈનીનાથ જેવા મહાપુરુષોની સ્મૃતિ ત્યારે તાજી થાય છે ને તેમણે મેળવેલી મહાન સિદ્ધિઓ બદલ તેમની આગળ મસ્તક નમી પડે છે. નાથ સંપ્રદાયમાં દાખલ કે દીક્ષિત થનારા પુરુષોને આપણે કહીશું કે એ લોકોત્તર મહાપુરુષો અને એમણે મેળવેલી સિદ્ધિઓને સદાયે નજર સામે રાખીને એમાંથી પ્રેરણા મેળવી જીવનને ઉજ્જ્વળ કરવા કોશિશ કરો, ને ચલમ, જટા, ભસ્મ, ચીપિયા ને ત્રિશૂળમાં જ સર્વસ્વ માનવાની વૃત્તિનો ત્યાગ કરીને તેમાંથી ઊંચા આવો. તેમના પવિત્ર વારસાને તો જ શોભાવી શકાશે.

મંદિરમાં આવતા નાથસંપ્રદાયના એક યુવાન સાધુ સાધનામાં રસ લેતા. તેમને ખેચરી ક્રિયાનો અભ્યાસ કરવાની ઈચ્છા હતી. મને પણ ખેચરી પર પ્રેમ હતો. વેદબંધુ ખેચરીમાં પારંગત હતા. તે જાણીને મને તરત જ લાગી આવ્યું કે મારામાં ખેચરીનું જ્ઞાન નથી. તે વખતના મારા સ્વભાવની એ એક વિશેષતા હતી. મારા કરતાં સાધનાના કોઈ વિલક્ષણ અનુભવવાળા સાધકને જોતાંવેંત મને થતું કે આ અનુભવ મેં નથી મેળવ્યો; એટલા પ્રમાણમાં મારામાં કમી છે. વેદબંધુએ પોતાના પૂર્વજન્મની વાત કહી ત્યારે પણ મારી એ સ્વભાવિક વિશેષતાને લીધે મારા પર એવી અસર થઈ. ખેચરી તો ઈચ્છાનુસાર સમાધિ માટે મદદરૂપ હતી. તેથી તેનો પ્રયોગ કરવાની મને ખાસ ઈચ્છા થઈ. તે વિશે મેં વેદબંધુને વાત કરી તો તે બોલી ઊઠ્યા, 'તમારે વળી ખેચરીનું શું કામ છે ? અનુભવની આટલી ઊંચી અવસ્થાએ પહોંચ્યા પછી ખેચરીના કાંઈ જ જરૂર નથી. એ તો સાધારણ માણસોને માટે છે. તમે તો મુક્ત પુરુષ છો.'

મેં કહ્યું : 'તમારા કહેવાથી એ વાત માની લઉં છું. તો પણ ખેચરીનો પ્રયોગ કરવાની મારી ખાસ ઈચ્છા છે. યોગની સાધનાના મહત્વના પ્રયોગો અને અનુભવો મારે કરી જોવા છે, જેથી ભવિષ્યમાં તેમના સબંધી સાંભળીને એમ ના થાય કે આ અનુભવ કે પ્રયોગ મારાથી કરી શકાયા નહિ.'

તેમણે કહેવા માંડ્યું, 'પણ મુખ્ય વાત એ છે કે તમારી આજ સુધીની સાધનાને જોતાં તમારે તેની બિલકુલ જરૂર નથી. જેનું મન સહેલાઈથી એકાગ્રતા અને શાંતિ અનુભવી શકે છે તેને ખેચરીનું શું કામ ? ખેચરી મારફત સાધવાનો મુખ્ય હેતુ તો તેણે સાધી લીધો છે. છતાં તેનો અનુભવ કરીને તમારી જિજ્ઞાસાને સંતોષવા સારું તેનો પ્રયોગ કરવો હોય તો હું તૈયાર છું. મારી ના નથી,'

તેમની સંમતિ મળવાથી મને સંતોષ થયો. તેમનો પ્રેમ અજબ હતો. બજારમાં જઈને તે મારે માટે કાતર ને જરૂરી સામગ્રી લઈ આવ્યા. જીભ ટૂંકી ને લાંબી બે જાતની હોય છે. લાંબી જીભને સર્પજીહ્વા કહે છે. કેટલાકને બાળપણથી જ લાંબી જીભ વારસામાં મળી હોય છે. જીભને બહાર કાઢીને તે નાક પર સહેલાઈથી લગાડી શકે છે. તેમને ખેચરી કરવામાં ખાસ મુશ્કેલી નથી પડતી. પરંતુ ટૂંકી જીભવાળા સાધકોને જરા વિલંબ થાય છે ને મુશ્કેલી પડે છે. તેમની જીભને સૌથી પહેલા લાંબી કરવી પડે છે, તે માટે ઘર્ષણ ને દોહન કરવું પડે છે, ને જીભની નીચેની નાડી કાપવી પડે છે. મારી જીભ પહેલેથી ટૂંકી હતી. એટલે તેને કાપવાની જરૂર હતી. વેદબંધુએ એક દિવસ બપોરે મારી જીભની નીચેની નાડી કાતરથી કાપી નાખી, ને તેના સિંધવ, મીઠું, હરડેનું ચૂર્ણ તથા કાથાને દબાવી દઈને મને આરામ કરવાનું કહ્યું. તે પછી તેમના કહ્યા પ્રમાણે મેં ક્રમે ક્રમે બે વાર જીભની નીચેની બીજી નાડી કાપી હતી. તે વિશે વધારે ઉલ્લેખ આગળ પર કરીશું.

એ પ્રમાણે સત્સંગ ને સાધનાના જુદા જુદા અનુભવોમાં બધો વખત આનંદમાં વીતી ગયો. છેવટે મોટરવ્યવહાર શરૂ થયો. વેદબંધુના વારંવારના આગ્રહથી હું તેમની સાથે ઋષિકેશ જવા તૈયાર થયો. મંદિરના પૂજારી જરા નિરાશ થયા. તેમને ભવિષ્યની આશા આપીને હું નીકળી પડ્યો.

ટિહરીના પેલા અમલદાર અમને વળાવવા આવ્યા. તેમની સાથે અમે રસ્તામાં આવતાં પોલીસ સ્ટેશનની પાસેથી પસાર થયા. મને પુસ્તકાલયમાં ભેગા થઈને તપાસ માટે પોલીસ સ્ટેશને આવવાની આજ્ઞા કરનારા પોલીસ ઈન્સ્પેક્ટર બહાર જ બેઠેલા. અમને જોઈને તે ઉભા થયા કેમકે પેલા અમલદાર તેમના ઉપરી હતા. તેમની સાથે મને જોઈને તે નવાઈ પામ્યા. કેટલાય દિવસે અમે ફરી મળ્યા. ખુરશી પર બેઠા પછી પેલા અમલદારે તેમને મારો ને સૌનો પરિચય કરાવ્યો. મેં કહ્યું, 'વધારે માહિતી મેળવવી હોય તો આજે હું આવી પહોંચ્યો છું.' તેમનો સંકોચ સમાતો ન હતો.

ઋષિકેશની મોટર ઉપડી એટલે પેલા માયાળુ ને સેવાભાવી અમલદાર વિદાય થયા. રસ્તામાં નરેન્દ્રનગરમાં મોટર ઉભી રહી. ત્યાં બજારમાં દેવપ્રયાગના પેલા ચંપકભાઈ પર વહેમે ભરાનાર અમલદાર ઊભેલા. મને તેમણે પૂછ્યું કે પેલા ભાઈ ક્યાં છે ? મેં કહ્યું : 'દેવપ્રયાગથી ગયા પછી તે મને મળ્યા નથી, એટલે શી સમજ પડે ?'

તે હજી ચંપકભાઈને ભૂલ્યા ન હતા. કદાચ તેમની શોધમાં હતા.

સાંજે ઋષિકેશ આવી પહોંચ્યું. ત્રણેક માસ પછી પાછું ઋષિકેશનું દર્શન થયું. અમારે ભગવાન આશ્રમમાં ઉતરવાનું હતું. નેપાળના રાજકુમાર ત્યાં ઉતર્યા હતા ને વેદબંધુ તથા પેલા વૃદ્ધ મહાત્માની રાહ જોતા હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૮. એક અજ્ઞાત મહાપુરુષનું સાક્ષાત્ દર્શન

ઋષિકેશને છોડ્યે ત્રણેક મહિના થઈ ગયેલા. ત્રણેક મહિનાનો સમય કાંઈ લાંબો સમય ના ગણાય, પણ તે દરમિયાન થયેલા અનુભવો ખૂબ જ મોટા ને મહત્વના હતા. જીવનમાં તેમણે નવી ને જુદી જ ભાત પાડેલી. ઋષિકેશને છોડતી વખતે અંતરમાં જે અશાંતિ હતી તે હવે અદૃશ્ય થઈ ગઈ, મન વધારે પ્રસન્ન થયું, અને આત્મવિશ્વાસ વધી ગયો. ત્રણ મહિનાના ટૂંકા સમય દરમ્યાન સાધનાનો રસાસ્વાદ મને સારા પ્રમાણમાં મળી ગયલો. તેથી હૃદયમાં જીવનની ધન્યતાનો અખંડ અનુભવ થયા કરતો. એ સમય દરમિયાન મેં દેવપ્રયાગના સુંદર સંગમસ્થળનો લાભ લીધો, દશરથાચલ પર્વતના કલ્પનાતીત એકાંત પ્રદેશમાં આસન વાળીને અનેક અવનવા અનુભવનો આનંદ મેળવ્યો, કૃષ્ણના પ્રેમમાં સ્નાન કરીને કૃષ્ણાકૃપાનું કઠિન વ્રત કર્યું ને ભાગીરથી ને ભીલંગણાના સંગમથી સુશોભિત ટિહરીમાં સુખપૂર્વક વસવાટ કર્યો. એ બધા દિવસો ખરેખર યાદગાર હતા. હવે હું પાછો એ જ ઋષિકેશમાં આવી પહોંચ્યો. ઋષિકેશની ભૂમિને જોઈને મને આનંદ થયો. શરૂઆતમાં માતાના જેવી મધુરતાથી મને પાળનારી અને આશ્રય ને શાંતિ આપનારી ભૂમિ આજ હતી. તેનું ફરી વાર દર્શન કરીને મારા દિલનો ભાવદરિયો ઉછાળા મારી રહ્યો. ખરેખર હિમાલયનું દર્શન કરીને મને અસાધારણ આનંદ થાય છે. મારા પોતાના પ્રદેશમાં આવ્યો હોઉં એવો ભાવ થાય છે. રાજપાટનો ત્યાગ કરીને જીવનની આખરી અવસ્થામાં રાજાઓ આ પ્રદેશમાં રહેવા માટે પ્રયાણ કરતાં અને અનેક ઋષિમુનિ તથા તપસ્વી આ પવિત્ર પ્રદેશને વધારે પાવન કરતા તપ કરતાં, તે દૃશ્યો મારી દૃષ્ટિ સામે હાજર થાય છે. આજે એવા તપસ્વીઓનાં દર્શન દુર્લભ થયાં છે તો પણ, તેમનાં પરમાણું હયાત છે. કોઈને પણ પાવન કરવા તે પૂરતાં છે ને દૃષ્ટ-અદૃષ્ટ રીતે વહેતા કોઈ તપસ્વીના દર્શનનો લાભ પણ કોઇવાર મળી જાય છે ત્યારે અંતર અનેરા આનંદનો અનુભવ કરે છે. એવા જ એક મહાપુરુષના દર્શનની વાત અહીં લખી રહ્યો છું.

ભગવાન આશ્રમ એક સુંદર સ્થાન છે. ત્યાં નેપાલના રાજકુમાર ઉતર્યા હતા. મને તેમની સાથે પરિચય ને પ્રેમ કરતાં વાર ના લાગી. વેદબંધુને લીધે અમે એકમેકની નજીક વિનાસંકોચ ને સહેલાઇથી આવી શક્યા. તેમણે મને તેમની સાથે રહેવાનો આગ્રહ કર્યો. મેં તેનો સ્વીકાર કર્યો પણ સૂવાનું બીજે રાખ્યું. તે વખતે ભગવાન આશ્રમમાં વલ્લભદાસ નામે એક ભાટિયા ભાઈ રહેતા. તે મૂળ કચ્છના હતા પણ લાંબા વખતથી ઋષિકેશમાં નિવૃત્તિમય જીવન ગાળતા. તે મારા પર ખૂબ પ્રેમ રાખતા. મારે દેવકીબાઈ ધર્મશાળામાં રહેવાનું થયું ત્યારે તેમનો પરિચય થયેલો. તેમને અમે કાકા કહીને બોલાવતા. મેં ધર્મશાળાનું રાજીનામું આપ્યું તેથી તે રાજી થયેલા. મને અચાનક આવેલો જોઈને એમને આનંદ થયો. એમના આગ્રહને માન આપીને રાતે એમની ઓરડીમાં જ સૂઈ રહેવાનું મેં નક્કી કર્યું.

એમની ઓરડી નાની હતી. ઠંડીના દિવસો ચાલતા હોવાથી ઠંડી સારા પ્રમાણમાં પડતી, એટલે બહાર ખુલ્લામાં સુવાય તેમ ન હતું. ઓરડી નાની હતી છતાં તેમાં જ સૂવાની સગવડ કરવાની હતી. વલ્વભભાઇ બહુ માયાળુ હતા. તેમણે જોઇતી સગવડ કરી દીધી. ઓરડીમાં તેમની પાટ પાસે મારે માટે ખાટલો પાથરી દીધો. ભોજન કરીને હું તેમની પાસે પહોંચી ગયો. લાંબા વખત લગી વાતો કરીને અમે છેવટે આરામ કરવાનો આરંભ કર્યો. ઋષિકેશના નિવાસની એ પહેલી જ રાત હતી.

તે દિવસોમાં રાતના પાછલા પહોરમાં મેં ગાયત્રી-જપ કરવાની ટેવ પાડેલી. રોજના એક હજાર જપ કરવાનો મારો નિયમ હતો. તે પ્રમાણે પાછલી રાતે ખાટલામાં બેસીને મેં જપ શરૂ કર્યા. જપની સંખ્યા લગભગ અર્ધી થઈ હશે. તે વખતે મારી દૃષ્ટિ મારી સામેની દીવાલ પર પડી તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. મારાથી ચારેક હાથ દૂર, એક મહાપુરુષ બેઠેલા. ઓરડામાં બધે જ અંધારું હતું. પણ તે મહાપુરુષ તદ્દન સ્પષ્ટ રીતે દેખાતા. મને થયું કે ઓરડીનાં બારીબારણાં તો બંધ છે, આ મહાપુરુષ અંદર આવ્યા કેવી રીતે ? પણ ભૂતકાળના અનુભવોને યાદ આવવાથી તે વિચાર તરત જ દૂર થઈ ગયો. મને ખબર હતી અને એકવાર ફરી ખબર પડી કે મહાપુરુષો કે સિદ્ધોની શક્તિ અજબ હોય છે. સાધારણ માણસની જેમ મકાનની અંદર આવવા માટે તેમને પ્રવેશદ્વાર કે બારીબારણાંની જરૂર નથી હોતી. પ્રકૃતિ પર તેમનો કાબૂ હોવાથી તે તો ઈચ્છાનુસાર ગમે ત્યાં પહોંચી ને પ્રવેશી શકે છે. મંડનમિશ્ર ઘરને બંધ કરીને યજ્ઞ કરી રહેલા છતાં પણ શંકરાચાર્યે પોતાની યોગશક્તિથી તેમના ઘરમાં સૂક્ષ્મરૂપ ધારણ કરીને પ્રવેશ કર્યો, ને મંડનમિશ્ર તેમને જોઈને નવાઈ પામ્યા. સિદ્ધ પુરુષોની શક્તિ એવી અજબ હોય છે. તે ધારે તે કરી શકે છે. આજે કેટલાક વિચારકો એવા છે જે આવી શક્તિમાં માનતા નથી. કેટલાક એવા છે જે સિદ્ધિની આવી વાતોને ઉપજાવી કાઢેલી કે કપોળકલ્પિત માને છે. કેટલાકને તેમાં અતિશયોક્તિ દેખાય છે તો કેટલાક તેને રૂપકના રૂપમાં ઘટાવે છે. તેથી તેમની સત્યતાનો નાશ થતો નથી. વિચારકો વિચાર ને ચિંતનમનનની દુનિયામાં ગમે તેટલા મોટા હોય પણ જ્યાં સુધી તેમણે સાધનાનો આધાર નથી લીધો ને સ્વાનુભવની દુનિયામાં ડોકિયું કર્યું નથી ત્યાં સુધી તેમનો અભિપ્રાય યથાર્થ ગણાય નહિ, અને એવો અભિપ્રાય આપવાનો તેમનો કોઈ ખાસ અધિકાર પણ મનાય નહિ. એટલે જેના વિશે પોતાની પાસે અનુભવપૂર્ણ માહિતી નથી તેવા મહત્વના આધ્યાત્મિક વિષયો પર જીભ કે કલમ ચલાવવાને બદલે તે મૌન સેવે તે ડહાપણભર્યું ગણાશે. તેમ કરવાથી સાધારણ સમાજમાં ભ્રાંતિજનક વિચારો ફેલાતા બંધ થશે અને આધ્યાત્મિકતાની સેવા થશે.

તે મહાપુરુષના અચાનક દર્શનનું આશ્ચર્ય હવે ઊંડા આનંદમાં પલટાઈ ગયું.તે દર્શન ખરેખર દિવ્ય હતું. તે મહાપુરુષે દૂધ જેવા સફેદ વસ્ત્રો પહેરેલાં. શરીરે કફની ને તેની નીચે ધોતી હતી. તેમની આંખો બીડેલી હતી. વદન ખૂબ જ તેજસ્વી. માથે ને મોઢે વાળ બિલકુલ ન હતા. તેમની મુખાકૃતિ પરથી તેમની ઉંમર ઘણી મોટી દેખાતી, છતાં તેમના ચહેરા પર વૃદ્ધાવસ્થાની સહેજ પણ છાયા ન હતી. ત્યાં તો જાણે કે અંખડ યૌવન વિલસી રહેલું. તેમના હાથમાં મોટા મણકાની માળા હતી. મણકા ફરતા હતા. તેનો અવાજ ટક્...ટક્... એમ ધીમે ધીમે આવતો. તે પરથી તે કોઇ ગાયત્રીમંત્રથી જરા ટૂંકા મંત્રનો જપ કરી રહેલા, એવું અનુમાન કરી શકાતું. આખુંયે દર્શન અત્યંત આનંદદાયક અને આશ્ચર્યકારક હતું. વધારે આશ્ચર્ય તો એ હતું કે તેમનું શરીર જમીન પર ન હતું. જમીનના આધાર વિના અદ્ધર અવકાશમાં તે પદ્માસન વાળીને બેઠેલા. આવું દર્શન મારે માટે પહેલું જ હતું. દેવો ને સિદ્ધો ઈચ્છાનુસાર વિચરણ કરે છે. પડછાયા વિનાના હોય છે, ને જમીનથી અદ્ધર રહે છે, એવું મેં વાંચેલું. આજે તેનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યો. તે મહાપુરુષનું સ્વરૂપ પ્રકાશમય ને ગોરું હતું.

જ્યારે જ્યારે આવું દર્શન થાય છે ત્યારે અંતરમાં તે દર્શન કોનું થઈ રહ્યું છે તેની પ્રેરણા પણ મળી જાય છે. પણ આ મહાપુરુષના સંબંધમાં તેવી કોઈ ખાસ પ્રેરણા ના મળી. મને થયું કે આ મહાપુરુષ કોણ

હશે ? શું તે વસિષ્ઠ હશે કે સપ્તર્ષિમાંના કોઈ એક હશે ? અથવા તો કોઈ ચાલુ જમાનાના મહાપુરુષ હશે ? તેમના ચિત્રને પણ મેં ક્યાંય જોયું ન હતું. તેથી તેમને ઓળખી કાઢવામાં મુશ્કેલી પડી.

પણ તેથી શું ? સાકરને ઓળખવામાં ના આવે તેથી તે કાંઈ સાકર મટી જાય છે ? તેનો સ્વાદ તે છોડી દે છે ખરી ? તે મહાપુરુષના દર્શનનો સ્વાદ મને મળ્યા કરતો હતો. તેથી મારું મન અમૃતપાનનો અનુભવ કરી રહ્યું. મારે માટે એટલું પૂરતું હતું.

તે મહાપુરુષનું અચાનક દર્શન થયું ત્યારે મને થયુ કે આવી રીતે વલ્લભદાસભાઈ તો નથી બેઠા ! પણ બરાબર જોવાથી કે ખબર પડી કે આ તો જમીનથી ઊર્ધ્વ પ્રદેશમાં વિરાજેલું કોઈ મહાપુરુષનું સ્વરૂપ છે. એટલે મારી શરૂઆતની ભ્રાંતિ ટળી ગઈ. કેટલાક વખત પછી મેં 'કાકા કાકા' કરીને વલ્લભદાસભાઈને બોલાવ્યા. તે ઊંઘમાં હતા એટલે ક્યાંથી બોલે ? થોડી વાર પછી મેં 'કાકા કાકા' કહીને તેમને ફરી બોલાવ્યા. તે વખતે પણ તે ના બોલ્યા. પરંતુ પેલા મહાપુરુષનું સ્વરૂપ જરાક ઝાંખું થયું. 'કાકા કાકા' એમ ત્રીજીવાર કહીને છેવટે હું ખાટલા પરથી ઊભો થયો. તે વખતે પેલા મહાપુરુષનું સ્વરૂપ તદ્દન ઝાંખું પડી ગયું ને તે અદૃશ્ય થઈ ગયા. તે વખતે 'કાકા' બોલી ઊઠ્યા 'કેમ, મને શું કામ બોલાવો છો ?'

હું તેમની પાસે પહોંચી ગયો. 'શું કરો છો ?' કહીને જોયું તો તે હજી મોઢે માથે કાળો કામળો ઓઢીને સુતેલા.

ખાટલા પર બેસીને મેં બાકીના જપ પૂરા કર્યા.

સવારે સ્નાનાદિથી પરવારીને વલ્લભદાસભાઈને મેં મારા અનુભવની વાત કરીને કહ્યું: 'તમારી ઓરડી ખૂબ જ પવિત્ર લાગે છે.'

તે બોલી ઊઠ્યા, 'ઓરડી પવિત્ર કે તમે પવિત્ર ? ઓરડી પવિત્ર હોય તો તેમાં હું વરસોથી રહું છું. મને તો આવો અનુભવ કોઈ વાર નથી થયો.'

મેં કહ્યું: 'આપણી પવિત્રતા શી વિસાતમાં છે ? સૌથી પવિત્ર તો પ્રભુ ને તેની કૃપા છે. તેના વિના આવા અનુભવ ના થઈ શકે.'

'પણ મને જગાડ્યો હોત તો હું પણ તે મહાત્માનું દર્શન કરી લેત ને ?' તેમણે ફરીયાદ કરી.

'તમને જગાડવાનો પ્રયાસ કર્યો પણ તમેં જાગ્યા જ નહિ.'

તે જાગતા હોત તો પણ શું ? મહાપુરુષોની એ વિશેષતા છે કે તે ધારે તેને જ દર્શન આપે છે ને ધારે તેની સાથે જ વાત કરે છે, બીજાને તેની ખબર પણ નથી પડતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૯. દહેરાદુન અને ઉત્તરકાશી

ઋષિકેશમાં તે વખતે ઓમ્ સ્વામી નામે ગુજરાતી મહાત્મા રહેતા. તેમની વિદ્વતા સારી હતી. તે વિનોદી પણ સારા હતા. તેમનો મને પરિચય થયો. આગળ પર મેં યોગી શ્રી ભૈરવ જોશીનો ઉલ્લેખ કર્યો છે, તેમની સાથે તેમને ઘનિષ્ઠ મિત્રતા હતી. ઘણા વખતથી તે જોશીજીને મળી શક્યા ન હતા. તેથી મારી સાથે દેહરાદૂન આવવા તે સહેજે તૈયાર થઈ ગયા.

દેહરાદૂનમાં અમે શ્રી જોશીજીને ત્યાં ઉતારો કર્યો. જોશીજી એક સારા સંતપુરુષ ને યોગી હતા. તેમનું હૃદય ઘણું પવિત્ર ને પ્રેમાળ હતું. તે સારા સાધક હતા. સાધનાના ક્ષેત્રમાં તે વરસોથી પડેલા. તેમાં તેમને સારા સારા અનુભવ પણ થયેલા. તેથી તેમનામાં ઊંડા આત્મગૌરવ ને શાંતિનું દર્શન થતું. તેમની ખાસ વિશેષતા તો એ હતી કે તે સંસારી હતા, તો પણ વ્યવહારથી અલિપ્ત રહીને તે આપબળે આગળ વધ્યે જતાં. વ્યવહારમાં રહીને સાધના કરવાની કામનાવાળા સાધકો માટે તેમનું જીવન પદાર્થપાઠરૂપ હતું. તેમની આર્થિક સ્થતિ નબળી હોવા છતાં તેમનું દિલ નબળું ન હતું. તેથી અતિથિ ને પ્રેમીજનોનો યોગ્ય સત્કાર કરવામાં તે કદી પણ પાછા ના પડતા. તેમને ઔષધિશાસ્ત્રમાં પણ રસ હતો. જડીબુટ્ટીનું તેમનું જ્ઞાન સારું હતું. તેની મદદથી તે હાથે દવા બનાવતા, ને દીનદુઃખીની સેવા કરતા. તેમનું જીવન ખરેખર ઉત્તમ હતું. અમને ઘણે લાંબે વખતે મળીને એમને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

ચંપકભાઈ છેલ્લે છેલ્લે મારી પાસેથી દેવપ્રયાગથી છૂટા પડ્યા પછી જોશીજીને ત્યાં જ રહેતાં. ત્યાં તેમને ગમી ગયું હતું. જોશીજીને ત્યાં જવામાં મારો એક ઉદ્દેશ તેમને મળવાનો પણ હતો. તેમની પાસેથી જોશીજીએ અમારા દશરથાચલ પર્વત ને દેવપ્રયાગના દિવસો વિશે સાંભળ્યું હતું. હવે રૂબરૂ મેળાપ થવાથી તે વિશે વધારે વાતો થઈ. મને શાંતિ મળી છે તે જોઈને તે ખુશ થયા.

આજ સુધીમાં મને એવા ત્રણ પુરુષો મળ્યા છે જેમને તેમના પૂર્વજન્મનું જ્ઞાન થયું હોય. અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે આજ સુધીમાં ત્રણ સંતપુરુષોએ મને તેમના પૂર્વજન્મના જ્ઞાન વિશે માહિતી આપી છે. તેમાંના એક સંત વેદબંધુની માહિતી હું આગળ પર આપી ગયો છું. આજે અવસર આવ્યો છે ત્યારે કહેવું જોઈએ કે બીજા સંતપુરુષ શ્રી જોશીજી છે. તેમને પણ તેમના પૂર્વજન્મનું જ્ઞાન થયેલું. તે વિશે તેમણે મારી પાસે દિલ ખોલીને વાત કરી. તેમના પૂર્વજન્મની ઝીણી વિગતોમાં ઊતરવાનું ઠીક નહિ થાય. પણ તેના સંબંધમાં એટલું કહી શકીશ કે તેમના કહ્યા પ્રમાણે તેમનો પૂર્વજન્મ એક સ્ત્રીનો હતો, ને તેની પહેલાના જન્મમાં તે એક ફકીર હતા. આ વાતનો ઉલ્લેખ હું એટલા માટે કરી રહ્યો છું કે ભારતના વર્તમાનકાળના સાધકોમાંથી પણ કેટલાક પોતાના જન્માંતરનું અનુભવસિદ્ધ જ્ઞાન ધરાવે છે તેનો ખ્યાલ આવે.

જોશીજીને બીજા કેટલાક સારા અનુભવો પણ થયેલા. દહેરાદુનથી થોડેક દૂર સહરાનપુરની સડક પાસે, નાથ સંપ્રદાય મહાન સંત શ્રી ગૈનીનાથની સમાધિ છે. જ્ઞાનેશ્વરના મોટાભાઈ નિવૃત્તિનાથને પર્યટન કરતાં કરતાં ગૈનીનાથનું  દર્શન થયેલું એમ કહેવાય છે. એ મહાન સિદ્ધ યોગી ગૈનીનાથે હિમાલયના આ

પ્રદેશમાં સમાધિ લીધી હોય તે માની શકાય તેવું છે. જોશીજી તેમની સમાધિના દર્શને અવારનવાર જતાં. તેમના કહેવા પ્રમાણે ગૈનીનાથે તેમને સમાધિસ્થાનની બાજુમાં કોઈ સંતપુરુષના સ્વરૂપમાં દર્શન આપેલું.

દહેરાદુનમાં એક શિવાલય હતું. ત્યાંના મહંત ગુજરાતી હતા. તે પ્રસિદ્ધ મહાત્મા જયેન્દ્રપુરીજીના શિષ્ય હતા. બીજા ત્રણ-ચાર ગુજરાતી મહાત્મા પણ ત્યાં રહેતા. અભય મઠની જગ્યા પણ તેમના કબજામાં હતી. અમે ત્યાં વારંવાર જતાં. શિવાલયમાં રહેતાં બે સંન્યાસી મહાત્માનો વિચાર ઉત્તરકાશી જવાનો હતો. તેથી તેમનો સાથ સહજ રીતે જ મળી ગયો. તેમનો વિચાર દેહરાદુનથી મસુરી પણ પગપાળા જવાનો હતો. પરંતુ મારી મરજી મસુરી સુધી મોટરમાં જવાની હતી. તેથી અમે એક નક્કી દિવસે મસુરીમાં સનાતન ધર્મશાળામાં ભેગા થવાનું નક્કી કર્યું.

ચંપકભાઈને લોકસેવા પર ખાસ પ્રેમ હતો. તેમનો વધારે ભાગનો વખત સેવામાં વીતેલો. એટલે સેવાની વૃત્તિ તેમનામાં પ્રબળ હતી. ભવિષ્યમાં હું કોઈ પ્રકારની સેવા કે બાહ્ય પ્રવૃત્તિ કરીશ કે કેમ તે વિશે તે વારંવાર પૂછ્યા કરતા. હું કહેતો કે મારું બધું ધ્યાન અત્યારે તો આત્મિક વિકાસની સાધનામાં જ લાગેલું છે. સેવાનો સિદ્ધાંત મને ગમે છે. પણ હાલ તો મારી પોતાની જાતનું ઘડતર કરવાની જરૂર છે. તે માટે એકાંતસેવન અને આત્મપરાયણતાની આવશ્યકતા છે. તે પછી ભવિષ્યમાં કોઈ સક્રિય સેવાની તક ઈશ્વર જો મને આપશે તો તેથી મને ખેદ નહિ થાય. કયે વખતે ક્યાં ને કેવું કાર્ય કરાવવું તે ઈશ્વરના હાથની વાત છે. મારો એવો ખુલાસો સાંભળીને તેમના મનનું સમાધાન થઈ જતું. સંસારમાં કોઈ મહત્વનું કામ મારી દ્વારા જરૂર થવાનું છે ને તે માટે જ મારો જન્મ છે એવું મને વરસોથી લાગતું. મારી અંદર પ્રગટ થતી પ્રેરણા પાછળ ઈશ્વરનો હાથ છે ને તેના સંકેત પ્રમાણે એક દિવસ મારે સંસારમાં તેનું સેવાકાર્ય કરવાનું છે એવી મને પ્રતીતિ થતી. પણ કોઈ નાના ને સાધારણ સેવાકાર્યમાં મને રસ ન હતો. મારી ભાવના ને કલ્પના અત્યંત વિશાળ હતી. બુદ્ધ, ઈશુ ને શંકરની જેમ સમસ્ત માનવજાતિની આધ્યાત્મિક સેવા કરવાની મારી મહેચ્છા હતી. સમસ્ત સંસારમાં પ્રકાશ પાથરવાની તક મેળવવાની મારી તમન્ના હતી. છેક કિશોરાવસ્થાથી મારામાં એ વૃત્તિ ભરી હતી. પણ હમણાં હમણાં તે વૃત્તિ ભૂગર્ભમાં રહીને જાણે કે કામ કરી રહેલી. આત્મિક ઉન્નતિ તરફ મારું ધ્યાન હાલ વધારે હતું ને તે માટે સાધનાનો પ્રવાહ સ્વાભાવિક રીતે જ પ્રબળ બનીને વહ્યા કરતો.

દેવપ્રયાગમાં મેં કૃષ્ણ ભગવાનની કૃપા માટે ઉપવાસ કરેલા હતા તે વિશે ચંપકભાઈએ મને કહ્યું: 'હું પણ એમ ઉપવાસ કરું તો ?'

મેં કહ્યું: 'તો શું ? એમ કાંઈ દર્શન થોડું જ થઈ જાય છે ? એવા ઉપવાસ ઉત્તમ કોટિના ત્યારે જ કહેવાય કે જ્યારે તે સહજ રીતે થાય. દિલમાં જ્યારે ભાવ ને પ્રેમ પ્રબળ બને ને બીજો કોઈ ઉપાય હાથમાં રહે નહિ ત્યારે તેવા ઉપવાસ આપોઆપ થઈ જાય છે. પ્રભુની કૃપાની તે વખતે એવી લગની લાગે છે કે મન બેચેન બની જાય છે, ખાવા-પીવાનું ગમતું  નથી, અને આઠે પહોર પ્રભુની જ ઝંખના ચાલ્યા કરે છે. એ ઉપવાસ કાંઈ આગળથી દિવસને નક્કી કરીને કરવાના નથી હોતા. એ કરાતા નથી પણ થઈ જાય છે. ધ્રુવ જેવા ભક્તોના ઉપવાસ એવા હતા. પ્રેમ વિના તે ટકી શકે નહિ. જે ઈશ્વરની કૃપા માટે અન્ન છોડે છે ને

ઉપવાસ કરે છે તેના હૃદયમાં ઈશ્વર માટેનો કેવો પ્રબળ પ્રેમ ઉછાળા મારતો હશે ? પણ દરેકે તેની નકલ કરવાની જરૂર નથી. સારો રસ્તો જપ, ધ્યાન ને પ્રાર્થના દ્વારા ધીરે ધીરે પ્રેમને પ્રબળ કરવાનો છે.'

તે સમજી ગયા.

નક્કી દિવસે તે મને મસુરીની મોટરમાં બેસાડી ગયાં. તેમનો પ્રેમ ભારે હતો. મોટરમાં મારે મસુરીમાં વેપાર કરતા એક ભાઈની ઓળખાણ થઈ. તે આર્યસમાજી જેવા દેખાતા. તે મને ઘણો આગ્રહ કરીને તેમને ત્યાં લઈ ગયાં. તેમનું મકાન ખૂબ સુંદર હતું.

બીજે દિવસે સનાતન ધર્મશાળામાં પેલા સંન્યાસી ભાઈઓ મળી ગયા. તે દિવસે સાંજે અમે ઉત્તરકાશી જવા નીકળી પડ્યા. ખભે થેલો ને કામળો તથા કમંડલ લઈને મેં ચાલવા માંડ્યું. કુદરતી સૌંદર્યનું દર્શન કરતાં ને વિવિધ પ્રકારના વાર્તાલાપ કરતાં અમે માર્ગ કાપ્યે જતા હતા. રસ્તામાં મન માને ત્યાં મુકામ કરતા. એ રીતે મસુરીથી ઉત્તરકાશી સુધીનું અંતર અમે ત્રણેક દિવસમાં કાપી નાખ્યું. ઉત્તરકાશીમાં પ્રવેશ કર્યો ત્યારે સાંજ પડી ગઈ. ત્યાંના પ્રસિદ્ધ વિશ્વનાથના મંદિરમાં દર્શન કરીને અમે બિરલા ધર્મશાળામાં પહોંચ્યા ત્યારે અંધારું થઈ ગયેલું. રાત્રિ અમારા સ્વાગત માટે જાણે કે ઉતાવળી થયેલી.

(૨)

ઉત્તરકાશી સ્થળ કેવું છે ? ટૂંકમાં કહીએ તો સુંદર, શાંત ને સાધના માટે અનુકુળ. ઋષિકેશ ને ઉત્તરકાશી જેવા સુંદર ને સાધના માટે અનુકુળ સ્થળો ઉત્તરાખંડમાં બહુ ઓછાં છે. ઉત્તરકાશીમાં મેદાન ને પર્વત બંનેનો આનંદ છે. કેટલોક ભાગ મેદાનમાં વસેલો છે ને કેટલોક પર્વત પર. ગામ પર્વતીય પ્રદેશના પ્રમાણમાં મોટું છે. તેનું બીજું નામ બારહાટ પણ છે. ગામમાં ગૃહસ્થી ને ત્યાગી બંનેની વસ્તી છે. બંનેને માટે રહેવાના વિભાગો અલગ અલગ છે એટલું સારું છે. અમે ઉત્તરકાશી પહોંચ્યા ત્યારે ઉનાળો ચાલતો હતો. છતાં પણ ઠંડી સારા પ્રમાણમાં હતી. એટલે સુધી કે લગભગ બધા જ સાધુસંતો સવારનું સ્નાન તડકો નીકળે પછી જ કરતાં. તેનું કારણ આળસ ન હતું પણ ત્યાંની ઠંડી જ એવી પ્રખર હતી. ઉનાળામાં પણ કામળા ઓઢવા પડતાં. ગંગાનું પાણી તો એટલું બધું ઠંડુ રહેતું કે વાત નહિ. ઠંડીને લીધે બહુ થોડા સાધુપુરુષો ત્યાં કાયમ રહેતા.

ઉત્તરકાશીમાં કોટેશ્વર નામે સ્થાન હતું. તેના મહંત ગુજરાતી હતા. તેમના તાબામાં એક બીજું સ્થાન ઉજેલી નામના વિભાગમાં હતું. તે સ્થાનમાં મને એક સુંદર ઓરડી મળી ગઈ. એટલે ચાર-પાંચ દિવસ બાદ મેં ત્યાં રહેવાનું શરૂ કર્યું. તે સ્થાન ખૂબ જ એકાંત ને રમણીય હતું. તેની બાજુમાં કૈલાસ આશ્રમ હતો. બેત્રણ દિવસ મારી સાથેના સંન્યાસી મહાત્માઓ સાથે હું તેમાં રહ્યો. તે આશ્રમ ખાસ કરીને દસનામી સંપ્રદાયનો હતો.

ભોજનની સમસ્યાનો ઉકેલ કેવી રીતે કરવો તે પ્રશ્ન વિચારવા જેવો હતો. અનુકૂળતાના અભાવે હાથે રસોઈ બનાવવાનું ફાવે તેમ ન હતું. લોજ કે વીશીની વ્યવસ્થા પણ ન હતી. એટલે શરૂઆતમાં તો એ પ્રશ્ન જરા ગંભીર લાગ્યો. પરંતુ તેનો ઉકેલ તરત જ થઈ ગયો. ઉત્તરકાશીમાં કાલીકમલીવાલાનું ક્ષેત્ર ચાલતું. તે ઉપરાંત પંજાબી ક્ષેત્ર પણ ચાલતું. એટલે મેં તેમાંથી ભિક્ષા લેવાનું ચાલુ કર્યું. ક્ષેત્રમાં દંડી સ્વામી ને તેમના બ્રહ્મચારી માટે અલગ રસોડું હતું. ત્યાં રસોઈ પ્રમાણમાં સારી મળતી. ત્યાંથી ભિક્ષા લેવામાં સ્વચ્છતાની

દૃષ્ટિએ પણ હરકત ન હતી. ત્યાં દસથી પંદર માણસોનું ભોજન બનતું એટલે ભોજનનો પ્રકાર પણ સારો હતો. બંને ક્ષેત્રમાંથી મળીને આઠ રોટલી, ભાત, દાળ ને શાક મળતાં. ભિક્ષા લગભગ નવ વાગે શરૂ થઈ જતી. એટલે સ્નાનાદિ ને વ્યાયામથી પરવારીને સીધા ભિક્ષા માટે જ આવવું પડતું. ઉજેલીથી ક્ષેત્ર સુધીનું અંતર લગભગ એકાદ માઈલનું હતું, એટલે એક પ્રકારની ચાલવાની કસરત પણ થઈ રહેતી. ભિક્ષા લઈને બાજુમાં ગંગા કિનારે જવાનો ક્રમ રાખ્યો હતો. કૈલાસ આશ્રમમાં ચિદઘનાનંદ નામે એક ગુજરાતી સ્વામી રહેતા. તેમને મારા પર ખાસ પ્રેમ થયેલો, તેથી ભિક્ષા માટે વધારે ભાગે ગામમાં અમે સાથે જ જતા, ને સાથે જ ગંગા કિનારે જતા. ત્યાં એક પથ્થર પર બેસતા ને ભિક્ષાને ઈશ્વરાર્પણ કરીને પ્રસાદરૂપે આરોગતા. તે વખતનો આનંદ અનેરો હતો. કેટલીક વાર તો સમડી ઓચિંતી ઝડપ મારીને અમારા હાથમાંથી રોટલી લઈ જવાનો પ્રયાસ કરતી. અમારી ભિક્ષામાંથી તે પણ તેનો હિસ્સો માંગતી. અમે તેને પ્રેમપૂર્વક થોડોક હિસ્સો આપતાં. પણ તેની ભૂખ ભારે હતી. એટલે અમારે ખાસ સંભાળવું પડતું. ભિક્ષાનો સમય થાય એટલે એવી તો કેટલી સમડીઓ આકાશમાં ઊડ્યા કરતી.

મારી પાસે પિત્તળનો એક ડબ્બો હતો. ગંગાના પાણીમાં એક પથ્થર પર બેસીને ભોજન કરતી વખતે તેનું ઢાંકણું એક દિવસ પાણીમાં પડી ગયું. તે પછી હાથ આવ્યું જ નહિ. તેણે જાણે જળસમાધિ લઈ લીધી.

ભિક્ષામાંથી રોજ ચારેક રોટલી અલગ કાઢી રાખવાનો મેં નિયમ કર્યો હતો. સાંજના ભોજનની બીજી વ્યવસ્થા ન હતી. એટલે સાંજે તે રોટલી ખાઈને હું પાણી પી લેતો. કોઈવાર બહુ ઈચ્છા થાય તો ગામમાં જઈને બપોરે દૂધ પણ પી લેતો. એ રીતે ભોજનનો પ્રશ્ન સારી પેઠે પતી રહ્યો.

ઉત્તરકાશીમાં પંજાબી ક્ષેત્રની બાજુમાં માતા આનંદમયીનો પણ એક નાનો આશ્રમ હતો. ત્યાં એક યુવાન સાધક રહેતા. મારા સાંભળવામાં આવ્યું કે ભારતના પ્રાચીન જ્ઞાનીશિરોમણી જડભરતની એ આશ્રમની બાજુમાં સમાધિ છે. જડભરતને કોણ નથી જાણતું ? શ્રીમદ ભાગવતમાં તેમના જીવનનો ઉલ્લેખ વિસ્તારથી કરેલો છે. રાજા ભરત પોતાની ઉત્તરાવસ્થામાં રાજ્યનો ત્યાગ કરીને જંગલમાં આશ્રમ બાંધીને રહેવા લાગ્યાં. ત્યાં કેટલોક વખત સાધનામાં રત રહ્યા પછી એક મૃગશાવકની સાથે સ્નેહના દોરે બંધાયા. અંતકાળે તે મૃગનાં બચ્ચામાં મન રહી જવાથી ફરી મૃગના રૂપમાં જનમ પામ્યા. તે પછી એક બ્રાહ્મણને ત્યાં એમણે અવતાર લીધો. પૂર્વજન્મોની સ્મૃતિ તેમને કાયમ હતી, તેથી તે જન્મમાં તેમણે કોઈની સાથે પ્રીતિ નહિ કરવાનો ને કેવળ પરમાત્મ જ્ઞાનમાં મસ્ત થઈને આત્મારામ રહેવાનો નિર્ણય કર્યો. તે નિર્ણયથી પ્રેરાઇને ઉછરતી ઉંમરમાં જ સંસારનો ત્યાગ કર્યો. તે મહાજ્ઞાની ને જીવનમુક્ત દશાને પહોંચેલા તો પણ બાહ્ય દૃષ્ટિએ અજ્ઞાની ને જડની જેમ રહેતા, તેથી જડભરત કહેવાતા. તે જીવનમાં તેમણે રાજા રહૂગણને આપેલો ઉપદેશ આજે પણ અમર તથા અજોડ છે. તેમાં સમાયેલો જ્ઞાનનો અર્ક કે સારભાગ ભલભલા વિદ્વાનોને પણ મોહિત કરે છે. એવા જડભરતે જીવનની અંતિમ અવસ્થામાં હિમાલયની યાત્રા કરી હોય ને ઉત્તરકાશીમાં શરીર છોડ્યું હોય તેમાં આશ્ચર્ય નથી. તે બનવાજોગ છે. તેવા પુરુષને યાત્રા કરીને કોઈ વિશેષ લાભની ઈચ્છા ના હોય તે સમજી શકાય તેવું છે. એટલે તે વિચરણ કરતાં કરતાં આ તરફ આવી પહોંચ્યા હોય તેમ માનવામાં હરકત નથી.

એ મહાપુરુષની સ્મૃતિથી મને આનંદ થયો. મને એકવાર ફરી સમજાયું કે સંસારની કોઈયે વ્યક્તિ કે વસ્તુમાં માણસે મમતા કે આસક્તિ કરવાની જરૂર નથી. આસક્તિ એક ઈશ્વરમાં જ કરવાની છે. તેથી જ લાભ છે. અનુભવી પુરુષે આત્માનંદમાં મગ્ન બનીને સંગદોષથી દૂર રહેવાનું છે ને સૌમાં પરમાત્માનું દર્શન કરવાનું છે. મોહ નહિ પણ પ્રેમ ને મમતા નહિ પણ નિર્ભયતાના ઉપાસક થવાનું છે.

મારું જીવન એવી રીતે ચાલી રહેલું. હિમાલયમાં રહીને સાધના કરવાનું વિદ્યાર્થીદશા દરમ્યાન સેવેલું સ્વપ્ન પ્રભુકૃપાથી સાકાર બનેલું. તેથી મને બેહદ લાભ થયેલો. મુંબઈના સુખી ને સાનુકૂળ જીવનની સાથે સરખાવતાં હિમાલયનું ચાલુ જીવન જરા અગવડભરેલું જરૂર હતું, પણ ત્યાગ અને તપનું જીવન સદા એવું જ હોય. એમાં જે સુખ ને સગવડ જોઈ શકે ને સ્મિત સાચવી શકે તે જ વીર ને વિવેકી. ત્યાગ ને તપની સફળતા તે જ મેળવી શકે. એટલે ઉત્તરકાશીના મારા તે વખતના જીવનમાં મને ખૂબ ખૂબ શાંતિ ને ખૂબ ખૂબ આનંદ હતો. ભિક્ષાનું ભોજન ને ઈચ્છાનુસાર વિચરણ ખરેખર રસદાયક હતું. ભર્તુહરીએ વૈરાગ્યશતકમાં લખ્યું છે તેમ કોઈ મહાન પુણ્યોદયને પરિણામે યૌવનની શરૂઆતમાં જ મને એ સુંદર યોગ સાંપડેલો. ભર્તુહરિનું વૈરાગ્યશતક મને પહેલેથી જ પ્રિય હતું. તેના શ્લોકોનું રટણ હું વારંવાર કર્યા કરતો. તેના એક શ્લોકમાં તે આવું જ લખે છે કે 'ખૂબ વિચાર કરતાં પણ મને સમજાતું નથી કે આ મરજી મુજબનો વિહાર, દીનતા વગરનું ભોજન, સજ્જનોનો સહવાસ, ચિત્તની શાંતિનું દાન દેનારું શાસ્ત્રશ્રવણ ને બાહ્ય વિષયોમાંથી ઉપરામ થઇને શાંત બની રહેલું મન - એ બધાની પ્રાપ્તિ મને મારા કયા ઉદાર તપના ફળરૂપે થઈ રહી છે !' આ રહ્યો એ શ્લોકઃ

यदेतत्स्वच्छन्दं विहरणमकार्पण्यमशनं ।
सहार्यैः संवासः श्रुतमुपशमैकव्रतफलम् ॥
मनो मन्दस्पन्दं बहिरपि चिरस्यापि विमृशन् ।
न जाने कस्यैष परिणतिरुदारस्य तपसः ॥'

એવા એવા ભાવાનુભવમાં ઉત્તરકાશીના દિવસો અસીમ શાંતિ અને આનંદપૂર્વક પસાર થઈ રહ્યા. મારામાં,જ્ઞાન, યોગ ને ભક્તિ ત્રણેના પ્રવાહો પહેલેથી જ એક સાથે પરસ્પર પૂરક બનીને વહ્યા કરતા, તે મેં આગળ પર કહી દીધું છે. ઉત્તરકાશીમાં જ્ઞાન ને ધ્યાનના પ્રવાહો વધારે પ્રબળ હતા. સૌમાં મને એક પરમાત્માનું દર્શન થયા કરતું. ધ્યાનની દશામાં દેહભાન ભૂલીને ડૂબી જવાનું મારે માટે સહજ થયેલું. તેથી મારું હૃદય ધન્યતાનો અનુભવ કર્યા કરતું ને જ્ઞાનની દિશામાં કરવાનું કામ મેં પૂરું કર્યું છે એવું લાગ્યા કરતું. એ દિવસો એવા અનેરા ને ધન્ય હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૦. ખેચરી અને આત્મજ્યોતિનો અનુભવ

ખેચરી મુદ્રાની સફળતા માટે મેં ઉત્તરકાશીમાં પહોંચ્યા પછી બે વાર જીભ નીચેની નસ કાપી જોઈ; પરંતુ મારી જીભ પ્રથમથી જ ટૂંકી હોવાથી મને લાગ્યું કે ખેચરી મુદ્રાની સિદ્ધિ માટે મારે સુદીર્ઘ સમયપર્યંત એકધારો અભ્યાસ કરવો પડશે. તેથી મને થોડીક ચિંતા થઈ. પરંતુ ચિંતા કરીને બેસી રહ્યે ચાલે તેમ ન હતું. એટલે મેં બનતો પ્રયાસ ચાલુ રાખ્યો. ખેચરીથી મન સ્થિર થાય છે. પ્રાણવાયુ રોકાય છે, ને સમાધિનો આનંદ મળે છે. મારું મન સ્થિર અને શાંત હતું. સમાધિના મંગલમય મંદિરદ્વારને ઉઘાડવામાં પણ મને સંતોષકારક સફળતા સાંપડેલી. સૌથી મહત્વની વાત તો મેં વરસોથી જડચેતનાત્મક સમસ્ત જગતમાં પરમાત્માના દર્શનની પાડેલી ટેવ હતી. એથી મારું સાધનાત્મક કાર્ય સરળ બનેલું ને મને આત્માનુભવનો અલૌકિક આનંદ મળ્યા કરતો. એ ભૂમિકા પરથી વિચારતાં સમજાશે કે મારે માટે ખેચરી મુદ્રાના અભ્યાસની આવશ્યકતા ન હતી.

તે સંબંધી વેદબંધુએ આપેલો અભિપ્રાય સાચો હતો. છતાં ખેચરીના અભિનવ અનુભવ માટે મારું મન આતુર હતું. તેની પાછળ મુખ્યત્વે મારી કુતૂહલવૃત્તિ જ કામ કરી રહેલી. તેને સંતોષવા માટે પણ ખેચરીના અભ્યાસની ને અનુભવની આવશ્યકતા લાગી.

ઉત્તરકાશીમાં થોડાક દિવસ રહ્યા પછી મને એક નાથસંપ્રદાયના મહાત્માની મુલાકાતનો લાભ મળ્યો. તે મહાત્મા નહાન સ્ટેટમાં રહેતા. તે યોગાભ્યાસમાં પ્રવીણ હતા. તેમની સાથે મેં યોગ વિશે વિસ્તારથી વાતો કરી. મારો યોગ પ્રત્યેનો પ્રેમ જોઈને તેમણે મને નહાન સ્ટેટમાં આવેલા એમના આશ્રમની મુલાકાત લેવાનું ને એમની સાથે થોડા દિવસ રહેવાનું આમંત્રણ આપ્યું. મેં એમના આમંત્રણનો સ્વીકાર કર્યો તેથી તે પ્રસન્ન થયા. તે ખેચરી મુદ્રાના સારા અભ્યાસી હતા. તેમણે મને સૂચના કરી કે બચ નામની બુટી થાય છે તે ખેચરી મુદ્રા માટે મદદ કરે છે. તેના રસને જીભ પર ચોપડીને દહન કરવાથી જીભ મોટી થાય છે. તેમના કહ્યા પ્રમાણે બેચાર દિવસ પછી ઉત્તરકાશીના જ્ઞાનસુ નામના પ્રદેશમાં તપાસ કરીને તે બુટી શોધી કાઢી. તેનો પ્રયોગ મેં દિવસો સુધી ખૂબ જ ઉત્સાહથી કર્યો. પણ એમ કાંઈ જીભ જલ્દી વધી જાય કે ? જીભ લાંબી કરવા માટે યોગના ગ્રંથોમાં માખણનો પ્રયોગ બતાવ્યો છે. પણ ઉત્તરકાશીમાં તે પ્રયોગ શક્ય ન હતો. માખણ મેળવવાની મુશ્કેલી હતી. તેથી મને જરા મુંઝવણ થવા માંડી. તે દિવસોમાં રાતે સૂવાનું મેં બંધ કરેલું. દિવસે ને રાતે થોડો વખત મને સમાધિનો લાભ મળતો, એટલે સાધનાની દૃષ્ટિએ મને શાંતિ હતી. પણ એક પ્રક્રિયા તરીકે મારા મનમાં ખેચરીનો અનુભવ કરવાની જે ઈચ્છા હતી તેને પણ શાંત કરવાની ને બનતી વહેલી તકે શાંત કરવાની જરૂર હતી.

ઈશ્વરની કૃપાથી તે ઈચ્છા પણ શાંત થઈ. ઈશ્વરે તેની શાંતિ માટે એક નવો જ માર્ગ નક્કી કર્યો. જીભ ટૂંકી ને ટૂંકી જ રહે ને છતાં પણ ખેચરી મુદ્રાનો આનંદ અનુભવાય એ વાત કોની કલ્પનામાં આવી શકે તેમ છે ? તેને માનવાનું મન પણ કોને થાય ? યોગના ગ્રંથોમાં એવા અનુભવનો ઉલ્લેખ જ ક્યાં છે ? પણ ઉલ્લેખ ના હોય એથી એને અસત્ય ના કહી શકાય. યોગના શાસ્ત્રમાં પ્રેમયોગનું શાસ્ત્ર સૌથી મૌટું છે. એનો આશ્રય લેનારની ઈચ્છા ઈશ્વર પોતાની વિશેષ કૃપાથી પૂરી કરે છે. ઈશ્વરની શક્તિ અપાર છે. જે મૂંગાને

બોલતા કરે છે ને મરેલાને જીવતા કરવાની શક્તિ ધરાવે છે તે ઈશ્વરને માટે ટૂંકી જીભ હોવા છતાં ખેચરીનો અનુભવ કરાવવાનું મુશ્કેલ નથી. તે ધારે તે કરી શકે છે. ઈશ્વર કૃપાળુ છે ને સૌના પર કૃપા કરવા તૈયાર છે પણ તેને ઝીલવા માટે સરળ ને ભક્તિભાવમય હૃદયની જરૂર છે. જો કોઈ સરળ, નિષ્કપટ ને ભાવભરેલા હૃદયે ઈશ્વરને પ્રાર્થે ને પોકારે તથા ઈશ્વરની આગળ પોતાની ઈચ્છાને રજૂ કરે તો ઈશ્વર તેની પ્રાર્થના ને પોકાર જરૂર સાંભળે, તેને પ્રેમપૂર્વક ઉત્તર આપે, ને તેની ઈચ્છા પૂરી કરે. અલબત્ત કઈ ઈચ્છા કેટલા પ્રમાણમાં ને ક્યારે પૂરી કરવી તે તેના હાથની વાત છે. માણસે તેના વિધાનમાં સદા સંતુષ્ટ ને ખુશ રહેવું જોઈએ. મારા વ્યક્તિગત પ્રયાસની સાથે સાથે મેં ઈશ્વરની પ્રાર્થના પણ ચાલુ રાખી. તેની માત્રા છેવટે વધી પડી ત્યારે ઈશ્વરે મારા પર વિશેષ કૃપા કરીને મને કામચલાઉ શાંતિ આપી.

એક દિવસ રાતના પ્રથમ પ્રહરમાં હું મારા નિત્ય નિયમ પ્રમાણે પ્રાર્થના કરવા બેઠેલો. તે વખતે મારી જીભ અચાનક લાંબી થઈને તાળવે લાગી ગઈ ને મને એક પ્રકારના દિવ્ય રસનો સ્વાદ મળવા માંડ્યો. એ દશામાં થોડોક વખત રહ્યા પછી મારું દેહભાન ભુલાઈ ગયું. એ અવસ્થામાં લાંબા વખત લગી રહ્યા પછી છેવટે મને જાગૃતિદશાની પ્રાપ્તિ થઈ. હજી મારી જીભ તાળવે જ લાગેલી ને મને કોઈ સુમધુર રસનો સ્વાદ મળી રહેલો. લગભગ બ્રાહ્મમુહૂર્તના સમયે જીભ પાછી પૂર્વવત્ સહજ દશામાં આવી ગઈ. એ અનુભવથી મને અપાર આનંદ થયો. ખેચરીનો અનુભવ કરવાનું મારું કુતૂહલ તેથી સારા પ્રમાણમાં શમી ગયું. ઈશ્વરની મહાન કૃપા વિના એવો વિશેષ અનુભવ મને ભાગ્યે જ થઈ શક્યો હોત. એ પ્રકારનો અનુભવ તે પછી ત્રણ દિવસ ને રાતે સતત રીતે થતો રહ્યો. એ ખાસ નોંધવા જેવું છે.

એ પછી ખેચરી પ્રત્યે પ્રેમ હોવા છતાં એનો વિધિપૂર્વક અભ્યાસ મારાથી નથી થઈ શક્યો. એવા અભ્યાસ માટે મારું મન આતુર પણ નથી થયું.

એ દિવસોમાં એક બીજો અસાધારણ આનંદદાયક અનુભવ થયો. રાતે મારા ઓરડાની અંદર મારાથી થોડે દૂર ઉપરના ભાગમાં મને એક પ્રકાશ અથવા જ્યોતિનું દર્શન થયું. તે દર્શન જાગૃતિ દશાનું હતું ને લગભગ બે દિવસ સુધી રાતે બે-ત્રણ કલાક ચાલતું. તે જ્યોતિનું શરૂઆતમાં દર્શન થયું ત્યારે મને જરા નવાઈ લાગી. કેમ કે મારા ઓરડાનાં બારીબારણાં બંધ હતાં. બહારથી કોઈ પ્રકાશના પ્રવેશ માટે અવકાશ ન હતો. અંધારી રાત હોવાથી બહાર પણ બધે અંધારું છવાયેલું. તે જ્યોતિ પ્રકાશના પુંજ જેવી પ્રબળ બનીને ચમકી રહેલી. તે જ્યોતિ મારા મસ્તકથી બે હાથ ઉપર તદ્દન સ્થિર થઈને પ્રકાશી રહેલી. મને થયું કે આ જ્યોતિ શેની હશે ! ધ્યાનની દશામાં જ્યોતિનું દર્શન થાય એ વાત મારા વાંચવામાં આવેલી. પણ આ તો જાગૃતિનું દર્શન હતું. મને સ્ફુરણા થઈ કે એ આત્માનું દર્શન અથવા આત્માનો સાક્ષાત્કાર છે. ઈશ્વરની કૃપાથી મને આત્માનું સાક્ષાત્ દર્શન થઈ રહ્યું છે, એમ મને લાગ્યું.

ઉપનિષદના ઋષિવરોએ આત્મા નિરાકાર હોવા છતાં તેનું ધ્યાન કે સમાધિમાં દર્શન કર્યું છે ને તેનું વર્ણન પણ કર્યું છે. આત્મદર્શન કરી ચૂકેલા એક ઋષિ ઉપનિષદમાં લખે છે કે ज्योतिरिवा धूमकः।

'अंगुष्ठमात्रः पुरुषो मध्यआत्मनि तिष्ठति।
ईशानो भूतभव्यस्य ततो न विजुगुप्सते॥ '

એટલે કે આત્મા અંગુઠાના પરિમાણનો છે ને શરીરના મધ્યમાં હૃદયપ્રદેશમાં રહે છે. તેને જાણનાર શોક ને મોહથી મુક્તિ મેળવે છે.

બીજે ઠેકાણે કહેવામાં આવ્યું છે કે આત્મા જ્યોતિ સ્વરૂપ છે. પણ તે જ્યોતિમાંથી ધૂમાડો નથી નીકળતો.

આ વચનો મને યાદ હતાં. તેથી સમજાયું કે મને દેખાઈ રહેલી જ્યોતિ કોઈ સાધારણ જ્યોતિ નથી પણ આત્માની જ્યોતિ છે. તે જયોતિ પણ નાના દીવાની જ્યોતિની જેમ અંગુઠાના પરિમાણની જ હતી.

કોઈને એવી શંકા થવાનો સંભવ છે કે 'આત્માની જ્યોતિનું દર્શન જાગૃતિમાં ને પોતાની બહાર થઈ શકે ખરું ?' તેના સમાધાનમાં આપણે કહીશું કે હા, તેમ થઈ શકે. આત્મા અત્યંત સૂક્ષ્મ છે ને સ્થૂલ દ્રષ્ટિથી દેખાવો લગભગ અશક્ય છે એમ કહેવામા આવ્યું છે. વળી તે સૌના શરીરમાં વાસ કરે છે ને સમાધિ દશામાં સુસૂક્ષ્મ થયેલી મનોવૃતિથી યોગી તેનું દર્શન કરે છે એ વાત પણ પ્રસિદ્ધ છે. પણ એનો અર્થ એવો નથી કે તેનું દર્શન ઉઘાડી આંખે ને બહાર ના થઈ શકે. આત્મા સૌના શરીરમાં રહે છે એ સાચું છે પણ શરીરની બહાર પણ નથી રહેતો એમ નહિ. તે તો ચરાચરમાં બધે જ વસે છે, તો પછી બહાર શા માટે ના દેખાય ? જે યોગી તેને પોતાની અંદર જુએ છે, તેમણે બહાર પણ બધે તેનું દર્શન કરવાનું છે એમ ગીતા જેવા ગ્રંથો કહી બતાવે છે. ઈશ્વરની કૃપાથી ઉપનિષદના ઋષિઓએ વર્ણવ્યા પ્રમાણે તેનું અંદર ને બહાર દર્શન થઈ શકે છે. જે અંદર દેખાય છે તે ઈશ્વરની કૃપા કે સાધકની ઈચ્છાથી બહાર પણ જોઈ શકાય છે. આત્માનો સાક્ષાત્કાર સાધકને બંને રીતે થઈ શકે છે. 'સાક્ષાત્કાર' શબ્દમાં જે ધ્વનિ છે તે સમાધિના અનુભવ સાથે જાગૃતિદશાના અનુભવને પણ સૂચિત કરે છે, એ સહેજે સમજી શકાય તેવું છે.

ઈશ્વરની કૃપા વિના એ પ્રકારનો અનુભવ મને ભાગ્યે જ થઈ શક્યો હોત.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૧. બે આશ્ચર્યકારક અનુભવો

ગયા પ્રકરણમાં મેં જ્યોતિદર્શનનું વર્ણન કર્યું છે તેના પરથી કોઈએ એમ નથી સમજવાનું કે સૌને એવુ દર્શન થાય છે અથવા તો થવું જોઈએ. આત્મદર્શનના પ્રકાર અનેક છે. તેમાંથી કોને કેવા પ્રકારનું દર્શન થશે તે કહી શકાય નહિ. અમુક પ્રકારના દર્શન અથવા અનુભવનો દુરાગ્રહ રાખવાની પણ જરૂર નથી. મેં તો એક પ્રકારના અનુભવનો ઉલ્લેખ માત્ર કર્યો છે. તે એટલા માટે કે એવો અનુભવ પણ થઈ શકે છે તેનો ખ્યાલ આવી શકે.

વેદબંધુએ કરેલી લક્ષેશ્વર મહાદેવની વાત મને યાદ હતી. લક્ષેશ્વરના સ્થાનમાં તેમને થયેલા અનુભવનું રેખાચિત્ર મારા મનમાં રમ્યા કરતું. ઉત્તરકાશીમાં સ્થિર થયા પછી એક દિવસ બપોર પછી મેં લક્ષેશ્વર મહાદેવની મુલાકાત લીધી. મારી સાથે પેલા ગુજરાતી સ્વામી ચિદઘનાનંદ પણ હતા. લક્ષેશ્વર મહાદેવનું સ્થાન છેક એકાંતમાં હતું. પાસે જ ગંગા હતી. ત્યાં ત્રણ-ચાર મહાત્મા પણ રહેતા. તે ભિક્ષા માટે રોજ ક્ષેત્રમાં આવતા. સ્થાન તો મને ગમી ગયું, પરંતુ એક મુશ્કેલી લાગી. તે સ્થાનથી ઉત્તરકાશી ગામ અને અન્નક્ષેત્ર પણ ઘણું દૂર હતું. એટલે રોજ રોજ ભિક્ષા માટે એટલે દૂર જવાનું ફાવે તેમ ન હતું. તેમાં ઘણો વખત વીતી જાય. ખાસ કરીને જ્યારે વરસાદ પડે ત્યારે તો જવા આવવામાં ભારે અગવડ ઊભી થાય. એટલે એ વિચારથી મારું મન જરાક પાછું પડ્યું. છતાં પણ વેદબંધુએ કહેલી ગંગાકિનારાની કુટિયા જોવાનો મેં વિચાર કર્યો. કુટિયા ખરેખર કેવી છે તે જોયા વિના તે સ્થાનમાં રહેવાનો નિર્ણય કરી શકાય તેમ ન હતો. કુટિયા બંધ હતી, પણ તેની બારીમાંથી અંદરનો ભાગ જોઈ શકાય તેમ હતો. અંદરની જમીન જરા જૂની ને ઉખડેલી જણાઈ. તેની તો હરકત નહિ કેમ કે ગોબરથી તેને નવો અવતાર આપી શકાય પરંતુ અંદર પૂરતો પ્રકાશ પહોંચી શકે કે કેમ તે વિશે મને શંકા થઈ. કુટિયા જરાક નિચાણમાં હતી ને તેની આજુબાજુ મોટા મોટા છોડ ને ઝાડ હતાં. પ્રકાશ માટે એક નાની સરખી બારી અને એક બારણું, બીજું કોઈ સાધન ન હતું. મને પ્રકાશ ને સ્વચ્છતા વધારે ગમે છે, ને તદ્દન બંધ ગુફા જેવાં મકાનો પસંદ નથી પડતાં, તેથી મારું મન માન્યું નહિ. કુટિયાનું નિરીક્ષણ કર્યા પછી ચિદ્દઘનાનંદે મને કહેવા માંડ્યું : 'અહીં તો તદ્દન જંગલ જેવું છે. સ્થાન પણ બહુ સારું નથી. તમને અહીં રહેવાનું ભાગ્યે જ ગમશે. એક બીજી વાત પણ કહી દઉં. અહીં જે બે ત્રણ સાધુ રહે છે તેમનું વર્તન સારું નથી. તે કેટલાંક ના કરવાનાં કામ કર્યા કરે છે, તેને લીધે તે સાધુસમાજમાં પંકાઈ ગયા છે.'

મેં કહ્યું : 'તેમની વાત તો ઠીક. તે આપણને શું કરે તેમ છે ? આપણે તેમની સાથે ક્યાં સંબંધ બાંધવો છે ? આપણે તેનાથી દૂર રહીને સાધના કરી શકીએ તેમ છીએ.'

તે બોલ્યા : 'પણ તમને આ સાધુઓની પ્રવૃત્તિની ખબર નથી. તે તો ભજન કરતા નથી પણ કોઈને કરવાય નથી દેતા. તમને અશાંત કરવા ને અહીંથી કાઢવા તે કીમિયા કર્યા જ કરશે.'

મેં કહ્યું : 'તે વખતે જોઈ લેવાશે ને તેની યે દવા કરાશે. પણ કુટિયામાં રહેવાની મને ઈચ્છા જ થતી નથી. તેનું ખાસ કારણ પૂરતા પ્રકાશનો અભાવ છે. કુટિયા મને અંદરથી અંધારી લાગે છે.'

ચિદ્દઘનાનંદ રાજી થયા હું તેમનાથી દૂર રહેવા જાઉં તે તેમને પસંદ ન હતું. તેમને મારા પર વિશેષ પ્રેમભાવ થયેલો.

આખરે અમે પાછા આવી પહોંચ્યા. તે વખતે મેં મારું રહેવાનું સ્થાન બદલ્યું હતું. ઉત્તરકાશીમાં આનંદ સ્વામી નામે એક મહાત્મા રહેતા. તે સ્વામી રામતીર્થના પાછલા જીવનનાં સંસ્મરણો રસપૂર્વક કહી બતાવતા. તેમનો વિચાર થોડા વખત માટે ઋષિકેશ તરફ જવાનો થયો. એટલે તેમણે મને તેમની નાની કુટિયામાં રહેવાનું આમંત્રણ આપ્યું. તે મેં સપ્રેમ સ્વીકારી લીધું. કૈલાસ આશ્રમની પાસે જે મકાનમાં હું પહેલાં રહેતો, તેની પાછળના ભાગમાં જ આ કુટિયા હતી.

લક્ષેશ્વર મહાદેવના સ્થાનનું નિરીક્ષણ કરીને હું તે કુટિયામાં પાછો આવ્યો ત્યારે સાંજ પડી ગયેલી. લક્ષેશ્વરની કુટિયા મારી આંખ આગળ રમી રહી. કુટિયા અંધારી છે એ વિચાર મારા મનમાં રમ્યા કરતો. બીજે દિવસે પણ એ વિચાર ચાલુ રહ્યો. પણ ઈશ્વરની કૃપાથી હવે મને રહેવા માટે સુંદર સાનુકૂળ કુટિયા મળી ગઈ હતી. એટલે તે બાબતે કોઈ ચિંતા ન હતી. લક્ષેશ્વરની કુટિયાનો વિચાર તો મને સહજ રીતે જ આવ્યા કરતો.

તે દિવસે રાતે એક અજાયબીમાં નાખી દે એવો અનુભવ થયો. એ અનુભવ અવિસ્મરણીય હતો. રાતે કુટિયામાં પાટ પર બેસીને હું ધ્યાન કરી રહેલો. તે વખતે કોઈ સિદ્ધપુરુષ મારી પાસે એકાએક પ્રગટ થયા ને મને લઈને જાણે કે આકાશમાં ઊડવા માંડ્યા. મારું શરીર તેમના સ્પર્શથી ફૂલ જેવું હલકું થઈને તેમની સાથે ઊડવા લાગ્યું. મારા માટે આવો અનુભવ આ પહેલો જ હતો. આંખ મીંચીને ઉઘાડીએ એટલી વારમાં તો તે મને લઈને લક્ષેશ્વરની પેલી કુટિયામાં પહોંચ્યા. કુટિયામાં મને નીચે ઉતાર્યો ને તે મહાપુરુષ કહેવા માંડ્યા : 'ક્યાં છે અંધારું ? કહો છો ને કે કુટિયામાં પ્રકાશ નથી ? અહીં તો પ્રકાશ જ પ્રકાશ છે. તમારે અહીં ના રહેવું હોય તો ભલે પણ અંધારું છે એમ માનીને અહીં રહેવાનો વિચાર માંડી ના વાળશો. કુટિયામાં અંધારું છે એમ ના માનશો.'

પછી તે મહાપુરુષે પહેલાંની પેઠે મારા શરીરને સ્પર્શ કર્યો. એટલે મારું શરીર પાછું તેમની સાથે બહાર આવીને અધ્ધર ઊડવા માંડ્યું. એક ક્ષણમાં તો હું મારી કુટિયામાં આવી પહોંચ્યો. તે મહાત્મા અદૃશ્ય થઈ ગયા. મારી આંખ ઊઘડી ત્યારે મારી કુટિયાનું મને દર્શન થયું. નાની સરખી બારીમાંથી બહાર ચાંદનીમાં સ્નાન કરતી પર્વતમાળા દેખાતી, તેનું દર્શન કરીને પ્રમત્ત બનેલો પવન આમતેમ આંટા મારતો. રાત્રિની નિ:સ્તબ્ધ શાંતિમાં ગંગાનો સંગીતસ્વર સંભળાઈ રહ્યો. મહાપુરુષે આપેલો અનુભવ એટલો બધો અચાનક થયો હતો કે તે જાગૃતિ દશામાં થયો કે ધ્યાનની દશામાં તેના ખબર ના પડી. પરંતુ મારી સ્મૃતિ પ્રમાણે તે અર્ધજાગૃતિમાં થયેલો. તે ગમે તે દશામાં થયો હોય તો પણ અતિશય આનંદદાયક તો હતો જ.

તે મહાપુરુષ કોણ હશે ? તે કોઈ પ્રાચીન સંત હશે ? અથવા અર્વાચીન સિદ્ધ હશે ? લક્ષેશ્વરના સ્થાનમાં રહેનારા કોઈ મહાત્મા હશે ? અથવા ઉત્તરકાશીમાં સૂક્ષ્મ રીતે રહેતા કોઈ સમર્થ પુરુષ હશે ? તેમને હું ઓળખી શક્યો નથી. પરંતુ એ એક મહાસમર્થ સિદ્ધ પુરુષ હશે એ નક્કી છે. એમની અલૌકિકતા ચોક્કસ છે. તે વિના તે આવો અનુભવ આપી શકે નહિ. આકાશગમનની સિદ્ધિ વિશે મેં વાંચેલું. સિદ્ધપુરુષો ઈચ્છાનુસાર ગમે ત્યાં જઈ શકે છે તેની પણ મને ખબર હતી. આ અનુભવથી તેની પ્રતીતિ થઈ. સાધનામાં આવા

અનુભવો થઈ શકે છે ત્યારે શાંતિ મળે છે ને વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવા અનુભવો સાધના વિના સમજાય તેવા નથી. કેવળ બૌદ્ધિક જ્ઞાનથી તેમનું સાચું રહસ્ય નહિ સમજાય. આપણે ત્યાં સાધનામય જીવન તરફનું વલણ દિવસે દિવસે ઓછું થતું જાય છે. વિદ્વાનો ને વિરક્ત પુરુષોના સંબંધમાં પણ એ સાચું છે એ હકીકત ઉત્સાહજનક અને આદરપાત્ર નથી સાધનાનું રહસ્ય સમજવા માટે કેવળ તર્ક નહિ કિન્તુ અનુભવની અનિવાર્ય આવશ્યકતા છે.

આવા મહાપુરુષો દેશમાં કેટલા હશે તે કોણ કહી શકે ? અજ્ઞાત અવસ્થામાં રહેવા છતાં સાધકોના જીવનમાં આ રીતે તે કેટલો મહત્વનો ભાગ ભજવે છે ને કેટકેટલા સાધકોની સેવા કરે છે તે પણ કોણ કહી શકે ? સંસારને માટે તે સાચે જ આશીર્વાદરૂપ છે.

ઉત્તરકાશીના નિવાસ દરમિયાન એક બીજો અગત્યનો અનુભવ થતો. સવારે, બપોરે ને સાંજે કેટલીવાર ગંગાતટ તરફથી પૂજા કે આરતી થતી હોય તેમ સમૂહગીત સંભળાતું. તેની સાથે જુદાં જુદાં વાજિંત્રો પણ વાગતાં. એ અનુભવ લગભગ રોજનો થઈ ગયેલો. મને થતું કે શું દેવો કે સિદ્ધપુરુષો ગંગાની આરતી ઉતારતા હશે કે પછી પ્રાર્થના કે વેદપાઠ કરતા હશે ? તેમનો સ્વર સ્પષ્ટ સંભળાતો. તે વિશે મેં કેટલાક મહાત્માઓને પૂછ્યું હતું. પણ ઉત્તરકાશીમાં વરસોથી વાસ કરવા છતાં કોઈને એવો અનુભવ ના થતો. ચિદઘનાનંદજી કહેતા કે તેમણે બેત્રણ વાર એવો અનુભવ કરેલો.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૨. રમણ મહર્ષિ ને સંત જ્ઞાનેશ્વરનું દર્શન

શ્રી રમણ મહર્ષિના નામથી કોણ અપરિચિત હશે ? સામાન્ય માણસે કદાચ તેમનું નામ નહિ સાંભળ્યું હોય. પણ જેને ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં અને આધ્યાત્મિકતામાં રસ છે તે તો તેમના નામ ને કામથી ભાગ્યે જ અજ્ઞાત હશે. ભારતના આધ્યાત્મિક આકાશમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીના સમયથી જ્યોતિર્ધરોનો જે સતત ઉદય થતો રહ્યો છે તેમાં શ્રી રમણ મહર્ષિ મહત્વનું સ્થાન ધરાવે છે. તેમણે પોતાના જીવન દ્વારા ભારતનું આધ્યાત્મિક ગૌરવ વધાર્યું છે ને ભારતમાં ને ભારતની બહાર પ્રકાશ પાથરીને અનેક માણસોને માર્ગદર્શન ધરીને શાંતિ આપી છે. મદ્રાસ પ્રાંતના એક નાનકડા ગામમાં જન્મી લગભગ અઢારેક વરસની ઉંમરે તેમણે ઘર છોડ્યું ને પરમપિતાની શોધ શરૂ કરી. દક્ષિણના પ્રખ્યાત અરુણાચલ પર્વતે એમના અંતરનું આકર્ષણ કર્યું. ત્યાં વરસો સુધી વિજનમાં વાસ કરીને એ મહાપુરુષે તપ કર્યું ને છેવટે શાંતિ મેળવી. તે સાધકમાંથી સિદ્ધ બની ગયા ને જીવનમુક્ત થયા. તે પછી પોતે પ્રાપ્ત કરેલા પ્રકાશ દ્વારા બીજાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાના કાર્યની શરૂઆત કરી. પછી તો તેમનું નામ દેશવિદેશમાં વિખ્યાત થઈ ગયું. ભારતની ભૂમી તેમને લીધે સાચે જ સુશોભિત બની છે.

ઉત્તરકાશીમાં એક દિવસ તે મહાપુરુષે મને અચાનક દર્શન આપ્યું. લગભગ મધરાત પછીનો સમય હતો. હું રોજની જેમ ધ્યાનમાં બેઠેલો. એટલામાં મારું દેહભાન ભુલાઈ ગયું. તે દશામાં શ્રી રમણ મહર્ષિ મારી સામે પ્રકટ થયા. તેમના દર્શન કરવાનો અવસર મને આ પહેલા મળ્યો ન હતો. તેમના ચિત્રો મેં જોયેલા. વડોદરામાં હતો ત્યારે મેં તેમના વિશે સાંભળેલું પણ ખરું. એટલે તેમના વિશે થોડી ઘણી માહિતી હતી. તેથી તેમને ઓળખતા વાર ના લાગી. અનુભવની એ અવસ્થામાં મેં જોયું તો તેમની સાથે હું મુંબઈના ચોપાટીના દરિયા કિનારે ઊભેલો. તેમની દિવ્ય શક્તિથી કદાચ તે મને એવો અનુભવ કરાવી રહ્યા હતા તેવો મને વિચાર થયો. તે વિશે વધારે વિચાર કરું તે પહેલાં તો તેમની સાથે હું દરિયા પર ચાલવા લાગ્યો. અમારા બંનેના શરીરો પાણીથી થોડે ઉપર જોરથી દોડતા હોય તેમ પસાર થવા માંડ્યાં. દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યાં. અલ્પ સમયમાં અમે એમના આશ્રમમાં આવી પહોંચ્યાં. તે મને આશ્રમના મુખ્ય ખંડ અથવા હોલમાં લઈ ગયા. ત્યાં મને ભેટી પડ્યાં ને મારો હાથ પકડીને મને તેમના કોચ પર બેસાડવા માંડ્યાં. તેમની સાથે એક-આસન પર બેસવા મારું મન માનતું ન હતું. તેમના જેવા વૃદ્ધ મહાપુરુષની સાથે એક આસન પર બેસવામાં મને સંકોચ થતો. તેમણે મારો સંકોચ લક્ષમાં ના લીધો. પોતાની પાસે કોચ પર બેસાડીને તે મને કહેવા લાગ્યા : 'હજી તમને ખબર નથી કે તમે કેવા મહાન પુરુષ છો. પણ હું તમને જાણું છું. મારી પાસે બેસવામાં તમારે કોઈ જાતનો સંકોચ કરવાની જરૂર નથી. તમારે સંસારમાં મહત્વનું કામ કરવાનું છે.'

તે પછી અમે કેટલીક બીજી વાતો કરી. એ અનુભવ બધો મળીને લગભગ અડધો કલાક ચાલ્યો હશે. તે પછી મારી ધ્યાનાવસ્થા પૂરી થઈ ને મને ભાન આવ્યું ત્યારે હું ઉત્તરકાશીની મારી ગંગાતટ પરની નાની કેબિન જેવી કુટિયામાં બેઠેલો. છેલ્લે છેલ્લે જે જુદા જુદા આનંદજનક અનુભવો થતા હતા તેમાં આ અનુભવે ખરેખર નવી જ ભાત પાડી. આ અનુભવની વિશેષતા એ હતી કે આ એક એવા મહાપુરુષનો અનુભવ હતો જે જીવંત હતા અને પોતાની મહત્તા માટે પ્રખ્યાત હતા. એક જીવંત મહાપુરુષના અનુભવનો આવો પ્રસંગ

મારા જીવનમાં આ પહેલો જ હતો. તે દ્વારા મને એક સ્થૂળ શરીરે શ્વાસ લેતા મહાપુરુષના સંપર્કનો લાભ મળ્યો. એવી રીતે એ અનુભવ ક્રાંતિકારી, કીમતી ને શકવર્તી હતો. ભવિષ્યમાં એ મહાપુરુષે મારી સાથે દૂર રહીને પણ ગાઢ સંબંધ સ્થાપિત કર્યો અને આવા અનેક અનુભવો દ્વારા મને કૃતાર્થ કર્યો. એ અનુભવોની પૂર્વભૂમિકારૂપે થયેલો આ અનુભવ મારા સાધનાત્મક જીવનમાં ખાસ સ્થાન ધરાવતો હતો.

રમણ મહર્ષિ અરુણાચલની તળેટીના તેમના આશ્રમનો ત્યાગ કરીને ક્યાંય ગયા નથી. વરસો સુધી તે શાંતિપૂર્વક આશ્રમમાં જ રહ્યા છે. તેમણે મદ્રાસ સુધી પણ મુસાફરી કરી નથી. બાહ્ય રીતે જોતાં તે તદ્દન નિષ્ક્રિય જેવા અને આત્મારામ લાગે. આશ્રમમાં તેમનું દર્શન કરવાનો સુયોગ જેમને પ્રાપ્ત થયો છે તેમના પર એવી છાપ જરૂર પડી હશે. પરંતુ તે તો તેમનું બાહ્ય સ્વરૂપ હતું. એમના આંતરસ્વરૂપની ખબર કોને છે ? બાહ્ય રીતે ઉદાસીન ને નિષ્ક્રિય દેખાવા છતાં તે કેટલું ઉપયોગી કામ કરતા તે કોણ જાણી શકે તેમ છે ? તેમની શક્તિ અદભુત હતી. સમાધિ પર તેમનો પૂરો કાબૂ હતો. તેને લીધે તેમને કેટલીક અસાધારણ શક્તિ અથવા તો સિદ્ધિની પ્રાપ્તિ થયેલી. તેથી તે આશ્રમમાં રહીને આશ્રમની બહાર સ્થૂળ કે સૂક્ષ્મ રૂપે જઈને સંકલ્પ, ને વચન દ્વારા ભક્તો ને સાધકોને મદદ કરતાં. તેમના એ મહાન ગુપ્ત સેવાકર્મનો ખ્યાલ કોને આવે તેમ છે ? બહારની પ્રવૃત્તિ ને બહારના કર્મને જ સર્વ કાંઈ માનનારા માણસો મહર્ષિના આ અંદરના કર્મને ભાગ્યે જ સમજી શકાશે. તે દ્વારા તેમણે કેટલા સાધકોને શાંતિ આપી, કેટલા માર્ગ ભૂલેલા માણસોને માર્ગ બતાવ્યો, ને કેટલાનું જીવન ઉજ્જવળ કરી દીધું, તેનો હિસાબ કોની પાસે છે ? તેમના જેવા શક્તિશાળી સંતો બહારથી ઉદાસીન રહેવા છતાં એવી રીતે અનેક પ્રકારનાં ઉપકારક કર્મ કરી શકે છે એ ચોક્કસ છે.

આવા અનુભવો બે રીતે થાય છે એમ વરસોના અનુભવથી મને સમજાયું છે. ઈશ્વર પોતે સાધકોને ઉત્સાહ આપવા ને મદદ કરવા આવા મહાપુરુષોના અનુભવો પોતાની ઇચ્છાથી આપે છે. તેમાં મુખ્ય કારણ મહાપુરુષોની સવિશેષ શક્તિનું નથી હોતું પણ ઈશ્વરની શક્તિનું છે. મહાપુરુષોને તો તે અનુભવોની ખબર પણ નથી હોતી. બીજા પ્રકારના અનુભવો મહાપુરુષની શક્તિ માટે ગૌરવ ને અંજલિરૂપ છે. કેટલીકવાર તો તે મહાપુરુષ પ્રથમથી જણાવીને નક્કી કહેલા દિવસે ને સમયે અનુભવ આપે છે. બધાને આ સૂક્ષ્મ ભેદનો ખ્યાલ નથી તેથી ઈશ્વરની કૃપાથી થયેલા અનુભવને તેવા લોકો વધારે ભાગે મહાપુરુષે પોતે પોતાની શક્તિથી આપેલો અનુભવ માની લે છે ને ભ્રમમાં પડે છે. કેટલાક સાધુપુરુષો પણ ભક્તો દ્વારા એવા અનુભવને સાંભળીને પોતાની શક્તિ વિશે ન છાજે તેવા મોટા ને ખોટા અભિપ્રાયો બાંધી લે છે ને ઈશ્વરે આપેલા ચમત્કારિક અનુભવને પોતાના ચમત્કાર તરીકે ગણાવે છે. પોતાની ત્રુટિને જાણી લઈ તથા દૂર કરી તેમણે સાચી શક્તિ મેળવવાની છે, જેથી તે ભક્તો ને સાધકોને ઈચ્છાનુસાર અનુભવો આપી શકે. રમણ મહર્ષિમાં એવી શક્તિ હતી, તેમના સંપર્કમાં આવનારા એ વાતને સમજી શક્યા હશે.

એ અરસામાં એક બીજો સુંદર અનુભવ થયો. એ અનુભવ પણ રાતનો ને ધ્યાનાવસ્થામાં થયેલો. ધ્યાનને અંતે મને સમાધિ થઈ. તેમાં મને નીચે ભૂગર્ભમાં ઊંડી ખીણ જેવું દૃશ્ય દેખાયું. ત્યાં એક નાનું સરખું ઘટાદાર વૃક્ષ હતું. નીચે બેસીને પણ તેનાં પાંદડાંને પકડી શકાય તેમ હતું. વૃક્ષની નીચે એક નાનો ચોતરો હતો. તેની આગળ થોડું મેદાન હતું. ચોતરા પર પદ્માસન વાળીને એક મહાપુરુષ આંખ બંધ કરીને ધ્યાનાવસ્થામાં બેઠેલા. તેમણે સ્વચ્છ ને સફેદ વસ્ત્રો પહેરેલાં. શરીરના નીચેના ભાગમાં એક વસ્ત્ર વીંટેલું

અને ઉપર એક ઓઢેલું. નીચેનું વસ્ત્ર ઘૂંટણ સુધી જ હતું એટલે અડધા પગ ઉઘાડા જ દેખાતા. માથે લાંબા વાળ, દાઢી બિલકુલ ન હતી. મોઢું અત્યંત તેજસ્વી સુવર્ણમય ને શાંત. આખુંયે દર્શન અદભુત હતું.

મને થયું કે આ નાની ઉંમરના મહાપુરુષ કોણ હશે ? ભારતમાં બાલયોગી ઘણા થયા છે. અષ્ટાવક્ર, શુકદેવ, શંકરાચાર્ય જેવા મહાપુરુષો પ્રખ્યાત છે. પણ આ મહાપુરુષનું સ્વરૂપ તો તદ્દન નિરાળું છે. તે જ વખતે મને અંતઃપ્રેરણા થઈ કે આ મહાપુરુષ બીજા કોઈ નહિ પણ સંત જ્ઞાનેશ્વર છે. મારું અંતર આનંદથી નાચી ઊઠ્યું.

જ્ઞાનેશ્વરને કોણ નથી ઓળખતું ? જ્ઞાનેશ્વરી ગીતા જેવા મહાન ગ્રંથની રચના જેમણે પંદર વરસની નાની ઉંમરમાં કરી તે જ્ઞાનેશ્વર એમના અપૂર્વ જ્ઞાનને માટે પ્રસિદ્ધ છે. પૈઠણમાં તેમણે પાડાના મુખમાંથી વેદ બોલાવ્યા. તે પછી તે મહાન યોગી તરીકે જાણીતા થયેલા. પુનાની પાસેનું આલંદી ગામ તેમનું જન્મસ્થાન ને મુખ્ય લીલાસ્થાન પણ તે જ. ચાંગદેવ તેમને મળવા માટે સિંહ પર સવારી કરીને હાથમાં સાપની ચાબુક લઈને આવ્યો ત્યારે તેમણે દીવાલને તેની દિશામાં ચલાવી. તે દિવાલ પર જ્ઞાનેશ્વર, નિવૃતિનાથ, સોપાન ને મુક્તાબાઈ ચારે ભાઈબેન બેઠેલાં. તે ચારે મુક્ત હતાં. જ્ઞાનેશ્વરે આલંદીમાં જીવંત સમાધિ લીધી. આલંદીમાં તેમની મોટી સમાધિ છે. હજારો ભક્તો ત્યાં ભેગા થાય છે ને પ્રેરણા મેળવે છે. એવા મહાન સંત, જ્ઞાની ને યોગી જ્ઞાનેશ્વરનું મને દર્શન થયું તેથી મને ખરેખર આનંદ થયો. તેમના દર્શનનો એ અનુભવ આશરે દશેક મિનિટ રહ્યો હશે.

કોઈ કહેશે, જ્ઞાનેશ્વર મહારાજને તો થઈ ગયે વરસો વીતી ગયાં છે. તો શું આજે તેમનું દર્શન થઈ શકે ? આપણે કહીશું કે જરૂર થઈ શકે. જેમ વરસો વીતી જવા છતાં આજે કૃષ્ણ, રામ, વ્યાસ, દત્તાત્રેય, નારદ, બુદ્ધ ને ઈશુ જેવા મહાપુરુષોનું દર્શન પણ થઈ શકે છે. મહાપુરુષો દેશ ને કાળથી પર હોય છે. દેશ ને કાળની મર્યાદામાં રહીને તેમનો વિચાર કરવામાં અજ્ઞાન રહેલું છે. તેમને દેશ ને કાળનાં બંધન નથી. તેથી ગમે તે વખતે ને ગમે તે સ્થળે દર્શન આપી શકે છે. તેમના દર્શન માટે માણસનું મન આતુર હોવું જોઈએ. અથવા માણસનું મન આતુર ના હોય તો પણ તેમની અથવા ઈશ્વરની ઈચ્છાથી તેમનું દર્શન થઈ શકે છે.

આ સંસારમાં બે પ્રકારના મહાપુરુષો છે. પહેલા પ્રકારના મહાપુરુષો શરીરનો ત્યાગ કરીને પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જાય છે અથવા એક થઈ જાય છે કે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવામાં રસ ધરાવતા નથી. પરંતુ બીજા પ્રકારના મહાપુરુષોનું બંધારણ જરાક જુદું હોય છે. તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી હોવા છતાં શરીર છોડ્યા પછી તે પરમાત્મામાં પૂરેપૂરા મળી જતાં નથી. તે વિચારે છે કે આપણે તો પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનમુક્ત પદે પહોંચી ગયાં પણ હવે બીજાને પૂર્ણતા ને મુક્તિનો માર્ગ બતાવીએ, બીજાને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના કલ્યાણ કામમાં મદદ કરીએ, ને સંસારમાં ઈશ્વરનો સંદેશ ફેલાવીએ. એવા પુરુષો જરા વધારે પ્રેમાળ ને પરગજુ સ્વભાવના હોય છે. લોકસંગ્રહમાં માને છે તેથી શરીરને છોડી દીધા પછી પણ પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે. તેમાંના કોઈ સુક્ષ્મ શરીરે તો કોઈ સ્થૂળ શરીરે પણ રહે છે. તે સિદ્ધ ને મુક્ત કોટિના હોય છે.

તે પુરુષો પોતાની ઈચ્છા અનુસાર શરીર ધારણ કરે છે અથવા જન્મે છે. પણ તેમને બાળપણથી જ પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન હોય છે ને પોતે જે હેતુ માટે શરીર ધારણ કર્યું છે તેનો પણ ખ્યાલ હોય છે. તે

સંસારમાં ફસાતા નથી. બાળપણથી જ પ્રભુના પંથે વળી જાય છે. પોતાના જીવન દ્વારા તે કેટલાય લોકોનું કલ્યાણ કરે છે, ને પોતાનું કાર્ય પૂરું કરીને પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે. કેટલીકવાર તેમના દ્વારા સંસારમાં વ્યાપક રીતે અસર કરનારા મોટાં કામો થાય છે તો કેટલીકવાર ધર્મપ્રચાર પણ થાય છે. એવા અવતારી પુરુષોને શાસ્ત્રોમાં કારક પુરુષ પણ કહેવામાં આવ્યા છે. તેવા પુરુષો જ્યારે તેમને યોગ્ય લાગે ત્યારે કોઈ જાતની હરકત વિના, પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જઈને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને શાંત પણ કરી શકે છે. તેમ કરવામાં તે તદ્દન સ્વતંત્ર છે.

જે મહાપુરુષો પરમાત્મામાં મળી ગયા છે તેમાંના કોઈનું દર્શન કરવાની ઈચ્છા હોય તો પણ તે ઈચ્છા પરમાત્માની કૃપાથી પૂરી થઈ શકે છે, એ સમજી લેવા જેવું છે. પરમાત્મા સર્વસમર્થ હોવાથી સાધકની સઘળી ઈચ્છા પૂરી કરી શકે છે પરમાત્માની કૃપાથી તેવું દર્શન થઈ શકે છે અથવા પરમાત્મા પોતે તે મહાપુરુષના સ્વરૂપમાં પ્રકટ થઈને સાધકને શાંતિ આપે છે. પણ તેવું કોઈ વાર જ બને છે.

આટલી સ્પષ્ટ વિચારણા પરથી સમજાશે કે જ્ઞાનેશ્વર મહારાજને સશરીર સમાધિ લીધે વરસો થયાં તો પણ તેમનું દર્શન આજે જરૂર થઈ શકે તેમ છે. જ્ઞાનેશ્વર મહારાજે તો જીવતાં જ સમાધિ લીધેલી. તે પરથી તેમની મહાન યૌગિક શક્તિનો ખ્યાલ આવી શકે છે. તેવા કાળ પર શાસન કરનારા મહાપુરુષ સમાધિ લીધા પછી પણ કોઈને પોતાની ઈચ્છાથી દર્શન આપે તો તેમાં આશ્ચર્ય જેવું કંઈ જ નથી. તે વાત સહેલાઈથી સમજી શકાય તેવી છે. ઈતિહાસ કહી બતાવે છે કે જ્ઞાનેશ્વર મહારાજ પછી આશરે ત્રણસો વરસે મહારાષ્ટ્રમાં એકનાથ મહારાજ થયા. તેમને જ્ઞાનેશ્વર મહારાજે એકવાર સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે જે વૃક્ષ નીચે મેં સમાધિ લીધી છે તેની એક ડાળ મને વાગે છે. તેથી તું આવીને ઠીક કરી જા.

આવા મહાન યોગીને વળી ડાળી શું વાગે ? શું તે ડાળીને તે ઠીક ના કરી શકે ? પણ એવી રીતે એમણે એકનાથજીને દર્શન આપવાનું એક નિમિત્ત ઊભું કર્યું. એકનાથજી સ્વપ્નની સુચના પ્રમાણે આલંદી પહોંચ્યા. પણ સમાધિનું સ્થાન શોધી શક્યા નહિ. ત્યારે જ્ઞાનેશ્વર મહારાજે ફરી સૂચના કરી તે પ્રમાણે જમીનની અંદરના સમાધિસ્થાનમાં પ્રવેશ કર્યો. ત્યાં જે જોવામાં આવ્યું તેથી તેમને અત્યંત આનંદ થયો. એક નાના સરખા વૃક્ષ નીચે જ્ઞાનેશ્વર મહારાજ બેઠેલા. એમણે એકનાથજીનો સ્મિત સાથે સત્કાર કર્યો. એકનાથ પણ મહાન ને ઈશ્વરદર્શી સંત હતા. બંનેનું મધુર મંગલ મિલન થયું. જાણે રામ ને ભરત, બદ્રીનાથ ને કેદારનાથ, ગંગા ને જમના અથવા જ્ઞાન, ભક્તિ ને યોગનો શાનદાર સમાગમ થયો. કહે છે કે ત્યાં એકનાથજી ત્રણ દિવસ ને ત્રણ રાત રહ્યા. તે દરમિયાન તે બંને મહાપુરુષોએ શું કર્યું તે તો તે જ જાણે, પણ શ્રી એકનાથના ગીતો ઉપરથી સંસારે એટલું તો જરૂર જાણ્યું કે જ્ઞાનેશ્વર મહારાજ હજી હયાત છે અને એમણે એકનાથજીને કૃતાર્થ કર્યા છે. તે મહાજ્ઞાની ને યોગી મહાપુરુષે મને ઉત્તરકાશી જેવા હિમાલયના દૂરના સ્થાનમાં પણ શોધી કાઢીને તે પછી કેટલાંય વરસે ઠેઠ ઈ.સ.૧૯૪૪ માં દર્શન આપ્યા તેનું કારણ તેની કૃપા જ કહી શકાય. તેમને માટે મને કે કોઈને દર્શન આપવાનું મુશ્કેલ નથી. આટલાં વરસોમાં તેમણે બીજા કેટલા સાધકોને દર્શન આપ્યા છે ને મદદ કરી છે તેની કોને ખબર છે ?

મને દર્શન આપીને શ્રી રમણ મહર્ષિની જેમ એમણે પણ મારા અંતરનું એમણા તરફ આકર્ષણ કર્યું. એમના પ્રત્યે મને પ્રેમ તો હતો જ, પરંતુ તે હવે વધી ગયો, તેમનું મહાન વ્યક્તિત્વ મારી આંખ આગળ

રમવા માંડ્યું. શ્રી એકનાથ મહારાજ તો મહાન હતા. હું તો હજી એક સાધારણ બાળક છું. મારામાં કોઈ વિશેષ યોગ્યતા પણ નથી. છતાં મારા પર તેમણે કૃપા કરી, તેનો વિચાર કરીને મારું હૃદય ભરાઈ આવ્યું. પણ મહાપુરુષોની પદ્ધતિ એવી જ રહસ્યમય હોય છે. તે કોના પર કૃપા કરશે તે વિશે કશું જ કહી શકાતું નથી. ભારત ને સંસારના એ બંને મહાપુરુષો-શ્રી રમણ મહર્ષિ ને જ્ઞાનેશ્વરનાં ચરણોમાં મારાં પ્રણામ છે, વારંવાર પ્રણામ છે. તેમની કૃપા શક્ય હોય ત્યાં સુધી તે મારા પર વરસાવ્યા કરશે એવી આશા રાખું તો એ અસ્થાને નહિ ગણાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૩. સંતોનો મેળાપ

ઋષિકેશમાં રોજના ક્રમ પ્રમાણે સાંજે હું ગંગાકિનારે ફરવા ગયેલો. ત્યાં એક મુસાફર ભાઈની મુલાકાત થઈ. તેમની સાથે વાત નીકળતા તેમણે કહ્યું : 'મારો વિચાર ઉત્તરકાશી અથવા દેવપ્રયાગ જવાનો છે. કોઈ સારા સંતમહાત્માના દર્શનની મારી ભાવના છે. તેથી જ હું હિમાલયના આ પ્રદેશમાં આવ્યો છું. દેવપ્રયાગ કે ઉત્તરકાશીમાં મને કોઈ સારા મહાત્માનું દર્શન થઈ શકશે ? ત્યાં તો કેટલાય સિદ્ધપુરુષો રહે છે એમ મેં સાંભળ્યું છે.'

મેં કહ્યું : 'દેવપ્રયાગમાં કોઈ સારા મહાત્મા રહેતા હોય એવો મને ખ્યાલ નથી. ત્યાં ભાગ્યે જ કોઈ સાધુ મહાત્મા રહે છે. ઉત્તરકાશીમાં તમને સંતમહાત્માના દર્શનનો લાભ જરૂર મળશે. પણ તેમનાં દર્શનથી તમને સંતોષ કે શાંતિ મળશે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. અત્યારે વખત કેવો છે તે તો તમને ખબર છે. આ વખતમાં શુદ્ધ ને સંયમી થઈને પ્રભુપરાયણ જીવન જીવનારા થોડા છે. હિમાલયમાં પણ તેમની સંખ્યા થોડી છે. આ બાજુ અભ્યાસી ને વિદ્વાન સંતપુરુષો મળે છે પણ તપસ્વી, અનુભવી ને સાધના કરનારા પુરુષો ભાગ્યે જ મળે છે. તેમને ઓળખવાનું કામ પણ કઠિન છે. સંભવ છે કે ઉત્તરકાશી તરફ તેવા કોઈ મહાત્મા મળી જાય. તમારી ઈચ્છા હોય તો ત્યાં જવામાં હરકત નથી. સ્થાન સારું છે. કુદરતી સૌંદર્ય પણ વરસાદને લીધે સારા પ્રમાણમા ખીલ્યું હશે. તમને આનંદ આવશે ને પ્રત્યક્ષ અનુભવ મળશે.'

મારા શબ્દોને સાંભળીને તે ભાઈ પ્રસન્ન મુખે વિદાય થયા. તે ઉત્તરકાશી ગયા કે નહિ તેની મને ખબર નથી. પણ તેમની સાથેની વાતચીત પછી ઉત્તરકાશીના નિવાસ દરમિયાન મને થયેલા સંતમહાત્માના અનુભવો મારા સ્મૃતિ પટ પર તાજા થયા. સંતમહાત્મા વિશે તે ભાઈને મેં જે અભિપ્રાય આપ્યો હતો તેની પાછળ ઉત્તરકાશીના ને તે પછીના જીવનના વિશાળ અનુભવનું પીઠબળ હતું. ઉત્તરકાશી જતાં મેં સાંભળેલું કે ત્યાં ઘણી ઊંચી કોટિના વિરક્ત ને તપસ્વી મહાત્માઓ નિવાસ કરે છે. પરંતુ ત્યાંના પ્રત્યક્ષ અનુભવ પછી મને તે વાત અતિશયોક્તિ ભરેલી લાગી. ઉત્તરકાશી કે ગંગોત્રી જેવાં સ્થળોમાં વાસ કરવા માત્રથી કોઈ તપસ્વી કે વિરક્ત નથી થઈ જતું અથવા કેવળ કૌપીનને અને કંથાને ધારણ કરવાથી કે કરપાત્રી થવાથી પણ કોઈને માનવામાં આવે છે તેમ જીવન મુક્તિપદ નથી મળી જતું. વિરક્તિ ને જીવનમુક્તિમાં મુખ્ય ભાગ મન ભજવે છે. એટલે માણસના બાહ્ય રૂપરંગ ગમે તેવા હોય તો પણ તેનું મન શામાં રમે છે, પરમાત્મામાં કે સંસારમાં, ને તેના વિચારો ને વૃત્તિનું સ્વરૂપ કેવું છે તેનું નિરીક્ષણ પણ કરવું પડે છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરીને એ અહંકાર, મમતા તથા વિષાયાસક્તિથી મુક્ત થયો છે કે કેમ તે પણ જોવું પડે છે. તે વિના ચોક્કસ અભિપ્રાય આપી શકાતો નથી. તે દૃષ્ટિએ જોઈએ તો મને ઉત્તરકાશીમાં ઉત્તમ કોટિના સંતો ખૂબ જ વિરલ દેખાયા. જેમ ઋષિકેશમાં જોવા મળેલું તેમ ત્યાં પણ વિદ્વાનોની સંખ્યા સારી દેખાઈ, પણ સાધનામાં રસ લેનારા કે સાધના કરીને શાંતિ મેળવી ચૂકેલા બહુ ઓછા દેખાયા. એવા પુરુષોના સમાગમથી મને આનંદ થતો. તેમાંથી બેચારનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય.

ઉત્તરકાશીમાં વિશ્વનાથ મહાદેવનું સ્થાન છે. તેમાં નાની સરખી કુટિયા કરીને એક મહાત્મા રહેતા. તે નાગાજીના નામે ઓળખાતા. શરીર પર કૌપીન ને ભસ્મ વિના તે બીજું કાંઈ જ રાખતા નહિ. તેમને માથે

મોટી જટા હતી. તેમનું શરીર તદ્દન કૃશ દેખાતું. એકવાર કોઈના કહેવાથી ક્ષેત્રમાં ભિક્ષા લેવા જતી વખતે મેં તેમની મુલાકાત લીધી. તેમણે મારો સસ્મિત સત્કાર કર્યો ને સંકેતથી મારી સાથે થોડી વાતચીત કરી. તેમણે વર્ષોથી મૌનવ્રત લીધેલું હોવાથી ખુલ્લી રીતે વાતચીત કરી શકાય તેમ ન હતું. પરંતુ તેમને જોઈને મને તેમની વિશેષતાની ખાતરી થઈ ને તેમના પર પ્રેમ થયો. પછી તો અવારનવાર તેમની પાસે જવાનું ચાલું રહ્યું. પરિણામે તે પણ મને પ્રેમભાવે જોવા લાગ્યા. તેમને ક્ષેત્રમાંથી મદદ મળતી. તેથી તે રસોઈ હાથે જ બનાવી લેતા. તેમની કુટિયામાં અગ્નિ જાગ્રત જ રહેતો. ક્ષેત્રમાં જતી વખતે બીજા પણ કેટલાક સાધુમહાત્મા તેમની પાસે આવતા. મેં પણ તેમની પાસે જવાનો સમય એ જ રાખ્યો.

તેમના એક પ્રશંસક તરફથી મેં સાંભળેલું કે તે રાતે સૂતા નથી. આખી રાત લગભગ જાગતા જ રહે છે ને સાધના કરે છે. તે વાત સમજતાં મને મુશ્કેલી ના પડી. કેમ કે મને તે દશાનો અનુભવ હતો. પાછલા થોડા મહિનાથી મેં પણ તેવી ટેવ પાડેલી. નાગાજીની મુખાકૃતિ શાંત ને પ્રસન્ન રહેતી. તેમની આંખ પણ તેજસ્વી દેખાતી. તે પરથી અનુમાન કરી શકાતું કે તેમને સાધનામાં સારી અનુભવદશાની પ્રપ્તિ થઈ હશે. મારા પ્રત્યેનો તેમનો પ્રેમ ધીરેધીરે વધવા માંડ્યો. પછી તો કેટલીક વાર અમારે બપોરે મળવાનું થતું. બપોરે કોઈવાર દૂધ પીવા બજારમાં જતો ત્યારે તે મને દૂરથી જોઈને મળવા આવતા ને મારી પાસે થોડીવાર બેસતા. મને જોઈને કોણ જાણે કેમ પણ તેમને આનંદ થતો. તેમની સાથે અવારનવાર જે થોડી ઘણી સાંકેતિક વાતો થતી તે પરથી તે એક ઉત્તમ શ્રેણીના સંતપુરુષ છે તેની ખાતરી થતી. તેમની વાતો અનુભવની પીઠબળવાળી હતી. એકવાર તેમણે મને કહેવા માંડ્યું : 'સાધુપુરુષે બે વસ્તુને ખાસ સાચવવાની છે : જીભ અને ઉપસ્થ. જીભ અને ઉપસ્થના સંયમ વિના બધું નકામું છે - સાધુજીવનનું કાંઈ મહત્વ નથી રહેતું.'

આજે વરસો વીતી ગયાં છે તો પણ તે મહાપુરુષે કહેલી એ ડહાપણભરેલી અનુભવવાણી એવી ને એવી જ યાદ છે. ખરેખર સાધુપુરુષે જ નહિ પણ જીવનની ઉન્નતિની ઈચ્છાવાળા કોઈયે પુરુષે એ શબ્દોને ખાસ યાદ રાખવા જેવા છે. જીભના વિષયમાં રસાસ્વાદ ને વાણી બંનેનો સમાવેશ થઈ જાય છે. બ્રહ્મચર્ય અથવા સંયમની મહત્તા તો લગભગ પ્રત્યેક ધર્મના મહાપુરુષોએ પોકારી પોકારીને કહી બતાવી છે. સ્ત્રી ને પુરુષ બંનેને માટે તેનું પાલન એકસરખું આવશ્યક છે. જીભ અને ઉપસ્થ બંનેનો સંયમ શ્રમસાધ્ય છે. તે માટે સતત જાગૃતિ, આત્મનિરીક્ષણ ને પ્રભુપ્રાર્થનાનો આધાર આવશ્યક છે. તે ઉપરાંત સારા પુરુષો, સ્થળો અને ઉત્તમ પુસ્તકોનો સંગ પણ સહાયકારક થઈ પડે છે. ગમે તેમ કરીને પણ સંયમનું વ્રત સાધકે લેવું જોઈશે અને સંયમની સાધના કરવી જ પડશે. તેના વિના આત્મિક ઉન્નતિની સાધના અધૂરી જ રહેશે.

નાગાજીની ઈચ્છા એવી હતી કે હું ઉત્તરકાશીમાં જ કાયમ માટે રહી જાઉં. તે ઈચ્છા તે મારી પાસે અવારનવાર વ્યક્ત પણ કરી બતાવતા. મારી ઈચ્છા પણ કૈંક એવી હતી, કેમ કે ઉત્તરકાશીનું વાતાવરણ મને ફાવી ગયેલું. પરંતુ ઈશ્વરની ઈચ્છા જુદી હતી. એટલે ઉત્તરકાશીમાં મારે વધારે વખત રહેવાનું ના થયું. આજે એ સાચા સંતપુરુષની સ્મૃતિ મારા દિલમાં કાયમ છે ને તેમને માટેનો આદરભાવ પણ એવો જ છે. વરસો વીતી જાય ને કોઈ કારણથી શરીરથી દૂર રહેવાનું થાય તેથી તેનો અંત કેવી રીતે આવે ને કેવી રીતે

દૂર થઈ શકે ? સંતોની સ્મૃતિ ને સંતોનો સ્નેહ તેમના સમાગમની પેઠે સદાય સુખકારક ને શાંતિદાયક છે. તે તો વખતના વીતવા સાથે વધે અને અમર રહે તે જ બરાબર છે.

ઉત્તરકાશીમાં તે વખતે બીજા ઊંચી શ્રેણીના સાધકનો સમાગમ થયા કરતો. તેમનું નામ મોતીલાલ બ્રહ્મચારી હતું. તે ગંગાના બીજા કિનારા પર એક નાનું સરખું ગામ હતું ત્યાં રહેતા. ઉત્તરકાશીમાં અવારનવાર આવતા, ત્યારે તે મને અચૂક મળતા. તેમની ઉંમર તે વખતે ચાલીસેક વરસની હતી, પણ યોગાભ્યાસના પ્રભાવથી તે પચ્ચીસેક વરસના દેખાતા. તેમને યોગની સાધનામાં રસ હતો. તેમના જેવા ઉત્સાહી પુરુષાર્થી સાધકો બહુ ઓછા મળે છે. યોગની કેટલીક જરૂરી પ્રારંભિક તાલીમ લઈને તે હિમાલયમાં આવી પહોંચેલા ને હવે ઉત્તરકાશીમાં સ્થાયી જેવા થઈ ગયેલા. રાતે બે વાગે ઊઠીને તે આસન ને પ્રાણાયામની જરૂરી સાધનામાં લાગી જતાં. બપોરે એકવાર ભાત ને દૂધનું ભોજન કરતાં. ભોજન હાથે જ બનાવી લેતા. ઉત્તરકાશીથી થોડેક દૂર બ્રહ્માજી નામે એક યોગી રહેતા. તેમની પાસેથી તેમને પ્રાણાયામની કોઈ ક્રિયાની પ્રાપ્તિ થયેલી. તેથી તેમને ખૂબ લાભ થયેલો. ખાસ કરીને કુંભક કરવામાં અથવા પ્રાણવાયુને લાંબો વખત રોકી રાખવામાં તે પછી તેમને અણધારી સફળતા સાંપડેલી. તે મને કહેતા કે તે એક કલાક સુધી કુંભક કરી શકતા. કોઈ બીજું વિઘ્ન ના આવે ને નિયમિત ક્રમ પ્રમાણે પ્રાણાયામનો વર્તમાન અભ્યાસ ચાલ્યા કરે તો એક કે બે વરસમાં તે ત્રણ કલાકનો કુંભક કરી શકશે એવી તેમની ગણતરી હતી. તે વાતને આજે વરસો વીતી ગયાં છે. તે અત્યારે ક્યાં છે તેની મને ખબર નથી. તેમની સાધના સતત ચાલુ રહી કે તેમાં કોઈ અણધારી આપત્તિ આવી પડી, તેની પણ મને ખબર નથી. પરંતુ જો એમની સાધના ચાલુ રહી હશે તો આજે એમની અવસ્થા અત્યંત ઊંચી હશે. ઈ. સ. ૧૯૪૪ના એ મોતીલાલ બ્રહ્મચારી આજે કદાચ એક મોટા અનુભવી યોગી બની ગયા હશે.

સાધનાનો માર્ગ કષ્ટસાધ્ય છે. તેમાં ભારે ઉત્સાહ, લગની, તાલાવેલી, શ્રદ્ધા ને પુરુષાર્થની જરૂર પડે છે. યોગની સાધના તો વળી વધારે કપરી છે. તેની સિદ્ધિ સારું વરસો સુધી મહેનત કરવી પડે છે. બધા માણસોમાં એવી સતત ને દીર્ઘ મહેનત કરવાની શક્તિ નથી હોતી. એટલે બહુ ઓછા સાધકોને યોગનો માર્ગ પસંદ પડે છે ને તેથી પણ ઓછા તેમાં સફળ થઈ શકે છે.

ઉત્તરકાશીમાં તે દિવસોમાં મને ગંગોત્રીમા રહેતા પ્રસિદ્ધ મહાત્મા શ્રી કૃષ્ણાશ્રમના દર્શનનો લાભ મળ્યો. કૃષ્ણાશ્રમ તે વખતે ઉત્તરકાશી આવેલા ને મારી પાસેની જ કુટિયામાં રહેતા. તે નગ્નાવસ્થામાં રહેતા ને મૌન રાખતા. સંસ્કૃત સારું જાણતા એમ કહેવાતું. મેં તેમની મુલાકાત લીધી ત્યારે તે કુટિયામાં પરાળ જેવા સુકા ઘાસ પર બેઠેલા. તેમની મુખાકૃતિ જટા ને દાઢીથી ભરેલી ને પ્રભાવશાળી હતી. એ તેમનું પહેલું દર્શન હતું. તે પછી થોડા જ દિવસમાં તે ગંગોત્રી જવા રવાના થયા. તેમની સાથે એક પર્વતીય સ્ત્રી પણ હતી. તે તેમની સેવા કરતી. તે વિશે વિશેષ ઉલ્લેખ આગળ પર કરી શકાશે.

સ્વામી તપોવનજી, દેવગિરિજી તથા પ્રજ્ઞાનાથજીનો દર્શન લાભ પણ ઉત્તરકાશીમાં પ્રાપ્ત થયેલો. પ્રજ્ઞાનાથજી યોગસાધનામાં વિશેષ અભિરુચિ રાખતા અને કેટલીક યોગક્રિયાઓ પણ કરતા રહેતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૪. પૂર્વજન્મનું જ્ઞાન

**(૧)**

પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે ખરું ? જરૂર થઈ શકે. આજ સુધી કેટલાય પુરુષોને થયું છે ને પ્રયાસ કરનારા બીજા કેટલાયને થઈ શકશે. વિવેકી પુરુષોએ તેમાં સંદેહ કરવાની જરૂર નથી. ભારતના મહાન ધર્મગ્રંથોમાં પૂર્વજન્મના જ્ઞાનની વાતો સારા પ્રમાણમાં આવે છે. ગીતામાં ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે હે અર્જુન, તારા ને મારા અનેક જન્મો થઈ ગયા છે. તે બધાને હું જાણું છું પણ તને તેની ખબર નથી. તે શબ્દોમાં અસ્તિત્વ અને જ્ઞાનનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તુલસીકૃત રામાયણમાં કાકભુશુંડજીએ પોતાના પૂર્વજન્મોની કથા કહી બતાવી છે. તે ઉપરાંત શ્રીમદ્ ભાગવતમાં જડભરત જેવા પૂર્વજન્મના જ્ઞાન સાથે સંસારમાં અનાસક્ત ભાવે વિચરણ કરનારા મહાપુરુષની વાત આવે છે. એવા બીજા કેટલાય ઉદાહરણો આપી શકાય. પરંતુ તેમ કરીને વિસ્તારમાં પડવાની જરૂર નથી. શાસ્ત્રની વાતો તો જરા જૂની થઈ. કોઈ એવી દલીલ પણ કરી ઊઠે. એવા પુરુષોને માટે મહાત્મા વેદબંધુ જેવા કેટલાક વર્તમાનકાળના સંતપુરુષોની અનુભવી વાતો સંતોષકારક થઈ પડશે. તેવી વાતો પરથી સમજાય છે કે પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે ને તેવા જ્ઞાનવાળી વ્યક્તિઓ આજેય હયાત છે. એથી પ્રબળ પ્રત્યક્ષ પ્રમાણ બીજું કયું હોઈ શકે ? જેની ઈચ્છા હોય તે જરૂરી પુરુષાર્થ કરીને તેની ખાતરી કરી શકે છે.

પૂર્વજન્મનું જ્ઞાન મેળવવાનો માર્ગ કયો ? પાતંજલ યોગદર્શનના વિભૂતીપાદના અઢારમાં સૂત્રમાં તેનો નિર્દેશ ભગવાન પતંજલિએ સ્પષ્ટપણે કરેલો છે. તે કહે છે કે અંતઃકરણમાં એકઠા થયેલા સંસ્કારોમાં સંયમ કરવાથી યોગીને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે. તે પ્રમાણે યોગીને બીજાના પૂર્વજન્મનું જ્ઞાન પણ થઈ શકે છે. સમાધિની મદદથી પૂર્વજન્મને જાણવાનો એ માર્ગ યોગની સાધનાનો માર્ગ છે. તે ઉપરાંત એક બીજો પણ માર્ગ છે. તેને પ્રેમ અથવા ભક્તિનો અથવા ઈશ્વરની કૃપાનો માર્ગ કહી શકાય. તે માર્ગ મુજબ પૂર્વજન્મના જ્ઞાન માટે કોઈ સાધક ઈચ્છા કરે, તલસે, ને પ્રભુની પ્રાર્થનાનો આધાર લે, એટલે તેને પ્રભુની કૃપાથી પૂર્વજન્મનું જ્ઞાન થઈ જાય છે. પ્રભુ અથવા પ્રભુના પ્રતિનિધિ જેવા સિદ્ધ પુરુષો તેને પૂર્વજન્મની માહિતી પૂરી પાડે છે. કોઈવાર એવું પણ બને છે કે માણસને પૂર્વજન્મના જ્ઞાનની ઈચ્છા કે આતુરતા ના હોય તો પણ ઈશ્વરને યોગ્ય લાગે તો તેની આગળ તે પૂર્વજન્મનું રહસ્ય ખુલ્લું કરે છે. વેદબંધુના સંબધમાં એવું જ બન્યું છે. તેમને થયેલા આકસ્મિક અનુભવ પરથી તે સમજી શકાય છે.

પૂર્વજન્મનું જ્ઞાન એ રીતે યોગ, ભક્તિ ને ઈશ્વર અથવા સિદ્ધ પુરુષોના અનુગ્રહથી પણ થઈ શકે છે. તે દેવી, દેવતા, સિદ્ધપુરુષ, ઈશ્વર અથવા આત્માના અવાજ દ્વારા પણ પૂરું પાડવામાં આવે છે. કોઈવાર તેની માહિતી સ્વપ્ન દ્વારા, કોઈવાર ભગવાન પતંજલિએ કહ્યું છે તેમ ધ્યાન કે સમાધિ દ્વારા, ને કોઈવાર જાગૃતિ દશામાં પૂરી પાડવામાં આવે છે. જાગૃતિ દશામાં બહુ જ ઓછા સાધકોને પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે. સમાધિ દશામાં થનારા જ્ઞાનનું પણ તેવું જ છે.

નાનપણમાં હું એકવાર એક મહાપુરુષનું જીવનચરિત્ર વાંચતો હતો ત્યારે મને અચાનક એવો ભાવ થઈ આવ્યો કે આ મારું જ જીવનચરિત્ર છે. હું તે વખતે બાળક હતો. મને જીવનના રહસ્યનું ને સાધનાનું

પૂરું જ્ઞાન પણ ન હતું. જીવનની ઉન્નતિનો એકડો ઘૂંટવા બેઠો હોઉં તેવી તે વખતે મારી દશા હતી. તે મહાપુરુષની મહાનતા ને યોગ્યતા પાસે મારી યોગ્યતા સિંધુ આગળ બિંદુ ને પર્વતની આગળ રજ બરાબર પણ ન હતી. કોઈ મોટેરાને ડાહ્યા માણસને મારો ભાવ જણાવ્યો હોત તો તે મને હસી કાઢત, એવી તે વખતે મારી દશા હતી. છતાં પણ એવો ભાવ મારા દિલમાં કેમ ઉત્પન્ન થયો તે કહી શકાય તેમ ન હતું. આશ્ચર્ય એ હતું કે તે ભાવ મારા દિલમાં તદ્દન સહજ રીતે ઉત્પન્ન થયેલો ને મારા અંતરે સ્વીકારી લીધેલો. પૂર્વજન્મની આછી સ્મૃતિ તે વખતે જાણે જાગી ઊઠી હોય એવી મારી દશા હતી. વખતના વીતવા સાથે એ વિચાર ને ભાવ શાંત થવા માંડ્યો. પહેલીવાર મારા હૃદયે કામ કર્યું હતું ને સંદેશ આપ્યો હતો. હવે મન પોતાનો ભાગ ભજવવા માંડ્યું. મન કહેવા માંડ્યું કે હું તો તદ્દન સાધારણ નવયુવાન છું. હું તે કાંઈ આવો મહાપુરુષ હોઇ શકું ? એ તો કેવળ ભાવનાને લીધે એમ લાગ્યું હશે ! તે પ્રમાણે મન પોતાનું કામ કરવા માંડ્યું ને હૃદય શાંત થવા લાગ્યું. પરંતુ એક ધન્ય ઘડીએ ઈશ્વરે આપેલા સંદેશની જેમ ઉત્પન્ન થયેલા પેલા ભાવને તે સંપૂર્ણપણે ભૂલી શક્યું નહિ.

તે પછી તો વરસો વીતી ગયાં. સાધનાની પ્રવૃતિ પણ શરૂ થઈ. તેણે જીવનની દિશા પલટી નાંખી. દૃષ્ટિકોણ પણ બદલી નાંખ્યો. જેમ વાદળની પાછળ ચંદ્રમા છુપાઈ જાય તેમ શાંતિની ઝંખના ને સાધનામાં પૂર્વજન્મનો વિચાર ઢંકાઈ ગયો. કહો કે ગૌણ બની ગયો. પરંતુ જ્યારે ટિહરીમાં વેદબંધુએ તેમના પૂર્વજન્મની વાત કહી ત્યારે તે પુનઃ પ્રકટ થવા માંડ્યો ને દેહરાદુનમાં પૂર્વજન્મનાં જ્ઞાનવાળા યોગી ભૈરવ જોશીની મુલાકાત થઈ ત્યારે તો તે વધારે પ્રબળ બન્યો. તેમના પૂર્વજન્મની વાત સાંભળ્યા પછી મને થયું કે મને મારા પૂર્વજન્મનું જ્ઞાન નથી તે મારી કચાશ છે. તે ત્રુટીને મારે દૂર કરવી જોઈએ. મને વારંવાર એવો વિચાર આવ્યા કરતો કે આટલી નાની ઉંમરના યુવાનો સંસારમાં જુદી જુદી પ્રવૃત્તિ કરી રહ્યા છે, ત્યારે મારું મન ઈશ્વર અને આધ્યાત્મિકતા તરફ આટલા પ્રબળ પ્રમાણમાં કેમ દોડ્યા કરે છે ? જીવનના ઉષાકાળમાં જ મારી અંદર સંત બનીને પરમાત્મા ને પરમપદને પ્રાપ્ત કરવાની આ તમન્ના ક્યાંથી જાગ્રત થઈ ? એ પ્રશ્નોના પ્રત્યુત્તર માટે પણ મને પૂર્વજન્મનું જ્ઞાન મેળવવાની ઈચ્છા થયા કરતી. વિષય ભારે હતો, પણ મારો ઉત્સાહ પણ ઓછો ભારે ન હતો. ઉત્તરકાશીના નિવાસ દરમ્યાન એ ઉત્સાહ ઘણો વધી પડ્યો. મને થયું કે ગમે તેમ થાય પણ પૂર્વજન્મની માહિતી તો મેળવવી જ જોઈએ.

મારી ઈચ્છા ને પૂરી કરવા માટે મારી પાસે કોઈ શક્તિ જ ક્યાં હતી ? મારી પાસે જે રહ્યુંસહ્યું બળ હતું તે કેવળ પ્રાર્થનાનું હતું. તેમાં ને ઈશ્વરની કૃપામાં મને શ્રદ્ધા હતી. તેથી મેં દિવસ-રાત ખૂબ જ પ્રેમ ને વ્યાકુળતાથી ઈશ્વરને પ્રાર્થના કરવા માંડી. એકાદ દિવસ તો ભૂખ્યા રહીને પણ પ્રાર્થના કરી. મારી પદ્ધતિ આ જ છે. શરૂઆતથી મેં આ જ પદ્ધતિનો આધાર લીધો છે. મારામાં જ્ઞાન, ભક્તિ, તપ કે મંત્રનું બળ બિલકુલ નથી. ફક્ત થોડો ઘણો પ્રેમ છે. તેને લીધે મને જે વસ્તુની ઈચ્છા થાય છે, તેને માટે હું એક સરળ શિશુની જેમ ઝંખું છું, રડું છું, મનોમન પોકારું છું ને પ્રભુને પ્રાર્થું છું. પ્રભુ મને એ રીતે શાંતિ પણ આપે છે. મારું આજ સુધીનું જીવન એ રીતે ઉત્કટ પ્રાર્થના ને તેના પરિણામે મળેલી પ્રભુની કૃપાનું જ જીવન છે એમ કહીએ તો ચાલે. મારી સાધનાનો એ સારમંત્ર છે.

પૂર્વજન્મના જ્ઞાનને માટે મેં આતુર અંતરે પ્રાર્થના કરવા માંડી, પણ તેનું પરિણામ જલદી ના આવ્યું. છેવટે પૂર્વજન્મના જ્ઞાનનો વિચાર જરા મંદ પણ પડી ગયો. થોડી મહેનત પછી મેં એ વિચારને પ્રભુ પર છોડી દીધો. મને થયું કે જો પ્રભુની ઈચ્છા હશે ને પૂર્વજન્મના જ્ઞાનની મારે જરૂર હશે તો પ્રભુની કૃપાથી મને તે જ્ઞાન જરૂર મળી રહેશે.

તે દિવસોમાં એક નવો જ બનાવ બની ગયો. મારી સાથે દેહરાદુનથી ઉત્તરકાશી આવેલા બે સંન્યાસી ભાઈઓને જમનોત્રીની યાત્રા કરવાની ઈચ્છા થઈ. તેમણે મને તેમની સાથે યાત્રા કરવાનું આમંત્રણ આપ્યું. તે ભાઈઓને મારા પર પ્રેમ હતો. તેથી મેં એમના આમંત્રણનો સ્વીકાર કર્યો. એવી રીતે એક ધન્ય દિવસે અમે જમનોત્રી જવા નીકળી પડ્યા. જમનોત્રીની યાત્રા પૂરી કરીને ઉત્તરકાશીમા આવીને રહેવાનો અમારો નિર્ણય હતો.

એ યાત્રા મારે માટે મંગલકારક સાબિત થઈ. કેમ કે તે દરમ્યાન જમનોત્રીના સુંદર સ્થાનના દર્શન સાથે પૂર્વજન્મના જ્ઞાનનો પણ મને લાભ મળ્યો. ઈશ્વરે એ પ્રમાણે કૃપા કરીને મારી દિવસોની ઈચ્છા સફળ કરી. જે વખતે મહેનત કરી તે વખતે મને પૂર્વજન્મની માહિતી ના મળી ને હવે મહેનત મંદ પડી ત્યારે મારી ભાવના પૂરી થઈ. ઈશ્વરની લીલા ને કર્મનું રહસ્ય એવું અજબ છે. જમીનમાં વાવેલું બી અનુકૂળતા હોય તો પણ જેમ અમુક વખત પછી જ ઊગી નિકળે છે, તેમ કર્મના ફળને પાકતાં ને પ્રત્યક્ષ થતાં કેટલીકવાર અમુક વખત લાગે છે. વિવેકી સાધકે તેથી નિરાશ થવાની જરૂર નથી.

ઈશ્વરની કૃપાથી મારી ઈચ્છા કેવી રીતે પૂરી થઈ તે હવે પછી વિચારીશું. તે પહેલા પૂર્વજન્મના જ્ઞાન વિશે પાતંજલ યોગદર્શનનો એક બીજો ઉલ્લેખ જોઈ જઈએ. પાતંજલ યોગદર્શનના સાધનપાદના ૩૯માં સૂત્રમાં કહ્યું છે કે અપરિગ્રહનું પૂર્ણપણે પાલન કરવાથી પૂર્વજન્મ અને વર્તમાન જન્મનાં રહસ્યોનું જ્ઞાન થઈ જાય છે. એટલે પૂર્વજન્મમાં સાધક ક્યાં હતો, શું હતો, તે જણાય જાય છે. એટલે અપરિગ્રહના વ્રતથી પણ પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે, એમ ભગવાન પતંજલિનું કહેવું છે. તેમનું સૂત્ર આ પ્રમાણે છે :

**अपरिग्रहस्थैर्यै पूर्वजन्मकथन्तासंबोध : ।**

**(૨)**

જમનોત્રીની યાત્રાનો માર્ગ જરા વિકટ છે. આ માર્ગે ધર્મશાળાઓ આઠ ને નવ માઈલ જેટલા લાંબા અંતરે આવે છે. વળી માર્ગ બહુ સારો નથી. ચઢાઈ ને ઉતરાઈ પુષ્કળ આવે છે પરંતુ કુદરતી સૌંદર્યનો લાભ અલૌકિક છે. ઊંચાઊંચા પર્વતોની વચ્ચેથી પસાર થતો પગદંડીનો રસ્તો જમનાને કિનારે કિનારે આગળ વધે છે ત્યારે ત્યારે ખૂબ જ રમણીય લાગે છે. એ રમણીયતાનું દર્શન થતાં થાક ઊતરી જાય છે અને અંતર આનંદથી ઊભરાઈને નાચવા માંડે છે.

ઉત્તરકાશીથી જમનોત્રી જતાં જમનાજીનું પહેલું દર્શન થાય છે ત્યાં એક ધર્મશાળા છે. તેમાં અમે રાત રહ્યા. એ રાત ચાંદનીને લીધે ઘણી સુશોભિત દેખાતી. આકાશમાં જ્યારે ચંદ્રનો ઉદય થયો હોય, નજીકમાં નદી હોય, ચારે તરફ સુંદર પર્વતમાળા દેખાતી હોય ને લીલીછમ ધરતી પર કોઈ સંત કે સજ્જનનો સમાગમ હોય, ત્યારે કેટલો આનંદ આવે તે ખરેખર અનિર્વચનીય છે. તે વખતે જ સ્વર્ગથી પણ વધારે

સુખદ ને મુક્તિના રસ જેવું મધુર વાતાવરણ ઉત્પન્ન થાય છે. તેનો સ્વાદ તો જેને જરા પણ અનુભવ થયો હોય તે જ સમજી શકે. તે વાતાવરણનો આનંદ અનુભવીને લાંબે વખતે અમે ઓરડીમાં આરામ કરવા ગયા.

જમનોત્રીની યાત્રામાર્ગની એ ધર્મશાળા અને એ રાત મારા જીવનમાં યાદગાર બની ગઈ. આકાશમાં જેમ ચંદ્રમાનો મંગલમય ઉદય થયેલો, તેમ મારા અંતરના આકાશમાં તે રાતે પૂર્વજન્મના જ્ઞાનનો ઉદય થયો. તે રાત મારા સાધનામય જીવનમાં ખરેખર આશીર્વાદરૂપ સાબિત થઈ. ઓરડીમાં જઈને મેં થોડો વખત વિશ્રામ કર્યો. પછી ધ્યાનમાં બેઠો. ધ્યાનની અવસ્થામાં મને ખૂબ શાંતિ મળી ને થોડા જ વખતમાં મનનો લય થઈ ગયો. શરીરનું ભાન બિલકુલ ના રહ્યું. તે દશામાં જાણે હું કોઈ જુદા જ જગતમાં પહોંચી ગયો. કોઈ એવા સ્થળમાં મેં પ્રવેશ કર્યો કે જેને આ જીવનમાં મેં કદી જોયું ન હતું. તેથી હું તેને ઓળખી ના શક્યો. શું તે બ્રહ્મલોક કે ઉચ્ચકોટિના કારક પુરુષોને રહેવાનો સિદ્ધલોક હતો ? અથવા તો મહાપુરુષોનો તપલોક કે પ્રસિદ્ધ સત્યલોક હતો ? કે પછી તે સ્થાન આ જ પૃથ્વી પરનું કોઈ અપરિચિત સ્થાન હતું ? મારામાં તેનો નિર્ણય કરવાની શક્તિ ન હતી. મારો આજ સુધીનો અનુભવ પણ ઘણો અલ્પ અથવા કાચો હતો. તે સ્થળ ગમે તે હોય, પણ ત્યાં હું પહોંચી ગયો તે નક્કી. ત્યાં મોટું સભાગૃહ હતું. તેને અનેક પ્રકારે સુશોભિત કરવામાં આવેલું. તેમાં જુદા જુદા રૂપરંગવાળા લગભગ સો જેટલા મહાત્માઓ બેઠેલા. તેમાંથી કોઈએ ભગવા વસ્ત્રો પહેર્યાં હતાં તો કોઈએ સફેદ, કોઈ કેવળ કૌપીનધારી હતા તો કોઈ કફનીધારી; કોઈ ગૌર તો કોઈ શ્યામ તો કોઈ મિશ્ર રંગના. કોઈને જટા ને દાઢી હતી તો કોઈને ન હતી. તે બધા મહાપુરુષો શાંતિથી બેઠેલા. તે મને જોઈને ઊભા થઈ ગયા. બધા જાણે એકી અવાજે ને ઉચ્ચ છતાં સુમુધર સ્વરે બોલી ઊઠ્યા : 'આવો....તમે...છો.' તેમણે મારો સત્કાર કર્યો ને બે સુંદર વાક્યોમાં મારા પૂર્વજન્મોનું મને જ્ઞાન આપ્યું. મારા બે પૂર્વજન્મોનું રહસ્ય તેમણે મારી પાસે પ્રકટ કર્યું. તે સાથે તેમાંના બેચાર, પાસે ઊભેલા સંતો વચમાંથી માર્ગ કરીને મને આગળ લઈ ગયા અને એક વ્યાસપીઠ જેવા ઊંચા આસન પર બેસાડીને મારા પર પુષ્પોની વૃષ્ટિ કરી. તે પછી લાંબે વખતે મારું ધ્યાન પૂરું થયું ને હું જાગ્રત થયો, ત્યારે મેં જોયું કે હું એ જ ધર્મશાળામાં બેઠો છું. જમનાનો નાદ રાત્રીની નિશ્ચલ શાંતિમાં વધારે જોરથી સંભળાઈ રહ્યો. હજી પ્રભાત થવાને વાર હતી. બાકીનો સમય ધ્યાનાવસ્થામાં થઈ ચૂકેલા અનુભવને યાદ કરવામાં વીતી ગયો. સવારે જમનોત્રી તરફ જવા માટે પ્રસ્થાન કર્યું ત્યારે મારું હૃદય ઊંડી શાંતિનો અનુભવ કરી રહ્યું. પ્રભુની અપાર કૃપાથી પૂર્વજન્મને જાણવાની મારી ઈચ્છા પૂરી થઈ. પ્રભુ ધારે તો શું ના કરી શકે ? મારા જેવા સાધનશક્તિ વગરના, સમજ સિવાયના, ને તપ કે વ્રતની ગમ વિનાના એક સાધારણ બાળકના લાડકોડ પ્રભુની કૃપાથી આ પ્રમાણે પૂરા થયા તો જે સાધના ને શક્તિથી સંપન્ન હશે, જ્ઞાની હશે, તપસ્વી હશે ને સાચા અર્થમાં અધિકારી બનીને પ્રભુપરાયણ થયા હશે તેમના વિશે તો કહેવું જ શું ? તે તો જે ધારશે તે સહેલાઈથી મેળવી શકશે. તેમના પર તો પ્રભુની સંપૂણ કૃપા હશે. જે અધિકાર ને બળ વિનાના છે તે પણ શ્રદ્ધા ને પ્રેમપૂર્વક પ્રભુનું શરણ લેશે તો દુ:ખદારિદ્રયનો અંત આણીને જીવનને ઉજ્જવળ ને ધન્ય કરી શકશે. જન્માંતરના જ્ઞાન જેવા અનુભવો તો ઠીક, પણ પ્રભુને પોતાને પામી શકશે. પણ ખેદની વાત છે કે માણસે પોતાની જાતમાંથી ને પ્રભુમાંથી શ્રદ્ધા ગુમાવી દીધી છે !

પૂર્વજન્મના જ્ઞાનના એ પ્રથમ અનુભવ પછી થોડાક દિવસોમાં મારે હિમાલયના પ્રસિદ્ધ ધામ ગંગોત્રીની યાત્રાએ જવાનું થયું. ત્યારે ગંગોત્રીમાં પણ પહેલી જ રાતે એ પ્રમાણેનો અનુભવ ફરી થયો. તેમાં પણ મારા બે પૂર્વજન્મોની મને માહિતી મળી. તે પછી મને અત્યંત આનંદ થયો. આશ્ચર્ય એ હતું કે વિદ્યાર્થી અવસ્થામાં પેલા મહાપુરુષનું જીવનચરિત્ર વાંચતી વખતે મને જે ભાવના થયેલી તે ભાવના એ માહિતી મુજબ સાચી પડી. એ પછી તો વરસો વહી ગયાં છે. તે દરમ્યાન આજ સુધીમાં પૂર્વજન્મના જ્ઞાનના અનુભવ થતા જ રહ્યા છે. આજ સુધીનાં દસ વરસોમાં મને પચાસથી પણ વધારે વાર પૂર્વજન્મનું જ્ઞાન થયું છે. જુદા જુદા મહાપુરુષો ને જુદા જુદા શબ્દો દ્વારા તેની પ્રાપ્તિ થતી રહે છે. તેમાંયે ઈ. સ. ૧૯૪૪-૪૫ ને ૪૬ના ત્રણ વરસો તો જાણે પૂર્વજન્મના જ્ઞાનનાં અનુભવોનાં જ વરસો હતા. તે બધા અનુભવોનો ઉલ્લેખ ટૂંકમાં કહી બતાવીશ.

એક બીજી વાતનો ઉલ્લેખ પણ સાથે સાથે કરી લઉં. આજ સુધીના મારા જીવનમાં એવો અવસર એક જ વાર આવ્યો છે કે જ્યારે કોઈ સંતપુરુષે મને પ્રત્યક્ષપણે મારા પૂર્વજન્મની માહિતી આપી હોય. એ પ્રસંગ ઈ. સ. ૧૯૪૬ નો છે. પરંતુ વર્તમાન વાત સાથે તેને નજીકનો સંબધ હોવાથી તેની રજૂઆત બંધબેસતી ગણાશે. ઈ. સ. ૧૯૪૬માં મેં બીજી વાર બદરીનાથની યાત્રા કરી. ત્યારે મારી સાથે એક મહાત્મા હતા. તેમનું નામ કુલાનંદ હતું. તે દેવપ્રયાગમાં લાંબો વખત રહ્યા તે દરમ્યાન અમારી વચ્ચે પ્રેમ થયેલો. તે એક ઉચ્ચ કોટિના ને અનુભવી મહાત્મા હતા. બદરીનાથ જતી વખતે અમે આશરે બે દિવસ શ્રીનગરમાં રોકાયા. તે વખતે અમને એકાંતમાં લાંબો વખત સાથે રહેવાનો લાભ મળ્યો. અનુભવોની એકમેક સાથે આપલે કરતાં એક વાર તેમણે કહ્યું : 'કાશીમાં એક સચ્ચેબાબા નામે મહાત્મા થઈ ગયા છે. તે મહાન સિદ્ધપુરુષ હતા. કાશીમાં તેમની સમાધિ છે. તે મહાપુરુષ મારા ગુરુ છે. તેમની શક્તિ મારામાં કામ કરી રહી હોય અથવા વધારે સાફ શબ્દોમાં કહું તો તે મારી અંદર પ્રકટ થયા હોય એવું મને લાગે છે.' તે પછી તેમણે કહેવા માંડ્યું: 'મને કેટલાક સિદ્ધ પુરુષોની પુનરાવૃત્તિઓ જેવા પુરુષો મળ્યા છે. તેમને ઉચ્ચ કોટિના અથવા અવતારી પુરુષો કહી શકાય. ભારતનું ભાવિ પણ ઘણું ઉજળું લાગે છે. નહિ તો એવા મહાપુરુષનો આવિર્ભાવ ના થાય.'

મેં કહ્યું: 'મને પણ મારા પૂર્વજન્મની માહિતી મળી છે પણ કહેવાનું મન થતું નથી. તેની જરૂર પણ જણાતી નથી.'

તેમણે કહ્યું: 'મારું હૃદય તો કહે છે કે તમે પૂર્વજન્મમાં .... હતા.'

મને તેમના શબ્દો સાંભળીને જરા નવાઈ લાગી. મને થયું કે મારા પૂર્વજન્મની માહિતી તેમને ક્યાંથી મળી ! તેમની વાત મારા પૂર્વજન્મના જ્ઞાન સાથે મળતી હતી. મારા અનુભવના આધારે જોતાં તેમણે કરેલો મારા પૂર્વજન્મનો ઉલ્લેખ સાચો હતો. તે મોટા સાધક હતા. તેમનામાં કેટલીક વિશેષ શક્તિ હતી. તેના પ્રભાવથી તેમને એવી માહિતી મળી શકે તે વાત સમજી શકાય તેમ હતી. તેથી તે વિશે વિશેષ ઉહાપોહ કરવાનું મૂકી દઈને મારા વિશેની એ માહિતી ભૂલેચૂકે પણ કોઈની પાસે પ્રકટ ના કરવાની મેં તેમને સૂચના આપી. મારી સૂચના તેમણે સત્વર ને સહર્ષ સ્વીકારી, તેથી મને સંતોષ થયો.

આવો પ્રસંગ મારા અત્યાર સુધીના જીવનમાં આ એક જ છે. બાકી ધ્યાનાદિની દશામાં તો આવા અનેક પ્રસંગો પ્રાપ્ત થયા છે તે મેં આગળ પર કહી દીધું છે.

મારો સ્વભાવ સદાયે સંશોધક રહ્યો છે. મારી સાધનામાં મેં તે સ્વભાવનો સારી રીતે ઉપયોગ કર્યો છે. મારા સાધનામય જીવનના બધા મહત્વના અનુભવોને મેં એક નહિ પણ અનેક વાર કસી કે ચકાસી જોયા છે, જરૂરી તર્કના ત્રાજવામાં તોળી જોયા છે ને તેમના સ્વરૂપ પર વારંવાર વિચાર કર્યો છે. મારામાં શરૂઆતથી જ એક કડક વિવેચકની સૂક્ષ્મ દૃષ્ટિ છે. તેનો ઉપયોગ મેં મારી સાધનાને અને મારા અનુભવોને મૂલવવામાં કર્યો છે. તેથી મને મોટો લાભ થયો છે. મારી સાધનાને સુધારવા ને વધારવામાં તેથી મદદ મળી છે ને મારા અનુભવોનું તર્કબદ્ધ ને વૈજ્ઞાનિક પૃથક્કરણ થઈ શક્યું છે. તેને પરિણામે સ્વીકૃત થયેલા અનુભવોમાં મારી અત્યંત દૃઢ શ્રદ્ધા થઈ ગઈ છે. તે વિવેચનદૃષ્ટિ બીજાના સંબધમાં પણ જરૂર પૂરતી લાગુ પાડવાની મને ટેવ છે. તેથી ખૂબ જ ઝીણા વિચાર અને અનુભવ પછી જ કોઈ બીજાની અનુભવ-વાતોનો પણ હું સ્વીકાર કરું છું. એટલે પૂર્વજન્મના મારા અનુભવો પર મેં પૂરતો વિચાર નથી કર્યો એમ નહિ.

(3)

આ જીવનમાં નાની ઉંમરથી જ મારું મન ધર્મ ને ઈશ્વર તરફ વળવા માંડ્યું, સંસારના બીજા પદાર્થો ને વિષયોમાં મને રસ ના લાગ્યો. એક મહાન ને સાચા સંત થવાની અથવા ઉત્તમોત્તમ આધ્યાત્મિક વિકાસને સિદ્ધ કરવાની ભાવના મારામાં જાગ્રત થઈ; તેથી મને તો એમ લાગતું જ હતું કે પૂર્વજન્મમાં હું કોઈ સારો સંત કે તપસ્વી હોઈશ; તે જન્મમાં મારી સાધના કદાચ અધૂરી રહી ગઈ હશે; ને તે અધૂરી સાધનાને પૂરી કરવા મારે આ જન્મ લેવો પડ્યો હશે. વાવે તેવું લણે ને કરે તેવું ભોગવે - એ કહેવત પ્રસિદ્ધ છે. તે પ્રમાણે આ જન્મ પહેલાંના જન્મના કર્મસંસ્કારો પ્રમાણે પ્રાપ્ત થાય છે ને બુદ્ધિ ને રુચિ પણ તેના અનુસંધાનમાં જ આવી મળે છે, તે વાતને સાચી માનીએ તો પૂર્વજન્મમાં એક સારા સંતપુરુષ હોવાની મારી ભાવના સાથે સૌ કોઈ સંમત થઈ શકશે, એમાં સંદેહ નથી. પરંતુ તે વિશે ચોક્કસ માહિતી મેળવવાની જરૂર હતી ને પૂર્વજન્મનું જ્ઞાન થવાથી તે માહિતી મળી ગઈ. તે માહિતી પ્રમાણે મારી ભાવના સાચી ઠરી. પૂર્વજન્મનું જ્ઞાન થયું એટલે મને જણાયું કે મારા પૂર્વજન્મમાં હું એક મહાન સંતપુરુષ હતો. તે ઉપરાંત મને સમજાયું કે હું કોઈ યોગભ્રષ્ટ પુરુષ નથી અથવા અધૂરી રહેલી સાધનાને પૂરી કરવા માટે પણ મને આ જન્મ મળ્યો નથી. મને જણાયેલા મારા પૂર્વજન્મમાં હું એક મુક્ત ને સિદ્ધ કોટિનો મહાત્મા હતો. તે જન્મમાં તીવ્ર સાધના કરી હતી ને તેને પરિણામે પરમાત્માની પ્રાપ્તિ કરીને શાંતિ, સંસિદ્ધિ ને પૂર્ણતા મેળવેલી હતી. મતલબ કે મારો પૂર્વજન્મ મુક્ત પુરુષનો જન્મ હતો. તે જન્મે મેં પ્રકાશની પ્રાપ્તિ કરીને બીજા કેટલાય જીવોને પ્રકાશ પૂરો પાડેલો. માટે મારો આ જન્મ બંધનમાંથી મુક્તિ મેળવવા કે અંધકારમાંથી પ્રકાશમાં પહોંચવા માટે નથી, તે વાતની મને ખાતરી થઈ.

કોઈ કહેશે, ત્યારે પૂર્વજન્મમાં તમે શું હતા તે જાહેર કેમ કરતા નથી ? તેની જાહેરાત કરવામાં શી હરકત છે ? તમારે કોઈ ભળતી વાત તો કરવી નથી ! તમને સાધના દરમ્યાન ઈશ્વરની કૃપાથી થયેલા અનુભવ જ્ઞાનના આધાર પર જ તમારે તો બોલવાનું છે. પછી તેમાં સંકોચ શા માટે ? તમારા પૂર્વજન્મની માહિતી મેળવીને અમને પણ આનંદ થશે.

તેવા જિજ્ઞાસુ ને પ્રેમીજનોને મારે જણાવવું જોઈએ કે મારા પૂર્વજન્મની વાત સાંભળીને તમને આનંદ થશે તે સમજી શકાય તેમ છે, પરંતુ તમારા આનંદનો જ એક માત્ર વિચાર કરીને બેસી રહેવાને બદલે મારે કેટલાક બીજા વિચાર પણ કરવાના છે. સૌથી પહેલી નોંધપાત્ર વાત તો એ છે કે પૂર્વજન્મનું જ્ઞાન મને મારા જ લાભ માટે મળ્યું છે. મારી જિજ્ઞાસાને સંતોષવા ને મને ઉત્સાહ ને પ્રેરણા આપવા ઈશ્વરે તેનો પ્રકાશ મારા દિલમાં પાથરી દીધો છે. તે એક વ્યક્તિગત વસ્તુ છે. છતાં તેથી બીજાનું હિત થવાનો સંભવ હોય તો તેની જાહેરાત કરવામાં કાંઈ ખોટું ના ગણાય. પણ મને લાગે છે કે તેની જાહેરાત અત્યારે ના થાય તે જ સારું છે. કેમ કે તેથી કેટલોક ઊહાપોહ થવાનો, વિવાદ જાગવાનો ને ભેદભાવ ઊભો થવાનો સંભવ રહે છે. મારી માહિતી મુજબ મારો પૂર્વજન્મ એક પ્રસિદ્ધ મહાપુરુષનો છે. તેમને અવતારી પુરુષ તરીકે પણ કેટલાક લોકો માને છે. તેમને ભારતની બહાર પણ કેટલાક લોકો માને છે, પૂજે છે, ને ભક્તિભાવથી જુએ છે. ભારત ને ભારતની બહાર એમના અસંખ્ય પ્રશંસક, પૂજારી અને અનુયાયી છે. તેમણે પોતાના જીવન દરમ્યાન મહત્વના કામો કર્યાં છે, જે તેમની પાછળ ચિરસ્થાયી અસર મૂકી ગયાં છે. કેટલાય લોકોના દિલમાં તેમને માટે સ્થાન છે. તે દશામાં તેમની સાથેનો મારો પૂર્વજન્મોનો સંબંધ હું જાહેર કરું તો તેમના પ્રેમી, પૂજારી અને અનુયાયીઓમાં ઊહાપોહ થાય, મતભેદ ઊભો થાય, મારી વાતને ટાઢા પહોરના ગપ્પા જેવી, ઉપજાવી કાઢેલી માને અને એ રીતે વાતાવરણ કદાચ દૂષિત થાય. તેનો અર્થ એવો નથી કે લોકાપવાદથી હું ડરું છું. બિલકુલ નહિ. પરંતુ કવખતે નકામો ઊહાપોહ થાય તે મને પસંદ નથી. ઈશ્વરને પણ પસંદ નથી. તેથી જ તે મારી મારફત આવો ખુલાસો કરાવી રહ્યા છે. મારા વ્યક્તિગત અનુભવોને કોઈ માને કે ના માને તેની મને તમા નથી, મારે મન તેનું મહત્વ જરા પણ નથી, પરંતુ પૂર્વજન્મનો આ અનુભવ એવો છે કે જે કવખતે કે આંખો મીંચીને જાહેર કરવાનું કામ બરાબર નથી, તેથી જ મેં તે વિશે મૌન સેવ્યું છે. વિવેકી પુરુષો મારા મૌન સાથે સંમત થશે તેની મને ખાતરી છે.

ભવિષ્યમાં કદાચ ઈશ્વરની ઈચ્છા હશે અને અનુકૂળ વખત આવી પહોંચશે તો એ જ્ઞાનને જાહેર કરી શકાશે. બાકી હાલ તો તેને જાહેર કરવાથી લાભને બદલે ગેરલાભ જ વધારે થશે. દાખલા તરીકે એમ કહેવામાં આવે કે હું પૂર્વજન્મમાં ઈશુ હતો, શંકર હતો, કપિલ હતો કે એવો કોઈ મહાપુરુષ હતો, તો તેમને માનનારા વિશાળ જનસમુદાય પર તેની અસર કેવી ખરાબ થાય ? લોકોમાં તેથી વિરોધની ભાવના જાગ્રત થાય. તેથી જ તે વિશે શાંત રહેવું સારું છે. કોઈ મને મુક્ત પુરુષ માને, કોઈ ઈશ્વરી કૃપાથી સંપન્ન માને, કોઈ કારક, યોગી, જ્ઞાની, ભક્ત કે સાધારણ પુરુષ માને, તેની મને ચિંતા નથી. પોતપોતાની સમજ પ્રમાણે સૌ કોઈ જેમ સમજવું હોય તેમ સમજી ને માની શકે છે. તે વિશે મને જેટલું ઠીક લાગ્યું તેટલું મેં અત્યાર સુધી કહી દીધું છે. તેના અનુસંધાનમાં બીજી વાત એ પણ કહી રહ્યો છું કે પૂર્વજન્મની મહત્તા બતાવીને માન મેળવવાની કે મારી વિશેષતા બતાવવાની મારી ઈચ્છા નથી. વર્તમાન જીવનની મહત્તા મારે મન વધારે છે. પૂર્વજન્મની પ્રતિષ્ઠાનો લાભ લેવાની પણ મારી ઈચ્છા નથી. પૂર્વજન્મમાં હું ગમે તેવો મહાપુરુષ, સંત, સાક્ષાત્ ઈશ્વર કે કોઈ સાધારણ પુરુષ હોઉં પણ આજે કેવો છું ને મારામા શું છે તે જ ખાસ મહત્વનું છે, તેના જ વિચારથી મને વિશેષ લાભ છે. એટલે પૂર્વજન્મના મહત્વને યાદ કરીને ચાલુ જીવનની કિંમત ઓછી

આંકવાનો મારો વિચાર નથી. તે વૃત્તિ મારા સ્વભાવમાં જ નથી. એટલે આ જન્મને ઉત્તમોત્તમ કરવાની કોશિશ હું કર્યા કરું છું.

ત્યારે જો હું આ પહેલાના જન્મથી જ એક મુક્ત પુરુષ તરીકે જીવી રહ્યો છું તો આ જન્મમાં મારે સાધના કેમ કરવી પડે છે ? કર્મના નિયમ પ્રમાણે હું જન્મ્યો ત્યારથી જ મુક્ત ને પૂર્ણ થઈને કેમ નથી જન્મ્યો ? કોઈને એવી શંકા થવાનો સંભવ છે. તેનું સમાધાન એ છે કે મને અથવા કોઈને કેવી રીતે જન્મ આપવો તે ઈશ્વરના હાથની વાત છે. મુક્ત પુરુષો કે અવતારી પુરુષો જન્મે ત્યારથી મુક્તાવસ્થાનો અનુભવ કરે જ છે એમ નથી ભગવાન બુદ્ધ ઈશ્વરના અવતાર કહેવાય છે. તો પણ તેમણે શરૂઆતના જીવનમાં મૂંઝવણ ને વેદના વેઠેલી. તેમને વરસો સુધી તીવ્ર તપ કરવું પડેલું. ત્યારે જ તેમને શાંતિ કે બોધિની પ્રાપ્તિ થઈ હતી. તે જ વાત ઈશુ, ચૈતન્ય મહાપ્રભુ, સમર્થ રામદાસ ને વાલ્મિકનો અવતાર મનાતા તુલસીદાસને પણ લાગુ પડે છે. તે સૌને જન્મમુક્ત હોવા છતાં ઓછી સાધના નથી કરવી પડી. પરંતુ શંકરાચાર્ય, શુકદેવ ને જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષનો વિચાર કરો તો વાત તેથી જુદી જ જણાશે. તેમને કોઈ સાધના નથી કરવી પડી. તે બાળપણથી જ મુક્તાવસ્થાનો જ અનુભવ કરતા હતા. એટલે અવતારી કે મુક્ત પુરુષોમાં પણ આવો સૂક્ષ્મ ભેદ દેખાઈ આવે છે.

તેનું કારણ સમજી શકાય તેવું છે. અવતારી ને મુક્ત મહાપુરુષોના શરીરધારણના બે હેતુ હોય છે : એક તો વ્યક્તિગત સાધના દ્વારા બીજાને માર્ગદર્શન કરવાનો હેતુ ને બીજો આધ્યાત્મિક પુનરુત્થાનનો હેતુ. જે વખતે કેવળ બીજા હેતુને સિદ્ધ કરવાની જરૂર હોય છે તે વખતે શંકર ને જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષો જન્મે છે ને તે કામ કરે છે. પણ બંને હેતુની સિદ્ધિ જરૂરી હોય છે, ત્યારે ઈશુ, બુદ્ધ, તુલસી ને ચૈતન્યની જેમ મહાપુરુષો પોતાના જીવન દ્વારા તે બંને હેતુને સાધી બતાવે છે. તેની જરૂર પણ ખૂબ છે. કેમ કે જગતમાં જો બધા મહાપુરુષો બાળપણથી મુક્ત થઈને જ જન્મે તો ઈશ્વરદર્શન કે મુક્તિ ને પૂર્ણતાની સાધનાના પ્રત્યક્ષ પ્રયોગો કરી બતાવીને જગતને પ્રેરણા કોણ આપે ? પછી તો માણસો એમ જ માને કે મહાપુરુષો તો જન્મથી જ ઈશ્વરની વિશેષ કૃપાથી મુક્ત થઈને આવે છે. પણ આપણાથી કાંઈ તેવા થઈ શકાય નહિ. મહાપુરુષો પોતાના જીવનમાં સાધનાના સફળ પ્રયોગો કરી બતાવીને બીજાને ઉત્સાહ આપે છે ને માનવજાતિની મરી પરવારતી અથવા ડગમગતી શ્રદ્ધાને જીવતી કરે છે. તે સેવા ઓછી નથી. તેમના સાધનામય જીવનથી એ હેતુ સહેજે સરી રહે છે. તેમને સાધનાની સિદ્ધિ જલદી મળે છે. તે સંસારમાં આસક્ત થતા નથી ને પોતાના જન્મના હેતુને બહુ જ જલદી જાણી લે છે. એવી રીતે વિચાર કરીએ તો હું પૂર્વજન્મમાં મુક્ત હોઉં તો પણ આ જન્મમાં સાધના કરી શકું છું. હું તો એક સાધારણ માણસ છું. છતાં ઈશ્વરને મારી મારફત જે હેતુ સાધવો હોય તે પ્રમાણે તે મારો ઘાટ ઘડી શકે છે. આ જન્મમાં મારે ગુજરાતની ભૂમિમાં આવવાનું કેમ થયું તે પણ ઈશ્વર જ જાણે છે. આ પહેલાનો મારો જન્મ ગુજરાતનો ન હતો. હિમાલયમાં રહેવાનો ને તપવાનો યોગ ચાલુ જીવનનો વિશેષ યોગ છે. સાહિત્ય લેખનની પ્રવૃત્તિનો આટલો વિકાસ આ જ જન્મમાં થયો છે. એ રીતે આ જીવનમાં કેટલાક બાહ્ય ભેદ જરૂર છે.

પૂર્વજન્મના જ્ઞાનથી મને મારામાં નાનપણથી થયેલી આધ્યાત્મિક રુચિનો ખુલાસો મળી ગયો. પૂર્વજન્મના જ્ઞાનથી મને પોતાને ઘણો જ લાભ થયો છે. મારા વિકાસને યાદ કરવાથી ને નજર સામે

રાખવાથી આ જન્મમાં હું સતત સાવધ રહી શક્યો છું ને મારી આત્મશ્રદ્ધામાં અત્યંત વધારો થયો છે. તે જન્મમાં હું સાચો સંત હતો. તેમ આ જન્મમાં પણ સાચો ને સિદ્ધ સંત બની શકું તેવી મારી ભાવના છે. તે જન્મની મારી યોગ્યતા આગળ આજની યોગ્યતા આગળ રજ બરાબર પણ નથી. તો પણ તે કારકિર્દીથી યે ઉત્તમ કારકિર્દીની મારી ઈચ્છા છે. તે જન્મને ઝાંખો કરું કે લજવું તો નહિ જ એ માટે પ્રભુને મારી સતત પ્રાર્થના છે.

એક બીજી વાતનો વિચાર પણ તટસ્થભાવે કરી લઉં. મેં આગળ ઉપર કહ્યું છે તેમ મારા પહેલાંના જન્મે હું એક મુક્ત પુરુષ હતો. તે પરથી એમ વિચાર થવાનો સંભવ છે કે હું કોઈ કાયમ માટે મુક્ત રહેનારા મહાપુરુષના અવતાર કે નવા સંસ્કરણ જેવો છું. પણ એ બાબતમાં એક બીજી દૃષ્ટિ પણ છે, ને ઈશ્વરની કૃપાથી તે મારા હૃદયમાં સ્કુરે છે. જે મુક્ત પુરુષ તરીકે હું પૂર્વજન્મમાં હોવાનું જાણું છું તે પરમાત્મામય હતા. પરમાત્માના પરમ પ્રકાશના કિરણ હતા. તે પ્રકાશના પહેલા મુક્ત કિરણની જેમ મારા રૂપમાં આ અન્ય કિરણ છૂટ્યું છે, એમ કહેવામાં વધારે વિવેક લાગે છે.

વેદવ્યાસને ઈશ્વરના અવતાર કહેવામાં આવે છે. હવે ધારો કે એક માણસને એમ જણાય કે તે પૂર્વજન્મમાં વેદવ્યાસ હતો તો તે જ્ઞાનને બે રીતે સમજી શકાય. એક તો એમ કે તે વેદવ્યાસનો અવતાર કે વેદવ્યાસની આવૃત્તિ છે. ને બીજી સમજવાની રીત એ છે કે વેદવ્યાસ તો ઈશ્વરના અવતાર હતા. તેથી જે ઈશ્વર વેદવ્યાસના રૂપમાં પ્રકટ થયેલા તે જ તેની વર્તમાન આવૃત્તિમાં પ્રકટ થયા છે. અહીં આપણે ખાસ ભાર વ્યાસ પર નહીં પણ તેમના મૂળતત્વ ઈશ્વર પર મૂકીએ છીએ. એ જ વાત મારા સંબધમાં લાગુ પાડીએ તો મને હું ઈશ્વરી પ્રકાશના એક કિરણ તરીકે કહી શકું. તે રીતે પહેલા જન્મના કિરણ જેવું આ બીજું કિરણ છે એમ કહી શકાય. ઈશ્વરના પરમ પ્રકાશના એવાં નાનાં મોટાં અનેક કિરણો પ્રકટી શકે છે. તે દરેકનો ઈશ્વરી પ્રકાશ સાથેનો મૂળ સંબંધ સચવાઈ રહે છે.

આમ માનવાથી વધારે પ્રેરણા મળે છે અને આનંદ થાય છે અને એક રીતે જોઈએ તો સમસ્ત સંસાર ઈશ્વરના કિરણ કે સંસ્કરણ રૂપ જ છે ને ?

એટલે હું મને ઈશ્વરી માતાનો બાળક કહેવાનું વધારે પસંદ કરું છું. એ રીતે ઈશ્વર સાથેનો મારો સહજ સંબધ યાદ કરું છું. મારા આ ખુલાસા પરથી કોઈ મને ઈશ્વરના અવતારમાં માનવા- મનાવાની વાત ના કરે. તેવા ભ્રમમાં કોઈ ના પડે. હું તો એક સાધારણ માણસ છું. આ વાત તો મેં કેવળ જ્ઞાનની દૃષ્ટિથી જ કરી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૫. જમનોત્રીની યાત્રા ને માતાજીનો મેળાપ

**(૧)**

જમનોત્રીની યાત્રાની શરૂઆતમાં જ પૂર્વજન્મના જ્ઞાનનો અનેરો અનુભવ થઇ ગયો, તેથી તે યાત્રા વિશેષ સફળ ને યાદગાર બની ગઈ. તેવો કોઈ ખાસ અનુભવ ના થયો હોત તો પણ તે યાત્રા યાદગાર તો બનત જ. યાત્રાના માર્ગમાં જોવા મળતું અદભુત કુદરતી સૌંદર્ય તેને યાદગાર બનાવવા પૂરતું છે. કૃષ્ણ ભગવાનની સ્મૃતિ તાજી કરતી જમના કૃષ્ણ ભગવાનની જેમ શ્યામ સ્વરૂપથી સુશોભિત બનીને વહેવા માંડે છે. તેની એક તરફ થઈને યાત્રાનો પગદંડી જેવો રસ્તો પસાર થાય છે. તેના પરથી પસાર થતાં જ અનુપમ આનંદનો અનુભવ થાય છે તે તો જે અનુભવ કરે તે જ સમજી શકે. વિકટ યાત્રા પૂરી થતાં છેવટે રસ્તામાં બરફનું દર્શન થાય છે. ક્યાંક ક્યાંક બરફ પરથી પસાર થવું પડે છે; ને તે પછી જમનોત્રી આવી પહોંચે છે.

જમનોત્રીમાં ઠંડી ઘણી છે. આજુબાજુ પર્વતો છે. એક બાજુ ધર્મશાળા ને જમનાજીનું મંદિર છે. બીજી બાજુ એક નાની ગુફા છે. અમે ગયા ત્યારે તેમાં એક તપસ્વી મહાત્મા રહેતા. તેમના શરીર પર લંગોટી વિના બીજું કાંઈ જ ન હતું. એટલી ભયંકર અને અસહ્ય જેવી ઠંડીમાં માત્ર લંગોટી પહેરીને રહેવું સહેલું ન હતું. તે માટે ભારે સહનશક્તિની જરૂર હતી. તે મહાત્માની મુખાકૃતિ ખૂબ જ તેજસ્વી દેખાતી. તેમણે મૌન વ્રત ધારણ કરેલું. તેમના લક્ષણ પરથી તે એક ઊંચી કોટિના મહાત્મા છે તેવું અનુમાન સહેલાઈથી કરી શકાતું. તેમના દર્શનથી અમને આનંદ થયો. પ્રેરણા મળી.

ગુફાની બાજુમાં જે પર્વત હતો તેમાં બરફનો પાર ન હતો. તેમાંથી જમનાજીનો જન્મ થતો. તે દૃશ્ય ભારે સુંદર અને આકર્ષક હતું. જમનોત્રીમાં જમનાનો પ્રવાહ છેક જ નાનો છે. ત્યાં જાણે કે જમનાની બાલ્યાવસ્થાનું દર્શન થાય છે. જેમ જેમ તે પ્રવાહ આગળ વધે છે તેમ તેમ તેની વિશાળતા વધતી જાય છે. આગળ જતાં તે યૌવનાવસ્થામાં ને પછી પ્રૌઢાવસ્થામાં પ્રવેશે છે, તો પણ તેની સફળતા, સુંદરતા ને મધુરતા તો એવી જ અખંડ રહે છે.

નદીને કિનારે કિનારે યાત્રા કરીને તેના મૂળ સુધી પહોંચી જવામાં પ્રાચીન કાળના મહાપુરુષોને આનંદ આવતો. નદીને પરમાત્માની શક્તિનું સાકાર સ્વરૂપ સમજીને તે નમન કરતા ને તેનું સ્તવન ને પૂજન પણ કરવા માંડતા. નદીઓનાં મૂળ શોધીને તેમણે ત્યાં મંદિરો ને સ્મારકોની સ્થાપના કરેલી. નદીને કિનારે કિનારે પણ અનેક મંદિરો ને તીર્થોની રચના કરેલી. લાખો લોકોને માટે તે આકર્ષણનાં કેન્દ્રો બનીને અનંતકાળથી કામ કરી રહ્યાં છે. તે રીતે તેમની સેવા ઓછી નથી.

જમનોત્રીની ભયંકર ઠંડીમાં જમના માતામાં સ્નાન કરવાનું સાહસ કોણ કરે ? બરફના પર્વતમાંથી નીકળતા પાણીમાં હાથ બોળો તો જૂઠો પડી જાય એવો અનુભવ થાય. મુસાફરોની મુશ્કેલીનો વિચાર કરીને કુદરતે જાણે પહેલેથી જ માર્ગ કરી દીધો છે. જમનોત્રીમાં જમનાને કિનારે જ ઉકળતા ગરમ પાણીના કુંડ બનાવ્યા છે. બરફવાળા આવા ઠંડા સ્થળમાં ગરમ પાણીના કુંડ છે તે કેવા આશ્ચર્યની વાત છે ! પણ ઈશ્વરની દુનિયામાં અજાયબીમાં નાંખનારી એવી વસ્તુઓ તો ન જાણે કેટલીય છે ! યાત્રીઓને માટે તે કુંડ આશીર્વાદરૂપ થઈ પડે છે. તેમાં સ્નાન કરીને સૌ સ્ફૂર્તિ મેળવે છે. તેમાંના એક કુંડમાં કપડામાં બાંધેલા ચોખા

રંધાઈ જાય છે ને બટાટા બફાઈ જાય છે. યાત્રીઓમાંના કેટલાક તેને પ્રસાદ તરીકે ઘેર લઈ જાય છે. જમનોત્રીનું સ્થાન એવું અનોખું છે.

એ સુંદર સ્થાનની યાત્રા કરીને અમે ઉત્તરકાશી આવી પહોંચ્યા. જમનોત્રીથી ઉત્તરકાશીના માર્ગમાં એક જાતની ઝેરી માખી થાય છે. તે કરડવાથી દર્દ થાય છે, લોહી નીકળે છે, ને પગ ફૂલી જાય છે. તેથી બચવા માટે કેટલાક માણસો મોજાંનો ઉપયોગ કરે છે અથવા પગે કપડાંના કકડા બાંધે છે. એ માર્ગે બટાટા ને સામાનો પાક વિશેષ થાય છે.

ઉત્તરકાશીમાં આવીને પહેલાંની પેઠે મેં ધ્યાનાદિની સાધના શરૂ કરી દીધી.

**(૨)**

ઉત્તરકાશીનું સ્થાન મને બધી રીતે બહુ ગમી ગયું હતું. ત્યાંની આબોહવા મને ખૂબ અનુકૂળ લાગતી એટલે ત્યાં મારી સાધના સંગીન રીતે ચાલતી. તે દિવસોમાં મારું હૃદય જીવનમુક્ત દશા ને ધન્યતાનો અનુભવ કરી રહેલું. મળવા જેવું બધું મને મળી ગયું છે એવો અનુભવ નિરંતર થયા કરતો. તેથી મારું તન, મન અને અંતર સતત ને સનાતન શાંતિમાં સ્નાન કર્યા કરતું. જ્ઞાનમાર્ગની આત્માનુભાવની સાધનાને સંપૂર્ણ કરી ચૂક્યાનો સંતોષ તે વખતે મને મળ્યા કરતો. તેથી મારા આનંદનો પાર ન હતો. તે આનંદનો ઓઘ અંતરમાં ઊછળવા માંડતો ત્યારે હું શંકરાચાર્યના સુપ્રસિદ્ધ સ્તોત્ર 'ચિદાનંદરૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્' ને ગાયા કરતો. એ દિવસો જીવનની ધન્યતાના ઉત્સવ જેવા મધુર હતા.

દેવકીબાઈની ધર્મશાળાનો ત્યાગ કરીને ચંપકભાઈ સાથે મેં દેવપ્રયાગ માટે પ્રસ્થાન કર્યું ત્યારથી અત્યાર સુધી હું વધારે ભાગે સાધનામાં મશગૂલ રહ્યો હતો. તેથી સરોડા માતાજીને પત્રો લખવાનું કામ ચંપકભાઈએ જ ઉપાડી લીધેલું. દેહરાદૂનમાં અમારે મળવાનું થયેલું ત્યારે તેમણે મને બદરી-કેદાર ને ગંગોત્રી-જમનોત્રીની યાત્રા કરવાની ને તે વખતે મને સાથે રાખવાની ઈચ્છા કહી બતાવેલી. એ બધા દિવસો દરમ્યાન તે માતાજીને મારા વિશે પત્રો લખીને માહિતી પૂરી પાડતા. હવે યાત્રાનો સમય શરૂ થયો એટલે તેમણે દેહરાદૂનથી નીકળવાનો નિર્ણય કર્યો. પણ તેની સાથે તેમણે એક બીજું મહત્વનું કામ કર્યું. માતાજીને દહેરાદૂન આવીને યાત્રાનો લાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું. દિલ્હી થઈને દહેરાદૂન સુધી કેવી રીતે આવવું ને તેમને કેવી રીતે શોધી કાઢવા તેની સંપૂર્ણ માહિતી તેમણે માતાજીને મોકલી આપી.

ક્યાં નાનું સરખું ગામ સરોડા ને ક્યાં હિમાલય ? સરોડાની નાની સરખી ઝૂંપડીમાં બેસીને માતાજીએ ચંપકભાઈના પત્રની વિગત વાંચી ત્યારે તેમની આગળ એક મહાન કોયડો ઊભો થયો. હિમાલય સુધી એકલા કેવી રીતે જવાય ? તેમને મૂકવા પણ ત્યાં સુધી કોણ સાથે જાય ? જેને વાત કરે તે એમ જ કહે કે હિમાલય જવાનું શું કામ ! બદરીનાથની યાત્રા તો મહાભયંકર યાત્રા છે. ત્યાં જઈને તો કોઈક જ પાછું આવે. વળી મહાત્માજી તો ગમે ત્યાં ફરે. આપણે એની પાછળ જવાનું શું કામ ? શરીર સારું નથી ને ત્યાં જઈને માંદા પડાશે તો શું થશે ?

લોકોની એવી એવી વાતો સાંભળીને માતાજીનું મન મૂંઝાતું. તે વખતે તેમનું શરીર પણ સારું ન હતું. તેમનો બધો જ આધાર મારા પર હતો. પણ મેં તો હવે ત્યાગનો માર્ગ ગ્રહણ કર્યો. તેથી તેમની ચિંતા વધી પડી. આવી રીતે આખું જીવન કેવી રીતે જશે તે તેમને સમજાતું ન હતું. તો પણ તે પહેલેથી જ સમજુ

હતાં. તેથી બનતી ધીરજ ધારણ કરતાં. પરંતુ મારા પરના પુષ્કળ પ્રેમને લીધે તેમને કેટલીક વાર બેહોશી થઈ જતી. ખાસ કરીને કથા સાંભળતી વખતે ને ભજન ગાતી વખતે તેમની છાતી ભરાઈ જતી ને રગો ખેંચાવા માંડતી. કથામાં ધ્રુવ જેવા ભક્તો ને તપસ્વીઓની વાતો સાંભળીને તેમને મારી સ્મૃતિ થતી ને પરિણામે બેહોશી પણ થઈ જતી. ગામડાનાં માણસો માનસશાસ્ત્રના આ સીધા ને સ્વાભાવિક કારણને સમજી શકતા નહિ, તેથી માતાજીની એવી અવસ્થા વખતે તેમને ભૂત વળગ્યું છે એમ માનતાં ને કેટલાક તો દોરાધાગા ને બાધા કરવાનું ને ભૂવાને બોલાવવાનું પણ કહેતા. માતાજી તેમને સાચી વાત સમજાવીને કહેતાં કે તેમને કોઈયે રોગ નથી, તેમજ ભૂતપ્રેતનો વળગાડેય નથી. છતાં જડ બુદ્ધિનાં માણસો પોતાના જ કક્કાને ખરો કરવા પ્રયાસ કરતા.

એ દશામાં તેમને હિમાલયનો પ્રવાસ કરવાની સંમતિ કોણ આપે ? પરંતુ તેમણે તો ગમે તેમ થાય પણ પ્રવાસ કરવાનો વિચાર કર્યો. તેમનું હૃદય મારા તરફ ખેંચાતું. ગમે તેમ કરીને મને મળવાની તેમની ઈચ્છા હતી. તે માટે ચંપકભાઈએ તેમને તક પૂરી પાડી. તેનો લાભ ઉઠાવવાની તેમની ઈચ્છા હતી. કેમ કે ફરીવાર એવી તક ક્યારે આવે તેની કોને ખબર ?

છેવટે હિંમત કરીને, લોકોની વાર્તાને લક્ષમાં લીધા વિના, તે અમદાવાદ આવી પહોંચ્યા. તારાબેનનું લગ્ન મારી હાજરીમાં જ થયું હતું. તે અમદાવાદ રહેતી. માતાજીએ તેને બધી વાત કહી. તેણે માતાજીને ઉત્સાહ આપ્યો ને હિમાલય જવાની હિંમત આપી. તારાબેનની ઉંમર નાની છતાં સમજશક્તિ સારી હતી. તેથી પ્રસન્ન થઈને માતાજી વડોદરા આવ્યાં. રમણભાઈએ શરૂઆતમાં તો તેમને સમજાવવાનો પ્રયાસ કરી જોયો. પણ તેમનો દ્રઢ નિરધાર જોઈને તેમણે તેમના પુત્ર મનુભાઈને તેમની સાથે દહેરાદુન સુધી જવા તૈયાર કર્યા. મનુભાઈ તે વખતે નાના હતા. પણ તેમણી સમજણ ને ચતુરાઈ ઘણી હતી. તેથી તેમની સાથે મુસાફરી કરવામાં માતાજીને કોઈ તકલીફ પડે તેમ ન હતું.

એ રીતે ઈશ્વરની ઈચ્છાનુસાર બધી વ્યવસ્થા થઈ ગઈ ને માતાજી તથા મનુભાઈ દહેરાદુન આવી પહોંચ્યાં. તે પછી થોડા દિવસે તે મસૂરી પહોંચ્યાં. મસૂરીમા ચંપકભાઈ માતાજીને એક પ્રખ્યાત ધોધ પાસે લઈ ગયા. તેના ઠંડા પાણીમાં સ્નાન કર્યું. એટલે એમણે કહ્યું : 'હવે તમે હિમાલયના ઠંડા પ્રદેશની યાત્રા કરી શકશો. તમારી સહનશક્તિની કસોટી થઈ ગઈ.'

મનુભાઈ મસુરીથી પાછા વળ્યા ને ચંપકભાઈ માતાજી સાથે આગળ વધ્યા. તેમની સાથે એક મજૂર પણ હતો. મેં તેમને જમનોત્રી થઈને ઉત્તરકાશી આવવાનું કહ્યું હતું. એ પ્રમાણે જમનોત્રીની કષ્ટમય યાત્રા કરીને એક ધન્ય દિવસે તે માતાજી સાથે ઉત્તરકાશી આવી પહોંચ્યાં. તેમની એ સેવા ઘણી અસાધારણ હતી.

ચંપકભાઈ ને માતાજી હજી તો ઉત્તરકાશીમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતાં, ત્યાં જ મેં તેમને દૂરથી જોયાં. હું ક્ષેત્રમાંથી ભિક્ષા લઈને ગંગા તરફ જઈ રહ્યો હતો. ભિક્ષાને ગંગા કિનારે મૂકીને હું તેમને મળવા ગયો. માતાજીને મેં પ્રણામ કર્યાં. એમની આંખમાં પ્રેમનાં આંસુ ઊભરાઈ આવ્યાં. ચંપકભાઈ તો મને હમણાં જ મળેલા, પણ માતાજી લગભગ દોઢેક વરસ પછી મળી રહ્યા હતાં. મારું શરીર ખૂબ જ સારું હતું પણ મારા રૂપરંગમાં થોડોક ફેર પડેલો. ઋષિકેશની ધર્મશાળામાં આવ્યા પછી મેં સીવેલાં વસ્ત્રો પહેરવાનું બંધ કર્યું હતું ને દાઢીના વાળ વધવા દીધેલા. એટલે મારો વેશ તપસ્વી કે સાધુ જેવો લાગતો.

ભિક્ષાનું કામ પૂરું કરીને હું બિરલા ધર્મશાળામાં તેમની પાસે ગયો. બિરલા ધર્મશાળામાં તે વખતે શ્રી નારાયણ સ્વામી પણ ઉતર્યા હતાં. તે ગુણપાટની લંગોટી પહેરતા ને મૌન રાખતા. ગોરખપુરના ગીતા પ્રેસ તરફથી તેમની એક પુસ્તિકા 'એક સંતનો અનુભવ' બહાર પડેલી. તે વાંચ્યા પછી તેમના પ્રત્યે મને પ્રેમ થયેલો. તે એક ઉચ્ચ કોટિના અનુભવી સંતપુરુષ હતાં. તેમણે નર્મદા તટ પર કરનાળી પાસે હનુમંતેશ્વરમાં વરસો સુધી રહીને સાધના કરેલી. તેમણે માતાજી ને ચંપકભાઈને તેમની રસોઈમાંથી પ્રસાદ આપ્યો. તે પછી માતાજી મારી સાથે મારી કુટિયામાં આવ્યાં. ત્યાં બેસીને તેમણે તારાબેનને પત્ર લખ્યો ને બીજો પત્ર રમણભાઈને લખી દીધો.

ચંપકભાઈના પ્રેમના લીધે મેં તેમની સાથે યાત્રામાં જોડાવાની સંમતિ આપી. તે પ્રમાણે વળતે દિવસે અમે ગંગોત્રી જવા રવાના થયાં. ઉત્તરકાશીથી દોઢેક માઈલ દૂર સંગમ પર એક મકાન હતું. ત્યાં મંગલસ્વરૂપ નામે ગુજરાતી બ્રહ્મચારી રહેતા. તે ફળાહારી હતા. તેમને ત્યાં થોડોક વિશ્રામ કરી, ભોજન કરીને અમે આગળ વધ્યાં. હવે અમે ગંગોત્રી તરફ જઈ રહ્યાં હતાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૬ ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ

ગંગોત્રીનું સ્થાન સુંદર છે. જમનોત્રીમાં જેમ જમનાજીનું મંદિર છે તેમ ગંગોત્રીમાં ગંગાનું મંદિર છે. જમનોત્રીની જેમ અહીં પણ બરફનું દર્શન થાય છે. ઠંડી પણ ભારે છે. તેવી સખત ઠંડીમાં પણ યાત્રીઓ ગંગામાં જ સ્નાન કરે છે. જમનોત્રીને કુદરતની કૃપાથી જે ગરમ પાણીના કુંડ મળ્યા છે એનો અહીં અભાવ છે. એટલે વધારે ભાગે તાપ નીકળે તે પછી જ સ્નાન કરવાનો કાર્યક્રમ રાખવો પડે છે. જમનોત્રી કરતાં ગંગોત્રીમાં મકાનો વધારે છે. ગંગાને પેલે કિનારે કેટલીક કુટિરો છે. તેમાં યાત્રાના વખત દરમ્યાન સાધુસંતો નિવાસ કરે છે. તેમને માટે બે અન્નક્ષેત્રો છે.

ગંગોત્રીમાં દેવદારના વૃક્ષો સારી સંખ્યામાં છે. ગંગા અહીં ભાગીરથીના નામે ઓળખાય છે. પુરાણોમાં કહ્યા પ્રમાણે ભગીરથની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને ગંગાએ સ્વર્ગમાંથી પૃથ્વી પર વહેવાનું સ્વીકાર્યું, તેથી તેનું ભાગીરથી નામ પણ પ્રસિદ્ધ થયું. ભગીરથ તો ગંગાને પૃથ્વી પર લાવીને તેના પવિત્ર સ્પર્શથી પોતાના પિતૃનો ઉદ્ધાર કરવાની ઈચ્છા રાખતો હતો. કપિલ મુનિના તપોબળથી બળીને ખાખ થઈ ગયેલા તેના પિતૃ-સગર રાજાના સાઠ હજાર પુત્રોનો તેની ઈચ્છા પ્રમાણે ઉદ્ધાર જરૂર થયો, પણ સાથે સાથે બીજા કેટલાય જીવોને લાભ થયો. ભગીરથની કીર્તિ એ રીતે અમર રહી ગઈ.

ગંગોત્રીથી પંદરેક માઈલ દૂર ગોમુખ છે. ત્યાંથી ગંગાનો ઉગમ થાય છે એમ કહેવાય છે. ગોમુખ જવાનો માર્ગ ઘણો વિકટ છે. તેથી બહુ ઓછા લોકો તે માર્ગે જવાનું સાહસ કરે છે. ગોમુખનું દર્શન કરવાની અમારી ખાસ ઈચ્છા ન હતી. તેથી અમે ગોમુખ જવાની હિંમત તો ના કરી પણ તે માર્ગે બે માઈલ સુધી મુસાફરી કરી લીધી. ગંગોત્રીથી ગોમુખ જતાં બે માઈલ પર એક ગુફા હતી. ત્યાં એક મોટી ઉંમરના ફળાહારી મહાત્મા રહેતા. તે હાથમાં માળા લઈને વધારે ભાગે 'જય જગદીશ જય જગદીશ' ના જપ કર્યા કરતા. તેમની મુખાકૃતિ ખૂબ જ તેજસ્વી ને પ્રભાવશાળી હતી. જે તેમના દર્શને જાય તેમને પ્રસાદ આપવાનો અને દિવસમાં એક વાર છેક સાંજે ભોજન કરવાનો તેમનો નિયમ હતો. તેમનું દર્શન કરીને અમને આનંદ થયો.

ઉત્તરકાશીના સ્વામી પ્રજ્ઞાનાથ તે વખતે ગંગોત્રીમાં આવેલા. તેમના સંત્સંગ માટે મુંબઈથી એક ગુજરાતી ભાઈ આવેલા. તેમની સાથે મારે ઉત્તરકાશીમાં સારો પરિચય થયેલો. ગંગોત્રીમાં અમે તે બંનેની મુલાકાત લીધી ને તેમની સાથે કેટલીક વાતો કરી.

ગંગોત્રીમાં સ્વામી શ્રી કૃષ્ણાશ્રમને કેવી રીતે ભુલાય ? વરસોથી તે ગંગોત્રીમાં રહેતાં. પહેલા દંડી સંન્યાસીના રૂપમાં રહેતા, પરંતુ પાછળથી તેમણે દંડ ને વસ્ત્રોનો ત્યાગ કરેલો. ગંગોત્રીની ભયંકર ઠંડીમાં તદ્દન નગ્નાવસ્થામાં તેમણે કેટલાય શિયાળા પસાર કરેલાં. તે ગંગોત્રીમાં રહેતા એટલે તેમની મુલાકાત વિના ગંગોત્રીની જોવા જેવી વસ્તુમાંની એક મહત્વની વસ્તુ બાકી રહી જાય તેમ હતું. મેં તો તેમને ઉત્તરકાશીમાં જોયેલા પણ ચંપકભાઈ ને માતાજીએ હજી તેમનું દર્શન નહોતું કર્યું, એટલે અમે તેમના દર્શનનો લાભ લીધો.

તે કુટિયામાં બહાર પદ્માસન વાળીને શાંતિપૂર્વક બેઠેલા. અમને જોઈને તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી. તે કોઈ વૈદિક કાળના મહાન તપસ્વી જેવા દેખાતા. તેમની સેવામાં ગંગોત્રી પાસેના ગામની કોઈ સ્ત્રી પણ

રહેતી. તે પરણિત હતી, પરંતુ ગૃહક્લેશ જેવા કોઈક કારણથી સંસ્કારવશ પ્રેરાઈને તેમની પાસે આવી પહોંચેલી. તેણે ભગવા વસ્ત્રો ધારણ કરેલાં. એ પ્રદેશના સાધુ સમાજમાં એ પ્રશ્ને ભારે વિરોધનું રૂપ ધારણ કરેલું. કેટલાય સાધુઓ કૃષ્ણાશ્રમને તપમાંથી ભ્રષ્ટ થયેલા માનીને તેમની નિંદા કરતા. એક સ્ત્રીને દયાને લીધે પોતાની પાસે રાખવાથી ને પોતાની સેવાનો લાભ આપવાથી કોઈ સાધુ કે મહાત્મા તપોભ્રષ્ટ કેવી રીતે થઈ જાય છે, તે વાત મારી સમજમાં આવતી ન હતી. હા, તે શરીરની લાલસા કે કામવાસનામાં પડે તે વાત જુદી છે. પણ તેની સાબિતી માટે તો કોઈ પ્રમાણ હતું નહિ. પછી પોતાની બુદ્ધિના બળ પર તર્કવિતર્ક કરીને કોઈના પર કાદવ નાખવાથી શો ફાયદો ?

કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના અમે થોડોક વખત બેસીને પાછા ફર્યા. ગંગોત્રીની પવિત્ર ભૂમિમાં મને બીજી વાર પૂર્વજન્મના જ્ઞાનનો અનુભવ થયો તે વાત મેં આગળ ઉપર કહી દીધી છે.

ગંગોત્રીથી કેદારનાથ જતાં વચ્ચે પવાલીની ચઢાઈ આવે છે. તે યાત્રીની ખૂબ જ ભયંકર કસોટી કરનારી સાબિત થાય છે. રસ્તાના દૃશ્યો સુંદર છે. ઊંચા ઊંચા પર્વતો ને તેના પર છવાયેલા વિશાળ લીલાંછમ મેદાનો આંખ અને અંતરને આનંદ આપે છે તથા મુસાફરીનો બધો થાક હરી લે છે. એ રસ્તે ત્રિયુગીનારાયણ થઈને ગૌરીકુંડ ને પછી કેદારનાથ જવાય છે. તે પહેલાં બુઢ્ઢા કેદારનું પણ દર્શન થાય છે.

કેદારનાથમાં શંકર ભગવાનનું મંદિર અને મંદિરની આજુબાજુ બરફથી ઢંકાયેલા પર્વતો છે. કેદારનાથ ગામ નાનું છે. આ સ્થળ આશરે બાર હજાર ફૂટની ઊંચાઈ પર હોવાથી અહીંની ઠંડી અસહ્ય છે. અહીં વહેતી મંદાકિની ગંગામાં સ્નાન કરવું તે તો એક મોટું તપ છે. કેટલાક લોકો નદી કિનારે તાપણી કરી રાખે છે, ને સ્નાન કે પંચસ્નાન કરીને ભીને લુગડે જ તાપવા બેસી જાય છે. કોઈ કોઈ પ્રવાસીઓ અસહ્ય ઠંડીને લીધે નહાતાંવેંત બેભાન પણ બની જાય છે, તો પણ સ્નાનનો મહિમા સમજનારાં સ્ત્રીપુરુષો સ્નાન કરે છે ખરાં. તેમની હૃદયગત શ્રદ્ધામાંથી તેમને જરૂરી સહનશક્તિ સાંપડી રહે છે.

કેદારનાથનું લિંગ અત્યંત વિશાળ છે. તેની પૂજા કરીને યાત્રી સંતોષ મેળવે છે. મંદિરમાં જઈને સૌ કોઈ પૂજા કરી શકે છે. અમે પણ પૂજાની જરૂરી વિધિ પૂરી કરીને સંતોષ મેળવ્યો. ભગવાનને પૂજા કે સેવાની જરૂર ક્યાં છે ? તે તો માણસના પોતાના મંગલને માટે છે. તેથી માણસનું હૃદય નિર્મળ થાય છે, પ્રેમથી ભરાવા માંડે છે, ને છેવટે પરમાત્માની પ્રસન્નતા માટે તલસવા લાગે છે, પ્રભુની કૃપા માટે એ આધાર બને છે. એ પ્રેમભક્તિની દિવ્ય દશાની પ્રાપ્તિ માટે જ સેવા ને પૂજાની શરૂઆતની સાધના છે. તેનો લાભ લઈને સાધકે પ્રેમના પાવન પંથે આગળ વધવાનું છે.

કેદારનાથમાં એક રાત રહીને અમે બદરીનાથની યાત્રા શરૂ કરી. બદરીનાથની યાત્રામાં ગુપ્તકાશી ને જોશીમઠ આવે છે. જોશીમઠમાં શંકરાચાર્યનો મઠ છે. તેનું દર્શન કરીને અમે આગળ વધ્યાં. રસ્તામાં ઠેરઠેર વેરાયેલા કુદરતી સૌંદર્યનો સ્વાદ લેતાં એક પુનિત પ્રભાતે અમે ઉત્તરાખંડના પ્રસિદ્ધ ધામ બદરીનાથમાં આવી પહોંચ્યાં. 'બદરીવિશાલ લાલકી જૈ' ને 'ગંગામાઈકી જૈ' ના ધ્વનિ વચ્ચે અમે બદરીનાથમાં પ્રવેશ કર્યો.

ભારતનાં ચાર મોટા ધામોમાં બદરીનાથની પ્રસિદ્ધિ છે. બદરીનાથનું ગામ ને બજાર પર્વતીય પ્રદેશના પ્રમાણમાં મોટું છે. નર ને નારાયણ પર્વતની વચ્ચે વસેલું બદરીનાથ અત્યંત સુંદર દેખાય છે.

ગામની એક બાજુએ થઈને અલકનંદા ગંગા વહી જાય છે. બીજી બાજુ બરફના પર્વતમાંથી પ્રકટ થતી ઋષિગંગા વહેતી દેખાય છે. બંને બેનો હિમપ્રદેશને છોડીને લાંબી યાત્રા માટે તૈયાર થતાં પહેલાં એકમેકને ભેટે છે. તે વખતનું દૃશ્ય ઘણું હૃદયસ્પર્શી લાગે છે. નદીના કેવળ બરફવાળા પાણીમાં સ્નાન કરવાનું સાહસ કરવાનું મન કોઈને ભાગ્યે જ થાય તેમ છે, પરંતુ કુદરતે પોતાની શક્તિનો ચમત્કાર અહીં પણ બતાવ્યો છે. અલકનંદાને કિનારે ગરમ પાણીના સુંદર કુંડ છે. તેમાં સ્નાન કરીને પ્રવાસી સ્ફૂર્તિ મેળવે છે ને પ્રવાસના કષ્ટને દૂર કરે છે.

બદરીનાથનું મંદિર ઘણું નાનું છે. મંદિરમાં નારાયણ ભગવાનની મૂર્તિ છે. મંદિરમાં સો રૂપિયા જેટલી રકમ આપે તેના તરફથી પૂજા કરવામાં આવે છે ને તેને પૂજાવિધિનું દર્શન કરવાની છૂટ મળે છે. પૈસા આપે તેને ભગવાનનો ભોગ પણ આપવામાં આવે છે. ભોગમાં પણ ઉત્તમ, મધ્યમ જેવા ભેદ છે. તેને માટે મંદિરના કર્મચારી તરફથી ખાસ અપીલ કરવામાં આવે છે. બદરીનાથ જેવા ઉત્તમ ધામમાં એ બધું જરાય સારું નથી લાગતું. સુધરેલી ભિક્ષાવૃત્તિનો એ પ્રકાર બદરીનાથના મંદિરને માટે શોભાસ્પદ નથી દેખાતો. ધનને ખાસ મહત્વ આપીને ભોગની વહેંચણી કરવાની ને ધનના બદલામાં પૂજાનો ખાસ હક આપવાની પ્રથાનો વહેલામાં વહેલી તકે અંત આવવો દોઈએ. બદરીનાથમાં જ નહિ પણ દેશના જે મંદિરોમાં એ પદ્ધતિ પ્રચલિત હોય તે તે મંદિરોમાંથી તેને દૂર કરવી જોઈએ. ધનનું જે મહત્વ વ્યવહારમાં આંકવામાં આવે છે તે ઈશ્વરના દરબારમાં કાયમ રાખીને ગરીબ અને અમીર વચ્ચે ભેદભાવ જગાવવાની જરૂર નથી. ધની હોવાને લીધે કોઈને ભગવાનનો ભોગ મેળવવાનો ને વિશેષ પૂજાનો લાભ લેવાનો અધિકાર મળી જાય છે, એમ માનવું ભૂલ ભરેલું છે. હવે તો બદરીનાથના મંદિરનો વહીવટ સરકાર તરફથી થાય છે. એટલે એ ભેદભાવવાળી કુત્સિત પદ્ધતિનો અંત આવવો જોઈએ. સરકારના કેટલાક મોવડીઓ આ પ્રખ્યાત ધામનાં દર્શને આવે છે. તેમાંના પ્રતિષ્ઠિત પુરુષો માટે મંદિર મારફત કેસરિયા ભાત ને ખીરનો પ્રસાદ પણ મોકલવામાં આવે છે. છતાં પણ તેમાંના કોઈનું ધ્યાન હજી આ જરૂરી સુધારા તરફ ગયું નથી. ગયું હોય તો તેના અમલ માટે કોઈએ પ્રયાસ કર્યો નથી એ ઓછા ખેદની વાત નથી. મંદિરમાં ભોગ વહેંચવાની, અટકા માટે પૈસા લખાવવાની ને પૈસા લઈને પૂજાનો વિશેષ અધિકાર પૂરો પાડવાની પ્રથાનો વહેલામાં વહેલી તકે અંત આવવો જોઈએ.

બદરીનાથના દર્શનથી અમને આનંદ થયો. એ દિવ્ય ધામમાં નરનારાયણ ઋષિ, મહર્ષિ વ્યાસ, દેવર્ષિ નારદ ને પાંડવોના મહાપ્રસ્થાનની સ્મૃતિ તાજી થઈ. યાત્રામાં અમારી સાથે અલ્વરના એક ડોસા પણ હતા. તે પણ બદરીનાથનું દર્શન કરીને પ્રસન્ન થઈ ગયા. તે પંદરેક વરસથી ઘી નહોતા ખાતા. તેમને કુટુંબમાં કોઈ પ્રસંગે કોઈએ મ્હેણું મારવાથી ખોટું લાગેલું. તે દિવસથી તેમણે ઘીને તિલાંજલિ આપેલી. કોઈ વાર લગ્ન જેવો મંગલ પ્રસંગ હોય તો પણ તેમને માટે તેલની જ રસોઈ બનાવવી પડતી. કેદારનાથમાં મેં તેમને પ્રેમપૂર્વક સમજાવીને ઘી ખવડાવ્યું. તેથી તેમને શાંતિ થયેલી. આંખમાં આંસુ સાથે તેમણે કહ્યું હતું, 'મારી બેનને હવે બહુ આનંદ થશે. મેં ઘી ખાવાનું છોડી દીધેલું તેથી તેને ખૂબ જ શોક થતો હતો. તમારો ઉપકાર હું કદી નહિ ભૂલું.'

બદરીનાથમાં ત્રણેક દિવસ રોકાયાં તે દરમ્યાન અમે મહાત્મા બચ્ચીદાસની મુલાકાત લીધી. બચ્ચીદાસજી અલકનંદા અને ઋષિગંગાનાં સંગમ પાસે એક નાની કુટિયામાં રહેતાં. તે પહેલાં દેવપ્રયાગમાં રહેતાં ને કોઈ સંતમહાત્મા આવે તેની સેવા કરતા. તેમના સદભાગ્યે દેવપ્રયાગમાં એક વાર એક બંગાળી મહાત્મા આવી પહોંચ્યા. તે સિદ્ધ કોટિના સાચા સંત હતા. તેમણે બચ્ચીદાસને સાધનાની કોઈ વિધિ બતાવી, એકાદ માસ ચા પર રાખ્યા, ને બદરીનાથમાં જઈને તપ કરવાની આજ્ઞા કરી. તે પ્રમાણે બચ્ચીદાસે બદરીનાથની મુલાકાત લીધી. પછી તો તે બદરીનાથમાં કાયમ માટે રહેવા માંડ્યાં. કહે છે કે સાધના કરતાં કરતાં તે ખૂબ જ ઊંચી અવસ્થાએ પહોંચી ગયેલા. બદરીનાથના ઠંડા પ્રદેશમાં રહીને વરસો સુધી સાધના કરવામાં ઓછા સંયમ અને ઓછી સહનશક્તિની જરૂર નથી પડતી. તેનો વિચાર કરતાં તેમને માટે આપણને માન ઉત્પન્ન થાય છે. છેલ્લે છેલ્લે બદરીનાથમાં સિદ્ધબાબા સુંદરનાથજી થઈ ગયા. તે વરસો સુધી બદરીનાથમાં નગ્નાવસ્થામાં રહ્યા. મંદિરની સામે અલકનંદાને કિનારે એક વિશાળ પથ્થર પર રાત ને દિવસ બધી જ ઋતુમાં તે અર્ધ પદ્માસનમાં બેસી રહેતા. એક દિવસ એ અચાનક અદૃશ્ય થઈ ગયાં. તે પછી વરસો પછી બદરીનાથમાં રહેનારા તપસ્વીઓમાં બચ્ચીદાસજી મુખ્ય હતા. તે ઉપરાંત બે મહાત્મા બદરીનાથથી આગળ વસુધારાની ગુફામાં પણ વરસોથી રહેતાં.

બચ્ચીદાસની પાસે અમે લગભગ અડધો કલાક બેઠાં. પણ તે દરમ્યાન કોઈ વાત ના થઈ. તે શાંત જ રહ્યા. તેમની શાંત મુખમુદ્રા પરથી તેમણે સાધના કરીને સારા અનુભવો મેળવ્યા હોય તેમ લાગતું. તેથી વધારે તો તેમના વિશે શું કહી શકાય ? ઊંડા અનુભવ વિના મહાત્મા પુરુષોના સબંધમાં કોઈ ચોક્કસ અભિપ્રાય આપવાનું સાહસ કરવાનું કામ બરાબર નથી.

દેવપ્રયાગના એક ભાઈ પાસેથી તેમના સબંધમાં એક વાત સાંભળવા મળી. બચ્ચીદાસજીએ તે વાત પોતાના શ્રીમુખે કહેલી. એક વાર બચ્ચીદાસજી બદરીનાથથી ઉપર સત્યપથ તરફ લક્ષ્મીવન નામના સ્થાનમાં રહેવા ગયા. ત્યાં એક ગુફામાં તે રહેતાં. લક્ષ્મીવનમાં ભોજપત્રનાં અસંખ્ય વૃક્ષો હતાં. બરફ પણ ઘણો હતો. તેથી કુદરતી સૌંદર્યનો પાર ન હતો. તે સ્થાનમાં બચ્ચીદાસનો વિચાર સાધના કરવાનો હતો. પણ ઈશ્વરની ઈચ્છા જુદી જ હતી. રાત પડી એટલે તેમની પાસે બેત્રણ માણસો આવ્યા. તે ખૂબ જ તેજસ્વી ને પાંખોવાળા દેખાતા હતા. તેમણે તેમને પૂછ્યું : 'અહીં કેમ બેઠા છો ?'

બચ્ચીદાસે કહ્યું: 'સાધના કરવા માટે.'

'આ સ્થાન સાધના કે તપ કરવા માટે નથી.' તેણે કહેવા માંડ્યું: 'તમારી હદ અહીં પૂરી થાય છે. આ તો અમારો કિંપુરુષ ખંડ છે. અમારા યક્ષ ને ગંધર્વોની આ ક્રીડાભૂમિ છે.'

પણ બચ્ચીદાસ એમ શેના માને ? તે દલીલ કરવા માંડ્યાં. પેલા માણસોએ કહ્યું: 'કાલે અહીંથી જરૂર ચાલ્યા જજો. નહીં તો અમારે બળજબરી કરવી પડશે.' ને તે વિદાય થઈ ગયા.

બીજી રાતે તે ફરી આવ્યા. બચ્ચીદાસે તેમનું કહ્યું ના માન્યું એથી એમનામાંના એકે બચ્ચીદાસને ફૂલની જેમ ઉપાડી લીધા ને આકાશમાં ઊડવા માંડ્યું. પાંચેક મિનિટમાં તો બચ્ચીદાસને તેણે તેમની બદરીનાથની કુટિયામાં લાવી મૂક્યા. સાથે સાથે સૂચના આપી કે ફરી વાર ત્યાં આવશો નહીં, નહિ તો આથી પણ ખરાબ પરિણામ આવશે.

તે પછી બચ્ચીદાસે લક્ષ્મીવન જવાનો વિચાર માંડી વાળ્યો.

આ વાત પરથી યક્ષ ને ગંધર્વના અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થાય છે. પુરાણોમાં યક્ષ ને ગંધર્વનું વર્ણન આવે છે, એટલે તેમના અસ્તિત્વની વાત નિરાધાર નથી. બચ્ચીદાસનો અનુભવ તેમાં સાક્ષી પુરાવે છે. આ સૃષ્ટિ એકલા માનવ અને એકલી માનવસૃષ્ટિની જ બનેલી નથી એ વાત તો સહેજે સમજાય તેવી છે.

બદરીનાથના મંદિરના પવિત્ર વાતાવરણનો પ્રભાવ મન પર ઘણો સારો પડે છે. આકાશને અડવા મથનારા બરફના પર્વતોને જોયા જ કરીએ એવી ભાવના થયા કરે છે. તેમાં યે જ્યારે ચાંદની રાત હોય, ને ગંગા, પર્વત ને મેદાનમાં બધે જ ચંદ્રમાંના ચારુ કિરણો પહોંચી ને પથરાઈ ચૂક્યા હોય, ત્યારે તો અમૃતનો વરસાદ વરસતો હોય એવો આભાસ થાય છે. એવા અલૌકિક વાતાવરણમાં મન સહેલાઈથી સ્થિર થાય છે, શાંત થાય છે, ને પરમાત્મા તરફ વહેવા માંડે છે. શાસ્ત્રો ને મહાપુરુષોએ એવા એકાંત, શાંત, સુંદર વાતાવરણમાં રહીને સાધના કરવાની જે સૂચના કરી છે તેનો મર્મ તે વખતે સહેલાઈથી સમજાઈ જાય છે. સંસારની નશ્વરતા ને પરિવર્તનશીલતાનાં ચિત્રો આપણી આંખ સામે આવીને ઊભા રહે છે ને વિચાર થાય છે કે જીવન પરમાત્માની પ્રાપ્તિ માટે જ છે. તેનો સદ્ઉપયોગ કરીને વહેલામાં વહેલી તકે પરમાત્માની પ્રાપ્તિ કરી લેવી જોઈએ. અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી જ્ઞાનમાં, અલ્પતામાંથી પૂર્ણતામાં ને મૃત્યુમાંથી અમૃતત્વમાં પહોંચી જવું જોઈએ. વિષયોના રસનો ત્યાગ કરીને પ્રભુરસનો આસ્વાદ લેવો જોઈએ. એ દિવ્ય વાતાવરણમાં જૂનું જીવન યાદ આવે છે ને નવાની રૂપરેખાને તૈયાર કરવાનું મન થાય છે. હૃદય પ્રભુની પ્રેમગંગામાં સ્નાન કરીને પ્રાર્થનાની પેલી પ્રખ્યાત પંક્તિઓમાં પોકારી ઊઠે છે કે:

અસત્યો માંહેથી પ્રભુ, પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા,
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ, લઈ જા,
તુંહીનો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા !

સામાન્ય માણસોના હૃદયમાં પણ આવા આવા ભાવો નથી ઊઠતા એમ નહિ. તીર્થના વાતાવરણના, કથા કીર્તનના કે કોઈ સંતમહાત્માના સમાગમના પ્રભાવથી એવા પવિત્ર ભાવો પ્રગટે છે. પણ મુસીબત એ છે કે આકાશમાં ચમકીને અદૃશ્ય થઈ જનારી ચંચલ ચપલાની જેમ તે ક્ષણભંગુર નીવડે છે. પ્રતિકુળ પરિસ્થિતિમાં આવતાં જ તે તદ્દન નામશેષ થઈ જાય છે. જેમ સ્મશાનમાં જવાથી ને ચિતા પર કોઈને બળતું જોવાથી માણસને વૈરાગ્યનો ભાવ થઈ આવે છે, પણ થોડી જ વારમાં તે અદૃશ્ય થઈ જાય છે, તેવું જ આ સંબંધમાં પણ સમજી લેવાનું છે. તેથી તે ભાવની કિંમત ઓછી આંકવાની જરૂર નથી. સ્મશાન, તીર્થ, દેવમંદિર, કથાકીર્તન ને સંતપુરુષોનો લાભ મળવા છતાં ને કેટલીક વાર લાંબો લાભ મળવા છતાં માણસો એટલા બધા જડ ને સંસ્કાર-પ્રૂફ થઈ ગયા હોય છે કે તેમનું રૂંવાડુંયે હાલતું નથી, ને લેશ પણ લાગણી કે સુધરવાની વૃત્તિ નથી થતી, તેમના કરતાં એ માણસો વધારે ભાગ્યશાળી છે. પરંતુ તેમણે પોતાના ભાગ્યને વધારે ચમકાવવું જોઈએ. એટલે કે ક્ષણવારને માટે ઉત્પન્ન થઈને અદૃશ્ય થઈ જનારા એ પવિત્ર ભાવને લાંબા વખત લગી ને છેવટે કાયમ માટે ટકાવતાં શીખવું જોઈએ. સારા કે નરસા અને અનુકૂળ કે પ્રતિકુળ, બધી જ જાતના વાતાવરણમાં તે કાયમ રહે એવી કળા હાથ કરવી જોઈએ. લાંબી જાગૃતિ અને સતત

સાધનાથી તેમ થવું મુશ્કેલ નથી. જીવનનો સાચો આનંદ ત્યારે જ અનુભવાય છે. તેવો પુરુષ પોતે તીર્થમય બની જાય છે ને જ્યાં જાય છે ને રહે છે ને ત્યાં તીર્થનું વાતાવરણ ઊભુ કરે છે. તેના ઉત્તમ વિચાર, ભાવ ને સંસ્કારની ગંગા, જમના ને સરસ્વતી તેના સમાગમમાં આવનારા સૌને પાવન કરે છે.

વિવેકી પુરુષોને બદરીનાથના શાંતિમય વાતાવરણમાંથી એ પ્રમાણે પ્રેરણાનું ભાથું મળી રહે છે, પણ બદરીનાથમાં લાંબા વખત લગી રહેવાનું કામ સહેલું નથી. ઠંડી અતિશય અને અનુકૂળ ખાનપાન ને રહેઠાણની વ્યવસ્થાનો અભાવ હોવાથી યાત્રીઓ એક, બે કે વધારેમાં વધારે ત્રણ દિવસ રહીને પાછા વળી જાય છે.

બદરીનાથમાં ચરણપાદુકા નામે સુંદર સ્થાન છે. તેની મુલાકાતથી અમને આનંદ થયો. પર્વતની ઊંચાઈ પર આવેલા એ સ્થાનની આજુબાજુ વિશાળ મેદાન છે. તેમાં પાણીનાં નાનાં નાનાં ઝરણાં ને સુંદર રંગબેરંગી પર્વતીય પુષ્પોનું દર્શન થાય છે. આગળ જતાં પર્વતમાં એક નાની સરખી ગુફા આવે છે.

બદરીનાથમાં તે વખતે શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજી રહેતાં. મંદિરના પાસેના મકાનમાં તેમનો ઉતારો હતો. તેમનાં દર્શનનો લાભ પણ સહેજે મળી ગયો. તેમણે લખેલા શ્રી ચૈતન્ય મહાપ્રભુના જીવનચરિત્ર શ્રી ચૈતન્ય ચરિતાવલિનો ગુજરાતી અનુવાદ મેં વાંચેલો. ત્યારથી તેમની ચૈતન્ય પ્રીતિ ને વિદ્વત્તા માટે મને માન ઉત્પન્ન થયેલું. હરિદ્વારની તેમની મુલાકાત પછી અમને પરસ્પર પ્રેમ થયેલો. એટલે બદરીનાથમાં ફરી મેળાપ થવાથી અમને આનંદ થયો.

સંતોનો સમાગમ સદાયે સુખકારક હોય છે. તે સદાને માટે મળ્યા કરે તો પણ મન ધરાતું નથી કે તેનુ આકર્ષણ ઓછું થતું નથી. મારી સાથે માતાજીને જોઈને તેમને વિશેષ આનંદ થયો. તેમના પ્રેમ અને આનંદને વ્યક્ત કરવા તે વારંવાર પેલો પ્રસિદ્ધ શ્લોક 'કુલમ્ પવિત્રં જનની કૃતાર્થા' બોલવા લાગ્યા. સાચા સંતોનો સ્વભાવ એવો જ ઉદાર ને સરળ હોય છે. બીજાના રાઈ જેટલા ગુણને તે મેરુ તુલ્ય માની લે છે અને અંકુર જેટલા સારાંશને વૃક્ષ બરાબર વર્ણવી બતાવે છે. તે હંસ જેવા ગુણવાળા હોય છે. બીજાને મોટાઈ આપવા ને જરા પણ શુભ દેખાય ત્યાં તેની મહત્તા ગાવા સદાય તૈયાર રહે છે. પોતે માનના અધિકરી હોવા છતાં નિર્માનભાવ ને નમ્રતાની મૂર્તિ હોવાથી બીજાને સન્માનના અધિકારી માનતા હોય છે. તેમના વિચાર, તેમની વાણી ને તેમનું વર્તન મંગલમય હોય છે. એવા સંતો સંસારને માટે શોભાસ્પદ અને આશીર્વાદરૂપ હોય છે. તેમનું દર્શન પ્રેરણાદાયક ને ઉત્સવરૂપ હોય છે. પ્રભુદત્તજી એવા ઉચ્ચ કોટિના સંત હતા. તેથી તે મને સન્માનનો અધિકારી માને અને મારાં વખાણ કરે એમાં કાંઈ આશ્ચર્ય ન હતું. સંસાર તો ત્રિગુણાત્મક પ્રકૃતિનું સંતાન છે. તેમાં શુભ અને અશુભ બંને તત્વો રહેલા છે. કોઈક જ મહાપુરુષ એનાથી પર હશે. માટે અશુભની તરફ વારંવાર ને કાયમને માટે આંગળી કરીને કોઈને તિરસ્કારની નજરે જોવાની જરૂર નથી. ડાહ્યા માણસોની એ વાત પોતાના ને પારકાના જીવનના ઉદ્ધારમાં ખૂબ જ કામ લાગે એવી છે.

બદરીનાથમાં રહેવાનુ થયું ત્યાં સુધી રોજ સાંજે અમને પ્રભુદત્તજી તરફથી મંદિરનો પ્રસાદ મળતો રહ્યો. પ્રભુદત્તજીને ભજનકીર્તન પર વિશેષ પ્રેમ હતો. તેમની ઈચ્છાથી રાતે હું તેમને ગુજરાતી ભજન ગાઈ સંભળાવતો. તેમનો ભાવ સમજવામાં તેમને મુશ્કેલી ના પડતી.

તે વખતે તેમની પાસે એક મોટી ઉંમરના બીજા મહાત્મા પણ આવતા. તે લાલ વસ્ત્રો પહેરતાં ને ખૂબ જ ગંભીર ગતિથી ચાલતા. એમની આકૃતિ હનુમાન જેવી હતી. તેમને જોઈને ભક્તવીર શ્રી હનુમાનજી સાક્ષાત્ રીતે પ્રકટ થયા હોય એવું લાગતું. તેમનું મુખ પણ હનુમાન જેવું જ હતું. તેમની પ્રણામ કરવાની પદ્ધતિ પણ વિલક્ષણ હતી. યોગના જુદા જુદા અજાણ્યા આસનો કરતાં હોય તેમ પ્રભુદત્તજીને જોઈને તે હાથ, પગ ને મોઢું હલાવીને વિવિધ અભિનય કરતાં પ્રણામ કરતાં ત્યારે જોનારા સ્તબ્ધ થઈ જતા. એ પ્રકારની પ્રણામ કરવાની પદ્ધતિ મેં મારા આજ સુધીના જીવનમાં બીજે ક્યાંય જોઈ નથી. એ ઓરડામાં પ્રવેશ કરતા એટલે પ્રભુદત્તજી હનુમાનસ્તુતિના સુપ્રસિદ્ધ શ્લોકો બોલતાં ને બે હાથ જોડીને સત્કાર કરતાં. તે વખતે વિદ્વતાનો અને અનુરાગનો સંગમ થતો હોય એમ લાગતું. પ્રભુદત્તજીની સ્તુતિમાં સૂર પૂરાવવાનું કોઈને પણ મન થતું.

मनोजवं मारुततुल्यवेगं जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठम् ।
वातात्मजं वानरयूथमुख्यं श्रीरामदूतं शरणं प्रपद्ये ॥

अतुलित बलधामं स्वर्ण शैलाभदेहम्
दनुजवन कृशानं ज्ञानिनां अग्रगण्यम् ।
सकल गुण निधानं वानराणां अधीशम्
रघुपति प्रिय भक्तं वात जातं नमामि ॥

એ મહાત્માની બેસવાની પદ્ધતિ પણ શ્રી હનુમાનના જેવી જ હતી. એ એક પગ ઊંચો રાખીને અર્ધ વજ્રાસનમાં બેસતાં. મૌન રાખતા. છતાં પણ પ્રભુદત્તજી પાસે રોજ સવારે આવતા. તેમનું દર્શન અતિશય આનંદકારક ને મંગલ હતું. બંને મહાત્મા પુરુષો ભેગા મળતા ત્યારે પરસ્પર જે અપૂર્વ નમ્રતા ને પ્રેમ બતાવતા તેના પરથી તે બંનેની મહાનતાની પ્રતીતિ થતી. બીજાના નમસ્કાર ને સત્કારને ઝીલીને ખુશ થનારા પુરુષોને બીજાને નમસ્કાર કરવામાં ને સત્કાર કરવામાં જે મહત્તા રહેલી છે તેની ખબર કેવી રીતે પડી શકે ? તે બંને મહાપુરુષોના પરસ્પર પ્રેમભર્યા વર્તન પરથી લેવા માગનારાને ઘણો બોધપાઠ મળે તેમ હતો.

બદરીનાથની યાત્રા એ રીતે ખૂબ જ યાદગાર બની ગઈ. એક ધન્ય દિવસે અમે તે દિવ્ય ભૂમિની વિદાય લીધી. મારો વિચાર તે ભૂમિમાં હજી વધારે રહેવાનો હતો, પણ હાલ પૂરતો તેને મુલતવી રાખવો પડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૭ માતાજીની માંદગી ને રામનું દર્શન

બદરીનાથથી હવે અમારે સીધા દેવપ્રયાગ થઈને ઋષિકેશ જવાનું હતું. હિમાલયની પ્રખ્યાત ચાર ધામની યાત્રા પ્રભુકૃપાથી પૂરી થઈ. લગભગ છેલ્લા બે મહિનાથી અમારો પ્રવાસ સતત રીતે ચાલ્યા કરતો. ધ્યેય સિદ્ધિ થઈ ગઈ એટલે હવે વધારે ચાલવાની ઈચ્છા પણ ન હતી.

કર્ણપ્રયાગથી રાનીખેત જવાનો એક બીજો માર્ગ શરૂ થાય છે. અમારી સાથેના મજૂરની ઈચ્છા તે માર્ગે જવાની હતી, કેમ કે તેનું ગામ તે તરફથી પાસે પડે તેમ હતું. પરંતુ મારી ઈચ્છા દેવપ્રયાગ જવાની હતી. એટલે છેવટે અમે રાનીખેત જવાનો વિચાર માંડી વાળ્યો. તે વખતે આજના જેવી મોટરની વ્યવસ્થા ન હતી. એટલે પગપાળા પ્રવાસ કરીને પાછાં અમે દેવપ્રયાગ પહોંચી ગયાં. દેવપ્રયાગથી ચંપકભાઈ મજૂરને લઈને પગરસ્તે ઋષિકેશ ગયા. અઠવાડિયા પછી માતાજી સાથે મેં પણ મોટરમાર્ગે ઋષિકેશ પહોંચવા દેવપ્રયાગની વિદાય લીધી.

ચાર ધામની યાત્રા અમે બહુ કપરા સંજોગોમાં કરેલી. અમારી આર્થિક સ્થિતિ સારી ન હતી. ચંપકભાઈ પોતે મિત્રોની મારફત મળતી મદદ પર પોતાનું જીવન ચલાવતા ને માતાજી ચાર ધામની યાત્રાની બરાબર કલ્પના નહિ હોવાથી થોડીક રકમ લઈને ઘરેથી નીકળેલાં. તો પણ પ્રભુની પરમકૃપાથી કોઈ જાતની તકલીફ ન પડી. મૂંઝવણના પ્રસંગો ચંપકભાઈને માટે કોઈવાર ઊભા થયા ખરા, પણ થોડી જ વારમાં પ્રભુની કૃપાથી મૂંઝવણનો ઉકેલ થતો ગયો. એ રીતે આખીયે યાત્રા સુખપૂર્વક પતી ગઈ અને એક દિવસ અમે ઋષિકેશ આવી પહોંચ્યાં.

ઋષિકેશમાં અમારો ઉતારો ભગવાન આશ્રમમાં હતો. ભગવાન આશ્રમની ધર્મશાળાના શાંત ને સ્વચ્છ વાતાવરણમાં અમને અત્યંત આનંદ આવતો. ત્યાં થોડાક દિવસ રહ્યા પછી ચંપકભાઈ તેમનો વધારાનો સામાન લેવા દહેરાદુન ગયા. દહેરાદુનથી બે ત્રણ દિવસમાં આવીને તે અમારી સાથે ગુજરાતમાં આવવાની ઈચ્છા રાખતા હતા, પરંતુ ઈશ્વરની ઈચ્છા જુદી જ હતી. દહેરાદુનમાં ગયા પછી તેમને તરત કોલેરા થયો. મને તેમની પાસે બોલાવવા તેમણે સમાચાર મોકલ્યા. તેમને કોલેરા થયો જાણીને મને લાગી આવ્યું. પણ તેમની પાસે જવું કેવી રીતે ? ઋષિકેશમાં માતાજીને એકલાં મૂકી શકાય તેમ ન હતું. જો તે સાજાં હોત તો તો એકલાં રહી શકત. પણ તેમની તબિયત ખરાબ હતી. ઋષિકેશમાં આવ્યા પછી તેમને ઝાડા થયેલા ને તેમાંથી ભયંકર મરડો થઈ ગયેલો. તેમને યાત્રાનું પાણી લાગેલું. તેને લીધે તેમની દશા કરુણ થતી જતી હતી. તેમની તબિયત લથડતી જતી હતી. પાછળથી તો તે પથારીવશ થઈ ગયાં. તેમને ઝાડામાં લોહી પડતું. એ દશામાં એમને એકલાં મૂકીને મારાથી ચંપકભાઈ પાસે જવાય તેમ ન હતું. ચંપકભાઈ તો જોશીજીના ઘરમાં હતા. તેમની સારવાર ત્યાં થઈ શકે તે સમજી શકાય તેમ હતું. પણ માતાજીની સારવાર બીજું કોણ કરે ? તેમને ભગવાન આશ્રમની અજાણી જગામાં બીજા કોને ભરોસે મૂકી શકાય ? એટલે ચંપકભાઈને માટે અત્યંત પ્રેમ હોવા છતાં તેમની પાસે જવાનો વિચાર પરિસ્થિતિની પ્રતિકુળતાને લીધે મુલતવી રાખવો પડ્યો. પત્ર લખીને તેમને મેં પરિસ્થિતિથી વાકેફ કર્યા.

માતાજીની તબિયત બગડવાનું મુખ્ય કારણ હિમાલયની લાંબી ને કષ્ટમય યાત્રા હતું. એમ તો ઘણા લોકો યાત્રા કરે છે. તે બધાની તબિયત બગડે છે જ એમ નથી. માતાજીનું સ્વાસ્થ્ય પહેલેથી બહુ સારું ન હતું. પર્વતીય પ્રદેશનો પગપાળા કરાયેલો પ્રવાસ તેમને માટે આ પહેલો જ હતો. તેથી તેમની તબિયત બગડી ગઈ.

એ દિવસો ખરેખર વિકટ હતા. માતાજીને કોઈ રીતે આરામ થતો ન હતો. અમારી પાસે પૂરતા પૈસા પણ ન હતા. ગુજરાત તરફ પ્રયાણ કરવાની ઈચ્છા હતી, પણ માતાજીની તબિયત જરાક પણ સુધરે તો જઈ શકાય ને ? દહેરાદૂનમાં ચંપકભાઈ પણ બિમાર હતા. એક દિવસ તો માતાજીની દશા જરા વધારે ખરાબ થઈ ગઈ. હું તેમને હિંમત આપતો, પણ તેમની તબિયત સુધરતી ન હતી. તેથી તે નિરાશ થતાં જતાં. તે દિવસે રાતે તેમણે મારી પાસે ઘીનો દીવો કરાવ્યો. તેમને એમ થયું કે હવે કદાચ નહિ બચાય.

પરંતુ પ્રભુ દયાળુ છે. તેણે પોતાની દયા તે રાતે વરસાવી. તેને શરણે જે બેસે છે ને જે તેને પ્રાર્થે છે ને પોકારે છે તેને મદદ કરવા તે સદાય તૈયાર રહે છે. ભક્તોની બધી રીતે રક્ષા કરવાનો તેનો સ્વભાવ છે. અમારામાં સાચી ને સંપૂર્ણ ભક્તિ ન હતી, પણ અમે તેનું શરણ લીધેલું. તેના વિના અમારે બીજા કોઈનો આધાર ન હતો. તેની કૃપા વિના આ કપરી પરિસ્થિતિમાંથી બહાર નીકળાય તેમ ન હતું. ને સદભાગ્યે તેની કૃપા થઈ. માતાજી ઓરડાની બહાર ઓસરીમાં ખાટલા પર સુતેલાં. ત્યારે લગભગ મધરાત વખતે અર્ધજાગૃતિ જેવી દશામાં એમને એક અલૌકિક અનુભવ થયો. તેમના ખાટલાની પાંજેઠ તરફથી એક તેજોમય સ્વરૂપ બહાર નીકળવા લાગ્યું. તેને ધડનો ભાગ ન હતો. કેવળ તેનું મુખ જ દેખાતું. તેને માથે સુંદર મુકટ હતો. તે સ્વરૂપ ધીરે ધીરે આગળ વધીને તેમની છાતીથી જરાક ઉપરના ભાગ સુધી આવી ગયું. તેનું તેજ માતાજીથી સહન થતું ન હતું. તેથી તે બે હાથ જોડીને બોલવા માંડ્યાં : ‘હે પ્રભુ, તમારું તેજ સહન નથી થતું. તમને હું પ્રણામ કરું છું.’ તેમને જણાયું કે તે સ્વરૂપ ભગવાન શ્રી રામનું હતું. શ્રીરામે તેમને કૃપા કરીને એ અલૌકિક અનુભવ આપેલો. બે ત્રણ મિનિટ રહીને એ અનુભવ બંધ થયો.

પણ તેમને માટે તો એ અલૌકિક અનુભવ આશીર્વાદરૂપ નીવડ્યો. પ્રભુએ જાણે તેમના પર વિશેષ કૃપા કરી. તેને લીધે બીજા દિવસથી તેમની તબિયતમાં એકાએક સુધારો થવા માંડ્યો. સંપૂર્ણ સુધાર તો ઠેઠ ગુજરાતમાં આવ્યા પછી વડોદરામાં દવા કરાવ્યા પછી થયો, પણ પથારીવશ દશાનો અંત આવ્યો. થોડાક દિવસ આરામ કર્યા પછી ઋષિકેશ છોડવાનો અમે નીર્ણય કર્યો.

શ્રી પ્રભુદત્તજી તે દિવસોમાં બદરીનાથની યાત્રા પૂરી કરીને ઋષિકેશ આવ્યા. તેમના દર્શનનો લાભ એકવાર ફરીથી પ્રાપ્ત થયો.

ઋષિકેશથી નીકળવા માટે અમારી પાસે પૈસાની પુરતી સગવડ ન હતી. વડોદરાથી થોડીક રકમ મંગાવેલી. તેમાં મદદરૂપ થાય એવો એક બીજો પ્રસંગ પ્રભુની કૃપાથી ઊભો થયો. અમદાવાદમાં મને નામ માત્રથી ઓળખનાર એક ભાઈએ મને અચાનક પચાસ રૂપીયાનો મનીઓર્ડર મોકલ્યો તે લઈને ટપાલી મારી પાસે આવ્યો. તેને સ્વીકારવો કે નહિ તેનો વિચાર થઈ પડ્યો. મોકલનાર તરીકે જે કંપની કે પેઢીના માણસનું નામ હતું તેમનો મને પરિચય ન હતો. છતાં ઈશ્વરની ઈચ્છા માનીને મેં તેનો સ્વીકાર કર્યો. ઈશ્વરની લીલા એવી જ અજબ છે. તે ક્યારે, ક્યાં ને કેવી રીતે મદદ કરે છે તે કોઈ કહી શકતું નથી. આજ

સુધી એવી અચિંત્ય રીતે મને એણે અનેક વાર મદદ કરી છે ને માયાળુ માતાની જેમ મારી સંભાળ રાખી છે. મારૂં સમસ્ત જીવન એક રીતે એની મહાન કૃપાનો જ નમૂનો છે. એવા પરમ પ્રેમમય કૃપાળુ ઈશ્વરને કેવી રીતે ભૂલી શકાય ? ભૂલવાનો વિચાર પણ કેવી રીતે કરી શકાય ? એવા કૃતઘ્ની સ્વપ્ને પણ થઈ શકાય ?

☼ ☼ ☼ ☼ ☼

## ૭૮ અયોધ્યા, પ્રયાગ, કાશી, વ્રજમંડળ

અમે ઋષિકેશ છોડ્યું ત્યારે દેશની પરિસ્થિતિ જોઈએ તેવી સારી ન હતી. ખરાબ કે અશાંત જરૂર કહી શકાય. ઈ. સ. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનથી આખા દેશમાં જાગૃતિ, સંગઠન અને એકતાની હવા ફેલાઈ ગઈ હતી. એની અસર કાયમ હતી. સમસ્ત પ્રજા બીજી બધી વાતોમાંથી મનને હઠાવીને કેવળ આઝાદીની ઝંખના કરતી હતી. નેતાઓના મનમાં પણ દેશને વહેલામાં વહેલી તકે આઝાદ કરવાની ઈચ્છા રમી રહેલી. તેમની ઈચ્છા પૂરી થાય ને સંસારના આધ્યાત્મિક પ્રેરણાદાતા જેવો આ દેશ સ્વતંત્ર તથા સુખી થઈને સંસારના આધ્યાત્મિક ગુરુપદે પ્રતિષ્ઠિત થઈને પોતાના મરી પરવારેલા પ્રાચીન યશને પ્રાપ્ત કરે, તે માટે કોઇ કોઇ વાર હું પ્રભુને પ્રાર્થના કરતો. એ રીતે દેશની આઝાદીની લડતમાં મારી સંપૂર્ણ સહાનુભૂતિ હતી. પણ એટલું સાચું છે કે છેલ્લાં કેટલાક વખતથી મારું ધ્યાન મારી પોતાની જ જીવનસાધના પર એકાગ્ર થયેલું. તે વખતના મારા વિચારો હું નારાયણભાઇને પત્રો દ્વારા જણાવતો. તેમનામાં મારા વિચારોને સમજવાની સંપૂર્ણ શક્તિ હતી, તેથી મને આનંદ થતો.

ઋષિકેશથી ગુજરાતની પુણ્યભૂમિમાં પ્રવેશતાં પહેલાં મેં દહેરાદૂનમાં ચંપકભાઇની મુલાકાત લીધી. તેમની તબિયત હજી નરમ હતી. તેથી અમારી સાથે તેમના પહેલાંના કાર્યક્રમ મુજબ તે ગુજરાતના પ્રવાસમાં જોડાઇ શકે તેમ ન હતું. અમારાથી તેમની રાહ જોઇને વધારે રોકાવાય તેમ પણ ન હતું. એટલે અમે પહેલાં નીકળીએ ને તે પાછળથી અનુકૂળતાએ આવી પહોંચશે એમ નક્કી થયું. માતાજીને હરિદ્વારના સિદ્ધાશ્રમમાં મુકીને હું એકલો જ દહેરાદૂન ગયેલો. હરિદ્વારમાં ફરી આવતાં મહાત્મા વેદબંધુનો મેળાપ થયો. થોડો વખત હરિદ્વારમાં રોકાઇને અમે હિમાલયની પવિત્ર ભૂમિની વિદાય લીધી. હિમાલયની પવિત્ર ભૂમિમાં આટલા લાંબા વખત લગી રહેવા મળ્યું તે ખરેખર ઇશ્વરની મહાન કૃપા હતી. તેની કૃપા વિના આટલી નાની ઉંમરમાં તેમનું સ્મરણ કરતાં તેના પ્રેમી તરીકે એવા પુણ્યપ્રદેશમાં રહેવાનો અવસર ભાગ્યે જ મળી શકે. તેની એ મહાન કૃપાને કેવી રીતે ભૂલી શકાય ? આ સંસારમાં એવા લોકો પણ ઘણાં છે જે ઇશ્વરની કૃપાને સહેજે ભૂલી જાય છે. સામાન્ય માણસોએ પણ તેમને માટે જે સેવા ને હિતના કામ કર્યા હોય તેને ભૂલતાં તેમને વાર નથી લાગતી. એવા માણસો વધારે ભાગે તકલાદી ને સ્વાર્થી હોય છે. ઇશ્વરે તેમને આ સર્વોત્તમ માનવશરીર આપ્યું છે ને બીજી કેટલીય રીતે મદદ કરી છે, તે વાતને તે સહેલાઇથી ભૂલી જાય છે ને ઇશ્વરની દુનિયાના બંધારણની વિરુદ્ધ અનીતિ અને અધર્મના કામ કરીને દુનિયાને અમંગળ કરે છે. પણ બધા માણસો કાંઇ તેવા થોડા હોય છે ? કૃતજ્ઞ વૃત્તિવાળા માણસો પણ સંસારમાં ઘણાં હોય છે. બીજાએ કરેલા ગુણ કે ઉપકારને તે સદા યાદ રાખે છે ને બદલામાં તેનું કે બીજાનું તેવી જ રીતે ભલું કરવા તૈયાર રહે છે. ઇશ્વરના આશીર્વાદ મેળવવા માટે પણ સદા પરિશ્રમ કરે છે. તેમનો સ્વભાવ જ એવો હોય છે, તેવા માણસોથી સૃષ્ટિ સાચે જ સુશોભિત બને છે. માણસે કૃતજ્ઞ થવું કે કૃતઘ્ન તે તેના હાથમાં છે.

હરિદ્વાર છોડ્યા પછી મને પણ યાત્રાના પાણીની અસર શરૂ થઇ. મારી તબિયત બગડી એટલે મને પણ ઝાડા શરૂ થયા. અત્યાર સુધી માતાજી એકલાં જ અસ્વસ્થ હતા. હવે મને પણ તકલીફ થવા માંડી. તે દશામાં પણ હિંમત હાર્યા વિના અમે મુસાફરી ચાલુ જ રાખી. હરિદ્વારથી અયોધ્યા થઇને અમે કાશી ગયા.

ભારતની સાત મોક્ષદાયી પુરીમાં અયોધ્યા ને કાશીની ગણના કરવામાં આવે છે. એનો અર્થ એવો નથી કે તે વિનાનાં બીજા ગામો ને નગરોમાં રહેવાથી મુક્તિનો આનંદ નથી મળી શકતો. મુક્તિનો સંબંધ મુખ્યત્વે કોઇ સ્થાનની સાથે નહિ પણ મનની સાથે છે. એટલે મનને નિર્મળ, નિર્મમ, નિરહંકાર કરીને તે દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરીને ગમે તે સ્થાનમાં રહીને કોઇ મુક્તિનો આનંદ મેળવી શકે છે. પરંતુ પેલા શ્લોકમાં કહી બતાવેલી સાત પુરીનો મહિમા તેની સાથે સંકળાયેલા ઇતિહાસને લીધે વિશેષ વખણાય છે. તે બરાબર જ છે. તેનો હેતુ બીજા પુણ્યપ્રદેશોનો મહિમા જરા પણ ઓછો આંકી બતાવવાનો નથી.

અયોધ્યા તો ભગવાન રામની જન્મભૂમિ ને રાજધાની. સરયૂનો પટ અહીં ખૂબ જ વિશાળ છે. નદી કાંઠે કેટલાંક સુંદર મંદિરો છે. રામ પ્રત્યેના અનુરાગને આજે પણ અમર રાખતાં હોય તેમ વાનરનાં ટોળેટોળાં અહીં જોવા મળે છે. રામના જન્મસ્થાનની પાસે મસ્જીદ જેવા ઘાટનું મકાન મધ્યયુગની અસહિષ્ણુ મુસ્લીમ રાજનીતિની યાદ આપતું ઊભું છે. અયોધ્યામાં ફરતી વખતે રામ ને સીતાનું આદર્શ જીવન નજર સામે તરવર્યા વિના રહેતું નથી. એથી અંતર આનંદ અનુભવે છે. આજનું અયોધ્યા રામના મહત્વને બાદ કરીએ તો એટલું બધું આકર્ષક નથી.

કાશી તો ભારતનું પ્રાચીનકાળથી વખણાતું વિદ્યાનું કેન્દ્ર કહેવાય. પણ તે સંતસંસ્કૃતિનું પણ કેન્દ્ર રહ્યું છે. રામાનંદ, કબીર, તુલસીદાસ જેવા કેટલાય મહાપુરુષોની સ્મૃતિથી તે પાવન થયું છે. 'કાશીમાં મરવાથી મુક્તિ મળે છે' એ વાતમાં વિશ્વાસ રાખીને ને ભગવાન શંકરના અનુરાગથી આકર્ષાઇને કાશીના સુંદર સ્થાનમાં સંતો ને સાધારણ માણસો કાયમી વસવાટ માટે આવ્યા જ કરે છે. ગંગામાતાનો પ્રવાહ અહીં અત્યંત સુંદર ને વિશાળ લાગે છે. વિશ્વનાથના મંદિરની બાજુમાં જ અમારો ઉતારો હતો એટલે દર્શનનો લાભ વારંવાર મળતો. વિશ્વનાથ ભગવાનનું મંદિર ઘણું જ નાનું છે. તેની બાજુમાં જ મસ્જીદ છે. મંદિરમાં પ્રવેશતાંવેંત તુલસીદાસના રામાયણની કસોટી કરવા કાશીના પંડિતોએ જે પ્રયોગ કરેલો તે યાદ આવે છે. મંદિરમાં ધર્મના ગ્રંથોને ગોઠવીને કહે છે કે તેમણે રામાયણને છેક જ નીચે રાખ્યું હતું ને સૌમાં જે શ્રેષ્ઠ હોય તે ગ્રંથને સૌથી ઉપર કરી દેવા શંકર ભગવાનને પ્રાર્થના કરેલી. બીજે દિવસે સવારે મંદિર ઉઘાડીને જોયું તો તુલસીદાસનું રામાયણ સૌથી ઉપર હતું. ભગવાન શંકરે એવી રીતે તુલસીદાસ પર કૃપા કરેલી. પ્રસિદ્ધ વિદ્વાન શ્રી મધુસુદન સરસ્વતી પણ તે વખતે બ્રહ્મચર્યદશામાં કાશીમાં રહેતા. તેમણે પણ બધા પંડિત તરફથી નિર્ણય કરીને રામાયણની મુક્ત કંઠે પ્રસંશા કરેલી.

કાશીના કેટલાક રસ્તા ખૂબ જ સાંકડા ને ગંદા છે. જે તીર્થો માટે આપણે ગૌરવ લઇએ છીએ તેમને પવિત્ર ને સુંદર રાખવાની વૃતિ હજી આપણે કેળવી નથી. તેમના વાતાવરણને નીતિમય ને પ્રભુમય રાખવાનો પ્રયાસ પણ કરતા નથી. તે વાત બહુ સારી નથી. કેટલાક વિદેશી લોકો તીર્થોના વાતાવરણને જોઇને જ આપણી સંસ્કૃતિનું મૂલ્યાંકન કરે છે. તેમને માટે તેમજ આપણી સુંદર સંસ્કૃતિની શોભા ને રક્ષા માટે પણ તીર્થો ને મહત્વના બધા સ્થળોને આપણે સ્વચ્છ, સંસ્કારી ને સદાચારમય રાખવાની જરૂર છે. ત્યારે જ આપણો દેશ સાચા અર્થમાં મહાન થઇ શકશે.

કાશીમાં અસિઘાટ પ્રસિદ્ધ છે. મણિકર્ણિકા ઘાટ પણ મહત્વનો છે. અસિઘાટની બાજુમાં જ તુલસીઘાટ છે. ત્યાં તુલસીદાસે નિવાસ કરેલો ને સમાધિ લીધેલી તેથી તે સ્થાન ખાસ મહત્વ ધરાવે છે. તુલસીદાસ જેવા

મહાન સંતનું એ સ્મારક જોવા જેવું છે. એ મહાન સંતે ભારતીય ધર્મ ને સંસ્કૃતિની કીમતી સેવા કરી છે. આજે પણ રામાયણની રસમય રચના દ્વારા તેમની સેવા ચાલુ છે. અસિઘાટ પર ઉભા રહીએ છીએ એટલે પેલો પ્રસિદ્ધ દોહો યાદ આવે છે :

સંવત સોલહસેં અસી અસિ ગંગકે તીર,
શ્રાવન શુકલા સપ્તમી તુલસી તજ્યો શરીર.

અમર યશનું દાન દેનારી રામાયણની રચનાની શરૂઆત તુલસીદાસે છેક ૮૦ વરસની વયે કરી હતી એ ઘણાંને ખબર નહિ હોય.

અસિઘાટ પર એક નાવમાં તે વખતે હરિહર બાબા રહેતા. તેમના દર્શનનો લાભ પણ અમને મળી ગયો. તે મૌન રાખતા. તેમની પાસે વધારે વખત ભક્તો તરફથી રામધૂન ચાલ્યા કરતી.

કાશીના નિવાસ દરમ્યાન મને ને માતાજીને ઝાડા ચાલુ જ હતા. તેથી માલવિયાજીના હિંદુ વિશ્વવિદ્યાલયની મુલાકાત ન લઇ શકાઇ.

કાશીમાં પાંચેક દિવસ રોકાયા પહેલાં અમે પ્રયાગરાજના પ્રસિદ્ધ તીર્થના દર્શને જઈ આવેલાં. તે વખતે ચોમાસું હોવાથી ગંગા ને જમના પાણીથી ભરપૂર હતી. ત્રિવેણીમાં સ્નાન કરીને અમે નાવમાં બેસીને નદીમાં પૂરને લીધે લગભગ આખો દિવસ વિહાર કર્યો અથવા કહો કે અમારે વિહાર કરવો પડ્યો. તબિયત ખરાબ હોવાથી ત્યાં પણ વધારે રહી શકાય તેમ ન હતું, એટલે વધારે વખત ખોયા વિના કાશી થઈને મથુરા જવાનો અમે નિર્ણય કર્યો.

ભગવાન શ્રી કૃષ્ણના કાળનું મથુરા કેવું હશે એની આજે તો કલ્પના જ કરવાની રહે છે, પરંતુ આજનું મથુરા એટલું બધું મનોહર અને આકર્ષક નથી. તો પણ એક પ્રચીન ઐતિહાસિક તીર્થ તરીકે તેની મહત્તા આજે પણ એવી જ અચળ છે. ભગવાન શ્રી કૃષ્ણની લીલાભૂમિ તરીકે તે આજે પણ દેશ ને પરદેશના હજારો લોકોને આકર્ષે છે ને પ્રેરણા પૂરી પાડે છે. જમનાજીને લીધે વધારે વખણાયેલું ને સુશોભિત બનેલા એ તીર્થધામનું હજારો લોકોના દિલમાં ખાસ સ્થાન છે.

મથુરામાં અમે લગભગ પંદર દિવસ રહ્યાં. પરંતુ તે દરમ્યાન તબિયત તો એવી જ ખરાબ રહી. તો પણ જોઈ શકાય એટલાં મહત્વનાં સ્થાનો જોઈ લીધાં. જમનાજીના વિશ્રામઘાટનું દૃશ્ય ખૂબ જ મનોહર છે. સાંજે આવતી વખતે ત્યાંનું વાતાવરણ ખૂબ જ રસમય અને અલૌકિક લાગે છે. હરિદ્વારમાં હર કી પેડી પર સાંજના સમયે આરતીદર્શન કરવાનું સદભાગ્ય જેને સાંપડ્યું હશે તે એનો અલૌકિક આનંદ કદી પણ નહિ ભૂલ્યા હોય. જમનાના વિશ્રામઘાટ પર થતી આરતી હરિદ્વારની આરતીની યાદ તાજી કરે છે. આંખ અને અંતર બંનેને આનંદ આપનારી એ આરતી એક વાર જોયા પછી વારંવાર જોવાનું મન થયા વિના રહેતું નથી.

વિશ્રામઘાટ ખરેખર વિશ્રામનો જ ઘાટ છે. તાપથી તપેલા ને શાંતિની ઈચ્છાવાળા માણસો ત્યાં જઈને શાંતિ મેળવે છે. ત્યાંનું વાતાવરણ એવું સુંદર છે કે માણસ ભારેમાં ભારે મુસિબત ને ચિંતાને ભૂલીને થોડી વાર આનંદમાં સ્નાન કરે છે. તેમાં પણ જો કોઈના સંસ્કાર વધારે પ્રબળ હોય તો ત્યાં બેસીને તે

જીવનની ઉન્નતિનો સંકલ્પ કરે છે ને જીવનને પ્રેમમય, પ્રભુમય કરવાની પ્રેરણા મેળવે છે. ભગવાન શ્રી કૃષ્ણનું સ્મરણ કરીને કોઈક બડભાગી પુરુષો અંતરનો આરામ પણ પામી લે છે.

વિશ્રામઘાટથી નાવમાં બેસીને જમનાને સામે કિનારે જઈએ એટલે થોડે દૂર ગયા પછી દુર્વાસા ઋષિનું સ્થાન આવે છે. તે સ્થાન એકાંતમાં છે, સુંદર છે, ને ખાસ દર્શનીય છે. ત્યાં જતી વખતે દુર્વાસા ઋષિની પવિત્ર સ્મૃતિ તાજી થાય છે. એ મહાન તપસ્વીની મૂર્તિ મનના પડદા પર નાચવા માંડે છે. ભારતની જુદી જુદી નદીના કિનારા પ્રાચીન કાળથી માંડીને આજ સુધી સંત મહાત્માથી સુશોભિત થતા રહ્યા છે. પર્વતો ને નદીઓના રમણીય ને સુંદર પ્રદેશોને તપસ્વીઓએ સદાય યશસ્વી બનાવ્યા છે. તીર્થયાત્રાના આકર્ષણમાં તેવા મહાન પુરુષોનું દર્શન પણ એક મહાન કારણરૂપ હતું. આજે તીર્થો તપસ્વીઓ ને સાચા સંતોથી રહિત થતાં જાય છે. તો પણ તેમનો તદ્દન લોપ નથી થયો. તીર્થોનો મહિમા વધારનારા સંતો આજે પણ ક્યાંક જોવા મળે છે.

મથુરાથી અમે ગોકુળ જઈ આવ્યાં. ત્યાં જમના તટ પર એક ગુજરાતી સંન્યાસી રહેતાં. તેમના સ્થાનમાં અમે ઉતારો કર્યો. ગોકુળ તો શ્રી કૃષ્ણની બાળપણની લીલાભૂમિ. નંદ ને જશોદાને ત્યાં રહીને તેમણે ગોકુળને અમર બનાવી દીધું છે. ગામ બહુ નાનું પણ ગમે એવું છે. કૃષ્ણ ભગવાનના એ લીલાસ્થાનનું દર્શન કરીને અમે તેમની બાળલીલાને યાદ કરી. એકાદ દીવસ રોકાઇને અમે મથુરા પાછા ફર્યાં.

મથુરાની યાત્રા વૃંદાવનના દર્શન વિના અધુરી જ ગણાય, એટલે થોડા દિવસ પછી અમે વૃંદાવનની મુલાકાત લીધી. ભક્તો વૃંદાવનને ધરતી પરના વૈકુંઠ જેવું માને છે. ચૈતન્ય મહાપ્રભુ, વલ્લભાચાર્ય, તુલસીદાસ, સુરદાસ, મીરાં ને રામકૃષ્ણદેવ જેવા અનેક પ્રભુપ્રેમી આત્માઓ તેની પાવન પૃથ્વીના પ્રવાસે આવી ગયા છે. હજારો ભક્તો ને મહાત્માઓ ત્યાં સ્થાયી થઈને રહેવા પ્રેરાયા છે. વૃંદાવનના દર્શનથી અમને આનંદ થયો.

વૃંદાવનના મંદિરો સુંદર છે. ભગવાને રાસલીલા કરી હતી તે જગા પણ જોવા જેવી છે. રાધા ને બીજી ગોપીઓની પ્રેમની ગૌરવગાથા અહીંની ધરતીમાં જાણે કે વણાઇ ગઈ છે. પ્રેમી ભક્તોના અંતરને અહીં શાંતિ મળે છે. ગોપીભાવમાં મસ્ત બનીને ભગવાનની કૃપા માટે તલસનારા ભક્તો આજે પણ અહીં જોવા મળે છે. કેટલાક ઉચ્ચ શ્રેણીના સંતોના સમાગમનું સૌભાગ્ય પણ સહેજે સાંપડે છે.

યાત્રા કરનારા માણસોમાંના મોટા ભાગના માણસો કેવળ ફરવાને માટે યાત્રા કરે છે. કેટલાક શોખને ખાતર તો કેટલાક પુણ્યની પ્રાપ્તિ માટે યાત્રા કરે છે. તેવા માણસોએ યાત્રાની મદદથી જીવનને વધારે ને વધારે પુણ્યમય કરવા પ્રયાસ કરવો જોઈએ. જે કામ કરવામાં આવે તે આંખો મીંચીને કે કેવળ શોખને ખાતર ના થવું જોઈએ. તેની પાછળ પુરતો વિચાર હોવો જોઈએ. તેમ થાય તો કર્મ કેવળ જડ કર્મ ન રહે પણ જીવનને ચેતનાનું દાન દેનારો એક પ્રકારનો યજ્ઞ અથવા યોગ થઈ જાય. વૃંદાવન જેવા પવિત્ર સ્થાનની યાત્રાએ આવનાર માણસ વ્યસનોથી મુક્તિ મેળવવાનો નિશ્ચય કરે, દુર્ગુણોને દૂર કરી સદગુણોને કાયમ કરે, ને સત્કર્મી બને, તો તેનું જીવન વધારે ઉજ્જવળ ને પુણ્યમય બની શકે. પ્રભુની પ્રસન્નતાને પ્રાપ્ત કરવાની ભૂમિકા પણ એ રીતે સહેલાઈથી તૈયાર થઈ શકે. તે ઉપરાંત ભગવાનની લીલા ને શક્તિને તે યાદ

કરે, સંસારની મમતા અને આસક્તિને ઓછી કરીને ભગવાનની કૃપાને પામવાનો પ્રયાસ કરે, યાત્રા પૂરી કરીને ઘેર ગયા પછી પણ એ કાર્યક્રમ કાયમને માટે ચાલુ રાખે તો યાત્રા તેને માટે પુણ્યપ્રદાયક થઈ પડે.

જ્ઞાનદૃષ્ટિએ વિચાર કરવાથી સમજાશે કે સમસ્ત સંસાર વૃંદાવન છે. સંસારમાં એવું એકે સ્થાન નથી જ્યાં ભગવાન ના વિરાજી રહ્યા હોય. જડ ને ચેતનમાં તે જ છે. એટલું જ નહિ પણ જે દેખાય છે અને અનુભવાય છે તે તેમનું જ સ્વરૂપ છે. પણ અહંકાર, મમતા અને અજ્ઞાનને લીધે તેમનું દર્શન થઈ શકતું નથી. અજ્ઞાનનું એ આવરણ દૂર થઈ જાય તો બધે તેમનું દર્શન થઈ શકે અને આ સૃષ્ટિ વૃંદાવન, કાશી, અયોધ્યા જેવી મંગલ બની રહે. કવિએ એ જ અર્થમાં કહ્યું છે કે 'ઘટ ઘટમાં નાથ સમાયા.'

જે બહાર છે એ અંદર પણ ક્યાં નથી ? તન, મન, અંતરમાં એ જ રમી રહ્યા છે ને મધુરી વાંસલડી વગાડી રહ્યા છે.

એટલે વૃંદાવન જેમ બહાર છે તેમ અંદર પણ છે. અંદર પણ એ જ પ્રભુની લીલા થઈ રહી છે ને તેમની જ શક્તિ કામ કરી રહી છે. જીવનની યાત્રામાં તે પ્રભુની અંદર ને બહાર ઝાંખી કરવા સમજુ સ્ત્રીપુરુષે પ્રયાસ કરવાની આવશ્યકતા છે. સાધારણ યાત્રા ત્યારે જ સફળ થઈ શકે. યાત્રાને એમ જીવનની સાધનાનું મહત્વનું અંગ બનાવવું જોઈએ.

વૃંદાવનની યાત્રામાં જોયેલું એક દૃશ્ય હજી પણ એવું જ યાદ છે. તે દિવસે કોઈ મોટા મહંતનું શરીર શાંત થયું હતું. તેમના મૃત શરીરને સ્મશાનમાં લઈ જવાતું હતું. સંકીર્તન સાથે નીકળેલી સ્મશાન યાત્રા આકર્ષક હતી. મહંતની મુખાકૃતિ ઉઘાડી રાખેલી. તેને જોતાં લાગતું કે તે સાધુપુરુષ નિંદ્રાધીન થયા છે. તેમના મુખ પર ઊંડી શાંતિ ને તેજસ્વિતા હતી. તેથી તે કોઈ મહાપુરુષ છે એમ લાગતું. નાના કે મોટા સૌને છેવટે તો એ જ રીતે વિદાય થવાનું છે, પણ વિદાય થતી વખતે શાંતિ ને સ્મિતનો અનુભવ તો કો'ક બડભાગી જ કરી શકે.

મથુરા પાછા આવીને છેવટે અમે વડોદરા આવવા વિદાય થયાં. લગભગ પોણા બે વરસ પહેલા જે વડોદરાની વિદાય લીધેલી તે વડોદરા વળી આવી પહોંચ્યું. એ સુંદર શહેરમાં થોડા દિવસ સુધી અમે માતાજીના ભાઈ રમણભાઈને ત્યાં આરામ કર્યો. ત્યાંના અનુભવી ને સજ્જન ડોક્ટર શ્રી વેણીભાઈ પાસે માતાજીની દવા કરાવી. તેમના ઉપચારથી માતાજીને લાંબે વખતે સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૯ શાંતાશ્રમનો ફરી મેળાપ

વડોદરાના નિવાસ દરમ્યાન શાંતાશ્રમજી અથવા મગર સ્વામીનું સ્મરણ થાય એ સ્વાભાવિક હતું. ઋષિકેશની ધર્મશાળાને છોડ્યા પછી મેં તેમને પત્ર લખવાનું બંધ કરેલું. તેમને મારો ધર્મશાળા ત્યાગનો વિચાર પસંદ નહોતો પડ્યો તો પણ મને એમને માટે અસાધારણ આદરભાવ હતો. કોઈક વિષય પરત્વે બે કે વધારે માનવોને મૌલિક મતભેદ હોય તો પણ એવો પ્રામાણિક વિચારભેદ પારસ્પરિક પ્રેમ સબંધનો નાશ કરનારો શા માટે થવો જોઈએ ? સ્વામીજીની સાથેનો સ્નેહસબંધ સનાતન રહેવા સરજાયેલો હોવા છતાં, સાધનાની ઉત્કટતાની એ દૈવી દશા દરમ્યાન સઘળી સુપરિચિત વ્યક્તિઓની સાથેનો પત્રવ્યવહાર સ્વાભાવિક રીતે જ સ્થગિત થયેલો. એટલે સ્વામીજીને પણ કોઈ પત્ર નહોતો લખાયો. તેમની મુલાકાત લેવાની ઈચ્છાથી પ્રેરાઈને એક દિવસ બપોરે મેં રણમુક્તેશ્વર મહાદેવ તરફ પ્રયાણ કર્યું.

રણમુક્તેશ્વર મહાદેવના મેડા પર મેં પ્રવેશ કર્યો ત્યારે સ્વામીજી તેમની પદ્ધતિ પ્રમાણે આસન પર બેઠેલા. શરીરે તેમણે એક કટિવસ્ત્ર પહેરેલું. તેમની મુખાકૃતિ ખૂબ જ તેજસ્વી દેખાતી. તેમણે હાથના નખ વધારેલા. તેમને પ્રણામ કરીને હું તેમની પાસે બેસી ગયો. મને જોઈને તે પહેલાં તો સહેજ સ્મિત કરતા; પરંતુ આ વખતે તો તેમનું મુખ ગંભીર જ રહ્યું. તેમણે એવી જ ગંભીરતાથી પણ જરા રોષભર્યા સ્વરે પૂછ્યું, ‘તમારો આશ્રમ કયો છે ?’

એ પ્રશ્ન પૂછવાનું કારણ મને સમજાયું નહિ. તેમને ખબર હતી કે મારી ઉંમર હજી પચીસ વરસની નથી થઈ ને મેં લગ્નજીવનમાં પ્રવેશ પણ કર્યો નથી. એટલે મારો આશ્રમ જાણવો જ હોય તો બ્રહ્મચર્યાશ્રમ જ હોઈ શકે. છતાં તેમણે મને તે વિશે પ્રશ્ન કર્યો તેમાં કોઈ બીજું રહસ્ય છુપાયેલું હશે. કદાચ મારો વેશ તેમને વિચિત્ર અને અણગમો ઉત્પન્ન કરનારો લાગ્યો હશે. મેં પંચકેશ રાખ્યા હતા. કમર નીચે ઢીંચણ સુધીનો ખાદીનો ટુકડો વીંટ્યો હતો, ને શરીરે એક બીજો ટુકડો ઓઢ્યો હતો. મારાં વસ્ત્રો સફેદ હતાં. મેં ધોતિયાનો ત્યાગ કરીને સાધુ જેવો વેશ ધારણ કર્યો તે તેમને કદાચ નહિ ગમ્યું હોય. પણ કોઈને ગમે તેવો જ વેશ મારે ધારણ કરવો એ વાત મેં કદી સ્વીકારી નથી. કોઈ એવું ઈચ્છે પણ શા માટે ? દરેકને પોતાની રુચિ પ્રમાણે વેશપરિધાન કરવાની સ્વતંત્રતા છે ને હોવી જોઈએ. તે સ્વતંત્રતાથી વ્યક્તિ ને સમષ્ટિની નૈતિક મર્યાદા જળવાઈ રહે એટલે થયું. એથી આગળ વધીને બધા માણસો પોતાની જ ઈચ્છા પ્રમાણે પહેરે, ઓઢે ને જીવે એવો દુરાગ્રહ શા માટે રાખવો જોઈએ ? એટલે સ્વામીજીના પ્રશ્નનું કારણ મારી સમજમાં આવી શક્યું નહિ. તેમના જેવા વિદ્વાન પુરુષ એવો દુરાગ્રહ ભાગ્યે જ રાખે. તેમને મેં શાંતિથી ઉત્તર આપ્યો, ‘આશ્રમ તો બ્રહ્મચર્યાશ્રમ જ છે, ને જ્ઞાનની દૃષ્ટિથી જોઈએ તો આત્માને ક્યાં કોઈ આશ્રમ છે ? હસ્તામલકે શંકરાચાર્યને કહ્યું હતું કે હું બ્રહ્મચારી નથી, ગૃહસ્થી નથી, વાનપ્રસ્થી કે સંન્યાસી પણ નથી. હું તો આત્મસ્વરૂપ છું. સ્વરૂપના જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છું.’

મારો ઉત્તર તેમને ઠીક લાગ્યો કે નહિ તે તો પ્રભુ જાણે, પણ તે વિશે તેમણે વધારે વાતચીત ના કરી.

'તમે કોને પૂછીને ધર્મશાળા છોડી દીધી ?' મારા તરફ દૃષ્ટિપાત કરીને તેમણે તરત જ બીજો પ્રશ્ન પૂછ્યો.

એનો ઉત્તર સ્પષ્ટ હતો. તે પ્રમાણે કહેવા માંડ્યું, 'ઈશ્વરની પ્રેરણાથી. ઈશ્વરની પ્રેરણાને માન આપીને મેં ધર્મશાળા છોડી દીધી.'

મારો ઉત્તર તેમને સહેજ પણ સારો ના લાગ્યો. એ ચીડાઈ ગયા, 'ઈશ્વરની પ્રેરણા ? ઈશ્વરની પ્રેરણા તો મને પણ નથી થતી, ને તમને થઈ ગઈ ?'

તેમની ગંભીરતાનું સાચું કારણ મને હવે જ સમજાયું. હિમાલય જવાનું થયું તે પહેલાં તે મને વારંવાર કહેતા કે ધ્યાનમાં એવી પ્રેરણા મળ્યા કરે છે કે મને કોઈ આશ્રમ મળવાનો છે. તે વાત મને યાદ આવી તો પણ, તે વિશે ઊંડાણમાં ઉતરવાનું ઠીક નહિ લાગવાથી મેં કહ્યું, 'તમને પ્રેરણા થાય છે કે નહિ તેની મને માહિતી નથી. હું તો એટલું જ કહું છું કે મને થઈ હતી.'

પણ તેમને મારી વાત ગમી નહિ. એમની માન્યતા મારે માટે ધર્મશાળામાં જ રહેવાનું બરાબર હતું એવી હતી. પણ મને તો પ્રભુએ જે કર્યું-કરાવ્યું તેથી લાભ જ થયેલો. પ્રભુની પ્રેરણા મારે માટે ખરેખર આશીર્વાદરૂપ નીવડેલી.

તેમની ઈચ્છા પ્રમાણે હું ધર્મશાળામાં રહ્યો હોત તો તે જરૂર પ્રસન્ન થાત. પણ મારે માટે બીજો ઉપાય ન હતો. તેમની ઈચ્છા ને પ્રસન્નતા કરતાં ઈશ્વરની ઈચ્છા ને પ્રસન્નતા મારે મન વધારે મૂલ્યવાન હતી. તેને માટે જ મારું જીવન હતું. એટલે તેની ઉપેક્ષા કરવાનું મારે માટે સ્વપ્ને પણ શક્ય ન હતું. ને સ્વામીજીએ મને પોતાની ઈચ્છાનુસાર ચલાવવાનો આગ્રહ પણ શા માટે રાખવો જોઈએ ? તેમની ઈચ્છા મારા પર લાદવાનો પ્રયાસ શા માટે કરવો જોઈએ ? હું જાણું છું કે તે મારા હિતના વિચારથી પ્રેરાઈને જ મને ધર્મશાળા છોડવા બદલ આ રીતે ઠપકો આપતા હશે. તેમનો હેતુ પવિત્ર જ હોય તેમાં શંકા નથી. પણ પોતાની ઈચ્છાને થોડી વાર માટે બાજુ પર રાખીને તેમણે મારી પ્રત્યે સહેજ વધારે સહાનુભૂતિ બતાવી હોત ને મને સ્નેહથી સાંભળ્યો હોત તો ઘણી ગેરસમજૂતી દૂર થઈ જાત. ઈશ્વરની શક્તિ અનંત છે. તે ધારે તે કરી શકે છે. તે ઈશ્વર મારા જેવા અનધિકારી સાધનહીન શિશુને કોઈ કારણથી પ્રેરણા આપે તો તેમાં ના માનવા જેવું કે આશ્ચર્ય પામવા જેવું શું છે ? તે પ્રેરણા મને કેવી રીતે મદદરૂપ થઈ ને તેના પરિણામે ધર્મશાળાનો ત્યાગ કરીને મેં શું શું કર્યું તેની માહિતી મેળવવાથી સ્વામીજીને આનંદ થયો હોત. પણ તે વિશે વાતચીત કરવાને બદલે તેમણે મારી સાથે જુદી જ રીતે વાતચીત શરૂ કરી. તે વાતચીતનો અંત પણ જુદો જ આવ્યો.

તેમણે કહ્યું : 'ઠીક, હવે જ્યાં જવાની મરજી હોય ત્યાં જાવ.'

અંદરની ઓરડીમાંથી એક વિદ્યાર્થી અમારી વાતચીત સાંભળી રહેલો. તેની ઈચ્છાથી અર્ધો કલાક વાત કરીને મેં સ્વામીજીની વિદાય લીધી. તે પછી આજ સુધી તેમને મળવાનો અવસર નથી આવ્યો. તેમણે કરેલા વિરોધી વર્તન છતાં મારા દિલમાં તેમને માટેનો સન્માનભાવ કાયમ જ છે ને કાયમ જ રહેશે. મેં પહેલા જ કહી દીધું છે કે સંસારમાં વિચારના મતભેદ તો રહેવાના જ. તે રહે તો પણ પરસ્પરનો પ્રેમભાવ ચાલુ રહી શકે છે ને ચાલુ રહે તે જરૂરી છે. સાચા સંતો સૌમાં પરમાત્માનું દર્શન કરે છે ને સૌને પ્રેમ કરે છે.

તેવા સાચા સંતોને પગલે ચાલવાનો મારો પ્રયાસ છે. તેમની કૃપાથી મારો મનોરથ ને પ્રયાસ જરૂર સફળ થશે એવો વિશ્વાસ છે.

બાળપણમાં મારું મન ઈશ્વર તરફ દોરાવા માંડ્યું ત્યારે ને તે પછી લાંબા વખત સુધી મને શ્રી રામકૃષ્ણ જેવા સદગુરુના સમાગમની ઈચ્છા હતી. તેમના જેવા મહાપુરુષના દર્શનની ઈચ્છાથી પ્રેરાઇને મેં કેટલાય સંતોની મુલાકાત લીધી ને પ્રભુને સતત પ્રાર્થના કરી. પણ મારે કહેવું જોઈએ કે એવા મહાપુરુષ મને હજી સુધી નથી મળ્યા. સુક્ષ્મ જગતમાં તેવા મહાપુરુષનું મિલન થયું છે પણ સ્થૂળ જગતમાં તેમની સાથે સતત રહેવાનો લાભ મને નથી મળ્યો. જેને જોઈને આંખ ને અતંર ઠરે ને હૃદય જેના ચરણોમાં સમજ ને સ્નેહથી સર્વસમર્પણ કરે એવા સંતનો સમાગમ હજી સુધી નથી થયો. જે મને સહાનુભૂતિથી સમજી શકે અને માર્ગદર્શન આપે એવા મહાપુરુષને મળવાની મારી ભાવના હતી તે અધુરી જ રહી છે. છતાં પણ, ગુરુની પ્રાપ્તિનો પ્રશ્ન લાંબા વખતથી ઉકલી ગયો છે. ઈશ્વરરૂપી 'મા' મારી ગુરુ બની છે. એણે મને પથપ્રદર્શન પ્રદાન કર્યું છે ને સુયોગ્ય સમયે સહાયક સ્વાનુભૂતિસંપન્ન સંતોનો સમાગમ કરાવી આપ્યો છે. પરમાત્મારૂપી પરમ માતાની મારા પર કૃપાદૃષ્ટિ છે, એટલે હું સર્વ કાળે સર્વ સ્થળે સુરક્ષિત છું. એના અસાધારણ અમોઘ અનુગ્રહથી આજે મને શાંતિ છે. જે એનું સાચા દિલથી શરણ લેશે, એના સદગુરુ તરીકે એ કાર્ય કરશે અને એની મંગલમય માતા બનીને, એના સઘળાં મનોરથને પૂરા કરીને, એને શાંતિ આપશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૦. સરોડામાં

વડોદરામાં અલકાપુરીમાં ચંપકભાઇના મામા રહેતા. તેમની મુલાકાત લેવાનો ને પાછળથી તેમને ત્યાં થોડા દિવસો રહેવાનો મને લાભ મળ્યો. તેમના ઘરનું વાતાવરણ શાંત, પવિત્ર ને ભક્તિમય હતું. નાનાં બાળકોમાં પણ ભક્તિના શુભ સંસ્કારો જોવા મળતા. ઘરમાં નાનું સરખું મંદિર હતું. ત્યાં સવારે આરતી વખતે સૌ ભેગા મળતા. ચંપકભાઇના મામા શ્રી અડાલજા ખૂબ જ નમ્ર, નિખાલસ ને પ્રભુપરાયણ હતા. દિવસનો વધારે ભાગનો વખત તે પ્રભુસ્મરણમાં જ પસાર કરતા. તેમની ઇચ્છાથી મેં તેમની સાથે થોડોક સમય ધ્યાન કરવાનું સ્વીકાર્યું. તે પ્રમાણે તે સવારે પણ ત્રણ વાગે મને બોલાવવા આવી પહોંચતા. તે પછી અમે તેમના ખંડમાં પ્રવેશ કરતા. અનુભવને કારણે જમીન પર બેસવાને બદલે તે ખુરશી પર બેસવાનું વધારે પસંદ કરતા, એટલે મારે માટે પણ તે ખુરશીની વ્યવસ્થા કરી રાખતા. ધ્યાન કરતી વખતે તે ટટ્ટાર બેસતા. તેમની મોટી ઉંમર હોવા છતાં તેમણે આસનની ટેવ સારા પ્રમાણમાં કેળવેલી. લગભગ એક કલાક પછી હું તેમની વિદાય લેતો. પણ તેમનું ધ્યાન તો ચાલુ જ રહેતું.

તેમને સાત પુત્રો ને એક પુત્રી હતી. તે સૌમાં સારા સંસ્કારોનું દર્શન થતું. તેમના એક સુપુત્રને સૌ મોટાભાઇના મીઠા ને માનવાચક નામથી સંબોધતા. મોટાભાઇ ખરેખર સૌના માનના લાયક હતા. તેમનું જીવન કેવળ ભક્તિમય હતું. તેમના હૃદયમાં પ્રભુનો પવિત્ર પ્રેમ સદા ઉછાળા માર્યા કરતો. વ્યવહારમાંથી મન પાછું વાળી લઇને તે રાતદિવસ પ્રભુના સ્મરણમનનમાં જ મગન રહેતા. તેમનો સ્વભાવ સરળ ને સ્નેહમય હતો. ઘર ને કુટુંબના સભ્યોમાં જે ધાર્મિક સંસ્કારો જોવા મળતા, તેની પાછળ તેમનું મહાન વ્યક્તિત્વ કામ કરતું. સંસારમાં રહીને પ્રભુપરાયણ થવાની વિકટ સાધના પ્રભુની કૃપાથી તેમને માટે સહજ થઇ ગયેલી. તેની પાછળ બંગાળના મહાન સંત શ્રી હરનાથ પાગલની પ્રેરણા ને શક્તિ અથવા કૃપા કામ કરી રહેલી. તે મહાન કૃષ્ણપ્રેમી સંતપુરુષના સમાગમનો તેમને લાભ મળેલો. તે તેમના જીવનમાં ભારે કીમતી સાબિત થયેલો. સંતોની કૃપા ભારે શક્તિશાળી હોય છે. તેનો લાભ પણ કોઇ બડભાગીને જ મળી શકે. તેનો સ્વાદ સાંપડવાથી મોટાભાઇનું સમસ્ત જીવન જાણે કે ફરી ગયેલું. તેમના પરિચયથી મને ઘણો આનંદ થયો. તેમના ઘર જેવું પ્રભુમય વાતાવરણવાળું ઘર આજના સમયમાં ભાગ્યે જ જોવા મળે છે.

વડોદરાથી અમદાવાદ આવીને અમે તારાબેનને મળ્યા. તારાબેનની ઉંમર નાની હોવા છતાં સમજ સારી હતી, તે મેં આગળ પર કહી દીધું છે. માતાજીની હિમાલયયાત્રા સુખપૂર્વક પુરી થઇ ને મારી સાથે તે અમદાવાદ પાછાં આવ્યાં તે જોઇને તેને ખૂબ જ આનંદ થયો. અમદાવાદમાં થોડા દિવસ ઋષિકેશમાં મળેલા દામોદરદાસભાઇને ત્યાં મારે રહેવાનું થયું. દામોદરદાસ તો ઋષિકેશથી આવ્યા પછી થોડાક વખતમાં સ્વર્ગસ્થ થયેલા, પરંતુ તેમનાં પત્ની ને બીજાં કુટુંબીઓ ખૂબ જ માયાળુ હતા. તેમણે મારી પ્રેમથી સેવા કરી. તેમને ત્યાં મારે લાંબા વખત લગી રહેવાનું થયું.

તારાબેનને લઇને દિવાળી પછી અમે સરોડામાં આવી પહોંચ્યા. મારા જીવન સાથે ઇશ્વરની ઇચ્છાથી સરોડાની ભૂમિ સંકળાયેલી છે. તેની પાછળ સંસ્કારોનું કયું કારણ કામ કરી રહ્યું છે તે તો ઇશ્વર જ જાણે છે. સરોડાની ભૂમિ મને સંતોષકારક લાગી છે તેમાં શંકા નહિ. સાબરમતીની સોડમાં વસેલું સરોડા શાંતિમય

લાગે છે. ગામમાં કેળવણી ને સંસ્કારનું પ્રમાણ ઘણું ઓછું છે. કુસંપ, ફાટફૂટ ને રાગદ્વેષનો પાર નથી. છતાં ગામની આજુબાજુ મળી આવતા અવશેષો પરથી અનુમાન થાય છે કે ભૂતકાળમાં તેનું ગૌરવ ઘણું ભારે ને તેનો વિસ્તાર પણ ઘણો મોટો હશે.

ગામના માણસોને માટે મારા જીવનનો ઇતિહાસ તદ્દન નવો હતો. તેમાંના વધારે ભાગના માણસોને હિમાલયની માહિતી પણ ન હતી. મારા જેટલી નાની ઉંમરમાં કોઇ શાંતિ ને મુક્તિને મેળવવા માટે હિમાલય જાય, તે તેમની કલ્પનાની બહારની વાત હતી. તેવા માણસોને મારો વેશ વિચિત્ર લાગે ને ના ગમે તે સમજી શકાય તેવું હતું. એટલે ગામમાં મારા વિશે ભાતભાતની વાતો થવા માંડી. ગામના લોકો મને જોવા ભેગા થવા માંડ્યા. મારા વિચાર, ભાવ અથવા વર્તનને ગાંડપણમાં ગણનારા ને ગણાવનારા લોકો પણ હયાત ન હતા એમ નહિ. તેમનું ખાસ કારણ આધ્યાત્મિક સંસ્કાર ને સમજના અભાવનું હતું. એમની અજ્ઞાનતા માટે અનુકંપા ઉત્પન્ન થાય એમ હતી. પૂર્વજન્મનું જ્ઞાન થયા પછી મારે માટે તો બધું સાફ હતું. પૂર્વસંસ્કારનો પડદો હઠી ગયેલો એટલે મારા વર્તમાન જીવનનું રહસ્ય મારી સમજમાં આવી ગયું. તેથી મારા મનમાં કોઇ શંકા ન હતી. પૂર્વજન્મનું જ્ઞાન થવાથી મારી અંદરનો અનાસક્તિનો ભાવ વધારે દૃઢ થયો. મારા સત્ય સ્વરૂપનું જ્ઞાન થવાથી મને કશામાં મમતા થતી ન હતી. રાગ ને દ્વેષના ભાવો મારામાં નહોતા ઉઠતા. એક પ્રકારની ઊંડી શાંતિનો અનુભવ મને હંમેશા થયા કરતો.

સરોડામાં મને પ્રેમભાવે જોનારા પુરુષો પણ હતા. તેમાં ઇશ્વરલાલ પુરાણી ને રમતાશંકર મુખ્ય હતા. તે બંને ગામના રત્ન જેવા હતા. તેમના ધાર્મિક સંસ્કારો ઘણાં ઊંચા હતા. પુરાણી મહારાજ સંસ્કૃતના મોટા પંડિત હોવા ઉપરાંત તદ્દન નિસ્પૃહી સ્વભાવના હતા. ભાગવત, ગીતા તથા અદ્વૈત વેદાંતના રસિયા હતા. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં તે એક વિરક્ત પુરુષનું જીવન જીવતા. રમતાશંકર પણ સંતોના સેવક હતા. રામાયણ, મહાભારત ને ભાગવત જેવા ધર્મગ્રંથોનું પારાયણ કરવાનો તેમનો નિત્ય નિયમ હતો. તે દ્વારા તે બીજાને પણ લાભ આપતા. ભજન ગાવાનો પણ તેમને શોખ હતો. તે બંને પુરુષો મને બાળપણથી જ ઓળખતા તેથી મારા પર ખૂબ જ પ્રેમ રાખતા.

સરોડાની નાની સરખી મઢૂલીમાં થોડા દિવસ રહીને મેં મુંબઇ જવા વિદાય લીધી. મુંબઇમાં નારાયણભાઇ બોલાવી રહ્યા હતા. તેમનો પ્રેમ ભારે હતો. સરોડાની મઢૂલીમાં માતાજી ને બેન ઉપરાંત પિતાજીના માતાજી પણ હતા. તેમની ઉંમર ઘણી મોટી હતી. તેમનું નામ સાંકુબા હતું. છેલ્લા કેટલાક વખતથી તેમણે આંખોની દૃષ્ટિ ખોઇ નાખેલી. તેમનું હૃદય નિષ્કપટ ને નિષ્પાપ હતું. તે મને સરોડા રહેવા સમજાવતા પણ ઇશ્વરની ઇચ્છા જુદી જ હતી. તેમની ને બેનની સેવા કરવા માતાજીને ઘેર રહેવાની જરૂર હતી. તે વખતે માતાજીને કલ્પના પણ ક્યાંથી હોય કે એક દિવસ તેમના બધા જ સાંસારિક બંધનો તૂટી જશે ને મારી સાથે રહેવાનો અવસર તેમને ઇશ્વરની કૃપાથી આવી મળશે ! તેમને તો તે વખતે એમ જ કે બાકીનું જીવન હવે આ મઢૂલીમાં જ સુખેદુઃખે પૂરું કરવું પડશે. મારી સાથે રહેવાની તેમની ઇચ્છા હતી, તે કેવી રીતે પૂરી થાય તે સમજાતું ન હતું. પણ ઇશ્વરની લીલા અપાર છે. તે તેનો રસ્તો કેવી રીતે કરે છે તે કોઇ જ કહી શકતું નથી, સાધારણ માણસ તો નહિ જ. તેની કૃપાથી તેમની મારી સાથે રહેવાની ઇચ્છા આજે કેટલાય વખતથી પૂરી થઇ છે. તે કેવી રીતે પૂરી થઇ તેનો વિચાર યોગ્ય સમયે કરી શકાશે. હાલ તો આટલું જ.

ઇ. સ. ૧૯૪૪ નું વરસ મારા જીવનમાં ભારે મહત્વનું શકવર્તી વરસ સાબિત થયું. તે વરસની શરૂઆતમાં જ મેં દશરથાચલ પરથી ઉતરીને દેવપ્રયાગમાં નિવાસ કર્યો. ત્યાં શ્રી કૃષ્ણના દર્શન માટે કઠોર વ્રત કર્યું. ત્યાં પછી ટિહરીમાં વેદબંધુ જેવા મહાપુરુષનો મેળાપ થયો. સ્વામી રામતીર્થના પવિત્ર સ્થાનની મુલાકાત લીધી. ઋષિકેશના ભગવાન આશ્રમમાં મહાપુરુષના દર્શનનો દૈવી અનુભવ મળ્યો, તે પછી ઉત્તરકાશીનો સુખમય નિવાસ થયો, ત્યાં કેટલાંક ઉત્તમ અનુભવો મળ્યા. તે પછી જમનોત્રી યાત્રામાં પૂર્વજન્મનું જ્ઞાન થયું, હિમાલયની પ્રસિદ્ધ યાત્રા થઇ, ઋષિકેશમાં નિવાસ ને માતાજીની માંદગીનો પ્રસંગ બન્યો. વળી યાત્રા થઇ ને છેવટે ગુજરાતમાં આવવાનું થયું. એ વરસે મને શાંતિ આપી અને અનેક અવનવા અનુભવો પૂરા પાડ્યા.

એ વરસ દરમ્યાન એક બીજો બનાવ પણ બની ગયો. એક ભાઇની ઇચ્છા તેમની કન્યા સાથે મારું લગ્ન કરવાની હતી. તે મને મળવા સરોડા આવી પહોંચ્યા. પરંતુ મારું મન મક્કમ જોઇને તેમણે તે વાત પડતી મૂકી. અત્યાર સુધીના મારા જીવનનો ઘાટ જ જે રીતે ઘડાયો હતો તેની ને મારા વિચારોની તેમને કલ્પના પણ ક્યાંથી હોઇ શકે ?

☼ ☼ ☼ ☼ ☼



## ૮૧. કવિવર ન્હાનાલાલનો મેળાપ

ગુજરાત ને ગુજરાતી ભાષાના સાહિત્યમાં રસ ધરાવનારા માનવો કવિ ન્હાનાલાલના નામથી પરિચીત ના હોય એવું ભાગ્યે જ બને. ગુજરાતી સાહિત્યમાં કવિ ન્હાનાલાલનો ફાળો અજોડ છે. તેમની મહત્તાનો ખ્યાલ તો એટલા પરથી જ આવી શકે છે કે તેમના નામથી ગુજરાતી સાહિત્યમાં ન્હાનાલાલ યુગ ચાલે છે. અમદાવાદમાં મને તેમના પરિચયનો લાભ સહેજે મળી ગયો. હું જેમને ત્યાં થોડા દિવસ રોકાયો હતો તે ભાઇને ત્યાં ખાસ આમંત્રણથી તે એક દિવસ સાંજે આવી પહોંચ્યા.

તેમના પર મને પહેલેથી જ પ્રેમ હતો. મુંબઇના જીવન દરમ્યાન મેં તેમના પુસ્તકોનું વાચન અત્યંત રસપૂર્વ કર્યું હતું. તે પછી વડોદરામાં રહેવાનું થયું ત્યારે પણ તેમના સાહિત્યનો સ્વાદ લેવાનું કામ ચાલુ જ રાખેલું. તેમનું સાહિત્ય મને ખૂબ જ ગમી ગયેલુ. તેમની ઉચ્ચ કલ્પના ને ચિંતનશક્તિ, શબ્દો ને ભાવોની કલાત્મક પસંદગી ને શૈલી માટે મને માન હતું. તે માન તેમના વિવિધ ગ્રંથોનો પરિચય વધતો ગયો તેમ તેમ વધતું જ ગયું. એવા એક સમર્થ સાહિત્યસ્વામીના સમાગમનો લાભ મળવાથી મને આનંદ થયો.

પહેલા પરિચયે જ તે ખૂબ જ સાદા ને નમ્ર છે એવી છાપ પડ્યા વિના રહી નહિ. સાહિત્ય તેમજ બીજા વિષયો વિશે થોડીક વાતચીત થયા પછી મેં તેમને મારા લખેલા 'અનંત સૂર'ના કેટલાક હસ્તલિખિત ગદ્યકાવ્યો બતાવ્યા. તે જોઇને તે પ્રસન્ન થયા ને કહેવા માંડ્યા, 'તમે તો મંથન કરીને અમૃત કાઢ્યું છે. ખરેખર તમારું લખાણ ખૂબ જ ઊંચી કોટિનું છે.'

તેમના શબ્દો પછી મને લાગ્યું કે તે ગુણગ્રાહી છે, બીજાની અંદર જે સારાંશ રહેલો છે તેને તે એક કુશળ ઝવેરીની જેમ જાણી ને મૂલવી શકે છે. તેમ ના હોય તો મારા સાધારણ કાવ્યોની તે આવી સુંદર પ્રશસ્તિ ના જ કરે. બીજાના ગુણને જાણવામાં ને જાણીને પ્રસન્ન થવામાં તથા વખાણવામાં ઓછી ઉદારતાની જરૂર નથી પડતી. એવી ઉદારતા કોઇ મોટા દિલના કે મનના માણસમાં જ હોઇ શકે.

બે ચાર દિવસ પછી તેમના આમંત્રણથી અમે તેમની વળતી મુલાકાત લીધી. એલિસબ્રીજ પરના તેમના મકાનમાં અમારું સ્વાગત તેમણે ખૂબ જ ભાવપૂર્વક કર્યું. તેમનો પ્રેમ ભારે હતો. તે વખતે તેમણે હાથમાં તંબૂરો લઇને ત્રણ-ચાર ભજનો ગાયાં તે પ્રસંગ સદા માટે યાદ રહેશે. તે વખતના ન્હાનાલાલ જાણે જુદા જ હતા. તેમના હૃદયનો ભક્તિભાવ તેમના સુમધુર સ્વરમાં ઠલવાયા કરતો. એ મહાન સાહિત્ય સ્વામીનું આર્થિક જીવન સારું ન હતું એવું મેં સાંભળેલું. પણ તેમના મંગલ મન પર તેની કોઇ ખાસ અસર ના દેખાતી. તેમના પ્રેમાળ પત્ની કુશળતાપૂર્વક ઘર ચલાવ્યા કરતાં ને તે નવી નવી કૃતિની રચનાના કામમાં મશગુલ રહેતા. સાદા સંકટમય જીવનમાં પણ તે સંતોષ અને આત્માનંદને જાળવી રાખતા. તેમને આનંદમગ્ન દશામાં તંબૂરા પર ભજન ગાતા જોઇને મને કવિ બાલાશંકરની પેલી પ્રસિદ્ધ પંક્તિ યાદ આવી :

કવિ રાજા થયો શી છે પછી પીડા તને કાંઇ,
નિજાનંદે હંમેશા બાલ મસ્તીમાં મજા લેજે !

ને કવિશ્રીની નમ્રતાનો એક બીજો નમૂનો તો જુઓ. તેમની વિદાય લેતી વખતે તેમણે તેમની અપ્રકટ રચના 'હરિસંહિતા' મારા હાથમાં મુકી ને સૂચના કરી : 'આ મારી નવી રચના છે. જરા નિરાંતે જોઇ જજો ને કેવી લાગે છે તે વિશે મને અભિપ્રાય આપજો.'

મેં કહ્યું : 'તમારી રચના વિશે હું શું અભિપ્રાય આપી શકું ?'

'કેમ ના આપી શકો ?' તે તરત બોલી ઉઠ્યા, 'તમે ઘણું ઘણું જાણી ને કહી શકશો.'

મારે એમના આગ્રહથી 'હરિસંહિતા' લેવી જ પડી. બીજા કોઇ અભિમાની કવિને મારા કે કોઇના અભિપ્રાયની શી પડી હોય ?

તે પછી તેમને મળવાનો પ્રસંગ તો ના મળ્યો પણ 'હરિસંહિતા' વાંચીને પાછી મોકલતી વખતે મેં તેમને લખી જણાવ્યું કે 'હરિસંહિતા મને ગમી છે, મોરના ઇંડાને ચીતરી બતાવવાની જરૂર નથી, તેમ તમારી કૃતિની પ્રશસ્તિ પણ જરૂરી નથી. પ્રત્યેક કૃતિ પોતે જ પોતાની પ્રશસ્તિ છે.'

કવિ ન્હાનાલાલનો પ્રત્યક્ષ પરિચય મારે માટે જો કે થોડો હતો. પણ તેથી મારો તેમના પ્રત્યેનો પ્રેમ ખરેખર વધી ગયો. કવિશ્રીનું સાહિત્ય ગુજરાતી ભાષામાં બહુ કીમતી અને અપૂર્વ છે. કેટલાક લોકો એ કવિને ગુજરાતના ટાગોર કહે છે. એક કવિને બીજાની સાથે સરખાવવાનું કામ કઠિન છે. પરંતુ એટલું તો સાચું કે કવિ ન્હાનાલાલનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં અનન્ય છે. તેમણે ગુજરાતી સાહિત્યને સુશોભિત, સુસમૃદ્ધ, યશસ્વી કર્યું છે. આંતરપ્રાંતીય તેમજ આંતરરાષ્ટ્રીય સાહિત્યની સામે માનપૂર્વક રજૂ કરી શકાય એવું જે થોડું સારું સાહિત્ય ગુજરાતી ભાષામાં છે, તેમાં કવિશ્રીનું સાહિત્ય ખાસ આગળ પડતું છે. કેટલાક વિવેચકોએ તેમની ડોલનશૈલીની કડક ટીકા કરી છે. તે શૈલીને ગદ્યમાં ગણવી કે પદ્યમાં તે વિશે પણ મતભેદ છે. પણ તે મતભેદે વ્યક્તિગત કટુતાનું સ્થાન ના લેવું જોઇએ. સાહિત્યમાં નવા પ્રયોગો સદાને માટે આદરણીય ગણાવા જોઇએ. તે ઉપરાંત ડોલનશૈલીનો પ્રયોગ કોઇને પસંદ હોય કે ના હોય તો પણ કવિના ઘણાં ગ્રંથો તે શૈલીમાં લખાયેલા છે. તેથી પસંદગી કે નાપસંદગીના વમળમાંથી બહાર નીકળીને એક હકિકતની દૃષ્ટિએ તે ગ્રંથોનું સાહિત્યની ગુણવત્તાને આધારે વિચારીને મૂલ્ય આંકવાની આવશ્યકતા છે. તે શૈલીની સામે સામ્યવાદ વિરોધી માનસ જેવું કટ્ટર માનસ કેળવવાની ને નિરર્થક પ્રચાર કરવાની જરૂર નથી. ડોલનશૈલીના સાહિત્યને ગદ્યનું સાહિત્ય કહેવામાં આવે, પદ્યનું ગણવામાં આવે, કે અપદ્યાગદ્યનું ત્રીજું જ નામ આપવામાં આવે તે વાત ગૌણ છે. મુખ્ય વાત તો એ છે કે તે સાહિત્ય છે. તેનો પ્રકાર ગમે તેવો હોય, તેથી તે સાહિત્ય મટી જતું નથી. તેના પ્રકાર વિશે વિવાદ ભલે થાય, જેને યોગ્ય લાગે તે તેવો વિવાદ ભલે કર્યા કરે, પરંતુ તે વિવાદની આડમાં તેની સાહિત્ય તરીકેની મહત્તાને ભૂલવાની ભૂલ ના કરવી જોઇએ. તેવી ભૂલ કરવાથી કવિશ્રીને ન્યાય નહિ કરી શકાય. એટલે કવિની ડોલનશૈલીના ગુણદોષ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વિવેચકોએ તેમણે પીરસેલા સાહિત્યની ખૂબી અને વિશેષતાને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. તેમ કરવાથી કવિશ્રી મહાન અને ગુજરાતે ગૌરવ લેવા જેવા કવિ છે એ સત્યની પ્રતીતિ થશે.

કવિના સાહિત્યની ચર્ચાવિચારણાનું આ સ્થાન નથી, એટલે આથી વિશેષ તો અહીં શું કહી શકું ? તેમનું સાહિત્ય સૌ વાંચે ને વિચારે એમ ઇચ્છું છું.

ઇ. સ. ૧૯૪૫ની શરૂઆતમાં મારે મુંબઇ જવાનું થયું ત્યારે મેં નારાયણભાઇને મારી જીવનસાધનાથી વાકેફ કર્યા, તે જાણીને તેમને આનંદ થયો. તે મને વિદ્યાભ્યાસના કાળથી જાણતા. તેમનું હૃદય ઘણું પવિત્ર હતું. તેમનામાં ઘણાં સદગુણો ને સાધનાના રહસ્યો તથા માનવસ્વભાવના જુદા જુદા પાસાંને સમજવાની શક્તિ હતી. તેમની ભારોભાર સરળતા, સાદાઇ ને નિષ્કપટતાને કહી બતાવવા મારી પાસે શબ્દો નથી. તે વખતે બી. એ. ની પરીક્ષા પાસ કરીને તે સુનિતી ગર્લ્સ હાઇસ્કૂલમાં કામ કરતા. અભ્યાસ દરમ્યાન તે એક ચારિત્ર્યશીલ ને બુદ્ધિશાળી વિદ્યાર્થી ગણાતા ને વિદ્યાર્થી તથા શિક્ષકોમાં સરખું માન ધરાવતા. તેમને ત્યાં મારે જેટલા દિવસ રહેવાનું થયું તેટલા દિવસ તે અતિશય આનંદમાં રહ્યા. તેમનાં માતાપિતા પણ પ્રેમાળ, પ્રભુપરાયણ ને પવિત્ર હતાં.

છેવટે ઇ. સ. ૧૯૪૫ની શરૂઆતમાં મેં અમદાવાદથી હિમાલય માટે પ્રસ્થાન કર્યું. નીકળતી વખતે માતાજીને મળી શકાયું નહિ. માતાજી તથા તારાબેન તે વખતે સરોડા હતા. બેનને તે વખતે પુત્રજન્મ થઇ ચુકેલો.

આત્મકથાના આ લખાણમાં, આની પછીના લખાણમાં, કે મારા બીજા લખાણમાં જે લખાયું છે તે સત્યને વફાદાર રહીને કેવળ તટસ્થતાપૂર્વક લખાયું છે. મારા વિશે કોઇ ઠેકાણે સારું પણ લખાયું હશે. તે ઉપરાંત કોઇને માટે મેં કોઇ ઠેકાણે જરા વિરોધી વાત પણ લખી હશે. પણ તે બંને પ્રકારના લખાણોના મૂળમાં કોઇ જાતની આત્મવિજ્ઞાપન કે આત્મપ્રશસ્તિની કે બીજા પ્રત્યેની રાગદ્વેષની ભાવના બિલકુલ નથી. જે જોયું છે, લાગ્યું છે, સમજાયું છે, જાણ્યું છે, અનુભવ્યું છે તે મારામાં રહેલી સ્વાભાવિક સરળતા કે નિખાલસતાને લીધે મેં સહજ રીતે જ પ્રકટ કર્યું છે. સમજુ માણસોને એ સમજતાં સહેજ પણ વાર નહિ લાગે.

ત્રેવીસ વરસનો કાળ અનંત જીવનનો બહુ મોટો કાળ નથી. છતાં તેટલાં અલ્પ સમય દરમ્યાન પણ મને અનેક નોંધપાત્ર અનુભવો થયા છે ને જાણે યુગોનું જીવન જીવાઇ ગયું છે. એ કાળ દરમ્યાન કેટલાંય સ્થળો ને કેટલીય વ્યક્તિઓના સમાગમમાં આવવાનું થયું. તે કાળ આજે સ્મરણરૂપ બની ગયો છે. તે પછીનો કાળ પણ પાણીના પ્રવાહની પેઠે વેગથી વહેતો જાય છે. જે ભવિષ્ય છે તે વર્તમાન ને વર્તમાન છે તે ભૂતકાળમાં પલટાયા કરે છે. આવા ચંચલ જીવનમાં પરમાત્માનો રસ ને પરમાત્મા જ અચંચળ અને અમર છે. તેથી તેમની સાથે જ સંબંધ બાંધવા જેવો છે. એ સંબંધને સુદૃઢ કરવાનો મારો સંકલ્પ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૨. ભગવાન રમણ મહર્ષિના દર્શને

ઇ. સ. ૧૯૪૫ના શિયાળામાં અમદાવાદથી મેં હિમાલય માટે પ્રસ્થાન કર્યું. મને યાદ છે ત્યાં સુધી તે મહા મહિનાનો શરૂઆતનો સમય હતો. ઠંડી ખૂબ જ હતી. પરિણામે મને શરદી થઇ ગઇ ને માનસિક ગડમથલ પણ થઇ. ટ્રેનમાં એમ જ થયા કર્યું કે રસ્તામાં આટલી બધી ઠંડી છે તો હિમાલયમાં શું નહિ હોય ? આટલે દૂર કષ્ટ વેઠવા જવાનું શું કામ ? શું સરોડામાં રહીને જ સાધના ના થાય ? મને ચોક્કસ લાગ્યું કે આટલા વહેલા અને આવી ઠંડીમાં હિમાલય જવાનું ઠીક નથી અને ઇશ્વરેચ્છા હોય તો હવે સરોડા જ રહેવું. પરિણામે દિલ્હી ઉતરીને વળતી જ ગાડીએ હું અમદાવાદ આવવા માટે પાછો ફર્યો.

પરંતુ સરોડામાં ઘરમાં બેઠો કે તરત જ મારો અંતરાત્મા જાગી ઉઠ્યો. 'આ વાતાવરણ હિમાલયની તોલે આવે ? હિમાલય ક્યાં ને આ ક્યાં ? હિમાલય તો ઋષિમુનિઓની તપસ્યાભૂમિ. યોગીઓનું ક્રીડાસ્થળ. તારે માટે એ જ હિમાલયમાં રહીને તપ કરવા લખાયેલું છે.' આત્માનો અવાજ ખૂબ જ શાંત છતાં પ્રભાવશાળી ને સખત હતો. તેની સામે દલીલ કે તર્કને માટે અવકાશ ન હતો. તર્ક કરવાની ઇચ્છા જ થતી ન હતી. એટલે આત્માના એ અવાજને મેં સ્વીકારી લીધો, માની લીધો, ને વિચાર કર્યો કે સરોડા આવી તો પહોંચ્યો છું, હવે એકાદ મહિનો રહી લઉં ને પછી જ હિમાલય તરફ પ્રયાણ કરીશ. જેણે ઇશ્વરને માટે જીવનને અર્પણ કર્યું, પ્રભુની પાછળ ભેખ લીધો તેને વળી ઠંડી કે એવા કોઇયે પ્રકારના કષ્ટથી ડરવાનું શું ? તેનો ભાર તો ઇશ્વરને માથે છે, તેની ચિંતા તો તેને છે, જેને સારી સૃષ્ટિની ચિંતા છે. તેણે તો આત્માને વફાદાર રહીને સત્યને માર્ગે ધપ્યે જ જવાનું છે. સંકટ કે કશાથી ડરવાનું નથી. ઇશ્વર તેની રક્ષા કરવા સદાય તૈયાર છે ને તૈયાર રહેશે.

અને ઇશ્વરની પ્રત્યેક પ્રેરણામાં ઉંડુ રહસ્ય ક્યાં નથી હોતું ? દિલ્હીથી પાછા લાવવામાં પણ ઇશ્વરનો સુનિશ્ચિત સંકેત હતો જ. થોડા જ વખતમાં તે પ્રકટ થયો. મનમાં થયું કે આટલે આવવાનું થયું છે ને હજી વખત છે તો મદ્રાસ તરફ જઇને રમણ મહર્ષિનું દર્શન કરી આવું. મહર્ષિ વિશે સાંભળેલું ને વાંચેલું પણ ખૂબ, એટલે તેમના દર્શનની ખાસ ઇચ્છા થઇ આવી. મેં એમની પાસે પહોંચવાનો નિર્ણય કર્યો.

સરોડામાં એકાદ માસ રહ્યો તે દરમ્યાન શરીર સારૂં થઇ ગયું. તે પછી વડોદરા થઇને પ્રેમી ગિરધરભાઇ સાથે રમણ મહર્ષિના આશ્રમે જવા માટે પ્રયાણ કર્યું. **'होवत सोही जो राम रची राखा'** રામે રચ્યું હોય છે તે જ થઇને રહે છે - એ કેટલું સાચું છે ? માણસને કલ્પના કે સમજ ના હોય તો પણ તે જ થાય છે. તો પછી માણસ આ સત્યને સમજી જાય ને રામની ઇચ્છાને જીવનમાં જોતા શીખે તો ? કેટકેટલા દુઃખ ટળી જાય, પરિતાપ શમી જાય ને ક્લેશમાંથી માણસ બચી જાય. પણ ઝેરી સર્પની જેમ નિરંતર ફણા ઉંચી કરીને ઊભેલું પેલું અહંકર્તાપણાનું અભિમાન છુટવું મુશ્કેલ છે. વાંદરીના બચ્ચાં જેમ માના પેટ સાથે વળગી રહે છે તેમ માનવમનને મજબૂત રીતે તે વળગ્યું છે. તે છૂટવાથી જીવનની ઘણી સમસ્યાઓનો સુખદ ઉકેલ આવી જાય છે. માણસ કર્તવ્ય કરે છે પણ તેના ફળ કે પરિણામથી નિર્લેપ રહે છે, ને બીજાને પણ પૂરી સહાનુભૂતિથી જોતાં શીખે છે. ઇશ્વરના એ અલૌકિક વિધાનને ઓળખતાં શીખવું તે જીવનનો મોટો પુરુષાર્થ છે.

અમે રમણ મહર્ષિના દર્શને રમણાશ્રમમાં પહોંચ્યા ત્યારે સવારનો વખત હતો. આશ્રમમાં જઇને સરસામાન મુકીને સીધા જ મહર્ષિના દર્શને ગયા. અમારી પહેલા જે ત્રણ ચાર માણસો હતાં તેમણે સૌએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. અમે પણ પ્રણામ કરીને બધાની સાથે જમીન પર બેસી ગયા.

વાતાવરણ શાંત હતું. મહર્ષિ ઉંચે સોફા જેવા આસન પર બેઠેલા. ખંડમાં ચાલીસ જેટલા દર્શનાર્થી શાંતિથી મહર્ષિ સામે જોતા બેઠા હતા. મહર્ષિ કૈંક વાંચવાના કામમાં રોકાયેલા. થોડીવાર પછી તેમણે વાંચવાનું બંધ કર્યું ને પ્રેક્ષકો સામે જોવા માંડ્યું.

મહર્ષિની મોટી ઉંમર તેમના ચહેરા પરથી સહેલાઇ જણાઇ આવતી. તેમના મસ્તકમાં થોડો કંપ થતો, છતાંય તેમના મુખ પર ગંભીરતા, શાંતિ ને નિર્વિકારીતા જણાઇ આવતાં. એ ગંભીરતા આત્માને શોધીને તેની સાથે એકરૂપ થઇ ગયેલા જ્ઞાની પુરુષની ગંભીરતા હતી. એટલે તેમાં રસના બાહ્ય શોધકોને રસ ના મળે એ દેખીતું છે. પરંતુ જ્ઞાનનો પણ રસ હોય છે. અલબત્ત, તે સંપૂર્ણ શાંત રસ હોય છે. મહર્ષિની મુખાકૃતિમાં તે રસ સ્પષ્ટ જણાતો. મહર્ષિનું વ્યક્તિત્વ એકંદરે પ્રભાવોત્પાદક બિલકુલ ના જણાયું. પહેલી દૃષ્ટિએ છાપ પાડી જાય ને પોતાના વ્યક્તિત્વથી અસર કરી જાય એવા કેટલાક મહાત્માઓ ભારતમાં છે. એમની આગળ મહર્ષિનું વ્યક્તિત્વ સાધારણ જણાયું. પરંતુ તેમની શાંત મુદ્રા, ગંભીરતા, બધું જ તેમની મહાનતાનું જયગાન કરનારું હતું. ને મહાત્માઓનું મુલ્ય કેવળ બાહ્ય પ્રભાવથી જ નક્કી નથી કરાતું. એમની અંદરની અવસ્થાનું અવલોકન પણ કરવું પડે છે. એમના અંતરંગ સંપર્કમાં આવીને એમના અંતઃસ્તલમાં અવગાહન કરવું રહે છે.

મહર્ષિની પાસે જતી વખતે મારા વિચારો જુદા હતા. હિમાલયમાં હું ઉત્તરકાશીમાં રહેલો તે દરમ્યાન ધ્યાનાવસ્થામાં એકવાર મહર્ષિએ દર્શન આપેલું. તે વખતે રમણાશ્રમમાં તેમણે મારો પ્રેમપૂર્વક સત્કાર કરેલો ને મારી સાથે જુદી જુદી વાતો કરેલી. એ વખતથી લાગતું'તુ કે મહર્ષિની મારા પર વિશેષ પ્રીતિ છે, ને તેથી જ જ્યારે તેમના પ્રત્યક્ષ દર્શને જવાનું થયું ત્યારે તો નિઃશંક રીતે લાગ્યું કે મહર્ષિ આનંદપૂર્વક મને આવકાર આપશે. પરંતુ ....

જે હમેશા આત્માનંદમાં જ સ્થિત છે, જેને જગતમાં આત્મા વિના બીજું કોઇ ભેદદર્શન રહ્યું નથી, જે બધામાં પોતાને જ જુએ છે, ને જેની અપાર્થિવ દૈવી વાણી દરેકના અંતઃસ્તલમાં પહોંચી જાય છે, તેને બોલી બતાવવાનું શું, તેને સત્કાર પણ કોનો કરવાનો, ને કોને તેણે વધારે કે ઓછા પ્રિય ગણવાના ? એ ભેદ અને એમાંથી આવિર્ભાવ પામતા ભાવો તો આપણી એ દુનિયામાં છે, જેનો પાયો ભેદ ને ચંચલતા પર રચાયેલો છે. અને આ કાંઇ એક જ દૃષ્ટાંત નથી. ભારતમાં આવા ઋષિવરો ને સંતમહાત્માઓ બીજા પણ છે. દૂર હિમાલયના હિમાચ્છાદિત પ્રદેશમાં વરસોથી ગંગોત્રીમાં વસતા કૃષ્ણાશ્રમજી અને એવા અન્ય મહાત્માનું બાહ્ય ઉદાસીન વર્તન રમણ મહર્ષિ જેવું જ છે. અલબત્ત, એમનામાં વિવિધ ભેદ છે. જેમ કે કૃષ્ણાશ્રમજી ખૂબ જ પ્રભાવશાળી, પ્રશાંત ને તિતિક્ષાસંપન્ન દેખાય છે ને તેમને જોતાંવેંત જ કોઇ પુરાણ કે વેદકાલીન મહાત્મા પાસે બેઠા હોઇએ એવો ભાવ જાગે છે.

એટલે આવા મહાત્મા પુરુષો તમને ના બોલાવે કે લૌકિક રીતે આવકાર ના આપે તો તેમાં કાંઇ ખોટું માનવા જેવું નથી. તેવા પુરુષોને તેમની જ દૃષ્ટિથી જોવા ને સમજવા જોઇએ. તેથી ગેરસમજનો સંભવ નથી રહેતો.

છતાં આવા મહાત્મા પુરુષો - આટલી હદે પહોંચ્યા પછી પણ - લૌકિક રીતે વ્યવહાર કરી શકે છે, જેમ કે વાર્તાલાપ, આવકાર, ઉપદેશ વગેરે. અલબત્ત, તેમાં તેમને અહંતા, મમતા હોતા નથી. એ કોટિના મહાત્મા પણ ભારતમાં અનેક થઇ ગયા છે, ને યુગપુરુષો વધારે ભાગે એ જ શ્રેણીના હોય છે. દયાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, નાનક, રામકૃષ્ણ પરમહંસ, બુદ્ધ, વિવેકાનંદ વિગેરે એ જ શ્રેણીના દૃષ્ટાંતો છે. તો પણ પોતપોતાના સ્વભાવ પ્રમાણે મહાત્મા બાહ્ય રૂપે ગમે તે અવસ્થામાં રહે તેનું મુખ્ય મુલ્યાંકન તેના વિચારોની ઉચ્ચતા ને પવિત્રતા, તેની નિર્મમતા, અનાસક્તિ તેમજ તેના વિતરાગીપણા પરથી થવું જોઇએ. તેનામાં પ્રકટ થતી દૈવી સંપત્તિની છાયા, તેની ભક્તિ કે તેની આધ્યાત્મિક અનુભૂતિ, એ જ તેને માપવાના ગજ હોઇ શકે.

એવા એવા વિચારોમાં ગરકાવ બનીને અમે મહર્ષિની સામે જોઇ રહ્યા. હિમાલયમાં આટલો વખત નિવાસ કરીને હવે મન માને તો મહર્ષિની પાસે બે-ત્રણ વર્ષ રહેવાની મારી ઇચ્છા હતી. તેથી જ હું મહર્ષિ પાસે આવેલો. પરંતુ વસ્તુસ્થિતિ જુદી જ થઇ. મહર્ષિ પાસે રહેવા મારું મન માન્યું નહિ. ખંડમાં બેઠો કે તરત જ મારા દિલના ભાવ પલટાવા માંડ્યા. ગયા પ્રકરણમાં મેં લખ્યુ છે તેમ ઇશ્વર જ મારો સાચા સમયનો પથપ્રદર્શક બન્યો છે. મુશ્કેલ પરિસ્થિતિમાં કે મૂંઝાયો હોઉં ત્યારે તે જ માર્ગ બતાવે છે. મને થયું કે હું ક્યાં આવ્યો ? આવ્યો તે તો સારુ થયું કેમ કે મહર્ષિના દર્શનની મારી ભાવના પૂરી થઇ. પરંતુ આ સ્થળમાં મારાથી રહી શકાશે નહિ. મારે માટે તો હિમાલય જ બરાબર છે. ત્યાંની એકાંત કુદરતી જગામાં જ, જે રીતે આજ લગી કરી રહ્યો છું તે રીતે, હજી પણ હું મારો પરિપૂર્ણ વિકાસ સાધી શકીશ અને એ અવસ્થાએ પહોંચીશ જે આદર્શ હશે તેમજ પૂર્ણ શાંતિ, મુક્તિ ને શક્તિની પ્રદાયક થશે. મારે માટે કોઇ પણ સ્થળે કોઇનીય પાસે રહેવું જરૂરી નથી એમ લાગ્યું. તે જ દિવસે - વધુ વિલંબ વિના - રમણાશ્રમ છોડવાનો મેં નિર્ણય કર્યો.

અમે સ્નાનાદિથી પરવારીને જમ્યા, સહેજ આરામ કર્યો, ને મધ્યાહ્ન પછી રમણાશ્રમની વિદાય લીધી. મેં લીધેલા એવા એકાએક નિર્ણયથી ગિરધરભાઇને આશ્ચર્ય તો થયું જ પરંતુ એમણે મારા નિર્ણયને વધાવી લીધો. એનો વિરોધ ના કર્યો. પણ એને સાંભળીને આનંદની અભિવ્યક્તિ કરી. બીજે દિવસે સવારે અમે મુંબઇ તરફ આવવાની ગાડી પકડી. રમણાશ્રમને ને ભગવાન રમણ મહર્ષિને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

પાછળથી સમજાયું કે મારો એ નિર્ણય ખૂબ જ સમયસરનો અને સાચો હતો. હિમાલયના મહિમામંડિત, ઋષિમુનીસેવિત, પરમ પવિત્ર પુણ્યપ્રદેશમાં પલાંઠી વાળીને પાછળથી મારે જે અભિનવ સાધનારૂપી આરાધના કરવાની હતી તેને માટે જ ઇશ્વરે અગમચેતી વાપરીને મારો હેતપૂર્વક હાથ પકડેલો ને મને પાવન પથપ્રદર્શન પૂરું પાડેલું. ઇશ્વરની મંગલમય ઇચ્છાનો, યોજનાનો ને અહેતુકી અનુગ્રહવર્ષાનો સદા જય હો !

☼ ☼ ☼ ☼ ☼

## ૮૩. શાંતાશ્રમમાં

દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ તીર્થસ્થળસમા રમણીય રમણાશ્રમના અને એના અત્યંત આદરણીય અધિષ્ઠાતા ભગવાન રમણ મહર્ષિના દર્શન પછી ઇ. સ. ૧૯૪૪ના એપ્રિલમાં હું નગાધિરાજ હિમાલયમાં પ્રવેશ્યો ત્યારે એ પુરાણપ્રખ્યાત પુણ્યપ્રદેશને પેખીને મને અવર્ણનીય આનંદ થયો. મારી ઇચ્છા દેવપ્રયાગ પહોંચવાની હતી. દેવપ્રયાગની દૈવી ભૂમિ મને સર્વપ્રકારે સુખદ અને સાનુકૂળ લાગેલી. ત્યાં રહીને મેં સમજપૂર્વક સુચારુરૂપે સાધના કરેલી. એના સુપરિણામ સ્વરૂપે એક અથવા બીજી જાતની સિદ્ધિની સંપ્રાપ્તિ કરેલી. ત્યાંના જળવાયુ મને અનુકૂળ લાગેલા. સૌથી મોટી અનુકૂળતા ત્યાં અન્નક્ષેત્ર ના હોવાથી સાધુસંતોની વસ્તી વિશેષ નહોતી દેખાતી એ હતી. ત્યાંના શાંત નિતાંત એકાંત વાયુમંડળમાં સ્વતંત્ર રીતે સાધના કરવાનો અવકાશ હતો. તો પણ મેં વિચાર્યું કે ત્યાં કોઇ સાનુકૂળ સ્થાન ના મળે તો ત્યાંથી આગળ વધીને ઉત્તરકાશી જવું ને થોડોક સમય સાધના કરવા માટે ત્યાં જ રહેવું.

પરંતુ ઇશ્વરે મારા નિવાસ તથા સાધનાત્મક અભ્યાસ માટે દેવપ્રયાગ જ પસંદ કરેલું. તેની પૂર્વમાહિતી ત્યાં પહોંચ્યા પછી મળવા માંડી. ત્યાંના પ્રખ્યાત પંડિતપ્રવર ચક્રધરજીએ જણાવ્યું કે તમે ઉત્તરકાશી જાવ તેના કરતાં દેવપ્રયાગ રહો તો વધારે સારું. અમને પણ તમારો લાભ મળે.

દેવપ્રયાગમાં રહેવું જ હોય તો કોઇ શાંત એકાંત સ્થળ જોઇએ. ચક્રધરજીએ ગામથી થોડેક દૂર એકાંતમાં એક સુંદર સ્થળ બતાવ્યું. તે સ્થળ મને પ્રથમ દૃષ્ટિએ જ પસંદ પડ્યું. આજુબાજુ બધે જ આકાશને અડવાના મનોરથ કરતી ઊંચી ઊંચી પર્વતમાળા. નાનું સરખું આંબાવાડિયું અને એકદમ એકાંત. એક આમ્રવૃક્ષની નીચેની સઘન શીતળ છાંયામાં ચોવીસે કલાક અવિરત રીતે વહેતું પાણીનું નાનકડું ઝરણું. મારી અનુમતિ મેળવીને ચક્રધરજીએ થોડા દિવસોમાં ઝરણાંની ઉપરના આમ્રવૃક્ષની આજુબાજુના જંગલને સાફ કરાવીને એકાદ મહિનામાં પથ્થરની નાની ઓરડીનું નિર્માણ કરાવ્યું. સમીપમાં જ કૃશકાય શાંતા નદી વહેતી હોવાથી એને શાંતાશ્રમનું સારગર્ભિત નામ આપવામાં આવ્યું. શાંતાશ્રમની સ્થાપનાનો સંક્ષિપ્ત ઇતિહાસ એવો છે.

એ શાંત એકાંત તપઃપૂત પાવન પ્રદેશમાં પચાસથી ત્રીસ વરસ પહેલાં ભારતીબાબા નામે એક સાધુપુરુષ રહેતા. એમણે પુષ્કળ પરિશ્રમ કરીને અસંખ્ય આમ્રવૃક્ષોને ઉછેરેલાં. એને લીધે એ સ્થળ સ્વાભાવિક રીતે જ ભારતીબાબાના બગીચાના આદરણીય આહ્લાદક નામથી ઓળખાતું. એ વિવિક્તસેવી સાધુપુરુષની સમાધિ પછી એ સ્થાન નિર્જન બન્યું. આટલાં બધાં વરસો પછી એના સંસ્કારો પુનર્જાગરણ પામ્યા અને એ તપોભૂમિની કાયાપલટ કરાવીને ત્યાં એક આશ્રમની રચના કરવામાં આવી.

ભિક્ષા માટે ગામમાં જવાની સૂચના આપવા માટે ચક્રધરજીએ આશ્રમના પ્રાંગણમાં નાની સરખી ઝોળી લટકાવી રાખેલી. એનો ઉપયોગ કરવાની અગાઉથી જ અનિચ્છા હોવાથી શાંતાશ્રમમાં મેં હાથે જ રસોઇ બનાવવાનું શરૂ કર્યું. રસોઇ એક જ વાર બનતી ને એમાં પણ ખીચડીનું જ પ્રાધાન્ય વિશેષ હતું. રસોઇ બનાવવાની કળા સંપૂર્ણપણે હસ્તગત કરી નહિ હોવાથી રસોઇ હું પોતે જ ખાઇ શકું એવી બની શકતી. ઘી, દૂધ, દહીં, શાક, ચટણી, અથાણું - કશું જ નહોતું રહેતું. પાર વિનાના પરિશ્રમ પછી તૈયાર કરેલી

ખીચડી કાચી રહી છે એવું જણાતાં થોડુંક જમ્યા પછી બીજી ખીચડી અન્નદેવને સાદર નમસ્કાર કરીને પર્વતની ખીણમાં પધરાવી દેવાના કરુણ પ્રસંગો અવારનવાર બનતા રહેતા.

દેવપ્રયાગની વસ્તી વિચિત્ર કહેવાય તેવી. સેવાની ભાવના એમાં ઓછી દેખાતી. જે પ્રજા પોતે જ માગીને જીવતી હોય તે અન્યને સહેલાઇથી આપી શકતી નથી. વસ્તીમાં વિચરનારા કે ભિક્ષા માગનારા સાધુસંતોને તે ભિક્ષા આપતી ખરી. કિન્તુ ઇશ્વરની કૃપા અનંત છે. તે શરણાગતની સંભાળ રાખે છે. કોઇના ને કોઇના અંતરમાં પ્રેરણા પ્રકટાવીને પોતાના પ્રેમીજનને મદદ પહોંચાડે છે. મને પણ પરમાત્માની એ પરાત્પર શક્તિએ એક અથવા બીજી રીતે મદદ પહોંચાડી.

દેવપ્રયાગનો શાંતાશ્રમ મારે માટે અનેક રીતે આશીર્વાદરૂપ સાબિત થયો. એ સ્થાનમાં વસીને મેં જે વિચારો કર્યા, અનુભવો મેળવ્યા, સાધનાની સદબુદ્ધિપ્રેરીત સુનિશ્ચિત શ્રેયસ્કર યોજનાઓ ઘડી અને અનેરી અદભૂત શાંતિ મેળવી, તે બધાને લીધે શાંતાશ્રમને હું એક અલૌકિક દેવસ્થાન કે તીર્થભૂમિ માનું છું. મારા અંતરમાં એના પ્રત્યે એટલો જ અસાધારણ અપાર આદરભાવ છે. સાધનાત્મક જીવનનું અસાધારણ કઠોર તીવ્ર હૃદયમંથન અને એની દ્વારા સાંપડેલું નવનીત, એ ઉભયવિધ દૃષ્ટિથી દેખતાં શાંતાશ્રમનો ફાળો શકવર્તી છે. શાંતાશ્રમમાં મારો અંતરાત્મા એથી જ ઘર જેવો આનંદ અનુભવતો.

શાંતાશ્રમમાં વસતાંવેંત મારા મનમાં જે પ્રશ્નો પેદા થયા તેમાંનો સૌથી પ્રથમ પ્રશ્ન મારો જન્મ શા માટે છે એ હતો. મારો પ્રશ્ન અધ્યાત્મપંથના બીજા પ્રવાસીઓ જેવો ન હતો, કેમ કે ઇશ્વરપ્રાપ્તિને અથવા આત્મિક વિકાસને હું જીવનના ચરમ ધ્યેય તરીકે સ્વીકારતો. મારો પ્રશ્ન તો એક બીજા મુદ્દા પરત્વે હતો. ગયે વરસે ઉત્તરકાશીમાં વસતો તે દરમ્યાન જમનોત્રી જતાં માર્ગમાં ને ગંગોત્રીમાં મને મારા પૂર્વજન્મનું જ્ઞાન થયેલું. એ જ્ઞાન પ્રમાણે પૂર્વજન્મમાં હું એક જીવનમુક્ત પૂર્ણ કૃતકામ મહાપુરુષ હતો. જો એમ જ હતું તો પછી વર્તમાન જન્મની પ્રાપ્તિ શા માટે થઇ ? એનું પ્રયોજન શું ? એ પ્રશ્નનો ઊંડો વિચાર આરંભાયો અને અંતે એક જ નિર્ણય પર પહોંચાયું કે મારો વર્તમાન જન્મ જનકલ્યાણ માટે જ હોવો જોઇએ. એમાં ઇશ્વરપ્રાપ્તિનો અને સાધનાના નવા નવા સોપાનોને સર કરવાનો ઉદ્દેશ પ્રાથમિક, સમયાનુસાર તથા લોકસંગ્રહ માટે છે.

તો પછી એ લોકહિત કયા પ્રકારનું હોય ? માનવ જે યુગમાં જીવતો હોય તે યુગને અનુરૂપ હોય તે ચોક્કસ. ઇશ્વરે મારે માટે લોકહિતના એવા કલ્યાણકાર્યને નક્કી કર્યું હોય તો તે સહેલાઇથી સમજી શકાય તેવું હતું. એ વખતે ભારતની સ્વાતંત્ર્ય ચળવળ ચાલી રહેલી. દેશનું વાયુમંડળ વિક્ષુબ્ધ, વિસ્ફોટક, નાજુક હતું. મને થયું કે આધ્યાત્મિક શક્તિસંપન્ન પૂર્ણપુરુષ જો કરુણાથી પ્રેરાઇને ભારત ને વિશ્વના કલ્યાણકાર્ય માટે સક્રિય બને તો દેશને મોટી મદદ મળે. એવા મહાપુરુષની દોરવણીથી દેશ સત્વર સ્વતંત્ર બને. એની પૂર્વભૂમિકા તરીકે અથવા અનિવાર્ય આવશ્યકતારૂપે માનવે પોતાની જાતને આધ્યાત્મિક રીતે તૈયાર કરવી જોઇએ. એની પાછળ ઇશ્વરની ઇચ્છા કામ કરતી હોવી જોઇએ. ઇશ્વરની ઇચ્છાથી પ્રેરાયેલો પુરુષ લોકહિત માટે સક્રિય બને તો સાચું, સ્વાર્થરહિત, મહાન કાર્ય કરી શકે. એવી રીતે અંતે તો એક જ નિષ્કર્ષ નીકળે છે કે માનવે પોતાની જાતને તૈયાર કરવી જોઇએ. સાધના દ્વારા અસાધારણ શક્તિ મેળવવી જોઇએ.

મેં અનેક સંતપુરુષોના જીવન વાંચેલા, વિચારેલાં. અનેકના વિશે સાંભળેલું. ભગવાન કૃષ્ણ, બુદ્ધ, ઇશુ, રામકૃષ્ણ પરમહંસદેવ જેવાના પવિત્ર જીવનપ્રવાહોનું પરિશીલન કરેલું. એ મહાત્માઓ આદર્શ હતા. ભગવાન કૃષ્ણને બાજુએ મુકીએ તો બીજા બધા જ મહાપુરુષોએ પ્રખર પુરુષાર્થ કરી, યાતના વેઠી, પરમ સત્યનો સાક્ષાત્કાર કરેલો. એમના જીવન અસામાન્ય અને અલૌકિક શક્તિથી સંપન્ન બનેલા. એમણે સર્વશક્તિમાન પરમાત્માની પ્રાપ્તિ કરીને એમની સાથે એકતા સાધી હોવાથી એમની અંદર પરમાત્માની વિશેષતા પ્રાકટ્ય પામેલી. સૂર્યની પાસે પહોંચવાથી સૂર્યની સાથે સૂર્યકિરણોની પણ પ્રાપ્તિ થાય છે એમ એ ઇશ્વર પાસે પહોંચીને ઇશ્વરની શક્તિને પણ પામી શકેલા.

એ અરસામાં હું બાઇબલ વાંચતો. ઇશુએ એમાં કરાયેલા ઉલ્લેખાનુસાર કોઇને કહ્યું કે પૂર્ણ થા, અને એ પૂર્ણ થઇ ગયો. એક વ્યાધિગ્રસ્તને ઇશુએ આશીર્વાદ આપ્યો અને એ એજ વખતે વ્યાધિમુક્ત બન્યો. એક રોગી સ્ત્રી ઇશુના વસ્ત્રને સ્પર્શીને રોગરહિત બની ગઇ. એ સઘળા પ્રસંગો મારી નજર આગળ રમવા માંડ્યા. ભારતીય મહાપુરુષોના જીવનવૃતાંતોમાં મેં એવા પ્રસંગોના વર્ણનો વાંચેલા. મને એવી અસાધારણ શક્તિમાં વિશ્વાસ હતો. એવી અસામાન્ય શક્તિને પામેલા મહાપુરુષો મોટેભાગે એકાંતમાં જીવન વિતાવીને સંસારનો સંબંધવિચ્છેદ કરી દે છે. પરંતુ એ લોકહિત કરવાનું ચાલુ રાખે તો ? તો દુનિયાને કેટલો બધો લાભ થાય ? બધે જ ઠેકાણે એમણે શક્તિના પ્રદર્શનો કરવાની આવશ્યકતા નથી. એમનું જ્ઞાન, એમનો અનુભવ, એમની ઉપસ્થિતિ, કરુણા અને નિસ્વાર્થ સેવા અન્યને માટે આશીર્વાદરૂપ અને ઉપકારક થઇ પડે એ આવકારદાયક છે.

મને થયું કે એવી લોકોત્તર વિભૂતિની આવશ્યકતા છે. એવી વિભૂતિના માર્ગદર્શન દ્વારા ભારત સંપૂર્ણ સ્વતંત્ર, સુખી અને આધ્યાત્મિક બનીને સંસારને શાંતિનો ને નવનિર્માણનો માર્ગ સૂચવી શકે. એમ થાય તો સંસારમાં શાંતિનો યુગ ઉતરે, ભાતૃભાવ, એકતા, ઇશ્વરપરાયણતાનો સમય પ્રકટે. મને લાગ્યું કે મારી દ્વારા ઇશ્વર એ જ હેતુની સિદ્ધિ કરવા માગે છે. એની પૂર્વતૈયારી રૂપે મને આધ્યાત્મિક રીતે કેળવે છે. મારા જન્મ માટેનું એના સિવાયનું કોઇ બુદ્ધિયુક્ત કારણ મને ના લાગ્યું. મારી દ્વારા ઇશ્વર એવું કલ્યાણકાર્ય કરે-કરાવે તેથી અધિક આનંદાનુભવ બીજો કયો હોઇ શકે ? મેં નમ્ર હૃદયે, ભારે ભક્તિભાવપૂર્વક પરમાત્માને પ્રાર્થના કરી કે, 'હે દયાળુ, મારા દોષને ના જોશો. જે યોગ્યતાની આવશ્યકતા છે તે કૃપા કરીને પ્રદાન કરજો. મારું જીવન આધ્યાત્મિક પરિપૂર્ણતાને પામ્યા પછી દેશકાળને અનુસરીને લોકકલ્યાણમાં વપરાય તેવો અવસર આપજો, આશીર્વાદ વરસાવજો.'

પરંતુ કેવળ વિચારો કે ભાવોને સેવવાથી શું વળે ? એમને સાકાર કરવાની તૈયારી જોઇએ. પહેલા તો પરિપૂર્ણ આધ્યાત્મિક વિકાસ દ્વારા શાંતિ ને શક્તિની સંપ્રાપ્તિ કરવી જોઇએ. તેના વિના કોઇયે કાર્યમાં ના જ પડાય. મેં એને માટે વિચારો કર્યા. ઇશ્વરે સુઝાડ્યું તેમ વિચાર્યું. થયું કે હજુ એકાંતમાં રહીને સતત રીતે સાધના કરવી જોઇએ, ધીરજ તથા હિંમતથી આગળ વધવું ને યોગ્યતા મેળવવી જોઇએ.

સમાધિ પર સંપૂર્ણ સ્વામિત્વ સ્થપાયા પછી સાધક સર્વસમર્થ થાય છે એની મને માહિતી હતી. મને એવા સ્વામિત્વની આવશ્યકતા લાગી. તેને માટે સતત ધ્યાન જોઇએ. એ ઉપરાંત ઇશ્વરની કે ઇશ્વરતુલ્ય

સિદ્ધપુરુષની કૃપા જોઇએ. એને માટે મેં ચિંતા તથા પ્રાર્થના કરવા માંડી. અવારનવાર ઉપવાસ પણ કર્યા. એ બધાની પાછળ રહેલા વ્યક્તિગત વિકાસના ને લોકકલ્યાણના મહાન આદર્શે મને ઉલ્લાસ આપ્યો.

**(૨) વાંદરાનો વિચિત્ર અનુભવ**

શાંતાશ્રમના નિવાસ દરમ્યાન જેમ વિચારોમાં સમૂળી ક્રાંતિ થઇ તેમ કેટલાક અવનવા અનુભવો પણ મળ્યા. એવા અનેકવિધ અનુભવો અગાઉ પણ થઇ ચુકેલા હોવાથી અનુભવોની એ વાત મારે માટે તદ્દન નવી ન હતી. તો પણ એ અનુભવોથી એક પ્રકારનો અનોખો અવર્ણનીય આનંદ થયો. સાચી રીતે વિકાસ કરતા સાધકને એક અથવા બીજી જાતના અનુભવો થયા કરે છે. પ્રખર સાધનાત્મક પરિશ્રમ કરનારો સાધક સિદ્ધ ને દિવ્ય પુરુષોના દર્શન, ધ્યાનના અલૌકિક અનુભવો અને ઇશ્વરની અનુભૂતિની આકાંક્ષા રાખે છે. એની પૂર્તિ થતાં તેને ઉત્સાહ સાંપડે છે, અને એ વધારે દૃઢતાપૂર્વક ઉમંગથી સાધના કરવા માંડે છે. ઇશ્વરની કૃપાથી મને કિશોરાવસ્થાથી જ એવા અલૌકિક અનુભવો થતા રહેતા. એથી મારા આત્મવિશ્વાસની અભિવૃદ્ધિ થતી. જેમને મોટી ઉંમરે કે લાંબે ગાળે આધ્યાત્મિક અનુભૂતિઓ થતી હોય છે તે પણ પોતાને તેટલા સમય પૂરતા કૃતાર્થ માને છે. એ અનુભૂતિઓની અસર એવી અનોખી હોય છે.

ઇશ્વરની અનુકંપાનો અનુભવ કરાવતા કેટલાક પ્રસંગો પણ બનતા હોય છે. એક દિવસ સાંજે આશ્રમના આંબાવાડિયામાં વાંદરાનું ટોળુ આવ્યું. આંબાના ઝાડ પર ચઢીને વાંદરા નાચવા, કૂદવા ને કેરીઓને ખાવા લાગ્યા. બીજે દિવસે સવારે કુટિરની થોડેક દૂરથી ભયંકર દુર્ગંધ આવવા માંડી. ત્યાં જઇને જોયું તો એક વાંદરુ મરી ગયેલું. એને કેવી રીતે હઠાવવું તે ના સમજાયું. આશ્રમમાં સાત આઠ દિવસે ભાગ્યે જ કોઇ પ્રવેશ કરતું. સંતમહાત્માની પાસે ચલમ હોય તો ભક્તો તેનો લાભ લેવા જતા, પરંતુ તે સિવાયના સત્પુરુષોનો સમાગમ ભાગ્યે જ કરતા.

એ દુર્ગંધ સ્વાસ્થ્યને માટે હાનિકારક હતી. એમાંથી મુક્તિ મેળવવાનો બીજો કોઇ ઉપાય ના દેખાયો ત્યારે પણ મેં પ્રાર્થનાનો આધાર લીધો. મારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે બીજે દિવસે એ દુર્ગંધ બંધ થઇ ગઇ. વાંદરાના સ્થાન પર જઇને જોયું તો વાંદરાનું કોઇ ચિન્હ પણ ના દેખાયું. એ વિજન વનમાં, તપોવનમાં, કોણ આવ્યું અને એને કોણ લઇ ગયું ? મને એ અદભૂત ઘટના પાછળ ઇશ્વરની અચિંત્ય અઘટિત - ઘટનાપટીયસી શક્તિનો હાથ લાગ્યો. પ્રાર્થનાનું બળ ખૂબ જ મોટું છે. એના દ્વારા માનવના મોટાં કામો થયા છે ને પરમાત્માને પણ પ્રકટવું પડ્યું છે. મારામાં એ બળનો અભાવ હતો તો પણ, મારી અરજને લક્ષમાં લઇને ઇશ્વરે એ અદભૂત પ્રસંગની યોજના કરી. ઇશ્વરની અહેતુકી અલૌકિકી કૃપાથી શું નથી થતું ? જે મૂકને વાચા આપી શકે ને પંગુને પર્વતને પાર કરવાનું પરિબળ આપી શકે, તે શું ના કરી શકે ? એક દુર્ગંધીયુક્ત વાંદરાને અદૃશ્ય કરવાનું તેને માટે અશક્ય છે ?

પરંતુ પરમાત્માની એ અનુગ્રહશક્તિને માનવ ભાગ્યે જ જાણે છે. માટે તો તે દુઃખથી ડરે છે, નિષ્ફળતાથી નાસીપાસ થાય છે, ચિંતાથી ચલાયમાન બને છે. પરમાત્માની અનુગ્રહશક્તિમાં માનવને વિશ્વાસ હોત તો સાનુકૂળ અથવા પ્રતિકૂળ સઘળા પ્રસંગોમાં તે પરમાત્માનું શરણ લેત, સ્મરણ કરત, આરાધન આદરત ને પરમાત્માને પામીને જીવનની અલ્પતા, પરવશતા, પામરતામાંથી મુક્તિ મેળવત. અમૃતપથનો પુણ્યપ્રવાસી બનીને મુક્ત, પૂર્ણ, કૃતકૃત્ય બનત અને જીવનને જ્યોતિર્મય કરત.

## ૮૪. કાળી આકૃતિનો અનુભવ

### (૧) દક્ષિણેશ્વર જવાની આજ્ઞા

દક્ષિણેશ્વર એટલે રામકૃષ્ણ પરમહંસે જ્યાં સાધના કરી, જીવનનો અધિકાંશ સમય ગાળ્યો, ને જ્યાંથી જ્ઞાન તથા ભગવદભક્તિના પુનિત પરહિતકારક પ્રવાહને વહેવડાવ્યો, તે ચિરસ્મરણીય સુંદર સ્થાન. રામકૃષ્ણ પરમહંસદેવ પ્રત્યે મને પહેલેથી જ પ્રેમ હતો. મારા પૂર્વજન્મના જ્ઞાનાનુભવ પછી એ પ્રેમ પ્રબળ બનેલો. એ મહાપુરુષના નામથી ભાગ્યે જ કોઇ અનભિજ્ઞ હશે. ભારતમાં અને ભારતની બહાર પણ એમનો યશ પહોંચી ગયો છે. એ પ્રાતઃસ્મરણીય પરમ પ્રતાપી મહાપુરુષે જ્યાં તપશ્ચર્યા અને જીવનલીલા કરી, અસંખ્ય શકવર્તી સિદ્ધિઓ મેળવી, તે પુણ્યસ્થળને પેખવાની મારી ઇચ્છા હતી. મને જે મહાન ને સમર્થ સત્પુરુષના સુરદુર્લભ સમાગમની અભિલાષા હતી તેવા સત્પુરુષ રામકૃષ્ણદેવ વિના બીજા કયા હોઇ શકે ? હું એમને ઉપાસ્ય ને પૂજ્ય માનતો અને આજે પણ માનું છું.

તે તો મહાપુરુષ છે, ઇશ્વરરૂપ છે. શરીરને છોડવા છતાં પ્રેમી શ્રદ્ધાભક્તિસંપન્ન શરણાગત ભક્તને માટે આજે પણ પ્રકટી શકે છે, તેમને સહાયતા કરીને શાંતિ આપે છે. મારા અંતરમાં અવતારી પુરુષોને માટે તેવો વિશ્વાસ છે. કેમ કે તે કાલાતીત ને બંધનરહિત છે. એ વિશ્વાસ આજ સુધીના અનુભવો પર આધારિત છે. એવા આત્મવિશ્વાસથી પ્રેરાઇને રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષ મારી સમક્ષ પ્રકટ થાય ને મને સહાયતા કરે તેને માટે મેં પ્રયત્નો કર્યા. તે દરમ્યાન ધ્યાનાવસ્થામાં આજ્ઞા મળી કે 'દક્ષિણેશ્વર જવાની ઇચ્છા હોય તો જાવ. ત્યાં બધી જ વ્યવસ્થા કરી રાખી છે.' એ આજ્ઞાથી મને આનંદ થયો.

### (૨) કાળી આકૃતિ

નવરાત્રિના દિવસો તદ્દન નજીક હતા. શ્રાદ્ધ પક્ષની શરૂઆત થઇ ચુકેલી. એક દિવસ મેં પ્રસ્થાન માટે મુકરર કર્યો. તે દિવસે રાતે બે વાગ્યા બાદ અનેક પ્રકારના વિચાર આવવા માંડ્યા. દક્ષિણેશ્વરમાં કેવું હશે ? ત્યાં રહેવાનું ગમશે ? દક્ષિણેશ્વરમાં હિમાલય જેવો આનંદ આવશે ? વળી અંતર કહેતું હતું કે ઇશ્વરની આજ્ઞા થઇ છે, ને તે જ પ્રભુ લઇ જાય છે, તો ત્યાં આનંદ જ રહેશે. રામકૃષ્ણ પરમહંસના સ્થાન વિશે કહેવાનું જ શું હોય ? તે તો એક તીર્થસ્થાન છે. ત્યાં તે ફરતા, સાધના કરતા, જિજ્ઞાસુઓ સાથે વાર્તાલાપ કરતા. તે સ્થળ તો દેવોને પણ દુર્લભ. એ સ્થળમાં જરૂર જરૂર ગમશે ને લાભ થશે.

એ પ્રમાણે વિચાર ચાલતા. નીચેની ઓરડીમાં (એ વખતે આશ્રમ નીચેની એક જ ઓરડીનો બનેલો હતો) તખ્ત પર બેઠો હતો. ઓરડીમાં ને ઓરડીની બહાર બધે જ અંધારુ હતું. મારી પાસેની બારી બંધ હતી. બારણું પણ અંદરથી સાંકળ મારીને બંધ કરેલું. ડાબા હાથ તરફની એક બારી ઉઘાડી હતી. તેમાંથી પવન આવતો ને ખૂબ જ બારીકાઇથી જોતાં આકાશના તારા દેખાતા.

અચાનક મારી નજર ત્યાં બારી પાસે પડી, ને મને એકાએક આશ્ચર્ય થયું. એક કાળા રંગની માનવ-આકૃતિ ઓરડાની અંદર બરાબર બારી પાસે જ ઉભી રહેલી. આ આકૃતિ ક્યાંથી આવી અને કોણ હશે ? બારણાં બંધ છે છતાં ક્યાંથી આવી ? મને વિસ્મય ને આનંદ બંને થયાં. બીક લાગવાનું કોઇ કારણ ન હતું. કેમ કે એવા ચિત્રવિચિત્ર અનેક પ્રકારના અનુભવો આજ લગી મને અનેક થયેલા. જો કે મેં તેમાંના કેટલાક

વર્ણવ્યા છે, પરંતુ તે પ્રમાણમાં થોડા છે. બધા જ અનુભવોને કહેવાની મારી ઇચ્છા નથી ને જરૂરેય નથી. જે અનુભવો કહું છું તે એટલા માટે કે માણસને આ માર્ગમાં થતા વિવિધ કલ્પનાતીત અનુભવોનો ખ્યાલ આવી શકે ને તે સત્ય છે તેની મારા તરફથી સૌને ખાત્રી થઇ શકે.

પણ મારા વિસ્મય કે આનંદની લેશ પણ પરવા કર્યા વિના, તે આકૃતિ મારી તરફ આગળ વધી. તેનું શરીર કાજળ જેવું કાળું હતું. તેણે બે હાથ લંબાવીને મને બાથમાં લીધો ને કહ્યું, 'તમે અહીં બહુ રહ્યા, હવે આજે જવાના છો, ખરું ? પાછા ક્યારે આવશો ? જલદી જલદી આવતા રહેજો. તમને અહીં ગમ્યું તો ખરું ને ? તમારા વિના મને ગમશે નહિ.'

હું તો સાંભળી જ રહ્યો. શબ્દો ખૂબ જ સ્પષ્ટ અને સુમધુર હતા. એમના શ્રવણથી અપૂર્વ શાંતિ મળતી. પણ તેના મુખમાંથી વધારે શબ્દો નીકળ્યા નહિ. આટલું બોલીને તેણે મને બાથમાંથી છોડી દીધો ને લગભગ બે મિનીટ બાદ તે નાની સરખી ઓરડીમાંથી અદૃશ્ય થઇ ગઇ !

મને થયું કે એક સમીપના સ્વજનની જેમ બોલનારી આ વ્યક્તિ કોણ હશે ? શું તે કોઇ સિદ્ધપુરુષ હશે ? કે રામકૃષ્ણદેવ પોતે હશે ? કોઇ તીર્થદેવતા કે ઇશ્વર હશે ? મારે માટે એ પ્રશ્ન કોયડો જ રહ્યો ને મેં તેને ઉકેલવાનો ઝાઝો પ્રયાસે ના કર્યો. કેમ કે ગોળ કઈ જાતનો છે, ને ક્યાંનો તેમજ શા ભાવનો છે, તે જાણીને મારે શું કામ છે ? મારે તો તેનો સ્વાદ માણીને આનંદ કે તૃપ્તિ જ મેળવવી છે. તે મહાન આત્મા ગમે તે હોય, પરંતુ તેની કૃપા મારા પર થઇ છે, ને તેના લાગણીભર્યા મીઠા વચનોને મેં સાંભળ્યા છે એટલું જ મારે માટે તો પર્યાપ્ત છે. વધારે ઊંડાણમાં ઉતરીને મારે શું કરવું છે ? આજે હું કહી શકું છું કે તે કાળી આકૃતિમાં આવીને 'મા' જગદંબાએ જ મારા પર પ્રેમ વરસાવ્યો હતો. તેને યાદ કરી ઉલ્લાસ અનુભવું છું. પણ ....'મા'નું એ પ્રેમબંધન હંમેશા રહે, 'મા'ના એવા પ્રેમાર્દ્ર શબ્દો નિત્યનિરંતર સાંભળવા મળે ત્યારે જ જીવન સફળ બને, 'મા'નું મધુભર્યું, રૂપરૂપના અંબાર જેવું મુખ ને રૂપ દિનરાત આંખ જોયા જ કરે, એ જ જીવનનું પરમ ને છેવટનું સાફલ્ય હોઇ શકે. માણસે આવા ઉલ્લાસપ્રેરક અનુભવોથી અટકી જવાનું નથી પરંતુ લગનીપૂર્વક, 'મા'નું હંમેશનું સાનિધ્ય મેળવવા, પ્રભુનો સદાયનો સહવાસ પામવા, તત્પર થવાનું અને ખંતથી આગળ વધવાનું છે.

ગંગાજીનો ગંભીર ને મોટો અવાજ દૂરથી સંભળાતો હતો. આશ્રમની પાસેની શાંતા નદી પણ વરસાદને લીધે ભરપૂર થઇ ગઇ હતી. તે પણ હિમાલયના પ્રાચીન અને અર્વાચીન ઋષિવરોના જયગાન ગાતી વહેતી હતી. અંદર ને બહાર હજી અંધારું જ હતું. ત્યાં તો અચાનક મારી નજર ઓરડાની અંદર તાકા પર પડી. અંધારામાં ત્યાં દીવો બળતો દીઠો. પાસે જ તેના પ્રકાશમાં રમણ મહર્ષિની મૂર્તિ સ્મીત કરી રહેલી. મહર્ષિને મેં જોયા હતા એટલે તેમને હું સ્પષ્ટ ઓળખી શક્યો. બે-ચાર મિનીટ એવી રીતે મને દર્શનાનંદ આપીને તે પણ દીપક સાથે અદૃશ્ય થઇ ગયા ને બધે જ અંધકાર છવાઇ રહ્યો.

મહર્ષિ જેવા સિદ્ધ મહાપુરુષો પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં, ગમે ત્યારે, ને ગમે તેની પાસે જઇ શકે છે. આજે આવા મહાપુરુષો ઘણાં છે. યોગ્ય આધ્યાત્મિક પ્રવાસી પાસે તે પ્રકટ થાય છે ને તેમને મદદ કરે છે. તેમને દેશકાળના બંધન નથી હોતાં. તે સર્વસમર્થ હોય છે. પણ માનવ સંસારની વાસના પાછળ એટલો પાગલ છે, બુદ્ધિનો એટલો દાસ છે, કે તે ઉપર જ ઉઠી શકતો નથી. પરિણામે જીવનના મહામોંઘા અનુભવો

તેને નથી થઇ શકતા. જે મરજીવાની પેઠે સંસારની બાહ્ય આસક્તિ ને મમતા મૂકી દે છે ને તેના સ્વામી પરમાત્માને પામવા કમર કસી સાચે માર્ગે આગળ વધે છે તે અનેક અનુભવો મેળવે છે અને એક ધન્ય દિવસે પરમાત્માનું દર્શન કરીને પરમાત્મામય બની જાય છે. એવા મરજીવિયા મહાપુરુષો કરોડોમાં કોઇક જ નીકળે છે.

ધીરે ધીરે પ્રકાશ થયો. સ્નાનાદિથી પરવારીને મેં શાંતાશ્રમને પ્રણામ કર્યા. તેની પવિત્ર રજને શિર પર ચઢાવીને મોટરમાં બેસવા પ્રસ્થાન કર્યું. તે જ દિવસે મેં દેવપ્રયાગ છોડ્યું. તે દિવસ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૫ ને સોમવારનો હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૫. દક્ષિણેશ્વરના અનુભવો

**(૧) દર્શન**

કલકત્તાની એ મારી પહેલી જ મુસાફરી હતી. બપોરે ત્રણેક વાગ્યે કલકત્તા આવ્યું. સ્ટેશન પરથી દક્ષિણેશ્વર જવાની માહિતી મેળવી. આખરે એક બસમાં બેઠો. બસ ઉપડ્યે બે-ચાર મિનીટ થઇ ને કંડકટર આવ્યો. કહે, આ બસમાં તમે બેઠા છો તે બરાબર નથી. દક્ષિણેશ્વર જવા બીજી બસમાં બેસવું જોઇએ. આગળ બસ ઉભી રહી ત્યાં ઉતરીને થોડી વારે હું બીજી બસમાં બેઠો. એમાં પણ એવું જ બન્યું, ને તે બસમાંથી પણ મારે ઉતરી જવું પડ્યું. એવી રીતે મારો એક કલાક જતો રહ્યો. આખરે મેં ઘોડાગાડી કરવાનો વિચાર કર્યો.

ગાડીવાળો મુસલમાન હતો પણ ધર્મમાં તેને ભારે રસ હતો. તેણે ખાતરી આપી કે દક્ષિણેશ્વરમાં કાલી માતાનું મંદિર છે ત્યાં હું તમને જરૂર પહોંચાડી દઇશ, મેં તે જોયું છે.

કલકત્તાના મોટા મોટા માર્ગો પરથી ગાડી પસાર થઇ. આખરે એક મંદિર પાસે આવીને ઉભી રહી. લગભગ બે કલાક લાગ્યા. સાંજ પડી ગઇ. મને થયું કે હવે મંદિરમાં જઇ, દર્શન કરીને ફકત આરામ જ કરવાનો રહેશે. પણ ત્યાં તો એક નવો જ કોયડો ઊભો થયો. તપાસ કરતાં ખબર પડી કે આ મંદિર દક્ષિણેશ્વરનું મંદિર નહિ પણ કલકત્તાનું સુપ્રસિદ્ધ કાલી મંદિર છે ! હવે શું થાય ? મને ગાડીવાળાની ભૂલ પ્રત્યે આશ્ચર્ય થયું. સમય ને પૈસા બેય નકામા ગયાં. ગાડીવાળાને કહ્યું, હવે શું થાય ? ગાડી હવે દક્ષિણેશ્વર લઇ લો. પણ ગાડીવાળાની બધી જ પોપટિયા ધર્મવિદ્યા દૂર થઇ. પોતે જ કરેલી આટલી મોટી ભૂલને સુધારવાને બદલે તે બોલી ઉઠ્યો, 'હવે તો બહુ મોડું થયું છે. મને અહીં સુધીના પૈસા ચુકવી દો, મારાથી હવે બીજે ક્યાંય જઇ શકાય તેમ નથી.'

જક્કી માણસની સાથે ઝઘડો કરવો તેમાં કૈં બુદ્ધિમાની નથી. ગાડીવાળાને મેં પૈસા ચુકવી દીધા ને ભગવાનને પ્રાર્થના કરતો હું આગળ ચાલ્યો. મને એક વાતનું આશ્ચર્ય થયું કે કલકત્તા જેવા શહેરમાં મેં જેમને પણ પુછ્યું તે દક્ષિણેશ્વર વિશે સાચેસાચી માહિતી ના આપી શક્યા ! જ્યાં રામકૃષ્ણદેવે લીલા કરી ને જેના દર્શન માટે આજે ભારત અને ભારતની બહારથી હજારો માણસો આવે છે તે સ્થળ માટે ખુદ કલકત્તામાં જ રાતદિન રહેનારા એવા માણસો છે જે અજ્ઞાન ધરાવે છે, એ હકિકત કેટલી બધી ચિત્રવિચિત્ર કે કરુણ લાગે છે ?

પણ હવે દક્ષિણેશ્વર પહોંચવું કેવી રીતે ? રાત તો પાસે ને પાસે આવતી જાય છે. મને ખૂબ જ ચિંતા થઇ. જે રામકૃષ્ણદેવ હિમાલયથી અહીં લઇ આવ્યા તેમણે આ શું કરવા માંડ્યું છે ?

પણ પ્રભુની પ્રત્યેક પ્રવૃતિ પાછળ કૈં ને કૈં રહસ્ય હોય જ છે. એ સિદ્ધાંતને માણસ સમજી જાય ને સાચા દિલથી જીવનમાં ઉતારે તો તે હરેક વખતે સ્વસ્થતા જાળવી શકે છે. વિચાર કરતાં કરતાં હું ધોરી માર્ગ પર ઉભો'તો ત્યાં જ એક માણસ આવ્યો. મને કહે, ક્યાં જવું છે ? મેં કહ્યું, દક્ષિણેશ્વર. ભગવાન રામકૃષ્ણ પરમહંસદેવનું સ્થાન છે ત્યાં. કહે, ચાલો. મારી સાથે જ બસમાં ચાલો. મારે પણ એ બાજુ જ જવું છે.

વિના પૂછ્યે જે માણસે આટલી બધી લાગણી બતાવી તેને માટે માન ઉત્પન્ન થાય એ સ્વાભાવિક જ છે. ને લાગણી પણ એવે વખતે બતાવી જ્યારે તેની જરૂર હતી. વિના વિલંબે એક બસ મળી, ને થોડી વારમાં દક્ષિણેશ્વર આવ્યું. માર્ગમાં એક બીજી બસમાં મને બેસાડીને પેલો માણસ ચાલ્યો ગયો હતો.

બસ ઠેઠ દક્ષિણેશ્વર જ ઉભી રહેતી હતી. પણ તે બાજુ ક્યાંય મંદિર તો દેખાયું નહિ. તપાસ કરતાં જણાયું કે મંદિર થોડે જ દૂર છે. સદભાગ્યે ત્યાં ત્રણચાર માણસો આવ્યા. મારા વેશ પરથી એમણે મને મહાત્મા માન્યો, ને મારી પાસેના સામાન પરથી હું ખૂબ જ દૂરથી આવું છું એવું અનુમાન કર્યું. મને કહે, તમે બહુ દૂરથી આવતા લાગો છો ? મેં કહ્યું, હું હિમાલયથી આવું છું.

હિમાલયનું નામ સાંભળીને એમને આશ્ચર્ય અને આનંદ બંને થયાં. મને તે ઠેઠ દક્ષિણેશ્વર મૂકી ગયા. મંદિર બંધ હતું. બધે ખૂબ જ શાંતિ હતી. અંધારી રાત બધે ફેલાઇ ગઇ હતી. પાસે જ ગંગાજી સંપૂર્ણ શાંતિથી વહી રહ્યાં હતાં. રામકૃષ્ણદેવનો ખંડ હજી ખુલ્લો હતો. તેનું દર્શન સૌથી પ્રથમ થયું, સાથે આવનાર ભાઇ કહે, આ મંદિરમાં રાતે કોઇને રહેવા દેતા નથી. પણ અત્યારે અંધારું થયું છે એટલે કોઇ તમને કૈં નહિ કહે. એમ કહીને તે ચાલ્યા ગયા.

મેં ગંગાકિનારે જઇને આચમન કર્યું ને પછી થોડીવાર આંટા મારી હું એક મકાનની ઓસરીમાં સુઇ ગયો. જો વહેલા આવવાનું થયું હોત તો અહીં રહેવાની રજા માંગવી પડત. એટલે પ્રભુએ મને મોડા લાવવામાં સારું જ કર્યું છે એમ લાગ્યા વિના રહ્યું નહિ. પ્રભુ જે કરે છે તે સારું જ કરે છે. તેમાં કાંઇ ને કાંઇ રહસ્ય હોય છે.

સવારે ઉઠીને ગંગાજીમાં સ્નાનાદિ કરીને નિવૃત્ત થયો. ધ્યાનાદિ કરીને મંદિર જોવા નીકળી પડ્યો. રાતના અંધકારમાં જે સ્થળ જોયું હતું તેનાથી અત્યારે સ્થળ જૂદું જ જણાયું. રાત ને દિવસને પોતપોતાનું અલગ સૌંદર્ય ને પોતાની અનેરી ખૂબી હોય છે. એ વાત સૂર્ય ને ચંદ્ર પરથી સારી રીતે સમજી શકાય છે. પણ બેમાંથી એકેના ઉપર માણસને કદી અણગમો થયો હોય એવું જાણ્યું નથી, જો કે બંને સૃષ્ટિની શરૂઆતથી જ તપે છે.

દક્ષિણેશ્વરનું મંદિર ઘણું જ વિશાળ હતું. જો કે દક્ષિણ ભારતના મંદિરોની ભવ્યતા તેમજ જૈન મંદિરોનું શિલ્પ તેમાં નથી, પરંતુ આધ્યાત્મિક પરમાણુઓ જીવંત બનીને ત્યાં ફરતાં હોય એમ લાગ્યા વિના રહેતું નથી. મંદિરની મહત્તા મારે મન તેના શિલ્પ કે સ્થાપત્ય અથવા તેની ભવ્યતામાં નહિ પરંતુ તેની સજીવતામાં ને તેમાં રહેલી ચિરંતન શાંતિમાં છે. માણસના હૃદયને જેનું વાતાવરણ એક યા બીજી રીતે સ્પર્શી જાય અને અસર કરે તે મંદિર ગમે તેવું સાધારણ હોય છતાં મહાન છે. આ મંદિરમાં થોડાં જ વરસો પહેલાં જે મહાન વિભૂતિએ નિવાસ કરીને પોતાના પ્રભુમય જીવનથી આધ્યાત્મિક પિપાસુઓને આકર્ષ્યા હતા તે મહાવિભૂતિનો પ્રભાવ હજી પણ કાયમ છે. તેના ઈશ્વરી ઉપદેશ, તેની સાધનાની શાંતિ ને ગંભીરતા જાણે કે આ સ્થળમાં મળી ગયા છે અને આજે પણ સાધક કે જિજ્ઞાસુના હૃદય સાથે વાતો કરે છે. તેમાં પ્રવેશ કર્યો ત્યારે મારું દિલ અવર્ણનીય લાગણીથી હાલી ઉઠ્યું, નાચી રહ્યું, ને મેં મનોમન એ ભારત ને વિશ્વના મહાપુરુષને નમસ્કાર કર્યા. જેના નામથી આજે ભાગ્યે જ કોઇ અજાણ હશે ... ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસ ! જેમના પટ્ટશિષ્ય વિવેકાનંદે પાછળથી ભારત તેમજ ભારતની બહારના દેશોમાં પોતાના ગુરુનો ને

ભારતીય ધર્મ ને તત્વજ્ઞાનનો મહિમા ગાજતો કરેલો. જેમનું જીવનચરિત્ર ચૌદ વરસની નાની વયે વાંચીને મારા દિલમાં ઇશ્વરી ભાવો જાગૃત થયેલા ને ઇશ્વરને 'મા મા' પોકારીને સાક્ષાત્ કરવાના મેં પ્રયાસો કરેલા, તે મહાપુરુષની લીલાભૂમિમાં પ્રવેશવું એ મારે માટે મુક્તિના દ્વારમાં પ્રવેશવા બરાબર હતું. મારા સર્વે અંગોપાંગો આનંદથી આપ્લાવિત બન્યા.

મંદિરના ચોકમાં થઇને હું મંદિરમાં આવ્યો. રામકૃષ્ણદેવે જેની આજીવન ઉપાસના કરી હતી ને જે દેવને રાતદિવસ સાક્ષાત્ કર્યા હતા તે કાલીમાતા સામે ઉભા રહીને મેં હાથ જોડ્યા. મારા નેત્રો પ્રેમાશ્રુથી છલકી ઉઠ્યાં. મા ! કેમ અચલ છે ? તમારું દર્શન કરવા હું આટલે દૂરથી - છેક હિમાલયથી અહીં આવ્યો છું અને તમે આમ મૂક કેમ છો ? હાલો, વાત કરો, પ્રેમ કરો ને મને સત્કારો ! તમે તો 'મા' છો. બાળકના અપરાધને ભૂલી જઇને તેને પ્રેમ કરવો એ 'મા'નો ધર્મ છે. તમે મને પ્રેમ કરો, મારી સામે પ્રકટ થાવ. નહિ, આ સ્થળમાં તો જરૂર પ્રકટ થવું જ પડશે. આ તો તમારું જ સ્થળ છે.

'મા'ની સ્તુતિ કરીને હું મંદિરના ટ્રસ્ટીઓને મળ્યો. ટ્રસ્ટીઓએ વધારે સાંભળ્યા વિના સાફ સંભળાવી દીધું કે મંદિરમાં રહેવાની મનાઇ છે. મેં કહ્યું, તે બરાબર; પરંતુ કોઇની યોગ્યતાને જોઇને તમે રજા આપી શકો છો, કેમ કે મંદિરના સર્વેસર્વા અત્યારે તમે જ છો.

પણ ટ્રસ્ટીઓમાં ભલમનસાઇ કે શિસ્તનો અભાવ દેખાયો. આટલા મોટા ને લોકોપકારી મંદિરની આજે આવી દશા જોઇને મારું દિલ દુખાયું. વધારે વિનવણી કરવી ઠીક ના માનીને હું આગળ વધ્યો. જે રામકૃષ્ણદેવ દેવપ્રયાગથી આજ્ઞા કરીને અહીં લાવ્યા છે તે શું બધી વ્યવસ્થા નહિ કરે ? જરૂર કરશે. નહિ તો તે અહીં લાવે જ નહિ. એવા વિચારનો આધાર લઇને મેં સમાધાન કર્યું.

આગળ ચાલતા રામકૃષ્ણદેવના ખંડમાં આવ્યો. આ ખંડમાં રામકૃષ્ણદેવ નિવાસ કરતા. તે એવો ને એવો જ સાચવી રાખ્યો છે. તેમનો પલંગ, પાણીનું માટલું, વાસણ, સઘળું સુરક્ષિત છે. તેમને બદલે દિવાલ પર તેમના બે ફોટા છે. એક શારદામાતાનો ફોટો છે. આ ખંડમાં પ્રવેશતાં જ દેવને પ્રણામ કર્યા. કેટલો શાંતિમય ખંડ ! રામકૃષ્ણદેવ જીવતા હશે ત્યારે આ ખંડ અને આ સ્થળ કેવું સુંદર હશે ! મધુર વાર્તાલાપ, ભક્ત ને જ્ઞાનીના ટોળાં, આ સ્થળને અલૌકિક શોભા આપી રહ્યાં હશે. આજે તો એ બધી શોભાના સાક્ષી આ ખંડ અને ચિરકાલથી વહેતી પતિતપાવની પુણ્યસલિલા ગંગા - બે જ રહ્યા છે. તેને પણ વાચા નથી. નહિ તો ભૂતકાળના કેટકેટલા સંભારણા એમના શ્રીમુખથી સાંભળવા મળત !

એવા એવા ભાવો સાથે જાણે મારા જ ઘરમાં ફરી રહ્યો હોઉં તેમ આનંદથી હું ખંડમાં ફરી રહ્યો. ત્યાં તો એક ભાઇ આવ્યા. તેમની સાથે ભીનાં વસ્ત્ર હતાં એટલે તે ગંગાસ્નાન કરીને દર્શને આવ્યા હશે એમ લાગતું હતું. મને તેમણે નમસ્કાર કર્યા. મારી આંખમાં પ્રેમાશ્રુ જોઇને કદાચ એમને આકર્ષણ થયું હશે.

એ ભાઇનું નામ પુલિનબાબુ. તે બાજુમાં જ આવેલા દક્ષિણેશ્વર ગામમાં રહેતા હતા. તેમના પિતાજીના વખતમાં રામકૃષ્ણદેવ કોઇ કોઇ વાર તેમને ત્યાં પધારતા, તે રોજ સવારસાંજ આ મંદિરમાં પોતાની સ્ત્રી સાથે દર્શને આવતા, રામકૃષ્ણદેવને જ ઇષ્ટ માનતા, અને એમના પર અનન્ય શ્રદ્ધાભક્તિ રાખતા. છેલ્લાં દસેક વરસથી તે કંઇ ધંધો કે નોકરી કરતા નહિ. રામકૃષ્ણદેવનું સ્મરણ જ કરતા. એ

સ્મરણથી એમનામાં અપૂર્વ આત્મબળનો આવિર્ભાવ થયેલો. તેમના પત્ની પણ ભક્ત હતા. એક જ પ્રકૃતિના પરસ્પર સહાયક થનારાં એવાં દંપતી દુનિયામાં બહુ થોડાં હશે અને એ પણ એવી ગરીબ જેવી દશામાં.

મારો પરિચય સાંભળીને પુલિનબાબુ પ્રસન્ન થયા. કહ્યું, તમે ચિંતા ના કરશો. ટ્રસ્ટીઓની રજા લેવાની જરૂર નથી. મારા એક મિત્ર છે. તે ખૂબ જ શ્રીમંત છતાં રામકૃષ્ણદેવના અનન્ય ભક્ત છે. તે પ્રતિદિન દર્શન માટે આવે છે. તે તમને અહીં રહેવાની વ્યવસ્થા કરી દેશે. મેં કહ્યું, મારે જમવાની વ્યવસ્થા નથી જોઇતી. ફકત રહેવાનું જ જોઇએ છે. જમવાનું તો પ્રભુ આપી રહેશે.

એટલામાં તો તેમના મિત્ર - નેપાલબાબુ આવી પહોંચ્યા. તેમણે મંદિરના પૂજારી અને દરવાનને સુચના આપીને મારા રહેવાની વ્યવસ્થા કરી દીધી. પ્રભુની કૃપા. એમ બીજે દિવસે સવારે મારી રહેવાની ચોક્કસ વ્યવસ્થા થઇ ગઇ.

રામકૃષ્ણદેવના ખંડની બહાર બેસીને હું ભજન લખવા માંડ્યો. રામકૃષ્ણદેવ પર ને કાલી 'મા' પર ભજન લખીને તે હું પાસે બેઠેલા પુલિનબાબુ અને તેમના પત્નીને વચ્ચે વચ્ચે સમજાવતો. અંગ્રેજીમાં જ સમજાવવું પડતું. કેમ કે તે હિન્દી ના જાણે અને મને બંગાળી ના આવડે. ભજન લખતાં મારી આંખમાંથી અશ્રુપ્રવાહ વહ્યા કરતો. કેટલીકવાર તો પ્રેમનું સખત રડવું આવતું. રડવું એટલા જોરથી આવતું કે મંદિરના પૂજારીઓ એકઠા થઇને વિસ્મય પામતા. પણ મારા ભાવ એટલા વેગવાન હતા ને રામકૃષ્ણદેવના સ્થાનમાં આવીને તે ખૂબ જ તીવ્ર બની ગયેલા. પૂજારી સાંજસવાર પગે લાગીને કહેતા કે તમારા દર્શનથી પણ અમે પાવન થયા છીએ. ઇશ્વરને માટેનો આટલો પોકાર અને આવો પ્રેમ અમે હજી જોયો નથી. તે મને રામકૃષ્ણદેવનો ભોગ આપતા. સાંજે હું તે જ ખાઇને ચલાવી લેતો. સવારે પુલિનબાબુ જમવા માટે પોતાને ત્યાં લઇ જતા.

પુલિનબાબુના ઘરમાં હું જમવા માટે ગયો ને બેઠો કે તરત જ પુલિનબાબુ બોલી ઉઠ્યા, 'પિતાજીના વખતમાં રામકૃષ્ણદેવ અહીં આવતા ત્યારે બરાબર એ જ જગ્યાએ બેસતાં ને દેવની કેટલીય વાતો કહેતા.' તેમનો પરમહંસદેવ પ્રત્યેનો પ્રેમ અપાર હતો. પરમહંસદેવની પૂજાસેવા માટે ઘરમાં તેમણે અલગ ઓરડો રાખેલો. રાતે તેમાં બેસીને પતિપત્ની બંને પ્રેમથી ધ્યાન-જપ અને પૂજા કરતાં ! ધન્ય એ ગૃહસ્થાશ્રમ ! આવા દંપતિના મહેમાન બનવાથી મને અનિર્વચનીય અસાધારણ આનંદ થયો. સાંજે મંદિરમાં પાછા આવીને રામકૃષ્ણદેવના ઓરડા પાસે બેઠો. એ ખંડની પાસે બેસતાં જ મારું હૈયું હાથમાં નહોતું રહેતું. મને જોરથી રડવું આવતું અને થતું કે હે પ્રભુ, હે દેવ ! મારો પોકાર સાંભળીને પ્રકટ થાવ, મારા પર કૃપા કરીને મને શાંતિ આપો ને પૂર્ણ બનાવો ! તમારા સ્થાનમાં તો તમારે પ્રકટવું જ પડશે !

દેવે પોતાને હાથે જે પંચવટી બનાવી છે ત્યાં આવેલા નાનાસરખા મકાનને ઓટલે હું રાત ગાળતો. ત્યાં જઇને રાતે બેઠો. મારો સુવાનો નિયમ અતિશય અલ્પ હતો, વધારે ભાગે હું રાત્રિ દરમ્યાન બેસીને, ફરીને ને જપધ્યાન કરીને જ બધી રાત પસાર કરતો. પંચવટીના પવિત્ર સુંદર સ્થળમાં રામકૃષ્ણદેવે પોતાને હાથે વૃંદાવનની ધૂળને વેરેલી. ત્યાં રહીને તેમણે મધરાતે ધ્યાનાદિ સાધના કરેલી. એ સ્થળમાં બેસીને સાધના કરવાનો આનંદ કેવો અલૌકિક અને અનેરો હોય ? રાતની સંપૂર્ણ નિરવ શાંતિમાં હિમાલય,

રામકૃષ્ણદેવ અને મારી જીવનસાધના વિશે વિચારો કરતો હું દક્ષિણેશ્વરના દિવ્ય સ્થળની અસીમ શાંતિને અનુભવવા માંડ્યો.

**(૨) કુમારી રૂપે 'મા'**

દક્ષિણેશ્વરમાં પ્રવેશ્યા પછી સાધનાને માટેનો મારો તલસાટ ખૂબ ખૂબ વધી ગયો. નવરાત્રિના દિવસો હતા. 'મા'ની કૃપા એ દિવ્ય દિવસોમાં સહેલાઇથી થઇ શકે. જે પ્રકારની સાધના હું કરવા માંગતો હતો તે માટે રામકૃષ્ણદેવ કે 'મા'ની કૃપાની આવશ્યકતા હતી. પણ 'મા'નું આકર્ષણ તે દિવસોમાં ગાઢ ન હતું. રામકૃષ્ણદેવને જ પ્રકટરૂપે જોવાની મારી ઇચ્છા હતી, અને તે પણ એટલા માટે કે તે મારા પર કૃપા કરીને મને નવેસરથી દિક્ષા આપે. જે દીક્ષા મળતા વિવેકાનંદને તરત જ સમાધિ થઇ ગઇ તેવી દીક્ષાની મને ઇચ્છા હતી. તેવી દીક્ષાથી સમાધિ સહજ થઇ જાય ને પૂર્ણતામાં વિલંબ ના લાગે એવી મારી વિચારધારા હતી.

આજે એ વસ્તુનો વિચાર કરું છું ત્યારે મને તે વિચારમાં રહેલી કચાશ જણાઇ આવે છે. રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષ - મારે માટે ઇશ્વર - પ્રકટ થાય પછી તેમની પાસે દીક્ષા જેવી નાની વસ્તુ માગવાની હોય ? તે તો માણસને પોતાની કૃપાથી તરત જ પૂર્ણ કરી શકે, સાધનાની સિદ્ધિ આપે, ને કોઇયે ઇચ્છા પૂરી કરી શકે. 'મા'ના સંબંધમાં પણ તેવું જ છે. પણ મારી વિચારધારા તે વખતે એટલી કક્ષાએ પહોંચી ન હતી અથવા હું એટલો જ વિચાર કરી શક્યો હોઇશ તે માટે, પણ ગમે તે કારણે એ વિચારદશાને લીધે મને તે વખતે દક્ષિણેશ્વર યાત્રાનો પૂરો લાભ મળી શક્યો નહિ. નહિ તો ઇ. સ. ૧૯૪૫નું જ વર્ષ મારે માટે પૂર્ણતા - જેવી પૂર્ણતા હું માગતો હતો તે - પ્રદાન કરનારું વર્ષ થઇ જાત. પણ ઇશ્વરના બધા કામો યોગ્ય સમયે જ થાય છે ને ?

બીજે દિવસે સવારે મેં વિચાર કર્યો કે કાં તો રામકૃષ્ણદેવ અથવા 'મા' મને દર્શન દે તે પછી જ હું અન્નજળ ગ્રહણ કરીશ. એ વિચાર કાંઇ જક્કીપણું કે હઠનો ન હતો પણ હૃદયમાં જે પ્રેમ ને તલસાટ હતો તેની પરાકાષ્ઠારૂપે આવતા ભોગનો હતો. એવો વિચાર કરીને હું રામકૃષ્ણદેવના ઓરડાની બહાર બેઠો ને ભજન લખવા માંડ્યો. થોડીવારે પુલિનબાબુ ને તેમના ધર્મપત્ની પણ આવ્યા. મેં તેમને જણાવ્યું કે આજે જમવાનો વિચાર નથી. જમવું હશે ત્યારે કહીશ.

ભજન ગાતાં મારી આંખ છલકાઇ જતી હતી. પેલા બંને ભક્તાત્મા મારી સામે બેઠાં બેઠાં ભજન સાંભળતાં હતાં. ભજન પ્રેમ અને વિરહનું હતું. ભજન પૂરું લખીને મેં સામું જોયું તો પુલિનબાબુના પત્નીની પાસે જ એક બીજી બેન બેઠેલી. કુમારી હતી. એની ઉંમર વીસ વરસ જેટલી હશે. શરીર ખૂબ જ ગોરું અને સુંદર હતું. મુખાકૃતિ ખૂબ જ લાવણ્યમયી. તેણે સફેદ વસ્ત્ર પહેર્યું હતું. વાળ છુટ્ટાં તથા ભીના હતા, તેથી તાજું જ સ્નાન કરીને આવી છે એમ લાગતું. તે ક્યારે ને કઇ બાજુથી આવીને મારી સામે બેઠી તે મારા લક્ષમાં ના રહ્યું. દેવના ને કાલીમાના દર્શન કરવા ઘણાં સ્ત્રીપુરુષો આવે છે. તેમાંનું કોઇ હશે એમ મેં માની લીધું. ને હું પુલિનબાબુને મારુ ભજન સંભળાવવા માંડ્યો. 'હું દૂરથી તમારા દર્શન માટે આવ્યો છું. હે મા ! હે દેવ ! તમે હજી કેમ મારી પાસે આવતા નથી ?' મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે પેલી બેનની આંખોમાંથી આંસુની ધારા

વહેવા માંડી. જો કે પુલિનબાબુ ને તેમના પત્નીની આંખ પણ ભીની હતી, પરંતુ આ નવી આવેલી બેન તો રડ્યે જ જતી, એની આંખ ઉજ્જવલ, સુંદર ને કરુણાથી ભરેલી હતી. તે મારી તરફ એકીટશે તાકી રહેલી.

શું આ પ્રભુને માટે કોણ વધારે રડે છે તેની હરિફાઇ છે ? એક, બે, ત્રણ - એમ ભજન પર ભજન મેં સંભળાવ્યા ને છેવટે ઉઠવાનો વિચાર કર્યો, કેમ કે પંચવટી પાસે જઇને દિવસભર ભજન ને પ્રાર્થના કરવાનો મારો વિચાર હતો.

પુલિનબાબુ પણ ઘેર જવા વિદાય થયા. હું પંચવટી પાસે ગયો. ત્યાંની ઓરડીના ઓટલા પર બેઠો. સામે રામકૃષ્ણદેવનો ફોટો મૂક્યો. ને શાંતિથી પ્રાર્થના તથા જપ કરવા માંડ્યો. આશરે દસેક વાગ્યાનો સમય હશે.

ત્યાં તો પેલી પ્રેમની મૂર્તિ જેવી બેન ફરી આવતી દેખાઇ. આ વખતે પણ મેં એને બહુ દુરથી આવતી જોઇ નહિ. પરંતુ છેક પાસે આવી ત્યારે મારી નજર તેના પર પડી. આ વખતે તેના હાથમાં એક નાની ડોલ હતી. વાળ છુટ્ટાં જ હતા. તેની અદભૂત સુંદરતામાં ઇશ્વરીય અંશને અવલોકીને મેં તેને મનોમન નમસ્કાર કર્યા. એ ટેવ મારી લાંબા વખતથી રહી છે. તેથી મને ખૂબ ખૂબ ફાયદો થયો છે. માણસ જ્યારે હાડમાંસ પર મઢેલા ચામડાંને જુએ છે, ત્યારે તેમાં લોભાય છે, લપટાય છે, ને તેના સ્વાદ માટે લાલાયિત થાય છે. એ બધુ ભયંકર અજ્ઞાન છે. એ અજ્ઞાનમાંથી મુક્ત થવું હોય તો માણસે શરીરની કેવળ ચામડીને જોવાને બદલે શરીરમાં રહેલો અને એમાંથી આરપાર નીકળતો ઇશ્વરી પ્રકાશ જોતાં શીખવું જોઇએ. ને તે પ્રકાશને પવિત્ર ને પૂજ્યભાવે નમવું જોઇએ. સૃષ્ટિમાં જ્યાં જ્યાં સુંદરતા છે, મધુરતા છે, ઉત્તમતા છે, પ્રેમ ને જ્ઞાન છે, ત્યાં ત્યાં એ ઇશ્વરી પ્રકાશ જ વિલસી રહ્યો છે. ને જ્યાં તે નથી, ત્યાં પણ જડ અને ચેતનમાં બધે જ રમી રહ્યો છે, ફકત માણસના મોહમિશ્રીત જડ ચક્ષુ તેને જોઇ શકતાં નથી એટલું જ. બાકી તે નથી એમ કોણ કહી શકશે ? ચક્ષુને ધોઇ નાખવાથી તે પ્રકાશનું દર્શન માનવ કરી શકે છે ને જે તેને બાંધતું હતું તે તેને તારનારું સાબિત થાય છે. એ પ્રકાશનું એક મોટું વાહન સ્ત્રી છે, પણ માણસના પોતાના દૃષ્ટિદોષને લીધે સ્ત્રી તેને બાંધનારી સાબિત થઇ છે અને શાસ્ત્રોએ તેની પરહેજી પાડવાનું કહ્યું છે. જે તેનામાં ઇશ્વરી અંશને જુએ છે તેને ડરવાનું કોઇ કારણ નથી.

પાસે આવીને તે બેને ડોલને હેઠે મૂકી, ને વડના વૃક્ષ નીચે સૂકા પાંદડા પર, વસ્ત્ર બગડવાનો વિચાર કર્યા વિના જ, તે ધૂળ પર બેઠી. બંગાળમાં જેમ રિવાજ છે તેમ ગળા ફરતો સાડીનો છેડો વીંટીને તેણે ધૂંટણ પર પડી, નીચે માથું ટેકવી, મને નમસ્કાર કર્યા. તે મારી પાસે - અલબત્ત ઓટલા પર નહિ પરંતુ જમીન પર જ બેસી ગઇ.

બે મિનીટ સુધી તે એમ ને એમ જ બેસી રહી. મારા મુખ તરફ તે જોયા કરતી હતી અને એની આંખમાંથી આંસુ ચાલ્યા જ જતા હતાં. મને એ વાતનું આશ્ચર્ય થતું. જરીક દૂર, બાંકડા પર ત્રણ ચાર માણસો વાતો કરતા બેઠેલા. એમના સિવાય આજુબાજુ બીજું કોઇ જ ન હતું. ગંગાજી તરફથી કોઇક વાર નાવિકોના શબ્દો સંભળાતા.

આ બેન કોણ હશે ? તેનો પ્રેમ કેટલો બધો છે ? એવા વિચારો સાથે હું રામકૃષ્ણદેવને પ્રાર્થના કરતો હતો ત્યાં જ તે બેન બોલી ઉઠી, 'બાબા, આપ તો બહુત દૂર સે આતે હૈ ન ?' મેં કહ્યું, 'હા.'

અત્યાર સુધી મને જેટલા માણસો મળેલા તે સૌ અંગ્રેજી કે ભાંગીતૂટી હિન્દી જ બોલતા. પણ આ બેનની હિન્દી ભાષા ખૂબ જ સરળ ને સાચી હતી. મને નવાઇ લાગી. પણ કલકત્તા જેવા શહેરમાં હિન્દી જાણનાર પણ ઘણાં હોય એ વિચારે મેં સંતોષ વાળ્યો. ત્યાં તો બેને કહ્યું, 'ઇससे तो आपका देवप्रयाग अच्छा है, आप देवप्रयागमें ही रहीये. पहिले यह स्थान बडा अच्छा था लेकिन अब तो बिगड गया है. यहां रहना अच्छा नहि है.'

મને થયું, હું દેવપ્રયાગ રહું છું તે આ બેને કેવી રીતે જાણ્યું ? પણ માન્યું કે કદાચ પુલિનબાબુએ કહ્યું હશે. દક્ષિણેશ્વરના સ્થાનનો ઉપયોગ હવે વધારે ભાગે સાંજે ફરવા આવનારા દંપતિના એકાંત પ્રેમાલાપોમાં જ થતો હતો. સાધના કે ભક્તિના ભાવને બદલે લોકો ત્યાં ફરવા માટે વધારે આવતાં. છતાં પણ હું તો અહીં રહેવા જ આવ્યો હતો. ને તેથી જ જ્યારે બેને મને પૂછ્યું કે 'બાબા, ક્યા આપ યહીં રહેંગે ?' તો મેં કહ્યું કે, 'વિચાર તો ઐસા હૈ.' અને એના 'આ સ્થળ હવે બગડી ગયું છે' - એ શબ્દાર્થને યાદ કરીને કહ્યું, 'કુછ દિન યહાં રહૂંગા, ફિર જૈસી પ્રભુ કી ઇચ્છા.'

પણ આ બેન રડે છે શા માટે ? હજી પણ બેનની આંખો ટપક્યા જ કરતી હતી. 'બાબા, ક્યા હમે ભી દર્શન હોગા ?' તેણે પૂછ્યું.

મેં તેને વધારે પૂછ્યા વિના જ કહ્યું, 'ક્યોં નહિ હોગા? તુમ્હારા પ્રેમ ઇતના અધિક હૈ તો દર્શન જરૂર હોગા. પ્રેમ હોતા હૈ તો દર્શન ભી જરૂર હોતા હૈ.'

હવે તે વધારે રડવા માંડી. તેની વાણી ખૂબ જ મીઠી હતી. તેણે કહ્યું, 'લેકિન ઉન્હોંને તો મુઝે બહુત ધુમાઇ. મથુરા, વૃંદાવન, હરિદ્વાર, ઋષિકેશ, સબ જગહ ધુમાઇ. પરંતુ અભી તક દર્શન નહિ દિયા.'

મને થયું કે આ બેન આટલી નાની ઉંમરમાં આટલે બધે કેવી રીતે ફરી હશે ને તે પણ ઇશ્વરદર્શનની ધૂનમાં ? પણ મારા વિચારને ધ્યાનમાં ના લેતાં મેં કોણ જાણે કયા ભાવમાં મારી થેલીમાંથી એક મારો ફોટો કાઢ્યો ને તેને બતાવીને કહ્યું, 'દેખો, યહ કૈસા હૈ ?'

તેણે તરત જ જણાવ્યું, 'યહ તો ઠીક હૈ. પરંતુ તુલસીદાસને કહા થા ન કિ તુલસી મસ્તક તબ નમે ધનુષબાન લો હાથ ...ઉસી સ્વરૂપમેં મુજે તો દર્શન ચાહિયે.'

મેં કહ્યું, 'ઐસા દર્શન ભી હો જાયેગા. પ્રેમ હોને પર સબકુછ હો સકતા હૈ.'

એ બધા સમય દરમ્યાન એનાં આંસુ ચાલુ હતાં. પોતાની ડોલમાંથી તેણે એક પડિયો કાઢ્યો. તેમાં ચાર રસગુલ્લાં હતાં. એ ઉપરાંત એક લીલું નાળિયેર કાઢ્યું, ને મારી સામે ધર્યું. મેં કહ્યું, 'આજ તો મેરા ભોજન કરને કા વિચાર નહીં હૈ.'

'મૈં તો પ્રેમ સે દેતી હૂં. આપકો લેના હી પડેગા.'

એના પ્રેમભાવ આગળ મેં વધારે દુરાગ્રહ કરવો છોડી દીધો અને એને રામકૃષ્ણદેવના ફોટા પાસે બધો પ્રસાદ મૂકવાની સુચના કરી.

'આપ સબકી રોટી ખાતે હૈં ?' તેણે વળી પૂછ્યું.

'જો પ્રેમ સે દેતે હૈં ઉન સબકી રોટી ખા લેતા હૂં.' મેં જવાબ વાળ્યો.

તેણે તરત જ કહ્યું, 'અચ્છા તો મૈં કલ સે ઇસી જગહ પર રોટી લાયા કરુંગી. ઇસી જગહ પર.' મેં તેને સંમતિ આપી.

મેં કહ્યું : 'આપ કહાં રહતી હૈ ?'

તેણે તરત જ ઉત્તર આપ્યો, 'મેરા મકાન યહાં હી, ઇસ દરવાજે કે નજદીક હૈ. મૈં યહાં પર રોજ આયા કરતી હૂં.'

તે પછી બેત્રણ મિનીટ પ્રેમાશ્રુભરી આંખે, મારા મુખ સામે જોઇ રહીને એણે પાલવને ગળે વીંટીને મને નીચે નમીને પ્રણામ કર્યા. બેઠી થઇને બે મિનીટ વળી જોઇ રહી. પછી ધીરે ધીરે ડોલ લઇને તે કુમારી ચાલવા માંડી. તેની મધુરતા, લાગણી, તથા સુંદરતા અંતરમાં અંકિત થઇ ગઇ. તેનું વર્ણન કરવાની પૂરતી તાકાત નથી લાગતી.

પ્રસાદ ખાવાની મારી ઇચ્છા લેશપણ ન હતી. પણ બે જ મિનીટમાં મને વિચાર થયો કે બેનનો પરિચય કરવા જેવો છે. તેણે કહ્યું હતું કે પોતે આટલામાં જ ક્યાંક દક્ષિણેશ્વરમાં રહે છે. તેનું સરનામું લઇ લઉં તો તેની પાસે જઇ શકાય. આ એકાંતિક વાતાવરણમાં તેના જેવી પ્રેમમૂર્તિનો પરિચય આનંદજનક સાબિત થાય. આમ વિચારીને હું બેનની પાસે જઇને સરનામું લેવા ઉઠ્યો. ત્યાંથી મંદિર સુધી સીધો રસ્તો જતો હતો. બીજો રસ્તો જરાક વળાંક લઇને મંદિરના બહારના દરવાજા તરફ જતો હતો. બંને રસ્તાને જોયા. પણ એ બેન ના દેખાઇ. એટલી વારમાં એ બેન ક્યાં ગઇ ? માની લીધું કે તે ક્યાંક ઝડપથી ચાલી ગઇ હશે. હવે કાલે પ્રસાદ આપવા આવે ત્યારે વાત.

થોડીવારે ત્યાં એક માણસ આવ્યો. તેને મેં રસગુલ્લાંનો બધો પ્રસાદ આપી દીધો. જેના ભાગ્યમાં જે હોય તે જ તેને મળે છે. મને પ્રસાદ લેવાનું પણ ના સુઝ્યું.

સાંજે પુલિનબાબુ આવ્યા. બીજે દિવસે મેં ખૂબ રાહ જોઇ પણ પેલી બેન ના આવી. ત્યારે મેં પુલિનબાબુને પૂછ્યું, 'કાલે મારી પાસે એક બેન આવીને મને પ્રસાદ લાવવાનું કહી ગઇ છે; તેને તમે ઓળખો છો ?' મેં તેના સ્વરૂપનું થોડું વર્ણન કરી બતાવ્યું.

પણ પુલિનબાબુ તેને ઓળખી ના શક્યા. મેં કહ્યું, 'કાલે સવારે હું તમને ભજનો સંભળાવતો હતો ત્યારે તે તમારી પાસે જ આવીને બેઠેલી.'

પુલિનબાબુએ કહ્યું, 'એવી કોઇ સ્ત્રી મારી પાસે આવી જ નથી. છેલ્લે સુધી અમે બે જ જણ તમારાં ભજન સાંભળતા હતાં. ત્રીજું કોઇયે ન હતું.'

મેં વાતને વધારે ના લંબાવી. હવે હું સમજ્યો. એ પછી બેત્રણ દિવસે અચાનક દેવપ્રયાગ આવવાનો મને વિચાર થયો, ને હું દેવપ્રયાગ આવ્યો ત્યારે મને એક દિવસ પ્રેરણા થઇ કે તે બેન બીજી કોઇ નહિ પણ સાક્ષાત કાલિ - મા જગદંબા હતી. અરે 'મા' ! શા માટે તેં મારા અજ્ઞાનના પડળને તે વખતે કાયમ રાખ્યા ? આવો અમૂલ્ય અવસર મારો શું કામ ગુમાવ્યો ? તારા ચરણે શિર મૂકી, આનંદ પામી હું કૃતાર્થ થાત, તો તેમાં તારું શું બગડી જવાનું હતું ? 'મા'ના એ શ્યામ રૂપ ને 'મા'ની મધુર વાણીને યાદ કરીને મારું હૃદય કરુણ થઇ ગયું.

એ જ દિવસે 'મા'એ એક કે બીજા પ્રકારે મધ્યાહ્ન પછી મને જમાડ્યો : મિજબાની કરવા માટે આવેલા એક સદગૃહસ્થને મીઠાઇ જેવી સ્વાદિષ્ટ ખાદ્યસામગ્રી સાથે મારી પાસે મોકલીને. તો પછી પ્રસાદને આરોગવાની સદબુદ્ધિ મારામાં શા માટે ના પ્રકટાવી ? કદાચ એ વખતે એને માટેનો અનુકૂળ અવસર નહિ આવ્યો હોય. ગમે તેમ હોય તો પણ, દક્ષિણેશ્વરની એ અદભૂત દિવ્ય કુમારિકાને યાદ કરીને એ પછી મેં અનેકવાર અનેરી લાગણી અનુભવી છે. આજે પણ અનુભવું છું. જગજ્જનની જગદંબાની એ અલૌકિક જ્યોતિર્મય મધુમય મૂર્તિ મારા મનમાં સદાને સારું જડાઇ ગઇ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૬. ઘરેણાં વેચી દઇશું

### (૧) રામકૃષ્ણદેવના ભક્ત અને સંન્યાસી મહાત્મા

મારા દક્ષિણેશ્વરના નિવાસ દરમ્યાન મેં એક દિવસ પુલિનબાબુને પૂછ્યું, 'રામકૃષ્ણદેવને જેમણે જોયા હોય એવા કોઇ મહાનુભાવોનો તમને પરિચય છે ? હોય તો આપણે તેમને મળીએ.'

પુલિનબાબુએ એવા બેત્રણ મહાનુભાવોનો પરિચય આપ્યો. એક મહાનુભાવ તો એમની પાસે જ રહેતા. અમે એમને મળવા ગયા ત્યારે સવારના દસેક થયા હશે. એ ખૂબ જ વૃદ્ધ હતા અને એકલા જ રહેતા. એમનામાં ઊંડી શાંતિ લાગી. મારો પરિચય પામીને એ અતિશય આનંદમાં આવી ગયા ને પોતાને રામકૃષ્ણ પરમહંસદેવના પરમ કૃપાપાત્ર તરીકે ઓળખાવીને કૃતાર્થ ગણાવવા લાગ્યા. રામકૃષ્ણદેવ કેટલીક વાર એમને ત્યાં પધારતા. તે સમયના સંસ્મરણોને યાદ કરીને રામકૃષ્ણદેવને કેવી રીતે સમાધિ થતી, એ કેવી રીતે બોલતા, કેમ બેસતા, વિગેરે વાતો એમણે સવિસ્તર કહી સંભળાવી.

'એ દિવસો અનેરા હતા.' એમણે શાંતિપૂર્વક ઉપસંહાર કરતાં કહ્યું; 'દેવે દીધેલા અમુલખ આશીર્વાદ જેવા. પરમહંસદેવના સ્વર્ગીય સહવાસ અને સાન્નિધ્યમાં અમારા દિવસો અસાધારણ આનંદાનુભવમાં મંગળ મહોત્સવની પેઠે પસાર થતા. એમનો અણિશુદ્ધ પાર વિનાનો પ્રેમ, ભક્તિભાવ ને નિરાભિમાની નમ્ર સુમધુર સ્વભાવ એટલો બધો અદભૂત અનુપમ, આહ્‌લાદક હતો કે એમને મૂકવાનું મન થતું નહિ. એમની પાસે જનાર એમનો સદાનો ભક્ત, સેવક, પ્રશંસક થઇ જતો.'

એમની આંખમાં ઝળહળિયાં આવી ગયાં.

'એ દૈવી દિવસોને યાદ કરીને, એમના ઉપદેશને અનુસરીને, જીવનને ઘડવાનો પુરુષાર્થ કરતાં હું આજે પણ સમયને નિર્ગમન કરું છું. ખરેખર, રામકૃષ્ણદેવ જેવા મહાત્મા થવા દુર્લભ છે. એ મનુષ્યરૂપમાં સાક્ષાત ઇશ્વર, નરરૂપમાં નારાયણ હતા. એમને જે ઓળખી શક્યા તે કૃતકૃત્ય બન્યા.'

એમણે શ્વાસ ખાઇને આંસુ લુછ્યાં.

મેં કહ્યું : 'એ તો હું પણ માનું છું. પરંતુ તમને તેમના ગયા પછી તેમના દર્શનનો લાભ મળે છે ? તમારા જેવા પ્રેમી પુરુષ પર તો તેમની કૃપા થવી જ જોઇએ. તે તો અત્યંત કૃપાળુ હતા, કૃપાસિંધુ.'

એમની આંખ ફરીવાર ભીની થઇ.

'હા, કદી કદી મને એમના અનુગ્રહનો આસ્વાદ સાંપડે છે. એ કાંઇ ચાલ્યા થોડા જ ગયા છે ? એ તો એમના જ શબ્દોમાં એક ઓરડામાંથી બીજા ઓરડામાં પ્રવેશ્યા છે. જે એમને પ્રેમપૂર્વક પોકારે છે એમને આજે પણ દર્શન દઇ શકે છે. એમને દેશ, કાળ કે અવસ્થાનાં બંધંન નથી નડતાં.'

એ સુખદ સમાગમ પછી અમે બહાર નીકળીને ચાલવા લાગ્યા, એટલે પુલિનબાબુ બોલ્યા, 'અહીં એક મંદિર છે. ગંગાતટ પરના એ મંદિરમાં એક પ્રાતઃસ્મરણીય સિદ્ધ સંન્યાસી મહાત્મા રહે છે. એ બપોરે ત્રણથી છ વાગ્યા સુધી બોલે છે ને મુલાકાત આપે છે. તમારી ઇચ્છા હોય તો આપણે ત્યાં જઇએ. મહાત્મા દર્શનીય છે.'

મધ્યાન્હ પછી અમે અમારા નિર્ધારીત સમયે એ મહાત્મા પુરુષ પાસે પહોંચી ગયા. એ મહાપુરુષ વરસો પહેલાં તીર્થશ્રેષ્ઠ કાશીમાં રહેતા. એકવાર એમને પરમહંસદેવે સ્વપ્નમાં આદેશ આપ્યો કે દક્ષિણેશ્વર જઇને નિવાસ કરો. એમના આદેશને અનુસરીને એ દક્ષિણેશ્વર આવ્યા, પરંતુ ટ્રસ્ટીઓએ મંદિરમાં રહેવાની અનુમતિ ના આપી. એ જ રાતે રામકૃષ્ણદેવે બે ટ્રસ્ટીઓને સ્વપ્નમાં સૂચના આપી કે આ મહાત્માને મેં અહીં રહેવા માટે આજ્ઞા કરી છે. એ સૂચનાની અસર ઘણી સારી થઇ અને ટ્રસ્ટીઓએ મહાત્માને મંદિરમાં રહેવાની રજા આપી.

મહાત્માજી પંચવટીની નીચે રહેતા. ઉનાળાનો તીખો તાપ હોય, શિયાળાની કકડતી ટાઢ હોય, કે ચોમાસાની ધોધમાર વર્ષા હોય, તો પણ ઉઘાડે શરીરે ખુલ્લામાં જ પડી રહેતા. ત્યાં મૌનવ્રત રાખીને એમણે થોડાંક વરસો સુધી વાસ કર્યો. આખરે એમના પર ઇષ્ટની કૃપા થઇ. એમને શાંતિ મળી. પરમહંસદેવે એમને એક વાર ફરીથી આજ્ઞા કરી એટલે એ દક્ષિણેશ્વરના સુપ્રસિદ્ધ સ્થળને છોડીને વર્તમાન મંદિરમાં વસવા માંડ્યા. એમની સાથે એમની સેવામાં એક સેવાભાવી સન્નારી પણ વાસ કરતી.

અમે ગંગાના પ્રશાંત તપઃપૂત તટપ્રદેશ પરના એ સુંદર સ્થળમાં પ્રવેશ્યા ત્યારે મહાત્માજી બેઠેલા. એમણે અમારા સમાચાર પૂછ્યા. એમની ઉંમર મોટી હતી. એ વૃદ્ધ હતા. મને એમની આંતરિક અવસ્થાને જાણવાની ઇચ્છા થઇ. એમની પાસેથી એમના જીવનની કેટલીક છૂટીછવાયી વાતોને સાંભળ્યા પછી મેં પૂછ્યું, 'મારે દીક્ષા લેવાની ઇચ્છા છે તો તમે મને દીક્ષા આપી શકશો ?'

એ પ્રશ્ન મેં કુતૂહલથી પ્રેરાઇને પૂછવા ખાતર જ પૂછેલો તો પણ, એ મહાપુરુષ મારી પરીક્ષામાંથી પૂર્ણપણે પાર ઉતર્યા. કોઇ સામાન્ય સાધુ હોત તો એક શિષ્યની અભિવૃદ્ધિ કરવાનો એ અવસર ભાગ્યે જ જતો કરત, પરંતુ એ તો એક અસામાન્ય અનુભવપ્રાપ્ત, આત્મનિષ્ઠ મહાત્મા હતા. એ મૃદુ સ્વરે બોલ્યા : 'ઇષ્ટદેવની અનુજ્ઞા મળે તો જ હું કોઇને પણ દીક્ષા આપી શકું. મારી પોતાની ઇચ્છાથી હું એવું મોટું જવાબદારીવાળું કામ ના કરી શકું.' એમનો એટલો ઉત્તર એમની આંતરિક અવસ્થાથી પરિચિત થવા માટે પૂરતો હતો. એમને ઇષ્ટદર્શન થયેલું અને ઇષ્ટની સાથે એમનો સંબંધ સધાયેલો. એને લીધે એ ઇષ્ટની આજ્ઞા પણ મેળવી શકતા. એમના ઉદગારો પરથી એ હકીકત સહેલાઇથી સમજી શકાઇ. એમની અવસ્થા અત્યંત ઉચ્ચ હતી. એ શાંતિની મૂર્તિ જેવા દેખાતા. એમના તેજસ્વી મુખમંડળ પર નમ્રતા, પ્રસન્નતા અને આત્મગૌરવની સ્વર્ગીય છાયા છવાયેલી. મંદિરની પાસે જ પવિત્ર વિશાળ ગંગા વહેતી, એવો જ વિશુદ્ધ ને વિશાળ એમનો જીવનપ્રવાહ હતો.

એમની પાસેથી ઉઠીને અમે બેલુડ મઠ ગયા. બેલુડ મઠ ગંગાને સામે કિનારે આવેલો છે. સ્વામી વિવેકાનંદે એનું નિર્માણ કરેલું. એમાં રામકૃષ્ણદેવનું સુંદર સુવિશાળ, શાંત સમાધિમંદિર અને સ્વામી વિવેકાનંદનો સ્મૃતિખંડ છે. એ સ્મૃતિખંડમાં સ્વામી વિવેકાનંદના વસ્ત્રો, લાકડીઓ, કમંડળ અને બીજી સામગ્રી છે. સમીપવર્તી ગંગાના પ્રશાંત તટપ્રદેશ પર માતા શારદાદેવી, સ્વામી બ્રહ્માનંદ અને વિવેકાનંદની સમાધિઓ છે. સ્વામી વિવેકાનંદ જ્યારે અહીં ફરતા હશે, વાર્તાલાપ કરતા હશે, ત્યારે આ સ્થળ કેવું સજીવ હશે ? વિવેકાનંદનું વ્યક્તિત્વ જ કેટલું બધું ઉચ્ચ, પવિત્ર અને પ્રભાવશાળી હતું ? એમની દેશદાઝ, વેદાંતનું એમનું સરળ છતાં ગંભીર અને અણિશુદ્ધ જ્ઞાન, એમની ભક્તિભાવના અને એકાંતિક યોગસાધના પ્રત્યેનો

એમનો પ્રેમ, એ બધું ખૂબ જ અનુપમ હતું. રામકૃષ્ણ પરમહંસદેવના ચરણોમાં બેસીને એમણે જે કાંઇ મેળવ્યું ને જાતમહેનતથી પ્રાપ્ત કર્યું એ આગળ જતાં સંસારને સમર્પી દીધું. પરંતુ હજી સંસાર ક્યાં જાગે છે ? વિવેકાનંદ, રામતીર્થ કે ગાંધીજી જેવા સત્પુરુષના સંદેશને જીવનમાં ઝીલવાની તૈયારી કોણ કરે છે ? તો પછી આપણું આ મહીમંડળ મહાપુરુષોને માટે લાયક નથી એવું માનવું ?

બેલુડ મઠ મથુરા જેવો છે તો દક્ષિણેશ્વર ગોકુળ તથા વૃંદાવન જેવું. એક દેવની સાધનાની સાક્ષીભૂમિ છે તો બીજી તે પછીની સમૃદ્ધિ અને વ્યવસ્થાની વિહારભૂમિ. બંને સુંદર, શુદ્ધ, સાર્થક છે. સ્વામી વિવેકાનંદે જે ધ્યેયને દૃષ્ટિ સમક્ષ રાખીને બેલુડ મઠની સ્થાપના કરી છે તે ધ્યેયને આજના યુવાનો તથા સંન્યાસીઓ ભૂલે નહિ અને ઉત્તમ પ્રકારની આત્મિક સાધના તથા સેવાભાવનાથી સંપન્ન બનીને જીવનની ને જનસમાજની કલ્યાણકારી કાયાપલટ કરવાની કોશિશ કરે તો પોતાનું ને બીજાનું શ્રેય સાધી શકે. સ્વામી વિવેકાનંદનો પ્રામાણિક પ્રખર પુરુષાર્થ ત્યારે જ સફળ બને.

એવા એવા વિચારોમાં સાંજ પડી ગઇ. હોડીમાં બેસીને અમે દક્ષિણેશ્વર પાછા આવ્યા. ભારત તેમજ સાધના સંબંધી વિવિધ વિચારો કરતો હું ભગવાન રામકૃષ્ણદેવના ગંગાતટવર્તી પવિત્ર ખંડમાં દર્શન માટે પ્રવેશ્યો.

**(૨) ઘરેણાં વેચી દઇશું**

દક્ષિણેશ્વરમાં એક બીજા ચિરસ્મરણીય અસાધારણ યોગ્યતાપ્રાપ્ત મહાત્માનો પરિચય પ્રાપ્ત થયો. એ મહાત્માનું પોતાનું કોઇ નિશ્ચિત નિવાસસ્થાન નહોતું લાગતું. ફરતાં ફરતાં તે દક્ષિણેશ્વર આવેલા. 'મા, મા' વિના બીજું કાંઇ બોલતા નહિ. એમની આંખ 'મા'ના પ્રેમજળથી સદાયે ભીની રહેતી. એ મહાપુરુષની અવસ્થા અતિશય ઉંચી હતી. એમની મધુમયી મંગળ મુખાકૃતિ અને એમના વિશદ વ્યવહાર પરથી એનું અનુમાન કરી શકાતું. એ લાલ રંગના વસ્ત્રો પહેરતાં અને દક્ષિણેશ્વર મંદિર તથા પંચવટી વચ્ચે આખો દિવસ આંટા મારતા. ભારતમાં એવા છૂપાં રત્નો અનેક છે. એમને આપણે જાણતા નથી કારણ કે પ્રસિદ્ધિની દુનિયાથી એ મોટેભાગે દૂર રહે છે. કેવળ પરમાત્માના પવિત્રતમ પ્રેમમાં મગ્ન હોય છે. એવી મગ્નાવસ્થાને જ પરમ શ્રેય કે પુરુષાર્થ માને છે. એવા અસાધારણ અવસ્થા પર પહોંચેલા સ્વાનુભવસંપન્ન સત્પુરુષો ત્યાગ, પ્રેમ, શાંતિ તથા પરમાત્મભાવના પ્રતીક હોય છે. માનવનું સર્વોત્તમ સદભાગ્ય હોય અને પરમાત્માની પરમ કૃપા થાય તો તેવા સત્પુરુષો અચાનક અથવા વિના શોધ જ મળી જાય છે. સારા સાધકોને તે સહાયતા પણ કરતા હોય છે. એમની એક જ દૃષ્ટિ, એમનો એક જ શબ્દ કે સ્પર્શ માનવના મનને પલટાવવા ને ધન્ય કરી દેવા માટે પૂરતો થઇ પડે છે. મારા જીવનમાં મને એવા લોકોત્તર મહાપુરુષો પોતાની મેળે મળ્યા છે. મદદરૂપ પણ બન્યા છે. એના પરથી આ કહી રહ્યો છું. એટલા માટે કે ભારતના આધ્યાત્મિક ધન વિશે આપણે વિપરીત વિચારો ના સેવીએ ને નિરાશ ના બનીએ, આપણે એક જ રમણ મહર્ષિ, યોગીવર અરવિંદ અથવા એવા સુપ્રસિદ્ધ સંતપુરુષને જાણીએ છીએ, પરંતુ ભારતમાં એવા પણ અપરિચિત અથવા ઓછા ખ્યાત પૂર્ણકામ પ્રાતઃસ્મરણીય પરમ વંદનીય મહાપુરુષો છે, જેમને કોઇએ અથવા અનેકે જાણ્યા નથી અથવા કોઇ જાણે એવી એમને આકાંક્ષા પણ નથી. આવા કપરા કાળમાં પણ ભારતમાં લોકોત્તર મહાપુરુષો પ્રકટે છે, તે વાત ભારતના ઉજ્જવળ આધ્યાત્મિક વારસાનું અને એના મહાન ભાવિનું દિગ્દર્શન કરાવે છે. આપણી

આધ્યાત્મિક જવાબદારીને આપણે સમજવાની છે. એ જવાબદારીને સમજીને સામાન્ય જનતા સાચા મહાત્માઓની સેવાસહાયતા કરે તથા તેમના ઉપદેશોને જીવનમાં ઉતારે. એમ થાય તો જ આપણા મહાન દેશની શાન સંસારમાં વધી શકે. અને આપણું જીવન આધ્યાત્મિક તેમજ સાંસારિક રીતે સફળ થાય. જ્યારે સત્ય, ધર્મ અને સત્પુરુષોના સદ્ઉપદેશોની આધારશિલા પર આપણે જીવનની નવરચના કરવા માંડીશું ત્યારે આપણી બધી જ બદીઓ દૂર થશે અને માનવ તરીકે આપણે સમુચિત અથવા સંપૂર્ણ ગૌરવથી જીવી શકીશું.

એવા સાચા માનવો પણ છે. જેમ સાચા સંતોની અછત નથી તેમ સાચા માનવરત્નોનો પણ અભાવ નથી. પુલિનબાબુ અને એમના ધર્મપત્ની એવા જ સાચા સમુજ્જવલ માનવરત્નો હતા. દક્ષિણેશ્વરના દૈવી દિવસો દરમ્યાન એમની વિશિષ્ટતાનો વિશેષ પરિચય થતો રહ્યો.

દક્ષિણેશ્વરમાં શિયાળો પૂરો કરવાની ઇચ્છા હતી પરંતુ તે ઇચ્છા પાર પડી નહિ. ત્રણ ચાર દિવસમાં અચાનક દેવપ્રયાગ જવાની ઇચ્છા થવા માંડી. દક્ષિણેશ્વર કરતાં દેવપ્રયાગનું સ્થાન એકાંત અને વિશેષ શાંત હતું. વળી મારે જે જાતની સાધના કરવાની ઇચ્છા હતી તે માટેનો પુરુષાર્થ કરવા દેવપ્રયાગનું સ્થાન અધિક અનુકૂળ થઇ પડશે એવું લાગવા માંડ્યું. મેં મારો નિર્ણય પુલિનબાબુને જણાવ્યો. પુલિનબાબુ મારા નિર્ણયથી પ્રસન્ન તો ના થયા, તો પણ કાંઇ બોલ્યા નહિ. એમને મેં દેવપ્રયાગ જવા માટેના ખર્ચની વ્યવસ્થા કરવા જણાવ્યું. જાણતો હતો કે પુલિનબાબુ આર્થિક રીતે રંક છે. છતાં પણ મેં એની જવાબદારી એમને જ સુપ્રત કરી. દેવપ્રયાગ જવા માટે બધા મળીને ત્રીસેક રૂપિયા એકઠા કરવાના હતા.

બીજે દિવસે પુલિનબાબુએ જણાવ્યું : 'તમે જવાના છો એ જાણીને અમને બેચેની થાય છે. આટલા થોડા વખતમાં તમારે માટે પુષ્કળ પ્રેમ થયો છે. મારી પત્ની તો રડ્યા જ કરે છે. કાલે તમે મને પૈસાની વાત કરી એથી મને આનંદ અને દુઃખ બંનેનો અનુભવ થયો. તમારા જેવા મહાપુરુષને મદદ કરવાનું સદભાગ્ય સાંપડશે એવું સમજીને આનંદ થયો. પરંતુ મારી સ્થિતિ ઘણી જ ગરીબ છે એવું યાદ આવવાથી દુઃખ પામ્યો. કાલે ખાવાની વ્યવસ્થા કોણ કરશે ને કેવી રીતે કરશે એ પણ મારા ઘરમાં નક્કી નથી હોતું. દસેક વરસથી કોઇ ધંધો નથી. તે પહેલાં એક મિત્ર સાથે હું ભાગમાં ધંધો કરતો. પણ એણે વિશ્વાસઘાત કરવાથી ધંધાને છોડીને ઇશ્વરને આધારે જેમ તેમ કરીને જીવી રહ્યો છું.'

એ હકિકત મારા માટે તદ્દન નવી હતી. પરંતુ મારા મુખમાંથી જે શબ્દો નીકળ્યા એનો ઉપાય પણ શું ? ઇશ્વર એમને સાર્થક કરશે એવો મને વિશ્વાસ હતો. એ વિશ્વાસ મેં એમની આગળ રજૂ કર્યો. એ કહેવા માંડ્યા : 'ગઇકાલથી મને ખૂબ જ ચિંતા થતી હતી. મારા મનમાં એક જ વિચાર ઘોળાયા કરતો કે તમને મારાથી કેવી રીતે મદદ કરી શકાશે ? રાતે મને મારી પત્નીએ પૂછ્યું તો મેં મારી ચિંતાનું કારણ કહ્યું. મારા વદન પરથી તે મારી વ્યથાને સમજી ગયેલી. મારી સઘળી વાતને સાંભળીને તે શાંતિથી બોલી કે એમાં ચિંતા શું કરો છો ? આટલી નાની વાતમાં આવી ચિંતા હોય ? આપણી પાસે પૈસા નથી તે સાચું પરંતુ મારા ઘરેણાં તો છે. એ ઘરેણાં વેચીને આપણે મહાત્માજીને મદદ કરીશું. આપણું એવું સદભાગ્ય ક્યાંથી ?'

પુલિનબાબુ ભાવવશ બની ગયા ને બોલ્યા : 'મારી સ્ત્રી દેવી છે. એને લીધે જ આટલાં બધાં વરસો સુધી હું પૈસા વિના ટકી શક્યો છું. એણે જ મને કહેલું કે જે મિત્રે વિશ્વાસઘાત કર્યો છે તેને છોડી દો ને ઇશ્વર જેવા સદાના સાથીનું શરણ લો. આપણે એમની સેવા કરીશું તો એ આપણું ધ્યાન નહિ રાખે ? પાપીને પણ

સુખે ખાવાનું મળી રહે છે તો એના શરણાગત ભક્તોને એ ભૂખે રાખશે ? હવે આપણે એમની જ સેવા કરીએ. બીજા કોઇની નહિ. ત્યારથી અમે રામકૃષ્ણદેવને ભજવા માંડ્યા અને અમારું નાવડું ખૂબ જ સરસ રીતે ચાલવા માંડ્યું. મારી પત્નીના પ્રભાવથી મેં વ્યસનો છોડ્યાં ને સંયમ પાળવા માંડ્યો. એ સ્ત્રી નથી દેવી છે. એના કહેવા પ્રમાણે અમે ઘરેણાં વેચીને પણ તમને મદદ કરીશું.'

મને એ બધું અજબ લાગ્યું. પુલિનબાબુ અને એમની ધર્મપત્નીની નિઃસ્વાર્થ સેવાવૃત્તિને વિચારીને મને એમને માટે અસાધારણ આદરભાવ ઉપજ્યો. મેં કહ્યું, 'નહિ, તમારે ઘરેણાં વેચવાની જરૂર નહિ પડે. ઇશ્વરની કૃપાથી કોઇક બીજો રસ્તો નીકળી જશે.'

એમને આશ્વાસન આપીને હું એમની સાથે જમવા ગયો.

મેં એમના ઘરમાં પ્રવેશ કર્યો એ પછી થોડા જ વખતમાં એક પુરુષે અંદર આવીને મને પ્રણામ કરીને પુલિનબાબુને પુછ્યું, 'મહાત્માજી ક્યાંથી આવે છે ?'

'હિમાલયથી.'

'હિમાલયથી ?'

'હા.'

'મારે એમની સેવા કરવી છે.'

પુલિનબાબુએ મારી સામે જોઇને જણાવ્યું, 'તમારી મરજી.'

પેલા પુરુષે ગજવામાંથી નોટોનું બંડલ કાઢીને પૂછ્યું કે કેટલી સેવા કરું ?

પુલિનબાબુ શાંત જ રહ્યા એટલે એણે પચીસ રૂપિયા અર્પણ કરીને નમસ્કાર કરીને સાયકલ પર ચઢીને વિદાય લીધી.

પુલિનબાબુની અને એમની પત્નીની આંખ ભરાઇ ગઇ.

'આ જ મારો પેલો મિત્ર.' પુલિનબાબુ બોલ્યા, 'મારી સાથે વિશ્વાસઘાત કરનારો. દસ વરસે એ આજે પહેલી જ વાર અહીં આવ્યો. અત્યાર સુધી અમારે બોલવાનો પણ સંબંધ ન હતો.'

મેં કહ્યું : 'ઇશ્વરની લીલા એવી અનોખી છે. તે ધારે તો મૂંગાને પણ બોલાવી શકે છે ને શત્રુને સુહૃદ કરે છે. તમે જે પરમકૃપાળુ પરમાત્માનું શરણ લીધું છે એમણે જ આ લીલા કરી છે. હવે તમારે ઘરેણાં નહિ વેચવા પડે. દૃઢ વિશ્વાસ તથા પ્રેમપૂર્વક ઇશ્વરની આરાધનામાં મશગૂલ રહેજો. તમે આજે ફરીવાર અનુભવ્યું કે ભક્તની બધી ચિંતા ભગવાનને હોય છે. એ એને સર્વાવસ્થામાં સર્વપ્રકારે સહાયતા પહોંચાડે છે. એનો અનુગ્રહ અદભૂત અથવા અલૌકિક હોય છે.'

જમ્યા પછી અમે દક્ષિણેશ્વરના પંચવટી સ્થાનમાં પહોંચ્યા. ત્યાં બીજે દિવસે સવારે એક સદગૃહસ્થે સ્વેચ્છાથી પુલિનબાબુને પાંચ રૂપિયા મદદના આપ્યા. એવી રીતે ત્રીસ રૂપિયાની પ્રાપ્તિનું લક્ષ્યાંક પૂરું થયું. બીજા કોઇની સહાયતાની અપેક્ષા ન રહી.

પુલિનબાબુ ખૂબ જ માયાળુ અને શ્રદ્ધાભક્તિસંપન્ન હતા. એમણે કહ્યું : 'મારી પત્નીની ઇચ્છા તમારી પાસે દીક્ષા લેવાની છે.'

મેં જણાવ્યું : 'એમને દીક્ષાની આવશ્યકતા જ ક્યાં છે ? તમે જેમનું શરણ લીધું છે તે ભગવાન રામકૃષ્ણદેવ પર જ શ્રદ્ધા રાખો. એમનાથી અધિક મદદ બીજું કોણ કરવાનું હતું ? એમનો આશ્રય લઇને પ્રેમપૂર્વક પ્રાર્થના, ધ્યાન જેવી સાધના કર્યા કરો. એમ કરવાથી એમના અનુગ્રહનો દેવદુર્લભ લાભ એક દિવસ અવશ્ય મળી રહેશે.'

મંદિરમાં દર્શન કરી, દક્ષિણેશ્વરના દિવ્ય સ્થાનને પ્રણામ કરી, અમે સ્ટેશન તરફ ચાલ્યા. મને ટ્રેનમાં બેસાડીને છૂટા પડતી વખતે પુલિનબાબુ ખૂબ જ ગદગદ બની ગયા. મારા મનમાં એ પ્રેમી દંપતિના સંસ્મરણો રમી રહ્યા અને પેલા સુંદર ચિરસ્મરણીય ભાવસભર શબ્દો 'ઘરેણાં વેચી દઇશું' અંતરમાં સદાને માટે અંકિત થયા. મેં મનોમન પ્રાર્થના કરી કે પ્રભુ ! તારા સાચા શરણાગત આત્માઓની ઉપર વિપત્તિઓનો વરસાદ વરસાવીશ નહિ. એમને સર્વપ્રકારે સહાયતા કરજે, રક્ષજે, અને તારી સંનિધિનું સુખ આપજે.

ફરીવાર મળીશ ત્યારે એ દંપતિને એમની સાધનામાં બનતી મદદ કરીશ એવો મેં નિર્ણય કર્યો. પરંતુ ... જીવનસિંધુમાં તરનારા લાકડાની પેઠે વિખૂટા પડેલા માનવોનો મેળાપ ફરીવાર ક્યારે થશે તેની ખાતરી ક્યાં છે ? કોને છે ?

એ પછી થોડા જ વખતમાં પુલિનબાબુનો સ્વર્ગવાસ થયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૭. આલ્મોડાના આશ્રમમાં

માઇલોના લાંબા એકધારા પરિશ્રમપૂર્ણ પ્રવાસ પછી હું ફરી હિમાલયના પ્રશાંત પવિત્ર તીર્થસ્થાન દેવપ્રયાગમાં પહોંચી ગયો. આકાશને આલિંગન આપવાની આકાંક્ષાવાળા ઉત્તુંગ પ્રચંડકાય પર્વતોને પેખીને અને અલકનંદા તથા ભાગીરથીના સંગમસ્થળમાં સ્નાન કરીને અવર્ણનીય આનંદ થયો. પર્વતની સોડના શાંતાશ્રમમાં પ્રવેશ્યો ત્યારે અદભૂત શાંતિ થઇ. દક્ષિણેશ્વરમાં અનેક પ્રકારના અવનવીન અનુભવો થયેલા અને સમગ્ર સમય ઉલ્લાસ અને ઇશ્વરપરાયણતામાં વીતી ગયેલો. દેવપ્રયાગના આશ્રમમાં પહોંચીને મેં મારો બહુમૂલ્ય સમય ત્યાંના સ્વાનુભવોની સુખદ સ્મૃતિમાં અને પરમાત્માની સંવેદનસભર સતત પ્રાર્થનામાં પસાર કરવા માંડ્યો.

એ દિવસોમાં મને કોઇ પ્રાતઃસ્મરણીય સ્વાનુભવસંપન્ન સિદ્ધ મહાપુરુષના દર્શનની અને એમની અલૌકિક મદદ મેળવવાની લગની લાગી. મેં વાંચેલું કે રામકૃષ્ણ પરમહંસદેવે સ્વામી વિવેકાનંદના મસ્તક પર હાથ મૂકીને એમને સમાધિની અલૌકિક અવસ્થાનો અનુભવ કરાવેલો. એવા અલૌકિક શક્તિસંપન્ન સિદ્ધ પુરુષના સમાગમની મને ઇચ્છા થઇ. એવા સ્વનામધન્ય સિદ્ધપુરુષનો સમાગમ કંઇ સુલભ ન હતો. એને માટે પ્રામાણિકતાપૂર્વક પ્રખર પુરુષાર્થ કરવાની આવશ્યકતા હતી. મેં એવો પ્રેમપૂર્વકનો પુરુષાર્થ આરંભ્યો. જે કામને હું હાથમાં લઉં છું તેને પરિપૂર્ણ કરવા માટે બનતી બધી જ રીતે મહેનત કરવાનો મારો સ્વભાવ છે. એ સ્વભાવને અનુસરીને મેં પરમાત્માને પ્રાર્થના કરવા માંડી. ત્રણ ત્રણ દિવસના નિર્જળા ઉપવાસ પણ કરી જોયા. સિદ્ધ મહાપુરુષના મેળાપની લગની એવી ઉત્કટ, અસાધારણ, અવર્ણનીય હતી.

એ દિવસોમાં મને માતા આનંદમયીનો વિચાર આવવા માંડ્યો. માતા આનંદમયીનો મેળાપ ઇ. સ. ૧૯૪૩માં દેહરાદૂન અને રાયપુર બંને સ્થળે થયેલો. તે વખતે તેમણે સારો ભાવ બતાવેલો. એ મહાન સાધ્વીની સ્મૃતિ પુનઃ તાજી થઇ. એમનો આશ્રમ આલ્મોડામાં છે એવો મને ખ્યાલ હતો. અનુકૂળતા પ્રમાણે થોડાક દિવસો સુધી ત્યાં રહ્યા પછી કૈલાસ માનસરોવરની યાત્રાનો લાભ પણ લઇ શકાય તેમ હોવાથી મેં આલ્મોડા જવાનો નિર્ણય કરી લીધો.

જે દિવસે દેવપ્રયાગ છોડવાનું હતું તે જ દિવસે મને ધ્યાનાવસ્થામાં આદેશ મળ્યો કે જવા માંગો છો પણ મળશે નહિ. પછી તમારી ઇચ્છા. મને મારા આદેશોમાં અથવા આંતર-અવાજોમાં અતૂટ વિશ્વાસ હતો. મારું જીવન એને અનુસરીને જ ચાલ્યા કરતું. કોઇ વાર કોઇ અંતરાય આવતો, સંશય જાગતો, ગૂંચ ઊભી થતી, કે પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થતી, ત્યારે એ અલૌકિક અવાજ જ મને સંશયમુક્ત કરતો તથા દોરવણી આપતો. ઇશ્વરની અસાધારણ અચિંત્ય શક્તિ એવી રીતે મારું પથપ્રદર્શન કરતી. મારી સાધનાના શૈશવકાળથી જ, પૂર્વજન્મના પ્રબળ સુસંસ્કારોને લીધે અથવા અન્ય ગમે તે કારણવિશેષના પરિણામે એવી સ્વાનુભૂતિ મારે માટે સહજ બની ગયેલી. એ જ સ્વાનુભૂતિયુક્ત અલૌકિક અવાજે મને મહાન બનવાની, યોગી થવાની પ્રેરણા પૂરી પાડી, ઋષિકેશની દૈવી ભૂમિમાં ઇ. સ. ૧૯૪૦માં શાંતિ આપી, ઋષિકેશની ધર્મશાળા છોડાવી, અને એવા અનેક કલ્યાણકાર્ય એ અલૌકિક અવાજે જ સિદ્ધ કરેલાં. એને અનુસરવામાં જ મારું શ્રેય રહેતું.

પ્રસ્થાનને દિવસે વહેલી સવારે મેં દેવપ્રયાગના સુપ્રસિદ્ધ જ્યોતિષી ચક્રધરજીને પૂછી જોયું તો એમણે ગ્રહોની ગણતરી કરીને તરત જ જણાવ્યું કે આલ્મોડા જરૂર જાવ. ત્યાં માતા આનંદમયી તમને જરૂર મળશે. ગ્રહો બધા જ અનુકૂળ છે. તમે અહીંથી ત્યાં પહોંચશો અને એ બહારથી આશ્રમમાં આવશે. બંનેનો મેળાપ થશે.

ત્યારે હવે શું કરવું ? આલ્મોડા ના જવું ? અવાજ તો લગભગ એવા જ અર્થનો સંભળાયેલો. ના જશો એવું સ્પષ્ટ રીતે નહોતું કહ્યું. જવું હોય તો કશી હરકત નથી, પરંતુ જેને મળવાની ઇચ્છા છે તે મળશે નહિ એવું સાફ શબ્દોમાં સંભળાવેલું. મેં વિચાર્યું કે અનુકૂળતા છે તો આલ્મોડા જવામાં કશી હરકત નથી. માતા આનંદમયીનો મેળાપ કદાચ નહિ થાય તો પણ આલ્મોડાના પર્વતીય પ્રદેશનું દર્શન તો થશે જ. મનમાં જે આકાંક્ષોનો ઉદય થયો છે તેને પૂરી કરવાથી મન એમાંથી નિવૃત થઇને બીજા વિષયમાં લાગી જશે. એ આકાંક્ષા અધૂરી રહેશે ત્યાં સુધી મન એની પાછળ ફર્યા કરશે.

વિશેષ શંકા-કુશંકા કે અનાવશ્યક તર્ક-વિતર્કમાં પડવાને બદલે મેં ઇશ્વરની મંગલમયી કરુણામાં વિશ્વાસ રાખીને આલ્મોડા પહોંચવા માટે પ્રસ્થાન કર્યું.

એક બીજા દીર્ઘ પ્રવાસ પછી હું આલ્મોડા આવી પહોંચ્યો. દેવપ્રયાગથી મોટરમાર્ગે ૠષિકેશ તથા હરદ્વાર, હરદ્વારથી ટ્રેન દ્વારા બરેલી તથા કાઠગોદામ, અને ત્યાંથી મોટરમાર્ગે આલ્મોડા. દક્ષિણેશ્વરથી પાછા ફર્યા પછી દેવપ્રયાગમાં મેં મૌનવ્રત શરૂ કરેલું. એ વ્રત આલ્મોડાના પ્રવાસ સુધી ચાલુ રહ્યું. કાઠગોદામથી પ્રારંભાયેલા પર્વતોના સુંદર ચિત્તાકર્ષક વિસ્તૃત પ્રવાસ પછી જ્યારે પર્વતમાળા પર વસેલા એકાંત સ્થળ આલ્મોડામાં પ્રવેશ્યો ત્યારે સાંજના ચારેક વાગેલા.

ગઢવાલના પર્વતો કરતાં આલ્મોડાના પર્વતો વધારે વનસ્પતિવાળા અને રમણીય લાગ્યા, પરંતુ ગઢવાલનું પર્વતીય સૌંદર્ય અને પતિતપાવની ગંગાનું દર્શન ત્યાં નહોતું, એટલે એ પ્રદેશ સુંદર હોવા છતાં એટલો બધો સજીવ નહોતો. વાહનવ્યવહાર, રસ્તા, બાંધકામ - બધી રીતે એ પ્રદેશ આગળ વધેલો દેખાયો. પર્વતની ખીણમાં વસેલું ને વિસ્તરેલું આલ્મોડા શહેર ખાસ સુંદર, સુવ્યવસ્થિત, સફાઇદાર ના દેખાયું. શહેરની બહાર લગભગ એક માઇલ નીચે આવેલા પાતાળદેવી નામે સ્થાનમાં માતા આનંદમયીનો નાનો સરખો આશ્રમ હતો. ત્યાં જઇને હું આશ્રમના મુખ્ય અધ્યક્ષને મળ્યો. આશ્રમના મુખ્ય અધ્યક્ષ એક વૃદ્ધ પ્રૌઢાવસ્થા પ્રાપ્ત સંન્યાસી હતા. એમના તરફથી જાણવા મળ્યું કે માતા આનંદમયી છેલ્લાં બે વરસથી બહાર જ રહેતા હતા. એમનો આલ્મોડામાં આવવાનો કાર્યક્રમ નિશ્ચિત ન હતો. દેવપ્રયાગમાં સંભળાયેલો મારો અલૌકિક આત્મિક અવાજ એવી રીતે મારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે સાચો પડ્યો, યથાર્થ ઠર્યો.

પાતાલદેવીનું સ્થાન સુંદર હતું. એની આસપાસ અસંખ્ય સુંદર ચિત્તાકર્ષક પર્વતમાળાઓ હોવાથી એ સ્થળ ખૂબ જ એકાંત અને આહ્લાદક લાગતું. એ વખતે માગશર મહિનો ચાલતો હોવાથી ઠંડી પુષ્કળ પ્રમાણમાં પડતી. એ સ્થાનમાં મને એક નાની ઉંમરના પરિવ્રાજક મહાપુરુષનો મેળાપ થયો. એ મહાપુરુષ કૈલાસ માનસરોવરના પવિત્ર પ્રદેશમાંથી પધારેલા અને પરમ તેજસ્વી, પ્રસન્ન તથા શાંત દેખાતા. પ્રથમ પરિચયે જ અમારી વચ્ચે સ્નેહનો સ્વાર્થરહિત શુદ્ધ સેતુ બંધાયો. એ મહાપુરુષ મૌનવ્રત પાળતા, પરંતુ

પવિત્ર પ્રેમને વાણી સાથે એટલો સંબંધ નથી હોતો જેટલો અંતરાત્મા સાથે હોય છે, એટલે અમારા સાચા સ્નેહસંબંધમાં વાણીનું વ્યવધાન વચ્ચે ના આવી શક્યું.

આશ્રમમાં પહોંચીને અમે બંનેએ આશ્રમમાં રહેવાના પ્રબંધ વિશે પૂછ્યું. પરંતુ સંન્યાસી મહારાજે અમને સીધો ને સારો સંતોષકારક ઉત્તર ના આપ્યો. છેવટે મેં એમને માતા આનંદમયીના પૂર્વ પરિચયની ને બીજી કેટલીક વાતો કરી ત્યારે એ કાંઇક પીગળ્યા. એમણે અમારા શયન માટે ઉપર આશ્રમના હોલમાં વ્યવસ્થા કરી દીધી અને જમવા માટે આમંત્રણ આપ્યું. ભારતના એકાંતવાસી આશ્રમના સંચાલક દ્વારા સર્વતંત્ર સ્વતંત્ર સંન્યાસીઓની અને એમના આતિથ્યની અથવા માનવોચિત વ્યવહારની આ કેવી દશા ? અન્યને સ્નેહ સહિત સત્કારવાની વાત તો બાજુએ રહી પરંતુ કોઇ અજાણ્યા માહિતી માંગનારા આગંતૂકને જરૂરી માહિતી આપવા જેટલો વિવેક પણ એ નથી બતાવી શકતા. એનાથી અધિક આત્મિક અધઃપતન બીજું કયું હોઇ શકે ? માનવોચિત આદર્શ જીવનવ્યવહાર એ આધ્યાત્મિક જીવનનો મેરુદંડ છે. ત્યાગી તથા સંસારી, વિવિક્તવાસી કે વસ્તીની વચ્ચે વસનારા સૌને માટે આવકારદાયક છે. આદર્શ જીવન જીવનાર કે જીવવાનો પ્રામાણિક પ્રયત્ન કરનાર કોઇપણ એનાથી વંચિત ના રહી શકે. કોઇને પણ એનાથી વંચિત ના રહેવા દેવાય. એવા સંન્યાસીઓ આશ્રમની શોભા બનવાને બદલે શરમરૂપ થાય છે. એ વાત એમને સમજાય તો ? પરંતુ જ્ઞાનના તથા સર્વોત્તમ સદગતિના સદાના ઇજારેદાર જેવા કેટલાક સંન્યાસીઓ સમજાવટની શાંત સુમધુર શબ્દાવલિને સાંભળવા પણ તૈયાર નથી હોતા. એમની અંદર તિરસ્કાર, દંભ અને અહંકાર હોય છે. પરંતુ એમની સાથે પણ પ્રેમ, શાંતિ તેમજ સદભાવથી જ કામ લેવું પડશે.

પ્રેમની એ પવિત્ર રીતમાં અમે સફળ થયા. સંન્યાસી મહારાજે એથી પ્રભાવિત થઇને અમારો સામાન્ય સત્કાર કર્યો. રાત્રિની સર્વવ્યાપક શાંતિમાં આશ્રમની બેનોના સુમધુર સંગીતસ્વરો સંભળાવા લાગ્યા. આશ્રમના શ્રદ્ધાભક્તિ ભરપૂર રસોઇયાના સુંદર કંઠને તો અમે સંધ્યા સમયે જ સાંભળી ચુકેલા. એ સુધાસભર સંગીતસ્વરોના રસાસ્વાદને અનુભવતા અમે ભોજનવિધિમાંથી નિવૃત થઇને વિશ્રામ માટે વિદાય થયા.

વહેલી સવારે સંન્યાસી મહારાજ અમારી પાસે આવી પહોંચ્યા અને મારી સાથેના સાધુને કહેવા માંડ્યા : 'હવે આજે તો તમારે અહીંથી જવું જ જોઇએ. અહીં જમવાની સગવડ નહિ થઇ શકે. અમારે એક ઠેકાણે ભોજન સમારંભમાં આમંત્રણને આધીન થઇને જમવા જવાનું છે. અમે જઇએ એ પહેલાં તમે આ સ્થાનમાંથી વિદાય થાવ તો સારું.'

અમે એમનો આભાર માનીને ત્યાંથી તરત જ નીકળી પડ્યા. આશ્રમમાં વધારે રહેવાનો કશો અર્થ ન હતો.

કાઠગોદામથી ટ્રેનમાં બેઠો ત્યારે ટ્રેનના એ જ ડબ્બામાં એક સંતપુરુષનો પરિચય થયો. એ સંતપુરુષ એ બાજુના પ્રદેશમાં જ ક્યાંક નિવાસ કરતા અને ભક્તો તથા પ્રસંશકોની મંડળી સાથે ઉત્સાહપૂર્વક યાત્રાએ જઇ રહેલા. એમનું લલાટ વિશાળ, મુખમંડળ તેજસ્વી અને શરીર કૃશ હતું, તથા એમણે પીળાં વસ્ત્રો પહેરેલાં. મારી પાસે આવીને એમણે સ્મિત કરીને શાંતિપૂર્વક જણાવ્યું : 'તમારા પર માતા સરસ્વતીની કૃપા છે. એની કૃપાથી તમને કોઇ પ્રકારની આંચ નહિ આવે. એ તમારી સર્વપ્રકારે રક્ષા કરે છે.'

થોડીવાર પછી એમણે આગળ કહ્યું : 'તમે અત્યારે તમારા ઉત્તરાખંડના એકાંત આશ્રમમાં જઇ રહ્યા છો તે સારું છે. એ સ્થળ સર્વપ્રકારે અનુકૂળ છે.'

સંતપુરુષના સ્વાભાવિક રીતે ઉચ્ચારાયેલા એ શબ્દો પરથી એમની અસાધારણ શક્તિનો સહેજ છતાં સ્પષ્ટ ખ્યાલ આવ્યો. મેં એમને મનોમન અને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૮. અલૌકિક દીક્ષા

આલ્મોડાથી દેવપ્રયાગ પહોંચ્યા પછી પણ મારી આંતરિક વેદના કેમે કરી મટી નહિ. એ દિવસો લાંબી વેદનાના જ હતા. દિનરાત એક જ આદર્શનું ધ્યાન, એક જ ધ્યેયવસ્તુની ઝંખના, ને તે માટેની પ્રાર્થના એ મારો નિત્યક્રમ હતો. એવા ક્રમ વિના સાધના સફળ થઇ શકતી નથી. જેણે કંઇ પણ કરવું છે તેણે બીજી બધી જ વાતોને છોડીને ધ્યેયપરાયણ થઇ જવું જોઇએ. એવી તલ્લીનતાની આવશ્યકતા સાધનામાં સૌથી વધારે છે. તેલની ધારાની જેમ મન એકાકાર બનીને અસ્ખલિત રીતે વહેવું જોઇએ. તો જ ધ્યેયવસ્તુ મળી શકે છે. આધ્યાત્મિક માર્ગમાં જેમણે કંઇ પણ નક્કર પ્રાપ્ત કર્યું છે તેમણે એવી સતત સાધના દ્વારા જ તે મેળવ્યું છે.

એ દિવસોમાં એક બીજી ઘટના બની. શાંતાશ્રમમાં વધારો કરવાનો એટલે તેમાં ઉપર નીચે બે ઓરડી બાંધવાનો નિર્ણય ચક્રધરજીએ કર્યો. નીચેની ઓરડી તો હતી જ. હવે ઉપર એક ઓરડી માટે કામ ચાલવાનું હતું. ઓરડી કાંઇ સુંદર ન હતી. પહાડી નમૂનાનું તે નાનું સરખું મકાન હતું. બારીબારણાંનું પણ તેમાં બરાબર ઠેકાણું ન હતું. છતાં આશ્રમ પૂરતું ઠીક હતું. નવી ઓરડી એટલા માટે થતી હતી કે ઉપર રહીને હું સાધનાત્મક અભ્યાસ કરી શકું અને નીચેની ઓરડી સામગ્રી રાખવા ને ભોજનખંડ તરીકે કામ લાગે.

એને માટે મારે સ્થાનાંતર કરવું પડ્યું. આશ્રમમાંથી નીચે દેવપ્રયાગનિવાસી મગનલાલના એક અલાયદા મકાનમાં રહેવાનું ઠર્યું. એ સ્થાનમાં પણ મને અનુકૂળતા રહી ને મારી સાધના સારી પેઠે થવા માંડી. દિવસ રાત ક્યાં ચાલ્યા જતા તેની મને ખબર ના પડતી. એટલી બધી સાધના માટેની તન્મયતા મારામાં પેદા થઇ હતી. રાતનો સમગ્ર સમય તે દિવસોમાં હું વધારે ભાગે બેસીને જ પસાર કરતો.

મગનલાલના મકાનમાં આશ્રમ બંધાઇ રહ્યો ત્યાં સુધી - એટલે લગભગ એક થી દોઢ મહિનો રહેવાનું થયું. એ દરમ્યાન એક અદભૂત પ્રસંગ બન્યો ને એ રીતે પ્રભુએ મારી ઇચ્છા પૂરી કરી.

તારીખ ૧૯ એપ્રિલ, ૧૯૪૬નો દિવસ હતો. રાતે ધ્યાનમાં બેઠો હતો. વચ્ચે જ્યારે જાગૃતિ આવતી ત્યારે પ્રાર્થના કરતો ને ફરી દેહભાન ભૂલાઇ જતું. અચાનક ધ્યાનાવસ્થામાં એક અવધૂત મહાપુરુષનું દર્શન થયું. તે બિલકુલ નગ્ન હતા. તેમના શરીરે અનેક માખી બણબણતી. તેમને મેં પ્રણામ કર્યા. તેમણે મારે માથે હાથ મૂક્યો. મને સમાધિ જેવું થઇ ગયું. એની સાથે જ બીજે હાથે તેમણે મારી પીઠ પાછળનો ભાગ - મૂલાધાર ચક્રનો ભાગ - દબાવ્યો. જ્યારે હું જાગ્યો ને મને ભાન આવ્યું ત્યારે તેમનો હાથ મૂલાધાર ચક્ર પરથી તેમણે લઇ લીધો. ત્યાં લગી તેમણે મૂલાધાર પર અંગૂઠો દબાવ્યો હતો.

સમાધિ દશાનો એ અનુભવ આશરે બે-અઢી કલાક રહ્યો હશે. એવા જ અનુભવને મેળવવાની મારી દિવસોથી ઝંખના હતી. ઇશ્વરની કૃપાથી તે સફળ થઇ. મને જાણે કે નવી જાતની દીક્ષા મળી ગઇ. મને ભાન આવ્યું ત્યાં સુધી તે મહાપુરુષનો અંગૂઠો મારી પીઠ પાછળ દબાવેલો જ હતો.

મારી ઓરડીમાં કોઇ મહાત્મા દેખાયા નહિ પણ મને અતિશય આનંદ થયો. જેને માટે હું કેટલાય દિવસથી તલસતો હતો તે વસ્તુ આમ અચાનક પ્રાપ્ત થઇ. એ પ્રસંગ બ્રાહ્મમૂહુર્ત દરમ્યાન બન્યો હતો. દીક્ષા આપનાર એ મહાત્મા કોણ હશે ? હું તો તેમને ક્યાંય મળ્યો નથી. શું તે કોઇ જીવનમુક્ત સિદ્ધ યોગીવર હશે ?

કે કરુણાળુ પ્રભુ પોતે જ આ રીતે મને મદદ કરવા અને શાંતિ આપવા પધાર્યા હશે ? તે તો તે જ જાણે છે. પણ આ બનાવ પછી મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. મને થયું કે હવે મારી ઇચ્છા પૂર્ણ થશે, ધ્યાનમાં મદદ મળશે, પૂર્ણતા સાંપડશે, શક્તિ મળશે, ને બધી રીતે પૂર્ણ બનીને ઇશ્વરેચ્છા હશે તો અન્યને સહાય કરવા ને શાંતિસંદેશ દેવા હું નીકળી શકીશ. પરંતુ મારે હજી કેટકેટલા અવનવા અનુભવો કરવાના હતા તેની મને ખબર ન હતી. એ અનુભવો તો મારી યોગી થવાની ઇચ્છા પૂરી કરવા જ 'મા' દ્વારા કરાવાતા હતા. તેમાંથી મુક્ત અને તુષ્ટ થઇને મારે જીવનના સાફલ્ય માટે તે 'મા'નું જ શરણ લેવાનું હતું. તે વખતે મને તેની કલ્પના ન હતી. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તે બધું સમજાતું ગયું.

મારા જીવનમાં મને એવા અલૌકિક અનુભવો અનેક થયા છે. પણ તેમને જાહેર કરવાની મારી મુદ્દલ ઇચ્છા નથી. તેની જરૂર પણ નથી. આવા અનુભવો પણ નાછૂટકે જ લખું છું. મારી મોટાઇ બતાવવા આ લખતો નથી. તેની કલ્પના સરખી મને નથી. છતાં કોઇને તેવી ગંધ આવે તો લાચાર છું. તેવા માણસોએ હૃદયશુદ્ધિ કરીને વધારે સરળ ને નિષ્કપટ બનવું જોઇએ. તેથી તેઓ ખોટી કલ્પનામાંથી મુક્ત થઇ શકશે. બાકી મારા જીવન પર મારે ઉડતો દૃષ્ટિપાત કરવો હોય તો સત્યને પક્ષે ઉભા રહી, નિઃસ્વાર્થભાવે કેવળ લોકહિતને માટે કે પ્રભુની ઇચ્છા પૂરી કરવા માટે મારે કેટલીક સત્યઘટનાઓનો ઉલ્લેખ કરવો જરૂરી બનશે. આ મારી બડાઇ નહિ, પરંતુ ઇશ્વરી કૃપાનું મહિમાવંતુ જયગાન છે. બનતા સંયમે નિખાલસ હૃદયે હું તે ગાઇ રહ્યો છું.

પ્રભુની પરમ કૃપાથી એ રીતે મારી કોઇ સિદ્ધપુરુષ દ્વારા દીક્ષા લેવાની લાંબા વખતની ઇચ્છા પૂરી થઇ. મને ખૂબ જ આનંદ થયો. થાય જ ને ? એ ઇચ્છાની તૃપ્તિ માટે મેં વારંવાર ઉપવાસ કર્યા હતા, દિવસો સુધી આંસુ સાર્યાં હતાં ને પ્રાર્થનાનો આધાર લીધો હતો. પ્રભુની કૃપાથી શું નથી થતું ? માણસની બધી જ ઇચ્છા ને આકાંક્ષા તેથી પૂરી થઇ શકે છે. ફકત શ્રદ્ધા ને લગન જોઇએ. તેનો અભાવ હોવાથી જ ઘણાખરા સાધકો સાધનાના માર્ગમાં નાસીપાસ થાય છે, નિષ્ફળ જાય છે, ને પરિણામે આ માર્ગ જ ખોટો છે એવા ઉતાવળિયા આધાર વિનાના અભિપ્રાયો આપવા માંડે છે. એથી સાધના ને સાધકની કુસેવા થાય છે. જેની નિષ્ઠા સાચી છે તેને પ્રભુની મદદ - મહાપુરુષોની મદદ જરૂર મળી રહે છે. મારી એ ખાતરી છે.

પહેલાંના વખતમાં દીક્ષા આવી રીતે અપાતી. સંકલ્પ, શબ્દ કે સ્પર્શ દ્વારા મહાપુરુષો સાધકની સુષુપ્ત શક્તિને જાગ્રત કરતા અને એને ઉંચી દશાએ લઇ જતા. આજે એવા મહાપુરુષો અને અધિકારી સાધકો ઓછાં છે છતાં કોઇકવાર તેમનું દર્શન થઇ જાય છે. મારા જીવનના આ અનુભવ પરથી સૌને તેનો ખ્યાલ આવશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૯. ધરમપુરના સેનેટોરિયમમાં

દેવપ્રયાગના શાંતાશ્રમનું મકાન તો બંધાઇ ગયું પરંતુ મારાથી એમાં તાત્કાલિક રહી શકાયું નહિ. દશરથાચલ પર્વત પરના દિવસો દરમ્યાન તથા બદરીકેદાર યાત્રામાં મારી સાથે હતા તે પ્રેમીભાઇ ચંપકભાઇને ક્ષયરોગ થયેલો. તે સીમલા હીલ્સમાં ધરમપુરમાં જઇને ટી. બી. સેનેટોરિયમમાં દાખલ થયેલા. તેમની તીવ્ર ઇચ્છા હતી કે હું તેમની પાસે જાઉં તો તેમને શાંતિ મળે. એક દિવસ અચાનક એમનો પત્ર આવ્યો. એમાં એમણે લખેલું :

*

રવિવાર

તા. ૨૫ ફેબ્રુઆરી ૧૯૪૫

પૂજ્ય ગુરુદેવ,

સંબોધન તમને ગમશે નહિ પરંતુ પરભવનો સંબંધ કેમ તૂટી શકે ? તમારા જ વિચાર કરતાં હું દિવસ કાઢું છું. તમારે મારા સમાચાર જાણવા છે ? એ બહુ ગમે તેવા નથી.

તમારા કહેવાથી આપણે સાથે ઘેર જવાનું ઠરાવ્યું અને હું કપડાં લેવા ગયો ત્યાં માંદો પડ્યો. તમે મને મૂકીને ચાલ્યા ગયા. કોને ખબર કે એમાંય વિઘ્ન આવશે ? મને મુંબઇથી ખબર મળ્યા તે પરથી હું ત્યાં તમારી પાસે ના આવતાં સીધો આ તરફ આવ્યો. ખરાબ તબિયત હોવા છતાં પંદર દિવસ તમારી રમણ મહર્ષિ આશ્રમમાં રાહ જોઇ. મેં નારાયણભાઇને પત્ર લખીને બધું વિસ્તારથી જણાવ્યું હતું કે તમને જાતે જઇને તેડી લાવીને પણ અહીં મોકલે. તમે આવશો જ સમજી મેં તો ત્યાં ના મળી શકે છતાં સ્વતંત્ર ઘર વસાવવા ઘર પણ નજીકમાં શોધી રાખ્યું હતું.

મેં માતાજીને પૂછ્યું કે તમે થોડો વખત મારી સાથે રહેશો ? બને તો આપણે એવું સ્થળ પસંદ કરીશું જ્યાં તમે પણ આવવાનું પસંદ કરો. એનો કશો જવાબ આવ્યો હશે તો નારાયણભાઇ પર આવ્યો હશે. મને હજુ મળ્યો નથી. વખત જાય છે તેમ ફરવાનું પણ શક્ય રહેશે ? એમ ડર લાગે છે. ઇશ્વર બળવાન છે. કશોક ચમત્કાર કરીને પણ એનો આપણને ભેગા કરવાનો કશોક હેતુ હશે. શરીર સુધરી જશે.

હવે તમને મારા પર થોડી દયા આવે તો એવા ઇરાદાથી આ પત્ર લખું છું.

બીજું તો બધું ભલે ઇશ્વરની ઇચ્છા પ્રમાણે થાય, માંદગીમાં બુદ્ધિ ઇશ્વરમય બની રહે અને મન ભક્તિમાં લાગ્યું રહે, એટલા માટે મને તમારી સોબતની અત્યંત તીવ્ર ઇચ્છા થયા કરે છે. તમે તો રહ્યા વિરક્ત. પ્રેમનું આટલું બંધન માનો તો કોણ જાણે.

હું તાવથી હારીને આખરે પાછો મદ્રાસ આવ્યો. ત્યાંથી ફરીવાર એક મુંબઇ જતા મિત્ર સાથે નારાયણભાઇ પર પત્ર આપ્યો કે જાતે વડોદરા કે સરોડા જઇને તમને મારા બધા સમાચાર આપે. એનો પણ કશો ઉત્તર ના મળ્યો. મારી તબિયત ઘણી ખરાબ છે. મારી પાસે સારવાર કરે તેવું પણ કોઇ જ નથી. બધા જ દૂર દૂર છે અને તેડાવ્યા છતાં કોઇ સગું થતું નથી. ખબર પણ જાણવા પત્ર સુધ્ધાં લખતું નથી. માંદગીનું

પરિણામ શું આવશે તે કોણ જાણે. મને લાગે છે કે ઇશ્વરની દયા હશે તો સારું થઇ રહેશે. (કોઇવાર નિરાશા પણ આવે છે.)

વળી તમે કહેલું કે આપણો ગતજન્મનો સંબંધ ખબર નથી. એટલે તમે એમ કહો છો કે આપણે જુદાં પડીશું પણ તે સાચું નથી. તમારા એ શબ્દોને યાદ કરીને મનમાં ઠસાવું છું કે ગયા ભવમાં તો મેં કશું સિદ્ધ કર્યું લાગતું નથી. એ અધૂરો પુરુષાર્થ આ ભવે આગળ વધવાનો હશે. જો એમ હોય તો આ શરીર એટલું વહેલું ના જ છૂટવું જોઇએ. આ પત્ર પણ કોણ જાણે તમને ક્યારે મળશે અને હું તમારો જવાબ ક્યારે પામીશ. એટલા દિવસ કાઢવા ધીરજ રહેતી નથી. પણ શું થાય ? મારી કોઇ સૂચનાનો કોઇ અમલ જ કરતું નથી એટલે તમને તાર કરીને કેવી રીતે વહેલા ખબર પહોંચાડી શકું ? તમારું સરનામું પણ હું જાણતો નથી.

હું અધીરો થઇ જાઉં ને વિશ્વાસ ખોઇ બેસું તો ગાળેલા દિવસોનો સત્સંગ લજવાય. એટલે મનને મજબૂત કરીને ઇશ્વરની લીલાને અનુભવું છું. હું જાણું છું કે એ બધું નજીક લઇ જવા અને વાસનાઓમાંથી મુક્તિ અપાવવા માટે જ હશે. છતાં કોઇવાર ગભરામણ થાય છે. કોઇ સત્સંગ કરાવે એવો સાથી પણ નથી મળતો. મા, તારી આવી દયા કઇ જાતની ? ભક્તિમાંથી પણ ગયો ?

ખેર, તમે બહુ ચિંતા ના કરતા. ઇચ્છા થાય તો મારા આરોગ્ય માટે 'મા' પાસે દયા માગજો અને તમે મારી પાસે આવી પહોંચો એટલું તો હું હક સમજી માંગું છું. એ હક સાચો છે કે નથી તે હું નથી જાણતો. તમારા પર મારો હક હોય તો વિના વિલંબે મને શોધીને પહોંચી જજો. પરંતુ હું ઉદાસ તો નહિ જ થાઉં. કારણ કે પરીક્ષામાં નાપાસ થયા પછી શું મોઢું લઇને તમને બોલાવું, ખરુંને ? ત્યારે મારા અત્યંત પ્રેમપૂર્વકના પ્રણામ.

*

એટલે ચંપકભાઇને મદદરૂપ થવાશે અને એક નવા વાતાવરણનો અનુભવ થશે એમ માનીને ધરમપુર જવાનો નિર્ણય કર્યો.

સિમલાની પ્રશાંત પર્વતમાળામાં આવેલા ધરમપુરના સુપ્રસિદ્ધ ટી. બી. સેનેટોરિયમમાં પહોંચ્યો ત્યાં સુધી મારે મૌનવ્રત ચાલતું હતું. આલ્મોડાથી પાછા ફર્યા પછી તરત જ મેં મૌનવ્રત શરૂ કરેલું. તે ધરમપુરમાં એકાદ બે દિવસ પછી પૂરું થયું.

પર્વતની ખીણમાં ચીડ અને દેવદારના વૃક્ષોની વચ્ચે વસેલું સેનેટોરિયમ ખૂબ જ સુંદર અને આહ્લાદક લાગ્યું. ત્યાં પહોંચીને મેં ચંપકભાઇને શોધી કાઢ્યા. એક ખંડમાં એ પલંગ પર સૂતેલા. એમનું શરીર અશક્ત હતું. મને અવલોકીને એમને આનંદ થાય એ સ્વાભાવિક હતું. મને પોતાને પણ એમને એવી અસહાય અવસ્થામાં મળવાથી સંતોષ થયો. દેવપ્રયાગથી ધરમપુર સુધીનો પ્રવાસ સરળ તથા સુખમય નહોતો. તો પણ એ પ્રવાસ સફળ તેમજ સાર્થક છે એવું લાગ્યા વિના ના રહ્યું.

બીજે દિવસે ચંપકભાઇએ પોતાની વીતી ટૂંકમાં કહી સંભળાવી. અત્યારે એમની અવસ્થા એકદમ નાજુક હતી. એક ફેફસું તદ્દન બગડી ગયેલું. બીજું ફેફસું પણ દિનપ્રતિદિન બગડતું જતું'તું. ડોક્ટરે એમને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું અથવા એમ કહો કે આખરીનામું આપેલું કે રોગને મટવાનો સંભવ જરા પણ નથી. લોહી તદ્દન ખરાબ થઇ ગયું છે. હવે એમણે જીવનની આશાને છોડી દઇને સારી રીતે શાંતિપૂર્વક

મરવાની તૈયારી કરવા માટે સેનેટોરિયમને મૂકીને ઘેર જવું પડશે. બીજા પંદર દિવસે તેમની પરીક્ષા ફરીવાર થવાની હતી. તેમના ફેફસાંનો ફોટો લેવાનો હતો. તેમણે બચવાની આશા સંપૂર્ણપણે છોડી દીધેલી. એમની નિરાશાનો, પીડાનો પાર ન હતો. એ પીડા તથા નિરાશા મારી આગળ ઠાલવી બતાવીને મારી મદદ માગી. મારા પર તેમને પુષ્કળ પ્રેમ હતો એ સાચું, પરંતુ મારામાં કોઇ ચમત્કાર કરવાની શક્તિ ન હતી. મારાથી એમને હિંમત આપવાનું ને એમને માટે પરમકૃપાળુ પ્રેમસિંધુ પરમાત્માને અંતરના અંતરતમમાંથી કેવળ પ્રેમયુક્ત પ્રાર્થના કરવાનું બની શકે તેમ હતું. મેં તેમને બનતી હિંમત આપવા માંડી. તેમને પરમાત્માની પરમકૃપાથી ટી. બી. તદ્દન મટી જશે એવી ઉત્સાહોત્પાદક ખાતરી આપી અને પરમાત્માનું સ્મરણ કરવા જણાવ્યું. જે પરમાત્મા મૂંગાને વાચાળ બનાવે ને પંગુને પર્વત પરથી પસાર થવાની શક્તિ આપે એ બીજું શું ના કરી શકે ? એમને માટે કશું જ અશક્ય નથી. એ સર્વતંત્ર સ્વતંત્ર તેમજ સર્વસમર્થ છે. એવા એવા વિચારોને વહેવડાવીને મેં તેમને ધીરજ આપી. રોજ રાત્રે એમના શિર પાસે બેસીને એમના શરીર પર હાથ ફેરવતાં મેં એકાદ કલાક સુધી નિયમિત રીતે પ્રેમપૂર્વક પ્રાર્થવાનું ચાલુ રાખ્યું. એ પ્રાર્થના એટલી બધી ઉત્કટતાથી અને સાચા દિલથી થતી કે મારી આંખમાંથી તે વખતે બોર જેવડા આંસુ ટપકતાં. મેં તેમને હિંમત આપતા કહેવા માંડ્યું કે પંદર દિવસે ડોક્ટર તપાસવા બોલાવશે ત્યાં સુધીમાં તો પરમાત્માની કૃપા થશે તો તમારું ફેફસું સુધરી જશે, લોહી સારુ થશે ને ડોક્ટરને પણ તેમનો અભિપ્રાય બદલવાની ફરજ પડશે.

'એવું કેવી રીતે બની શકે ?' તે સ્વાભાવિક રીતે શંકા કરતા, 'એવું થાય તો મોટો ચમત્કાર કહેવાય.'

'પરમાત્માની કૃપાથી સર્વ કાંઇ થઇ શકે છે. આપણે જેની કલ્પના કરીએ તે અને જેની કલ્પના ના કરી શકીએ તે પણ. પરમાત્મા ધારે તો ગમે તેવો નાનો કે મોટો ચમત્કાર સર્જી શકે છે. આપણું કામ તેમને પ્રાર્થવાનું ને પ્રેમપૂર્વક પ્રાર્થતા રહેવાનું છે. કૃપા કરવી કે ના કરવી એ એમના હાથની વાત છે. આપણે અંતરના ઊંડાણમાંથી પ્રાર્થીએ તો તે કૃપા કરે જ. આપણામાં ફકત વિશ્વાસ, ધીરજ ને હિંમત જોઇએ.' હું કહેતો.

એમને આનંદ અને આશ્ચર્ય બંને થતાં. અધિક આશ્ચર્ય તો થોડાક દિવસ પછી ડોક્ટર આવ્યા ત્યારે થયું. ડોક્ટરે એમને જણાવ્યું : 'તમારું લોહી તદ્દન સુધરી ગયું છે એ જોઇને મને આશ્ચર્ય થાય છે. એવું કેવી રીતે બની શક્યું ? અમે તો હાથ ધોઇ નાખેલા. હવે તમારે અથવા અમારે નિરાશ થવાનું કોઇ જ કારણ નથી. તમારા ફેફસાંમાં પણ સારો સુધારો થયો છે.'

બીજા પંદર દિવસ પછી એમના બંને ફેફસાં સુધરી ગયાં. ડોક્ટરે એમને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હવે તમે બચી ગયા. તમારું જીવન લાંબુ થયું. પરંતુ અમારી દૃષ્ટિએ તો આ એક મોટો ચમત્કાર કહેવાય. આવો અસાધારણ ચમત્કાર કેવી રીતે બની શક્યો ?

ચંપકભાઇએ એમને મારી અને મારી દ્વારા કરાતી પ્રેમપૂર્ણ પ્રાર્થનાની વાત કહી સંભળાવી. તો એમણે કહ્યું : 'ખરેખર એ ઇશ્વરની કૃપા જ કહેવાય. ઇશ્વરની કૃપા સિવાય સંતસમાગમનો એવો સુયોગ ભાગ્યે જ સાંપડી શકે.'

અને થોડીક વાર વિચારીને વિનોદમાં બોલ્યા : 'મને પણ સંતો પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા છે. મારા માતાપિતા તરફથી ધાર્મિક સંસ્કારોની પ્રાપ્તિ થઇ છે. પરંતુ સેનેટોરિયમમાં આવી રીતે જો સંતમહાત્માઓ આવવા માંડશે તો પછી અમારો ભાવ કોણ પૂછશે ? અમારે ઘેર બેસવું પડશે.'

ગમે તેમ પણ ચંપકભાઇની ચિંતા ટળી ગઇ. એ બધું પરમાત્માના અસાધારણ અનુગ્રહનું પરિણામ હતું. આપણા દુઃખ તથા દરદને જોઇને ગભરાવાનું કોઇ કારણ નથી. કારણ હોય તો પણ ગભરાવાથી કોઇ હેતુ નહિ સરે. દુઃખના નિવારણ અને સર્વપ્રકારના વ્યાધિની મુક્તિ માટે એક ઇશ્વરનું શરણ લેવાની આવશ્યકતા છે. એ શરણ સાચા દિલથી લેવાવું જોઇએ. એની પાછળ સરળતા તથા નિષ્કપટતા હોવી જોઇએ. એનો અર્થ એવો નથી કે દુઃખમાં જ ઇશ્વરનું શરણ લેવું જોઇએ. સુખ તથા દુઃખની પ્રત્યેક પરિસ્થિતિમાં આપણે ઇશ્વરપ્રેમથી પ્રેરાઇને ઇશ્વરની અધિકાધિક કૃપા માટે તલસવું જોઇએ. છતાં દુઃખનિવારણ માટે લેવાયેલું ઇશ્વરશરણ પણ વૃથા નથી. પરંતુ એ શરણ દુઃખના નિવારણ પછી પણ જીવનમાં સદાને માટે ચાલુ રહેવું જોઇએ. ઇશ્વર સર્વસમર્થ છે. એમને પ્રાર્થવાથી ને પોકારવાથી માનવમાં નાનામોટાં બધાં જ દુખદર્દ મટી શકે છે. સૌથી મોટો ભારેમાં ભારે ભવરોગ પણ ટળે છે, એવું સમજીને સૌએ વધારે ને વધારે શ્રદ્ધાભક્તિપૂર્વક ઇશ્વરસ્મરણ કરવું જોઇએ. પરંતુ માનવ સાચા વૈદ કે ડોક્ટરને ભૂલી જાય છે એટલે સાચી દવા પણ એના ખ્યાલમાં આવતી નથી. પરિણામે તે ગભરાય છે ને દુઃખના નિવારણ માટે મિથ્યા ઉપાયોને અજમાવે છે. એથી બાહ્ય વ્યાધિ કદાચ ટળે તોપણ આંતરિક વ્યાધિ નથી ટળતો. એ વ્યાધિને મટાડવામાં પરમ પુરુષાર્થ રહેલો છે. એટલાં માટે બહારના ઔષધોને અજમાવવાની સાથે સાથે માનવે ઇશ્વરનાં અનુસંધાનનું અને એના પરિણામે પ્રાપ્ત કરાતી ઇશ્વરની કૃપાનું અલૌકિક ઔષધ અજમાવવાની આવશ્યકતા છે.

ડોક્ટરના સારા સાનુકૂળ અભિપ્રાયથી ચંપકભાઇને અતિશય આનંદ થયો. મેં એમને કહ્યું : 'હવે હિંમત ના હારશો. હજુ તો તમારે લગ્ન કરવાનું છે, અને તે પણ બને તો આ શિયાળામાં જ કરવાનું છે.'

મારા શબ્દોને સાંભળીને તે ચમક્યા. ટી. બી. થયેલો માણસ લગ્ન કરવાનો વિચાર પણ કરી શકે ? અને એવો વિચાર કરીને લગ્ન કરવા તૈયાર થાય તો તેને સંમતિ તથા સહકાર કોણ આપે ?

મેં એમની પાસે એમણે વરસો પહેલાં પસંદ કરેલી કન્યાને પત્ર લખાવ્યો. કન્યાનો પ્રત્યુત્તર પણ આવી ગયો. કન્યાનું મનોબળ પણ ખૂબ જ મજબૂત હતું. એણે ચંપકભાઇને ક્ષય રોગ લાગુ પડ્યો છે એવું જાણવા છતાં અને સગાંસંબંધીઓએ સમજાવવા છતાં ચંપકભાઇ સાથે જ લગ્ન કરવા અને લગ્ન ના જ થાય તો આજીવન અવિવાહિતા રહેવાનો નિર્ણય કરેલો. પાછળથી એ જ કન્યા કનકબેન સાથે એમનું લગ્ન થઇ ગયું. આ સંસારમાં ઇશ્વરની કૃપાથી શું નથી થઇ શકતું ?

ધરમપુરના નિવાસ દરમ્યાન એમને હું મારી અભિનવ વિચારસરણીથી પરિચિત કરતો. એક મહાન પરમાત્માના પરમ કૃપાપાત્ર પૂર્ણ સિદ્ધપુરુષના રૂપમાં વિકાસ કરીને હું માનવકલ્યાણના સેવાકાર્યમાં પ્રવેશવા માંગુ છું તે જાણીને તેમની પ્રસન્નતાનો પાર ના રહેતો. તો પણ મારી ધારેલી શક્તિ ને વિકાસની અસાધારણ અવસ્થાની ઉપલબ્ધિ કરીને હું લોકકલ્યાણનું ઉત્તમ કાર્ય કરી શકીશ કે કેમ તે વિશે તે વારંવાર શંકા કરતા. એ દિવસોમાં એક રાતે એમને એક અવનવો અનુભવ થયો. બીજે દિવસે સવારે તે કહેવા માંડ્યા : 'કાલે રાતે

આપણે વાતચીત કરી અને તમે સૂવા માટે ગયા તે પછી મને તમે વ્યક્ત કરેલા વિચારોમાં શંકા થવા માંડી. એ વખતે મને અચાનક તમારું સ્વપ્નું આવ્યું. તમે અત્યંત તેજોમય સ્વરૂપે શાંતિપૂર્વક બેઠેલા. મારા અંતરમાં અવારનવાર એવી જ ભાવના જાગ્યા કરતી કે તમે જે કહો છો તે સાચું થવાનું છે. એમાં શંકા કરવાનું કોઇ જ કારણ નથી. ત્યારથી મારી સંશયવૃતિ શાંત થવા લાગી છે.'

થોડાક વખત પછી તેમણે આગળ જણાવ્યું : 'એ પછી એક બીજું સ્વપ્ન આવ્યું. એક કાળો કદરૂપો બિહામણો માણસ મારી પાસે આવીને મને ડરાવવા લાગ્યો. એ કરાળ કાળ જેવા માણસને જોઇને હું તરત જ તમારી પાસે દોડી આવ્યો. એ મહાભયંકર માણસે નિરાશ થઇને કહ્યું કે હવે મારું કાંઇ જ નહિ ચાલે. એ માણસ પાસે મારું કાંઇ જ નથી ચાલતું. એ ના હોત તો હું તમને લઇ જાત.'

એવા એવા વિચિત્ર વિસ્મયજનક વાર્તાલાપમાં મારો કેટલોક વખત વીતી જતો. કેટલીક વાર અમે ભક્તિભાવપૂર્ણ હૃદયે ભજનો ગાતા, સંતપુરુષોની ને ભાવિ જીવનની વાતો કરતા, અને ભવિષ્યની યોજનાઓ ઘડતા. ધરમપુરના ટી. બી. સેનેટોરિયમના મારા નિવાસ દરમ્યાન મારા ભોજનનો પ્રબંધ એક સિંધી સદગૃહસ્થને ત્યાં કરવામાં આવેલો. એ પણ ટી. બી. થી પીડાતા. એમના આગ્રહથી હું એમના આરોગ્યને માટે પણ બનતી પ્રાર્થના કર્યા કરતો. એમણે સાંભળ્યું કે સિમલાના માર્ગે ચેલ નામના સ્થળથી થોડેક દૂર જે સિદ્ધ મહાત્માપુરુષ રહે છે તે રોગીને આશીર્વાદ આપીને રોગમુક્ત કરવાની શક્તિ ધરાવે છે. એટલે એમને પણ સ્વાભાવિક રીતે જ આશીર્વાદ મેળવવાની ઇચ્છા થઇ. એમનાથી ચેલ સુધીનો પ્રવાસ થઇ શકે તેમ ન હોવાથી એમણે મને ત્યાં જવાની વિનંતિ કરી ને કહ્યું : 'મારે માટે આશીર્વાદ લેવા મારા રસોઇયાને મોકલું છું. તમારી ઇચ્છા થતી હોય તો સાથે જઇ શકો છો. પર્વતોમાં પરિભ્રમણ કરવાનું ને નવું જોવાનું મળશે. મહાત્મા સાચેસાચ કેવા છે તે પણ તમારી વિશિષ્ટ દૃષ્ટિથી મૂલવીને તમે વિશ્વસનીય રીતે કહી શકશો.'

મને એમનો પ્રસ્તાવ પસંદ પડ્યો. સિદ્ધ મહાપુરુષના દર્શન તથા સમાગમનો લાભ લેવાનું કોને ના ગમે ? એ દરમ્યાન એક નવો જ પ્રસંગ ઉપસ્થિત થયો. એનો ઉલ્લેખ આવશ્યક છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૦. માતા આનંદમયી મેળાપ - ૧

જે સિંધી શેઠને ત્યાં હું જમતો તેમના કુટુંબીજનો શેઠની ઇચ્છાથી કામચલાઉ સમયને માટે સોલનમાં રહેતાં. સોલન સિમલા રસ્તે દસેક માઇલ જેટલું દૂર હવા ખાવાનું સુંદર સ્થળ ગણાતું. ત્યાં લગભગ દર રવિવારે સિંધી શેઠ જતા અને કુટુંબીજનોને મળીને આનંદ અનુભવતા. એમનાં સ્વજનો એમના ક્ષયરોગને લીધે થોડાંક ચિંતાતુર રહેતાં, તો પણ એમને મળીને સંતોષ પામતાં. એક વાર શેઠે મને એમની સાથે સોલન આવવાનું આમંત્રણ આપ્યું. એ આમંત્રણનો મેં સહર્ષ સ્વીકાર કર્યો. ઊંચા ઊંચા સ્થિતપ્રજ્ઞની પેઠે શાંતિપૂર્વક ઊભેલા ને વિસ્તરેલાં પ્રસન્ન પર્વતો, અસાધારણ ભવ્ય નૈસર્ગિક સૃષ્ટિસૌંદર્ય અને વૈવિધ્યપૂર્ણ વનરાજિની વચ્ચેથી પસાર થતાં અમારો મોટરમાર્ગ સહેલાઇથી ક્યાં કપાઇ ગયો અને સોલન ક્યારે આવી પહોંચ્યું એની અમને ખબર ના પડી.

સોલન જઇને એના નાનકડા બજારમાંથી પસાર થઇને અમે એક તરફ એકાંતમાં આવેલા સિંધી શેઠના શાંત મકાનમાં પ્રવેશ્યા. એમના પરિવારના સભ્યોએ અમારો સ્મિતપૂર્વક સત્કાર કર્યો. ત્યાં સોલનના 'સ્વાધ્યાય સદન'ના સંસ્થાપક તથા સંચાલક સુપ્રસિદ્ધ પંડિત શ્રી હરદેવ શર્મા મળ્યા. એ ખૂબ જ વિદ્વાન, નમ્ર, નિરાભિમાની તથા માયાળુ લાગ્યા. એમનો પરમાત્મા પરનો ને પરમાત્માના સાચા પ્રામાણિક પરમ કૃપાપાત્ર સંતમહાત્માઓ પ્રત્યેનો અનુરાગ અનોખો અને યાદ રહી જાય એવો હતો. એ જનહિતના સેવાકાર્યોની અભિરુચિવાળા એક અદભૂત કર્મયોગી હતા. એમના શ્રીમુખથી સમાચાર સાંપડ્યા કે સોલનમાં માતા આનંદમયી ને હરિબાબાજી આવ્યા છે. એ સમાચાર સાંભળીને મને આનંદ અને આશ્ચર્ય બંને થયા. માતા આનંદમયીને મળવાની ઇચ્છાથી પ્રેરાઇને થોડાક વખત પહેલાં જ હું આલ્મોડા જઇ આવેલો. એમને એ વખતે મળવાનું ના બન્યું હોવા છતાં પણ એમને મળવાની આકાંક્ષા અંતરમાં અખંડ હતી. એમના મિલનનો આનંદદાયક અવસર આમ આકસ્મિક રીતે આવી પહોંચશે એની કલ્પના પણ ન હતી. પરંતુ જીવનમાં એવી કેટલીય કલ્પનાતીત વિસ્મયકારક વસ્તુઓ થયા કરે છે. આપણે જેનું અનુમાન પણ ના કર્યું હોય એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે એ શું સાચું નથી ?

માતા આનંદમયીના સુખદ સ્વર્ગીય સમાગમનો સુવર્ણ સમય સમીપ આવ્યો, એ જાણીને મને અસાધારણ આનંદ થયો. ઇશ્વરે મારી આજ સુધીની સઘળી ઇચ્છાઓને એક અથવા બીજી રીતે સંતોષેલી તેમ તે ઇચ્છાની પૂર્તિ માટેની પૂર્વભૂમિકાને તૈયાર કરેલી. માતાજીનો મળવાનો સમય સાંજના ચાર પછીનો હોવાથી તે સમયે અમે એમને મળવા માટે જઇ પહોંચ્યા. એમના ઉતારાનું સ્થળ પર્વતપંક્તિની વચ્ચે એકાંતમાં આવેલું અને અતિશય રમણીય હતું. સોલન શહેરનો કેટલોક વિસ્તાર ત્યાંથી સારી પેઠે દૂર-સુદૂર સુધી વિસ્તરેલો પર્વતની પ્રશાંત તળેટીમાં દેખાતો.

મકાનની બહાર બેચાર બેનો ફરતી દેખાઇ.

થોડી વાર પછી મકાનનું દ્વાર ઉઘડ્યું એટલે અમે અંદર પ્રવેશ્યા. અંદર માતા આનંદમયી ઉભેલાં. અમને નિહાળીને એમણે સ્મિત કર્યું. અમે એમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. બધાં નીચે બેઠાં. હું માતાજીના મુખમંડળ સામે જોવા માંડ્યો. એ મુખમંડળ ખૂબ જ શાંત, તેજસ્વી, પ્રસન્નતાથી પુલકિત તથા પરિપ્લાવિત,

સહજ અને નિર્દોષ આનંદથી અલંકૃત તેમ જ મધપુડા જેવું મધુર હતું. એમણે સફેદ વસ્ત્રો પહેરેલાં. એમની પીઠ પાછળ કાળા ખુલ્લા વાળ ફેલાયેલા. એમનું દર્શન ખરેખર આકર્ષક, આહ્‌લાદક, અદભૂત હતું. એમને અવલોકીને આંખ થાકતી કે કંટાળતી નહોતી. એમને લીધે આજુબાજુનું સમસ્ત વાયુમંડળ વિશદ અને સજીવ બની ગયેલું.

અમે ઓરડામાં પ્રવેશ્યા ત્યારે જ માતાજીએ મારા તરફ જોઇને 'આવી ગયા ?' એવું એમની લાક્ષણિક રીતે કહેલું. એના અનુસંધાનમાં એમણે ઉમેરેલું કે મેં તેમને અનેક વાર જોયા છે. એ જોવાનું અલબત્ત ધ્યાનાવસ્થામાં જ હતું. એમણે એમની લાક્ષણિક રીતે સહજ સ્ફુરણાથી મને જોતાંવેંત 'આ જ વેશ રાખશો ?' એવું પણ પૂછેલું. એ વખતે મારો બાહ્ય વેશ કેવો હતો ? કમર પર વીંટેલો ઘૂંટણ સુધીનો દોઢ વારનો સફેદ ખાદીનો ટૂકડો, શરીર પર અઢી વારની સફેદ ખાદીની ચાદર, કૌપીન, ચંપલ, દાઢી અને જટા. ઇ. સ. ૧૯૪૨થી આરંભીને ઇ. સ. ૧૯૫૭ સુધી મારો એવો જ વેશ હતો, વચ્ચે ઇ. સ. ૧૯૫૦ દરમ્યાન મેં ઇશ્વરેચ્છાને અનુસરીને દાઢી કઢાવી નાખેલી, એટલું પરિવર્તન એમાં અવશ્ય આવેલું.

મેં એમને મારા આલ્મોડા પ્રવાસ વિશે વાત કરી. થોડી વાર પછી ત્યાં હરિબાબાજી આવી પહોંચ્યા. હરિબાબા ઉત્તર ભારતમાં એક ભક્તહૃદયના સારા, વિદ્વાન, શાસ્ત્રજ્ઞ સંતપુરુષ તરીકે પ્રખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકેલા ને વધારે ને વધારે પ્રખ્યાતિ પામતા જતા'તા. એ સંન્યાસી હતા ને માતા આનંદમયી પાસે આવીને નિયત સમયે તુલસીકૃત રામાયણનો ઉપસ્થિત શ્રોતામંડળ પાસે ટીકા સાથે પાઠ કરતા.

હું માતાજી સામે જોઇ જ રહ્યો. માતાજીનું મુખમંડળ અતિશય શાંત, આકર્ષક, ભાવમય હતું. એ નમ્રતા, સરળતા, શુચિતા અને પ્રેમની પ્રતિમૂર્તિ જેવા દેખાતાં. એમના અંતરાત્માની ઉદાત્તતાનું અનુમાન પ્રથમ દૃષ્ટિએ જ કરી શકાતું. એમની આજુબાજુના વાયુમંડળમાં કોઇક અપાર્થિવ અલૌકિક તત્વ પ્રવેશ પામ્યું હોય એવી અનાયાસ પ્રતીતિ થતી. મેં એમને ત્યાં રહેવા માટે પૂછી જોયું. એમણે મને ત્યાં રહીને એ વિશુદ્ધ વાયુમંડળનો ઇચ્છાનુસાર લાભ લેવાની અનુમતિ આપી. એથી મને આનંદ થયો. બેચાર દિવસમાં સોલન આવીને માતાજીની સંનિધિમાં રહી શકીશ એ વિચારથી મારું મન અસાધારણ સંતોષાનુભવ કરવા લાગ્યું. લાંબા સમયની શુભેચ્છાને સંતોષવાનો સમય આવે ત્યારે કોને આનંદ ના થાય ? આમ આટલા સમય પછી મને સમજાય છે કે પરમકૃપાળુ અનંતલીલામયી જગદંબાએ મારા એ વખતના જીવનમાં એ પ્રસંગને પોતાની પરમકૃપાના પરિણામે જ પેદા કરેલો. મારા તત્કાલીન જીવનમાં મારી જે જે વ્યક્તિવિશેષને મળવાની અને એના દ્વારા શકવર્તી સહાય મેળવવાની આકાંક્ષા હતી, તે તે વ્યક્તિવિશેષના સુખદ સમાગમમાં પરમકૃપાળુ જગદંબાએ મને લાવી મૂક્યો. એવી રીતે અનેકવિધ અસાધારણ આત્માઓના અપરોક્ષ અનુભવનો અવસર આપીને મારા મનને આખરે સૌથી ઉપરામ બનાવ્યું. એવી અલૌકિક અંતરંગ અવસ્થાની જીવનમાં આવશ્યકતા હતી. એની લીધે જ હું વખતના વીતવાની સાથે મનોવૃતિને શુભાશુભમાંથી સંકેલી લઇને કેવળ મારા જ પગ પર ઉભો રહ્યો અને એકમાત્ર મારામાં જ શ્રદ્ધા રાખીને જગદંબાની કૃપાનો ચાતક બનીને જીવી રહ્યો. પરંતુ એ ઇતિહાસનો પરિપૂર્ણ ઉલ્લેખ તો હું ક્રમેક્રમે કરીશ. હમણાં તો આપણે સોલન તથા ધરમપુર વચ્ચે મોટર મારફત મુસાફરી કરીએ એ જ બરાબર છે. કેમ કે એમાંથી એક અગત્યનો પ્રસંગ હાથ લાગે તેમ છે.

મોટરમાં મેં માતા આનંદમયી વિશે વાતચીત કરવા માંડી. એ દરમ્યાન પેલા ધર્મપ્રેમી સિંધી સદગૃહસ્થે મને પૂછ્યું : 'માતા આનંદમયીને તમે જીવનમુક્ત માનો છો ?'

મેં કહ્યું : 'હા, એ એક ઉચ્ચ કોટિનાં અસાધારણ અનુભવસંપન્ન મહાન સાધ્વી છે. તેવું તમને ના લાગ્યું ?'

એમને મારો એ અભિપ્રાય પસંદ ના પડવાથી એ તરત જ બોલી ઉઠ્યા : 'જીવનમુક્તના મોઢા પર માખી બેસે ? તેમના મોઢા પર માખી બેસતી. તેમને ત્યાં બેઠેલી બેનો હાથમાં પંખો કે રૂમાલ લઇને ઉડાડતી. અમે એમને જીવનમુક્ત ના કહીએ. એ તો ઢોંગી છે. એમની આજુબાજુના વાતાવરણમાં યુવાન છોકરીઓ એમનું અંધાનુકરણ કરતી હોય તેમ વાળને છૂટા રાખીને ફર્યા કરે છે. એમની શિષ્યાઓ દેખીતી રીતે જ ચંચળ મનની ને વિલાસપ્રિય છે. મને તો એવા વિલાસી વિકૃત વાતાવરણમાં જરા પણ ના ગમ્યું.'

એમની વિચારધારા વિચિત્ર હતી. મને એની કલ્પના પણ નહોતી. મેં એમને સહેજ પણ અસ્વસ્થ બન્યા સિવાય શાંતિપૂર્વક જણાવ્યું : 'જીવનમુક્તના મોઢા પર માખી બેસે જ નહિ એવું કોણે, કયા ગ્રંથે કે સંતે કહ્યું ? એના મોઢા પર માખી બેસે તો શું થઇ ગયું ? કોઇ એને ઉડાડે તો એથી એની જીવનમુક્તિમાં શો અને શી રીતે બાધ આવવાનો છે ? મોટા ભાગની યુવાન છોકરીઓ તો પોતાના વડીલો સાથે ત્યાં માતા આનંદમયીના દર્શન તથા સત્સંગનો લાભ લેવા આવેલી છે. તમે તેમનામાં ઇશ્વરીય પ્રકાશનું દર્શન શા માટે નથી કરતા ? જે સ્વયં વિલાસી છે તેમને તો તે બેનોના સ્વાભાવિક વ્યવહારમાં વિલાસ જ દેખાવાનો. તેમાં દોષ તેમની અશુદ્ધ આંખનો નથી ? જીવનમુક્તની પરીક્ષા મુખ પર માખી બેસવા ના બેસવાથી નથી થતી. તેની પરીક્ષા તો તેનું જ્ઞાન, તેની શાંતિ, સ્થિરતા, કામક્રોધરહિતતા અને એના જિતેન્દ્રિયપણા પરથી થાય છે ને થવી જોઇએ. જીવનમુક્ત આત્માને ઓળખવા માટે એના અંતરના ઉંડાણમાં ડોકિયું કરવું જોઇએ. એના બાહ્ય વેશ તથા વ્યવહાર પરથી એના મૂલ્યાંકનની કોશિષ કરીએ તો એ કોશિષ નિરર્થક જ નીવડે.'

પરંતુ એમનું મન માન્યું નહિ. એ પોતાને જ સૌથી વિશેષ બુદ્ધિશાળી અને સંતપારખુ ઝવેરી જેવા સમજતા હોય એવું જણાયું. એ અવસ્થામાં એમની સાથે વધારે વાદવિવાદ કરવાનું અનુચિત લાગ્યું. સંતમહાત્માઓના સેવક તરીકે તેમની ટીકા અથવા આલોચના કરવાનો એમનો અબાધિત અધિકાર છે, એવી એમની માન્યતા હતી; પરંતુ એ ટીકા અથવા આલોચના બુદ્ધિયુક્ત હોવી જોઇએ, એ એમની બુદ્ધિની બહાર હતું. ઘણાં માણસો એવી રીતે મહાત્મા પુરુષોની પરીક્ષા કરવા જાય છે ને નાના કે મોટાં બાહ્ય વ્યવહાર પરથી એમના સંબંધી અભિપ્રાયો બાંધે છે. એ અભિપ્રાયો ઉપલકિયા અને ઉતાવળિયા હોવાથી મોટે ભાગે મિથ્યા હોય છે. તો પણ માણસો જક્કી બનીને એમને સાચા જ માની લે છે. એથી વધારે મોટી ક્ષતિ બીજી કઇ હોઇ શકે ? મહાત્મા પુરુષો વિશે જે પણ અભિપ્રાયો ઉચ્ચારવામાં આવે તે પૂરતા ચિંતનમનન અને અનુભવ પછી ઉચ્ચારવા જોઇએ, અને એ પહેલાં બને તો એમના પ્રત્યક્ષ પરિચયયમાં આવીને એમના જીવન તેમ જ મહિમાથી પૂર્ણપણે માહિતગાર થવું જોઇએ. સામાન્ય માનવના અંતરને પણ અલ્પ વખતમાં ઓળખી શકાતું નથી તો અસામાન્ય અવસ્થા પર આસીન મહાત્મા પુરુષોના અંતરને કેવી રીતે ઓળખી શકાય ?

મેં એમને જણાવ્યું : 'માતા આનંદમયીનું દર્શન ફરી વાર કરી જોજો. એ વખતે વધારે જાણવાનું મળશે.'

પરંતુ માખીનો એટલો પ્રસંગ પેખ્યા પછી એમણે માતા આનંદમયીના પુનઃદર્શનનો વિચાર માંડી વાળ્યો. એ પછી એ સોલન ગયા ખરા પરંતુ માતાજીને ના મળ્યા. પોતે એવો નિર્ણય કરી શક્યા એને એ એમનું પરમ સદભાગ્ય સમજતા. એ સદભાગ્ય હતું કે કમભાગ્ય તે કોણ કહી શકે ?

એ સિંધી શેઠ બીજી રીતે ખૂબ જ ધર્મપ્રેમી, સંતચરણાનુરાગી, સેવાભાવી, નમ્ર ને દયાળુ હતા. ચંપકભાઇના ભોજનની સઘળી સંભાળ રાખવા ઉપરાંત સેનેટોરિયમમાં રહેતા એક બીજા દરદીને પણ એ ભોજનાદિ મોકલતા. મારું આતિથ્ય પણ એ જ કરતા, અને એ પણ કોઇ પણ પ્રકારની અરુચિ વિના ખૂબ જ પ્રેમપૂર્વક.

માતા આનંદમયીનો મધુમય મેળાપ સોલનમાં તારીખ ૨ જી જૂન ૧૯૪૬ ના દિવસે થયેલો. એ પછી આખોય જૂન માસ એ જ વાતાવરણમાં પસાર થયો. એનું વિહંગાવલોકન કરવાનું અસ્થાને ન ગણાય.

ધરમપુર આવ્યા પછી ત્રણેક દિવસે હું ફરી વાર સોલન ગયો. માતા આનંદમયીએ મારી વ્યવસ્થાનું કાર્ય એકબે બંગાળી સદગૃહસ્થને સોંપ્યું. એ ત્યાં એમના દર્શન-સત્સંગનો લાભ લેવા માટે અસાધારણ શ્રદ્ધા-ભક્તિથી પ્રેરાઇને આવેલા. એમણે મારી રહેવાની વ્યવસ્થા તો કરી પરંતુ એ સૌની સાથે એમનામાં પ્રાંતીયતા વિશેષ હોવાથી ને કેટલાક બીજા કારણોને લીધે મને રહેવાનું ના ફાવ્યું. ત્યાં સ્ત્રીપુરુષો બધા મળીને આશરે પચાસ સત્સંગીઓ હતા. તેમનું સ્વતંત્ર રસોડું ચાલતું અને એનો ખર્ચ સોલનના નરેશ તરફથી અપાતો.

મારે સોલનના સુપ્રસિદ્ધ જ્યોતિષી શ્રી હરદેવ શર્મા સાથે પરિચય હતો. એમની પાસે જે નાનુંસરખું ખાલી મકાન હતું તેમાં મને ઉતારો આપવા એમણે તૈયારી બતાવી. એટલે મેં એ મકાનમાં સ્વતંત્ર રીતે રહેવા માંડ્યું. એવી રીતે સોલનમાં રહેવાની મુશ્કેલી દૂર થઇ. પરંતુ મારે તો ત્યાં રહીને માતા આનંદમયીનો સંપર્ક સાધીને એમની સાથે કેટલોક સાધનાવિષયક વાર્તાલાપ કરવો હતો. એને માટે થોડોક સાનુકૂળ સમય મેળવવો હતો. માતા આનંદમયીના એકાંત ઉતારા પર લગભગ આખા દિવસ દરમ્યાન એક અથવા બીજી જાતનો સત્સંગ કાર્યક્રમ ચાલ્યા કરતો. વહેલી સવારે હરિબાબા કીર્તન કરવા આવતા. એ પછી નવ વાગે આવીને અગિયાર વાગ્યા સુધી માતાજીનું જીવનચરિત્ર વાંચતા. એ પછી વિશ્રામ રહેતો. સાંડે છ થી સાડા સાત વાગ્યા સુધી સોલનના રાજમાતા આવતાં. તે વખતે પુરુષ વર્ગને હાજર રહેવાની મનાઇ રહેતી. રાતે આઠથી દસ સુધી ભજનકીર્તન તથા ઇતર સત્સંગનો કાર્યક્રમ ચાલતો. એવા સુનિશ્ચિત કાર્યક્રમમાંથી સમય મેળવીને મારે માતાજી સાથે વ્યક્તિગત વાતચીત કરવી હતી. એ કામ ધાર્યા જેટલું સહેલું ન હતું. તો પણ મને પરમકૃપાળુ પરમાત્માની અચિંત્ય શક્તિમાં વિશ્વાસ હોવાથી એવું લાગતું કે એ એક અથવા બીજી રીતે અનુકૂળતા કરી આપશે.

અને એક સાંજે એવી અનુકૂળતા આવી પહોંચી. જેમને વ્યક્તિગત વાર્તાલાપ કરવો હોય તેમને વારાફરતી વખત મળ્યો. હું પણ મારો વારો આવતા માતા આનંદમયી પાસે જઇ પહોંચ્યો. મારે જણાવવું જોઇએ કે એ વખતે મારું અંતર વધારે પડતું ભાવપ્રધાન હતું. એટલા માટે વાતચીતના આરંભમાં મેં

માતાજીને મારા ભૂતજીવનનો ઉડતો પરિચય આપ્યો અને મારા પૂર્વજન્મની ઝાંખી સમજ પૂરી પાડી. મારા પૂર્વજન્મની વાતના શ્રવણનો પ્રત્યાઘાત એમની ઉપર સારો અથવા અનુકૂળ પડ્યો હોય એવું મને ના લાગ્યું. એમના મુખ પરનો આનંદ કોણ જાણે કેમ પણ થોડોક વખતને માટે ઉડી ગયો. મને એવું લાગ્યું કે મારા પૂર્વજન્મની માહિતીના શબ્દો સાંભળવાની પર્યાપ્ત પૂર્વતૈયારીનો અભાવ હોવાથી એમની પ્રતિક્રિયા બહુ સારી નથી થઇ. મને એમ પણ થયું કે મારા પૂર્વજન્મની અસાધારણ મૂલ્યવાન માહિતીને પ્રકટ કરવામાં મારાથી થોડીક અકારણ ઉતાવળ થઇ ગઇ. પરંતુ એનો કોઇ ઉપાય ન હતો. સરિતાનું સલિલ સારી પેઠે સરી ગયેલું. એની પાછળનો મારો હેતુ શુભ હોવા છતાં પણ એની સિદ્ધિની કશી આવશ્યકતા ના લાગી. મેં નિર્ણય કર્યો કે હવે પછી કોઇ વાર જીવનના અંતરંગ આધ્યાત્મિક અનુભવોની અભિવ્યક્તિ પ્રગાઢ પરિચય અને અનિવાર્ય આવશ્યકતા સિવાય ક્યાંય કોઇની આગળ કરવી નહિ. માતાજીની શક્તિ તથા સુયોગ્યતા વિશે મારા મનમાં શંકા અથવા અશ્રદ્ધા તો ના થઇ, પરંતુ એમની પાસે રહેવાથી મારી મનીષા મુજબ કોઇ વિશેષ હેતુ નહિ સરે એવો ભાવ મારા મનમાં દિનપ્રતિદિન દૃઢ થતો ગયો. જો કે એમનો અને મારો મેળાપ અચાનક થઇ ગયેલો, તોપણ તે મારે માટે લાભકારક થઇ પડ્યો. મારું સમગ્ર ધ્યાન જેને હું આજ સુધી પૂજતો, પ્રાર્થતો તથા સાક્ષાત કરવા પ્રયાસ કરતો તે જગદંબા તરફ દોરાયું. મેં એનો એ મંગલમય મેળાપ કરાવવા માટે આભાર માન્યો. એના વિના મારી એક ઉત્તમ ઇચ્છા અધૂરી રહી જાત અને મારે માટે એક પ્રકારના અનિવાર્ય અસંતોષનું કારણ થાત. ઇશ્વરની કૃપા અપાર છે. જે એમનું સદબુદ્ધિથી શરણ લે છે તેની સઘળી સંભાળ રાખવાની જવાબદારી તે ઉપાડી લે છે, તેના બધા જ કોડ પૂરા કરે છે, અને એની બુદ્ધિ તથા રસવૃત્તિને સર્વ તરફથી સંકેલી લઇને કેવળ પોતાના ચારુ ચરણોમાં કેન્દ્રિત કરે છે. એનું કદી, ક્યાંય, કોઇયે કારણે અમંગળ નથી થતું.

મેં માતાજીને એમની સાથે ભવિષ્યમાં રહેવાની શક્યતા વિશે પૂછી જોયું તો એમણે ઉત્તર આપ્યો : 'દીદીને પત્ર લખવાથી એની માહિતી મળી રહેશે. કોઇ વાર હું એકાંતમાં રહેતી હોઇશ ત્યારે તમને મારી પાસે બોલાવી લઇશ.'

એમનો ઉત્તર સાંભળીને મને સંતોષ થયો.

એમને પ્રણામ કરીને હું બહાર નીકળ્યો.

આનંદમયી માતા સાથેનો વાર્તાલાપ પૂરો થયો. જે જે જરૂરી લાગી તે બધી જ વાતો મેં કરી લીધી. એટલે એમની પાસે અધિક રોકાવાની આવશ્યકતા ના રહી.

રાતે થોડાક સમય સુપ્રસિદ્ધ પંડિત શ્રી હરદેવ શર્મા પાસે બેસતો. તે ખૂબ જ પ્રેમાળ, પ્રામાણિક, નમ્ર તેમજ બુદ્ધિશાળી હતા. તેમણે મારી જન્મકુંડલીને જોઇને જણાવ્યું કે 'લાખોમાં આવી કુંડલી કોઇ વિરલ વ્યક્તિવિશેષને જ મળી શકે છે. આવી કુંડલી કૃષ્ણ કે રામની હતી. આ તો અવતારી પુરુષની કુંડલી છે.' એ ઉપરાંત બીજી કેટલીક વાતો કહી બતાવી. એમની વાતો અવનવી અને રોચક હતી. એમના કથનમાં કેટલી યથાર્થતા હતી તે તો સ્વાનુભવસંપન્ન પંડિતો જ જાણી શકે. મારામાં તો હજુ કેટલીય ત્રુટિઓ હતી. એ ત્રુટિઓમાંથી મુક્તિ મેળવીને મારે પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થવાનું હતું. ત્યાં સુધી, મારી અલ્પતાને ઓળખવા છતાં હું કોઇના કહેવાથી મને મહાપુરુષ માની લઉં તે કેમ બને ? મહાપુરુષ અથવા અવતારી પુરુષ એ

શબ્દો ખૂબ જ સુંદર હોવાં છતાં એમની જવાબદારી કેટલી બધી ભારે છે તે હું જાણું છું. એથી હું તો મને એક સાધારણ માનવ માનું છું. ઇશ્વરની પ્રાપ્તિ કરવાનો ને પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થવાનો ધર્મ બજાવવામાં જ મારો આનંદ છે. નાના મોટાના વિવાદમાં પડવાની વૃતિ તથા પ્રવૃતિ મને પસંદ નથી. મહાપુરુષ તો પોતાને સૌની રજ બરાબર લેખે છે. એને કોઇ પ્રકારનું મિથ્યા અભિમાન ક્યાંથી હોઇ શકે ? હું તો હજી ભૂલથી ભરેલો સામાન્ય માનવ છું.

પરંતુ પંડિતજી મારી વાતને માને તેમ નહોતા. તેમણે જણાવ્યું કે 'તમારું જીવન ઉજ્જવળ છે અને અતિશય ઉજ્જવળ બનવાનું છે.'

મેં તેમને મારો બીજે દિવસે ધરમપુર જવાનો નિર્ણય જણાવ્યો. તેમની ઇચ્છા હું સોલનમાં વધારે રહું તેવી હતી. પરંતુ મારા નિર્ણય પાસે તેમનું શું ચાલે ? બીજે દિવસે સવારે સામાનના ખાદીના થેલાને ખભે ભરાવીને ને પિત્તળના ડબાને હાથમાં લઇને મેં સોલન છોડ્યું. દસ માઇલનો ચઢાવ ઉતરાવવાળો પગપાળો પર્વતીય પ્રવાસ કરીને આશરે અગિયાર વાગે હું ધરમપુર પહોંચ્યો. પેલા સિંધી સદગૃહસ્થ મને જોઇને ખૂબ જ ખુશ થયા ને બોલ્યા : 'હું તમને નહોતો કહેતો કે તમને ત્યાં નહીં ફાવે ? ત્યાંના કરતાં અહીં કેટલું સારું છે ? હવે અહીં જ રહો.'

મેં વિશેષ ચર્ચા ના કરી. ભોજનવિધિથી પરવારીને હું ચંપકભાઇને મળવા ગયો. મેં તેમને મારી અનુભવવાત કહી.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૧. માતા આનંદમયીનો મેળાપ - ૨

ધરમપુરમાં પાછા ફર્યા પછી એક બીજા રવિવારે સંતપ્રેમી સદધર્મપરાયણ સિંધી શેઠની લાગણીને લક્ષમાં લઇને મારે પુનઃ સોલન જવાનું થયું ત્યારે સહજ રીતે જ માતા આનંદમયીને મળવાનો વિચાર થયો.

માતાજીના નિવાસસ્થાન પર જઇને જોયું તો મારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે માતાજી મકાનની બહાર ઊભાં ઊભાં કેટલીક દર્શનાર્થી બેનો સાથે વાતચીત કરી રહેલાં. મને નિહાળીને એ અસાધારણ ભાવપૂર્વક સુધાસભર સ્વરમાં સત્વર બોલી ઊઠ્યાં : 'અરે, તમે ક્યાં ચાલ્યા ગયેલા ? તમે તો કહ્યા વિના જ જતા રહ્યા ! અમને ખબર પણ ના આપી ?'

મેં કહ્યું : 'મને અહીં રહેવાની ઇચ્છા ના થઇ એટલે હું વિદાય થયો.'

એમની આંખમાં પ્રેમના અશ્રુ આવી ગયાં. એમનો સ્વર કાંઇક કરુણ અને સંવેદનશીલ બની ગયો : 'હા, તમે અહીં શું કામ રહો ? તમારી સેવા કરનારા તો બીજા ઘણા હશે.'

એ એમનું બીજું સ્વરૂપ હતું. એમના વિરાટ વિશદ વ્યક્તિત્વનું એક અન્ય અનોખું પાસું. એમના વિશાળ વૈવિધ્યપૂર્ણ વ્યક્તિત્વનાં એવાં અન્ય કેટલાં પાસાં હતાં તે ચોક્કસપણે કોણ કહી શકે ? એની સુનિશ્ચિત કલ્પના પણ કોણ કરી શકે ?

અમે અંદર હોલમાં ગયાં ને બેઠાં. એમનું મુખમંડળ ખૂબ જ પ્રેમમય લાગ્યું.

થોડીવાર પછી એમણે કહ્યું : 'ગુજરાતી ભજનનો ઢાળ કેવો હોય છે ? મને સાંભળવાની ઇચ્છા છે.'

'ગુજરાતી ભજન ઢાળ તેમજ ભાવની દૃષ્ટિએ ખૂબ જ સુંદર અને મધુર હોય છે. સંભળાવું ?'

એમણે હા કહી. એક બેને મારી સુચનાનુસાર મંજીરા લાવી આપ્યાં.

માતાજીએ સહજ સરળતાપૂર્વક જણાવ્યું : 'આ બધાં ઉતાવળ કરે છે. હમણાં મને જમવા બોલાવશે.'

તેમનું ભોજન તૈયાર હોવાથી મેં તેમને જમી આવવાની સૂચના કરી.

જમીને થોડા જ વખતમાં બહાર આવ્યાં ને બોલ્યાં : 'હવે સંભળાવો.'

મેં શાંતિપૂર્વક ગાવા માંડ્યું :

સકળ સૃષ્ટિનું મધુ લઇને બન્યું મ્હારી 'મા'નું મુખ.

પ્રેમ લઇને સકળ સૃષ્ટિનો પ્રકટ થયું એ પુષ્પ પ્રફુલ્લ,<br>
ઉષાકમળની રક્તિમાભર્યું, અમૃતનું જાણે એ મૂળ ... સકળ સૃષ્ટિનું

અશાંતિ એને સ્પર્શ કરે ના, પરમ શાંત મંગલ મધુરૂપ,<br>
અશુદ્ધિની છાયા ના એમાં, શાંતિસ્થાન સૌનું જ્યમ દ્રુમ ... સકળ સૃષ્ટિનું

એ નયનો ગંગાજમના ને સૂર્યચંદ્રતારકનાં મૂળ,<br>
સુંદર સત્ય સનાતન સર્વનું એ મુખ પૂર્ણ પુરાતન મૂળ ... સકળ સૃષ્ટિનું

સ્વર્ગ મુક્તિની કરી કલ્પના કવિએ જોઇને એ મુખ,
'પાગલ' મુખને જોઇ જોઇ હું તો વહી જઉં રસને પૂર ... સકળ સૃષ્ટિનું

ભજનનો ભાવાર્થ મેં તેમને સમજાવ્યો. એ ભાવાર્થ તથા ભજન તેમને ખૂબ જ પ્રિય લાગવાથી અને પસંદ પડવાથી ત્યાં બેઠેલી બેનોને તેમણે લિપિબદ્ધ કરવાની આજ્ઞા કરી. એ આજ્ઞાને અનુસરી બેનોએ એ ગીતને તરત જ લિપિબદ્ધ કર્યું.

એ પછી મેં બીજું ભજન સંભળાવ્યું. તે પછી સૌ વિખરાયાં. ત્યાં એક અંગ્રેજી સત્સંગી બેન હતી. તે ભારતમાં આધ્યાત્મિક પ્રેરણા, પથપ્રદર્શન, તથા શાંતિ મેળવવા માટે કેટલાક વખતથી વિચરણ કરતી. શ્રી અરવિંદ અને રમણ મહર્ષિનો દિવ્ય દર્શનલાભ પણ લઇ ચૂકેલી. તેને માતા આનંદમયીની શાંત સુખદ સંનિધિમાં શાતિ સાંપડતી ને સારું લાગતું. આ સંસારમાં પૂર્વજન્મના પ્રબળ સંસ્કારથી કોણ કોની સાથે સંધાયલું છે અને કોને કોની પાસેથી પ્રેરણા, પ્રકાશ તથા શાંતિ સાંપડશે તે કોણ કહી શકે ? એ તો પ્રત્યેકના સ્વાનુભવ પરથી જ સમજી અથવા સમજાવી શકાય. અતીતકાળના કોઇ અજ્ઞાત સંસ્કારથી પ્રેરાઇને એ બેનનો અલૌકિક અંતરાત્મા ભારત પ્રત્યે આકર્ષાઇને ભારતના પ્રાતઃસ્મરણીય સંતપુરુષોની સંનિધિમાં સ્વર્ગસુખને માણી રહેલો. એને એવા જ કોઇક અદૃષ્ટ કર્મસંસ્કારોને લીધે માતા આનંદમયી પાસે વધારે સારું લાગતું. એને મારા ભજનોનો ભાવાનુવાદ ગમ્યો. એણે કહ્યું : 'તમારા ભજનો ખૂબ જ સુંદર થયાં.' ત્યારથી તે બેનનો મારા પ્રત્યેનો પ્રેમભાવ વધી પડ્યો.

સાંજે અમે ફરી પાછા ધરમપુર પહોંચ્યા. એ પછી પંડિત શ્રી હરદેવ શર્માના પ્રેમાગ્રહથી હું થોડા દિવસ સોલન રહી આવ્યો. એ વખતે માતાજીને મળવાનો આનંદદાયક અવસર પણ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થયો. તેમને વ્યક્તિગત રીતે મળવાની મારી ઇચ્છા તો તેમની સાથેના પ્રથમ સંવાદ પછી શાંત થયેલી.

માતા આનંદમયીનું વ્યક્તિત્વ વિરાટ અને વિલક્ષણ હતું. એમનો પવિત્ર પ્રબળ પારદર્શક પ્રેમ, અલૌકિક આનંદ, ભાવ અને એમની અદભૂત નિખાલસતા, નિરાભિમાનીતા તેમ જ ઊંડી શાંતિ, સઘળું પ્રશસ્ય લાગતું. પ્રથમ દૃષ્ટિએ જ કહી શકાતું કે એ એક અસાધારણ ઉચ્ચ યોગિની છે. ભારતની સાંપ્રત સમયની આધ્યાત્મિક મહાન વિભૂતિઓમાં એમનું સ્થાન આગળ પડતું છે અને રહેશે એમાં શંકા નથી.

સોલનના સુંદર શાંત પર્વતપ્રદેશમાં માતા આનંદમયીના સુખદ સાનિધ્યમાં જે દિવસો પસાર થયા એ ખરેખર અવર્ણનીય આનંદથી ભરપૂર હતા. તે સુંદર દિવસોની સ્મૃતિ થાય છે ત્યારે આજે પણ અંતર ગદગદ બની જાય છે.

એ વખતની મારી અવસ્થા કેવી હતી ? પચીસેક વરસની વયના એક મહત્વકાંક્ષી, ઉત્સાહી, આશા, શ્રદ્ધા, હિંમતભરેલા નવયુવાનની કલ્પના કરી જુઓ. ખભે ખાદીનો થેલો લટકાવી અને હાથમાં પિત્તળનો નાનકડો કમંડલનું કામ આપનારો ડબો લઇને મેં માતા આનંદમયીના ઉતારામાં પ્રવેશ કર્યો. સવારનો સમય હતો એટલે માતાજી ધ્યાનમાં બેઠેલાં. એમના મકાનનાં બારીબારણાં બંધ હોવાથી હું બહાર આંટા મારવા

માંડ્યો અને પછી મકાનની ઓસરીમાં બેઠો. દૂર દૂર ઊંચા લીલાછમ સુંદર પર્વતો દેખાઇ રહેલા. એમને લીધે આજુબાજુનું વાતાવરણ અતિશય આકર્ષક અને આહ્‌લાદક લાગતું.

થોડીવાર પછી ત્યાં એક પ્રૌઢાવસ્થાએ પહોંચેલા દેખાતા સત્સંગી સદગૃહસ્થ આવી પહોંચ્યા. તે માતાજીના સાનિધ્ય તથા સત્સંગનો લાભ લેવા છેક કલકત્તાથી આવેલા. તે મારું ખૂબ જ બારીકાઇથી નિરીક્ષણ કરવા લાગ્યા.

'તમે અહીં સત્સંગ કરવા આવ્યા છો ?' મેં તેમની સાથે સાધારણ વાતચીત કર્યા પછી તેમને પૂછ્યું.

'ના, લાડુ ખાવા માટે આવ્યો છું.'

'લાડુ ખાવા ?'

'હા, લાડુ ખાવા.'

તેમના મનમાં એમ હતું કે મારા જેવા યુવાનો ત્યાં મિષ્ટાન્ન ખાવા ને મોજશોખ કરવા જતા હશે. તેથી તેમણે મને લક્ષ્ય કરીને એવો ઉડાઉ ઉત્તર આપ્યો.

પછી તો તેમણે મારી સાથે અંગ્રેજીમાં અલકમલકની વાતો કરવા માંડી. મેં તેમને હિંદીમાં ઉત્તરો આપવા માંડ્યા.

તે બોલ્યા : 'તમે અંગ્રેજીમાં બોલોને. અગ્રેજી ભાષા બહુ સારી છે.'

મેં કહ્યું : 'અંગ્રેજી કરતાં મને હિંદીમાં બોલવું વધારે સારું ફાવે છે. અંગ્રેજીનું મારું જ્ઞાન ઘણું થોડું છે. ઘણુંખરું ભૂલી ગયો છું.'

તેમની મુખાકૃતિ જરા જુદી થઇ ગઇ. તે તરત જ બોલી ઉઠ્યા, 'ભૂલી ગયા છો ? એ વળી કેવું ? તમે તો બધું જ ભૂલી જશો.'

'ભૂલવા જેવું ભૂલી જઇએ તો કાંઇ હરકત નથી.' મેં કહેવા માંડ્યું : 'પ્રભુની પ્રાપ્તિની યાદ રાખવા જેવી એક જ વસ્તુ યાદ રહે તો પછી કશી હરકત નથી. પ્રભુની કૃપા કે આત્માની ઉન્નતિના માર્ગમાં ભાષાના જ્ઞાનની કે ભંડારની કશી જ જરૂર નથી. તેમાં તો પવિત્ર હૃદયની, સદગુણની ને પ્રેમભક્તિની જ જરૂર છે. રામકૃષ્ણ પરમહંસદેવનું નામ તો તમે સાંભળ્યું જ હશે. તે ક્યાં અંગ્રેજી જાણતા હતા ? તેમના મહાત્માપણા માટે અંગ્રેજીનું જ્ઞાન શું આવશ્યક હતું ?'

હવે તે જરા રોષે ભરાઇને આવેશ અને ઉશ્કેરાટમાં બોલ્યા : 'પણ બધા કાંઇ પરમહંસો થોડા થઇ શકે ? એવા પુરુષો તો અબજોમાં એકાદ જ હોય.'

'પણ પ્રભુ ધારે તો તેની કૃપાથી કોઇ પણ તેવી ઉત્તમ અવસ્થા મેળવી શકે છે, તેમાં શંકા નથી'

તે મૂંગા રહ્યા, પણ મારી વાત તેમને પસંદ ના પડી.

થોડી વારે તેમણે કહેવા માંડ્યું : 'તમને અહીં રહેવાનું ફાવશે જ કેવી રીતે ? અહીં તો બી. એ. ને એમ. એ. ભણેલી મોટા ઘરની કેટલીય છોકરીઓ છે.'

મેં કહ્યું : 'તમને ફાવે છે તો મને શા માટે નહિ ફાવે ? મારે છોકરીઓ સાથે નહિ પણ માતાજી સાથે જ કામ છે. બી. એ. ને એમ. એ. ભણેલી મોટા ઘરની છોકરીઓ તો મેં પણ જોઇ છે. તેમનાથી તમે શા માટે ગભરાવ છો ?'

ત્યાં તો લગભગ નવ વાગી ગયા. માતાજીના ખંડનું દ્વાર ઉઘડ્યું. તેમણે તે જ સત્સંગી ભાઇને મારી વ્યવસ્થા કરવાનું કહ્યું. ત્યારે માતાજીનો મારા પ્રત્યેનો પ્રેમ જોઇને તેમને જરા નવાઇ લાગી. તેમની સાથે હું નક્કી થયેલા ઉતારે જવા વિદાય થયો ત્યારે મને થયું કે આ સત્સંગી ભાઇએ લાંબા વખતના સત્સંગમાંથી કેવો સાર લીધો છે ! બીજા તરફ કેવી નમ્રતા ને ભાવનાથી વર્તવું તે પણ જો ના આવડે અને અમલમાં ના ઉતરે તો માણસનો સત્સંગનો સમય નકામો જ ગયો એમ કહેવું જોઇએ, એમ મને ખરેખર લાગ્યું.

પણ તે સત્સંગી ભાઇની સ્મૃતિ હજી એટલાથી જ પૂરી થાય તેમ ન હતી. તેની માળામાં એકાદ બે બીજા મણકા હજી ઉમેરવાના હતા. ભોજન વખતે તે જ ભાઇ બીજા ભાઇઓ સાથે પીરસવા નીકળ્યા. માતાજીનો પ્રસાદ પીરસવાનું કામ તેમનું હતું. ભક્તો ને પ્રેમી ભાઇબેનોને પ્રસાદ આપતાં આપતાં તે મારી પાસે આવ્યા. મેં તેમને પ્રસાદ માટે ના કહી તેથી તો તેમણે ભારે ઉશ્કેરાટ જાહેર કર્યો. 'બધા પ્રસાદ લે છે ને તમે નથી લેતા ? આ તો માતાજીનો પ્રસાદ છે. ભારે પુણ્યપ્રદાયક છે. બધાં પાપને દૂર કરી દેશે. તેની કીંમત કાંઇ જેવી તેવી નથી.'

મેં કહ્યું : 'તમારી વાત બરાબર છે. હું તેને સમજી શકું છું. પણ આવી વાતમાં બળજબરી કરવાની જરૂર નથી. પ્રસાદને લેવાની ફરજ પાડવી ને કોઇ ના લે તો તેના પર રોષે ભરાઇ જવું તે બરાબર નથી. પ્રસાદ આપવાનો તમને અધિકાર છે. તેની ફિલસૂફી સમજાવવાનો ને તેના લાભનું વર્ણન કરવાનો પણ તમને હક છે. પણ તે લેવો કે નહિ તેનો નિર્ણય કરવાની સૌને સ્વતંત્રતા છે, એટલું તો તમે સમજી શકશો.'

મેં પ્રસાદ ના જ લીધો એટલે તેમનું મગજ ફરી ગયું. તેમને શાંત કરવા મેં કહ્યું : 'માતાજી પર મને પ્રેમ છે, ભાવ છે, પણ પ્રસાદની આ પદ્ધતિ મને ઠીક લાગતી નથી. માટે જ મેં પ્રસાદ નથી લીધો. તમે માઠું ના લગાડશો.'

આખી મંડળીમાં આવી વાત કરનાર હું એકલો જ હતો. એટલે સૌ મારી તરફ જોઇ રહ્યાં. પેલા ભાઇને મારે માટે સ્વાભાવિક રીતે જ પૂર્વગ્રહ બંધાયો.

રોજ સવારે નવથી બાર વાગ્યા સુધી માતાજીનો સત્સંગ ચાલતો, એ વાતનો ઉલ્લેખ મેં આગળ પર કરી દીધો છે. તે દરમ્યાન હરિબાબા માતાજીના મૂળ બંગાળી જીવનચરિત્રને વાંચતા ને તેનું હિન્દી કરીને સમજાવતા. માતાજી પણ વચ્ચે વચ્ચે જરૂર પડતાં પોતાની સ્મરણશક્તિનો ઉપયોગ કરીને કોઇ વાત સમજાવતાં.

મારો સ્વભાવ સહેજ સંકોચશીલ ખરો એટલે સત્સંગ દરમ્યાન ખંડની બહાર ઓસરીમાં બેસતો ને ધ્યાનાદિમાં સમય પસાર કરતો. એક દિવસ મેં માતાજીને કહ્યું : 'સવારે જે સત્સંગ ચાલે છે તેમાં હું બેસી શકું ખરો ?' સત્સંગ ખાસ કરીને અંતરંગ માણસો માટે જ હશે એવી અસરમાં હોવાથી જ મેં આ પ્રશ્ન પૂછ્યો હતો.

માતાજી જરા વિચારમાં પડી ગયાં ને પછી બોલ્યાં : 'તમે હરિબાબાને પૂછી જોજો. તે રજા આપે તો બેસજો.'

મને જરા નવાઇ લાગી. મને થયું કે સત્સંગ તો માતાજીનો ચાલે છે, તેમાં બેસવા માટે હરિબાબાની રજા શા માટે લેવી પડે ? છતાં મેં હરિબાબાની મુલાકાત લીધી. તેમણે શરૂઆતમાં તો મારી સાથે સીધી રીતે

વાત જ ના કરી, પરંતુ પાછળથી કેટલીક વાત થતાં મને સત્સંગમાં સામેલ થવાની રજા આપી. પાછળથી મને ખબર પડી કે બહારના કેટલાય માણસો પહેલાં પરવાનગી વિના સત્સંગમાં આવતા હતા. તેનો કોઇ વાંધો લેતું ન હતું. ત્યારે મારે માટે માતાજી અને હરિબાબાએ એ વાતને આટલું ગંભીર રૂપ કેમ આપ્યું તે મને ના સમજાયું. માતાજીની મારી તરફની વિશેષ લાગણી જોઇને પાછળથી હરિબાબા પણ મને પ્રેમથી જોતા થયા હતા. પેલા સત્સંગી ભાઇ પણ લાગણી બતાવતા થયા હતા. એ પ્રસંગ આખોયે ઘણો નાનો ને સાધારણ છે, પણ તેની છાપ હજી એવી ને એવી તાજી રહી ગઇ છે.

સુપ્રસિદ્ધ સ્વામી શ્રી શરણાનંદજીનો પરિચય પણ તે જ દિવસોમાં થયો. તે માતાજી પાસે રોજ આવતા. પ્રજ્ઞાચક્ષુ હતા. તેમની વાક્છટા ને વિદ્વત્તા સારી હતી. કોઇ વાર અમે સોલનના પર્વતીય પ્રદેશમાં લાંબે સુધી સાથે ફરવા જતા. તેમની નમ્રતા ને સરળતાની છાપ મારા પર ઘણી સારી પડી. એમના વિચારો ખૂબ જ ઉદાત્ત હતા.

દેવપ્રયાગમાં દીક્ષા તો મળી પણ તેનું ધારેલું પરિણામ જણાતું ન હતું. તે માટેનો તલસાટ તે દિવસોમાં પૂરજોશમાં ચાલતો. રાતનો બધો વખત પ્રાર્થના ને વેદનામાં જ પસાર થતો. એ વખતની ધ્યેયને પ્રાપ્ત કરવાની લગની ને ઝંખના ખરેખર અજબ હતી. એ દિવસો પર દૃષ્ટિપાત કરતાં મને એ વાતનો સંતોષ થાય છે કે જીવનની ક્ષણેક્ષણને મારી સમજ પ્રમાણે હું યથાર્થ રીતે જીવ્યો છું - યથાર્થ રીતે જીવવાનો પ્રયાસ કરતો રહ્યો છું. મારા અંતરના અવાજ પ્રમાણે જીવ્યો છું. તેની સ્મૃતિથી મને ખરેખર આનંદ થાય છે. હિમાલયની આ પુણ્યભૂમિમાં બેસીને ભૂતકાળના એ દિવસોનો ચિતાર તટસ્થ રીતે રજૂ કરી રહ્યો છું. ત્યારે કોઇ પુણ્યપ્રવાસ કે મહાન યાત્રામાં નીકળ્યો હોઉ એવું ભાન થાય છે, જીવનના મંગલની યાત્રા, પૂર્ણતાની પ્રાપ્તિનો પુણ્યપ્રવાસ.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૨. ચેલના મહાત્મા

હિમાલયના સીમલા હીલ્સમાં આવેલા ચેલ નામે સ્થળમાં પતિયાળા સ્ટેટનું ગ્રીષ્મકાલીન નિવાસસ્થાન હતું. ઊંચી ઊંચી ને રમણિય પર્વતમાળા પર વસેલા ચેલ નગરથી લગભગ ચાર માઇલ દૂર એક ગામ હતું. ત્યાં એક મહાત્મા પુરુષ રહેતા. લોકો તેમને 'ભગત' કહીને ઓળખતા. તે ગૃહસ્થાશ્રમી હતા. તેમને બે સ્ત્રીઓ હતી. તેમનું ગામ પણ તે જ હતું. માતા આનંદમયીનો પ્રસંગ પૂરો થયા પછી અમે તેમના દર્શન માટેનો નિર્ણય કર્યો. તે નિર્ણયનું મુખ્ય કારણ પેલા ક્ષયરોગથી પીડાતા સિંધી શેઠનો આગ્રહ હતું, એ મેં આગળ પર જ કહી દીધું છે. તેમનો રસોઇયો તે તરફના પર્વતીય પ્રદેશનો પરિચીત હતો, તેથી તેને સાથે લીધો.

ધરમપુર સ્ટેશન ઘણું નાનું હતું. સ્ટેશન પર અમે પહોંચ્યા ત્યારે ખાસ ભીડ ન હતી. માણસો ટ્રેનની રાહ જોતા છૂટાછવાયા ઉભા હતા. તેમનાથી થોડે દૂર પ્લેટફોર્મને બીજે છેડે એક ભગવાં વસ્ત્રધારી સાધુપુરુષ આંટા મારતા હતા. તેમની બધી ચેષ્ટા કોઇ ગાંડા માણસ જેવી હતી. રસોઇયાને પૂછતાં તેણે તરત કહેવા માંડ્યું : 'એ સાધુ નથી પણ છૂપી પોલીસનો માણસ છે. આજકાલ એવા માણસો ખૂબ ફરે છે. છૂપી રીતે મેળવવા જેવી માહિતી મેળવીને તે સરકારને પહોંચતી કરે છે.'

એટલી વારમાં તો ગાડી આવી. સવારના સાતેક વાગ્યાનો વખત હશે. ગાડીમાં ભીડ માતી ન હતી. અંદર દાખલ થવાનું કામ કપરું હતું, તો પણ રસોઇયાની મદદથી જેમતેમ કરીને મેં અંદર જગા મેળવી લીધી. તે જ વખતે પેલા ગાંડા જેવા દેખાતા સાધુપુરુષ મારા ડબાની બારી પાસે આવી પહોંચ્યા. હાથમાંથી સિગારેટ નાખી દઇને મોં સાફ કરીને તેમણે મને લાંબા વખતથી ઓળખતા હોય તેમ મારા તરફ જોઇને સ્મિત કર્યું, ને ધીમા પરંતુ ચોક્ખા ને મીઠા સ્વરમાં પૂછ્યું : 'કેમ ક્યાં જાવ છો ?'

તેમના કલ્પના બહારના પ્રશ્નથી મને જરા નવાઇ લાગી. રસોઇયાએ પણ તેમની સામે નવાઇથી જોવા માંડ્યું. કાંઇ પણ જવાબ આપવાનો પ્રયાસ કર્યા વિના મેં તેમની સામે સ્મિત સાથે જોવા માંડ્યું.

પણ તે મારા જવાબની રાહ જુએ તેમ ન હતા. 'ચેલના મહાત્મા પાસે જાવ છો ? મને ખબર છે.' તે તરત જ બોલી ઉઠ્યા : 'પણ ... ત્યાં કાંઇ જ નથી, બાબા ! તમારા પોતાના પર આધાર રાખો. બીજે બધે પણ કાંઇ જ નથી. તમને તમારી અંદરથી જ બધું મળી જશે - શાંતિ, સિદ્ધિ જે માગશો તે બધું જ. હિમાલયના તમારા પોતાના જ સ્થાન પ્રત્યે પ્રયાણ કરો.'

મેં કહ્યું : 'તે તો બરાબર છે. હું તો ત્યાં શું છે ને કેવું છે તે જોવા જ જઉં છું.'

ત્યાં તો ગાડી ઉપડી. તેમણે સ્મિત કર્યું ને મને વિદાય આપી. છેલ્લે છેલ્લે કહેવા લાગ્યા : 'તમારી પોતાની અંદર શ્રદ્ધા રાખો, મહાત્માજી, તમને બધું જ મળી જશે.'

એ સાધુપુરુષના પ્રસંગે ને શબ્દે મને ભારે અસર કરી. તે બાજુના ફરતા બધા જ વિસ્તારમાં ચેલના મહાત્માની પ્રસિદ્ધિ ઘણી છે. ગાડીમાં પણ તેમના દર્શને જનારા કેટલાય માણસો બેઠા હોય ને તેમના ગુણગાન ગાતા કે સાંભળતા હોય. અમુક માણસનો રોગ તેમના કહેવાથી દૂર થયો; અમુકને સંતાન ન હતું તે તેમણે આશીર્વાદ આપીને પુત્ર આપ્યો; એવી વાતો કેટલાય કરતા હોય. રોગનિવારણ અને

સંતાનપ્રાપ્તિના બે જાતના આશીર્વાદ તે સૌને આપતા હતા. એવા ભગતપૂજક કહી શકાય તેવા પ્રદેશમાં પેલા સાધુ પુરુષે જે શબ્દો કહ્યા હતા તે ખરેખર કીમતી ને હૃદય સોંસરા ઉતરી જાય તેવા લાગ્યા. મને લાગ્યું કે ચેલના મહાત્મા ગમે તેવા હશે, તેમને તો હજી જોવાના જ છે, પણ જે સાધુએ આ શબ્દો કહ્યા છે તે કાંઇ કાચી માટીનો માણસ કે સાધારણ સાધુ નથી. તે પણ ખરેખર મહાન ને અનુભવી છે. તેના વિના આવી મહત્વની, મહાન, માર્ગદર્શક, મંગળ વાણી તેના મુખમાંથી નીકળી શકે નહિ. તે વાણીનો મહિમા ખરેખર મોટો છે, તેથી તે મનનીય છે. શ્રેયાર્થી, સાધક કે પોતાનો વિકાસ કરવાની ઇચ્છા રાખનારે સમજી લેવું જોઇએ કે પરાવલંબન એક પ્રારંભનું જ પગથિયું છે ને તેની જરૂર કાયમને માટે નથી રહેતી. જેણે આગળ વધવું છે તેણે છેવટે તો પોતાના પગ પર જ ઊભાં રહેતાં શીખવું પડશે. પોતાના પુરુષાર્થ કે આત્મબળ પર શ્રદ્ધા રાખીને આત્મા કે પરમાત્માના અવાજને અનુસરીને આગળ ધપવું પડશે, ને પોતાની પૂંજી વધારીને તેમાંથી જ પોષણ મેળવવું રહેશે. પરાવલંબન સાધકને માટે શોભા નહિ પણ એબ છે; ભૂષણ નહિ પણ દૂષણ ને સદગુણ નહિ પણ દુર્ગુણ છે. પણ એકાદ બે દિવસમાં પોતાની જાતમાં શ્રદ્ધા જાગવાનું ને તેના પર આધાર પર આગળ વધવાનું કામ અશક્ય નહિ તો પણ અઘરું અવશ્ય છે. એમ પણ બને કે પોતાના જ અધૂરા બળે ચાલવામાં શરૂઆતમાં કાંઇ ના સૂઝે અને એવે વખતે કોઇના હાથની જરૂર રહે, તેટલા પૂરતી બીજાની મદદ નિરર્થક કે મિથ્યા નથી. પણ સદાને માટે તેનો ચેપ લાગવો ને તેની ઇચ્છા રહેવી નિરર્થક છે. સાધના કરનારે એ ખાસ સમજી લેવું જોઇએ.

આજે થાય છે કે તે મહાત્માપુરુષની પાસે એકાદ કલાક વધારે બેસવા મળ્યું હોત કે તેમના અંતરના અજવાળાંને અડકવાનો એક વધારે અવસર પ્રાપ્ત થયો હોત તો તેમાંથી ઘણું ઘણું મહત્વનું મળ્યું હોત, ને તે મહાન મિલનમાંથી આધ્યાત્મિક જીવનમુક્ત પુરુષોના અમર ઇતિહાસમાં એકાદ પ્રકરણ વધારે ઉમેરાયું હોત. મારા જીવનમાં મેં ત્રણથી ચાર આવી ત્રિકાળજ્ઞાની કે અનુભવી વ્યક્તિઓ જોઇ છે, ને જ્યારે પણ તેમની યાદ આવે છે ત્યારે મારું અંતર પ્રસન્નતાની દૈવી લહરે નાચી ઉઠે છે. એ વિચારે કે ભારતમાં હજી પ્રાણ છે, મહાપુરુષોની કમી કે અછત આ ધર્મપરાયણ ને સાધનાસંપન્ન દેશમાં આજે પણ નથી. કેવા કેવા ત્યાગી, વિચારક, સાધક, સ્વાનુભવી સિદ્ધ પુરુષો આ દેશમાં આજે પણ પડ્યા છે ! ભારત, તારા ચરણમાં મારું મસ્તક નમી પડે છે. ને તેમનું પણ નમવા દે, જે તારી સાધના ને સંસ્કૃતિમાં શ્રદ્ધારહિત છે, જે તારી આધ્યાત્મિક સાધનાત્મક પરિપાટી ને પરંપરા તરફ મોં મચકોડે છે. કેમ કે તે સ્વયં અનુભવરહિત છે, અનધિકારી છે, બાળક છે, ને ઉપર ઉપર જ જોનારા છે. જે અંદર છે તેના તરફ તેમની દૃષ્ટિ નથી ગઇ.

પણ ગાડી તો દોડ્યે જ જાય છે. થોડીવારમાં કંડાઘાટ આવ્યું. સીમલા ત્યાંથી થોડે દૂર હતું. કંડાઘાટથી ચેલ મોટર જતી. પણ મોટર ઉપડી ગઇ હતી. એટલે અમારે તો પગરસ્તે જ જવું પડ્યું. પર્વતની ચઢાઇ ભારે હતી. દશરથાચલની યાદ તાજી થતી. તો પણ હિંમત ને ઉત્સાહમાં પચીસેક માઇલ કાપી નાખીને અમે ભગતજીની પાસે પહોંચી ગયા. સંતપુરુષોના દર્શન ને મિલન માટે દિલમાં તે વખતે તેવો રસ ને ઉમંગ હતો. તેના વિના પર્વતીય પ્રદેશની એ કપરી ને લાંબી મુસાફરી અમારે માટે ભાગ્યે જ સફળ થાત. સંતપુરુષોના સમાગમ માટે એવા ઉત્સાહ ને તરવરાટની જરૂર છે. તેના વિના કાંઇ જ નથી બનતું.

ભગતજીની મૂર્તિ અતિશય આકર્ષક પણ પ્રથમ દેખાવે સાત્વિક ઓછી લાગી. લાંબા વાળ, ગોરી ને સુંદર મુખાકૃતિ, રેશમી વસ્ત્રો ને શાંતિમય આંખ તેમની વિશેષતા હતી. ફૂલની કુંજ જેવા આસનમાં મકાનની બહાર બેસીને તે આવનારાને આશીર્વાદ આપતા. એમના મસ્તકે મોરપીચ્છ હતું. બાજુમાં ભક્તો ઉભા રહેતા ને વ્યવસ્થા જાળવતા. માણસો માતા ન હતા. પર્વતોની વચ્ચે અજાણ ખૂણે આવેલા આ નાનકડા ગામડામાં આ મહાપુરુષના દર્શન માટે લોકો હારબંધ આવતા જ જતા. વધારે ભાગની પ્રજા પંજાબી હતી. ભગતજીની સામે સંખ્યાબંધ માણસો બેઠેલા તો પણ શાંતિ છવાયેલી. એકેક માણસ વારાફરતી જાય છે ને ભગતજી આશીર્વાદ આપે છે. કોઇને કહે છે કે 'મહાત્માકા ભજન કરો, ભગવાનકા ભજન કરો, ઇચ્છા પૂરી હોગી.' બીજાને કહે છે 'મહાત્માકા સુમિરન કરો, ભગવાનકા ભજન કરો, રોગ દૂર હોગા.' બસ એ બે જ ઇચ્છાઓ લઇને લોકો અહીં આવે છે, ને આ બે જ જાતના આશીર્વાદ - બે જ જાતનાં વચન તે આપે છે. સંતાનપ્રાપ્તિ ને રોગનિવારણનો યોગ કોઇને ના લાગતો હોય તો તે ના પણ કહી દે છે. જેમની ઇચ્છા ફળી નથી તેવા લોકો ફરિયાદ કરવા કે ફરી અરજી કરવા ને આશીર્વાદ લેવા પણ આવે છે. પણ ભગતજી તો બધાં સાથે બે-ત્રણ વાક્યોમાં જ પતાવી દે છે. વધારે વાત કરતા નથી. પોતે કોઇ ભેટ પણ લેતા નથી. તેથી તેમનો પ્રભાવ સ્વાભાવિક રીતે જ વધારે પડે છે. છતાં મુલાકાતીઓ મકાનમાં બેઠેલી તેમની સ્ત્રીઓને કોઇ વાર ભેટ અર્પણ કરે તો તે લે છે ખરી. કોઇ જાતની બળજબરી કે પ્રલોભન વૃત્તિનો તદ્દન અભાવ છે. જે છે તે તદ્દન ચોક્ખું છે. કહે છે કે આ ગામમાં આવેલા કોઇ મહાપુરુષની ભગતજીએ તનમનથી દિવસો સુધી ખૂબ જ સેવા કરી. તે મહાપુરુષે વિદાય થતી વખતે ભગતજીને આશીર્વાદ આપ્યા. તેથી તેમને બીજાનાં મનની વાત જાણવાની ને વચનસિદ્ધિની શક્તિ મળી. તેનાથી તે બીજાને મદદરૂપ થઇ રહ્યા છે.

મારી કલ્પના જરાક જુદી હતી. મારા મનમાં હતું કે અહીં કોઇ મહાત્મા હશે, અનુભવી હશે, કેટલાય વિષયો પર લોકો સાથે વાર્તાલાપ કરનાર કોઇક યોગીપુરુષ હશે. પણ ... અહીંનું દૃશ્ય કોઇ જુદું જ હતું. પ્રાચીન કાળમાં આટલું ચાલીને લોકો કોઇ સંત કે મહાત્મા પાસે દીક્ષા લેવા, પ્રકાશ પામવા કે માર્ગ મેળવવા જતા. મહાત્મા પુરુષ પણ સામાન્ય રીતે આવા વ્યવહારથી દૂર રહેતા. અહીં જરા જુદું જ જોયું. પણ ભગતજી કરે પણ શું ? લોકો એ બે વસ્તુ માટે જ આવતા હતા. તેમની અભિલાષા સંતોષવાનું ભગતજીને ઠીક લાગતું. હા, તેમણે આવી છેક લૌકિક (સંતાન થવા જેવી) વાતમાં મદદ કરવાની કે તે માટે વચન આપવાની ના કહી હોત તો તેવાં લોકો તેમની પાસે આવતાં બંધ થયાં હોત ને કેવળ આત્મોન્નતિના જિજ્ઞાસુ જ આવતા હોત પણ ... તે વિશે વિશેષ શું કહી શકાય ? દરેકને તેની પોતાની દૃષ્ટિ ને સહાનુભૂતિથી સમજવાનો પ્રયાસ જ બરાબર છે. એવો પ્રયાસ કરવાને બદલે આપણા જ વ્યક્તિગત વિચારો, ભાવો, ગમા અને અણગમાને આગળ કરીએ તો અન્યને અનેક વાર અને અધિકતર અન્યાય કરી બેસીએ.

પછી, એક મહાપુરુષ દ્વારા જાણવા મળ્યું તેમ એવી વચનપદ્ધતિ ને ઠઠથી ભગતજી હવે કંટાળ્યા પણ હોય. કેમ કે તે મહાપુરુષે કહેલું કે તેમની પાસે ભગતજીએ પોતાનો માણસ મોકલાવેલો ને આ ઠઠથી બચવા હવે શું કરવું તે પૂછાવેલું. તે મહાપુરુષે ઉત્તર આપેલો કે 'જે તમે જ ઉપજાવ્યું છે તે હવે તમે જ ભોગવો. પ્રથમથી સંભાળ કેમ ના રાખી ?'

તે મહાપુરુષની વાત સાચી હોય તો સિદ્ધ થાય છે કે ભગતજીની વચન આપવાની પ્રવૃતિ લોકકલ્યાણની ભાવનાથી શરૂ થઇ ન હતી. પણ તેની પાછળ કોઇ બીજી જ વસ્તુ કામ કરી રહેલી. કેમ કે કલ્યાણની સાચી ભાવના કદી કંટાળતી નથી કે ગમે તેવા વાતાવરણમાં પણ નિરાશ કે હતાશ થતી કે ડગતી નથી. હા, એમ પણ બને કે સાધારણ સેવાની ભાવનાવાળો માણસ પાછળથી કોઇ કારણે કંટાળી જાય છે. પણ તેનું કારણ સેવાની ભાવના ઓછી હોય છે તે મુખ્ય છે.

આવા વચનમાં કાંઇ સેવા છે ખરી ? અલબત્ત, ઘણી છે. પોતપોતાની રીતે બીજાને કૈંક પણ ઉપયોગી થવું એ સેવા જ છે. પણ મારી દૃષ્ટિએ એકલી આવી સેવા ઠીક નથી. તેની સાથે કોઇક ક્રિયાત્મક વસ્તુ પણ ઉમેરાય તો વધારે લાભ થઇ શકે. જેમ કે રોગ મટે ને તે માટે વચન કે આશીર્વાદ લે તેણે અમુક નિયમો પણ લેવા ને પાળવા જોઇએ. એમ થવાથી ભારે લાભ થવાનો સંભવ રહે છે. લૌકિક સેવાની સાથે બીજાની આત્મિક સેવા પણ થઇ શકે તેમ છે.

છતાં ભગતજી ખૂબ જ નિસ્પૃહ લાગ્યા. મારી ઉપર એમની છાપ સારી પડી.

માણસો વારાફરતી વિદાય થયા ને છેવટે મારી સાથેના રસોઇયાનો વારો આવ્યો. ભગતજીએ તેને શા માટે આવ્યો છે તે પૂછ્યું. પણ રસોઇયાએ જુદી જ પદ્ધતિનો ઉપયોગ કર્યો. 'તમે તો અંતર્યામી છો. બધું જાણો છો.' એમ કહીને તે હાથ જોડીને બેસી રહ્યો.

ભગતજી તરત જ બોલી ઉઠ્યા : 'તમારા શેઠ બિમાર છે. ખરું ને ? ભગવાનનું ભજન કરો, મહાત્માનું ભજન કરો, બિમારી દૂર થઇ જશે. પણ જરા વાર લાગશે.'

ભગતજીની શક્તિની ખાતરી કરવા આ નાનો સરખો પ્રસંગ પૂરતો હતો. શેઠની બિમારીની વાત તે પોતાની મેળે જ જાણી ગયા. હું એમની બાજુમાં જ બેઠેલો. મને કહે, 'તમારે શું જોઇએ ?'

મને થયું કે પ્રસંગ આવ્યો છે તો ચાલોને તેમનો લાભ લઇએ. મેં કહ્યું : 'મને દીક્ષા મળી છે પણ તેનું ધારેલું પરિણામ દેખાતું નથી.'

'દેખાશે, અવશ્ય દેખાશે.' તે બોલી ઉઠ્યા, 'બધી જ ચિંતા ટળી જશે. આનંદ આનંદ થઇ રહેશે.'

લગભગ અરધા કલાક પછી અમે વિદાય થયા. ભગતજીએ આગ્રહ કર્યો પણ રોકાવાની ઇચ્છા ન હતી. પગપાળા કંડાઘાટ આવીને રાતની ટ્રેનમાં અમે ધરમપુર પહોંચ્યા. તે મહાપુરુષની વચનસિદ્ધિથી કે મારી પોતાની અંતરંગ સાધનાના પ્રભાવથી, ગમે તેમ પણ, બીજે દિવસે હું ચંપકભાઇ પાસે બેઠો હતો ત્યારે સાંજના ચારેક વાગે મારા ડાબા કાનમાં જોરથી ઘંટનો નાદ શરૂ થયો. મને આનંદ થયો. દીક્ષાના પરિણામરૂપે એવો નાદ સંભળાઇ શકે છે. શરૂઆતમાં ડાબા ને પછી જમણા કાનમાં શરૂ થયેલો તે નાદ પછી તો ચાલુ જ રહ્યો. ચોવીસ કલાક ચાલુ રહ્યો. તેની મદદથી સમાધિપ્રવેશ સહેલો થયો. ચેલના મહાત્માની મુલાકાતની એ સુંદર શ્રેયસ્કર ચિરસ્મરણીય સુખદ ફળશ્રુતિ.

પેલા પ્લેટફોર્મ પર મળેલા સાધુપુરુષ તો રસોઇયાએ કેટલીય તપાસ કરી તો પણ પછી મળ્યા જ નહિ. પણ તેમની સ્મૃતિ તો આજે પણ એવી જ તાજી છે. તાજી જ રહેશે. ભગતજીને પણ કેમ ભૂલાય ? ભારતમાં જે અનેકવિધ મહાત્મા પુરુષો છે તેમાં ભગતજી પણ એક વિવિધતા છે. એમનું વ્યક્તિત્વ વિશદ, અદભૂત, અસામાન્ય હતું. એ અભિનંદનીય અને અભિવંદનીય હતા એમાં શંકા નથી.

## ૯૩. નેપાલીબાબાનો પરિચય

### (૧) હનુમાન દર્શન ને મારું જ દિવ્યદર્શન

નાદાનુસંધાન એક સ્વતંત્ર સાધના છે. કોઇ સિદ્ધ મહાપુરુષ દ્વારા દીક્ષા મળે પછી જાગૃતિ દશામાં કાનમાં નાદ શરૂ થાય છે. તે નાદ સામાન્ય રીતે પહેલાં ડાબા ને પછી જમણા કાનમાં શરૂ થાય છે. શરૂઆતમાં તે જોરથી કે મોટેથી ચાલે છે ને ક્રમેક્રમે ધીમો પડતો જાય છે. આગળ જતાં વધારે ભાગે જમણા કાનમાં ચાલુ રહે છે. તેની અંદર વૃત્તિનું અનુસંધાન કરવાથી મન તરત એકાગ્રતા ધારણ કરે છે ને સમાધિદશા સહજ બને છે.

યોગના ગ્રંથોમાં દસ જાતના નાદનું વર્ણન વાંચવા મળે છે, તે સાચું છે. તેવા નાદ આજ સુધી મારા સાંભળવામાં આવ્યા છે. ભારતમાં નાથ સંપ્રદાય તથા કબીર ને રાધાસ્વામી જેવા બીજા સંપ્રદાયોમાં નાદના શ્રવણને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. નાદનું વર્ણન ઉપનિષદમાં પણ જોવા મળે છે.

નાદ ચાલુ થવાથી સાધનાનું કામ સરળ થઇ પડે છે. પણ સાધકે ચાલુ થયેલા નાદનો બનતો લાભ ઉઠાવીને ધ્યાન કરવાની જરૂર છે. તો જ તેને સારો લાભ મળી શકે છે. એકંદરે નાદ ઘણી ઉપયોગી વસ્તુ છે, મને તેનો અનુભવ પણ મળી ગયો તેથી મારા આજ સુધીના આધ્યાત્મિક અનુભવમાં ઘણો વધારો થયો. સાધનાની એ મહત્વની પદ્ધતિનો પણ મને પરિચય મળ્યો.

ચેલ જઇ આવ્યા પછી નાદ શરૂ થઈ ગયો. તેથી અદભૂત આનંદ આવતો ને ધ્યાનમાં એકાગ્રતા જળવાતી. એ અરસામાં એક વાર અનેરો દર્શનાનુભવ થયો.

તે દિવસ ૧૭ જૂન ૧૯૪૬નો હતો. સવારે હું ધ્યાનમાં બેઠેલો ત્યારે અચાનક જ દેહભાન જતું રહ્યું. એ અવસ્થામાં કોઇ સાધારણ માનવ દેખાયા. પરંતુ તે માનવાકૃતિ વધારે સમય ટકી શકી નહીં. તેમાંથી હનુમાનજી પ્રકટ થયા ને હાથ જોડીને ઉભા રહ્યા. તેમની દૃષ્ટિ મારા તરફ સ્થિર હતી. મુખમંડળ ને શરીર ખૂબ જ તેજસ્વી ને લાલ હતું. ચિત્રો ને મૂર્તિઓમાં જોવામાં આવે છે તેવું તેમનું મુખ હતું. શરીર ખૂબ મજબૂત હતું. આ દર્શન થવાથી મને ખૂબ આનંદ થયો. મને હનુમાનજી પ્રત્યે પૂજ્યભાવ હતો ને છે. એક ભક્ત તરીકે તેમની ખ્યાતિ સારી દુનિયામાં છે ને કેટલાય લોકો તેમને ઉપાસ્ય માને છે. તેમની કૃપા વિના તેમનું દર્શન એક ક્ષણ માટે પણ કોને થઇ શકે ?

એ જ દિવસોમાં એક બીજો વિચિત્ર અનુભવ થયો. એક વાર આવી જ દેહાતીત દશામાં મારું પોતાનું જ સ્વરૂપ મને દેખાયું. તે વખતે મારી દાઢી હતી. પરંતુ આ દર્શનમાં દાઢી ન હતી. મુખ ને શરીર ખૂબ તેજોમય ને ગૌર હતાં. મેં સફેદ સ્વચ્છ વસ્ત્રો પહેર્યાં હતાં, તથા ધ્યાન મુદ્રામાં હું પદ્માસન વાળીને બેઠો હતો. મુખ પર પૂર્ણ શાંતિ વિરાજતી હતી.

આ અનુભવથી મને અજબ ભાવ થઇ આવ્યો. લગભગ બે-ત્રણ વાર મને આવું દર્શન થયું છે. મને લાગે છે કે સિદ્ધપુરુષો સૂક્ષ્મ શરીરે આવા જ તેજોમય સ્વરૂપમાં રહેતા હશે. માનવ પૂર્ણ મુક્ત થતાં આવી જ તેજોમય દશા તેને મળતી હશે. જ્યાં વ્યાધિ નથી, શોક નથી, મૃત્યુ નથી, પૂર્ણ શાંતિ, આનંદ, પૂર્ણતા ને અમરતા છે, તે પદની પ્રાપ્તિ પછી માનવની આવી જ અલૌકિક સ્વરૂપાવસ્થા થઇ જતી હશે.

પોતાના જ દર્શનના આવા અનુભવને પ્રતીક દર્શન કહેવામાં આવે છે.

સાધનામાં આવા અનુભવ ઘણાં થાય છે. કેટલાક તો એવા વિચિત્ર હોય છે કે તેને વર્ણવી પણ ના શકાય. તે કેવળ અનુભવની વસ્તુ છે. પરંતુ એક વાત નક્કી છે કે આ માર્ગમાં કોઇએ નિરાશ થવાની જરૂર નથી. ખૂબ હામ રાખીને, શ્રદ્ધાપૂર્વક સૌએ આગળ ને આગળ ધપતાં રહેવાનું છે. સાધના અખંડ હશે તો અનેક અનુભવો થશે. પરંતુ કોઇ પણ પ્રકારના અનુભવોથી અટકી જવાને બદલે વધારે ને વધારે હિંમત ધરી, સાધકે પૂર્ણતાને પંથે આગળ ધપવાનું છે - ત્યાં લગી જ્યાં લગી પ્રકાશનો પંથ પૂરેપૂરો ના કપાય. ખોટો આત્મસંતોષ સાધક નહિ પણ વિકાસમાં બાધક છે એ સૌએ સમજી લેવાનું છે.

**(૨) નેપાલી બાબાનો સમાગમ**

ધરમપુરના નિવાસ દરમ્યાન સાધના સુંદર રીતે ચાલ્યા કરતી. એક દિવસ દહેરાદૂનના પ્રેમી ને યોગી શ્રી ભૈરવ જોષી પેલા સિંધી શેઠના આમંત્રણથી ધરમપુર આવ્યા.

અમે બંને સેનેટોરિયમમાં રહેતા. તે ત્યાંના સર્વસત્તાધીશ પારસી ડોકટરને બહુ ગમતું નહિ. છતાં પણ અમારી સાથે તેમનો વર્તાવ એક સદગૃહસ્થને છાજે તેવો હતો. અમારી ઉપસ્થિતિમાં તે કાંઇ કહેતા નહિ, પણ ગેરહાજરીમાં કેટલીક વાર ચંપકભાઇને કહેતા, 'અત્યાર સુધી એક મહાત્મા હતા. તેને બદલે હવે શેઠે વળી બીજાને બોલાવ્યા છે. સેનેટોરિયમમાં મહાત્માઓ આવવા માંડશે તો અમારો ભાવ કોણ પૂછશે ?'

ચંપકભાઇ શું બોલે ? પણ હું ડોક્ટરની ભાવના સમજી શકતો હતો. સેનેટોરિયમમાં દર્દીઓને જીવનની આશા માટે મહાત્માઓની સહાયતા લેવાનું મન થાય, ને તેમાં કાંઇ લાભ થાય, તો તેમની આવકનું સાધન ઓછું થાય એ સમજી શકાય તેમ છે. પણ સાચા ડોક્ટરનો વધારે લાભ શામાં ? સેનેટોરિયમ કે દવાખાનામાં દર્દી ભરાયેલા જ રહે એમાં કે બધાં રોગરહિત થઇ દવાની જરૂરતથી પર થાય તેમાં ? કમભાગ્યે જીવનના કેટલાય ક્ષેત્રોમાં આપણે માનવહિતની દૃષ્ટિ કરતાં કમાણીની દૃષ્ટિ જ વધુ રાખીએ છીએ, ને તેથી જ આપણામાંથી સેવા, પ્રેમ ને સહકારનાં તત્વો ઓછાં થયા છે. પણ આ ફિલસૂફી સમજવા જેટલું સ્વસ્થ મગજ પણ આપણી પાસે ક્યાં છે ? આપણે સાચા માનવ થવું હોય, ને બીજાને પણ તેવા બનાવવામાં સહાયભૂત બનવું હોય, તો આપણા વિચાર ને દૃષ્ટિકોણમાં ફેરફાર કર્યા વિના છૂટકો નથી.

પરંતુ ડોક્ટરની ચિંતા વધારે ટકી નહિ. થોડા જ વખતમાં અમે - હું ને જોશીજી - સીમલા જવા ઉપડ્યા. સીમલા જવા પાછળ એ બાજુનો પ્રદેશ જોવાનો જ વિચાર હતો. વળી સીમલામાં જોશીજીના સંબંધી પણ રહેતા હતા. એટલે તેમની મુલાકાતનો પણ તેમનો હેતુ હતો. એ બંને માનવહેતુથી પર એક જુદો જ ઇશ્વરી હેતુ એ પ્રવાસ પાછળ રહેલો હતો, જેની તે વખતે અમને બંનેને ખબર ન હતી. ઇશ્વરના એવા કેટલાય અગમ્ય હેતુની માણસને ક્યાં ખબર હોય છે ? એમની માહિતી સુનિશ્ચિત સમય પર જ મળતી હોય છે.

ધરમપુરથી મોટર રસ્તે ખૂબ જ લાંબો પ્રવાસ કરીને સીમલા પહોંચીને અમે કથ્થુ ગયા. કથ્થુ સીમલાનો એકાંત જેવો સુંદર ભાગ હતો. ત્યાં જોશીજીના સંબંધી રહેતા. તેમને ત્યાં ઉતરીને પહેલું કામ અમે લાંબા પ્રવાસના પરિશ્રમને ઉતારવાનું કર્યું. સીમલાના પર્વતીય માર્ગના વિશાળ પહાડો નજર સામે તરવરતા હતા. એ પહાડ સુંદર ને હરિયાળીવાળા છે. વળી ઊંચા પણ ખૂબ જ છે. સીમલાની રચના પણ સુંદર છે. જો કે ત્યાંના વૈભવી જીવન વચ્ચે ગરીબીનું દર્શન એક સર્વવ્યાપક દેવતાની જેમ થવાનું. મારા

દેવતા શબ્દના પ્રયોગથી કોઇએ ચમકવાનું નથી, કેમ કે દેવતા સારા ને નરસા બંને જાતના હોય છે. તે માણસને તારે છે એમ જ નથી. એને અધોગતિમાં નાખવાનું ને મોહાંધ કરવાનું કામ પણ તે કરતા હોય છે. ગરીબીના દૃશ્યો જોઇને મારું દિલ પીગળી જાય છે. મુંબઇ ને કલકત્તા, મદ્રાસ, રામેશ્વર ને સીમલા, ઠેઠ બદરીનાથ ને કૈલાસ સુધી આ ગરીબી ભારતમાં ફેલાયેલી છે. આ દેશનાં લોકો સુખી ને ભૌતિક રીતે સમૃદ્ધ ક્યારે થશે ? એ દિવસ જોવા હું ખૂબ આતુર છું. જ્યારે દરેકને પૂરતાં અન્ન-વસ્ત્ર-રહેઠાણ મળી રહેશે. વિદ્યાનાં સાધન ને સંસ્કાર જડશે, ત્યારે જ આ દેશ દેવોનો પ્રિય બનશે.

ગરીબીનો રોગ ભયંકર છે, પણ અમીરીનો રોગ ઓછો ભયંકર નથી. તેને મહા ભયંકર કહેવો જોઇએ. જો સંભાળે નહિ તો માનવ તેના પાશમાં ફસાઇને માનવતા ખોઇ દે છે. અમીરીનો દેવતા પણ આપણે ત્યાં ફેલાયેલો છે ને ફેલાતો જાય છે. પણ કોઇ દેશ એકલી ભૌતિક સમૃદ્ધિથી કે અમીરી જીવનથી મહાન કહેવાતો નથી. મુખ્ય વસ્તુ માનવનું હૃદય છે. માનવના નૈતિક અને આધ્યાત્મિક સંસ્કાર જે તેને માનવ બનાવે છે તે છે. તેને જીવંત રાખીને તેની આસપાસ ભૌતિક સુખસમૃદ્ધિ વિકસે એ ઉત્તમ કહેવાય. માનવનો એવો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ ભારતે સાધ્યો હતો ને ફરી સાધી બતાવશે એવો મને વિશ્વાસ છે. સંસાર પણ એ માર્ગે વળશે.

વિચારોના વમળમાં કેટલોય સમય વહી ગયો. જોશીજી કોઇના હાથનું જમતા નહિ. તેમણે અમારે માટે રસોઇ બનાવી લીધી. અમે જમ્યા. જોશીજી ખૂબ જ પ્રેમાળ હતા. વરસોથી તે ગૃહસ્થ જીવનમાં રહીને વિરક્તની જેમ સાધના કરતા, મને તેમના પ્રત્યે માન હતું. એમણે જમી રહ્યા પછી મારી સાથે વિવિધ વાતો કરવા માંડી.

એટલામાં અમારી નજર દ્વાર પર પડી. બપોરનો વખત હતો. જોયું તો એક પ્રચંડકાય તેજસ્વી પુરુષ ઊભા છે. રંગીન અર્ધી બાંયનું ખમીસ ને ધોતિયું, પગમાં ચંપલ ને હાથમાં લાકડી, માથું ... ને મોઢું વાળ વિનાનું, સુંદર ના કહેવાય એવી નાની પણ તેજસ્વી આંખ ને ખભે શાલવાળા એ પુરુષને અમે ઘરના કોઇ ઓળખી શક્યાં નહિ. પણ અમારી ઓળખાણની પરવા કર્યા વિના, ચંપલ કાઢી, નમસ્કાર કરી તે પુરુષ અમારી સામે આવીને જમીન પર બેઠા. ને બે મિનિટ અમને જોઇ રહ્યા. મેં પૂછ્યું, 'તમારો પરિચય ?'

જવાબમાં તે બોલવા માંડ્યા, પણ તે બધું કહેતાં પહેલાં એટલું કહી દઉં કે એ બહારથી સાધારણ જેવા દેખાતા પુરુષ એક મહાપુરુષ - ખૂબ જ મહાપુરુષ કે સિદ્ધપુરુષ હતા. અને એમનું નામ નેપાલીબાબા હતું, અથવા કહો કે એ નામે તે વિખ્યાત હતા.

નેપાલીબાબાનો પરિચય આપતાં મને અસાધારણ અનેરો આનંદ થાય છે. આ મહાત્માની દશા ખૂબ જ ઊંચી છે. તેમના જેવા મહાત્મા ભારતભરમાં ભાગ્યે જ જોવા મળી શકે છે. તે પોતે સાધક નથી, સાધક દશાને વટાવીને જીવનમુક્ત કે સિદ્ધ દશામાં પ્રતિષ્ઠિત છે. તેમનાં દર્શન, તેમનો સંગ, તેમની સહાયતા કોઇ પણ માણસને માટે કલ્યાણકારક થાય છે. નેપાલીબાબા જેવા મહાપુરુષને જોઇને મને લાગ્યું કે આવા વિષમ સમયમાં પણ ભારત મહાન આધ્યાત્મિક વિભૂતિઓથી સંપન્ન છે ને તેથી જ ભારતનું ભાવિ ઉજ્જવળ છે.

સીમલા જેવા ભોગપ્રધાન સ્થળમાં નેપાલીબાબાનું વસવું એક આશ્ચર્ય છે. છેલ્લાં ૨૦-૨૫ વરસથી નેપાલીબાબા ત્યાં રહે છે. સીમલાની બહાર દૂર-સુદૂર એકાંતમાં તેમનું સ્થાન છે. તેમને મહાત્મા તરીકે

સીમલામાં કોઇ જાણતું નથી. તેનું એક કારણ નેપાલીબાબાની નિસ્પૃહતા, વસ્તીથી અલિપ્ત રહેવાની વૃત્તિ, ને બીજું કારણ તેમનો બાહ્ય દેખાવ. તેમનું સાફ મુખ, પ્રચંડ ઊંચુ ભરાવદાર શરીર, તેમજ સફેદ ધોતી ને રંગીન ખાદીના ખમીસનો તેમનો વેશ તેમને મહાત્મા તરીકે ઓળખવામાં જરા પણ મદદરૂપ થતો નથી.

નેપાલીબાબાની આંખ ખૂબ જ તેજસ્વી છે. મુખ પર દૃઢ નિશ્ચય, કષ્ટ સહન, તીવ્ર વૈરાગ્ય ને છતાંયે નિરાભિમાનની છાપ છે. તે કહેવા માંડ્યા : 'સીમલામાં કેટલાય સંતસાધુ આવે છે પણ હું કોઇને મળતો નથી. આ પહેલો જ પ્રસંગ છે કે હું મળવા આવ્યો છું.'

થોડીવાર પછી તેમણે જ શરૂ કર્યું : 'રાતે મને લામાગુરુએ આવીને કહ્યું કે અહીં બે સંતપુરુષો આવ્યા છે. તેમાં જે નાની ઉંમરના છે તેમને તારે ખાસ મળવા જેવું છે. ને તેમણે મને આ ઠેકાણું કહ્યું એટલે અત્યારે હું તમને મળવા આવ્યો છું.'

અમે એ બધું શાંતિપૂર્વક સાંભળી રહ્યા. બધું સાંભળીને જોશીજીએ પૂછ્યું, 'તમારા લામા ગુરુ ક્યાં છે ?'

'મારા ગુરુ ચીનમાં રહે છે.' તેમણે કહ્યું : 'પરંતુ તેમની શક્તિ અપાર છે. એક સ્થળે રહેવા છતાં તે કાળ કે સ્થળના બંધનમાં નથી. બધાં જ બંધનથી પર છે. મને તે લગભગ રોજ દર્શન આપે છે, ને મારી સાથે વાર્તાલાપ પણ કરે છે.'

સિદ્ધ યોગીને માટે એમ કરવું અશક્ય નથી એ અમે જાણતા હતા. યોગીએ યોગની વિવિધ પ્રક્રિયા દ્વારા તન ને મન પર પૂર્ણ કાબુ મેળવ્યો હોય છે. સ્થૂલ ને સૂક્ષ્મ બંને શરીરનો તે સ્વામી બની જાય છે. તે ગમે ત્યાં જઇ શકે છે, ને સ્થૂલ શરીર દ્વારા મહાન આશ્ચર્યજનક કાર્યો કરી શકે છે. એ બધી વાતમાં અમારો વિશ્વાસ હતો. મને તો તેમાં લવલેશ શંકા ન હતી. કેમ કે પ્રભુની કૃપાથી મને પણ જીવનમાં એવા સિદ્ધપુરુષોના દર્શનાનુભવ થયા હતા. સંસારી માણસોને જે શક્તિની કલ્પનાય નથી હોતી તે શક્તિ એવા યોગી પુરુષોએ પ્રાપ્ત કરી હોય છે. દરેક મનુષ્યમાં એવી શક્તિને માટે સમુચિત વિકાસ કરવાની શક્યતા રહેલી છે. પણ પામર માનવ વિષયના રસમાં જ સર્વસ્વ માની લે છે, ઇન્દ્રિય ને મન બુદ્ધિના ક્ષેત્રમાં જ બંધાઇ જાય છે, ને તેથી જે અતીત છે, વિરાટ છે, એનો અનુભવ નથી કરતો. પરિણામે માનવ-શક્તિનો પૂરો ઉપયોગ કરી શકાતો નથી. તેનો સંપૂર્ણ સદુપયોગ થાય તો માણસ ધાર્યો વિકાસ જરૂર કરી શકે.

મારા એ વિચારની સાથે સંમત થતા હોય તેમ નેપાલીબાબા તરત જ બોલી ઉઠ્યા : 'સંસારમાં શું છે ? સંસારના બધા જ પદાર્થો વિનાશશીલ છે. માનવ તેમાં લપટાઇને બરબાદ થઇ જાય છે. પણ જે સનાતન છે, પૂર્ણ આનંદમય ને કલ્યાણકારક છે, તેની આરાધના માનવ કરતો નથી. એથી વિશેષ આશ્ચર્ય બીજું કયું હોઇ શકે ?'

તે પછીની તેમની બધી જ વાતો જ્ઞાન ને વૈરાગ્યની હતી. તેમની વાણી અસ્ખલિત, મૃદુ, ગંભીર તથા અનુભવથી ભરેલી હતી. એમ થાય કે તે બોલ્યા જ કરે ને તેમના સુખદ સહવાસમાં આપણે બેસી જ રહીએ. ઉઠવાનું મન જ થાય નહિ એવો રસ ટપક્યાં કરે.

જે વસ્તુની ધરમપુરથી નીકળતી વખતે અમને કલ્પના પણ ન હતી એ અમુલખ વસ્તુ ઇશ્વરકૃપાથી અમને મળી આવી. મહાપુરુષના સંગનું મૂલ્ય આંકી શકાય તેમ છે ? દુનિયાનું સમસ્ત ઐશ્વર્ય તેની આગળ

ફીકું પડે છે. તે તો આત્માને ઢંઢોળે છે, ચેતન અર્પે છે, ને પરમ પ્રકાશથી હૃદયને આલોકિત કરે છે. ઘરનાં માણસો પણ પ્રેમી હતા. તે પણ સૌ બાબાની વાણી સાંભળવા માંડ્યા, બાબાના દર્શન કરવા માંડ્યા, અને આશ્ચર્ય અનુભવવા માંડ્યા. સીમલામાં આવી આધ્યાત્મિક વિભૂતિનો ખ્યાલ પણ ક્યાંથી આવે ? ને તે પોતે જ્યારે દર્શન દઇને કૃતાર્થ કરવા આવે ત્યારે તેનો લાભ પણ કોણ ના લે ?

તે દિવસે મોડી રાત સુધી નેપાલીબાબા બેઠા. તે દરમ્યાન તેમણે ઘણી ઘણી વાતો કરી. તે પછી પણ અમે સીમલા રહ્યા ત્યાં સુધી તે રોજ કૃપા કરીને આવવા માંડ્યા. તેમની સાથે એક વીસેક વર્ષની નેપાલી છોકરી પણ રહેતી હતી. નેપાલીબાબા કહેતા કે 'નેપાલના જંગલમાં એક ઠેકાણે ફરતાં ફરતાં એ છોકરી મળેલી. જ્યારે તેને પ્રથમ જોઇ ત્યારે તેના પેટની આસપાસ કોઇ લાકડી પેસી ગઇ હતી, ને તે બેહોશ હતી. મને દયા આવી. એક ઔષધિનો પ્રયોગ કરીને મેં તેને સાજી કરી, ને તેને ઘેર પહોંચાડવા કહ્યું. પણ તે કન્યા તો મારા ઉપકારથી બધું જ ભૂલી ગઇ હતી. તેણે તો મારી જ પાસે રહેવાની હઠ પકડી. આખરે તેનાં સંબંધીની રજા લઇને તે મારી જ સેવામાં રહી. આજે તો તે પણ ઉચ્ચ દશાએ પહોંચેલી છે. સારી રાત તે ધ્યાનમગ્ન બેસી રહે છે. તેને સમાધિ સાંપડી છે, ને બીજી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થઇ છે. લગ્ન કરવાનો તેનો વિચાર નથી. મારી પાસે રહીને તે જડીબુટ્ટી વિશે તેમજ યોગસાધના શીખે છે.'

નેપાલીબાબા જડીબુટ્ટીના પ્રખર જ્ઞાતા છે. દુનિયામાં કયા સ્થળે કેવી જાતની બુટ્ટી થાય છે ને તેનો લાભ શો છે તેનું તેમને અગાધ જ્ઞાન છે. તે પોતે ઔષધિથી મફત સેવા પણ કરે છે. એક વાર તે અમારી પાસે એક ગ્રંથ લઇને આવ્યા. એ ગ્રંથ પ્રાચીન હસ્તલિપિમાં હતો ને તેમાં વિવિધ ઔષધિના ગુણ વર્ણવેલા. જોશીજીને ઔષધિમાં ખૂબ રસ હતો અને એમના જ આગ્રહથી બાબા એ ગ્રંથ લાવેલા.

તેમની કેટલીક વાતો અજબ હતી. એક દિવસ તેમણે કહ્યું : 'હું વારંવાર તિબેટ, ચીન, નેપાલ જાઉં છું. નેપાલ મારું મૂળ જન્મસ્થાન હોવાથી મને સૌ નેપાલીબાબા કહે છે. મારી ઇચ્છા થાય ત્યારે હું પ્રવાસે ઉપડી જાઉં છું, ને ઇચ્છા થાય ત્યારે અહીં આવું છું. ભૂતાનમાં પર્વતોમાં કેટલાક મહાન યોગી વસે છે. એ બાજુના પર્વતોમાં સત્યયુગ, ત્રેતા ને દ્વાપર યુગના મહાત્માઓ પણ છે. એમનો આહાર તે પ્રદેશમાં થતી ઔષધિનો છે. પાંચસોથી હજાર વરસના મહાત્મા એ બાજુ કેટલાય છે. પણ સાધારણ માણસને તેમનાં દર્શન થવાનું દુર્લભ છે. જો તેમની ઇચ્છા હોય તો જ બીજા તેમને જોઇ શકે છે. મેં એવા ઘણા યોગીપુરુષોને જોયા છે. એક વાર મને એક સ્થળે વિશાળ વૃક્ષરાજની નીચે મહાન ભક્ત, જ્ઞાની ને યોગી કાગભુશુંડજીનાં દર્શન પણ થયાં હતાં. મારી આ વાત હું કોઇને કહેતો નથી. કેમ કે આજની અશ્રદ્ધાળુ પ્રજા તેને માને તેમ પણ નથી. પ્રેમને લીધે અધિકારી જાણીને તમને જ કહું છું.'

એ મહાત્માએ કૈલાસ-માનસરોવરની યાત્રા ઘણી વાર કરી હતી. તે કહેવા માંડ્યા : 'એક વાર હું દેવપ્રયાગ આવીશ. આપણે ત્યાંથી સાથે કૈલાસની યાત્રા કરીશું. તે વખતે હું તમને એવા મહાન યોગીપુરુષોનાં દર્શન કરાવીશ. તમને ખૂબ જ આનંદ આવશે.' જો કે તે પછી હજી નેપાલીબાબા દેવપ્રયાગ નથી આવી શક્યા.

તેમણે કહેલી એક વિચિત્ર વાત લખીને આ પ્રકરણ પૂરું કરું છું. તેમણે જણાવ્યું કે 'છેલ્લી સીમલા પરિષદ વખતે અહીં સુભાષચંદ્ર બોઝ ને હીટલર - બેય વેશપલટો કરીને આવ્યા હતા. મેં તેમને ઓળખી

કાઢ્યા ને કહ્યું કે તમારી પાછળ તો છૂપી પોલીસ ફરે છે. તમે અહીંથી અફઘાનિસ્તાન બાજુ જતા રહો. તે પછી તે બંને તરત જ સીમલા છોડી ચાલ્યા ગયા હતા.'

આ વાતમાં કેટલું તથ્ય હોઇ શકે છે તે વિવેકી પુરુષો વિચારી શકે છે. એક વાત તો ચોક્કસ છે કે ભારત સરકારની પર્યાપ્ત સૂક્ષ્મ તપાસ છતાં હજી સુભાષચંદ્ર બોઝનો પત્તો નથી. ને લોકો એમના અસ્તિત્વની આશાને ખોઇ બેઠા છે.

સીમલામાં ઝાકુ કરીને એક સુંદર સ્થળ છે. ત્યાં અમે જઇ આવ્યા. ત્યાં મંદિરમાં હનુમાનજીની મૂર્તિ છે. મંદિર સુંદર અને ઊંચું છે. ત્યાં એક સંન્યાસી મહારાજ રહેતા હતા. તે સ્થળમાં પ્રાચીન કાળમાં કોઇ સિદ્ધ પુરુષ નિવાસ કરતા. જેને એકાંત અને સરસ આહ્લાદક વાતાવરણમાં વસીને ભજન કરવું હોય તેને માટે એ સ્થળ પણ સાનુકૂળ તથા સુંદર છે.

બપોરે નેપાલીબાબાની ફરી મુલાકાત થઇ. તેમને અમારા પર પ્રેમ થઇ ગયો હતો, ને તેથી જ તે અમારી પાસે ખેંચાઇ આવતા. તેમણે કહ્યું : 'આજે લામા ગુરુ આવ્યા હતા. તેમણે કહ્યું છે કે આજે રાતે બે વાગે તે તેમને બંનેને દર્શન આપશે.'

મને થયું કે નેપાલીબાબા ને તેમના ગુરુની સત્યાસત્યતાને પારખવાનો આ સારો અવસર છે. તેમના કહ્યા પ્રમાણે આજે લામા ગુરુનું દર્શન ના થાય તો તેમના શબ્દો મિથ્યા થાય. મેં જોશીજીને કહ્યું કે આજે રાતે આપણે જાગવું જ નથી. વહેલા સૂઇને મોડે સુધી ઉઠવું જ નથી. કોઇ જગાડે તો પણ ના ઉઠશો. જુઓ, લામા ગુરુ કેવી રીતે દર્શન આપે છે !

પણ સિદ્ધ પુરુષોના સામર્થ્યનું શું પૂછવું ? મારી શંકાશીલ વૃતિને લીધે મને તો તે દિવસે કૈં સ્પષ્ટ ના થયું. પરંતુ જોશીજીએ સવારે કહ્યું કે બરાબર રાતે બે વાગે મારી આંખ ઉઘડી ગઇ ને લામા ગુરુના દર્શન થયા. તેમણે તમારી તરફ આંગળી કરીને કહ્યું કે આ શું કામ બધે ફરે છે ? એમનો પૂર્ણતાનો વખત આવી ગયો છે. હવે એમણે ક્યાંય ફરવાની જરૂર નથી. હવે એ દેવપ્રયાગ જ જાય ને ત્યાં જ રહે એમ કહેજો. મને કહ્યું કે તમારે હજી વાર છે. પણ નિરાશ થયા વિના તમે સાધન-ભજન કર્યા કરો.

મેં કહ્યું કે મને તો કૈં સ્પષ્ટ થયું નહીં. તમને થયું એ મારે કેવી રીતે માનવું ? મારે માટે જે કહેવાનું હોય તે મને જ કેમ ના કહ્યું ? એ રાતે મને સ્પષ્ટ દર્શન ના થયું પરંતુ પ્રકાશ દેખાયો, કોઇ આકૃતિ જણાઇ, ને તેણે મારે શરીરે હાથ ફેરવ્યો, એટલો અનુભવ થયો હતો.

તે પછી થોડે જ દિવસે - શ્રાવણ સુદી બારસને દિવસે - મૌનવ્રત રાખીને હું બેઠો હતો, ત્યારે એકાએક મારું દેહભાન વિલાઇ ગયું ને મને લામા ગુરુનાં દર્શન થયા. લામા ગુરુ ખૂબ જ ઊંચા હતા. તેમને લાંબી દાઢી હતી ને તેમણે કાળો પગની પાની લગીનો ઝભ્ભો પહેર્યો હતો. એ દર્શનથી મને આનંદ થયો. લામા ગુરુની સાથે બીજા બે ત્રણ મહાત્મા હતા. તેમને હું ના ઓળખી શક્યો. લામા ગુરુના શિષ્યો હશે. પણ લામા ગુરુની શક્તિનો મને તે રીતે પરચો મળ્યો ખરો. એ અનુભવ દ્વારા એમની અસામાન્યતાની પ્રતીતિ થઇ.

મારો વિચાર સીમલાથી નહાન જવાનો હતો. નહાન સ્ટેટ પંજાબમાં છે. ત્યાં જમનાજી વહે છે. ત્યાંના એક મહાત્મા ઇ. સ. ૧૯૪૪ માં મને ઉત્તરકાશી મળ્યા હતા. તેમણે કહેલું કે અનુકૂળતા મળતાં નહાન

આવજો, ખૂબ જ સુંદર જગા છે. મારા આશ્રમમાં બધી સગવડ છે, ખેચરી મુદ્રા કરવામાં હું તમને મદદ કરીશ. જો કે ખેચરીનો વિચાર તો પ્રભુએ ઉત્તરકાશીમાં જ પૂરો કર્યો હતો. પરંતુ સીમલાથી નહાન પાસે હોવાથી થોડા દિવસ એ બાજુ જવા ઇચ્છા હતી. એ માટે મેં એક સાંજે નેપાલીબાબાને વાત કરી.

બાબાએ કહ્યું : 'નહિ નહિ, ત્યાં જવાની જરૂર નથી. તે સાધુ નથી, નામધારી છે. તેનામાં યોગી કે મહાત્માનાં લક્ષણ નથી. ત્યાં જવાથી કૈં નહિ વળે. તમે તો દેવપ્રયાગ જ જાવ, ને ત્યાં જ રહો. જુઓ ત્યાં શું થાય છે ? બધી રીતે આનંદ આનંદ થઇ રહેશે. તમારે કોઇનીય પાસે જવાની જરૂર નથી. એવા તો કેટલાય સંત-મહાત્મા તમારા દર્શન કરવા આવશે.' એ સાથે નેપાલીબાબાએ તે યોગીનું નામઠામ ને તેમના પહેરવેશ વિશે કહ્યું તે બિલકુલ સાચું હતું. મને થયું કે નહાન જવાનું આંતરપ્રેરણા દ્વારા સમર્થન મળે તો જ જવું. પરંતુ સીલમાના નિવાસ દરમ્યાન તેવું સમર્થન ના મળ્યું એટલે મેં જવાનો વિચાર મુલતવી રાખ્યો.

કોઇએ આ સાંભળી આશ્ચર્ય પામવાની જરૂર નથી. પ્રભુની કૃપાથી મને બચપણથી ને ઇ. સ. ૧૯૪૩ થી તો સતત આવી આંતર-આજ્ઞા મળ્યા કરે છે. જેમ એક માણસ બીજા સાથે વાત કરે તેમ કૃપાળુ 'મા' મને પ્રેરણા આપે છે. મુશ્કેલ પરિસ્થિતિમાં હું એ પ્રેરણા પ્રમાણે જ વધારે ભાગે ચાલું છું ને તેમાં જ મારું હિત રહેલું હોય છે. એ આદેશોએ આજ લગી મારા જીવનમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવ્યો છે; એક મિત્ર, ગુરુ, સખા કે પથપ્રદર્શકનું કામ કર્યું છે. તેમને લીધે મારામાં આત્મશ્રદ્ધા વધી છે, મજબૂત બની છે, અને આજે આટલો વિકાસ મેં પ્રાપ્ત કર્યો છે. એ પ્રેરણાઓથી મને સ્પષ્ટ પ્રતીતિ થઇ છે કે ઇશ્વરની મહાન નેહપૂર્ણ નજર મારા પર મંડાયેલી છે. 'મા' જ મને દોરે છે, ને નિમિત્ત બનાવીને મારા દ્વારા સાધના કર્યા કરે છે. એ પ્રેરણાઓનું સ્થાન મારા જીવનમાં ઘણું અનોખું છે. પણ તે વિશે આથી વધારે વિસ્તારમાં હવે નહિ પડું. કેમ કે મારા જીવનના બધા જ અનુભવોને જાહેર કરવા તે મને પસંદ નથી. કેમ કે તેની વિશેષ આવશ્યકતા નથી, અલબત્ત બીજાને માટે.

નહાન જવાનું બંધ રહ્યું એટલે અમે ધરમપુર જવાનો વિચાર કર્યો. સીમલામાં હવે વિશેષ રહેવાનું કારણ ન હતું. જવાનો દિવસ પણ નક્કી કર્યો. નેપાલીબાબાને ખબર આપી. તેમણે કહ્યું કે હું સ્ટેશને આવીશ.

બપોરે અમે બધી તૈયારી કરતા બેઠા. એકાએક મને વિચાર આવ્યો. મેં જોશીજીને કહ્યું કે સીમલામાં આપણે આનંદ કર્યો. હવે નીકળવાનો વિચાર કરીએ તે બરાબર છે. પરંતુ એક વાત રહી ગઇ એમ લાગે છે. નેપાલીબાબા સીમલામાં રહે છે તો તેમનું સ્થાન તો જોઇએ.

જોશીજીને મારો વિચાર ગમી ગયો. તે જ દિવસે બપોરે અમે નેપાલીબાબાને ત્યાં જવા ઉપડ્યા. રસ્તામાં વરસાદ પડ્યો. અમે જરા ભીંજાયા. લાંબા પ્રવાસ પછી અમે બાબાના સ્થાન પાસે આવી પહોંચ્યા. પણ આ શું ? બાબા તો માર્ગ પર જ વરસાદમાં ભીંજાતા ઊભા છે ! અમે કહ્યું, 'અરે, તમે આવી રીતે વરસાદમાં ?'

નેપાલીબાબા બોલ્યા : 'હું તમારું સ્વાગત કરવા ઊભો છું. તમે મારે માટે ઠેઠ આટલે આવ્યા તો હું બહાર રસ્તે પણ ના આવું ? આજે બપોરે બરાબર બે વાગે તમે અને એક સ્ત્રી અહીં આવવાની ચર્ચા કરતાં બેઠાં'તાં. તે હું અહીંથી સાંભળતો'તો. એટલે મેં જાણી લીધું કે તમે આજે જવાના નથી ને અહીં જ આવવાના છો.'

વાત સાચી હતી. નેપાલીબાબાની અદભૂત શક્તિનો એ દ્વારા એક વધારે પુરાવો મળ્યો. બે વાગે અમે વાત કરતા હતા, ત્યારે ઘરની એક સ્ત્રી પણ સાથે હતી.

નેપાલીબાબાની ઓરડી નાની, જીર્ણ જેવી હતી. આજુબાજુ ઉત્તુંગ પર્વતો હતા. એ સ્થળમાં આવા મહાન પુરુષ રહેતા હશે એવી કલ્પના પણ આવવી મુશ્કેલ છે. ત્યાં જઇને અમે બહાર બેઠા. થોડી વારે પેલી નેપાલી બેન હુક્કો લઇ આવી. જોશીજીએ તેનો સ્વીકાર કર્યો. મેં કેવળ પાણી માંગ્યું. વિવિધ વાતો થઇ. નેપાલીબાબાના મકાનની આસપાસ પાંચ-સાત મુસલમાનના ઘર હતાં. તેમાંથી એક બિમાર હતો. નેપાલીબાબાએ તેને પોતાના મકાનમાં આશ્રય આપેલો. તેની દવા ચાલતી હતી. નેપાલી બેન પણ ખૂબ જ તેજસ્વી હતી. તેની મુખાકૃતિ અલૌકિકતા ને સુંદરતાથી ઓપતી. એના પરથી એની આત્મિક પ્રગતિની પ્રતીતિ થતી.

મેં બાબાના સાધનાસ્થાન પર બેસવાની ઇચ્છા કરી. બેને તરત જ એ સ્થાનમાં આસન નાખી આપ્યું. તે પર હું બેઠો. આજુબાજુ દેવીદેવતાના સુંદર ફોટા હતા. ત્યાં બેસતાં જ મને ભાવાવેશ જેવું થઇ આવ્યું. આંખમાંથી આંસુ ચાલ્યા. ખૂબ ખૂબ શાંતિ અને આનંદ લાગ્યો. સિદ્ધ પુરુષના સાધના સ્થાનમાં પણ એવી અલૌકિક અવર્ણનીય શક્તિ હોય છે.

રસ્તામાં મેં જોશીજીને નેપાલીબાબાને એક પ્રશ્ન પૂછવા જણાવેલું. જોશીજીએ પૂછ્યું : 'આપના અનુભવના આધાર પર સમાધિનો સહેલો ને સચોટ રસ્તો કયો ?'

નેપાલીબાબાએ તરત જ કહ્યું : 'સુરત-શબ્દ-યોગ.'

નેપાલીબાબાના એ સંક્ષિપ્ત શબ્દોમાં અનુભવી માણસોને ઘણું ઘણું જાણવાનું મળશે. સાધકની અંદર જે નાદ જાગે છે, તેમાં મનની વૃતિ એકાકાર થઇ જાય એટલે સમાધિ મળે. સુરત એટલે મનની વૃતિ. નેપાલીબાબાના કથનથી અમને ખૂબ જ આનંદ થયો. તે કથન મારા તે વખતના સાધનાત્મક અનુભવ સાથે મળતું આવતું હતું.

ત્યાં તો મેં પૂછ્યું : 'તમે બીજી ઔષધિ તો શોધી છે પણ સમાધિ કરાવે તેવી ઔષધિ જાણો છો ?'

પેલી બેન પાસે જ હતી. તેણે તરત કહ્યું : 'લામા ગુરુએ મને તમને બતાવીને કહ્યું છે કે આ એક મહાન આત્મા છે. તેમને તમે સારી રીતે સત્કારજો ને ઔષધિ તથા ફોટો આપજો.' ને તે નેપાલીબાબાના કહ્યા પ્રમાણે સમાધિ માટેની ઔષધિ લેવા ચાલી ગઇ.

નેપાલીબાબાએ લામા ગુરુની આજ્ઞાને શિર પર ચઢાવીને મને તેમનો એકનો એક ફોટો આપી દીધો. મેં તે પ્રેમપૂર્વક ગ્રહણ કર્યો. બેન ઔષધિ લાવી. ઔષધિ થોડી હતી. તેનો પ્રયોગ કેમ કરવો તે મને બાબાએ સમજાવ્યું. સાથે સાથે કહ્યું કે જોશીજીને આ ઔષધિ ના આપતા. તેમને હજી વાર છે. લામા ગુરુએ ફકત તમારે જ માટે આજ્ઞા કરી છે.

આના અનુસંધાનમાં કહી દઉં કે દહેરાદૂન આવીને મેં ઔષધિનો પ્રયોગ કર્યો. જોશીજીને પણ તે આપી. પણ જોશીજીને કૈં થયું નહિ. રાતે દસ વાગે ઔષધિ લઇને હું ધ્યાનમાં બેઠો. થોડી વારમાં જ ભાન જતું રહ્યું. ખૂબ જ આનંદ થઇ રહ્યો. સવારે જોશીજી મારી સામે ઊભા હતા, ત્યારે મારું ભાન આવ્યું. સવારે નવેક વાગ્યા હશે. જોશીજી કહે, 'હું તો બેત્રણ વાર આવી ગયો. તમારા મુખ પર તેજ ઝળહળતું હતું.'

સાંજે નેપાલીબાબા અમને મૂકવા આવ્યા. અમે ઘણી વાતો કરી. મને છૂટાં પડતાં કહેવા માંડ્યા, 'તમારો જયજયકાર થઇ જશે, દિગ્વિજય થઇ જશે.'

તે વખતે સૂર્યાસ્ત થઇ ચૂક્યો હતો. આકાશમાં ગુલાબી ફેલાઇ ગઇ હતી. તે બતાવીને તેમણે મનમાં ને મનમાં કાંઇક કહ્યું. કદાચ તે ઉજ્જવલ ભાવિનું સૂચન કરી રહ્યા હશે !

એ અમારી છેલ્લી મુલાકાત હતી. તે જ રાતે અમે સીમલા છોડ્યું. તે બાદ બાબા મળ્યા નથી પણ તેમની સ્મૃતિ કાયમ છે. એક મહાન સિદ્ધપુરુષ તરીકે મારા દિલમાં તેમના પ્રત્યે અપૂર્વ માન છે. બે વરસ પછી તેમને લખેલો પત્ર 'નેપાલીબાબા મરી ગયા છે' એવા 'ડેડ લેટર ઓફિસ'ના શેરા સાથે પાછો આવેલો. તે વાતમાં કેટલું તથ્ય હતું તે પ્રભુ જાણે. મેં એની તપાસ ના કરી. જ્યાં હો ત્યાં એ મહાપુરુષ નેપાલીબાબાને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે ! ભારત ને સૃષ્ટિના એક સન્માનનીય મહાપુરુષ તરીકે તેમનું સ્થાન કાયમ રહેશે ! કદીયે નહિ મટે !

સીમલાથી ધરમપુરની મુસાફરી એકંદરે સારી રહી. સીમલા હીલ્સમાં વળાંક પર વળાંક લેતી ટ્રેન ખૂબ જ આકર્ષક લાગતી. ધરમપુર વધારે રોકાવાનું ન હતું. એટલે એક દિવસ રોકાઇને અમે દહેરાદૂન માટે ઉપડ્યા. દહેરાદુનને જોશીજીએ કેટલાય વખતથી તેમનું નિવાસસ્થાન બનાવેલું. એવા મોટા વ્યવસાયી શહેરમાં રહીને પણ તે સાધનાપરાયણ જીવન જીવતા. જે માણસો ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મદર્શનને માર્ગે જવા માગે છે તેમને જોશીજીના જીવનમાંથી ઘણું ઘણું શીખવાનું મળશે. જોશીજીનો પ્રેમ ભારે હતો. તેમનું હૃદય દયાળુ હતું. બીજાનું દુઃખ જોઇને તે દ્રવી જતા. સંતસેવા તેમની અત્યંત પ્રિય વસ્તુ હતી. સદભાગ્યે સ્ત્રી પણ તેમને સહયોગિની જેવી જ મળેલી. તે તેમને બધી રીતે સહકાર આપતી. ઉત્તર ભારતના આધ્યાત્મિક વિકાસ-પ્રાપ્ત પુરુષોને જેમણે મળવું હોય તેમણે જોશીજીને મળવું જોઇએ. તે મુલાકાત તેમને માટે સુખદ થઇ પડશે એ નક્કી છે.

દહેરાદૂનમાં મને લાંબા વખત લગી રાખવાની જોશીજીની ઇચ્છા હતી. પણ મારું દિલ દેવપ્રયાગ જવા ઉત્સુક હતું. છતાં પણ થોડા દિવસ મારે દહેરાદૂન રહેવું પડ્યું, કેમ કે મને જમણા પગે સાથળ પર ફોલ્લો થયો. એ દિવસોમાં જોશીજીએ મારી ખૂબ જ પ્રેમથી સેવા કરી.

દેવપ્રયાગ આવીને મેં પાછું મૌનવ્રત લઇ લીધું. રાતદિવસ આત્મનિમગ્ન દશામાં રહીને જગદંબાને દર્શન દેવા માટે પ્રાર્થવા લાગ્યો ને સમાધિના આનંદ માટે પ્રયાસ કરવા માંડ્યો. એવી રીતે ચાર-પાંચ માસ વીતી ગયા. એક વાર વળી મને જમણે પગે ગડ થયું. એ પણ મટ્યું અને એક દિવસ શિયાળામાં ગુજરાતયાત્રા માટે મેં પ્રસ્થાન કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૪. જ્ઞાનેશ્વર મહારાજની આલંદીમાં કૃપા

ગુજરાતની યાત્રા એ વખતે અનેક રીતે યાદગાર બની ગઇ. પ્રભુની કૃપાથી તે દિવસોમાં મહાપુરુષ શ્રી જ્ઞાનેશ્વર મહારાજના પવિત્ર લીલાસ્થાન આલંદીમાં જવાનો અવસર પણ પ્રાપ્ત થયો. આલંદીની એ યાત્રા મારે માટે અત્યંત આનંદજનક અને ઉપકારક થઇ પડી. એ યાત્રામાં મારી સાથે મુંબઇથી પાંચ-છ ભાઇઓ ને પૂનાથી બીજા બે ભાઇ સામેલ થયા. બધા જ ભાઇઓ જિજ્ઞાસુ ને ઉત્સાહી હતા એટલે ખૂબ જ આનંદ આવે એ સ્વાભાવિક હતું.

જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન સૌથી પહેલાં મને હિમાલયના ઉત્તરકાશી નામે સ્થળમાં થયું હતું. તે વાત મેં આગળ પર વિસ્તારથી કહી દીધી છે. તે ધન્ય પ્રસંગને લીધે આલંદી તરફ મારું મન વધારે પ્રેમથી દોડતું હતું, ને તેથી જ મુંબઇની મુલાકાત વખતે મને તક સાંપડી ત્યારે તે તીર્થસ્થાનના દર્શનનો લાભ લેવાનો પ્રસંગ મેં હાથમાંથી જવા ના દીધો.

આલંદી ગામ નાનું છતાં સુઘડ, સુંદર ને વ્યવસ્થિત છે. જ્ઞાનેશ્વર મહારાજના સમાધિ મંદિરને લીધે તેની ખ્યાતિ વિશેષ છે. મંદિર ખૂબ જ સુંદર, સ્વચ્છ ને વિશાળ છે. તેની પાછળ નાનકડી છતાં રળિયામણી નદી છે. પૂનાથી મોટરમાર્ગે વીસેક માઇલ હોવાથી માણસો એ પવિત્ર સ્થળની મુલાકાત બહુ સારી સંખ્યામાં લેતા દેખાય છે.

મંદિરમાં પહોંચીને અમે સમાધિના દર્શનનો લાભ લીધો. સમાધિ મંદિરના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો કે તરત જ મંદિરના પૂજારીએ સમાધિસ્થાન પરથી લઇને મારા કંઠમાં એક હાર પહેરાવી દીધો. એ અચાનક થયેલા પ્રેમ-પ્રદર્શનથી મને જરા આનંદ થયો. જ્ઞાનેશ્વર મહારાજે પોતે જ પૂજારીને પ્રેરણા કરીને મારા સરખા એક સાધારણ પ્રેમી પુરુષનો એવી રીતે સત્કાર કર્યો એમ મને લાગ્યું.

સમાધિના દર્શન પછી અમે મંદિરની ચારે તરફ ફરી વળ્યા. મંદિર ખૂબ જ વિશાળ છે. તેની ધર્મશાળા પણ એવી જ વિશાળ છે. સ્થાન ખૂબ જ હૃદયસ્પર્શી અને આકર્ષક હતું. પરંતુ મારી દૃષ્ટિ કોઇ બીજી જ વસ્તુની શોધ કરી રહી. ઇ. સ. ૧૯૪૪ માં મેં ઉત્તરકાશીમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજને સમાધિની દશામાં જોયા હતા. તે વખતે તે એક ચોતરા પર કોઇ વૃક્ષની નીચે બેઠેલા. તેવું કોઇ સ્થાન અહીં હશે તેવી મારી કલ્પના હતી, ને તેથી મારી કલ્પનાના તે સ્થાનને જોવાની મારી ખૂબ ઇચ્છા હતી. પરંતુ તે સ્થાન મને દેખાયું નહિ એટલે મને જરા નિરાશા થઇ. નિરાશાની એ લાગણીનો અનુભવ કરતો હું મંદિરના દરવાજા તરફ જતો હતો ત્યાં જ મને એક અપરિચિત પુરુષનો મેળાપ થયો. કોઇપણ પ્રકારની પૂર્વભૂમિકા વિના તેમણે મને સીધો જ પ્રશ્ન કર્યો : 'તમે બધું જોઇ લીધું ?'

મેં કહ્યું : 'જોવાનું બધું તો જોઇ લીધું છે પણ પૂરતો સંતોષ અને આનંદ થયો નથી.'

તેમણે કહ્યું : 'તમે બધું જોયું હશે પણ એક સ્થળ નહિ જોયું હોય. તે ખાસ જોવા જેવું છે. ચાલો બતાવું.'

અમે તેમની પાછળ પાછળ ચાલ્યા. મંદિરના પાછળના ભાગમાં પગથિયા જેવું હતું. તેના પર ચઢીને અમે ઉપર પહોંચ્યા. તે ભાઇ તરત જ બોલી ઉઠ્યા : 'જુઓ, આ સ્થાન તમે નહિ જ જોયું હોય. ઘણાં નથી જોતાં. તમે શાંતિથી જુઓ. હું હવે મારે કામે વિદાય થાઉં છું.'

અને એ અજાણ્યા ભાઇ વિદાય થઇ ગયા. એ સ્થાનને જોઇને મારા આશ્ચર્ય અને આનંદ બંનેનું ઠેકાણું રહ્યું નહિ. ઉત્તરકાશીમાં મેં જે સ્થાન જોયું હતું ને જેને જોવાની મારી ઝંખના હતી તે જ સ્થાન ! ફેર માત્ર એટલો કે ત્યાં જ્ઞાનેશ્વર મહારાજ બેઠેલા ન હતા. બાકી એ જ ઓટલો, એ જ ઝાડ, એ જ એકાંત ! એ સ્થાનનું દર્શન કરાવનાર પેલા અજાણ્યા ભાઇ કોણ હશે ? શું તે સંત જ્ઞાનેશ્વર પોતે હશે ? તેમનો કોઇ દૂત હશે ? તેમની પ્રેરણાથી આવેલ કોઇ ભક્તજન હશે ? એ વાતનો ઉત્તર કોણ આપી શકે ? એ સુંદર સ્થાનને જોઇને અમે એટલા બધા આનંદમગ્ન બની ગયા કે તે વખતે તો અમે તેનો વિચારે ના કર્યો. એ કાચા જેવા ઓટલા પર ભાવવિભોર બનીને હું પદ્માસન વાળીને ધ્યાનમાં બેસી ગયો, ને જ્ઞાનેશ્વરની સ્મૃતિમાં લીન થયો. બીજા ભાઇઓ પણ પ્રભુસ્મરણ કરવા લાગ્યા. તેમણે મારા છ-સાત ફોટા પણ પાડ્યા. પરંતુ એક પણ ફોટો સારો ના આવ્યો. જ્ઞાનેશ્વર મહારાજની ઇચ્છા કદાચ એવી જ હશે. ગમે તેમ, મારા હૃદયમાં અંતરના અંતરતમમાં એ સુંદર સ્થાનનો જે ફોટો પડી ગયો તે તો ખૂબ જ સુંદર હતો. તેને કોઇ જ ભૂંસી શકે તેમ નહોતું.

એ જૂનુપુરાણું છતાં સુંદર અને આકર્ષક સ્થાન જોઇને મને અસાધારણ આનંદ થયો. કેટલું સરસ સ્થાન ? ને શાંતિમય પણ કેટલું ? એ જ સ્થાન મને ઉત્તરકાશીમાં દેખાયું હતું. ફકત જ્ઞાનેશ્વર મહારાજ એ ચોતરા પર બેઠા ન હતા. જો તે બેઠેલા હોત તો કેટલો બધો આનંદ આવત ? મેં પ્રાર્થના કરી. કહો કે વિનવણી કરી, કે હે જ્ઞાનેશ્વર મહારાજ ! મંદિરમાંથી બહાર નીકળીને તમે મારી પાસે આવો. તેમાં તમારું શું જવાનું છે ? તમે તો દેશ ને કાળથી મુક્ત છો, ઇશ્વર છો. તમારી મુલાકાત વિના આ સ્થળની યાત્રા સફળ કેમ થાય ? આ સુંદર શાંત સ્થળમાં મારી પ્રાર્થનાને લક્ષમાં લઇને તમારે પધારવું જ જોઇએ.

પણ એવા મહાપુરુષની દયા વિના એમને જોઇ પણ કોણ શકે ? જુએ તો ઓળખી પણ કોણ શકે ? ચિત્રકુટના ઘાટ પર સંતોની ભીડ થઇ હતી. માણસોની ઠઠ માતી ન હતી. ત્યારે રામ અને લક્ષ્મણ રાજકુમારનો વેશ લઇને તુલસીદાસ પાસે આવ્યા હતા. પણ તે પણ તેમને ક્યાં ઓળખી શક્યા હતા ? પ્રભુની લીલા એવી અજબ છે. માટે તો તુલસીદાસે ગાયું છે કે -

સોહિ જાને જેહુ દેહિ જનાઈ.

તે જ યથાર્થ રીતે જાણી શકે છે જેને તે પોતાનું રહસ્ય જણાવે છે.

મને થયું કે આવા સુંદર સ્થાનમાં જ્ઞાનેશ્વર મહારાજનું કીર્તન કરીએ તો ખૂબ જ આનંદ આવે. સમાધિ મંદિરના વિશાળ હોલમાં આવીને ખૂબ જ પ્રેમથી, ઊભા ઊભા ને નૃત્ય કરતાં અમે કીર્તન શરૂ કર્યું :

નિવૃત્તિ જ્ઞાનદેવ સોપાન મુક્તાબાઈ

એકનાથ નામદેવ તુકારામ !

તુકારામ તુકારામ !!

છેલ્લે છેલ્લે એકલા જ્ઞાનદેવના ધ્વનિની ધૂનમાં અમે તલ્લીન બની ગયા. મારા હાથમાં કરતાલ હતી. આંખ બંધ હતી. પગ પોતાનું કામ કર્યે જતા. હૃદય શ્રી જ્ઞાનેશ્વરને મળવા માટે ઉછળી રહ્યું હતું. શ્રી

જ્ઞાનેશ્વર દર્શન આપે અને અમારા પ્રેમપોકારથી પ્રસન્ન થઇને અમારી આગળ પ્રકટ થાય તો સારું એવો ભાવ મારા ઉરમાં - કહો કે રોમેરોમમાં ઉભરાઇ રહ્યો હતો. તે જ વખતે, કીર્તન ચાલી રહ્યું હતું ત્યારે જ, એક વૃદ્ધ પુરુષ પ્રકટ થયા. તે ક્યાંથી આવ્યા તેની વધારે ભાગના માણસોને ખબર પડી નહિ. માતાજી કહે છે કે તે મંદિરની બહારના ભાગમાંથી આવ્યા હતા. તેમના હાથમાં શું હતું ખબર છે ? ચમકતી પૂજાની થાળી ને લોટો. શરીરે તેમણે પોતડી જેવું રેશમી વસ્ત્ર પહેર્યું હતું. તેમની ઉંમર ઘણી મોટી હતી. શરીર પર સફેદ વાળ છવાઈ ગયેલા. એ આશ્ચર્યકારક વૃદ્ધ પુરુષે હાથમાંથી થાળી ને લોટો નીચે મૂકી મંડળીની અંદર પ્રવેશ કર્યો ને મારી સાથે પ્રેમથી નાચતાં નાચતાં ધૂન બોલવાની શરૂઆત કરી. જેમ મારો પગ પડે, તેમ તેમનો પણ પડે. વૃદ્ધ હોવા છતાં તેમના શરીરમાં અજબ સ્ફૂર્તિ ભરી હતી. તેમનું શરીર દડાની માફક ઉછળતું હતું. એ ધૂન કેટલાય વખત સુધી ચાલુ રહી. છેવટે મારું શરીર નીચે પડી ગયું. કોઇ મને પંખો નાખવા માંડ્યા ને કોઇ મારે માટે પાણી લેવા ગયા. લોકોનું મોટું ટોળું ત્યાં જમા થઇ ગયું. બેત્રણ ભાઇઓ પેલા વૃદ્ધ પુરુષને શોધવા માંડ્યા. તેમની ઇચ્છા તેમને કાંઇક બક્ષિસ આપવાની હતી. પરંતુ .... તેમની અજાયબી વચ્ચે તેમણે જોયું તો પેલા વૃદ્ધ પુરુષ ત્યાં ન હતા. તે ભારે મૂંઝવણમાં મૂકાયા. આટલી થોડી વારમાં તે પુરુષ ક્યાં ગયા ? તેમણે બધે શોધખોળ કરવા માંડી. મંદિરમાં, મંદિરની બહાર, બધે જોયું પણ ક્યાંય તેમનો પત્તો ના લાગ્યો. તેમની થાળી કે લોટાનો પત્તો પણ ના મળ્યો. મંદિરની બહાર બેઠેલા દુકાનદારોને પણ પૂછી જોયું. પરંતુ તેવા કોઇ પુરુષને મંદિરમાં જતાં કે મંદિરમાંથી બહાર આવતાં જોયા હોવાની તેમણે સાફ ના કહી. તપાસ કરનારા નિરાશ થયા. તેમાંના વધારે ભાગના ભાઇઓને ખાતરી થઇ ગઇ કે સંત જ્ઞાનેશ્વર પોતે જ અમારા લગીર જેટલા ભાવથી પ્રસન્ન થઇને એ વૃદ્ધ પુરુષના સ્વરૂપમાં અમને દર્શન આપવા આવ્યા હતા. અલબત્ત, અજ્ઞાત રીતે જ.

મેં જ્યારે એ બધી વાત સાંભળી ત્યારે મારા દિલમાં કૈંક વિચિત્ર લાગણી ઉત્પન્ન થઇ. જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન કરવાની ઇચ્છા મને પણ હતી, પણ મારી આંખ બંધ હોવાથી કીર્તન વખતે તેમના દર્શનથી મારે વંચિત રહેવું પડ્યું. એ વાતનું દુઃખ થાય તે સ્વાભાવિક હતું. પણ હવે શું થાય ? ને તેનો ઉપાય શો ?

સાંજે અમે પૂના પાછા ફર્યા. તે દિવસે રાતે મારું મન અતિશય કરુણ બની રહ્યું. લાંબો વખત દિવસે બનેલા ચમત્કારિક પ્રસંગના વિચાર ને પ્રાર્થનામાં પસાર થયો. તે રાતે શ્રી જ્ઞાનેશ્વરે મને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું : 'આ વખતે તમને દર્શન નથી આપ્યું પણ હવે બીજી વાર આવશો ત્યારે જરૂર આપીશ.'

એ સુંદર અલૌકિક અનુભવથી મારા આનંદનો પાર ન રહ્યો. સાથે સાથે મને ખાતરી થઇ કે પેલા વૃદ્ધ પુરુષ બીજું કોઇ નહિ પણ શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પોતે હતા. ફરી વાર આલંદીની યાત્રા કરવી પડશે, અથવા કહો કે એ યાત્રા કરવાનો લ્હાવો મળશે ને તે વખતે તેમના દર્શનનો લાભ અચૂક મળશે, એવી આશા પણ ઉત્પન્ન થઇ.

કાળનો પ્રવાહ પાણીના રેલાની પેઠે કેટલો ઝડપથી પસાર થયે જાય છે ? જોતજોતામાં બે વરસ વહી ગયાં. તે દરમ્યાન કેટલાય અવનવા અનુભવો થયા. તેનું વર્ણન સમય પર ક્રમેક્રમે કરીશ. અહીં તો મારી વાતના અનુસંધાનમાં એટલું જ કહીશ કે બીજી વાર આલંદી જવાનું થયું ત્યારે મારી સાથે મુંબઇથી દસ-પંદર ભાઇઓ આવ્યા હતા. તેમના મનમાં એમ હતું કે આ વખતે પણ પેલા વૃદ્ધ પુરુષ કે તેવા જ કોઇક

ચમત્કારિક પુરુષ આવશે તો તેમને જવા જ નહિ દઇએ. તેમનો ધરાઇ ધરાઇને લાભ લઇશું ને કૃતાર્થ થઇશું. પણ પ્રભુની લીલાની ખબર કોને પડે છે ? માણસ ધારે છે કાંઇ ને પ્રભુ કરે છે પણ કાંઇ.

રાતે મને થયેલી પ્રેરણા પ્રમાણે મારે કોઇ ધર્મશાળામાં નહિ પણ મંદિરમાં જ રહેવાનું હતું. તે પ્રમાણે અમે મંદિરમાં જઇને બેઠા. ચાંદનીનો પ્રકાશ બધે પથરાઇ ચૂક્યો હતો. સરિતાએ કોઇ અજબ શોભા ધારણ કરેલી. મંદિરમાં બેસીને મેં શ્રી જ્ઞાનેશ્વર મહારાજને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! આ વખતે તો તમારે મારી સામે પ્રકટવું જ જોઇએ. હું તમારે દ્વારે આવ્યો છું. તમારો અતિથિ છું. મારો સત્કાર કરવાની તમારી ફરજ છે.

હે જ્ઞાનેશ્વર મહારાજ !
તમારું હોય ખરેખર સાચ,
તમારું હોય ખરેખર સાચ,
સજીને બધો સાજ,
મને તો દર્શન આપો આજ,
હે જ્ઞાનેશ્વર મહારાજ !

રાત જેમ જેમ વીતતી ગઇ તેમ તેમ મારી પ્રાર્થના ને આતુરતા વધતી ગઇ. માણસો બધા જ ક્રમે ક્રમે સૂઇ ગયા. મંદિરમાં એકતારો લઇને એક ભક્ત ફરતાં ફરતાં જ્ઞાનેશ્વર, તુકારામ અને એકનાથના પદ ગાતો હતો. તેને લીધે વાતાવરણ અત્યંત અલૌકિક અને આનંદમય લાગતું. રાતના બે પછી અચાનક મને લયની દશાની પ્રાપ્તિ થઇ. તે દશામાં શ્રી જ્ઞાનેશ્વર ને નિવૃત્તિનાથ મારી સામે પ્રકટ થયા. બંને મહાપુરુષો ખૂબ જ સુંદર ને તેજસ્વી હતા. તેમણે સુમધુર સ્મિત કરીને મને હાથમાં ફૂલ આપ્યાં અને આશીર્વાદ પ્રદાન કર્યો.

બીજી પણ કેટલીક વાતો કરીને એ અદૃશ્ય થયા.

બીજે દિવસે મારી સાથેના ભાઇઓને મેં બધી વાત કરી તો તે આનંદ પામ્યા. અમે આલંદીની વિદાય લીધી.

હજી ઇચ્છા તો છે કે તેજના પૂંજ જેવા સંત જ્ઞાનેશ્વર મહારાજ મહાત્મા એકનાથને મળ્યા હતા તેમ દિવ્યરૂપમાં સાક્ષાત મળે ને પોતાનો પ્રેમ વરસાવીને મને પુલકિત કરે. એવા સમર્થ પુરુષને માટે શું અશક્ય છે ? તે તો માનવરૂપમાં ઇશ્વર છે. સમર્થ સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજનો જયજયકાર હો !

☼ ☼ ☼ ☼ ☼

## ૯૫. રામદાસનો પરિચય

સંતશિરોમણિ પરમ સમર્થ મહાત્માશ્રેષ્ઠ શ્રી જ્ઞાનેશ્વર મહારાજના અલૌકિક અનુગ્રહપૂર્ણ અનુભવના આહ્લાદને અંતરમાં ભરીને મારે ફરી વાર દેવપ્રયાગના પુરાણપ્રસિદ્ધ પાવન પ્રદેશમાં પ્રવેશવાનું થયું. એ પ્રાતઃસ્મરણીય ઋષિમુનિસેવિત અત્યંત આકર્ષક સુંદર ઉત્તુંગ પર્વતો, સુમધુર શાશ્વત સ્વરોને રેલાવનારી પતિતપાવની ગંગા, અલિપ્તતાની મૂર્તિ જેવું આકાશ અને એ ધન્ય ધરતીના દર્શનનો પુનઃલાભ મળ્યો ત્યારે અસાધારણ સંતોષ થયો. હિમાલયનો દર્શનાનંદ કદી પણ ઓછો થાય તેમ ન હતો. હિમાલયના અનિર્વચનીય આકર્ષણમાં કદી અને કોઇયે કારણે ઓટ આવે તેવી શક્યતા નહોતી.

શાંતાશ્રમના શાંત અને સુંદર સાધનાનુકૂળ સ્થાનમાં સ્થિર થઇને મેં સાધનાનો આરંભ કર્યો. મનને ઉત્સાહ, લગન, ધીરજ તેમજ તત્પરતાથી કાર્યસિદ્ધિની પાછળ લગાડી દીધું. એ દરમ્યાન દેવપ્રયાગના પંડિતપ્રવર ચક્રધરજી એક સાધુપુરુષને લઇને આશ્રમમાં આવી પહોંચ્યા. એમનું નામ રામદાસજી હતું. એમણે થોડાંક સમય પહેલાં જીવનના છેલ્લાં દિવસોમાં દેવપ્રયાગ રહીને સમાધિરત થનારા સિદ્ધ પુરુષ બંગાળી મહાત્માની સેવા કરીને એમના શુભાશીર્વાદ મેળવેલા. છેલ્લાં ત્રણેક વરસથી એમનું ચિત્ત ચંચળ હતું. ઇશ્વરકૃપાથી એમને મારી પાસે પ્રથમ મુલાકાતે જ સહેજ શાંતિ મળી એટલે એમણે મારી પાસે રહેવા માટે ઇચ્છા બતાવી. ચક્રધરજીએ એમાં પોતાનો સૂર પૂરાવ્યો. મને કોઇ મારી પાસે રહે એ પસંદ નહોતું. એકાંતિક સાધનાની અભિરુચિ અથવા પ્રીતિથી પ્રેરાઇને તો મેં હિમાલયના પર્વતીય પ્રદેશમાં પલાંઠી વાળેલી. તો પણ ચક્રધરજીએ અને રામદાસજીએ અતિશય આગ્રહ કર્યો એટલે મેં એમને બે-ચાર દિવસને માટે નીચેના ખંડમાં રહેવાની અનુમતિ આપી.

શાંતાશ્રમમાં એ દિવસો દરમ્યાન રહસ્યમય ઘટના બનતી. રાતે એકાદ વાગ્યાની આસપાસ ઉપરની ઓરડીમાં બંધ બારણાંની ઉપર લાકડીનો અવાજ થતો. એ અવાજથી હું ચમકી જતો. એ પછી આશરે અડધા કલાક પછી મારી પાછળના બીજા બારણા પર પણ એવી જ રીતે લાકડી પડતી. શરૂઆતમાં તો લાકડીના અણધાર્યા અવાજને સાંભળીને મને ખૂબ જ આશ્ચર્ય થતું અને એનું રહસ્ય મારા સમજવામાં ન આવી શકતું. પરંતુ પાછળથી હું એનાથી ટેવાઇ ગયો. એટલે જ્યારે બારણા પર લાકડી પડતી ત્યારે હું મનોમન કહેતો કે ચિંતા ના કરશો. હું ઉંઘતો નથી, જાગું છું. આ સ્થળમાં રહીને એની મહત્તાને સમજીને સારી રીતે ભજન કરું છું.

લાકડીનો એ અવાજ થોડા દિવસને અંતરે થયા કરતો અને એકાદ વરસ સુધી ચાલુ રહેલો. રામદાસજીને પ્રથમ વાર એનો અનુભવ થયો એટલે વહેલી સવારે હું નીચે ઉતર્યો ત્યારે એ કહેવા લાગ્યા : 'હવે આ સ્થળમાં હું એક પણ દિવસ નહિ રહું.'

'કારણ ?'

'રાતે બારણા પર કોઇ જોરથી લાકડી મારે છે. એક વાર નહિ પરંતુ બે થી ત્રણ વાર. એથી ખૂબ જ ભય લાગે છે.'

મેં એમને મારા અનુભવની વાત કર્યા વિના હિંમત આપી ત્યારે એમણે કચવાતા મનથી એક રાત વધારે રહેવાનો સ્વીકાર કર્યો. પરંતુ બીજે દિવસે એ છેક જ નાહિંમત બની ગયા. એ નીચે જવાની તૈયારી કરીને સામાન સાથે જ મારી રાહ જોતા બેસી રહેલા.

'મહાત્માજી, તમે ગમે તેટલું સમજાવશો તો પણ હવે તો અહીં એક પણ દિવસ રહેવાની ઇચ્છા નથી. મને પૂરતો અનુભવ થઇ ચૂક્યો.'

'શો અનુભવ થયો ? લાકડીનો ?'

'લાકડીના અનુભવ ઉપરાંત એક બીજો અનુભવ.'

એમણે મને ઓરડીની બહારના નાનકડા ચોકની જમીન બતાવી. સામાન્ય રીતે નાના મોટા કાંકરાવાળી રહેતી તે જમીનને કોઇએ સાફ કરેલી અને એમાં નાનું વર્તુળ કરીને પાંચ આંગળીના નિશાન પાડેલા. એ આંગળી આપણા જગતમાં ના જોવા મળે એવી અતિશય મોટી હતી. એ કોની હશે અને એ આકૃતિ કોણે પાડી હશે એ ના સમજી શકાયું. પ્રથમ દૃષ્ટિએ જ એ કૃતિ અને આકૃતિ અમાનવીય લાગી.

રામદાસજીને સમજાવવાનો કોઇ વિકલ્પ ના રહ્યો. એમની ધીરજ ખૂટી ગઇ. એ નીચે ઉતરતા કહેવા માંડ્યા : 'આ સ્થળમાં કોઇક ભૂત પ્રેત કે સિદ્ધપુરુષનો વાસ લાગે છે. તમે ભલે રહેતા હો પણ અમારાથી ના રહેવાય. અમે તો ભડકીને મરી જઇએ કે માંદા પડીએ.'

મેં સ્મિત કરીને કહ્યું : 'સેવા નથી કરવી ?'

'સેવા અહીં રહીને નહીં, નીચે રહીને કરીશ. ગામમાં રહીને.'

એ પછી એ આશ્રમમાં એક પણ દિવસ ના રહ્યા.

એ વરસે દશરથાચલ પર્વત પર પણ જવાનું થયું, પરંતુ રામદાસજીની ચંચળતા અથવા અસ્થિરતાને લીધે ત્યાં પણ લાંબુ ના રહેવાયું.

રામદાસજીના મનનું બંધારણ જરાક વિચિત્ર હતું. તે ખૂબ જ શ્રદ્ધાભક્તિસંપન્ન અને સેવાભાવી હોવાં છતાં કોઇવાર એમનું મગજ જૂદું જ રૂપ ધારણ કરતું. એમને કોઇ તકલીફ થાય કે કષ્ટનો અનુભવ કરવો પડે તો એ મોં બગાડીને આશ્રમમાં આવતા અને કોઇપણ પ્રકારની વાતચીત કે પ્રણામ કર્યા વિના જ થાંભલાની પાછળ જઇને બેસી રહેતા. એક વાર એમને એમના રઘુનાથ મંદિરના નિવાસસ્થાનમાં વીંછી કરડ્યો. આશ્રમ પર આવીને એ રોષભરેલા સ્વરે ઠપકો આપતા હોય એમ કહેવા માંડ્યા : 'તમે જ મને વીંછી બનીને કરડી ગયા. તમે બધું જ જાણો છો. કોઇ વાર તમે રસ્તામાં પથ્થર બનીને બેસી જાવ છો અને પગે વાગો છો. કોઇવાર કોઇના દિલમાં પ્રેરણા કરીને મને ભિક્ષા પણ નથી આપવા દેતા.'

મને નવાઇ લાગી. મેં કહ્યું : 'હું તમને તકલીફ આપું કે કરડું શા માટે ? તમે તેવી કલ્પના પણ શા માટે કરો છો ?'

પરંતુ તે તો તેમની માન્યતામાં મક્કમ જ રહેતા.

અમે દશરથાચલ પર્વત પરથી પાછા ફરી રહેલા ત્યારે એમણે સામાનનો કોથળો ઉપાડેલો. થોડુંક ચાલ્યા પછી એમના મનમાં કોણ જાણે કેવા તર્ક-તરંગો પેદા થયા કે માથા પરના એ કોથળાને એકાએક

પર્વતની ખીણમાં નાખી દીધો ને પોતે જમીન પર બેસી ગયા. એમના એ વિચિત્ર વર્તનનો મેં ખુલાસો માગ્યો તો એમણે સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું : 'તમે નાખી દેવાની પ્રેરણા કરી એથી મેં કોથળાને નાખી દીધો.'

'મેં વળી ક્યારે પ્રેરણા કરી ? મેં તો તમને સામાનને ઉપાડીને દેવપ્રયાગ પહોંચવાની જ સૂચના કરેલી.'

'એ તો એક બાજુ તમે એવી સૂચના કરો છો અને બીજી બાજુએ મારા હૃદયમાં રહીને સામાનને નાખી દેવાનો આદેશ આપો છો. એ આદેશને મારે અનુસરવું જ જોઇએ.'

હું વિચારમાં પડી ગયો. આ વળી કેવી જાતની પ્રેરણા અને શ્રદ્ધા ?

મેં કહ્યું : 'પરંતુ હવે સામાનને બહાર તો કાઢવો પડશે ને ? કોથળાંના વાસણો તો ખીણમાં ગબડી પડ્યાં છે. સારું છે કે બીજો સામાન તથા કોથળો એક મોટા વૃક્ષ અને શિલાખંડ આગળ અટકી પડ્યો છે.'

'એ તો તમે પ્રેરણા કરશો તો કોઇક કાઢનાર પણ મળી રહેશે.'

રામદાસજી તદ્દન નિશ્ચિંત હતા. એ એકાંત પર્વતીય પ્રદેશમાં થોડા વખત પછી બે પર્વતીય પુરુષો આવી પહોંચ્યા. એમણે એ કોથળાને ને બીજા છૂટા પડી ગયેલા સામાનને મહામહેનતે બહાર કાઢ્યો. સામાન સાથેના કોથળાને રામદાસજીના મસ્તક પર ચઢાવતાં મેં જણાવ્યું : 'જુઓ, તમને અત્યારથી જ કોથળાને લઇને દેવપ્રયાગ જવાનો આદેશ આપું છું. પછી આગળ જઇને એમ ના કહેતા કે કોથળાને નાખી દેવાની પ્રેરણા કરી. મારી પ્રેરણાને શરૂઆતથી જ સાંભળી લો.'

રામદાસજી હસ્યા : 'પ્રેરણા આપનાર પણ તમે અને પલટાવનાર પણ તમે છો.'

'હવે પ્રેરણાને પલટાવવાનો કોઇ પ્રશ્ન જ નથી પેદા થતો.'

સાંજે અમે દેવપ્રયાગ પહોંચ્યા. વચ્ચે એક ગામમાં વિશ્રામ કર્યો. પરંતુ પછી રામદાસજીએ કોથળાને નીચે ન પાડ્યો. અને પડત તો પણ શું ? એમનું સ્પષ્ટીકરણ તો એ જ રહેત. એમના અંતરમાં ક્યારે કેવી ભાવોર્મિ પેદા થતી એ વિશે કશું ચોક્કસ અનુમાન કરવાનું અશક્ય હતું.

છતાં સામાન્ય રીતે તે ખૂબ જ સરળ, નિષ્કપટ ને નમ્ર હતા. તે દેવપ્રયાગમાં રઘુનાથ મંદિરની પાછળ ગુફામાં રહેતા અને ત્યાંથી મને મળવા માટે અવારનવાર આવતા રહેતા. તેમની સ્મૃતિ આજે પણ તાજી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૬. બદરીનાથની પુણ્યભૂમિમાં

એ વરસે ફરી વાર ઋષિમુનિસેવિત પુરાણપ્રસિદ્ધ પવિત્ર ધામ બદરીનાથના સુંદર સ્થાનમાં જઇને સુદીર્ઘ સમયપર્યંત વસવાનો વિચાર થવાથી મેં દેવપ્રયાગથી બદરીનાથ માટે પ્રયાણ કર્યું. એ પુણ્યપ્રવાસમાં મારી સાથે કુલાનંદ નામે એક ઉચ્ચ કોટિના મહાત્મા હતા, તે થોડાક વખતથી દેવપ્રયાગમાં રહેવા આવેલા અને રઘુનાથ મંદિરની શાંત એકાંત નાનકડી ગુફામાં રહેતા. એ પ્રયાગરાજ પાસેના એક મઠમાં નિવાસ કરતા. પરંતુ ત્યાંનું વાતાવરણ વિપરીત થવાથી વચગાળાના થોડાક વખત માટે હિમાલયની પવિત્ર ભૂમિમાં આવી પહોંચેલા. એમની આધ્યાત્મિક અવસ્થા ઘણી સારી અને ઉંચી હતી.

કાશીમાં રહેતા અને સમાધિસ્થ થયેલા સુપ્રસિદ્ધ સિદ્ધપુરુષ સચ્ચેબાબા એમના ગુરુ હતા. એમની એમના પર કૃપાદૃષ્ટિ રહેતી અને એમની પ્રેરણા તથા એમના પથપ્રદર્શન પ્રમાણે જ એમનું જીવન ચાલ્યા કરતું. એ વિશે એ કોઇ વાર સહજ રીતે વાતો કરતા ત્યારે એમના અનુભવોને સાંભળવામાં અસાધારણ આનંદ આવતો. બદરીનાથની યાત્રા દરમ્યાન એવા અનુભવપ્રસંગો અવારનવાર સાંભળવા મળતાં. બદરીનાથ જતાં અમે શ્રીનગરમાં રાત રહ્યા, ત્યારનો એક પ્રસંગ ખાસ ઉલ્લેખનીય છે. શ્રીનગરથી બદરીનાથના રસ્તે આગળ વધતાં એમના ગુરુદેવની વાત નીકળતાં એમણે જણાવ્યું : 'મારા ગુરુ સચ્ચેબાબા ખૂબ જ સમર્થ છે. એ મારા પર પોતાની વિશેષ કૃપાદૃષ્ટિ રાખે છે ને મને સર્વપ્રકારે પથપ્રદર્શન તથા મદદ કરે છે. આજે વહેલી સવારે એમણે મને તમારા પૂર્વજન્મની સુચના આપી.'

'પૂર્વજન્મની સુચના અને તે પણ મારા પૂર્વજન્મની ?'

'હા, તમારા પૂર્વજન્મની. સુચનાને બદલે માહિતી કહું તો તે વધારે યોગ્ય થશે.'

મને થોડીક નવાઇ લાગી. મેં પૂછ્યું : 'તમને એમણે શી માહિતી આપી ?'

'એમણે તમારા પૂર્વજન્મ સંબંધી સંકેત કરતાં કહ્યું કે તમારા પૂર્વજન્મમાં તમે .... હતા. એ હકીકત સાચી છે ?'

'તમારા સમર્થ સદગુરુએ આપેલી માહિતી તદ્દન નિરાધાર અથવા ખોટી કેવી રીતે હોઇ શકે ?'

થોડી વાર શાંત રહ્યા પછી મેં એમને જણાવ્યું : 'એ માહિતી મહેરબાની કરીને તમારી પાસે જ, તમારી અંગત માહિતી માટે જ, રાખી મુકજો. એનો જ્યાં ત્યાં ને જેની તેની પાસે પ્રચાર કરતા નહિ. એ માહિતી સાથે બીજાને એટલો સંબંધ નથી જેટલો મને છે. અને આ વિષય પણ એટલો બધો નાજુક છે કે એ વિશે વિશેષ અને અકારણ ઉહાપોહ કરવાનું ઉચિત નથી.'

'તમારા દૃષ્ટિકોણને હું સારી રીતે સમજી શકું છું.'

એ પ્રસંગને લીધે મને એમને અને એમના ગુરુદેવને માટે માન ઉપજ્યું.

ઇ. સ. ૧૯૪૪ માં મને થયેલા પૂર્વજન્મના જ્ઞાનના અલૌકિક અતિન્દ્રિય અનુભવ પછી સંત શિરોમણી શ્રી જ્ઞાનેશ્વર મહારાજે, ભગવાન રમણ મહર્ષિએ અને અન્ય કેટલાક સ્વનામધન્ય જ્ઞાત-અજ્ઞાત સંતોએ ધ્યાનની ઊંડી અવસ્થામાં મને મારા પૂર્વજન્મની માહિતી અનેક વાર પ્રદાન કરેલી. એવી માહિતી વરસો સુધી ઉપરાઉપરી આપવામાં આવેલી. પરંતુ એ માહિતી કોઇ સ્વનામધન્ય સાચા પરમાત્માના પરમ

કૃપાપાત્ર સંતપુરુષ દ્વારા જાગૃતિ દશામાં પૂરી પાડવામાં આવી હોય એવો પ્રસંગ આ પહેલો જ હતો. એ દૃષ્ટિએ એનું મહત્વ ઘણું મોટું હતું.

કુલાનંદજીએ વાત વાતમાં જણાવ્યું : 'આપણા જમાનામાં કેટલાક સમર્થ સિદ્ધપુરુષોના અવતારો થયા છે. એમના દ્વારા જુદી જુદી રીતે લોકકલ્યાણ થઇ રહ્યું છે ને થતું રહેશે.'

બદરીનાથના સુંદરતમ શાંત સ્થાનમાં મારો વિચાર લાંબા સમય સુધી રહીને સંપૂર્ણ સિદ્ધિ તેમજ શાંતિ મેળવવાનો અથવા આધ્યાત્મિક અભ્યુત્થાનના માર્ગે વધારે ને વધારે વિકાસ કરવાનો હોવા છતાં એ વિચાર અધૂરો જ રહ્યો. બદરીનાથની પવિત્ર ભૂમિના એકાદ માસના નિવાસ દરમ્યાન ત્યાંની આબોહવા મને અનુકૂળ ના થઇ. ત્યાં શાંતિથી રહેવાની સર્વપ્રકારની અનુકૂળતા હોવાં છતાં મને મરડો થઇ ગયો. દવા લેવા છતાં પણ એની કશી અસર ના થઇ. એથી સહેજ ચિંતા થાય તે સ્વાભાવિક હતું. એ પવિત્ર પ્રદેશમાં રહીને નિર્ધારીત સાધના ના થાય તે કેમ ચાલે, તે વેદના કાળજાને કોરી રહી. બદરીનાથના પુણ્ય પ્રદેશમાં વસવાનો આનંદ અનેરો હતો. આજુબાજુ ઉત્તુંગ હિમાચ્છાદિત પર્વતશિખર અને સામે સુમધુર સ્વરે અભિસારિકાની પેઠે આગળ વધતી અલકનંદા, એ સઘળું સૌંદર્ય એવું અનુપમ હતું કે વાત નહિ. એ દિલને ઝંકૃત કરતું, જગાડતું, અને પોતાની શાશ્વતી પ્રતિચ્છબીથી ભરી દેતું. પરંતુ સ્વાસ્થ્યનું મૂલ્ય ઓછું અંકાય એમ ન હતું. એવા અસાધારણ ઠંડા પ્રદેશમાં શરીર બગડે તો લાંબા સમય સુધી રહેવાનું કપરું થઇ પડે એ સ્પષ્ટ હતું. બદરીનાથના એ પુરાણપ્રસિદ્ધ પવિત્ર પુણ્ય પ્રદેશમાં એવી આરોગ્યરહિત અવસ્થામાં પણ, બે અદભૂત અનુભવો થયા. એથી એ યાત્રા ચિરસ્મરણીય બની ગઇ. તા. ૪-૬-૧૯૪૭ ના દિવસે મારા નિત્યનિયમ પ્રમાણે વહેલી સવારે હું ધ્યાનમાં બેઠેલો, ત્યારે બદરીનાથ ધામના મુખ્ય અને એકમાત્ર આરાધ્ય દેવ ભગવાન નર-નારાયણનું દર્શન થયું. એ ઉપરાંત, ધ્યાનાવસ્થામાં સ્પષ્ટ શબ્દોમાં ઉચ્ચ સ્વરે આદેશ મળ્યો કે 'તમે વિશ્વના વિધાતા થશો. વિશ્વશાંતિ પ્રદાયક થશો.'

એ આદેશના રહસ્યને સમજવાનું કાર્ય મારી સામાન્ય બુદ્ધિમર્યાદાની બહારનું હોવા છતાં મને એ અનુભવથી આનંદ થયો. મેં એને ઇશ્વરનો અલૌકિક આશીર્વાદ માન્યો.

તે જ દિવસે વહેલી પ્રભાતે ઇશ્વરના અલૌકિક અનુગ્રહના પરિણામે એક બીજો અવિસ્મરણીય અદભૂત અનુભવ થયો. એક જ વયની, એક જ સ્વરૂપની, અસાધારણ સૌંદર્યસંપન્ન ઓગણીસ કન્યાઓએ મને એકેક પછી હાર પહેરાવ્યા. એ કન્યાઓના અલૌકિક લાવણ્યનું વર્ણન શેષ કે શારદા પણ ના કરી શકે, તો મારા જેવા સામાન્ય માનવનું શું ગજું ? સંસારમાં એવું સ્વરૂપ ક્યાંયે નથી દેખાતું. એ વખતે જ મને અંતઃપ્રેરણા થઇ કે એ કન્યાઓ રિદ્ધિ અને સિદ્ધિ તેમજ અષ્ટ સિદ્ધિ અને નવનિધિ છે. ઇશ્વરની અહેતુકી કૃપાથી એવી રીતે સૂક્ષ્મ જગતમાં મને રિદ્ધિ સિદ્ધિ વરી એવું સમજી શકાયું. એ અનુભવ મારે માટે તદ્દન નવો હતો. એટલે એના રહસ્યને મારાથી સુચારુરૂપે અને સહેલાઇથી ના સમજી શકાય તે સ્વાભાવિક હતું. સ્વાનુભવ સંપન્ન, સાધનાના સુમેરુ શિખર પર પહોંચેલા સિદ્ધપુરુષો એને સમજી શકશે. હું તો એટલું જ કહીશ કે મને એ અનુભવે અનોખો આનંદ આપ્યો.

બદરીનાથને છોડ્યું ત્યારે મારા મનમાં નિરાશાને બદલે આશા અને ચિંતાને બદલે કાંઇક નિશ્ચિંતતા, સંતોષ અને આનંદ હતો. માત્ર એટલા ધ્યાનાવસ્થાના અનુભવથી મને તૃપ્તિ થાય તેમ ન હતી. મારે

કાપવાની કેડી ઘણી વિશાળ તેમજ કષ્ટસાધ્ય છે તેની મને માહિતી હતી. એ ઉપરાંત પ્રત્યેક સાધનાત્મક આદર્શને હું તદ્દન વાસ્તવિકતાની દૃષ્ટિએ મૂર્ત કરવા ને જોવા ટેવાયેલો હતો. તો પણ મારી બદરીનાથ યાત્રા ફળવતી બની, આહ્લાદક અને અવિસ્મરણીય ઠરી.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૭. નારદજીનો અદભૂત અનુભવ

**(૧) અનુભવ**

બદરીનાથની યાત્રા કરી લગભગ એક મહિનો બદરીનાથ રહીને હું દેવપ્રયાગ આવ્યો.

દેવપ્રયાગ આવતાંવેંત મારી તબિયત બરાબર થઇ ગઇ. બદરીનાથમાં ને રસ્તાના પ્રવાસમાં જે દસ્ત થતા હતા તે તદ્દન મટી ગયા. એ દિવસોમાં મને એક વાત જરૂર લાગી કે મારામાં હજી ઘણી કચાશ છે, કેમ કે સાચા ને પૂરા યોગીએ મન-ઇન્દ્રિયના જય સાથે પોતાના શરીરનો જય પણ કરવો જોઇએ એમ હું માનું છું. શરીરનો જય એટલે શરીરના ગુણધર્મો પર સ્વામીત્વ. સાધારણ માણસો શરીરના વ્યાધિ, વાર્ધક્ય ને મૃત્યુ જેવા વિકારથી પીડાય છે; તે વિકારોના બંધનમાં તે બંધાયા છે. એ બંધનને તોડીને યોગીપુરુષ મૃત્યુંજય બની શકે છે, વ્યાધિરહિત ને નિત્યયુવા થઇ રહે છે. અલબત્ત, આ જ કાંઇ યોગનું પરમ પ્રાપ્તવ્ય નથી. યોગનું પરમ પ્રાપ્તવ્ય તો પૂર્ણતા એટલે આત્મદર્શન, જગતમાં બધે જ આત્મદર્શન કે ઇશ્વરદર્શન ને વ્યક્તિગત મર્યાદાઓને ખંખેરીને ઇશ્વરી શક્તિની પ્રાપ્તિ છે. શાંતિ, નિર્વાણ, મુક્તિ, પરમાનંદ, એ બધાં જ ધ્યેય એ વિરાટ આદર્શમાં સમાઇ જાય છે. શરીરના બાહ્ય વિજય વિના પણ એ વસ્તુની પ્રાપ્તિ થઇ શકે છે, છતાં શરીરનો વિજય અત્યંત આકર્ષક ને મહત્વનો છે. એ વિશે હઠયોગીઓએ તેમજ નાથ સંપ્રદાયના યોગીઓએ ખૂબ વિચાર કરેલો છે. શરીર-જયની પ્રક્રિયાઓ પણ તેમણે બતાવી છે. એવા જયમાં મને રસ હોઇ, બદરીનાથમાં જે દસ્ત થયા તે મને નોટિસ જેવા લાગ્યા. મેં વિચાર્યું કે એક ઝાડા જેવી વિકૃતિથી હું પર થઇ શક્યો નથી તો શરીરનો સંપૂર્ણ જય તો મારાથી કેટલો બધો દૂર છે ?

પરંતુ આ જ વસ્તુએ મને તાર્યો છે. માણસને ડૂબાડનારું ને તારનારું તેનું મન છે. પોતાના વિના પોતાનો ખરો ઉપકાર કે અપકાર કોઇ જ નથી કરી શકતું એ ગીતાવચનમાં સત્ય સમાયેલું છે. પોતાની ત્રુટિઓને જોવાની ને ખામીને શોધી કાઢવાની ટેવ આ માર્ગમાં ખૂબ જ ઉપયોગી છે. માણસે આગળ વધવું હોય તો એનો આશ્રય લેવો જ રહ્યો. જો કે પોતાના દોષ જોવાનું કામ કડવું છે, પણ કડવી દવા કેટલી ફાયદાકારક હોય છે તે સૌ જાણે છે. એવી દવાથી સાધકે પરમ શુદ્ધ થઇને કંચનમય બનવાનું છે. પોતાની નાનામાં નાની ખામી પ્રત્યે પણ ખૂબ જ જાગ્રત રહેવાનું છે. એ ખામીને શોધીને-જોઇને બેસી રહેવાનું નથી, પણ તેને નિર્મૂળ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. જે આમ કરશે તે સંસારમાં તરી શકશે. બાકી જે પોતાની મેળે જ પોતાને પવિત્ર, નિષ્કલંક ને મોટો માની બેસશે તે ડૂબી જશે. પ્રભુકૃપાથી છેક જ શૈશવકાળથી મારી ખામીઓ પ્રત્યે સાવધ રહેવાની અને એને દૂર કરવાની મારી ટેવ રહી છે. એ ટેવ મારે માટે આશીર્વાદરૂપ થઇ પડી છે. નજીવી સિદ્ધિઓથી તૃપ્ત કે કૃતાર્થ થઇને બેસી રહેવાને બદલે પૂર્ણતાના પંથે મારું પ્રયાણ હું ચાલુ રાખી શક્યો છું તે આ જ ટેવને લીધે. બાકી ખોટી રીતે ધન્ય બનીને બેસી જવું હોય તો એવા અવસર જીવનમાં ક્યાં નથી ? પણ સમજુ માણસ જાણે છે કે એ આત્મવંચના છે, અને તેથી દૂર જ રહે છે. એ ટેવને લીધે જ હું ઉત્તરોત્તર વધારે ને વધારે વિકાસ કરી શક્યો છું.

મારી નિર્બળતાની ચિંતા ખૂબ જ રહી. ગાંધીજીને સહાયક થવાની અને એ રીતે ભારતને ને સંસારને મદદ કરવાની મારી મહેચ્છા ક્યારે પૂરી થશે ? હજી તો મારે લાંબી વાટ કાપવાની છે. ભારતમાં અવનવી

ઘટનાઓ બનતી જ જાય છે. એ બધાનો તટસ્થ સાક્ષી બનીને આજે હું બેસી રહ્યો છું. એક દિવસ ભારત ને સારા સંસારને આધ્યાત્મિક પ્રકાશે આલોકિત કરવાની, તેને પથપ્રદર્શન કરવાની અને એ રીતે આશીર્વાદરૂપ થવાની મારી ઇચ્છા છે. એ માટે જ મારો જન્મ છે. આજના યુગને મારે સાધના કરીને ઇશ્વરપ્રાપ્તિ ને પૂર્ણતાનો આદર્શ બતાવવાનો છે, ને સાથે સાથે દૈવી શક્તિથી ભૂષિત બની, ઇશ્વરનો આશીર્વાદ લઇ, શાંતિનો માર્ગ ચીંધવાનો છે. પરંતુ ... મારું એ મંગળ સ્વપ્ન ક્યારે પૂરું થશે ? ... પૂર્ણતા મેળવીને હું દેહનું સાર્થક્ય ક્યારે કરી શકીશ ? બીજા મહાત્માઓની દૃષ્ટિએ મારામાં તો હજી કૈંજ નથી ! એવા વિચારોમાં તરબોળ બનીને બેઠો હતો, ત્યાં જ એક અદભૂત પ્રસંગ બન્યો.

મધ્ય રાત્રિ જેટલો વખત થયો હશે. મારું દેહભાન જતું રહ્યું. જંગલમાં એક નાની કુટિયા દેખાઇ. જોઉં છું તો સ્વામી રામતીર્થ જેવા કોઇ મહાપુરુષ છે. સ્ફુરણા થઇ કે એ દેવર્ષિ નારદ પોતે છે. તેમની સાથે મેં ઘણી વાતો કરી. તેમાં મેં ઉપરની ચિંતા વ્યક્ત કરીને કહ્યું કે મારામાં કૈંજ નથી. નારદજીએ કહ્યું : 'અરે, તમે તે કોણ ? તમારું ભૂત મહાગૌરવ ! તેને યાદ તો કરો. તમે તમારા જન્માંતરને જાણો છો પછી આવો અસંતોષ કેમ ?'

મેં કહ્યું, 'એ બધું યાદ કરું છું ત્યારે તો લાગે છે કે હજી મારામાં કૈંજ નથી.'

'નહિ,' નારદજીએ કહ્યું, 'મોટા મોટા સમ્રાટો પણ તમારી આગળ શું છે ? દુનિયા તમારી પાછળ પાછી મુગ્ધવત થઇ રહેશે. સમય આવે છે. તમે આવી આર્તવાણી શું કહો છો ?' એ સાંભળીને મને આનંદ થયો. મારું આત્મગૌરવ તાજું થયું.

પછી નારદજીને આલિંગન કરીને મેં કહ્યું, 'નારદજી, તમને યાદ કરું ને જોવાની ઇચ્છા કરું ત્યારે તમે મારી પાસે પ્રકટ થશો એમ કહો, એવું વચન આપો.'

તે હસતા હસતા ધીરે ધીરે અદૃશ્ય થઇ ગયા. ધન્ય હો દેવર્ષિ મહાસિદ્ધ ભગવાન નારદ ! ભગવાન નારદની જય !

જતાં જતાં તે સંકેત કરતાં ગયા કે વ્યોમના વિશાળ પટ પર પથરાયેલા વર્ષાઋતુનાં વાદળાં લાંબો વખત ને કાયમને માટે ટકતાં નથી, તેમ તમારી ચિંતાનો પણ અંત આવશે. તમારી મૂંઝવણની અવસ્થા લાંબો વખત નહિ જ ટકે. તમારા જીવનનો આ સંક્રાંતિકાળ છે, તે પસાર થઇ જશે ને જીવન ઉજ્જવળ, ઉજ્જવળ, ખૂબ જ ઉજ્જવળ બની જશે.

ખરું છે. સાધકના જીવનમાં મૂંઝવણનો એવો વખત વારંવાર આવે છે. તે વખતે તેણે નાસીપાસ ને નાહિંમત બનવાની જરૂર નથી હોતી. તે વખતે બનતી સ્થિરતાને સાચવી રાખીને પ્રાર્થના કરવાની આવશ્યકતા હોય છે. તેથી ધીરે ધીરે માર્ગ ઉઘડે છે ને ચિંતા, ભય કે મૂંઝવણ દૂર થાય છે. મહાપુરુષોની મદદ પણ કોઇવાર તેને મળી રહે છે.

શાંતાશ્રમમાં દેવર્ષિ નારદનો એ અનુભવ ૨૪ જૂન, ૧૯૪૭ ને મંગળવારે થયો હતો. નારદજીએ કૃપા કરીને જ મને દર્શન આપ્યું. અને અણીને વખતે પોતાની ઉલ્લાસજનક ને પ્રેરક વાણી સંભળાવી. એ અનુભવથી મારામાં અજબ બળ આવ્યું. મારી કચાશ ગમે તેટલી હોય, સિદ્ધપુરુષો ને ઇશ્વરની મારા પર કૃપા છે. તે જ મારી કચાશને તદ્દન દૂર પણ કરી દેશે, ભારતની સેવા ને વિશ્વનું કલ્યાણ મારી દ્વારા કરાવવાનો

તેમનો હેતુ છે. એ સત્યને મેં આવા ઉપરાઉપરી પ્રસંગોથી સ્પષ્ટ રીતે જાણ્યું. મારે કહી દેવું જોઇએ કે મારો મૂળભૂત ને પ્રથમ આદર્શ ઇશ્વરપ્રાપ્તિ કે પૂર્ણતાની પ્રાપ્તિ છે. પરંતુ તે બાદ ઇશ્વરેચ્છા હોય તો જગતને યથાશક્તિ કામ આવવાની મારી નેમ છે. આ વાત મેં આગળ પર પણ સ્પષ્ટ કરી છે.

નારદજીના અનુભવ પછી તે ભાવના વધારે પ્રબળ બની. હૃદય કહેવા લાગ્યું કે એને માટે શક્તિ જોઇએ. ઇશ્વર કૃપાથી બદરીનાથમાં મને રિદ્ધિ સિદ્ધિ પણ વરી ચૂકી છે, પણ તેટલાથી જ શું થાય ? મારું દિલ મુખ્યત્વે પ્રેમી કે ભક્તનું છે. એ માટે મારે પ્રભુને રાતદિવસ જોઇ શકું એ રીતે સાક્ષાત કરવા જોઇએ. તો જ મને શાંતિ વળે. તેને મેળવ્યા પછી શું બાકી રહે ? પ્રભુને મેળવવાની જ પહેલાં જરૂર છે. જે જોઇતું હશે તે બધું જ તે આપી દેશે. આ વાત કાંઇ મારે માટે નવી નથી. દક્ષિણેશ્વર જઇ આવ્યા પછી તો આ વિચાર મારા મનમાં રાતદિન ઘોળાયા જ કરે છે. તો પછી હવે વિલંબ શા માટે ? દિવસ તો વીતતાં જાય છે. એક વાર ફરી દશરથાચલ પર્વત પર જઇને પ્રભુની કૃપા માટે પલાંઠી વાળીને બેસવું. પ્રભુ જરૂર કૃપા કરશે. અરે દુષ્ટ ને સંસારી માણસોની ઇચ્છાઓને તે પૂરી કરે છે તો તેના પ્રેમીની ઇચ્છાને પૂરી નહિ કરે ? પોતાની પૂર્ણતાને માટે તલસનાર ને બીજા સારાયે જગતની શાંતિ તેમજ સુખસમૃદ્ધિને માટે ચિંતા કરનારની ઇચ્છા પૂરી નહિ કરે ? ગંગા ઉલટી વહે, વૃક્ષો બોલવા માંડે ને સૂરજ ખરી પડે, પણ એ વાત કોઇ દિવસ બને જ નહિ. ઇશ્વર, તેની ઇચ્છા, ને તેના ખરા કે ખોટા, અધૂરા કે પૂરા ભક્તોનો સદા જય જ છે !

**(૨) અન્ય અનુભવો**

દેવર્ષિ નારદજીના દિવ્ય દર્શનાનંદની અસર મારા પર અતિશય અસાધારણ થઇ. મને થયું કે એવા પ્રાતઃસ્મરણીય પરમાત્માના પરમ કૃપાપાત્ર મહાપુરુષની મારા પર કૃપાદૃષ્ટિ છે. એને લીધે હું કૃતાર્થ છું. એમણે મને જે માર્ગદર્શન અને આશ્વાસન આપ્યું છે એ અમોઘ છે. એને લીધે મારો જીવનપથ પ્રશસ્ત બનશે. મને પ્રતીતિ થઇ કે દેવર્ષિ નારદજી જેવા સ્વનામધન્ય શ્રેષ્ઠ સત્પુરુષ સાધકોના શ્રેયાર્થે આજે પણ એમની આગળ પ્રકટે છે અને એમને આવશ્યકતા અનુસાર મદદ કરે છે. આપણી આગળ જે ભૌતિક સ્થૂળ જગત છે એનાં કરતાં જૂદું જ સુક્ષ્મ અથવા ઇન્દ્રિયાતીત જગત પણ અસ્તિત્વ ધરાવે છે. એનું અન્વેષણ હજુ બાકી છે. એમાં કેવા કેવા સિદ્ધ મહાપુરુષો વસે છે ને વિચરે છે એની અનુભૂતિ એમના અનુગ્રહથી કોઇક ધન્ય ક્ષણે ને પાવન પળે સ્વર્ગીય સ્થળે થાય છે, ત્યારે સ્વાનુભૂતિના નવા જ ક્ષેત્રો ઉઘડવા માંડે છે ને નવિન શ્રદ્ધા-ભક્તિથી સંપન્ન બનાય છે.

એ અલૌકિક અનુભવ પછી મેં દેવર્ષિ નારદની સ્તુતિ લખી ને એમને આદરયુક્ત અભિનંદન આપ્યાં.

ઇ. સ. ૧૯૪૭ના જુલાઇમાં મારે ફરીવાર દશરથાચલ પર્વત પર જવાનું થયું. દશરથાચલ પર્વતની ભૂમિ અતિશય એકાંત, આહ્લાદક, શાંત અને સુંદર છે. માણસ તો ત્યાં કોઇ રહેતું જ નથી. ઘોર જંગલ, સુંદર સુવિશાળ પર્વતમાળા અને સામે સફેદ હિમાચ્છાદિત અર્ધગોળાકાર પર્વત-પંક્તિ એ એના મુખ્ય આકર્ષણો છે. ઋષિકેશને છોડ્યા પછી સૌથી પહેલા એ જ ભૂમિમાં મને શાંતિ સાંપડેલી ને સાધનાનો વાસ્તવિક આનંદ મળેલો. એને હું તીર્થતુલ્ય માનું એમાં શું આશ્ચર્ય ? દુનિયામાં તીર્થો તો અનેક છે પરંતુ તપશ્ચર્યા કે સાધના દ્વારા માનવ જ્યાં એક અથવા બીજી રીતે શાંતિ મેળવે છે, જ્યાં એનો અંતરાત્મા પરમાત્માના પવિત્ર પ્રેમરસમાં સ્નાન કરીને પરમાનંદ પામે છે, તે સ્થાનરૂપી તીર્થરાજનો મહિમા એને માટે સૌથી મોટો છે.

દશરથાચલ પર્વત પણ એવું એક મહાન તીર્થ હતું. ત્યાં અદભૂત શાંતિ વિરાજી રહેલી. દેવપ્રયાગની તદ્દન નજીક આવેલું એ સ્થળ યાત્રામાર્ગથી દૂર હોવાથી યાત્રિઓની જાણ બહાર હતું.

દશરથ પર્વત પર સૌથી મોટી મુશ્કેલી પાણીની હતી. પાણીનું ઝરણું ઘણું જ દૂર હતું ને પાણી પણ અતિશય અલ્પ પડતું. વળી પર્વત પર જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસની ખાદ્યસામગ્રી દેવપ્રયાગથી જ લઇ જવી પડતી. બીજો આવશ્યક સરસામાન પણ લઇ જવો પડતો. એને માટે સાથે કોઇ માણસ જોઇએ. ઇશ્વરકૃપાથી કોટિ ગામના રામેશ્વરે મારી સાથે આવવા તૈયારી બતાવી એટલે મારું કામ સરળ બન્યું. રામેશ્વરનો પ્રેમ અને સેવાભાવ અસાધારણ હતો.

દશરથાચલ પર પહોંચીને મેં થોડાક સમયને માટે મૌનવ્રત રાખી લીધું. રામેશ્વરે ત્યાંના જીર્ણશીર્ણ દશામાં પડેલા ધર્મશાળા જેવા મકાનને મહામહેનતે સાફ કરીને રહેવાલાયક બનાવ્યું. એ દિવસો ચોમાસાના હોવાથી ત્યાંનું કુદરતી સૌંદર્ય અનુપમ હતું. કેટલીકવાર ધુમ્મસના ગોટાઓ અમારા અંગ સાથે અથડાઇને આગળ વધતા ચારેકોર છવાઇ જતા ને પર્વતોને ઢાંકી દેતા. અમે સ્વર્ગલોકમાં દેવતાઓની જેમ વસતા અને વિહરતા હોઇએ એવો આભાસ થતો.

એકવાર બધું અનાજ ખૂટી ગયું. વરસાદ પુષ્કળ પડવા લાગ્યો. વરસાદ બંધ રહ્યા પછી રામેશ્વરે નીચે ગામમાં જવું એવું નક્કી કર્યું. ત્યાં અમે દળવા માટે ઘઉં આપેલા. તપાસ કરી તો થોડી મગની દાળ નીકળી. સાંજે તે જ ખાવી એવો નિર્ણય કર્યો. રામેશ્વરે તેને તૈયાર કરી એટલે અમે ખાવા બેઠા. પરંતુ દાળ કેમે કરી ભાવે જ નહિ. ખૂબ જ જુની હોવાથી એનો સ્વાદ બગડી ગયેલો. બીજે દિવસે અમે પર્વત પરથી ઉતરીને ગામ તરફ ચાલ્યા. સારે નસીબે લોટ મળી ગયો એટલે અમારો ફેરો સફળ થયો.

એ દિવસો દરમ્યાન એક દિવસ મહાત્મા ત્રૈલંગ સ્વામી તથા બંગાળી મહાત્માનું દિવ્ય દર્શન થયું. ત્રૈલંગ સ્વામી એક અસાધારણ સિદ્ધપુરુષ હતા અને બંગાળી મહાત્મા પણ એક લોકોત્તર મહાપુરુષ. બંગાળી મહાત્મા દશરથાચલ પર્વત પર લગભગ છ માસ સુધી રહેલા અને એમણે દેવપ્રયાગની સમીપના એક સ્થળે સમાધિ દ્વારા શરીરત્યાગ કરેલો. દશરથાચલ પર રહેતી વખતે એમણે જણાવેલું કે આ પર્વત પર જે મારા દર્શનની ઇચ્છા કરશે તેને હું જરૂર મળીશ. એમનું કથન મારે માટે સાચું ઠર્યું.

દશરથાચલ પર સાધના અસાધારણ આનંદ અને ઉત્કટતાપૂર્વક થઇ રહેલી. એ દરમ્યાન અંતઃપ્રેરણા થઇ કે આશ્વિનમાં ચોવીસ દિવસ એટલા બધા સુંદર આવે છે કે વાત નહિ. તે વખતે તમને સિદ્ધિ મળશે. એક અન્ય દિવસે સમાધિની અલૌકિક અવસ્થામાં પ્રેરણા થઇ કે શાંતાશ્રમ જ મારી સાધનાની સિદ્ધિનું સુયોગ્ય સ્થાન છે. એની સાથે દેવપ્રયાગ જવાની આજ્ઞા થઇ. એ આજ્ઞાના પરિણામે અમે બીજે દિવસે દશરથાચલ પર્વતની વિદાય લીધી. પર્વતીય પ્રવાસને પૂરો કરીને મેં શાંતાશ્રમમાં પ્રવેશ કર્યો. છેલ્લે છેલ્લે થયેલા અવનવા અનુભવોને લીધે અંતરમાં એક પ્રકારનો અવર્ણનીય આનંદ, ઉત્સાહ અને સંતોષ હતો. મારી સાધનાની સુખદ સફળતા માટે મેં જે ચિંતા, વેદના ને કષ્ટો વેઠ્યાં છે તેમનો તાગ કાઢી શકાય તેમ નથી. સાધનાના મંગલ માર્ગે કેવળ ઇશ્વર પર શ્રદ્ધા રાખી તેની પ્રેરણા પ્રમાણે અખંડ આત્મવિશ્વાસથી મેં પ્રવાસ આદરેલો. એકલે હાથે ગઢને તોડવાનું કામ કેટલું કપરું છે તેની કલ્પના સહેલાઇથી કરી શકાય તેમ છે. મારે

એવું જ કામ કરવાનું હતું. પરંતુ ઇશ્વરની અલૌકિક કૃપા દ્વારા સર્વકાંઇ થઇ શકે છે એવા વિશ્વાસે મને કોઇ વાર, ક્યાંય, કોઇ કારણે, નિરાશ નથી કર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૮. એ અમર રાત

તારીખ ૧૪ ઓક્ટોબર ૧૯૪૭ની ભાદ્રપદની અમાવાસ્યાની એ ધન્ય, અમર રાત ! એ રાતનું સ્મરણ કરતાં આજે પણ અંતર અપાર પ્રેમથી પરિપ્લાવિત થાય છે. જીવનમાં ઘણાં દિવસો એવા હોય છે, કેટલીક વાર તો અમુક ક્ષણો જ એવી હોય છે, જેમનો પ્રભાવ સમસ્ત જીવન પર પડે છે. માનવને માટે તે પળો શકવર્તી પરિવર્તન કરનારી સાબિત થાય છે. તે સુંદર ક્ષણો, પાવન પળો જીવનમાં કદી ભૂલાતી નથી ને માનવ તેમની તરફ જીવનપર્યંત કૃતજ્ઞતાપૂર્વક જોઇ રહે છે. મારા જીવનમાં એવી કેટલીક મહામૂલ્યવાન સુંદર ક્ષણો છે. તેમાં ચૌદમી ઓક્ટોબરની રાતનું સ્થાન ખૂબ જ મહત્વનું છે.

તે દિવસે સાંજે હું શાંતાશ્રમના ઉપલા ખંડમાં બેઠેલો. ભગવાન રામ, કૃષ્ણ, હનુમાન, બુદ્ધ, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ સૌની તસ્વીરો ખંડમાં શોભી રહેલી. એમને અવલોકતાં હું ઊંડા વિચારમાં લીન બનેલો. મનમાં મારા કાર્યની ચિંતા હતી. છેલ્લા અઢી વરસ જેટલા સુદીર્ઘ સમયથી પ્રખર પરિશ્રમ કરવા છતાં મારી સાધના શેષ રહેલી અને એથી મને શાંતિ નહોતી લાગતી. શું કરું તો સાધનાની સિદ્ધિ સાંપડે ને મને ચેન પડે એવાં વિચારતરંગો મનમાં ફરી વળતા. પરમ શાંતિની પ્રાપ્તિ કરવી છે એ તો ચોક્કસ. તેને માટે જ મેં ઉગતી યુવાનીમાં સર્વસંગ પરિત્યાગી બનીને હિમાલયનો રાહ લીધો છે. આ અવનીમાં આવીને એક અજ્ઞાત પ્રવાસીના પેઠે પસાર થઇ જવું નથી પરંતુ પૂર્ણતાની પ્રાપ્તિ કરીને સર્વત્ર પરમાત્માના પાવન પ્રકાશને પ્રસરાવવો છે. પરંતુ એ બધું ક્યારે બનશે ? વખત વીતતો જ જાય છે. પુરુષાર્થ ચાલુ હોવા છતાં હજુ પ્રખર પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે. આ માર્ગમાં કોઇ સાધક આદુ ખાઇને પડે તથા શાંતિ માટે તલસે તો પણ તેને સિદ્ધિ ના સાંપડે એવું બને જ નહિ. પ્રખર પુરુષાર્થ, અડગ આત્મશ્રદ્ધા, ધ્યેયને માટે મરી ફીટવાની તત્પરતા તેમજ સર્વપ્રકારના સંકટોને સહેવાની તૈયારી, સફળતાને સમીપ લાવે છે ને સાધકને કૃતાર્થ કરે છે. મારે માટે પણ કૃતાર્થતાનો એ અવસર આવવાનો જ છે. ભલે વિલંબ થાય, તેને માટે તલસવું પડે, તો પણ એમાં મીનમેખ નહિ થાય. પરંતુ આજે કેટલાય વખતથી પ્રયત્નો કરવા છતાં અનુગ્રહની અલૌકિક અમૃતવર્ષા નથી વરસતી તેનું કારણ ?

એવા એવા વિચારોમાં રાતનો કેટલો વખત વહી ગયો તેની ખબર ના પડી. ઓરડીમાં અને ઓરડીની બહાર બધે જ અંધકારના ઓળા ઉતરી ચૂકેલા. હિમાલયમાં મેં કેટકેટલું સહન કર્યું છે ? સાધનાનું કેટલું ભગીરથ કાર્ય લઇને હું આજે બેઠો છું ? એને માટે કેટલી વિપત્તિ અને વેદના વેઠું છું ? મારી આ ગૂઢ મનોવેદનાનું સાક્ષી કોણ ? કેવળ ઇશ્વર. એણે જ આ સાધના સુઝાડી છે અને એ જ આ કરે-કરાવે છે. આ તારા, પવન, વૃક્ષો, પર્વતમાળા ને દૂર-સુદૂરથી સુધાસભર સ્વરને રેલનારી ગંગા, આ સઘળાં એનાં સ્થૂળ સાક્ષી છે. પરંતુ આવું બધું ક્યાં સુધી ચાલશે ? હે પ્રભુ, હે જગદંબા, હવે તો કૃપા કરો. તમારા બાળકની મનોકામના પૂરી કરો. એ અબુધ અને ભ્રાંત છે પરંતુ તમે તો માતાપિતા, સર્વસ્વ છો એ ભૂલશો નહિ. માતાપિતા જેમ બાળકના ગુણદોષને જોતાં નથી પરંતુ તેને પોતાના ગણે છે તેમ મને પણ અપનાવો અને શાંતિ આપો. મારી પીડાની પરિસમાપ્તિ કરો. એને જોઇને શાંત અને સ્તબ્ધ શા માટે બેઠાં છો ?

એવી પ્રાર્થના ચાલી રહેલી ત્યાં તો અજબ ભાવાવેશ થઇ આવ્યો. મારી આંખ પ્રેમાશ્રુથી પલળવા લાગી. કોણ જાણે કેમ પણ એ વખતે મને અચાનક લાગ્યું, જાણે કોઇએ કહ્યું કે 'મા' જગદંબા જ મારી ઇષ્ટ છે, ને બીજા કોઇની કૃપા માટે તલસવાને બદલે 'મા'ની જ કૃપા માટે તલસવું જોઇએ. તેની કૃપા સિવાય શાંતિ નહિ સાંપડે. એને માટે વિલંબ કરવાની આવશ્યકતા નથી. કાલથી જ નવરાત્રિનો આરંભ થાય છે. 'મા'ની પૂર્ણ કૃપા માટે તલસવાથી 'મા' જરૂર કૃપા કરશે ને કૃતાર્થતા ધરશે. પૂર્વજન્મના અનુસંધાનને અનુસરીને 'મા'ની કૃપા માટેની આરાધનાનો આધાર લેવાની આવશ્યકતા છે. સફળતા અવશ્ય સાંપડશે.

તન, મન, અંતર, અણુ-પરમાણુમાં એ પ્રેરણા ફરી વળી. આત્માએ એને સત્વર સ્વીકારી લીધી. જે ગૂંચ ઉકેલવા માટે લાંબા વખતથી પ્રયાસ ચાલતો હતો તે ગૂંચને ઉકેલવાની જાણે કે કૂંચી મળી ગઇ. અભિનવ આશા, અવનવા આનંદ, અસાધારણ હિંમતની પ્રાપ્તિ થઇ. જગદંબાએ મારી પ્રાર્થનાને સાંભળીને પોતાની કૃપાના કલ્યાણદ્વારને ઉઘાડી દીધું હોય એવું લાગવા માંડ્યુ. આ વાતની માહિતી પહેલેથી જ મળી હોત તો ? એ પણ એની ઇચ્છા છે. એ જે કરે છે તે યોગ્ય જ કરે છે. જ્યારે કરે છે ત્યારે પણ યોગ્ય જ કરે છે. ચૌદ પંદર વરસની નાની વયમાં 'મા'ના દર્શન માટે જે લાગણી તથા લગની હતી તે યાદ આવી. હિમાલયના વસવાટ દરમ્યાન બીજી સાધના તથા યોગાભ્યાસની ઝંખનાની આગળ તે ગૌણ બની ગયેલી. હવે પડદો દૂર થવાથી તે પુનઃ પ્રકટ થઇ. મને લાગ્યું કે બરાબર છે. ઇ. સ. ૧૯૪૩માં ઋષિકેશમાં મળેલા પેલા ત્રિકાળજ્ઞ મહાત્માના શબ્દોનું સ્મરણ થયું. એમણે પણ જગદંબાને ઇષ્ટ બનાવવામાં નહિ આવે ત્યાં સુધી શાંતિ નહિ મળે એવું જણાવેલું. મારે માટે એ જ માર્ગ છે. 'મા'ની કૃપાને માટે જ કટિબદ્ધ બનવાનો.

મોડી રાતે દીવો કરીને મેં મારા નિર્ણયને લિપિબદ્ધ કર્યો.

'હે મા, જ્યાં સુધી તમારી ધારેલી કૃપા મારા પર નહિ ઉતરે ત્યાં સુધી હું આ સ્થાનમાંથી ક્યાંયે જઇશ નહિ અને અન્ન લઇશ નહિ, ઉપવાસ કરીશ.'

કોઇએ આને હઠ સમજવાની જરૂર નથી. એ તો પ્રેમની પ્રબળતાનું પ્રતિબિંબ હતું. મારો સ્વભાવ જ એવો અનોખો છે કે ધારેલું કામ ન થાય ત્યાં સુધી મને ચેન પડતું નથી ને ખાવું પીવું કશું જ નથી રુચતું. મને ખાતરી હતી કે હું આવી રીતે તલસીશ, 'મા'ને માટે પ્રાર્થીશ તથા પોકારીશ, અને શરીરને સમર્પવા માટે પણ તૈયાર થઇશ, એટલે 'મા'ને પ્રકટ્યા વિના છૂટકો નહિ થાય. કેમ કે મારો અને એનો સંબંધ પૂર્વજન્મનો છે. સામાન્ય રીતે સ્થૂળ સંસારમાં પણ કોઇક વ્યક્તિ અનશન આદરતાં એની ઇચ્છાને સંતોષવા લાગતાંવળગતાં સૌ દોડાદોડ કરે છે તો આ જગદંબાને માટે, વિશ્વની એકમાત્ર ચિન્મયી સર્વેશ્વરી શક્તિને માટે અપાતો ભોગ છે, અને એ પણ એના વિના રહેવાતું નથી, જીવવું આનંદરહિત અથવા અકારું લાગે છે માટે અપાય છે, તો એ શા માટે દયા નહિ કરે ? એ તો દયામયી છે, પ્રેમમયી છે. જે એનું સાચા ભાવથી શ્રદ્ધાભક્તિપૂર્વક શરણ લે છે, એને ચાહે છે કે ઝંખે છે, એના પર એની કૃપાવર્ષા અવશ્ય વરસી રહે છે. પણ હે મંદબુદ્ધિ માનવ, દુન્વયી દુઃખ તથા લૌકિક લાભાલાભને માટે તેં ઘડાના ઘડા આંસુ વહાવ્યાં, કાન ફાટી જાય એટલા પોકાર પાડ્યા અથવા આક્રંદ કર્યાં, કિન્તુ ઇશ્વરને માટે, તારી પોતાની પરમ શાંતિ, મુક્તિ તથા પૂર્ણતા માટે ભૂલેચૂકે પણ ના રડ્યો ! એકેય આંસુ ના સાર્યું ! સંસારમાં સુખી ને વૈભવી બનવા સમસ્ત જીવન ખર્ચી નાખ્યું, કિન્તુ પરમાત્માની પ્રાપ્તિ માટે એનાથી અડધો પણ પુરુષાર્થ ના કર્યો. ઇશ્વરના નામે પથ્થર

તર્યાં તો તું ના તરત ? તે તો દયાળુ છે. જે તેની દયાને માગે છે તેના પર તે દયા વરસાવે છે. જીવનને પ્રશાંત કરવા, સુખી સમૃદ્ધ બંધનમુક્ત બનાવવા તેની અને તેની કૃપાની કામના કર.

એવા વિવિધ વિચાર, દેશ અને દુનિયાના વિચાર, તેમજ સાધનાના વિચારો કરતાં મારું હૈયુ હાલી ઉઠ્યું. છેવટે દીપકને બૂઝાવીને હું પ્રાર્થના તથા ધ્યાનમાં બેઠો. એ રાત મારા જીવનની અમર રાત હતી.

એ રાતે જે અભૂતપૂર્વ અસાધારણ વેદના હતી તેનું વર્ણન પરિપૂર્ણપણે નથી કરી શકાય તેમ. આ રહ્યો એનો આછોપાતળો અલ્પ અક્ષરદેહ.

'પૂર્ણતા, આત્મશાંતિ, ભારત અને વિશ્વના કલ્યાણ માટેનો સાધનાયજ્ઞ. કાર્યમ્ સાધયામિ વા દેહમ્ પાતયામિ.'

'ફરી પાછી એ જ વાત. જીવનની પરિપૂર્ણતા માટે તમારા દ્વારે પાછો એ જ પોકાર. માનવદુઃખથી દુઃખાઇ, ભારતની પ્રતિકૂળ પરિસ્થિતિથી સંતપ્ત થઇ પાછો એ જ કરુણ ચિત્કાર... જે અનેક અભાગી ક્ષણોમાં કર્યો છતાંય તમે નથી સાંભળ્યો. પરંતુ આ વખતે તો એ અંતિમ સફળતા સુધી અથવા આમરણાંત ચાલુ જ રહેશે, અને તમે પણ એવા જ શુભાશીર્વાદ પ્રદાન કરજો. વિશ્વની ને ભારતની શાંતિસમસ્યાના ઉકેલ માટે મારું શરીર કામ લાગે, જે સમુન્નત સત્ય વિચારપ્રણાલિને તમે તમારી પરમ પાવન પ્રેરણા દ્વારા પ્રદર્શાવી ને લખાવી છે તે તમારા અલૌકિક અનુગ્રહથી અલંકૃત થાય, એવી મારી આકાંક્ષા છે. એને માટે અને જીવનની સફળતા, સંપૂર્ણતા તથા શાંતિ માટે આ આરાધના, એને માટેનો જ આ પોકાર છે. આશા છે કે તમે એને શીઘ્રાતિશીઘ્ર સાંભળશો, મારી ઇચ્છાને માન્ય રાખશો, ને એને વરદાન દ્વારા સત્કારશો. એવી રીતે તમારી ભક્તવત્સલતા તેમજ દુઃખી ભારત અને માનવજાતિ માટેની તમારી ઊંડી દયા ને હમદર્દી બતાવી આપશો. બાકી તો આ મૂક સંનિષ્ટ પ્રયત્નમાં છેવટ સુધી વળગી રહેવા દેજો. તમારી જ પ્રેરણાને અનુસરીને એક વાર ફરી અનશન વ્રત કરું છું. કાલથી નવરાત્રિ શરૂ થાય છે. વ્રત પણ આજ રાતથી આરંભાય છે. ૧૪ ઓક્ટોબર ૧૯૪૭, મંગળવાર.'

આ શબ્દો એ સમયની નોંધપોથીમાંથી ઉતારેલા છે. એમના પરથી એ વખતના મનોભાવોનો ખ્યાલ આવે છે. એ દિવસોની માનસિક ભૂમિકા પણ કાંઇક અંશે સમજી શકાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૯૯. જગદંબાનું સાક્ષાત દર્શન

બીજા દિવસથી એ સાધનાત્મક મંગલમય મહાન વ્રતનો આરંભ થયો. એ સાધનાવ્રત કેટલા સમય સુધી ચાલુ રહેશે તેની ખબર ન હતી. પરંતુ જેણે કાર્ય કરવું છે, સફળતાને મેળવીને સનાતન શાંતિની પ્રાપ્તિ કરવી છે, એણે એ ચિંતામાં શા માટે પડવું ? એનું કામ તો પોતાના આદર્શને માટે ભોગ આપવાનું જ છે. એક દિવસ, બે દિવસ, એમ નવરાત્રિના પૂરા નવ દિવસ પસાર થઇ ગયા. એ દિવસો દરમ્યાન મૌનવ્રત ચાલતું. અવિરત રીતે પ્રાર્થના ચાલતી. આખો દિવસ અને રાત ઓરડામાં જ બેસી રહેતો. આશા અતૂટ અથવા અમર, શ્રદ્ધા લોખંડી અને હિમાલય જેવી અચળ હતી. સૌથી વિશેષ તો 'મા'ના અસીમ અનુગ્રહમાં અને કારુણ્યમાં વિશ્વાસ હતો. એ અનંત વિશ્વાસે જ મારા જેવા સાધારણ સાધકને અનશનની અવર્ણનીય વેદનાને વેઠવાની શક્તિ આપેલી. એને લીધે જ મારો સંકલ્પ સુરક્ષિત રહી શકેલો.

સવારે સ્નાન કરવા માટે નીચે આવતો ત્યારે પર્વતોની વચ્ચેના ખુલ્લા પ્રદેશના વિશુદ્ધ વાયુમંડળમાં થોડોક વખત 'મા'નું સ્મરણ કરતાં શાંતિપૂર્વક પ્રેમથી પરિપ્લાવિત બનીને બેસી રહેતો. બાકીનો બધો વખત મારા એકાંત શાંત સાધનાખંડમાં જ બેસીને પસાર કરતો. 'મા'ના દર્શનની લગની ઘણી ભારે હતી. રોમરોમ જાણે કે એને માટે રડી તથા તલસી રહેલું. એકેક દિવસ પસાર થતો તે યુગ જેવો લાંબો લાગતો. પ્રત્યેક પ્રભાતે 'મા'ના મધુમય મુખમંડળના દૈવી દર્શનની કામનાથી પ્રેરાઇને અભિનવ આશા અને અસાધારણ ઉત્સાહને ધારીને અનંત શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને બેસી રહેતો. સવારે સ્નાન કરતી વખતે ને સાંજે પાંચ પાંચ ઘૂંટડા પાણી પીવાનો મેં ક્રમ રાખેલો. દિવસ દરમ્યાન એટલાં જ પાણીના સેવનથી સંતોષ માનતો.

નવરાત્રિના આરંભમાં આશ્રમની સામેના પર્વતીય પ્રદેશમાં રહેતા બ્રાહ્મણ કુટુંબે મારા વ્રતની વાતને જાણીને ફળાહાર માટે ઉપયોગમાં લેવા પેંડા બનાવીને મોકલ્યા. એ કુટુંબ આર્થિક રીતે સાધારણ સ્થિતિવાળું હોવા છતાં અસાધારણ શ્રદ્ધાભક્તિ તથા સેવાભાવનાથી સંપન્ન હતું. હું કેવળ પાણી પર રહેતો હોવાથી એ પેંડા પડી રહ્યા. ઉપવાસના ચોથા કે પાંચમા દિવસે બપોરે ઋષિકેશના એક ઓળખીતા વેપારી ભાઇ ફળ તથા મિઠાઇ લઇને આવી પહોંચ્યા. એમના મનમાં એમ કે વ્રતની પરિસમાપ્તિ પછી હું એનો ઉપયોગ કરીશ. પરંતુ મારું વ્રત તો 'મા'ની કૃપા પર નિર્ભર હોવાથી ક્યારે પૂરું થશે તેની ખાતરી ન હતી. તે બધું એમ ને એમ પડી રહ્યું. જેને આપી શકાય એવું કોઇ મુલાકાતી પણ વસ્તીથી દૂરના એ એકાંત પ્રદેશમાં આવતું નહિ. પરિણામે કેટલીક સામગ્રીને બગડી જવાથી નાખી દેવી પડી, કેટલીક એક ભાઇને સુપ્રત કરી, ને થોડીક સારી રહી શકેલી એનો ઉપયોગ અનશનવ્રતની પરિસમાપ્તિ પછી હું કરી શક્યો. મારે કહેવાની મુખ્ય વાત તો એ છે કે ખાદ્ય પદાર્થો પાસે હોવા છતાં એવી રીતે વ્રતને ચાલુ રાખવાનું કામ કઠિન હોય છે. 'મા'ના અલૌકિક અનુગ્રહ વિના એ ભાગ્યે જ બની શક્યું હોત.

'મા' કૃપાળુ નથી ? અત્યંત કૃપાળુ છે. જે તેને માટે પોતાની શક્તિ ને શ્રદ્ધાભક્તિ પ્રમાણે તપે છે ને તલસે છે તેને તે શાંતિ આપે છે, તે નિર્વિવાદ છે. નવ દિવસ સુધી મારે ભયંકર સંકટ સહેવું પડ્યું. ભીષણ વેદના વેઠવી પડી. એ સંકટને ને વેદનાને હું બનતી શાંતિપૂર્વક સપ્રેમ સહન કરતો. શરીરને સમર્પવું પડે તો

સમર્પવાની મારી તૈયારી હતી. પરંતુ 'મા'એ મારા પર અદભૂત અનુગ્રહ કરીને પોતાનો પરચો બતાવ્યો એથી મને સહેજ સંતોષ થયો ને ઉત્સાહ સાંપડ્યો.

તારીખ ૨૫ ઓક્ટોબર શનિવારે વહેલી સવારે એક અલૌકિક શાંતિપ્રદાયક અનુભવ થયો. બ્રાહ્મમુહૂર્તમાં વહેલો ઉઠીને હું પ્રાર્થના અને ધ્યાનમાં બેઠો કે તરત જ મારું શરીરભાન ભૂલાઇ ગયું. શરૂઆતમાં બે અસાધારણ સૌંદર્યવતી સ્ત્રીઓ દેખાઇ. થોડાક વખત પછી એ અદૃશ્ય થઇ અને એમને બદલે ત્રણ વામન જેવા સનકાદિ ઋષિવર હોય એવા બાળકો દેખાયા. મેં એમને જણાવ્યું કે તમે સ્વયંસિદ્ધ છો. મને રિદ્ધિ સિદ્ધિ, ઐશ્વર્ય, અષ્ટ સિદ્ધિ નવનિધિ આપો. ભારતને મારી દ્વારા મદદ કરો. સૃષ્ટિમાં શાંતિ સ્થાપો.

એમણે કહ્યું કે 'તથાસ્તુ. રિદ્ધિ સિદ્ધિ સૌ પ્રાપ્ત હો. બધી ઇચ્છા પૂર્ણ હો. તમારી કૃપાસિદ્ધિ હો. તમને કૃપાસિદ્ધિ પ્રાપ્ત હો. ખૂબ ખૂબ મંગલ યશ હો.' અને એ અદૃશ્ય થઇ ગયાં.

એ અનુભવ પ્રસંગ પછી મને ભાન આવ્યું. પહેલાં પ્રભાત પક્ષીનો સુમધુર સ્વર સંભળાયો. શાંતા નદીનો શ્રવણમંગલ સુખદ સુસ્વર સમીપે જ સંભળાતો હતો. મારા અંતરમાંથી આપોઆપ શબ્દો નીકળી પડ્યા. જય હો ! હિમાલયના સિદ્ધ મહાપુરુષોનો જય હો ! બીજાને મદદ કરનાર, મંગલને માર્ગે લઇ જનાર મહાપુરુષોનો જય હો !

પરંતુ એટલા અનુભવથી જ મને સંતૃપ્તિ થાય તેમ ન હતું. તૃપ્તિ માનીને બેસી જવા માટે એટલો પ્રસંગ પૂરતો હોવા છતાં મારા મનને એટલાથી જ શાંતિ કેવી રીતે થાય ? મારે તો 'મા'ના મધુર મુખમંડળને નિહાળવું અને એની કૃપાની સુધામયી સરિતામાં સ્નાન કરવું હતું. એટલે મેં 'મા'ના મંગળ મંદિરદ્વારે મારો પ્રેમપોકાર ચાલુ રાખ્યો. 'મા, હવે એકની એક કમભાગ્યની કથની લખીને વેદનાને વ્યક્ત નહિ કરું. હવે તો આ પાર કે પેલે પાર. શરૂ કર્યું જ છે તો આમ અધવચ્ચેથી ખાલી હાથે નિરાશ થઇને પાછો નહિ જ ફરું. હવે તો તમારું દેવદુર્લભ દિવ્ય દર્શન પામીને જ જંપીશ. હવે તો જલ્દી જલ્દી કૃપા કરી દો. તમારા શરણાગતને આમ તલસાવવામાં ને પીડા પહોંચાડવામાં આનંદ આવે છે ? તમે તો દયાળુ છો, માતા છો, જગદંબા છો.'

ઉપવાસની વચ્ચેના દિવસોમાં મેં પાણી લેવાનું પણ છોડી દીધું. દિવસરાત એક જ આસને બેસીને પ્રાર્થવાનું ચાલુ રાખ્યું. અંતર 'મા'ના અસાધારણ અનુગ્રહને માટે આતુર બન્યું. એ દરમ્યાન એક રાતે 'મા'એ કહ્યું કે પાણી પીઓ. એકાદ બે દિવસમાં આવું છું. એથી મેં પાણી લેવાનું શરૂ કર્યું, પરંતુ પાંચ ઘૂંટડાથી વધારે પાણી ના લેવાનો નિર્ણય કર્યો.

એ દિવસોમાં આંતરજગતમાં ભજનોની સુંદર પંક્તિઓ સંભળાતી. એવી કેટલીક પંક્તિઓ પરથી મેં ભજનો લખ્યાં. કેટલાક સદુપદેશ સાંપડતા તેમને મેં લિપિબદ્ધ કરી લીધા. કેટલાક નવા મંત્રો પણ મળતા. અપરિચિત સ્વનામધન્ય સિદ્ધ મહાત્માઓના દર્શનો તો અવારનવાર થતાં. તે દિવસોમાં 'મા'એ સંભળાવેલી પેલી સુંદર પંક્તિઓ આજે પણ યાદ છે. એ સ્વરની મીઠાશને વર્ણવવાની શક્તિ મને મારામાં નથી લાગતી. એ પંક્તિઓ આ રહી :

તુમ બિન રહ ના શકું કભી મૈં,
તુમ તો મેરે ભૂપ,
પાગલ મેરે સ્વરૂપ, પાગલ મેરે સ્વરૂપ, પાગલ મેરે સ્વરૂપ.

દિવસો અત્યંત આતુરતાપૂર્વક, અસાધારણ અનુરાગથી અંજાઇને, એક પછી એક પસાર થતા. જગદંબાના દિવ્ય દર્શનનો લાભ મળે કે એની સુસ્પષ્ટ બાંહેધરી મળે તો જ અનશન વ્રતનો અંત આણવો એવો મારો નિશ્ચય હતો. દિવાળી અનશન વ્રતમાં વીતી ગઇ. તારીખ ૧૩ નવેમ્બર ગુરુવારે નૂતન વર્ષ હતું. તે દિવસે સવારે હું શાંતાશ્રમમાં બેઠેલો. શરીર ખૂબ જ કૃશ અને નિર્બળ બની ગયેલું. અનશન લાંબુ ચાલેલું. શું કરવું તે નહોતું સમજાતું. શરીર છૂટી જાય તો ભલે પણ સફળતા સિવાય અનશનનો અંત ના આણવાનો નિર્ણય તો હતો જ. ત્યાં તો જગદંબાના સુક્ષ્મ સુમધુર સુધાસભર સ્વર મારા શ્રવણપટ પર અથડાયા : 'અભી કુછ દિન યોગાભ્યાસમેં ઓર લગો.'

મને આશ્ચર્ય થવાથી મેં પૂછ્યું : 'કુછ દિન રોક લો ?'

'નહિ ઓર લગો.'

'કુછ દિન રોક લો ?'

'નહિ, નહિ. મૈં કહાં કહતી હું કી રોક લો ? અભી યોગાભ્યાસમેં કુછ દિન ઓર લગો.'

'મા'નું સ્વરૂપ નહોતું દેખાતું પરંતુ એના સુખદ સુધાસભર શબ્દો સારી પેઠે સંભળાતા. નૂતન વર્ષના મંગલ દિને પાવન પ્રભાતે 'મા'એ એવી રીતે જાગૃતિ-અવસ્થામાં અલૌકિક અનુગ્રહ કર્યો. એથી મને થયું કે મારા પર 'મા'ની કૃપાદૃષ્ટિ છે અને એ મારું ધ્યાન રાખે છે. તો પણ મને શાંતિ ના થઇ. જે સ્થાનમાં મેં આટલું બધું સહન કર્યું, એ સ્થાનમાં અને અત્યારે જ મારે તો 'મા'નું દર્શન જોઇએ. યોગાભ્યાસ કરીને મારે શું કરવું છે ? યોગાભ્યાસથી જે મળે છે તે તો 'મા'ના કૃપાકટાક્ષથી સત્વર સાંપડી શકે છે. જાગૃતિદશામાં જ ભાવવિભોર બની જવાય તો 'મા'ના સુંદર સ્વરૂપના દર્શનથી સમાધિ થયા વિના રહે જ કેમ ? એવી રીતે 'મા'ના શરણાગત પ્રેમી ભક્તને યોગાભ્યાસનું સર્વોત્તમ ફળ હસ્તામલકવત્ હોય છે. છતાં 'મા'એ યોગાભ્યાસ કરવાનું કેમ કહ્યું ? યોગાભ્યાસ 'મા'ના દર્શનથી ઉત્તમ તો નથી જ. કે પછી એવું કહીને મારી નિષ્ઠા, સમજ અને સંકલ્પશક્તિની કસોટી કરવામાં આવે છે ? તે રાતે એક સુંદર સ્ત્રીનું દર્શન થયું. એણે 'મા'ના દેવદુર્લભ દિવ્ય દર્શનનો આશીર્વાદ આપીને જણાવ્યું કે નવમી તારીખે તમને 'મા'નું દર્શન થશે. તે વખતે તમે શંકરના કોઇ સ્થાનમાં હશો. એથી મને અધિક આનંદ થયો. તે દિવસોમાં પ્રત્યેક પળ અને પ્રત્યેક અનુભવની પોતાની ખાસ કિંમત હતી.

તો પણ મારી ચિંતા ના ટળી. શાંતાશ્રમમાં મારા મનોરથની પૂર્તિ 'મા' વહેલી તકે કરે એવી મારી ઇચ્છા હતી. કરુણાળુ 'મા'એ તે ઇચ્છાને પણ પૂરી કરી. આ લખતી વખતે 'મા'ની કરુણાના સ્મરણથી મને રોમાંચ થઇ આવે છે.

બીજે દિવસે તારીખ ૧૪મી નવેમ્બરે મધ્યરાત્રી પછી એ અલૌકિક અવસર ઉપસ્થિત થયો. તે દિવસે ભાઇબીજ હતી. હું અનુરાગમાં ઓતપ્રોત બનીને આસન વાળીને બેઠેલો. ત્યાં તો મારી અવસ્થા એકાએક અનોખી થવા માંડી. આપોઆપ મને સમાધિ થાય અને પાછું આપોઆપ ભાન આવે એવું આશરે એકાદ કલાક ચાલ્યું. એની સાથે જાગૃતિ દશા દરમ્યાન 'મા'નું દર્શન થયું. 'મા'નું દર્શન અલૌકિક હતું. રેશમી જેવા સુંદર વસ્ત્રોમાં 'મા'ના શરીરની શોભા અતિશય આહ્લાદક અને અવર્ણનીય લાગતી. 'મા'એ મારા શરીર પર

વારંવાર હાથ ફેરવીને કહ્યું : 'સર્વ કાંઇ મળી ગયું. હવે સંકલ્પ માત્રથી જ સિદ્ધિ રહી.' મારી પીઠ પર હાથ મૂકીને કહ્યું : 'તમારો કુંડલિનીનો માર્ગ મેં ઠીક કરી દીધો છે. હવે ચિંતા ના કરશો.'

'મા'ના એ મંગળ, મધુમય, દૈવી દર્શનના આનંદને અક્ષરદેહમાં કેવી રીતે અંકિત કરી શકું ? એની આવશ્યકતા પણ ક્યાં છે ? મને ભાન આવે ત્યારે 'મા' દેખાય અને મારી સાથે વાતો કરે. તે પછી થોડા જ સમયમાં મને સમાધિ થઇ જાય. વળી પાછું દેહભાન આવે ત્યારે 'મા'નું દિવ્ય દર્શન થાય, મારી કુટિર દેખાય ને પાછી સમાધિ થાય. એવો ક્રમ વારાફરતી ચાલ્યા જ કરે. મારી આંખમાંથી આનંદની અસ્ખલિત અશ્રુધારા નીકળ્યા જ કરે. ખૂબ જ કોશિષ કરું પરંતુ હાથ પગ કે શરીર હાલે જ નહિ. ઊઠી શકાય જ નહિ. આસન અચળ બની ગયેલું. 'મા'એ મને ગુલાબ જેવા સુંદર ફૂલોની મનહર માળા પહેરાવી ને બંને હાથે પણ માળા બાંધી. મને થયું કે મારું શરીર શું આવું ને આવું જ રહેશે ? ખાવા પીવાનું ને વાતચીત કરવાનું પણ આ દશામાં કેવી રીતે બનશે ? સવારે કોઇ મળવા આવશે તો ઓરડીની અંદરની સાંકળ પણ કોણ ઉઘાડશે ? એવી પ્રેમમગ્ન ભાવમસ્ત સમાધિનિષ્ઠ અલૌકિક અવસ્થા વિશે મેં સાંભળ્યું ને વાંચ્યું હતું. એવી અલૌકિક અવસ્થાને અનુભવવાની ઇચ્છા મને પણ થયા કરતી. એના અનુસંધાનમાં 'મા'એ જાણે કે આ અનુભવ આપીને જણાવ્યું કે જો, આ અવસ્થાનો આસ્વાદ પણ લઇ લે ને નક્કી કરી દે કે આ જ અવસ્થામાં કાયમ માટે રહેવું છે કે કેમ. મને થયું કે આવી અવસ્થા કાયમ માટે સારી નથી. 'મા'નું નિત્યનિરંતર દર્શન થાય તે બરાબર છે, 'મા'ના અનુગ્રહનો આસ્વાદ મળે તે પણ બરાબર, પરંતુ આવી રીતે સદાને સારુ શૂન્યમનસ્કની પેઠે પડ્યા રહેવાનું મને પસંદ નહિ પડે. ભાન તો જોઇશે જ, ને ભાન રહે એ આવશ્યક અને આશીર્વાદરૂપ પણ છે. જાગૃતિમાં આવશ્યક કર્માનુષ્ઠાનોને કરતાં કરતાં પણ મન જગદંબાની આજુબાજુ જ રમ્યા કરે ને નિર્લેપ રહે એ વધારે સારુ છે.

જ્યારે અચાનક હાથ હાલ્યા, પગ હાલ્યા, અને પૂરેપૂરું ભાન આવ્યું ત્યારે મને કેટલી નિરાંત વળી હશે તે સહેલાઇથી કલ્પી શકાશે.

જે શાંત સુંદર સ્થાનમાં મેં આટલું બધું સહન કર્યું, તપ કર્યું ને કઠોર કષ્ટ વેઠ્યું તે સ્થાનમાં 'મા'ની કૃપા શા માટે ના થાય ? જ્યાં સુધી 'મા'નું દૈવી દર્શન ના થાય ત્યાં સુધી અન્ન લેવું નહિ ને પાણી પરના વ્રતને છોડવું નહિ એવા દૃઢ નિર્ધારથી પલાંઠી વાળીને મેં અંતરના અંતરતમમાંથી અહર્નિશ પ્રાર્થના કરી તો આખરે એવી રીતે 'મા'ના સાક્ષાત દર્શનનો દેવદુર્લભ લાભ મળી ગયો. પંરતુ જે વરદાનની આકાંક્ષા હતી તે વરદાન ના મળવાથી મારું કાર્ય હજુ અધૂરું જ રહ્યું. બીજો કોઇ સાધક હોત તો આટલામાં જ બડભાગી બની જાત. પરંતુ મારા પર 'મા'ની કૃપા હોવાથી હું જાગ્રત હતો. સાધનાના મારા નક્કી કરેલા આદર્શ પર પહોંચવા માટે મારું અંતર અધીરું હતું. એના વિના મને નિરાંત વળે તેમ ન હતી. એથી મેં મારું કામ અનશનની સમાપ્તિ પછી પણ ચાલુ જ રાખ્યું. 'મા'ના સાક્ષાત દર્શનના અદભૂત અનુભવથી મને ખૂબ જ શાંતિ મળી, આનંદ થયો, ને મારો વિશ્વાસ વધી ગયો. જૂના જમાનાના ભક્તોના જીવનમાં ઇશ્વરના દર્શનની જે વાતો મેં વાંચેલી તેના પૂરાવા જેવો પ્રસંગ મારા જીવનમાં જગદંબાની કૃપાથી બની ગયો. મારું જીવન એટલે અંશે ધન્ય બન્યું.

શાંતાશ્રમમાં થોડાક વધારે દિવસો પસાર કરીને ડીસેમ્બરની આઠમી તારીખે મેં આશા, શ્રદ્ધા, ઉત્સાહ તથા મૌનવ્રત સાથે દેવપ્રયાગ છોડ્યું. શાંતાશ્રમને પ્રણામ કર્યા. મારી મીટ હજુ નવમી તારીખ ઉપર મંડાઇ હતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૦. દર્શનના અન્ય અનુભવો

ઇ. સ. ૧૯૪૭ના ડીસેમ્બરની આઠમી અને નવમી બંને તારીખો મારા સાધનામય જીવનની પ્રબળ પ્રેમપૂર્ણ પ્રાર્થના તારીખો રહી. એ દિવસો દરમ્યાન 'મા'ની વિશેષ કૃપાપ્રાપ્તિ માટે મેં આતુર અંતરે ખૂબ ખૂબ પ્રાર્થના કરી. દેવપ્રયાગના લાંબા એકધારા ઉપવાસે શરીરને સહેજ અશક્ત બનાવેલું, પરંતુ સાધનાત્મક સફળતાને લીધે અંતર આનંદમય બનેલું. વિશેષ સફળતાનો જગદંબાએ આપેલ બીજો દિવસ પણ છેક જ પાસે હતો. એ દિવસના અલૌકિક અનુભવને માટે અંતર આતુર થઇ રહેલું. હૃદય રાતદિવસ બોલતું હતું કે મા, આજે તો તમારી કૃપા થવી જ જોઇએ. મેં અત્યાર સુધી ખૂબ ખૂબ સહન કર્યું છે. હવે તો તમારે મને આનંદ આપવો જ જોઇએ. તમારી પરિપૂર્ણ કૃપા સિવાય મને શાંતિ નહિ થાય ને ચેન નહિ વળે.

ઋષિકેશની દેવકીબાઇ ધર્મશાળામાં નવમી તારીખની રાતે પ્રાર્થના કરવા બેઠો. અંધારા ઓરડામાં 'મા'ની કૃપામયી પ્રેમપૂર્ણ મૂર્તિ હમણાં જ પ્રકાશી અને હસી ઉઠશે, 'મા'નો સુધાછલેલો સુમધુર સ્વર કાને પડશે, એવી આશા હતી. વખતના વીતવાની સાથે વ્યાકુળતા વધતી જતી. આખરે અનુગ્રહની એ અદભૂત આનંદદાયક ઘડી આવી પહોંચી. મારી નસો ખેંચાવા લાગી. મારૂં દેહભાન અનાયાસે આપોઆપ ભૂલાવા લાગ્યું, ને 'મા'ની અલૌકિક શક્તિ મને સહસા સમાધિદશા તરફ દોરી ગઇ. એ દશામાં મને 'મા'ના દર્શનનો દિવ્ય લાભ મળ્યો. 'મા'ના મુખ પર અપાર્થિવ પ્રકાશ પથરાયેલો, શાંતિ છવાયેલી. શરીર પર ગુલાબી જેવા સુંદર રંગની સાડી હતી. સમસ્ત સ્વરૂપ કેટલું બધું સુંદર હતું ? એવું દૈવી સ્વરૂપ સંસારમાં ક્યાંય નહોતું જોયું. કેશ ખુલ્લા તથા લાંબા હતા. મેં ભાવવિભોર બનીને જણાવ્યું, 'મા, ખૂબ ખૂબ તેજ ફેલાવી દો, આજુબાજુ બધે જ પ્રકાશ પ્રકાશ ફરી વળે તેવું કરી દો. રોજ રોજ દર્શન દો.'

'મા'એ શાંતિપૂર્વક કહ્યું : 'હજુ તો ખૂબ ખૂબ કામ કરવાનાં છે. કુકકુટને પીંજરમાં પૂરી દીધું.'

'તમે મને રોજ રાતે દર્શન આપો.'

'ના તેમ ના કરું.'

'કેમ નહિ ? બેત્રણ દિવસને અંતરે તો આવવું જ પડશે.'

'સારું. બેચાર દિવસે જરૂર આવીશ.'

'તમારા શુભાગમનનો સુનિશ્ચિત સમય કહી દો.'

'તેમ નહિ બંધાઉં. પણ આવીશ જરૂર અને મારી ઇચ્છા પ્રમાણે આવીશ.'

એ પછી એ અદૃશ્ય થઇ ગયા. મેં કેટલીય વાર બોલાવ્યાં પરંતુ ઉત્તર ના મળ્યો. વાણી કેટલી સરસ, સ્વરૂપ કેટલું અલૌકિક, એ બધાનું વર્ણન કરવાની મારી શક્તિ નથી. એ તો કેવળ અનુભવગમ્ય છે.

એ પ્રસંગ પછી મને લાંબે વખતે ભાન આવ્યું. તે વખતે બહાર રાતના બે વાગ્યાના ટકોરા પડ્યા. 'મા'ના અલૌકિક અનુગ્રહથી સાંપડેલી સમાધિ આપોઆપ ઉતરી ગઇ. સમાધિ તથા સિદ્ધિ તો 'મા'ની કૃપાનું પરિણામ છે. શરણાગત ભક્ત કે સાધકને એ આપોઆપ મળી રહે છે.

એ અલૌકિક અનુભવથી મને આનંદ થયો. તો પણ 'મા'ની ઇચ્છા અનુસાર પરિપૂર્ણ કૃપાની પ્રાપ્તિ કરવાનો મનોરથ હજુ શેષ રહ્યો. મેં માન્યું કે ચૌદમી તારીખે દહેરાદુનમાં 'મા'એ પોતાના દર્શન અને

અનુગ્રહનો બીજો દિવસ આપ્યો છે તે પ્રમાણે તે દિવસે મારા પર 'મા'ની પૂર્ણ કૃપા વરસશે ને મારી સઘળી ઇચ્છા પૂરી થશે. મારામાં મારી જાત પ્રત્યે સતત જાગૃતિ હોવાથી જ હું એવો વિવેક કરી શક્યો એ દેખીતું છે.

દહેરાદુન જઇને મેં યોગીરાજ શ્રી ભૈરવદત્ત જોશીના અતિથી તરીકે રહેવા માંડ્યું. મને નિહાળીને એ પ્રસન્ન થયા. શરૂઆતના બેત્રણ દિવસ પ્રાર્થના અને પ્રતીક્ષામાં પસાર થયા. છેવટે ચૌદમી તારીખ આવી પહોંચી. એ આખોય દિવસ મેં મૂક ચિંતામાં પસાર કર્યો. મૂક એટલા માટે કે મારી સઘળી સાધના ગુપ્ત રીતે ચાલ્યા કરતી. પરમકૃપાળુ 'મા' અને મારા અંતરાત્મા સિવાય એના સાક્ષી તરીકે બીજું કોઇ જ ન હતું. બીજા કોઇને એની માહિતી આપવાની આવશ્યકતા પણ નહોતી લાગતી. એવી ગહન લોકોત્તર સાધનાને સુચારુરૂપે સમજવાની શક્તિ પણ સૌ કોઇમાં ના હોય એ દેખીતું છે. મારો સ્વભાવ કોઇ પણ કામ કર્યા પછી જ આવશ્યકતા અનુસાર એ વિશે જાહેરાત કરવાનો હોવાથી મારા સંસર્ગમાં આવેલા અનેક માણસો મારી વ્યક્તિગત સાધનાથી એકદમ અજ્ઞાત હતા. એવી સાધનાને બને તેટલી ગુપ્ત રાખવી એ પણ એક પ્રકારનું તપ જ હતું. સાધનાના વિજ્ઞાપનના વખતમાં પોતાની જાતનો એવો સંયમ મારે માટે સહજ બનેલો.

એ દિવસોમાં મને રાતભર નિદ્રા નહોતી આવતી. રાતનો સઘળો સમય હું બેસીને પસાર કરતો. એકાદ બે કલાક સમાધિનો અલૌકિક લાભ મળતો તે નિદ્રાની ગરજ સારતો. વિવેક દ્વારા જગતમાં જાગ્યો છું ત્યારથી નિદ્રાની મોહિનીને મેં યથાશક્તિ દૂર કરી છે. જગતમાં પરિપૂર્ણપણે જાગીને જે પૂર્ણતાની પ્રાપ્તિ કરવા માગે છે એણે એ મોહિનીમાંથી મુક્તિ મેળવવી જોઇએ, અને નિદ્રાના સમયમાં કાપ મૂકીને મુક્તિનો મહારસ મેળવવા પુરુષાર્થ કરવો જોઇએ. રાતનો સમય એને માટે અતિશય અનુકૂળ છે.

પરંતુ મારો આ શાંત સર્વોત્તમ સમય તો જાગવા છતાં એમ ને એમ પસાર થઇ રહ્યો છે ! મધરાત વીતી ગઇ છે તો પણ હજુ જગદંબાનું દર્શન નથી થયું. ખંડમાં મારી આગળ નેહ નીતરતાં નેત્રે નિહાળ્યા કરું છું પરંતુ જગદંબાનું જ્યોતિર્મય સ્વરૂપ જડતું જ નથી. આમ કેમ ? શું 'મા'ના શબ્દો મિથ્યા થયા ? મારી પ્રાર્થના બળવત્તર બનતી ગઇ. આંખમાંથી અશ્રુ વહેવા માંડ્યા. હે મા, તમારે માટે આવા વિષમ વખતમાં, ઘોર ક્લેશયુક્ત કલિકાળમાં, આટલો બધો અપાર અનુરાગ કોણ રાખે છે ? આવું કષ્ટ કોણ સહન કરે છે ? અને સહન કરવા છતાં પણ તમે તરત કૃપા કેમ નથી કરતાં ? મારી અંદર કોઇ વિશેષ લોકોત્તર યોગ્યતા નથી. કેવળ તમારો જ આધાર છે. મને કોઇ સાધનાની પણ સમજ નથી. બાળક 'મા'ને માટે પોકારે તેમ તમને પ્રખર પ્રેમપૂર્વક અંતરના અંતરતમમાંથી પોકારું છું. કૃપાનો કલ્યાણકારક વરસાદ શા માટે નથી વરસાવતાં ? હવે મને વધારે ના તલસાવો, વધારે ના રડાવો, વધારે ના રીબાવો. મને તલસાવવાનો, રડાવવાનો, રીબાવવાનો વિચાર કરો તે પણ શું તમારે માટે યોગ્ય છે ?

થોડા વખતમાં જ આપોઆપ મને દેહાતીત દશાની પ્રાપ્તિ થઇ. કોઇક સ્વનામધન્ય સિદ્ધ પ્રાતઃસ્મરણીય મહાપુરુષ મને 'મા'ની પાસે લઇ ગયા. 'મા'નું સ્વરૂપ અતિશય પ્રકાશવાન હતું. મેં કહ્યું કે મને આટલાથી તૃપ્તિ નહિ થાય. મારે તો 'મા'ના મધુમય મુખમંડળને જોવું છે. એના અમૃતનું પાન કરવું છે.

પછી મને તરત જ 'મા'નું દર્શન થયું. અતિશય ગૌર, લાવણ્યમય, પ્રેમાળ, પ્રશાંત, ઉજ્જવળ, મનહર મુખ, ગુલાબી સ્વરૂપ અને ગુલાબી સાડી. મેં ભાવવિભોર દશામાં 'મા'ને ભેટીને જણાવ્યું : 'મા, મને રિદ્ધિ સિદ્ધિ આપો.'

'મા'એ શાંત સ્વરે કહ્યું : 'સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત હો.'

'વિશ્વનું કલ્યાણ ?'

'વિશ્વનું કલ્યાણ પણ તારે હાથે હો.'

'મા' નીચે બેઠાં એટલે મેં પૂછ્યું : 'આટલી બધી વાર કેમ લગાડી ?'

કેટલીક બીજી વાતચીત કર્યા પછી 'મા' સત્વર સહજ રીતે જ અદૃશ્ય થયા. મારી સમાધિની અલૌકિક અવસ્થા સુદીર્ઘસમયપર્યંત ટકી રહી. એ અવસ્થા દરમ્યાન દેહભાન આવતું અને પાછું આપોઆપ જતું રહેતું. આંખમાંથી અશ્રુ ટપકતાં. એ અદભૂત અતિશય આનંદદાયક અવર્ણનીય અવસ્થાનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. મન માણે છે કિન્તુ તેને વાણી નથી.

એ અનુભવથી મને વધારે આનંદ થયો. કેમ કે મારા બે મહાન મંગળ મનોરથ પ્રમાણે 'મા'એ વરદાન આપ્યાં. પરંતુ એ વરદાન વરદાન રહેવાને બદલે સ્થૂળ ભૂમિકા પરથી કાર્ય કરે અથવા વ્યવહારિક જીવનમાં સાકાર બને એવી આવશ્યકતા તો રહી જ. 'મા'નું સાક્ષાત દર્શન પણ મારે જાગૃતિમાં ઇચ્છાનુસાર અખંડ અથવા સતત રીતે કરવું હતું. તનમનને અલૌકિક બનાવીને બીજાના કલ્યાણકાર્યમાં પ્રવૃત્ત થવું હતું. એવું ના થાય ત્યાં સુધી મને સંપૂર્ણ સંતોષ કેમ વળે અને 'મા'ની ઇચ્છા હોય તો, મારાથી અન્યને વિશાળ રીતે મદદરૂપ પણ કેવી રીતે થઇ શકાય ? એટલા માટે મને હજુ વિશેષ સાધના કરવાની ને જગદંબાની કૃપાના ચાતક બનવાની આવશ્યકતા લાગી. મારી મરજી ફરીવાર દેવપ્રયાગ જવાની હોવા છતાં જગદંબાના આદેશને અનુસરીને મેં ચંપકભાઇ પાસે વઢવાણ જવાનું ઠરાવ્યું. એ મુક્ત તથા સાજા થઇને વઢવાણમાં કામ કરવા રહેલા. એમનું લગ્ન થયેલું ને દેશની આઝાદી પછી એમની ધરપકડનો ભય મટી ગયેલો. એમના અતિશય આગ્રહને લીધે હું તેમની પાસે પહોંચ્યો. માતાજી ત્યાં સુધી ઘેર સરોડા જ રહેતાં. હિમાલયમાં હું એકલો જ રહેતો. મારા શુભાગમનના સમાચાર મળવાથી તે પણ ત્યાં આવી પહોંચ્યા.

વઢવાણ પહોંચ્યા પછી પણ મારું સાધનાકાર્ય ચાલુ રહ્યું. અંતરની વેદના કેમે કરીને ના શમી. એ દિવસો દરમ્યાન 'મા'ના દિવ્ય દર્શનનો લાભ એક અથવા બીજી રીતે મળ્યા કરતો, તો પણ મારી ઇચ્છા પ્રમાણેના દર્શનાનુભવ માટેની ચિંતા ચાલુ જ હતી. તારીખ ૩૦ ડીસેમ્બર મંગળવારે સવારે અલૌકિક અનુભવ આપ્યો ત્યારે મેં પૂછ્યું : 'મા, તમારાં સાક્ષાત દર્શનનો ચોક્કસ દિવસ ને સમય કહો.'

'મા'એ સુમધુર સ્વરે જણાવ્યું : 'નંદપાંચમ.'

એ અનુભવથી મને અતિશય આનંદ થયો. પરંતુ નંદપાંચમ કોને કહેવી તે ના સમજાયું. વંસતપંચમી જ નંદપાંચમ હશે એવું એ વખતે માની લીધું ને વસંતપંચમીની પ્રતિક્ષામાં વખત વીતાવવા માંડ્યો. કાર્ય જેટલું વધારે મહત્વનું ને મોટું તેમ તેને માટેનો ભોગ પણ મોટો હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૧ મહાત્મા ગાંધીજીનું દેહાવસાન

## (૧) દેહાવસાન

તારીખ ૩૦મી જાન્યુવારી ૧૯૪૮. આખરે એ અશુભ અમંગલ, સમસ્ત દેશવાસીઓની આંખમાં આંસુ આણનારો, વિશ્વના અંતસ્તલમાં અસાધારણ આકસ્મિક અસહ્ય વેદના પહોંચાડનારો દિવસ આવી પહોંચ્યો. રાતે અચાનક શોકજનક, દુઃખના દરિયામાં ડૂબાડી દેનારા સમાચાર સાંભળ્યા કે મહાત્મા ગાંધીજીને કોઇએ ગોળી મારી, એથી એ ભયંકર રીતે ઘાયલ થયા, ધરતી પર ઢળી પડ્યા, અને અલ્પ સમયમાં જ અવસાન પામ્યા. સમાચાર એકદમ અણધાર્યા હતા. એટલા જલદી માની શકાયા નહીં. મન અને અંતર એ માનવા માટે તૈયાર નહોતું. એમની યથાર્થતાની ખાતરી કરવા અમે સમીપવર્તી રેડિયાની મદદ લીધી.

સમાચાર સાચા ઠર્યા. એ સાંભળીને મારી આંખમાંથી આંસુ નીકળી પડ્યા. મસ્તક પર જાણે કે વીજળી પડી. શરીર પર વજ્રપાત થયો. પગની નીચેની પૃથ્વી સરકવા લાગી. શરીરની સ્થિરતાને કેમે કરીને સાચવી રાખી. સ્તબ્ધ અને દુઃખ ભરેલા, દુઃખદાવાનલદગ્ધ દિલે હું ઊભો જ રહ્યો. જીવનમાં બીજા કોઇનાય મૃત્યુના સમાચાર મેં એટલા બધા કરુણાર્દ્ર આર્ત અંતરે નહોતા સાંભળ્યા. જીવનમાં પહેલી જ વાર મને સમજાયું અથવા એકાએક અનુભવવા મળ્યું કે મારા પ્રાણમાં ગાંધીજીને માટે પ્રેમનો પ્રબળ, પવિત્ર પારાવાર પ્રકટેલો. અને કેમ ના પ્રકટે ? જે પ્રાતઃસ્મરણીય અસામાન્ય સુયોગ્યતાસંપન્ન લોકોત્તર મહાપુરુષે દેશ અને દુનિયાની વરસો સુધી નિઃસ્વાર્થ રીતે સેવા કરી, ભારતની સૂરતને પલટાવીને એને આઝાદી અપાવી; જેમણે હિંસક બળ અથવા આધુનિક શસ્ત્રો સામે શાંતિસહિત ટક્કર ઝીલીને જગતને સત્ય અને અહિંસાની અદ્યતન ફિલસૂફી સમજાવી; ભારતમાં ઉત્તરથી દક્ષિણ તથા પૂર્વથી પશ્ચિમ સુધી જાગૃતિ તેમ જ રાષ્ટ્રીય અસ્મિતાની લહરી ફેલાવીને સેવાભાવનાથી સભર સંનિષ્ઠ કાર્યકર્તાઓની મજબૂત હરોળ ઊભી કરી; તેમના પર કોને પ્રેમ અથવા આદરભાવ ના હોય ? મને તો હોય જ. પ્રેમનો એ પરમ પવિત્ર પ્રબળ પારાવાર જ અશ્રુપ્રવાહના સ્થૂળ સ્વરૂપે પ્રકટીને આંખમાંથી આવિર્ભાવ પામેલો, વહી રહેલો, મુખને મૂક બનાવતો'તો, અને સંવેદનશીલ અંતરને આર્ત અને સ્તબ્ધ કરીને લાગણીથી સભર કરતો'તો.

અમારી સાથેનાં એક બેનની ઉપર તો એ સમાચારની એવી અસાધારણ અસર થઇ કે એ અત્યંત ભાવમય બનીને સ્વસ્થતાને સાચવી ના શકવાથી નીચે પડી ગયા.

ગાંધીજીના સ્વર્ગવાસના સઘળા સમાચાર મેં ઊભા ઊભા સાંભળ્યા. સાંભળીને બીજું શું થાય ? મૃત્યુના મુખમાંથી કોણ પાછું ફર્યું છે ? સંસારે તો સાવિત્રીની સતીત્વશક્તિથી યમના હાથમાંથી પાછા ફરેલા એક સત્યવાનને જ જાણ્યો છે. પરંતુ જે સાચો સંત છે, સત્યવાન છે, એને મારવાની શક્તિ મૃત્યુમાંય નથી. એ તો અમર છે. વિનાશશીલ સ્થૂળ શરીરથી એ ભલે અલગ થાય. પરંતુ એનું ખૂન કરવાની કે એને હણવાની શક્તિ કોઇનામાં નથી. ગાંધીજી પણ સાંપ્રત સમયના સર્વશ્રેષ્ઠ સત્યવાન હોવાથી એમની ઉપર મૃત્યુનું શાસન નહોતું ચાલી શકે તેમ. છતાં પણ એક સાચા સંત તરીકે જો સ્થૂળ શરીરમાં રહીને એ સંસારમાં વિચર્યા કે વસ્યા તે સ્થૂળ શરીર હવે જોવા નહિ મળે. છેલ્લાં કેટલાંક વરસોમાં તો લગભગ એવું થઇ ગયેલું કે ગાંધીજી એટલે ભારત અને ભારત એટલે ગાંધીજી. એમના ભાવ, વિચાર અને વર્તનમાં ભારતનું હૃદય

ધબકતું. એમની વાણીમાં ભારતીય સંસ્કૃતિના આત્માનો અલૌકિક રણકાર હતો. દેશને માટેનો એમનો પ્રેમ, સેવાભાવ, ત્યાગ, ભોગ આપવાની અને સહેવાની એમની શક્તિ, સઘળું અજોડ હતું. ભારતના આત્માની આઝાદી, આબાદી અને અભ્યુત્થાન માટે અવતીર્ણ થયેલા એ એક અસાધારણ દિવ્ય દેવતા હતા. એમને સાથ આપવા માટે અન્ય અનેક આ દેશમાં પ્રાદુર્ભાવ પામેલા. એમનું મુખ્ય કાર્ય ભારતને આઝાદ કરવાનું હોવાથી આઝાદી પછી તરત જ એમનો દેહાંત થયો.

પરંતુ એમનો દેહાંત અજબ રીતે થયો. જે માનવના મનમાં આવા મહાન લોકોત્તર પુરુષને ગોળીએ વીંધવાનો વિચાર આવ્યો તેના કમભાગ્યની કલ્પના કોણ કરી શકે ? આવું મૃત્યુ સમસ્ત દેશને માટે શરમરૂપ છે. એથી સાબિત થાય છે કે આપણી આપત્તિઓનો હજુ સુધી અંત આવ્યો નથી અને આપણે હજુ લોકોત્તર મંગલમય મહાપુરુષોને માટે લાયક નથી થયા. જે મહાપુરુષો આપણે માટે પોતાનાં શરીરોને ઘસી નાખે છે અને અહર્નિશ ચિંતા તથા મહેનત કરીને આપણને સઘળી રીતે સુખશાંતિ-સમૃદ્ધિ પ્રદાન કરવાની આકાંક્ષા રાખે છે તે મહાપુરુષોને સહાનુભૂતિથી સુચારુરૂપે સમજી ના શકનારો અને સમજવાનો સમ્યક્ પ્રયત્ન કરવા ના માગનારો એક અભાગી વર્ગ પણ આપણા જગતમાં જીવી રહ્યો છે, અને એવો વર્ગ જીવતો હશે ત્યાં સુધી એમના અપરાધના છાંટા એમના પડોશી તરીકે આપણી ઉપર પણ પડતા રહેશે. એવા અભાગી મંદબુદ્ધિ મંદાધિકાર માનવોના વર્ગ કરતાં એ મહાપુરુષ પ્રત્યે અતિશય આદરવાળો અને એમના સંદેશ પ્રમાણે જીવનને ઘડવાની અભિલાષાવાળો બીજો વર્ગ પ્રમાણમાં ખૂબ જ મોટો હતો. એ વર્ગ જાણતો હતો કે ગાંધીજી જેવા મહાપુરુષ હજારો વરસના અંતરે આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામે છે અને પૃથ્વીને પ્રકાશ પહોંચાડવા જ પધારે છે. એ વર્ગે એમના પ્રત્યેના અનન્ય આદરભાવથી પ્રેરાઇને એને કૃષ્ણ, બુદ્ધ તથા ઇશુની સાથે સરખાવેલા. એ સ્વનામધન્ય પરહિતપરાયણ મહાપુરુષ હવે જોવા નહીં મળે, એવી એવી ભાવોર્મિથી ઉર ઉભરાઇ રહ્યું.

એ સમાચાર આઘાતજનક અને દુઃખદ હતા. એમને લીધે રાતભર ચિંતા રહી. હવે દેશનું શું ? સદભાગ્યે દેશમાં એમના હાથ નીચે તૈયાર થયેલા નેતાઓ છે. જો કે તેમના પ્રેરણાદાતા કે પથપ્રદર્શક તે જ હતા અને તે પ્રેરણા જતી રહી છે, તો પણ ચિંતાતુર તેમ જ નિરાશ બનવાનું કારણ નથી. ઇશ્વરની ઇચ્છા ભારતને સમૃદ્ધ કે સમુન્નત કરવાની ને તેની દ્વારા સમસ્ત સંસારને શાંતિ ને સ્વતંત્રતાનો, આધ્યાત્મિક જીવનનો સંદેશો સંભળાવવાની છે. એના અધ્યાયનો આવકારદાયક આશીર્વાદરૂપ આરંભ મહર્ષિ દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રામતીર્થ જેવા પુરુષવિશેષના પ્રાકટ્યથી થઇ ચૂક્યો છે. ગાંધીજી એમના સર્વોત્તમ પ્રતિનિધિ હતા. એમના દેહાવસાન પછી પણ એ કલ્યાણકાર્ય ચાલુ જ રહેશે. એ ઇશ્વરનો સંકેત હોવાથી સાર્થક થવાનો જ. મેં અત્યંત કરુણ હૃદયે ઇશ્વરને પ્રાર્થના કરી કે હે પ્રભુ, ભારત તેમ જ સંસારમાં સાચા સેવાભાવી સત્પુરુષોની પરંપરાને પ્રકટાવીને સુખશાંતિ અને સમુન્નતિનું સામ્રાજ્ય શરૂ કરજો, તેમ જ મારી સઘળી સાધનાત્મક ઇચ્છાને શીઘ્રાતિશીઘ્ર પૂરી કરજો, જેથી હું પણ મારા જીવનનો બીજાને માટે કાંઇક સદુપયોગ કરી શકું.

બીજે દિવસે વહેલી સવારે પ્રાર્થના યોજાઇ. ચંપકભાઇની વ્યવસ્થાથી સમૂહપ્રાર્થના થઇ શકી. મહાત્મા ગાંધીજી જેવા મહાપુરુષને માટે પ્રાર્થનાની આવશ્યકતા ક્યાં હતી ? પ્રાર્થનાના પરિણામે તેમને કશું

જ નહોતું મળવાનું. પ્રાર્થના પોતાને માટે પણ કરવામાં આવે છે, એ વાતને મોટા ભાગના માણસો ભૂલી જાય છે તેથી પ્રાર્થના કરવા માટે એકઠા થઇને મૃતાત્માને માટે શાંતિ ઇચ્છીને છૂટા પડે છે. ખરી રીતે તો પ્રાતઃસ્મરણીય મહાપુરુષોના ઉજ્જવળ જ્યોતિર્મય જીવનને દૃષ્ટિ સમક્ષ રાખીને આપણા દોષોને દૂર કરવા માટે અને પ્રેરણા, પ્રકાશ તથા પથપ્રદર્શન પામવા પ્રાર્થના કરવી જોઇએ, અને એમના જીવનને અનુસરીને આદર્શ જીવન જીવવાનો પુરુષાર્થ કરવા જોઇએ. મહાપુરુષોએ તો પોતાના પવિત્ર જીવન દ્વારા મહાપદ મેળવી લીધું છે. તેથી તેમને શાંતિ મળેલી જ છે. તેમના જીવનમાંથી પદાર્થપાઠ લઇશું તો આપણને પણ તેમની જેમ જીવન દરમિયાન જ શાંતિ સાંપડશે. એને માટે પ્રાર્થના કરવાની આવશ્યકતા છે. એટલે પ્રાર્થના મૃતાત્મા પર ઉપકારક થવાની દૃષ્ટિથી નહિ પરંતુ પોતાની જાતના સુધાર માટે કરવાની છે. મૃત્યુનો વિચાર કરીને જીવનને ઉજ્જવળ કરવા માટે કરવાની છે.

અનેકવિધ કર્મોના ગુરુભાર નીચે દબાયેલો હોવા છતાં ગાંધીજીનો પ્રાણ સદા રામમાં જ રમતો રહેતો. એમનું જીવન રામમય હતું અને રામને અર્પણ થઇ ચૂકેલું એ સત્યને એમના મુખમાંથી અંતકાળે નીકળેલા 'હે રામ' શબ્દો પરથી સમજી શકાય છે. એમના પરથી એમની આદર્શ નિષ્કામ કર્મપરાયણતા પૂરવાર થાય છે. એમના સંદેશને જીવનમાં ઝીલવા માગનારે એવી નિષ્કામતા અને પરમાત્મપરાયણતાને કેળવવાની આવશ્યકતા છે. તો જ જીવન સફળ તથા સાર્થક બને અને અન્યની સાથે માણસ પોતાનો ઉદ્ધાર પણ કરી શકે.

જ્યાં સુધી જગત રહેશે ત્યાં સુધી અને એ પછી પણ એ મહાપુરુષ અમર રહેશે. ભવિષ્યની અને આજની પ્રજાને માટે એમનું જીવન પ્રેરણાની સર્વોત્તમ સામગ્રીરૂપ બનશે એમાં સંદેહ નથી.

### (૨) દેશ પર દૃષ્ટિપાત

દેવપ્રયાગના નિવાસ દરમ્યાન દેશની રાજકીય પરિસ્થિતિનો વિચાર પણ હું સારી રીતે કરતો હતો. તે દિવસો દેશની આઝાદીની સિદ્ધિ માટેની લડતના દિવસો હતા. કોંગ્રેસની આગેવાની નીચે લડત ઝડપથી ને નક્કર રીતે આગળ વધી રહી હતી. દૂર હિમાલયમાં બેસીને પણ હું દેશની પરિસ્થિતિમાં રસ લેતો તેમાં કાંઇ નવાઇ જેવું નથી. મારા જીવનની આ ક્રમિક કથા જેણે બરાબર વાંચી હશે તે સમજી શકશે કે સાધના કરીને મારી જાતની ઉન્નતિ ઉપરાંત બીજાને મદદરૂપ થવાની ઇચ્છા મારા જીવનમાં પહેલેથી જ કામ કરી રહી હતી. તેથી પ્રેરાઇને જ મેં યોગીરાજ શ્રી અરવિંદને પત્ર લખ્યો હતો. તે પછી તે ભાવના વધતી જ ગઇ. ભારતની આઝાદીમાં મને ખૂબ જ રસ હતો. એટલું જ નહિ, પણ તે આઝાદીમાં હું પણ કોઇ ખાસ ભાગ ભજવી શકું એવી મારી ભાવના હતી. ટૂંકમાં કહું તો ગાંધીજીને મદદરૂપ થવાની ભાવના મારી અંદર હંમેશા કામ કર્યા કરતી.

તે દિવસોમાં મને થયું કે સૌથી પહેલાં તો શક્તિ મેળવવી જોઇએ, સિદ્ધિની પ્રાપ્તિ કરવી જોઇએ. ને પછી ઇશ્વરનો પ્રત્યક્ષ આશીર્વાદ મેળવીને દેશના મંગલના કામમાં પડું તો તે કામ જરૂર સફળ થઇ શકે. તેથી મેં સૌથી પહેલાં મારી જાતને ઘડવાના ને સિદ્ધિ મેળવીને સંપૂર્ણ થવાના મહાકાર્યમાં મારા મનને પરોવી દીધું. મારી સમજ ને શક્તિ પ્રમાણે સાધના કરવાની સાથે દેશ વહેલામાં વહેલી તકે આઝાદ થાય તેને માટે હું નિયમિત ને ઊંડી પ્રાર્થના કર્યા કરતો. કેટલીકવાર તો મને એમ થતું કે ઇશ્વરની કૃપા ને સિદ્ધિ

મેળવીને હું ગાંધીજીને એક મોટા સત્યાગ્રહમાં મદદ કરું, સત્યાગ્રહને સફળ કરું ને અંગ્રેજો અને એમના પ્રતિનિધિ ચર્ચીલનાં મનને પલટાવી દઇને દેશને આઝાદી અપાવું. એમ થાય તો ધર્મ અને આધ્યાત્મિકતા તરફ લોકોની શ્રદ્ધા વધે એમ મને થતું. ગમે તેમ પણ બે વાતો મારા મનમાં તદ્દન સાફ હતી. એક તો એ કે ભારત આઝાદ બને એ ઇશ્વરની ઇચ્છા છે, તેથી તે જરૂર સફળ બનશે, અને આઝાદ થયેલું ભારત સુખી ને સમૃદ્ધ થઇને સંસારની શાંતિના કામમાં સક્રિય ભાગ ભજવશે. ને બીજી વાત એ કે ભારતે હિંસક નહિ પણ વધારે ભાગે અહિંસક સાધનોથી જ આઝાદ થવું જોઇએ. તો જ તે સંસારની આધ્યાત્મિક આગેવાની લઇ શકે. ગાંધીજીની શાંતિમય નીતિ દ્વારા આઝાદી મળે તો જ આ હેતુ સિદ્ધ થઇ શકે. એટલે ગાંધીજીની દોરવણી નીચે દેશ સફળ થાય એવી મારી ઇચ્છા હતી. તે ઇચ્છાની પૂર્તિમાં હું મારો ફાળો પણ આપી શકું તે માટે સાધનાને માર્ગે આગળ ને આગળ વધવાના પ્રયાસ હું કર્યે જતો ને તેની સિદ્ધિની દરેક વરસે રાહ જોતો. તે ભાવના અને અવસ્થાના પડઘા તે વખતના નારાયણભાઇને લખેલા પત્રોમાં સારી પેઠે પડેલા જોવા મળે છે. તે મારા પર પ્રેમ ને વિશ્વાસ રાખતા ને મારા જીવનમાં રસ લેતા, તેથી તેમની પાસે હું મારા હૃદયને અવારનવાર ખુલ્લું કરતો. મારું હૃદય પહેલેથી જ મહત્વકાંક્ષાની ભાવનાથી ભરેલું હતું. તે ભાવના દિવસે દિવસે વધતી જ ગઇ.

હિમાલયના તે દિવસોમાં નેતાજી શ્રી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજ વિશે મને સારી પેઠે માહિતી મળ્યા કરતી. તેથી મને નેતાજી માટે ખૂબ માન ઉત્પન્ન થયું હતું. એમની દેશદાઝ, દેશને માટે મોટામાં મોટો ભોગ આપવાની શક્તિ, સચ્ચાઇ ને કુનેહ અજબ હતી. તેમનો પ્રયાસ પણ ખરેખર ભગીરથ હતો. તેમના સમાચાર વાંચીને કે સાંભળીને મારું હૈયું ઉછળતું ને ભરાઇ આવતું. છતાં પણ તેમનો પ્રયાસ સફળ ના થાય તો સારું એવો વિચાર મારા મનમાં નિરંતર ઊઠ્યા કરતો. તે માટે હું પ્રાર્થના પણ કરતો. એનો અર્થ એવો નથી કે નેતાજી તરફ મને ઓછો આદરભાવ હતો, અથવા તો દેશની આઝાદીનું શ્રેય નેતાજીને મળે તેની હું વિરુદ્ધ હતો. ના, ના. તેવો વિરોધ મારામાં હોઇ જ ના શકે. તેની કલ્પના પણ નકામી છે. દેશ ગમે તેવા જાણીતા કે અજાણ્યા માણસને હાથે આઝાદ થાય તે મારે મન ખાસ મહત્વની વાત ન હતી. પણ તેની આઝાદીનો માર્ગ મારે મન મહત્વનો હતો. મતલબ કે દેશ વધારે ભાગે હિંસક નહિ પણ શાંતિમય અને અહિંસક સાધનો દ્વારા સ્વતંત્રતા મેળવે તે મારી ખાસ ઇચ્છા હતી. તો જ તે બીજા દેશોને શાંતિ, સમજુતિ કે અહિંસાનો સંદેશ સંભળાવવા કે પૂરો પાડવા લાયક થઇ શકે. તેથી જ નેતાજી સફળ ના થાય તેવી મારી ઇચ્છા હતી, કેમ કે તેમનો માર્ગ મુખ્યત્વે યુદ્ધ, ઘર્ષણ ને હિંસાનો હતો. તે સફળ થાય તો ગાંધીજીનું કર્યું-કારવ્યું નકામું કે ધૂળ બરાબર થઇ જાય.

ને થયું પણ તેમ જ. નેતાજી સફળ ના થયા. મારી ભાવના સફળ થઇ. પણ એનો અર્થ એવો નથી કે નેતાજીનું કામ તદ્દન નકામું ગયું. મને લાગે છે કે તેમના કામને લીધે દેશની આઝાદીની લડતને વેગ મળ્યો ને લાભ પહોંચ્યો. તેમણે લશ્કરમાં જે ભાવના પ્રકટાવી ને ક્રાંતિ કરી તેણે સરકારને અસાધારણ અસર પહોંચાડી. પાછળથી તેણે ઘણું ચમત્કારનું કામ કર્યું. નેતાજીએ પોતાની સમજ ને શક્તિ પ્રમાણે પુરુષાર્થ કર્યો ને દેશને ચરણે પ્રેમનો અર્ધ્ય ધર્યો તેથી તે તો અમર થઇ ગયા-ખરેખર મહાન બની ગયા. સફળતા કે

નિષ્ફળતા તો ઇશ્વરના હાથમાં છે. માણસ છેલ્લા શ્વાસ સુધી પુરુષાર્થ કરે તેમાં જ તેનો વિજય રહેલો છે. આવા મહાન નેતાનું કોઇ રાષ્ટ્રીય સ્મારક થાય તે જરૂરી છે.

પાછળથી આઝાદ હિંદ ફોજના અફસરો પર પેલો પ્રખ્યાત કેસ ચાલ્યો. લાલ કિલ્લામાં શ્રી ભુલાભાઇ દેસાઇએ તેમનો સરસ રીતે બચાવ કર્યો. દેશને સ્વતંત્ર કરવાનો પ્રયાસ કરનાર પુરુષો પર કેસ ચાલે એ વાત બેહૂદી જ કહેવાય. કેસ તો તેમના પર ચાલવો જોઇએ કે જે બીજી પ્રજાને પરાધીન દશામાં રાખી રહ્યા છે, ચૂસી રહ્યા છે, ને તેને કાયમ માટે ગુલામ ને કંગાળ રાખવાની પેરવીમાં છે. એ કેસે દેશમાં જાગૃતિ અને એકતાની લહર ફેલાવવામાં બહુ સારો ભાગ ભજવ્યો. પછી થયું મુંબઇ જેવાં શહેરમાં નૌકાસૈનિકોનું તોફાન. બીજી બાજુ અમેરિકા જેવા દેશનો લોકમત પણ ભારત તરફ ઢળતો જતો હતો. તે બધાં તત્વોને લીધે ને મુખ્યત્વે દેશની જાગ્રત દશાને લીધે આખરે દેશને આઝાદીની પ્રાપ્તિ થઇ. ઇ.સ. ૧૯૪૨નું 'ભારત છોડો'નું સૂત્ર આખરે સાચું પડ્યું.

પણ તે પહેલાં દેશ એક ભયંકર વાવાઝોડામાંથી પસાર થયો. મુસ્લીમ લીગની દોરવણી નીચે દેશના વિવિધ ભાગોમાં તોફાનો થયાં. કલકત્તા, નોઆખલી ને બિહારનાં તોફાનો ખૂબ જ ભયંકર હતાં. પશુ ને રાક્ષસોને પણ શરમાવે તેવાં મોટાં પાપ થયાં, નિર્દોષ લોકોની કતલ થઇ ને બધે અવ્યવસ્થા ફેલાઇ રહી. તે વખતે દેવપ્રયાગમાં મારું હૈયું હાલી ગયું. બીજું કાંઇ કરવાની મારામાં શક્તિ ન હતી. પણ દેશમાં શાંતિ થાય તે માટે હું રોજ પ્રાર્થના કરતો રહેતો. તે વખતના મારા સાહિત્યમાં તેના પ્રત્યાઘાતો સારી પેઠે પડેલા છે.

તે બધા દિવસો ભારે વિપત્તિ ને વેદનાના હતા. દેશના નેતાઓની ચિંતાનો પાર ન હતો. વિપત્તિમાંથી બચવા ને દેશને બચાવવા તેમણે પાકિસ્તાનનો સ્વીકાર કર્યો. મને લાગે છે કે દેશના નેતાઓની એ એક મોટી ભૂલ અથવા કુસેવા થઇ. પાકિસ્તાનની રચના પછી બંગાળ ને પંજાબમાં જે ભયંકર બનાવો બન્યા તેની જવાબદારીમાંથી નેતાઓ છટકી શકે તેમ નથી જ. તેની સીથે કાશ્મીરનો પ્રશ્ન પણ શરૂ થયો. તે પ્રશ્નને સલામતી સમિતિમાં લઇ જઇને પણ ભારતે ભારે ભૂલ કરી. તેથી તે પ્રશ્ન વધારે ને વધારે ગુંચવાતો ગયો-તેને ઇરાદાપૂર્વક ગુંચવવામાં આવ્યો.

પાકિસ્તાનની રચનાથી ગાંધીજીની હિંદુ-મુસ્લિમ એકતાની ભાવના પર વજ્રપાત થઇ ગયો. તેથી તેમનું દિલ કંપી ઊઠ્યું. દેશનાં તોફાનોએ તેમને વધારે દુઃખી કર્યા. પરિણામે તેમને જીવવું અકારૂં લાગ્યું. એ વાત દિલ્હીનાં તેમના છેલ્લાં પ્રાર્થના-પ્રવચનો પરથી જાણી શકાય છે. પાકિસ્તાનનો સ્વીકાર મને પણ જરાય ના ગમ્યો. ધર્મના આધાર પર દેશના એવા કુત્રિમ વિભાગ પાડવાની વાત તદ્દન ખરાબ લાગી. ભારતમાં અનેક ધર્મો ને ભાષાના લોકો છે. તેમણે દેશને પોતાનો માનીને સાથે જ રહેવું જોઇએ, એવી મારી માન્યતા હતી અને આજે પણ કાયમ છે. તે વખતે મેં રોજનીશીમાં લખ્યું કે 'ભારતનું કુત્રિમ વિભાજન દેશહિતમાં નડતરરૂપ છે.' મારી એ બીજી વાત પછીના પ્રસંગોએ પૂરવાર કરી.

દેશની વિવિધ પરિસ્થિતિનો વિચાર કરતો એ પ્રમાણે હું સાધનામાં સંલગ્ન હતો. દેશને રાજકીય આઝાદી મળી પણ તે ખંડિત મળી. તે સંપૂર્ણ બને ને દેશ એક થાય તે માટે હું રોજ પ્રાર્થના કરતો.

તે વખતની મારી ભાવના ખૂબ જ પ્રબળ ને મહત્વકાંક્ષા ભારે હતી. મને મારા મનોબળમાં સમજપૂર્વકનો સુદૃઢ વિશ્વાસ હતો. સાધનાની સિદ્ધિ માટે મન મોટા મોટા મનોરથો ને પ્રયાસો કરતું રહેતું. સ્વ. ઝવેરચંદ મેઘાણીની પ્રખ્યાત પંક્તિમાં કહીએ તો.......

'ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.'

મારી તે સિદ્ધિની ભૂમિ 'અણદીઠેલી' હતી પણ તેનો ખ્યાલ મને પૂરેપૂરો હતો. તેનો નકશો ઇશ્વરકૃપાથી મારા મનની આંખ આગળ સ્પષ્ટ રીતે અંકિત થયેલો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૨. આડત્રીસ દિવસના ઉપવાસ

વઢવાણ પછી વસંતપંચમી પર અમે સરોડા પહોંચ્યા. નારાયણભાઇ, ચંપકભાઇ સૌ સાથે હતા. વસંતપંચમીને દિવસે જગદંબાના અનુગ્રહનો કોઇ વિશેષ ઉલ્લેખનીય અનુભવ ના બન્યો. વઢવાણમાં નંદપાંચમનો દિવસ મળેલો પરંતુ નંદપાંચમ કોને કહેવાય તેની માહિતી નહોતી મળી. એને માટે આત્મપ્રેરણા પર આધાર રાખીને મેં ઇશ્વરની કૃપાની રાહ જોવા માંડી.

વડોદરાથી હિમાલય માટે વિદાય થતી વખતે ટ્રેન પર માતાજી તથા તારાબેન આવેલાં. માતાજી મારી સાથે બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી તથા જમનોત્રીની યાત્રા કરી ચૂકેલાં. ત્યારથી એમને હિમાલયનો પ્રશાંત પાવન પ્રદેશ અતિશય આકર્ષક, આહ્લાદક અને પ્રિય લાગેલો. એમની ઇચ્છા હિમાલયમાં ઇશ્વરેચ્છાથી સર્વ પ્રકારે સાનુકૂળતા સાંપડે તો મારી સાથે રહેવાની હતી. એ ઇચ્છા સહજ અને સહેલાઇથી સમજી શકાય તેવી હતી. મારી સાથે રહીને પોતાના જીવનને ઇશ્વરસ્મરણમાં જોડવાનું અને એવી રીતે શાંતિ મેળવવાનું એમને મન થાય એ સ્વાભાવિક હતું. મારી ઇચ્છા પણ એમને સાથે રાખવાની હતી જ. કેમ કે એમની અંતરંગ અવસ્થા સંસારની સર્વ સામાન્ય સ્ત્રીઓ કરતાં જુદી હતી. એ મહાન હતાં. એમનું હૃદય પવિત્ર, પ્રેમાળ અને પરગજુ હતું. આધ્યાત્મિકતાના સારતત્વને સુચારુરૂપે સમજવાની એમની શક્તિ અસાધારણ હતી. મારા પર એમના જીવનની સરળતા ને સરસતાનો અગત્યનો આધાર હોવા છતાં એમણે મારા માર્ગનો કોઇ વાર વિરોધ નહોતો કર્યો. સંસારની કોઇક સામાન્ય સ્ત્રીની જેમ સાંસારિક સુખાકારીનાં સ્વપ્નાં સેવવાને બદલે સંસારના મિથ્યાતત્વને ને ઇશ્વરપ્રાપ્તિની ઉપકારકતાને સ્પષ્ટ રીતે સમજીને એ ઇશ્વરની અધિકાધિક કૃપાપ્રાપ્તિની આકાંક્ષા રાખતાં. એવી માતા જગતમાં જવલ્લે જ જોવા મળે. અસાધારણ જન્માંતર સંસ્કારો, પૂર્વના પ્રબળ પુણ્યોદય અને ઇશ્વરના અલૌકિક અનુગ્રહ સિવાય એવું મંગળમય માતૃપદ નથી સાંપડી શકતું. અવતારી અથવા મહાન પુરુષોની માતાઓમાં પણ એવી માતાઓ ભાગ્યે જ થઇ શકે છે જેમણે પોતાનાં સંતાનોને જીવનના ઉષાકાળમાં આધ્યાત્મિક પ્રગતિના પવિત્ર પંથે પ્રયાણ કરતાં પેખીને એમનો વિરોધ ના કર્યો હોય, એમના માર્ગમાં અંતરાયો ઊભા ના કર્યા હોય, એમના આદર્શો અથવા સિદ્ધાંતોને સહાનુભૂતિપૂર્વક સમજીને એમના પ્રત્યે માન કેળવ્યું હોય, અને એમની સાથે રહી, સેવા કરી, જીવનની શાંતિ મેળવી હોય. માતાજી એ દૃષ્ટિએ એક અસામાન્ય અપવાદરૂપ અલૌકિક માતા હોવાથી મને એમના પ્રત્યે અનેરો આદરભાવ હોય એ સમજી શકાય તેમ હતું. એવી માતાઓ સમસ્ત વિશ્વને માટે વંદનીય કહેવાય. એમને સાથે રાખીને શાંતિ આપવાની મારી ઇચ્છા હોય જ. પરંતુ સંસારમાં એમની જે થોડીક ફરજ બાકી રહેલી તેને પૂરી કર્યા સિવાય છૂટકો ન હતો. એમનાં સાસુ વયોવૃદ્ધ અને છેલ્લા દસેક વરસથી અંધ હતાં. તેમની સંભાળ રાખવાની જવાબદારી એમના માથે હતી. થોડાક સમયને માટે તો તેમની સેવા કોઇક ખાસ સંબંધીને સોંપી શકાય. પરંતુ સુદીર્ઘ સમયપર્યંત કે સદાને માટે કોઇ તેવી જવાબદારી ના ઉપાડી શકે. એ જ કારણથી માતાજીને સદાને માટે સાથે રાખી શકાય તેમ ન હતું. એટલે વડોદરાથી મેં એમની વિદાય લીધી.

પરંતુ ઇશ્વરની ઇચ્છા કે યોજના જુદી જ હતી. રતલામ આવ્યું ત્યાં તો મને અનેકવિધ અજબ વિચારો આવવા માંડ્યા. મને એમ જ થવા માંડ્યું કે આ વખતે માતાજીને હિમાલય અવશ્ય લઇ જવાં જોઇએ. એમના વૃદ્ધ સાસુ સાંકુબાની કોઇ વૈકલ્પિક વ્યવસ્થા થઇ રહેશે. એટલે હું તે જ બપોરે રતલામથી પાછો ફર્યો ને બીજે દિવસે માતાજીને અમદાવાદ મળ્યો. બે દિવસ પછી અમે અમદાવાદથી હિમાલય માટે પ્રસ્થાન કર્યું. માતાજીની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમને શી ખબર કે ઇશ્વરે એમનું મારી સાથે રહેવાનું સદાને માટે સ્વીકારી લીધું છે ? એમની ઇચ્છાને ઇશ્વરે સુયોગ્ય સમયે માન્ય રાખીને એમને માટે જીવનમંગલના અભિનવ અને અનોખા મંદિરદ્વારને ઉઘાડી નાખ્યું.

પ્રાતઃસ્મરણીય ઋષિમુનિસેવિત હિમાલયના પવિત્ર પ્રશાંત દેવપ્રયાગ સ્થાનનો વસવાટ કાંઇ સુખમય નહોતો. ખાવાનું કષ્ટ, રહેવાનું કષ્ટ, આબોહવાનું કષ્ટ, લોકસમૂહથી તદ્દન દૂર જંગલમાં વસવાનું કષ્ટ, એ પ્રમાણે ત્યાં કષ્ટોનો અંત નહોતો. ઇશ્વરપરાયણતા, શ્રદ્ધા તથા વિપરીતતા તેમ જ વિપત્તિને વેઠવાની ઓછીવત્તી તૈયારી હોય તો જ ત્યાં રહી શકાય તેમ હતું. તો પણ માતાજીએ ત્યાં શાંતિપૂર્વક પ્રસન્નચિત્તે રહેવા માંડ્યું. બીજી કોઇ પણ વ્યક્તિને માટે એવી રીતે રહેવાની સંભાવના અત્યંત અલ્પ હતી. એમનું એ એકાંતવાસનું અને કષ્ટસહનનું તપ અલ્પ નહોતું. હું તો સઘળો સમય સાધનામાં પસાર કરતો એટલે બોલવાનું પણ એમને બીજા કોઇની સાથે ના રહેતું.

શાંતાશ્રમમાં સાધનાને સંપૂર્ણ કરવા માટે મેં બનતો પ્રયત્ન કરવા માંડ્યો. અહર્નિશ એકની એક ચિંતા, પ્રાર્થના, વિચારણા : ત્યાંના એકાંત શાંત વાતાવરણમાં એનો વેગ ખૂબ જ વધી ગયો.

થોડાક વખત પછી માતાજીને સારો સંગાથ જોઇને ગુજરાતમાં મોકલી દીધાં. પરંતુ ઇશ્વરની યોજના જુદી જ હતી. માતાજીને મોકલ્યા પછી ત્રીજે જ દિવસે મને સરોડા જવાની પ્રેરણા થવાથી મેં એક દિવસ દેવપ્રયાગની વિદાય લીધી. કોણ જાણે કયા કારણે મારું મન સરોડા તરફ એક પ્રકારના અજ્ઞાત અદમ્ય અનંત આકર્ષણને અનુભવી રહેલું. ઈશ્વરની પ્રેરણા સદા મંગળકારક હોય છે એની મને ખાતરી હતી. મારા આજ સુધીના જીવનપ્રસંગો એની પ્રતીતિરૂપ હતા.

સરોડા પહોંચ્યાં પછી મેં ત્યાંના શાંત એકાંત વિશુદ્ધ વાતાવરણમાં આત્મશાંતિ અને આત્મશુદ્ધિની સાધના સારુ પાણી પર નવ દિવસના ઉપવાસ કર્યા. એ પછી ચોથી ઓગસ્ટથી અગિયારમી સપ્ટેમ્બર સુધી વળી ઉપવાસ કર્યા. એ ઉપવાસ કેવળ મારી ઇચ્છાથી નહોતા થયા પરંતુ ઇશ્વરની પ્રેરણાથી જ આરંભાયેલા. એ લાંબા ઉપવાસને લીધે અશક્તિ વધે એ સ્વાભાવિક હોવા છતાં મારી શ્રદ્ધા, ધીરજ, હિંમત તેમજ માનસિક સ્વસ્થતા વધતી જ ગઇ. એ બધું ઇશ્વરની અહેતુકી કૃપાનું જ પરિણામ હતું. એ કૃપા વિના મારા સરખા સર્વસામાન્ય માનવમાં એવું કઠોર કષ્ટ સહેવાનું સામર્થ્ય ક્યાંથી ? માનવ કષ્ટ અથવા કઠોર કષ્ટને સહે છે તેની ના નથી પરંતુ તે કષ્ટ સંસારી પદાર્થોને માટે સહે છે. ઇશ્વરને માટેના કષ્ટ સહનમાં માનવનો પ્રખર પ્રશસ્ય પુરુષાર્થ સમાયેલો છે. તેને તપનું ઉત્તમ નામ આપવામાં આવ્યું છે. એવા અસાધારણ કષ્ટસહનની શક્તિ ઇશ્વરની કૃપા સિવાય નથી સાંપડતી.

એ દિવસોની વેદના ભારે હતી ? સરોડાના એકાંત સ્થળમાં એ વેદનાએ પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું. આ રહ્યા એ વેદનાના પ્રેમપૂર્ણ પડછંદા :

'હે મા, આટલા બધા દિવસથી મૂંગા કેમ બેઠાં છો ? કેટકેટલા દિનથી હું રાહ જોઉં છું, તલસું છું, પુરષાર્થ કરૂં છું, રડું છું, કકળું છું, તો પણ કેમ નથી હાલતાં ? કેમ નથી પ્રકટ થતાં ? તમે કેટકેટલાની લાજ રાખી છે, તો મારે માટે જ આમ શાંત બનીને શા માટે બેસી રહ્યાં છો ? તમે 'મા'ના બિરુદને છોડી દીધું છે ? નરસી, તુકારામ, મીરાં, રામકૃષ્ણદેવ સૌને તમે સહાય કરી ને મારે માટે કેમ મૂંગા થયાં ? એ બધું હું કેવી રીતે સાચું માનીશ ? વહેલી તકે પ્રત્યક્ષ બનીને મને સફળ મનોરથ કરો.'

'તમારી ઝંખના કાયમ રહે છે. દિલ તમને મળવા પ્રતિપળ તલસે છે. આજે જ આવો. સઘળું કામ પૂર્ણ કરો. તમને નિહાળીને નયનો આનંદથી છલકાઇ ઊઠશે. એ ઘડી, એ ક્ષણ, એ અનુભૂતિ કેવી અનેરી હશે !'

એ વખતની નોંધપોથીમાં એના અનુસંધાનમાં આગળ આલેખાયું છે :

'તમારા પ્રેમનો પાર કોઇનાથી પામી શકાય તેમ નથી. જે ઉપરથી જુએ છે તે તમારા પાણીને જુએ છે ખરા, પરંતુ એની અંદર કેટકેટલા મોતી, જવાહર કે માણેક છે તેની ખબર તેમને નથી પડતી. તમારા વિરાટ રૂપથી તે ડરે છે ને કલ્પનામાં જ મરણને શરણ બને છે; પરંતુ તમારી કૃપાથી જીવનનો ઉત્સવ કરે છે. હું તમારો જ બન્યો છું ને તમારો બની રહીશ. એના જેવું ઉત્તમોત્તમ ભાગ્ય ત્રિલોકમાં એકે નથી. '

'તમારાં અમીમય નેહનીતરતાં નયનોને નિરખ્યા કરતાં પરમાનંદના પ્રવાહમાં વહેવા માંડીશ એવું ભાગ્ય મને ક્યારે મળશે ? તમારા સુધાસભર શીતળ સ્પર્શથી સંજીવન પામીને અભેદભાવના ગૌરવગીતને ગાવા માંડીશ ને સમાધિનું પ્રત્યક્ષ પ્રમાણ બની જઇશ એ દિન ક્યારે આવશે ? મારે માટે એ જ પર્વદિન બની જશે. યોગી જેમ પ્રાણને પરિત્યાગતો નથી ને લોભી ધનને, તેમ તમને હું કદી પણ, ક્ષણ માટે પણ નહિ છોડું.'

'હજુ કશું જ નથી વળ્યું. દિવસો તો ચાલ્યા જ જાય છે. શું બધો વખત આમ જ વીતી જશે અને એકવાર વીલે મોઢે વળી અહીંથી ચાલવું પડશે ? તમે તો દયાળુ છો. તમારી દયા પર જ જીવું છું. તમે સઘળું કામ કરી દેશો ને કૃતકૃત્ય કરશો એવી આશા છે. પણ તે ક્યારે ? ધીરજ ક્યાં સુધી રાખવી ? વહેલું મોડું કરવું જ છે તો આજે જ કેમ નથી કરતાં ? કૃપા કરો. આજે જ પધારો ને મારી સઘળી ચિંતાને ટાળી દો.'

રોજનીશીમાંથી અધિક અવતરણો નહિ આપું.

સાચા દિલની વેદના તેમ જ પ્રાર્થના કોઇ દિવસ નકામી જાય છે ? ઇશ્વરના દરબારમાં દુઃખી દિલથી કરેલી એક પણ અરજ સંભાળાયા વિના રહે છે ? ચિન્મય 'મા'ને માટે, ઇશ્વરને માટે સારેલું એક જ આંસુ, પાડેલો એક જ પોકાર, ને કરેલી સતત ઝંખના સફળ થયા વિના રહેતી નથી. કર્મનો નિયમ નિશ્ચિત છે. શાસ્ત્રો અને સત્ય પુરુષો સર્વસંમતિથી એવું કહી બતાવે છે. ઇશ્વરના શરણાગત ભક્તોની એવી અચળ શ્રદ્ધા છે. એ જ શ્રદ્ધાથી પ્રેરાઇને તે વિરહમાં મિલનની મધુરી આશા રાખીને ટકી શકે છે ને પ્રબળ પુરુષાર્થ કરે છે. પરંતુ વાસનામગ્ન માનવીનું દિલ દુર્બળ છે. ઇશ્વરનો આશ્રય લેવાને બદલે તે સંસારના વિષયોમાં બંધાઇ જાય છે. પરિણામે જીવનને કૃતકૃત્ય કરનારા ને મુક્તિ કે પૂર્ણતાને પ્રદાન કરનારા પરમ ધનવૈભવથી વંચિત રહે છે.

ઉપવાસ દરમ્યાન મારા પર જુદાં જુદાં દિવસોએ 'મા'ની કૃપાવર્ષા થઇ. ઉપવાસના એકત્રીસમાં દિવસે 'મા'એ અર્ધજાગૃતિમાં આવીને વાતચીત કરીને પોતાની પૂર્ણ કૃપાનો દિવસ આપ્યો. એ વરસે સરોડાના એ નાનકડા શાંત સ્થળમાં લગભગ પાંચેક માસ રહેવાનું થયું. એ સઘળો સમય સાધના માટેના પ્રખર પરિશ્રમમાં જ પસાર થયો. સરોડાને છોડતી વખતે 'મા'એ ફરીવાર સિદ્ધ મહાપુરુષ દ્વારા વાર્તાલાપ કરીને પંદરમી ઓગષ્ટનો દિવસ આપ્યો એથી મારી ચિંતા સહેજ હળવી થઇ. મેં સુદીર્ઘ સમય પછી સરોડા છોડવાનો નિર્ણય કર્યો. પરંતુ આપણે સરોડાને છોડતાં પહેલાં એક અગત્યની ઘટનાનો ઉલ્લેખ કરી લઇએ. સરોડાનિવાસના અંતિમ દિવસોમાં બનેલી એ ઘટના શકવર્તી, ચિરસ્મરણીય અને અતિશય કરુણ હતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૩. ડોશીમાનું દેહાવસાન

૩૮ દિવસના ઉપવાસ દરમ્યાન એક દિવસ મને અંતરાત્મામાંથી આદેશ મળ્યો કે, 'હમણાં અહીં જ રહો. અમંગળ છે. ઉપવાસ ચાલુ જ રાખો.'

એ આદેશ પ્રમાણે કૈંક અમંગળ બનવા નિર્માયેલું હતું. ને સમય આવતાં તે થઇ ગયું. ઉપવાસ પૂરા થયા તે પછી એક સવારે પ્હો ફાટે તે પહેલાં જ ડોશીમાનું મૃત્યુ થયું, ને મારે રોજનીશીમાં નોંધવુ પડ્યું : 'ડોશીમાનું મૃત્યુ-કાર્તિકી સુદ ૭ સોમવાર વિ.સ. ૨૦૦૫, તારીખ ૮-૧૧-૧૯૪૮.' મારાં એ દાદીનું મૂળ નામ સાંકુબેન-સંતોષબેન હતું.

ડોશીમાનું મૃત્યુ અચાનક જ થયું. અમંગળની પ્રેરણા મળ્યા છતાં ડોશીમાનું મૃત્યુ જ થશે એવી ખબર મને ન હતી. છેલ્લા ચારપાંચ દિવસથી તે બહુ ઉઠતાં બેસતાં નહિ. છેલ્લે દિવસે તો તેમણે બરાબર ખાધું પણ નહિ. એક વાર તેમને ઝાડા જેવું પણ થઇ ગયું. આમ કોઇ જાતના વિશેષ કષ્ટ વિના તેમનું દેહાવસાન થયું. તેમને કષ્ટ પણ શું પડે ? તેમનું દિલ ખૂબ ભોળું હતું. કપટ ને તે સમજતા નહિ. છેલ્લા દસ વરસથી તો તે અંધ હતા. ઉંમર પણ લગભગ નેવું વરસની થઇ ગયેલી. વળી પ્રભુનું સ્મરણ પણ તે કર્યા કરતાં. ને તેમને અવારનવાર ઇશ્વરના કે દેવી-દેવતાનાં સ્વપ્ન પણ આવતાં. તે સ્વપ્ન તે અમને કહી સંભળાવતા. ખેતરમાં ખૂબ મહેનત કરીને જીવનનો મોટો ભાગ તેમણે કષ્ટમાં કાઢેલો. તે વખતે ઘરની ખેતી હતી. પિતાજીના મૃત્યુ પછી થોડે વરસે તે અંધ થયા હતાં. આમ તેમનું જીવન એકદંરે સંકટ ને પરિશ્રમમાં વીત્યું હતું. આજની સુધારક કહેવડાવનારી શિક્ષા તેમને મળી નહોતી, ને શહેરના સભ્યતામય કહેવાતા વાતાવરણથી દૂર દૂર ગામડામાં તેમને પોતાનું જીવન કુદરતને ખોળે જ પૂરું કર્યું હતું. પરંતુ તેમનું હૃદય ઉચ્ચ, કપટરહિત ને દયાળુ હતું. સત્ય ને નીતિને તેમણે છોડ્યાં નથી, ને કોઇનું હરામનું ખાવાની સ્વપ્ને પણ કલ્પના કરી નથી. ઇશ્વરને પ્યારા પુરુષો આવાં જ આત્માઓના ઘરમાં પ્રકટે છે એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. આવા પુણ્યાત્માની ગતિ વિશે તો કહેવાનું જ શું હોય ? તે તો પ્રભુપ્રેમી હોવાથી તેમનું સ્થાન સદાય પ્રભુની પાસે જ છે.

[૨]

મેં ને માતાજીએ મળીને તેમના મૃત શરીરને યથાસ્થાને ભૂમિ પર મૂક્યું. મરણનો પ્રભાવ કેટલો મહાન છે ! ઇશ્વરની જેમ તે પણ સર્વવ્યાપક છે. એ મહાન સત્યને જ્ઞાનીઓએ 'નામ તેનો નાશ' એ શબ્દોમાં સાકાર કર્યું છે. જગતની પ્રત્યેક વસ્તુ-ચાહે મોટી કે નાની, વૈભવી કે દરિદ્ર, ગમે તેવી હોય, પણ છેવટે મૃત્યુને વશ છે. આટલી સમજ દિલમાં ઠસી જાય તો માણસ જીવનની ગમે તેવી આકર્ષક છતાંયે ક્ષણભંગુર વસ્તુ કે વ્યક્તિમાં આસક્ત થાય નહિ. આસક્તિ ને મમતાની આ ગાંઠ તોડવા માટે જ મહાપુરુષો ને શાસ્ત્રો જીવનની ક્ષણિકતાનો વારંવાર ઉપદેશ આપે છે. દુનિયામાં કોઇ સ્ત્રીની પાછળ બરબાદ થાય છે, કોઇ ધનદોલત ને જાગીરમાં લપટાય છે, તો કોઇ શરીર ને સંતાનમાં આસક્ત થાય છે : જુદી જુદી વસ્તુને માટે કાવાદાવા પણ કાંઇ ઓછા થતા નથી. આ બધાનું કારણ માણસનું ઘોર અજ્ઞાન છે, જીવનની વાસ્તવિકતા પ્રત્યેનું તેનું અજ્ઞાન છે. જેનું એ અજ્ઞાન ટળ્યું છે તે તો જે સનાતન છે તે ઇશ્વરમાં જ આસક્ત થશે, ને એ

રીતે અમરપંથનો યાત્રી બનશે. બીજો કોઇ અમૃતપદ મેળવવાનો માર્ગ નથી. આ પદ જેણે મેળવ્યું છે તેને કોઇ ભય નથી. બીજાને માટે મૃત્યુ ને જીવનના અનેક જાતના ભય ઊભા છે.

પણ હવે ડોશીમાના શરીરનું તો કાંઇક કરવું જોઇએ. થોડી વારમાં તો બધે ખબર પહોંચી ગઇ. ડોશીમાની દીકરીઓ ને બીજાં સ્વજનો આવી પહોંચ્યા. મરેલા માણસને માટે ચિંતા કે શોક પ્રગટ કરવાનું ને તેના શરીરને સ્મશાને લઇ જવાની વ્યવસ્થા કરવાનું તો બાજુએ રહ્યું, પણ સ્વાર્થ ને અજ્ઞાન તેમ જ દ્વેષથી પ્રેરાયેલા સ્વજનો તકરાર કરવાના પ્રયાસ કરવા માંડ્યાં. કોઇ કહે, 'ડોશીને તમે ઝેર આપીને મારી નાખ્યાં.' કોઇ કહે, 'અમને બોલાવવા કેમ ના મોકલ્યા ?' તો કોઇ નિરર્થક વાતોના ઉભરા કાઢવા માંડ્યાં. માતાજીએ કહ્યુ, 'ડોશીમાં મરેલા છે. તેમના શરીરની વ્યવસ્થાની તૈયારી કરો. કોઇ તેમને ઝેર શું કામ આપે ? છતાં તપાસ કરાવવી હોય તો ડોકટરને બોલાવો.'

માણસો પોતાની મૂર્ખતાનું વધારે ને વધારે પ્રદર્શન કરતા હતા. બે-ચાર વાર તો બધા ચાલ્યા ગયા, ને વળી પાછા આવ્યા. ડોશીમાને સ્મશાને લઇ જવામાં સાથ આપવાની સૌએ ના પાડી. આખરે મેં કહ્યું કે, 'કોઇ ના આવે તો ભલે, ડોશીમાના શરીરને આપણે ઘરની સામે જ બાળી દઇશું, નહિ તો ગાડામાં નાખીને સ્મશાને લઇ જઇશું.' આશ્ચર્યની વાત તો એ હતી કે ભેગા થયેલા બીજા માણસોમાંથી કોઇ હિંમત કરીને એ લોકોને શિખામણના બે શબ્દો પણ કહેતું ન હતું.

પણ ઇશ્વર દયાળુ છે. પોતાના પ્રેમીનાં કામ તે કોઇની ને કોઇની મારફતે કર્યા જ કરે છે. શના ભટ્ટ કરીને એક ભાઇ હતા. તેમને મારા પર ખૂબ જ પ્રેમ હતો. હિંમત કરીને તે આગળ આવ્યા, ને બધી વ્યવસ્થા કરવા માંડ્યા. તેમને બદલામાં ગાળો મળી. પણ તેમણે કામ ચાલુ જ રાખ્યું. બીજાં બેચાર માણસોનો સાથ પણ તેમને મળી ગયો. મારી ઇચ્છા સ્મશાને જવાની ન હતી. છતાં ઇશ્વરે બધું જ કામ કરી દીધું. આ વખતે મને ભગવાન શ્રી આદ્ય શંકરાચાર્ય યાદ આવ્યા. તેમની માતાના મૃત્યુ વખતે ગામ લોકોએ તેમને કોઇ મદદ કરેલી નહિ. આથી માતાના શબને તેમણે ઘર સામે જ બાળી દીધેલું. અને 'આ ગામમાં સૌનાં શબ આ જ રીતે પોતપોતાના ઘર સામે જ બળશે.' એવો શાપ આપેલો. કહે છે કે આજે પણ તે ગામમાં શબ ઘરની સામે જ બળે છે. જ્ઞાની કે પ્રભુના ભક્તોને દુઃખ દેવામાં સંસારના માણસોએ બાકી રાખ્યું નથી ને બીજા કરતાં કુટુંબી કહેવાતાં લોકો જ તેમને વધારે ત્રાસ આપે છે. જો કે ભક્ત ને જ્ઞાની તો તે સહર્ષ સહી લે છે, પણ ઇશ્વરના દરબારમાં એનું દુષ્કર્મ નોંધાયા વિના રહેતું નથી. ને કર્મ કરનારને તેની શિક્ષા જરૂર મળે છે. જ્ઞાનેશ્વર, નરસિંહ મહેતા, મીરાં, એ બધાનાં જીવનમાં આ જ દેખાય છે. કુટુંબીઓ ને સમાજે તેમને તિરસ્કાર્યા ને ત્રાસ આપ્યો છે. ઇશુ, સુકરાત, દયાનંદ સરસ્વતી ને છેલ્લે છેલ્લે મહાત્મા ગાંધીજીના જીવનનો અંત આણવામાં પણ સમાજ ને તેના પ્રતિનિધિઓ નિમિત્ત થયા છે. આ વસ્તુ ખૂબ જ દુઃખદ છે. માનવસમાજ હજી કેટલો અસભ્ય ને હીન છે તે એના પરથી જણાય છે.

[3]

શનાભાઇના પુરુષાર્થથી ડોશીમાનું શબ ઠેકાણે પડી ગયું. શ્રાદ્ધ કરવા પણ તેમણે પોતાના છોકરાને મોકલ્યો. આમ બધું ક્ષેમકુશળ પતી ગયું. પણ વિરોધી લોકોએ બીજો એક દાવ અજમાવ્યો. બારમાને દિવસે તેમણે પહેલેથી અરજી કરીને કંટ્રોલ ખાતાના ઇન્સ્પેકટરને બોલાવ્યા. પણ પ્રભુ જેની લાજ રાખે તેને શું ભય ?

મેં માતાજીને ચોકખી ના કહી હતી કે આપણે બારમાનો ખોટો ખર્ચ નથી કરવો. ન છૂટકે કરવું પડે એટલું જ અંદર અંદર કરજો. એટલે રસોઇ વધારે કરેલી જ નહી. રસોઇ ઓછી હોય ત્યાં ઇન્સ્પેકટર શું કરે ? તે ઉલટા શરમાઇ ગયા ને કહેવા લાગ્યા કે, 'આ નનામી અરજી કરનાર કેટલા અજ્ઞાની લોકો છે ! આ તો ઉલટું મારે ભોંઠા પડવું પડ્યું. ચાલો મને તમારા દર્શન થયાં.' અરજીના અક્ષરો મેં ઓળખ્યા. પણ ઇન્સ્પેકટરને મેં નામ કહ્યું નહિ. લખનાર માણસ ડોશીમાનો સંબંધી જ હતો, ને તે સરોડા બહાર શિક્ષકની નોકરી કરતો. માતાજીનો વિચાર બીજે દિવસે કૈંક ખર્ચ કરવાનો હતો. પણ એ પ્રત્યક્ષ બનાવને જોઇને તેમણે વિચાર માંડી વાળ્યો. ત્રણ દિવસ લગાટ ઇન્સ્પેકટરે આવીને તપાસ કરી. એ વખતે કાંઇ જમણવાર કર્યો હોત તો ફજેતી થાત. પણ પ્રભુ દયાળુ છે. પોતાના પ્રેમીને ફજેત કરવાનું તેને સ્વપ્ને પણ કેમ ગમે ? તેના પ્રેમીનો યશ-અપયશ એ તેનો જ યશ-અપયશ છે.

ડોશીમાના મૃત્યુથી માતાજી એક મોટા સાંસારિક બંધનમાંથી મુક્ત થયાં. મારી સાથે રહેવા માટે ઇશ્વરે તેમને મુક્ત કર્યા. અનેક જન્મોના પુણ્ય ને પ્રભુની દયા વિના એવી મુક્તિ મળતી નથી. એ બધા જ દિવસોમાં મારી સાધનાની ચિંતા ચાલુ જ હતી. અને અમે સરોડા છોડ્યું.

☼ ☼ ☼ ☼ ☼



# ૧૦૪. રામેશ્વર, મદુરા, કન્યાકુમારી

## (૧) એક મહાત્માની મુલાકાત

સરોડાથી અમે સાબરમતી પહોંચ્યાં.

સાબરમતીમાં પ્રેમી ભાઇ ઇશ્વરભાઇનો ને બીજાનો પ્રેમભાવ પુષ્કળ હોવાથી લાંબા વખત સુધી રોકાવાનું થયું. એ દિવસોમાં ઇ.સ. ૧૯૪૩ માં ઋષિકેશમાં જેમનો પૂર્વ પરિચય થયેલો એ ઓમસ્વામીનો ફરી વાર સમાગમ થયો. ઓમસ્વામી સારા વિદ્વાન હતા અને સંન્યાસી થયા પહેલાં જ ઉપનિષદ, ગીતા, સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનો અને આધ્યાત્મિકતામાં અભિરુચિ રાખતા. એમનો સ્વભાવ આનંદી હતો. એમના સુપરિચિત એક સુપ્રસિદ્ધ સ્વામીજી અમદાવાદમાં આવેલા અને શાહીબાગમાં કોઇક ભક્ત કુટુંબને ત્યાં ઉતરેલા. મેં પણ એમની પ્રશસ્તિ સાંભળી હોવાથી ઓમસ્વામીના પ્રેમપૂર્ણ આગ્રહને અધીન બનીને એક દિવસ સાંજે એમની મુલાકાત લીધી.

અમે એમની પાસે પહોંચ્યા ત્યારે એ બહાર દિવાનખાનામાં બેઠેલા. એમની આગળ થોડાક ભક્તો તથા દર્શનાર્થીઓ બેઠેલા. એક ભાવિક બેન રામચરિતમાનસનો પાઠ કરી રહેલી. સ્વામીજીનું શરીર સુદૃઢ, કદાવર અને ભવ્ય હતું. એમની ચામડીનો લાલ રંગ એમણે પહેરેલી રેશમી કફનીના રંગ સાથે મળી જતો. એમનું જન્મસ્થાન પંજાબ પ્રદેશનું હોવાનું યથાર્થ અનુમાન સહેલાઇથી કરી શકાતું.

રામચરિતમાનસનો શ્રવણમંગળ પ્રેમપૂર્ણ પાઠ પૂરો થયો એટલે ઓમસ્વામીએ પોતાની ઓળખાણને તાજી કરીને સંત કબીરનાં બે પદો સંભળાવ્યા. શ્રોતામંડળ એ સાંભળીને પ્રસન્ન થયું એટલે થોડી વાર શાંત રહીને એમણે પૂછયું : 'સમાધિ કોને કહેવાય ?'

સ્વામીજીએ ઉત્તર આપ્યો : 'મનની વૃત્તિનો નિરોધ થઇ જાય તે સમાધિ છે. એથી વિશેષ કોઇ સમાધિને તમે જાણતા હો તો કહી શકો છો.'

એમના છેલ્લા શબ્દોમાં જ્ઞાનની ગરિમાનો ભાવ અનુભવાયો. ઓમસ્વામી વધારે ચર્ચાવિચારણામાં પડત ખરા, પરંતુ સૂર્યાસ્તનો સમય થઇ ચૂક્યો હોવાથી મેં એમને ઊઠવા માટે સંકેત કર્યો. મારી તરફ ફરીને એમણે અત્યંત પ્રેમભાવથી પ્રેરાઇને સ્વામીજીને મારો પરિચય કરાવતાં કહ્યું : 'આ એક મોટા યોગી છે અને હિમાલયમાં રહે છે.'

સ્વામીજીએ મારા પ્રત્યે અનોખો રહસ્યમય દૃષ્ટિપાત કરીને તરત જ જણાવ્યું : 'યોગી હોકર ભટકતે ?'

અર્થાત્ યોગી છે તો પછી ભટકે છે શા માટે ?

વિચિત્ર શૈલીમાં કહેવાયલી એ અણધારી વાતથી ઓમસ્વામીને સહેજ દુઃખ થયું. એમણે એવા શબ્દોની અપેક્ષા નહોતી રાખી. એ બોલ્યા : 'આપ પણ ઉચ્ચ કક્ષાના યોગી છો. આપ ફરતા ફરતા અહીં આવ્યા છો તેમ આ પણ આપના દર્શને પધાર્યા છે.'

એ દરમિયાન હું બહાર નીકળ્યો એટલે પાછળથી શું થયું તેની ખબર ના પડી. ઓમસ્વામીએ બંગલાની બહાર આવીને દુઃખ વ્યક્ત કરતાં કહ્યું : 'આવા સારા સંતપુરુષે એવા શબ્દો નહોતા વાપરવા જોઇતા.'

'કાંઇ નહિ. આપણે એનું દુઃખ શા માટે લગાડવું જોઇએ ? ઇશ્વરની દુનિયાની વિવિધતા તથા વિચિત્રતાનું તટસ્થભાવે દર્શન કરીને આપણે પ્રત્યેક પળે પ્રત્યેક સ્થળે સુખ જ માનવાનું છે.'

મહાપુરુષને માટે કહેવામાં આવ્યું છે કે -

सुखदुःख दोनो सम करी जाने और मान-अपमाना,

हर्षशोकसे रहे अतीता, तिन जग तत्व पिछाना... साधो मनका मान त्यागो.

એનો અમલ કરીને અહર્નિશ આનંદમાં રહેવાની આવશક્યતા છે.

સ્વામીજી સાથેની એ મારી પહેલી ને છેલ્લી મુલાકાત હતી. તેમના છેલ્લા શબ્દો ભારે મર્મભેદક હોવાથી કાળજામાં કોરાઇ રહ્યા. ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની પરંપરાગત પ્રખ્યાત પુરાણકથાને સ્મરીને મેં એમાંથી પણ સાર લીધો. પ્રત્યેક પ્રસંગમાંથી સદ્દસદ્દબુદ્ધિસંપન્ન સુવિચારી પુરુષે કાંઇ ને કાંઇ શીખતા જ રહેવાનું છે.

## (૨) રામેશ્વર

સાબરમતીથી અમે મુંબઇ થઇને મદ્રાસ પહોંચ્યાં. મદ્રાસમાં એક દિવસ સવારે પ્રાર્થના દરમિયાન હૃદયમાં સ્ફુરણા થવાથી રામેશ્વર યાત્રાનો નિર્ણય કર્યો. ભારતના ચાર દિશાનાં ચાર પુરાણપ્રસિદ્ધ પ્રખ્યાત ઐતિહાસિક તીર્થધામોમાં એની ગણતરી છે. રામેશ્વર ધામ પ્રમાણમાં છેક નાનું હોવા છતાં હૃદયંગમ, શાંત અને સુંદર છે.

રામેશ્વરમાં મંદિર પાસેની સુપ્રસિદ્ધ ધર્મશાળામાં ઉતર્યા પછી સ્નાનાદિથી પરવાર્યા પછી અમે ધર્મશાળાની સુંદર અગાશીમાં ગયાં. મને વિચાર થયો કે આ પુરાણપ્રસિદ્ધ પવિત્ર ધામમાં આવવાનું અચાનક કેમ થયું ? મદ્રાસમાં શિવરાત્રીના પાવન દિવસે મેં શિવમહિમ્નસ્તોત્રના પદ્યાનુવાદની પરિસમાપ્તિ કરેલી. એ સરસ સત્કર્મથી પ્રસન્ન થઇને ભગવાન શંકરે આ પુણ્યપ્રવાસનું આયોજન કર્યું હોય એવી લાગણી થઇ. એમણે એવી રીતે એમનો અલૌકિક અનુગ્રહ વરસાવ્યો.

રાતે મંદિરમાં દર્શન માટે ગયા. સુવિશાળ, સ્વચ્છ, સુંદરતાની મૂર્તિ જેવા ભવ્યાતિભવ્ય મંગળ મંદિરને અવલોકીને અતિશય આનંદ થયો. એ અદૃષ્ટપૂર્વ મંદિરના દર્શનથી અંતર ઉછળવા લાગ્યું. મંદિરની અંદરના અસંખ્ય સ્થંભ, એમની ઉપરની ચિત્રવિચિત્ર ચિત્તાકર્ષક કળા, મનહર મંત્રમુગ્ધકારિણી મૂર્તિઓ, એ સઘળું સુંદર, અદ્દભુત અને આશ્ચર્યચકિત કરે તેવું હતું. મંદિરમાં સામે જ ભગવાન શંકર વિરાજેલા. એમના દર્શનથી અમને અત્યાધિક આનંદ થયો. અમારી યાત્રા પરિપૂર્ણતા પર પહોંચી તથા કૃતાર્થ થઇ.

મંદિરની છેક સમીપે એનું અનવરત આહલાદક ગૌરવગાન ગાતો સમુદ્ર હતો. ઉત્તુંગ ઉર્મિશીલ તરંગોરૂપી હજારો હાથથી એ ભગવાન આશુતોષની અનુરાગપૂર્ણ અક્ષય આરતી ઉતાર્યા કરતો. વરસો અને

યુગોના વીતવા છતાં પણ એની આરતી નહોતી ખૂટતી અને સ્નેહ સમાધિ નહોતી છૂટતી. ધરતી જાણે એનાં અગણિત તરંગોના રૂપમાં પોતાને પ્રકટાવીને આદરપૂર્વક અર્ધ્ય આપતી.

રામેશ્વર ધામની ગરીબી ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. બહાર નીકળીએ એટલે ઠેર ઠેર યાચકોનાં ટોળાં મળે. નાનાં છોકરાં ને મોટાં માણસો આજુબાજુ વીંટળાઇ વળીને તથા પાછળ પડીને એક પૈસા કે પાઇ ખાતર પણ પડાપડી કરે, પોકારે, પ્રાર્થે કે કરગરે. જે જમાનામાં રૂપિયો અને પૈસો લગભગ સરખાં છે, એ જમાનામાં એ લોકોને પાઇને માટે માગવું પડે એ કેટલું બધું કરુણ કહેવાય ? ભારત ખૂબ જ ગરીબ દેશ છે. અઢળક સંપત્તિ હોવા છતાં એ સંપત્તિ સર્વહિતના કલ્યાણકાર્યમાં લાગી છે કે સર્વ સાધારણ સુધી પહોંચી છે એવું નિશ્ચયાત્મક રીતે નહિ કહેવાય. દેશમાં વસનારા નાના-મોટા, શિક્ષિત-અશિક્ષિત, સાધારણ-અસાધારણ સૌનો ધર્મ છે કે જ્યાં સુધી પ્રત્યેક દેશવાસીને આવશ્યક જીવનોપયોગી સામગ્રી, અન્નવસ્ત્ર ને કામ ના મળે ત્યાં સુધી અન્નાદિના વપરાશમાં ને જીવનના નિભાવમાં સંયમ, અપરિગ્રહ, સેવાવૃત્તિ તથા ત્યાગ-ભાવનાનું સમ્યક્ પ્રકારે પાલન કરવું. જેને ભારત માટે પ્રેમ છે તે સ્વેચ્છાથી સ્વચ્છંદનો સંબંધવિચ્છેદ કરીને આત્મસંયમ કરતા નહિ અચકાય.

બીજે દિવસે વહેલી સવારે મંદિરમાં દર્શન માટે ગયાં. મંદિરમાં પ્રવેશતાવેંત ભગવાન રામેશ્વરનો હાર મળ્યો. ભગવાને એવી રીતે પોતાના ક્ષુલ્લક પ્રેમીને પોતાનો પ્રેમ પ્રદર્શાવીને આવકાર્યો. સાંજે રામઝરૂખાના દર્શન માટે નીકળ્યાં તો માર્ગમાં આવતા હનુમાન મંદિરમાં ચોળાનો પ્રસાદ મળ્યો. હનુમાનજી તો રામના ભક્ત રહ્યા. રામદર્શન કરીને ધૂળવાળા રસ્તા પરથી આગળ વધીને જે ભક્તો તેમની સંનિધિમાં જાય છે તેમને માટે પ્રતિદિન ચોળાનો પ્રસાદ તૈયાર રાખે છે. એમનો અતિથિસત્કાર એવો અસાધારણ છે.

રામઝરૂખાનો માર્ગ ધૂળથી ઢંકાયેલો, લાંબો અને કષ્ટસાધ્ય છે, પરંતુ જ્યારે ઝરૂખા પર પહોંચીએ છીએ ત્યારે એમ જ થઇ જાય છે કે આ સુંદર શાંત સ્થળે એકાદ ઝરૂખો બંધાવીને રહી જ જઇએ. રામઝરૂખાનું એકાંત સ્થળ ઊંચાઇ પર હોવાથી ત્યાંથી આજુબાજુ દૃષ્ટિપાત કરતાં દૂર દરિયો દેખાય છે. રામેશ્વરના મંગળ મનહર મંદિરનો દર્શનલાભ પણ ત્યાંથી મળી રહે છે. સૂર્યનારાયણ રોજ રોજ વ્યોમમંડળમાં વિહરતાં ભગવાન રામેશ્વરના દેવદુર્લભ દિવ્ય દર્શનનો આનંદ માણે છે ને સાંજ પડતાં દૂર-સુદૂર સમુદ્રમાં સમાધિમગ્ન બનીને સમાઇ જાય છે. અમે ઝરૂખા પર પહોંચ્યા ત્યારે સૂર્યાસ્તનો સુભગ સમય શરૂ થઇ ચૂકેલો. કહેવાય છે કે આ ઝરૂખા પર બેસીને ભગવાન રામ સૌની સલામી ઝીલતા.

राम झरोखे बैठकर सबका मुजरा लेत,
जाकी जेसी चाकरी वैसा ही फल देत ।

જગતના અદૃષ્ટ ઝરૂખા પર બેઠેલા ભગવાનનું પણ એવું જ છે ને ? એ પણ જુદા જુદા જીવોને કર્માનુસાર ફળ પ્રદાન કરે છે.

રામઝરૂખા પરથી અમે આસપાસના પ્રકૃતિ સૌંદર્યને અને ભગવાન રામેશ્વરને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા, ને પછી કુંડ પર જઇને જંગલને માર્ગે આગળ ચાલ્યા. અમને અવલોકીને સુધાકર આકાશમાંથી સ્મિત કરતો અને અમને નિહાળવા વૃક્ષો પાછળથી વારંવાર ડોકિયા કરતો દેખાતો.

રામેશ્વરમાં અમારી જ ધર્મશાળામાં ઉતરેલા એક પ્રૌઢાવસ્થા પ્રાપ્ત વિદ્વાન સંન્યાસી મહારાજનો મેળાપ થયો. એ પણ ત્યાં યાત્રાર્થે આવેલાં અને છેલ્લા થોડાક દિવસોથી રહેતા હતા. એમણે એમના કષ્ટ અને ક્લેશની કરુણ કથની કહી બતાવી. યુવાવસ્થામાં તે રતલામ પાસેના પોતાના જન્મસ્થાનમાં રહેતા. ત્યાં ઋષિકેશના એક સમૃદ્ધ સુપ્રસિદ્ધ આશ્રમના અધ્યક્ષ સ્વામી જનાર્દન સરસ્વતી એક વાર ચાતુર્માસ કરવા આવ્યા. જનાર્દન સ્વામી પ્રકાંડ પંડિત, મહાન મેધાવી તથા શાસ્ત્રજ્ઞ હતા. એ અદ્વૈત સિદ્ધાંતમાં અભિરુચિ રાખવાની સાથે મંત્રતંત્રમાં પણ રસ લેતાં. એમણે આપણા આ ભાવિ સંન્યાસી પરંતુ તે વખતના પરમ નિષ્ઠાવાન પરમ પાંડિત્યપૂર્ણ સેવાભાવી શુદ્ધ મનના પંડિત પર કોઇક વિલક્ષણ પ્રયોગ કર્યો. એ પછી થોડી વારે જનાર્દન સ્વામી મૃત્યુ પામ્યા ને બ્રહ્મરાક્ષસ બન્યા. છેલ્લા વીસ જેટલા વરસોથી એ સંન્યાસી મહારાજને દેખાતા, અશાંત કરતા, ભ્રમિતચિત્ત બનાવતા, ને ક્લેશ પહોંચાડતા. એમના મન પર બ્રહ્મરાક્ષસના રૂપમાં રહેલા જનાર્દન સ્વામીએ કાબુ કરેલો અથવા અધિકાર જમાવેલો.

મેં એમને પૂછયું : 'તમને બ્રહ્મરાક્ષસ રોજ દેખાય છે ?'

'હા' એમણે ઉત્તર આપ્યો.

'કયે વખતે ?'

'કોઇ પણ વખતે દેખાય છે. તેનો કોઇ નક્કી વખત નથી હોતો.'

મને એમની વાતમાં રસ પડ્યો.

'તે કયા રૂપમાં દેખાય છે તે કહી શકશો ?'

'કોઇ પણ રૂપમાં દેખાય છે. કોઇવાર સાપ બને છે તો કોઇવાર વાઘ, સિંહ, માણસ થાય છે. એની ઇચ્છા પ્રમાણે જુદાં જુદાં રૂપોને ધારણ કરે છે. કોઇવાર જુદા જુદા અવાજો કરે છે તો કોઇવાર કોઇ વાત સંભળાવે છે. એ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે મારા વિના બીજા કોઇને હેરાન નહીં કરે કે નહીં ડરાવે.'

'પરંતુ એને એમ તો પૂછો કે એ તમને શા માટે ડરાવે છે કે ક્લેશ પહોંચાડે છે ? તમે એનો એવો શો અપરાધ કર્યો છે ? એટલી બધી વિદ્વતા મેળવીને પણ બ્રહ્મરાક્ષસના સ્વરૂપમાં રહેલા જનાર્દન સ્વામીની મુક્તિ મેળવવાની ઇચ્છા નથી ?'

'ના, એ મુક્તિની ના પાડે છે. કહે છે કે આ યોનિમાં અનિવર્ચનીય આનંદ છે. છતાં પણ કોઇએ કોઇ દેવતાને સાક્ષાત કર્યા હોય તો તેની દ્વારા બ્રહ્મરાક્ષસ મુક્ત થઇ શકે.'

એ સંન્યાસી મહારાજ ખૂબ દુઃખી હતા. એમના મન પર એમનો કાબુ નહોતો. બોલતી વખતે પરવશ માણસની પેઠે બોલતા. પરંતુ કોઇ ઉપાય નહોતો દેખાતો. બપોરે એમણે મને એમના ઓરડામાં લઇ જઇને પોતાની પુસ્તકોથી ભરેલી પેટી બતાવીને જણાવ્યું : 'આ બધાં ધર્મપુસ્તકો મારાં છે. એમને મેં વાંચ્યાં છે. પરંતુ હવે મારું જીવન બીજે પાટે ચઢી ગયું છે તેનું મને દુઃખ છે. ઇશ્વરને રોજ પ્રાર્થના કરું છું કે મને આ ક્લેશમાંથી મુક્તિ મળે અને પ્રકાશ તથા પ્રશાંતિની પ્રાપ્તિ થાય.'

મેં કહ્યું : 'હું પણ તમારે માટે પ્રાર્થના કરીશ. બીજું તો અત્યારે કશું નહિ કરી શકાય. ભવિષ્યમાં તમને મદદ કરી શકે એવા કોઇક ઉપાસક મળશે તો તેનું ધ્યાન રાખીશ.' એમને સંતોષ થયો.

## (3) મદુરા અને કન્યાકુમારી

રામેશ્વરના પ્રસન્નતા પ્રદાયક પુણ્યપ્રવાસનો લાભ લીધા પછી અમે મદુરાની મુલાકાત લીધી. મદુરા મીનાક્ષીદેવીના સુપ્રસિદ્ધ મહાન મંદિરને લીધે એક અગત્યનું યાત્રાધામ બની ગયું છે. ભોજનાદિથી પરવારીને અમે મોડી સાંજે એના દર્શન-અવલોકન માટે જઇ પહોંચ્યા.

રામેશ્વરના પ્રખ્યાત મંદિરની પેઠે મીનાક્ષીદેવીનું મંદિર પણ ખૂબ જ વિશાળ ને મોટું છે. રામેશ્વરના મંદિર કરતાંયે એ મંદિર વધારે વિશાળ છે. મંદિરની અંદર સુંદર ચિત્તાકર્ષક તળાવ છે. મંદિરની મૂર્તિઓ અસંખ્ય આહ્લાદક અને અસાધારણ શિલ્પકળાથી સંપન્ન છે. દક્ષિણ ભારતનાં મંદિરો અત્યંત આકર્ષક, ઊંચા, સુંદર અને સુવિશાળ છે. વિધર્મીઓના વિરોધી આક્રમણના આઘાતોથી એકદમ અલિપ્ત રહેવાને લીધે એમની કળામય કાયા અક્ષય અથવા અખંડ રહી છે. મીનાક્ષી મંદિરની ભવ્યતા જોઇને અવાક્ બની જવાય છે. મંદિરમાં ક્યાંય ગંદકી નથી.

અમારી સાથે મદ્રાસથી આવેલા લાભુબેનની તબિયત નરમ થઇ જવાથી અમે બીજે દિવસે પણ મીનાક્ષી મંદિરમાં જઇ પહોંચ્યા. ત્યાંનું વિશુદ્ધ વાયુમંડળ વારંવાર પહોંચવા માટે પ્રેરણા પૂરી પાડતું.

દક્ષિણ ભારતની ભૂમિ કેવળ મંદિરોની જ ભૂમિ છે એવું નથી સમજવાનું. એ પ્રદેશમાં વીતરાગ મહાત્માઓ, ધર્માચાર્યો તથા કર્મકાંડી બ્રાહ્મણો પણ વસે છે. પ્રાચીનકાળમાં એ સદાશિવ બ્રહ્મ, આદ્ય શંકરાચાર્ય, વલ્લભાચાર્ય ને રામાનુજાચાર્યની જન્મભૂમિ હતી અને આધુનિક સમયમાં પણ રમણ મહર્ષિ, યોગીરાજ અરવિંદ અને એવા એવા લોકોત્તર મહાપુરુષોએ એમના જ્યોતિર્મય જીવનથી એને અલંકૃત કરી છે. ત્યાંની કાવેરી જેવી સુંદર સરિતાઓ સંતો તથા તપસ્વીઓની ક્રીડાભૂમિ કહેવાય છે. એ ભૂમિને અવલોકવાનો આનંદ કેવો અનેરો, અખૂટ, અવર્ણનીય હોય ?

મદુરાથી અમે કન્યાકુમારી પહોંચ્યા. કન્યાકુમારી એટલે ભારતનો દક્ષિણ દિશા તરફનો છેડો. એક તરફ ધરતી અને ત્રણ તરફ પાણી. અરબી સમુદ્ર, હિંદી મહાસાગર તથા બંગાળનો ઉપસાગર, એ ત્રિવિધ જુદાં જુદાં જલભંડારો ત્યાં એક બને છે. એ વખતનું દૃશ્ય અનુપમ છે. એ અનુપમ સ્થળમાં પહોંચવા માટે તિનવેલી તેમ જ ત્રિવેન્દ્રમ બંને સ્થળેથી મોટરો મળે છે. એ સ્થળમાં સૂર્યોદય અને સૂર્યાસ્તનાં દૃશ્યો અદ્દભુત અને અનુપમ લાગે છે.

કન્યાકુમારીનાં મંદિરમાં ધોતીયું પહેરીને પ્રવેશી શકાય છે. મંદિરની મૂર્તિ ખૂબ જ સુંદર છે. મંદિરમાં દીપમાળા કરવાની કળા અનોખી હોય છે. દીપમાળાનો સાજ દક્ષિણ ભારતનાં મંદિરોનો પોતાનો છે.

મંદિરમાં ઊભા રહીને મેં મારી સાધનાની સફળતા ને દેશ તથા દુનિયાની શાંતિ તેમ જ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. પેલી પ્રસિદ્ધ પદપંક્તિમાં કહ્યું છે કે --

'जेसे नाव फिरे चारों दिश

ध्रुवतारा पर रहत निशानी.'

એમ વિવિધ પ્રદેશોમાં વિચરણ ને વસવાટ કરતાં કરતાં જીવનની સાધનાના ધ્રુવપદનું સ્મરણ સદાય રહ્યા કરતું. આત્મજાગૃતિની એવી આશીર્વાદરૂપ અવસ્થા મારે માટે સહજ થઇ ગયેલી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૫. જાદુગરી સાધુ

હિમાલયની પુરાણપ્રસિદ્ધ પવિત્ર ભૂમિમાં કેવા કેવા વિવિધ પ્રકારના સાધક-સિદ્ધ મહાત્મા આવે છે ને રહે છે ! એ ભૂમિનું જે પ્રાચીન મહત્વ છે તેથી અંજાઇ ને આકર્ષાઇને અનેક પથિકો પોતાનો આધ્યાત્મિક પ્રવાસ ખેડવા ને પૂરો કરવા એની ગોદમાં આવે છે. તેમાં કેટલીક વાર વિચિત્ર પ્રકારના માણસો પણ જોવામાં આવે છે.

મદ્રાસ, મદુરા તથા કન્યાકુમારીની યાત્રા કરીને અમે દેવપ્રયાગના શાંતાશ્રમમાં પહોંચ્યાં ત્યારે થયેલા એવા જ એક વિચિત્ર પ્રકૃતિના પુરુષના પરિચયનો ઉલ્લેખ કરવાનું અસ્થાને નહિ ગણાય.

ઇ.સ. ૧૯૪૯ના જુન મહિનાની વાત છે. એક સાંજે હું માતાજી સાથે નીચે બેઠેલો ત્યારે અચાનક એક સાધુપુરુષનું આગમન થયું. લાલઘૂમ આંખ, ખભે ઝોળી, હાથમાં લાકડી, ભગવાં વસ્ત્ર ને લાંબી દાઢી, એવું તેમનું રૂપ હતું. જોતાંવેંત મને આશ્ચર્ય થયું ને તેમને પ્રેમથી બેસવા કહ્યું.

પહેલાં તો તેમણે ગૌશાળાના ફંડની માગણી કરી. પણ એટલી સહેલાઇથી મારી પાસેથી પૈસા મળી નહિ શકે એમ ખાતરી થવાથી અંતે તેમણે બીજી તરકીબ કરી. એક દોરાને મારા હાથમાં આપીને તેના નવ ટૂકડા કરવા કહ્યું. મને લાગ્યું કે સાધુ જાદુગરી વિદ્યા દ્વારા મને પ્રભાવિત કરવા માગે છે. પણ મારે તો તટસ્થની જેમ 'નાટક' જોવાની ઇચ્છા હોવાથી મેં વચ્ચે કૈં બોલીને વિઘ્ન ના નાખ્યું.

નવ ટૂકડા થઇ ગયા પછી મને તેમણે કહ્યું કે બધા ટૂકડાને હાથમાં બંધ કરી રાખો.

મેં તેમ કર્યું.

પછી કહ્યું, ' જો દોરો પાછો જેવો હતો તેવો આખો બની જાય તો મને સાચો માનજો.'

થોડી વારે મેં તેમના કહેવાથી મૂઠી ઉઘાડી તો નવ ટૂકડાને બદલે એક જ ટૂકડો બાકી રહ્યો હતો; બાકીનો દોરો સંધાઇ ગયેલો. સાધુના ચહેરા પર પ્રસન્નતા ફરી વળી.

તેમણે પ્રસન્ન સ્વરે જણાવ્યું : 'આ એક ટૂકડો રહ્યો છે તે કોઇ વિઘ્ન બતાવે છે. તેની શાંતિ માટે એક ઉપાય છે.' એમ કહીને તેમણે ઝોળીમાંથી એક રૂપિયા જેવો સિક્કો કાઢયો. 'આને પાસે રાખવાથી વિઘ્ન શાંત થઇ જશે. આ લઇ લો અને આના બદલામાં એક રૂપિયો આપો.'

સાધુના વ્યાપારી માનસનો પરિચય પહેલેથી જ મળી ગયો હતો. મેં તેને રૂપિયો આપવાની ના કહી. તેણે કહ્યું, 'હજી કોઇ બીજી તરકીબ જોવા માગો છો ? વારુ, તમને કયા મંત્ર પર વધારે પ્રેમ છે ?'

'બધા જ મંત્ર પર સરખો પ્રેમ છે.' મેં જવાબ વાળ્યો.

'ૐકાર પર પ્રેમ છે ?'

'હા'

'તો જુઓ, તમારા જમણા હાથની પાછળ તે મંત્ર લખેલો મળશે.' મેં જોયું તો કૈં જ ન હતું. 'કૈં નથી ?' તેણે કહ્યું, 'વારુ, ડાબા હાથ પર જુઓ.'

ત્યાં ખરે જ કાળા રંગનો ૐકાર લખેલો દેખાયો. મૂઠીની અંદર હથેલીમાં તેમ જ બહાર બંને ઠેકાણે તે લખેલો હતો.

થોડી વારે તેણે કહ્યું, 'હવે એક રૂપિયો આપો.' મને એ વિનોદમાં આનંદ આવતો હતો. મેં કહ્યું, 'આપવાનું તો આપીશું, પણ હજી કોઇ તરકીબ બતાવો તો સારું.'

તેને કૈં આશા જાગી. મારા સામું જોઇને કહેવાનું શરૂ કર્યું, 'અત્યાર સુધી તમે ખૂબ કષ્ટો વેઠ્યાં છે, પણ હવે શ્રાવણથી તમારા જીવનમાં ઉત્તમ સુખ આવે છે. શ્રાવણમાં તમને લાભ મળશે, તમારી બધી ઇચ્છા પૂરી થશે. પછી સદા સુખ છે. ખૂબ યશ મળશે. ભાદ્રપદમાં તમે અહીંથી મુંબઇ તરફ જશો.'

આટલું થયા છતાં પણ જતી વખતે માત્ર બે જ આના તેમને મળ્યા, અને તે પણ જાદુ જેવી શક્તિને લીધે નહીં, પણ સાધુ છે ને તે માગે છે માટે, એવું જ્યારે તેમણે જોયું તો કૈંક ગુસ્સે થઇ ગયા ને છેવટે ચાલવા માંડ્યા.

સાધુતા કરતાં વ્યાપારિક વૃત્તિ તેમનામાં વિશેષ હતી, એમ લાગ્યા વિના ના રહ્યું.

ચાલતાં ચાલતાં તે બોલ્યા : 'મેં તમારી પાસેથી બે આના તો કઢાવ્યા ને ! એટલી સફળતા તો મને મળી ને !' એનો ઉત્તર મારે શું આપવો ?

મેં કહ્યું, 'તમે તો બે આના જ કઢાવ્યા છે પણ બદલામાં મેં તમારો કેટલો બધો ક્રોધ કઢાવ્યો છે, તમારી નબળાઇ જેવી યાચનાને ને લોભવૃત્તિને છતી કરી છે એ કેમ નથી વિચારતા ? મારા તો બે જ આના ગયા છે, ને તે પણ મેં તમને માગણ જાણીને આપ્યા છે, પણ તમારી તો સારી સંપત્તિ-સાધુવૃત્તિ જતી રહી છે તેની ખબર પડી ?'

તે શું બોલે ? ગુસ્સામાં ને ગુસ્સામાં તે વિદાય થયા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૯. ભયંકર બીમારી

[૧]

જાદુગરી સાધુના કહેવા પ્રમાણે સારું તો કૈં થયું નહિ પણ ભયંકર સંકટ આવી પડ્યું તે નફામાં. સાધુમાં કેવળ એક બે કરામતો કરવાની યુક્તિ હતી. પણ તેથી શું ? તેનામાં સાધુતા ન હતી. પૈસા માટે લોકોને ઠગવાને બદલે ઇશ્વરને ખુશ કરવા તેણે આજ લગી પ્રયાસ કર્યો હોત તો તેનાં દુઃખ ને દળદર મટી જાત ને તેને સાચી સાધુતાની પ્રાપ્તિ થાત. પરંતુ આ માર્ગ કઠિન છે એમ શાસ્ત્રોએ કહ્યું છે તે ખોટું નથી. હજારોમાં એકાદ જ તેનો સફળ મુસાફર કે સાધક બની શકે છે.

એ સાધુની મુલાકાત પછી લગભગ સાતેક દિવસમાં મને ઝાડા થઇ આવ્યા. પહાડમાં એક પ્રકારની ભાજી થાય છે. તે ગરમ હોય છે. તે ખાવાથી ઝાડાની શરૂઆત થઇ, ને ઝીણો તાવ પણ આવ્યો. તે દિવસે બળેવ હતી. રોજ કરતાં મને નબળાઇ વધારે લાગવા માંડી. તેથી વધારે ભાગે મેં આરામ જ કર્યો. થયું કે બીજે દિવસે આરામ થઇ જશે. પણ નબળાઇ વધતી જ ગઇ. ઝાડા ને તાવ ચાલુ જ રહ્યા. આશ્રમ પર એક સરકારી વકીલ કદી કદી સત્સંગ માટે આવતા તેમણે તાવની દવા લાવી આપી. પણ તેથી તાવ વધ્યો. ને ઝાડા બંધ થયા નહીં. આખરે ડોકટરને બોલાવ્યા. ડોકટરે દવા આપી. તેનું પણ કાંઇ સારું પરિણામ આવ્યું નહિ. વરસાદની ઋતુ, માંદગી, ને વળી હિમાલયનું એકાંત વન એટલે માતાજી ગભરાઇ જાય એ સ્વાભાવિક હતું. મેં તેમને કહ્યું, ચિંતા ના કરશો. મટી જશે. મારી અવસ્થા પરથી ચિંતા થાય તે સમજાય તેમ હતું તો પણ મેં તેમને હિંમત આપી.

પરંતુ તાવ મટ્યો જ નહિ. ઉપરની ઓરડીમાંથી નીચે મળત્યાગ માટે જવું હોય તો પણ લાકડીના ટેકે જવું પડતું. શરીર અશક્ત થઇ ગયું. તેમાં વળી છઠ્ઠે દિવસે સ્થિતિ ગંભીર બની ગઇ. મેં માતાજીને કહ્યું, ‘તમે જમી લઇને ઉપર આવજો મારે જમવું નથી.’ માતાજી પરવારીને ઉપર આવ્યાં ત્યારે મને મળ ત્યાગ કરવાની ઇચ્છા થઇ. અશક્તિ વધી ગઇ હોવાથી ઉપરની ઓરડીમાં જ એક બાજુ બેઠો પણ ઊઠી શકાયું નહિ. તમ્મર આવી ગયાં. માતાજીએ જેમતેમ કરીને મને પથારીમાં સુવાડ્યો. બહાર વરસાદ ધીમો ધીમો પડતો હતો. જંગલ તદ્દન સ્તબ્ધ હતું. મારી દશા વિચિત્ર થઇ ગઇ. ઓરડાની દીવાલો પીળી પીળી લાગવા માંડી. ભાન બધું જતું રહ્યું. આંખના પોપચાં ઝડપથી ઉઘાડ-બંધ થવા માંડ્યા. જાણે અચાનક છેલ્લી દશા આવી ગઇ હોય એમ જગતની સ્મૃતિ નષ્ટ થવા માંડી. શરીરની શક્તિ ને સ્મૃતિ હણાઇ ગઇ.

એ અવસ્થા ખૂબ જ વિચિત્ર હતી. શરીરે પરસેવાના રેલા છૂટવા માંડ્યા. શ્વાસની ગતિ નહિવત્ થઇ ગઇ, ને શરીર તદ્દન ઠંડું પડી ગયું. મને વિચાર થયો કે જે મહાન આદર્શને માટે મેં આટઆટલાં કષ્ટ સહ્યાં, હિમાલયના જંગલમાં ને પહાડોમાં નિવાસ કરી ચિંતા કરી, અનેક ઉપવાસો કર્યા, ને ઇશ્વરે પોતે જે આદર્શની પ્રેરણા આપી, તે આવી કરુણ રીતે એકાએક પૂરી થશે ? શું મારી મહત્વકાંક્ષા સફળ નહિ થાય ? આ જ શરીર દ્વારા મેં સેવેલા સાધનાનાં સ્વપ્ન પૂરાં નહિ થાય ? શું આ છેલ્લો વખત છે ? ખરેખર, એ દશા ભલભલાને ગભરાવી મૂકે તેવી ને ખૂબ જ ખરાબ હતી. પણ મારું દિલ આશા ને હિંમતનું બનેલું હતું. નેપાલીબાબા જેવા મહાન પુરુષોએ મારે માટે જે ઉજ્જવલ ભાવિની આગાહી કરી છે, તે જીવન ના આવે તેમ

બને જ કેમ ? તેવા વીતરાગ મહાત્માઓનાં વચનો શું વ્યર્થ હોઇ શકે ? તે તો ભૂલથી પણ કોઇ શબ્દો બોલી નાખે તો તે સાચા થયા વિના રહે નહિ. તો પછી જ્ઞાનપૂર્વક જે વચનો તેમણે ઉચ્ચાર્યા છે તે મિથ્યા થઇ શકે જ નહિ. એ ઉપરાંત, મને મારી પોતાની જાતમાં વિશ્વાસ છે. ઇશ્વર ને કૃપાળુ 'મા'માં મારી શ્રદ્ધા છે. તેણે કૃપા કરીને મને વિશ્વકલ્યાણનું ને સાધનાની સિદ્ધિનું જે વરદાન આપ્યું છે તે સફળ થયા વિના કાળના કાળની પણ શી તાકાત છે કે મારા શરીરને સ્પર્શી શકે ? મારા અંતરાત્માની પ્રેરણાઓ, મારા આત્માના આદેશો અને દેવર્ષિ નારદ જેવાનાં વચનો ખોટાં હોઇ શકે જ નહીં. તે પ્રમાણે જ્યાં લગી મને પૂર્ણતા ન મળે, ને ભારત તેમ જ સંસારને મારા દ્વારા શાંતિનો માર્ગ અને આધ્યાત્મિક પ્રકાશ ના સાંપડે, ત્યાં લગી કોઇ મારો વાળ વાંકો કરી શકે તેમ નથી. હા, મારો સાધનાત્મક આદર્શ કેવળ મારી કલ્પના ને મારી જ મનમાંની વિચારસરણી હોય, તો તેની સફળતા ને પૂર્ણતાના સમય વિશે સંદેહ રહે (જો કે તેમ થવાનું પણ કોઇ કારણ નથી. કેમ કે માણસ જેવું વિચારે છે તેવું જ મેળવે છે) પરંતુ મારી સાધનાને સુઝાડનાર ઇશ્વર છે, ને ઇશ્વર જ તેની પરિપૂર્ણતાના દિવસની પ્રેરણા મને આપ્યા કરે છે. સાધના પૂરી કરીને દેશ ને દુનિયાની યથાશક્તિ સેવા કરવાની પ્રેરણા પણ ઇશ્વરે જ આપી છે. મેં તો તે વિચાર ઇ. સ. ૧૯૪૨ થી ૧૯૪૪ સુધીના હિમાલયવાસ દરમ્યાન ગૌણ માન્યો હતો; તેને ફરીથી જાગ્રત કરી, પ્રધાન બનાવી, સિદ્ધ કરવાની વિચારસરણી પણ ઇશ્વરે જ જગાડી છે. તો પછી ઇશ્વરની દુનિયામાં કર્મનું ફળ કે ન્યાય જેવી કોઇ વસ્તુ નથી ? વચનપાલન જેવી કોઇ વસ્તુ ઇશ્વરને માટે બંધનકર્તા નથી ? નહિ, તેમ બને જ નહિ. ઇશ્વરી નિયમ તદ્દન સત્ય અને અટલ છે. સૂરજમાંથી બરફની વર્ષા વરસે, ચંદ્રના તાપથી જગત બળી મરે, ને દિવસ ને રાત પોતાનો ક્રમ ત્યજી દે, તો પણ ઇશ્વરના નિયમમાં તલમાત્ર ફેર પડે નહિ. એના આધારે તો દુનિયા ટકી રહી છે. જે દુનિયાનું કેન્દ્ર છે, જગતનો મુલાધાર ને સંસારનો સૂત્રાધાર છે, તે જ જો સત્યતાને છોડી દે, કર્મના સિદ્ધાંતની અવગણના કરે, તો સંસાર કેવી રીતે ટકવાનો ? મારાં બધાં સ્વપ્ન સિદ્ધ થતાં ગયાં છે, તેમ બીજા યે સિદ્ધ થવાનાં જ છે. ત્યાં લગી આ શરીર પડે તેમ બને જ નહી. પૂર્વજન્મમાં હું કેટલો મહાન ને મુક્તાત્મા હતો તે હું જાણું છું. ઇશ્વરે જ કૃપા કરીને તે જ્ઞાન મને આપ્યું છે. તો શું જગતમાં જન્મી, દુઃખ સહી ને કષ્ટ ભોગવી, ધારેલા આદર્શને સાધ્યા વિના, જગતને વ્યાપક રીતે કામ લાગ્યા વિના, એક અજ્ઞાત પ્રવાસીની જેમ આ જગતમાંથી અદૃશ્ય થઇ જવા માટે જ મારો જન્મ થયો ? એક મહાન મુક્તાત્માને એટલા માટે જ શરીર ધારણ કરવું પડ્યું ? તે બને જ નહિ. તેમાં ઇશ્વરની શોભા નથી. મહાન આત્માઓ જગતમાં આવે તો તે જગતની સામે આધ્યાત્મિક સાધનાનો આદર્શ રજૂ કરવા, ને જગતને શાંતિ ને પ્રકાશ દેવા. આ હેતુ મારા દ્વારા હજી ક્યાં સિદ્ધ થયેલો છે ? ત્યાં સુધી છેલ્લી અવસ્થા કેવી રીતે આવી શકે ? કોઇ અગત્યના કારણસર કશુંક બને તો પણ કૃપાળુ 'મા' મને સંદેશ આપ્યા વિના રહે જ નહિ. એ મારો વિશ્વાસ છે. એ કરૂણ દશામાં પણ વિશ્વાસના એવા વિચારો મારા મનમાં ઊઠી રહ્યા.

વિશ્વાસની એવી ભાવનાથી હૃદય ભરાઇ રહ્યું. પરંતુ વાસ્તવિક દશા વિપરીત હતી. શરીર ઠંડુગાર હતું, ને ભાન વધારે ભાગે જતું રહ્યું હતું. મેં 'મા'ને પ્રાર્થના કરવા માંડી. મારું બધું જ ધ્યાન કૃપાળુ 'મા' પર કેન્દ્રિત થયું. દશા મહાન માણસને પણ ગભરાવી મૂકે તેવી હતી. મારું દિલ પણ દુઃખથી ભરાઇ ગયું હતું. વધારે દુઃખ તો એ હતું કે ૧૫મી ઓગષ્ટ પહેલાં એકબે દિવસે જ આ બનાવ બન્યો હતો. માતાજીના શોકનો

પાર ન હતો. હું હિંમત આપવા ગમે તેટલા સંકેત કરું પણ હિંમત ક્યાંથી મળે ? કોઇની દ્વારા દેવપ્રયાગ ગામમાંથી મગનલાલ, પર્વત પરની ગઢીમાં સામે રહેતા વૈદરાજ, વકીલ, એમ બેત્રણ જણને બોલાવવા મેં કહ્યું. પણ માતાજી કોના દ્વારા બોલાવે ? કોઇ માણસ મળે તો ને ! માતાજી ઉપર જાય ને નીચે આવે. શું કરવું તે સમજાય નહિ. તે પોતે જાય તો મારી સંભાળ કોણ રાખે ? ભારે કફોડી દશા હતી !

પણ ઇશ્વર દયાળુ છે. શાંતા નદીમાં ભેંસને પાવા ધુનાર જાતિના કેટલાક માણસો નીચે આવી પહોચ્યાં. માંડ માંડ સંકેતમાં સમજાવીને માતાજીએ તેમને ઉપર બોલાવ્યા. તે બધા મગનલાલ, શ્રીધર, વૈદરાજ વિગેરેને બોલાવી લાવ્યા. મગનલાલે આવતાંવેંત મને ગોળી ખવડાવી દીધી. પેટે ને હાથે પગે ગાયનું ઘી ચોળ્યું. એથી સારું લાગ્યું. પછી મારી ઇચ્છા પ્રમાણે તેમને ત્યાં નીચે લઇ ગયા. એ દશામાં આશ્રમમાં રહેવું કપરું હતું. એટલે અમે નીચે જવા ઠરાવ્યું. દંડીમાં બેસાડીને ચાર માણસો ઉંચકીને મને નીચે લઇ ગયા. મગનલાલ સેવાભાવી હતા. દેવપ્રયાગના બીજા માણસો કરતા તેમનામાં સંતમહાત્મા પ્રત્યે પ્રેમ સારો હતો. બીજા માણસો તો સંત સાધુની સેવા ભાગ્યે જ કરે. મગનલાલના મકાનમાં અલગ ઓરડામાં અમને ઉતારો મળ્યો. પણ મારી દશા તો બગડતી જ ગઇ. પંદરમી ઓગષ્ટ પણ એવી જ ભંયકર દશામાં વીતી ગઇ. મને ખૂબ ચિંતા થઇ. સાધનાની સિદ્ધિ માટે અપાતા દિવસો આમ એક પછી એક ખોટા જ પડે છે. મારી સાધના પૂરી ક્યારે થશે ? સાધના પૂરી થવાનું તો બાજુએ રહ્યું પણ ઉલટું મારે માથે બીમારીનું મહાસંકટ આવ્યું ! ભોગ બધા ભૂલ કે કર્મના ફળરૂપે છે. એટલે મને આ બદલો ભૂલ કે કર્મનો જ મળે છે. પણ આવું કષ્ટ ? છેલ્લા વીસ વરસમાં આવી બીમારી નથી આવી. માની ઇચ્છા. એને આનંદપૂર્વક સહન કરવામાં જ લાભ છે. ઉઠવાની શક્તિ મુદ્દલ ન હતી. ઝાડા, તાવ, શ્વાસ લેવાનું, શિરદર્દ અને અનિદ્રા એવાં અનેક દર્દો એક સાથે ચાલુ થયાં હતાં. કેટલાક દિવસ તો ભાન જ ના રહ્યું. પાસું ફેરવવાની પણ શક્તિ ન હતી. તો પણ મનમાં શાંતિ રહેતી. દુઃખનો ઇશારો સરખો નહોતો થતો. 'મા'નું સ્મરણ નિશદિન ચાલુ હતું. ખાટલામાં સૂતાં સૂતાં 'મા'ની પ્રાર્થના ચાલુ હતી. બોલવાની શક્તિ તો હતી નહિ એટલે મૌન સ્વાભાવિક બની ગયેલું. એટલો ભોગ ભોગવવાનો બાકી હશે. હવે દયાળુ 'મા' જરૂર કૃપા કરશે. એવી ખાતરી થઇ. સાથે સાથે મન, વચન, શરીરથી કોઇયે ખોટું કામ ના કરાય ને સદાય ક્ષણેક્ષણ 'મા'ના પ્રેમમાં જ મગ્ન રહેવાય એવી પ્રતિજ્ઞા કરી. એવી પ્રતિજ્ઞાની આવશ્યકતા ન હતી. જીવન આજ લગી એ જ રીતે ચાલતું હતું. છતાં પણ દુઃખમાં ઇશ્વરની નિષ્ઠા વધુ કેળવાય છે, ને તે પ્રમાણે એવું બની ગયું.

લગભગ એકવીસ દિવસ સુધી તાવ ને બીજાં દર્દ રહ્યાં. પાણી ને દૂધ લેવાની મંજૂરી મળેલી. પાણી મિનિટે મિનિટે જોઇતું. પ્રેમી રામેશ્વર પાછલા દિવસોમાં રોજ રાતે સૂવા આવતો. તે ખૂબ જ પ્રેમી ને સત્યવાદી હતો. ઉપરાંત, વકીલ, મગનલાલ ને ડોક્ટરે પણ ખૂબ જ સેવા કરી. વૃદ્ધ વકીલની સલાહ ખૂબ જ કામની થઇ પડી. કેમ કે મને થયેલી ટાઇફોઇડની બીમારીનો એમને અનુભવ હતો. ટાઇફોઇડ ને ઝાડા સાથે થવાથી મારી દશા ખૂબ જ ખરાબ હતી. એ એક ભયંકર ઘાત ગઇ. મારા દ્વારા આગળ પર કાર્ય કરાવવા માટે જ ઇશ્વરે એ ઘાતમાંથી મને બચાવ્યો. માતાજીની તો આકરી કસોટી થઇ. આશ્રમ કરતાં નીચે આવવાથી તેમને સારું લાગ્યું. તેમનું પોતાનું શરીર એટલું સારું ન હતું. છતાં દિનરાત તેમને ખૂબ જ પરિશ્રમ કરવો પડ્યો. એ દિવસો પણ ઇશ્વરકૃપાથી ચાલ્યા ગયા અને એકવીસ દિવસ પછી તાવ હઠવા માંડ્યો. શરીરે નાની

નાની ફોલ્લીઓ થઇ ગઇ. ટાઇફોઇડ મટવાની નિશાની હતી. ધીરે ધીરે પચાસ દિવસ બાદ મગનું પાણી આપવાની શરૂઆત થઇ. એ દિવસોમાં અશક્તિ અતિશયતા પર પહોંચી ચૂકેલી. એક રીતે મારો પુનર્જન્મ થયો એમ જ કહી શકાય.

એ દિવસમાં જે ડોકટરે મદદ કરી તેમને પણ ભૂલી શકાય તેમ નથી. ડોકટર પંજાબી હતા. તેમની મદદ મળવાના સંજોગો ઇશ્વરે પહેલેથી જ ઊભા કરી દીધેલા.

[૨]

મારી બીમારી પહેલાં બરાબર એક વર્ષે એ પંજાબી ડોકટર માંદા પડેલા. ખૂબ બીમાર હોવાથી તેમને ને તેમનાં કુટુંબીજનોને ઊગરવાની પણ આશા નહોતી રહી. બીમારીમાં જ કોણ જાણે કેમ, પણ તેમને એક વિચાર આવ્યો કે મારાં દર્શને તેઓ આવ્યા નથી તેથી બીમાર પડ્યા છે. એ વિચાર તદ્દન વિચિત્ર હતો. કેમ કે મારી પાસે ના આવે તે બીમાર પડે જ કેવી રીતે ? મારી પાસે આવવું-ના આવવું તે દરેકની ઇચ્છાની વાત છે. પરંતુ ડોકટરનો વિચાર કેમે કર્યો ટળ્યો નહિ. પરિણામે એક સાંજે તેમની દીકરી મને આશ્રમ પર બોલાવવા આવી. હું દેવપ્રયાગમાં તેમની પાસે ગયો.

નીચે જઇને જોયું તો ડોકટર પથારીવશ હતાં. મને જોઇને તે રડી પડ્યા. તેમની સ્ત્રી ધર્મ ને ઇશ્વરમાં માનનારી હતી. છતાં તેની દશા કરુણ હતી. ડોકટરને તે ગ્રંથસાહેબનાં વચનો સંભળાવી હિંમત આપવાનો પ્રયાસ કરતી હતી. તેમનાં સંતાનો પણ રડતાં હતાં. ડોકટરે મને કહ્યું કે, 'મને બચવાની આશા નથી. હવે આ બાળકોનું શું થશે એ ચિંતાથી દિલ દુભાય છે. ડોકટરે દેહરાદુન જઇને ઓપરેશન કરાવવા કહ્યું છે. પણ તેમને પણ દર્દ ખૂબ ભયંકર લાગે છે. તમે કૈંક આશીર્વાદ આપો તો કૃપા.'

પહેલી જ મુલાકાતમાં તેમની શ્રદ્ધા જોઇને મને આશ્ચર્ય થયું. આ પહેલાં મને તે કદી પણ મળ્યા ન હતા. રડતા રડતા તે મારા પગમાં પડી ગયા. બીજાં બધા પણ રડવા માંડ્યા. રોગ, દુઃખ, મૃત્યુ પાસે માનવીનું કૈં જ ચાલતું નથી. ભલભલા પુરુષો પણ તેની આગળ ડગી જાય છે. મૃત્યુ ને બીમારી જેવા કષ્ટો જીવનમાં પડેલાં છે. સમજુ માણસને તો આ બધું વિચારીને લેશ પણ મમતા થાય તેમ નથી. જીવનમાં મમતા થવાનું પ્રબળમાં પ્રબળ કારણ એક જ છે કે આ જીવન દ્વારા માનવ પૂર્ણ બની શકે છેઃ જીવનનાં દુઃખ, દર્દ ને મૃત્યુની ચોક્કસતાની વચ્ચે જીવીને પણ માનવ ઇશ્વરનું દર્શન કરીને મુક્ત બની શકે છે; ને સર્વ દુઃખથી પર થઇને અમૃત પદને મેળવી લે છે. આ જ વિશેષતાને કારણે જીવન જીવવા યોગ્ય, પોતાની તેમ જ બીજાની સેવા કરવા યોગ્ય બને છે : નહિ તો આવા અપૂર્ણ, દુઃખ ને દર્દથી ભરેલા જીવનનો કોઇ અર્થ રહેત નહિ. મહાપુરુષોએ આ શરીરને મોક્ષનું દ્વાર કહ્યું છે તે આ જ કારણથી. પણ માણસ વિચારવા ને વર્તન કરવા સ્વતંત્ર છે. જીવન કે શરીરને મોક્ષનું કે બંધનનું દ્વાર બનાવવું તેના પોતાના હાથમાં છે.

એવા વિચારો મને એકાએક આવી ગયાં. પણ ડોકટરને એવી ફિલસૂફીની શી જરૂર ? ભૂખ્યા માણસને પાકશાસ્ત્રના જ્ઞાન કરતાં રોટલો જ વધારે ખપનો છે. તાકીદની જરૂરત તેને રોટલો આપવાની છે. મેં ડોકટરને શાંતિ ને ધીરજના બે શબ્દ કહ્યા.

'મારામાં બીજી તો કોઇ શક્તિ નથી, પણ હું તમને ધીરજ આપી શકું છું. ઇશ્વરની દયાથી તમને આરામ થઇ જશે એમ મને લાગે છે. તમે દહેરાદુન જરૂર જજો. ત્યાં દવા વિગેરે કરાવજો. ને હિંમત રાખજો.

આવતે વરસે (શિયાળા પછી) હું દેવપ્રયાગ આવીશ ત્યારે તમે પૂર્ણ સ્વસ્થ થઇને મને મળશો. અત્યારે તો ચિંતા કરતાં દયાળુ પ્રભુને પ્રાર્થના કરો તે જ બરાબર છે.'

આ પછી અમે છૂટા પડ્યા. ફરી વાર હું હિમાલય ગયો ત્યારે ડોકટર સ્વસ્થ થઇ ગયા. તે ઇશ્વરની કૃપા જ હતી. તે મને સહકુટુંબ આશ્રમ પર મળવા આવ્યા. તે પછી લગભગ ત્રણ મહિને મને ટાઇફોઇડ થયો. હવે મારી સેવા કરવાનો વારો ડોકટરનો આવ્યો. તેમણે તે ફરજ આનંદથી ઉપાડી લીધી. તેમનો માયાળુ ને નમ્ર સ્વભાવ હંમેશ માટે યાદ રહી જશે. જે પ્રેમથી તેમણે મારી સેવા કરી તે સદાને માટે હૃદયમાં લખાઇ રહેશે.

ડોકટર એમ. બી. બી. એસ. હતા. વળી પોતાના વિષયના ખૂબ નિષ્ણાત હતા. પાકિસ્તાનની કૃત્રિમ સ્થાપનાથી ભારતનાં જે લાખો કુટુંબો અસ્તવ્યસ્ત બની ગયાં, તેમાં તેમનું કુટુંબ પણ એક હતું. ઇશ્વર તેમનું ભલું કરો ! ને તે માટે તે વધુ ને વધુ ઇશ્વરપરાયણ બનો.

બીમારી પહેલાં થોડેક વખતે એટલે કે ૩૦ એપ્રિલ ૧૯૪૯ ને દિવસે મેં આંતરપ્રેરણા થવાથી દાઢી કાઢી નાખેલી. ઇ. સ. ૧૯૪૨માં હિમાલય ગયો તે પછી તે ચાલુ જ હતી. છેક સાડા છ વરસ જેટલા લાંબા ગાળા બાદ તેને મુક્તિ આપી. કોઇ પણ બાહ્ય આવરણ રાખવું જ એવો મારો નિયમ નથી. મને જેમ યોગ્ય લાગે તેમ વિવેક દૃષ્ટિથી કરું છું. નિયમની સખ્તાઇ ફક્ત એક જ વસ્તુ પૂરતી છે ને તે ઇશ્વરની કૃપાની પ્રાપ્તિ, જીવનની પૂર્ણતા માટેના પુરુષાર્થનું પાલન, અથવા ‘મા’ની પૂર્ણ કૃપાની પ્રાપ્તિ. બીમાર હોઉં, હિમાલયમાં કે હિમાલયની બહાર ગુજરાતમાં હોઉં, માની દયા માટેનો તલસાટ દિલમાં હંમેશા ચાલુ રહ્યો છે. સાધનાની પૂર્ણતા માટેની લગન કદી પણ ખૂટી નથી. તે માટે બનતી મહેનત કરીને અવારનવાર ભોગ પણ મેં આપ્યા છે. એ જ આદર્શનું મને બંધન છે. ને તે પછી ઇશ્વરની પ્રેરણા દ્વારા પ્રાપ્ત થયેલો એવો કોઇ બીજો આદર્શ આવતો હોય તો તે માનવજાતિની યથાશક્તિ સેવાનો છે. નગરમાં કે ગામમાં, હિમાલયના ઘોર જંગલમાં કે આધુનિક વસવાટો વચ્ચે મંગલમાં, રાતદિવસ મારા હૃદયમાં એ જ આદર્શની ઝંખના રહી છે. તે માટે મેં એકાંતવાસ તેમ જ ભગીરથ કષ્ટોને વધાવી લીધાં છે. ઇશ્વરની કૃપા વિના મારાથી એ બધું થઇ શકત નહીં. ઇશ્વરની કૃપા માટે હું રડ્યો છું, કકળ્યો છું, ચિંતિત થયો છું, મારી ત્રુટિઓને દૂર કરવા મથ્યો છું, અને એકલે હાથે સાધનાનો ભાર ઉપાડીને દુનિયાના કોલાહલથી દૂર હિમાલયમાં વસ્યો છું. જ્યાં ઋષિમુનિની પ્રાચીન ભવ્યતાનો વારસો પડેલો છે, છતાં જ્યાં આધુનિક માનવમનની મલિનતા ને કુદરતની નિર્દયતા ને શુષ્કતા ફરી વળી છે; જ્યાં ગંગાનો જયઘોષ જીવનના અખંડ પરમ પુરુષાર્થની પ્રેરણા પાતો સદા માટે વાતાવરણમાં વ્યાપી રહ્યો છે; ને જ્યાં આધ્યાત્મિક વિભૂતિઓના માનસિક પરમાણુ ઠેર ઠેર વેરાયેલાં છે; ત્યાં અખંડ શાંતિની વચ્ચે ખાવા પીવા ને રહેવાનાં અનેક કષ્ટો વેઠીને 'મા'ની આરાધના માટે ને સાધનાની સિદ્ધિ કાજે મેં વરસ પર વરસ વીતાવ્યાં છે. એક દિવસ, બે દિવસ, એક માસ, બે માસ કે વરસ કે બે વરસ નહીં; પણ કેટલાય વરસો એ ભૂમિમાં શ્રદ્ધાપૂર્વક, ઉત્સાહ ને ધીરજથી મૂકપણે પસાર કર્યા છે. કેટલીક વાર મને વિચાર આવે છે કે આ જન્મમાં મારે સાધનાની આવી અગ્નિપરીક્ષામાંથી શું કામ પસાર થવું પડ્યું ? જન્મતાં જ હું સિદ્ધ થઇને કેમ ના જનમ્યો ? પણ પાછું થાય છે કે 'મા' જે કરે છે તે ઠીક જ કરે છે. એવું માન્યા વિના છુટકો જ નથી. જગતના સમજુ સાધકો જાણશે કે સતત પુરુષાર્થ દ્વારા મેં 'મા'ની કૃપા ને સાધનાની સિદ્ધિ

મેળવી છે. એથી પુરુષાર્થમાં માનનારાનું મન રીઝશે. વળી બીજી રીતે વિચાર કરીએ તો ધ્રુવ, પ્રહ્લાદ, વાલ્મિકી એવા એવા મહાપુરુષોને કેટલો પુરુષાર્થ કરવો પડ્યો છે ? એની આગળ મારું કષ્ટ શી વિસાતમાં છે ! પણ જન્માંતર સંસ્કાર પ્રમાણે બધું બન્યા કરે છે. મેં તો બધું 'મા'ને સોપી દીધું છે. મારામાં તપની, જપની, સાધનાની કોઇ જાતની શક્તિ નથી. મારો બધો ભરોસો કેવળ 'મા' પર છે. એટલે જ 'મા' સંભાળ રાખીને મારા પર કૃપા કર્યા કરે છે. મારામાં જે છે તે એવી રીતે 'મા'ની કૃપા જ છે.

પણ એ કૃપા પરિપૂર્ણ ક્યારે થશે ? ૧૫મી ઓગસ્ટ તો ભયંકર બીમારીમાં જ ગઇ. મારે માટે હજી કેટલી યાતના બાકી છે ? હે ગંગામાતા ! હે હિમાલય ! તમારી સાથેના મારા વસવાટને સફળ કરી દો. હે ચંદ્રમા, હે આકાશ, હે પૃથ્વી, મારી સાધનાની સિદ્ધિને હવે સત્વર સાકાર કરો. પોતાની પૂર્ણતા ને સમસ્ત માનવ જાતિની હિત-સાધના માટે તલસતા એક યુવાન તપસ્વી-તમારા બાળકની મનોકામનાને પૂરી કરો. મારા લગીરશા છતાંયે ભગીરથ પ્રયાસોથી હે મા ! હે સાધનાની સંપૂર્ણ સિદ્ધિદેવી ! તમે પ્રસન્ન બનો. મારી સામે પ્રકટો. મને શક્તિ અને શુભાશીર્વાદથી અલંકૃત કરો. ભારત ને સંસારમાં અવનવા બનાવો બનતા જાય છે. તેથી દુઃખ થાય છે. પણ બીજું શું થઇ શકે ? તમારી પૂર્ણ કૃપા વિના કૈંજ કરી શકાય તેમ નથી.....તમે હવે ક્યારે કૃપા કરો છો ? આ જીવન તો તમને અર્પણ થઇ ચૂકેલું છે. તમે તેની સંભાળ નહિ લો તો બીજું કોણ લેશે ? જીવનભર મને તમારા જ પ્રેમમાં મસ્ત રાખજો. તમારા વિના જગતની કોઇપણ વસ્તુ કે કોઇયે વ્યક્તિમાં મને આસક્ત ના કરશો. તુલસીદાસ જેમ રામમાં. સૂરદાસ ને ચૈતન્ય મહાપ્રભુ શ્યામમાં, ને રામકૃષ્ણદેવ ખુદ તમારામાં મસ્ત હતા-તેથી યે વધારે મસ્તી, તેથી યે વધારે પ્રેમ, તમારે માટે મારા દિલમાં ભરી દો !

માંદગીને બિછાને એવી જ ભાવનાઓમાં મન રમ્યા કરતું, 'મા'ની સ્મૃતિથી તરબોળ બનતું. સપ્ટેમ્બર મહિનો પૂરો અશક્તિમાં જ ગયો. પછી ધીરે ધીરે શક્તિ આવવા માંડી. શક્તિની શરૂઆત થઇ એટલે બેચાર દિવસ પછી લાકડીને ટેકે માતાજી સાથે આશ્રમ પર ગયો.

માંદગી દરમ્યાન એક દિવસ રમણ મહર્ષિનું દર્શન થયું. બીજી વાર તેમનું દર્શન થયું ત્યારે કૈંક નબળા જણાતા હતા. તેમણે કહ્યું કે ‘હું હવે થોડા સમયમાં સમાધિ લેવાનો છું.’ મેં કહ્યું, ‘કેમ ? હજી રહોને !’ તેમણે કહ્યું, ‘ના, હવે વખત આવી ગયો છે.’ એ પછી સમાધિ લેશે ત્યારે સાંજે છ વાગ્યા પછી મહર્ષિ સમાધિ લેશે એવી મને જાણ થઇ.

મહર્ષિનો મારા પર પ્રેમ હતો. તેથી પ્રેરાઇને તે મને આંતરજગતમાં વારંવાર દર્શન આપતાં. તેમના મહાપ્રયાણની સૂચના પણ આ રીતે તેમણે મને આપી. મને ચોક્કસ લાગ્યું કે મહર્ષિ હવે થોડા વખતમાં લીલા સંકેલી લેશે. સવારે ઊઠીને મેં એવા અનુભવની વાત માતાજીને કહી. મળવા આવ્યા ત્યારે ચક્રધરજીને પણ મેં એનો સંકેત કર્યો. મહાપુરુષોની લીલા અપાર છે, પડદા પાછળ તે કેવાં કેવાં કામ કરે છે ? ક્યાં હિમાલય ને ક્યાં તિરુવન્નામલાઇ ! પણ મહાપુરુષોને સ્થળ ને કાળના બંધન હોતા નથી. મહર્ષિ રમણ ખરે જ એવા લોકોત્તર મહાપુરુષ હતા.

શાંતાશ્રમમાં આવ્યા ત્યારે વાતાવરણ ખૂબ ફરી ગયું હતું. વરસાદને લીધે આશ્રમના નાનાસરખા ચોકની જમીનનું લીંપણ ઊખડી ગયું હતું. હવે ત્યાં કાંકરા ને પત્થર ઊપસી આવ્યા હતા. જો કે પર્વત બધા

હરિયાળા બની ગયેલા ને શાંતા નદી પૂરબહારમાં વહી રહેલી, છતાં આશ્રમનું જીર્ણ મકાન વધારે જર્જર બની ગયેલું. વરસાદના દિવસોમાં આશ્રમમાં રહેવાનું ના થયું એ ઠીક જ થયું. કેમ કે વરસાદના દિવસોમાં શાંતાશ્રમનો નિવાસ ખૂબ જ કષ્ટપ્રદ થઇ પડે, ઉપરની બંને બારીનાં બારણાં ના હોવાથી પવન સાથેના વરસાદના છાંટા ઓરડામાં પડે. એથી બારી પર કોથળા બાંધી રાખવા પડતા. એ ઉપરાંત, ઉપરનું છાપરું જૂનાં લાકડાં ને પથ્થરનું બનાવેલું હોવાથી વરસાદમાં પાણી પડતું. કેટલીક વાર તો આખી રાત બેસી રહેવું પડતું. હવે તો વરસાદની ઋતુ પૂરી થઇ ને ભયંકર બીમારીના કષ્ટમાંથી બચી જઇને આશ્રમ પર આવવાનું થયું એટલે સારું લાગ્યું.

પરંતુ ઠંડી તો નવરાત્રિથી જ શરૂ થઇ ગઇ. જો કે શિયાળા પણ મેં હિમાલયમાં કાઢ્યા છે, પણ આ વખતે બીમારીમાંથી ઊઠ્યો હોઇ અશક્તિ ઘણી હોવાથી ઠંડીને સહન કરવાનું કપરું હતું. તો પણ સાધનાના સ્વાર્થને માટે ઇશ્વરની પ્રેરણા સુધી હિમાલયમાં રહ્યા વિના છુટકો ન હતો. શરીર બીમાર થાય કે બગડે, શક્તિ રહે કે ના રહે, પૂર્ણતાની પ્રાપ્તિનો સ્વાર્થ સાધ્યા વિના સમજુ માણસને છુટકો નથી. એવો સ્વાર્થ સાધવાની સમજ જેને ના સાંપડી હોય તેનું જ્ઞાન, બળ કે તેની બુદ્ધિ શા ખપની ? સંસારમાં આવીને માણસે ઇશ્વરપ્રાપ્તિ કે પૂર્ણતાની સિદ્ધિ કરી જ લેવાની છે. તે વિનાની લૌકિક પદાર્થોની પ્રાપ્તિ કૈંજ મહત્વની નથી. તે જ પંડિત છે, તે જ ગુણવાન, જ્ઞાની કે ચતુર છે, જે એ ધ્યેયને પ્રાપ્ત કરીને પૂર્ણ શાંતિ ને મુક્તિને મેળવી લે છે. ધની પણ તે જ છે જે ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક ધન મેળવી લે છે. જેને એવા ધનની ભૂખ જાગી નથી તેના જેવો અભાગી માણસ આ દુનિયામાં બીજો કોઇ નથી. પૈસા નહિ હોય તો ચાલશે, પ્રતિષ્ઠા નહિ મળે તે પણ ચાલશે, ને સ્ત્રી-પુત્ર, વૈભવ ને ધાન વિના પણ કાંઇ જીવન અટકશે કે અભિશાપરૂપ નહિ બને : પણ આ બધું હશે ને ઇશ્વરપ્રાપ્તિની ભૂખ નહિ હોય, આત્માની જાગૃતિ દ્વારા ભેદ ને અજ્ઞાનનાં આવરણો દૂર નહિ થયા હોય તો જીવનમાં મોટામાં મોટી ખોટ છે, એ ચોક્કસ જાણવું. મનુષ્ય તરીકે મનુષ્યની ફરજ સૌથી પહેલાં દાનવતાને દૂર કરીને માનવ બનવાની છે, ને પછી પોતાનાં બળબુદ્ધિનો ઉપયોગ પોતાની જ અંદરની પ્રકૃતિને વશ કરવામાં કરવાનો છે.

એવી મૂળભૂત માન્યતાને લીધે જ અનેક પ્રતિકૂળ સંજોગોની વચ્ચે હું વરસોથી હિમાલયમાં રહેતો હતો. ઇશ્વરી પ્રકાશને પ્રાપ્ત કરવા અને એથી આલોકિત થઇને સ્વયં પ્રકાશ બનવાની મારી ઇચ્છા હતી. એ ઇચ્છા કોઇ પણ હિસાબે પૂરી થવી જ જોઇએ. એવો મારો નિર્ધાર હતો.

સાંજે લાકડાં સળગાવીને અમારે તાપવા બેસવું પડતું. ઠંડી વધતી જ જતી હતી.

આખરે આંતરપ્રેરણા પ્રમાણે ૧૫મી નવેમ્બરે અમે દેવપ્રયાગ છેડયું.

અમારી મોટર દેવપ્રયાગથી ઉપડી. રઘુનાથજીનું મંદિર, ગંગાજીનો સંગમ, ગામ ને ઊંચા ઊંચા પહાડ-તેમાં ચક્કર લેતી મોટર આગળ ને આગળ દોડવા માંડી. શાંતાશ્રમને મેં પુનઃ પ્રણામ કર્યા.

જે દિવસે અમે દેવપ્રયાગ છોડ્યું તે દિવસે ગોડસેનો ફાંસી દિવસ હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦૭. સરોડા ને કાબોદ્રા

### (૧) સરોડામાં

દેવપ્રયાગથી બેત્રણ દિવસ અમદાવાદ બેન તારાબેનને ત્યાં રોકાઇને અમે સીધાં સરોડા આવ્યાં. સરોડાના ગ્રામ્ય વાતાવરણમાં મને આનંદ લાગે છે. ગામડાંનો ચોક્ખો ખોરાક, ખુલ્લી હવાવાળું ત્યાનું વાતાવરણ, બધું મને ખૂબ ખૂબ ગમે છે. ઉપરાંત, જ્યાં લગી મેં સાધનાને પરિપૂર્ણ નથી કરી, ત્યાં લગી મારે એકાંત સ્થળોમાં રહીને રાતદિવસ સાધનાને માટે જ ચિંતા કરવાની છે. મારો સ્વભાવ પણ એકાંતપ્રિય છે. તેમ જ કુદરતને ખોળે સાદા જીવન ને ઉચ્ચ વિચારનો આનંદ મને ગમે છે. અત્યારે વધારે ભાગે માણસનું જીવન કુત્રિમ બનતું જાય છે : કુદરતી જીવનમાં માણસને આનંદ આવતો નથી. ગામડાં ભાંગીને શહેરી વસવાટો તૈયાર થતા જાય છે. એને આધુનિક સુધારાની દેખીતી નિશાની માનવામાં આવે છે. પણ આને લીધે બે ગેરફાયદા થયા છે. શુદ્ધ હવા, શુદ્ધ ખાનપાન ને સાદગી તેમ જ પરિશ્રમ જીવનમાંથી અદ્દશ્ય થયાં છે. ને બીજું, માનવનો આત્મા કુત્રિમતાના આવરણ નીચે વધારે ને વધારે દબાતો જાય છે. જીવનમાંથી શાંતિ, સ્વસ્થતા ને ધીરજ નષ્ટ થતી જાય છે, ને પૈસા માટેની દોડધામ, અસંતોષ, અશાંતિ ને ગડબડ વધે છે. જે સભ્યતાથી માનવીની માનવતા નષ્ટ થવા માંડે, ને તેની અશાંતિ ને અતૃપ્તિ વધતી જાય તે સભ્યતા ગમે તેવી સંમોહક, દેખીતી સુખદ, છતાં માનવને માટે અભિશાપરૂપ છે. મારૂં કહેવું એમ નથી કે શહેરી વસવાટને તોડી નાખવા જોઇએ : હું તો એ જ વસ્તુ પર ભાર મૂકું છું કે ગમે તે વાતાવરણમાં, શહેરમાં કે ગામડાંમાં, માણસે જીવનોપયોગી પદાર્થોની શુદ્ધિ, હૃદયની શુદ્ધિ ને માનવતાની વૃદ્ધિ તરફ સૌથી વધુ ધ્યાન આપવું જોઇએ. એ હેતુને ભૂલવાથી માનવસમાજનું પતન નક્કી છે. જીવનને ઉજ્જવળ કરવા તેની સ્મૃતિ જરૂરી છે.

ગામડાના વસવાટમાં જેમ અનુકૂળતાઓ છે તેમ પ્રતિકૂળતા પણ ઘણી હતી. પરંતુ મારું મુખ્ય ધ્યાન સાધના તરફ હોઇ એ પ્રતિકૂળતા મને નડતી નહોતી. સરોડામાં આવીને સાધનાનો આજ લગીનો સળંગ વિચાર મેં કરી લીધો. સાધનાની સિદ્ધિ માટે છેલ્લા દોઢેક વરસથી જે ચિંતા મારે વેઠવી પડતી હતી તે ખૂબ જ ભયંકર હતી. આ ચિંતા ક્યારે ટળશે ? એ જ મારી મુંઝવણ હતી. સાધનાની સિદ્ધિના જુદા જુદા દિવસ મને આંતરજગતમાં મળ્યા કરતા. પણ છેલ્લા દોઢેક વરસથી તે સાચા નહોતા પડતા. છતાં પણ મને ખાત્રી હતી કે સાધનાનું કામ આંતરજગતમાં પણ ચાલે છે અને એક દિવસ કોઇ ધન્ય ક્ષણે મારી પ્રેરણા સાચી પડશે : મને મળતા દિવસનો આદેશ સફળ થશે, ને કૃપાળુ 'મા'ની પૂર્ણ કૃપા મારા પર વરસશે. કેટલું ભગીરથ કામ લઇને હું બેઠો છું તે મને ખબર છે. આવા મહાન કાર્યને માટે કષ્ટ ને યાતના કે મુંઝવણ વેઠવાં જ પડે. પણ તેનો ય અંત એક દિવસ જરૂર આવી જશે. જુદી જુદી વખતે 'મા'ની કૃપા માટે જે દિવસો મળે છે તે મિથ્યા થાય છે. પણ તેથી ડરવાનું કૈં જ કારણ નથી. તેની પાછળ પણ કોઇ રહસ્ય જરૂર હશે જેની મને આજે ખબર નથી. તે રહસ્યનો પડદો એક વાર ઉંચકાઇ જશે, ને મારી મનોકામના પૂરી થશે. મારી દ્વારા ઇશ્વરની કામના, કૃપાળુ 'મા'ની ઇચ્છા કાર્ય કરી રહી છે, પછી મારે શા માટે ચિંતા કરવી ? તે 'મા' સમય પર સાધનાનું બધું જ કામ કરી દેશે. છતાં પણ સાધનાની ચિંતા કર્યા વિના ચાલે ? તે તો ચાલુ જ રહી. મન

કદાચ પાણી વિના જીવી શકે, વરસાદના જળને છોડીને ચાતક સંસારના બીજાં જળને પીને કૃતાર્થ થવા માંડે, ને ચંદ્રમા પ્રત્યેના પ્રેમ ને આકર્ષણને સમુદ્ર છોડી દે; અરે, ચંદન પણ સુગંધ વિનાનું બની જાય, છતાંયે હે મા ! હે જગદંબા ! હે સકળ સંસારની સુધા ! તમારી પ્રાપ્તિ સુધી ચેન વળશે નહિ. તમારે માટે તલસ્યા વિના ના રહેવાય. ને ચેન ના વળે, તમારે માટે તલસ્યા વિના ના રહેવાય, એવો આશીર્વાદ દેજો, એવું વરદાન આપજો !

મારા મનમાં તે વખતે એવું મંથન ચાલી રહ્યું હતું.

એ દરમિયાન ભારત ને સંસારમાં કેટલાયે અવનવા બનાવો બન્યા ને બની રહ્યા હતા. મહાત્મા ગાંધીજીના મૃત્યુ પછી ભારતની કાયાપલટ થઇ ગઇ હતી. સરદાર પટેલની બાહોશી, મહાન મુત્સદ્દીગીરી ને દીર્ઘદૃષ્ટિથી ખૂબ જ ગુંચવણભર્યો લાગતો દેશી રિયાસતોનો પ્રશ્ન ઉકેલવામાં અજબ સફળતા સાંપડેલી. સરદાર પટેલના મહાન નેતૃત્વ નીચે દુનિયાના ઇતિહાસમાં અજોડ એવું પકર રિયાસતોના બાકીના ભારત સાથેના વિલીનીકરણનું કામ ઝડપથી ને નક્કર રીતે ચાલતું હતું. સરદારે સર્જેલો એ ઐતિહાસિક ચમત્કાર લોકો આશ્ચર્ય અને આનંદમિશ્રિત લાગણીથી જોતાં હતાં. જૂનાગઢ, હૈદરાબાદ ને નિરાશ્રિતોના પ્રશ્નો અડગતા ને હિંમતથી સફળતાપૂર્વક તેમણે ઉકેલ્યા હતા, ને ઉકેલવાનું ચાલુ રાખ્યું હતું. ભારતની બંધારણસભા બંધારણ ઘડવાના કાર્યમાં પડી હતી, ને રકમી જાન્યુઆરીએ ભારત પ્રજાસત્તાક દિનનો ઉત્સવ કરવાનું હતું. આમ ભારત વિકાસની દિશામાં ઝડપથી પગલાં ભરતું હતું. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહાન નેતા ને ભારતના સાચા મુત્સદ્દી જવાહરલાલ નહેરુની પ્રતિષ્ઠા ખૂબ વધી હતી, ને ભારતનું માન વિદેશોમાં વધતું જતું હતું. કાશ્મીરનો પ્રશ્ન, પાકિસ્તાન સાથેના સંબંધોનો પ્રશ્ન, પૂર્વ બંગાળનો પ્રશ્ન, એવા પ્રશ્નો વધારે ગુંચવાતા હજુ ઊભેલા, પરંતુ ભારતના નેતાઓ ધીરજ ને શાણપણથી તે પતાવશે એવી ખાત્રી થતી. આઝાદી મળ્યા પછી ભારતમાં અણધાર્યા પલટા થઇ ગયા, ને ભારતની શાંતિ જાળવવામાં તેના નેતાઓ સફળ બન્યા એ વાત સૌથી મહત્વની હતી. આ પરિસ્થિતિનું અધ્યયન હું કરતો હતો. ને મારી સેવા પણ આ મહાન દેશ તેમજ તે દ્વારા સમગ્ર સંસારને આપી શકાય ને સંસારને માટે સાચા સંદેશાવાહક થઇને આશીર્વાદરૂપ બની શકાય તેવી ઇચ્છા વધતી જ જતી હતી. પરંતુ ઇશ્વરની ઇચ્છા પ્રમાણે વર્ત્યા વિના છૂટકો ન હતો. મારી સાધના પૂરી થાય તે પછી જ ઇશ્વરની ઇચ્છા પ્રમાણે માનવજાતિની સેવાના ક્ષેત્રમાં પડવાની મારી કામના હતી. એટલે સાધના પૂરી કરવાની જ ફરજ સૌથી પ્રથમ હતી. તેમાં થોડો વખત વધારે લાગશે તો પણ ભલે, પરંતુ સાધના કરીને કૃપાળુ પ્રભુની પ્રેરણાથી વિશ્વકલ્યાણના કાર્યમાં પ્રવૃત્ત થવાશે તો તે કાર્ય અત્યંત અનુપમ, સફળ ને વિરાટ થશે એ ચોક્કસ છે. અત્યારે તો સૌથી પહેલી આવશ્યકતા મારી પોતાની પૂર્ણતાની છે. તે વિના બીજું બધું જ નકામું છે એવો મારો નિર્ણય હતો. એવી દૃઢ ભાવના મારા દિલમાં ભરાઇ ગઇ હતી.

ભાવના, વિચાર ને પ્રાર્થનામાં દિવસો ચાલ્યા જતા હતા. એટલામાં એક દિવસ મુંબઇથી વિઠ્ઠલભાઇ આવ્યા. વિઠ્ઠલભાઇ હાઇસ્કુલના દિવસોમાં સાથે ભણતા. આધ્યાત્મિક વિષય પર ને ખાસ કરીને મારા પર પ્રેમ હોવાથી તે સરોડા આવ્યા હતા. તેમનાં વૃદ્ધ માતાપિતા તેમના દેશમાં કાબોદ્રા ગામમાં હતાં. એ ગામ હિંમતનગર તરફ હતું. એમના આગ્રહથી અમે કાબોદ્રા ગયાં.

વિઠ્ઠલભાઇનો પ્રેમ અપાર હતો. તેમનું હૃદય સ્વચ્છ હતું. કાબોદ્રામાં તેમણે અમારી ખૂબ સેવા કરી. ગામમાં ૫૦૦૦ જેટલા રૂપિયા ખર્ચીને તેમણે નિશાળ બંધાવેલી. તેના વાર્ષિક ઉત્સવમાં તે મને લઇ ગયા. વ્યાસ પીઠ પરથી પ્રમુખ તરીકે ગામલોકોને બે શબ્દો સંબોધનના કહેવા પડ્યા. ભાઇના માતાપિતા તદ્દન શુદ્ધ હૃદયનાં, ભોળાં ને દયાળુ હતાં. તેમનાં સંતાનમાં તેમનો સંસ્કારવારસો ના ઉતરે તે કેમ બને ? વિઠ્ઠલભાઇ પણ તેવા જ પ્રેમી ને પરગજુ હતા.

આધ્યાત્મિકતા ને હિમાલય તેમ જ સાધનાની કેટલીક વાતોમાં તેમજ ભજન-કીર્તનમાં કાબોદ્રાનો સમય સુખદ રીતે પસાર થવા માંડ્યો. સાધનાને સહાયતા પહોંચાડનારી એક ઘટના ત્યાં બની ગઇ. એ ઘટના ખાસ ઉલ્લેખનીય છે.

### (૨) કાબોદ્રાના હનુમાનનો ચમત્કાર

જાન્યુઆરી ૧૯૫૦ના દિવસો કાબોદ્રા ગામની ધરતી પર પ્રિય વિઠ્ઠલભાઇ ને તેમનાં સ્વજનોની સાથે પસાર થયા. એ દિવસો સુંદર હતા. આનંદપ્રદ હતા. એ દિવસોમાં પણ મારું દિલ મારા ધ્યેયને કાજે ઝંખ્યા કરતું હતું. લોભી માણસ ગમે તે વાતાવરણમાં લોભી પ્રવૃત્તિ ના છોડે, ને પતિવ્રતા સ્ત્રી પતિના જ વિચારોમાં મશગુલ રહે, તેવી જ દશા ઇશ્વરના પ્રેમીની કે આત્મિક પંથના પ્રવાસીની હોય છે. ગમે તેવા સંજોગોમાં તેનું મન ઇશ્વર તરફ લાગેલું રહે છે, ને પ્રવાસનું લક્ષ્યસ્થાન તે ભૂલતો નથી. આનું કારણ ઇશ્વરી પ્રેમનો રસાસ્વાદ છે. ઇશ્વરી પ્રેમના રસને જેણે ચાખ્યો તે હંમેશને માટે ઇશ્વરનો જ થઇ રહેવાનો, ને ઇશ્વર વિના તેને બીજું કૈં ભાવવાનું જ નહી. જાગૃતિ, સ્વપ્ન ને સુષુપ્તિ, જડ ને ચેતન, બધે જ તેને ઇશ્વરનો નાદ સંભળાવાનો, ને ઇશ્વરના પવિત્ર નામના ધબકાર તેના હૃદયમાં ને તેની દરેક ધમનીમાં સદાય થયા કરવાના. આ દશા ઘણી ઊંચી છે, ને તે મળ્યા પછી શાંતિ, આનંદ કે મુક્તિ દૂર રહેતી નથી. આત્મમાર્ગના પ્રવાસીએ આ અવસ્થાએ પહોંચવાનું છે. પછી તેને સ્થળ કે કાળના બંધન નડી શકશે નહીં. ઇશ્વર સાથે તેના આત્માનું અનુસંધાન હરેક ક્ષણે ચાલુ રહેશે, ને જે ભૂમિમાં તે રહેશે તે તેને માટે તીર્થધામ બનશે. આ દશાને માટે ચિત્તની ચંચળતા દૂર કરવાની ને ઇશ્વરપ્રેમને વધારવાની અનિવાર્ય આવશ્યકતા છે.

ઇશ્વરી પ્રેમ વધ્યો એટલે પૂછવું જ શું ? હૃદયમાંથી રાતદિવસ તેના ફુવારા ફુટવા માંડે, ને ઇશ્વરને માટે દિલ તલપાપડ બની રહે. એવી તલપાપડતા મેં અનેક વાર અનુભવી છે. મારું સમગ્ર જીવન સાધનાને પંથે વળ્યા પછી ઇશ્વરી પ્રેમથી ભીંજાઇ ગયું છે. એ પ્રેમમાં તરબોળ બનતાં કાબોદ્રાનો સમય મેં પસાર કરવા માંડ્યો.

ત્યાં તો એક દિવસ ખબર પડી કે ગામમાં હનુમાનજીનું પ્રાચીન મંદિર છે. હનુમાનજીનાં દર્શનની ઇચ્છા કોને ના થાય ? રામના દૂત ભક્તશિરોમણી તરીકે તે સંસારમાં પ્રસિદ્ધ છે. 'રામને ભજનાર રામ જ થાય છે' એ નિયમ પ્રમાણે તે રામમય જ છે, ને તેથી જ તેને પ્રભુસ્વરૂપ સમજીને ભક્તો તેમને પણ પૂજે છે. દુનિયાના કોઇ પણ બીજા દેશ કરતાં ભારત આ બાબતમાં આગળ છે. આધ્યાત્મિક રહસ્યોની શોધ ભારતના સંતમહાત્મા ને ઋષિવરોએ જેટલી કરી છે તેટલી દુનિયાના કોઇયે દેશે કરી નથી. એનું કારણ ભારતના ઋષિવરોનું જન્મજાત આધ્યાત્મિક વલણ છે. હનુમાનજીની સ્મૃતિ થતાં મારું દિલ પ્રેમથી પરિપ્લાવિત બન્યું.

બીજે દિવસે અમે ગામથી દૂર આવેલા હનુમનાજીના મંદિરે ગયા. મંદિર ખૂબ જ સુંદર હતું. હનુમાનજીની મૂર્તિ આકર્ષક હતી. હનુમાનજીને ચરણે અમે પ્રેમથી પ્રણામ કર્યા. થોડોક સમય મંદિરમાં બેઠા. મંદિર ખૂબ જ એકાંત સ્થળમાં હતું. આવાં કેટલાંય સ્થળો આધ્યાત્મિક માર્ગના સાચા સાધકોને સાધનામાં તત્પર થવા હાકલ કરી રહ્યાં છે. પણ જે સ્થાનો ઉચ્ચ, જીવનમુક્ત તપસ્વીઓથી સુશોભિત થવાં જોઇએ તે હવે ખાલી જ પડ્યાં છે, અથવા તો કામના ને કાંચનના રાગી ને વેશધારી સાધુઓથી ઊભરાઇ રહ્યાં છે. સાધુઓને હવે આવાં એકાંત સ્થળોમાં રહીને સાધના કે ઇષ્ટસિદ્ધિ કરવાનું મન થતું નથી. હવે તો સાધુસંતો સલામત કે સગવડવાળા મઠ, મંદિર કે આશ્રમોમાં રહીને આનંદ કરે છે. તપને બદલે વેદાંતપાઠ ને પોપટિયા જ્ઞાનનો જ મહિમા હવે શેષ રહ્યો છે, ને કષ્ટ સહેવાનું કે એકાંતવાસ સેવવાનું બહુ થોડા બડભાગીને જ ફાવે છે. આધ્યાત્મિક રસને બદલે સાંસારિક વિષયોનો રસ વધી ગયો છે, ને માનવ ઇશ્વરવિમુખ બનીને વધારે ને વધારે જડ ને ઇન્દ્રિયલોલુપ થતો જાય છે. આવાં સ્થળનો ઉપયોગ પછીથી કોણ કરે ?

ઘેર આવ્યા પછી મને હનુમાનજીના જ વિચારો આવવા માંડ્યા. મેં મનોમન પ્રાર્થના કરી કે ‘હે હનુમાનજી, તમે સાચા હો, તમારામાં સત્યતા હોય, તો વધારેમાં વધારે ત્રણ દિવસમાં મને મારી સાધનાની સંપૂર્ણ સફળતાનો દિવસ આપો. હું તમારી ભૂમિ પર બેઠો છું. આટલું કરો તો હું ફરી તમારાં દર્શન કરી જાઉં ને મને શાંતિ થાય. મારી આટલી અરજ તમારે ધ્યાનમાં લેવી જ જોઇએ.’

એ પછી લગભગ ત્રીજે દિવસે સવારે હનુમાનજીએ એક મહાત્માના રૂપમાં મને સ્વપ્નાવસ્થામાં દર્શન આપ્યાં ને કહ્યું કે ‘આ મહાસુદી પાંચમને દિવસે તમારું કામ થઇ જશે. તે વખતે તમે સરોડા હશો.’

મેં કહ્યું, ‘એવા તો કેટલાય દિવસ ખોટા થયા. હવે આ દિવસે મારું કામ જરૂર થશે ?’ તેમણે કહ્યું, ‘જરૂર થશે.’

એના અનુસંધાનમાં મારે કહેવું જોઇએ કે એ અનુભવથી મને આનંદ થયો. વસ્તપંચમી પર અમે સરોડા હતા, પરંતુ તે દિવસે ધાર્યા પ્રમાણે કામ થયું નહિ. એ દિવસ પણ મિથ્યા થયો. કાબોદ્રાના હનુમાને પોતાની સત્યતા તો બતાવી પરંતુ દિવસ તેમણે આપ્યો તે મને તાત્કાલિક શાંતિ આપવા જ આપ્યો. મને નિરાશા ના થાય તે સારું જ તેમણે નજદીકનો દિવસ આપ્યો. આજ લગીના આવા કેટલાય દિવસો મિથ્યા થયા છે. કૃપાળુ ‘મા’ આમ કેમ કરે છે ? મને ધીરજ ને શાંતિ આપવા તે દિવસો આપીને આશા આપે છે, અને એવી રીતે મારો સમય તીવ્ર ઉત્કંઠા, પ્રેમ, પ્રાર્થના ને ભજનમાં વ્યતીત કરાવે છે. આ રીતે જ એક ચોક્કસ દિવસ આવશે ને મારું જીવન ધન્ય બની જશે. મારી બધી ઇચ્છા પૂરી થશે. પણ સમયને આવી રીતે લંબાવવાથી મને કેટલું કષ્ટ પડે છે તે શું ‘મા’ ને ખબર નથી ? તો તે આમ શું કામ કરે છે ? પરંતુ મારી આશા અમર છે. શ્રદ્ધા અડગ છે. ઇચ્છાશક્તિ અચળ ને કર્મના નિયમનો વિશ્વાસ અફર છે. ઇશ્વરના બધાં જ કામ યોગ્ય સમયે તેના સંકેત પ્રમાણે થાય છે ને જરૂર થાય છે. મારું કાર્ય જે 'મા'નું જ કાર્ય છે તે પણ સમય પાકતાં થશે જ. પછી નાહિંમત થવાનું સ્વપ્નમાં પણ ક્યાં રહ્યું ?

### (૩) પ્રેમી આત્મા વિદાય લે છે

સરોડાથી અમે સાબરમતી આવી પહોંચ્યા. પાવર હાઉસના ભાઇઓનો પ્રેમ પુષ્કળ હતો. તેમની વચ્ચે સત્સંગમાં દિવસો સારી પેઠે વીતવા લાગ્યા. એ સમય દરમિયાન એક પ્રસંગ બન્યો. સરોડાના પ્રેમી ભાઇ શના ભટ્ટ વિશે મેં આગળ ઉલ્લેખ કર્યો છે. એ ભાઇએ ડોશીમાના દેહાવસાન વખતે મહામૂલી મદદ કરેલી. છેલ્લા એકાદ વરસથી તે બિમાર હતા. તેમને ક્ષયરોગ થયેલો. સરોડા નિવાસ દરમ્યાન ગામમાં કોઇને ઘેર ન જવાનો મારો નિયમ હતો. ઇ.સ. ૧૯૪૪થી આ નિયમ બરાબર ચાલ્યા કરતો. પરંતુ શનાભાઇનો સેવાભાવી ને પ્રેમી સ્વભાવ જોઇને તે પથારીવશ હતા ત્યારે મેં તેમને ત્યાં જવાનું ઠરાવ્યું. માતાજી તેમની પાસે જતાં ત્યારે તે મારા સમાચાર પૂછતા. સાજા હોય તો દિવસનો વધારે ભાગ મારી પાસે આવ્યા વિના રહે જ નહિ. પરંતુ વ્યાધિની પ્રબળતા પાસે તે નિરૂપાય હતા. મને થયું કે આવા પ્રેમી પુરુષને મળવા માટે જવું જ જોઇએ.

શનાભાઇને મળવા ગામના એક ભક્ત સાથે હું ગયો ત્યારે તે ખાટલામાં સૂતેલા. અત્યંત અશક્ત હોવા છતાં માંડ માંડ બેઠા થયા. ને મેં ના પાડી તો પણ પ્રણામ કરીને ખાટલા નીચે બેઠા. તેમનો પ્રેમ પ્રબળ હતો. તેમનાં દર્દ વિશે કેટલીક વાતો કરીને અમે છુટા પડ્યા. પરંતુ એ મુલાકાતથી એમને અપાર આનંદ થયો.

એ પ્રસંગ પછી કેટલેક દિવસે અમારે સાબરમતી આવવાનું થયું. ત્યાં એક રાતે શનાભાઇનો જીવાત્મા ધ્યાનાવસ્થામાં મારી પાસે આવ્યો અને એમણે મને પ્રેમથી પ્રણામ કર્યાં.

મેં કહ્યું, 'કેમ ?'

શનાભાઇ બોલ્યા : 'હવે હું જાઉં છું. મારો વખત આવી ગયો છે. મરતાં પહેલાં એક ઇચ્છા તમારાં દર્શન કરવાની હતી તે પણ પ્રભુ કૃપાથી હવે પૂરી થઇ.'

થોડી વાર ઊભા રહીને તેમણે મને ફરી પ્રણામ કર્યાં. સવારે ઊઠીને મેં માતાજીને એ હકીકત જણાવીને કહ્યું કે શના ભટ્ટ હવે જતા રહ્યા લાગે છે. તે જ દિવસોમાં સમાચાર મળ્યા કે શના ભટ્ટનું દેહાવસાન થયું છે.

આ પ્રસંગ વિચારવા જેવો છે. આ પછી મુંબઇવાસ દરમ્યાન ભારતના મહાન જીવનમુક્ત ને સિદ્ધ પુરુષ રમણ મહર્ષિ-જેમને મારા પર પ્રેમ હતો, ને જે મને અનેક વાર દર્શન આપતા તે-ફરી આંતર જગતમાં આવ્યા, ને પોતે થોડા જ વખતમાં સમાધિ લેશે એમ કહ્યું. આ પરથી મુંબઇના પ્રેમી ભાઇઓને મેં કહ્યું કે, 'મહર્ષિ ખૂબ વૃદ્ધ થયા છે. તેમના જીવનનો વિશ્વાસ નથી. દર્શન કરવાં હોય તો તેમની પાસે જઇને કરી આવો. ભારતની આવી મહાન વિભૂતિનું દર્શન કરવાનો અવસર અવારનવાર નહિ આવે.'

એ પ્રસંગોથી આશ્ચર્ય પામવા જેવું કૈંજ નથી. મહર્ષિ જેવા મહાન પુરુષો પોતાની સિદ્ધિશક્તિના બળથી ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં ને ગમે તેની પાસે જઇ શકે છે. સિદ્ધ યોગી એવું કરી શકે છે. સૂક્ષ્મ અથવા સ્થૂલ શરીરે પણ તે ઇચ્છાનુસાર વિચરી શકે છે. આધ્યાત્મિક માર્ગનાં આવા કેટલાંય પરમ સત્યો ને રહસ્યો સાધારણ માનવીની સમજથી પર છે, કેમ કે તે અનુભવગમ્ય છે. આધ્યાત્મિક વિકાસના પંથનો માણસ પ્રવાસી બને તો જ આવી કેટલીક વાતો લાંબે ગાળે તે સમજી શકે. અનીતિ, અધર્મ, વાસના તેમ જ અહંતા-મમતાનો દાસ માનવ આવી કેટલીયે અનુભૂતિઓથી વંચિત રહી જાય છે ! માનવની શક્યતા ઘણી જ છે, તે

ધ્યાનમાં લઇને નીતિ ને સદાચારને રસ્તે જીવનને વાળીને ઇશ્વરપ્રાપ્તિનો પુરુષાર્થ કરવો જોઇએ. માનવનો પરમ ને સત્ય પુરુષાર્થ એ જ છે.

મહર્ષિ જેવા મહાત્માઓ પોતાની શક્તિથી બધે જઇ શકે છે. પરંતુ શનાભાઇ જેવા જીવાત્માની અપૂર્ણ ઇચ્છા સ્વપ્નાવસ્થામાં ઇશ્વર પૂરી કરે છે. તેમને મને મળવાની ઉત્કટ ઇચ્છા હશે તે પ્રભુકૃપાથી પૂરી થઇ. સ્વપ્નાવસ્થામાં એમને એવી રીતે મારો મેળાપ થયો. કેટલીક વાર માણસને ખબર ન પડે એવી રીતે પણ કેટલાંક કામ થાય છે, એ વાતનો ઘણાને અનુભવ છે.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૮. જ્ઞાનેશ્વર મહારાજની આલંદીમાં કૃપા

સાબરમતીથી રાજકોટ થઇને મુંબઇ ગયા પછી બે નોંધવા જેવા વિશેષ પ્રસંગો બન્યા. એક દિવસે આંતરજગતમાં એવો અનુભવ થયો કે પ્રભુની દૈવી શક્તિ રિદ્ધિસિદ્ધિએ કુમારીવેશ ધારણ કરીને સૂર્યમાંથી નીકળીને મારામાં પ્રવેશ કર્યો. પ્રભુની એ દિવ્ય વિભૂતિ શક્તિઓ સૂર્યલોકની નિવાસિની છે કે કેમ તે પ્રશ્નનો વિચાર અહીં અસ્થાને છે. અહીં તો એટલું જ કહીશ કે એ અનુભવથી મને અનેરો આનંદ થયો. પણ હવે મારું દિલ આવા આવા અનુભવો જ નહિ પરંતુ ચોક્કસ વાસ્તવિક પૂર્ણતાની દશા અથવા જગદંબાની પરિપૂર્ણ કૃપા માટે ઝંખ્યા કરતું હતું. આધ્યાત્મિક અલૌકિક અનુભવોની હારમાળા મારા સાધનામય જીવનમાં ચાલી જ આવે છે. તે મારે માટે નવી વાત નથી. સાધનાના માર્ગના એવા અલૌકિક અનુભવો પણ બહુ થોડા સાધકોના ભાગ્યમાં હોય છે, ને તે પણ સાધકની કસોટી કરનારા નીવડે છે. ધ્યાનાવસ્થામાં કોઇ સિદ્ધપુરુષ કે દેવતાનું દર્શન કરીને અથવા સમાધિની આછીપાતળી અનુભૂતિ મેળવીને વધારે ભાગના સાધકો પોતાને કૃતાર્થ માની બેસે છે, ને સિદ્ધ પુરુષોમાં પોતાની ગણતરી કરાવે છે. કેટલાક બીજાને તારવા માટે ગુરુ થઇને પણ નીકળી પડે છે. પણ એ સાધનાનું મોટામાં મોટું ભયસ્થાન છે એ યાદ રાખવું જોઇએ. બીજાને તારવા નીકળતાં પહેલાં માણસે પોતે પૂરી રીતે તરવાની જરૂર છે, ને પોતાની જાતને અપૂર્ણતા, અશાંતિ, ભય, ભેદ તેમજ બંધનમાંથી તાર્યા પછી બીજાના તારણહાર થઇ શકાય છે. આધ્યાત્મિક અનુભવોની વિવિધતાથી આનંદ થાય છે ખરો, પણ તે અવસ્થા સાધકની કસોટી કરનારી છે. પરમ શાંતિ, મુક્તિ, પૂર્ણતા કે પરમાનંદનો પ્રવાસી એવા કામચલાઉ આનંદથી પોતાને મહાભાગ ને કૃતાર્થ માની લઇને પુરુષાર્થ છોડીને બેસે એ તેને માટે આત્મહત્યા જેવું લેખાશે. જુદા જુદા અનુભવોથી સાધકનો આનંદ વધવો જોઇએ તેની ના નથી. પણ તેથી આત્મિક વિકાસના માર્ગમાં તેની શ્રદ્ધા વધુ મજબૂત બનવી જોઇએ, ને ઉત્સાહ ને આશા સાથે પૂર્ણતાની છેલ્લી ક્ષણ લગી તેણે સાધના કરવી જોઇએ.

આ વખતે ફરી આલંદી જવા વિચાર થયો. મહાન સંત જ્ઞાનેશ્વર મહારાજના ધામમાં તેમના મહેમાન બનીને જવા નક્કી કર્યું. જ્ઞાનેશ્વર મહારાજ કૃપા કરીને મને કોઇ રીતે દર્શન આપે ને મારી સાધના વિશે ચોક્કસ આગાહી કરે તો મને આનંદ થાય. એ જ એકમાત્ર આકાંક્ષાથી મેં આલંદી જવા ઠરાવ્યું. જે દિવસે પૂના રહ્યા તે દિવસે રાતે સ્વપ્નમાં આજ્ઞા થઇ કે ‘રાતે આલંદી ગામમાં નહિ પણ મંદિરમાં રહેજો.’ એથી મને આનંદ થયો ને જ્ઞાનેશ્વર મહારાજ કૃપા કરશે એમ ચોક્કસ લાગ્યું.

આ વખતે મારી સાથે માતાજી, મુંબઇથી વિઠ્ઠલભાઇ, નારાયણભાઇ તેમજ બીજા ચારેક ભાઇઓ હતા. આલંદી સ્થળ કેટલું સુંદર છે ? જ્યાં મહાન સિદ્ધપુરુષ જ્ઞાનેશ્વરે જન્મ લીધો, વાસ કર્યો, ને બાવીસ વર્ષ જેટલી નાની અવસ્થામાં અનેક ચમત્કારિક કામ કરી, જ્ઞાનેશ્વરી ગીતા જેવા મહાન ગ્રંથની રચના કરીને જીવંત સમાધિ લીધી, તે સ્થળની મહત્તા વિશે શું કહેવું ? તેની ઉત્તમતાને શેની ઉપમા આપવી ?

સ્નાનાદિથી પરવારીને રાતે અમે મંદિરમાં ગયા. સુવાનો કાર્યક્રમ મંદિરમાં જ રાખ્યો. રાતની શાંતિમાં પ્રેમ ને ભક્તિથી ઉભરાતા હૃદયે મહાન સંત જ્ઞાનેશ્વરના ચરણમાં મેં અરજ કરી-

‘હે.....જ્ઞાનેશ્વર મહારાજ !

તમારું હોય ખરેખર સાચ, (૨)
સજીને બધો સાજ, મને તો દર્શન આપો આજ !
હે..............જ્ઞાનેશ્વર મહારાજ !'

'હે જ્ઞાનેશ્વર મહારાજ ! તમારો અતિથિ થઇને મંદિરમાં હું તમારે બારણે આવ્યો છું. પ્રેમથી તમારું સ્તુતિગાન ગાઇ રહ્યો છું. તમારામાં સત્યતા હોય, તો પ્રેમથી બહાર આવીને મને દર્શન આપો ને મારો સત્કાર કરો. હે જ્ઞાનેશ્વર મહારાજ ! તમારો જય હો !'

સમાધિ મંદિરમાં દિનરાત કીર્તન થાય છે. રાતની નીરવ શાંતિમાં પૂર્ણિમાના પ્રકાશની વચ્ચે મંદિર શોભી રહ્યું હતું. હાથમાં તંબુરો લઇને કરતાલના અવાજ સાથે આમતેમ આંટા મારતો એક ગાયક મંદિરના ચોકમાં ભજન ગાઇ રહ્યો હતો. કેવી અદ્દભુત દુનિયા ? જ્યાં રાતદિવસ હરિનામ ગવાય છે, કીર્તનના ધ્વનિથી વાતાવરણ ભરાઇ જાય છે, તે સ્થળમાં રહેવાનું ભાગ્ય પણ કેટલું મહાન છે ?

રાતનો સમય વીતતો જતો હતો. મારી આતુરતા પણ એની સાથે વધતી ગઇ. છેવટે મધરાત પછી જ્ઞાનેશ્વર મહારાજે મારા પર કૃપા કરી. થાંભલાને ટેકે બેઠો બેઠો ધીરે ધીરે હું નિદ્રાધીન થઇ ગયો. તે વખતે જ્ઞાનેશ્વર મહારાજે દર્શન આપ્યું. તેમણે મારા હાથમાં ફૂલ આપ્યાં ને કહ્યું કે 'આ વખતે દેવપ્રયાગમાં તમારું કામ થઇ જશે. ચિંતા કરશો નહિ.'

એ આશીર્વાદથી મને આનંદ થયે. જો જ્ઞાનેશ્વરે પ્રત્યક્ષ દર્શન આપ્યું હોત તો અત્યંત આનંદ થાત ને મારી જાતને હું પૂર્ણ કૃતાર્થ માનત. છતાં એક જ રાતમાં તેમણે એવી રીતે આશીર્વાદ આપીને મારા પ્રત્યે પ્રેમ દર્શાવ્યો તે પણ કેમ ભૂલાય ? સિદ્ધપુરુષો શું નથી કરી શક્તા ? ફક્ત તેમનામાં પૂરો વિશ્વાસ જોઇએ. દૃઢ વિશ્વાસ જ સાધનામાં મહત્વનો ભાગ ભજવે છે. પોતાની સમાધિ પછી લગભગ ૩૦૦ વરસે મહાત્મા એકનાથને સંત જ્ઞાનેશ્વરે સ્વપ્નમાં દર્શન આપીને આજ્ઞા કરેલી કે 'જ્યાં મેં સમાધિ લીધી છે ત્યાં વૃક્ષની એક ડાળ મને નડે છે. તમે તે આલંદી આવીને ઠીક કરી જાઓ.' એ પછી એકનાથ મહારાજ આલંદી ગયેલા ને ત્રણ દિવસ જ્ઞાનેશ્વર સાથે રહ્યા હતા, એ વાત સર્વવિદિત છે. ઇતિહાસની એ વાતો ખોટી નથી. ખોટ માત્ર તે વાતોને સમજવાની શક્તિની ને વિશ્વાસ કે અનુભવની છે. એ ખોટ દૂર થઇ જાય તો હજી પણ માણસ એવા અલૌકિક અનુભવોથી ધન્ય બની શકે. એ દિશામાં મારા જેવા નિર્બળ માણસના અલ્પ જેટલા અનુભવો સાક્ષીરૂપ છે. મારામાં કોઇ વિશેષ યોગ્યતા કે શક્તિ નહિ હોવા છતાં સિદ્ધપુરુષો ને 'મા' કૃપા કરે છે, તો પછી શક્તિશાળી ને સુયોગ્ય સાધકોના પર તો કેવી મહાન કૃપા થઇ શકે ? પરંતુ હે માનવ ! તારી મતિ ને તારું મન તેં વિષયરસથી રંગી નાખ્યું. આજીવિકા, માનમોટપ ને શરીરના ભોગો ભોગવવામાં મહામોંઘુ જીવન બરબાદ કરી નાખ્યું. ને દિવસ રાત સંસારના ક્ષણભંગુર પદાર્થો માટે મહેનત કરીને એક દિવસ આ સંસારમાંથી તું વિદાય થયો. આથી દસમા કે સોમા ભાગની મહેનત પણ તેં ઇશ્વરને માટે કરી હોત, ધ્યાન, ધારણા પ્રભુસ્મરણમાં થોડી વાર પણ ચિત્તને પરોવ્યું હોત, તો તું નશ્વર શરીરનો ઉપયોગ કરીને અમર બની જાત, હંમેશ માટે સુખી ને ઇશ્વરતુલ્ય બની જાત, ને જ્ઞાનેશ્વર મહારાજ, શુકદેવ, શંકર કે એકનાથ જેવા અનેક મહાપુરુષોની જેમ સ્વયં મુક્ત થઇને બીજાને મુક્ત કરવામાં મદદ કરી શકત. હજી પણ ચેતીશ ? સમય પર્યાપ્ત છે. ને તું ધારીશ તો એવી કોઇ વસ્તુ નથી જે આ મનુષ્ય-શરીરથી ઇશ્વરકૃપા દ્વારા ના થઇ શકે.

જ્ઞાનેશ્વર મહારાજના આશીર્વાદનો દિવસ તારીખ ૩-૪-૧૯૫૦ સોમવારનો હતો. એ પછી મુંબઇમાં જ્ઞાનેશ્વર, નિવૃત્તિનાથ એ ચારે ભાઇબેને આંતરજગતમાં મને પુનઃ દર્શન આપ્યું. મહાપુરુષોનું દર્શન અમોઘ હોય છે. મહાત્મા જ્ઞાનેશ્વર મહારાજનો જય હો ! જ્ઞાનેશ્વરનો જય હો !

☼ ☼ ☼ ☼ ☼

# ૧૦૯. કુંભમેળો

## (૧) શ્રી અરવિંદ વિશે વાર્તાલાપ

એ વરસે હિમાલયમાં હરિદ્વારમાં કુંભમેળો હતો. ચૈત્ર વદી અગીયારસને દિવસે છેલ્લું સ્નાનનું પર્વ હતું. તે સમયે હિમાલય પહોંચી જવા વિચાર હતો. સાથે સાબરમતીના ત્રણેક ભાઇઓ આવવાના હતા. એ માટે અમે ચૈત્ર વદી સાતમ-આઠમે વડોદરાથી પ્રસ્થાન કરવાનું નક્કી કર્યું.

પ્રસ્થાન કરવાની છેલ્લી સાંજે એક પ્રસંગ બન્યો. વડોદરાના એક પ્રતિષ્ઠિત વકીલ પોતાના કામે આવ્યા. તેમનો મેળાપ લોહાણા બોર્ડીંગમાં થઇ ગયો. માતાજીના ભાઇ રમણભાઇ તે બોર્ડીંગમાં કામ કરતા હોવાથી ઉતરવાનું અમે તેમને ત્યાં જ રાખ્યું હતું.

વકીલશ્રીને મારો પરિચય પહેલાં પણ એક વાર થઇ ચૂક્યો હતો. તેમની સાથે કેટલીક ધાર્મિક ચર્ચા થઇ. તે પોતે યોગીરાજ અરવિંદના ભક્ત પ્રશંસક હોવાથી તેમણે મને અરવિંદ વિશે પૂછયું, 'તમે અરવિંદ વિશે શું માનો છો ?'

પ્રશ્ન અજબ હતો. હમણાં જ મેં વકીલશ્રીને કહ્યું હતું કે, 'ગાંધીજીના વિદાય થવાથી ભારતના કર્મમાર્ગમાં સક્રિય રસ લેતું ને પ્રેરણા પાતું એક મહાન આધ્યાત્મિક બળ જતું રહ્યું છે તેની ખોટ હજી પૂરાયા વિનાની છે. ભારત ને સંસારની શાંતિ સમૃદ્ધિ માટે એવું બીજું વ્યક્તિત્વ ભારતે તૈયાર કરવાની જરૂર છે. એ વ્યક્તિત્વ સાધના દ્વારા પૂર્ણતાપ્રાપ્ત અને અલૌકિક શક્તિશાળી હોવું જોઇએ. સંસારમાં એવું વ્યક્તિત્વ લોકકલ્યાણ ને શાંતિના યજ્ઞમાં મહાન ફાળો આપી શકે, ને સ્વતંત્ર ભારતને વધારે સમૃદ્ધ ને સુખી કરવાની સાથે સાથે ભારત ને સારા વિશ્વમાં આધ્યાત્મિક સંદેશ પહોંચાડે. ગાંધીજીએ પોતાની રીત ને શક્તિ પ્રમાણે કાર્ય કર્યું હતું, પણ તે મહાન કાર્ય હજી અધૂરું છે. આ માટે ભારતે એક પ્રબળ આધ્યાત્મિક વ્યક્તિત્વ જગાવવું જોઇએ.' આના અનુસંધાનમાં તો તેમણે અરવિંદ વિશે આ પ્રશ્ન નહીં પૂછ્યો હોય ?

મેં કહ્યું, 'અરવિંદ એક મહાન પુરુષ ને યોગી છે. એથી વધારે એમના વિશે શું કહી શકાય ? તે સંસારના સમર્થ ચિંતક ને તત્વજ્ઞ છે.'

'એ તો બરાબર.' એ બોલ્યા, 'પણ તમને એમ નથી લાગતું કે તમે કહો છો તેવું વ્યક્તિત્વ શ્રી અરવિંદનું છે ? ભારતને દોરવા તે બહાર આવશે એમ તમે નથી માનતા ?'

મેં કહ્યું, 'તેમની સાધના વિશે કૈં નક્કર અભિપ્રાય આપવો મુશ્કેલ છે. કેમ કે તે વધારે ભાગે અજ્ઞાત છે. તે વિશે આપણને કડીબંધ સામગ્રી નથી મળતી. છતાં પણ એટલું જરૂર કહી શકાય કે આટલાં વર્ષના એકાંતવાસ ને પરિશ્રમ દ્વારા તેમણે ઘણી વસ્તુઓ સિદ્ધ કરી હશે. એક દિવસ તો એમના આશ્રમમાં એમના સાક્ષાત્કારનો દિન ઉજવાતો હતો. તે દિવસે તે દર્શન આપતા. પણ સાક્ષાત્કાર શબ્દ કેટલાય અર્થમાં વપરાય છે. સાક્ષાત્કારની અવસ્થા પણ ભિન્નભિન્ન છે. ગીતા કહે છે કે સાક્ષાત્કારની પરિપૂર્ણ અવસ્થા તે જ છે જે પ્રાપ્ત કર્યા પછી માનવને કશું પ્રાપ્તવ્ય રહેતું નથી. પરમ સુખ ને શાંતિથી ભરાઇને માનવ મુક્ત ને પરિપૂર્ણ બની જાય છે. તેનું વ્યક્તિત્વ ચૈતન્ય પરમાત્માના વિરાટ ચેતન સાથે એકાકાર થઇ જાય છે. એ દૃષ્ટિએ જોઇએ તો તેમનો સાક્ષાત્કાર વિકાસની અવસ્થા પૂરતો સમજી શકાય છે. કેમકે હજી સાધનાની ઇચ્છા

તેમનામાં શેષ રહેલી. અથવા એમ પણ હોય કે સાધના કરીને તેમણે પૂર્ણતા મેળવી હોય. તેમના વિશે કોઇ જરૂરી ને પ્રમાણભૂત માહિતી ના મળે ત્યા લગી કૈં જ કહી શકાય નહીં. પરંતુ એક વાત તો ચોક્કસ છે કે શ્રી અરવિંદ બહાર આવીને ભારત કે સંસારને દોરી શકશે એમ લાગતું નથી. આ વસ્તુ હું મારા અનુભવ ને આંતરપ્રેરણાના બળ પર વિશ્વાસ રાખીને કહી રહ્યો છું. હું પણ ઇશ્વરની કૃપાનો ભિક્ષુક થયો છું. ને મેં હિમાલયમાં થોડી ઘણી શક્તિ પ્રમાણે સાધના કરી છે. તેના જ આધાર પર વિષય નીકળ્યો છે ત્યારે આ અભિપ્રાય આપી રહ્યો છું. ગાંધીજી પછી સંસારને દોરવા શ્રી અરવિંદ આવશે એવું હું સ્વીકારતો કે માનતો નથી. ગાંધીજીના મૃત્યુ પછી રમણ મહર્ષિ, અરવિંદ અને એવા યોગીપુરુષોએ બહાર આવવું જોઇએ એમ જયપ્રકાશ નારાયણે એક નિવેદનમાં જણાવ્યું હતું. આમ થાય એ ઘણું સારું છે. શ્રી અરવિંદ પ્રત્યે ઘણા આશાની દૃષ્ટિથી જોઇ રહ્યા છે. પણ મારી અંતઃપ્રેરણા એથી ઉલટી જ છે. ભારતને એવી આધ્યાત્મિક વિભૂતિ સાંપડશે એ નક્કી છે. પણ તે વિભૂતિ બિલકુલ નવી જ હશે. વર્તમાનપત્રોની દુનિયા કે પ્રસિદ્ધિ દ્વારા જગત જેને પહેલેથી જાણતું ન હોય એવી એ વિભૂતિ હશે. દેવોને જે ફૂલ ચઢે તે કાંઇ રાજમહેલની શય્યા પર રાતે નાખેલાં ફૂલ ચઢતાં નથી, માળી તે ફૂલોને તાજાં ને તાજાં જ ઉપવનમાંથી ચુંટી લાવે છે. આ પુરુષ યુવાન હશે, મોટી ઉંમરનો કે વૃદ્ધ નહિ હોય. કારણ કે લાંબા સમય સુધી તે દેશ ને દુનિયા પર પ્રભાવ પાડી શકે તે જરૂરનું છે.'

વકીલને મારું વક્તવ્ય રુચિકર ના લાગ્યું. તેમનો શ્રી અરવિંદ વિશેનો વિશ્વાસ અફર હતો. તે કહેવા માંડ્યા, 'મને તો લાગે છે કે હવે વધુમાં વધુ પાંચ વરસમાં શ્રી અરવિંદનો યુગ આવવાનો છે. અરવિંદ બહાર આવશે એમ તેમના નજીકના શિષ્યો પણ કહે છે.'

'એ બધું ગમે તેમ હોય.' મેં કહ્યું, 'પણ મને જે લાગે છે તે હું તો કહી રહ્યો છું. આથી એમ ના માનશો કે મને અરવિંદ પ્રત્યે માન નથી. તેમની મેધા, કાર્યશક્તિ, ઇચ્છાશક્તિ બધું જ અદ્દભુત છે. તેમના વિચારો પણ સુંદર છે. તે મહાન પુરુષ છે. પણ એટલે જ કાંઇ તેમના વિશે ગમે તેવી વાત માની લેવાય ? રમણ મહર્ષિએ પણ એકવાર કહ્યું છે કે અરવિંદ જે ધારે છે તે થઇ શકશે નહીં. પણ તેમ માનીને નિર્માન થઇ કાંઇ બેસવાનું નથી. જે મહાન આદર્શ તેમને સુઝ્યો છે તે તેમને માટે વિચારકોમાં અસાધારણ આદરભાવ ઉત્પન્ન કરનારો છે. અનેક પુરુષાર્થીઓને તેમાંથી પ્રેરણા સાંપડશે એ નક્કી છે. તેમની મહત્તાનો તે પરિચાયક છે.'

થોડીવાર પછી તે ભાઇ બોલ્યા, 'પણ તમે જ જુઓને, અરવિંદનો જન્મ પંદરમી ઓગષ્ટે જ થયો છે. તેમના જન્મદિવસે જ તેમણે ભારતને આઝાદી અપાવી. વળી છેલ્લા વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રોને જીત પણ તેમણે જ પોતાના યોગબળથી અપાવી. આ વાત ખુદ અરવિંદે ને તેમના શિષ્યોએ જાહેર કરી છે. '

મેં કહ્યું, 'પણ તેને માનવાનું કોઇ પણ કારણ નથી. આપણે તે વિશે સ્વતંત્ર વિચાર તો કરવો જોઇએ ને ? છેલ્લી માન્યતાને માની લેવી ઠીક નથી. તેથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. વળી પંદરમી ઓગષ્ટે તો મારા જેવા સાધારણ માણસનો પણ જન્મ થયો છે અને એવાં કેટલાય બાળકો તે દિવસે જન્મ્યા હશે. તેટલા જ પરથી કોઇ આવો દાવો કરે તો માની લેવાય કે ? હા, આઝાદી મળ્યા પહેલાં ભારતની આઝાદીનો દિવસ શ્રી અરવિંદે જાહેર કર્યો હોત તો કૈંક માનવાનું કારણ રહેત. કૈંક એટલા માટે કે ભારતની આઝાદી ઇશ્વરની

મંગલમયી ઇચ્છાને જ આભારી છે એમ માનવું વધારે સારું ને હિતાવહ છે. બાહ્ય રીતે તેમાં ગાંધીજીનો ફાળો સૌથી મહત્વનો છે.'

એ પછી અમારે બીજી વાતો થઇ. છેવટે તેમણે કહ્યું, 'અરવિંદ આશ્રમવાળા શ્રી અંબાલાલ પુરાણી અહીં ચારપાંચ દિવસમાં આવવાના છે. ત્યાં લગી તમે અહીં રહો ને તેમને મળો તો તમારી શંકાનો તે બરાબર ખુલાસો કરી દેશે.'

મેં કહ્યું, 'મારે કોઇ શંકા જ નથી પછી પૂછવાની કે ખુલાસો મેળવવાની જરૂર ક્યાં રહે છે ? મારી શંકાના ઉત્તર કૃપાળુ પરમાત્મા મને એક યા બીજી રીતે આપી દે છે. તમારે કોઇ શંકા હોય તો તેમને પૂછી લેજો. હા, સહેજે મળાતું હોય તો તેમને મળવાનું ગમે. પણ કાલે હિમાલય માટે પ્રસ્થાન કરવાનું નક્કી જ કર્યું છે.'

છેલ્લે મેં કહ્યું, 'વાત તમે પૂછી છે ત્યારે જે સાચું લાગ્યું છે તે જ મેં કહ્યું છે. એનો અર્થ એમ નથી કે અરવિંદ પ્રત્યે મને ઓછું માન છે. મારો વિરોધ તેમને માટેની ખોટી માન્યતા પ્રત્યે છે. તે પોતે ભારત ને સંસારના મહાપુરુષ છે, ભારત ને સંસાર તેમના ઋણી છે એમાં શંકા નથી, મારા અંતરમાં તેમને માટે ભારે આદરભાવની લાગણી છે.'

વકીલને એ વાર્તાલાપથી તે વખતે શું થયું તે તો તે જાણે. કદાચ તે મને વિચિત્ર માન્યતાનો માની બેઠા હશે. પણ એ પ્રસંગ પછી આઠેક મહિને મહાન યોગી શ્રી અરવિંદનું દેહાવસાન થયું, તે સૌ જાણે છે. એ વિશે આપણે આગળ પર વિચારીશું. અહીં તો એટલું જ કહું છું કે આના પરથી કોઇ મને ભવિષ્યવેત્તા ના માને. તેવા હોવાનો કે મનાવવાનો મારો દાવો યે નથી. હું તો એક સાધારણ અપૂર્ણ માણસ છું. ને જે મને ઇશ્વરકૃપાથી અંતઃપ્રેરણા દ્વારા સમજાય છે તે જ માનું છું ને બોલું છું. 'મા'ની પ્રેરણા પર મને પરમ શ્રદ્ધા છે. પણ એ વાત જવા દઇને હવે કુંભમેળાનાં દર્શને ઉપડીએ.

## (૨) કુંભમેળો

દિલ્હીથી મોટરમાં અમે હરિદ્વાર પહોંચી ગયાં. તારીખ ૧૩ એપ્રિલે હરિદ્વારમાં કુંભનું સ્નાન હતું. અમે એક દિવસ આગળથી હરિદ્વાર પહોંચ્યા. તે દરમ્યાન માર્ગમાં જ્વાલાપુર પાસે કોલેરાનું ઇન્જેકશન પણ અમારે લેવું પડ્યું. ઉત્તર પ્રદેશની સરકારે એને માટે સારી ને ચોક્કસ વ્યવસ્થા કરી હતી.

હરિદ્વાર કેટલું સુંદર છે ? ગંગાને કિનારે વસેલું હોવાથી તે વધારે રમણીય લાગે છે. આજ લગી જે પર્વતપુત્રી હતી તે ગંગાજી હરિદ્વારમાં પ્રથમ જ વાર એટલી મોકળી થઇને વહેવા માંડે છે. પર્વતોની શરૂઆત ને ગંગાનું દર્શન એવું ભાન કરાવે છે કે પ્રવાસીએ હિમાલયમાં પગ મૂક્યો છે. બાકી મકાન, માણસો, માર્ગો બધું હવે તો આ પ્રદેશમાં ઇતર પ્રદેશો જેવું જ થઇ ગયું છે. હિમાલયની તળેટીમાં પ્રાચીન કાળમાં જે ઋષિમુનિના આશ્રમો હતા, તેને બદલે ભાડુતી મકાનો, દુકાનો ને પરિવાર થઇ ગયાં છે. તેમાંયે આજે તો પૂછવું જ શું ? કુંભમેળાનો આનંદ લુંટવા લાખો લોકો ઉમટી પડ્યાં છે. તલમાત્ર જગા નથી. હરિદ્વારની સુરત જ બદલાઇ ગઇ છે. 'ગંગા મૈયાકી જય'ના જયઘોષ સાથે લાખો ભાવિક લોકો ગંગાઘાટ તરફ જઇ રહ્યા છે. વચ્ચે વચ્ચે ધર્મમંડલો ને સાધુસંતોના તંબુ છે. ત્યાં કથાવાર્તા, કીર્તન, ઉપદેશ બધું થયા કરે છે. ભારતીય સાધુસંપ્રદાય ને લોકોની ધર્મરુચિનું વિવિધ ને જીવંત ચિત્ર અહીં જોવા મળે છે.

આટલા બધા માણસોની વ્યવસ્થા કરવાનું કામ કપરું છે. પણ બધા જ્યાં ફાવે ત્યાં ગોઠવાઇ જાય છે. અમે ગુજરાતી ધર્મશાળામાં આશ્રય લીધો. સાંજે સ્નાનાદિથી પરવારીને બહાર ફરવા નીકળ્યા. લોકોની ભીડમાંથી માર્ગ કાઢવાનું કામ ખૂબ જ કપરું હતું. કીડીથી પણ ધીરા વેગે પગ મૂકીને આગળ વધવું પડતું. ગંગાઘાટ પર તો અપાર ભીડ હતી. કોઇ સ્નાન કરતાં, કોઇ ઠેકઠેકાણે થતા ઉપદેશ-પ્રવચનમાં સામેલ થતાં, તો કોઇ ઘાટ પરનાં મંદિરોમાં જતાં. એ બધી શોભાને નિરખીને ઊભા રહેનારા લોકો પણ ઘણા હતા. સ્વયંસેવકોની વ્યવસ્થા ઘણી સારી હતી. પણ બાર વરસે આવેલા આ મહાન પર્વનું પુણ્ય મેળવવા આવેલા લોકો વ્યવસ્થાની પરવા કરે તેમ ન હતા.

ભોજનથી પરવારીને અમે ધર્મશાળામાં આવી પહોંચ્યા. રાતનું દૃશ્ય સુંદર હતું. ગંગાકિનારે બંને બાજુ દીપમાળાની શોભા અજબ હતી. ધર્મને જીવનનો પ્રાણ માની બેઠેલા વિદ્વાનો ને સંતપુરુષો રાતે પણ ઉપદેશ આપતા હતા. એ માટે લાઉડસ્પીકરની વ્યવસ્થા હતી. 'ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ ગોવિંદમ્ ભજ મૂઢમતે'ના પડછંદા વાતાવરણમાં ફરી વળતા. સારું છે. ગોવિંદને ભજવાની જરૂરત જીવનમાં ઘણી જ છે. એ ભજવું એટલે કેવળ બોલવાનું કે ગાવાનું નથી પણ જીવનમાં ઉતારવાનું છે. જીવનને ઇશ્વરાભિમુખ બનાવવાથી માણસને અપાર યશ મળી શકે છે. જીવન જ્યારે ઇશ્વરાભિમુખ બનશે ત્યારે આપણા દર્દોનો કાયમી કામયાબ ઇલાજ સાંપડી જશે. જો બધા જ સાચા ધર્મનું આચરણ કરે, તો સંસારમાંથી અનીતિ, અન્યાય, અધર્મ ટળી જાય ને સત્યતા, પ્રેમ, સહકાર કે નિર્ભયતા માણસ માત્રમાં આવી જાય. આજે જે અન્યાય કે ઘર્ષણ થઇ રહ્યા છે તેનાં બાહ્ય કારણો ગમે તે હોય, મૂળભૂત કારણ માનવનો સ્વાર્થ, મદ ને લાલસા છે. સાચા ધર્મના આચરણ દ્વારા એક એબ ટળી જાય છે, ને માનવ નિસ્વાર્થ, નમ્ર ને સત્યપરાયણ બને છે. આ માટે ધર્મનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. ને ધર્મનો સ્વીકાર થયો એટલે જગતનું એક માત્ર ચેતન તત્વ-ઇશ્વરનો પણ સ્વીકાર કરવો જ પડવાનો, કેમ કે માણસના વ્યક્તિગત વિકાસની પૂર્ણતાને માટે તેવો સ્વીકાર આવશ્યક છે. ઇશ્વર પૂર્ણતા, મુક્તિ, શાંતિ એ બધાનું બીજું નામ છે, ને માનવજીવનનો આદર્શ તે જ છે. પૂર્ણતાના એવા અંતિમ આદર્શના સ્વીકાર વિના જીવન ને તેના વિકાસનો કોઇ જ અર્થ નથી રહેતો.

પરંતુ એવા આદર્શના કેવળ સ્વીકારથી કાંઇ જ વળશે નહિ. જીવનની વાસ્તવિકતા પ્રત્યે આંખમીંચામણા કરીને કેવળ આદર્શનું રટણ કરવાનો કશો અર્થ નથી. ધર્મ ને ઇશ્વરના આદેશ પ્રમાણે જીવનને બનાવવું પડશે. તો જ જરૂરી હેતુ સરી શકશે. ગોવિંદને ભજવાના છે ખરા પણ તે માટે સંસારના બીજા જે પદાર્થોને આપણે ભજી રહ્યા છીએ તેમાંથી મન ખેંચી લઇને ગોવિંદમાં લગાડવાનું છે. આમ કરીને માત્ર ગોવિંદને જ હૃદયમાં સ્થાન આપવાનું છે. આ કહેવું સહેલું છે, કરવું અઘરું છે. પણ અનેક બડભાગી આત્માએ તે કરી બતાવ્યું છે. તે કરવામાં જ જીવનની સાર્થકતા છે.

આજે તો ગંગા કિનારે ગવાતા આ શબ્દો વાતાવરણમાં વિખરાઇ જાય છે. જ્યાં બોલાય છે ત્યાં ને જે બોલે છે તેના દિલમાં ગોવિંદનું ભજન થઇ રહ્યું છે ? આપણી પાસે ઉપદેશો, ધર્મગ્રંથો, સંતમહાત્માઓ, કશાની ખોટ નથી. ધર્મના વારસામાં આપણે હજારો વરસોથી ઘણું ઘણું મેળવ્યું છે. તે વિના આપણામાં ચૈતન્ય આવે તેમ નથી.

ક્યાંક ભજન ગવાય છે, ક્યાંક કીર્તન થાય છે. ગંગામાતાને કિનારે આમ મોટો ઉત્સવ થઇ રહ્યો છે. આકાશના તારાઓ આ મંગળ મહેફિલ જોઇ રહ્યા છે. હજારો વરસોથી હિમાલયમાં વસતા ઋષિમુનિનાં તપ ને ભારતનું ઉત્થાન-પતન તેમણે જોયા કર્યું છે. આ બધું જોઇને તેમને શા શા વિચાર થતા હશે ? ખુલ્લી અગાશીમાં બેસીને અમે પણ પ્રાર્થના કરી લીધી.

બીજે દિવસે મને ફરવાનું મન ના થયું. હરિદ્વાર ઘણી વેળા જોયું હતું. વારંવાર ભીડમાં થઇને જવાની ઇચ્છા ન હતી. વળી સ્નાન કરવા માટે ગંગાજી ધર્મશાળાની પાછળ જ હતી. સવારે ધર્મશાળાની બહાર નાસ્તા માટે ગયા. ત્યાં જ પેલા કેનેડિયન મહાત્માનો ભેટો થઇ ગયો.

એ મહાત્મા કેનેડાના વતની હતા. છેલ્લા દોઢેક વરસથી તે ભારતમાં સંતપુરુષોને મળવા ને શાંતિ મેળવવા તેમજ ભારતનું દર્શન કરવા આવેલા. રમણ મહર્ષિ, કાશી ને બદરીનાથથી પાછાં ફરતાં ગયે વર્ષે મારી બિમારીમાં તે મને મળવા આવેલા. તેમની જિજ્ઞાસા ને તિતિક્ષા સારાં હતાં. અંગ્રેજી ભાષા વિના અન્ય કોઇયે ભારતીય ભાષા તે જાણતા નહિ. તેમને ફરી મળીને મને આનંદ થયો. તેમને ભોજન કરાવીને બપોરે અમે ઉતારા પર આવતા હતા ત્યાં તો જણાયું કે આજે સંતસાધુઓનું સરઘસ નીકળવાનું છે. થોડીવારમાં સરઘસ આવી પહોંચયું. હજારો સાધુઓ-ભગવા વસ્ત્રધારી તેમ જ નગ્ન-વિવિધ સરઘસના સ્વરૂપમાં આવી રહેલા. એમાં સ્ત્રીઓ એટલે ભગવા વસ્ત્રધારી સાધ્વીઓ પણ સામેલ હતી. જે મહાત્માઓના દર્શન પહેલાં ખૂબ જ દુર્લભ હતાં, માણસોને તેમને માટે ખૂબ જ શોધ કરવી પડતી, તે મહાત્માઓ આમ ઉઘાડે છોગે સરઘસના રૂપમાં જનતાને કૃતાર્થ કરવા નીકળ્યા હતા. ભારતની આમ જનતાનું માનસ પણ અહીં સારી પેઠે જોવા મળતું. મહાત્માઓ પસાર થતા તે માર્ગની ધૂળ લોકો અત્યંત આદરથી લઇને કપડે બાંધી લેતા. લોકો હિમાલયના સાધુઓને જોઇને ધન્ય બની જતા. હિમાલયની કંદરા ને ગુફાઓમાંથી સંતપુરુષો ને તપસ્વીઓ ઉતરી આવ્યા છે એમ લોકો કહેતા ને વર્તમાનપત્રો એવા સમાચાર છાપતાં. લોકોને શી ખબર કે હિમાલયની કંદરાઓ હવે તો સૂની છે ? હરિદ્વાર ને ઋષિકેશ એટલે હિમાલયના પર્વતીય કષ્ટપ્રદ ભોગરહિત ને વિજન પ્રદેશમાં ઉત્તરકાશી છોડતાં ભાગ્યે જ કોઇ સ્થળે કોઇ એકલદોકલ સાધુ કે મહાત્માનાં દર્શન થઇ જાય છે. એમાં પાણીદાર મોતી જેવા તપસ્વી મહાત્માઓ પણ કોઇક વાર મળી આવે છે. અહીં પણ હરિદ્વાર ને ઋષિકેશમાં લોકસમૂહમાં ને તેથી દૂર સપ્તસરોવર તરફ એકાંતમાં એવા મહાત્મા જરૂર હશે, જે વાસ્તવિક રીતે મહાન હોય. પણ જેમની પવિત્ર દુઃખવિદારક ચરણધૂલિ આટલી સસ્તી ના જ મળી શકે તેવા મહાનપુરુષોની પણ ભારતમાં ખોટ નથી. મહાન તપસ્વીઓ ભારતમાં હજી પણ મળી આવે છે, પણ તેમને મેળવવા આકાશપાતાળ એક કરવું જોઇએ, સાચી ભૂખ જગાવવી જોઇએ અને અધિકારી થવું જોઇએ.

અત્યારે તો આ સરઘસમાં જ સંતોષ માનીને હજારો સ્ત્રીપુરુષો ભારતની સાધુપુંજીને જોઇ રહ્યાં છે. કેનેડિયન મહાત્મા પણ આ બધું આશ્ચર્ય સાથે અવલોકી રહેલા. તેમને માટે આ દૃશ્ય ભારતમાં પહેલું જ હતું. સંસારમાં બીજે તો મળે જ ક્યાંથી ? સરઘસ પૂરું થયું ત્યારે મેં તેમને પૂછયું કે આ જોઇને તમને શું વિચાર આવ્યો ? સાધુઓ વિશે તમને શું લાગ્યું ? તેમણે કહ્યું કે દુઃખ, દરિદ્રતા અને અજ્ઞાનનું પ્રતીક આ સાધુઓના સ્વરૂપમાં દેખાય છે.

તેમના શબ્દોમાં ભારે રહસ્ય સમાયેલું. એક સાધુપુરુષ ભારતની બહાર સંતસાધુ વિશે આવા અભિપ્રાયને લઇને જાય તે ઠીક ગણાય ખરું ? ઢાલની બીજી બાજુનો ખ્યાલ પણ તેમને હોવો જોઇએ. મેં કહ્યું, 'આ સરઘસના સાધુઓને જોઇને ભારતના સંતમહાત્માઓ વિશે કોઇ ચોક્કસ અભિપ્રાય બાંધી ના લેતા. ભારતમાં મહાત્માઓ પણ વસે છે. જે સાચા અર્થમાં મહાત્મા છે, તેવા પણ તમને મળ્યા હશે ને મળશે. ભારતની આધ્યાત્મિકતાનો વિચાર કરતી વખતે આવા ક્ષણિક દૃશ્યોની આડમાં એવા વીતરાગ મહાત્માઓને ભૂલશો નહીં. વળી આ સરઘસમાં પણ કોઇ મહાન સંત નહિ હોય તેની શી ખાતરી ?'

મારી વાત તેમને ગળે ઉતરી ગઇ. મને એ જોઇને સંતોષ થયો.

બીજે દિવસે તારીખ ૧૪મી એપ્રિલે અમે હરિદ્વાર છોડ્યું. અત્યંત ભીડમાંથી જેમતેમ માર્ગ કરીને અમે ટ્રેનમાં જગા મેળવી. ઋષિકેશમાં શાંતિ હતી. બે દિવસ ત્યાં રહીને એક સવારે અમે દેવપ્રયાગની મોટર પકડી. હવે અમે શાંત એકાંત હિમાલયના દર્શને જતા હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૦. શાંતાશ્રમની તપોભૂમિમાં

શાંતાતટનો પવિત્ર એકાંત આશ્રમ ! આખરે અમે આશ્રમમાં આવી પહોંચ્યા. હિમાલયની દિવ્યભૂમિ હવે પહેલાં જેવી રહી નથી. શાસ્ત્રોમાં હિમાલયનું વર્ણન આવે છે. તેમાં આવે છે કે ઋષિમુનિઓ ફળફુલ ખાઇને રહેતા, ઠેરઠેર તેમના આશ્રમોમાં યજ્ઞ તેમ જ ગૌસેવા થતી. આજે તો ઋષિમુનિના એ આશ્રમોને હજારો વરસો થઇ ગયા છે. કાળના વહેવાની સાથે એ બધું અનંતમાં વિલીન થઇ ગયું છે. આજે તો ફળફુલ દેખાતાં નથી. દેવપ્રયાગમાં બિમાર પડો તો પણ ફળ માટે મુંઝાવું પડે છે. હરણ કે ઝરણું આજે ભાગ્યે જ દૃષ્ટિએ પડે છે. ઉત્તરાખંડના ગ્રામવાસીઓને પાણીનો ત્રાસ ઘણો જ છે. ને માણસો પણ ઋષિમુનિની તપોભૂમિમાં જન્મ્યા છતાં સંતસેવા કે મહાત્માઓના સન્માનની બાબતમાં કેટલેક સ્થળે ઉદાસીન છે. મહાત્માઓની સેવા માટે ગામ લોકો તરફથી ખાસ સ્વૈચ્છિક પ્રબંધ આ પ્રદેશમાં કૈં નથી. ને તેથી જ, ઋષિકેશ છોડો એટલે બહુ જ ઓછા સંત સાધુઓ અન્નક્ષેત્રના પ્રબંધ વિનાના સ્થળોમાં રહે છે. પ્રાચીન વારસાને ચિરંજીવ રાખીને રહેનારા સંતસાધુમાં પણ સાધનાનો મર્મ જાણનારા બહુ થોડા દેખાય છે. વધારે ભાગે ભિક્ષા ને વેદાંતના ગ્રંથોનું શ્રવણમનન એ જ સંતમહાત્માઓની વિશેષતા રહી છે. તપસ્વી ને યોગીઓની સરખામણીમાં આ પુંજી ઘણી જ મોટી છે, ને સાધારણ માણસોએ આ જ સાધુપુંજીને મળીને કૃતાર્થ થવાનું કે ધર્મ ને સંન્યાસ પ્રત્યે વધારે ઉદાસીન થવાનું રહે છે.

આ બધી વાતને બાજુએ મૂકીએ તો કુદરતી સૌન્દર્ય અને એકાંતનો આનંદ અહીં ઘણો છે. પતિતપાવની ગંગાના પ્રવાહથી ચિરપાવન થયેલી આ ભૂમિ ખૂબ જ પવિત્ર ને મંગળ લાગે છે. માણસના હૃદય પર તેની ઊંડી છાપ પડ્યા વિના રહેતી નથી. આ ભૂમિમાં ઇશ્વરેચ્છાથી પ્રેરાઇને આજે કેટલાય વખતથી હું વસી રહ્યો છું. રાજમહેલથી વધારે આનંદ મને અહીં અનુભવાય છે. જો કે આ આનંદ અંતિમ નથી, કેમ કે મારે કરવાનું કામ ઘણું જ મોટું છે.

પર્વતની એકાકી ખીણમાં મારે માટે આ સ્થળ પ્રભુએ પસંદ કરી રાખ્યું છે તે તેની કેવી કૃપા છે ! તેમાં આશ્ચર્ય થાય તેમ છે ને નથી. નથી એટલા માટે કે ઇશ્વરની યોજના પ્રમાણે બધું થયા કરે છે ને માણસે તેમાં નિમિત્ત બનવાનું હોય છે. ભારતની ફિલસૂફીની એ એક વિચારધારા છે. તેમાં કેવળ નિયતિવાદનો સ્વીકાર નથી, પરંતુ પુરુષાર્થ કરવાની યોગ્ય ભૂમિકાનો સૂર છે. અહીં વનમાં બધે આંબાવાડિયું છે. જે કલમી આમ્રવૃક્ષની નીચે આ કુટિર બંધાઇ છે તે વૃક્ષરાજને પણ ધન્ય છે. તેની શોભા અપાર છે. તેની શીતળ છાયા નીચે બેસીને મેં કેટલાય વિચારો કર્યા છે, સાધના કરી છે, હૃદયના મંથનો અનુભવ્યાં છે અને અવનવીન અનુભવો મેળવ્યા છે. એ બધા જ અનુભવોની ધન્યતારૂપ સાધનાના મંદિર પર સિદ્ધિનો સોનેરી કળશ ચઢતાં આ વૃક્ષરાજ ને વન પણ કૃતાર્થ થઇ જશે. એક મહાન ઇતિહાસ તેમની નજર સામે બનેલો તેમને યાદ રહી જશે. આ પર્વતો, શાંતા નદી ને પક્ષીના સમૂહો પોતાની અસ્પષ્ટ ભાષામાં એ ધન્ય ઘડીની પ્રસન્નતાને પ્રકટ કરતાં આનંદથી ઊભરાઇ ઊઠશે. ધન્ય છે હિમાલય ! તારી ગોદમાં આટલાં વર્ષો રહીને મારી કાયા પણ કૃતાર્થ થઇ ગઇ. જગતમાં મારું આવવું ને જીવવું સફળ થઇ ગયું ! ધન્ય છે પતિતપાવની ગંગા ! તારા પ્રદેશમાં વસીને મારી જુવાનીનો જે બધો કાળ આત્મકલ્યાણ ને વિશ્વહિતની સાધનામાં વીત્યો તે મહાન ફળદાયક બની ગયો. મારે માટે ગૌરવરૂપ ને સફળ થઇ ગયો. આ જગતમાં આવીને અનેક નિર્ધનની જેમ સ્ત્રી, ધન ને વાહવાહમાં આસક્ત થઇને મેં ખાલી હાથે વિદાય લીધી નથી, પણ પ્રાચીન તપસ્વી ને ઋષિમુનિઓની કૃપાથી જીવનની પચ્ચીસીમાં જ તેમને પગલે ચાલીને પૂર્ણતાના પંથની

ઝંખના કરી છે, અને આવા અલૌકિક પ્રદેશમાં રહીને પ્રકાશ ને પૂર્ણ પ્રકાશની ઉત્તરોત્તર આરાધના આદરી છે. મારા જીવનને તમારી કૃપાથી આલોકિત કરજો, ને તમારો સહવાસ આજીવન કાયમ રાખી તેમાંથી મેળવેલી શક્તિનો 'બહુજનસુખાય બહુજનહિતાય' અનેકને માટે ઉપયોગ કરજો એ જ માગું છું.

હિમાલયના પાવન પ્રદેશમાં આવી આવી ભાવના વચ્ચે મારા દિવસ વીતતા હતા.

થોડા દિવસ પછી મારે અચાનક ચંદ્રવદની જવાનું થયું. મુંબઇથી એક ઉપાસક બદરીનાથ યાત્રા માટે આવ્યા હતા. એમના આગ્રહથી મેં ચંદ્રવદની જવાનું ઠરાવ્યું. માતાજીને એ દરમ્યાન ભાઇ મગનલાલને ત્યાં રાખ્યાં. માતાજીએ મારી સાથે હિમાલયમાં અત્યંત આનંદપૂર્વક વસવાટ કર્યો હતો. મારે લીધે તે પણ એકાંતનાં કષ્ટોને વધાવીને પ્રભુસ્મરણમાં આનંદ માનતાં. મારાથી ત્રણ દિવસ માટે હિમાલયમાં તે આ પહેલી જ વાર છૂટાં પડ્યાં.

ચંદ્રવદની દેવીનું સ્થાન છે. પર્વત પર લગભગ ૭૦૦૦ ફીટની ઊંચાઇ પર આવેલું છે. દેવપ્રયાગથી ૧૭-૧૮ માઇલ દૂર છે. યાત્રા માર્ગથી એકદમ અલગ હોવાથી ત્યાં જવાનો રસ્તો તદ્દન પગદંડી જેવો છે. જતી વખતે ખચ્ચરની વ્યવસ્થા હતી, એટલે મને ખચ્ચર પર બેસવા મળ્યું. તેથી ચાલવાનો શ્રમ જણાયો નહિ. ચંદ્રવદનીના મંદિરમાં મૂર્તિ નથી પણ યંત્ર છે. મંદિર પ્રાચીન છે. પર્વતના શિખર પર બંધાયું હોવાથી સામે હિમાલયના હિમાચ્છાદિત પર્વતો દેખાય છે. ગઢવાલના અનેક પહાડો તથા પ્રદેશો જોવા મળે છે. ઉનાળાનો વખત હોવા છતાં એ સ્થળની ઠંડી સખત હતી.

પાછા ફરતાં અમારે ચાલીને આવવું પડ્યું, કેમ કે પર્વતની ઉતરાઇમાં ખચ્ચર સારી પેઠે ચાલી શકે નહિ. ચાલતી વખતે લાકડી સારી રહે છે. તેનાથી ચાલવાનો શ્રમ ઓછો થાય છે. મારી પાસે ખચ્ચરવાળાની લાકડી હતી. રસ્તામાં ખચ્ચરવાળાએ તે માગી. તેણે કહ્યું, 'મારે ખચ્ચર હાંકવા લાકડીની જરૂર છે.' મેં કહ્યું, 'તેવી લાકડી તો રસ્તામાંથી બીજી પણ કાપી શકાશે.' એટલે તે કાંઇ બોલ્યો નહિ.

ખચ્ચરવાળો માણસ પ્રેમી હતો. મારી પાસે તે વારંવાર આશીર્વાદની માગણી કરતો. બીજે દિવસે સવારે તેણે ફરી લાકડી માગી. મેં કહ્યું, 'તું એક લાકડીને તે પણ દેવપ્રયાગ સુધી ચાલવા માટે આપી શકતો નથી; તો મારી પાસે જીવનભરને માટે આશીર્વાદ માગે છે તે ક્યાંથી મળશે ? આશીર્વાદની આગળ લાકડી તો બહુ નાની વસ્તુ છે. મોટી વસ્તુ લેવા નાની વસ્તુનો ત્યાગ પણ તું કરી શકતો નથી.'

ત્યારે ખચ્ચરવાળાએ માગવાની વાત પડતી મૂકી. તેનું હૃદય સરળ હતું. એટલે મારા શબ્દો તેની સમજમાં આવી ગયા. અર્ધે માર્ગે જઇને મેં તેને લાકડી આપી દીધી.

વાત ઘણી નાની છે, પણ તેમાં ઊંડું રહસ્ય છે. ખચ્ચરવાળાનું માનસ આપણામાંના વધારે ભાગના માણસોના માનસનું પ્રતિનિધિત્વ જ રજૂ કરે છે. આપણે બધા જ વિના ભોગે મહાપુરુષો ને ઇશ્વર પાસે ઘણી મોટી કૃપા માગી રહ્યા છીએ, ને માગતાં અચકાતાં નથી. પણ બદલામાં આપણો શો ધર્મ છે તે ભાગ્યે જ વિચારીએ છીએ. આપણી યોગ્યતાનો લગીર પણ પડઘો આપણે પાડવો જ પડે છે.

*

શાંતાશ્રમમાં દિવસો આશામાં ને ઉમંગમાં વીતી જતા હતા.

એ દિવસો દરમિયાન એક અગત્યનો, અતિશય કરુણ બનાવ બની ગયો. ભારતના મહાન સિદ્ધ પુરુષ શ્રી રમણ મહર્ષિનું દેહાવસાન થયું. મહર્ષિનું દેહાવસાન તારીખ ૧૪મી એપ્રિલે થયું. પોતાના શરીર ત્યાગ પહેલાં તેમણે

મને વારંવાર સૂચના આપેલી તે વાત મેં આગળ પર કહી દીધી છે. તેમના જવાથી ભારતના આધ્યાત્મિક જીવનને એક મોટી ખોટ પડી. રમણ મહર્ષિ ભારતીય સાધનાના મહાન પ્રતિનિધિ હતા. તે પોતે તો મુક્ત ને પૂર્ણ હતા, પણ અનેક સાધકોના પ્રેરણાસ્થાન હતા. તેમના દેહત્યાગથી તે સ્થાન બંધ પડ્યું. મને મહર્ષિએ પ્રેરણા આપીને કહેલું તે પ્રમાણે તેમણે સાંજે છ વાગ્યા પછી એટલે કે સાંજે ૮ને ૪૭ મિનિટે શરીર છોડ્યું હતું. અદ્યતન ભારતના સિદ્ધ પુરુષોમાંથી જેમણે મારા પર પ્રેમ રાખ્યો હતો ને દૂર હિમાલયમાં પણ મારી સાથે સંબંધ સ્થાપીને અવારનવાર મારો પ્રેમ ને આદર પ્રાપ્ત કર્યા હતાં તે સિદ્ધ પુરુષોમાં ભગવાન શ્રી રમણ મહર્ષિ પ્રથમ શ્રેણીના સિદ્ધ પુરુષ હતા.

દેવપ્રયાગનો વસવાટ ખૂબ જ કઠોર કહી શકાય તેવો રહ્યો. એવા સ્થળમાં રહી ભોગ કે સુખની આશા તો કોઇ રાખી શકે તેમ ન હતું. પરંતુ મુશ્કેલીઓ અપાર સ્વરૂપમાં એ વખતે ઊભી થઇ. એક રાતે માતાજી સુતા હતાં, ત્યારે તેમને વીંછી જેવું કંઇક કરડ્યું. બેટરી કરીને જોયું તો કાંઇ જ ના મળે. જમીનનું લીંપણ ફાટી ગયું હતું. તેમાંથી કોઇક વીંછી જેવો જીવ સહેલાઇથી નાસી જઇ શકે તેમ હતું. માતાજીને પગે અપાર વેદના થવા લાગી, મધરાત જેટલો સમય થયો હશે. તે જ વખતે નીચે જઇને મગનલાલને ત્યાં રહેતા કમ્પાઉન્ડર પાસે બે ઇન્જેકશન મૂકાવ્યા. પછી આશ્રમ પર આવ્યા. છેવટે બીજે દિવસે કેટલીક ઉલટીઓ થયા પછી તેમને આરામ થયો.

ત્યાં તો વરસાદના દિવસોમાં એક દિવસ તેમની પથારી પાસે જ છાપરાનાં લાકડામાંથી સાપ પડ્યો. એ વખતે પણ રાતનો વખત હતો. ગમે તેમ કરીને એ સાપને બહાર ખીણમાં નાખી દીધો. પણ માતાજીને એવા બનાવોથી ભય લાગવા માંડ્યો. વરસાદના દિવસોમાં શાંતાશ્રમ રહેવા માટે અયોગ્ય બની રહેતો. કેમ કે ઓરડામાં પાણી પડતું. માત્ર બેસવાની જગા કોરી રહેતી. પણ એવી રીતે તો મેં કેટલાંય ચોમાસાં કાઢી નાખેલા. સાધનાની ધગશમાં, સુખ કે દુઃખ, સલામતી કે કષ્ટ, કૈંજ જોયા વિના એ સ્થળમાં મેં કેટલાય દિવસો પસાર કરી દીધેલા. તેમાં વળી છેલ્લા બે વરસથી એક નવીનતા ઊભી થઇ હતા. પહાડી જંગલમાં કીડા જેવું નાનું એક જીવડું થાય છે. એ જીવડું પાંખોવાળું હોવાથી ઊડી પણ શકે છે. એને પર્વતોમાં 'મિનારા' કહે છે. વરસાદના દિવસોમાં એ જીવડું છાપરાના લાકડામાં પેસી જાય છે. માટીના રંગનું હોવાથી તે જલદી નજરે પડતું નથી. ને માટીમાં મળી જાય છે. રાતે દસેક વાગ્યા પછી તે બોલવાનું શરૂ કરે છે. તે ઠેઠ ત્રણ-ચાર વાગ્યા સુધી બોલ્યા જ કરે છે. એ બોલવાનું ખૂબ જ ભયંકર હોય છે. જંતુ એવી તો ચીસ પાડે છે કે વાતાવરણ ખૂબ જ બિહામણું લાગે છે. જાણે મોતના મુખમાં હોય તેવી રીતે બોલે છે. યોગીઓનો સાધનાનો સમય તે તેનો ચીસ પાડવાનો વખત હોય છે. એને લીધે રાતે સાધનભજન કરવાનું કઠિન બની જાય છે. પર્વતીય પુરુષો પાસેથી 'મિનારા'નું વર્ણન સાંભળ્યા પછી એક રાતે છાપરા નીચે બાંધેલું ચાદરું ઉઘાડીને અમે 'મિનારા'ને બેટરીના પ્રકાશમાં પકડ્યું ને બહાર નાખી દીધું. એ રીતે ચારેક મિનારાને પકડ્યાં. પછી તો રોજ અવાજ આવે ત્યારે સાવધ થઇને એવી રીતે તેને પકડી લેતા. એથી અમારી મુશ્કેલી કૈંક હળવી થઇ.

પરંતુ આ 'મિનારા'ને બીજાં તેના જેવાં છાપરામાં રહેતા જંતુઓને પકડવા સાપ કુટિરની આસપાસ આવતા ને વૃક્ષનો આધાર લઇને છાપરા પર ચઢતા. એવા એક ચિતરા સાપને કેરીનું રખવાળું કરવા આવેલા એક માણસે પથ્થરથી મારી નાખેલો. એ વાતની ખબર મને ભજનસાધનામાંથી પરવારીને નીચે આવ્યા પછી પાછળથી પડી. પણ જે કામ થઇ ગયું હતું તેનો ઉપાય શું ?

અહીં પ્રસંગોપાત મારે કહેવું જોઇએ કે એ વરસે સાપ ને સાપના અનેક નાનાં નાનાં બચ્ચાં આશ્રમની હદમાં આવતાં હતાં. એવો ઉપદ્રવ પહેલાં મેં કોઇ વાર નહોતો જોયો. ઉપરની ઓરડીમાં રાતે દિવાલ પર પણ રોજ ત્રણ ચાર બચ્ચાં દેખાતાં. તેને લઇને અમે નીચે ફેંકી દેતા. આ બધી કઠોરતા ને ભયાનકતા વચ્ચે માતાજી મારી સાથે બનતી હિંમતથી રહેતાં હતાં. ભલભલાની હિંમતની કસોટી થાય એવું વાતાવરણ હતું. આ માટે દૂધ લાવવા પણ કેટલીક વાર માતાજીને નીચે જવું પડતું. બાકી બીજા દિવસોમાં તો દેવપ્રયાગના પ્રેમી પોલિસ ઇન્સ્પેકટર ભાઇ મોરારીલાલે એક પોલિસ ભાઇ આ માટે નિયુક્ત કર્યા હતા.

વરસાદનો વેગ એ વરસે સખત હતો. કુટિયાની પાછળનો પહાડ ગયે વરસે ચક્રધરજીએ કપાવેલો. તેના ઉપર એક ઝરણું વહેતું. વરસાદને લીધે ઝરણું તૂટીને નીચે વહેવા માંડ્યું ને પાણીની મોટી ધારા માર્ગમાં અટકેલા પથ્થર ને છોડવા નીચે લાવવા માંડી. જેમનું ઝરણું હતું તે લોકો આવીને ઝરણાનું સમારકામ કરતાં. પણ વરસાદ અમુક દિવસને અંતરે તેમનું કામ નકામું કરી દેતો. વધારે ભાગે ઝરણું રાતે જ તૂટતું. એ વખતે પથ્થરના ભયંકર અવાજો થતા. કુટિયાની બંને બાજુથી પથ્થરો ગબડતા ગબડતા નીચે ખીણમાં પડતાં. આવે વખતે એક જ પહાડી પથ્થર કુટિયાને નષ્ટ કરીને ખીણમાં લઇ જવા પર્યાપ્ત હતો. પણ જે 'મા' અનેક વરસોથી ત્યાં સંભાળ રાખી રહી હતી તે જ અમારી રક્ષક હતી. સર્વ કાંઇ છોડીને અમે એને જ આશ્રયે બેઠેલાં. તે જ અમારી સલામતીને સાચવતી. અમને તે કૃપાળુ 'મા' પર શ્રદ્ધા હતી. એટલે જ એવી ભયંકર પરિસ્થિતિમાં, એકાંત જંગલમાં, અમે આનંદપૂર્વક વાસ કરતાં.

એ અરસામાં કુદરત પણ રૂઠેલી. સખત વરસાદને લીધે આશ્રમ પાછળનો પર્વત તૂટી ગયો. તેથી આશ્રમનું ઝરણું ને આશ્રમનો માર્ગ તૂટી પડ્યો. એ ઉપરાંત ભયંકર શિલાઓના તૂટી પડવાથી છ સાત આંબાના વૃક્ષો પણ તૂટી પડ્યાં. એવી ભયંકર દશામાં અમારી સાધના ચાલી રહી હતી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૧. માતાજીની માંદગી

વરસાદના ભયંકર તોફાનને લીધે આશ્રમનો રસ્તો કપાઇ ગયો હતો. હજી તોફાન ચાલુ હતું. એ દશામાં સ્થાનાંતર થાય તો સારું હતું. જો કે આશ્રમને કોઇ પ્રકારની મુશ્કેલી આવે તેમ ન હતી, કેમ કે હજી બીજે વરસે મારે એ સ્થળમાં રહેવાનું છે એવી આજ્ઞા થઇ ચૂકેલી. નજીકના મકાનમાં શિવલાલ રહેતા. દેવપ્રયાગના શેઠના મકાનની સંભાળ રાખવાનું કામ તેમનું હતું. પ્રેમમાં તેમને અમે 'સિબ્બારામ' કહેતા. તેમના આગ્રહથી અમે સ્થાનાંતર કર્યું. શેઠનું મકાન આશ્રમની પાસે જ ને મોટરસ્ટેન્ડની ઉપર હતું. કોટિ ગામના પ્રેમી ભાઇ રામેશ્વરની મદદથી અમે તે મકાનમાં સરસામાનની ફેરબદલી કરી દીધી.

એ મકાન ખૂબ જ સારું હતું. 'સિબ્બારામ' સિવાય તેમાં બીજું કોઇ રહેતું નહિ. બંગલા જેવા એ મકાનની આગળ સારો એવો બગીચો હતો. આશ્રમ પાસે જે ઝરણું વહેતું તે જ ઝરણું ત્યાં પણ જોવા મળતું. એ મકાનમાં વરસાદનો ઉપદ્રવ ન હતો. ઉપરાંત બીજી સગવડો સારી હતી. આશ્રમનું દર્શન બહાર આવતાંવેંત થતું. વળી સંગમ ને રઘુનાથજીનું મંદિર તેમ જ શાંતાગંગાના મિલનનું દૃશ્ય પણ દૃષ્ટિગોચર થતું. એ મકાનમાં રેડિયો પણ રહેતો. 'સિબ્બારામ'ને તેનો શોખ હતો એટલે રાતે સમાચાર જાણવા મળતા. વરસાદ સાધારણ પડતો હતો. છતાં આકાશ તદ્દન સાફ ન હતું. કૃપાળુ 'મા'એ અમારે માટે રહેવાની સુંદર વ્યવસ્થા કરી દીધી. કષ્ટમય વાતાવરણમાંથી અમને સારા વાતાવરણમાં મૂકી દીધા.

એ સ્થળમાં થોડાક દિવસ આનંદપૂર્વક રહ્યા પછી એક દિવસ માતાજી બિમાર પડ્યા. તેમને તાવ તથા ઝાડા શરૂ થયા. ડોક્ટરની દવા લીધી, છતાં એમને આરામ થતાં લાંબો વખત લાગ્યો. એ દિવસોમાં જરૂરી કામકાજ મારે જ કરવું પડતું. 'સિબ્બારામ' તેમ જ તેની હાથ નીચેના નોકરે અમને મદદ કરી. સફાઇનું બધું જ કામ તે બંને પ્રેમથી કરતા. આશ્રમ પર માતાજી બિમાર પડ્યા હોત તો મોટી મુશ્કેલી ઊભી થાત. પરંતુ ઇશ્વર કૃપાળુ છે. જેને એક એનો જ આધાર છે, તેને તે બધી જ મુશ્કેલીમાંથી ઊગારે છે. જે 'મા'ને આશ્રયે જીવન ચાલે છે ને જેની આરાધના એ જ જીવનનું એકમાત્ર કર્તવ્ય છે તે 'મા'એ અમારો બધો જ ભાર ઉપાડી લીધો, ને બધી અનુકૂળતા કરી આપી. હે મન ! તું એ ભૂલીશ નહિ. એને યાદ રાખીને 'મા'ના પ્રેમની ઝંખના કરી હરહંમેશ 'મા'ના સાનિધ્યમાં શાંતિ પામજે. હે માનવ ! તું પણ દુઃખના ડુંગરથી શા માટે ગભરાય છે ? સંકટોને નિવારવા તું કોનું શરણું શોધે છે ? ઇશ્વર વિના તારું કોઇ નથી. તારાં સંકટોને દૂર કરવાની શક્તિ બીજા કોઇમાં નથી એમ સમજીને એક ઇશ્વરનું જ શરણ લે. એ શરણનો ચમત્કાર તેં હજી જોયો નથી. એટલે જ દુઃખથી ડરી જઇ, દુન્યવી વ્યક્તિ ને વસ્તુનું શરણ શોધતો તું ભમ્યા કરે છે. એ રીત ખોટી છે. ઇશ્વરના દ્વારે પોકાર કર. ઇશ્વરની કરુણામાં શ્રદ્ધા રાખીને પ્રેમપૂર્વક એનો આશ્રય લે. તેને માટે પ્રાર્થના કર, રડ, ને તલસ, તો તારાં નાનામાં નાનાં લૌકિક દુઃખોથી માંડીને મોટામાં મોટા પારમાર્થિક દુઃખો પણ દૂર થઇ જશે. જીવનની પહેલી પચ્ચીસીમાં મેં ઇશ્વરનું શરણ લઇને હિમાલયમાં હાડ ગાળ્યાં છે, ખિસ્સામાં ફૂટી બદામ પણ ના હોય એ અવસ્થામાં ઇશ્વરની આરાધના કરી છે. કોઇનો આશ્રય લીધા વિના, કોઇની પાસે હાથ લંબાવ્યા વિના કે શાસ્ત્રમાં જેની રજા આપી છે તે ભિક્ષા પણ માગ્યા વિના, વરસ પર વરસ મેં 'મા' પર શ્રદ્ધા રાખીને તેના પ્રેમમાં તરબોળ થતાં ઋષિમુનિની દિવ્ય ભૂમિમાં પસાર કર્યા છે; છતાં પણ મને આનંદ છે. તેણે

મારી પૂરતી સંભાળ લીધી છે. તપ કે વ્રતનું કોઇ બળ ના હોવા છતાં, કેવળ શરણાગત થવાથી 'મા'એ મારો વાળ પણ વાંકો થવા દીધો નથી. તો પછી તપ ને વ્રતના બળથી પૂરું મન લગાડીને જો તું તેને ભજીશ, તો તે તારી બધી જ સંભાળ કેમ નહિ રાખે ?

'મા'ની કૃપાથી આખરે માતાજીને આરામ થયો. દેવપ્રયાગ એવું સ્થળ છે કે ત્યાં બિમાર માટે ફળ પણ મળી શકતાં નથી. દૂધ પણ ચોક્ખું મળતું નથી. આજની દુન્યવી હવા ઠેઠ હિમાલયમાં પણ ફેલાઇ ગઇ છે, ને ત્યાં પણ માણસો દૂધમાં ગંગાજળ મેળવીને વેચે છે. પહાડના અંદરના લોકો એ બદીથી હજી પર છે એટલે સારું છે. પણ દેવપ્રયાગ જેવાં મોટાં સ્થળે તો એ બદી ખૂબ જ ફેલાયેલી છે. માણસોને સંત મહાત્માઓની સેવા કરવાની તો શું, તેમની પાછળ ધ્યાન રાખવાની પણ પડી નથી. છતાં કોઇ કોઇ સેવાભાવી ને પ્રેમી માણસો પણ મળી આવે છે. દેવપ્રયાગમાં પણ એવા ગણ્યાંગાંઠ્યા માણસો છે. પ્રેમી ભાઇ મુરાલીલાલ આમાંના એક હતા. તે પોલીસ ઇન્સ્પેક્ટર હતા. તેમણે ઋષિકેશથી મોટર દ્વારા ફળ મંગાવ્યા. સારા દૂધની વ્યવસ્થા પણ થઇ ગઇ.

એ સ્થળમાં અમે દોઢેક માસ રહ્યાં. તે દરમ્યાન લગભગ એક માસ સુધી મોટરમાર્ગ બંધ હતો. તોફાની વરસાદથી માર્ગ ઠેરઠેર તૂટી ગયેલા. પણ તેની ચિંતા નહોતી. 'સિબ્બારામ'નો પ્રેમ પુષ્કળ હતો. રઘુનાથજીનું દૂરથી દર્શન કરતાં, પવિત્ર ગંગાજીના જયઘોષને સાંભળતાં, સમય એકાંતમાં આનંદપૂર્વક વીતી જતો.

માતાજીને પૂરો આરામ થયો તે પછી થોડા દિવસે મોટર શરૂ થતાં ઇશ્વર પ્રેરણાથી અમે દેવપ્રયાગ છોડ્યું. એ વરસે અધિક માસ હોવાથી ઠંડી ખૂબ વહેલી શરૂ થઇ, માતાજીથી એ ઠંડીને સહન કરવાનું કપરું હતું.

દિલ્હીથી અમદાવાદ થઇને અમે પ્રથમ મહુવા બંદર(સૌરાષ્ટ્રમાં) ગયા. ત્યાનાં એક ભાઇનો ખૂબ આગ્રહ હતો. તે હિમાલયમાં લાંબા વખતથી પત્રો લખીને બોલાવતા હતા. ત્યાંથી એકાદ માસ બાદ સરોડા જવાનું થયું. દિવાળી વિગેરે દિવસો ત્યાં જ પસાર થયા.

છેલ્લા ડીસેમ્બર માસમાં ભારતના બે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મહાપુરુષોનું મહાપ્રયાણ થઇ ગયું. તારીખ ચાર ડીસેમ્બર ને સોમવારે યોગીરાજ શ્રી અરવિંદ ને તારીખ પંદરમી ડીસેમ્બર ને શુક્રવારે ભારતના મહાન સફળ મુત્સુદ્દી ને નેતા સરદાર વલ્લભભાઇ પટેલ. પોતાની અસાધારણ મહાનતાથી એ બંને મહામાનવોએ જનતાના હૃદયમાં સ્થાન જમાવેલું. એકના જવાથી ભારતીય સાધના અને આધ્યાત્મિકતાને મહાન ખોટ પડી, જ્યારે બીજાને લીધે ભારતે પ્રવર્તમાન કઠિન સંક્રાંતિ કાળમાં પોતાના હિતચિંતક ને સમર્થ રક્ષકને ખોઇ નાખ્યાં. કાળ રહેશે ત્યાં સુધી એમના નામ ઇતિહાસમાં અમર રહેશે. ભારતમાં વધારે ને વધારે ઉત્તમ યોગીઓ, સંતો ને દેશસેવકો ઉત્પન્ન થાય એવી પરમકૃપાળુ પરમાત્માને નમ્ર દિલે પ્રાર્થના છે. ભારત સુખી ને સમૃદ્ધ બને, સંસારમાં યશસ્વી બને, સંસારને આધ્યાત્મિક પથપ્રદર્શન કરે ને સમસ્ત સૃષ્ટિમાં શાંતિ, સમૃદ્ધિ ને સહકાર સ્થપાય એ જ પ્રાર્થના સાથે વિરમું છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૨. અમરનાથ યાત્રા

દેવપ્રયાગ છોડ્યા પછી બે દિવસ ઋષિકેશમાં ને ચારેક દિવસ હરિદ્વારમાં રોકાઇ ને અમે દિલ્હી પહોંચ્યા. દિલ્હીમાં સૌથી પહેલી વાર સ્ટેશન પાસે આવેલી ગુજરાતી સમાજની ધર્મશાળામાં ઉતર્યા. ત્યાં વ્યવસ્થા ઘણી સારી હતી. સ્વચ્છતા તેમ જ સગવડની દૃષ્ટિએ એ સ્થળ ઘણું સારું કહી શકાય, ને દિલ્હી જેવા મોટા શહેરમાં-જ્યાં ધર્મશાળા જેવી બીજી સગવડ ભાગ્યે જ મળે છે ત્યાં આવું સ્થળ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

દિલ્હીમાં અમારે મુંબઈથી આવનારા ધનેશ્વરભાઇની રાહ જોવાની હતી. તે કાશ્મીર સાથે આવવાના હતા. અમે દિલ્હી પહોંચ્યાં તે જ દિવસે રાતે તે આવી પહોંચ્યા. બીજે દિવસે કાશ્મીર જવા માટેની તૈયારી કરવામાં અમે રોકાઇ ગયા. કાશ્મીર જવા માટે પહેલાં તો પાસપોર્ટ જોઇએ. ધનેશ્વરભાઇ મુંબઈથી ખૂબ જલદી રવાના થઇ ગયા હતા, કેમ કે શ્રાવણ મહિનાની પૂર્ણિમા પાસે હતી, ને વધારે વિલંબ થાય તો તે અવસર પર અમે અમરનાથ પહોંચી શકીએ નહીં. તેમના એક મિત્ર દિલ્હીમાં રહેતા હતા. તેમણે કહ્યું કે પાસપોર્ટ મળવાનું કામ મુશ્કેલ છે. છતાં અમે ઇશ્વર પર શ્રદ્ધા રાખીને પ્રયાસ કર્યા. સંરક્ષણ ખાતાની કચેરીમાંથી એકાદ કલાકમાં જ પાસપોર્ટ લઇને ધનેશ્વરભાઇ પાછા ફર્યા. ઇશ્વરની ઇચ્છા એવી જ હોય કે અમારે પૂનમ પર અમરનાથ પહોંચવું હોય તો તેણે પાસપોર્ટની વ્યવસ્થા કરવી જ જોઇએ. ગમે તેવી મુશ્કેલી હોય તો પણ તે માર્ગ કરી શકે છે. તેની ઇચ્છા શું નથી કરી શકતી ? તેની ઇચ્છા પ્રમાણે જ આ જગતના કાર્યો થયા કરે છે. માણસે તો કેવળ તે ઇશ્વરને આધીન થઇને તે પ્રમાણે આનંદપૂર્વક જીવન જીવવાનું હોય છે. એને જ શાસ્ત્રીય પરિભાષામાં 'નિમિત્ત બનવું' એમ કહ્યું છે. પણ એ દશા સહેલી નથી. તે ખૂબ ખૂબ જાગૃતિ, શ્રદ્ધા ને તપ કે પુરુષાર્થ માગી લે છે. સાથે સાથે નમ્રતા પણ માગે છે. એ દશાની પ્રાપ્તિ થતાં જીવનમાં અજબ સંવાદ ને સમાધાન પ્રાપ્ત થાય છે. મિથ્યાભિમાન ને જડ અહંકારના નાશ વિના શ્રદ્ધાની એ ચિનગારી જાગવાનું સંભવિત નથી.

પાસપોર્ટ મળ્યો એટલે પ્રવાસનું કામ સહેલું થઇ ગયું. પૂનમને હવે ત્રણચાર દિવસ જ બાકી હતા. ધનેશ્વરભાઇનો ઉત્સાહ અજબ હતો. તેમની હિંમત પણ ભારે હતી. પાસપોર્ટની વ્યવસ્થા કરવાની સાથે સાથે તે શ્રીનગર સુધી વિમાનની ત્રણ ટિકિટની વ્યવસ્થા પણ કરતા આવ્યા. અકલ્પનીય ! જે વસ્તુનો મનમાં વિચાર સરખો ન હતો, તે વસ્તુ બનવા સર્જાયલી હતી. બીજે દિવસે શ્રાવણ સુદ બારસને મંગળવારે તારીખ ૧૪ ઓગસ્ટે વિમાનમાં બેસીને અમે શ્રીનગર જવા ઉપડ્યાં. જીવનમાં મારી ને માતાજીની એ સૌથી પહેલી વિમાનની મુસાફરી હતી. આબોહવા અનુકૂળ હતી. પંજાબની નદી ને નહેરોને જોતાં, વિમાનમાં 'ગીતાહૃદય'નો પાઠ કરતાં ને છેવટે કાશ્મીરની ઊંચી પર્વતપંક્તિઓને પેખતાં, આશરે સાડાચાર કલાકમાં અમે શ્રીનગર પહોંચ્યા. વચ્ચે અમૃતસર ને જમ્મુ વિમાન રોકાયું. અમારી સાથે ઇશ્વરે જેમની પસંદગી કરી હતી તે ધનેશ્વરભાઇ તે પસંદગી માટે અત્યંત યોગ્ય હતા તે વાતની ખાતરી મને એ બે દિવસો દરમ્યાન થઇ ગઇ.

શ્રીનગર એટલું બધું સુંદર ના લાગ્યું. સૌંદર્યની દૃષ્ટિએ નવીન અને અસરકારક એવું કાંઇ શ્રીનગરમાં આવતાંવેંત ના જણાયું. પણ અમારે તો અમરનાથ જવું હતું. એટલે બપોરની મોટરમાં અમે પહેલગામ જવા ઉપડ્યા. શ્રીનગરથી પહેલગામ ૫૯ માઇલ જેટલું દૂર છે. કાશ્મીરની ભૂમિમાં આવતાંવેંત ચીનારનાં સુંદર વૃક્ષો જોનારનું મન હરી લે છે. કાશ્મીરના પર્વતોમાં એ વૃક્ષો હજારોની સંખ્યામાં હારબંધ ઊભા છે, ને પહાડોને વધારે શોભા આપે છે. એ વૃક્ષોને જોતાં જોતાં સાંજે અમે પહેલગામ પહોંચ્યાં. પહેલગામનું સ્થળ સુંદર લાગ્યું. ત્યાંની હરિયાળી, નદી, ઝરણાં તેમ જ પર્વતમાળા ખૂબ જ સુંદર ને હૃદયસ્પર્શી છે. ૭૨૦૦ ફીટ જેટલી ઊંચાઇએ આવેલા એ શાંત સ્થળમાં રાતે ઠંડીનો અનુભવ પણ ઠીક ઠીક થાય છે. કાશ્મીરની ભૂમિમાં હોઇએ એવું ભાન એ સ્થળને જોવાથી જ અમને થયું. અત્યાર સુધીની ભૂમિમાં કોઇ ખાસ વિશેષતા જોવા નહોતી મળી એટલે એ સ્થળને જોઇને અમને આનંદ થયો. ત્યાં નંદભવન નામે ધર્મશાળા છે ત્યાં અમે રોકાયાં અને ઉચિત વ્યવસ્થા કરીને બીજે દિવસે સવારે પંદરમી ઓગષ્ટે, એટલે શ્રાવણ સુદી તેરસ ને બુધવારે ઘોડા પર બેસીને અમરનાથ જવા ઉપડ્યા. ધનેશ્વરભાઇને માટે પર્વતીય યાત્રાનો એ પહેલો જ પ્રસંગ હતો. તેમના આગ્રહથી અમે ઘોડાની વ્યવસ્થાને સંમતિ આપી. પર્વતોનો આનંદ લૂંટતા બપોરે અમે ચંદનવાડી આવ્યા. ત્યાં સુધીનો માર્ગ સુંદર છે. ચંદનવાડીથી ચઢાઇ શરૂ થાય છે. તેને પાર કરીને સાંજે સાતેક વાગે અમે શેષનાગ પહોંચ્યા. પહેલગામથી શેષનાગ સોળેક માઇલ છે. શેષનાગની પહેલાં એક ઝીલ આવે છે. તેનું દૃશ્ય મનોહર છે. ચારે બાજુ પર્વત ને તેની વચ્ચે જમા થયેલું બરફનું પાણી સુંદર લાગે છે. એ માર્ગમાં બરફના પર્વતો પણ પ્રથમ વાર દેખાય છે. એમ તો પહેલગામમાં પણ બરફના પર્વતનું દર્શન થાય છે. પણ શેષનાગ જતાં તો ખૂબ જ બરફ દેખાય છે, ને બરફ પર ચાલવાનું પણ આવે છે. શેષનાગ ચારેબાજુ હિમાચ્છાદિત પર્વતથી ઢંકાયલી જગા છે. ઠંડી ખૂબ પડે છે. જમીન પર પાણીના સ્રોત વધારે હોવાથી ઠંડી વિશેષ લાગે છે. રાતે ઠંડી સખત લાગી. ઇશ્વરની કૃપાથી વરસાદ ન હતો. શેષનાગમાં યાત્રીઓ સારા પ્રમાણમાં દેખાયા. ઠેર ઠેર તંબુઓ જોવા મળ્યા. એ માર્ગમાં મકાન કે ધર્મશાળાની વ્યવસ્થા ન હોવાથી યાત્રીઓને તંબુમાં રહેવું પડે છે. તંબુની વ્યવસ્થા પહેલગામથી થઇ શકે છે. સવારી ઉપરાંત એક સામાનનો ઘોડો પણ કરવો પડે. એ બધા સરંજામ સાથેની મુસાફરી અજબ હતી. તંબુમાં રાત્રિવાસ કરવાનો પ્રસંગ મારા જીવનમાં એ પહેલો જ હતો. વળી એ દિવસે પંદરમી ઓગસ્ટ હતી. ત્રીસમું વર્ષ પૂરું થઇ એકત્રીસના આરંભના એ દિવસે થઇ રહેલી અમરનાથની એ યાત્રા અણધારી અને અવનવી હતી.

સવારે ઊઠીને અમે શેષનાગથી આગળ ચાલ્યાં. આગળનો માર્ગ ખૂબ જ કપરો હતો. ઘોડા ખૂબ જ સંભાળપૂર્વક બરફમાં થઇને આગળ વધતા. ઊંચા ઊંચા હિમાચ્છાદિત પર્વતો પર થોડી વારમાં તો ઊગતા સૂર્યનારાયણનાં સોનેરી કિરણો ફરી વળ્યા. સૂર્ય જગતનો આત્મા છે એમ વેદમાં કહેલું છે ને નિત્યકર્મ કરનાર પ્રત્યેક માનવ તે વિધાનનો મંત્ર નિત્ય સવારે બોલી જાય છે, પણ તેનો સાચો મર્મ અત્યારે સમજાયો.

અત્યંત ઠંડી ને બરફના કપરા માર્ગને લીધે યાત્રીઓ ધ્રુજતા હતા. સૂર્યનાં કિરણો એમને માટે આશીર્વાદરૂપ થઇ પડ્યા. યાત્રીઓની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. પ્રભુની એક મોટી દયા એ હતી કે વરસાદ બંધ હતો ને આકાશ ખુલ્લું હતું. તો પણ ઠંડી કાંઇ ઓછી ન હતી. હવે અમે લગભગ ૧૩,૬૦૦ ફીટની ઊંચાઇ

પરથી આગળ વધી રહેલા. ચારે બાજુ બરફ જ બરફ દેખાઇ રહ્યો. એક સન્નારી ઠંડીથી બેહોશ થઇને પર્વત પર ઢળી પડેલી. તેને ગરમી પહોંચાડીને ભાનમાં લાવવાના પ્રયાસ કેટલાક માણસો કરી રહેલા. એ વિકટ કષ્ટપ્રદ યાત્રામાં ઊઘાડે પગે ચાલનારા માણસો પણ ઘણા હતા. શંકરના દર્શન માટેની તેમની શ્રદ્ધા અસાધારણ હતી.

આઠેક માઇલનો કપરો માર્ગ પાર કરીને અમે પંચતરણી પહોંચ્યાં. એ સ્થાનમાં પાંચ નદી વહે છે. અથવા કહો કે નદીનાં પાંચ વિભાગો થાય છે. તેથી તે પંચતરણી કહેવાય છે. તંબુમાં સામાન મૂકીને અમે ભોજનનો પ્રબંધ કરવા માંડ્યો. એ યાત્રામાં લાકડાં તો મળતાં જ નથી. છતાં કેટલાંક યાત્રીઓ તદ્દન લીલાં લાકડાંને સળગાવીને જેમ તેમ કરીને રસોઇ બનાવી લે છે. બાકી બેચાર દુકાનદારો યાત્રાની સાથે જ રહેતા. તે તૈયાર પુરીશાક પુરા પાડતા. અમે અનુકુળતા માટે સાથે પ્રાયમસ લીધેલો પરંતુ પીન ભૂલી ગયેલા. એટલે પ્રાયમસનું કામ અટકી પડેલું. માતાજી ને ધનેશ્વરભાઇને ચા જોઇએ, પણ ચા સારી મળતી નહિ. દૂધનો પ્રબંધ પણ મુશ્કેલ હતો. ત્યાં તો પ્રભુએ કૃપા કરી. એક દૂધ વેચવાવાળો માણસ માટીની દોણી ભરીને દૂધ વેચવા સીધો અમારી પાસે જ આવ્યો. તેનું દૂધ લઇ લીધું. ઇશ્વરે પોતે મોકલેલી એ મદદથી રાહત મળી ને આનંદ થયો. થોડોક નાસ્તો કરીને અમે તાપમાં આનંદથી બેઠા. બીજે દિવસે અમરનાથ જવાનું હતું. એટલે તંબુમાં બેસીને મેં ભગવાન શંકરની સ્તુતિ 'શિવસંગીત' પરિપૂર્ણ કરી લીધી.

સવારે વહેલા ઊઠીને અમરનાથનાં દર્શને જવાનું હતું. દર્શન કરીને પાછા વળી જવાનું હતું, કેમ કે ત્યાં રાતે રહેવાની વ્યવસ્થા ન હતી. હિમાલયના બીજા પ્રદેશ કરતાં યાત્રાનાં આ પ્રદેશની મુસાફરી ખૂબ વિકટ હતી. એક કૈલાસને બાદ કરીએ તો આવી યાત્રા બીજી ભાગ્યે જ મળે. એ યાત્રાનો છેલ્લો દિવસ હજી બાકી હતો. સંતમહાત્મા, સ્ત્રીઓ ને પુરુષો ઉત્સાહપૂર્વક અમરનાથના દર્શને જઇ રહેલાં. પંચતરણીથી અમરનાથ પાંચ માઇલ હતું. પણ માર્ગમાં ચઢાઇ તેમ જ બરફ ખૂબ જ આવતાં. વહેલી પ્રભાતે અમારી યાત્રા શરૂ થઇ. બરફના ખૂબ જ વિકટ માર્ગને પસાર કરીને થોડી વારમાં અમે પુરાણપ્રસિદ્ધ પુણ્યધામ અમરનાથમાં આવી પહોંચ્યાં.

અમરનાથનું સ્થાન કેવું વિકટ, એકાકી છતાં અલૌકિક ને સુંદર છે ? આજ લગી વાતાવરણ સારું હતું પણ અમરનાથ પહોંચ્યા કે તરત થોડો થોડો વરસાદ શરૂ થયો. વિચિત્ર ! જે પ્રભુના ધામના દર્શન માટે અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને લોકો દૂર દૂરથી આવે છે તે ધામમાં વરસાદ શરૂ કરીને પ્રભુ તેમને કઇ જાતનો આશીર્વાદ આપતા હશે ? શું આ પ્રભુનું સ્વાગત છે ? આથી લોકો અત્યંત તકલીફમાં મૂકાઇ જશે. કેટલાયની પાસે છત્રી નથી. વરસાદથી રસ્તો પણ કાદવવાળો ને લપસણો થઇ જશે. યાત્રાના દિવસો દરમ્યાન તો વરસાદ વરસવો જ ના જોઇએ.

પણ વરસાદની ચિંતા કરવાથી શું વળે ? સૌથી પહેલાં અમે ગુફામાં દર્શન કરવા માટે ગયા. ગુફા ખૂબ મોટી ને જરાક ઊંચાઇ પર છે. ગુફાની સામેના પર્વત પર બધે જ બરફ ફેલાયેલો છે. ગુફાવાળો પર્વત બરફ વિનાનો છે. પણ અમારા આશ્ચર્ય વચ્ચે અમે જોયું કે ગુફામાં એક ખૂણામાં બરફ જામી ગયો હતો, ને સ્પષ્ટ ઊંચા લિંગના-બરફના લિંગના દર્શન થતાં હતાં. બીજી બાજુ-થોડેક પાસે બીજી બરફની રચના હતી. તે ગણેશના નામથી ઓળખાતી. આ સ્થળે બરફ ક્યાંથી ? ગુફામાં બધે કે બીજે ક્યાંય નહિ ને અહીં જ કેમ ?

ને તે પણ સ્પષ્ટ લિંગાકારમાં ? આ દર્શન ખૂબ જ અજબ હતું. યાત્રીઓને જવા-આવવા માટે ગુફામાં દરવાજા બનાવેલા. ત્યાં પહેરેગીરની વ્યવસ્થા હતી. એક બાજુ કેટલાક સાધુ લાકડાં સળગાવીને બેઠેલા. બીજી બાજુ ભીષણ ઠંડીને દૂર કરવા કામળા ઓઢીને ઊભેલા લોકો આઠ આને કપની ચા પીતા હતાં. કેટલાક લોકો ગુફામાં ઉપર એક તરફથી બીજી તરફ ઊડતાં કબૂતરને જોઇને પોતાને બડભાગી માનતા. ચાર કબૂતરના દર્શન અવારનવાર થતાં હતાં. આટલી ઠંડી જગ્યાએ બીજું એક પણ પક્ષી રહેતું નથી તો આ કબૂતર ક્યાંથી ? યાત્રીઓ એને શિવપાર્વતી કે અમર યોગીનાં સ્વરૂપ માને છે, અને એમનાં દર્શનથી ધન્યતા અનુભવે છે. ગુફામાં એક બાજુ બેસીને અમે મહિમ્ન સ્તોત્ર ને તાજા રચાયેલા શિવસંગીતનો પાઠ કર્યો. ધનેશ્વરભાઇ તથા માતાજી ઠંડીથી ખૂબ જ શ્રમિત થયેલાં, છતાં તેમનામાં ઉત્સાહ ને હિંમત ખૂબ હતાં. સૌએ ભગવાન શંકરને પ્રેમથી યાદ કર્યા. છેવટે વરસાદમાં ભીંજાતા અમે પંચતરણી જવા ઊપડ્યા. એ દિવસે શ્રાવણ સુદી પૂનમ એટલે તારીખ ૧૭ ઓગસ્ટ ૧૯૫૧ હતી.

આખે રસ્તે વરસાદ ચાલુ રહ્યો. લોકો ભીંજાતા જતાં ને આવતાં હતાં, માર્ગ પણ ખૂબ જ ખરાબ થઇ ગયેલો. છતાં ઘોડાઓ ખૂબ જ સાવચેતીથી આગળ પગ મૂકતા. પંચતરણી આવ્યા ત્યાં સુધી બધા ભીંજાઇ ગયા. થોડીવારે ઉઘાડ નીકળ્યો. અમે તંબુમાં આશ્રય લીધો. ભગવાને પાછો એક દૂધવાળાને મોકલી આપ્યો. અમે દૂધ પીને આરામ કરવા માંડ્યા. સાથે થોડાં ફળ હતાં તે પણ ખાધાં. પછી વરસાદ આખો દિવસ ચાલુ જ રહ્યો. પરિણામે અમે તે દિવસે ત્યાં જ રહ્યા. સાંજે જમવાની વ્યવસ્થા કરવા બહાર નીકળ્યા. રસ્તામાં એક ઠેકાણે ભાત જોઇને મને થયું કે ભાત ખાધે ઘણો વખત થયો. અહીં તો ભાત ક્યાંથી મળે ? પુરી મળશે તો જોઇશું. એ વિચાર કરી આગળ વધ્યા ત્યાં જ માર્ગમાં એક ભાઈ મળ્યા. તેમણે મને પૂછ્યું કે ભાત ખાશો ? મને શરૂઆતમાં તો તે ભાઇની વાત સાચી ના લાગી. આવા સ્થળમાં બીજાને ભાત ખવડાવવાનો વિચાર પણ કોણ કરે ? પણ તે ભાઇએ ફરી વાર મને તે જ પ્રશ્ન પૂછ્યો, ને વધારામાં મને તથા ધનેશ્વરભાઇને પોતાની સાથે આવવાનું આમંત્રણ આપ્યું.

અમને તેમણે પોતાના ઉતારામાં બેસાડ્યા. ત્યાં સત્યનારાયણની કથા થતી હતી. તે ભાઇના કહેવાથી ધનેશ્વરભાઇ માતાજીને બોલાવી લાવ્યા. પેલા ભાઇએ જાતે વાસણ અજવાળ્યા અને અમને આસન પર બેસાડીને પોતાને હાથે ભાત ને ગરમ શાક પીરસ્યા. ઇશ્વરની કૃપા માનીને અમે ભોજન કર્યું. ખરેખર, આવા સ્થળમાં તૈયાર ને ભાવપૂર્વકનું ભોજન મળવું-ને તે પણ વિના માગ્યે, એ ઇશ્વરની કૃપા જ કહેવાય. આવા સ્થળમાં કોઇને જમાડવામાં જે ભાવ સમાયેલો છે તે પણ કેવો પ્રશસ્ય છે ! આ એક મહાન યજ્ઞ છે, ને તેની તુલનામાં બીજા યજ્ઞો ગૌણ બની જાય છે. પ્રેમ ને સેવાભાવથી બીજાને યોગ્ય સમયે તૈયાર ભોજન આપવું એ એક મહાન ધર્મ છે, ને તુલસી ને કબીર જેવા સંતોએ તે જ અન્નદાનનો મહિમા એકથી અનેક વાર ગાયો છે. કમભાગ્યે વિદેશી સભ્યતાના સંપર્કમાં આવ્યા પછી કેટલાક લોકો ભારતના અન્નદાન, અતિથિસત્કાર ને સંત સેવાના આદર્શ તરફ આશંકા ને ઘૃણાની દૃષ્ટિએ જુએ છે. પણ તેમાં ડહાપણનો અભાવ જ મુખ્યત્વે છે. માનવતા, સેવા, સહકાર, સમર્પણ કે બીજાને માટેના ત્યાગની ભાવનાથી રહિત એવી કોઇ સભ્યતા કે સમાજ સંસ્કૃત કે સમુન્નત કહી શકાય નહીં, ને પોતાને કે કોઇને આશીર્વાદરૂપ પણ બની શકે નહિ. એ બાબતમાં

ભારત વિદેશોની નકલ કરીને બરબાદ બની જાય તેના કરતાં વિદેશો ભારતની જરૂરી નકલ કરીને ઉન્નત ને માનવતાપૂર્ણ બને એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

સવારે વરસાદ બંધ પડ્યો. પંચતરણીથી ઉપડીને અમારે શક્ય તેટલો વધારે પ્રવાસ કરવો હતો. આગલે દિવસે વરસાદથી સામાન ભીંજાઇ ગયેલો. એટલે એક જ કામળો ઓઢીને અમે ત્રણે સુઇ રહેલાં. તડકો નીકળે તો સામાન સુકાઇ જાય એવી ઇચ્છા હતી. વાદળવાળા આકાશની તરફ જોતાં યાત્રીઓ ચાલતા હતા. રસ્તા તદ્દન ખરાબ થઇ ગયેલા. ધીરે ધીરે અમે શેષનાગ પહોંચ્યા. માર્ગમાં ક્યાંય વરસાદ નડ્યો નહીં. થોડી વારે સૂર્યના કિરણો બધે ફેલાઇ વળ્યાં. બપોરે બે અઢી વાગ્યે અમે બીજા આઠ માઇલ ચાલીને ચંદનવાડી પહોંચ્યાં. ઠંડીથી ધ્રુજતા માણસોને ત્યાં થોડીક રાહત મળી. ચંદનવાડીમાં આવ્યા પછી ઠંડીની ભયંકરતા ઓછી થઇ. રાતે આરામ કરવાની જગ્યા પણ સારી મળી. બીજે દિવસે આકાશ તદ્દન સાફ રહ્યું. પહેલગામ આવીને નંદભવન ધર્મશાળામાં એક દિવસ રહીને અમે શ્રીનગર આવ્યા.

શ્રીનગરમાં લશ્કરી પ્રવૃત્તિ સારા પ્રમાણમાં હતી. ત્યાં અમે શીખોની ગુરુસભા ધર્મશાળામાં ઊતર્યા. બીજે દિવસે ડાલ સરોવર ને ત્યાંના વિખ્યાત બાગને નાવમાં બેસીને જોયા. જેણે અમરનાથ ને ઉત્તરાખંડનાં બીજાં સુંદર ને ભવ્ય-ઉત્તુંગ ગિરિમાળા ને વનશ્રીની સુશોભિત સ્થળો જોયાં હોય તેને શ્રીનગરમાં કાંઇ વિશેષતા નહીં લાગે. ગઢવાલના સુંદર પ્રદેશોની પાસે શ્રીનગરનો વૈભવ ખાસ વિસાતમાં નથી લાગતો. છતાં પણ પ્રવાસીઓએ એ પ્રદેશને પ્રથમથી જ વખાણ્યો છે એ સત્ય છે. ભારતના બીજા પ્રદેશોની જેમ ત્યાં પણ ગરીબાઇનું દર્શન થયું.

આખા દિવસની મુસાફરી કરીને રાતે મોટર જમ્મુ રહી. બીજે દિવસે પઠાનકોટ પહોંચ્યાં ત્યારે સવારના સાડા નવ વાગેલા. ૨૭૦ માઇલ જેટલો મોટરનો લાંબો પ્રવાસ કરીને અમે બીજે દિવસે સાંજે ટ્રેનમાં બેઠાં. પ્રવાસ પૂરો કરીને તારીખ ૨૫ ઓગસ્ટે અમે દિલ્હી પહોંચ્યા. ધનેશ્વરભાઇના પ્રેમી, આનંદી, ઉદાર સ્વભાવને લીધે કાશ્મીરનો પ્રવાસ અમારે માટે ખૂબ જ સુગમ અને આનંદદાયક થઇ પડ્યો.

અમરનાથ પ્રવાસમાં યાત્રીઓએ કેટલીક યાદ રાખવા જેવી સૂચના લખીને આ પ્રકરણ પૂરું કરીશ.

(૧) પહેલગામથી ઘોડાની વ્યવસ્થા થાય છે. યાત્રીએ ઘોડા પર જવું સારું છે કેમ કે અમરનાથનો માર્ગ ખૂબ જ કપરો છે. જેનામાં ખૂબ હિંમત ને પહાડી જીવનનો અનુભવ હોય તેણે જ પગે ચાલીને જવું.

(૨) માર્ગમાં તંબુમાં નીચે પાથરવા પહેલગામથી ચટાઇ લેવી. ઉપયોગી સીધુંસામાન પણ પાછા ફરતાં સુધીનું પહેલગામથી લઇ લેવું. પ્રાયમસ ખૂબ જ ઉપયોગી થઇ પડે. તૈયાર નાસ્તો કે ફળ પણ ચાલે.

(૩) અમરનાથની ઠંડી સખત હોય છે માટે યાત્રીઓએ ગરમ કામળા, હાથપગનાં મોજાં, કાનટોપી, છત્રી ને ગરમ કપડાં સારી પેઠે લેવાં. વરસાદી કોટ પણ સારો.

(૪) અમરનાથની યાત્રા માટે શ્રાવણ સુદ આઠમ-નોમે મોડામાં મોડું શ્રીનગર પહોંચી જવું જોઇએ. પહેલગામથી પૂરો ત્રણ દિવસનો માર્ગ છે. શ્રાવણ સુદી પૂર્ણિમા પર અમરનાથ પહોંચવાનું હોય છે.

અમરનાથ અને કાશ્મીરની યાત્રા એકદંરે અત્યંત આનંદકારક રહી. એ યાત્રા દરમ્યાન મારું ૩૦મું વર્ષ પૂરું થયું ને નવું વર્ષ નવા જ વાતાવરણમાં આરંભાયું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૩. દક્ષિણેશ્વરનું પુનર્દર્શન

કાશ્મીરના પ્રવાસ દરમિયાન પ્રત્યેક દિવસે અત્યંત આતુરતાપૂર્વક મેં 'મા'ની પૂર્ણ કૃપાની પ્રતીક્ષા કરી. પરંતુ હજી મારે પ્રતીક્ષા કરવાની શેષ હશે. એટલે ત્રીસમાં વરસ દરમ્યાન પણ સાધનાની સંપૂર્ણ સિદ્ધિ સાંપડી શકી નહિ. લોભી માણસ ધનને તલસે, કામી અનુકૂળ વાતાવરણ મળતાં કામવિહ્વળ બને, ને તરસ્યો માણસ પાણી ઝંખે, તેથી પણ વધારે તલસાટ ને ઝંખનાથી હું જગતની એકમાત્ર સત્તા-મુલાધારશક્તિ 'મા'ને માટે વિહ્વળ બન્યો છું. મારા જીવનની એક માત્ર આશા, સમૃદ્ધિ, સુખની કલ્પના બધું એની કૃપા જ છે. એને માટે જ મેં જીવનને અર્પણ કરેલું છે. છતાં પણ હજી મારે તલસવું પડે છે, અતૃપ્ત બનીને બેસી રહેવું પડે છે, એનું કારણ શું ? આમ હજી મારે કેટલો વખત તલસવું પડશે ? 'મા'ના અનંત અનુગ્રહથી અભિષિક્ત થઇને માનવજાતિને મદદરૂપ થવાની મારી ઉત્કટ ઇચ્છા છે. તે ક્યારે પૂરી થશે ? હે આકાશ, હે પવન, હે પૃથ્વી ! તમારા વાયુમંડળમાં વાસ કરીને જીવનના અરુણોદયથી જ મેં વિશ્વની એ એકમાત્ર શક્તિને માટે આક્રંદ કર્યું છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોમાંથી મનને હઠાવી લઇને એ એકમાત્ર ઇશ્વરી શક્તિના ચરણોમાં લગાડ્યું છે. એ શક્તિનું સાનિધ્ય પામવા કમર કસી છે, અને ઉત્તમોત્તમ સંપૂર્ણ શક્તિથી વિભૂષિત થઇને ગગનચૂંબી ધવલ હિમાલયની જેમ વિશદ ને વિરાટ થવા મહેનત કરી છે. ગૌરવભેર ઊભેલા પર્વતો, તમે એના સાક્ષી છો. મૃત્યુને જીતીને મૃત્યુંજય બનવા, અંધકારથી અતીત થઇને પરમ પ્રકાશનું સ્વરૂપ થવા, અને અલ્પતાને ખંખેરી કાઢીને પૂર્ણ ને વિરાટ પુરુષ થવા, આજ સુધી મેં જે પુરુષાર્થ ને આદર્શની માળા રચી છે તે ક્યારે સફળ થશે, ને મને કૃતાર્થ કરીને જીવનનો સાચો આનંદ આપશે ? એ જ ભાનમાં રમતાં રમતાં કાશ્મીરની ભૂમિ પરના દિવસો મેં પૂરા કર્યા. લગન, અનુરાગ, આદર્શ પ્રત્યેની એકનિષ્ઠ ભક્તિ સાધનાના આવશ્યક અંગો છે, ને તે ના હોય તો આધ્યાત્મિક સંસિદ્ધિની સાધના પાંગળી જ રહી જાય છે.

સમય કોને માટે થોભે છે ? તેને પાંખ દેખાતી નથી, પણ પાંખ કરતાં ય વધારે વેગથી તે દોડે છે. એક દિવસ અમે દિલ્હી પણ આવી પહોંચ્યા. એકાદ દિવસ ત્યાં રોકાયા. ભાઇ ધનેશ્વર મુંબઈ ગયા અને અમે કલકત્તા પહોંચ્યા.

તારીખ ૨૭ ઓગસ્ટે દક્ષિણેશ્વર ગયાં. દક્ષિણેશ્વરનું સ્થળ ઘણું રમણીય છે. 'મા'ની ગોદમાં બાળક શોભતું હોય તેમ આખુંયે મંદિર ગંગાકિનારે શોભે છે. પરમહંસદેવને શરીર છોડ્યે આજે વરસો થઇ ગયાં, છતાં એમનું સ્થાન એવું જ સજીવ લાગે છે. પરમહંસદેવની સાધનાની સમૃદ્ધિ ને તેમનો સદ્‌પદેશ આ સ્થળના કણકણમાં મળી ગયા હોય એવો ભાસ થયા વિના રહેતો નથી. મહાન પુરુષો તપે છે, સહે છે ને શાંતિની પ્રાપ્તિ કરે છે. એમાં કેટલી બધી શક્તિ હોય છે ? તેમના તિરોધાન પછી પણ માણસો તેમની સ્મૃતિમાંથી જીવન મેળવે છે, ને તેમનાં વચન ને જીવનનાં આદર્શમાંથી પ્રેરણા પામીને આદર્શ માનવ બને છે. દક્ષિણેશ્વરમાં પણ સેંકડો માણસો ટોળે મળે છે તેનું કારણ એ જ છે. આજે પણ માણસને અહીંથી ખોરાક મળે છે, પ્રેરણા સાંપડે છે, સંસારનો થાક ઊતારીને પુનર્જીવન પામીને પ્રવાસી અહીંથી પાછો ફરે છે.

પરમહંસદેવ ભારતીય સંસ્કૃતિ કે ધર્મના પ્રતિનિધિ હતા. ઇશ્વરની પાછળ પાગલ બનીને માણસ તેને કેવી રીતે મેળવી શકે તે તેમણે પોતાના જીવન દ્વારા બતાવ્યું છે.

દક્ષિણેશ્વર જવાનું થાય એટલે બેલુડ મઠને તો કેમ જ ભુલાય ? દેશ ને વિદેશમાં-ખાસ કરીને વિદેશમાં અપાર માન મેળવ્યા પછી સ્વામી વિવેકાનંદે આ મઠની સ્થાપના કરેલી. જીવનનો છેલ્લો સમય તેમણે અહીં જ પસાર કરેલો. અમે બેલુડ મઠ પણ ગયા. મઠની પાસે જ પ્રચંડ છતાં ગંભીર રૂપમાં ગંગાજી વહે છે. કલકત્તા જેવા મોટા ને ધમાલિયા શહેરમાં હોવા છતાં આ સ્થળે અત્યંત શાંત ને રમણીય વાતાવરણ દેખાય છે. સ્થાનના સૌન્દર્યનું એક મોટું કારણ ગંગા છે. નદી કે સમુદ્ર વાતાવરણને વધારે રમણીય બનાવે છે, ને તેમાંયે જો છુટાછવાયા પર્વતોની શોભા મળે તો તો પૂછવું જ શું ? તે સ્થાનની શોભા અદ્વિતીય જ બને. સૌન્દર્યની વાત જવા દઇએ તો પણ, માનવના વિક્ષિપ્ત મન અને આર્ત અંતર પર આવાં સ્થળો અસાધારણ અસર ઉપજાવે છે. માનવ આવાં સ્થળોમાં ચિંતનશીલ ને સ્વસ્થ બની જાય છે ને ઊંડી રાહતની લાગણી અનુભવે છે. એટલા જ માટે ભારતના વધારે ભાગના સાધકો, તપસ્વીઓ કે ઋષિવરોએ પોતાના નિવાસસ્થાન તરીકે સરિતા ને પર્વતના પ્રદેશોને પસંદ કર્યા હતાં. હિમાલયની ભૂમિનો મહિમા પણ એટલા માટે જ વિશેષરૂપે મનાય છે, અને આજે પણ અનેક નાનામોટા સાધકો શાંતિનો આસ્વાદ લેવા એ પ્રદેશ તરફ પ્રયાણ કરે છે.

બેલુડ મઠમાં ઉપર જઇને અમે સ્વામી વિવેકાનંદના ઓરડાનાં દર્શન કર્યા. ત્યાં જતાવેંત સ્વામી વિવેકાનંદનું મહાન વ્યક્તિત્વ નજર સામે ખડું થયું. સ્વામીજીની શક્તિ અપાર હતી. તેમનામાં એક સાથે અનેક પ્રકારની યોગ્યતા હતી. પ્રસિદ્ધિમાં આવતાં પહેલાં તેમણે કેટલાય કષ્ટો વેઠીને ભારતનો પ્રવાસ કરેલો, તપ કરેલું, ને ભારતના આત્માને ઓળખેલો. ભારતની મહત્તા તેમને તેની આધ્યાત્મિકતા કે ઇશ્વરપરાયણતામાં જ દેખાયેલી. એ લાગણીનો પડઘો તેમનાં વ્યાખ્યાનો, ઉપદેશો ને વાર્તાલાપોમાં ઠેર ઠેર નજરે પડે છે. એને લીધે જ એમને ભારત માટે માન હતું. ભારતની એ ભૂતકાલીન મહત્તા ફરી વાર તાજી થાય, અનેક પ્રજાજનો એ મહત્તાને જીવનમાં ઊતારે, ને સંસાર પણ તે માર્ગે ચાલીને સુખી થાય એવી તેમની પ્રબળ ઇચ્છા હતી. એ માટે તેમણે વીરની જેમ એકલે હાથે પુરુષાર્થ કર્યો, ને તેનાં ઉપકારક ફળને મૂકીને આપણી વચ્ચેથી વિદાય થયા. ભારતનો રાષ્ટ્રીય ઇતિહાસ લખાય ત્યારે રાષ્ટ્રીય અસ્મિતા અને ગૌરવના પ્રચારક તરીકે, ને તે દ્વારા વિદેશોમાં ભારતીય ધર્મ ને ભારતની પ્રજા પ્રત્યે સન્માન જગાવનાર મહાપુરુષ તરીકે, સ્વામી વિવેકાનંદનો ઉલ્લેખ અવશ્ય કરવો જોઇશે. વિચારકોને એ રીતે જણાશે કે ગાંધીજીના વિરાટ કાર્યની પહેલાં પણ એ મહાન પુરુષે પોતાની રીતે ભારતને માટે કાર્ય કર્યું હતું. ખરેખર, વિવેકાનંદ જેવા પુરુષસિંહ વારંવાર પાકતા નથી.

જે હેતુને માટે સ્વામીજી જીવનભર મથ્યા તે આજે ક્યાં દેખાય છે ? ભારત તો એવું જ દીન હીન ને કંગાલ છે. મહાત્મા ગાંધીની અસર પણ તેના પરથી હવે ભુંસાતી જાય છે. દેશમાં પક્ષાપક્ષી વધવા માંડી છે, સેવા વૃત્તિનો લોપ થવા માંડ્યો છે, ને નીતિ કે આધ્યાત્મિકતા તો વિરલ લોકોનો જ ઇજારો થઇ ગઇ છે. આ દશાનું કારણ શું ? તેનું ઓસડ શું ? ગંગાને કિનારે ઊભા રહીને મેં વિચારો કર્યા. પણ તેનો ઉલ્લેખ કરું તો વિસ્તાર વધારે થશે. અહીં તો એટલું જ કહીશ કે ભારતે સુખી ને સમૃદ્ધ થવું હોય, આઝાદીના ફળને ચાખવા

જો તેણે રામરાજ્યની રચના કરવી હોય, તો પ્રત્યેક માણસે ન્યાય ને નીતિને અપનાવ્યા વિના છૂટકો નથી, ઇશ્વરપરાયણ થયા વિના છૂટકો નથી, ને સેવા ને સહકારનું વ્રત લઇને જીવનમાં સંયમ, સાદાઇ તથા સચ્ચાઇને ઊતાર્યા વિના ચાલશે નહીં. આપણી પાસે બે માર્ગ છે. એમ કહો કે આખા સંસાર માટે બે માર્ગ છે. એક તો આપણા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોએ બતાવેલો ઉન્નતિ માર્ગ ને બીજો હિંસા, અસત્ય, ક્રોધ, કપટ, છલ તેમજ દુરાચારનો રાક્ષસી માર્ગ. એ માર્ગ પતનનો છે. તેનાં વિપરીત પરિણામોની માહિતી માનવ સમાજને મળી ચૂકી છે. છતાં પણ જો તે નહિ ચેતે, ને રાક્ષસી માર્ગને નહિ મૂકે, તો દેશ ને દુનિયાના દુઃખો વધતાં જ જશે, ને તેનો કોઇ ઇલાજ નહિ થઇ શકે. ધર્મ ને સાચી આધ્યાત્મિકતાના પાયા પર રચાયેલો સમાજ જ સુખી, સમૃદ્ધ ને સલામત થઇ શકશે.

અનેક પ્રકારની ભાવનાઓમાં સ્નાન કરતો હું બેલુડ મઠના એ ચિરસ્મરણીય સુંદર સ્થાનને જોઇ રહ્યો. બેલુડ મઠમાં રામકૃષ્ણદેવની સમાધિ પણ છે. સાંજે સાડા ચાર વાગે તેના દ્વાર ઊઘાડવામાં આવ્યાં એટલે અમે તેના દર્શને ગયા. સમાધિહોલની રચના ખૂબ જ કલાત્મક ને સુંદર છે. શાંતિથી એ સ્થાનમાં થોડો વખત ઊભા રહીને અમે રામકૃષ્ણદેવની સામે વિરાજેલી પ્રતિમાનું દર્શન કર્યું, અને એ દિવ્ય કાળની સંસ્મૃતિ કરી જ્યારે સ્વામી વિવેકાનંદ ને તેમના બીજા સમર્થ ગુરુભાઇઓ આ સ્થળમાં વિચરતા હશે ! તેમનું દર્શન કરવાનો સુયોગ જેમને પ્રાપ્ત થયો હશે તેમને પણ ધન્યવાદ ઘટે છે. એવા મહાપુરુષોનાં દર્શન પણ ક્યાં સુલભ છે ? વિવેકાનંદના તે વખતના જીવનપ્રસંગોની હારમાળા મારી દૃષ્ટિ સમક્ષ આવીને ઊભી રહી અને મેં અજબ લાગણી અનુભવી. સંસારમાં કીટ ને પતંગ કે ઉપનિષદના પેલા ઋષિની ભાષામાં કહીએ તો ઘાસની જેમ અનેક માણસો જન્મે છે ને મરે છે. તેમની ગણતરી કે યાદ કોણ રાખે છે ? પણ જે બીજાને માટે જીવે છે ને દેહ ત્યજે છે, કોઇ ઉત્તમ આદર્શને માટે સર્વસમર્પણ કરે છે, તેને જગત પોતાના ઇતિહાસમાં નોંધી લઇને શાશ્વત સમયને માટે યાદ કરે છે. યુગો જાય છે તો પણ તે યાદ ભૂંસાતી નથી કે તેની પ્રેરણા મટતી નથી.

હે પ્રભુ ! અમારા જીવનને પણ એવું ઉત્તમ બનાવો, ને તમારી સ્મૃતિરૂપે સંસારમાં સુશોભિત કરો.

આ પહેલાનાં મારા દક્ષિણેશ્વરના પ્રવાસ દરમ્યાન જે પ્રેમી ભાઇની મુલાકાત થઇ હતી તે પુલિનબાબુને મળવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક હતું. તેમને પત્ર લખ્યો હતો. પણ તે આવી ના શક્યા. તેથી એક દિવસ અમે જ તેમને ત્યાં જવા ઠરાવ્યું. રસ્તામાં જ એક ભાઇ દ્વારા માહિતી મળી કે દોઢેક વરસ પહેલાં પુલિનબાબુનું દેહાવસાન થઇ ગયું છે !

પુલિનબાબુને ઘેર તેમનાં પત્ની બેઠાં હતાં. અમને જોઇને તે ગદ્દગદ્દ બની ગયાં. તેમને પગે કાચ વાગેલો એટલે ઘણી ઇચ્છા છતાં તે અમને મળવા ક્યાંથી આવી શકે ? તેમને માટે તો ચાલવાનું પણ મુશ્કેલ હતું. અમારી સાથે તેમણે ખૂબ જ પ્રેમથી વાતો કરી. પુલિનબાબુની વાત નીકળતા તે બોલ્યા, 'તેમને ભયંકર માંદગી આવેલી. તેની પીડા પુષ્કળ હતી. બાબુ તો પહેલેથી જ ઠાકુરને પ્રાર્થના કરતા કે હવે આ શરીરને લઇ લો. પણ અમે તેમને સાંત્વન આપતાં. તેમની પીડા છેવટે ખૂબ જ વધી ગઇ. અમારાથી જોઇ શકાય તેમ પણ ના રહ્યું. ત્યારે મેં કહ્યું કે ઠાકુર, આટલું બધું દુઃખ આપો છો તેનાં કરતાં તો બાબુને લઇ લો તે જ સારૂં છે, ને તે જ દિવસે તેમનું દેહાવસાન થયું.'

મેં કહ્યું, 'તમારા પર પ્રભુની કૃપા છે. તમે તેને સાચા દિલથી યાદ કરો છો એટલે તેણે તમારી સંભાળ રાખવી જ જોઇએ. તે તમને દુઃખી નહિ કરે. તેનું સ્મરણ ખૂબ જ પ્રેમથી કરજો. સંસારમાં સૌએ આખરે તો એ માર્ગે જવાનું જ છે.'

તેમની આંખ ભરાઇ ગઇ. પ્રભુ પ્રત્યેનો તેમનો પ્રેમ અજબ હતો. મારાથી સહજ પ્રાર્થના થઇ ગઇ કે હે પ્રભુ, જે તારા આશ્રયે બેસીને તને આટલા પ્રેમથી પૂજે છે તેને કોઇ પણ વિપત્તિમાં નાખીશ નહીં-તેની હરહંમેશ રક્ષા કરજે !

પણ તેમાં નવું કહી બતાવવા જેવું શું છે ? માણસ ભાવવશ થઇને એવા શબ્દોચ્ચાર કરે તે ભલે, બાકી પ્રભુ તો અંતર્યામી છે, ઘરઘરનો જાણનાર છે. તેનું શરણ લેનારની રક્ષા કરવાનું તો તેનું વ્રત છે. પ્રહલાદના જીવનપ્રસંગો એ વ્રતના પાલનના પરમ દૃષ્ટાંત છે. માણસમાં એટલી બધી શ્રદ્ધાભક્તિ જાગે તો પ્રભુ દૂર નથી. પ્રભુ તેની સાથે પ્રેમથી બંધાઇ જાય છે. પણ નિર્બળ મનના માનવમાં એટલી શ્રદ્ધાપરાયણતા ક્યાં છે ? તેને તો વિષયો જ વહાલા લાગે છે. સંસારના આકર્ષક પદાર્થોની પાછળ પડીને જીવનની શક્તિને તે વેડફી નાખે છે, ને સુખદુઃખ, રાગદ્વેષ. અહંતામમતા ને જન્મમરણના ચક્રમાં ફર્યા કરે છે. એનાથી અધિક દયનીય દશા બીજી કયી હોય ? તેથી જ શાસ્ત્રોએ કહ્યું છે કે જે ઇન્દ્રિયો ને મનને વશ કરીને પ્રભુના ચારુ ચરણોનો આશ્રય લે છે તે બડભાગી છે. એવા બડભાગી માનવો આ સંસારમાં થોડાં જ છે, ને તેમના પર પ્રભુની છત્રછાયા સદાને માટે છવાયેલી છે, એમાં લેશ પણ સંદેહ નથી. પુલિનબાબુનાં પત્ની એવાં બડભાગી માનવમાંનાં એક હતાં. તેમના સુરદુર્લભ સર્વોત્તમ સદભાગ્ય માટે અમે તેમને ધન્યવાદ આપીને ઊભાં થયાં. પગમાં કષ્ટ થતું હોવા છતાં તે અમને વળાવવા ઘરની બહાર આવ્યાં.

'ફરી વાર આવવાનું થાય ત્યારે જરૂર દર્શન આપજો.' એ એમના અંતિમ શબ્દો હતા. પરંતુ ફરી આવવાનું ક્યારે થશે તે કોણ જાણે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૪. જગન્નાથપુરી ને ભુવનેશ્વર

### [૧] પુરીમાં

કલકત્તામાં પંદર દિવસ રોકાયા બાદ અમે જગન્નાથપુરી આવી પહોંચ્યા. એ બાજુનો પ્રદેશ આકર્ષક, રમણીય ને લીલોછમ છે. ઝાડપાન પણ પ્રચુર પ્રમાણમાં છે. નાની નાની ડુંગરીઓ પણ છેલ્લેછેલ્લે દેખાય છે. એ બધા સૌન્દર્યથી જગન્નાથજીનું સ્થળ પણ ખૂબ જ રમણીય હશે એવું અનુમાન થાય છે. એ અનુમાન સર્વાંશે સાચું નહિ તો છેક ખોટું પણ નથી પડતું. પુરીનો પ્રદેશ પણ રમણીય છે.

જગન્નાથપુરીની આબોહવા સુંદર છે. ત્યાં મંદિરની પાસે જ ધનજી મુલજીની સુંદર સગવડવાળી વિશાળ ધર્મશાળામાં અમે ઊતારો કર્યો.

જગન્નાથજીમાં જોવાની પ્રસિદ્ધ ને મુખ્ય વસ્તુ કયી ? ત્યાંનું મંદિર જ. ભારતના ચાર પ્રસિદ્ધ ધામમાં પુરીની ગણના છે. તેટલા પૂરતું તો તેનું મહત્વ છે જ, પરંતુ શંકરાચાર્યે ભારતને ચાર ખૂણે જે પીઠ સ્થાપી છે, તેમાંની એક પીઠ ત્યાં છે, એનું માન એ સ્થળને પ્રાપ્ત થયું છે.

ચાલો ત્યારે એ મહત્વના પુરી ધામનાં દર્શને જઇએ. મંદિર ખૂબ જ પ્રાચીન છે. અલબત્ત, રામેશ્વરના મંદિરની ભવ્યતા કે દ્વારકાના મંદિરની સુંદરતા ને સ્વચ્છતા અહીં નથી, પરંતુ વિશાળતા ને વિવિધતાની દૃષ્ટિએ જગન્નાથજીનું મંદિર પણ આકર્ષક છે. રામેશ્વર, દ્વારકા ને બદરીનાથનાં મંદિરોની તદ્દન પાસે સમુદ્ર, ગોમતીજી અને અલકનંદા નદી વહે છે, તેવું અહીં નથી દેખાતું. દરિયો થોડેક દૂર છે, તેને બદલે જો મંદિરની પાસે જ હોત તો મંદિરની શોભા ખૂબ જ વધી જાત એમાં સંદેહ નથી.

મંદિરમાં મૂર્તિ સુંદર છે. વચ્ચે સુભદ્રા ને આજુબાજુ બલદેવ તેમ જ ભગવાન જગન્નાથ છે. મંદિરમાં દર્શન થાય છે તે પહેલાં કીર્તનકારો અમુક અમુક અંતરે સુમધુર સ્વરથી કીર્તન કરે છે, ને નામધુન જગાવીને પ્રેમભક્તિનું વાતાવરણ ઊભું કરે છે. બદરીનાથ, દ્વારકા કે રામેશ્વરમાં એવી પરંપરા નથી દેખાતી. પણ અનુકરણીય અવશ્ય છે. મંદિરમાં થતું નામસ્મરણ દર્શકોનાં મન પર ઊંડી છાપ પાડે છે.

મંદિરમાં એક બાજુ શ્રી ચૈતન્ય મહાપ્રભુનું સ્થાન પણ જોવા મળે છે. ચૈતન્ય મહાપ્રભુના નામથી કોણ અપરિચિત હશે ? નવદ્વીપમાં જન્મીને કૃષ્ણભક્તિનો પ્રચાર કરનારા તે એક લોકોત્તર મહાપુરુષ હતાં. જીવનનાં છેલ્લા કેટલાય વરસો તેમણે અહીં ભગવાનના પ્રેમોન્માદમાં પસાર કરેલા, ને છેલ્લે તે જગન્નાથજીના શ્રી વિગ્રહમાં સમાઇ ગયેલા. એમને અવતારી પુરુષ કે કૃષ્ણાવતાર માનનારો એક વર્ગ પણ આજે છે. તેમનું જીવન અલૌકિક, પ્રેમભક્તિથી ભરેલું ને ઉજ્જવલ હતું. તેમની ઉપસ્થિતિમાં આ મંદિર કેવું શોભી ઊઠતું હશે ? પ્રેમ ને ભક્તિનો દેશમાં પ્રચાર કરવા ચૈતન્ય મહાપ્રભુ ને નિત્યાનંદના રૂપમાં ભગવાને અવતાર લીધો હતો એમ ભક્તોનું માનવું છે. તેમને ઇષ્ટ તરીકે પૂજનારા માણસો પણ આજે કેટલાય છે. તેમના જીવન ને કર્મ દ્વારા જાગૃતિની જે લહેર ફેલાઇ ને કીર્તન ભક્તિની વ્યાપક અસર થઇ તે ખૂબ જ નોધપાત્ર છે. એવી વિભૂતિઓનું પ્રાકટ્ય યુગોમાં ક્વચિત જ થાય છે. તેમના સ્થાનનું દર્શન કરીને અમને આનંદ થયો. તેમને મંદિરમાં નાચતા, મંદિરને દ્વારે ઊભા રહીને પ્રેમાશ્રુ સારતા, ભક્તો સાથે વાતો કરતા,

સંન્યાસીઓની સભામાં ભક્તિનો મહિમા સમજાવતા ને છેવટે શ્રી ભગવાનના સુંદર વિગ્રહમાં સમાઇ જતા અમે કલ્પનાચક્ષુથી જોઇ રહ્યાં.

જગન્નાથપુરીનો દરિયો સુંદર છે. મોજાં એક પછી એક ઊછળતાં ઊછળતાં કિનારે આવે છે તે ખૂબ જ આકર્ષક લાગે છે. દરિયાનો વિસ્તાર પણ ઘણો છે. શ્રદ્ધાળુ માણસો ત્યાં સ્નાન કરીને યાત્રાના પુણ્યસંચયમાં વધારો કરે છે. ગરીબી ને કંગાલિયતનાં દૃશ્યો અહીં પણ નથી એમ નહીં. એક બાજુ કિનારે હોટલોનાં આલિશાન મકાન ઊભાં છે અને આકર્ષક વસ્ત્રોથી વિભૂષિત પ્રવાસીઓ ફરે છે, તો બીજી બાજુ કંગાલ ને ચીંથરેહાલ માગણો પણ જોવા મળે છે. આ દૃશ્યો હૃદયસ્પર્શી છે. ભારતને કોઇ પણ છેડે જઇને ઊભા રહો, આવા વિરોધાભાસી દૃશ્યો દેખાવાનાં જ.

દરિયા કિનારે એક બાજુ શંકરાચાર્યનો મઠ છે. શંકરાચાર્યે પસંદ કરેલું સ્થળ ગામથી છેક દૂર છે. મઠમાં શંકરાચાર્યની મૂર્તિ છે. બાંધણી પહેલાંના સમયની અને બિલકુલ આકર્ષક નથી. મઠમાં હાલના શંકરાચાર્ય કે કોઇ સંન્યાસી મહાત્માના દર્શન ના થયાં.

## [૨] ભુવનેશ્વર

ભુવનેશ્વર જગન્નાથપુરીની પાસે છે. જગન્નાથપુરીથી મોટરમાં જવાય છે. વચ્ચે સાક્ષીગોપાલ તીર્થ આવે છે. ત્યાં પંડાઓ યાત્રીની પાછળ સારા પ્રમાણમાં પડે છે. તેમને દાન કે દક્ષિણા ના મળે તો 'ધર્મનો નાશ થઇ ગયો, અધર્મ વધી ગયો, કલિકાળનો પ્રભાવ બધે ફેલાઇ ગયો' એવી વાણીમાં હૈયાવરાળ કાઢે છે. સાક્ષીગોપાલમાં ભગવાન ઠેઠ મથુરાથી એક ભક્તની સાક્ષી પૂરવા માટે આવ્યા ને તે ભક્તના આગ્રહથી પછી ત્યાં જ રહી ગયા એમ પંડાઓ સમજાવે છે. ભુવનેશ્વરમાં અનેક પ્રાચીન મંદિરો છે. કેટલાક તો જીર્ણાવસ્થામાં છે. સૌથી મોટું મંદિર ગામની અંદર છે. તેમાં શંકર ભગવાનનું લિંગ છે. આ બાજુના મંદિરો એકદમ અંધારા અને ઊંડા હોય છે. મંદિરોમાં સ્વચ્છતા ઓછી હોય છે.

ભુવનેશ્વરથી પાછા પુરી આવ્યા ત્યારે આકાશમાં સંધ્યાના ગુલાબી રંગો ફરી વળેલા. વિદાય લેતો દિવસ એક વારની જીવનની નિશ્ચિત વિદાયની ને સંસારની પરિવર્તનશીલતાની કથા કહેતો હતો. પણ એ સાંભળનારા કેટલા હશે ? માણસો પોતપોતાના વ્યવહારમાં એવા તો મગ્ન હતા કે સાંજની એ શોભાને જોવાની પણ તેમને નવરાશ ન હતી. માનવીને વિચાર કરતો કરી મૂકવા માટે કુદરત એક મહાન ને ઉત્તમ ગ્રંથ બનીને પોતાના હૃદયને રજૂ કરે છે. તે ગ્રંથના પાનાં વાંચવાની શક્તિ જો માણસ કેળવે તો તે જીવનનો કલાકાર બની જાય. પ્રકૃતિના વિશ્વવિદ્યાલય પાસે બીજા વિદ્યાલયો ગૌણ બની જાય છે એ સાચું છે.

## [૩] અન્ય જોવાલાયક સ્થળો

જગન્નાથપુરીમાં એક બે બીજા મહત્વના સ્થળો પણ જોવા મળે છે. રાધાકાંત મઠ, જ્યાં શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાના જીવનના છેલ્લા અઢાર વરસ રહ્યા તે સ્થળ જોવા અમે ગયા. અત્યારે તો એ સ્થળની આજુબાજુ ખૂબ વસ્તી વધી ગઇ છે. દરિયો પણ અહીંથી દૂર છે. થોડી વાર એમ પણ થાય કે ચૈતન્ય મહાપ્રભુ જેવા એકાંતપ્રેમી પ્રભુપરાયણ મહાપુરુષે આ સ્થળ કેમ પસંદ કર્યું હશે ! પણ આ વિચાર કરતાં એ શંકાનું સમાધાન થઇ જાય છે. આજથી ૩૦૦-૪૦૦ જેટલાં વર્ષ પર, જ્યારે મહાપ્રભુ અહીં રહેતા હશે ત્યારે આટલી વસ્તી નહિ જ હોય. જંગલ જેવું જ હશે. મંદિરથી દૂર એકાંતમાં આ સ્થળની શોભા તે વખતે અપાર

હશે. આ ભીડ ને વસ્તી હમણાં હમણાં થઇ. એટલે મહાપ્રભુના સમય દરમ્યાન આ સ્થળ શાંત, સુદૂર ને અત્યંત રમણીય હશે.

એ મહાપુરુષના ત્રણ સંસ્મરણો આજે વિદ્યમાન છે, તે અમે જોયાં. એક નાની પેટીમાં મહાપ્રભુની પાતળી સુતરાઉ ગોદડી છે; બીજું સંસ્મરણ તેમનું જલપાત્ર છે ને ત્રીજું તેમના ચરણસ્પર્શવાળી પાદુકા છે. જે ઓરડીમાં તે રહેતા તે ઓરડી ખૂબ જ નાની છે. તેમાં એ વસ્તુઓ રાખવામાં આવી છે. બહાર દિવાલ પર તેમનાં ચિત્રો છે. જે મહાપુરુષે જીવનભર પ્રભુભક્તિનો રસ ચાખ્યો, ને હજારોને એ રસમાં તરબોળ કરીને ભાવિ પેઢીને માટે પણ અમર વારસો આપ્યો, તેની સાચી સ્મૃતિ તો માનવ ને કાલ દેવતાના હૃદયમાં જ લખાયેલી છે. તે કદી ભુંસાવાની નથી. તે સ્મૃતિના રૂપમાં તે મહાપુરુષ સદાયે અમર છે. તેમણે જે મહાન સંદેશ આપ્યો છે તેને માટે સૃષ્ટિ રહેશે ત્યાં સુધી સૌ તેમને માનની નજરે જોશે અને પૂજશે.

રાધાકાંત મઠની પાસે એક બીજી પ્રાચીન સ્મૃતિ છે. તેને સિદ્ધ બકૂલ કહે છે. કહે છે કે મહાપ્રભુના દાતણની ચીર જે તેમણે રોપી હતી તેમાંથી આ વૃક્ષ થયું છે; અને ત્યાં બેસીને મહાપ્રભુના મહાન ભક્ત હરિદાસે રોજ એક લાખ જપ કર્યા હતા. આ વૃક્ષ વિશે બીજી પણ વાતો છે. તેનો ઉલ્લેખ જવા દઇએ તો પણ એક વાત તો ચોક્કસ છે કે આ વૃક્ષ અતિશય રમણીય છે. તેના પોલા, કેવળ છાલવાળા થડમાં ભજન-ધ્યાનમાં બેસી શકાય તેવું આસન છે, અને તે ખૂબ જ સુંદર લાગે છે.

ભક્ત હરિદાસજીની વાત આવી એટલે જગન્નાથપુરીમાં આવેલી ભક્ત હરિદાસની સમાધિનો ઉલ્લેખ કર્યા વિના ના જ ચાલે. પુરી જનાર આધ્યાત્મિક રસ ધરાવતા પ્રવાસીએ એ સ્થળ પણ જોવું જ જોઇએ. એ સ્થળ ગામથી દૂર સમુદ્ર કિનારે છે. તેથી ખૂબ રમણીય છે. સમાધિનું સ્થળ નાનું છે પણ આશ્રમ પણ છે. એટલે મકાન મોટું થઇ ગયું છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુના પગલાં પણ એ સ્થળમાં ફોટામાં મઢીને રાખવામાં આવ્યાં છે, અને ભક્તો માટે એ પણ એક પરમ દર્શનીય વસ્તુ બની રહે છે. ભક્ત હરિદાસને કોણ નહિ જાણતું હોય ? ચૈતન્ય મહાપ્રભુના જીવનથી જે પરિચિત હશે તે ભક્ત હરિદાસને યવન છતાં મહાપ્રભુના એક પરમ કૃપાપાત્રરૂપે જાણે જ છે. એ મહાન ભક્તને શ્રી મહાપ્રભુએ પોતાને હાથે સમાધિ આપેલી. તે માનને માટે હરિદાસ તદ્દન લાયક હતા. હરિદાસનું જીવન ઇશ્વરપ્રેમનો પરમ નમૂનો છે. ઇશ્વરપ્રેમથી માણસ ક્યાં પહોંચી શકે છે તે હરિદાસના જીવન પરથી જાણી શકાય છે. વધુમાં તે બતાવે છે કે પ્રભુના દરબારમાં ઊંચ-નીચ, બ્રાહ્મણ, શુદ્ર, યવન તેમ જ રંક-રાયના ભેદ નથી. ત્યાં તો સૌ સમાન છે. એ ભેદો તો માણસની અજ્ઞાન ને ભેદજન્ય દુનિયામાં છે. જે ઇશ્વરને માર્ગે ચાલે છે, સદાચારી ને નમ્ર બની તે ઇશ્વરપ્રેમને પામે છે ને ઇશ્વરનું દર્શન કરે છે, તે જ તેના દરબારમાં શ્રેષ્ઠ છે, આદરપાત્ર છે, ને જીવન પણ તેનું જ સફળ ને ઉજ્જવલ છે. અહીં કેટલાય મહારાજાઓ ને અમીરો લાંબા થઇને સ્મશાનમાં સુતા છે, ને બીજા પણ સુઇ રહ્યા છે; તેમના સ્મારકો પણ રચાય છે. પણ ત્યાં કોઇ ભક્તિભાવે જતું નથી. કેમ કે તે ઇશ્વરપ્રાપ્તિની પરીક્ષામાં નિષ્ફળ જવાથી દુન્યવી દૃષ્ટિએ મોટા હોવા છતાં ઇશ્વરી દૃષ્ટિએ પંગુ જ છે. માનવજીવનને તેમણે સંસારની પાછળ જ વેડફી નાખ્યું છે, ને તેનાથી મહાન, પરમ સત્ય એવા તેના સ્વામીને શોધવા પુરુષાર્થ નથી કર્યો. બાજુમાં જ સુતેલું સ્મશાન એ સંદેશને સંભળાવે છે કે હે માનવ ! હરિદાસની સમાધિનું દર્શન કરીને એ સંદેશને જીવનમાં સંમિશ્રિત કરવાનો પ્રયાસ કરશે તો તારું જીવન પણ સફળ બનશે.

ગોપીનાથ ભગવાનની પ્રાચીન જગા પણ આ બાજુ જ આવેલી છે. મૂર્તિ વિશે કથા છે કે એક ભક્તને માળા પહેરાવતાં તકલીફ પડતી, કેમ કે મૂર્તિ ખૂબ મોટી હતી, તેથી તેણે આતુર હૃદયે પ્રભુને પ્રાર્થના કરી. આતુર હૃદયની પ્રાર્થના પ્રભુએ ક્યારે નકારી કાઢી છે ? પરિણામે મૂર્તિ નાની થઇ ગઇ. આજે એ જ નાના રૂપમાં ભગવાન ગોપીનાથની મૂર્તિના દર્શન થાય છે. આ કથા સાચી હોય કે ખોટી, પણ તેમાં રહેલો ધ્વનિ કામનો છે. તે એ છે કે ઇશ્વરને દ્વારે પાડેલો પોકાર કદી પણ નિષ્ફળ જતો નથી. માત્ર નિર્મળ અંતરથી ને ઉત્કટ ભાવથી પોકાર પાડવો જોઇએ.

### [૪] એક સુખદ મુલાકાત

ગોપીનાથ ભગવાનનાં દર્શને જતાં રસ્તામાં જ ગૌડીય મઠના મેનેજર મળ્યાં. તેમણે અમને વળતાં મઠની મુલાકાત લેવા કહ્યું. તે અમને આગ્રહપૂર્વક મઠમાં લઇ ગયા. મઠમાં પ્રવેશતાં જ તેમણે કહ્યું, 'પુરીમાં ખાસ જોવા જેવું આ એક જ શ્રેષ્ઠ સ્થળ છે-ગૌડીય મઠ.'

મેં પૂછયું, 'જગન્નાથનું મંદિર પણ નહિ ?' અને તે પોતે કરેલી અતિશયોક્તિને સમજી ગયા.

મઠમાં પ્રવેશ્યા પછી એમણે અમારી તરફ ફરીને પૂછયું : 'શ્રી ચૈતન્ય મહાપ્રભુ વિશે તથા ભક્તિમાર્ગ વિશે જેમણે કેટલાય વિદ્વતાપૂર્ણ લોકોપયોગી મહાગ્રંથો લખ્યા છે તે પરમ વૈષ્ણવ વિદ્યાવ્યાસંગી વૃદ્ધ મહાપુરુષના દર્શનનો લાભ લેવાનું તમને ગમશે ? તે અહીં જ રહે છે.'

મઠમાં બીજું કાંઇ દર્શનીય અને અસાધારણ ના હોવાથી સહેજે સાંપડેલા એ આમંત્રણથી અમે આનંદ પામ્યાં.

જોતજોતામાં વિભિન્ન વિષયો પર વાર્તાલાપ કરતા એ અમને પેલા પ્રાતઃસ્મરણીય પ્રસિદ્ધ મહાત્મા પાસે લઇ ગયા. એ અતિશય વૃદ્ધ હતા અને આકર્ષક આસન પર વિરાજેલા. એમની પીઠ પાછળ ટેકો દેવા માટે પાટલો મૂકેલો.

થોડીવાર પછી તેમણે માળાને બાજુએ મૂકી. ખૂબ જ મૃદુ સ્વરે તે અમારા તરફ જોતાં બોલ્યા: 'હું ભગવાનના ચરણના દાસના દાસનો પણ દાસ છું. એક સાધુ તરીકે મારો તમારી સેવા કરવાનો ધર્મ છે. બોલો તમારી શી સેવા કરું ?'

એમની વાણી ખૂબ જ મીઠી ને નમ્રતાથી ભરેલી. બોલનારનું દિલ નિર્મળ ને નમ્ર છે એ તેમની મુખાકૃતિ પરથી સ્પષ્ટ જણાતું.

મેં કહ્યું : 'અમને તમારા દર્શનથી જ આનંદ થયો છે. તો તમારા જેવા મહાપુરુષ પાસેથી સેવાની બીજી શી આશા રાખી શકાય ?'

તેમણે કહ્યું : 'શરીરના દર્શનમાં શું આનંદ છે ?'

મેં કહ્યું : 'શરીરનું જ નહિ પણ શરીરમાં બેઠો છે ને શરીર દ્વારા વ્યક્ત થઇ રહ્યો છે તે આત્મા-તેનું દર્શન.'

તે બોલ્યા : 'મને તો હજી તે આત્માનો અનુભવ થતો નથી. હું તો હજી ચામડું જ જોઉં છું. પણ પ્રયાસ કરું છું. મને આશીર્વાદ આપો કે પ્રભુની કૃપા મારા પર વરસે ને તે આત્માનું દર્શન હું કરી શકું. તેનો સાક્ષાત્કાર હજી મને નથી થયો.'

કેટલા નમ્ર શબ્દો ? આજના આપબડાઇના જમાનામાં નમ્રતાની આવી ભાષા-ને તે પણ એક વયોવૃદ્ધ સાધુપુરુષના મુખમાંથી ભાગ્યે જ નીકળી શકે. એ મહાપુરુષનું હૃદય ઉચ્ચ હતું એમાં શંકા નથી.

મેં કહ્યું : 'આત્માનું દર્શન તમે નથી કરી શક્યા તે ભલે, પણ આત્માનો સાક્ષાત્કાર નથી કરી શક્યા એ વાતનો સાક્ષાત્કાર કરી શક્યા છો તે ઓછું મહત્વનું છે ? એ સાક્ષાત્કાર ઓછો છે ? એ સત્ય પ્રત્યે જાગ્રત રહેવું એ કાંઇ નાનીસૂની વાત નથી. ઇશ્વરની કૃપા હોય તો જ એવી જાગૃતિ આવી શકે. અમે સાધારણ માણસો તમને શું આશીર્વાદ આપી શકવાના હતા ? ઇશ્વરના આશીર્વાદ તમારા પર વરસી ચૂકેલા છે.'

તેમણે મારું નામ પૂછયું. મેં કહ્યું, 'ગુજરાતી મહાત્મા તરીકે હમણાં તો સૌ ઓળખે છે.'

'ગુરુએ કોઇ નામ નથી આપ્યું ?'

'ગુરુએ બીજું આપવા જેવું આપ્યું છે, પણ નામ આપવાનું ભૂલી ગયા છે. મને તેની ચિંતા પણ નથી. હવે તો ઇશ્વર જે નામ આપે તે ખરું. તે સૌનોય ગુરુ છે.'

તે શાંત રહ્યા. થોડી વારે બોલ્યા, 'હે કૃષ્ણ, હે ગોવિંદ !'

મેં પ્રેમભાવે કહ્યું, 'બસ, એ જ નામ સૌથી પ્યારાં છે. યાદ રાખવા જેવાં ને જાણવા જેવાં પણ તે જ છે. તેથી જ પરમશાંતિ મળે છે. બીજા નામ તો હજારો છે. તેથી શું વળે ?'

હવે સાંજ પડી ચૂકી હતી એટલે અમે ઊભાં થયાં. દરિયાને કિનારે ફરતાં અને આકાશના ગુલાબી રંગોને નિહાળતાં અમે પેલા મહાપુરુષની નમ્રતાને યાદ કરવા લાગ્યાં. મહાપુરુષો ખરે જ નમ્ર હોય છે. જેમ પાકેલું ફળ તેમ તેમનું અંતર પણ અત્યંત કોમળ હોય છે. નમ્રતાને ધારણ કરવાનો એ મહામંત્ર પણ જો એ મહાપુરુષ પાસેથી શીખાય તો જીવન ધન્ય બની જાય.

અમે બહાર નીકળ્યાં એટલે તે મહાપુરુષે પાછું છાપું વાંચવા માંડ્યું ! જો કે તે વખતે અંધારું થવા માંડ્યું હતું. મહાપુરુષોની લીલા વિચિત્ર હોય છે. બાહ્ય આચરણ પરથી એમના સંબંધી સુનિશ્ચિત સનાતન અભિપ્રાય ના બાંધી શકાય.

## [૫] રસિકાનંદજી

એક દિવસ જગન્નાથજીના દર્શન પછી પાછા વળતાં રસ્તામાં વરસાદ પડ્યો. મને થયું કે કોઇ આશ્રય શોધવો જોઇએ, આજુબાજુ એક નાનું સરખું મંદિર હતું. તેના છાપરા નીચે બે સાધુ બેઠેલા. એમાં એક મહાત્મા ઊંચી કોટિના લાગ્યા. મને થયું કે ચાલો એ છાપરા નીચે જ બેસીએ. બંને કામ થશે-વરસાદથી રક્ષા કરવાનું અને સાધુપુરુષનો પરિચય મેળવવાનું.

મેં ધાર્યું હતું તેમ તે બેમાંથી એક સાધુપુરુષ ખરે જ ઊંચી કોટિના હતા. તેમની સાથેની વાતચીત પરથી જણાયું કે તે મૂળ ગુજરાતી ને મુંબઈના એમ. એ. હતા. સંન્યાસીનું નામ રસિકાનંદજી હતું. પણ હાલ તેમણે સંન્યાસનો પણ ન્યાસ કર્યો હતો ને પ્રેમદશામાં રહેતા. તેમનું નવું નામ હરિદાસજી હતું અને એ નામ શ્રી ચૈતન્ય મહાપ્રભુએ આપેલું. તે પહેલા વૃંદાવનમાં રહેતા. ત્યાં એક દિવસ ચૈતન્ય મહાપ્રભુએ તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં. તે વખતે મહાપ્રભુએ પીતાંબર પહેર્યું હતું ને તેમના કંઠમાં મોટી ફૂલમાળા હતી. અંતરિક્ષમાં ઊભા રહીને એમણે આપણા હરિદાસજીને સંકેતથી કહ્યું, 'જગન્નાથપુરી જાઓ. ત્યાં તમારી કૃષ્ણદર્શનની ઇચ્છા પૂરી થશે.' તે પછી છેલ્લા પંદરેક દિવસથી તે પુરીમાં આવેલા ને પ્રભુપ્રેમમાં સમય

પસાર કરતા. રાત આખી સમુદ્રની રેતીમાં પસાર કરતા. તેમની યોગ્યતા જાણીને તેમના પર પ્રેમ થયો. અમે પરસ્પર કેટલીક વાતો કરી. મારી સાથે તે ધર્મશાળામાં પણ આવ્યા, જમ્યા, ને ભજન સાંભળીને આનંદ પામ્યા.

આવા અનેકવિધ આનંદ વચ્ચે જગન્નાથપુરીના દિવસો વીતી ગયા. બરાબર પંદર દિવસના નિવાસ પછી ભાદરવા વદી અગિયારસ ને બુધવારે અમે જગન્નાથપુરી છોડ્યું.

**[૬] શારદાદેવીનો અનુભવ**

જગન્નાથપુરીમાં મહાત્મા હરિદાસજીએ મને પૂછયું કે 'તમારા જીવનનું લક્ષ્ય શું છે ?'

મેં જવાબ વાળ્યો કે 'જેવી રીતે તમારી પાસે છું, તમને જોઉં છું ને તમારી સાથે વાત કરું છું, તેવી જ રીતે ઇષ્ટનું મિલન મેળવવું-ઇષ્ટનું સાનિધ્ય પ્રાપ્ત કરવું, ટુંકમાં એમ કહેવાય કે **तुम मुझे देखा करो और मैं तुम्हे देखा करुं !'**

થોડી વાર પછી વળી મેં કહ્યું, 'યોગ કે સાધનાત્મક પ્રક્રિયાનાં બીજાં નાનાં મોટા જેટલા લક્ષ્ય તે બધાં જ આ વિરાટ લક્ષ્યની અંદર સમાઇ જાય છે. સમાધિ-સિદ્ધિ, દિવ્ય કે અલૌકિક શક્તિ કે રિદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ, અમૃતપદ કે પરમશાંતિ એ સર્વ કૈં ઇષ્ટ કે ઇશ્વરની પરિપૂર્ણ કૃપાથી સાધ્ય થઇ જાય છે. એટલે પ્રેમમાર્ગના સાધકે આ જ લક્ષ્યને નજર સામે રાખીને ચાલવાનું છે. તે પછી સાધનનો વિચાર કરવો પણ જરૂરી છે. પરમાત્માના મિલનનું એકમાત્ર મહાન સાધન તીવ્ર પ્રેમ ને તે દ્વારા વ્યાકુળ હ્દયે થતી પ્રાર્થના છે. અંતરના અંતરતમમાંથી, એક ઇશ્વરની જ ભૂખ જગાડીને માણસ ઇશ્વરને પોકાર કરે તો ઇશ્વર તેને જરૂર જવાબ દેશે ને તેની સામે સમય પર પ્રકટ પણ થશે. એટલે બીજા બધા જ ગૌણ સાધનો દ્વારા આ મહાન સાધનને વિકસાવવાનો પ્રયાસ સાધકે કરવો જોઇએ. તો જ સાધના ને તે દ્વારા જીવન સફળ બની શકે.'

હરિદાસજી મારી સાથે સંમત થયા. તે પોતે એક સાચા અનુભવી મહાપુરુષ હતા. એટલે તેમના વિચારો મારા વિચારોને મળતા જોઇને ખૂબ જ આનંદ પામ્યા.

તે દિવસોમાં એક નવી જ મૂંઝવણ ઊભી થઇ. નવરાત્રિના દિવસો પાસે આવતા જતા હતા. તે દિવસોમાં પાણી પર વ્રત કરવાની મારી ઇચ્છા હતી. તે માટે કયા સ્થળમાં રહેવું એ પ્રશ્ન ઊભો થયો. ક્યાં તો જગન્નાથપુરીમાં જ કોઇ સારી જગ્યામાં રહેવું કે પછી ગુજરાતમાં જવું અથવા ઋષિકેશ જઇને કોઇ સારી ધર્મશાળામાં જઇને નિવાસ કરવો એવા ત્રિવિધ વિચાર મારા મનમાં ઉત્પન્ન થયા. કોઇ ઉકેલ દેખાયો નહિ. છેવટે મંદિરમાં જઇને મેં પ્રભુને પ્રાર્થના કરી હે પ્રભુ ! તમારામાં શ્રદ્ધા-ભક્તિને રાખીને લાખો લોકો અહીં દર્શન કરવા આવે છે. તમારામાં સત્યતા હોય ને તમારો મહિમા આજે પણ સાચો હોય તો કોઇ દૈવી અનુભવ આપીને મને ત્રણ દિવસની અંદર જણાવી દો કે નવરાત્રિ વ્રત કરવા મારે ક્યાં રહેવાની જરૂર છે !

વાત ઘણી જ ગંભીર હતી. પણ ત્રીજે દિવસે સવારે જ પ્રભુએ મારા મનને શાંતિ આપી. વહેલી સવારે પ્રાર્થના કરતો હું બેઠેલો ત્યારે મારી સામે અચાનક શારદાદેવી પ્રકટ થયાં. તેમણે કહ્યું : 'કેમ ચિંતા કરો છો ?'

'મારે ક્યાં જવું તે મને સમજાતું નથી.' મેં ઉત્તર આપ્યો.

'તેમાં શી મૂંઝવણ છે ?' તેમણે ખુલાસો કર્યો, 'તમે સીધા દેવપ્રયાગ જાવ. ત્યાં શેઠના મકાનમાં નિવાસ કરજો. તે મકાન ખાલી નથી. તેમાં એક સરકારી માણસ રહે છે. પણ તમને ના નહિ પાડે. મકાનમાં રહેવાની રાજીખુશીથી રજા આપશે. તમારા આશ્રમમાં તો વરસાદના તોફાનને લીધે રહી શકાય તેમ નથી તેની મને ખબર છે.'

અને એ અદૃશ્ય થઇ ગયાં. મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. કોણ કહે છે કે દેવસ્થાનોમાં દેવત્વ નથી ? આજે પણ તેમનો મહિમા પહેલાંના જેવો જ સાચો છે. પણ માણસનું દેવત્વ મરતું જાય છે. તેનું પોતાનું દિલ ખાલી છે. તે જો શ્રદ્ધાભક્તિથી ભરપૂર બની જાય તો તો તેનું જીવન અજબ જેવા અનુભવોથી અલંકૃત બની શકે.

બીજે દિવસે બનાવેલી જગન્નાથ ભગવાનની સ્તુતિ 'શ્રી જગન્નાથ સ્તવનમાળા' મંદિરમાં ફરી વાર ગાઇ અને મને શાંતિ આપવા અથવા દિશાસૂચન કરાવવા બદલ પ્રભુનો આંસુભીની આંખે આભાર માન્યો.

શ્રી શારદાદેવીના અનુભવનો મારા જીવનનો આ પહેલો જ પ્રસંગ હતો. જગદંબાએ જ એ સ્વરૂપમાં આવીને મને માર્ગદર્શન આપેલું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૫. નવરાત્રિ વ્રત અને પછી

કલકત્તા આવીને એક વાર ફરી બેલુડ મઠનાં દર્શન કરીને અમે દેવપ્રયાગનો માર્ગ લીધો. જગન્નાથપુરીના પંદર દિવસ ખૂબ જ સુંદર રીતે પસાર થઇ ગયા. હવે અમે નવી ભૂમિમાં જતાં હતાં.

ચોમાસું વીતી ગયું હતું એટલે શાંતાશ્રમની અવસ્થા વિકૃત હતી. તે દશામાં ત્યાં રહેવું ઠીક ન હતું. વળી શેઠના મકાનમાં એક ભાઇ રેશનીંગ ઇન્સ્પેક્ટર રહેતા. તેમણે આખું મકાન ભાડે રાખેલું. ત્યાં રહેવા મળે તો સારૂં એવો વિચાર હતો. પણ તે કેમ બને ? શેઠે જવાબ આપ્યો કે 'ઇન્સપેક્ટર સાહેબને કાંઇ હરકત ના હોય તો તમે ત્યાં બીજા ઓરડામાં રહી શકો છો.' આમ આ વખતે દેવપ્રયાગમાં રહેવાની અવસ્થા ઠીક ન હતી. મેં મનમાં વિચાર કર્યો કે જે 'મા' પ્રેરણા કરીને જગન્નાથજીથી આટલે દૂર લાવી છે તેણે બધી વ્યવસ્થા કરવી જ જોઇએ. તે કાંઇ પોતાના બાળકને આમ હેરાન કરે નહીં. રહેવાની વ્યવસ્થા પણ તેણે કરવી જ જોઇએ. સાથે સાથે એવો પણ વિચાર કર્યો કે જો શેઠના મકાનમાં કોઇ ઓરડો ના મળે તો વળતે જ દિવસે ઋષિકેશ ચાલ્યા જવું ને ત્યાં નિવાસ કરવો.

પણ 'મા' તો અંતર્યામી છે. સમર્થ છે. તેણે મારી વેદના જોઇને યોગ્ય માર્ગ બતાવી દીધો. સાંજે અમે શાંતાશ્રમ તરફ ગયા ત્યાં ઇન્સ્પેક્ટર ભાઇએ પ્રેમથી મારી સાથે વાતચીત કરી ને થોડા દિવસ શેઠના મકાનમાં આવીને રહેવાનું સપ્રેમ આમંત્રણ આપ્યું. પ્રભુની લીલા ગહન છે. તે શું ના કરી શકે ? બધી ચાવી તેના હાથમાં છે. ઘટના કે વાતાવરણને જેમ બદલવા ચાહે તેમ તે બદલી શકે છે. એ તેની જ કૃપા હતી. પરિણામે અમે એ જ શેઠના મકાનમાં-જે શાંતાશ્રમના જ પર્વતમાં બંધાયેલું ને જ્યાંથી અમે કાશ્મીર માટે પ્રવાસે નીકળેલા તેમાં રહેવા આવી શક્યા. પ્રભુની શક્તિમાં વિશ્વાસ રાખીને માણસ ચાલે તો તેનું જીવન ધન્ય ને સફળ બની શકે. પણ એ સત્યને ઓળખીને જીવનમાં ઉતારવું કપરૂં છે. વીરલા જ તે પ્રમાણે જીવી શકે છે, ને જીવે છે તે સુખી થઇ જાય છે.

છેવટે અમે દેવપ્રયાગની ભૂમિમાં સ્થિર થયાં. પર્વતીય દુનિયામાં નીચેથી આવતા વેંત સારુ તો લાગતું નથી જ, છતાં ઇશ્વરેચ્છાને માન આપીને ચાલવું પડે છે. અહીંથી નીકળ્યા પછી અમે કેવા કેવા પ્રદેશો જોયા ? હિમાચ્છાદિત કાશ્મીર ને અમરનાથ, શ્રીનગરના સુંદર બાગ, બેલુડમઠ, દક્ષિણેશ્વર ને જગન્નાથપુરીનો સુંદર તેમ જ વિશાળ દરિયો ! બે મહિના જેટલા લાંબા પ્રવાસ પછી પાછાં અમે આ સ્થળે આવી પહોંચ્યા. ભારતના બીજા સુંદર મેદાની પ્રદેશો જોઇએ પછી આ પ્રદેશ એટલે સુંદર અને આકર્ષક લાગતો નથી. તો પણ પર્વતીય દુનિયાનો પોતાનો પણ એક જાતનો આનંદ છે.

દેવપ્રયાગ પહોચ્યાં પછી બીજે જ દિવસે નવરાત્રી શરૂ થઇ. એટલે 'મા'ની ઇચ્છાથી તે દિવસથી મેં પાણી પર રહીને નવરાત્રીવ્રત શરૂ કર્યું. એ વ્રત દરમ્યાન 'મા'ની પ્રાર્થના પ્રતિપળ ચાલુ રહી. તેની ટૂંકી નોંધ અસ્થાને નહીં ગણાય.

**દિન ૧-૨-૩** :- 'હે મા ! તમારા બાળકની બધી જ ઇચ્છા હવે પૂરી કરો. તમારા સુંદર મનમોહન રૂપને જોવાની તેની ઇચ્છા હવે જલદી જલદી પૂરી કરો ને તેને પૂર્ણ શાંતિ ને સિદ્ધિ દો. તમારા બાળકનું દુઃખ કેમ જોયા કરો છો ? તમે તો 'મા' છો. કૃપાળુ છો. બાળકની ઉપર કૃપાની વર્ષા વરસાવી દો ને તેના મનોરથ

સફળ કરો. તમે મને આજ લગી ખૂબ ખૂબ તલસાવ્યો છે. હવે એક પણ દિવસ વધારે તલસાવવાનો વિચાર સરખો પણ કરશો નહીં. આ નવરાત્રી  દરમ્યાન વહેલામાં વહેલી તકે મને સાક્ષાત દર્શન દો ને પૂર્ણતા પ્રદાન કરો જેથી પછી વહેલામાં વહેલી તકે આનંદિત હૃદયે હું દેવપ્રયાગના ધામમાંથી વિદાય લઉં. તમારા કહેવાથી જ મેં અહીં આવીને કેવળ જળ પર વ્રત શરૂ કર્યું છે. આજે ત્રીજો દિવસ છે. બે બે દિવસ વીતી ગયા છતાં તમે હજી કેમ આવ્યા નથી ? હજી તમે કેમ તલસાવો છો ? ભૂખના કષ્ટથી બીજું મોટું કષ્ટ દુનિયામાં કયું છે ? તે કષ્ટને તમે નિશ્ચલ થઇને કેમ જોયા કરો છો ? હવે તો જલદી જલદી પ્રકટ થાવ ને મને કૃતાર્થ કરો. જે એક પણ દિવસ જાય છે તે તમારી કૃપાને માટે નામોશીરૂપ છે.'

- આસો સુદી ૪ ગુરુવાર, તારીખ ૪-૧૦-૧૯૫૧

**દિન ૫** :- 'તમારું સુંદર રૂપ બતાવો મુજને મનમોહન મધુ રૂપ !' કેટકેટલા દિવસોની આ ઝંખના છે ! સંસારના બીજાં બધાંય રૂપ તમારી આગળ તુચ્છ છે. પણ માણસ તેના મોહપાશમાં બંધાઇને બરબાદ બની જાય છે, ને રૂપના મૂળ-રૂપનાં ભંડાર જેવા તમને વિસરે છે. પરંતુ તમારા રૂપની જરીક પણ ઝાંખી જેણે કરી છે, તમારી રૂપસુધાના સ્વાદની લગીર પણ લિજ્જત જેણે માણી છે, તે તો તમારી જ પાછળ પાગલ થઇ જાય છે, તમને પૂર્ણરૂપે પ્રાપ્ત કરવા જ તલસે છે, ને તમારા પરિપૂર્ણ મિલનથી, તમારા દિવ્ય એવા દર્શનથી જ તૃપ્ત થાય છે. મને પણ એ જ રૂપની લગની લાગી છે. કૃપા કરીને હવે મારી તરસને જલદી જલદી છીપાવો ને મને કૃતકૃત્ય કરો.

'....જીવન ત્યારે જ અમૃતમય બને છે જ્યારે માનવ તમારી પ્રાપ્તિ કરે છે. સાચા આનંદની શરૂઆત ત્યારે જ થાય છે જ્યારે માણસનાં ચક્ષુ તમારા ચક્ષુ સાથે મળે છે. તમારા વિના જીવનમાં રસ નથી, શાંતિ નથી. તમારી પ્રાપ્તિ એ જ જીવનનો એકમાત્ર સાર છે.'

'દિવસ વીતે છે ને સાંજ પડે છે ત્યારે મારા દિલમાં કૈંનું કૈં થઇ જાય છે. હૃદય કરુણાથી ભરાઇ જાય છે કે એક દિવસ વધારે વીતી ગયો-તમારા મિલન વિના જતો રહ્યો. વિરહની વેદનાને દૂર કરવા હવે શીઘ્રાતિશીઘ્ર પધારો, એ પ્રાર્થના મેં તમને કેટકેટલી વાર કરી છે ! પણ શું તે હજી તમને પહોંચી નથી ? ત્યારે તમે ક્યારે આવો છો, તમારા પ્રેમથી મને ક્યારે પરિપ્લાવિત ને પાવન કરો છો ?'

- આસો સુદી ૬, શનિવાર, તારીખ ૬-૧૦-૫૧

**દિન ૬** :- 'શિયાળાની કારમી ઠંડીથી ધ્રુજતાં માણસો રાત વીતે છે ત્યારે વહેલી સવારમાં સૂરજના ઉદયની રાહ જુએ છે, ને સૂરજ ઊગે છે ત્યારે બીજાં બધાં કામ બાજુએ મૂકીને એક વાર તેના મીઠા તાપનો આનંદ લેવા બહાર બેસે છે. તેવી જ રીતે સંસારની ઠંડીથી જે ધ્રુજી ઊઠ્યા છે તે તમારી તરફ ઉષ્મા માટે મીટ માંડે છે, ને તમારા પ્રાકટ્યને માટે પ્રાર્થે છે. કેમ કે તેમને ખાત્રી છે કે તમારા ઉષ્માકિરણમાં મન મૂકીને નાહ્યા વિના જુગજુગની અંતરશરદી મટવાની નથી. હું પણ તમારી તરફ મીટ માંડીને બેઠો છું ને તમે જલદી જલદી ક્યારે પ્રકટો છો તેની જ રાહ જોઉં છું.'

'ચાતક જેમ પાણીને તલસે ને ખેડૂત વરસાદને માટે આકાશ તરફ મીટ માંડીને બેસે તેથી પણ વધારે તલસાટ ને આતુરતાથી તમારી પ્રતીક્ષા કરતો બેઠો છું. તમારા મિલનની આશાના આનંદમાં

ઉપવાસની વેદનાને હળવી ગણીને જાણે કે ભૂલી ગયો છું. પણ તમે આમ ક્યાં લગી પ્રતીક્ષા કરાવશો ? હવે તો શીઘ્ર પ્રકટ થાઓ ને મારી સર્વ પ્રકારની વેદનાને ટાળી દો એ જ માગું છું.'

'....મહિષાસુરને મારવા માટે તમે તરત તૈયાર થયાં, પણ આ મોહરૂપી મહિષાસુર, જે તમારા વિરહનો વેશ ધરીને મારામાં બેઠો છે તેનો નાશ કરવામાં વિલંબ કેમ કરો છો ? ચિંતા ને અલ્પતારૂપી ચંડ ને મુંડનો નાશ કરવા કેમ કટિબદ્ધ થતાં નથી ? શુંભ ને નિશુંભને તો તમે હણ્યા, પરંતુ શોક તેમ જ પરિતાપને હણવામાં કેમ વિલંબ કરો છો ? અસુરની જડને ઉખાડી નાખવી એ શું તમારો ધર્મ નથી ? તો હવે સાનમાં સમજી જાઓ ને મને પ્રેમથી ભેટીને પુલકિત કરો.'

- આસો સુદી ૭, રવિવાર તા. ૭-૧૦-૧૯૫૧

**દિન ૭** :- 'બરફના પ્રદેશમાંથી વહી આવતું ગંગાનું પાણી આકાશ જેવું શુભ્ર થઇને વહ્યા કરે છે, ને ઊગતા સૂર્યના સોનેરી કિરણો તેના પર પડે છે, ત્યારે ઓર રંગ ધારણ કરે છે. સવારની સુંદરતા ને શાંતિ જોતાં પંખી કવિની જેમ વનમાં બોલી ઊઠે છે, ને પોતાનો ઉલ્લાસ ગીતના સુમધુર શબ્દોમાં ઠાલવે છે. માણસનું જીવન પણ આટલું આનંદમય, આટલું ધન્યતામય ત્યારે જ થઇ શકે છે જ્યારે તમારી મહાન કૃપાથી ભરાઇ જાય છે. જીવનની રાત્રિમાં ઉષાકાળ થતાં તમે પ્રકાશો છો ત્યારે જ જીવનનો આનંદ શરૂ થાય છે, જીવનનો પ્રકાશ ત્યારે જ પથરાઇ જાય છે.'

'એકધારા અવાજે વરસોથી વહેતી આ ગંગાની જેમ મારું સર્વ કાંઇ તમારા તરફ વહી રહ્યું છે, તમને જ ચાહતાં ને પ્રેમ કરતાં વહી રહ્યું છે. કોઇ શાયરની જેમ મારું અંતર તમારા ગુણાનુવાદને ગાયા કરે છે, ને તમારી દિશામાં સમસ્ત શક્તિનો પ્રવાહ દોડતો આવી રહ્યો છે. હવે તો કૃપા કરીને તેની આડે અવરોધ ના મૂકો : અવરોધોને હઠાવી દો ને તમારું ધન્યતામય દર્શન દઇને મને પરમ શાંતિ દો.'

- આસો સુદી ૮, સોમવાર તા. ૮-૧૦-૫૧

**દિન ૮** :- 'સાંજ પડવા માંડી છે, ત્યારે વનમાં ચરવા ગયેલી ગાયો પોતાનાં વાછરડાંને યાદ કરીને ઘર તરફ પાછી ફરે છે. તે વખતે તેમનો ઉલ્લાસ માતો નથી. જાણે કે ગાંડીતૂર થઇ હોય તેમ ઘેર આવતાં બીજું બધું જ ભૂલી જઇ, વાછરડાંને ચાટવાનું શરૂ કરે છે, ને એથી અખંડ આનંદ અનુભવે છે.'

'દૂર દૂર ઊડી ગયેલાં આ પંખી પણ અંધારા પહેલાં પોતપોતાના માળામાં પાછાં ફરે છે, ને સંતાનની સંભાળ લેવા આતુર થઇ જાય છે.'

'રાત્રિરૂપી માતા પોતાના તારકરૂપી બાળકોની સાથે આનંદ કરવા થોડી જ વારમાં આકાશના ઘરમાં આવીને ઊભી રહે છે. તો પછી તમે કેમ નથી આવતાં ? અમારી વ્યાવહારિક દુનિયામાં પણ ગમે તેવી માતા પોતાનાં બાળકને ભૂલતી નથી, ને રાત પહેલાં ઘેર પાછી ફરીને તેની સંભાળ લે છે : તો તમે હજી પણ મારી સંભાળ કેમ નથી લેતાં ? આજે આઠ આઠ દિવસથી તમારા વિના મ્લાન વદને બેસીને તમને પોકારું છું. છતાં તમે કેમ નથી દોડી આવતાં ? શું કલિકાળની અસર તમને પણ થઇ ગઇ, કે શું માતાના હૃદયને તમે વિસારી દીધું ? ના, ના, તેવી કલ્પના પણ તમારે માટે કરવી ઠીક નથી. તમે તો કાળનાં પણ કાળ ને સમસ્ત સૃષ્ટિનાં માતાં છો. તો હવે જલદી જલદી આવીને તમારા નામને સાર્થક કરો. તમારા પ્રેમામૃતથી મને પુલકિત કરો.'

'સૂર્યનાં સજીવન કરનારાં કિરણો આ નાના સરખાં બગીચામાં ફેલાય છે ત્યારે પ્રત્યેક ડાળી જાણે કે ડોલી ઊઠે છે ને પ્રત્યેક ફૂલ પ્રસન્નતાથી નાચી ઊઠે છે. પણ આ રાતરાણી.....તેની પ્રસન્નતા કેમે કરી નથી પ્રકટતી ને રાત્રિભર મહેંકી ઊઠતી તેની ખુશબો કેમે કરી જાગતી નથી. ખરેખર, જેને જેની સાથે પ્રીત બંધાઇ હોય તેને તેના રસમાં જ આનંદ આવે છે. સંસારના બગીચામાં મારૂં હૃદય પણ તેવી જ રીતે અપ્રસન્ન ને નિરાનંદ છે. કૃપા કરીને હવે આજે જરૂર પધારો, ને આ રાતરાણી મહેંકી ઊઠે ત્યારે તમારા મિલનથી મારા સર્વસ્વને પણ મહેંકી ઊઠવા દો.'

- આસો સુદી ૯, મંગળવાર તા. ૯-૧૦-૫૧

* * * * *

હિમાલયના ઊંચા ઊંચા પહાડ, પાસે જ વહી જતી ગંગાનો નિત્યનિરંતર થઇ રહેલો ધીરગંભીર અવાજ, ને તેની તટવર્તી આશ્રમભૂમિમાં પરમસિદ્ધિની ઝંખના કરતો, દિવસોથી પલાંઠી વાળીને બેઠેલો એક તપસ્વી-કૃશકાય છતાં મક્કમ, નિશ્ચયધારી, શ્રદ્ધાવાન ને પોતાની પૂર્ણતાની ભાવના સાથે વિશ્વના મંગળની કામનાવાળો, તે માટે પુરુષાર્થ કરનારો, અને યુગોમાં કોઇ જ વાર દેખાતા એવા સંયોગ તેમ જ સુયોગને ધરાઇ ધરાઇને જોઇ રહેલું નિર્મળ નીલ આકાશ-એ બધાની એક કલ્પનાછબી પ્રજ્ઞાચક્ષુ સામે દોરી શકો તો મારા દેવપ્રયાગના એ તપ ને મંથનના દિવસોનો કૈંક ખ્યાલ આવી શકે. આજનું જગત અનેરૂં છે. બાહ્ય વિષયોનું આકર્ષણ, છળ, કપટ, ધન ને પદની લિપ્સા અને શરીરસુખની લાલસા માનવમનને આજે વધારે ભાગે ઘેરી વળી છે. વિદ્વાન, પંડિત કહેવાતા રાજપુરુષ કે નેતા પણ એનાથી પર હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે. એવે વખતે સંસારના પદાર્થોથી દૃષ્ટિને વિમુખ કરી દઇ, વિશ્વની પરમશક્તિ તરફ તેને વાળવાની ને કેન્દ્રિત કરવાની મારી આરાધના લોકોની સમજમાં આવવી જરા મુશ્કેલ બનશે. અલબત્ત, કેટલાક અનુભવી સાધકો તેને સમજશે. બાકી યુગોથી-કહો કે સૃષ્ટિની શરૂઆતથી ઊભેલું આ આકાશ મારી સાધનાને સમજશે એમાં શંકા નથી. આ સૂર્ય, ચંદ્ર ને તારા, પૃથ્વી અને પતિતપાવની ગંગા મારી આરાધનાનાં સાક્ષી બનીને તેને સમજે છે. કેમ કે ગયાના વૃક્ષ નીચે પલાંઠી વાળીને સત્યની શોધમાં બેઠેલા બુદ્ધનો એમને અનુભવ છે, અનેક નાના મોટા, પરિચિત મહારથીઓના સાધનાસંઘર્ષ તેમણે પ્રાચીનથી માંડીને અર્વાચીન કાળ સુધી જોયાં છે, ને તેથી તે સાધક ને સાધનાને પારખવાની વિદ્યામાં પારંગત થઇ ગયાં છે. મારા જેવા એક સાધારણ ને છોટા તપસ્વીને તો તે કેમ ના ઓળખે ?

તે જ ચિરપરિચિત સાક્ષીઓની વચ્ચે રહીને મેં નવરાત્રી વ્રત કર્યું. એ વ્રત દરમ્યાન માતાજી ખૂબ જ પ્રેમથી બધી સેવા બજાવતાં ને પોતાનું ભોજન આનંદપૂર્વક બનાવી લેતાં. તેમને મારી સાથે રહીને એવા અનુભવો ઘણા થયેલા એટલે તે ટેવાઇ ગયેલાં.

વિજ્યાદશમીની સવારે ઉપવાસ તો છોડ્યા પણ મને સમાધાન થયું નહિ. સાધનાને માટે કોઇ ચોક્કસ અનુભવની આવશ્યકતા હતી. સાધના ક્યારે પૂરી થશે તે ચિંતા રાતદિન મારા મનમાં રહ્યા કરતી.

વિજયાદશમી પછીના બધા જ દિવસો પ્રાર્થનામાં પસાર થયા. નિષ્ફળતાના આવા કેટકેટલા આઘાતોની વચ્ચેથી મારો ઉત્સાહ અખંડ રહીને કામ કરે છે ! ફરી પુરુષાર્થ, ફરી ભોગ ને ફરી હિંમતપૂર્વકનો સાધનાપ્રવાસ-આ બધું કરતાં કરતાં છેલ્લા ત્રણેક વર્ષ મેં વીતાવ્યાં છે. આ છેલ્લી ને મહત્વની સાધનાને

સફળ કરતાં મને વધારેમાં વધારે વખત લાગ્યો છે. પણ મારી શ્રદ્ધા આવા નિષ્ફળ દિવસોની આવૃત્તિ વચ્ચે પણ તદ્દન અચળ અને અમર છે. જે બીજ નાખ્યું છે તે વ્યર્થ જવાનું નથી જ નથી. વિશ્વના મંગળ ને મારી પોતાની સિદ્ધિ કે પૂર્ણતા માટે કેવળ 'મા'ની પ્રેરણાથી, 'મા'નો આધાર લઇને મેં જે સાધનાપ્રવાસ એકલે હાથે ચાલુ રાખ્યો છે તે સફળ ને પૂર્ણ થવાનો છે, એવા મારા દૃઢ વિશ્વાસમાં આથી તિલમાત્ર ફેર પડ્યો નથી, ને પૂર્ણ સિદ્ધિની ઘડી સુધી તેમાં કૈં જ ફેર નહીં પડે. મારા જીવનાનુભવ પરથી પૂર્ણતાનો પ્રત્યેક પ્રવાસી કે સત્યનો શોધક શીખી લે કે આધ્યાત્મિક વિકાસનો માર્ગ કદી ના ખૂટનારી અચળ શ્રદ્ધાવાળા માણસ માટે જ છે. નિરાશા ને વિષાદની જેની ભાવના ને મહેચ્છા પ્રત્યેક ઉષાએ પાંગરતી જ જાય છે, ને મૂકપણે સહન કરીને પોતાના આદર્શ માટે છેવટ સુધી ભોગ આપવા જે તૈયાર થાય છે તેને માટે જ સાધના છે. તે બહાદુર કે વીરપુરુષ જ પૂર્ણતાના પ્રવાસમાં પરિપૂર્ણ રીતે સફળ થઇ શકશે. જે કાયર છે, નિષ્ફળતાથી ડરી કે નાહિંમત થઇને જે લીધેલા નાના કે મોટા કાર્યને પડતું મૂકે છે, તે પોતાનો કે કોઇનો ઉદ્ધાર કરી શકશે નહીં. સાધકે પહેલાં મજબૂત મનોબળ તૈયાર કરવું જોઇએ. પછી તેણે શોધી કાઢવું જોઇએ કે જે ધ્યેય માટે તે મહેનત કરે છે તે ધ્યેય ઇશ્વરપ્રેરિત કે ઇશ્વરમાન્ય છે ? જો એનો ઉત્તર હા માં મળે તો તેણે ગભરાવાનું કે નિરાશ થવાનું કારણ નથી. તેનો બધો ભાર પ્રભુ ઉપાડી લેશે ને છેવટે સુધી દોરશે. કેમ કે તે પણ જગદંબા છે, ને તેની ઇચ્છા સદાય વિજયી થવા સર્જાયલી છે.

એટલે જ નવરાત્રી વીતી ગઇ છતાં નિરાશ થયા વિના 'મા' પર પૂર્ણ શ્રદ્ધા રાખીને મેં મારું કાર્ય ચાલુ જ રાખ્યું, તે વિના છૂટકો ન હતો. જે કાર્ય લીધું છે તે પૂરું ના થાય ત્યાં સુધી મને ચેન જ ક્યાંથી પડે ? ફરી સજ્જ થઇને આગળ વધવું એ જ માર્ગ હતો.

લગભગ આખો આસો મહિનો વ્રત તેમ જ પ્રાર્થના ને ચિંતામાં ને 'મા'ની પ્રેમપૂર્વક પ્રતીક્ષા કરવામાં વીતી ગયો. દશેરા પછી આઠ દિવસ દૂધ પર ને બે દિવસ બાદ કરતાં બીજા બધા દિવસ એક ટંક વ્રત કરીને 'મા'ની કૃપા મેળવવા મેં પ્રાર્થના કરી. દિવાળી પહેલાં હિમાલયના પવિત્ર પ્રદેશમાં મારી સાધનાત્મક આકાંક્ષા પરિપૂર્ણ કરવા મારું હૃદય આતુર થઇને ઝંખતું હતું. મારી ખાતરી હતી કે મારી સફળતાનો મુખ્ય આધાર મારા પ્રયાસ પર નહિ, પરંતુ જગદંબાની દયા પર જ રહેલો છે, ને તેથી જ ગંગાના તટપ્રદેશના એકાંત શાંત આશ્રમમાં તેની દયા માટે ભીખ માગતાં મારા દિવસો પસાર થવા માંડ્યા.

દેવપ્રયાગમાં શેઠના મકાનના નિવાસ દરમ્યાન તે જ મકાનમાં ભાઇ જવાહરલાલ સહાની પણ રહેતા. તેમણે જ અમને પ્રેમપૂર્વક જગા આપેલી તે ઉલ્લેખ મેં આ પહેલા કર્યો છે. એ ભાઇ ખૂબ પ્રેમાળ, શ્રદ્ધાળુ ને સરળ હૃદયના હતા. તે મૂળ કાશ્મીરી હતા. ધની ને સુસંપન્ન માતાપિતાના એકના એક પુત્ર હોવા છતાં પિતાની વિરુદ્ધ પોતાના પગ પર ઊભા રહેવા માટે તે નોકરીમાં જોડાયેલા.

નવરાત્રી દરમ્યાન ને તે પછી મેં જે વ્રત કર્યું તેનાથી તે સારી પેઠે માહિતગાર હતા. તદ્દન પાસે રહેતા હોવાથી જણાવવાની ઇચ્છા ના હોવા છતાં એ વિશે જાણવાનું તેમને માટે સ્વાભાવિક હતું. તેમને માતા શીતળા પર પ્રેમ હતો. સદ્દભાગ્યે તેમને એક દાંતના ડોકટર મળ્યા હતા. તેમને માતા શીતળાનો આવેશ આવતો. તેમને ગુરુ માનીને તેમની પાસેથી તે બનતો લાભ લેતા. એટલે આધ્યાત્મિકતા પ્રત્યે તેમને આકર્ષણ ને રુચિ બંને હતાં.

વ્રત દરમ્યાન એક દિવસ તેમણે મને પૂછ્યું, 'તમારા જેવા મહાન પુરુષને આવી કઠોર ને તીવ્ર સાધના કરવી પડે છે, તો અમારા જેવા સાધારણ મનુષ્યોને તો કેટલું તપવું પડે ? પૂર્ણતા કે પરમશાંતિ કે ઇશ્વરપ્રાપ્તિ માટે અમારે તો કેટલી મહેનત કરવી પડે ? અમારો ઉદ્ધાર તો કેટલાય જન્મોમાં થઇ શકે એમ લાગે છે.'

મેં કહ્યું, 'ના, એમ માનવાનું કોઇ કારણ નથી. મારી મહેનત જોઇને ડરી જવાનું કે નિરાશ થવાનું કારણ નથી. મારામાંથી તો તમારે આદર્શને માટે મરી ફીટવાની ને છેવટ સુધી ભોગ આપવાની પ્રેરણા મેળવવાની છે. એ પ્રેરણા પ્રમાણે ચાલો તો સંભવ છે કે ઇશ્વરની કૃપા તમારા કે કોઇના પર જલદી પણ થઇ જાય. વળી મારી સાધનાનો આદર્શ ઘણો વિશાળ છે. તે વિશે તમને જણાવવાની જરૂર નથી. પણ તે આદર્શ આકાશ જેટલો ગહન ને હિમાલય જેટલો ભવ્ય ને મહાન છે. તેથી મારે તેને સાધ્ય કરવા થોડો વધારે પરિશ્રમ કરવો પડે એ સમજી શકાય તેમ છે. તેનો અર્થ એમ નથી કે દરેકને તેવો પરિશ્રમ કરવો પડશે. હા, વગર મહેનતે-જરા પણ ભોગ આપ્યા વિના પ્રાપ્ત થઇ જાય એવાં આધ્યાત્મિક માર્ગના રહસ્યો નથી. તે લાંબી ઉપાસના, ધીરજ ને પ્રલોભનરહિતતા માગી લે છે. વધારે ભાગના માણસોમાં એ વસ્તુનો અભાવ હોય છે. તેથી તે આ માર્ગે આગળ વધી શકતા નથી.'

'એક બીજી વાત કહુ. પાણી પર તરવા માટે જે નાવ બનાવે છે તેને પહેલાં કેટલો પરિશ્રમ પડે છે ! જંગલમાં જઇને તે લાકડાં શોધે છે, તેને બરાબર બનાવે છે, ને કેટલાય દિવસોની મહેનત પછી તેમાંથી નાવ ઘડે છે. પણ એક વાર તે નાવ તૈયાર થઇ ગઇ એટલે બધાંને તેવી મહેનત કરવી પડતી નથી. તેવી મહેનતના ખ્યાલથી દરેકે ગભરાવાનું રહેતું નથી. પછી તો જેને પણ પાણીને પાર કરવું હોય છે તેનું કામ સહેલું બની જાય છે. તેવી જ રીતે મહાપુરુષો શ્રમ કરે છે, સાધના કરે છે, અને અનેકના કલ્યાણની કૂંચી તૈયાર કરે છે. પછી તો જેમણે આ સંસારસાગરની પાર પહોંચવું હોય, તેમને માટે નવો વધારે પડતો પરિશ્રમ કરવાની જરૂર નથી રહેતી. તેમણે તો કેવળ અમુક યોગ્યતા પ્રાપ્ત કરીને તેવા મહાપુરુષોનું શરણ લેવાનું જ શેષ રહે છે. તેથી તેમનું કામ સહેલું થઇ જાય છે. એવા પુરુષોનું શરણ મળે તો પછી નિરાશ થવાનું કારણ રહેતું નથી. મારી સાધના ઇશ્વર પર શ્રદ્ધા રાખીને થાય છે. જગદંબા જ તેનો એક માત્ર આધાર છે. એટલે જરા પરિશ્રમ પડે તે સમજી શકાય છે.'

બીજી વાર એક ઓરિસ્સાના કલેક્ટર આવ્યા. તેમની સાથે ઔરંગાબાદના હિંદી તેમ જ અંગ્રેજીના એક પ્રોફેસર પણ હતા. તેમણે પ્રશ્ન પૂછ્યો, 'પરમાત્મા સર્વના ગુરુ છે, તો પછી માણસે ગુરુ કરવાની જરૂર ક્યાં રહી ?'

'બરાબર છે.' મેં કહ્યું, 'પરમાત્મા સૌના ગુરુ છે. પણ એ તો એક આદર્શ અથવા સિદ્ધાંત છે. જેમ કે આત્મા મુક્ત જ છે એ સિદ્ધાંત કે આદર્શ છે છતાં વિચાર કરતાં જણાશે કે બંધનનો, અનેક પ્રકારની અલ્પતા અને વાસનાનો અનુભવ માણસને થાય છે, ને તેથી તે મુક્ત થવા ભરચક પ્રયાસ કરે છે. એટલે કે આત્મા મુક્ત કે પૂર્ણ છે એ સિદ્ધાંત તો બરાબર છે. પણ માણસને જ્યાં લગી તેનો અનુભવ થયો નથી ત્યાં લગી વાસ્તવિક દૃષ્ટિએ તે સાચું માની શકાય નહીં. કેમ કે આધ્યાત્મિક સત્યો કેવળ બોલી બતાવવાનાં વાક્યો નથી પણ જીવનમાં પ્રત્યક્ષ કરીને આચરવાનાં રહસ્યો છે.'

'એ જ વાત આ પ્રશ્નને લાગુ પડે છે. પરમાત્મા સૌના ગુરુ છે એ સિદ્ધાંતની દૃષ્ટિએ તદ્દન સાચું છે. પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ બરાબર નથી. માણસ જો નમ્ર ને પ્રામાણિક બનીને વિચાર કરશે તો તેને સ્પષ્ટ સમજાશે કે ઇશ્વરની ઇચ્છા, ઇશ્વરના સંદેશ કે ઇશ્વરની પ્રેરણા પ્રમાણે તેનું જીવન ચાલતું નથી. અહંકાર, દંભ, કામ, ક્રોધ ને મમતા તેમ જ આસક્તિના આવરણમાં માણસ ઢંકાયેલો છે. એટલે ઇશ્વરનો સાચો સંદેશ ઝીલી કે સાંભળી શક્તો નથી. તે તો પોતાના મલિન મન ને સ્વભાવની જ આજ્ઞા કે પ્રેરણા પ્રમાણે વર્તે છે. તે મહાગુરુ-વિશ્વગુરુ પરમાત્માની સાથે તો તેનો સંબંધ જ ક્યાં છે ? જ્યારે તે મમતા, અહંકાર અને આસક્તિને ખંખેરી કાઢશે, ને ઇશ્વરની તરફ ગમન કરીને શુદ્ધ સત્વગુણ પ્રતિષ્ઠિત થશે ત્યારે ઇશ્વરી સંદેશ સાંભળી શકશે, ને ઇશ્વરી પ્રેરણા પ્રમાણે જ જીવન ઘડી શકશે. મહાપુરુષોનાં જીવન આજ રીતે ઘડાતાં હોય છે. તેથી જ તેઓ કહી શકે છે કે ઇશ્વર તેમનાં ગુરુ છે, ને તેના આદેશ પ્રમાણે તે જીવે છે.'

'સાધારણ માણસમાં અનુભવની આટલી અવસ્થા ક્યાં છે ? મનની વૃત્તિ, સ્ત્રી, ધન અને એવા કેટલાય પદાર્થો તેના પર સત્તા જમાવીને તેને નચાવે છે. ઇશ્વરની સત્તાનો સંપર્ક તેને ક્યાં છે ?'

'ત્યારે ઇશ્વરી સંદેશ સાંભળવાની શક્તિ જેનામાં નથી, તેણે એવા મહાન પુરુષોનો આશ્રય લેવો જોઇએ જે તેને ઇશ્વરના સંદેશની શિક્ષા આપે ને ઇશ્વરની આજ્ઞા શું છે તે સમજાવે. એવા મહાન પુરુષોને ગુરુ તરીકે સ્વીકારવાનું એટલા માટે જ આવશ્યક થઇ પડે છે. તેમની પ્રેરણાથી જીવનનો અંધકાર દૂર થાય છે, મનની જડતા ટળી જાય છે, ને ઇશ્વરરૂપી પરમ ગુરુ સાથે અનુસંધાન સાધી શકાય. આવી શક્તિવાળા ગુરુ જ સાચા ગુરુ છે, ને તેમનો આશ્રય લેવાની અગત્ય એટલા જ માટે સૌથી વધારે છે.'

ગંગાના અખંડ જયઘોષને સાંભળતાં, એવા એકાદ બે પ્રસંગોની વચ્ચે હિમાલયવાસના સાધનામય દિવસો વીતી ગયા. સમય ઝડપી છે. નવાં નવાં ફૂલો ચઢાવીને, નવા નવા પ્રેમભક્તિના ભાવથી એ વિશ્વગુરુ જગદંબાની પૂજા કરતાં દિવસ પર દિવસ વીતી ગયા. પ્રેમ જ જે આરાધનાનો પ્રદીપ છે, શ્રદ્ધા જ્યોત ને ધીરજ ધૂણી છે, તે આરાધના પ્રતિદિન ચાલુ જ રહી. દિવાળી એ રાતે જ પૂરી થઇ. હવે ઠંડી શરૂ થવા માંડી. ત્યાં તો એક દિવસ 'મા'એ નાશિક જવાની પ્રેરણા કરી. ભાઇ ચંપકભાઇ નાશિક હવાફેર માટે ગયેલા. એમના આમંત્રણ પત્રો ઉપરાઉપરી આવતા હતા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૯. ત્રીસ દિવસના ઉપવાસ

જીવનના પ્રવાસમાં કેટકેટલા ચઢાવ ઉતાર આવે છે ! હિમાલયની પર્વતમાળામાંથી જ્યારે વક્રગતિએ મોટર પસાર થાય છે ત્યારે એવો વિચાર જાગે છે. જીવનના સફળ ને સુખદ પ્રવાસ માટે જીવનરૂપી રથનો ચલાવનારો સારથિ પણ ખૂબ જ સાવધ ને સશક્ત હોવો જોઇએ, નહિ તો હિમાલયના વિકટ માર્ગ જેવી જીવનની આંટીઘૂંટી પાર કરવાનું કામ તેને માટે મુશ્કેલ થઇ પડે. જીવનની સાધના અતિશય કપરી છે ને પ્રવાસી સાધકે સદાય જાગ્રત રહીને તેની પરિપૂર્ણતા માટે પ્રયત્નશીલ રહેવાનું છે.

દેવપ્રયાગથી ઋષિકેશનો પર્વતીય મોટરમાર્ગ ખૂબ વિકટ છે. એ માર્ગનો પ્રવાસ કરવાથી સાચા હિમાલય પ્રદેશનું દર્શન થાય છે. ઋષિકેશ સુધી આવીને પાછા ફરતા પ્રવાસી હિમાલયના મહાન દર્શનથી વંચિત રહી જાય છે, એ મેં પહેલાં પણ કહ્યું છે. એ દર્શનનો આનંદ અજબ છે. દેવપ્રયાગની ભૂમિ પણ સાધના માટે ઉત્તમ અને અનુકૂળ છે. તે ભૂમિના પરમાણુ જ જુદા છે. લાંબા વખતના અનુભવ પછી જ એ વાત સમજી શકાય તેમ છે.

એ પરમાણુઓમાં સ્નાન કરવાનું સૌભાગ્ય મને કેટલાંય વરસોથી સાંપડ્યું તેથી અંતર સંતૃપ્ત ને શાંત બન્યું. એ પ્રદેશમાંથી વિદાય લેવાનો વખત આવી પહોંચ્યો. ભાઇ જવાહરલાલ ગદગદ્ થઇ ગયા. તેમનો પ્રેમ ખરે જ અજબ હતો. કહ્યું છે કે અનેક જન્મોનાં પુણ્ય વિના મહાત્મા પુરુષો પર પ્રેમ થતો નથી તે સાચું લાગ્યું. દેવપ્રયાગના ભાઇ રામેશ્વર-વ્રજમોહન પણ મોટરે આવ્યા. તેમનો પ્રેમ પણ ભારે હતો.

વર્ષો પહેલાં આધ્યાત્મિક સાધના માર્ગના એક અજાણ્યા પથિક તરીકે જ્યારે હું આ પ્રદેશમાં આવ્યો ત્યારે મારા દિલમાં કેવા કેવા ભાવતરંગો ઊઠતા હતા ? તે પછી તો હિમાલયના પ્રદેશમાં મેં અનેક અનુભવો મેળવ્યા, જીવનનો ઇશ્વરપ્રેરિત આધ્યાત્મિક ઘાટ ઘડ્યો ને ઊંડી શાંતિ પણ મેળવી. એનો લગીર જેટલો ઇતિહાસ હું આલેખી ચૂક્યો છું. એ દિવસોની ઉડતી યાદ આવતાં હિમાલયની મારી રસવૃત્તિ ને ઉત્તરાખંડ પ્રત્યેની મારી માનબુદ્ધિ ફરી તાજી થઇ, ને મારું હૃદય કાવ્યમય ભાવોથી ભરાઇ ગયું.

ઋષિકેશમાં બે દિવસ રોકાઇને આખરે અમે નાશિક આવી પહોંચ્યા. ભાઇ ચંપકભાઇ જ્યાં રહેતા હતા તે સ્થાન ખૂબ સુંદર હતું. આ ઉપરાંત તે પોતે પણ મારા પર ખૂબ પ્રેમભાવ રાખતા. દશરથાચલના પર્વત પર અમે સાથે રહ્યા તે પહેલાંથી એટલે ઋષિકેશનિવાસના દિવસથી તે પ્રેમ જાગ્રત થઇને વધતો જતો. એમની સાથે એકાંત વાતાવરણમાં રહેતા મારા દિવસો આનંદપૂર્વક પસાર થવા માંડ્યા.

નાશિકના તીર્થધામમાં પણ મારું બધું જ ધ્યાન મારી સાધનાની સિદ્ધિ પ્રત્યે એકાગ્ર થયેલું. સાધનાને સફળ કરવા મારાથી બનતા પ્રયાસ મેં કર્યા હતા. તે પ્રયાસને આગળ લંબાવવાની મારી ઇચ્છા હતી. તે ઇચ્છાને ક્રિયાન્વિત કરવાનું કામ નાશિક આવીને મેં શરૂ કર્યું. એટલે કે 'મા'ની દયાથી વિભૂષિત થવા માટે તારીખ ૧૬ નવેમ્બર શુક્રવાર કારતક વદી ત્રીજથી મેં જલ પર તેમ જ નિર્જલ રહીને 'મા'ને પ્રાર્થના કરતાં ઉપવાસ શરૂ કર્યા. તેની ટૂંક નોંધ શરૂઆતમાં લખું છું.

**દિન ૧, ૨, ૩** : ઇતિહાસ ને પુરાણમાં સારી પેઠે ગવાયેલા આ તીર્થધામમાં હે મા, તમારી કૃપાનો ભિક્ષુક બનીને એક વાર ફરી બેઠો છું. તમારા પ્રેમની ઝંખનામાં મારા દિનરાત વીતી જાય છે. શાસ્ત્રોએ કહ્યું

છે કે તીર્થસ્થાનમાં કરેલું પુણ્યકર્મ કે તપ હજાર ઘણું ફળદાયક થાય છે. મારામાં કોઇ જાતનું તપ કરવાનું બળ નથી. પણ મારા હૃદયનો પોકાર હજાર ઘણો પુણ્યવંત બની જઇને તમારા અંતરે પહોંચી જશે ને આ વખતે તમારી કૃપા જરૂર થઇ જશે એવી આશા રાખું છું. આ વખતે વિલંબ કર્યા વિના તમારી કૃપા જરૂર કરી દો.

- કારતક વદી ૫ રવિ, ૧૮-૧૧-૫૧

**દિન ૪** :- તમારી લીલાભૂમિ જેવા પંચવટી ને નાશિકના આ મહાન પવિત્ર ધામમાં હે રઘુનંદન, હું તપી રહ્યો છું. તમે કરુણા ને પ્રેમના ભંડાર કહેવાઓ છો. છતાં પણ આજે ચાર ચાર દિવસથી તમે નિર્દયની જેમ બિલકુલ મૂક છો એ શું ઓછી અચરજની વાત છે ? તમારી લીલાભૂમિમાં એક બાળક આવી કરુણ રીતે તપે ને તમે ભક્તવત્સલ ને પતિતપાવનનું બિરુદ ધારીને ઠંડા મનથી જોયા કરો તે શું તમને છાજે છે ? તુલસી જેવા ભક્તોએ તમારા અહેતુકી પ્રેમનાં જે ગુણગાન ગાયાં છે તે શું નામ માત્રનાં જ છે કે ? જો તેમ ના હોય તો તમારે હવે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના 'મા'ના મધુર રૂપમાં મારી પાસે દોડી આવવું જોઇએ ને મારી બધી જ ઇચ્છા પૂરી કરવી જોઇએ.

- કારતક વદી ૬ સોમ, ૧૯-૧૧-૫૧

હે મા, આજે તો તમારી પ્રેરણાથી મેં આખોયે દિવસ જલ વિના જ પસાર કર્યો છે. મારી વેદના અપાર છે. તમે ઠંડે કલેજે હજી જોયા જ કરો છો. વધારે શું કહું ? આજે તો તમે જરૂર જરૂર પધારો, તમારી સંપૂર્ણ કૃપા મારા પર વરસાવી દો ને મને આ ઉપવાસ તેમ જ તમારા વિરહના મહાન સંકટમાંથી ઉગારો.

(રાતે)

**દિન ૬** :- હે મહાવીર હનુમાન, હે રામના એકનિષ્ઠ સેવક ! દીનજનોની રક્ષા કાજે દિનરાત જાગ્રત રહેવાની પ્રતિજ્ઞા શું તમે મૂકી દીધી કે ? ભગવાન રામની ભૂમિમાં આ રીતે એક બાળક-બીજી કોઇ ધૂળ જેવી લૌકિક નહિ પરંતુ પરમશાંતિ ને પૂર્ણતા તેમ જ ઇષ્ટસિદ્ધિની કામનાથી તપી રહ્યો છે, તો પણ તમે તેની વહારે કેમ આવતા નથી ? મારી બધી જ સાધનાત્મક ઇચ્છા આજે ને આજે પૂરી થાય તે માટે તમે બનતું બધું કરી દો, ને મને કૃતકામ કરી આ પુણ્યભૂમિને વધારે મહિમાવંતી બનાવો. છેવટે તમે પોતે આજે મારી સામે પ્રકટ થાવ, સાક્ષાત રીતે પધારો ને શાંતિ આપો.

હે મા, પૂર્વકાળમાં નચિકેતા નામનો બાળક યમદેવના દ્વાર પર ત્રણ દિવસ ભૂખે તરસે ઊભો રહ્યો હતો તેટલાથી પણ યમદેવને કેટલું દુઃખ થયું, ને પોતાના અપરાધના પ્રાયશ્ચિત સારું નચિકેતાને તેમણે ત્રણ વરદાન આપ્યાં ત્યારે જ તેમને કૈંક શાંતિ વળી. તો પછી મારા તો પાંચ પાંચ દિવસ તમારે દ્વારે તલસતાં વીતી ગયા છે, છતાં તમે હજી આવતા નથી એ કેવા આશ્ચર્યની વાત છે ? તમારું સુમધુર રૂપ હું આંખ ભરીભરીને જોયા કરીશ ને એ રીતે અલ્પતા ને બંધનને ટાળી દઇશ, તેમાં તમને શું ખોટું લાગે છે ? શું એક 'મા'નું હૃદય આવું કઠણ હોઇ શકે છે ? આજે વિનાવિલંબ તમારી કૃપા જરૂર જરૂર કરી દો ને મારા સર્વ દુઃખનો અંત લાવો એ જ માગું છું.

-કારતક વદ ૭, ૨૧-૧૧-૫૧ બુધવાર

**દિન ૧૨ :-** તમે ભક્ત કે પ્રેમીને અભય આપવાનું વ્રત લઇને ઊભેલાં છો એ તમારું રૂપરહસ્ય તમારા ભક્તોમાં પ્રસિદ્ધ છે. ભક્ત કે પ્રેમીને માટે તમારો હાથ હરહમેશ લંબાયેલો ને લંબાયેલો જ રહે છે, ને તમારા ઉપરાંત બીજી કોઇ પણ વસ્તુ તેમને આપતાં તમે અચકાતાં નથી, એ તમારો મહિમા ભક્તોમાં સારી પેઠે વખણાયેલો છે. ભક્તોની વેદના, ચિંતા ને વિપત્તિને ટાળવા તેમજ તેમના બંધનનો નાશ કરવા તમે હાથમાં ખડગ ધારણ કરેલું છે : તેથી તમારા ભક્તોએ ત્રિલોકમાં કોઇથી ડરવાનું રહેતું નથી. આવી તમારી અગાધ ગુણપ્રસિદ્ધિ છતાં પણ આજે બાર બાર દિવસથી મારે તમારે દ્વારે તલસવું પડે છે, ને વેદના તથા ચિંતાને ઘોળીને પીતાં તમને ઝંખવું પડે છે, ત્યારે ઘડીભર આશ્ચર્ય થાય છે. એમ થાય છે કે તમારા આવા સ્વભાવ ને શું તમે વિસરી ગયાં કે ? શરણાગતની રક્ષા કરવાની તમારી જુગજૂની ને સ્વભાવગત ખાસિયત શું તમે છોડી દીધી ? તમારો એક બાળક તમારા વિના ભુખે ને તરસે ટળવળે, છતાં તમે તેની સંભાળ લેવા દોડી ના આવો, એ શું તમારા જેવી જગન્માતાને માટે બરાબર છે ? હવે તો મારી સંભાળ જલદી જલદી લો, આજે ને અત્યારે જ લો, ને મને તેમ જ સંસારના બીજા લોકો ને ભક્તોની રક્ષા કાજે તમારી ચિંતા ને જાગૃતિનો પુરાવો જલદી જલદી આપી દો.

-કારતક વદી ૧૩, મંગળવાર, ૨૭-૧૧-૫૧

**દિન ૨૫ :-** ભક્ત શિરોમણી ધ્રુવજીનું ચિત્ર મને અત્યંત પ્રિય છે. દેવપ્રયાગના નિવાસ દરમ્યાન પણ મેં તે મારી પાસે રાખ્યું હતું. નદીને કિનારે પાંચ વર્ષના ધ્રુવજી એક તપસ્વીની જેમ બેઠા છે, ને તેની તપસ્યાથી પ્રસન્ન થઇને તેને વર ને દર્શન દેવા પધારેલા ભગવાન વિષ્ણુ તેમની સામે ઊભા છે ! કેટલું સુંદર ચિત્ર ! શ્રદ્ધા, પ્રેમ, પુરુષાર્થ ને ઇશ્વરી કૃપાનો કેવો સુભગ સંગમ ! ખરેખર, ઇશ્વરને પ્રાપ્ત કરવા માગનાર માનવોને ધ્રુવજીના આ ચિત્રમાંથી અજબ એવી પ્રેરણા મળશે. શ્રદ્ધા ને પ્રેમનું બળ કેટલું છે તે આ પ્રસંગ પરથી સહેજે સમજી શકાય છે. ને તારવી શકાય છે કે માગે તેને મળે જ છે, કરે તે પામે ને વાવે તે લણે જ છે. એ એક અતૂટ ને સનાતન સિદ્ધાંત છે. તમારે માટે જે શ્રદ્ધા રાખીને તલસે, તેને તમે જરૂર સફળ કરો છો. પણ તે ધ્રુવ હોવો જોઇએ. મતલબ કે સ્થિર અને ચંચલતા રહિત હોવો જોઇએ. જે સ્થિર બની ધ્રુવ એટલે સત્ય અથવા સનાતન ને સ્થિર એવા તમારામાં જ પ્રીતિ કરે છે, તે ધ્રુવ છે. તેને તમે જરૂર દર્શન દો છો, વરદાન દો છો, ને સદાને માટે ધ્રુવ કરી અમૃતપદ આપી દો છો. પણ નિર્બળ મનના માણસમાં એટલું શ્રદ્ધાબળ ક્યાં છે ? તમારામાં તેને એટલી પ્રીતિ પણ ક્યાં છે ? તે તો વિષયરસમાં જ સુખ માને છે. પરિણામે તે તમારા દર્શનસુખથી વંચિત રહી જાય છે. પણ જે વીર છે, તે તો તમને જ ચાહે છે, ઝંખે છે, ને કોઇ પણ ભોગે તમને જ મેળવીને જંપે છે. તમારી કૃપા વિના આ બધું બનવું અશક્ય છે. તમારી કૃપા એક સાધારણ માણસમાં પણ પ્રાણ પ્રકટાવી શકે છે. તે જ કૃપાથી હું તમને મેળવવા કૃતનિશ્ચય થયો છું. ને છેલ્લા પચીસ દિવસથી બાળકની જેમ પ્રેમપૂર્વક ઉપવાસ કરી તમને જોવા ઝંખી રહ્યો છું. ને મને ખાત્રી છે કે ધ્રુવજીની જેમ તમને સાક્ષાત રીતે જોવાનો ને કૃતાર્થ થવાનો શુભ અવસર મારા જીવનમાં હવે ગણીગાંઠી ક્ષણોમાં જ આવી જશે. તમારું પ્રાકટ્ય થવાનું છે, ને તેની નિશાની કે સૂચકતારૂપે ઉષા જેવી તીવ્ર તપસ્યાવેદના મારા જીવનમાં આજે પ્રકટી ચૂકી છે. મને બધી રીતે ધન્ય કરવા હે મા, આજે જરૂર પધારો. પોતાના બાળકથી વધારે વાર હવે દૂર ના રહો.

- માગશર સુદી ૧૨, સોમવાર, ૧૦-૧૨-૫૧

**દિન ૨૬** :- આજે છવ્વીસ જેટલા દિવસથી સતત કષ્ટ સહન કરી હું તમને ઝંખી રહ્યો છું, પણ તમે તો હજી એવાં જ ઉદાસીન દેખાઓ છો. તમારે ને મારે કોઇ સગાઇ જ ના હોય એવું સાવકી મા કરતાંય ખરાબ ને વધારે ઉપેક્ષાભર્યું વર્તન તમે મારી સાથે કરવા માંડ્યું છે. મારું દુઃખ જોઇને તમારું રુંવાડુંયે હાલ્યું હોય એવું મને જરા પણ જણાતું નથી. માફ કરજો, પ્રેમની વેદનાના અતિરેકમાં મારે તમને આ શબ્દો કહેવા પડે છે, પણ તે સત્ય જ છે. જો તેમ ના હોય તો તમે હજી પણ બેસી રહ્યા છો ને મારું આ કઠોર કષ્ટસહન જોયા કરો છો તે બને જ કેવી રીતે ? આમ કરશો તો તમારી કૃપાળુતા ને કરુણા વિશે લોકોમાં કેવો ખ્યાલ બંધાશે ? પછી કોણ તમારા આ પાવકથીયે પ્રખર એવા પ્રેમ-માર્ગમાં દાખલ થશે ? ને પ્રેમ-માર્ગમાં પ્રવેશ કરીને આખર સુધી ઝઝૂમી તમને મેળવવાની હામ પણ કોણ ભીડશે ? ના, તમને આમ કઠોર થવું છાજતું નથી. જેણે તદ્દન નિરાભિમાન બનીને પોતાનો બધો જ ભાર તમારે ચરણે નાખી દીધો ને તમારે માટે ભેખ લીધો, તેને તો જલદી જલદી તારી દેવા, કૃતકૃત્ય કરવા ને તેના બધાય કોડ પૂરા કરવા તમારે વધારે ઉદાર બની તત્પર થવું જોઇએ. મારે માથે છેલ્લા ચાર વરસમાં વિપત્તિના વાદળ વરસાવવામાં તમે બાકી રાખ્યું નથી. હવે આજે તો જરૂર પધારો ને પ્રેમની સુધાથી મને સજીવન કરી દો.

- માગશર સુદી ૧૩, મંગળવાર, ૧૧-૧૨-૧૯૫૧

**દિન ૨૭-૨૮** :- ગઇ કાલે તો નાશિકથી પ્રસ્થાન પણ થઇ ગયું. ને અહીં મુંબઈ આવવાનું થયું. નાશિકના બધા જ દિવસો મેં તમારી ઝંખના, પ્રાર્થના ને કૃપાભિક્ષાની યાચનામાં પસાર કર્યા. પરંતુ તે પુણ્યભૂમિમાં તમારી કૃપા થઇ નહીં. કાંઇ નહિ, તમારી ઇચ્છા. મારે તો તમારે માટે તપ્યા ને અંત લગી ઝંખ્યા વિના છૂટકો જ નથી. કેમ કે મીનનું જીવન જેમ જલમાં, તેમ મારું જીવન-સર્વસ્વ પણ એક તમારામાં જ રહેલું છે. તમારા મધુર મિલન વિના મને શાંતિ કે આનંદ ને ધન્યતા કદીકાળ થઇ શકે તેમ નથી. ને એ પણ સાચું છે કે આ વખતના મારા કઠોર પરિશ્રમનું ફળ મને મળશે ત્યારે જ સંતોષ વળશે. તમારી કૃપા નહિ થાય ત્યાં લગી હું તલસતો ને પ્રેમથી તપતો ને જલતો જ રહીશ, ને તમારે દ્વારે મારો પ્રેમપોકાર પાડ્યા કરીશ. તમારે દ્વારેથી જો ખાલી હાથે પાછો ફરું તો દુનિયા તમારી કૃપા ને કરુણા વિશે કેવો ખ્યાલ બાંધશે ? ના ના, એ વિચાર પણ દુઃખદ છે. હવે તો તમારો કૃપાભંડાર મારે માટે તદ્દન ખાલી કરી દો. તમારા પ્રેમામૃતને મન મૂકીને પીવાની ને તમારા અલૌકિક રૂપને અખંડ રીતે નિહાળવાની મારી આતુરતાને હવે શાંત કરો, ને એક પણ દિવસ હવે વધારે રિબાવ્યા વિના મને શાંતિ દો.

- માગશર સુદી પુનમ, ગુરૂવાર ૧૩-૧૨-૫૧

**દિન ૩૨** :- હે મા, ઉપવાસની પૂર્ણાહુતિ છતાં તમારે દ્વારે મારો પોકાર તો રાતદિન ચાલુ જ રહે છે ને ચાલુ જ રહેશે. તમે ઉપવાસથી મળશો કે કૃપા કરી દેશો અથવા ઉપવાસ વિના કૃપા કરશો તે તમે જ જાણો છો. હું તો તમારા પર વિશ્વાસ રાખીને તમારી પ્રેરણા પ્રમાણે પ્રવૃત્ત થાઉં છું ને તમારી કૃપાની ઝંખના કરું છું. તમારી કૃપા વિના મને કદી શાંતિ થશે નહીં, ને મારા અંતરતમમાં દર્દની જે જ્વાલા જલી રહી છે તે પણ કદી મટશે નહીં. તમારી અહેતુકી કૃપાથી જ મારો ઉદ્ધાર થઇ શકશે એ ચોક્કસ છે. મારો પુરુષાર્થ પણ એટલા જ પ્રમાણમાં શક્ય બનશે જેટલા પ્રમાણમાં તમે તેને ઉપયોગી સમજીને શક્ય બનાવશો. છતાં પણ તમારી

પૂર્ણ કૃપાનો વરસાદ મારા પર ક્યારે વરસશે તે ચિંતા મારા મન પર સવાર થઇને ક્ષણે ક્ષણે મને ઉત્સુકતા ને વેદનાના ઊંડા ભાવથી ભરી દે છે. આ વખતે તમે મારી કસોટી પણ ખૂબ જ કઠોર ને કપરી કરી છે. તો પણ તેના પરિણામરૂપે તમારી કૃપા હવે વહેલી વહેલી વરસાવી દો તો હજીયે મને શાંતિ ને સંતોષ વળશે. તમારી કૃપા ક્યારે થશે ?

- માગશર વદી ૪, સોમવાર, ૧૭-૧૨-૫૧

**દિન 33** :- આ સંસારમાં તમારા વિના બધું જ નીરસ છે. એક તમે જ ઇચ્છવાયોગ્ય છો, ને પ્રેમ કરવા યોગ્ય પણ તમારા વિના કોઇ જ નથી. જગતનો આનંદ, વિશ્વની વિવિધતા ને સૃષ્ટિના આ સૌન્દર્યમાં તમે જ સાકાર થઇને રહેલા છો. છતાંયે તેથી અતીત છો. ને તમારી પાછળ સર્વસ્વને સમર્પી ચૂકેલા તમારા પ્રેમી ભક્તો તમારા એ જ વિશ્વવિમોહન ને પરિપૂર્ણ સ્વરૂપને જોવા ઝંખે છે. સંસારના ક્ષણિક પદાર્થોમાં તેમની તરસ કદી છીપી શકતી નથી, ને તમારા સાક્ષાત દર્શનના આનંદ વિના તેમને શાંતિ પણ વળતી નથી. તમે કૃપા કરી તેમની સામે પ્રકટ થાવ છો ત્યારે જ તેમને ચેન પડે છે, ને તેમના હૃદયની વ્યાકુળતા શાંત બને છે. આવા મહાનુભાવો જ આ સંસારમાં સાચા અર્થમાં બડભાગી છે; ને તેમના પર કૃપા કર્યા વિના તમે પણ રહી શકતાં નથી.

મંગળવાર, તારીખ ૧૮-૧૨-૫૧

**દિન ૩૪** :- અંધકારમાં તો તે અટવાય છે જે તમને ભૂલી જાય છે, ને છોડે છે. ક્લેશ તેને કોરી ખાય છે, ચિંતા તેના ચિત્તને ચાવી ખાય છે, ને ભય પણ તેને જ ભ્રમિત કરે છે, જે તમારાથી વિમુખ થઇ સંસારના ઇતર વિષયોમાં આસક્ત બને છે, ને તમારા તરફ અવિશ્વાસ, અશ્રદ્ધા ને આશંકાની નજરે જુએ છે સંસારના વિશાળ વનમાં જીવનને અજવાળનારો પ્રકાશ તેને નથી લાધતો. વિષયના તાપથી તપેલા તેના અહંકારયુક્ત મનને તમારા પ્રેમની હૂંફ નથી મળતી. ને તમારી સહવાસ છાયાથી પણ તે વંચિત જ રહી જાય છે, જે મળતાં પ્રાણ ને જીવન પ્રફુલ્લ પ્રફુલ્લ બની ઊઠે છે, ને કૃતાર્થતાનું ગૌરવગીત ગાવા માંડે છે.

પરંતુ જેને તમારો જ આધાર છે, તમારાં જ કમળચરણોનો આશ્રય લઇને જે જીવે છે, ને જગતમાં જે તમને જ ઝંખે છે, ને તમારા પ્રેમમાં તરબોળ બનીને આખરે આ જ પૃથ્વી પર તમને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરે છે, તેને માટે ચિંતા કે વિષાદ નથી. ભય શોક કે પરિતાપ નથી. મૃત્યુ નથી. તેને કદી ક્લેશ કે અંધકારના આવરણ નથી. તેને માટે તો હમેશાં અખંડ આનંદ, સનાતન સુખ, પરમ ને કદીયે પૂરો ના થાય એવો પ્રકાશ ને શાશ્વત શાંતિ લખાયેલી છે. તમારી પ્રાપ્તિ કરીને તે કૃતાર્થ બને છે, ને સંસારમાં અનેકને શાંતિ દેતાં, કૈંકનો પ્રકાશ બનતા ને કૈંકને છાયા દેતાં કોઇ દેવદૂતની જેમ તમારી પ્રતિમા બનીને જીવી રહે છે. તમારી આવી પ્રતિમૂર્તિ બનવાની મારી નેમ છે, ને તે હવે તમે મારી સામે પ્રકટ બનીને શીઘ્રાતીશીઘ્ર પૂરી કરો. આ જ મારી દિનરાત પ્રાર્થના છે, ને પ્રત્યેક શ્વાસે, રક્તના રણકારે તે થયા જ કરે છે.

- માગશર વદી ૬, બુધવાર, ૧૯-૧૨-૫૧

**દિન ૩૫** :- અંધારના આવરણને ભેદીને પ્રભાતનું પ્રકાશકિરણ જ્યારે પૃથ્વી પર પ્રસરી વળે છે, ત્યારે વિશ્વયાત્રાએ નીકળેલા પ્રવાસી જેવા પંખી પ્રસન્નતાનું ગીત ગાય છે, ને ઊડતા ફુવારામાં સ્નાન કરી

પોતાનો ઉલ્લાસ ઠાલવે છે. તમે જ્યારે મારા જીવનાકાશમાં પ્રકાશી ઊઠશો ત્યારે મારું તન મન અંતર પણ આજ રીતે છતાં આથીયે વધુ કિલ્લોલ કરી ઊઠશે જે કદી નહીં શમે, કદી નહી મરે.

- માગશર વદી ૭, ગુરુવાર, ૨૦-૧૨-૫૧

ઉપવાસના એ દિવસો નાશિક તેમ જ મુંબઈમાં સારી પેઠે પસાર થઇ ગયા. પણ સાધનાની પરિપૂર્ણતા ના થઇ. મુંબઈથી પ્રસિદ્ધ સિદ્ધપુરુષ સાંઇબાબાનું સ્થાન શિરડી પાસે જ હતું ત્યાં જવા માટે વિચાર હતો. પરંતુ મારા મનમાં એમ થયું કે જો ઇશ્વરી સંકેત થાય તો જ શિરડી જવું. એ જ અરસામાં એક વાર આંતર જગતમાં પ્રેરણા મળી કે 'શિરડી આવવા માટે નીકળવું હોય તો મુંબઈથી રાતની ગાડીમાં નીકળજો, દિવસની નહીં.' એ પછી થોડેક દિવસે સાંઇબાબાનું સ્વપ્નદર્શન થયું. ને તે પછી શિરડી જવાનો સંકેત પણ મળ્યો. એવી ચોક્કસ ઇશ્વરી પ્રેરણા મળવાથી મેં શિરડી જવાનું નક્કી કર્યું. નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે અમે તારીખ ૨૫-૧-૧૯૫૨ની રાતે મુંબઈ છોડ્યું.

નાશિકના ઉપવાસ દરમિયાન એકાંતરે દિવસે પાણી પર રહેવાનું રાખ્યું હોવાથી શારીરિક અશક્તિ વધી ગયેલી. એ ઉપવાસ જીવનના કઠોરતમ ઉપવાસ હતા. ઉપવાસ દરમિયાન અવારનવાર સિદ્ધપુરુષોનો ને જગદંબાનો દિવ્ય દર્શનલાભ ધ્યાનમાં મળતો રહેતો અને એથી મને અવનવો ઉત્સાહ સાંપડતો.

☼ ☼ ☼ ☼ ☼



## ૧૧૭. શિરડીની યાત્રા

શિરડી ગામ બહુ મોટું નથી. સ્વચ્છ પણ વધારે ના ગણાય. ત્યાં પહોંચતા વેંત જ અમારા પર એવી છાપ પડી. ગામથી જરાક દૂર નદી છે. ત્યાં સૌથી પહેલાં અમે સ્નાન કરવા ગયા. નદી તદ્દન નાની પણ સુંદર છે. નદીની બંને બાજુ જારનાં ખેતરો શોભી રહ્યાં હતાં. દૃશ્ય રમણીય હતું. સ્નાનાદિ માટે શિરડીમાં ગરમ પાણીની વ્યવસ્થા હતી. પણ નદીનું નામ સાંભળીને અમે નદીમાં નહાવાનું નક્કી કર્યું. નદીને માતાનું બિરુદ આપ્યું છે તે બરાબર જ છે. નદીએ જવાથી એક સાથે અનેક કામ પતી જાય છે. નદીથી સ્થળની સુંદરતા ખૂબ જ વધી જાય છે. નદીના કુદરતી સૌન્દર્ય વચ્ચે બેસીને શાંતિ મેળવવાનો અવસર આજના શહેરી અને પ્રકૃતિવિમુખ માણસોને ભાગ્યે જ મળે છે; ને જ્યારે મળે છે ત્યારે એમનાં અંતર અસાધારણ આનંદ અનુભવે છે. તો પછી જે કુદરતની ગોદમાં જ રમે છે, નદી ને પ્રકાશ ને કુદરત સાથે જેને સદાનો સંબંધ છે, તેના આનંદનું તો કહેવું જ શું ? અમારી સાથે શિરડીયાત્રામાં જે દસ-બાર ભાઇઓ હતા તે બધા જ ગ્રામજીવનમાં ઉછરેલાં હોઇને કુદરતી સૌન્દર્યના અનુરાગી હતા. નદીને જોઇને એમને અત્યંત આનંદ થયો.

સ્નાન કરીને પાછાં આવ્યા ત્યારે તો પ્રેમી ભાઇઓએ ઉતારાની વ્યવસ્થા કરી લીધી હતી. શિરડીમાં યાત્રીઓની ભીડ ઘણી ભારે હતી. પ્રમાણમાં ઓરડીઓની મુશ્કેલી હતી. સાંઇબાબાના પ્રસિદ્ધ સમાધિ મંદિરની ઉપરના ભાગમાં અમને જગા મળી. એ જગા એકદંરે સારી હતી. કેમ કે નીચે સમાધિ મંદિરનો વિશાળ હોલ તેમ જ સમાધિનું દર્શન ઉપરથી સારી પેઠે થતું. ત્યાં જગા લઇને અમે સમાધિના દર્શને ગયા.

શિરડીમાં મુખ્ય જોવાલાયક સ્થળો ત્રણ : સમાધિમંદિર, સાંઇબાબા જે સ્થાનમાં રહેતા તે સ્થાન દ્વારકામાઇ, ને સાંઇબાબાનું ગુરુસ્થાન-જ્યાં તેમના ગુરુ પ્રકટ થયા તે સ્થાન.

સમાધિમંદિર ખૂબ જ વિશાળ ને સુંદર છે. એ સ્થળે શિરડીના સિદ્ધપુરુષ સાંઇબાબાએ સમાધિ લીધી છે. એ વાતને તો વરસો વીતી ગયાં, પણ કોઇ ભક્ત પુરુષે પાછળથી હજારો રૂપિયા ખરચીને આજનું સમાધિમંદિર બંધાવ્યું છે. તે અત્યંત આકર્ષક છે. સમાધિમંદિરમાં સામે જ સાંઇબાબાની ખુલ્લી સમાધિ છે. સમાધિ પર ફૂલમાળાઓ પડેલી હોય છે. એક બાજુ અખંડ અગ્નિ સળગ્યા કરે છે. તે જ તરફ સાંઇબાબાની ચરણપાદુકા છે. સામે સાંઇબાબાનું મોટું તૈલચિત્ર છે. સમાધિમંદિરમાં નાતજાતના ભેદ વિના સૌ કોઇ પ્રવેશી શકે છે. પૂજા કરવાનો પણ સૌને અધિકાર છે. સવારે લગભગ સાડાદસ કે અગિયાર વાગે પૂજા થાય છે. તે વખતનું દૃશ્ય સુંદર હોય છે. પૂજારી ને બીજા ભક્તો સાંઇબાબાની સ્તુતિ ગાય છે ને ખૂબ જ ભાવથી પૂજા પૂરી કરે છે.

પૂજામાં ભાગ લઇને અમે દ્વારકામાઇનાં દર્શને ગયાં. દ્વારકામાઇ એક મસ્જીદ છે એમ કહેવાય છે, પરંતુ મસ્જીદ જેવો તેનો આકાર નથી દેખાતો. નાનું સરખું મકાન છે. તેનાં પગથિયાં ચઢીને અમે ઉપર પ્રવેશ કર્યો. ઉપર સાંઇબાબાનું મોટું તૈલચિત્ર છે. તેમાં સાંઇબાબાની બેઠેલી આકૃતિ છે. આકૃતિ ખૂબ જ આકર્ષક છે. આબેહૂબ પણ એટલી જ. જાણે સાંઇબાબા હમણાં જ વાત કરી ઊઠશે એમ આકૃતિને જોતાં તરત જ લાગે છે. દ્વારકામાઇમાં પણ એકબાજુ અખંડ અગ્નિ જલ્યા કરે છે. સાંઇબાબા અગ્નિ રાખતા ને તેની ભસ્મ સૌને આપતા. તેમની સ્મૃતિમાં આજે પણ ભસ્મ અને અગ્નિ જોવા મળે છે. એક કબાટમાં સાંઇબાબાની

પહેલાંની બે ત્રણ કફની છે. એ ઝભ્ભા જાડા કાપડના ને સાદા છે. બીજી બાજુ દિવાલમાં તેમની જૂની ચલમો હારબંધ જડેલી છે. સાંઇબાબા ચલમ પીતા એ વાત પ્રસિદ્ધ જ છે. એની સાથે સાથે યાત્રીઓને સાંઇબાબાનાં બે ત્રણ વાસણો પણ જોવા મળે છે. એક ખૂણામાં ઘંટી તથા એક કોથળો છે. એ વિશે એમ કહેવાય છે કે શિરડીમાં દુકાળ પડતો ત્યારે સાંઇબાબા પોતે અનાજ દળતા ને તે વખતે આ ઘંટીને ઉપયોગમાં લેતા. દળેલા ઘઉંનો લોટ તે ગામબહાર આવેલી નદીમાં ફેંકાવી દેતા. ગોદાવરી નદીમાં લોટ પધરાવવાથી કે એ જાતના સાંઇબાબાના આશીર્વાદથી શિરડીમાંથી દુકાળની અસર દૂર થઇ જતી. કોથળામાં અનાજ ભરેલું આજે પણ કાયમ છે. એ વસ્તુઓ ઉપરાંત સાંઇબાબાની બીજી સ્મૃતિ પણ જોવા જેવી છે. તેમની રેશમી જેવી છત્રી. બહાર જતાં કેટલીક વાર સાંઇબાબા આ છત્રીનો ઉપયોગ કરતા. તે વખતે સાંઇબાબા કેવા લાગતા હશે એમ સહેજે વિચાર થાય છે. એ વિચાર તરત સંતોષાય છે પણ ખરો. સાંઇબાબા બહાર જાય છે તે વખતે તેમના ભક્તો તેમની આજુબાજુ ઊભા છે. એક ભક્તે તેમને છત્રી પણ ઓઢાડી છે. એ દૃશ્ય મોટા તૈલચિત્રમાં અહીં જોવા મળે છે. દૃશ્ય ખૂબ જ આકર્ષક અને આબેહૂબ છે.

દ્વારકામાઇનું સ્થળ સુંદર છે. જ્યારે એ સ્થળમાં સાંઇબાબા જેવા સિદ્ધપુરુષ વિરાજતા હશે ત્યારે એનો મહિમા કેવો અદ્દભુત હશે ! કેટલાય ભક્તો તેમનાં દર્શનથી ધન્ય થયા હશે, ને અસંખ્ય સાધકોએ તેમનાં વચન ને જીવન દ્વારા પ્રેરણા મેળવીને સાધનાની કપરી કેડીને કાપી હશે. આજે એ મહાપુરુષ આ સ્થળમાં સ્થૂળ શરીરે બેઠા હોત અને એ જ રીતે વાતો કરવાનું ને પ્રેરણા પાવાનું મંગળ કાર્ય કરતા હોત તો કેટલો આનંદ આવત ? તો તો શિરડી-ગામની યાત્રા ખૂબ ખૂબ ઉપકારક કે અગત્યની થઇ જાત. પણ સમય સમયનું કામ કરે છે. આજે તો જે છે તેનાથી જ દર્શકે તૃપ્ત બનવાનું રહે છે. જો કે સાંઇબાબા તો સિદ્ધપુરુષ હતા. ઇશ્વર તુલ્ય હતા. તેમને કાળ કે અવસ્થા બાંધી શકે તેમ ના જ બને. આજે પણ જે જિજ્ઞાસુ છે, ને તેમના દર્શનસમાગમની ઝંખના રાખે છે, તેમની આગળ તે અચૂક પ્રકટ થાય છે; તેમને પ્રેરણા ને માર્ગદર્શન આપે છે અને એ રીતે પોતાના ભક્તોને પોતાની હાજરીનું ભાન કરાવે છે. શિરડીની બહાર પણ એવાં અનેક દૃષ્ટાંતો બને છે. પરંતુ તે બધું હોવા છતાં સાંઇબાબાની પ્રત્યક્ષ ને સદાની હાજરીનું મહત્વ તો જુદું જ હોય. તેની બરાબરી અખંડ હાજરી સાથે ના જ થઇ શકે એ દેખીતું જ છે. તેમની હાજરી ને તેમના દીર્ઘકાલીન નિવાસથી પવિત્ર બનેલું આ સ્થાન આજે પણ સાધક ભક્તોને પ્રેરણા પાય છે એમાં શંકા નથી.

દ્વારકામાઇનું દર્શન કરીને બહાર આવતાં સામે જ દિવાલ પાસે એક મોટો પત્થર છે. એ પત્થર પર કેટલીક વાર સાંઇબાબા બેસતા. તેવો એક ફોટો પણ તેમનો મળે છે. સાંઇબાબા કહેતા કે ‘દ્વારકામાઇનાં પગથિયાં પર જે ચઢ્યો તેનાં બધાં જ દુઃખદર્દ મટી ગયાં એમ જ સમજવાનું. તેની જવાબદારી હું સહર્ષ ઉપાડી લઉં છું,’ એ શબ્દો આ સ્થાનમાં આવતાંવેંત યાદ આવે છે.

દ્વારકામાઇની બહાર દિવાલ પર એક બોર્ડ છે. તેનો ઉલ્લેખ કરવાનું અહીં મન થાય છે. એ બોર્ડ પર થોડીક સૂચનાઓ લખી છે. એમાં એક સૂચના એવી છે કે ‘દ્વારકામાઇ કે સમાધિ મંદિરના ભાગમાં કોઇ પણ માણસે કોઇ હાડમાંસના માણસને પ્રણિપાત ના કરવા. તેવા માણસને સાષ્ટાંગ દંડવત્ કરવા તે સાંઇબાબાનું અપમાન કર્યા બરાબર છે.’ એ સૂચના જરા વિચિત્ર લાગે છે. સાંઇબાબા તો સર્વ પ્રકારના ઉચ્ચ-નીચ કે મોટા-છોટાના ભેદથી પર ને વિશાળ હૃદયના હતા. તેમના જેવા મહાન પુરુષના સ્થળમાં પાછળથી આવી

સૂચના લખવામાં આવે એ એક રીતે જોઇએ તો શ્રી સાંઇબાબાના આદર્શનું અપમાન જ છે. દુનિયામાં મહત્તા કે શ્રેષ્ઠતા કોઇ એક જ માણસને વરતી નથી. ઇશ્વરની કૃપા પ્રમાણે ઘણા મહાપુરૂષો સંસારમાં છે. તેમના અનુયાયી કે પ્રેમી પણ હોઇ શકે, તેવા કોઇ મહાપુરુષને પ્રસંગોપાત અહીં આવવાનું થાય ને તેમના કોઇ પ્રેમી કે પ્રશંસક તેમને પ્રણિપાત કરે, તો તેમાં સાંઇબાબાનું અપમાન કેવી રીતે થાય ? તે ઉપરાંત 'હાડમાંસના માણસને' એ પ્રયોગ પણ હલકો લાગે છે. કોઇ માણસ-પછી તે ગમે તેવો સાધારણ હોય તો પણ, એકલા હાડમાંસનો બનેલો હોતો નથી જ. હાડમાંસના માળખામાં જ્યારે આત્મા પ્રકટ થાય છે ત્યારે જ માણસ માણસ બને છે. ને બીજી રીતે જોઇએ તો પ્રત્યેક શરીરધારી શરીરધારી છે જ એટલે તેને હાંડમાસ હોવાનાં જ. હાડ કે માંસ હોવાં તે તેની ખોડ નથી પરંતુ આવશ્યકતા છે. એ બધી વાતને જવા દઇએ તો પણ માણસ કોઇને પણ નમે છે કે પ્રણિપાત કરે છે ત્યારે હાડ, માંસ કે રુધિરને નથી નમતો, તેની અંદર રહેલા પ્રકાશને જ પૂજે છે. મહાપુરુષના મહાન ગુણને, ત્યાગને, જ્ઞાનને ને મહત્વને જ નમે છે. એ વાત ક્યાં અજાણી છે ? તો પછી માણસને કેવળ હાડ ને માંસનો કહી-તેને જ આગળ ધરી તિરસ્કારની નજરે જોવામાં કયી બુદ્ધિમાની છે ? સ્ત્રીના શરીરને જ્યાં હાડમાંસ ને ગંદકીનું ઘર કહીને શાસ્ત્રોએ હેય માન્યું છે, ત્યાં પણ તે જ શાસ્ત્રો બીજી વાર સ્ત્રીનો માતાતુલ્ય મંગળ ઉલ્લેખ કરે છે, તેના પ્રેમની પ્રશંસા કરે છે, ને તેના તેમ જ પુરુષના શરીરને ઇશ્વરનું મંગલ મંદિર માને છે. ગંદકી કે અશુદ્ધિનો વિચાર શરીરની અંદર રહેલા ચૈતન્યનો તિરસ્કાર કરવા માટે નથી, પરંતુ શરીરસુખની આસક્તિનો અંત આણવા અને એની અંદરના ચૈતન્યને જ સદા ધ્યાનમાં રાખવા માટે છે. એટલે સાંઇબાબાનાં સ્થાનમાં પણ કોઇ બીજા કોઇ મહાપુરુષને વંદે તો તેમાં કાંઇ વાંધા જેવું ના ગણાવું જોઇએ.

લેભાગુ સાધુઓ સાંઇબાબાના સ્થાનમાં બેસીને પૂજાવાનું શરૂ કરે ને ભોળા માણસો તેમના પાશમાં સપડાઇ ના જાય તે માટે ટ્રસ્ટીમંડળને આ સૂચના લખવી કદાચ જરૂરી લાગી હશે. તેટલા પૂરતી તે સમજી શકાય છે. છતાં તે ખૂંચ્યા વિના તો રહેતી નથી જ. આવા દિવ્ય સ્થાનોમાં કોઇ લેભાગુને પૂજવા પ્રેરાય એ બની શકે જ નહીં. સાંઇબાબાની દૈવી શક્તિનો મહિમા એવો મોટો છે.

આ પ્રકારે વિચાર કરતાં અમે સાંઇબાબાના ત્રીજા સ્થાન પાસે આવી પહોંચ્યા. આ સ્થાન પાસે લીમડાનું વૃક્ષ છે. લીમડામાંથી બે મોટાં ડાળ ફૂટ્યા છે. એક ડાળ પરનાં બધાં જ પાંદડાં મીઠાં છે ને બીજી ડાળનાં કડવા છે. શ્રી સાંઇબાબાએ એવો ચમત્કાર કર્યો હતો એમ કહેવાય છે. નીચે નાનું શિવલિંગ અને એમના ગુરુદેવનાં પગલાં છે. આ સ્થાનમાં ધૂપાદિ કરવાનો મહિમા ઘણો મોટો છે એમ સાંઇબાબાએ સ્વમુખે જ કહ્યું છે.

હવે સમાધિમંદિરમાં સમૂહપૂજાનો સમય થઇ ગયો હતો. પુજારી ને ભક્તો સમાધિની સામે ખૂબ જ હૃદયંગમ રીતે સ્તુતિપાઠ કરે છે, એ વખતે નાનાં મોટાં બધાં જ ઊભા રહે છે.

પૂજા પતી ગયા પછી ભોજનનો સમય થયો એટલે અમે ભોજન કરવા ગયાં. પહેલેથી સૂચના આપે તેને અહીં ભોજન આપવામાં આવે છે. ભોજનમાં પંક્તિભેદ નથી. મોટા વિશાળ ભોજનખંડમાં પંક્તિબંધ પાટલા મુકવામાં આવ્યા હતા. તેની પાસે પતરાળાં હતાં. બસો જેટલા માણસો જમનારાં હશે. ધોતી પહેરીને, અર્ધા ઉઘાડા શરીરે રસોઇ પીરસનારા પુરુષો હતા. શાક, પરોઠા જેવી રોટી અને ઉપમા જેને ભાવે તેને માટે

બરાબર છે. બાકી જે આવા ભોજનથી ટેવાયા ના હોય ને મરચું ઓછું ખાતા હોય કે બિલકુલ ખાતા જ ના હોય, તેમણે ભોજનવિધિમાં નિરાશ થવાનું જ રહે છે. છતાં પણ આઠ આનામાં આજના કપરા સમયમાં રોજ જમવાની આવી વ્યવસ્થા થાય છે તે કાંઇ ઓછું તો નથી જ.

રાતની મુસાફરીના થાકને લીધે જમ્યા પછી સૌ ઊંઘી ગયા. બપોરે મોડેથી ઊઠીને સ્વસ્થ થયાં. સાંજે સાકોરી જવા ઉપડ્યા. જવા માટે ગાડાની વ્યવસ્થા કરી લીધી. સાકોરી શિરડીથી ત્રણેક માઇલ છે. નાનું સરખું ગામ છે. ત્યાં પ્રસિદ્ધ સંત શ્રી ઉપાસની બાબાનું સ્થાન છે. સ્થાનમાં પહોંચ્યા ત્યારે અંધારું થઇ ગયું હતું. એટલે ખાસ જોવાનો આનંદ ના આવ્યો. છતાં એક ભાઇએ બધું બતાવ્યું. ઉપાસની બાબાના સ્થાનમાં સાંજની પૂજા હમણાં જ પૂરી થઇ હતી. બાબાના શિષ્યા શ્રી ગોદાવરી માતાનો પ્રસાદ વહેંચતા હતાં. એક બાજુ ઉપાસની બાબાની માતાનું મંદિર હતું. સામે યજ્ઞકુંડ હતો. સુંદર ફોટાથી તે સુશોભિત હતો. તેમાં સૌથી ઉપર સાંઇબાબાનો ફોટો હતો. ઉપાસની બાબા સાંઇબાબાના શિષ્ય હતા. સાંઇબાબાની જ દોરવણી ને કૃપાથી તેમને સિદ્ધિ મળેલી. એટલે અહીં બધે જ સાંઇબાબાનાં ચિત્રો દેખાતાં. બહાર દત્તમંદિરનાં દર્શન પછી અમે પાછા ગાડામાં ગોઠવાયા ને શિરડીને માર્ગે વળ્યા. અંધારા આકાશમાં તારા હારબંધ બેઠેલા. મૃત્યુ, શોક કે ભયની પાર પહોંચેલા પ્રેમ, શાંતિ અને અમૃતપદની દુનિયામાં વસનારા કોઇ અલૌકિક યોગીવરો ધારીધારીને અમને જોઇ રહ્યા હોય અને અમારા પર અમૃતવર્ષણ કરતા હોય એમ લાગતું. એ અમૃતરસને ઝીલતાં, ગાડામાં બેસીને 'ભજ ગોવિંદ ભજ ગોવિંદ'ની ધૂન ચલાવતાં ને ભજનો ગાતાં અમે આગળ વધી રહ્યા. થોડી વારે શિરડી આવી પહોંચ્યું.

મારી પથારી સાંઇબાબાના સમાધિ મંદિરની સામે જ હતી. રાતે મંદિરમાં ભજન કીર્તન થતું. હારમોનિયમ સાથે કોઇ ભજન ગાતું. એ જોઇને મને આલંદીમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજની સમાધિનાં સ્થાનમાં રાતભર થતાં ભજનોની યાદ આવી, પણ આ ભજનો એટલાં આકર્ષક ન હતાં. કેટલાક એમ માનતા લાગે છે કે જોરથી તાળી પાડીને મોટે સાદે ગવાતાં ભજનો જ ઉત્તમ ઢબનાં કહેવાય. અહીં એ જ પ્રકારે ભજન થતાં હતાં. પણ શાંત ઢબથી, ધીરે ધીરે ને છતાં પણ અંતરના ઊંડાણમાંથી જે ભજનો ગાવામાં આવે છે તે વધારે અસરકારક ને હૃદયંગમ હોય છે. એટલે જ આલંદીની ભજન-પદ્ધતિ ખૂબ જ મધુર ને ઉત્તમ લાગે છે. ભજનો શાંતિપૂર્વક ને માણસોને જ નહિ પણ પ્રભુને સંભળાવવા માટે ગાવામાં આવે ને તે પ્રમાણેના ભાવ ગાનારાના જીવનમાં કૈંક અંશે પણ ઉતર્યા હોય તો તેમાં અદ્દભુત બળ આવે છે એ નક્કી છે.

બીજે દિવસે સવારે અમે નદી-સ્નાન કર્યું. ત્યાં નદી-સ્નાન કરતાં જ વિચાર થયો કે રાતે સાકોરી ગયા પણ અંધકારમાં બધું જોવાનો સારી પેઠે લાભ ના મળ્યો એટલે બની શકે તો ફરીથી સાકોરી જવું. સાથેના ભાઇઓએ તપાસ કરી તો સાઇકલોની વ્યવસ્થા થઇ શકી. ચાર સાઇકલ પર ચાર ભાઇઓ તૈયાર થયા. પાંચમી સાઇકલ પર એક બીજા ભાઇ બેઠા ને તેમની આગળ તેમણે મને બેસાડ્યો. સાઇકલ ચલાવતાં આવડતું ના હોવાને લીધે એમ કર્યા વિના છૂટકો ન હતો. થોડી વારમાં તો અમે સાકોરી આવી પહોંચ્યા.

સાકોરી પહોંચ્યા ત્યારે પૂજા, આરતિ કે પ્રાર્થનાનો સમય થયેલો. ઉપાસની બાબાનાં પુરુષ ને સ્ત્રી શિષ્યો ઊભાં ઊભાં પ્રાર્થના ગાઇ રહ્યા હતાં. વાતાવરણ ખૂબ જ સુંદર લાગ્યું. રાતના કરતાં અત્યારે એ સ્થાનનું સૌન્દર્ય ને સ્વરૂપ કૈંક જુદું જ દેખાયું. પ્રાર્થના પછી જુદાં જુદાં સ્થાનમાં અમે સારી રીતે ફર્યા. ને

પાછા સાઇકલ પર સવાર બનીને ભોજન વખતે શિરડી પહોંચ્યા. કાલે ભોજનમાં ખાસ રસ લાગ્યો ન હતો. એટલે અમારામાંના ઘણા ભાઇબેનોએ આજે ભોજનમાં ભાગ લેવાની ના કહી. બપોરની મોટરમાં અમારે મનમાડ જવાનું હતું. જતાં જતાં એક વાર છેલ્લે શ્રી સાંઇબાબાની સમાધિના દર્શન કરી લીધાં. મારી સાધના સંબંધમાં કોઇ નિશ્ચિત સંકેત શ્રી સાંઇબાબા તરફથી મેળવવાની મારી ઇચ્છા હતી. સાંઇબાબાના સ્થાનમાં આવવાનો મહત્વનો હેતુ એ જ હતો. પણ તે ઇચ્છા પૂરી થઇ નહીં. પૂરી થઇ હોત તો સાંઇબાબા ને શિરડીની યાત્રા સફળ થઇ જાત. પ્રભુની ઇચ્છાની વાત છે. તેમાં સંતોષ અને આનંદ માન્યા વિના છૂટકો નથી.

સાંઇબાબાએ પોતાની પ્રખર શક્તિથી કેટલાય દીનદુઃખી ને પીડિત માણસોને મદદ કરી હતી. રોગી, નિર્ધન, અપંગ, અનાથ, અસહાયને મદદ કરવાની સાથે સાથે આધ્યાત્મિક વિકાસ કે અનુભવ માટે તલસતા અનેકને એમણે સહાયતા પહોંચાડેલી. પોતાની શક્તિને ગુપ્ત રાખ્યા વિના ઇચ્છાપૂર્વક ને વધારેમાં વધારે વ્યાપક રીતે તે સૌને મદદ કરતા. તેમના જીવનના ગ્રંથો આજે પણ પ્રકટ થયેલા છે. તેમાંથી વિશેષ જાણવા માગનારને ઘણી માહિતી મળી રહે છે. સાંઇબાબાનું જીવનચરિત્ર વાંચીને શિરડીની યાત્રા કરીને મને એક વાર ફરી થયું કે સાંઇબાબાની જેમ સર્વ પ્રકારની સિદ્ધિ ને ઇશ્વરની કૃપા મેળવી ચુકેલા મહાપુરુષ જો ગાંધીજીની જેમ દેશ ને દુનિયાના મંગલ માટે સેવાના કામમાં પડે તો માનવજાતિને કેટલો મોટો લાભ થાય ? એવા મહાપુરુષને સંસારમાં પ્રકટાવીને માનવજાતિનું હિત કરવા માટે મેં પ્રભુને પ્રાર્થના કરી ને શિરડીનાં સંસ્મરણોને યાદ કરતાં મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૮. અન્નદાતાનો મેળાપ

ભારત દેશ ધર્મપ્રાણ છે. જો કે આજે ધર્મની કૈંક પડતી દશા છે ને ધર્મને નામે વધારે ભાગે અધર્મનું જ સ્વરૂપ જ્યાં ત્યાં જામી ગયેલું કે રૂઢ થયેલું જણાય છે, તેમ જ, સાચા કે ખોટાનો વિવેક કરવાની માણસની હંસબુદ્ધિ વધારે પ્રમાણમાં કુંઠિત થયેલી જ માલુમ પડે છે. તો પણ અંધકારથી ખીચોખીચ ભરેલા એકલવાયા મારગમાં જેમ કોઇ જ્યોતિર્મય દીપક દેખાય, તેમ પ્રેરણામય જીવનપ્રકાશથી ભરેલા કોઇ મહાપુરુષોનું દર્શન કોઇ વાર થઇ જાય છે ત્યારે અંતરમાં એક પ્રકારનો અલૌકિક આનંદ છવાઇ જાય છે. ભારતમાં હજી પણ સાચા સંતપુરુષોનું પ્રાકટ્ય થયા કરે છે એ સત્યનું પ્રત્યક્ષ દર્શન થતાં આ દેશના ઉજ્જવલ ભાવિની આશા જાગ્યા વિના રહેતી નથી.

જે મહાપુરુષનો અહીં ઉલ્લેખ કરું છું તેમની મને મળવાની ઇચ્છા બહુ લાંબા વખતની હતી. પણ વડોદરામાં તે રહેતા હોવાથી, તેમ જ મારે ત્યાં જવાનું કેટલાક વખતથી બનતું ના હોવાથી, તેમના દર્શન-મિલનનો યોગ આવતો ન હતો. તેમની ઉપલક માહિતી તેમના ભાઇ ભવાનીશંકર દ્વારા મળી ત્યારથી, ને તેમણે મહાત્માજીની મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી ત્યારથી, તેમને મળવાની ઇચ્છા તો થઇ જ હતી. છેવટે એ વખત પણ આવ્યો ને હિમાલય જતાં પહેલાં વડોદરા જવાનું થઇ શક્યું.

મહાત્માજીનું નામ સરસ્વતીનંદન હતું. તેમણે કહેવડાવ્યું કે જો હું ના જઇ શકું તો તે પોતે મારી પાસે આવે. પણ હું ના જઉં તે બની શકે જ કેમ ? એક વૃદ્ધ મહાત્મા મને પ્રેમપૂર્વક મળવાનો સંદેશ મોકલે ને તેમના સંદેશનો હું સ્વીકાર ના કરું તે બને જ કેમ ? એક વૃદ્ધ પુરુષને મારી પાસે આવવાનું કષ્ટ આપવું તેના કરતાં તો મારે તેમની પાસે જવું જ વધારે યોગ્ય ગણાય. એટલે મેં તમને કહેવડાવ્યું કે હું પ્રેમથી તેમનાં દર્શને આવીશ ને જરૂર આવીશ.

સુનિશ્ચિત સમયે મહાત્માજીએ ગાડી મોકલી એટલે અમે તેમની પાસે રવાના થયા. તેમનું મકાન તેમની પોતાની માલિકીનું હતું. કોઇ સંતનું રહેઠાણ વસતીથી દૂર એકાંતમાં હોવાની કલ્પના સાધારણ રીતે માણસને થાય છે. પણ આ સંતપુરુષનું મકાન વસતીની વચ્ચે હતું. જોકે વસતી એકદંરે શાંતિમય હતી એટલું જ. ગાડીમાંથી ઊતરીને અમે મકાનને મેડે ચઢ્યા. મહાત્માજી ઊભા હતા. તે તરત પાસે આવ્યા. અમે તેમને પ્રણામ કર્યા અને નીચે બેસવા જતા હતા ત્યાં જ તેમણે મને ઉપર આસન પર બેસવાનું કહ્યું. તેમના જેવા વૃદ્ધ અનુભવી મહાપુરુષની સામે ઊંચા આસન પર બેસવાનું મર્યાદાની દૃષ્ટિએ બિલકુલ અનુચિત હતું. પરંતુ તેમનો આગ્રહ ચાલુ જ રહ્યો, ને ના છૂટકે મારે તેનો સ્વીકાર કરવો કરવો પડ્યો. એ પહેલાં જ પ્રસંગથી તેમની મહાનતાનો સમ્યક્ ખ્યાલ આવી ગયો. આજે વય તેમ જ વિદ્યાની દૃષ્ટિએ મોટા ને નાનાના ભેદ વધતા જાય છે; કૈં જ યોગ્યતા ના હોવા છતાં કેવળ અહંભાવને લીધે પોતાને સર્વોત્તમ મનાવવાની વૃત્તિ વધારે ને વધારે ફેલાતી જાય છે; અને આગલે આસને બેસવાની, પુજાવાની ને યશસ્વી થવાની વૃત્તિ વધતી જાય છે, ત્યારે આવી રીતે વયોવૃદ્ધ ને માનને સર્વ પ્રકારે યોગ્ય હોવા છતાં બીજાને માન આપવા તૈયાર થવું ને માન આપવું એમાં ઓછી મહાનતા નથી. એ તો જીવનના અનુભવી વિવેકી પુરુષ જ સમજી શકે.

મહાત્માજીની વય ઘણી મોટી હતી. એમના વિશે માહિતી મળી કે અત્યારે લગભગ ૮૦ વરસની વયના એક વૃદ્ધને તેમણે તેમના બાળપણમાં રમાડેલા. એટલે સો કરતા તેમની વય વધારે હતી. તેમના શરીર પરથી તે સાફ જણાઇ આવતું. તે ખૂબ ધીરે ચાલતા. હાથમાં માળા લઇને ભગવન્નામના જપ કરતાં તે અમારી પાસે બેઠા ત્યારે તેમની નિર્મળ આંખ અને મુખાકૃતિ જોવાથી ઘણું ઘણું જાણવાનું મળ્યું. ઋષિકેશમાં બાબા કાલીકમલીવાલાની સંસ્થામાં બાબા રામનાથજી રહેતા ત્યારે આ મહાત્માજી ઋષિકેશમાં રહેલા. ને તેમની તથા રામનાથજી વચ્ચે ખૂબ જ પ્રેમ હતો. છેલ્લા કેટલાંક વરસથી તે વડોદરામાં સ્વતંત્ર મકાન રાખીને રહેતા. વચ્ચે વચ્ચે તેમના જન્મસ્થાનમાં  પણ જતા. જલગામ, ખંડવા તેમ જ બીજે ઠેકાણે તેમના ઘણા ભક્તો હતા. એક-બે કુટુંબો તો પોતાની બધી જ મૂડી ને મિલકત એમને અર્પણ કરીને તેમની સેવામાં જ રહેતા. તેમનો સ્વભાવ શાંતિપ્રિય, નમ્ર તથા પ્રેમાળ હતો. કેટલાક વિદ્વાનો કોઇ ગુંચવણનો ઉકેલ લાવવા તેમને ત્યાં આવતાં. છતાં તે ખૂબ જ ગુપ્તતાથી રહેતા. પ્રસિદ્ધિ તેમ જ યશ ને શિષ્યગણ તેમજ ભક્ત મંડળીની વૃદ્ધિમાં તેમને લેશ પણ રસ ન હતો. જો કે અત્યારે તેમની કાયા ખૂબ જ વૃદ્ધ હતી છતાં યુવાવસ્થામાં તેમણે ભારે તપશ્ચર્યા કરી હશે એમ તેમના યુવાવસ્થાના એક કેવળ કૌપીનવાળા મોટા ફોટા પરથી જણાઇ આવતું. મહાત્માજી સાથે કેટલીક વાતચીત થઇ. તે પછી તેમની ઇચ્છાથી મેં બેત્રણ ભજનો ગાયાં.

એ દરમ્યાન મહાત્માજીએ પોતાના ભક્તોમાંના એકને મારી પૂજા કરવા કહ્યું. મેં કહ્યું, ‘તમારી સામે મારી પૂજા હોય નહિ. હું તો એક સાધારણ બાળક છું.’ પણ તે માને તેમ ન હતા. વિધિપૂર્વક ચંદન ચોપડાવીને તેમણે પૂજન કરાવ્યું. તે પછી સુંદર હાર પહેરાવ્યો ને ફૂલનો ગજરો અપાવ્યો. આ વિધિ કદાચ મહત્વની ના લાગે પણ મારે મન તો તે મહાત્માજીની મહાનતાના-એક વધારે પુરાવા જેવી હતી. પોતાની સામે ને પોતાના પ્રખર ભક્તો દ્વારા આ રીતે પૂજન કરાવવું એ કોઇ સાધારણ માણસનું કામ નથી જ. તે માટે તો કેટલી નમ્રતા, હૃદયની પવિત્રતા, ને ઉદારતા જોઇએ ? આડંબરી અને અભિમાનીથી આવું કામ ના જ થઇ શકે. એ વર્તાવની મારા પર ખૂબ જ ઊંડી છાપ પડી. મારા દિલમાં તે મહાપુરુષને માટે આદરભાવ ઉત્પન્ન થયો, ને વિદાય લેવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેમની માયાળુતાને જોઇને દિલ ગદગદ્ થઇ ગયું.

એ મહાન પુરુષના જીવનપ્રસંગમાંથી બીજું કૈં ભલે ના શીખાય પણ નમ્રતા જ ગ્રહણ થાય, તો કોઇનુંયે જીવન ઉજ્જવલ બની ઊઠે ને માણસ મહાનતા પ્રાપ્ત કરે એમાં સંદેહ નથી. સ્વભાવની આવી મૃદુતા ને મધુરતા મહાપુરુષ વિના બીજે ક્યાં હોઇ શકે ?  તેવા મહાપુરુષ ગમે તે વેશમાં કે દેશમાં હોય તો પણ સદાયે સૌથી વંદનીય ને પૂજ્ય છે એમાં સંદેહ નથી.

આ મહાપુરુષને એમના ભક્તો વધારે ભાગે અન્નદાતાને નામે ઓળખે છે ને સંબોધે છે. તે અન્નદાતા જેવા છે. કોઇ અતિથિ તેમને ત્યાંથી અન્ન કે પ્રસાદ વિના પાછો ફરતો નથી. તેમના પર પ્રભુની પરમ કૃપા છે. પંઢરીનાથ કે વિઠ્ઠલ ભગવાન પર તેમની પ્રીતિ છે. તેથી પ્રભુની સેવિકા લક્ષ્મી પણ જાણે તેમની સેવામાં નિરંતર હાજર રહે છે. મને તેમણે આમંત્રણ આપ્યું ત્યારે પ્રેમી ભાઇ ભવાનીશંકરને તેમણે સૂચના આપી કે મારે ત્યાં સૂકો મેવો તથા ફળ છે છતાં પણ મહાત્માજીને માટે મેવો તથા ફળ ને જે જોઇએ તે બધું જ બહારથી જ ખરીદી લાવજો.

એ મહાપુરુષના જીવનના કેટલાય સુંદર ને તેમની શક્તિના પરિચાયક એવા પ્રસંગો હશે ને છે; પણ તેમાંથી વિશ્વસ્ત સૂત્ર દ્વારા મળેલો એક પ્રસંગ ટાંકી બતાવું છું. મધ્ય ભારતમાં ઉદયગઢથી પાંચેક માઇલ દૂર ચાંદોદ ગામ છે. ત્યાં એ મહાપુરુષે એક મકાનમાં ત્રીસ દિવસ સુધી અન્નજળ વિના તપશ્ચર્યા કરવાનું નક્કી કર્યું. ઉદયપુરના મહારાણાને મહાત્માજી પર પ્રેમ હતો. તેમણે મહાત્માજીના મકાનને બંધ કરાવી બહાર એક પહેરેગીર રાખ્યો ને તેને પોતાની રજા વિના મકાન ના ખોલવાની સૂચના આપી. મહાત્માજીએ ત્રીસ દિવસ પૂરા થતાં પહેરેગીરને બારણા ઉઘાડવા કહ્યું. પણ પહેરેગીરે રાજા આવે ત્યાં સુધી શાંતિ રાખવાનું કહ્યું. મહાત્માજીએ કહ્યું કે મારે વળી રાજાનો હુકમ કેવો ? હું તો એક ઇશ્વરનો હુકમ પાળું છું. અને એમ કહીને ઇશ્વરની કૃપા તથા પોતાની શક્તિથી મકાનનાં બારણાંને ખોલી નાખીને તે બહાર આવી ગયા. પાછળથી રાજા ત્યાં આવ્યા ત્યારે મહાત્માજીને બહાર જોઇને તેમજ સઘળી હકીકત સાંભળીને આશ્ચર્યચકિત થયા ને મહાત્માજીના ચરણમાં પડ્યા. જે સ્થળે મહાત્માજીએ એ પ્રખર તપ કર્યું ત્યાં તેમણે પાછળથી વિઠ્ઠલ મંદિરની સ્થાપના કરી. ત્યાં તે પોતે કેટલીકવાર જાય છે પણ ખરા; ને સાધુસંત તેમ જ ક્ષુધાર્તને ત્યાં ભોજન આપવામાં આવે છે.

દંભ, પાખંડ ને કપટવૃત્તિ જેમને સ્પર્શી શકી નથી, જે લૌકિક પ્રતિષ્ઠાના મોહપાશમાં બંધાયા વિના ગુપ્તરૂપે ઇશ્વરી પ્રેમનો અમુલખ રસ અનુભવે છે, ને કરુણા તથા પ્રેમ ને સુજનતાથી સદાય સંપન્ન છે, તેવા મહાપુરુષો સંસારમાં બહુ જ ઓછા છે. ઇશ્વરની કૃપા અને માણસના પુણ્યોદય વિના એમનો સમાગમ થતો નથી ને જ્યારે પણ થાય છે ત્યારે અમોઘ નીવડે છે ને જીવનને આનંદ આપીને દૂરવર્તી અસર પહોંચાડે છે. અન્નદાતા જેવા મહાન પુરુષના સમાગમથી મને આનંદ થયો એ કહેવાની જરૂર છે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧૯. નર્મદાતટની યાત્રા

સરોડામાં સાડાત્રણ માસ જેટલો વસવાટ કરીને સાબરમતી થઇને નર્મદા કિનારે જવાનું થયું. નર્મદાતટ ખૂબ જ પ્રસિદ્ધ ગણાય છે. શાસ્ત્રોમાં એનો મહિમા સારી પેઠે ગાવામાં આવ્યો છે, એટલે એનું દર્શન અથવા અવલોકન કરવાની સુદીર્ઘ સમયથી ઇચ્છા હતી. ઇશ્વરકૃપાથી તેની પૂર્તિનો પ્રસંગ પ્રાપ્ત થયો.

કરનાળીમાં અમે નર્મદાતટવર્તી દામોદર મઠમાં મુકામ કર્યો. નર્મદાનું દર્શન કરતાં ગંગાની સ્મૃતિ તાજી થાય છે. નર્મદાનું પાણી ગંગા જેવું જ સ્વચ્છ, સુમધુર અને સુવિશાળ છે. કરનાળી પાસેનો નર્મદાતટ હૃદયંગમ, શાંત અને આહ્લાદક લાગે છે. કિનારા પર મંદિરો તથા ધર્મસ્થાનો સારા પ્રમાણમાં રચાયેલાં છે. એમાંના કેટલાકની અમે મુલાકાત લીધી. એ બધામાં ખાસ ઉલ્લેખનીય સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજનું સ્થાન શ્રીગીતાજ્ઞાન ગુફા, કુબેર-ભંડારીનું સ્થળ અને હંસારૂઢ સ્વામીનો આશ્રમ કહેવાય. એ ત્રણે સ્થળો વધારે રમણીય લાગ્યાં. પ્રવૃત્તિ, કોલાહલ કે અશાંતિ વિનાનો કરનાળી વિભાગ સહેજ સૂકો હોવા છતાં નર્મદાને લીધે આકર્ષક અને આહ્લાદક લાગે છે. કુદરતી સૌન્દર્યથી ભરપુર એ શાંત ભૂમિમાં મચ્છરનો ઉપદ્રવ સારા પ્રમાણમાં હતો એની ખબર રાતે બરાબર પડી. જે ભૂમિમાં ઉનાળામાં પણ મચ્છર થાય તે ભૂમિમાં ચોમાસા દરમિયાન કેવી કફોડી દશા હશે તેની કલ્પના સહેલાઇથી સંપૂર્ણપણે કરી શકાય તેમ છે. જીવનમાં સુખ ને દુઃખ અથવા હર્ષ ને શોક, તાપ ને છાયાની પેઠે સાથે રહે છે, એ સત્યની સમજ આપતા હોય તેમ દેખાવમાં નાના ને નિર્બળ પરંતુ પ્રભાવમાં ઘણા જ પ્રબળ મચ્છર રાતે સ્વસ્થતાથી સુવા દેતા ન હતા. જેમ યોગી રાતે જાગે ને સાધનામાં મગ્ન બને તેમ તે પણ રાતભર પોતાની સાધનામાં મગ્ન રહેતા. આવા ઉત્તમ કોટિના તીર્થમાં આવીને માણસ રાતભર જાગરણ કરે ને ઇશ્વર સ્મરણ કે આત્મચિંતનમાં લીન બને તેવી તેમની ઇચ્છા હશે. પણ તે ઇચ્છા પણ પૂરી થઇ શકે તેવી સ્થિતિ ક્યાં હતી ? સ્થિરતાથી બેસવાનું ને ઇશ્વર સ્મરણમાં મગ્ન બનવાનું પણ એ દશામાં શક્ય ન હતું. જેનું મનોબળ ઉત્તમ હોય ને ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જે ઇશ્વર સ્મરણનો આનંદ લૂંટી શકવાની સ્થિતિએ પહોંચ્યા હોય તે જ એ દશામાં આત્મલીન બની શકે. બાકી તો ઊંઘવાની કળામાં જે ખૂબ જ કુશળ હોય તે જ એ દશામાં સહેલાઇથી આત્મવિસ્મૃત રહી શકે. સાધારણ માણસનું એમાં કામ નહિ.

નર્મદાતટ યાત્રી માટે તો પાવન ગણાય જ છે, પણ સાધકો માટે પણ ઓછો મહત્વનો નથી. સિદ્ધિ માટેની સાધના સારુ નર્મદાતટ ઉત્તમ છે. એ વિશ્વાસથી પ્રેરાઇને કેટલાય સાધકો, સંતો કે જ્ઞાની પુરુષો નર્મદાતટની મુલાકાત લે છે, કોઇ મનપસંદ સ્થળે વાસ કરે છે, ને સાધના પરાયણ બનીને પરમ સિદ્ધિને માર્ગે પ્રયાણ કરે છે. કુદરતી આકર્ષણ, શાંતિ, એકાંત તેમ જ સ્વાભાવિક પવિત્રતા ને સુંદરતાની ભાવનાથી પ્રેરાઇને વધારે ભાગના સંતપુરુષો કે જીવનની સાધનાના સાધકોએ નદી કે પર્વતનાં સ્થળો પોતાના નિવાસ માટે પસંદ કર્યા છે. પર્વત કે નદીનાં વધારે ભાગનાં સ્થળોની સાથે આવી કોઇ એકાદ મહાન વિભૂતિની વાત સંકળાયેલી હોય છે. તેથી જ તેવા સ્થળનો મહિમા તીર્થ બરાબર ગણાતો હોય છે. જિજ્ઞાસુ ને રસિયા માણસો તેવા સ્થળમાં ભેગા થઇને આનંદ ને શાંતિ મેળવે છે.

કરનાળી ને ચાંદોદની વચ્ચેના ભાગમાં, નદીને સામે કિનારે, એક મહાત્મા તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેમનું નામ બુદ્ધદેવ હતું. એક બે માણસો પાસેથી તેમની વિગત મળી. તેમનું સ્થળ માર્ગમાં જ આવતું હોવાથી અમે હોડીમાંથી ઊતરીને તેમના દર્શને ગયા.

એ મહાત્મા નદીને કિનારે રહેતા. તાપથી રક્ષા કરવા ચારે તરફ લાકડાં રોપી ઉપર કોથળાનું ઢાંકણ કર્યું હતું. આટલું ઢાંકણ રક્ષા કેવી રીતે કરી શકે ? જો કે નદીના કિનારે, અમુક અમુક અંતરે, તેમના ભક્તોએ સરકટના ઝૂંપડા જેવા સ્થાન બનાવ્યાં હતાં. પણ તે ખૂબ જ નાનાં ને તાપ તેમ જ વરસાદથી ભાગ્યે જ રક્ષા કરી શકે તેમ હતાં. મહાત્માજીની ઉંમર ૪૦ની આસપાસ હશે. તેમણે વ્યાઘ્રચર્મ વીંટ્યું હતું. અમે ગયા ત્યારે સામે શ્રીકૃષ્ણ ભગવાનનો ફોટો રાખી, હાથમાં માળા લઇ, તે જપ કરતા હતા. નર્મદા કિનારે આ પ્રમાણે જુદાં જુદાં સ્થળે રહેતા તેમને બારેક વર્ષ થયા હતાં એમ સાંભળ્યું હતું. પણ હજી તેમની પ્રાથમિક સાધનાવસ્થા જ ચાલી રહી હોય એમ તેમની મુખાકૃતિ પરથી લાગતું હતું. બાકી તો મહાત્માપુરુષોના અંતરના ઊંડાણને કોણ માપી શકે ? તે મૌન રાખતા, દ્રવ્યાદિ લેતા ન હતા, ને દર્શનાર્થીને પોતાની પાસે બહુ જ થોડો વખત બેસવા દેતા. જો દૃઢતા ને લગનથી સાધના ચાલુ રાખે તો તે સારી દશાએ પહોંચી શકશે એમ લાગતું હતું. આધ્યાત્મિક પ્રકાશના પંથના કોઇયે સાચા કે પ્રામાણિક પ્રવાસીને માટે આ વાત સાચી છે. દૃઢતા, પુરુષાર્થની સતતતા, આદર્શની સિદ્ધિ માટેની લગન ને પ્રામાણિકતાની આ પંથમાં બહુ જ જરૂર પડે છે. આ બધી જ અને આવી કેટલીક બીજી સાધનસંપત્તિ સાથે જે ઇશ્વરનું શરણ લે અથવા તો આત્મવિકાસની ઝંખના કરે તેના પર ઇશ્વરની કૃપા જરૂર થઇ જાય એમાં સંદેહ નથી. આ પંથનો પ્રામાણિક પ્રવાસી, પોતાની સાધનાના સાફલ્યની ચિંતા ઇશ્વરને સોંપીને, નિશદિન નૂતન ને મંગલ પ્રસ્થાન કરતો રહ્યો, છતાં શાંતિ, સિદ્ધિ કે પૂર્ણતા માટેની તેની ઇચ્છા પૂરી થઇ નહીં, એવું આજ સુધી તો બન્યું નથી, ને ભવિષ્યમાં પણ બનવા સંભવ નથી. આત્મબળ ને લગનની પ્રતિમા બનીને આ જ નર્મદાતટ પર આજ સુધી કેટલાય સાધકો તપ્યા હશે, કેટલાય તૃપ્ત સાધક પ્રવાસીઓ પોતાની જીવન-નાવને શાંતિ ને સિદ્ધિના કલ્યાણ-કિનારે હંકારી ગયા હશે. એકાદ નારાયણ સ્વામી કે એકાદ બ્રહ્માનંદની વાત જનતા જાણે છે. પણ એવા તો કેટલાય સ્વામી ને આનંદની મૂર્તિ જેવા મહાપુરુષો અહીંથી જીવનની ધન્યતાનું ભાથું ભરી ગયા હશે ને કેટલાય અહીંની શાંત હવામાં વિલીન થઇ ગયાં હશે, એ કોણ જાણે છે ? '**गोपनीयं गोपनीयं गोपनीयं प्रयत्नतः**' ના સૂત્રને ઉચ્ચારનાર ને પોતાના આત્મિક ધનને સદાને માટે લોકોની નજરથી ગુપ્ત રાખનારા કેટકેટલા મહાપુરુષો આ વિશાળ વાતાવરણમાં ને સરિતાની શાશ્વત શાંતિમાં સમાઇ ગયા હશે તે કોણ જાણે છે ? નમ્ર છતાં ગૌરવશાળી ને ગંભીર છતાં રસભરી નર્મદા ને તેની જ સાથે અનંતકાળથી ઊભેલી આ ભેખડો; વિશ્વના વાતાવરણથી ચિરપરિચિત એવું આકાશ, સૂર્ય, ચંદ્ર, વાદળ ને તારાગણ જેવો તેનો સંસાર; આ પવન ને સંસારના ચિર કે સનાતન સાથી એવાં આ પ્રકાશ અને અંધાર, એમના વિના એ મહાપુરુષોની, ભારતના સાચા જવાંમર્દોની કહાની બીજું કોણ કહેશે ? એમનાં ઓજસ્વી જીવનની સાક્ષી બીજું કોણ પૂરશે ? જે ઇતિહાસ માનવે લખ્યો છે ને જાણ્યો છે, તે તો વિશાળ ને સુંદર છે જ; પણ માનવની મર્યાદા જેને સ્પર્શી કે જાણી શકી નથી એવો ઇતિહાસ પણ કેટલો છે ? તેની સુંદરતા કે વિશાળતાની કલ્પનાય માણસ શેં કરી શકે ? શક્તિની આ અલ્પતાનું જ્યારે ભાન થાય

છે ત્યારે ન્યૂટનની જેમ ગમે તેવો વિદ્વાન પણ નમ્રાતિનમ્ર બની જાય છે ને પોતાની જાતને વિશાળ સાગરને કિનારે છીપલાં વીણનારા નાના બાળક જેમ માનવા માંડે છે.

બુદ્ધદેવનું દૃશ્ય સ્મૃતિ પર સદાને માટે અંકિત રહેશે. એવાં દૃશ્યો બહુ જ વિરલ જોવા મળે છે. સંસારી માણસોને આ સ્વરૂપમાં જોવાનું કામ તો અશક્ય છે જ પણ જેમણે બાહ્ય ત્યાગ કર્યો છે તેવા સાધુપુરુષો પણ સાધનાની આવી મગ્નાવસ્થામાં ભાગ્યે જ દેખાય છે. આજે તો વિદ્વાન વર્ગમાં ગણાતા કેટલાક સાધુઓ પણ ધન, પ્રતિષ્ઠા ને તે માટે લોકરંજન માટેની હોડમાં પડ્યા છે. સાધુજીવન કે ત્યાગ મુખ્યત્વે સાધના ને તે દ્વારા શાંતિ કે મુક્તાવસ્થાની પ્રાપ્તિ માટે છે, ને તે સાથે કે તે બાદ બીજાના નિષ્કામ હિત માટે છે, એ વાત આજે સાધુ વર્ગમાં એકદમ ભુલાઇ ગઇ છે. શાસ્ત્રો ને સંતપુરુષોનો આધાર લઇને બીજાને તો તે એવો જ ઉપદેશ આપે છે, પણ શ્રદ્ધા કે પુરુષાર્થને અને પોતાની નબળાઇને પારખીને તેને દૂર કરવાની ઇચ્છાશક્તિનો અભાવ છે એટલા માટે, કે બીજા કોઇયે કારણસર, તપશ્ચર્યા કે સાધનાનું મૂળ ધ્યેય આજે વધારે ભાગે ભુલાઇ ગયું છે. આવા કપરા કાળમાં ઇશ્વરને માટે ઝંખના જગાવી, દિનરાત સાધના કરવાનું વ્રત લઇને જે પુરુષાર્થમાં લાગે, તેને જોઇને કોનું દિલ પ્રસન્ન નહિ થાય ? ભલેને તે કોઇ સાધક હોય અથવા તો આધ્યાત્મિકતાનો આરંભનો અભ્યાસી હોય, તો પણ તેનું જીવન પ્રશસ્ય ને પ્રેરણાસ્પદ છે એમાં સંદેહ નથી.

## ગંગનાથ અને શુકદેવ

ગંગનાથ પહોંચ્યા ત્યારે સાંજનો સમય હતો. ચાંદોદ ને ગંગનાથ વચ્ચેની ટેકરીઓનો પ્રદેશ જરા રમણીય છે. આ તરફ બધે નર્મદાજી ખૂબ જ ઊંડાણમાં છે ને ઘાટ વિના સ્નાન કરવાનું સુગમ થતું નથી. ગંગનાથ ઊંચાઇ પર છે. સ્થળ રમણીય છે. આ જ સ્થળમાં બ્રહ્માનંદજી કરીને મહાત્મા રહેતા. ૧૮૫૭ના બળવામાં તેમણે ભાગ લીધેલો ને તેમાં તે નિષ્ફળ જવાથી, નિરાશ થઇ, આ સ્થળમાં આવીને શંકર ભગવાનને શરણે રહેલા. તેમની લોકોત્તર શક્તિના પ્રભાવથી ગંગનાથનો ધીરે ધીરે વિકાસ થતો ગયો. ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિ ખૂબ જ દયાળુ, સરળ, વિવેકી ને ધર્મપરાયણ છે. તે ભૂમિના સેવાભાવને લીધે કેટલાય લોકોત્તર સંતપુરુષોએ ત્યાં આશ્રય લીધો છે. આજે પણ આ જ ભૂમિ વિવિધ પ્રાંતના સંતસાધુ કે વિદ્વાનને કોઇ પણ જાતના ભેદભાવ વિના સન્માની ને પોષી રહી છે. અહીં આવીને સાધુસંતો ને વિદ્વાનો ધન ને યશ બંને લઇ જાય છે. મંદિરો, મઠો કે આશ્રમોને જમાવીને આ ભૂમિમાં કેટલાય પુરુષો સ્થાયી થઇ ગયા છે. ચરોતર ગાળામાં વિશેષ ને ગુજરાત-સૌરાષ્ટ્રમાં લગભગ બધે જ સંતમહાત્માના નિવાસ માટે સુંદર પ્રબંધ જોવામાં આવે છે. તે વસ્તુ ત્યાંની પ્રજાની સેવાભાવનાની સાક્ષી પૂરે છે. ભારતના બીજા પ્રાંતોમાં આટલી સંગીન વ્યવસ્થા ભાગ્યે જ જોવા મળે છે. એ સેવાભાવથી ખેંચાઇને ને નર્મદાના મહિમા તથા સૌન્દર્યથી મુગ્ધ બનીને બ્રહ્માંનંદજીએ અહીં વસવાટ કર્યો ને જીવનનો છેલ્લો શ્વાસ પણ અહીં જ લીધો.

બ્રહ્માનંદજીની લોકોત્તર શક્તિ વિશે એક પ્રસંગ વિખ્યાત છે. કહે છે કે એક વાર જમનારા માણસો ઘણા હતા. રસોઇ બનાવવાની તૈયારી હતી. પણ ઘી ન હતું. બ્રહ્માનંદે કહ્યું કે નર્મદા માતા પાસેથી એક ડબો પાણી ઉછીનું લઇ આવો. શિષ્યોએ તે પ્રમાણે કર્યું. બ્રહ્માનંદે તેમાંથી રસોઇ બનાવવાનું કહ્યું તો સૌના આશ્ચર્ય

વચ્ચે પાણીએ ઘીનું કામ કર્યું. પાછળથી આશ્રમમાં ઘી આવ્યું ત્યારે એક ડબો ઘી નર્મદા માતામાં દેવાની પૂર્તિરૂપે છોડી દેવામાં આવ્યું.

સાંજ એ ઇશ્વરનું અનેરું કાવ્ય છે. માણસનું દિલ તેનો મહાપ્રસાદ પામીને અવનવા ભાવ અનુભવે છે. તે ભાવોની સાથે ઇશ્વરના બીજા પ્રકટ કાવ્યસર્જન જેવા સંતપુરુષના ભાવ ભળી ગયા. રસમાં વધારો થયો. મંદિરમાં બ્રહ્માનંદજીની વિશાળ પ્રતિમા હસી રહી છે. સુદૃઢ શરીરવાળા આ મહાપુરુષ પોતાની શાશ્વત શાંતિમાંથી પણ આંખ ઉઘાડીને મંદિરની પ્રવૃત્તિને જાણે જોયા કરે છે. તેમના વિરાટ સ્વરૂપને અંજલિ આપીને અમે પાછા ફર્યા ને નાવમાં ગોઠવાયા.

શુકદેવના દર્શને ગયા ત્યારે રાત પડી ગઇ. શુકદેવનું સ્થાન ઊંચે ટેકરી પર છે. સ્થાન નાનું પણ રમણીય છે. શુકદેવની સામે જ નર્મદાને બીજે કિનારે વ્યાસ છે. શુકદેવ ને વ્યાસના નામ સાથે સંકળાયેલી આ ભૂમિ પૂર્વકાળમાં તેમની નિવાસભૂમિ હોય તો નવાઇ નહિ. વ્યાસ ને શુકદેવ તથા ભર્તુહરિ ને ગોરખ જેવા મહાપુરુષોના સ્થાનો ભારતમાં ઠેર ઠેર જોવામાં આવે છે. આટલાં બધાં સ્થાનો એક જ પુરુષનાં કેવી રીતે હોઇ શકે તે શંકા પણ કેટલાકને થઇ જાય છે. એવી શંકા સ્વાભાવિક છે. એટલું સાચું છે કે લોકોત્તર મહાપુરુષોના નામને કેટલાક સ્થળો સાથે ખોટી રીતે જ-તે સ્થળની મહત્તાને વધારવા જોડી દીધા હોય છે. પરંતુ કેટલાંક સ્થળોનો દાવો એ સંબંધમાં સાચો પણ હોય છે. વિરક્તિનું જીવન જીવનારા કેટલાક મહાપુરુષો જીવનમાં એક નહિ પણ અનેક સ્થળે ફર્યા ને રહ્યા હોય છે. તે સ્થળને પવિત્ર કે વંદનીય માની શકાય છે. એવાં સ્થળો ખરેખર વાસ્તવિક છે કે કેમ તે ઇતિહાસાદિ પ્રાપ્ય પ્રમાણ ને માહિતીના આધાર પર નક્કી કરવું જોઇએ. ને કદાચ તેવાં સ્થળોમાંનાં કેટલાક ખોટી રીતે મહિમાને વધારવા ઉપજાવી કાઢ્યા હોય તો પણ તે નકામાં નથી. તેવા સ્થળોના સ્મરણ, મનન કે દર્શનથી જે લોકોત્તર વિભૂતિઓની સાથે તે સંકળાયેલા હોય તે વિભૂતિના જીવનનો ખ્યાલ આવે છે ને પ્રેરણાનું પિયૂષ પાવામાં માણસને તે મદદરૂપ થાય છે. આવા સ્થળો, ટૂંકમાં કહીએ તો, મૂંગી યુનિવર્સિટી કે વિદ્યાપીઠની ગરજ સારે છે. આવી વિદ્યાપીઠોએ માનવજીવનની ઉન્નતિમાં આજ સુધી ઘણો ફાળો આપ્યો છે ને ભવિષ્યમાં પણ ગુણગ્રાહી ને પોતાના રાષ્ટ્ર ને સંસારની સર્વોચ્ચ સંસ્કૃતિમાં ગૌરવ લેતી પ્રજાને માટે તે મદદરૂપ જ થશે. જે મદદનું મૂલ્ય પૈસાટકા કે સંસારની કોઇયે નશ્વર સંપત્તિથી આંકી નહિ શકાય. તે મદદને માટે સંસ્કૃતિના ઇતિહાસનાં આ ઉપયોગી સ્થળોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. જે હેતુથી માનવે તેમને આજ સુધી જાળવી રાખ્યા છે તે જ હેતુથી તે જળવાઇ રહેશે તો તે ભાવિ પ્રજાનું મંગળ જ કરશે.

### વ્યાસ ને શુકદેવ

વ્યાસનું સ્થળ શુકદેવ કરતાં વધારે મોટું ને વસતીવાળું છે. શુકદેવ તો બાળત્યાગી ને વ્યાસ તો સંસારી. એટલે બંનેના સ્થળોમાં આવો ફેર રાખ્યો હશે. વ્યાસ પાસેની નર્મદાનો પટ વિશાળ ને રમણીય છે. રેતવાળા આવા પટનું દર્શન કદાચ આ પહેલું જ થયું. વ્યાસમાં જરાક ગરમી લાગી એટલે ગામમાં રહેવાને બદલે રાતે અમે નર્મદાની વચ્ચે જ નાવમાં સૂઇ રહ્યા. આકાશના તારા રહસ્યમયી દૃષ્ટિથી-ઇશ્વરના ખાસ ખાનગી ગુપ્તચર હોય તેમ અમારું ને સારાય સંસારનું નિરીક્ષણ કર્યા કરતા હતા. ચંદ્રમા પણ આનંદના અતિરેકમાં પૂર્ણપણે પ્રકટ્યો. કયા ભાવ, દિવ્યલોકના ને જીવનના કેવા કેવા અનુભવો તમારા અંતરમાં ભર્યા

છે ! હે તારા ને ચંદ્ર ! ક્ષુધા ને તૃષા, સુખ ને દુઃખ જેવા દ્વંદ્વોથી પર થઇને, કાળની સામે પણ અજય સ્મિત કરીને, યુગોયુગના અનુભવની કેટકેટલી કવિતાને અંતરમાં લઇને તમે ઊભા છો. હે તારા ને ચંદ્ર ! જરા તો બોલો ! તમારી ભાષાને કોઇક કવિ કે તત્વજ્ઞ જ સમજી શકે તેમ છે : કારણ કે તે પણ સંસારથી તમારી જેમ જ ઉપર ઊઠી ચૂક્યો હોય છે.

ગાયને દોહી લેવાય એટલા જ સમય સુધી વધારે ભાગે જે એક સ્થળે વસતીમાં રોકાય છે, જે પરમપ્રેમી, પ્રજ્ઞામૂર્તિ ને પરમયોગી પરિવ્રાજકના સંબંધમાં શ્રીમદ્ ભાગવતમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમનું સ્મરણ અંતરને આનંદ આપે છે. અઢાર વરસની નાની ઉંમરે જેમણે રાજા પરીક્ષિતને ભાગવતનો રસ ચખાડ્યો ને મુક્તિ અપાવી તે બાલયોગીની શક્તિ કેટલી અસીમ હશે તેનો તાગ માનવની સાધારણ બુદ્ધિ કેવી રીતે કાઢી શકે ? બાર વરસ જેટલો લાંબો વખત માતાના ઉદરમાં જરાય કષ્ટ આપ્યા વિના રહી, બહાર નીકળીને સંસારના મિથ્યાતત્વના વિચારથી જેમણે કિશોરાવસ્થામાં જ વનગમન કર્યું - ત્યાગ કર્યો, તે શુકદેવનું પાત્ર ભારતના જ નહિ પણ સંસારભરના આધ્યાત્મિક ઇતિહાસમાં અમર છે, અજોડ છે, અનેરું છે. જન્મતાં પહેલાં જ તેમને પૂર્ણ સ્થિતપ્રજ્ઞ દશાની પ્રાપ્તિ થઇ ચૂકેલી.

એ શુકદેવ જ્યારે બાળકોથી વીંટળાયેલા આવે છે ત્યારે ગંગા કિનારે બેઠેલા બધા જ ઋષિમહર્ષિ, જ્ઞાની, તપસ્વી તથા રાજા પરીક્ષિત ઊભા થઇ જાય છે ને તેમનું સન્માન કરીને તેમને ઉચ્ચ આસને બેસાડે છે. તે વખતે સભામાં વ્યાસ ને તેમના પિતા પરાશર પણ હતા છતાં વ્યાસપીઠને માટે શુકદેવ જ યોગ્ય મનાયા તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ભારતમાં વય, પ્રતિષ્ઠા કે વૈભવને પૂજા કે સન્માનનું પ્રાથમિક સાધન માન્યું નથી. ભારતીય સંસ્કૃતિએ તો વિદ્યા, ચારિત્ર્ય ને તેના આધાર પર જીવનને ઉત્તમ કે કનિષ્ઠ ગણ્યું છે. તેથી જ તેણે કહ્યું છે કે કોઇની પાસે ખૂબ ધન તેમ જ વૈભવ હોય, કોઇના વાળ ધોળા થઇ ગયા હોય, ને સંસારની સંપત્તિથી જે સંપન્ન હોય, તેને જ સુખી, વૃદ્ધ, વડીલ, શ્રેષ્ઠ કે સંપત્તિમાન માનવાની જરૂર નથી. જેના દોષ ને દુર્ગુણ દૂર થઇ ગયા છે ને ઇશ્વરની પાસે જે વધારે પ્રમાણમાં પહોંચેલો છે, તે જ શ્રેષ્ઠ છે, વૃદ્ધ ને સુખી છે, તેમ જ પૂજનીય પણ તે જ છે. એટલે જ ભારતે અષ્ટાવક્ર ને જડભરત તથા નારદ ને શુકદેવ તેમ જ વ્યાસ, ને બુદ્ધ જેવાને મહાન માનીને પોતાના હૃદયમાં સ્થાપ્યા છે.

શુકદેવની અમર અમૃતવાણી ભાગવત આજે પણ રસિકજનોનાં અંતરને શાંતિ આપે છે.

વ્યાસના સંબંધમાં તો શું કહેવું ? **'व्यासोच्छिष्टं जगत्सर्वम्'** 'જગતનું બધું જ જ્ઞાન વ્યાસ દ્વારા ઉચ્છિષ્ટ થયેલું છે - જ્ઞાનની એવી કોઇ વાત કે પ્રણાલિ નથી જેનું ખેડાણ વ્યાસે ના કર્યું હોય કે જે વિશે વ્યાસે ના લખ્યું હોય.' એવી બહુમૂલ્ય શ્રુતિ જેમને માટે પ્રચલિત છે તે મહાપુરુષ કેટલા સમર્થ, વિદ્વાન ને પ્રતિભાશાળી સંતપુરુષ હશે તે કલ્પી શકાય તેમ છે. મહાભારત, ભાગવત, બ્રહ્મસૂત્ર, ગીતા તથા વિષ્ણુસહસ્ત્રનામ જેવા ગ્રંથરત્નોના રચયિતા મહર્ષિ વ્યાસ ભારતીય ઇતિહાસમાં અગ્રપદે વિરાજે છે. તે કેવળ લેખક કે જ્ઞાની નથી પરંતુ ઋષિ છે. માટે તો ગીતાના દસમા અધ્યાયમાં પોતાની મુખ્ય મુખ્ય વિભૂતિનું વર્ણન કરતી વખતે ભગવાન શ્રીકૃષ્ણે **'मुनीना मप्यहं व्यासः'** 'મુનીઓમાં હું વ્યાસ છું.' એમ કહીને મહર્ષિ વ્યાસને અંજલિ આપી છે. જ્યાં સુધી સંસાર રહેશે ત્યાં સુધી ને તે પછી પણ વ્યાસ અને શુકદેવ અમર રહેશે.

**અનસૂયા**

મહર્ષિ વ્યાસના વિરાટ વ્યક્તિત્વને અંજલિ આપીને અમે પ્રભાતને પ્રથમ પ્રહરે જ નાવમાં બેસી ગયા અને અનસૂયા માતા તરફ ચાલવા માંડ્યું. અનસૂયા માતાનું સ્થાન નદીથી થોડે દૂર છે. સ્થાન નાનું ને સુંદર છે. અનસૂયા માતાના મહિમાને કોણ નહિ જાણતું હોય ? પોતાના તપોબળથી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને બાળક બનાવી દેનારી અનસૂયા પોતાની શક્તિ માટે સંસારના ઇતિહાસમાં અજોડ છે. કહે છે કે ત્રણે દેવોને એકવાર અનસૂયાની પવિત્રતાની પરીક્ષા લેવાનું મન થયું. એટલે ત્રણે ભિક્ષુનું રૂપ લઇને અત્રિ ઋષિના આશ્રમમાં આવ્યા. અનસૂયા માતાએ ભિક્ષા માટે કહ્યું ત્યારે દેવોએ હઠ પકડી કે નગ્ન થઇને ભિક્ષા આપો તો જ ભિક્ષા લઇએ. અનસૂયાએ પાણીની છાંટ મારીને પોતાના તપના ને પતિવ્રતાપણાના પ્રભાવથી ત્રણે દેવોને ઘોડિયામાં રમતા બાળકો બનાવી દીધા, ને પોતાને હાથે ભિક્ષા કરાવી. અત્રિ ઋષિએ એ જાણ્યું ત્યારે તેમને અતિશય આશ્ચર્ય થયું. પાછળથી દેવોને મૂળ રૂપ પ્રાપ્ત થયું ને અનસૂયાની ક્ષમા માગીને ત્રણે દેવો વિદાય થયા.

પુરાણમાં એક બીજી વાત આવે છે કે એક પતિવ્રતા સ્ત્રીના વચનથી સૂર્ય ઊગતો બંધ થઇ ગયો ને દિવસો સુધી જગતમાં અંધકાર છવાઇ રહ્યો, ત્યારે દેવતાઓ અનસૂયાની પાસે ગયા. તેમની વીનવણીથી અનસૂયામાતાએ કહ્યું સૂર્યોદય જરૂર થશે, પછી તેમણે પેલી પતિવ્રતા સ્ત્રીને સમજાવીને સૂર્યોદય કરાવ્યો. પણ તે સ્ત્રીના પતિને સૂર્યોદય થતાંવેંત મરવાનો શાપ હતો. તે પ્રમાણે તેનો પતિ મરી ગયો. ત્યારે માતા અનસૂયાએ કહ્યું કે, 'હું વચન, મન ને કર્મથી ખરે પતિવ્રતા હોઉં તો આ સ્ત્રીનો પતિ જીવતો થાય.' આમ કહેતાંની સાથે જ પેલો પુરુષ જીવતો થયો. અનસૂયાની એવી શક્તિને લીધે જ ચંદ્રમા, દુર્વાસા ને દત્તાત્રેયના રૂપમાં ત્રણે દેવો તેમના સંતાનરૂપે જન્મ્યા હતા. નારીની વિરાટ શક્તિની પ્રતિમા માતા અનસૂયાને આજનો વિલાસપ્રધાન, ફેશન સામગ્રીથી સ્ત્રીપુરુષને પરસ્પર આકર્ષવાનો સમય કેવો લાગતો હશે ? સંયમને બદલે સ્વચ્છંદ ને શક્તિને બદલે નબળાઇના પ્રતિક બનેલાં સ્ત્રીપુરુષોને, ભારતના પોતાના બાળકોને જોઇને અત્રિ અને અનસૂયા તેમ જ ભગવાન દત્તનું દિલ કેવું દુઃખી થતું હશે ? ચોવીસ ગુરુના અમર ઉદાહરણ દ્વારા સંસારના પ્રત્યેક પદાર્થ ને પ્રસંગમાંથી ગુણગ્રાહકતા ગુણને લીધે શિક્ષા ગ્રહણ કરવાનો સંદેશ આપનારા ભગવાન દત્ત મતભેદોના મસાલાથી મૃતઃપ્રાય થતા દેશને ઉગારો ને શક્તિ, સેવા, સ્નેહથી શણગારો ! આવા દિવ્ય ધામમાં બીજી શી પ્રાર્થના હોઇ શકે ?

## સીસોદરાનો આશ્રમ

નાવમાં પ્રવાસ કરતાં કરતાં સીનોરને સામે કિનારે સીસોદરા આવી પહોંચ્યા ત્યારે તાપ પુષ્કળ હતો. સવારે અગિયારેક વાગ્યાનો વખત હતો. સીસોદરા ગામ પાસે આવેલા એક આશ્રમમાં અમારે જવાનું હતું. તેના એક ટ્રસ્ટી ભાઇ કોઠારીજીનો આગ્રહ હતો કે મારે એ સ્થાન જોવું, પસંદ પડે તો ગુજરાતના એક પ્રિય સ્થળ તરીકે ગણવું, ને ઇચ્છા-પ્રમાણે રહેવું. આશ્રમ નદીથી દૂર હતો. પ્રખર તાપમાં આશ્રમમાં આવ્યા તો ત્યાં બે સાધુ પુરુષોને જોયા. એમણે અમને રહેવા માટે વ્યવસ્થા કરી આપી.

સ્થાન એકંદરે ઠીક હતું. આજુબાજુ મોટું આંબાવાડિયું અને ગામ દૂર હતું. પાણીને માટે હેન્ડપંપની વ્યવસ્થા હતી. પણ આ તરફનો જે ખાસ આનંદ કહી શકાય તે આનંદ, નદી જરા પ્રમાણમાં વધારે દૂર હોવાને લીધે, સહજ પ્રાપ્ય ન હતો. વળી આ સ્થાનમાં એક સ્વામીજી પોતાની સ્ત્રી સાથે રહેતા હતા. તેમણે

બંનેએ રામસીતા નામ ધારણ કરેલાં. તે હાલ મુંબઈ ગયેલા. તેમના શિષ્ય નાગપુર તરફ ગયેલા. તેમનું નામ પવનસુત પાડેલું. એ ઉપરાંત આશ્રમમાં એક ગુજરાતી ભાઇ હતા. તેમને પત્ની તથા ચાર સંતાન હતાં. તે સાધક અથવા બ્રહ્મચારી કહેવાતા. એ ભાઇ સ્વભાવે ઘણા માયાળુ, વિવેકી ને મિલનસાર હતા. એવા પચરંગી વાતાવરણમાં વસવાનું મને યોગ્ય ના લાગ્યું. એક બે દિવસ ત્યાં રહીને અમે સીનોર આવી પહોંચ્યા.

સીનોરમાં નર્મદા કિનારે એક મહાદેવનું સુંદર સ્થળ છે. વસતીથી દૂર ને નર્મદાથી ઊંચાઇ પર આવેલું આ સ્થાન એકાંત પ્રેમીને માટે ખૂબ જ અનુકૂળ છે. ત્યાં ધર્મશાળા ને પાકું મકાન પણ છે. તે જોઇને બપોરની ટ્રેનમાં અમે માલસર ગયા. માલસર રમણીય સ્થળ છે. તેની રમણીયતા વિશેષ કરીને ત્યાં આવેલાં ત્રણ મોટાં મંદિરોને લીધે છે. એમાં શંકરનું મંદિર ને માધવદાસજીનું મંદિર વધારે સુંદર છે. માલસરવાળા માધવદાસજીને કોણ નહિ જાણતું હોય ? તે સિદ્ધપુરુષ પોતાની શક્તિ માટે તેમના વખતમાં સારી પેઠે પ્રખ્યાત હતા. થોડોક વખત હિમાલયમાં સાધના કરીને તે માલસરમાં આવીને રહેલા. માલસરથી પાછા સીનોર આવીને મોટર દ્વારા અમે વડોદરા પહોંચ્યા. લગભગ સાત દિવસનો એ પ્રવાસ એકંદરે આનંદકારક રહ્યો.

નર્મદાયાત્રાનું મૂળ લક્ષ્ય સીસોદરાના આશ્રમને અને એની સાથે સાથે નર્મદાતટના પવિત્ર પુણ્ય-પ્રદેશને જોવાનું હતું. પરંતુ એ પ્રવાસમાં કોઇ તટવર્તી સ્થળ અતિશય રમણીય, આકર્ષક અને અનુકૂળ ના લાગ્યું. શૂલપાણેશ્વર તરફનો પ્રદેશ કેવો છે તે તો પ્રત્યક્ષ જોયા પછી જ કહી શકાય. એ વખતે અધિક વૈશાખ માસ ચાલતો હતો. તે દરમિયાન સાબરમતી ને નર્મદા બંને સરિતાનું સેવન થયું. હજી ગંગાજીનું સેવન શેષ હતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૦. વેરાવલ, આગ્રા, આલ્મોડા, ઋષિકેશ

ચૈત્ર વદમાં અમે વેરાવલ ગયાં. જે દિવસે વેરાવલ પહોંચ્યા તે દિવસે તારીખ ૧લી એપ્રિલ ૧૯૫૨ હતી. વેરાવલ નજીક આવતાં પહેલાં તો હવા તદ્દન બદલાઇ ગઇ. સમુદ્રની ઠંડી હવા ગરમીને શાંત કરી ઠંડક ફેલાવી દેતી ચારે તરફ ફરી વળી. વેરાવલના સ્ટેશને ભાઇ મનુભાઇ આવેલા. મનુભાઇને વેરાવલમાં ડેપ્યુટી ક્લેક્ટરની જગ્યા મળી હતી. નાની ઉંમરમાં તેમણે સારો અભ્યાસ કર્યો હતો ને હવે પ્રભુની કૃપાથી તેમને કામ પણ સારું મળ્યું હતું. વેરાવલમાં તેમને રહેવા માટે સરકારી બંગલો મળેલો. ગામથી થોડે દૂર છેક દરિયા કિનારે આવેલો બંગલો ખૂબ જ સુંદર હતો. ત્યાં અમે બધા મળીને વીસ દિવસ નિવાસ કર્યો. ગરમીનું તો ત્યાં નામનિશાન દેખાતું ન હતું. દરિયાની ઠંડી હવા રાતદિવસ વાતાવરણમાં ફરી વળતી. કોઇ જુદી જ દુનિયામાં વસતા હોઇએ એમ લાગતું.

સોમનાથનું મંદિર બહુ બડભાગી હોય એમ લાગે છે. તેના પર કેટકેટલાં આક્રમણ થયાં, છતાં પણ તે સ્થિર રહ્યું અને આજે તેનું પુનર્જીવન વળી એક વાર શરૂ થાય છે. હજી આગળ ઉપર શું થશે તેની કોને ખબર છે ? પણ એક વાત તો ચોક્કસ છે કે મંદિર કે મસ્જીદનો, ધર્મપુસ્તકનો ને માણસનો નાશ કરવાથી ધર્મની ભાવનાનો નાશ થઇ શકતો નથી, તે તો માણસના દિલમાં ઓતપ્રોત થઇને રહેલી કે સૂતેલી હોય છે. ધર્મનું સમસ્ત બાહ્ય ક્લેવર નષ્ટ થયા છતાં પણ તે જીવંત રહે છે ને વિકસિત થયા જ કરે છે. આ વાત પૂરેપૂરી સમજાઇ જાય તો ધર્માંતરને માટે થતી બળજબરી ને બાહ્ય ત્રાસ કે જુલમનો અંત આવે ને જગતમાંથી ધર્મના બાહ્ય માળખાના ઝઘડા દૂર થઇ જાય. માણસ આ પદાર્થપાઠ જેટલો વહેલો શીખી લે તેટલું જ તેને માટે લાભદાયક છે.

વેરાવલથી અમે પ્રાચી પણ જઇ આવ્યાં. પ્રાચી તીર્થસ્થાન છે. પૃથુ રાજાએ એ સ્થળમાં યજ્ઞ કર્યા હતા એમ કહેવાય છે. પાછા વળતાં માર્ગમાં ગોરખ મઢીનાં દર્શન થયાં. ગોરખ મઢીનું ખરું સૌન્દર્ય જોવું હોય તો મકાનની પાછળ આવેલી નદીનું દર્શન કરવું જોઇએ. ભેખડ ને ઝાડી વચ્ચેથી વહેતી નદી ખૂબ જ રમણીય લાગે છે. મકાનમાં એક બાજુ ગોરખનાથજીનું કહેવાતું ભોંયરું છે. સ્થળ એકંદરે સુંદર છે.

આ બાજુ એક ઠેકાણે શ્રી ગાયત્રી દેવીનું પ્રાચીન મંદિર છે. તેના દર્શને પણ અમે એક દિવસ જઇ આવ્યાં. આમ વેરાવલનો નિવાસ એક પ્રકારના ઉત્સવ જેવો બની રહ્યો. હવે અમારે હિમાલય જવાનો સમય નજીક હતો. એટલે હિમાલય-પ્રસ્થાનની તૈયારી કરવા અમે સાબરમતી પહોંચી ગયાં.

વેરાવલથી પાછા ફર્યા બાદ થોડા દિવસ સાબરમતી નિવાસ કર્યો. એ વરસે દેવપ્રયાગ જવાની ખાસ ઇચ્છા ન હતી, કેમ કે ત્યાંના શાંતાશ્રમની આસપાસની જમીન તૂટી ગઇ હતી ને માર્ગ પણ તૂટી ગયેલો. થોડોક સમય ઋષિકેશમાં કોઇ સારું સ્થળ શોધીને રહેવાની ઇચ્છા હતી. એ વરસે આલ્મોડા તરફ પણ જવાની અનુકૂળતા હતી. વેરાવલથી એક ભાઇએ આલ્મોડાના ત્રણ પ્રતિષ્ઠિત પુરુષો પર ભલામણ પત્રો લખી આપેલા. તે આ બાબતમાં સહાયક થઇ પડે તેમ હતા.

પણ અમારે ચોક્કસપણે કયી તરફ જવું તે નક્કી થઇ શકતું ન હતું. એક વિચાર ઉત્તરકાશી જવાનો પણ હતો. દયામયી 'મા'એ કૃપા કરીને એક સવારે નિર્ણય આપ્યો કે મારે આલ્મોડા જવું. એટલે અમે ત્યાં જવા ઠરાવ્યું.

અમદાવાદથી આલ્મોડા જવા માટે અમારે બાંદીકુઇ અને અચનેરા બે ઠેકાણે ગાડી બદલવાની હતી. પરંતુ થયું એમ કે ગાડી ચારેક કલાક મોડી પડી. અચનેરા જવાની ગાડી ઉપડી ગઇ એટલે અમારે ના છૂટકે બાંદીકુઇ રાત રહેવું પડ્યું. એ રોકાણને પરિણામે અમારો કાર્યક્રમ પણ ફેરવાયો. રાતે અમે બજારમાં ફરતા હતા ત્યારે એક રેલ્વેમાં કામ કરતા ગુજરાતી ભાઇ મળ્યા. તે ખૂબ જ આગ્રહ કરીને અમને પોતાને ત્યાં લઇ ગયા. ત્યાં રેલ્વેના તે બાજુના જનરલ ટિકિટ ઇન્સ્પેક્ટર આવી પહોંચ્યા. એમણે આગ્રા જવાની સલાહ આપી. તેમનું કહેવું એમ હતું કે આલ્મોડા જવા માટે કાઠગોદામની ટ્રેન આગ્રાથી જ ઉપડતી હોઇ ત્યાંથી બેસવું વધારે અનુકૂળ થઇ પડશે. એ પ્રમાણે આગ્રા જવાનું એકાએક નક્કી થયું. અમારે આખી રાત બાંદીકુઇમાં પસાર કરવાની હતી પરંતુ રાત દરમ્યાન એક વિશેષ પ્રસંગ બન્યો. જેથી ઘણો ખરો સમય સારી પેઠે પસાર થઇ ગયો. પેલા ગુજરાતી ભાઇએ કઠપુતળીઓને નચાવનારા માણસોને બોલાવ્યા. કઠપુતલીઓનો ખેલ લગભગ દોઢેક કલાક ચાલ્યો. એક માણસ પડદા પાછળ ઊભો રહી, હાથમાં દોરી રાખી પુતળીને નચાવતો હતો. જ્ઞાનીઓએ કહ્યું છે તે સાચું જ છે કે ઇશ્વર આ જ રીતે માનવપ્રાણીને નચાવે છે. માણસ કર્મ કરવામાં સ્વતંત્ર તો છે, પણ વધારે ભાગે તો તેણે કોઇક અદૃશ્ય શક્તિના વિધાન પ્રમાણે જ વર્તવું પડે છે. ગામડાના લોકો પેટ સારું ને પૈસા મેળવવા માટે આવા ખેલો કરે છે, ને પ્રજા તેને હોંશથી જુએ છે. વધારે ભાગે એના ખેલોમાં પણ રાજારાણીના પ્રસંગો આવતા હોય છે. જો એ ખેલોનું ધોરણ વધારે સારું બનાવાય ને બોધક કે ઉપકારક વાતોને એમાં ગૂંથી લેવામાં આવે તો પ્રજાના જીવન પર તેની સારી અસર થાય, ને જ્ઞાન સાથે આનંદ આપવામાં એવા ખેલો સારો ફાળો આપી શકે. બાકી આજે જે સ્વરૂપમાં તે પ્રચલિત છે, તેમાં સમજુ માણસોને ભાગ્યે જ રસ પડી શકે એમ છે.

બીજે દિવસે સવારે અમે આગ્રા પહોંચ્યા. તે દિવસ વૈશાખી પૂર્ણિમાનો હતો. તે જ દિવસે બુદ્ધ જયંતિ હતી.

આગ્રામાં ખાસ જોવા જેવી વસ્તુ તાજમહેલ છે. મોગલ સમ્રાટ શાહજહાંએ પોતાની પત્નીની પાછળ આ ઇમારત બંધાવી હતી એ ઇતિહાસ પ્રસિદ્ધ હકીકત છે.

તાજમહેલનો દેખાવ ખૂબ સુંદર અને આકર્ષક છે. તેની પાછળ જમનાજી છે. આરસની બાંધેલી આ ઇમારત વર્ષોથી દેશ ને પરદેશના પ્રવાસીઓના પ્રેમ અને આકર્ષણનો વિષય થઇ પડી છે. આટલા વરસો થયા પણ ઇમારત હજી ગઇ કાલે જ બની હોય એવી સજીવ લાગે છે. કવિઓએ આ વિશે અનેક પદો લખ્યા છે. આજે વખત કેવળ ઇમારત પૂજાનો નહી પરંતુ ઇમારતો દ્વારા માણસ કે સમાજને શું વાસ્તવિક લાભ થાય છે તે મૂલવવાનો છેઃ એટલે મૂલ્ય પરિવર્તનના આ કપરા કાળમાં તાજમહેલની વિરુદ્ધ પણ ઘણું લખાશે. છતાં તેને બંધાવનાર શાહજહાંની દૃષ્ટિ થોડીવાર માટે પણ કેળવીએ તો આપણે તેને છેક જ અન્યાય નહીં કરીએ. એ દિવસે બુદ્ધ જયંતિ હોવાથી એ ઉત્તુંગ ઇમારત પાસે બેસીને અમે જીવનની ચંચલતાના, મૃત્યુની અવશ્યંભાવિતાના, ને જીવનના આદર્શના વિવિધ વિચારો કરીને પાછા ફર્યા.

તે જ રાતે અમે આગ્રાની વિદાય લીધી. બીજા દિવસે સવારે કાઠગોદામ પહોંચ્યાં. ત્યાંથી મોટર દ્વારા આલ્મોડા જવાય છે. પાછળથી ખબર પડી કે આલ્મોડા જવા માટે કાઠગોદામને બદલે હલદ્વાનીથી મોટરમાં બેસવાનું વધારે અનુકૂળ રહે છે. પર્વતના વાંકાચૂકા છતાં પણ પાકા માર્ગ પરથી પસાર થતાં લગભગ છ કલાકમાં અમે આલ્મોડા જઇ પહોંચ્યા.

અમે દીર્ઘકાળ પછી હિમાલયમાં પુનઃ પ્રવેશ કર્યા. હિમાલયનું નામ સાંભળતા અંતરમાં આનંદ આનંદ થઇ જાય છે. તો હિમાલયમાં આવવાનો આનંદ તો અસાધારણ હોય જ એમાં શંકા શું ? આલ્મોડાની હવા ઠંડી હતી. પર્વતની ઉત્તુંગમાળા ચારે બાજુ શોભી રહી હતી. દૃશ્ય મનોહર હતું. ઉન્નતિની દૃષ્ટિએ પણ આ બાજુનો પ્રદેશ વધારે આગળ પડતો લાગ્યો. અહીંયા આવીને બીજા દિવસે અમે અમારી સાથેના ઓળખપત્રો લઇને નીકળ્યા, પરંતુ પત્રોએ કંઇ જ મહત્વનું કામ ના કર્યું. આલ્મોડાના નિવાસમાં તે સહાયરૂપ ના થઇ શક્યા. રહેવા માટે સારું મકાન શોધવાના અમારા પ્રયાસ પણ સફળ ના થયા. એ સ્થિતિમાં વધારે વખત સુધી આલ્મોડામાં રહેવાનું ઉપયોગી ના લાગવાથી અંતે અમે ઋષિકેશ જવાનો નિર્ણય કર્યો.

વળી પાછો સાધારણ લાંબો કહી શકાય તેવો પ્રવાસ કરીને અમે ઋષિકેશ પહોંચ્યા. ગંગાના પાવન પ્રદેશ ઉત્તરાખંડના પર્વતો વચ્ચે અમે આવી પહોંચ્યા. ઋષિકેશની રચના સુંદર છે. ગંગાનો પ્રવાહ અહીંયા અજબ પ્રકારની સુંદરતા ધારણ કરે છે. હિમાલયનું પ્રસિદ્ધ બદરીધામ આ બાજુ જ આવેલું છે. એટલે અમે ઋષિકેશ પહોંચ્યા ત્યારે યાત્રીઓ હજારોની સંખ્યામાં બધે જ દેખાતા હતા. લગભગ દસ વરસ પછી આ વરસે ફરી વાર ઋષિકેશની ભૂમિમાં રહેવાનો મારો વિચાર હતો. આમ તો ઋષિકેશ ને દેવપ્રયાગના વાતાવરણમાં ઘણો ફેર છે. દેવપ્રયાગ તેમ જ ઋષિકેશથી આગળનો પ્રદેશ વધારે સુંદર, આકર્ષક, એકાંત તથા સજીવ એટલે આધ્યાત્મિક પરમાણુથી ભરેલો લાગે છે. તે પ્રદેશમાં જ રહીને મારી મહત્વની સાધના ફાલી છે, ફૂલી છે, ને મને શાંતિ તેમ જ આનંદ આપનારી થઇ છે. એટલે એ પ્રદેશમાં પ્રવેશ કરવાનું અને વસવાનું દિલ સદાય થયા કરે એ સ્વભાવિક છે. પરંતુ આ વખતે તો તે શક્ય જ ન હતું. કેમ કે દેવપ્રયાગમાં શાંતાશ્રમ જીર્ણપ્રાય હતો ને બીજી કોઇ સારી જગ્યા ત્યાં રહી શકાય તેવી ન હતી. અમે છેલ્લા બે વરસથી જે શેઠના મકાનમાં જઇને રહેતા તેના માટે મંજૂરી મેળવવાનો પ્રયાસ કરી જોયો. પણ યાત્રાનો સમય હોવાથી ને મકાન યાત્રીઓને ઉતારો આપવા માટે વપરાતું હોવાથી અમને મંજૂરી ના મળી એટલે ઋષિકેશમાં જ નિવાસ કરવાનું નક્કી થયું. સદ્દભાગ્યે સ્થાન પણ સારું મળ્યું. ભરત મંદિરવાળા જ્યોતિપ્રસાદ ભટ્ટજીને દેવપ્રયાગના શ્રી મુરલીધર શાસ્ત્રીની મદદથી ભરત મંદિરમાં રહેવાની વ્યવસ્થા થઇ ગઇ. ભરત મંદિરની ધર્મશાળા સુંદર છે. ત્યાંથી ગંગાનું ને પર્વતનું સુંદર દર્શન થયા કરે છે. એ સ્થળમાં અત્યંત આનંદપૂર્વક નિવાસ કરતા અમારા દિવસ પર દિવસ વીતવા માંડ્યા.

પરંતુ ગરમીનો પાર ન હતો. ઋષિકેશની સખત ગરમી - જે બીજા મેદાની પ્રદેશ નહી પણ પર્વતીય પ્રદેશના પ્રમાણમાં સખત કહેવાય તે - કેટલેય વખતે પહેલી જ વાર અનુભવવા મળી. યાત્રીઓનો ધસારો પણ એવો જ ભારે હતો. તેને લીધે શરૂઆતમાં કંઇક અશાંતિ લાગતી પણ પાછળથી યાત્રા મંદ પડતા ને છેવટે બંધ થતા વાતાવરણ તદ્દન શાંત અને એકાંત જેવું થઇ ગયું.

ઋષિકેશનો નિવાસ એકંદરે આનંદપ્રદ રહ્યો. વરસાદના દિવસોમાં ખાસ કરીને ગંગા ને પર્વત અનેરી શોભા ધારણ કરે છે. પર્વત ને નદી કુદરતની શોભામાં વધારો કરે છે, ને તેથી મને ખૂબ રુચિકર લાગે છે. આની સાથે હિમાલયની પ્રાચીન મહિમાગાથા અંતરને આ અલૌકિક પ્રદેશ તરફ સદાયે આકર્ષ્યા કરે છે.

આજે તે ઋષિકેશની દશા જુદી છે. પણ આજથી ૨૫-૩૦ વરસ પહેલાંનું ઋષિકેશ જુદું જ હતું. તે વખતે ત્યાં સિદ્ધ ને કૃતકામ મહાત્મા પુરુષોનો વાસ હતો. હરિદ્વારમાં લક્ષ્મણ સિદ્ધ ને કામરાજ સિદ્ધ તેમજ ઋષિકેશના શીલનાથ મહારાજ અને એવા બીજા સિદ્ધપુરુષોની કથા હજી ત્યાં પ્રચલિત છે. આજે પણ એ ભૂમિમાં તેવા સિદ્ધપુરુષો છે પણ પ્રમાણમાં થોડા ને તે પણ વધારે ભાગે ગુપ્તરૂપમાં. એ સંબંધમાં હમણાં જ બની ગયેલા બેત્રણ પ્રસંગો ખૂબ રસિક છે. અહીંથી થોડેક દૂર આવેલા વીરભદ્રના સ્થાનમાં રોજ એક બ્રાહ્મણ પૂજા કરવા જતો. એક સાંજે તેને મોડું થઇ ગયું. માર્ગમાં જ વરસાદ શરૂ થયો ને જોતજોતામાં અંધારું ફેલાવા માંડ્યું. બ્રાહ્મણને થયું કે હવે શું કરવું. વીરભદ્રનું સ્થાન હજી દૂર છે ને જતાં આવતાં રાત થઇ જશે. તે શંકરનું સ્મરણ કરતો માર્ગમાં ઊભો રહ્યો. તે જ વખતે માર્ગની બીજી બાજુ જંગલ તરફથી પાવડીનો અવાજ આવ્યો. બ્રાહ્મણે જોયું તો કોઇ મહાત્મા પુરુષ આવી રહ્યા હતા. તેમના મુખ પર તેજ હતું. પાસે આવીને તેમણે બ્રાહ્મણને કહ્યું, 'વીરભદ્ર તરફ જવું છે ને ? ચાલ, હું પણ તે બાજુ જ જાઉં છું.' એમ કહીને તે આગળ ચાલવા માંડ્યા. તેમની પાછળ એક પ્રકાશનું વર્તુળ પ્રકટતું હતું. તેનું તેજ બધે માર્ગમાં ફેલાતું. તે પ્રકાશમાં બ્રાહ્મણ મંદિર સુધી પહોંચી ગયો. એટલી વારમાં વરસાદ બંધ થઇ ગયો ને તે મહાત્મા પણ અદૃશ્ય થઇ ગયા. પૂજા પૂરી કરીને બ્રાહ્મણ મંદિરમાંથી પાછો ફર્યો ત્યારે આકાશ ખુલ્લું હતું ને થોડું થોડું ચંદ્રનું તેજ બધે ફેલાયેલું હોવાથી માર્ગ પણ સાધારણ દેખાતો હતો.

બીજો પ્રસંગ અહીં જ ભરત મંદિરમાં લગભગ બેત્રણ વરસ પર બનેલો. મંદિરના એક મજૂરના પગે કૈંક વાગ્યું હતું. તેથી તે સારી રીતે ચાલી શકતો ન હતો. એક વાર તે મંદિરના કૂવા પાસે બેઠો હતો ત્યાં એક મહાત્મા આવ્યા. તેમણે એ મજૂરને કોઇ તૈયાર ઔષધિ લગાવી. તેના પ્રભાવથી મજૂરની બધી જ પીડા થોડી જ વારમાં દૂર થઇ ગઇ ને તે સંપૂર્ણ સ્વસ્થ થઇને ચાલવા માંડ્યો. હવે તે મજૂરને મહાત્માજીની શક્તિનું ભાન થયું. તે તેમની પાછળ દોડ્યો પણ મહાત્માજી તો ક્યાંય દેખાયા જ નહિ. થોડીવાર ચાલ્યા પછી તે અદૃશ્ય થઇ ગયા હતા.

એ પ્રમાણે બીજા પણ સિદ્ધ કોટિના સંતપુરુષો એ ભૂમિમાં વસતા હશે પણ તેમના દર્શન હવે દુર્લભ થઇ ગયા હશે. કોઇ અધિકારીને તેમની કૃપાથી કદીક તેમનું દર્શન થઇ જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૧. નવરાત્રીના ઉપવાસ

ઋષિકેશમાં ભરત મંદિરનું સ્થાન ખૂબ જ સુંદર, શાંત, એકાંત તથા સર્વપ્રકારે પ્રતિકૂળ હતું. એટલે દિવાળી સુધી ત્યાં જ રહેવાનો વિચાર હતો. હિમાલયની દિવ્ય ભૂમિ મને અત્યંત અનુકૂળ આવે છે. તે ભૂમિના નિવાસના દિવસો સ્વર્ગસુખની જેમ આહ્લાદક થાય છે ને તે ભૂમિમાં એકવાર ગયા પછી તરત તેને છોડવાનું દિલ થતું નથી. પણ મારું જીવન પ્રભુની પ્રેરણા પ્રમાણે ચાલે છે. પ્રભુની પ્રેરણા પ્રમાણે નવરાત્રી પહેલાં મારે મહુવા જવાનું બન્યું. ઋષિકેશની સુંદરતા ને અલૌકિકતા મહુવામાં ના મળે એ સમજી શકાય તેમ હતું પરંતુ ઇશ્વરની ઇચ્છાને મંગળ માનીને એને અનુસરવાનું બરાબર હતું.

મહુવા પહોંચ્યા પછી ત્રીજે જ દિવસથી મેં પાણી પર રહીને વ્રત શરૂ કર્યું. એ વ્રત માટે 'મા'ની પ્રેરણા મળી ચૂકી. એટલે અતિશય આનંદપૂર્વક મેં તેનું પાલન કર્યું.

નવરાત્રી વ્રત દરમ્યાન વધારે બોલવું ના પડે તે માટે મેં દિવસભરનું મૌન લઇ લીધું. વ્રત દરમ્યાન સાંજે સાત થી નવ સુધી વાર્તાલાપ ને ભજનકીર્તનનો કાર્યક્રમ રાખ્યો. તે દિવસોના મારા મનોભાવોને રજૂ કરવાનું કામ કપરું છે. છતાં પણ તેનો કૈંક ચિતાર અહીં આપી રહ્યો છું.

**દિન ૧ :** મા, બાળકોને માટે પ્રેમ ને મમતા એ તો 'મા'નો સ્વભાવ ! છતાં પણ આ તમારા બાળકને હજુ કેમ અપનાવતા નથી ? તમારે માટેની તીવ્ર તરસ મારા તન, મન, અંતરમાં - રોમરોમમાં ભરેલી છે. તો હવે તમે જલ્દી કૃપા કરો, ને તમારી પ્રેમવાણીનું ખોબેખોબે પાન કરાવીને મારી વર્ષો જુની તરસને છીપાવી દો.

- આસો સુદી ૧, શનિવાર, ૨૦-૯-૧૯૫૨ મહુવા

**દિન ૨ :** તમારા પ્રેમની પરિમલથી મઘમઘતું એક મધુરું પુષ્પ બનીને આ સંસારમાં શ્વાસ લઉં. લોચન તમારા સુમધુર સ્વરૂપને જોયા જ કરે, કાન તમારા મંગલ વચનને સાંભળ્યા કરે તેમ જ શરીર તમારા પરમ શીતલ સુખદ સ્પર્શથી પ્રફુલ્લિત બનીને સ્વર્ગસુખ અનુભવ્યા કરે એ જ ભાગ્યની ઇચ્છા કરતો આજે જીવી રહ્યો છું. તમે જ મારી એકમાત્ર મિલ્કત છો, ને તમારા વિના હું ખરે જે નિર્ધન છું. કૃપા કરીને તમે મારી સામે તમારા સંપૂર્ણ વૈભવને લઇને પ્રકટ બનો જેથી સંસારમાં હું સૌથી અધિક બડભાગી, સુખી ને ધની બની શકું.

- આસો સુદી ૨, રવિવાર, ૨૧-૯-૧૯૫૨

**દિન ૩ :** સંસારમાં તમારી પ્રાપ્તિની ઇચ્છા કોને છે ? સંસારના પદાર્થો માટે અનેક તલસે છે, રડે છે, પ્રાર્થે છે ને પ્રયાસ કરે છે, પણ મારે માટે કોણ રડે છે કે તલસે છે ? જે તમારે માટે પ્રાર્થે છે તેને તમે જરૂર મળો છો, એ સાચું જ છે. પણ માણસ વધારે ભાગે દુન્વયી પદાર્થોની તૃષ્ણામાં જ બરબાદ થઇ જાય છે. આ કેવું દયાજનક છે ?

ગઇકાલે એક લાખોપતિ મારા દર્શને આવ્યા, આરામના સમયે પણ મને જગાડીને પહેલાં તો તેમણે વિવેકભરી વાતો કરી ને છેવટે 'મુંબઈ જઇ હું શેનો સટ્ટો કરું તો હું કરોડપતિ થઇ જઉં. સોનાનો, ચાંદીનો કે બીજા કશાનો, તે તમે શાંતિથી ધ્યાનમાં જોજો ને મને વેચવા લેવાની માહિતી આપતો રિપોર્ટ પણ લખી

જણાવજો' એવી વાત મારી પાસે રજૂ કરી ! મેં કહ્યું કે મારો ત્યાગ ને મારી શક્તિ આવી ક્ષુદ્ર વસ્તુને બતાવવા માટે નથી. હું તો ઇશ્વરનો પ્રેમી છું ને પ્રેમનો જ માર્ગ બતાવું છું.

ખરેખર, તમારો પ્રેમ કેટલો સુખદ અને સુમધુર છે, ને તેના વિના ગમે તેવો ધની માણસ પણ કેવો દરિદ્ર અને અસંતુષ્ટ બની જાય છે તેની મને ત્યારે જ ખબર પડી.

- આસો સુદ ૩, સોમવાર, ૨૨-૯-૧૯૫૨

**દિન ૫ :** ભોજન વિના જેમ પ્રાણ ટકતો નથી - અન્ન, જલ, દૂધ કે છેવટે વાયુ - કોઇપણ પ્રકારનું ભોજન તેને જોઇએ જ છે, તેમ તમારા વિના પણ તમારા પ્રેમી ભક્તોના પ્રાણ ટકી શકતા નથી. પ્રેમીના દિલનો દરિયો તમારા મુખચંદ્રની ચાંદનીથી મુગ્ધ ને પ્રેરિત થઇને તમને મળવા માટે ઉછાળા મારે છે. પણ ફેર માત્ર એટલો જ છે કે સાગર તો આકાશના ચંદ્રની સાથે એક થઇ શકતો નથી. જ્યારે તમારા ભક્તને તો તમારું પરમ મંગલમય મિલન મળી જાય છે, તમારી અહેતુકી કૃપા તેની પર વરસે છે, ને તે તમારી સાથે એક બને છે. મને એ ભાગ્ય જલ્દી જલ્દી આપો ને સદા માટે આપો.

- આસો સુદી ૫, બુધવાર, ૨૪-૯-૧૯૫૨

**દિન ૭ :** તમારાં કમલકોમલ ને પરમ પુનિત ચરણોમાં મન લગાડ્યા વિના ને તમને પ્રેમ કર્યા વિના કોઇપણ માણસ સુખી થઇ શકતો નથી એ નક્કી વાત છે. ને એ પણ નક્કી છે કે તમારે માટે તલસ્યા કે ભોગ આપ્યા વિના ને છેવટે તમને મેળવ્યા વિના કોઇનેય શાંતિ મળી શકતી નથી. તમે જ સુખના ભંડાર ને શાંતિના સાગર છો. આનંદના અર્ણવ છો. તેથી જ જેને સુખશાંતિ જોઇએ છે તેણે તમને મળવું જ જોઇએ ને તમારી અસીમ કૃપાના સરોવરમાં મુક્ત વિહાર કરીને બહારથી ને અંદરથી સ્નાન કરવું જોઇએ. શાંતિ ને સુખનો એ જ માર્ગ છે. ને તેથી જ કોઇક બડભાગી જીવો સંસારમાં આવીને તમારે માટે આક્રંદ કરે છે, તમને ઝંખે છે, ને તમારે માટે હતા ન હતા પણ થઇ જાય છે. મારા આત્માને તમે એવો બડભાગી બનાવી દીધો છે. તે માટે તે તમારો ઉપકાર માને છે. પણ એટલાથી જ અટકવામાં તેનો આનંદ નથી. તે તો તમારી પરિપૂર્ણ કૃપા માગે છે. તમને ને તમારા સંપૂર્ણ વૈભવને ચાહે છે. તેથી જ તે તમારે માટે તલસે છે. તો દયા કરો ને જલ્દી જલ્દી પધારીને તેના બધા જ મનોરથ પૂરા કરો.

- ૨૬-૯-૧૯૫૨

**દિન ૯ :** બિલાડીનું બચ્ચું મ્યાઉં મ્યાઉં કરે છે ને તે સાંભળીને તેની મા તેની પાસે દોડી આવે છે, ને તેને ગોદમાં લે છે. આ જ પ્રમાણે આ સંસારમાં શરીરધારણ કરીને જે તમને તલસે છે ને 'મા મા' કરીને સાચા દિલથી પોકારે છે, તે તમારી કૃપાને જરૂર પામે છે. તેની પાસે તમે આવ્યા વિના રહી શકતા જ નથી. ઘરેથી કામ માટે બહાર ગયેલી મા પોતાના સંતાનની સંભાળ લેવા મોડીવહેલી પણ આવ્યા વિના રહી શકતી નથી. તે પ્રમાણે તમે પણ તમારા સંતાનની સંભાળ લો છો - જરૂર લો છો, ને પાસે આવીને શાંતિ આપો છો. પણ આ સંસારમાં તમારી બહુ જ થોડાને પડી છે. કેટલાક તો તમને માનતા જ નથી; જે માને છે તેમાંના કેટલાક મેળવવા માંગતા નથી. ને મેળવવા માંગનારામાંના બહુ જ થોડા તમારે માટે સતત તલસે છે ને તમને ઝંખે છે. આથી જ તમને મેળવનારા બડભાગી માણસો આ સંસારમાં બહુ જ વિરલ પાકે છે - કરોડોમાં, કહો કે અબજોમાં એકાદ બે જ.

જીવન ઘણું ચંચલ છે પણ હિમાલયની પતિતપાવની ગંગાની જેમ તેનો પ્રેમપ્રવાહ અસ્ખલિત રીતે આનંદપૂર્વક તમારી તરફ વહેવા માંડે, ને પોતાની બધી જ પૂજા તમારે ચરણે ધરી દે તો તમારા વિરાટ રસસાગરને મળવાનું તેને માટે મુશ્કેલ નથી. આ વિચારથી જ આજે વરસોથી હું તમારી પૂજાનું ફોરમવંતુ ફૂલ બનીને તમારે ચરણે પડ્યો છું અને આજ સુધી તમારી માયા ને મમતાથી તમે મને કૃતાર્થ કર્યો છે. એ મમતા ને પ્રેમનો અંતિમ રસાસ્વાદ મળે તે માટે હું હજી તલસ્યા કરું છું. ને તમે મારી ઇચ્છા પૂરી કરશો એવી મારી શ્રદ્ધા છે. તો હવે તમારા બાળકને માટે વિલંબ ના કરો. તેને તમારી પૂર્ણ કૃપાના પિયુષમાં સ્નાન કરાવીને પરિપૂર્ણપણે કૃતાર્થ કરવા હે જગતની જનની, હે એકમાત્ર શક્તિ હવે જલદી જલદી પધારો.

- વિજયાદશમી, રવિવાર ૨૮-૯-૧૯૫૨

**દિન ૧૦ :** તમારે માટેનો અલૌકિક પ્રેમ હૃદયમાં જાગી ઉઠ્યો છે તે કોઇ રીતે ને કદીકાળ મટી શકે તેમ નથી. તમારી લગન દિલને લાગી ગઇ છે, તે કોઇ ઉપાયે મટી શકે તેમ નથી. મારા લોચનમાં ને રોમરોમમાં તમારા રાગનો અક્ષય ને અમૃતરસ રેડાઇ ગયો છે, તે કદીકાળ નષ્ટ થાય તેમ નથી. તે જ મારા જીવનનો આનંદ છે. સાચું કહું છું કે તમે જ મારા સ્વર્ગ, એકના એક અક્ષયધામ ને વિશ્રામસ્થાન છો. તમારું મંગલમય પાવન દર્શન મને નિત્યનિરંતર થતું રહે, તમારું સુંદરતમ સ્વરૂપ મારી આંખ આગળથી કદીકાળ પણ ના હઠે, ને મારું મન સંસારના કોઇયે વિષયમાં ના લાગે, મમતા ને મોહની ઝેરી જ્વાળા તેમાં કદી પણ ના જાગે, અને એક તમારી જ પ્રેમવીણા મારા તન, મન, અંતરમાં નિશદિન વાગ્યા કરે એવી કૃપા કરી દેજો.

- આસો સુદી ૧૧, સોમવાર, ૨૯-૯-૧૯૫૨

**દિન ૧૧ :** જગતમાં શાંતિને સૌ કોઇ ચાહે છે, પણ શાંતિ મળે છે તેને જ જે નમ્ર, નિર્મલ તથા નિરહંકાર તથા સેવાભાવી બને છે. એમનાથી પણ વધારે શાંતિસુખ તેમને મળે છે જે તમારાં ચરણકમળના ભૃંગ બને છે, ને તમારી સાથે પ્રેમ કરીને તમને ઝંખતા રહી, કોઇ ધન્યાતિધન્ય પળે તમારું દર્શન પામી લે છે. તમે મળતાં સર્વકાંઇ મળી જાય છે. પછી તમને છોડીને બીજાં પદાર્થો પાછળ શા માટે પડવું જોઇએ ? પંડિત ને પ્રાજ્ઞ તો તે જ છે જે તમને સેવે છે. તમારી જ કામના કરે છે, ને તમારા પરમ પ્રેમમય પાવન રૂપના દર્શનથી આનંદ પામે છે. હે મા, મને તો તમે એ જ ભાગ્ય આજ લગી આપ્યા કર્યું છે, ને હવે પછી પણ મારી બધીયે મનોકામના પૂરી કરીને એ જ મહાભાગ્ય આપતા રહેજો એ જ મારી પ્રાર્થના છે.

- આસો સુદી ૧૨, મંગળવાર, ૩૦-૯-૧૯૫૨

**દિન ૧૨ :** મેં પહેલેથી જ જણાવી દીધું છે ને આજે પણ જણાવી દઉં છું કે મારામાં કોઇયે પ્રકારની આસક્તિ નથી. જપ, તપ, સાધન, વિદ્યા, ક્રિયા કે યોગ, બધાથી હું અજ્ઞાત છું. એક તમારા વિના, તમારી કૃપા વિના કશામાં મારો આખરી વિશ્વાસ નથી, તમારી કૃપા એ જ મારો એકમાત્ર આધાર છે. તમારો મારા પરનો પ્રેમ એ જ મારું એકનું એક બળ છે અને એ બળથી જ મારો આજ સુધી ઉદ્ધાર થતો આવ્યો છે. તમારી કરુણાનો મને આસ્વાદ મળ્યો છે એ હું જાણું છું. તમારી પરિપૂર્ણ કૃપાના અપાર અમૃત-સાગરમાં સ્નાન કરાવીને મારા જીવનને સફળ કરી દો. જે કાર્ય માટે એક વાર ફરી તમે મને આ સંસારમાં મોકલ્યો છે તે કાર્યની સુખદ શરૂઆત થાય તે માટે તમે કૃપા કરો અને આપણા બંનેની વચ્ચેનો લગીર જેટલો પડદો પણ હઠાવી દો.

- આસો સુદી ૧૩, બુધવાર, ૧-૧૦-૧૯૫૨

**દિન ૧૩ :** પાણી પરના મારા ઉપવાસ પૂરા થયા છે, ને તમારી પ્રેરણા પ્રમાણે બે દિવસ રસ ને દૂધ લઇને હવે સાધારણ અનાજ લેવાનું મેં શરૂ કર્યું છે. પણ તમારે માટેની અંતરની આતુરતા ને બળતરા કેમે કરી ઓછી થતી નથી. તે તો ત્યારે જ ઓછી થશે જ્યારે તમારી પરિપૂર્ણ કૃપા જીવનમાં વહી રહેશે ને જીવનને પૂર્ણ મુક્ત ને ધન્ય કરશે.

- આસો સુદી ૧૪, ગુરુવાર, ૨-૧૦-૧૯૫૨

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૨. મહુવાના કેટલાક પ્રસંગો

ઉપવાસ દરમ્યાન થોડો થોડો તાવ આવવો શરૂ થયો તેથી નબળાઇ વધી. તાવની પીડા દસેક દિવસ રહી. એટલે બધા મળી ૨૨-૨૩ દિવસ મૌનવ્રતમાં ને નબળાઇમાં ગયા. એ પછી શરીરને સુધારવાની અનિવાર્ય આવશ્યકતા હતી એટલે, ને મહુવાનું વાતાવરણ અનુકૂળ હતું એટલે બરાબર અઢી મહિના મહુવામાં રહેવાનું થયું. એ દરમ્યાન કેટલાય પ્રકારના ચિત્રવિચિત્ર અનુભવો થયા.

મહુવામાં એક શ્રીમંત પુરુષનો પરિચય થયો. વાતચીત કરવામાં ખૂબ જ કુશળ ને મીઠા. સંતમહાત્માની શક્તિ વિશે વાત નીકળી. મને કહે, સંતમહાત્મા બધું જ કરી શકે. લેખ પર મેખ મારી શકે. તેમની શક્તિ અપાર હોય છે. મેં કહ્યું, હા. સંતમહાત્મા બધું જ કરી શકે. લેખ પર મેખ મારવાનું લખ્યું હોય તો તે પણ કરી શકે.

તેમણે કહ્યું, જુઓ મારા અનુભવનો એક તાજેતરનો પ્રસંગ કહું. એક સંન્યાસી મહાત્માની મેં શ્રદ્ધાપૂર્વક સેવા કરી. મારે ઇન્કમટેક્ષ એટલે આવકવેરાની ઘણી મોટી રકમ ભરવાની આવતી હતી. લાખ-બે લાખ જેટલી. હું ગભરાતો ને કોઇ ઉપાય શોધતો હતો. મહાત્માજીએ મને કહ્યું : ગભરાય છે શું કામ ? આપણે ઉપાય કરીએ. ને મને ટેક્ષમાંથી બચાવવા તેમણે ત્રણ-ચાર મહિનાનું લાંબુ અનુષ્ઠાન કર્યું. પરિણામે આફત ટળી ગઇ ને મારે ટેક્ષ ભરવો ના પડ્યો. મહાત્મા પુરુષોની શક્તિ એવી અસાધારણ હોય છે. તે ધારે તો શું ના કરી શકે ? તેમની કૃપા અપાર છે.

ઇન્કમટેક્ષને છૂપાવીને તે ના આપવામાં મદદ કરે ને તેને માટે એવા માણસને ધર્માત્મા કે મહાત્મા કહેવાય કે કેમ તે પ્રશ્ન વિચારવા જેવો છે. પણ મારો તો એ શ્રીમંતની જ વાત સાંભળવાનો વિચાર હોવાથી મેં તેમને કાંઇ કહ્યું નહિ.

તે ભાઇએ પોતાની વાત પાછી શરૂ કરી. પ્રભુ ખૂબ પૈસા આપે તો ઘણાં ઘણાં બીજાની ભલાઇના કામ કરવાની મારી ઇચ્છા છે. મારું દિલ સેવાની ભાવનાથી ભરેલું છે. સંતસેવાની ભાવના પણ છે. હું જાણું છું કે સંત તો ઇશ્વરના પ્રતિનિધિ છે. અરે, જીવતાં ઇશ્વર છે એમ કહીએ તોય ખોટું નથી. મહુવામાં સંતમહાત્માને માટે કોઇ સારું સ્થાન બનાવી દઉં તો મને સંતોષ થાય. સંતસમાગમનો લાભ આખા ગામને મળે. ને મારું જીવન પણ ધન્ય થઇ જાય. એ ઉપરાંત બીજા ઘણાંય કામ છે. નિશાળો ને દવાખાના કરવાનું કામ પણ ઓછું જરૂરી નથી. હમણાં ગામમાં એક હાઇસ્કૂલ તો મેં બંધાવી પણ છે. પણ એ તો પાશેરામાં પહેલી પૂણી ગણાય. બીજા ઘણાં કામ કરવા છે. પણ પૈસા વિના કેવી રીતે થાય ? તમારા જેવા સંતનો આશીર્વાદ મળી જાય તો પૈસો મળવો એ કાંઇ મોટી વાત નથી. લક્ષ્મી તો પ્રભુની દાસી છે. એટલે પ્રભુના ભક્તોની પણ તે સદાયે સેવા કરે છે. ને સંત શું ના કરી શકે ? તમારા દર્શન કરવાથી તમારી મહાનતાનું મને ભાન થયું છે. એટલે હવે તો મને આશીર્વાદ જ આપો.

આટલું બોલીને બેસી રહેત તો તો જરા વધારે વિવેકી ગણાત પણ તેમણે તો વળી પાછું શરૂ કર્યું : તમે જરા શાંતિથી સમાધિમાં બેસીને જોજો. બહુ ઉતાવળ નથી. બે-ચાર દિવસ પછી પણ જોજો જરૂર. ને જોયા પછી મને કહેજો કે મારે સોના-ચાંદીનો વેપાર કેવી રીતે કરવો. એક કાગળમાં દિવસ વાર બધી

માહિતી લખી લેજો. તે મને ખપ લાગશે. જુઓ, આમાં મારો કોઇ સ્વાર્થ નથી. બે પૈસાની પ્રાપ્તિ થાય તો ઘણાં ઘણાં કામ થઇ શકે, પણ પૈસા વિના શું થઇ શકે ? પરમાર્થની ભાવનાથી પ્રેરિત થઇને જ હું તમને આ વિનંતી કરું છું. ને તમારા જેવા સંતમહાત્માનું જીવન તો પરમાર્થ માટે જ છે ને ? નદીનું પાણી, ઝાડ ને વરસાદ બીજાના ભલા માટે જ જીવે છે. પોતે કષ્ટ વેઠીને પણ તે બીજાનું તો હિત જ કરે છે. ઝાડ પોતે તાપ વેઠે છે પણ બીજાને તો છાયા જ આપે છે. નદી પણ ઠંડી ગરમી સહન કરે છે ને સાગરને કેટલાય સંકટ વેઠીને મળવા જાય છે. સાગરના પાણી તપે છે, તેની વરાળ બનીને વાદળ બંધાય છે અને એમ કેટલાય તપ કે કષ્ટ પછી વરસાદની રચના થાય છે. તેનાથી ધરતી રસ ને કસવાળી તેમજ ધનધાન્યવતી થાય છે. મહાપુરુષોનું જીવન પણ એવું જ હોય છે.

આ પણ પરમાર્થનું કામ છે તો તમે મને જરૂર મદદ કરજો.

મેં તેમને ખાસ કહ્યું નહિ.

થોડા દિવસ પછી તે અમને પોતાની વાડીમાં લઇ ગયા. મહુવામાં વાડીઓ બહુ સુંદર હોય છે. તેમણે કહ્યું : તમારા જેવા મહાત્માની સેવા કરવાની મને ઘણી ઇચ્છા છે. પણ શું કરું ? મારે મુંબઈ જવાનું છે. હવે તો ભવિષ્યમાં કોઇ વાર અવસર મળે ત્યારે ખરો.

એ વાત પછી એક દિવસ બપોરે તે અચાનક અમારે ઉતારે આવી ચઢ્યા. એ દિવસોમાં નવરાત્રી વ્રત હોવાને લીધે મારું મૌનવ્રત ચાલતું. અંદરના ઓરડામાં હું આરામ કરતો હતો. માતાજી એક બેન સાથે બહારના ઓરડામાં વાતચીત કરતાં બેઠાં હતા. તે ભાઇએ માતાજીને કહ્યું : 'મહાત્માજી ક્યાં છે ?'

'આરામ કરે છે.' માતાજીએ જવાબ આપ્યો.

'મારે આજે મુંબઈ જવું છે એટલે દર્શન કરવા આવ્યો છું. આરામ કરતા હોય તો ભલે. બાકી તમે મારું નામ આપશો તો તે ઊભા થઇ જશે ને મને મળ્યા વિના નહિ રહે.' પેલા ભાઇએ વિશ્વાસપૂર્વક કહ્યું.

હું બધું જ સાંભળતો હતો. જ્યારે તેમનો આગ્રહ વધી પડ્યો ત્યારે મેં એમને અંદર બોલાવ્યા. એ અતિશય આનંદમાં આવી જઇને કહેવા માંડ્યા : 'જોયું ? મેં તમને નહોતું કહ્યું ? પ્રેમની વાત તો ન્યારી જ છે. મહાપુરુષો સાધારણ માણસના પ્રેમને તરત જ ઓળખી લે છે.'

પછી કોઇ બીજું સાંભળે નહિ એવી ધીમી ગતિથી તેમણે કહેવા માંડ્યું : 'મને કોઇ છેવટની આજ્ઞા આપો. આજે ને આજે જ આપો એવો પણ મારો આગ્રહ નથી. હમણાં તમારે વ્રત ચાલે છે તે ભલે પૂરું થઇ જાય. પછી નિરાંતે તમે મારા વિશે સમાધિમાં જોજો. જોઇને બધું એક કાગળમાં લખીને મને મોકલજો. આ માટે હું તમને મુંબઈથી ફરી એક પત્ર લખીશ. આમાં કોઇ સ્વાર્થ નથી. આ તો પરમાર્થનું કામ છે.'

મેં તેમને લખીને કહ્યું : 'હું આવું કાંઇ જોતો નથી અને એ વિશે કાંઇ જાણતો પણ નથી. હું તો પ્રભુનું નામ જ જાણું છું. એ વિશે કાંઇ પૂછવું હોય તો પૂછો. બીજી વાતો બતાવનારા કોઇ સાધુ તમને મળી રહેશે.'

છતાં પણ તેમને શાંતિ વળી નહિ. અંતિમ આગ્રહ કર્યા પછી તે વિદાય થયા. મુંબઈ જઇને તેમણે એક પત્ર લખ્યો પણ ખરો, પણ તેનો ઉત્તર આપવાનું મને ઠીક ના લાગ્યું. આવા માણસો વધારે ભાગે સંતમહાત્માની પાસે આવા જ ક્ષુલ્લક સ્વાર્થ માટે જતા હોય છે. તેમને તેવા સંતસાધુ પણ મળ્યા કરે છે. પણ સાચા સંત આવી ક્ષુદ્ર ભાવનાના સંતોષ માટે કદી પણ પ્રયાસ નહિ કરે. સાચા સંતમાં લક્ષ્મી આપવાની

શક્તિ હોય છે ખરી, પણ જેને એની આવશ્યકતા છે, અથવા જે દીનહીન ને ગરીબ છે, એવા નિર્મળ માનવોને જ તે તો પોતાની રીતે મદદ કરશે. આવા ચતુર શ્રીમંત માણસોના સટ્ટાના તે કોઇપણ સંજોગોમાં દલાલ નહિ બને.

પાછળથી માહિતી મળી કે ગામની હાઇસ્કૂલમાં તે ભાઇએ થોડીક આર્થિક મદદ કરેલી. હાઇસ્કૂલ બંધાવવામાં બીજા કેટલાક ભાઇઓનો ફાળો હતો.

એક દિવસ રાતના વાર્તાલાપમાં વૈરાગ્ય ને ત્યાગની વાત નીકળી. વાર્તાલાપ પૂરો થયો ને બધા ભાઇઓ વિખરાયા. તેમાં એક શંકરના મંદિરના પૂજારી પણ હતા. બીજા તેમના મિત્ર હતા. તેમને રામાયણની થોડીઘણી ચોપાઇઓ મોઢે હતી. બંને જતી વખતે મને પગે લાગ્યા.

પૂજારી કહેવા માંડ્યા : 'તમારા દર્શનથી અમને ઘણો જ આનંદ થયો છે. તે આનંદનું વર્ણન થાય તેમ નથી. અને આપની વાણી વિશે તો શું કહેવું ? કેવી મીઠી ને સરળ વાણી ! આપના દર્શનથી અમને ખરેખર ઘણો આનંદ થયો છે.'

બીજે દિવસે રાતે ભર્તૃહરિના એક શ્લોકની વાત નીકળી. એના અનુસંધાનમાં મેં કહ્યું : 'ઇશ્વરપ્રાપ્તિના માર્ગમાં જે કાંઇ પુરુષાર્થ કરવો હોય તે યુવાનીમાં જ સારી પેઠે થઇ શકે છે. તે વખતે અંતરમાં ઉત્સાહ હોય છે, મન મજબૂત હોય છે, ને રગેરગમાં આશા, ચેતના, આનંદ અને પુરુષાર્થ કરવાની પ્રેરણા ભરી હોય છે. સુખ ને દુઃખ કે ટાઢ અને તાપને સહન કરવાની ને કષ્ટ વેઠીને પણ ભયંકરમાં ભયંકર કે આકરામાં આકરી સાધના કરવાની શક્તિ પણ તે અવસ્થામાં સારા પ્રમાણમાં હોય છે. પછીથી જ્યારે ઇન્દ્રિયો ને શરીરની શક્તિનો હ્રાસ થઇ જાય, ઘડપણ શરીર ને મન પર સવાર થઇ જાય, ને મૃત્યુના સંદેશા વારંવાર આવવા માંડે ત્યારે સાધનાનું આકરું ને કષ્ટસાધ્ય કામ કેવી રીતે થાય ? ઘરમાં આગ લાગી હોય ત્યારે કૂવો ખોદવાનો પ્રયાસ કરવો એ જેમ મૂર્ખતા છે તેમ ઘડપણમાં બધી જ શક્તિ નષ્ટ થઇ ગઇ હોય ત્યારે ઇશ્વરને માટે સાધના કરવા પ્રયાસ કરવો તે મૂર્ખતા તો નહિ પણ એકદમ અચોક્કસ કે અપર્યાપ્ત પ્રયાસ છે. માટે યુવાનીમાં જ જાગી કે ચેતી જવું જોઇએ. મારી જ વાત કરું. આજથી લગભગ નવેક વરસ પર અમે એક ઊંચા પર્વત પર રહ્યા હતા. ત્યાં શિયાળો હોવાથી ખૂબ ઠંડી હતી. પણ દિલમાં સાધના માટેની લગની પણ એવી જ ભારે હતી. તેથી ખાસ તકલીફ પડી નહિ. અત્યારે પણ છે તો યુવાની જ. પણ એ બધા શરૂઆતના સમયમાં ટાઢ-તાપ સહન કરવાની જે સ્વાભાવિક શક્તિ હતી, તે આજે નથી જ. એ સાચું કહેવું હોય તો કહેવું જ જોઇએ. તે વખતે જે થઇ ગયું તે થઇ ગયું. માટે જ કહું છું કે જ્યારે લોહી ઉછળતું હોય, ત્યારે આત્મવિકાસને માટે એવો પુરુષાર્થ કરી લેવો જોઇએ.'

બીજા ભાઇઓને આ વાર્તાલાપમાં આનંદ આવતો હતો. પણ જે બે ભાઇઓએ આગલે દિવસે મારા આટલાં બધાં વખાણ કર્યાં હતા તેમણે બીજા દિવસથી આવવાનું છોડી દીધું. જેમના આમંત્રણથી અમે મહુવા ગયા હતા તે સંતપ્રેમી ભાઇને મેં એ બાબતની માહિતી માટે પૂછ્યું તો તેમણે કહ્યું : 'તેમને વખત તો ઘણો જ છે, પણ અહીં ના આવવાનું કારણ જૂદું જ છે. તમે તે દિવસે શ્લોકને સમજાવતી વખતે થોડીક તમારી વાત કહી તેથી તે મને કહેતા હતા કે મહાત્માજી તો પોતાના જ ગુણગાન ગાયા કરે છે. અમે તો બધે જ ફરીએ છીએ પણ અમારા ગુરુ હરેરામ બાપુ જેવા મહાપુરુષ ક્યાંય દેખાતા નથી.'

મને ખાસ આશ્ચર્ય થયું નહિ. જગત એક અજાયબઘર, સંગ્રહસ્થાન કે મ્યુઝિયમ છે, ને તેમાં અનેક પ્રકારના માણસો વસે છે, તે હું જાણું છું. આજ સુધી એવા કેટલાય માણસો મળ્યા છે. એટલે આ બે ભાઇઓની ઉપરઉપરની વખાણવાણી પરથી હું તેમને વિશે કોઇ નક્કી અભિપ્રાય બાંધી લેવાની ઉતાવળ કરું એવો નથી. હું જાણું છું કે માણસોમાંના કેટલાક હાથી જેવા હોય છે. તેમની પાસે ચાવવાના ને દેખાડવાના એવા બે દાંત હોય છે. પેટમાં કૈંક ને મોઢામાં કૈંક. એવી દશા જગતમાં સામાન્ય થઇ પડી છે. એક બીજી વાત એ છે કે નિંદા ને નકામી ટીકા ઇશ્વરની જેમ વ્યાપક બનતી જાય છે. એ દશાનો ઇલાજ નહિ થાય તો દેશનું નાવડું સાગરના ઉત્તુંગ તરંગોની સાથે અથડાતું અથડાતું કયાં રસાતલમાં જશે એ કહેવું મુશ્કેલ છે. એટલે સમજુ માણસોએ સૌથી પ્રથમ પોતાની અંદરથી અને પછી પોતાના સંપર્કમાં જે કોઇ આવે તે બધાના દિલમાંથી દોષદૃષ્ટિ કે નિંદાના રોગને દૂર કરવા કોશિષ કરવી જોઇએ. અમુક વિષયો પર પ્રામાણિક મતભેદો હોય તે ભલે, પણ તેણે નિંદા, તિરસ્કાર કે વૈમનસ્યનું સ્વરૂપ તો ના જ ધરવું જોઇએ. ઝેર ને કુસંપથી આ દેશને માથે ભૂતકાળમાં દુઃખોના પારાવાર વરસી પડ્યા છે. માટે તેનાથી ચેતવું જ રહ્યું. જ્યારે દેશના નાનાથી માંડી મોટામાં મોટા માણસ સુધી અંદર અંદર ખૂબ પ્રેમ, સંપ, એકતા ને સહકારની ભાવના ને વિશાળ સહાનુભૂતિભરી દૃષ્ટિનો વિકાસ થશે ત્યારે આ દેશની સુરત બદલાઇ જશે ને સંસારમાં સ્વર્ગ ઉતરશે એ નક્કી છે.

કેટલાક માણસો સંતમહાત્માના દર્શન સારુ જાય છે. પરંતુ દર્શન દ્વારા તેમનો લાભ લેવા તો કોઇક જ જાય છે. કેટલાક તો દોષ જોવા જ જાય છે. ને સંતમહાત્મામાં દોષ ના હોય તો પણ, ગમે તે પ્રકારે, તેમની બેસવાની પદ્ધતિમાં કે વાણીમાં દોષ કાઢી, સદાને માટે એક નક્કી મનગમતો અભિપ્રાય બાંધીને પાછા ફરે છે. કેટલાક સ્વાર્થી હેતુને સિદ્ધ કરવા મહાત્માના દર્શને જાય છે. એ હેતુ સિદ્ધ ના થાય એટલે તેમની શ્રદ્ધા ખૂટી જાય છે. બહુ જ થોડા માણસો પ્રેમથી પ્રેરાઇને, કૈંક શીખવા કે માર્ગ ગ્રહણ કરવા સંતસાધુ પાસે જાય છે. બધા જ માણસો કે સંતો પૂર્ણ છે એમ સમજી લેવાની જરૂર નથી. એવી સમજણ ખોટી છે. ઇશ્વર ને તેને પહોંચી ચૂકેલા સંત બે જ પૂર્ણ છે. એટલે કોઇમાં કોઇ દોષ દેખાય કે હોય તો પણ તેને છોડી દેવાની જરૂર નથી. પણ મોટું પેટ રાખીને દોષને ગળી જવામાં જ બુદ્ધિમાની છે. આ રીતે જ સંસાર ચાલી શકશે. તે ઉપરાંત કોઇના વિશે કોઇ શંકા થાય તો તેનો ખુલાસો તે માણસ પાસેથી જ મેળવવાનો પ્રયાસ કરવો જોઇએ. તેનો પ્રચાર કરીને તેને નિંદાનું સ્વરૂપ ના આપવું જોઇએ. એક બીજી યાદ રાખવાની વાત એ છે કે મહાનતા કે શ્રેષ્ઠતા કોઇ એક માણસનો જ ઇજારો નથી. તે સર્વનો અધિકાર છે. એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ પણ યોગ્ય દિશામાં પ્રયાસ કરીને મહાનતા મેળવી શકે છે, ઇશ્વરનો પ્યારો જીવ થઇ શકે છે, ને વિશ્વવંદ્ય પણ થઇ શકે છે. માટે અમારા ગુરુ તે જ ખરા કે મોટા ને બીજા બધા છોટા કે ખોટા એવી માન્યતા ભૂલભરેલી છે. આ સંસારમાં એક ઇશ્વર જ સૌથી મોટો છે. બીજા તો તેના ચરણની રજ છે, ને ચરણની રજ બનવાને લીધે જ તે મોટાઇ પ્રાપ્ત કરી શક્યા છે.

આ ભાઇઓ રાતે કેટલાય કલાક ભજન કરે છે, ને રામાયણ પણ વાંચી સંભળાવે છે. પણ તેથી શું વળે ? જ્યાં સુધી નમ્રતા જાગી નથી, ને દોષદૃષ્ટિ, સંકુચિતતા, ઇર્ષ્યા અને અહંતા ભાગી નથી, ત્યાં સુધી માણસ આખુંયે રામાયણ મોઢે બોલી જાય, ગીતા કંઠસ્થ કરી લે, કે ભાગવત જેવાં શાસ્ત્રોનું પારાયણ કરીને

ભગતમાં ખપે, તિલક, તુલસી કે માળા ધારણ કરે, છતાં તેનું દળદર ફીટવાનું નહિ, કે તેથી જરૂરી હેતુ સરવાનો પણ નહિ. આ ભાઇઓએ જો ડહાપણથી વિચાર કર્યો હોત તો મારા શબ્દોમાં તેમને આત્મશ્લાઘાને બદલે દીનતા જ લાગત. 'પહેલાં જે થયું તે કરવાની આજે શક્તિ નથી', એમ કહીને મેં મારી શક્તિની અલ્પતાનું જ પ્રદર્શન કર્યું હતું ને મારી નાનમ બતાવી હતી, તેની તેમને ખાતરી થાત ને કદાચ તેમનો પ્રેમ વધત. પણ જેને એક કે બીજી રીતે દોષ જ પકડવા હોય તેમને માટે આ ખુલાસો શું કામ કરી શકે ? ઇશ્વરની કૃપા વિના સમ્યક્ દૃષ્ટિ નથી મળતી એ શું સાચું નથી ?

મહુવાની મ્યુનિસિપાલીટીના પ્રમુખના આગ્રહથી મારે માઇક પર બોલવાનું થયું. મ્યુનિસિપાલીટી તરફથી આખા ગામમાં ઠેરઠેર લાઉડસ્પીકરો ગોઠવી દેવાયેલા એટલે સાંભળવાની વ્યવસ્થા સારી હતી. પેલા રામાયણવાળા ભાઇ ને શંકરના પૂજારી ભાઇએ આ વાત જાણી એટલે તેમણે ગોરધનભાઇને કહ્યું : 'અરે, મહાત્માજી તો રેડિયો પર પહોંચી ગયા !'

ગોરધનભાઇએ કહ્યું : 'એ તો મહાત્મા છે. ઇચ્છા પ્રમાણે કરે.'

'પણ અમને તો તે સારું નથી લાગતું !' તેમણે જવાબ આપ્યો. જાણે તેમણે એમ માની લીધું હોય કે તેમને સારું લાગે તે કરવાનું લખાણ કરી આપીને જ મેં ત્યાગી તરીકેનું જીવન શરૂ કર્યું છે ! પરંતુ મહુવાનો નિવાસ એકંદરે ખૂબ જ સરસ રહ્યો. ત્યાંના ભાઇઓ ખૂબ જ પ્રેમાળ ને સમજુ હતા. જેમ એક બે કે વધારે કુસાધુ પરથી આખાયે સંતસમાજની કિંમત ના થઇ શકે તેમ આવા એકાદ બે પ્રસંગ પરથી મહુવાભરના પ્રેમી માણસો વિશે અભિપ્રાય ના જ બંધાય. જેમ પકવાનની સાથે ચટણી કે અથાણા હોય છે તેમ આ પ્રસંગ તો વિનોદની ગરજ સારે છે. અલબત્ત, ચટણી કે અથાણાંની જેમ આવા પ્રસંગો જીવનમાં તદ્દન જરૂરી છે એવું નથી સમજવાનું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૩. આવેશના પ્રસંગો

દેવીના આવેશવાળી બે ત્રણ સ્ત્રીઓ મહુવામાં મારી પાસે આવી ગઇ. દેવીના ભજન ગાતાં કે સાંભળતા તેમને કંપ થતો ને પછી દેવીના આવેશમાં તે ધૂણવા માંડતી. આવી એક સ્ત્રી મારી પાસે આવી. મેં કહ્યું, 'તમને માતા આવે છે ?'

તેમણે કહ્યું : 'પહેલાં વારંવાર આવતા. હવે નવરાત્રીમાં આવે છે. બીજી લીલા માતાએ પાછી ખેંચી લીધી છે.'

મેં પૂછ્યું : 'માતા આવે ત્યારે તમને શું અનુભવ થાય છે ?'

'પ્રકાશ દેખાય છે,' તેમણે જવાબ આપ્યો, 'ને પછી મા ખેલવા માંડે એટલે ભાન ભૂલી જવાય છે.'

પણ તેમની વાત મને સંતોષકારક ના લાગી. માણસની આંખ ને મુખાકૃતિ કદી છૂપી રહી શકતી નથી. તે દ્વારા તેમનું આખુંય હૃદય મૂર્ત થાય છે. ને તેમાંયે તે જો બોલવા માંડે તો તો તેના મૂળ સ્વરૂપની અભિવ્યક્તિમાં ઘણી જ મદદ મળે છે. મને લાગ્યું કે આ સ્ત્રીની વાતમાં પણ ખાસ તથ્ય નથી. પ્રભુની કૃપાથી ઇશ્વરી માર્ગની પ્રવાસી અથવા પ્રવાસી હોવાની દાવો કરતી કોઇ વ્યક્તિને જોતાંવેંત મારા દિલમાં એક પ્રકારનો ભાવ અથવા તો પડઘો ઊઠે છે. તેમના વિશે દિલ તરત નજર પડતાં જ સાક્ષી પૂરે છે. હજી સુધી એ ભાવ ખોટો પડ્યો નથી. તે જ કસોટી પ્રમાણે મને લાગ્યું કે બેનની વાત પાયા વિનાની છે.

તેમણે વાતવાતમાં કહ્યું કે, 'મારા પર ગુરુની કૃપા છે. મારા ગુરૂ બહુ સમર્થ પુરુષ હતા. તે હાલ પંજાબ તરફ છે.' તે પછી તેમણે ગુરુએ આપેલ મંત્રની વાત કરી.

મેં કહ્યું : 'તમારી વાત પરથી તમારા ગુરૂ સમર્થ હોય એવું લાગતું નથી. ગુરૂ તરફની તમારી શ્રદ્ધા ને પ્રેમભાવના બતાવવા તમે તેમને સમર્થ કહી બતાવો તે ભલે, બાકી ગુરૂ સાધારણ પણ હોઇ શકે, ને તેમના બતાવેલા સાધન પ્રમાણે સાધના કરવાથી શાંતિલાભ ન પણ થઇ શકે. સાચો ગુરૂ, જો તે સમર્થ હોય તો સાધક કે સાધિકાની મનોવૃત્તિને પારખી લે છે ને તેને માટે ક્યો આદર્શ કે ઇષ્ટ સ્વાભાવિક છે તે ઓળખી લઇને તે જ પ્રમાણે મંત્ર આપે છે ને માર્ગ બતાવે છે. તમારા ગુરૂ સમર્થ હોત તો તે તમારી દેવી પ્રત્યેની પ્રીતિને ઓળખી કાઢીને કૃષ્ણનો મંત્ર આપવાને બદલે દેવીનો જ મંત્ર આપત.'

બેને આ સાંભળી ખુલાસો કર્યો કે 'મને કૃષ્ણ ને દેવીમાં કાંઇ ફેર જણાતો નથી.'

મેં કહ્યું : 'બંને એક જ છે. પણ એ કેવળ બોલવાના નહિ પણ અનુભવવાના શબ્દો છે. દેવી અથવા તો શ્રી કૃષ્ણ બંનેમાંથી કોઇ એકનો તમને સાક્ષાત્કાર થશે ત્યારે જ તે શબ્દોનું રહસ્ય સમજી શકાશે. જ્યાં સુધી કોઇપણ એક રૂપને હૃદય ઝંખે છે, ને તેને જોવા ઇચ્છે છે, ત્યાં સુધી મનમાં તેની બીજા સાથે એકતા સમજવા છતાં, તેનું દર્શન થઇ શકે તેવી સાધના અપનાવવી જ જોઇએ.'

આ પછી કેટલીક વાતો થઇ. તેને અંતે મેં કહ્યું : 'લોકોને સાફ સાફ જણાવી દો કે મને દેવીનો આવેશ નથી આવતો. ને ગામડે ગામડે ફરીને દેવીને નામે બાધાઓ આપવાનું બંધ કરો. આ તો પ્રપંચ છે. આથી તો દેવીનો કોપ જ થશે. દેવીની કૃપા માટે તો પહેલાં સાચું જ કરવાનો ને બોલી બતાવવાનો સંકલ્પ કરો. તે પછી 'મા'નો પ્રેમ જગાવવા પુરુષાર્થ કરો. 'મા'ની ઉત્કટ મનથી પ્રાર્થના કરો. અંતરના ઊંડાણમાંથી 'મા'ને

માટે પોકાર કરો ને પ્રાર્થો. 'મા'ના મધુર નામને દિનરાત રટ્યા કરો. 'મા' વિના બીજો કોઇયે પુરુષ કે પદાર્થ પર પ્રીતિ ના કરો. 'મા'નું દૂધ પીવા બાળક જેમ તલપાપડ બને છે ને બધું જ ભાન ભૂલીને આક્રંદ કરે છે તેમ તે દૈવી માતાને માટે તલસો ને તલપાપડ બનો. લોકોને નહિ પણ 'મા'ને જ ખુશ કરવાનો પ્રયાસ કરો. આ કાંઇ એક દિવસનો ખેલ નથી કે જેમતેમ એક દિવસ શરીરમાં કંપ કરીને માથું હલાવીને ધૂણ્યા એટલે બધું મળી ગયું. દિવસો, મહિના, વરસો ને જન્મોજનમની આ તો સાધના છે. પ્રામાણિકતા, નમ્રતા ને તલસાટથી તેને માર્ગે વળો તો શાંતિ જરૂર મળશે, ને 'મા'ની કૃપા પણ થઇ શકશે.'

'હવે મને પણ એ જ સાચું છે એમ સમજાય છે.' તે બેને કહ્યું : 'ને એટલે તો મને થાય છે કે બધું છોડીને ક્યાંક નર્મદાતટે કે બીજે જતી રહું. તમારી તરફ હિમાલયમાં કેમ ? ત્યાં મારાથી રહેવાય એવું છે કે નહિ ?'

મેં કહ્યું : 'હિમાલયમાં તમારાથી ના રહેવાય. ત્યાંનું વાતાવરણ તમને ના ફાવે. નર્મદા કિનારે પણ જવાની જરૂર નથી. તમારી ઉંમર હજી નાની છે એટલે પૂરતા પરિચય વિના કોઇની પણ પાસે રહેવા જવાની જરૂર નથી. તેવા સાહસથી મુસીબતમાં વધારો થશે. અત્યારે તો સ્ત્રીઓને ફસાવનારા પુરુષો ને સાધુઓ ઘણાં ફરે છે. તેવી સ્ત્રીઓ પણ ઘણી છે જે તેમને મદદ કરે છે. આવા કોઇ માણસોના હાથમાં કે કોઇ લોહીનો વેપાર કરતી ટોળીના હાથમાં ફસાઇ જશો તો નરક યાતનામાં પડી જશો. તમે હજી દુનિયા જોઇ નથી. તમારું દિલ ખૂબ ભોળું છે. એટલે સારામાં સારો ઉપાય એ જ છે કે ભાઇની દેખરેખ નીચે તમે ઘરમાં જ રહો ને ભક્તિ કરો. મહિના બે મહિના ક્યાંક વ્યવસ્થા હોય તો ભલે જવું પરંતુ વધારે ભાગે તો ઘરમાં જ રહેવું, દેવીના આવેશની વાત બંધ કરવી, ને પવિત્ર દિલથી, કપટ છોડી, 'મા'ની ભક્તિ કરવી.'

દેવીના આવેશવાળી જે બેત્રણ સ્ત્રીઓ મારી પાસે આવી ગઇ તે બધી સામાન્ય હતી. તોપણ કેટલાક શ્રદ્ધાળુ માણસો પર તેમનો ખૂબ જ પ્રભાવ હતો. હંસ જેમ દૂધ અને પાણીને છૂટાં કરીને દૂધને અપનાવે છે ને પાણીને છોડી દે છે તેમ સાચા ને ખોટાંને પારખી તેને છૂટાં પાડી, સત્યને અપનાવનારા અને અસત્યને દૂર કરનારા માણસો - કહો કે હંસપુરુષો સંસારમાં થોડાં જ છે. તેવાં માણસો જેમ જેમ વધશે તેમ તેમ સમાજ કે સંસારમાંથી અસત્યની પ્રતિષ્ઠા ઓછી થશે ને સત્યની સ્થાપના વધવા માંડશે. સંસારના સાધારણ માણસોને માટે નહિ પણ ઉચ્ચ કોટિના સાધકો કે ઇશ્વરી પંથના પ્રવાસીઓ માટે પણ એવી હંસદૃષ્ટિ ઉપયોગી છે.

**જગન્નાથપુરીની સ્મૃતિ**

દેવીના ને દેવતાના આવેશવાળા ઘણાં સ્ત્રીપુરુષો આજે નીકળ્યા છે. એમાંના કોઇ સાચાં હશે તો કોઇ ખોટાં હશે. પણ એટલું તો સાચું કે વધારે ભાગે ખોટાં જ પ્રસંગો બનતાં હોય છે. કેટલાક લેભાગુ લોકો પોતાના લૌકિક સ્વાર્થને સિદ્ધ કરવા પોતાને આવેશ આવે છે એવો પ્રચાર કરે છે, લોકોને ઠગીને પૈસા તથા પ્રતિષ્ઠા મેળવે છે, ને પુજાય છે પણ ખરાં. એમાંના કેટલાંક લોકો હાથ કે શરીરમાંથી કંકુ કાઢી બતાવે છે તો કોઇ સંતાન થાય ને નોકરી મળે તે માટે બાધા આપે છે, ને કોઇ ભૂતકાળ ને ભવિષ્યની વાતો કરીને લોકોને અચરજમાં નાખી દે છે. અમે જગન્નાથપુરીમાં હતા ત્યારે જે ધર્મશાળામાં અમે ઉતર્યા હતા તેમાં અમારી પાસેના ઓરડામાં કલકત્તાથી આવેલી કેટલીક સ્ત્રીઓ ઉતરી હતી. તેમની સાથે એક બાઇ હતી. તેને

અંબામાતાનો આવેશ આવતો. તે વખતે તેના હાથમાંથી ખૂબ કંકુ નીકળતું. અમે હિમાલયથી આવીએ છીએ તેની ખબર પડતાં તે બેનોમાંથી કેટલીક બેનો અમારી પાસે આવવા માંડી ને પેલી દેવીના આવેશવાળી બેનની વાત કરીને તેની સાથે આવા પુણ્યસ્થાનમાં રહેવાનો ને સેવા કરવા આવવાનો અવસર મળ્યો છે તે માટે પોતાને ધન્ય ને બડભાગી માનવા માંડી. જગત અનેક પ્રકારની વિવિધતા ને રહસ્યમયતાથી ભરેલું છે, એ વાતની જાણ હોવાથી શરૂઆતમાં અમે એ વાત પર ખાસ ધ્યાન ના આપ્યું. પેલી બેન અમારા ઓરડાની બહાર બેસી કેટલીક વાર ધૂણતી ને જોરથી બોલતી તેમજ પૂછનારાને જવાબ આપતી, વળી ભજન પણ ગાતી. તેના હાથમાંથી કંકુ નીકળતું તે ત્યાં ભેગા થયેલા માણસો પ્રસાદીરૂપે લેતાં ને પોતાને કૃતાર્થ સમજતાં. પરંતુ અમને એ બધું જાણ્યાં છતાં ખાસ કુતૂહલ થયું નહિ. અમારા સમાચાર મળવાથી ધર્મશાળાના કોઇ ઉતારુ મારી પાસે આવતા. એક વાર એવા કેટલાક માણસો સાથે મારી વાતચીત ચાલતી હતી ત્યારે તે બાઇએ ઓરડામાં આવીને પોતાને કેવી રીતે આવેશ શરૂ થયો, અત્યારે 'મા'ની કેવી કૃપા છે તેમજ કલકત્તાના શ્રીમંત મારવાડીઓ તેને પૂજે છે, ને તેમણે તેને માટે એક બંગલો પણ બાંધી આપ્યો છે, એ બધી વાત કહી. મેં વાતમાં વધારે રસ બતાવ્યો નહિ. કેમ કે તેની આંખ પરથી તે સત્યપરાયણ નથી પણ દંભી છે એવી છાપ પડી. એ પછી બીજી બેનોના આગ્રહથી માતાજી તેમની પાસે બેત્રણ વાર ગયાં અને એકાદ વાર કંકુ પણ લઇ આવ્યાં.

મેં માતાજીને કહ્યું : 'આ બાઇ દંભી લાગે છે. એનામાં સચ્ચાઇ નથી. છતાં સંપૂર્ણ ખાતરી થઇ જાય તે માટે તેને આવેશ આવે ત્યારે એક બે પ્રશ્નો પૂછી જોજો. કંકુને દેવી કે દેવતા સાથે કાંઇ સંબંધ નથી. તેના કારણ તો ઘણાં છે. એટલે તેનાથી અંજાઇ જવાની જરૂર નથી.'

એટલામાં તો અમારે જગન્નાથપુરીથી નીકળવાનો દિવસ આવ્યો. પેલી બેનો પણ તે જ દિવસે નીકળીને કલકત્તા જવાની હતી. સામાન તૈયાર કરીને હું ગાડીવાળાને બોલાવવા ગયો. ગાડી આવી એટલે ઉપર ઓરડામાં ગયા તો આવેશનું છેલ્લું દૃશ્ય જોવા મળ્યું. પેલીને માતાનો આવેશ આવેલો. કેટલાંય માણસો તેને વીંટળાઇને કંકુંની પ્રસાદી લેવા બેઠેલા. હું પણ માતાજીને બોલાવવા આજે પહેલી જ વાર તે બેનની પાસે ગયો. કેમ કે માતાજી પણ ત્યાં જ બેઠેલા. બાઇએ મારી તરફ એક દૃષ્ટિપાત કર્યો ને પછી આંખ ફેરવી લીધી. એ દૃષ્ટિપાતમાં મને સમજાઇ ગયું કે બાઇ કેવળ ધતિંગ કરે છે. મેં માતાજીને કહ્યું, 'ચાલો જઇએ, ગાડી તૈયાર છે.' ને પછી છેલ્લીવાર પ્રત્યક્ષ ખાતરી કરી લેવા સંકેત કરીને કહ્યું કે પ્રશ્ન પૂછવો હોય તો પૂછી લો.

માતાજી તો તૈયાર જ હતાં. 'માતા, મારે એક પ્રશ્ન પૂછવો છે.' તેમણે કહ્યું.

'હા, હા, પૂછો પૂછો.' પેલી બાઇએ જવાબ વાળ્યો.

'અમારી દીકરીને સુવાવડ આવે તેમ છે. તેની તબિયત કેવી હશે તે જણાવો તો સારું. હમણાં તેના સમાચાર નથી.' માતાજીએ કહ્યું.

પેલી બાઇ તરત બોલી ઉઠી, 'તેની ચિંતા ના કરશો. હમણાં તેની તબિયત જરા બગડી હતી, પણ હવે સુધરી છે. બેત્રણ મહિના પછી તેને સંતાન થશે.'

માતાજીને ખાતરી થઇ કે આ બાઇ ધતીંગ જ કરે છે. કેમ કે બેનનો પત્ર હમણાં જ હતો. બેનને લગભગ પંદર દિવસ પહેલાં જ પુત્રી થઇ હતી, ને તેની તબિયત સારી જ હતી.

હવે ખાતરી કરવા વધારે પૂછવાની જરૂર ન હતી.

**હનુમાનજીનો આવેશ**

નાશિકમાં ઉપવાસ ચાલતા હતા, તે દિવસોમાં એક બ્રાહ્મણ આવ્યા. તે રસોઇનું કામ કરતા. પાછળથી જેમને ત્યાં અમે રહેતા હતા તે ચંપકભાઇએ બેત્રણ વાર તેમને રસોઇ કરવા પણ બોલાવ્યા. એક દિવસ તેમણે ચંપકભાઇને એક તરફ બોલાવીને કહ્યું, 'મને હનુમાનજીનો આવેશ આવે છે. મારા પર હનુમાનજીની કૃપા છે. તમારી ઇચ્છા હોય તો હું તમને તેમનો ચમત્કાર બતાવું. તમારે કાંઇ પૂછવું કરવું હોય તો પણ તે વખતે હનુમાનજી ઉત્તર આપશે.'

ચંપકભાઇએ મને વાત કરી ત્યારે મને જરા અજાયબી તો લાગી. જેના પર હનુમાનજીની કૃપા હોય તે આમ દરિદ્રાવસ્થામાં કેમ ફરે છે, એ પ્રશ્ન વધારે મહત્વનો ન હતો. કેમ કે ઉત્તમ કોટિના કેટલાક સાધકો દુન્વયી દૃષ્ટિએ દરિદ્ર જેવા દેખાય છે. પરંતુ એક વાત નક્કી છે કે ઊંચો સાધક ગમે તેવો સાધારણ દશાનો કે રંક હશે તો પણ તેનું મન રંક નહિ હોય. દરિદ્રાવસ્થામાં પણ તે આનંદ ને ગૌરવપૂર્વક જીવે છે, ને પોતાના ઉપાસ્ય દેવ કે ઇશ્વર વિના કોઇનીય તરફ દીનભાવે જોઇ, યાચના કરી, પોતાની ભિક્ષુક વૃત્તિને પ્રદર્શિત કરતો નથી. એટલે એ બ્રાહ્મણની યાચનાવૃત્તિથી અચરજ થાય એ સ્વાભાવિક હતું.

છતાં પણ વાત નવીન ને રસપ્રદ હોવાથી બ્રાહ્મણ ભાઇને હનુમાનજીનો આવેશ બતાવવાનું આમંત્રણ આપ્યું. તેમણે પૂજાની સામગ્રી પહેલેથી જ મંગાવી રાખી હતી. એક ઓરડામાં ધોયેલું વસ્ત્ર પહેરીને તે બેઠા, ઘીનો દીવો કર્યો, ને અગરબત્તી સળગાવી. થોડી વાર હનુમાન ચાલીસાનો પાઠ કર્યો. હનુમાનજીનું સ્મરણ કર્યું. ત્યાં તો આવેશની શરૂઆત થઇ. શરૂઆતમાં ધીરે ધીરે ને પછી તેમણે જોરથી શ્વાસ લેવા માંડ્યા. ધીરે ધીરે રુદ્રરૂપ ધારણ કર્યું. હાથ પછાડવા માંડ્યા ને દસેક મિનિટ પછી કૈં પૂછવું હોય તો પૂછવાનો સંકેત કર્યો. અમે પૂછવાને ખાતર એક બે પ્રશ્નો પૂછ્યાં. તેનો તેમણે ગોળગોળ ઉત્તર આપ્યો. મને કહ્યું, 'તું મારી ભક્તિ કરે છે તે ખરી ભક્તિ છે. મને તેની ખબર છે. ને મારી કૃપા હું તારા પર વરસાવીશ.'

એ વખતે તેમને હનુમાનજીનો નહિ પણ દેવીનો આવેશ હતો. દેવી ને હનુમાનજી બંનેનો આવેશ તેમને આવતો. થોડીવારે તેમનો આવેશ પૂરો થયો. અમે કહ્યું, 'હવે હનુમાનજીનો આવેશ લાવો. તે પણ જોઇએ.'

બ્રાહ્મણ ભાઇએ કહ્યું કે હનુમાનજી કાલે પધારશે. એ વાત અમે બીજા દિવસ માટે મુલતવી રાખી.

બીજે દિવસે સાંજે તે જરા વહેલા આવ્યા અને આગલા દિવસની જેમ જ બધી વિધિ કરીને ધુણવા માંડ્યા. આજે હનુમાનજીનો આવેશ હતો- એટલે ખૂબ જ જોરથી તે હાથ પછાડવા માંડ્યા. પરંતુ ગઇકાલની ને આજની તેમની થોડીઘણી વાતચીત પરથી અમને ખાત્રી થઇ કે દેવતાના આવેશને નામે તે બ્રાહ્મણ ભાઇ ઢોંગ કરતા હતા. એ પ્રમાણે ઢોંગ કરી, બની શકે તો અમને આંજી નાખી, પૈસાની મદદ કરવા અમને પ્રેરણા કરવાનો એ પ્રયાસ હતો. આવા કેટલાય માણસો આજે સમાજમાં ફરે છે, ને દેવી દેવતાના આવેશવાળા તે માણસો આવેશની દશામાં કોઇક વાર અટપટી વાતો કહે છે, તો કોઇવાર રોગની નિવૃત્તિ ને પ્રમદા, પૈસો ને

પદની પ્રાપ્તિ માટે ઉપાયો પણ બતાવે છે, એટલે કે બાધા પણ આપે છે, ને કંઇક જાણવાની ને પામવાની ઇચ્છાવાળા માણસો તેમની જાળમાં આબાદ રીતે સપડાઇ જાય છે. જ્યારે એ ભાઇની ધૂર્તતાની પાકી ખાતરી થઇ ત્યારે ચંપકભાઇએ તેમને આવેશની અવસ્થામાં પૂછ્યું, 'ત્યારે હવે એ પણ બતાવો કે આ મહિનામાં મહાત્માજી ક્યા સ્થાનમાં હશે ?'

બ્રાહ્મણ ભાઇને ખબર હતી કે મારે અને ચંપકભાઇને પ્રેમ સંબંધ છે. એટલે તેમણે અનુમાન કરી લીધું કે મહા માસમાં મારું રહેવાનું ચંપકભાઇને ત્યાં જ હશે. એટલે તેમણે જવાબ આપ્યો કે 'રાજકોટ હશે.'

ચંપકભાઇએ હસીને પૂછ્યું, 'રાજકોટમાં કોને ત્યાં હશે ?'

બ્રાહ્મણ ભાઇએ કહ્યું, 'તમારે જ ત્યાં.'

હવે મુદ્દાની વાત શરૂ થઇ. ચંપકભાઇએ તરત પૂછ્યું કે, 'મારું નામ શું ?'

બ્રાહ્મણ ભાઇએ તરત જ જવાબ આપ્યો કે, 'બાબુભાઇ !'

બિચારા બ્રાહ્મણ ભાઇ આખરે પોતાની જ માયાજાળમાં સપડાઇ ગયા. હવે તેમને કૈંક કહેવાની ને તેમનો ભ્રમ દૂર કરવાની જરૂર હતી. એટલે તે ધુણતા હતા અને હાથ પછાડતા હતા તે દરમ્યાન જ મેં તેમને કહ્યું કે હવે આ ધતિંગ બંધ રાખો. તમે બધાને ઠગશો પણ અમને ઠગી નહિ શકો. દેવી ને દેવતાને નામે ખોટો પ્રચાર કરીને તમે લોકોને આમ ઠગો છો તેથી જ આવા દુઃખી ને દરિદ્ર છો. ને નહિ ચેતો તો હજી વધારે દુઃખી થશો. બ્રાહ્મણ થઇને હનુમાનજીના જ ધામમાં ને પુણ્ય ક્ષેત્રમાં આવું કપટ કામ કરો છો ને પાપનું ભાથું બાંધો છો, તેમાંથી જન્મોજન્મ સુધી ઘોર દુઃખ ભોગવશો તો પણ ક્યાંથી છુટી શકશો ?

બિચારા બ્રાહ્મણ ભાઇના તો હોશકોશ ઊડી ગયા. આવેશની દશામાંથી તે તરત જ સાધારણ ચોરની દીન દશામાં આવી ગયા. છતાં પણ તેમણે પોતાની ભૂલ સ્વીકારી નહીં. ખૂબ પ્રયાસ પછી જ તેમણે પોતાના પર દેવી-દેવતાની કૃપા નથી એ વાત માન્ય રાખી. મેં કહ્યું, 'ભાઇ, દેવી કે દેવતાની કૃપા એવી સહેલી નથી. તે માટે તો ભયંકર તપ ને વ્રત કરવાં પડે છે. કઠિન કષ્ટ ને સાધનાના તાપને કે શ્રમને સહન કરવો પડે છે. ધ્રુવ ને પ્રહ્લાદ, મીરાં ને નરસી, તુકારામ ને તુલસીનાં જીવન જુઓ. તેઓ શું પ્રભુના પ્રેમી ન હતા ? પણ તમારા જેવું તોફાન તેમણે કદાપિ કર્યું નથી. હા, કોઇને સાચો આવેશ પણ આવી શકે છે પણ તમારી પ્રવૃત્તિ તો ખોટી જ છે. માટે સદગુણી બનો, દેવી કે દેવતાનો સાચો પ્રેમ પ્રાપ્ત કરો ને જીવનને ધન્ય કરવું હોય તો કૂડકપટ ને જૂઠને છોડી દઇને ઇશ્વરનું શરણ લો. હવે તો વૃદ્ધાવસ્થાને આરે પહોંચ્યા છો. મૃત્યુના શિકાર થવાની તૈયારીમાં છો. તો પણ આવું ધતિંગ શા માટે કરો છો ? પ્રતિજ્ઞા કરો કે આજથી આવી પાપલીલાને છોડી દેશો.'

પણ જૂઠનો પણ નશો હોય છે. તે નશો જેને ચઢી ચુક્યો હોય એટલે કે જૂઠું બોલવાની કે કરવાની જેને ટેવ પડી હોય તે બહુ મોટું ભાગ્ય કે પુણ્ય હોય તો જ આટલો જલદી ને આવો દૃઢ સંકલ્પ કરી શકે. કેટલાક લોકો કહે છે કે વાલ્મિકી શું પાપી ન હતા, કે બિલ્વમંગલ કામી ન હતો ? તેમનો ઉદ્ધાર થઇ ગયો તેમ આપણે પાપ કરીએ તો પણ આપણો ઉદ્ધાર જરૂર થઇ જશે. પણ તેઓ એક વાતને વારંવાર ભૂલી જાય છે કે પાપીનો ઉદ્ધાર પાપી હોવાને લીધે કે પાપ કરતા રહેવાથી થયો નથી પણ પાપને ઓળખી લઇને પાપથી મુક્ત થવાનો શીઘ્રાતિશીઘ્ર સંકલ્પ કરી, પાપને છોડી પુણ્યાત્મા બનવાથી જ થયો છે. વાલ્મિકીને

નારદના ઉપદેશથી કુકર્મ પરથી વૈરાગ્ય થયો ને તે જ ઘડીએ તે ઇશ્વરને માર્ગે વળી ગયા. બિલ્વમંગલને પણ જે દિવસે પોતાની ભૂલ સમજાઇ તે જ દિવસે તેણે પોતાના ચક્ષુ ફોડી નાખ્યાં ને ઇશ્વરને માટે ફકીરી લીધી. ત્યાગ ને વૈરાગ્યની એવી ઉત્કટ ભાવના હશે તો જ પોતાની જાતનો ઉદ્ધાર થઇ શકશે. એટલે વાલ્મિકીના ને સાધારણ પાપી કે કુકર્મી માણસના માનસમાં આભ જમીનનો ફેર છે. આજે તો સામાન્ય રીતે માણસ પોતાના દુષણ ને પાપને છુપાવવામાં જ ગૌરવ સમજે છે ને તે ઢંકાઇ જાય એટલા માટે ખોટી દલીલો પણ કરે છે. સાત્વિક કે શ્રેયાર્થીને માટે એવી ટેવ ઘાતક ને પતનની ગર્તામાં લઇ જનારી છે. બ્રાહ્મણભાઇની ટેવ પણ એવી જ હતી એ વાત તેમને માટે ઓછી દુઃખદ કે શરમજનક ન હતી. આજે ભલે તેમને તેની ખાતરી ના થતી હોય પણ પુણ્ય પ્રકટશે ત્યારે કોઇ ધન્ય ક્ષણે, એ વાત તેમને સાલશે ને ત્યારે પરિતાપના દુઃખ ને દુષ્કર્મની શરમથી તેમનું માથું નીચું નમી જશે, નહિ તો હજી વધારે દુઃખ, દર્દ ને યાતના તેમને માથે ભમ્યા કરે છે એમ જ કહેવું રહ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૪. પ્રાર્થનાની પુનરાવૃત્તિ

મહુવામાં એક દિવસ ધ્યાનમાં સિદ્ધ મહાપુરુષને મેં પૂછ્યું : 'મા'નું સાક્ષાત દર્શન આ ડીસેમ્બરમાં જ થશે ને ?'

તેમણે કહ્યું, 'હા, ડીસેમ્બરમાં.'

'નક્કી ક્યો દિવસ ?' મેં પ્રશ્ન કર્યો.

તેમણે કહ્યું, '૧૪ ડીસેમ્બર.'

'દિવસે કે રાતે ?'

તેમણે કહ્યું, 'રાતે.'

એ પછી આસો વદી દસમ ને સોમવારે બપોરે આંતરજગતમાં દેવર્ષિ નારદનું દર્શન થયું.

મેં કહ્યું, 'મા'નું સાક્ષાત દર્શન ?'

નારદજીએ કહ્યું, '૧૪ ડીસેમ્બર.'

'દિવસે કે રાતે ?'

'રાતે.'

'કેટલા વાગે ?' મેં પૂછ્યું.

'તે નહિ કહું.' તેમણે જવાબ આપ્યો.

એ અનુભવોને પરિણામે નવી આશા પ્રકટી ને મારી બધી જ સુરતા ૧૪મી ડીસેમ્બર પર એકાગ્ર બની. ડીસેમ્બર શરૂ થાય તેના એક બે દિવસ પહેલાં જ અમે સરોડા પહોંચી ગયા ને મારા દિવસ ત્યાંના શાંત આનંદમય ગ્રામજીવનમાં પ્રાર્થના ને આશામાં વીતવા માંડ્યા.

૧૪ ડીસેમ્બરના ઉપલક્ષમાં 'મા'ને દ્વારે મેં નીચે પ્રમાણે પ્રાર્થના કરી :

'આ સંસારમાં જેને તમારી લગની લાગી જાય છે તેને તમારા વિના બીજું કંઇ જ ગમતું નથી. તમારી યાદમાં તેનું મન નિશદિન મસ્ત રહે છે ને તેના હૃદયમાં એક તમારો જ રાગ રહી જાય છે. તમારી સાથે વાતો કરવાને માટે તેની વાણી આકુળવ્યાકુળ બની જાય છે, ને પ્રાણ તમારા પ્રેમની પાવન ગંગામાં નિશદિન નાહ્યા કરે છે. તમારા વિના તેનું મન બીજે ક્યાંય લાગતું નથી. ને તમારા દર્શન માટે તલપાપડ બનેલું તેનું અંતર સંસારના ગમે તેવા સ્વર્ગીય સુખમાં પણ આસક્ત થઇ શકતું નથી. તે ગમે ત્યાં રહે, ગમે ત્યાં ફરે પણ તેનો એક જ જીવનવ્યવસાય રહેવાનો ને તે તમારા મંગલ મિલનને માટે મહેનત કરવાનો, તમારા વિશ્વવિમોહન કે ત્રિભુવનસુંદર સ્વરૂપને ધરાઇ ધરાઇને જોવા માટે પરિશ્રમ કરવાનો ને તમારી યાદ ને પ્રાર્થનામાં ચકચૂર રહેવાનો. સંસારના વિરાટ મંદિરમાં દિલને વિશાળ આંગણે તમારી પ્રતિષ્ઠા કરી, રાતદિન ભક્તિના પ્રેમજળથી અભિષેક કરી, ભાવના ને કર્મની આરતી ઉતારી, તમારા દર્શનને માટે તે આતુર આતુર થઇ જવાનો. તમારી કૃપા વિના એવી લગની લાગી શકતી નથી. સંસારમાં ભૂખ સૌને હોય છે. કોઇ ધનને માટે તો કોઇ ધામને માટે, કોઇ સ્ત્રીને માટે તો કોઇ સંતાનને માટે, કોઇ કીર્તિને માટે તો કોઇ સત્તાને માટે, એમ વિવિધ વસ્તુ કે વ્યક્તિને માટે સંસારમાં વધારે ભાગે માણસોને ભૂખ હોય છે. પણ તમારા

માટેની ભૂખ તો કોઇકના જ દિલમાં લાગી હોય છે. તે જ માણસ સંસારમાં ખરેખરો બડભાગી છે, જે તમારો અનુરાગી છે. જેનું મન તમારા મંગલમય ચરણોમાં મોહિત થઇ ગયું છે, ને તમારા દૈવી દર્શનને માટે આતુર બન્યું છે. તમારા પ્રેમી બનવાનું એ મહાન ભાગ્ય તમે મને આપ્યું છે, એ મારે માટે અત્યંત આનંદનો વિષય છે, પણ હવે વધારે મહાન ભાગ્ય પણ જલદી જલદી આપો. તમારા પરમ મંગલ મિલનના આનંદથી મારા રોમેરોમને પુલકિત ને પ્રસન્ન કરી દો, ને સાધનાની સંપૂર્ણ સિદ્ધિ આપીને જીવનને શાંતિ, પરમાનંદ ને પૂર્ણતાથી ભરી દો. આજ સુધી મેં તમારે દ્વારે કેટકેટલી પ્રાર્થના કરી છે ? દિવસોના દિવસો મેં તમારી પૂજા ને પ્રતીક્ષામાં પસાર કર્યા છે. તમારા પ્રત્યેક આપેલા દિવસે આતુર હૃદયે મેં તમારી રાહ જોઇ છે. છતાં હજી મારો તલસાટ શમ્યો નથી. હવે તો તમારો આપેલો દિવસ સાચો નીવડે એવી મારી નમ્રાતિનમ્ર પ્રાર્થના છે.'

- ૧૩-૧૨-૧૯૫૨, શનિવાર, માગશર વદી ૧૧

૧૪મી ડીસેમ્બરે સવારથી જ મન આનંદમય હતું. રાત પણ આવી ગઇ, ને પાછી સવાર આવી, પણ બીજા બધા જ દિવસની જેમ ૧૪મી ડીસેમ્બરનો દિવસ પણ મિથ્યા ગયો. દિવસો મિથ્યા જવાના પ્રસંગો આવી રીતે અનેકવાર બન્યા છે. એટલે જ મારા દિલમાં વધારે દુઃખ કે નિરાશાની લાગણી પ્રકટ ના થઇ. 'દિવસ મિથ્યા જવાનું કારણ એ જ હોઇ શકે કે હજી 'મા'ની પૂર્ણ કૃપાના દિવસને વાર છે.' એમ માનીને પાછલા કેટલાક સમયથી સમાધાન મેળવી લેવાની વૃત્તિ મને મળી હતી. તે પ્રમાણે આ વખતે પણ મેં સમાધાન મેળવી લીધું. આધ્યાત્મિક સાધનપંથના પ્રવાસીએ સતત પુરુષાર્થી થયા વિના છૂટકો નથી. નિષ્ફળતાથી નાહિંમત કે નિરાશ થયા વિના ને વિપત્તિ કે દુઃખથી ડર્યા વિના તેણે સાધના કરતા જ રહેવું જોઇએ. સૂરજ જેમ ઉગતાં થાકતો નથી, ને ગંગાના પાણીનું સંગીત ખૂટતું નથી, તેમ સાધકને સાધનાનો થાક લાગવો ના જોઇએ, ને કોઇયે દશામાં ને કોઇયે કાળે, અંતરની આકાંક્ષાની ભાવગંગાનું તેનું ઉત્સાહગીત પણ ખૂટવું જ ના જોઇએ. 'મા'ની યોજનામાં કોઇ ને કોઇ હેતુ જરૂર રહેલો છે અને એક ધન્ય દિને 'મા'ની કૃપા મારા પર જરૂર વરસી જશે, એ શ્રદ્ધા મારા દિલમાં પ્રચુર માત્રામાં ભરેલી હતી. છતાં મેં પ્રાર્થના કરી કે હે મા, હવે તો તમારી કૃપા જલદી જલદી વરસી જવી જોઇએ. 'મા' જેમ પોતાના શિશુની સંભાળ લે છે તેમ તમારે મારી સંભાળ હવે જલદી જલદી લેવી જોઇએ. હજી ડીસેમ્બરના બીજા પંદર દિવસ બાકી છે તો તમારી કૃપા તે દરમિયાન જરૂર જરૂર કરી દો ને મારી લાંબી વેદનાનો સુખદ અંત આણો.

મારી પ્રાર્થના રોજેરોજ ચાલુ જ રહી.

**દિન ૪ :** પ્રભાતના પ્રહરમાં પંખીઓ મારા આંગણામાં કિલકિલાટ કરી મૂકે છે, ને સૂરજના ઉષ્માવાળા કિરણો આવતાં જડ ને ચેતનમાં જાણે કે જીવન ફરી વળે છે. આ વખતે કો'ક વેદપાઠી બ્રાહ્મણના ઘરમાંથી વેદનો સંગીતપાઠ સંભળાય છે ને વાતાવરણ વધારે ને વધારે મધુરતા ધારણ કરે છે. જીવનની અંધકાર ભરેલી દુનિયામાં તમારુ રૂપ પ્રકટી ઉઠશે, ને તેના અમૃતમય આસ્વાદથી આંખમાં આનંદ આનંદ છવાઇ જશે, ત્યારે પણ વાતાવરણ આવું જ, અરે આથીય વધારે મધુરતા ધારણ કરશે. ચિત્તની બધી જ વૃત્તિ પોતાની ચંચળતા છોડીને કિલકિલાટ કરી મૂકશે, ને તમારા પ્રેમ ને કૃપાના કિરણથી અણુએ અણુમાં જીવન ફરી વળશે. આનંદના એ અતિરેકની ધન્યતાનો પ્રતિધ્વનિ કરવા તન મન ને અંતરની વીણા પર તમારા પ્રેમના સૂર ફરી વળશે, ને તેનો મહિમા વેદના સંગીતપાઠથી પણ અધિક હશે.

- માગશર વદી અમાસ, બુધવાર, ૧૭-૧૨-૧૯૫૨

**દિન ૫ :** રેતીનું રણ છે. તેમાં ચાલનારો પ્રવાસી સંપૂર્ણપણે થાકી ગયો છે. ઉપરથી સૂરજનો તાપ તપે છે, નીચેથી અગન અગન કરતી ધરતી બળે છે. પ્રવાસીને ખૂબ જ તરસ લાગી છે. પણ ક્યાંય પાણીનું સાધન દેખાતું નથી. ક્યાંક ઝાડની શીળી છાંયા મળે તો થોડી વાર બેસી જાઉં પછી નવેસરથી પ્રવાસને ચાલુ કરું એમ વિચાર કરતો પ્રવાસી માંડ માંડ આગળ વધે છે. હમણાં જ ઢગલો થઇને પડી જશે એવી તેની સ્થિતિ છે. છતાં છાંયા ને પાણી માટેની આશામાં તે આગળ ને આગળ વધ્યા કરે છે.

આ સંસારના પ્રવાસમાં પણ જેને તેવી જ રીતે તમારી તરસ લાગી જાય છે ને જેનું દિલ તમારી શીળી છાંયા પામવા માટે તલસે છે, તેને તમારી પ્રાપ્તિ થઇ જાય છે. તે પ્રેમીના પર તમારી કૃપાની વર્ષા વરસી જાય છે.

- પોષ સુદી ૧, ગુરુવાર ૧૮-૧૨-૧૯૫૩

**દિન ૬ :** સ્ત્રીનો મોહ, ધનની લિપ્સા ને કીર્તિની કામના મોટા મોટા સંતમહંત ને મંડલેશ્વરોમાં પણ ફરી વળી છે. વિદ્યાથી શોભતા શાસ્ત્રી ને પંડિત જગતમાં ઘણાં છે. પણ અસત્ય પદાર્થમાંથી મુક્તિ મેળવીને વિદ્યા દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરવાને બદલે તેમાંના કેટલાક ચર્ચા ને વાદવિવાદને માટે જ વિદ્યાનો ઉપયોગ કરે છે. તેમનામાં કાવાદાવા ને દંભ તથા અહંકાર પણ ઓછાં નથી હોતાં. કથા કરનારા કથાકારો તથા ભજન કરનારા ભગતો પણ વધતા જાય, પરંતુ કથા ને કીર્તનથી પ્રભુને પ્રસન્ન કરવાને બદલે લોકોને પ્રસન્ન કરવાની ને તે દ્વારા પૈસો ને પ્રતિષ્ઠા મેળવવાની જ તેમની ઇચ્છા હોય છે. આવા ઘોર સમયમાં દુઃખ ને અલ્પતા કે અશાંતિના દરિયાને તે જ તરી શકે, જેના પર તમારી પરિપૂર્ણ કૃપા થઇ ચુકી હોય ને પોતાના જીવનવિકાસ ને તે દ્વારા તમને પ્રાપ્ત કરવાના ઉત્તમોત્તમ આદર્શ તરફ જે સદાને માટે, ડગલે ને પગલે જાગ્રત ને પુરુષાર્થપરાયણ હોય. મારા દિલને તો એક તમારી જ લગની લાગી ગઇ છે. એટલા જ માટે પ્રાર્થું છું કે હે જગત ને જીવનના પ્રાણ ! તમારા વિના બીજી કોઇયે વસ્તુમાં કે વ્યક્તિમાં મારું મન મોહિત ના થાય ને તમારા જ કૃપાપ્રસાદથી મારો પ્રાણ પરમ પ્રસન્ન ને ધન્ય બની જાય એવો આશીર્વાદ સદાને માટે આપી દેજો.

- પોષ સુદી ૨, શુક્રવાર ૧૯-૧૨-૧૯૫૨

**દિન ૮ :** જેના પર તમારી પરમ કૃપા થઇ જાય છે તેના ચરણોમાં રિદ્ધિ ને સિદ્ધિ રમવા માંડે છે ને મુક્તિ તેની દાસી થઇ જાય છે. વૈભવ ને વિભૂતિના દ્વાર તેને માટે સદાને માટે ઉઘડી જાય છે, ને શાંતિ તથા આનંદ તેના અંગેઅંગમા ફરી વળે છે. એટલે બુદ્ધિમાન માણસ તો બીજી બધી જ વાતોને કોરે મુકીને તમારી કૃપાનો ચાતક બનીને બેસી રહે છે, ને તમારા દૈવી દર્શન દ્વારા જીવનને ધન્ય ને ઉજ્જવળ કરવા ઝંખે છે. જગતમાં તે જ સાચો પંડિત, જ્ઞાની, શાસ્ત્રી ને સાક્ષર છે. જેને તમારી મોહિની લાગી જાય છે તે જ ધની, માની, ને બડભાગી છે.

- પોષ સુદી ૫, રવિવાર, ૨૧-૧૨-૧૯૫૨

**દિન ૧૩ :** તમારી કૃપા વિનાના જીવનનું મૂલ્ય ખરેખર કાંઇ જ નથી. જેમ મીઠાશ વિનાનું મધ, પ્રકાશ વિનાનો સૂરજ, ને ફોરમ વિનાનું ફુલ ગમે તેવું સુંદર હોય તોયે તે મંગલ ને મનહર બનતું નથી, તેમ

તમારા વિનાનું જીવન ગમે તેવું સુંદર કે સમૃદ્ધ હોય છતાંય સફળ બનતું નથી. જે જીવનમાં તમે કે તમારી કૃપા નથી તે જીવન જીવતા મરણ વિના બીજું કાંઇ જ નથી, એવું માનીને મહાપુરુષો તમારી કૃપાસુધાના ચાતક બને છે, ને તમારા મંગલ દર્શનને માટે ભેખ ધારણ કરી જગતમાં જીવે છે. તમારા મંગલમય દર્શનમાં જ તેમનું સુખ ને તમારી કૃપાસુધાના આસ્વાદમાં જ તેમના જીવનની સમૃદ્ધિ ને ધન્યતા રહેલી છે. આ જ પુરુષો સંસારમાં સાચા અર્થમાં બડભાગી છે, ને તેમની હરોળમાં બેસવાની લગની લગાડીને તમે મારા પર ખરેખર કૃપા કરી છે. હવે એ કૃપા ખુલ્લાં દિલથી, ને પૂરીપૂરી રીતે વરસાવી દો, એ જ પ્રાર્થના તમારે હૃદયદ્વારે પહોંચાડવાનો પ્રયાસ હું કરી રહ્યો છું.

- પોષ સુદી ૯, ગુરુવાર ૨૫-૧૨-૧૯૫૨

**દિન ૧૪ :** સંસારની મોહમાયામાં મારો પ્રાણ કદીયે આસક્ત ના બને, ને તમારાથી એક ઘડી વાર પણ દૂર ના રહે, એવો આશીર્વાદ દઇ દો. તમારી રૂપસુધાનું પાન કરતાં લોચન સદાયે પ્યાસાં ને પ્યાસાં જ રહે, ને શરીર તમારા મંગલ ને સુખદ સ્પર્શસુખથી પ્રસન્નતા ને ધન્યતા અનુભવે, એવો આશીર્વાદ દઇ દો. બીજા માણસોના જીવનનું ગમે તે થતું હો, મારું જીવન તો એક તમારી પૂજાનું ગીત બને, ને તમારી પરિપૂર્ણ કૃપાપ્રાપ્તિથી પુલકિત ને પ્રસન્ન તથા પ્રશાંત બની રહે, એવો આશીર્વાદ દઇ દો, હે અંતર્યામી ! એવો આશીર્વાદ દઇ દો.

- પોષ સુદી ૧૧, શનિવાર, ૨૭-૧૨-૧૯૫૨

**દિન ૧૭ :** તમારી અખંડ સ્મૃતિ ને પ્રેમપૂર્વકની તમારી પ્રાર્થના જેવો યજ્ઞ બીજો કોઇ જ નથી. હૃદયની યજ્ઞવેદી પર આ યજ્ઞ સદાયે ચાલ્યા જ કરે છે, ને ભાવનાના અગ્નિમાં સુરતાની આહુતિ આપીને પ્રેમી એ યજ્ઞને વધારે ને વધારે જાગ્રત કરે છે. જેના દિલમાં એ યજ્ઞ ચાલે છે તે પુરુષ આ જગતમાં સૌથી વધારે બડભાગી છે. પણ તેથીયે વધારે બડભાગી તો તે છે જેને તમારું સુમધુર દર્શનદાન મળી જાય છે. સર્વે પ્રકારના યજ્ઞોના ફળદાતા એક તમે જ છો. એટલે આપણા આ વિરાટ યજ્ઞને પણ હવે સફળ કરી દો, જેથી શાંતિ ને સિદ્ધિની સૌરભથી તન, મન ને અંતર મહેકી ઉઠે.

- પોષ સુદી ૧૪, મંગળવાર, ૩૦-૧૨-૧૯૫૨

**દિન ૧૮ :** હા, આ યજ્ઞ કાંઇ મારો જ નથી, પણ આપણા બંનેનો છે. મારા ને વિશ્વના હિતને માટેની આ સાધના તમારી પ્રેરણાથી જ શરૂ થઇ છે ને તમારી કૃપાથી જ તેને સફળતા મળતી રહી છે. સાધનાના વિરાટ વિકાસની કલ્પના ને તે કલ્પના પ્રમાણેના વિકાસ પ્રત્યેની વફાદારી તમારી કૃપા વિના મળી ને ટકી શકે નહિ. માણસના મનના ઉચ્ચ વિચાર ને તેના દિલની ઉર્મિના રૂપમાં તમે જ પ્રકટો છો, ને તેના પોષક પ્રાણ બનીને તેને ઉછેરો છો એ નક્કી જ છે. તમારી કૃપા વિના માણસનું ગજું નથી કે તે તમારી પ્રાપ્તિ માટે તૈયાર થાય ને પ્રયાસ કરે. તેમાંય મારા વિચાર ને મારું જીવન તો તમારી ઇચ્છા ને પ્રેરણા પ્રમાણે જ વળાંક લે છે. એટલે જ મારો સાધનાનો યજ્ઞ કેવળ મારો નહિ પણ આપણા બંનેનો યજ્ઞ છે ને તેની પૂર્ણાહુતિ થવામાં આપણા બંનેનું હિત સમાયેલું છે. માટે તેની પૂર્ણાહુતિ તમે જલ્દી જલ્દી કરી દો એ જ મારી પ્રાર્થના છે. ડીસેમ્બર મહિનાની તમારી પ્રકટાવેલી આશા આજ સુધી તો પૂરી નથી થઇ. હવે આજે છેલ્લો જ દિવસ બાકી છે. તમારી કૃપા આજે જરૂર જરૂર કરી દો તેવી અંતરના અંતરતમની પ્રાર્થના છે.

- પોષ સુદી ૧૫, બુધવાર, ૩૧-૧૨-૧૯૫૨

**દિન ૧૯ :** ડીસેમ્બર મહિનો પણ પૂરો થઇ ગયો. હજી મારી આશા પૂરી ના થઇ. તમારી કૃપાપ્રાપ્તિ માટે હજી કેટકેટલું તલસવાનું છે તે તમે જ જાણો છો. મેં તો મારું બધું જ જીવન એક તમારે જ ભરોસે મુકી દીધું છે. ને તમે તેને પાર કરશો જ એવી મારી શ્રદ્ધા છે. એ શ્રદ્ધામાં મેં છેલ્લા કેટલાય મહિના ને વરસના વરસ પસાર કર્યાં છે. બીજું થાય પણ શું ? તમારી પરિપૂર્ણ કૃપા વિના મને કોઇ કાળે પણ નિરાંત નથી જ નથી. તે કૃપા તમે જલદી જલદી કરી દો એવી મારી પ્રાર્થના તમે ક્યારે સાંભળશો ?

- પોષ વદી ૧, ગુરુવાર, ૧-૧-૧૯૫૩

ડીસેમ્બર માસ એવી રીતે સાધનારત દશામાં પૂરો થઇ ગયો. તે દરમ્યાન ચિંતા, વેદના ને પુરુષાર્થ ચાલુ રહ્યાં. હજી સાધનાની પૂર્ણતા માટે તલસવું બાકી હતું. પણ હતાશ થયે શું વળે ? પૂરા પ્રેમ ને ઉત્સાહથી આગળ ને આગળ વધ્યે જ છૂટકો હતો. ને તે પ્રમાણે મેં આગળ વધવા માંડ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૫. મસુરી ને ઋષિકેશ

આ વરસે હિમાલયમાં કયે ઠેકાણે તપવું તે નક્કી ન હતું. ગયે વરસે ઉનાળામાં દેવપ્રયાગમાં રહી ચુકેલા પોલીસ ઇન્સ્પેક્ટર મુરારીલાલ મસુરીમાં હતા એમ સાંભળ્યું હતું. એથી પ્રેરાઇને મેં તેમને મસુરી પત્ર લખ્યો. પણ તે મસુરી ન હતા. તો પણ પત્ર તેમને પહોંચ્યો ખરો. તેમણે ઉત્તરમાં લખ્યું કે 'મસુરીથી મારી બદલી થઇ છે. તમારી ઇચ્છા મસુરી જવાની છે પણ દૂર હોવાને લીધે સેવા કરવા જેટલું મારું ભાગ્ય નથી. દેવપ્રયાગમાં રઘુનાથજી ને ગંગાજીનું દર્શન કરતાં તેમજ પર્વતોનો કુદરતી આનંદ લુંટતા વખત ક્યાં વહી જતો તે જણાતું નહિ. અહીં તો વખત જતો નથી. અત્યારે ઊની લૂ વાય છે. પણ પરાધીનતામાં સુખ ક્યાં ? તમારી સેવાનું સદભાગ્ય નહિ મળે તે માટે મને અફસોસ છે. પણ મારા માણસો ત્યાં છે. તે પરિચિત માણસો દ્વારા તમારી સર્વ પ્રકારે વ્યવસ્થા થઇ જશે. તે માટે ત્રણ માણસો પર હું તમને પત્રો લખી મોકલું છું. તમારે ત્યાં રહેવાનું થાય એટલે જણાવજો. ના થાય તો પણ જણાવજો જેથી છેવટે સાત દિવસની રજા લઇને પણ હું ત્યાં આવી જઇશ ને મારાથી બનતું કરીશ.'

તેમણે મોકલેલા ત્રણે પત્રો સારા માણસો પર હતા. જો કે પત્રો ખાસ કામ કરતા નથી એ અનુભવ હજી ગયા ઊનાળામાં જ અમને આલ્મોડામાં મળ્યો હતો, છતાં હિમાલયના ગમે તે સ્થળે રહેવાનું જ હતું ને મસુરી તે જ વિસ્તારમાં હતું એટલે મસુરીનો વિચાર નક્કી રાખ્યો.

પરંતુ ઇશ્વરની ઇચ્છા કંઇ જુદી જ હતી. એ અનુસાર અમારે સીધું ઋષિકેશ જ આવવાનું થયું. એ જ ભરત મંદિરમાં જ્યાં અમે ગયા ઉનાળા ને ચોમાસા દરમ્યાન નિવાસ કર્યો હતો ત્યાં આવીને અમે વિશ્રામ કર્યો. પતિતપાવની ગંગા ને હિમાલયની તળેટીના પર્વતો પોતાની ચિરપરિચિત દૃષ્ટિથી અમને જોઇ રહ્યાં. ભરત મંદિરમાં શ્રી લીલાધર ભટ્ટજી તથા જ્યોતિપ્રસાદભાઇનો પ્રેમ પુષ્કળ હતો. તે પ્રસન્ન થયા. બે દિવસ પછી મેં તેમની પાસે મસુરી જવાની વાત મૂકી ત્યારે તેમણે કહ્યું : 'તમારી ઇચ્છા હોય તો ભલે, બાકી અમે તો એમ જ ઇચ્છીએ છીએ કે તમે અહીં જ નિવાસ કરો.'

તો પણ ભરત મંદિરમાં પાંચેક દિવસ તો થઇ જ ગયા. અમદાવાદ ને બીજા પ્રદેશ કરતાં ત્યાં તાપ ઓછો હતો. તેમાંયે ગંગાકિનારે તો ખૂબ આનંદ આવતો હતો. યુગોયુગથી અસ્ખલિતપણે વહેતી ને સંગીતમાં તન્મય બનતી ગંગા સંસારને માટે કેવું ગીત ગાઇ રહી છે ? એના આનંદનો ને પુરુષાર્થનો અંત નથી. એને થાક કે નિરાશા પણ ક્યાં છે ? આત્મિક પંથના પ્રવાસીને એ એવું જ આશા, ઉત્સાહ તેમજ પ્રેરણાનું અખૂટ ભાથું ભરીને નિરંતર આગળ ને આગળ ચાલવાનું કહે છે. તાપ ને છાયા, સુખ કે દુઃખ, તેમજ પતન ને ઉત્થાનમાં અવિચલ રહીને હે સાધક પ્રવાસી, તું સત્ય પથ પર ચાલવા માંડ, જગતને માટે અમૃતની વર્ષા કરતો, જીવનમાં કૈંક વાસ્તવિક એવું મેળવવું હોય તો તન ને મનના તારને એક કરી દઇને ચાલવા માંડ.

ઋષિકેશમાં સાધુસંતો ઘણાં છે. તેમાંના કેટલાક ઝાડીમાં પણ રહે છે. ઝાડી ગીચ નથી પણ પ્રમાણમાં ત્યાં ઝાડ વધારે છે. પાસે જ ગંગા છે એટલે સ્થળ રમણીય લાગે છે. એક સાંજે ત્યાં એક સાધુ મળ્યા. તેમણે કાનમાં કુંડલ પહેર્યાં હતાં એટલે નાથ સંપ્રદાયના જણાતા હતા. તેમણે વાતવાતમાં પ્રેમપૂર્વક કહ્યું : 'નહાન તરફ ભીષ્મનાથ નામના એક મહાન યોગી છે. તે હઠયોગની ક્રિયામાં પારંગત છે. વજ્રોલી પણ જાણે છે.

તેવા સમર્થ યોગી આ બાજુ બીજા કોઇ દેખાતા નથી. તમારી ઇચ્છા હોય તો એ બાજુ ચાલો. હું હવે થોડા જ દિવસમાં તે તરફ જવાનો છું.' ને પછી તેમણે જાણે એક નાનું સરખું પણ કેટલાંક સાધુઓને માટે ખૂબ મહત્વનું પ્રલોભન મૂક્યું : 'અત્યારે એ બાજુ કેરી ખૂબ થાય છે. કેરી ખાવાની મજા માણવી હોય તો ચાલો.'

મેં પૂછ્યું : 'મહાત્માજી યોગી છે, પણ યોગની સિદ્ધિ તેમનામાં દેખાય છે ? પાતંજલ યોગદર્શનમાં તો યોગ સિદ્ધિનું વિસ્તૃત વર્ણન છે.'

તેમણે કહ્યું : 'હા. તેમનામાં ઘણા પ્રકારની સિદ્ધિ છે.'

આ વખતે મને ઉત્તરકાશીમાં નહાન તરફના એક નાથ-મહાત્મા મળેલા તે પ્રસંગ યાદ આવ્યો. સીમલામાં નેપાલીબાબાએ મને તેમની પાસે જવાની ના પણ કહેલી. પણ આ મહાત્મા તે જ છે એ કોણ કહી શકે ?

'નહાન તરફ એવા બીજા કોઇ યોગી નથી. તે તરફ તે જ એક મહાપુરુષ છે ને ખૂબ વિખ્યાત છે. કોઇ વાર પાછળથી આવવાની ઇચ્છા થાય તો દહેરાદુનથી નહાન આવજો. ત્યાં કાલી મંદિરમાં રાજગુરુ રહે છે. તે યોગીરાજના શિષ્ય છે. તે તમને બધી માહિતી આપશે. નહાનથી તેમનું સ્થાન જરા દૂર છે ને ત્યાં સુધી મોટરની વ્યવસ્થા પણ છે.'

મેં તેમનો માહિતી માટે આભાર માન્યો. ભારતમાં છુટાંછવાયાં સ્થાનોમાં આવા સમર્થ સંતો હજી પણ વાસ કરે છે તે જાણીને મને આનંદ થયો. મેં કહ્યું : 'પ્રભુની ઇચ્છા હશે તો કોઇ વાર તે તરફ આવી પહોંચાશે. પણ કેરી ખાવા નહિ, મહાત્માજીનાં દર્શન કરવા.'

તે મહાત્માજીમાં કેવી શક્તિ છે તેની માહિતી મેળવવાની બેચાર દિવસ બાદ મને ઇચ્છા થઇ. પણ પેલા સાધુપુરુષ પાછળથી દેખાયા નહિ. તે નહાન ઊપડી ગયા હોય એમ લાગ્યું.

એવી જ રીતે એક બીજી સાંજે એક ગુજરાતી કુટુંબનો પરિચય થયો. તે પ્રસંગ પણ ગંગાકિનારે જ બન્યો. તે કુટુંબમાંના વડીલે કોઇ પણ પ્રકારની બીજી પ્રાસંગિક વાત વિના મને કહ્યું : 'અમારા ગુરુજી ખૂબ મહાન ને સમર્થ છે. તે વધારે ભાગે આલંદીમાં જ રહે છે. પણ અમારા આગ્રહથી છ છ મહિના જેટલો વખત અમારે ત્યાં પણ રહી જાય છે. પુનામાં હું તો છું જ પણ તે ઉપરાંત તેમના બીજા પણ ભક્ત છે. કેટલીક વાર તે તેમને ત્યાં પણ રહે છે. ગુરુજી ખૂબ વૃદ્ધ છે. ગુજરાતી છે અને ઉચ્ચ દશાએ પહોંચેલા છે. અમે તો વરસોથી તેમના પરિચયમાં છીએ. પણ અમે તેમની ગતિને કેવી રીતે જાણી શકીએ ? ઝવેરી વિના રતનને કોણ ઓળખે ? તમે એ માર્ગે જઇ રહ્યા છો એટલે તમને આ વાત કરું છું. દર્શનની ઇચ્છા થાય તો આપણે ત્યાં આવજો. હું તમને સરનામું આપીશ. તેમની પાસે તો કેટલાય માણસો આવે છે. તે કેટલાયની શંકા મટાડે છે.'

એ ભાઇના ગુરુપ્રેમ માટે શું કહેવું ? આશ્ચર્ય તો એ કે જેમની ગતિવિધિ કે વિચારની રીત વિશે જેમને જરાક પણ ચોક્ખો ખ્યાલ નથી તેને જ વિશે તે આટલો પ્રેમ રાખે છે ! પણ તે તો શ્રદ્ધાનો વિષય છે. કદાચ તેની પાછળ કોઇ બીજું પણ કારણ હશે. ધન્ય છે તેમની શ્રદ્ધાને.

મેં તેમને સમાધાન માટે કહ્યું : 'મારે પોતાને કોઇ ખાસ શંકા નથી. છતાં તમે સરનામું આપશો તો કોઇ વાર આવવાનું બનશે તો તેમની મુલાકાત થઇ જશે.' તેમને આનંદ થયો.

'ખરેખર તે દર્શન કરવા જેવા મહાત્મા છે. એવા મહાત્મા ભારતભરમાં ભાગ્યે જ મળશે.'

મેં કહ્યું : 'ઊંચી કોટિના કેટલાક મહાત્મા તો આ બાજુ પણ છે. ભારતમાં તેમનો લોપ નથી થયો. પણ તે ભાગ્યે જ મળે છે. વળી મળે તો પણ તેમને ઓળખવાની શક્તિ જોઇએ. પણ તમારા ગુરુદેવમાં આટલા વરસના સહવાસમાં તમને શી વિશેષતા લાગી ? તેમનામાં ભૂત-ભવિષ્ય કહેવાની શક્તિનો આભાસ તમને કોઇવાર મળ્યો ? તમે સાંઇબાબાનું નામ તો સાંભળ્યું હશે. તેમના જીવનમાં કેવા પ્રસંગ બન્યા છે ? શક્તિની લોકોત્તરતાની પ્રતિતી થાય એવો કોઇ પ્રસંગ તેમના જીવનમાં પણ બન્યો છે ખરો ? સંત જ્ઞાનેશ્વર કે સમર્થ રામદાસની જેમ તેમનામાં વચનસિદ્ધિ છે એવું તમારા કે બીજાના જીવનમાં બનેલા કોઇ પ્રસંગ પરથી જણાય છે ખરું ? શાંત સ્વભાવના, સત્વગુણી તેમજ વિદ્વાન સંતો તો ઘણા દેખાય છે. એવા વિદ્વાનો તો અહીં પણ એકેકથી ચડિયાતા મળે છે. તે પણ પ્રસંશનીય છે. પણ તે ઉપરાંત જો આત્મબળ કે શક્તિની વિશેષતા કે આત્મસાક્ષાત્કાર અથવા ઇશ્વરદર્શનના પરિણામરૂપે પ્રકટ થતું કોઇ લોકોત્તર સામર્થ્ય હોય તો તેનું દર્શન કરવામાં મને આનંદ આવે છે. કૈં નહિ તો ભાવિને સ્પષ્ટ જોઇને તે માટેની સમ્યક પ્રેરણા આપી શકે એવું કૈં તમને તમારા ગુરુદેવમાં દેખાયું ? અલબત્ત એવી શક્તિ કે સિદ્ધિ વિના પણ માણસ ઇશ્વરદર્શી કે સંત હોઇ શકે છે. પણ તેવા સંતમાં એવી શક્તિ કેટલીય વાર હોય છે ને હોય તો સાચા સંતને માટે બંધનકારક નથી. તે સોનામાં સુગંધની જેમ તેની શોભામાં વધારો જ કરે છે. તો તેવી કોઇ શક્તિના પ્રસંગો તમારા જીવનમાં બન્યા હોય કે કોઇના જીવનમાં બનેલા તેમ જાણ્યા હોય તો મને કહો.'

મારી આ માગણીના ઉત્તરમાં તેમણે તરત કહ્યું : 'ના, તેવો કોઇ પ્રસંગ તો બન્યો નથી. તેમ જ તેવી કોઇ શક્તિ દેખાઇ પણ નથી. પણ તેવી શક્તિનો ખ્યાલ પણ શી રીતે આવે ?'

'લાંબા વખતના સમાગમથી એનો આભાસ તમારા જેવા પ્રેમી પુરુષને તો જરૂર મળી શકે.' મેં કહ્યું : 'છતાં પણ સૌને એવા આભાસની જરૂર નથી હોતી. આ તો માત્ર માહિતી મેળવવા મેં તમને પૂછ્યું છે. બાકી એવા સંતની તમે પ્રેમપૂર્વક સેવા કરો છો તે ખુશી થવા જેવું છે. સંસારમાં પ્રવૃત્તિશીલ રહેનારા માણસોને માટે સંતસમાગમ જેવો મહત્વનો લાભ બીજો કોઇ નથી. તે દ્વારા ઇશ્વરની કૃપા પણ થઇ શકે છે ને શાંતિ મળે છે. સત્વગુણી સ્વભાવ, શાંતિ તેમજ સંસારના વિષયોમાં નીરસતા તેમજ ઇશ્વર કે આત્મદેવમાં સંપૂર્ણ પ્રેમ ને મમતા, તે સિદ્ધિ કાંઇ નાનીસુની નથી. તે મેળવવાનો પ્રયાસ કરવો અને જેનામાં તે મળે તેને પૂજ્ય કે સેવ્ય માનીને વળગી રહેવું લાભકારક છે. ઇશ્વરની કૃપા વિના એવા મહાન સંતોમાં પ્રેમ થતો નથી. ને તે વિના અજ્ઞાન કે સંસારનો મોહ દૂર થતો નથી અને ક્લેશ ટળતા નથી, એમ કહ્યું છે તે ખરેખર સાચું છે. એવા સંતો સાકાર સિદ્ધિ રૂપે વિચરે છે અને પદેપદે વિશેષતા તેમજ ચમત્કાર અને અલૌકિકતાથી ભરેલી આ અવનીમાં એક મહાન ચમત્કાર, અલૌકિકતા કે વિશેષતા છે એમાં સંદેહ નથી.'

**મસુરીની મુલાકાત**

એ પછી અમે મસુરી ગયાં. મસુરી દહેરાદુનથી મોટર દ્વારા જવાય છે. સમુદ્રની સપાટીથી ૬૫૦૦ ફીટ પર ઊંચે આવેલું આ સ્થાન ખરેખર રમણીય છે. ખુલ્લા ને મોટા રસ્તા, સુસજ્જ બજાર ને નળ તથા બત્તીની સરસ વ્યવસ્થાથી મસુરી વધારે રમણીય લાગે છે. ગરમીનું તો નામ જ ના મળે. સાધનાને માટે આવા સ્થળ ખૂબ અનુકૂળ હોય છે. પણ તે તો રહેવા માટે કોઇ અનુકૂળ સ્થળ મળે ત્યારે. મસુરી પહોંચીને થોડું પ્રારંભિક

કામ પતાવીને અમે ચિઠ્ઠીના ઉપયોગ માટે બહાર નીકળ્યા. કુલડી બજારમાં આવેલા ઇન્દ્ર રેસ્ટોરન્ટવાળા ભાઇ પર પહેલી ચિઠ્ઠી હતી પણ 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની જેમ તે ભાઇ બહારગામ ગયેલા. તેમના નાના ભાઇ હતા. તેમણે પ્રેમ બતાવી બનતી તપાસ કરી, મદદ કરવા તૈયારી બતાવી. તેમની તપાસનું ફળ એ આવ્યું કે એક મકાન, જે તેમના મિત્રનું હતું તે માસિક રૂપિયા ૨૪૦ના ભાડે મળી શકે તેમ હતું. તેમના તે જ મિત્ર પર અમારી પાસે બીજી ચિઠ્ઠી હતી. તે પણ બહારગામ ગયેલા. પાછળથી તે આવી ગયા ને બહુ તો ભાડામાં ૧૦-૨૦ રૂપિયા ઓછા કરવા તૈયારી બતાવી. પણ એ ભાડું અમારે માટે તો ઘણું હતું એટલે તે વાત પડતી મૂકીને સ્વતંત્ર તપાસ શરૂ કરી.

ત્રીજી ચિઠ્ઠી બરોડા હાઉસના ચોકીદાર પર હતી. તે લઇને અમે બરોડા હાઉસ તરફ ઉપડ્યા. બરોડા હાઉસ ખૂબ જ દૂર છે. કુલડી બજારથી પોસ્ટ ઓફિસ થઇને કપૂરથલાના રાજાના મકાન પાસે થઇને ત્યાં જવાય છે. ખૂબ જ ચાલ્યા પછી ત્યાં પહોંચી શક્યા. અમારા મનમાં હતું કે બરોડા હાઉસ ખૂબ સુંદર મકાન હશે. પરંતુ તેવું કૈં જણાયું નહિ. મકાન તદ્દન સાધારણ, કેટલાય વખતથી વપરાયું ના હોય એવું ઉજ્જડ જેવું અને એકદમ દૂર હતું. ચોકીદાર કે બીજા કોઇયે માણસની હાજરી ત્યાં ન હતી. એવી જગ્યામાં રહેવાનું મુશ્કેલ લાગવાથી ચોકીદારની અનુજ્ઞા લેવાની જરૂર પણ ના લાગી. એ સ્થાનનું નિરીક્ષણ કરીને થોડાક વખત પછી અમે પાછા ફર્યા.

રાતે અસાધારણ આનંદ થયો. વાતાવરણ તદ્દન શાંત હતું. માનસિક એકાગ્રતાને માટે તે રસાયનરૂપ હતું. સાધનાને માટે એવું વાતાવરણ ખૂબ જ ઉપયોગી કહી શકાય. એટલે જ સાધકો ને ઋષિવરો પર્વતના ઉચ્ચ પ્રદેશમાં વાસ કરતા. મસુરી રાજસી છે એમ કેટલાક કહે છે. પણ ત્યાં કાંઇ રાજસી જેવું લાગ્યું નહિ. રસ્તા, મકાન, દુકાનોની સજાવટ, બત્તી ને પાણીની સુંદર સગવડ તેમજ શોભાને જો રાજસી કહેવાય તો મસુરી ભલે રાજસી ગણાય. પણ રાજસી શબ્દ દ્વારા જે ધ્વનિ નીકળે છે તેવો ધ્વનિ ત્યાંનાં વાતાવરણમાં નથી જડતો. મને તો એ વાતાવરણ એકંદરે ઘણું સારું લાગ્યું. વાતાવરણને સાત્વિક કે રાજસી બનાવવું તે વધારે ભાગે માણસ પર પણ આધાર રાખે છ.

હાથે રીક્ષા ચલાવવાની પ્રથા મસુરીમાં પ્રવર્તમાન છે. રીક્ષા ચલાવનારા વધારે ભાગે ગઢવાલી ને નેપાલી છે. મસુરીના આરામમય વાતાવરણમાં મજૂરી કરીને તે સાથ આપે છે ને બદલામાં પેટ અને આશ્રય પૂરતું ભાગ્યે જ મેળવે છે. ભારતના કોઇયે સારા સ્થળને જોવાની તૈયારી કરીએ એટલે દેશની સમૃદ્ધિની સાથે ગરીબાઇને જોવા પણ તૈયાર રહેવું જ જોઇએ.

બીજો દિવસ પણ અમે વધારે ભાગે ફરવામાં જ વિતાવ્યો. નિવાસને માટે જુદી જુદી હોટલો ને કેટલાક સ્થળોમાં ફરી વળ્યા. એક બે સ્થળો ગમ્યાં પણ ખરાં, પણ ભાડું ખૂબ જ વધારે હતું. આ માસ ત્યાંના લોકોને કમાવાનો હતો એમ કહેવાતું. કાયમ માટે લાંબુ રહેનારને ત્યાં પ્રમાણમાં બહુ મોંઘુ પડે તેમ ન હતું.

પરિસ્થિતિ એવી પ્રતિકૂળ હોવાથી, ઇચ્છા હોવા છતાં તેમ જ સ્થળ ગમી ગયું હોવા છતાં, અમે ત્યાં રહી શક્યા નહિ. હાલ પૂરતું અમે ઋષિકેશ જ રહેવાનું નક્કી કર્યું. ઋષિકેશમાં ગરમી ઘણી હતી. તો પણ ઇશ્વરની ઇચ્છામાં આનંદ માનીને અમે ત્યાં આવી પહોંચ્યા.

અમારી પરિસ્થિતિથી પોલીસ ઇન્સપેક્ટર ભાઇ શ્રી મુરારીલાલને માહિતગાર કર્યા ત્યારે તે પ્રેમી પુરુષનું દિલ દુખાયું. તેમનું દુઃખ પત્રમાં ઠાલવતાં તેમણે લખ્યું : 'તમને મસુરીમાં કોઇ સ્થાન ઠીક ભાડે ના મળ્યું એ જાણીને દુઃખ થયું. સંસારમાં વધારે ભાગે માણસો સ્વાર્થી હોય છે. કોઇ વીરલા જ સાચા હોય છે ને સેવા કરે છે. તેથી તો પાપ ને દુઃખ વધતું જાય છે. મને એ લોકોનો વિચાર કરીને બહુ દુઃખ થાય છે કે તે આટલી પણ મદદ કે સેવા ના કરી શક્યા. હું દૂર છું એટલે સેવા ના કરી શકવા બદલ લાચાર છું.'

મેં લખ્યું : 'પ્રભુની ઇચ્છા એવી હશે. એમાં કાંઇ દુઃખ લગાડવાનું કારણ નથી. તમારો પ્રેમ યાદ રહેશે.'

**રાજા મહેન્દ્રપ્રતાપ**

બીજો પ્રસંગ રાજપુરનો છે. રાજપુરમાં બને તો થોડોક વખત રહેવાની ઇચ્છા હોવાથી અમે ત્યાં રાજા મહેન્દ્રપ્રતાપને મળવા ગયા. પ્રેમી ભાઇ ચંપકલાલે તેમના પર મારો પરિચય આપતો પત્ર લખ્યો હતો. એટલે તેમને મારો સાધારણ પરોક્ષ પરિચય હતો. છતાં તેમણે જે પ્રેમથી અમારું - મારું અને માતાજીનું સ્વાગત કર્યું તે પ્રેમ સદાને માટે યાદ રહી જશે. તેમનું વર્તન ખૂબ જ માનવતાભર્યું હતું. તેમણે અમને અમારી ઇચ્છા હોય ત્યારે પોતાના મકાનમાં રહેવા આવવાનું કહ્યું. જે ઓરડો આપવાની તેમની શક્તિ હતી તે પણ બતાવ્યો. ઓરડા બે હતા ને હજી બની રહેલા. પણ તેમાં એક પણ બારી ન હતી. કેટલીક વાત પછી મેં તેમને જવાબ આપ્યો કે રહેવા આવવાનો વિચાર થશે એટલે પહેલેથી જણાવીશ. તેમણે ખૂબ જ પ્રેમથી અમને વિદાય આપી. સાથે સાથે તેમણે લખેલું પ્રેમધર્મનું પુસ્તક ને મહિનામાં ત્રણ વાર પ્રકટ થતું તેમનું મુખપત્ર 'સંસારસંઘ' ભેટ આપ્યું. તેમના બધા વિચાર સાથે માણસ સમંત ના થાય તે માની શકાય તેવું છે. પણ તેમની માનવતા ને તેમનું નમ્ર ને પ્રેમમય વર્તન કોઇના પણ દિલને સ્પર્શે તેમ છે, એમાં સંદેહ નથી.

ઋષિકેશ આવીને કેટલાક દિવસ બાદ મેં લખ્યું : 'તમારા પ્રેમમય વર્તાવથી બહુ જ આનંદ થયો. પણ તમે રહેવા માટે જે મકાન બતાવ્યું તે બારી વિનાનું હોવાથી પસંદ ના પડ્યું. જો બીજુ સારું મકાન હોત તો જરૂર રહેવા આવત.'

એના ઉત્તરમાં તેમણે લખી જણાવ્યું : 'તમે તે વખતે જ કેમ ના કહ્યું કે બારીવાળું મકાન જોઇએ ? મારી બાજુમાં જ એક ઓરડો છે. તેમાં બારી જ બારી છે. તમે આવશો તો તેમાં જ ઉતારીશ.'

રાજાજીના પ્રેમપૂર્ણ હૃદયની આ નિશાની હતી. ઋષિકેશમાં આ વખતે વરસાદ સારા પ્રમાણમાં પડી ગયો. તેને લીધે આબોહવા અનુકૂળ રહી. તેથી રાજપુર જવાનો વિચાર બંધ રાખ્યો. પણ પ્રથમ મુલાકાતે જ રાજા મહેન્દ્રપ્રતાપે અમારી સાથે જે ઉત્તમ વ્યવહાર કરી બતાવ્યો તે સદાને માટે હૃદયમાં ઘર કરી ગયો. તેવો વ્યવહાર આ સમયમાં ભાગ્યે જ જોવા મળે છે. રાજાજી પ્રેમધર્મના પ્રચારક છે. તે એવો પ્રેમપૂર્ણ વ્યવહાર કરે તે સમજી શકાય તેવું છે. તેથી તેમનું ગૌરવ મારી દૃષ્ટિએ વધે છે. માણસો જેમાં માને છે ને જેનો ઉપદેશ કરે છે તેને પોતાના જીવનમાં ઉતારતા હોય તો કેટલું સારું ? આચાર અને વિચારનો ભેદ દૂર કરવામાં જ માણસની મોટાઇ છે ને તેમાં જ તેની શોભા રહેલી છે. તેમના પ્રેમમય વ્યવહારને માટે મેં રાજા મહેન્દ્રપ્રતાપને પત્ર દ્વારા ધન્યવાદ આપ્યા ને તેમનો પ્રેમ જોઇને વધારામાં લખ્યું કે 'તમારા નિમંત્રણનો ભવિષ્યમાં કોઇ વાર બની શકશે તો જરૂર લાભ લઇશ.'

## ૧૨૯. નવરાત્રી પર બાર દિવસના ઉપવાસ

ગયા વખતની જેમ આ વખતે પણ લાંબો સમય ઋષિકેશમાં જ રહેવાનું થયું. પરિણામે મને ખાતરી થઈ કે ઋષિકેશનું સ્થાન પણ સુંદર ને સાધના કરવા માંગનારને માટે અનુકૂળ છે. ગંગાનો રમણીય વિશાળ પટ ને નાના સુંદર લીલાછમ પર્વતો એ સ્થાનની શોભામાં મુખ્ય ભાગ ભજવે છે. હિમાલયની એ પ્રારંભિક કે પ્રતિનિધિ જેવી ભૂમિમાં આજે પણ કેટલાક સારા ને સાચા સંતો નિવાસ કરે છે ને કોઈ પણ જિજ્ઞાસુને તેમના દર્શનનો લાભ મળી શકે છે. એ અલૌકિક ભૂમિમાં ભરત મંદિરનું સ્થાન મને ઘણું અનુકૂળ લાગ્યું ને તેથી તે સ્થાનમાં ઈશ્વરની ઈચ્છા પ્રમાણે અમે આનંદપૂર્વક નિવાસ કર્યો.

શ્રાવણ મહિનામાં એકવાર જમ્યા છતાં સાધનાની સફળતા બાબત કોઈ સમાધાન મળ્યું ન હતું, એટલે 'મા'ની કૃપા માટે નવરાત્રિના પવિત્ર દિવસોમાં કેવળ પાણી પીને વ્રત કરવાનો નિર્ણય કર્યો. આજ સુધી એવાં વ્રતો કેટલાંય થઈ ચૂકેલાં. છેલ્લા છ વરસમાં એવા ઉપવાસ ઉપરા ઉપરી થયા હતા. કોઈક જ વરસ લાંબા કે ટૂંકા ઉપવાસ વિના ખાલી ગયેલું. છતાં જે હેતુ માટે ઉપવાસ કે વ્રત થતાં હતાં તે જગદંબાની કૃપા હજી પૂર્ણપણે થઈ ન હતી. પણ તેથી શું ? સારું કે નરસું જે પણ કરવામાં આવે છે તેનું ફળ વહેલું કે મોડું જરૂર મળે છે, એ શ્રદ્ધા મારા દિલમાં કાયમ હતી. મને ખાતરી હતી કે સાધનાની સિદ્ધિને માટે કરેલો પ્રત્યેક પ્રયાસ ઈશ્વરના દરબારમાં નોંધાઈ જશે અને આજે નહિ તો કાલે પણ તે પ્રયાસોનું સરવૈયું નીકળતાં મારી ઈચ્છા જરૂર પૂરી થશે. આમ ના હોય તો ઈશ્વરની દુનિયા ચાલે જ નહિ. એમાં અવ્યવસ્થા ઊભી થાય. સાધકે આ વાત ગાંઠે બાંધી લેવાની છે. હૃદયના છુપામાં છુપા ખૂણામાં ઉત્પન્ન થતી ઘર શોધતી સાધારણ જેવી નિરાશાને પણ તેણે દૂર કરવાની છે અને આશા, શ્રદ્ધા ને હિંમતને હંમેશા ધારણ કરવાની છે. યોગ્ય શક્તિના અભાવને લીધે કેટલીય નાવ મધદરિયામાં ડૂબી જાય છે, તેમ શ્રદ્ધા ને આશાની મદદ વિના કેટલાય સાધકો અધવચ્ચે જ અટકી જાય છે ને સાધનાની આખરી મંઝિલે પહોંચી શકતા નથી. 'મા'ની મહાન કૃપાથી મારા દિલમાં શ્રદ્ધા, આશા તથા ઉત્સાહની જ્યોતિ નિરંતર જલતી રહી છે, ને તેના પૂણ્યમય પ્રકાશથી પ્રેરિત થઈને મેં મારી જીવનયાત્રા સદાય ચાલુ રાખી છે. એ જ પ્રકાશથી  પ્રેરીત થઈને નવરાત્રિના પવિત્ર દિવસોમાં ને પાણી પર રહીને ફરી ઉપવાસ શરૂ કર્યા. પહેલાંના બીજા ઉપવાસોની જેમ એ ઉપવાસ પણ 'મા'ની કે ઈશ્વરની પ્રેરણાના ફળરૂપે જ શરૂ થયા. તેની ઊડતી નોંધ અહીં રજૂ કરું છું જેથી એ દરમ્યાન જે ભાવના હતી તેનો પરિચય મળે.

**દિન ૧ :** હે પતિતપાવની ગંગા ! હે યોગીવર હિમાલય ! પરમાત્માના પ્રતીક જેવા હે ભરતજી ભગવાન ! તમારા સૌના સાંનિધ્યમાં 'મા'ની કૃપા માટે એક વાર ફરી વ્રત કરતો બેઠો છું. તમારા સાંનિધ્યમાં રહીને કેટલાય સંતો ને તપસ્વી પૂર્ણતા ને પરમાનંદનું ભાથું ભરી ગયાં હશે. હું પણ એની જ ઈચ્છા કરું છું. 'મા'ની પૂર્ણ કૃપામાં સ્નાન કરાવીને મને પણ પાવન ને કૃતાર્થ કરો. મારા મનોરથને પૂરા કરો. સૂર્યનો ઉદય જેમ સમસ્ત સૃષ્ટિને માટે સુખકારક બની જાય છે તેમ 'મા'નું દર્શન મારા તન, મન, અંતરને માટે મંગલ અને આશીર્વાદરૂપ થઈ પડશે.

-આસો સુદી ૧, ગુરૂવાર તા. ૮-૧૦-૫૩

**દિન ૨ :** તમારા વિરહની વેદનામાં વળી એક આખો દિવસ વીતી ગયો. હજી તમારી કૃપા ના થઈ. તમારા મંગલ મિલન માટે જે ઝંખે છે તેના પર આ જ પ્રમાણે વેદનાનો વરસાદ વરસાવ્યા કરશો તો તમારું કૃપાસાગરનું બિરુદ કેવી રીતે સાચું થઈ શકશે ? તમે પ્રેમસિંધુ છો એ કેમ સિદ્ધ થશે ? જે તમને પ્રેમપૂર્વક ચાહે છે તેના બધા જ લાડકોડ પૂરા કરી, તેના યોગક્ષેમનું તમે સ્મિત સાથે વહન કરો છો, એ ગીતામાં ગવાયેલી તમારી વાણી પણ કેમ સાચી ઠરશે ? શું શાસ્ત્રો, તમારા પ્રેમી ભક્તો ને મહાપુરુષોએ તમારાં ગુણગાન નકામાં જ ગાયાં છે ? શું તેની પાછળ કોઈ જ આધાર નથી ? શું તમારી પૂર્ણ કૃપાની વાત તદ્દન પાયા વિનાની છે ? ના. તેમ બની શકે જ નહિ. તેવા પ્રશ્નો ને તેવું કુતૂહલ અસ્થાને છે. મારા પોતાના જીવનમાં તમે શરૂઆતથી જ તમારી કૃપાનાં કિરણો વરસાવ્યાં છે ને જુદી જુદી રીતે ઝાંખી કરાવીને મને કૃતાર્થ કર્યો છે. એટલે જ કહું છું કે તમારે માટે આ વાત નવી નથી, તેમ જ અસંભવ પણ નથી. એક પ્રેમાળ માતાની જેમ તમે આજ સુધી મારી સંભાળ લીધા કરી છે. તેવી જ રીતે હજી પણ લો, આજે પણ લો, ને મને પૂરેપૂરો સંતોષ આપીને જીવનની પૂર્ણતા ને ઉજ્જવળતાનું દાન દો.

- આસો સુદી ૧, શુક્રવાર તારીખ ૯-૧૦- ૫૩

**દિન 3** : તમારા મધઝરતા મધુર મંગળ મુખને જેણે આંખ ભરીને જોઈ લીધું છે ને તમારી પરમ કૃપાના પારાવારમાં જેણે સારી રીતે સ્નાન કર્યું છે તે જ સંસારમાં સાચો બડભાગી છે, ને પૂજ્ય, સ્તુત્ય ને પ્રશસ્ય પણ તે જ છે. સંસારમાં જન્મ લઈને તેણે મેળવવા જેવું અમર ધન મેળવી લીધું. તમારાં કમળકોમલ ચરણોમાં પોતાના મનને લીન કરીને જેણે પરમાનંદની પ્રાપ્તિ કરી લીધી તે જ સંસારમાં સાચો ભાગ્યશાળી છે ને તેના જેવો ભાગ્યશાળી બીજો કોઈ જ નથી. એવા મહાન બડભાગી બનવાની જ મારી ઈચ્છા છે ને તે ઈચ્છાથી જ રાતદિવસ હું તમારી તરફ તાકીને બેઠો છું. ચારે તરફ લાગી ઊઠેલા દાવાનળની વચ્ચેથી બચવા માટે જેમ કોઈ અંતરના ઊંડાણમાંથી પોકાર કરે તેમ હું તમારી કૃપા માટે પોકારી રહ્યો છું ને તમારી મદદની માંગણી કરી રહ્યો છું. હૃદયમાં તમે કોણ જાણે એવું તે શું જાદું કર્યું છે કે તમારી પરિપૂર્ણ કૃપા વિના મને ચેન પડતું નથી, ને ચેન નહિ પડે. આંખોમાં પણ તમે કોણ જાણે કેવું અંજન આંજી દીધું છે કે તમારા સુમધુર દૈવી દર્શન વિના તેને આરામ નથી ને આરામ નહિ મળે. તમારા સુધામય સ્પર્શ ને સંગીતમય શબ્દો વિના રોમરોમ ને શ્રવણને સુખ નથી ને સુખ નહિ મળે. મારા દિલમાં ઊંડે ઉઠેલા દરદની દવા તમારી જ પાસે છે, કહો કે તમે જ છો. બાકી તમારા વિના ત્રિલોકના વૈભવથી પણ દિલને શાંતિ અને આરોગ્ય નહિ મળે. છતાં તમે વિલંબ કેમ કરો છો ? તમે દયાળુ, કૃપાળુ, પ્રેમસિંધુ કહેવાઓ છતાં વિલંબ કેમ કરો છો ?

ઉપવાસની વેદનાથી કે ગમે તેવા તીખા તપથી પણ તમારું અંતર ઓગળી જશે ને તમારી કૃપા થશે એમ માનીને મેં આ વ્રત શરૂ કર્યું નથી. જે તમારી કૃપા માટે તલસે છે, તેને માટે તપ, વ્રત, વિદ્યા કે સાધનાનો જરા જેટલો અહંકાર પણ નકામો છે એ હું જાણું છું. તમારી કૃપા તો તમારે માટે તલસવાથી ને તમારી કૃપાના પ્રભાવથી જ થઈ શકે છે. છતાં તમારા મંદિરમાં મારો પોકાર સંભળાવવા હું આ વ્રતની વેદના સહેવા ફરી વાર તૈયાર થયો છું. તમે જે ક્ષણે કૃપા કરી દેશો તે ક્ષણ મારે માટે ઉત્સવક્ષણ બની જશે, ને તે ક્ષણે મારું તપ ને વ્રત, મારી સાધના ને સિદ્ધિ બધું જ સંપૂર્ણપણે સફળ થશે.

- આસો સુદી ૨, શનિવાર, તા. ૧૦-૧૦-૧૯૫૩

**દિન ૪ :** ભલભલા મથ્યા પણ તમારી કૃપા વિના પડદો દૂર થઈ શક્યો નહિ. યોગી, મુનિ, તપસ્વી ને વૈરાગી પ્રયત્ન કરીને થાક્યા પણ તમારી કૃપા વિના પડદો દૂર થઈ શક્યો નહિ. અંતર ને આંખ બંનેની આગળનું આવરણ માણસ હજારો પ્રયત્ન કરે તો પણ તમારી કૃપા વિના ટળી શકે તેમ નથી. તમારી કૃપાનો મહિમા એવો ભારે છે. છતાં તમારી તરસ જગાવીને ને તમારી શ્રદ્ધાથી સંપન્ન બનીને જે જીવે છે, ને તમારે માટે નમ્ર બનીને બને તેટલો પુરુષાર્થ પણ કરે છે, તેને તમારી કૃપાનો અધિકારી ગણી, તમારી પરિપૂર્ણ કૃપાથી કૃતાર્થ કરી દો છો, એ વાત પણ સાચી છે, ને તમારા જ પ્રેમમાં મસ્ત થયેલા ને તમારી જ કૃપાસુધા સારુ તરસ્યા બનેલા મહાપુરુષોએ કહેલી છે. એટલે જ હું તમને પૂછું કે તમારા પ્રેમી પુરુષોએ ઉચ્ચારેલી એ વાણી શું સાચી નથી ? શું તે વાણીને સાર્થક કરીને તમારા પ્રેમી પુરુષોનું માન રાખવાની તમારી ઈચ્છા નથી ? તો તમે શું કામ વાર કરો છો ? તમારી કૃપાની વૃષ્ટિ કરવામાં આટલો બધો વિલંબ કેમ કરો છો ? તમારા સુધા ઝરતા પ્રકાશનાં પૂંજ જેવા રૂપ સાથે અત્યારે પ્રકટ થઈને મારી આંખને આનંદ અને અંતરને આરામ કેમ આપતાં નથી ? મારી ઈચ્છા પૂર્ણ થાય તેના પર ઘણું ઘણું અવલંબે છે. આજની અને ભવિષ્યની પેઢીઓને માટે મારું જીવન એક આરસીરૂપ બનશે. ખુદ તમારે માટે પણ તે કસોટીરૂપ બનશે. તમારી કૃપાથી વંચિત રાખશો તો માનવજાતિની શ્રદ્ધા તમારામાં ક્યાંથી થશે, ને જર્જર જેવી બની ગયેલી આધ્યાત્મિક પ્રકાશની પ્રભા ને તમારી પ્રેમભક્તિ જડતા તરફ આગળ ને આગળ વધી રહેલા જગતમાં ક્યાંથી ફેલાશે ? આમાં મારું તો હિત છે જ પણ તમારું ને તમારા જગતનું હિત પણ રહેલું છે. માટે હવે વિલંબ ના કરો.

શું તમારી દુનિયામાં ન્યાય નથી ? તમે જ કહો છો કે જેની જે કામના છે તે કામના હું પૂરી કરું છું તો શુ તે વાત સાચી નથી ? તો પછી આમ ઉપરાઉપરી મને વેદનાની જ્વાળામાં શું કામ જલાવો છો ? વિરહ અને પરિતાપની ભઠ્ઠીમાં શું કામ તપાવો છો ? હું તો તમારા વિના રહી શકીશ નહિ. તમારા વિના મને આનંદ નહિ મળે ને ચેન પણ નહિ પડે એટલે તમારે માટે હું પ્રાર્થના કર્યા કરીશ ને તલસ્યા કરીશ, ને ભૂખ્યું બાળક 'મા'ને માટે અધીરું બનીને આક્રંદ કર્યા કરે છે તેમ તમારે માટે અંતરના અંતરતમમાં આક્રંદ કર્યા કરીશ. મારો તો આ સ્વાભાવિક ગુણધર્મ થયો પણ તમારો ગુણધર્મ પણ કાંઇ છે કે નહિ ? જગતની જનની તરીકે તમારા પ્રેમી કે અપ્રેમી, સાધારણ કે અસાધારણ ને મેલાં કે ઉજળાં બાળકોની સંભાળ લેવાની તમારી પણ કાંઇ ફરજ છે કે નહિ ? એ ફરજ તમે જાણો છો. છતાં દુઃખને લીધે મારે તમને એની યાદ આપવી પડે છે. હું તો તલસ્યા ને પ્રાર્થ્યા કરું છું. પણ તમે ક્યાં સુધી તલસવા ને પ્રાર્થવા દેશો ? તમારા મિલનનો ચોક્કસ દિવસ ને સમય જણાવો તો પણ મને કૈંક શાંતિ વળે. પણ મારી એટલી નાની સરખી માંગણી પણ હજી તમે સંતોષી શકતાં નથી. એ શું બતાવે છે ? શું તમારું હૃદય કઠોર છે ?

- આસો સુદી ૩, રવિવાર તારીખ ૧૧-૧૦-૧૯૫૩

**દિન ૫ :** આજે તો પાણી પરનો પાંચમો દિન. હજી તમારી કૃપા નથી થઇ. 'મા' તરીકેનું નામ તો તમે ઘણું મોટું ધાર્યું છે પણ કામ ઘણું ઢીલું છે. બાળકની સંભાળ લેવાનું કામ પણ વિના વિલંબ કરી દો ત્યારે જ તમારું જગદંબા કે જગતની જનનીનું નામ સાર્થક થાય. આટલી સાધારણ ને સ્વાભાવિક વાતમાં આટલો વિલંબ શા માટે ?

જાણું છું કે એક વામનને માટે ઊંચે લટકતાં ફળને લેવાનું કામ મુશ્કેલ છે. તેને માટે બે જ ઉપાય છે. કાં તો તે આળસ મૂકીને હિંમત ધરીને ઝાડ પર ચઢી જાય. કાં તો ફળ કોઇ કારણથી પોતાની મેળે જ ઝાડ પરથી નીચે પડી જાય. એ વિના ફળ લેવાની તેની ઇચ્છા ભાગ્યે જ પૂરી થઇ શકે. કદાચ તેનામાં શક્તિ જ ના હોય ને કોઇ દયાળુ વટેમાર્ગુ તે ફળ પાડી આપે, કે પવનના સપાટાથી તે તુટી પડે તો પણ તેનું કામ થઇ જાય. તેવી જ દશા મારી છે. જે ફળને લેવાની ને માણવાની મારી તૈયારી છે ને જેને માટે ઊંચા નીચા થવાનો સાધારણ જેવો પરિશ્રમ કરી રહ્યો છું તે પરિશ્રમને તમે તટસ્થ થઇને જોઇ જ રહેશો તો તેથી ધારેલો હેતુ ભાગ્યે જ સરશે. માટે સંસારના છેક સાધારણ વટેમાર્ગુના દિલમાં દેખાય છે તેવી દયા તમે પણ બતાવો ને મને સફળ કરીને કૃતાર્થ કરો.

જગતમાં આજ સુધી અનેક જાતનાં ફળ ચાખ્યાં છે. પણ તે ફળ વિનાશી છે, ને તેથી સંપૂર્ણપણે સંતોષ આપવાની શક્તિ વિનાનાં છે. મને તો તમારી જ લગની લાગી છે, ને તે કેટલાય સમયથી લાગી છે. તમે જ એક અમૃતફળ છો, ને તમને મેળવવા કે માણવાથી જ માણસ અમર ને સુખી બને છે, એ મારી શ્રદ્ધા છે. જીવન ને જગતનું એકમાત્ર ફળ પણ તમે જ છો. બીજા બધાંયે ફળ વિનાશી, રસ કે કસ વિનાના છે. એટલે જ ડાહ્યાં માણસો તેમને છોડી દઇને એક તમારી જ પાછળ પડે છે, તમારી ઝંખના કરે છે, ને તમારે માટે તલપાપડ બને છે. તમે જ પ્રકાશ છો, ને બીજા બધા જ પદાર્થો અંધકારથી ભરેલા છે. એટલે જ જ્ઞાની માણસો અંધકારથી દૂર રહેવા પરમ પ્રકાશરૂપી તમારા સ્વરૂપનું સેવન કરે છે. તમે જ એકમાત્ર અવિનાશી અને અખંડ છો. તેથી અમૃતતત્વની ઇચ્છાવાળા માણસો તમારી સાથે મૈત્રી કરે છે ને આગળ જતાં તમારી સાથે અભેદ સાધે છે. મેં પણ મારી જાતને તમારા પ્રેમના નાજુક છતાં પ્રબળમાં પ્રબળ તાંતણે બાંધી દીધી છે, તમારું શરણ લીધું છે, ને મારી જીવનમિલ્કત તમને સોંપી દીધી છે. છતાં શું કારણ છે કે હજી તમે મારી સામે પ્રકટ થઇને તેની સંભાળ લેતા નથી ?

- આસો સુદી ૪ સોમવાર તારીખ ૧૨-૧૦-૧૯૫૩

એક ને એક વાત વારંવાર કહેવામાં કહે છે કે કાંઇ મઝા નથી. પણ શું કરું ? મારે માટે કોઇ ઉપાય જ નથી. બગીચામાં જ્યાં સુધી સુંદરતા ના આવે ત્યાં સુધી માળી જળસિંચન ને સફાઇ કર્યા જ કરે છે, ને બગીચાની સજાવટના નવા નવા ઘાટ ઘડ્યા જ કરે છે, તથા વીણાના એકના એક તારને પણ આ સંગીતકાર ઠીક કર્યા જ કરે છે, ને ત્યાં લગી ઠીક કર્યા કરે છે જ્યાં લગી તેમાંથી સંવાદી ને કર્ણમધુર સૂર નથી છૂટતાં. રસ ને કસ તથા સમૃદ્ધિ માટે તલસી રહેલી જમીનને ખેડૂત પણ જરાયે કંટાળ્યા કે હતાશ થયા વિના દિવસો સુધી એકનું એક પાણી પાયા કરે છે, ને બાળકના હિતનો વિચાર કરનારી મા પણ બાળકને રાતદિવસ એક જ ખોળામાં સુવાડી એકનું એક પય પાયા કરે છે. આ બધાની પ્રવૃત્તિ ભલાઇને માટે જ થતી હોય છે. તે જ પ્રમાણે મારા સંબંધમાં પણ સમજી લેવાનું છે. જ્યાં સુધી મારા જીવનનો બગીચો પૂરેપૂરો ના ખીલે, મારી જીવનવીણામાંથી તમારી પરિપૂર્ણ કૃપાનો સૂર ના ઉઠે, ને રસ, કસ, સમૃદ્ધિ માટે તલસી રહેલું અંતર પૂરેપૂરો સંતોષ ના માણે, ને મારો પૂરેપૂરો ઉછેર ના થાય, ત્યાં સુધી એકની એક વાત મારે તમને કહ્યા જ કરવી પડશે. ને ગમે કે ના ગમે પણ તમારે તે સાંભળવી જ પડશે. છતાં માળી, સંગીતશાસ્ત્રી, ખેડૂત ને સાધારણ માતા કરતાં તમે ઉત્તમ છો. તેથી જ કહું છું કે હે સર્વસમર્થ ! તમારી શક્તિથી આજે જ મને

સંતોષ આપી દો ને મારા કોડ પૂરા કરી દો, જેથી એકની એક વાત જીવનમાં મારે તમને કદીપણ સંભળાવવી ના પડે.

**દિન ૬ :** નિરાશ કે હતાશ થઇને જે પોતાનું કામ મૂકી દે છે તે સફળતાનો આનંદ ભાગ્યે જ મેળવી શકે છે. વિઘ્નો કે કષ્ટોથી ચલાયમાન થઇને જે પોતાનો માર્ગ મુકી દે છે, ને સાધનાના માર્ગની અધવચ્ચે જ જે માથે હાથ મુકીને દુઃખના ડુંગરભારથી દબાઇને ભગ્નહૃદય થઇને બેસી જાય છે તે સાધનાના રહસ્યની પ્રાપ્તિ ભાગ્યે જ કરી શકે છે. મોતીને મેળવવાની ઉત્કટ ઇચ્છાથી મરજીવાએ વિશાળ સાગર તરફ દોટ તો મૂકી, પણ સાગરના આકાશને અડવા માટે ઉછળતાં તરંગોને જોતાંવેંત તેનો ઉત્સાહ શમી ગયો ને તેની આશા પર પાણી ફરી વળ્યું. સમુદ્રની અનંતતાથી અંજાઈ ને ડઘાયને બે હાથ જોડી તે સમુદ્રને કિનારે બેસી ગયો. એ દશામાં મોતી કેવી રીતે મળી શકશે ? મોતી મેળવવા એ કાંઈ રમત થોડી છે ? એ તો શિર સટોસટનો સોદો છે. જેની ઈચ્છા હોય તે સાગરની અંદર પ્રવેશ કરી લે. તમારી કૃપાનો કે આત્મિક સાધનાનો સાગર પણ એવો જ અનંત છે. માણસ તેમાં હિંમત ને પ્રેમથી પ્રવેશ કરે તો મોતી જરૂર મેળવી શકે. પણ એ મોતીની પ્રાપ્તિમાં એક વાત યાદ રાખવાની છે. અહંકારનો જરા પણ અંશ અડ્યો તો બધી જ બાજી બગડી જાય છે. એથી ઉલટું, હૃદયને નમ્ર કરીને જે તમારી કૃપા માટે તલસે છે તેની સંભાળ તમે પોતે રાખો છો ને તમારી કૃપા ને સાધનાની સિદ્ધિના મોતી તેના હાથમાં મૂકી દો છો. તમારા પરમ પ્રેમસાગરને કિનારે બેસીને તલસે તો પણ કૃતાર્થ કરી દો છો. તમારે દ્વારે આશાપૂર્વક આવેલું કોઈ પણ પ્રાણી નિરાશ થઈને પાછું વળતું નથી એમ કહેવામાં આવ્યું છે તે ખરેખર સાચું છે.

- આસો સુદી ૫, મંગળવાર, તારીખ ૧૩-૧૦-૫૩

**દિન ૭ :** ગંગાનો દેખાવ કેટલો સુંદર લાગે છે ! પવિત્ર હૃદયના પ્રેમપ્રવાહ જેવી વહી રહેલી ગંગા આંખ ને અંતરને જોતાંવેંત જ આનંદ આપે છે, ને મનની મરુભૂમિમાં ભાવનાની ઉત્તમોત્તમ ફોરમ ફેલાવી દે છે. માણસો તેમાં સ્નાન કરે છે, તેના નિર્મળ જળમાં ઊભા રહીને સૂર્યને સાંજ-સવાર અર્ધ્ય આપે છે, તેના તટ પર આસન વાળીને જપ, ધ્યાન, સંધ્યા ને પ્રાર્થના કરે છે. કોઇ એની આરતી ઉતારે છે, કોઇ પ્રસન્ન થઇને તેના પવિત્ર પાણીમાં પુષ્પો પધરાવે છે, તો કોઇ તેને હાથ જોડીને વંદન કરીને તેના તરફની પૂજ્ય બુદ્ધિ પ્રકટ કરે છે. માણસો તેને જડ નહિ પણ ચેતનાથી ભરેલી માને છે, ને એ રીતે તેનું માન કરે છે. ગંગાને આટલી બધી મહત્તા મળી છે તેનું કારણ શું ? કારણ એ જ છે કે તે નિર્મળ છે, સરળ છે, ને બીજાને માટે મંગળ કે ઉપકારક છે. તે ઉપરાંત, સાગરના પરમ દેવની તરફ પ્રસન્નતાથી વહી જવામાં જ તેનો આનંદ છે. જીવન પણ આવું નિર્મળ, પ્રેમાળ, સરળ ને ઉપકારક થઈ જાય, તથા પોતાની બધી જ શક્તિથી તમારી તરફ વહેતું થાય તો તેની મહત્તા થાય અને તે એવા આનંદ ને રસથી તરબોળ બને, જેની બરાબરી કોઈની પણ સાથે ના થાય. તમારી પૂર્ણ કૃપા વિના એવું કેવી રીતે બને ? માટે જ ગંગાને પવિત્ર કિનારે બેસીને કહું છું - કહો કે વિનવું છું કે પ્રકાશનો પૂર્ણ ભંડાર ભરીને હિમાલયની હરિયાળી પર્વતમાળાની પાછળથી જેમ પૃથ્વીના પ્રાણ જેવો સૂરજ પ્રકટ થાય છે, તેમ પ્રેમીના પ્રાણ જેવાં તમે, કૃપાની પૂરેપૂરી પ્રસાદી લઈને મારી સામે પ્રકટ બનો, ને મને પ્રકાશ, જીવન ને શાંતિ ધરો.

તમને વધારે શું કહેવું ? આ સમયમાં તો અન્નસમા પ્રાણ કહેવાય છે. પ્રાણીમાત્ર અન્નના આધાર પર જ જીવે છે. છતાં તમે મને આટઆટલા દિવસથી દૂર ને દૂર રહીને તલસાવ્યા કરો છો ને શાંતિનો શબ્દસરખો કહેતાં નથી એ ખરેખર અજબ જેવું છે. છતાં મારે તો તમારી કૃપાપ્રાપ્તિ ગમે તેમ કરીને કરવી જ છે, તે વિના મારા લગીર જેટલા જીવનની સફળતા નથી, એટલે મારે તમારે માટે તલસ્યા વિના છૂટકો જ નથી. છતાં મને એમ થાય છે કે તમે આમ ને આમ આકરા કષ્ટમાં નાખ્યા કરશો, તો આ સમયના ચંચળ ને અશક્ત માણસો તમારા પ્રેમી થવાની ઉમેદવારી કરવા કેવી રીતે તૈયાર થશે ?

ગંગામાં પડેલું નાવડું આમતેમ અથડાય છે, ને હિંમત હાર્યું હોય તેમ ડોલ્યા કરે છે. ઉપરાઉપરી ઊછળતાં તરંગો તેને હલાવ્યા કરે છે, ને પવન તેમાં સાથ આપતો હોય તેમ સૂસવાટા કરતો વહી રહે છે. જોનારા માણસોને આથી આનંદ થાય છે. પણ તેની અસહાય દશાનો કોઈને વિચાર આવતો નથી. ત્યાં તો કોઈ ખલાસી આવે છે, ને તેમાં કૂદી પડી, હલેસાં મારીને તેને હંકારવા માંડે છે. આ વખતે નાવના આનંદનો પાર રહેતો નથી, ને ઊંડાં પાણીમાં પ્રેમ ને પ્રસન્નતાથી તે વહેવા માંડે છે.

મારા જીવનનું નાવડું પણ શું અત્યારે આવું નથી ? તમારા પ્રેમ ને વિરહના પાણીમાં તે ડોલ્યા કરે છે. તેને કોઈ તારણહારની જરૂર છે. પણ તમારા વિના તેનો તારણહાર બીજો કોણ થઈ શકે તેમ છે ? માટે જ કહું છું કે જલદી પધારો, ને જીવનની મારી નૈયાને સહીસલામત પાર કરો.

- આસો સુદ ૬, બુધવાર તા. ૧૪-૧૦-૫૩

**દિન ૮ :** આજે આઠ આઠ દિવસનાં વ્હાણાં વાઈ ગયાં છતાં મારી વેદના જોઈને તમારું રુંવાડુંયે હાલતું નથી, ને બીજું તો ઠીક, પણ આશ્વાસનના બે શબ્દો બોલવા જેટલી દયા બતાવવાનું પણ તમને મન થતું નથી, તે જોઈને મને અચંબો થાય છે. સમજુ માણસોએ સ્ત્રીના હૃદયને કુસુમ જેવું કોમળ ને પ્રેમમય તથા વહેલામાં વહેલી તકે પીગળી જાય તેવું કહ્યું છે. પણ મારી આટઆટલી લાંબી ને આકરી પીડા છતાં તમારું હૃદય હજી લેશ પણ પીગળતું નથી, ને પ્રેમ, કરુણા ને કૃપાનો અસ્ખલિત પ્રવાહ બનીને મારા તરફ વહેતું નથી. તેને મારે કરુણ, પ્રેમાળ ને સહેજે પીગળે તેવું કેવી રીતે માનવું ? શાસ્ત્રકારો ને સંતોએ પણ આ યુગમાં તમારી સહજમાં થઈ જનારી કૃપાનો મહીમા સારી પેઠે ને સુંદર શબ્દોમાં ગાઈ બતાવ્યો છે. પણ તમારી કૃપા એટલી સહજ ક્યાં છે ? વિપત્તિ, વિરહ ને વેદનાની ભઠ્ઠીમાં દિવસરાત જલતા રહીને પ્રેમીએ તમારે માટે ખાખ જેવા થઈ જવું પડે છે. તમારા પ્રેમની ભભૂતિ ચોળી, બધા જ પ્રકારની ભોગેચ્છા ને વાસનાનો ત્યાગ કરી, તમારા ચરણોમાં સ્વર્ગ, મુક્તિ ને વૈકુંઠનું સુખ માની, તમારે માટે દિવસોના દિવસો ને વરસોના વરસો સુધી તલસવું પડે છે. બધા પ્રકારની મમતા ને આસક્તિનો ત્યાગ કરી, તમને જ સર્વસ્વ માની, તમારી પાછળ ફકીરી લેવી પડે છે, ને ઉપાસનાના પવિત્ર થયેલા અગ્નિથી પોતાની જાતને જલાવવી પડે છે. તમારા પ્રેમનો પંથ એવો ભારે છે. કાચાપોચા મનના માણસો તેના પર ચાલવાનો પણ વિચાર કરતાં નથી. ને જે વિચાર કરીને બે ચાર પગલાં ભરે છે તે પણ જો કાયર હોય છે તો અધવચ્ચેથી પાછા ફરે છે. પોતાને બળીયા માનતા માણસોના મનમાં પણ જો મોટાઈનો વિચાર આવી જાય તો તેમનું આવી બને છે ને એમની દશા ખરેખર જોવા જેવી થઈ જાય છે. તેમને તમારી કૃપાના સિંધુના એક બિંદુનો પણ સ્વાદ મળી શકતો નથી. મહાપુરુષો કહે છે કે તમારા પ્રેમ ને તમારી કૃપાનો સ્વાદ તેને જ સાંપડી શકે છે, ને

તમારા પ્રેમનો પંથ તેને જ સારુ સરળ થઈ શકે છે, જે નિરહંકાર ને નમ્ર બનીને એક તમારે જ માટે તલસ્યા કરે છે ને ચાતક જેમ લગની લગાવીને તમારી તરફ તાકી રહે છે. એકાદ બડભાગી ક્ષણે તેના બધા જ તપ તથા તલસાટનો અંત આવે છે, તેના મુખમાં તમારી કૃપાનો અમૃતરસ ટપકી પડે છે, ને તેના દુઃખ તથા દર્દ સદાને માટે દૂર થાય છે. આમ હોવાને લીધે જ, એક તરફ વેદનાની સીમા નહિ હોવા છતાં, બીજી તરફ તમારા પ્રેમ ને વિશ્વાસનું ભાથું ભરી તમારી કૃપાની આશામાં તમારી તરફ તાકી રહેતાં બેસી રહ્યો છું. છતાં તમે હજી વાર કેમ કરો છો ? મારામાં તમારા માટેની યોગ્યતા કદાચ ઓછી હશે, પણ તે તો તમારા દર્શનમાત્રથી પૂરી થઇ જશે. મારામાં કોઇ દુષણ કે દુષ્કર્મો પણ ભરાઇ બેઠા હશે, પણ તે તો તમારી કૃપા થતાંવેંત જ દૂર થઇ જશે. તમારા દર્શન, સ્પર્શ ને વચનામૃતના પ્રભાવથી મારો નવો જ ઘાટ ઘડાઇ જશે, મારું તન, મન, અંતર બધું જ પલટાઇ જશે, ને મારું જીવન અલૌકિક બનશે. માટે પ્રેમી ભક્તોને માટે હે પારસમણિ ! હવે લેશ પણ વિલંબ કર્યા વિના પ્રકટ બનો, ને તમારા શીતળ સુવાસિત સ્પર્શથી મને પણ સુવર્ણમય જ નહિ, પણ પ્રેમ, પવિત્રતા ને પૂર્ણતાનો પારસ કરો.

- આસો સુદી ૭, ગુરુવાર તારીખ ૧૫-૧૦-૧૯૫૩

**દિન ૯ :** આજે તો નવરાત્રીના પવિત્ર પર્વનો છેલ્લો દિન. મારી કાકલૂદીભરી પ્રાર્થના છે કે આજે તો તમારી કૃપા મારા પર જરૂર જરૂર કરી દો, ને મારી બધી જ ચિંતા ને વેદનાનો સુખદ અંત લાવો. આ દિવસોમાં તમારા નામ પર કેટલો આનંદ થઇ રહ્યો છે ! તમારા ગુણગાન ગાનારા લોકો આખી રાતનું જાગરણ કરે છે ને ગરબા તથા રાસ રમીને આનંદે છે. મને પણ આ દિવસોમાં પરમાનંદનો ભાગી બનાવવા તમે કૃપા કરો, ને તમારા અજોડ જેવા સ્વરૂપનું દર્શન આપી, મારા તન, મન, અંતરમાં કદિ પણ તૂટે કે ખૂટે નહિ એવા રાસને જાગ્રત કરો.

- આસો સુદી ૮-૯, શુક્રવાર તારીખ ૧૬-૧૦-૧૯૫૩

**દિન ૧૦ :** આજે તો વિજયાદશમી. ધાર્યું'તું કે મારે માટે પણ આજનો દિવસ ખરેખર વિજયાદશમીનો દિવસ બનશે ને સંસારી લોકોના અંતરમાં જેવો આનંદ ફરી વળેલો દેખાય છે એથીયે અનેરો અને અદકો આનંદ મારા અંતરમાં પણ ફરી વળશે. પરંતુ આનંદનો એ દિવસ હજી મારે માટે ઊગી શક્યો નથી, એ એક મોટી કમનસીબીની વાત છે. કહે છે કે આ દિવસે ભગવાન શ્રી રામે રાવણનો નાશ કર્યો હતો. તે વાત બરાબર હોય તો પણ, મારી જીવનનગરીમાં બેઠેલા વિરહરૂપી રાવણનો નાશ થવો હજી બાકી જ છે. તમારા ધર્મરાજ્યમાં આ રાવણનું આટલા લાંબા વખત લગી ચાલી રહેલું રાજ્ય ખરેખર નામોશીરૂપ ને તમારા પવિત્ર એકછત્ર સામ્રાજ્યમાં આતંક અને અંતરાયરૂપ છે. તમે રણચંડી બનીને મહિષાસુર તથા ચંડ, મુંડ, શુંભ-નિશુંભ જેવા મહાબળિયા રાક્ષસોને નિમિષમાત્રમાં મારી નાખ્યા, તથા બીજા કૈંકને ક્ષુલ્લક જંતુની જેમ રણમાં રોળી નાખ્યા. છતાં વિરહનો સાધારણ શત્રુ તમારા રાજ્યમાં આટલો બધો ઉલ્કાપાત મચાવે છે એ આશ્ચર્યકારક છે. તમારી શક્તિને માટે તે પડકારરૂપ છે. વિરહના એ મહાન અસુરનો નાશ થવાથી સિદ્ધિરૂપી સીતા છૂટી શકશે એમાં સંદેહ નથી. તમારે માટે આ કામ ઘણું સહેલું છે. વળી આતંકકારીનો નાશ કરવો એ તો તમારો સ્વભાવ છે - કહો કે જીવનધર્મ છે. છતાં તમે આવી સાધારણ ને સ્વભાવસહજ બાબતમાં પણ વિલંબ કરો છો તે વિચિત્ર જ છે.

નગરમાં આજે બધે સ્થળે પૂજા થઇ રહી છે, ને લોકોની મંડળી આનંદમાં ફરી રહી છે. ઘર ને દુકાનોનો શણગાર થઇ રહ્યો છે, ને ગંગાસ્નાન તથા દેવદર્શન માટે માણસોનો જાણે કે મેળો જઇ રહ્યો છે. મારી નાનકડી મઢૂલીમાં પણ આ જ પ્રમાણે શણગાર થયો હોત, ફુલમાળાની ફોરમ ફેલાઇ હોત, ને દીપકનો પ્રકાશ પ્રકટ્યો હોત. પરંતુ તે ભાગ્ય હજી દૂર છે. કેટલું દૂર છે તે તમે જ જાણો છો. છતાં હવે તો હદ થઇ. મારા પર ઘણું ઘણું વરસી ચૂક્યું. સહન થાય તેનાથી પણ વધારે વરસી ચૂક્યું. જેમ તેમ કરીને મેં તે સહન કરી લીધું, ને હજી પણ સહન કરી રહ્યો છું. એ જ આશાથી પ્રેરાઇને કે તમારું દિલ આજે નહિ તો કાલે પણ જરૂર જરૂર પીગળશે, ને મારી બધી જ ચિંતા, વેદના ને તપશ્ચર્યા સફળ બનશે. એ ઘડી જલ્દી જલ્દી આવે એવી મારી અરજ છે. એ બધું તમારા જ હાથમાં છે. ને તમે ધારો તો આ વિજયાદશમીના દિવસને તમારો ને મારો વિજય ને આનંદનો પર્વદિવસ બનાવી શકો છો, રજનીનો અંધકાર દૂર થાય ને પ્રભાતનું પ્રથમ કિરણ સંસારના પુણ્યમય પ્રવાસે ચાલી નીકળે તે પહેલાં જ મારા જીવનમાં પ્રશાંતિ ને પૂર્ણતાનું પ્રભાત પ્રકટાવી શકો છો, ને એ રીતે આજના દિવસને મારે માટે અમર જીવનનો દિવસ બનાવી શકો છો.

- વિજયાદશમી, શનિવાર તારીખ ૧૭-૧૦-૧૯૫૩

**દિન ૧૧ :** રોજ આની આ પ્રાર્થના કરતાં તમારી કૃપાને માટે ઝંખતા બેસી રહેવું પડે છે તે શું સારું લાગે છે ? મારું મોઢું તો જુઓ, કેટલું સૂકાઇ ગયું છે ? આંખો ઊંડે ઉતરી ગઇ છે, ને શરીરનાં હાડકાં ઉપર ઉપસી આવ્યા છે. આ દશામાં તમે મને ક્યાં લગી તલસાવવા માંગો છો તે પણ કહી દેશો ? માતાજી મૂંગે મોઢે કેટલી ચિંતા ને પ્રાર્થના કરે છે ? તમારી કૃપાસુધા વહેલામાં વહેલી તકે વરસી જાય એવું તે પણ ઇચ્છે છે. તેમના હૃદયમાં આટલો પ્રેમ ને આટલી કરુણા તથા લાગણી છે તો તમે માતાના પણ માતા ને જગદંબા છો. તમારા દિલમાં તો તમારા બાળકોને માટે કેટલો બધો પ્રેમ હોય ! અરે તમે તો પ્રેમરૂપ જ છો. છતાં પણ મારી યાતનાને ઠંડે કલેજે જોયા કરતાં હો તેમ હજી પણ મૂક કેમ રહ્યાં છો ? એક તો આ હિમાલયની દૈવી ભૂમિ છે. તેમાંય વળી માયાપુરીના આ પ્રદેશનો મહિમા શાસ્ત્રોમાં ઘણો પ્રસિદ્ધ છે. વળી પતિતપાવની ગંગાનો કિનારો છે. વળી નવરાત્રીના અનુસંધાનના પવિત્ર પર્વદિવસો છે. આ બધા ઉત્તમમાં ઉત્તમ યોગ મળ્યા છે તો પણ તમારી કૃપા કેમ નથી થતી ? મારી યોગ્યતા તો કદી પૂરી થવાની જ નથી. એટલે તે તરફ તો તમે જોશો જ નહિ. ફક્ત તમારી યોગ્યતાનો વિચાર કરો. તો એક ક્ષણનો પણ વિલંબ કરવાનો તમને ઉચિત નહિ લાગે. આ સાધારણ જગતમાં પણ, તમને જેની સાથે વધારે કૈં જ લાગતું વળગતું ના હોય તેવા કોઇ સાધારણ સાંસારિક હેતુને માટે કોઇ ઉપવાસ પર ઉતરે છે તો મિત્રો ને સ્નેહીઓ તેને ઘેરી વળે છે, કેટલાય સહાનુભૂતિ બતાવે છે ને આશ્વાસન આપે છે; તથા લાગતાંવળગતાં માણસો તેમને સંતોષ આપવા ને તેમનું સારી પેઠે સમાધાન કરવા દોડાદોડ કરીને પોતાનાથી બનતાં બધા જ પ્રયાસ કરી છૂટે છે. તો આ તો દૈવી અને આધ્યાત્મિક જગત છે. તેના નિયમો તો વધારે નક્કર છે. વસ્તીમાં કે વસ્તીથી દૂર જંગલ કે એકાંતમાં જે તમારે માટે બેસે છે તેને પણ તમારી મદદ મળે છે. તો પછી ગંગાતટના એકાંત સ્થાનમાં બેસીને આજે દિવસોથી તમારા કૃપાકટાક્ષની આશા કરતાં વખત વીતાવી રહ્યો છું છતાં તમારા પાર્ષદ કે પ્રતિનિધિ જેવા સિદ્ધપુરુષો કે યોગીઓ ફરકતાં જ નથી તેનું કારણ ? શું હિમાલયમાં સિદ્ધ યોગીવરોની ખોટ પડી છે ? શું આ બ્રહ્માંડમાં પણ તેમનો દુકાળ પડ્યો છે ? તો પછી આટલા સાધારણ કામમાં પણ તે કેમ

મદદ કરવા દોડતા નથી. તમે તમને કેમ મોકલતા નથી ? તમારી જ પ્રેરણાથી આ વ્રત મેં શરૂ કર્યું છે. છતાં તમે તેને સફળ કરવાનો સક્રિય પ્રયાસ કેમ કરતાં નથી ? મેં સાફ સાફ કહી દીધું છે કે તમારા પ્રત્યક્ષ મિલનનો દિવસ કોઇ કારણથી હજી જરા દૂર હોય તો છેવટે તે દિન ક્યો છે તે વાત કોઇ સિદ્ધ મહાપુરુષ દ્વારા પ્રત્યક્ષ રીતે મને જણાવી દો. તો પણ મને કૈંક નિરાંત વળે ને મારો પ્રયાસ સફળ બને. છતાં તમે તેનો જવાબ પણ આપતા નથી એથી વધારે દુઃખકારક બીજું શું હોઇ શકે ?

- આસો સુદી ૧૧ રવિવાર તારીખ ૧૮-૧૦-૧૯૫૩

**દિન ૧૨ :** વેદનાની આ કહાની હજી કેટલા દિવસ કહ્યા કરવી પડશે તે તમે જ જાણો છો. છતાં મારી સ્થિતિ તો સ્પષ્ટ છે. જ્યાં સુધી તમારા અમૃતમય સ્વરૂપનું દર્શન નહિ મળે ત્યાં સુધી મને સંતોષ નહિ જ થાય ને શાંતિ પણ નહિ મળે. મારા જીવનનું ધ્રુવપદ તમે જ છો. એટલે તમારી પ્રાપ્તિ વિના મને કેમે કરીને પણ આનંદ નહિ જ મળે. માટે જ હું તમને વારંવાર પ્રાર્થના કરું છું કે તમારા મધુર ને મંગલ મિલનના આનંદરસમાં મને સદાને માટે નવરાવી દો.

તમારી કૃપાનો મહિમા ગાતાં ભક્તો થાકતા નથી. તેમના વચન પર વિશ્વાસ રાખીને જ હું તમારે મંદિરદ્વારે આટઆટલાં દિવસથી મારો પ્રેમપોકાર સંભળાવી રહ્યો છું. તમારા પ્રેમી બાળકોની સંભાળ લેવા તમે સદાયે તત્પર રહો છો ને તેમને જરાપણ દુઃખ દીધાં વિના સુખ ને શાંતિનું દાન દો છો એવું તેમનું કહેવું છે. તો શું મારે તે બધું ખોટું માનવું ? જેમના મન, વચન, કર્મમાં સત્ય સિવાય બીજું કૈં જ ન હતું, ને જેમની વાણી વિશાળ અનુભવના આધાર પર ઘડાઇ હતી, તેમનું કથન ખોટું હોઇ જ કેમ શકે ? માટે જ એકવાર ફરીથી પ્રાર્થું છું કે તમારા પ્રેમીભક્તોના વચનને સત્ય કરવાને માટે પણ તમે મારી સંભાળ લેવા જલદી જલદી દોડી આવો ને મને ઇચ્છા પ્રમાણે શાંતિ આપી ઉપવાસ અને સાધનાની લાંબી વેદનામાંથી ઉગારો. તમે આજ લગી અનેક ભક્તોના કામ કર્યા છે - ભગીરથમાં ભગીરથ જેવા કામ પણ કર્યાં છે. ત્યારે આ કામ તો ઘણું જ સાધારણ છે. વળી ભક્તોને દર્શન દેવાના ને તારવાના કામથી તો તમે ટેવાઇ ગયા છો. એ તો તમારું સ્વાભાવિક કામ છે. માટે જ કહું છું કે હવે વિલંબ ના કરો. હું તમારા પ્રેમી ભક્તોની હારમાં બેસી શકવાની લાયકાતવાળો નથી. છતાં પણ તમારો છું, તમારી કૃપાની ભિક્ષા માંગતો જીવી રહ્યો છું, ને તમારામાં જ રસ ધરાવું છું. એટલું યાદ કરશો તો જરા પણ વિલંબ નહિ કરો. તમે તો જગન્માતા છો. માતા પોતાના બાળકની યોગ્યાયોગ્યતાનો વિચાર નથી કરતી. પોતાના બાળકથી ઘડીભર પણ દૂર રહે ને તેને તાપમાં તપાવે એવી માતા કેટલી કઠોર હશે ? આ બધું તમને પ્રેમના ઉભરામાં કહી રહ્યો છું. કાલે એ કહેવું ના પડે માટે આજે જરૂર જરૂર પધારો ને મને આનંદ આપો.

- આસો સુદી ૧૨, સોમવાર તારીખ ૧૯-૧૦-૧૯૫૩

**દિન ૧૩ :** તમારી પ્રેરણા કે આજ્ઞાના આધાર પર જ મારું જીવન ચાલ્યા કરે છે ને નિરંતર વિકાસ કરે છે. તે જ પ્રેરણાના આધાર પર આજે મેં ઉપવાસ પૂરા કર્યા છે. પણ આટલા દિવસ તપવાં ને પ્રાર્થવા છતાં તમારા મિલનની ઇચ્છા હજી અધૂરી છે. મારા મનોરથને તમે પૂરો નથી કર્યો. એટલે તમારી પરિપૂર્ણ કૃપાને માટેનો મારો યજ્ઞ ચાલુ જ રહે છે. કેટકેટલી વાર મારે આમ એકધારું તપવું પડ્યું ને કેટકેટલી વાર તમે મને ઉપવાસના આકરા કષ્ટમાંથી આશ્વાસન અને આશા આપીને ઉઠાડ્યો. છેલ્લાં પાંચ-છ વરસનો

ઇતિહાસ એક રીતે એનો જ ઇતિહાસ છે. છતાં મારી આશા તૂટી નથી, શ્રદ્ધા ખૂટી નથી, ને પ્રેમની જાગી ગયેલી જ્યોત જલતી મટી નથી. નગરમાં કે વનમાં, એકાંતમાં કે વસ્તીમાં, દિવસે કે રાતે, સર્વ સ્થળે ને સર્વ સમયે, મારું મન તમારા તરફ તાકીને બેસતું હોય તેમ મીટ માંડીને બેસી રહે છે ને તમારી આરાધનામાં ઓતપ્રોત બને છે. બધી જ દશામાં ને બધાં જ સ્થળોમાં તમારા મંગળ મિલનના એકમાત્ર આદર્શ તરફ મારી બધી જ વૃત્તિ એકાગ્ર બનીને બેસી રહે છે ને તમારી પૂજાના ફળનું કામ કર્યા કરે છે. શરીર તમારી ઇચ્છા પ્રમાણે ઠેકઠેકાણે ફરે છે ને રહે છે પણ મન ને પ્રાણ તમારી જ પાસે રહેવાના ને તમારી સાથે એક થવાના કોડ સેવ્યા કરે છે. આ દશા કેટલો વખત ચાલશે ? તમારી કૃપા થાય તો નિમિષમાત્રમાં તેનો અંત આવી જાય. બાકી તો તેનો કોઇ ઉપાય નથી. તપ કે વ્રત તેનું અંતિમ નિરાણકરણ કરી શકે તેમ નથી. એ કૃપાને મેળવવા મારો મનોરથ હજી અધૂરો જ રહે છે, એ ઓછા દુઃખની વાત નથી. છતાં દુઃખનો વિચાર કરીને બેસી રહેવાથી પણ શું ? તમારી ઇચ્છાને અનુકૂળ થઇને હું તપું છું તેમ હજી તપતો રહીશ ને તમારી ઇચ્છામાં આનંદ માનીને તમે કરાવશો તેમ બનતો પુરુષાર્થ કરતો રહીશ.

- આસો સુદી ૧૩, મંગળવાર તારીખ ૨૦-૧૦-૧૯૫૩

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૭. ઉપવાસના અનુસંધાનમાં

ઉપવાસ દરમ્યાન આબોહવા ખૂબ અનુકૂળ રહી. જો કે આ વરસે અધિક માસ ગયો હતો, એટલે નવરાત્રીની શરૂઆતથી ઋતુ બદલાઇ ગયેલી દેખાતી. છતાં ઠંડીને શરૂ થવાને વાર હતી. એટલે ઉપવાસના દિવસો સારી રીતે વીતી ગયા. ઉપવાસ દરમ્યાન શારીરિક નિર્બળતા વધે એ દેખીતું છે. પરંતુ જીવન કાંઇ તેનો જ વિચાર કરીને બેસી રહેવા માટે નથી. શરીરને સબળ ને ભારેખમ બનાવવું ને તેમાં જ સંતોષ માનીને બેસી રહેવું એ જ કાંઇ જીવનનું સાચું ધ્યેય નથી. શરીરને વધારે કિંમતી બનાવનારી બીજી ઘણી વસ્તુ શરીરની અંદર રહેલી છે ને તેની ઉન્નતિ વિશે પણ માણસે વિચારવાનું છે. ફક્ત શરીરનો વિચાર કરીને બેસી રહ્યા હોત તો ધ્રુવ ને વિશ્વામિત્ર તથા નરસી ને તુકારામ તેમજ પાર્વતી જેવા પ્રાતઃસ્મરણીય સ્ત્રીપુરુષો જીવનમાં પરમ કઠિન તપવ્રત કરીને ઉત્તમ આત્મબળ ને ઇશ્વરકૃપાના ધનની પ્રાપ્તિ કેવી રીતે કરી શક્યાં હોત ? પણ ના, જીવન ફક્ત ભોગને માટે નહિ, પણ યોગને માટે પણ છે. ત્યાગ ને તપશ્ચર્યા પણ જીવનનું આવશ્યક અંગ છે. શરીરની શક્તિની સાથે સાથે આત્મશક્તિની અગત્ય પણ જીવનમાં છે - કહો કે સૌથી વધારે છે.

ઉપવાસ દરમ્યાન માતાજીને પોતાને માટે રસોઇ બનાવી લેવી પડતી. એ તેમને માટે પણ કાંઇ ઓછી તપસ્યા ન હતી. છતાં કેટલાંક વરસથી આ બાબતમાં તે ટેવાઇ ગયેલાં એટલે ખાસ ચિંતા ન હતી. રસોઇ બનાવવાનું કામ તે ખૂબ પ્રેમથી કરી લેતાં. તેમની ધીરજ, સમજ ને શ્રદ્ધા અજબ હોવાથી તે આનંદમાં જ રહેતા. મારું કામ જલ્દી સફળ થાય એવી પ્રાર્થના પણ કર્યા કરતા, ને બધી રીતે મદદરૂપ થતાં. છેલ્લાં પાંચ છ વરસથી મારે જે કઠોર સાધના કરવી પડેલી તેનાં તે સાક્ષી રહ્યાં છે એટલે મારા માર્ગને તે સમજતાં ને બધી રીતે અનુકૂળ બનતાં. એ બાબત તેમની જેટલી પણ પ્રસંશા કરીએ તે ઓછી છે. તેમનું હૃદય ખરે જ મહાન ને પવિત્ર છે.

ઉપવાસના અનુસંધાનમાં મેં મારી પ્રાર્થના ચાલુ જ રાખી. તે તો પૂર્ણ સફળતા ના મળે ત્યાં સુધી ચાલુ જ રહેવાની હતી. છતાં શરૂઆતની પ્રાર્થનાની થોડીઘણી ઝાંખી અહીં કરાવી રહ્યો છું.

**દિન ૧૪** : જ્ઞાનીઓ તમારા વિશ્વમોહન સ્વરૂપનો અનાદર કરે છે ને તમારા સાકાર રૂપને મિથ્યા માનીને ઉડાવી દેવાનો પ્રયાસ કરે છે. પણ તે સાચા જ્ઞાની નથી. તે તો જ્ઞાનીના વેશ નીચે છૂપા રહેલા અજ્ઞાની જ છે. જે સાચા જ્ઞાની છે તે તો તમારામાં ને વેદના બ્રહ્મમાં કાંઇ જ ભેદ માનતા નથી, શાસ્ત્રો ને મહાપુરુષો એકી અવાજે આનું સમર્થન કરે છે, ને તમારા સાકાર સ્વરૂપનું પણ પ્રતિપાદન કરે છે. શુકદેવ ને પ્રહલાદ જેવા પરમહંસો પણ તમારા પ્રેમથી વિભોર બનીને તમારા સ્વરૂપના દિવ્ય સૌંદર્યની પાછળ પાગલ બન્યા હતા, ને તમારી સાથે એક થવા છતાં પણ તમારા પ્રેમનો આસ્વાદ લેવા તમારા પ્રેમી બનીને જીવનભર તમને ભજી રહ્યા હતા. જ્ઞાનીઓ કહે છે કે બ્રહ્મતત્વના અનુભવમાં તો આનંદ છે જ પરંતુ તમારા મંગળ ને રસનીતરતાં સ્વરૂપમાં તેથી પણ વધારે રસ અને આનંદ છે. ને મારો તો અનુભવ છે કે ધ્યાન, ધારણા ને શ્રવણ, મનન તથા નિદિધ્યાસન કરીને પોતાની અંદર બ્રહ્મતત્વનું દર્શન કરવાના કઠિન કામથી પણ તમારા જ્ઞાન, આનંદ, સૌંદર્ય ને સત્યની મૂર્તિ જેવા રૂપનું દર્શન ને સાક્ષાત દર્શન કરવાનું કામ વધારે

કઠિન છે ને તેમાં વધારે પરિશ્રમ પડે છે. કોઇક પુણ્યશાળી ને બડભાગીના દિલમાં તમારા આવા સાક્ષાત દર્શનની લ્હે લાગી જાય છે. બાકી વધારે ભાગના જ્ઞાની તો તમારા નિરાકાર સ્વરૂપથી સંતોષ પામી બેસી જાય છે. જ્ઞાનના ગુમાનથી જેને ભારેખમ બનવું હોય ને બ્રહ્મનો વિચાર કરીને જેને કૃતાર્થ થવું હોય તે ભલે ભારેખમ બને ને કૃતાર્થ પણ થઇ જાય, મને તો તેટલી કૃતાર્થતામાં જ પૂરાઇ રહેવાનું પસંદ નથી, એ તમે જાણો જ છો. મને તો તમારા દૈવી સ્વરૂપના દર્શનની લગની લગાડીને તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે. તમારે માટે મારા હૃદયમાં કદીયે ના તૂટે ને કોઇ કાળે ના ખૂટે એવો રાગ જગાવીને તમે મારા પર મોટો અનુગ્રહ કર્યો છે. એ મહાન ભાગ્યથી મને સંતોષ છે. તમારા નિર્ગુણ નિરાકાર રૂપનો આનંદ તો મને મળ્યો જ છે. પરંતુ તમારા સાકાર સ્વરૂપના સાક્ષાત દર્શન માટે દિવાના જેવો કરી દઇને તમે મને જે આનંદ આપ્યો છે તે પણ ખરેખર અજોડ ને અદભૂત છે. તો હવે એ આનંદને પૂર્ણ કરી દો, પરમાનંદમાં પલટાવી દો, ને તમારા સાક્ષાત દર્શનનો લાભ આપીને મારા લોચનને ને મારા જીવનને સાચા અર્થમાં સુખી ને સફળ કરો.

- આસો સુદી ૧૪, બુધવાર ૨૧-૧૦-૧૯૫૩

**દિન ૧૫** : આટઆટલા લાંબા વખતથી તમે વિલંબ કેમ કર્યા કરો છો તે મારી સમજમાં આવતું નથી. કોઇ કાચોપોચો માણસ હોત તો તો વિલંબ ને તેમાંથી પરિણમતા વેદનાના ભયંકર પરિતાપથી નાસીપાસ થઇને તેણે તમારો કેડો મૂકી દીધો હોત. નિરાશાના વાદળથી ઘેરાઇ જઇને તમારા પ્રેમ ને કૃપાના સનાતન કહેવાતા નિયમ પ્રત્યે તેણે અશ્રદ્ધા કેળવી હોત, ને તેનું હૃદય નિષ્ફળતાના ઉપરાઉપરી આઘાતથી ભાંગીને ભુક્કો પણ થઇ ગયું હોત. પણ મારું હૃદય તમે જુદું જ ઘડ્યું છે. મારા કલેવરનું તમે કોઇ જુદી જ માટીમાંથી સર્જન કર્યું છે. તેથી 'હાર્યો જુગારી બમણું રમે'ની જેમ, મારી કે તમારી જરા પણ હાર માન્યા વગર કષ્ટ, ચિંતા, વેદના ને મુંઝવણની વચ્ચે પણ હસતાં હસતાં મેં મારા સાધનાના રથને આગળ ને આગળ, તમારા તરફ લક્ષ્ય રાખીને ચલાવ્યે રાખ્યો છે, ને ફિકરની ફાકી કરી, તમારી પૂર્ણ કૃપાના યજ્ઞમાં આહુતિ પર આહુતિ આપવા પ્રયાસ કર્યો છે. ઘવાયેલા દિલ પર પાટાપીંડી કરી તેને ફરી તૈયાર કરી, તમારા પ્રેમની સુરાવલિ છેડવાનું ચાલુ રાખ્યું છે. આ બધું તમારી કૃપાનું જ ફળ છે. તમારી કૃપા વિના આ બધું ભાગ્યે જ બની શક્યું હોત. સાચી વાત તો એ છે કે એક કુશળ કારીગરની જેમ તમારી યોજના પ્રમાણે તમે મારો ઘાટ ઘડ્યે રાખો છો. આ સાધના પણ તમારે માટે ને તમારી છે, તથા તમે જ મારી દ્વારા આ કરી રહ્યા છો. માટે તે પૂર્ણ થવાની જ છે એ મારી શ્રદ્ધા છે. તમારી ઇચ્છા કે યોજના પૂરી ના થાય એ બની જ કેમ શકે ? તમારી કોઇક અદૃષ્ટ ઇચ્છા મુજબ તમે મને હાલ તપાવી રહ્યાં છો. પણ સંસારનું દર્શન કરતાં તાપની સાથે છાયા હોય છે, તેમ મારા વિરહતાપની સાથે તમારું મિલનસુખ પણ આવશે જ. ત્યાં સુધી ધીરજ, હિંમત, પુરુષાર્થ તથા તલસાટને ચાલુ રાખ્યા વિના મારે માટે છૂટકો જ ક્યાં છે ? તમારા વિના હવે મારી ગતિ જ ક્યાં છે, ને તમારા ચરણની પૂજાના ફુલ બનેલા જીવનને માટે બીજું શાંતિનું સ્થાન પણ ક્યાં છે ? સમુદ્રમંથન વખતે નીકળેલા વિષનું શંકર ભગવાને સપ્રેમ પાન કર્યું તેમ સાધનાના વિશાળ સાગરમાંથી નીકળતા વેદના ને વિપત્તિના વિષનું સપ્રેમ પાન કરવાની કળામાં સાધકે કુશળ બનવું જોઇએ. તે વિના તેનું

મૃત્યુ નક્કી છે. તમારા શરણાગત બાળકોની તમે સદાયે રક્ષા કરો છો, ને વિવિધ પ્રકારના વિષમાંથી પણ તમે જ ઉગારી તેમને પાર કરો છો. એટલે તેમને કોઇ જાતનો ભય નથી.

- શરદ પૂર્ણિમા, ગુરુવાર, ૨૨-૧૦-૧૯૫૩

**દિન ૧૬ :** કુલમાંથી બહાર ફેલાઇ ગયેલી ફોરમ, વહી ગયેલો વાયુ, ને નદીનું આગળ વધી ગયેલું નીર, એ ત્રણેમાંથી એકે પોતાના મૂળ સ્થાનમાં જેમ પાછાં આવી શકતાં નથી તેમ વહી ગયેલો વખત પણ પાછો આવતો નથી. એ નિયમને જે જાણે છે તે સારા કામને શીઘ્ર અને અતિ શીઘ્ર કરવામાં પ્રમાદ કેવી રીતે કરી શકે ? તે તો પોતાના બધા જ જીવનને - વર્તમાનની ક્ષણે ક્ષણને તમારી પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં મન મૂકી લગાવી દેશે ને તમારી અખંડ આરાધનામાં લાગી જશે. તમને પ્રાપ્ત કર્યા વિના તેને ચેન નહિ પડે. સમયના મૂલ્યને સારી પેઠે સમજી લઇ, વહેલામાં વહેલી તકે તમને મેળવવા તે તલપાપડ બનશે ને બીજા બધાં જ કામને ગૌણ માની તમારી કૃપાપ્રાપ્તિના મુખ્ય કામને કરવા કમર કસશે. આજે ... આજે ને અત્યારે જ તમને મેળવી લેવાની તેને લગની લાગશે ને તે માટે જરા પણ હતાશ થયા વિના વારંવાર પ્રયાસ કર્યા કરશે. તમારી પ્રાપ્તિના કામને જે મુલતવી રાખ્યા કરે છે તે સમયના મહત્વને સમજતા નથી. અથવા તો તમારા પ્રેમના પરમ રસને પ્રાપ્ત કરી શક્યા નથી. નહિ તો ક્ષણેક્ષણે પરિવર્તન પામતા સંસારમાં તે દીર્ઘસૂત્રી બનીને ભાગ્યે જ બેસી રહેત.

તમારી કૃપાની પ્રાપ્તિનું કામ સહેલું નથી. એવરેસ્ટને સર કરવા માટે કેટલા અગણિત પ્રયાસ થઇ ચુક્યા ? એવરેસ્ટના કપરા ને અશક્ય કહેવાતા કામમાં મરજીવા જેવા માણસો મોતને હાથમાં લઇને એક નહિ પણ અનેક વાર નીકળી પડ્યા, નવા નવા ઉત્સાહ, વિશ્વાસ ને સાહસની ભાવનાનું ભાથું ભરીને વીર માણસો નીકળી પડ્યા. તેમાંના કેટલાક રસ્તામાં જ રામશરણ થઇ ગયા, તો કેટલાક પ્રતિકૂળ વાતાવરણને લીધે થોડે સુધી જઇને જ પાછા ફર્યા, તો કેટલાક તૂટી પડતાં બરફના પર્વતો સાથે તણાઇ જઇ, ઊંડી હિમગર્તામાં સરકી, સમાઇ ને અદૃશ્ય પણ થઇ ગયા. પણ તેથી શું ? માનવની મહત્વકાંક્ષાએ આખરે અજેય કહેવાતા એવરેસ્ટને પણ સર કરી લીધો. સાચું છે કે તમારી પ્રાપ્તિનું કામ એવરેસ્ટને સર કરવાના કામ કરતાં વધારે કપરું, કિંમતી, કૃતાર્થ કરનારું ને કષ્ટથી ભરેલું છે. પરંતુ તમારી કૃપા હોય તો માણસ તેમાં પણ સફળ થઇ શકે છે. એવરેસ્ટને સર કરવા માટે માણસને કેટકેટલી વાર પ્રયાસ કરવો પડ્યો ? તમારા હૃદયને પીગળાવવા ને સાધનાનું અંતિમ એવું એવરેસ્ટ શિખર સર કરવા, તે જ પ્રમાણે જો વારંવાર પ્રયાસ કરવો પડે તો તેમાં આશ્ચર્ય જેવું શું છે ? હતાશ થવાનું કારણ પણ ક્યાં છે ?

પણ એવો ક્રમ ક્યાં સુધી ચાલ્યા કરશે ? એવરેસ્ટ આરોહણની જેમ સાધનાનું કામ મારે એકલે હાથે કરવાનું નથી કે આટલી વાર લાગે. આ તો તમારું કામ છે. તમારા સાથ ને સામર્થ્યને આધારે હું આગળ વધી રહ્યો છું, તમે ધારો તો એક જ ક્ષણમાં મને સાધનાના ઊંચામાં ઊંચા શિખર પર ચઢાવી શકો તેમ છો. છતાં આટલી બધી વાર કરો છો એ ખરેખર આશ્ચર્ય છે.

- આસો વદ ૧, શુક્રવાર ૨૩-૧૦-૧૯૫૩

**દિન ૧૭ :** દિવસ પર દિવસ પસાર થતા જાય છે ને મારી તાલાવેલી વધતી જાય છે. પ્રત્યેક પ્રભાતે પ્રેમના પુષ્પો લઇને તમારું સ્વાગત કરવાના કોડ સેવતો હું તૈયાર રહું છું ને પ્રત્યેક સાંજે આરતીનો ઘંટ

વાગે છે ત્યારે મારા દિલનો વેદનાઘંટ પણ વાગી ને ગાજી ઉઠે છે કે એક દિવસ વધારે વહી ગયો ને તમારી પધરામણી થઇ નહિ. પરંતુ વેદના ને વ્યથાથી હતાશ થઇને બેસી રહેવાને બદલે, કોઇ કાળે કરમાય નહિ એવી કુસુમમાળાને લઇને, સાંજ પડતાં હું વળી વધારે આતુર બનીને તૈયાર થઇ જાઉં છું ને રાતભર તમારી આરાધનામાં લાગી રહું છું. આવો છે મારો પ્રેમ ને આવો છે મારો તલસાટ. આ કાંઇ એકાદ બે દિવસની સાધના છે ? વરસોથી શરૂ થયેલી સાધના મેદાની પ્રદેશમાંથી વહી જતી સંવાદી સરિતાની જેમ સંવાદ સાધતી ચાલી જાય છે. છતાં હજી તેને તમારા મિલનનો આનંદ આપવા તમે તાલાવેલી બતાવતાં નથી એ શું ઓછું આશ્ચર્ય છે ? 'જે મને જેવા ભાવે ભજે છે તેને હું તેવા ભાવથી ભજું છું' ને 'હે અર્જુન, જે મને ભજે છે તેને મારી પ્રાપ્તિ જરૂરથી થાય છે' એ વચનો તમે કુરુક્ષેત્રના મેદાનમાં કહેલા છે. તે શું સાચાં નથી ? તો પછી હજી વિલંબ કેમ કરો છો ?

આખરે હું બીજું માગું છું પણ શું ? તમારું દર્શન તો માગું છું ! તે માગનાર પર તો તમારે ખૂબ પ્રસન્ન થવું જોઇએ. ન જાણ્યે કેટલાય જન્મોના પુણ્યોદયથી જીવને તમારી પ્રીતિ કરવાનો ને તમારી પ્રાપ્તિ કરીને ન્યાલ થવાનું મન થાય છે. સંસારના વિનાશી પદાર્થ ને રસમાંથી મનને પાછું વાળી લઇને તમારા ચરણમાં લગાડવાનું કામ કપરું છે ને કેટલાય જન્મોના સત્કર્મોના ફળરૂપ થઇ શકે છે એ વાત શાસ્ત્રો ને સંતોએ એકી અવાજે જાહેર કરી છે. એટલે જે માણસો તમારી પ્રાપ્તિ માટે પાગલ બનીને તમારી આરાધનામાં લાગી જાય છે તે તો તમને ખૂબ જ પ્રિય હોવા જોઇએ, ને પ્રિય છે એમ તમે અનેક ઠેકાણે કહી દીધું છે. તો પછી પોતાને જે પ્રિય છે તેને તલસાવવામાં ને વ્યથા પહોંચાડવામાં શો લાભ કે આનંદ હોઇ શકે ? એમાંય વળી હું તો શરણાગત છું. એટલે મારા તરફ તો તમારે ખાસ ધ્યાન આપવું જોઇએ. એટલે જ હું પ્રાર્થના કરું છું કે બ્રહ્માંડની માતા ! તમારો વિલંબ અસ્થાને છે. તમારા બાળકને શાંતિ આપવા જલ્દી જલ્દી દોડી આવો.

શિક્ષા તો અપરાધીને થાય છે ને દંડ પણ જે ગુન્હેગાર હોય તેને જ કરવામાં આવે છે. નિરપરાધીને દંડ દેવાનું વિધાન અમારા સાધારણ સંસારમાં પણ હોય તેવું દેખાતું નથી. છતાં આજે વરસોથી તમે મને ચિંતા, વેદના, દર્દ ને તમારા વિરહતાપનો દંડ આપ્યા કરો છો ને દેશનિકાલની સજા પામેલા પુરુષોની જેમ તમારા દિલથી દૂર ને દૂર રાખો છો, તો મારાથી શું કોઇ અપરાધ થયો છે ? હું તો તમારા રૂપ રૂપના અંબાર જેવા સ્વરૂપનું દર્શન માગું છું. ને તમારા મધુભરેલા મુખનું નિરંતર પાન કરવાની ઇચ્છા રાખું છું. એને જ જો અપરાધ માનતા હો તો તમારી મરજી.

તમારી કૃપાનો ભંડાર સદાયે ભરપૂર રહે છે. તો શું તે મારે માટે ખાલી થઇ ગયો એમ સમજવું ? તમારો પ્રેમ ભક્તો પર નિરંતર વરસ્યા કરે છે, તે મારે માટે સુકાઇ ગયો એમ સમજવું ? ને તમારું અમૃત નીતરતું અંતર જે તમારા સંતાનોને માટે ઉત્સાહમાં આવી જઇને અખંડપણે ઉછાળા માર્યા કરે છે તેમાં મારે માટે ઓટ આવી ગઇ છે એમ માની લેવું ? શેરડીનો સાંઠો જેમ સુકાઇ જાય, મધપૂડો મધ વિનાનો થઇ જાય, ને ફોરમવાળું ફુલ કરમાઇને ખરી જાય, તેમ તમારું રસાળ પ્રેમથી મહેકી ઉઠતું અંતર મારે માટે સુકાઇ ગયું ને કરમાઇને ખરી પડ્યું ? તે કલ્પના જ કેટલી ભયંકર છે ? તો પછી મારી સંભાળ લેતાં કેમ નથી ? મારા તપેલા તરસભર્યા અંતરને પ્રેમ ને કૃપાના અમૃતનો અભિષેક કરીને કેમ શાંતિ આપતા નથી ?

- આસો વદી ૨, શનિવાર ૨૪-૧૦-૧૯૫૩

## ૧૨૮. દૂધ પરના ત્રણ દિન ને આગળ

**દિન ૧૮ :** ગઇ કાલે તમારા અનુગ્રહની આશા જાગી હતી. પણ તે મિથ્યા થઇ છે ને તમારી કૃપા માટે પ્રતિક્ષા કરવાનું કામ હજી મારે માટે બાકી રહે છે. તમારી કૃપા ખરેખર ક્યારે થશે તે એક તમે જ જાણો છો. પરંતુ તે નહિ થાય ત્યાં સુધી હું તમારી પ્રાર્થના ને ઝંખના ચાલુ જ રાખીશ એ નક્કી છે. તમારે બંધ મંદિરદ્વારે આવીને મારો પ્રેમપૂર્ણ પોકાર હું ફરી ફરી સંભળાવ્યા કરીશ ને તમારા ઉદાસીન જેવા અંતરમાં મારે માટે સહાનુભૂતિ જગાવવાનો પ્રયાસ કરતો રહીશ. એમ કરતાં એક દિવસ તો તમારું મંદિરદ્વાર જરૂર ઉઘડી જશે ને તમારા અંતરમાં મારે માટેનો પ્રેમનો પવિત્ર ફુવારો ફુટી નીકળશે. રાત ગમે તેટલી લાંબી ને ભયંકર હોય છતાં કાયમી નથી. સમય આવતાં તેનું સામ્રાજ્ય પણ પૂરું થાય છે ને સોનેરી સવારનો ઉદય થાય છે. જીવનના સુખદુઃખ, હર્ષ ને આંસુ તથા પરિતાપ ને છાયાનું પણ એવું જ છે. એનું ચક્ર પણ નિરંતર ફરતું જ રહે છે. તમારો વિરહ ને વિરહની વેદના પણ કાયમી કેવી રીતે હોઇ શકે ? એનો અર્થ એમ નથી કે રાત પછી જેમ દિન ને દિન પછી વળી રાત આવે છે તેમ વિરહ પછી તમારું મિલન ને પાછો તમારો વિરહ પણ આવી રહે છે. સંસારનો એ નિયમ તમારા સંબંધમાં લાગુ નથી પડતો. તમારા વિરહને અંતે મિલનનો આનંદ માણસને જરૂર મળે છે. પણ તે મિલન ને મિલનનો આનંદ કાયમી હોય છે. તેનો કદાપિ નાશ નથી થતો કે નથી તેમાં ઘટાડો થતો. જેને તમારા મિલનનો મીઠો આનંદ મળી ગયો તેને વિરહની વેદનાનો ભય ફરીવાર રહેતો નથી, ને જેનો તમારી સાથે સંયોગ થઇ ગયો તેનો વિયોગ પણ કદી થતો નથી. એટલે જ તમારા રસને શાસ્ત્રો ને સંતોએ સનાતન કહ્યો છે ને તમારી પ્રાપ્તિની આનંદની કોઇ ઉપમા નહિ મળવાથી તેને અવિનાશી કહીને વખાણ્યો છે. એની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવામાં જ પરમ પુરુષાર્થ રહેલો છે એમ માનીને ડાહ્યા માણસો તમારે માટે તપે છે, તલસે છે, ને તમારી કૃપાની ઝંખના કરે છે. એ અવિનાશી આનંદની પ્રાપ્તિ માટે જ જીવમાત્રની જાણ્યે અજાણ્યે પ્રવૃત્તિ થાય છે ને મેં પણ તેને માટે જ તમારી કૃપાના ચાતક બનીને આસન વાળ્યું છે.

હવે તમે ઢીલ કર્યા વિના એ અક્ષય આનંદની મોકળા મનથી વૃષ્ટિ કરો ને મારા તન, મન, અંતરને તેથી ભીંજવી દો. હું વારંવાર તમારે માટે પ્રાર્થના ને પોકાર કર્યા કરું છું તે શું તમને સારું લાગે છે ? તમારી કૃપાના ઇતિહાસમાં મારી વેદનાનો વારંવારનો ઉલ્લેખ શું સારો લાગે છે ? તો પછી હિમાલય જેવાં ગંભીર ને ગહન સમાધિ ધરીને શું કામ બેઠાં છો ? હિમાચ્છાદિત હિમાલય સૂર્યના તીખાં તાપથી તપીને જેમ પ્રવાહી બનીને વહેવા માંડે છે તેમ મારી વેદના ને પ્રાર્થનાથી પાવનકારી પ્રવાહ થઇને વહેવા માંડો.

- આસો વદ ૩, રવિવાર ૨૫-૧૦-૧૯૫૩

**દિન ૨૦ :** ઉજ્જડ વેરાન જેવાં દેખાતાં ને ખાવા ધાતાં વન વર્ષાના પ્રતાપથી લીલાંછમ થઇ ગયાં છે ને સૂકાં જેવા પર્વતો પણ હર્યાભર્યા બની ગયા છે. દેવાદાર બની ગયેલો માણસ કોઇ કારણથી એકાએક શ્રીમંત ને સુખી બની જાય તેમ નાની નાની નદીઓ ને ઝરણાં જળથી ભરપૂર બની ગયાં છે. લાંબા વખત સુધી તપેલી ધરતી શીતળ બની છે, ને આંખને આનંદથી આંજી દે એવી શોભાને ધારી રહી છે. બહુ

ગવાયેલી ને વખણાયેલી શરદપૂર્ણિમાની રાતે થયેલી અમૃતવર્ષાથી જુદી જુદી ઔષધિઓ પણ અમૃતમય બની છે ને શોભાની ઝંખના કરતું આકાશ ચંદ્રની પૂર્ણતાથી સંપૂર્ણ શોભાવાળું બની ગયું છે. ચારો ચણવા બહાર ગયેલા પંખી પોતાના બાળકોની પાસે પાછાં ફર્યા છે ને થનગનાટ કરતાં વાછરડાની પાસે પાછી ફરેલી ગાયો તેમના શરીરને સ્નેહથી ચાટી રહી છે. છતાં મારો થનગનાટ હજી મટ્યો નથી. શોભા ને શીતળતા તથા અમૃતની મારી ઝંખના હજી શમી નથી, ને જીવનની મારી નદી તમારા પ્રેમના પાણીથી હરીભરી બની નથી. તમે હજી ક્યાં સુધી દૂર ને દૂર રહેશો ? ક્યાં સુધી મારે હજી તમારી પ્રતિક્ષામાં બેસવું પડશે ને તમારા પ્રેમના તાપમાં તપવું પડશે ?

લીલાંછમ પર્વત, હરીભરી ધરતી અને સુશોભિત આકાશને અવલોકીને અંતરમાં આશા જાગે છે કે જીવન પણ એવી જ રીતે હર્યુંભર્યું બની રહેશે. નદીના કિલ્લોલ કરતાં વહી જતાં પાણીની જેમ જીવન પણ ધન્ય, પૂર્ણ ને આનંદમય બનતાં વહ્યું જશે, અને એક વારના આ એકલવાયા વૃક્ષને લીલાંછમ પાંદડા ઉગ્યાં છે ને સુંદર પુષ્પો પણ પ્રકટ્યાં છે તેમ શક્તિ ને શાંતિના પર્ણ ને પુષ્પોથી જીવન શોભી ઉઠશે. તમારા આશીર્વાદથી મનમાં ધારેલું બધું જ કામ શક્ય ને સફળ બનશે.

છતાં આમાં તમે વિલંબ ના કરો એ ઇચ્છા તો રહે છે જ. છેલ્લાં ત્રણ દિવસથી મેં તમારે માટે ફક્ત થોડાક દૂધ પર રહીને પ્રાર્થવાનું શરૂ કર્યું છે. તમારી પ્રેરણા પ્રમાણે હું તમારે માટે તલસ્યા કરું છું. પણ મારા જેવા એક સાધારણ બાળકને માટે આ ઘણું કહેવાય. માટે હવે તો આ તપ અને વિયોગનું આ પ્રકરણ પૂરું કરો. જે જે દિવસ જાય છે તે તમારી કૃપાના ઇતિહાસની કસોટીરૂપ છે. માટે દિવસોની વધારે આવૃત્તિ કરીને હવે દિલને ના દુભાવો.

- આસો વદી ૫, મંગળવાર, ૨૭-૧૦-૧૯૫૩

**દિન ૨૧ :** આજે તમે કૃપા કરીને સહેજ શાંતિ આપી છે પરંતુ આટલાથી જ મને પૂરો સંતોષ થાય તેમ નથી. હજી યાત્રા ઘણી લાંબી છે. તમારી પ્રેરણા પ્રમાણે ચાલું છું. તે પ્રેરણા પ્રમાણે આજે અન્ન લઇશ. પરંતુ તમારે માટેની વેદના ને અસંતોષની વૃત્તિ તથા તરસ તો દિલમાં કાયમ જ રહેશે. તે તો ત્યારે જ મટશે જ્યારે તમારી રૂપ રૂપના અંબાર જેવી આકૃતિને જોઇને આંખમાં આનંદનું અમૃતમય અંજન અંજાશે, શરીરમાં તમારા સુવાસિત શીતળ સ્પર્શની સદાને માટે સુવાસ ફેલાશે ને સંગીતના સ્વરથી પણ મીઠો તમારો સ્વર સાંભળીને તન, મન, અંતરમાં અમી રેલાશે, ત્યારે મારો પ્રાણ નાચી ઉઠશે ને ઉત્સવ કરશે. દિલને કોરી ખાતી વેદના અને અશાંતિ પણ ત્યારે જ દૂર થશે અને અંતરના આકાશ પર વ્યાપેલાં અસંતોષનાં વાદળ પણ ત્યારે જ વીખરાશે. આજે મારા નસીબમાં યાતના ને દર્દ છે પણ એક સોનેરી સવારે એ જરૂર દૂર થશે ને જીવનમાં તમારા મિલનનો શાશ્વત ને અનંત આનંદ ફરી વળશે, અખંડ સુખની વૃષ્ટિ થશે, ને મુક્તિ તથા પૂર્ણતાના તરંગો ફરી વળશે. એ વિશ્વાસથી જ હું આગળ ને આગળ વધ્યે જાઉં છું ને રોજ સવારે ગીત ને ભાવનાના નવા નવા શણગાર સજી, આશા ને ઉત્સાહનું પાન કરતો તમારી પ્રતીક્ષા કર્યા કરું છું.

- આસો વદી ૬, બુધવાર, તા૧રીખ ૨૮-૧૦-૧૯૫૩

**દિન ૨૨ :** તમારી કૃપાની કહાનીનો અંત કરુણ નહિ પણ તમારી કૃપાના મહિમા ને તમારી કીર્તિને અનુરૂપ હોવો જોઇએ, અથવા શરણાગત ભક્તોની લાજ રાખવાના ને નિર્બળને પણ તારવાના તમારા

બાનાને બંધબેસતો થવો જોઇએ. પૂર્ણ પ્રકાશને પંથે શરૂ થયેલો મારો પ્રવાસ પૂર્ણ પ્રકાશની પ્રાપ્તિ કરનારો ને એ રીતે તમારો મહિમા વધારનારો થવો જોઇએ. આમાં મારા કરતાં તમારા માનનો પ્રશ્ન મુખ્યત્વે રહેલો છે ને તે માન કોઇ કાળે ને કોઇયે રીતે ઘટે નહિ પણ વધે એનું ધ્યાન રાખવાનું કામ તમારું છે. એનું પૂરું ધ્યાન રાખશો ને વધારે વિપત્તિ વરસાવ્યા વિના જલદી જલદી મારો ઉદ્ધાર કરશો તો તમારું નામ વધારે ઉજ્જવળ બનશે, તમારું કામ વધારે કીમતી કહેવાશે, ને લાંબા વખતથી લુપ્ત થયે જતો તમારો મહિમા ફરી વાર તાજો થશે. સંસારમાં તમારી સુવાસ ફેલાઇ જશે ને તમારાથી વિમુખ થયેલાં માણસો તમારા તરફ મોં ફેરવવાની શરૂઆત કરશે. તમારું પરિપૂર્ણ સાધન બનીને સંસારમાં તમારા કીર્તિગાનનો ગુંજારવ કરતાં હું જીવી રહીશ ને તમારા નક્કી કરેલા કામને કરતો રહીશ. એ દિવસ મારે માટે કેટલો બધો આનંદમય હશે ! તમારી પૂર્ણ કૃપાના પ્રતીક જેવો એ ધન્ય દિવસ મારા જીવનમાં યાદગાર બની જશે, પર્વ દિવસ થઇ જશે, ને સોનેરી અક્ષરે લખાઇ રહેશે. તમારી કૃપાના ઇતિહાસમાં પણ એનું મહત્વ ઓછું નહિ હોય. સાચું જીવન ત્યારે જ શરૂ થશે.

- આસો વદી ૭, ગુરુવાર, ૨૯-૧૦-૧૯૫૩

**દિન ૨૩ :** તમારા ભક્તોને મદદ કરવા માટે તમે ખડે પગે તૈયાર રહો છો, સ્વપ્ને પણ તમારા શરણાગતોનો વાળ વાંકો થવા દેતા નથી, એવાં તમારા ગુણગાન મેં ઘણાં સાંભળ્યા છે. વળી તમારી ભક્તવત્સલતા અને અહેતુકી કૃપાના મહિમાગીત પણ સાંભળ્યા છે. તેને સાંભળવાથી મારું હૃદય તમારા પ્રત્યેના પ્રેમથી ભરાઇ ગયું છે. કોઇપણ સંજોગોમાં તમને ભજવામાં ને તમારે શરણે આવવામાં નુકસાન કે ગેરલાભ તો નથી જ, પણ લાભ જ લાભ છે, એ વાત મારા મનમાં ઠસી ગઇ છે, ને તમારી પ્રાપ્તિ એ જ મારા અંતરની ઇચ્છા ને જીવનની જરૂરત બની ગઇ છે. આ માટે હું મારી જાતને બડભાગી માનું છું. ને મને તમારા કૃપાપાત્ર તરીકે પસંદ કરવા સારુ તમારો પણ અંતરપૂર્વક આભાર માનું છું. પણ એ આભાર હજી અધૂરો છે ને મારું ભાગ્ય પણ એવું જ અધૂરું છે. તે પરિપૂર્ણ ત્યારે જ બની શકશે જ્યારે તમારું અલૌકિક પ્રકાશથી પ્રકાશતું મુખ લઇને તમે મારી સામે પ્રકટ બનશો, ને તમારી અમૃતથી ઉભરાયેલી આંખોને મારી આંખોમાં સ્થિર કરશો. ઋષિમુનિ પણ જેને જોવા ઝંખે છે અને આકરામાં આકરું તપ કરીને શરીરને સૂકવી નાખે છે છતાં જેની ઝાંખી ભાગ્યે જ પામે છે, ને દેવોને માટે પણ જે દુર્લભ છે તે રૂપને લઇને મારા લોચન સામે તમે સાક્ષાત બનશો ત્યારે જ મને નિરાંત વળશે, ચેન પડશે, ને શાંતિ મળી શકશે. તે વિના મારા જીવનની ઝંખના ને સાધના અધૂરી જ રહેશે.

આંખમાં આતુરતા અને અંતરમાં અનુરાગને લઇને તમારા મહિમાના ગીત ગાતાં સંસારમાં હું શ્વાસ લઉં છું. ગીત તમારે માટેની પૂજાનો એક પ્રકાર ને સાધનાનું અંગ છે. તે દ્વારા મારા સંદેશને તમારે દ્વારે પહોંચાડી રહ્યો છું ને તમારા પવિત્ર ચરણોમાં મારા પ્રેમામૃતની અંજલિ આપી રહ્યો છું.

- આસો વદી ૮, શુક્રવાર, ૩૦-૧૦-૧૯૫૩

**(૨) દૂધ પરના ચાર દિન ને આગળ**

**દિન ૨૪ :** તમારી વેદના ને ધૂન લઇને હું કેટકેટલા પ્રદેશોમાં ફર્યો, કેટકેટલું તપ્યો ને હૃદયના ઊંડાણમાં રડ્યો ! તમારા પ્રેમમંદિરના પૂજારી બનીને જીવનનો આજ સુધીનો સમય મેં પસાર કર્યો છે ને

તમારી કૃપા માટે અહાલેક જગાવ્યો છે. હવે તેની પૂર્ણાહુતિ થવાની તૈયારી છે ત્યારે તમારે માટેનો અનુરાગ વધારે ને વધારે પ્રબળ બનતો જાય છે. પણ આખરે આ તો બાળકનો અનુરાગ છે. તેની શક્તિ કેટલી હોય ? માટે મારા અનુરાગના આધાર પર મદાર બાંધીને બેસી રહેવાને બદલે તમારા અનુરાગનો જ વિચાર કરો.

તમારા દર્શન વિના જીવન વૃથા છે. તેની શોભા ને કિંમત તમારી કૃપા વિના કશી જ નથી. જીવનની સફળતા તમે તેનો સપ્રેમ સ્વીકાર કરો તેમાં જ છે ને તેનું ગૌરવ પણ તમારા પ્રેમપાત્ર થવામાં જ રહેલું છે. જીવનનો એકમાત્ર સ્વાર્થ એ જ છે કે તમારી કૃપાથી તે સંપન્ન, શાનદાન ને ઉજ્જવલ બની જાય, ને બધા જ પ્રકારની ત્રુટિ ને તૃષ્ણાનો ત્યાગ કરીને પરમ શક્તિમાન ને શાંત થાય. શરીરને ધારણ કરવાનું ઉત્તમ કામ પણ ત્યારે જ સફળ બને છે જ્યારે તમારા પ્રેમાળ સ્પર્શથી તે પાવન થાય છે ને તમારા અમૃતમય આશ્લેષથી અમૃતમય બની જાય છે. આને લીધે જ માનવને સાચી મહત્તા પ્રાપ્ત થાય છે ને સૃષ્ટિમાં તેને સૌથી બડભાગી માનવામાં આવે છે. તમારી કૃપા વિના આ બધું ભાગ્યે જ થઇ શકે. માટે જ તમને વારંવાર કહ્યા કરું છું કે તમારી કૃપાનો વરસાદ મારા પર સારી પેઠે વરસાવી દો, એવી રીતે વરસાવી દો કે કૃપાની ચાહના જ પછી રહે નહિ. મારું જીવન તમારી કૃપા બનીને જ જીવી રહે.

- આસો વદી ૯, શનિવાર ૩૧-૧૦-૧૯૫૩

**દિન ૨૫ :** કેટલાક કહે છે કે જે ધનવાન છે તે કુશળ છે, તો કેટલાક કહે છે કે સાચા કુશળ કે સલામત તો તે છે જે યશસ્વી છે. કોઇ વિદ્વાનને કુશળ કહે છે, તો કોઇ વ્યવહારમાં ચતુર હોય તેને. પરંતુ ક્ષણે ક્ષણે પલટાતાં સંસારચક્રમાં પૂરેપૂરું કુશળ કોણ છે ? સુખ અને દુઃખ, રાગ અને દ્વેષ તથા આધિ, વ્યાધિ ને મૃત્યુ સૌની કુશળતાનો ભંગ કરે છે. સાચા અર્થમાં કુશળ તો તે જ છે જે મનને નિર્મળ બનાવીને વિતરાગ કરીને તમારી સાથે પ્રેમના દોરે બંધાઇ જાય છે ને તમારા પ્રાણની સાથે તેનો પ્રાણ સંધાઇ જાય છે. તમારી કૃપાની મૂર્તિ બનીને જ જીવે છે ને તમારી પ્રાપ્તિ કરીને જેણે પરમ શાંતિ ને પરમામૃતની પ્રાપ્તિ કરી છે તે જ ખરેખર નિર્ભય છે, નિશ્ચિંત છે ને સંપૂર્ણપણે સલામત પણ તે જ છે. તમારી સાથે જેનો સંબંધ નથી તેવો કોઇયે જીવ જગતમાં કુશળ કે સલામત નથી.

- આસો વદ ૧૦, રવિવાર, ૧-૧૧-૧૯૫૩

**દિન ૨૬ :** સાધારણ દૂધ પર રહીને તમારે માટે ચાલુ રાખેલી પ્રાર્થનાનો આજે ત્રીજો દિવસ છે. મારા અંતરના ઊંડાણમાં જે ઇચ્છા છે તે તમે સારી પેઠે જાણો છો. ગમે તેમ કરીને તે પૂરી થાય તેને માટેના આ બધા પ્રયાસ છે. માણસે કરેલો પ્રયાસ મિથ્યા જતો નથી એ સંતવચનમાં વિશ્વાસ રાખીને આજે કેટલાય વરસોથી હું પ્રયાસ કર્યા કરું છું, ને તમારી કૃપાનો રસ ચાખવા તૈયાર રહું છું. જમીનમાં બીજ નાંખનારા ખેડૂતને તરત ને તરત તેનું ફળ મળતું નથી. તે માટે તેણે થોડી ધીરજ પણ રાખવી પડે છે ને જરૂરી રાહ જોવી પડે છે. કેરીના ગોટલાને રોપનારાના હાથમાં પણ તરત ને તરત જ કેરીનું ફળ આવી જતું નથી. તે માટે તેણે પણ રાહ જોવી પડે છે, ને કેટલીક જરૂરી ક્રિયા કરવી પડે છે. પણ આ તો સંસારના સાધારણ દૃષ્ટાંતો છે. તમારી કૃપાના સંબંધમાં તેવું જ છે તેમ નથી. જે બીજ આજે વાવ્યું છે તેને ધારો તો તમે આજે ને આજે ઉગાડી શકો છો, ને આજે રોપેલા ગોટલામાંથી આંબાનું ઝાડ અને કેરી પણ આજે ને આજે જ પ્રકટાવી શકો છો. અરે, કાંઇ પણ વાવ્યા કે રોપ્યા વિના તમે ફળ આપી શકો છો. માટે તો તમને સમર્થ ને

સર્વશક્તિમાન કહે છે. ધારો તો તમે એક જ ક્ષણમાં જંગલમાં નંદનવન અને નંદનવનમાં જંગલ કરી શકો છો. મરુભૂમિમાં નિર્મળ નદી ને મૃત શરીરમાં પ્રાણ પ્રકટાવી શકો છો. તમારી શક્તિ એવી અપાર છે. તેથી તો તમારે શરણે આવેલા ભક્તો તમારી એ અનંત શક્તિ પર શ્રદ્ધા રાખીને તમને પોકાર્યા ને પ્રાર્થના કર્યા કરે છે ને તમારી કૃપાની રાહ જોતા જીવન પસાર કરે છે. તમારે માટે જે કૈં સાધારણ કે વધારે પ્રયાસ કરે છે તે તો તે એટલા માટે કરે છે તે વિના તે રહી શકતા નથી. બાકી તમારી કૃપાપ્રાપ્તિને માટે છેવટનો ને મુખ્ય ભરોસો તે પોતાના પર નહિ પણ તમારા પર જ રાખે છે. પરિણામે એક દિવસે તમે તેમના જીવનમાં પ્રાણ બનીને પ્રકટી જાઓ છો ને તમારા વિના મરુભૂમિ જેવા લાગતા જીવનમાં પરમાનંદ ને પરમામૃતની નદી બનીને વહી રહો છો. જીવન ને જગત ત્યારે નંદનવનથી પણ વધારે સુંદર બની જાય છે.

- આસો વદ ૧૧, સોમવાર, ૨-૧૧-૧૯૫૩

**દિન ૨૭ :** આજે તમે કરેલી પ્રેરણા પ્રમાણે દૂધ પરના દિવસો પૂરા કરીને હું અનાજ લેવાનું શરૂ કરીશ. પણ તમારી તાલાવેલી દિલમાંથી કેમે કરીને નહીં મટે. સંસારમાં જોવામાં આવે છે કે જેને જેના પર પ્રેમ હોય છે તેને તે કેમે કરીને છોડતો નથી ને તેની મમતા પ્રાણાંતે પણ મૂકતો નથી. પતંગિયાને વારંવાર સમજાવવામાં આવે કે દીપકમાં પડવાથી છેવટે મૃત્યુને શરણ થવાનું જ લખાયેલું છે, છતાં પણ દીપકને દેખતાંવેંત તે દોડ્યા વિના રહેવાનું નહિ. તેવી રીતે બાળકને માતા મારે, ધમકાવે ને કેટલીક વાર તેના તરફ ઉદાસીનતા પણ બતાવે, છતાં તેનું માતા પ્રત્યેનું આકર્ષણ દૂર નહિ થવાનું, માતાને મળવા માટે તે તલપાપડ બની જવાનું, બેચેન બનીને આક્રંદ પણ કર્યા કરવાનું અને અધીરું થવાનું. માતાનું દર્શન થાય ત્યારે તો તેનું સમસ્ત અંતર ઉમટી પડવાનું. પ્રેમના અનંત પ્રવાહ રૂપે વહી રહેવાનું ને થનગનાટ કરી મૂકવાનું. તે જ દશા તમારા ભક્તોની છે. તમે તેમને કષ્ટ આપો, રડાવો કે કોઇ કારણથી તેમના પર વિપત્તિનાં વાદળ વરસાવો, અરે થોડી વારને માટે તેમની તરફ ઉદાસીન બનીને તેમની સંભાળ પણ ના રાખો, તો પણ તેમનો સ્વાભાવિક પ્રેમ કદી પણ મટવાનો નહિ ને તેમનું આકર્ષણ ઓછું નહિ થવાનું. પ્રેમની કોઇ પ્રબળ લાગણીથી પ્રેરાઇને તે તો તમારી અમીભરી રૂપરાશિને જોવાની ઝંખના કર્યા કરવાના ને તમને મેળવવા પરિશ્રમ કરવાના. જેમ ધુવડને સૂરજની ખબર નથી તેમ જેમની અંતરઆંખ ફૂટી ગઇ છે તે તમને કેવી રીતે જાણી શકે ને તમારા મિલનનો અક્ષય આનંદ પણ કેવી રીતે સમજી શકે ? પણ તમારા ભક્તો તો જાણે છે કે તમારાથી ઉત્તમ બીજું કાંઇ જ નથી, તમારા જેવું અક્ષય ધન પણ બીજું કોઇ નથી. એટલે તે તમને કોઇ કાળે છોડી શકતા નથી. છોડીને કરે પણ શું ? તમારા વિના તેમને માટે કોઇ ગતિ જ ક્યાં છે ?

- આસો વદ ૧૨, મંગળવાર ૩-૧૧-૧૯૫૩

**દિન ૨૮ :** હિમાલયની લીલીછમ પર્વતમાળાની પાછળ પ્રકટ થતો સૂરજ કેટલો બધો કલ્યાણકારક છે ! શરદ ઋતુના દિવસોમાં તેની મહત્તા વધી જાય છે. જો તેનો ઉદય જ ના થતો હોત તો દુનિયાની શી દશા થાત ? વૃક્ષ, વેલી ને પશુપક્ષી તેના વિના નિરાધાર બની જાત ને માનવ પોતે પણ પ્રાણ વિનાનો થઇ જાત. નદીના સોનેરી કિનારા શાંત થઇ જાત ને જીવનની ઉષ્મા જતી રહેત. પણ તમારા મહાન આશીર્વાદ જેવો સૂરજ ઉગ્યા કરે છે એ સંસારને માટે ઓછું ઉપકારક નથી. દેવોના દૂત જેવા સૂરજના પ્રકાશનો આનંદ લેવા માણસો હારબંધ બેસી ગયા છે, ને તાજો ઉગેલો સૂરજ તેમની તન ને મનની ઠંડીને દૂર કરનારા કિરણો

ફેંક્યા કરે છે. માણસોનું અંતર કેટલા બધા આનંદથી નાચી ઉઠે છે ! તે જ પ્રમાણે સંસારની ઠંડીથી ઠરેલા બડભાગી માણસો તમારી તરફ મીટ માંડીને જીવનના ઉષઃકાળથી જ બેસી રહે છે ને તમારો ઉદય થતાં તમારી કૃપાના કોટિ કિરણે જીવન, તાજગી ને પ્રેરણાને પ્રાપ્ત કરે છે. તેવા પ્રેમી માણસોને માટે તમે ના હોત તો તેમની દશા કેવી કરુણ થાત ?

કૃપાના કોટિ કોટિ કિરણોને લઇને તમે મારા જીવનના આશાભર્યા આકાશમાં સત્વર પ્રકટી ઉઠો, ને તનને તાજગી, મનને મધુરતા ને મહિમા તથા પ્રાણને પરિબળ અર્પણ કરીને મારી સાથે એકાકાર બનો. જેથી જીવન પ્રકાશમય બને, ને કોટિ કિરણોની માતા બનીને સંસારનાં ઠંડીમાં થરથરતાં પ્રાણીને ઉષ્મા આપે. જડ હોય તેમને જીવન ધરે.

- આસો વદી ૧૩, બુધવાર, ૪-૧૧-૧૯૫૩

**દિન ૨૯ :** જડ ને ચેતનમાં તમારું દર્શન કરનારા પુરુષો પણ તમારા અલૌકિક એવા સાકાર સ્વરૂપનું દર્શન કરવાની ઝંખના કરે છે એવો તમારો મહિમા છે. પશુપક્ષી, સરિતાસાગર, ફુલ, ધરતી, આકાશ બધે તમારા અસ્તિત્વનો નિરંતર અનુભવ કરનારા પુરુષો પણ તમારા લોકોત્તર ને ઇશ્વરીય સ્વરૂપની ઝાંખીની ઇચ્છાથી સાધના કરે છે ને અવનીના અણુએ અણુમાં વ્યાપેલા તમને આકૃતિના આહ્લાદક રૂપમાં મેળવી લઇ, તમારી સાથે લીલા કરવાના કોડ સેવે છે. એવો તમારા અસીમ આકર્ષણનો મહિમા છે. કેટલાક કહેવાતા જ્ઞાની પુરુષો આ સામે શંકા કરે છે કે એમ કેમ ? તમે તો બધે જ વ્યાપક છો પછી તમારા ખાસ સ્વરૂપની ઇચ્છા રાખવાનું શા માટે બાકી રહે છે ? પણ એનું સમાધાન કેવળ શબ્દોથી નહિ થઇ શકે. કેવળ જ્ઞાનની દૃષ્ટિથી તેનો પ્રત્યુત્તર નહિ મળી શકે. તે માટે તો પ્રેમની દૃષ્ટિ પણ જોઇશે. તે વિના તમારા વિવિધ પ્રકારના આવિર્ભાવનું રહસ્ય કોઇને ભાગ્યે જ સમજાશે.

- આસો વદી ૧૪, કાળીચૌદસ, ગુરુવાર ૫-૧૧-૧૯૫૩

**દિન 30 :** તમારી આટલી બધી દયા છતાં માણસ તમને ભૂલી જાય છે એ આશ્ચર્ય છે. તમે ઉત્તમ માનવતન આપ્યું છે તે તમારી સૌથી પહેલી દયા છે, એ તનનો સદુપયોગ કરીને માણસ ઉત્તમમાં ઉત્તમ પદવીએ પહોંચી શકે છે ને તમારી ઓળખ પણ કરી લે છે. તમારા સર્જનને તમારા હાથનું હથિયાર થઇને તે વધારે સુંદર બનાવી શકે છે. વળી સ્વર્ગ જેવા બીજા લોકોથી જરાય ઉતરતી નહિ એવી આ પૃથ્વી પર માણસને જન્મવાની ને હરવાફરવાની તક આપીને તમે તેના પર એથી પણ વધારે દયા કરો છો.

પૃથ્વીનો મહિમા જ એવો છે કે તેમાં કર્મનો નિરંતર યજ્ઞ ચાલુ રાખીને તે પૃથ્વીનો શણગાર ને પોતાના ભાગ્યનો વિધાતા બની શકે છે. તે ઉપરાંત, માનવને વિવેક ને પ્રેમની ભેટ આપીને તમે દયાની અવધિ કરી દીધી છે. તેનો ઉપયોગ કરીને તે સાચો માનવ બની શકે છે ને તમારી સાથે સંબંધ બાંધીને ધન્ય બની જાય છે. જે તમને પ્રેમ કરે છે ને તમારું શરણ લઇને તમને સાચા દિલથી ભજવા માંડે છે, તેનો બધો જ ભાર તમે ઉપાડી લો છો ને તેને સુખી ને સફળ કરો છો. તેના પર તમે બધું જ વરસાવી દો છો ને તમે પોતે પણ તેના બની જાઓ છો.

તમારા ભંડાર સદાયે ભરપૂર છે. તે ખૂટાડ્યાં ખૂટે તેમ નથી ને લૂંટ્યા લુંટાય તેવા પણ છે નહિ. એ અક્ષય ભંડાર તમારા ભક્ત બાળકને માટે તમે ઉઘાડી દો છો. જે તમને પ્રેમ કરે છે તેના પર તમે વારી જાઓ છો. તેના બધાં જ દુઃખદર્દ દૂર કરો છો ને તેને ન્યાલ કરો છો.

- દિવાળી, શુક્રવાર, ૬-૧૧-૧૯૫૩

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨૯. દૂધ પરના બીજા છ દિન

**દિન ૩૧ :** ગઇકાલે તો સૌએ આનંદ કર્યો. દુકાનદારોએ દુકાનોને શણગારી, સાફ અને આકર્ષક કપડાં પહેરીને માણસો બહાર નીકળી પડ્યાં. દેવમંદિરો ને મકાનો દીપમાળાથી દીપી ઊઠ્યાં ને ગંગાના કિનારા ભાવિક લોકોએ મૂકેલાં ફૂલ-દીપથી શોભી ઉઠ્યાં. પણ આજે બધું જ પાછું પૂર્વવત્ થઇ ગયું છે. એનું એ જ રોજનું જીવન પાછું જીવાઇ રહ્યું છે. દિવાળી આમ આવી ને ગઇ. પરંતુ લોકોના દિલમાં ઘર કરી ના ગઇ. પર્વોનો આનંદ આવો અસ્થાયી છે, કેમ કે માણસોના દિલના પડીયામાં પ્રેમ અને જ્ઞાનનો દીવડો નથી, ને દિવાળીને નિરંતર માણી શકાય એવો આનંદનો ભંડાર પણ નથી.

આજે નવું વરસ છે. અન્નકૂટનો મહિમા પણ છે. પરંતુ લોકોના દિલમાં તેનો આનંદ નથી. જૂનાં ચીલાંને છોડીને જીવન જ્યારે નવા ચીલા પર ચાલવા માંડે ને પવિત્ર થયેલા જીવનના બંધન ને દુઃખદર્દ દૂર થાય ને આવરણ તથા કાલિમાનાં પડળ પણ હઠી જાય, તે જ દશામાં માણસની સાચી દિવાળી થઇ શકે. ને નવા વરસની શરૂઆતનો સાચો આનંદ પણ ત્યારે જ મળી શકે. ત્યાં સુધી તો પ્રત્યેક વર્ષ જૂનું થતું જાય છે ને જીવનમાંથી ઊઠતું કે દૂર થતું રહે છે. કાળ એ રીતે પોતાનું કામ કર્યે જાય છે.

- નૂતન વર્ષ, શનિવાર, ૭-૧૧-૧૯૫૩

**દિન ૩૨ :** મારા જેવા સાધારણ બાળકને તલસાવવામાં શી મઝા છે ? રણમાં ઉતરવાનું તો જે મહારથી કે શૂરવીર હોય તેની સામે જ સારું ગણાય છે. નિર્બળની સામે રણમાં ઉતરવામાં કયી બહાદુરી છે ? રણની રમત તો બરોબરિયાની સાથે હોય. મારી શક્તિ તો કશી જ નથી. જપ, તપ, યોગ, યજ્ઞ કે ઉપાસના કશાનું મારામાં બળ નથી. જો બળ ગણો તો કાલીઘેલી ભાષામાં તમારે માટે પ્રાર્થવાનું ને 'મા મા' કરીને પોકારવાનું જ છે. મા એટલે કરુણા ને મધુરતાની મૂર્તિ. આ વાત શું વિસરાઇ ગઇ ? તો પછી માતા થઇને મારા જેવા બાળકને આટલું કેમ તપાવો છો ?

- ભાઇબીજ, રવિવાર, ૮-૧૧-૧૯૫૩

**દિન 33 :** તમારા મધુમય ને મંગલ મુખનું દર્શન કરીને આજ સુધી કેટલાય ભક્તો ધન્ય બન્યા છે, ને તમારા પ્રેમામૃતના આસ્વાદથી કેટલાય પ્રેમીજનોના જીવન અમૃતમય ને પૂર્ણ થયા છે. તમારા ભાવભંડારનાં બારણાં પોતાને માટે ઉઘડી જવાથી કેટલાય દરિદ્રી ધની થયા છે ને કેટલાય કંગાળ કદી પણ ના ખૂટે એવા વૈભવવાળા બની ગયા છે. તમારી આંખની અમીદૃષ્ટિ, તમારા મુખનું સંગીતમય સ્મીત, ને તમારા મંગલ સ્પર્શ ને વચનની માધુરી માટે પાગલ થઇને કેટલાય પ્રેમીઓ કૃતાર્થ થયા છે. તો શું મારે માટે જ તમારી કૃપાની સરિતા સુકાઇ ગઇ ? તમારો ભાવભંડાર મારે માટે ખૂટી ગયો ? એ બધા પ્રેમીની પંક્તિમાં હું પણ બેસી જઇશ તેથી તમારું ગૌરવ ઘટશે નહિ પણ વધશે.

- કારતક સુદી ૩, સોમવાર, ૯-૧૧-૧૯૫૩

**દિન ૩૪ :** જમનો ફેરો ના આવે, યમનું તેડું ના આવે, એવી આશાથી કેટલાક લોકો ભાઇબીજને દિવસે ગંગાજમનાના સ્નાન માટે વિદાય થાય છે ને ગંગાજમનાના પાવન પાણીમાં સ્નાન કરીને કૃતાર્થ થાય છે. જેમણે ગંગા કે જમનાને કદી જોઇ નથી તથા ગંગાજમનાને કિનારે રહેવા છતાં જેમણે તેના જળથી

પોતાની કાયાને ધોઇ નથી તેવા માણસો પણ અત્યંત પરિશ્રમ ઉઠાવીને પ્રવાસ કરે છે ને સ્નાન કરીને યમના ફેરામાંથી મુક્તિ મેળવ્યાનો આનંદ માને છે. ભાવિક લોકોની ભાવના સાચી હોય કે ના હોય, તેની પાછળ વાસ્તવિકતાનું કોઇ પીઠબળ હોય કે ના હોય, એ વાત તો સોએ સો ટકા સાચી છે કે તમારી પ્રેમગંગામાં જે સ્નાન કરે છે ને તમારા જીવનને અમીમય કરનારા ભક્તિભાવના જમનાજળનું પ્રેમથી પાન કરે છે તેના બધાં જ દુઃખ દૂર થાય છે, તાપ ને પાપ ટળી જાય છે, ને તેનો ફેરો પણ ફળે ને ટળે છે. જીવન તેને માટે આનંદમય બને છે, ને મૃત્યુ, શોક, દુઃખ કે બંધન કશાનો ભય તેને રહેતો નથી. એ પ્રેમગંગા ને ભક્તિભાવની જમનાના પાવન પાનથી પાવન બનીને તમારા કૃપાપાત્ર થવાનું ને જીવન સફળ કરવાનું ભાગ્ય આપવા માટે તમારો ઋણી છું.

- કારતક સુદી ૪, મંગળવાર, ૧૦-૧૧-૧૯૫૩

**દિન ૩૬ :** જેમને જીવનમાં એક તમારો જ આધાર છે ને તમારામાં જ જેનું સુખ ને આરામ છે તેમને તમારા વિના ચેન ક્યાંથી પડશે કે શાંતિ પણ ક્યાંથી વળશે ? સર્વસ્થળે ને સઘળી દશામાં તે તો તમારું જ શરણ લેશે, તમને જ ભજ્યા કરશે, ને એક તમારાં જ ગુણગાન ગાશે. ચાતકને માટે પૃથ્વી પર કેટલાય પ્રકારનું પાણી છે, પણ તે તેને કામનું નથી. તેની તરસ છીપી શકે તેવી સામગ્રી સંસારમાં ક્યાંય નથી. તેની નજર તો એક આકાશ તરફ જ મંડાયેલી રહે છે, ને પોતાના પ્રાણપ્રિય પાણીની પ્રતીક્ષા કર્યા કરે છે. તમારા ભક્તોએ પણ તમારી તરફ એ જ રીતે મીટ માંડી હોય છે. તમારા કમલકોમળ ને શ્યામલ સ્વરૂપ તરફ નજર માંડીને તે બેસી રહે છે અને એ ધન્ય ક્ષણની પ્રતીક્ષામાં બેસી રહે છે જ્યારે તમારા દર્શનથી તેમનું દિલ ડોલી ઉઠે છે, જીવન ધન્ય બને છે, ને તમારી કૃપાવૃષ્ટિથી તેમની બધી જ તરસ મટી જાય છે, તેમના સઘળાં તાપ શાંત થાય છે. હું પણ એ ધન્ય ક્ષણની પ્રતીક્ષામાં બેસી રહ્યો છું ને આશા છે કે તમારા અલૌકિક અમૃતવર્ષણથી તમે મારા કોડ પૂરા કરશો, જીવનને અમૃતમય કરી દેશો.

- કારતક સુદી ૬, ગુરુવાર, ૧૨-૧૧-૧૯૫૩

**દિન ૩૮ :** ગઇકાલે મેં એક દૃશ્ય જોયું જે ઘણું અનેરું હતું. પૃથ્વી ને અનંત આકાશની વચ્ચે છેક અવકાશમાં એક નિસરણી હતી ને તેના પર ગૌર રંગની એક માતા ધીમે પગલે છતાં ગૌરવભેર ચઢી રહી હતી. માતાની પીઠ પાછળ એક બાળક હતું, તેની આંખમાં અનંત શાંતિ હતી ને નૂર હતું. માતાએ તેના હાથ પકડ્યા હતા ને તેણે માતાની કમરની આસપાસ પોતાના પગ ફેલાવી દીધેલા. માતા નિસરણી પર ચઢ્યે જતી પણ નિસરણીની નીચે ખીણ જેવું ઊંડાણ હતું. બંનેમાંથી કોઇયે તેમાં પડે તો સહીસલામત રહી શકે તેમ ન હતું. એ ગહન દૃશ્યને જોઇને મને ખાતરી થઇ કે સંસારની વિકટ યાત્રામાં તમારાં બાળકો સદા સલામત છે. અનંતની યાત્રામાં માણસને માટે પળે પળે પડવાની શક્યતા રહેલી છે. પણ જે તમને જ વળગી પડ્યાં છે ને જેમનો હાથ તમે પકડી લીધો છે તે સદાને માટે સલામત છે. તમે જેમની માતા બન્યાં છો ને જે તમારાં બાળક છે તેમને કોઇયે કારણથી ડરવાનું કારણ ક્યાં છે ?

- કારતક સુદી ૮, શનિવાર, ૧૪-૧૧-૧૯૫૩

**દિન ૪૦ :** હું જાણું છું કે મારામાં શક્તિનો છાંટોય નથી. લાયકાત પણ કાંઇ જ નથી. પણ મારું બધુંય બળ તમે છો. ને તમારો વિચાર કરતાં, તમારી દયાનો ખ્યાલ કરતાં, મારી હિંમત વધી જાય છે ને

શ્રદ્ધા વધારે બળવાન બને છે. જે મહાન આદર્શ મારા મનમાં રમી રહ્યો છે ને જીવનનો જે જાતનો ઘાટ હું ઇચ્છી રહ્યો છું, તે ખૂબ જ વિરાટ, ભગીરથ, અભૂતપૂર્વ છે. છતાં તે તમારાથી પ્રેરિત છે ને તેને સફળ કરવા તમે કૃતસંકલ્પ છો, એ જાણીને મારો ઉત્સાહ વધી જાય છે. હું તો એક સાધારણ બાળક છું, પણ તમારો બાળક છું, એ જ મારું આશ્વાસન ને બળ છે. તો હવે મારી શક્તિનો વિચાર કર્યા વિના તમારી શક્તિનો વિચાર કરો, ને મારા જીવનની સાધના પૂરી કરો. તમારી અમૃતમયી આંખને લઇને મારી સામે પ્રકટ થઇને ઉભા રહો, ને જીવનની શરૂઆતથી સેવેલા સ્વપ્નને સાકાર કરો.

- કારતક સુદી ૧૦, સોમવાર, ૧૬-૧૧-૧૯૫૩

**દિન ૪૧ :** તમારા સૌંદર્યની સરખામણી સંસારના કોઇયે પદાર્થ સાથે થઇ શકે તેમ નથી. તમારા વચનામૃતની તુલના સંસારના કોઇયે રસ સાથે થઇ શકે તેમ નથી, ને તમારા પ્રેમની બરાબરી પૃથ્વી તો શું પણ બ્રહ્માંડનો કોઇયે પ્રેમ કરી શકે તેમ નથી. તમારી દૃષ્ટિ, શક્તિ, તમારા ગુણ ને તમારું રૂપ બધું જ અજોડ છે, અનન્ય છે, અલૌકિક છે. એ બધાના મૂલ્યમાં વધારો કરનારી તમારી કૃપા પણ અનેરી છે, કહો કે તમારી જ છે. જેના પર તે વરસી જાય છે તે સર્વ રીતે સુખી થાય છે ને કૃતાર્થતાનો અનુભવ કરે છે. તેને પછી કોઇયે વાતની કમી રહેતી નથી.

- કારતક સુદી ૧૧, મગંળવાર, ૧૭-૧૧-૧૯૫૩

**દિન ૪૩ :** ખરેખર, જે તમારામાં જ આનંદ માને છે, તમને સંસારમાં સારરૂપ સમજે છે ને તમારી સાથે પ્રેમના પવિત્ર સંબંધથી બંધાઇ જાય છે, તે જ સંસારમાં સૌથી વધારે બડભાગી છે. જેનું તન, મન, સમસ્ત જીવનધન તમારી ને તમારી સૃષ્ટિની સેવામાં લાગી ગયું છે, તેવા તમારા કૃપાપાત્ર પ્રેમીની ધન્યતાને કોણ કહી કે કલ્પી શકે ?

- કારતક સુદ ૧૩-૧૪, ગુરુવાર, ૧૯-૧૧-૧૯૫૩

**દિન ૪૪ :** શરદ ઋતુના દિવસો કેટલા સુંદર લાગે છે ! ગંગાના તટ પર નિવાસ ને હિમાલયનું દર્શન. તેની સાથે જ્યારે તમારી પ્રેમભક્તિ ભળે ત્યારે જીવન સ્વર્ગથી પણ વધારે સુખદ ને દેવદુર્લભ બને છે. આજે તો દેવદિવાળી છે. દેવો કે માનવો - બધાંની દિવાળી એક તમારી સાથે અનુસંધાન સાધવામાં જ છે. તમે જેને પ્રેમ ને કૃપાનો અધિકારી કરી દેશો તેને માટે સદાને માટે દિવાળી થઇ જશે. બાકી તમારી કૃપાથી જે રહિત છે ને રહિત રહેવા માંગે છે તેના જીવનમાં હંમેશની હોળી છે. શરદ ઋતુના દિવસોમાં તમે પ્રેમની મૂર્તિ શ્રીકૃષ્ણના રૂપમાં લીલા કરી ને ગોપીઓની સાથે આજની રાતે રસનો રાસ શરૂ કર્યો હતો. મારી સાથે પણ આજે એવો જ રાસ રમો ને આજ સુધી પાવન કરેલા મારા જીવનને વધારે પાવન, ધન્ય ને કૃપામય કરો.

- કાર્તિકી પૂર્ણિમા, શુક્રવાર. ૨૦-૧૧-૧૯૫૩

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૦. હઠયોગમાં માનો છો ?

એ વરસે ઋષિકેશનો નિવાસ સાનુકૂળ તથા સુખમય સાબિત થયો. 'ગીતાદર્શન'ના લેખનમાં કેટલોક કાળ પસાર થઇ ગયો. તે દરમ્યાન પણ સાધનાનો પ્રવાહ તો ચાલુ જ રહ્યો. પરંતુ નવરાત્રીની શરૂઆતથી એમાં એક નવો જ વેગ આવ્યો. નવરાત્રી પૂરી થઇ છતાં પણ સાધના ચાલુ જ રહી ને બાર દિવસના નવરાત્રી પરના ઉપવાસ પૂરા થયા. પણ કારતક માસની પૂનમ સુધી લાંબા વખત લગી કટકે કટકે ઉપવાસ ચાલ્યા કર્યા. એ બધો વખત ખરે જ કીમતી હતો. એવો સાનુકૂળ સમય જીવનમાં ફરી ફરી મળતો નથી. ભરત મંદિરનું સ્થાન પણ એટલું જ અનુકૂળ હતું. દિવાળી પછી જો કે ઠંડીમાં વધારો થયેલો. છતાં પણ હવામાન એકંદરે આહ્લાદક હતું. એ બધા વાતાવરણમાં દિવસો ખૂબ જ સારી રીતે પસાર થઇ ગયા.

નવરાત્રીના ઉપવાસ પૂરા થયા તે પછી એક વિદ્વાન સંન્યાસી મહારાજ મારી પાસે આવ્યા. નવરાત્રીમાં મેં પાણી પર ઉપવાસ કરેલા તેની તેમને ખબર હતી. તેને યાદ કરીને તેમણે કહ્યું : વ્રત પૂરું થઇ ગયું ? મેં કહ્યું : હા. થોડી વાર તો તે શાંત રહ્યા પણ પછી તરત બોલી ઉઠ્યા : શું તમે હઠયોગમાં માનો છો ?

મેં કહ્યું : હઠયોગ ? હા, હઠયોગ મને પ્રિય છે ને હું તેમાં માનું છું. મને હંમેશા લાગ્યું છે કે આસન, ષટક્રિયા ને પ્રાણાયામ જેવા હઠયોગના અંગો શરીર ને મનની તંદુરસ્તીને માટે ખૂબ ઉપયોગી છે. તેના જરૂરી અભ્યાસથી લાભ થાય છે. મેં તેનો થોડો ઘણો અભ્યાસ કર્યો છે ને શરીરની સુખાકારી માટે હજી તેને ચાલુ રાખ્યો છે. મને તેમાં ખૂબ જ રસ છે.

તે બોલ્યા : વાત તો સારી છે. પરમાનંદની પ્રાપ્તિ માટે બધાં સાધનો છે. પણ કેટલીક વાર માણસ તે સાધનોની પસંદગીમાં ભૂલ કરે છે.

ને તે પછી તેમણે કેટલાક વધારે વિચારો પ્રદર્શિત કર્યા. તેથી જણાયું કે તેમને હઠયોગ શું છે તેનો સાચો ખ્યાલ જ ન હતો. ઘણા વિદ્વાન કહેવાતા માણસોની એવી દશા છે. હઠયોગ કોઇ હઠ કરીને કરવાનો યોગ છે એમ તે માને છે. એવી માન્યતા હઠયોગ વિશેના એમના અજ્ઞાનના પ્રદર્શન વિના બીજું કૈં જ નથી. સાચી વાત તો એ છે કે હઠયોગને હઠ કરવા સાથે કાંઇ જ સંબંધ નથી. તે તો પ્રાણ, મન ને શરીરના સંયમનો યોગ છે, અને અંધકારમાંથી પ્રકાશમાં જવા માટે અથવા ઈડા ને પીંગલા નાડીમાંથી વહેતા પ્રાણને સુષુમ્ણામાં લઇ જવા માટેની સાધના છે. 'હ' અને 'ઠ' નો પ્રયોગ એવા જ અર્થમાં કરવામાં આવ્યો છે. તે વાત 'હઠયોગ પ્રદીપિકા' ને 'ઘેરંડ સંહિતા' જેવા હઠયોગના ગ્રંથોની હઠ શબ્દની વ્યાખ્યા પરથી સમજી શકાય છે. એ અર્થને ના સમજવાને લીધે જ કેટલાક માણસો હઠયોગ જેવી સુંદર ને વૈજ્ઞાનિક સાધના તરફ તિરસ્કાર વૃત્તિથી જોતા થયા છે ને તે સાધના વધારે ભાગે હઠ પર આધાર રાખે છે તેમ માની રહ્યા છે. સંયમ ને જ્ઞાન તથા તે પ્રમાણે વર્તન કરવાનો આગ્રહ દરેક નાની મોટી સાધનામાં રાખવો પડે છે, પણ એવો આગ્રહ આવકારદાયક છે એ સૌએ સમજી લેવું જોઇએ.

પણ સંન્યાસી મહારાજની દૃષ્ટિ તો ઘણી મર્મભેદી હતી. વિચારોના પાતળફૂવામાં વહેનારો તેમનો ભાવ ઘણો ઊંડો હતો. તેની ખબર પાછળથી પડી. વાત એમ હતી કે ઉપવાસ કરીને હું કોઇ હઠ કરી રહ્યો છું

એમ તે સમજતા હતા. સંસારમાં આવા માણસો કેટલાય છે જે બીજાને સહાનુભૂતિપૂર્વક સમજવાને બદલે, પોતાનો જ કક્કો ખરો ગણી, બધાંને પોતાનાં જ ચશ્માથી જુએ છે. એમાં જે બંધ બેસે તે પાસ અને બરાબર, ને જે તેથી જરા પણ જુદું દેખાય તે નાપાસ અને અનુચિત - એમ તે માને છે. વિદ્વાનોમાં પણ આ બદી - સ્વભાવની આ વિકૃતિ ઘર કરી બેઠી છે તે આશ્ચર્યકારક છે.

પણ તેમને ઉતાવળ હતી. તેથી તેમને ખુલાસો કરવાની તક જ ના મળી. મને સમજાયું કે સાધનાને ગુપ્ત રાખવાનો શાસ્ત્રોએ આપેલો આદેશ કાંઇ વૃથા નથી. તે સાચો જ છે. કેમ કે બધા માણસોને તે જાણવાની જરૂર નથી હોતી ને બધા તેને સમજવા જેટલા શક્તિવાળા પણ નથી હોતા. પણ મારા ઉપવાસની વાત તો તેમને બીજા એક ભાઇએ - ભરત મંદિરના મેનેજર ભટ્ટજીએ કરી હતી. મેં નહોતી કરી.

વારુ, પણ હવે બીજો વિચાર કરીએ કે કોઇ સાધના માટે ઉપવાસ કે વ્રત કરવાના કામને હઠ કહેવી બરાબર છે ? મારી સમજ પ્રમાણે તેને હઠ નહિ પણ આગ્રહ કહી શકાય. તે જ પ્રયોગ તેને માટે બરાબર છે. સાધનાનો એવો સત્યાગ્રહ ધ્રુવ ને વાલ્મીકિ તથા તુકારામ ને નરસી જેવાએ કરેલો. પાર્વતીની વાત પણ એ બાબત જાણીતી છે. એ સત્યાગ્રહ સૂકો નહિ પણ પ્રેમથી ભરેલો હતો. ભગવાનને માટે તેમના દિલમાં એટલી ભૂખ લાગી હતી કે તેમનું મન બીજે ક્યાંય લાગતું નહિ. ખાવા પીવા પરથી પણ તેમનું મન હઠી ગયેલું. એના મૂળમાં ઇશ્વર માટેનો તીવ્ર પ્રેમ હતો. આ રીતે સમજીએ તો એ વાત સમજી શકાય છે. ને ધારો કે કોઇનામાં એટલો ઉત્કટ પ્રેમ ના હોય, થોડો જ પ્રેમ હોય, છતાં તે તપ વ્રત કે ઉપવાસ કરે ને ઇશ્વરની પ્રસન્નતાની આશા રાખે તો તે વ્રત કે તપના પ્રયાસને કેવળ હઠ કહીને હસી કાઢવાનું કે ઉડાવી દેવાનું શું બરાબર છે ? મારી સમજ પ્રમાણે તો કદી નહિ. તેવા પ્રયાસના પાયામાં પણ ઇશ્વર માટેની ઇચ્છા રહેલી છે. તેથી તે ઇચ્છા ને તેને વ્યક્ત કરતો પ્રયાસ બંને આવકારદાયક છે.

કેટલાક માણસો ભાષાવાર પ્રાંતરચના માટે દબાણ લાવવા ઉપવાસ કરે છે, ગૌવધ અટકાવવા ને હૃદયશુદ્ધિ કરવા પણ ઉપવાસ કરે છે; તો જૈન ધર્મમાં ધાર્મિક સિદ્ધાંતના પાલન માટે ઉપવાસ કરવામાં આવે છે. કોઇ સ્વજનનું મૃત્યુ થાય, ચોરી થાય કે ધંધામાં ખોટ જાય તો માણસોને ખાવાનું ભાવતું નથી, ઊંઘ આવતી નથી, ને ચેન પડતું નથી. કોઇનો છોકરો ઘરેથી નાસી જાય તો છાપાંમાં છપાવે છે કે ભાઇ, તું જ્યાં હોય ત્યાંથી ઘેર આવી જા. તારા માતા-પિતાએ ખાવાનું મૂકી દીધું છે. પણ ઇશ્વરને માટે એવું થતું ભાગ્યે જ દેખાય છે. કોઇ માણસના દિલમાં ઇશ્વરને માટે પ્રેમ જાગી જાય, સાચો કે ખોટો ભાવ ઉત્પન્ન થાય, ને તે વ્રત તપ કરે તો તેમાં ખોટું શું છે ? આપણને કે કોઇને એમાં આપત્તિ પણ શું હોઇ શકે ? તે માટે વણમાગ્યો અભિપ્રાય આપવાની આપણને આવશ્યકતા પણ શી છે ? છતાં કેટલાંક માણસો જગતનાં કાજી હોય તેમ આ સાચું અને આ ખોટું એવા અભિપ્રાયો આપવા નીકળી પડે છે, ને તે પણ વસ્તુની સાચી ને પૂરી સમજ વિના, તે ખરેખર વિચિત્ર છે. શાસ્ત્રકારોએ તપ ને વ્રતની આજ્ઞા ને યોજના કરી છે, તેની પાછળ જરૂરી હેતુ ને શુભ હેતુ રહેલો છે. તમારે તેનો આશ્રય ના લેવો હોય તો ના લો. પણ બીજાની ખોટી ટીકાને ટેવથી દૂર રહો.

છતાં ઉપવાસ ને વ્રતની ભલામણ હું બધાને માટે નથી કરતો. એ વસ્તુ વાદ લેવાની કે નકલ કરવાની નથી. માટે રખે કોઇ તેની નકલ કરે. કોઇ પૂછશે કે તો પછી તમે આમ ઉપરાઉપરી ઉપવાસ કેમ કર્યા કરો છો ? મારા જીવનનું બરાબર મનન કરનાર ને એ પ્રશ્નનો ઉત્તર સહેલાઇથી મળી જશે. વાત એમ

છે કે મને પણ કાંઇ ઉપવાસનો શોખ નથી. પણ ઇશ્વરનો અનુરાગ છે અને એટલા જ માટે ઉપવાસ કરવા પડે છે તેથી કરું છું.

નાનપણમાં કોઇવાર કોઇ ભૂલ થતી ને સંસ્થાના સંચાલક તરફથી ખાતી વખતે શાક નહિ લેવાનો કે કોઇ બીજે પ્રસંગે ભાત નહિ લેવાનો દંડ થતો તો તે દંડ કેટલો ભારે લાગતો તે યાદ આવે છે. શાક કે ભાત વિનાની રસોઇનો સ્વાદ જ ઉડી જતો. મારે એવા દંડ ભોગવવાના પ્રસંગો ભાગ્યે જ એકાદ બે આવ્યા હશે. પણ કેટલાક વિદ્યાર્થીઓને માટે તો એ એક સર્વસાધારણ કે સામાન્ય વસ્તુ હતી. સમય પર ઉઠ્યા નહિ માટે દૂધનો દંડ, તોફાન કર્યું કે પ્રાર્થના ને વ્યાયામમાં હાજર રહ્યા નહિ માટે દાળ કે શાકનો દંડ, ને વાત વધારે વણસી હોય ને આશ્રમના મોટા વિદ્યાર્થી કે ગૃહપતિનો મિજાજ ઠેકાણે ના હોય તો એક ટંક નહિ જમવાનો દંડ - એવા કેટલાય દંડ આજે પણ કેટલીય સંસ્થાઓમાં ઘર કરી બેઠા છે. બાળકો સાથે કામ લેવાની એ રીત ખોટી છે ને તેનો ત્યાગ કરવામાં હવે વિલંબ થવો ના જોઇએ. સંસ્થાના ગૃહપતિનું પદ ગમે તેવાને નહિ પણ બાળકોના મનને સમજનાર, બાળકોને પોતાના માની પ્રેમ કરનાર ને બાળકોના જીવનને રસ લઇને પ્રેમપૂર્વક સુધારનાર કે વિકસાવનાર માણસને સોંપવું જોઇએ. વિચારોની એવી જાગૃતિ આજે થતી જાય છે, છતાં પરિસ્થિતિ બરાબર સુધરી છે એમ નથી. વીસથી પચીસ વરસ પહેલાં તો એવી જાગૃતિ પણ છેક જ ઓછી હતી ને 'સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ' ના પ્રયોગો પ્રસિદ્ધ હતા. એ પ્રયોગથી વિદ્યા કેટલા પ્રમાણમાં આવતી તે વિવાદની વાત છે. પણ તરત સોળ ઉઠી જતાં, દંડ દેનારને મારનાર પ્રત્યે વેરભાવ જાગી જતો ને કેટલાય સંજોગોમાં સોટી વાગતાં કે ચીમટી-લોહી કાઢે એવી ચીમટી ભરાતાં બધી જ લાજ મરજાદનો ત્યાગ કરીને બાળકો બૂમ પાડતાં. શિક્ષણ ને સુધારની એવી જંગલી પ્રથા બાળકોને માટે ઘાતક હતી. એ પ્રથાના પુરસ્કર્તા ને પ્રસંશકો તરફથી એકાદ વાર થયેલો દાળ કે શાકનો દંડ પણ ભારે લાગતો. રોજ રોજ દાળ રોટલી જેવો ખોરાક મળે ને શિવરાત્રી કે જનમાષ્ટમી જેવા વ્રતમાં દૂધ ને ખજુર તથા ફળાહારનો બીજો ખોરાક મળે. તેથી પણ કેટલીક વાર ધર્મભાવના એકાએક વધતી ને સંસ્થામાં વ્રત કરતા. પણ તે દિવસે ફળાહાર ખૂબ મોડો મળતો તો કેવુંય થઇ જતું. વીતી ગયેલ સ્વપ્ન જેવા એ દિવસો યાદ આવે છે ત્યારે થાય છે કે ભૂલેચુકે પણ ખાવાની કોઇ વસ્તુનો દંડ બાળકોને કોઇપણ માણસે કોઇયે કારણથી ના કરવો. એવો દંડ કરનાર એક મોટો અપરાધ અને એથીય આગળ વધીને કહી શકાય કે મોટું પાપ કરે છે. સંસારમાં ખોરાકથી વંચિત રહેવાનો દંડ સૌથી મોટો છે એમ મને લાગે છે. ને ત્યારે ભારતીય ઋષિઓ અન્નદાનનો જે આટલો મહિમા ગાઇ રહ્યા છે તે કેટલો વૈજ્ઞાનિક ને ધન્યવાદ આપવા જેવો છે તેનો ખ્યાલ આવે છે. વાત જરા લંબાણથી લખી છે. પણ મારે કહેવાની વાત એ જ છે કે બાળપણના એ દિવસોમાં મને ક્યાં વિચાર હતો કે આવા દંડ તો મારે કેટલાય વેઠવા પડશે, ને કેટલાય દિવસોના ઇચ્છાપૂર્વક ઉપવાસ કરીને ભવિષ્યમાં મારે કેટલાય દિવસ તદ્દન ભૂખ્યા રહેવું પડશે.

એનો અર્થ એમ નથી કે ઉપવાસ પર મને અનુરાગ છે અને એનો આશ્રય હું મારી સ્વતંત્ર ઇચ્છાથી લઉં છું. સાધનાને માટે ઉપવાસ કરવાની આજ્ઞા મને ઇશ્વર તરફથી મળે છે ને ઉપવાસ પૂરા કરવાના હોય છે ત્યારે પણ આજ્ઞા મળે છે. હું તો તે આજ્ઞાને તાબે થઇને તેનું પાલન જ કરું છું. ઇશ્વરની ઇચ્છામાં મારી ઇચ્છાને મેળવીને કે ઇશ્વરની ઇચ્છાને મારી ઇચ્છા માનીને ઉપવાસનો આધાર લેવો પડે છે માટે લઉં છું.

કેટલીક વાર મારી ઇચ્છા ઉપવાસ કરવાની હોય, પણ ઇશ્વરનો આદેશ ના મળે તો તે ઇચ્છા ભાગ્યે જ અમલી બને છે. ઇશ્વરની ઇચ્છાની પાછળ કારણ શું છે તેવો વાદ મારા મનમાં કદી ઉઠ્યો નથી. હું તો એમ જ માનું છું કે ઇશ્વરની જેમ તેની ઇચ્છા પણ મંગળ છે, માટે તેનો અમલ કરવો એ મારી ફરજ છે. સરદારના હુકમની સામે સૈનિકનો વાદ કે પ્રતિવાદ હોય જ નહિ. તે જ પ્રમાણે જેણે પોતાનું જીવન ઇશ્વરને ચરણે ધરી દીધું તેણે ઇશ્વરની આજ્ઞા સામે - જો ઇશ્વર કૃપાથી તે તેને સંભળાતી હોય તો શંકાશીલ થવાનું હોય જ નહિ. હું માનું છું કે મારી સાધનાના વિકાસમાં આવા ઉપવાસનું મહત્વ ગમે તે રીતે છે. તેથી જ ઇશ્વર મને તેવા ઉપવાસ કરવાની આજ્ઞા કરે છે. એટલે મારી પોતાની ઇચ્છાથી હું કરવાનો કે છોડવાનો વ્યવસાય કરતો જ નથી. પછી તેમાં કોઇ જાતની હઠનો પ્રશ્ન જ ક્યાં ઉભો થાય છે ? મારા સાધનામય જીવનની નાનીસરખી છતાં સાચી કે પ્રામાણિક કથાને જે ધ્યાનપૂર્વક વાંચી જશે તે આ સ્પષ્ટીકરણને સારી પેઠે સમજી શકશે. બાકી જેણે વિવેક ને સહાનુભૂતિની આંખ મીંચી દીધી છે, ને જેનું મસ્તક પૂર્વગ્રહથી પીડિત ને સૂકી વિદ્વતાના અતિ ભારથી દબાયેલું છે, તે તો બધા જ પ્રકારની લાજ મર્યાદાનો ત્યાગ કરીને ઉતાવળા થઇને પૂછી ઉઠશે, પેલા વિદ્વાન સંન્યાસી મહારાજની જેમ, તરત જ પૂછી ઉઠશે કે શું તમે હઠયોગમાં માનો છો ? આપણે તો તેમનો પણ ઉપકાર માનીશું. કેમ કે તે જો કૃપા કરીને એવો પ્રશ્ન ના કરત તો આટલી ઉપકારક ચર્ચાનો લાભ આપણને ક્યાંથી મળત ? સૃષ્ટિના સમસ્ત રૂપોમાં એક ઇશ્વર જ રમી રહ્યાં છે એમ માનીને આપણે સૌની સાથે તે સંન્યાસી મહારાજને પણ વંદન કરીશું ને વિચારોના આ માનસિક સ્નાનનો અવસર આપવા બદલ તેમને ધન્યવાદ આપીશું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૧. માતાજીને અંજલિ અને સાંઇબાબાનો સંબંધ

### (૧) અંજલિ

ઉપવાસના દિવસો દરમ્યાન માતાજીની ધીરજ ઘણી પ્રસંશનીય હતી. તેમને પોતાને માટે રસોઇ બનાવી લેવી પડતી. તે પણ એક જાતનું તપ હતું. એ વાત મેં આગળ ઉપર કહી જ છે. જ્યારે ઇશ્વરેચ્છાથી મારે કેટલાક શરૂઆતના વરસો હિમાલયમાં એકલા રહેવાનું થયું ત્યારે તેમણે બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી ને જમનોત્રીની યાત્રા કરી હતી ને હિમાલયની શોભા જોઇ હતી. તે પછી પણ તેમની ઇચ્છા જો અનુકૂળતા મળે તો મારી સાથે કાયમ માટે રહેવાની હતી. ને તેમની ઇચ્છા પૂરી થઇ. ઇશ્વરે તેમની માગણી મંજૂર રાખી. તેમનું સ્વપ્ન એક ધન્ય દિવસે સાકાર થયું, સાચું બન્યું અને આજે તો તે હિમાલયવાસનો આનંદ અનુભવે છે. ગુજરાતી ચાર ચોપડી જેટલું ભણતર, જુવાનીની શરૂઆતમાં ભાતભાતનાં સંકટ અને દુઃખ તથા સંસારના તડકાછાંયાના ખાટાંમીઠાં અનુભવો, તેમના જીવનમાં એવી મહત્વની વસ્તુ હોવા છતાં તેમનામાં ઇશ્વરપ્રેમ, સંતસેવાની ભાવના ને ધર્માનુરાગ બાળપણથી જ છે. તેમની માતામાં પણ એ મૂડી હતી. જૂના સંસ્કાર ને વિચારને શુદ્ધ કરી, મારી સાથે રહીને મારા માર્ગને સમજવાનું કામ તેમને માટે કઠિન હતું, પણ તે કામ તેમને માટે ઇશ્વરની અપાર કૃપાથી સરળ બન્યું. એ વાત ખાસ નોંધવા જેવી છે. સંસારમાં જુદા જુદા જીવોનો સંયોગ ઋણાનુબંધને લીધે થાય છે ને તે જ કારણથી તે મારી સાથે રહીને આનંદ કરે છે. આજે પણ કોઇ સાધુસંત આવે તો તેને કંઇ ને કંઇ આપી છૂટવાની તેમની વૃત્તિ છે. કોઇ સંન્યાસી કંઇ લેવાની આશાથી આવે તેને નિરાશ કરવો નહિ એ તેમનું તત્વજ્ઞાન છે. તેમનો પ્રેમ ઘણો ભારે છે.

આજે વરસોથી મારા દિલમાંથી માતા-પિતા કે સ્નેહી સંબંધીના સંસ્કારો ભૂંસાઇ ગયા છે. મારો ક્યાંક જન્મ થયો ને મારે માતાપિતા હતા એમ મને ખરેખર નથી લાગતું. મન ને તનના પરમાણુ જાણે બદલાઇ ગયા છે. જગત સારુંય ઘર લાગે છે. છતાં વીતી ગયેલા પૂર્વસંસ્કારને યાદ કરવામાં પણ મને કાંઇ બાધ નથી લાગતો. માતાજી મારી સાથે ઋણાનુબંધથી રહે છે તેમાં મને આનંદ છે. ઇશ્વર જે વખતે જે વ્યવસ્થા કરે છે તે સારી જ હોય છે. જીવનના છેલ્લાં વરસોમાં તેમને શાંતિ મળે ને છેવટે ઇશ્વરની કૃપાનો અનુભવ કરીને તે જીવનની ધન્યતા પણ અનુભવે એવી મારી ઇચ્છા છે.

રામકૃષ્ણદેવે કહ્યું છે કે એક રૂપમાં 'મા' કાલીરૂપે મંદિરમાં વિરાજમાન છે ને બીજા રૂપમાં તેણે જ જનની બનીને મને પયપાન કરાવ્યું છે. મારી દૃષ્ટિ પણ માતાજી પ્રત્યે એવી જ છે. તેમને હું જગદંબાનું એક સ્વરૂપ સમજું છું. જેને સમજવામાં ભલભલા વિદ્વાનો પણ મુશ્કેલી અનુભવે તે મારી સાધનાને સારી પેઠે અને સરળતાથી સમજી શક્યાં છે. એ ઓછી અગત્યની વસ્તુ નથી. તેમ જ તે સાધનની સિદ્ધિ માટેના મારા પ્રયાસોના અને મારા કેટલાક આધ્યાત્મિક અનુભવોના સાક્ષી બનીને શાંતિ અને આનંદપૂર્વક મારી સાથે રહ્યાં છે.

### (૨) સાંઇબાબાનો સંબંધ

નવરાત્રીના દિવસો પૂરા થયા પછી પણ સાધનાનો પ્રવાહ સંગીનતાથી ચાલુ જ રહ્યો અને ઋષિકેશની દિવ્ય ભૂમિનો છેલ્લાં દોઢ મહિનાનો વસવાટ સાધનાની ઉત્કૃષ્ટતા અને ઇશ્વરની કૃપાથી થયેલા

જુદા જુદા સાધનાના અનુભવોને લીધે યાદગાર અને સંતોષકારક બની ગયો. છેલ્લાં પાંચેક વરસથી સાધનાની સિદ્ધિ અને 'મા'ની પૂર્ણ કૃપાના દિવસો મળ્યા કરતા પણ મિથ્યા જતા. તેથી મારી ધીરજ, હિંમત અને આશામાં ફેર પડ્યો ન હતો. પણ દિવસો મિથ્યા જવાની વાત મારે માટે રહસ્યમય જેવી બની ગઇ હતી. મારો સમય ચિંતા, પ્રાર્થના અને પ્રતીક્ષામાં પસાર થતો અને સાધના-યજ્ઞની પૂર્ણાહુતિ કરવાની મારી ઇચ્છા વધારે ને વધારે ઉત્કટ બનતી જતી. 'મા'ની પૂર્ણ કૃપાનો દિવસ જરા દૂર હોય તો પણ, જો કોઇ સમર્થ કે સિદ્ધ મહાપુરુષ દ્વારા મને તે દિવસની ચોક્કસ અને ખુલાસાવાર માહિતી મળી જાય તો કંઇક રાહત મળે એવી મારી ઇચ્છા હતી. તે પ્રમાણે કેટલીકવાર માતા જગદંબા તરફથી તો કેટલીક વાર સિદ્ધ પુરુષો તરફથી દિવસો મળતા પણ તે મિથ્યા જતા. તેથી કોઇ મહાપુરુષનું જાગૃતિમાં મિલન થાય તો સારું એ ભાવના લાંબા વખતથી ઉત્પન્ન થઇ હતી.

નવરાત્રીથી એક બીજા સમર્થ સિદ્ધપુરુષનો સંબંધ શરૂ થયો. જીવનમાં એ એક વિશેષ આનંદ સિદ્ધ થયો. એ સંબંધ યાદગાર બનવા સર્જાયેલો. ઇશ્વરની કૃપાથી મહાપુરુષોના સંબંધના કેટલાય અનુભવો આજ સુધીના જીવનમાં થઇ ચુક્યા છે. એમાં એ અનુભવે નવી ભાત પાડી. એ સંબંધ પ્રસિદ્ધ સિદ્ધપુરુષ શ્રી સાંઇબાબાનો હતો. સાંઇબાબાનું નામ આજે તો કેટલેય ઠેકાણે જાણીતું થયું છે. જીવનનો વધારે કાળ તેમણે જ્યાં પસાર કર્યો હતો તે શિરડી ગામમાં તેમની સમાધિનું સુંદર મંદિર છે અને તેમની કેટલીક વસ્તુઓનો સંગ્રહ છે. એ મહાપુરુષ વિશે મેં આગળ પર લખ્યું છે. શિરડીની મુલાકાત લેવાનો અવસર સાંપડ્યો ત્યારે તેમની સ્મૃતિને મેં શબ્દોમાં સમાવી લેવા પ્રયાસ કર્યો છે. એ પરથી સાંઇબાબા ને તેમના શિરડીના સ્થાન વિશે થોડી ઘણી માહિતી મળી રહેશે. તે છતાં, તે મહાપુરુષ વિશે થોડોક ઉડતો ઉલ્લેખ કરી લઉં.

શ્રી સાંઇબાબાએ ઇ. સ. ૧૯૧૮માં દશેરાને દિવસે શરીર છોડ્યું હતું. તે પછી તેમની સ્મૃતિમાં સમાધિ મંદિરની રચના કરવામાં આવી છે, ને શિરડીમાં આવેલી તેમની સમાધિના દર્શન સારુ દર વરસે કેટલાય લોકો જાય છે. શિરડીમાં રહેતા ત્યારે તે દર્શનાર્થીને આશીર્વાદ આપતા, ને સૌના દુઃખ દૂર કરતા. પોતાના જીવન દરમ્યાન તેમણે કહ્યું હતું કે મારા વિદાય થયા પછી મારી સમાધિ જવાબ આપશે, ને મારા ભક્તોના મનોરથ પૂરા કરશે. એ વાતની ખાતરી તેમના શરીરત્યાગ પછી કેટલાય માણસોને થઇ છે, ને થતી જાય છે. બાબા પોતે એક મહાન સમર્થ ને મુક્ત પુરુષ છે, ને ભક્તોની રક્ષા તેમનું પ્રિયમાં પ્રિય વ્રત છે. ભારતમાં થઇ ગયેલા બીજા કેટલાક સિદ્ધપુરષોની જેમ તે આજે પણ હયાત છે, ને પોતાની દિવ્ય શક્તિનો પરિચય આપે છે. ભારતમાં એવા કેટલા મહાપુરુષો છે તે આંકડાવાર કહી શકાય તેમ નથી તો પણ એમ જરૂર કહી શકાય કે સાંઇબાબાનું સ્થાન તેમનામાં નિરાળું ને મહત્વનું છે. મારા જીવનમાં આજ સુધી જે કેટલાક મહાપુરુષોનો દૈવી સંબંધ બંધાયો છે તેની કરવા જેવી લાગી તેવી થોડીક વિગત પ્રકાશના પંથની મહાયાત્રાના મારા આ નાનકડા ઇતિહાસમાં મેં રજૂ કરી છે. તે એટલા માટે પણ કે સાધકો અને જિજ્ઞાસુઓને મારા તરફથી એ વિશેની સાચી અને તટસ્થ માહિતી મળે ને તેમનો ઉત્સાહ અને તેમની શ્રદ્ધા વધે. એ વિગતને રજૂ કરીને મેં એવા મહાપુરુષોની એક રીતે પ્રશસ્તિ જ કરી છે. એવા પ્રાતઃસ્મરણીય સમર્થ મહાપુરુષોની નામાવલિમાં સાંઇબાબા જેવા સિદ્ધપુરુષનું ભારત ને સારા સંસારે ગૌરવ લેવા જેવું ને સન્માન

તથા સ્તુતિ કરવા જેવું નામ ઉમેરતાં મને ખરેખર આનંદ થાય છે. એ સમર્થ મહાપુરુષે મારી સાથે સંબંધ બાંધ્યો તેને માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું.

ભક્તોને અભય આપતા એમનાં બેત્રણ વચનો પ્રસિદ્ધ છે. તે પોતાના ભક્તોને માટે જાહેર કરે છે કે 'હું પાસે જ છું પછી કોઇએ ડરવાનું શું કામ છે ? તમારો બધો ભાર મારા પર નાખી દો. હું તેને ઉપાડી લઇશ. તમે મારા તરફ જુઓ. હું તમારા તરફ જોઇશ. તમે મારામાં શ્રદ્ધા રાખો ને હું હંમેશા તમારી સાથે જ રહીશ.'

વળી એવા જ પ્રેરક વચનો દ્વારા તે જાહેર કરે છે કે 'જે કોઇ મારા મંદિર કે મારી મસ્જીદમાં આવશે, તે કદાપિ ખાલી હાથે પાછો નહિ જાય. જેવી શ્રદ્ધા તમે મારામાં રાખશો તેવું જ ફળ તમને પ્રાપ્ત થશે.'

તેમની વાણી કોઇ સાધારણ સંતની વાણી નથી પણ ઇશ્વર સાથે અભેદ સાધી ચુકેલા એક પ્રેમના પયગંબર કે સિદ્ધ મહાપુરુષની વાણી છે. ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને ભક્તોને અભય આપનારી આવી જ વાણી ઉચ્ચારી છે. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ ને ચૈતન્ય મહાપ્રભુ તથા ઇશુના જીવનમાં પણ આ પ્રકારના સંદેશ સમાયેલા હતા. સાંઇબાબામાં શ્રી રામકૃષ્ણદેવની જેમ એક વિશેષતા એ હતી કે ભક્તોના હિત માટે પણ તે સદા તત્પર રહેતા. ભક્તોને કેવળ આધ્યાત્મિક માર્ગમાં નહિ પણ નાના મોટાં બધાં જ પ્રશ્નોમાં તે મદદ કરતાં. તે પોતે તો પૂર્ણ સિદ્ધ હતા જ પરંતુ પોતાની શક્તિથી બીજાને સહાય કરવા નિરંતર તત્પર રહેતા એ તેમની વિશેષતા હતી. તેમનો પ્રેમ અને પરગજુ સ્વભાવ તેમને બીજાના હિતમાં પ્રેરતો. એક માણસ ઇશ્વરની કૃપાથી પૂર્ણતા મેળવીને જાહેર ને વિરાટ રીતે બીજાની સેવા કેવી રીતે કરી શકે તે તેમના જીવનમાંથી શીખવા મળે છે. સાંઇબાબાએ કેટલાક ભક્તોને મદદ કરી છે અને હજી કરે છે. તેવી રીતે ઇશ્વરની કૃપા પામેલો પુરુષ દેશ ને દુનિયાના મંગલ માટે, જો ઇશ્વરની ઇચ્છા હોય તો વિરાટ રૂપમાં કામ કરી શકે છે અને અસરકારક કામ કરી શકે છે, એ વાત તેમના જીવન પરથી સહેજે સમજી શકાય છે. તેથી સાંઇબાબાનું જીવન મને વધારે પ્રિય ને કીમતી લાગે છે. એવા મહાપુરુષ પર મૃત્યુનું શાસન ક્યાંથી ચાલે ? તે તો પોતાની ઇચ્છાનુસાર મૃત્યુંજય બનીને બીજાને મદદરૂપ બને છે. એટલે એવા પુરુષોના દર્શન જિજ્ઞાસુઓને આજે પણ થઇ શકે છે તે વાત સહેલાઇથી સમજાય તેવી છે.

સાંઇબાબા સંસારમાં સૌને નીતિથી ચાલવાનું અને ઇશ્વરપરાયણ થવાનું શીખવતા. સૌને માટે તેમના દિલમાં પ્રેમનો પ્રબળ પ્રવાહ વહેતો. શક્તિશાળી હોવા છતાં તે સરળ ને દંભરહિત હતા. ઇ. સ. ૧૯૧૮માં તેમણે સમાધિ લીધી ત્યારે તેમના શરીરને જુદી જુદી જાતિ ને ધર્મના માણસોએ લઇ જવા પ્રયાસ કર્યો પણ સૌ નિષ્ફળ ગયા. આખરે તેમણે એક કમિટી નીમી ને બાબાના શરીર પર બધાનો હક્ક માન્ય રાખ્યો, ત્યારે તેમને સફળતા મળી.

ભારતમાં તેમના કેટલાય ભક્તો ને પ્રસંશકો છે. કેટલાંક તો તેમને ઇષ્ટદેવ ને ઇશ્વર માનીને પૂજે છે. પોતપોતાની શ્રદ્ધાના પ્રમાણમાં સૌને ફળ કે જવાબ પણ મળે છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મદ્રાસ તરફ તેમની ખ્યાતિ સારી પેઠે ફેલાયેલી છે અને તેમના મંદિરો પણ થયાં છે. ભક્તો ગુરુવારે તેમની સમુહ પૂજા કરે છે. ભારતમાં છેલ્લાં વરસોમાં જે મહાન સંતો થઇ ગયા તેમાં શ્રી સાંઇબાબાનું સ્થાન મહત્વનું અને ગૌરવભર્યું છે. તેમને લીધે ભારતનો આધ્યાત્મિક ઇતિહાસ અવનવો અને વધારે ઉજ્જવળ બને છે.

સાંઇબાબાનું જીવન પણ જ્યારે મારા જાણવામાં આવ્યું તો તેમના માટે મને અત્યંત આદર થયો. તેમનું જીવન કેટલીય રીતે નવીન અને રસિક લાગ્યું. તેમને શિરડીમાં મળવાનો અવસર સાંપડ્યો હોત તો અતિશય આનંદ આવત એમ પણ લાગ્યું. પરંતુ તે તો પરમાત્માની ઇચ્છાની વાત થઇ. તેમને જાણ્યા ત્યારથી તેમના પ્રત્યે આદર કાયમ જ રહ્યો છે, અને ઇશ્વરની કૃપાથી જીવનમાં તેમનો અલૌકિક સંબંધ પ્રાપ્ત થયો છે તે મારે માટે ઓછા આનંદની વાત નથી. તે મહાપુરુષને પ્રેમ અને ભાવનાની આ નાની સરખી અંજલિ આપીને આપણે આગળ વધીશું. वंदे महापुरुष ते चरणारविंदम् । મહાપુરુષ શ્રી સાંઇબાબાને પ્રેમપૂર્વક પ્રણામ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૨. સાંઇબાબાના અનુભવો

### (૧) અનુભવો

મેં આગળ પર જણાવ્યું છે કે છેલ્લા કેટલાક વખતથી મારી સાધનામાં 'મા'ના સાક્ષાત દર્શન માટેના દિવસો મિથ્યા થતા હતા. તેને લીધે મારી ચિંતા જરા વધી હતી. એમ પણ થતું હતું કે કોઇ સિદ્ધપુરુષ મને મળી જાય અને મારી સાધનાની સિદ્ધિ વિશે ચોક્કસ ખુલાસો કરી દે તો ઘણો આનંદ થાય. 'મા'ની પૂર્ણ કૃપાને તે દ્વારા સાધનાની સિદ્ધિ તો મને મળવાની જ છે. એ માટે તો મારું જીવન છે. એ અંગે મને આંતર-પ્રેરણાઓ પણ મળ્યા કરે છે. તે સફળ થવા માટે જ સર્જાયેલી છે. છતાં પણ વચગાળાના વખતમાં જો કોઇ સમર્થ મહાપુરુષ મળી જાય અને તે પોતાની અલૌકિક શક્તિથી મારી સાધનાની સિદ્ધિના નક્કી દિવસનો ખુલાસો કરે તો મારી મોટી ચિંતા ટળી જાય. એટલે એવા સિદ્ધ પુરુષના દર્શનની ઇચ્છા દિલમાં ખૂબ તીવ્ર બની હતી, અને તેવા પુરુષનું મિલન થાય તે માટે 'મા'ને હું નિરંતર પ્રાર્થના કરતો.

પણ તેવા મહાપુરુષ ક્યાંથી મળે ? તુલસીદાસ કહે છે કે 'સકલ પદારથ હૈ જગમાંહી.' જગતમાં બધા જ પ્રકારના પદાર્થો હયાત છે. તેવી રીતે સાચા મહાપુરુષો પણ છે અને તીવ્ર તરસ હોય તો તેવા પુરુષોનું દર્શન થઇ શકે છે. પણ તીવ્ર ઇચ્છા કે તલસાટ જોઇએ. પ્રખર વિદ્વતાથી કે શોધ કરવાથી તે મળતા નથી. તે તો મનથી મળે છે, અને તેમને માટેની ભૂખ તથા વેદનાના પરિણામરૂપે જડે છે. એવી વેદનાવાળા કેટલાય પુરુષોને આજ સુધી એવા સમર્થ પુરુષોનો સમાગમ થયો છે ને ભવિષ્યમાં પણ થતો રહેશે. ઇશ્વર કે પોતાના ઇષ્ટ દેવતા પર આધાર રાખીને જે સાધન કરે છે, તેમને ઇશ્વરની કૃપાથી પણ તેવા સિદ્ધ પુરુષોનું દર્શન થઇ જાય છે. ઇશ્વરની ઇચ્છાથી તેવા સિદ્ધ પુરુષો સાધકને સહાય કરવા ને ઉત્સાહ આપવા તેની સામે પ્રકટ થાય છે.

મહાપુરુષોના વચનોમાં મને શ્રદ્ધા હતી અને હું માનતો કે જે માગે છે તેને મળે છે જ. એટલે દિવસો મિથ્યા જતા હતા છતાં, 'મા'ની પૂર્ણ કૃપાને જરા વાર હોય તો પણ, કોઇ સમર્થ મહાપુરુષના મિલન માટે 'મા'ને પ્રાર્થવાનું કામ જરા પણ નિરાશ થયા વિના મેં ચાલુ રાખ્યું હતું. એને પરિણામે કેટલાક મહાપુરષોના દર્શનનું સૌભાગ્ય મને મળ્યા કરતું.

હિમાલયવાસ દરમ્યાન કાંઇક નક્કી અને નક્કર કામ કરી લેવું એવી ઇચ્છા શરૂઆતથી જ હતી. તે ઇચ્છાથી પ્રેરિત થઇને જ મેં નવરાત્રીના ઉપવાસનો આરંભ કર્યો. તે દિવસોમાં મુંબઈના એક પ્રેમી ભાઇ શિરડી શ્રી સાંઇબાબાના દર્શને ગયા. તેમનો મારા પર પત્ર આવ્યો. તેમાં તેમણે શિરડી અને સાંઇબાબાના ખૂબ વખાણ કર્યા. એ વાંચીને મને પણ શિરડીનો પ્રવાસ યાદ આવ્યો ને સાંઇબાબા મને મદદ કરે તો સારું એવો વિચાર દૃઢ થવા માંડ્યો. 'મા'ને પણ મેં પ્રાર્થના કરી. તેને પરિણામે સાંઇબાબાનો સમાગમ શરૂ થયો અને પછી તો સતત ચાલુ રહ્યો.

એ વખતના અનુભવો જરા અજબ રીતે થતા. રાતે ૩ા-૪ વાગ્યા સુધી ખૂબ પ્રાર્થના ચાલ્યા કરતી. તે પછી શરીર થાકવાથી આરામ લેવા માટે આડો પડતો તો તરત જ નાદ શરૂ થઇને એક જાતની સમાધિ થતી. દસ પંદર મિનીટના અનુભવ પછી પાછું તરત ભાન આવતું. એવી રીતે કેટલાય અનુભવો થયા હતા. પણ મારી ઇચ્છા જાગૃતિમાં કોઇ અનુભવ મેળવવાની હતી. તેવા જાગૃતિના અનુભવને માટે લાંબા વખતથી

મારો તલસાટ ચાલુ હતો. 'મા'ને પ્રાર્થના પણ ચાલુ હતી. આસો વદી બારસની રાતે ખૂબ ચિંતામાં બેઠો હતો. પ્રાર્થના ચાલુ હતી. સાંઇબાબાને મેં મનોમન પ્રાર્થના કરીને કહ્યું કે તમે તમારા ભક્તોને મદદ કરવા ખડે પગે તૈયાર રહો છો. તો હું પણ તમારો પ્રેમી, પ્રસંશક અને ભક્ત છું એમ માની લેજો. તમારા પરચા પ્રસિદ્ધ છે, ને તમારી શક્તિ વખણાય છે. તો તે બધું સાચું હોય તો મને તમારૂં સાક્ષાત દર્શન આપીને 'મા'ના દર્શન વિશે ખુલાસાવાર જણાવી દો. આવી પ્રાર્થના ચાલતી હતી ત્યાં તો તરત કૈંક તંદ્રા જેવું થયું. પણ તે વખતે પણ હું જાગું છું એમ ભાન રહ્યું. શ્રી સાંઇબાબાએ એ દશામાં દર્શન આપ્યું.

બીજી રાતે એક બીજો અનુભવ થયો. રાત્રે ૩ાા વાગ્યા બાદ જરા આરામ કરવા આડો પડ્યો તો તરત જ ખૂબ નાદ સાથે સમાધિ દશા શરૂ થઇ. એવી દશા એ દિવસોમાં સ્વાભાવિક થઇ ગઇ હતી. તે વધારેમાં વધારે પા કે અર્ધો કલાક રહેતી. આ વખતે તે દશા પા કલાક રહી. તેમાં શું થયું ? સાંઇબાબાને ખૂબ પ્રાર્થના કરતાં જાણે કોઇ મોટા મકાનમાં શોધું છું. એટલામાં બેત્રણ સ્ત્રીઓ દેખાય છે. તે એક હોલમાં પ્રવેશે છે ને સાંઇબાબા એમ બોલે છે. હું પણ ત્યાં જાઉં છું. ત્યાં ઊંચા આસન પર જુદા વેશમાં શ્રી સાંઇબાબા બેઠા છે. હું જઇને પગે લાગું છું. કહું છું કે તમે પહેલાનું રૂપ ધારણ કરો. એમ કહેતાં વાર જ તેમને દાઢી-મુછ ને માથે વસ્ત્ર થઇ જાય છે ને તે ફોટામાં પ્રચલિત રૂપવાળા દેખાય છે. પછી હું તેમને કહું છું કે મારૂં બધું કામ થઇ જાય એવો આશીર્વાદ આપો ને મારો જયજયકાર થાય માટે હાર પહેરાવો. તે મારે માથે હાથ ફેરવે છે ને મારા ગળામાં સુંદર માળા પહેરાવે છે. એ પછી કેટલીક બીજી વાત થાય છે ને મને ભાન આવે છે.

એ ઉપરાંત પણ સાંઇબાબાના બીજા અનુભવો થયા હતા. એ રીતે વિચારીએ તો કહી શકાય કે નવરાત્રી પછીના દિવસોમાં સાંઇબાબાના અનુભવો કેટલાય પ્રમાણમાં થતા રહ્યા છે. જે ઇશ્વરી શક્તિ કે જગદંબાની મારા પર નિરંતર નજર છે તેની ઇચ્છાથી જ મને એવા સુંદર અનુભવો મળતા હતા અને સાંઇબાબા જેવા સમર્થ સિદ્ધ પુરુષનો સંબંધ પણ તેની જ કૃપાથી થયો હતો. સાંઇબાબા જેવા મહાપુરુષે આમ મારી સાથે સંબંધ બાંધ્યો તે મારે માટે કેટલા બધા આનંદની વાત છે તે શબ્દો દ્વારા કહી શકાય તેમ નથી. તેનો આનંદ તો અંતર જ જાણે છે ને માણે છે.

**(૨) સાંઇબાબાનો સાક્ષાત્કાર**

ગંગાની બરાબર સામે આવેલા ભરત મંદિરનું સ્થાન સાધનાની દૃષ્ટિએ અત્યંત અનુકૂળ થઇ પડ્યું. હિમાલયની લીલીછમ પર્વતમાળાનું દર્શન કરતાં અંતરમાં આનંદ ઉભરાઇ રહે છે. જાણે ચિરકાલના સાથી ન હોય તેમ હિમાલય અને ગંગા ખૂબ પ્રિય લાગે છે. વિદ્યાર્થી દશાનું હિમાલયવાસનું સ્વપ્ન નજીકના જ ભાવિમાં એક ધ્રુવસત્ય થઇ જશે એ વાતની કોને ખબર હતી ? હિમાલયની આ ઋષિમુનિસેવિત પવિત્ર ભૂમિમાં વાસ કરવાનું સૌભાગ્ય તો સાંપડશે પણ સાથે સાથે સાધનાના અનેક પ્રકારના અનુભવોમાંથી પસાર થવું પડશે, અને એ રીતે જીવનને પરમશાંતિ, પરમાનંદ અને પૂર્ણતાનું દાન કરનાર ભૂમિ પણ આ જ થશે તેની કોને જાણ હતી ?

ખરી રીતે તો મારૂં સમસ્ત જીવન જ ઇશ્વરની કૃપાનો નમૂનો છે. તેમાં જે કાંઇ છે ને હશે તે ઇશ્વરની કૃપાનું જ ફળ છે. છેક બાળપણમાં એક સાધારણ ગામડામાં તેણે મારો હાથ પકડ્યો અને મને મુંબઈના વાતાવરણમાં મૂક્યો. તે પછી પણ, જીવનની પ્રત્યેક પળે મારી સંભાળ લઇ, મારો ઘાટ ઘડવાનો વ્યવસાય

ચાલુ રાખ્યો. તે માટે હું ઇશ્વરનો ઋણી છું. સાધનાનો કાર્યક્રમ સુઝાડનાર પણ તે જ છે અને તે જ તેને ક્રમેક્રમે સફળતા તરફ લઇ જાય છે. એ વિચારથી મને સાધના બાબત કદી નિરાશા નથી થઇ. ચિંતા થઇ છે, પણ તે વધારે ટકી નથી. સાથે સાથે મારા પ્રયાસનો પ્રવાહ કદી અટક્યો નથી.

છેલ્લા દોઢ માસ દરમ્યાન ઉપવાસને લીધે શરીર જરા નબળું પડ્યું હતું. વળી ઠંડી પણ સારી પેઠે શરૂ થઇ હતી અને વધતી જતી હતી. છતાં 'મા'ની ઇચ્છાથી મેં ઉપવાસમાં આનંદ જ માન્યો.

એક વાર આવેલો અવસર ફરી ફરી આવતો નથી. તેનો પૂરો ઉઠાવી શકાય તેટલો લાભ ઉઠાવી લેવો જોઇએ. વળી ગંગા, હિમાલય ને ભરતજીના મંદિરનું અનુકૂળ સ્થાન અને અનુકૂળ ઋતુ ... એ બધાંનો બરાબર લાભ લઇ લેવો જોઇએ. એ વિચારથી મેં સાધના માટેના પ્રયાસ ચાલુ રાખ્યા. એ દિવસોમાં થતા અનુભવથી મારો ઉત્સાહ વધતો જતો હતો. છતાં સાંઇબાબાનો જાગૃતિમાં અનુભવ થાય એવી ઇચ્છા કાયમ જ હતી.

ત્યાં તો 'મા'ની અને સાંઇબાબાની પરમ કૃપાથી એ અનુભવ પણ થઇ ગયો. કારતક સુદી અગિયારસે ને બારસે 'મા'ની આજ્ઞાથી મેં ઉપવાસ કર્યા. તે દિવસોમાં ઠંડી ખૂબ લાગતી. ખાસ કરીને રાતની ઠંડી તો ઘણી હતી. કારતક સુદી અગિયારસે રાતભર મેં 'મા'ને અને સાંઇબાબાને પ્રાર્થના કરી. સાંઇબાબાની પ્રાર્થના પાછળથી વધારે ઉત્કટ બની. સાધના વિશેનો ખુલાસો સાંઇબાબા દ્વારા જાગૃતિમાં મળે અને કંઇ નહિ તો તેમનો સ્પષ્ટ અવાજ સંભળાય એવી ઇચ્છા હતી. રાતના ૩ાા વાગી ગયા. થાક લાગવાથી જરાક આડો પડ્યો અને સૂતાં સૂતાં પ્રાર્થના કરવા માંડ્યો. સાંઇબાબાની શક્તિ વિશે ઘણી ઘણી વાતો સંભળાય છે. તે શું સાચી હશે ? તેમના ચમત્કારો પણ પ્રસિદ્ધ છે તે સાચા હશે ? તેની સત્યતાનો અનુભવ તો મને પણ થયો છે, પણ જાગૃતિમાં અનુભવ થાય તો તેની સત્યતા વધારે માનું.

એવા વિચારો મનમાં ચાલતા હતા. સાંઇબાબાને કહેતો કે શું આ જ તમારું પરગજુપણું ? શું આ જ તમારો માનવપ્રેમ ? મારી ઇચ્છા પૂરી કરવી એ તમારે માટે રમત છે, બે મિનીટનું જ કામ છે. છતાં કેમ મૂંગે મોઢે જોયા કરો છો ? ત્યાં તો 'મા'ની અને સાંઇબાબાની કૃપા થઇ. ઓરડામાં સાંઇબાબાનો ફોટો હતો. ત્યાંથી સાંઇબાબાનું સફેદ વસ્ત્રવાળું પણ દાઢી વિનાનું સુંદર સ્વરૂપ મારા તરફ આવ્યું. મારી આંખ બંધ હતી. છતાં તેનું મને સ્પષ્ટ દર્શન થયું. મને આનંદ થયો કે મારી પ્રાર્થના સાંભળીને સાંઇબાબાએ જાગૃતિ દશામાં જ મને દર્શન આપ્યું. પણ ત્યાં તો સાંઇબાબા તરત જ મારા ઓશીકા પાસે આવ્યા અને જાણે અડધા અદૃશ્ય થયા. તેમનું મુખ પણ ઝાંખુ ઝાંખુ દેખાવા માંડ્યું. તે વખતે મને લાગણી થઇ કે તે હવે કાંઇક કહેશે. અને 'મા'ની કૃપાથી થયું પણ તેમ જ. એમનો અવાજ મંદ ગતિએ છતાં કોઇ લાઉડસ્પીકરનો અવાજ હોય તેમ જોરથી મારા જમણા કાનમાં સંભળાવા લાગ્યો. અવાજ ખૂબ મીઠો હતો. જાણે ઘંટડી વાગે તેવો તેનો રણકાર હતો. એકેક અક્ષર પર ભાર દઇને, ડીક્ટેશન લખાવતા હોય તેમ, સાંઇબાબા અલગ અલગ અક્ષરે બોલતા હતા. તે સાંભળીને મને આનંદ થતો. વધારે આનંદ તો હું સારી પેઠે જાગું છું એ જાણવાથી થઇ રહ્યો. સાંઇબાબાએ અવર્ણનીય એવા મધ જેવા મીઠા શબ્દોમાં કહ્યું :

'ચિંતા કરશો નહિ. આ વરસે જેઠ સુદી પાંચમને દિવસે બદરીનાથમાં તમને સાક્ષાત દર્શન થઇ જશે ને તમારી બધી ઇચ્છા પૂરી થશે.'

એ અનુભવ પૂરો થયો અને કેટલા વાગ્યા હશે તે જાણવાની મને ઇચ્છા થઇ ત્યાં જ મંદિરમાં ચારના ટકોરા પડ્યા.

એ અલૌકિક અનુભવ માટે મેં મહાપુરુષ શ્રી સાંઇબાબાનો ખૂબ આભાર માન્યો. એ અનુભવથી, સાંઇબાબાના એ સાક્ષાત્કારના પ્રસંગથી મારા હૃદયમાં તેમને માટે પૂજ્યભાવ અને પ્રેમ વધે એ સ્વાભાવિક હતું. એ સમર્થ મહાપુરુષને મારા પ્રણામ છે, અનેકાનેક પ્રણામ છે.

ઋષિકેશથી મુંબઈ જવાનો આદેશ થઇ ચૂક્યો હતો. ઋષિકેશ છોડવાની 'મા'ની પ્રેરણા પણ પહેલાં મળી ચૂકી હતી. તે પ્રમાણે ઋષિકેશ છોડવાનો વિચાર તો હતો જ. આ વખતે હિમાલયના પ્રદેશની વિદાય સાધનાના સમાધાન ને સારા એવા લાભ સાથે લેવાની હતી. જે સાધના આ પ્રદેશમાં થઇ તેના સાક્ષી ગંગા, હિમાલય, ભરતજી, ભગવાન, પૃથ્વી, આકાશ તેમજ ઓરડામાં સૂક્ષ્મ રૂપે બિરાજેલા ભારતના પ્રાતઃસ્મરણીય મહાત્માઓ માત્ર હતા. વળી માતાજી પણ તેના પ્રત્યક્ષ સાક્ષી હતા. તે સૌ સરખાં પવિત્ર અને મંગળ હતા. તેમને પ્રેમપૂર્વક પ્રણામ કરીને એ પ્રદેશની વિદાય લેવાની હતી. જતાં જતાં મેં કહ્યું કે હે ગંગા, હે હિમાલય ! તમારે શરણે આવેલા બાળકને સદાયે યાદ રાખજો, તેના પર તમારા અનંત આશીર્વાદ વરસાવજો, અને તેને તમારો પ્રેમપાત્ર બનાવીને સર્વ રીતે સફળ અને સિદ્ધિસંપન્ન કરી દેજો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૩. સાંઇબાબાનો અલૌકિક અનુભવ

ઋષિકેશથી મોટર ઊપડી ત્યારે ભરત મંદિર, હિમાલય પર્વત ને ગંગામાતાને મેં ફરી પ્રણામ કર્યા. એ સૌના સાંનિધ્યમાં રહીને  સાધનાના માર્ગમાં જે સુંદર અનુભવો થયા હતા તે ભારે કીમતી અને ભૂલ્યા ભુલાય નહિ તેવા હતા.

મુંબઈ લગભગ બે મહિના રહેવાનું થયું. મુંબઈના નિવાસ દરમ્યાન કેટલાય યાદગાર પ્રસંગો બન્યા. તેમાં એક પ્રસંગ શ્રી સાંઈબાબાના પ્રસિદ્ધ સ્થાન શિરડીની મુલાકાતનો હતો.

મુંબઈથી નીકળીને લગભગ ૨ાા મહિના અમે સરોડા રહ્યાં. તે પછી એકાદ માસ સાબરમતી રહેવાનું થયું. આ વખતે સાબરમતી રહેવાનો વિચાર નહોતો પણ ઈશ્વરની ઈચ્છા બળવાન છે તેની ઈચ્છા પ્રમાણે બધું થયા કરે છે એટલે સાબરમતીની મુલાકાત લેવી પડી. ત્યાં નલિનીબેન તથા સુરેન્દ્રભાઈએ પ્રેમપૂર્વક સેવા કરી. મોહનભાઈ તથા શારદાબેને પણ અદભૂત પ્રેમ બતાવ્યો.

સાબરમતીમાં રહેવાનું મકાન સારું અને સાનુકુળ હતું. એ મકાનમાં બેન તારા પણ બાળકો સાથે અમારા આમંત્રણથી અમારી સાથે રહી. પરંતુ અમારી સાથે રહેવાનો લાભ મળવા છતાં તેને માટે સત્સંગનો લાભ લેવાનું મુશ્કેલ હતું. તેને બંને પગે વાળા નીકળેલા. સરોડામાં લોકો વાવના પાણીને એક અથવા બીજી રીતે ગંદુ કરતા. તે પાણી પીવાના કામમાં વપરાતું....એટલે ગામમાં ઠેકઠેકાણે વાળાનો ઉપદ્રવ શરૂ થયેલો. તારાબેનની રહેવાની ઓરડી અમદાવાદમાં ઘણી નાની હોવાથી અમે એને સારવાર અને આરામ માટે અમારી પાસે સાબરમતી લઈ આવ્યાં.

સાબરમતીમાં લાવ્યા પછી બેનને માટે બનતા ઉપચારો ચાલુ રાખ્યા, પણ પૂરો આરામ ના થયો. વાળાના ભયંકર દર્દને લીધે તેનાથી હરીફરી તો શું પણ ઊઠી શકાતું પણ ન હતું. દર્દ ઘટવાને બદલે વધ્યે જતું. ખાસ વાત તો એ હતી કે, અમારે હિમાલય જવાનો સમય પાસે આવતો જતો હતો. તે દશામાં બેનને આરામ ના થાય અને દર્દ આવું જ ચાલુ રહે તો તેની પૂરતી સારવાર થઈ શકે તેમ ન હતું. તેના મોટા પુત્ર રમેશને પણ તેના જેવી જ વાળાની પીડા હતી. એટલે સમસ્યા જરા ગંભીર હતી.

છેવટે અમે વિચાર કર્યો કે આ વખતે આવી મુશ્કેલીના વખતમાં માતાજીએ બેનને લઈને સરોડા જવુ, સરોડા જ રહેવું. ને મારે એકલાએ જ હિમાલય માટે રવાના થવું. એ વરસે મારે બદરીનાથ જવાનું નક્કી હતું. બદરીનાથની ઠંડી માતાજીથી સહન થઈ શકશે કે કેમ તે પ્રશ્ન ઊભો જ હતો તેમાં વળી બેનને આવા કટોકટીના સમયે સેવાની જરૂર હતી, એટલે તે વિચાર બીજાને રુચિકર થઈ પડ્યો.

તે પ્રમાણે કેટલીક જરૂરી વ્યવસ્થા કરવા માતાજી એક દિવસ સરોડા જવા વિદાય પણ થઈ ગયાં. ત્રણેક દિવસ રોકાઈને સરોડાથી તે પાછાં આવી પહોંચ્યા. હિમાલય માટે પ્રસ્થાન કરવાનો દિવસ નક્કી હતો. તે પ્રમાણે બે દિવસ પછી મારે નીકળવાનું હતું. માતાજી લગભગ ઈ.સ. ૧૯૪૮ થી કાયમને માટે મારી સાથે જ રહેતાં. મારાથી છૂટા પડવાનો અવસર તે દરમ્યાન તેમને માટે પહેલો જ હતો. પણ તે સમજુ હતાં ને પરિસ્થિતિની ગંભીરતાને જાણતાં. ધર્મ, ઈશ્વર કે આધ્યાત્મિકતાના નામે સ્વધર્મ પ્રત્યે આંખમીચાંમણાં કરવાનું અથવા જરૂરી સેવા-કર્મની અવગણના કરવાનું શિક્ષણ તેમને મળ્યું ન હતું. તેવા શિક્ષણમાં તેમને

શ્રદ્ધા પણ ન હતી. તેથી તેમને કોઈ જાતનો શોક ન હતો. બેનની સાથે રહેવા તે પ્રસન્નતાપૂર્વક તૈયાર થયા. ઈશ્વરની ઈચ્છાથી જે પરિસ્થિતિ ઊભી થાય તે શાંતિપૂર્વક વધાવી લેવાની મારી તૈયારી હતી. શરૂઆતના જીવનમાં હિમાલયમાં વરસો સુધી હું એકલો જ રહ્યો હતો એટલે એકાંત જીવનનો મને અભ્યાસ હતો. એકાંતવાસ પ્રત્યે મને પહેલેથી જ અભિરુચિ હતી. વળી બેનની વિકટ પરિસ્થિતિનો બરાબર ખ્યાલ હતો. એ પરિસ્થિતિમાં તેને મદદરૂપ થવાની જરૂર હતી. એટલે માતાજી આ વખતે તેની પાસે રોકાઈ જાય તે મને બરાબર લાગ્યું.

પરંતુ વિવેકી માણસને જીવનમાં એવા ઘણા અનુભવ થાય છે જે તેને સમજાવે છે કે આખરે તો બધું ઈશ્વરની ઈચ્છા પ્રમાણે અથવા કોઈ અદૃષ્ટ કર્મોના રહસ્યના પરિણામે થયા કરે છે. મારે માટે એ વાત કાંઈ નવી ન હતી. છેલ્લા કેટલાક વરસોથી મારા જીવનની ગતિવિધિ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ થયા કરતી. મારા જીવનમાં લાંબા વખતથી ઈશ્વરની ઈચ્છાનો અનુવાદ જ થઈ રહ્યો હતો. તે પ્રમાણે બેનની બાબતમાં પણ ઇશ્વરની ઇચ્છા શું છે તેની માહિતી મેળવવાનો મને વિચાર થયો, ને મારો વિચાર ઇશ્વરની કૃપાથી એકાએક સફળ થઇ ગયો.

વૈશાખી પૂનમની રાત હતી. તારીખ ૧૪-૫-૧૯૫૪ મોડી રાતે મકાનના ઉપરના ઓરડામાં હું પથારીમાં પ્રાર્થના કરવા બેઠો હતો. પ્રાર્થના પૂરી થયા પછી મેં ધ્યાન શરૂ કર્યું. બહાર બધે ચાંદની પથરાઇ ચુકી હતી. એટલે વાતાવરણ ખૂબ ખુશનુમા હતું. શ્રી સાંઇબાબાએ મારી અંદર પ્રવેશ કર્યો ને મારી અંદરથી સુમધુર ને સ્પષ્ટ શબ્દોમાં બોલવા માંડ્યા : 'હું સાંઇબાબા છું. આમ તો આખા વિશ્વમાં રહું છું પણ વધારે ભાગે શિરડીમાં સાક્ષાત રહું છું.' પછી મારા તરફ સંકેત કરીને કોઇ બીજાને કહેતા હોય તેમ કહેવા લાગ્યા : 'આ મહાન પુરુષ છે. યુગાવતાર છે. તેના દ્વારા ભારત અને વિશ્વમાં મહાન કામ થવાનું છે. તેના પર મને પ્રેમ છે એટલે મેં તેની અંદર આવેશ લીધો છે. આ વખતે તેની સાધના પૂરી થઇ જશે. તેનું કામ થઇ જવાનું છે.' તે શબ્દો સાથે તેમણે મારા બે પૂર્વજન્મોની વાત પણ કહી બતાવી. મને થયેલા પૂર્વજન્મના જ્ઞાન સાથે તે વાત બરાબર મળતી હતી.

એટલી વાત કરીને સાંઇબાબાએ મધથી પણ મીઠા સ્વરમાં મને કહેવા માંડ્યું : 'માતાજી ભલે હિમાલય જાય, બેન અને બાળકો અહીં જ રહે. તે મારા જ બાળકો છે. તેમને હું દુઃખ પડવા દઇશ ? ના ... ના, તેમને કાંઇ જ વાંધો નહિ આવે.' એ પછી તે અદૃશ્ય થઇ ગયા. મને શરીર તથા આજુબાજુના વાતાવરણનું ભાન આવ્યું. હું પથારી પર ટટ્ટાર બેઠો હતો. ઘડિયાળમાં જોયું તો બરાબર સવા વાગ્યો હતો. બહાર બધે ચંદ્રમા જાણે કે કિરણોના રૂપમાં નીચે આવીને પૃથ્વી સાથે રમી રહ્યો હતો. થોડા વખત સુધી બહાર અગાશીમાં ઊભો રહીને હું તેની રમતને નિહાળી રહ્યો.

સાંઇબાબાનો અનુભવ કેટલો બધો સુંદર, સમયસર અને અલૌકિક હતો ? તેથી મારા અંતરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો. સાંઇબાબા જેવા મહાસમર્થ સંતપુરુષ મારા પર પ્રેમ રાખીને, મારામાં કોઇ વિશેષ અધિકાર ના હોવા છતાં, મારા પર પ્રેમ અને કૃપા કરે છે તે ખરેખર મારું સદભાગ્ય જ છે. તેમના જેવા મહાપુરુષની કૃપાથી જ મારી રહીસહી ગંદકી દૂર થશે, ને અવગુણ ને અલપ્તાના સાગર જેવો હું, ગુણ ને શક્તિના ભંડારમાં પલટાઇને, સાચો સંત બની શકીશ.

સવારે ઉઠીને મારા અનુભવની વાત મેં માતાજીને અને બેનને કરી દીધી. તે ખુશ થયાં. છતાં મેં છેવટનો નિર્ણય તો માતાજી પર જ છોડી દીધો. પણ તેમને મારી વાત અને મારા અનુભવમાં શ્રદ્ધા હતી. બેનને પણ વિશ્વાસ હતો. તેથી છેક છેલ્લી ઘડીએ માતાજીએ મારી સાથે હિમાલય આવવું એમ નક્કી થયું. ઇશ્વરે પોતાની ઇચ્છાને અજબ રીતે અમલી બનાવી દીધી.

બે દિવસ પછી બેનને ઊંચકીને કન્યા પધરાવે તેમ, મોટરમાં બેસાડીને અમદાવાદ તેને ઘેર મૂકી આવ્યાં અને અમે સ્ટેશન પર પહોંચ્યાં. બેનથી હજી ઉઠાતું ન હતું. પણ સાંઇબાબા જેવા સમર્થ મહાપુરુષોના વચનનો પ્રભાવ તો જુઓ ! બેનને કંઇ જ તકલીફ ના પડી. એક મહિનાની અંદર સંપૂર્ણ આરામ થઇ ગયો. બેન અને બાળકોને સાંઇબાબા પોતાના બાળકો ગણે છે એ વાત યાદ આવતાં મને આનંદ થાય છે. તેવી રીતે તેમને કાયમ માટે પોતાના ગણીને તેમની તે રક્ષા કરે અને તેમને પોતાના અને પ્રભુના કૃપાપાત્ર બનાવે, એવી મારી તે મહાપુરુષને પ્રેમપૂર્વક પ્રાર્થના છે, વિનંતિ છે.

માણસનું સમસ્ત જીવન એ પ્રમાણે ઇશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલે ત્યારે કેટલો આનંદ થાય છે ? તેનામાં કર્તૃત્વનો કે બીજો અહંકાર પછી જરાયે રહેતો નથી, સંકલ્પ-વિકલ્પો રહેતા નથી અને ભૂત, વર્તમાન તથા ભાવિની બધી ચિંતાનો અંત આવે છે. ઇશ્વરરૂપી 'મા'ની છાયામાં તે સદાય સલામત બનીને નમ્રાતિનમ્ર થઇને જીવે છે, એક જાતની મંગલ જીવનમુક્ત દશાનો અનુભવ કરે છે, તે દશાની પ્રાપ્તિ મુશ્કેલ છે. કોઇ કારણથી તે પ્રાપ્ત થઇ જાય તો પછી બધી જાતના ભય, શોક, ભ્રમ, મોહનો અંત આવે છે અને જીવન ઉત્સવમય બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૪. બદરીનાથના ધામમાં

**(૧) બદરીનાથ**

દસેક દિવસની લાંબી મુસાફરી પછી આખરે અમે બદરીનાથ પહોંચ્યા. બદરીનાથની યાત્રામાં પીપલકોટી સુધી મોટર જતી હતી. પછી ૩૮ માઇલ પગપાળા ચાલવું પડ્યું. માતાજીથી ચાલી શકાશે કે કેમ એ વાતની શંકા હતી. પણ પ્રભુની કૃપા તો જુઓ ! માતાજીએ છેવટે સુધી પગરસ્તે યાત્રા કરી અને તે પણ ખૂબ જ ઉત્સાહ અને હિંમતથી. ઉત્સાહ અને હિંમત આપનાર શક્તિ તો એ જ છે ને ? એની કૃપાથી શું નથી થતું ? તે ધારે તે કરી શકે છે.

હનુમાનચટ્ટીથી ચઢાઇ ચઢતાં છેક ઉપર આવી પહોંચ્યા ત્યારે દૂર દૂર પર્વતની સોડમાં સૂતેલી બદરીનાથપુરીનું દર્શન થયું. કેવું ધન્ય દર્શન ! એ દર્શનનો આનંદ માણવા દૂર દૂરથી આવતા યાત્રિઓ બદરીવિશાલ કી જય ના પોકારો કરીને પોતાની પ્રસન્નતા પ્રકટ કરતા. જેને માટે કેટલાંય કષ્ટો વેઠીને અને ઠંડી સહન કરીને ઘર અને ગામથી દૂર નીકળી પડ્યા હતા તે દિવ્ય ધામ બદરીનાથનું દર્શન થતાં તેમને આનંદ કેમ ના થાય ? અમે પણ બદરીનાથની ભૂમિને દૂરથી મનોમન નમસ્કાર કર્યાં. તારીખ ૩૧ મે, ૧૯૫૪ વૈશાખ વદ ચૌદસને સોમવારે અમે બદરીનાથની પુરાણ-પ્રખ્યાત પુણ્યભૂમિમાં પ્રવેશ કર્યો અને અમારું અંતર આનંદથી નાચી ઉઠ્યું. મહાપુરુષ શ્રી સાંઇબાબા તથા જગદંબાએ લગભગ છ મહિના પહેલાં આપેલી બદરીનાથ યાત્રાની આજ્ઞા-પ્રેરણા આખરે સાચી ઠરી. 'મા' પોતે પોતાની ઇચ્છા પ્રમાણે બધું કર્યે જ જાય છે. આપણે તો તેના હાથમાં માત્ર હથિયાર છીએ. એ વાતની ખાત્રી થઇ જાય છે ત્યારે જીવનનો ભાર હલકો થઇ જાય છે, ચિંતા હળવી થાય છે, ને જીવનમાં કેવો આનંદ છવાઇ જાય છે ! પણ ઊંડા અનુભવ વિના એવી ખાતરી થઇ શકતી નથી. જેને થઇ જાય તેનું ઘણું કામ ઊકલી ગયું અથવા સુધરી ગયું એમ સાચે જ સમજી લેવું.

બદરીનાથની ભૂમિ કેટલી સુંદર છે ! ચારે બાજુ રમણીય પર્વતો ને વચ્ચે વસેલી બદરીનાથપુરી ખૂબ જ રમણીય લાગે છે. બદરીનાથનું પ્રાકૃતિક સૌંદર્ય તો ઉત્તમ છે જ, પરંતુ એનો આધ્યાત્મિક મહિમા પણ ઓછો આકર્ષક નથી. નર-નારાયણ ઋષિની તપસ્યાભૂમિ તરીકે એ ભૂમિ પ્રખ્યાત છે. સનક, સનંદન ને સનત્કુમારના નામ પણ અહીં ગૂંથાયેલા છે. પાંડવોના મહાપ્રસ્થાનની વાત પણ આ ભૂમિ સાથે સંકળાયેલી છે. તે ઉપરાંત, ભારત ને સંસારના અજોડ વિચારક મહર્ષિ વ્યાસ, પ્રેમમાં મગ્ન થઇને ફરનારા દેવર્ષિ નારદ અને તપ, જ્ઞાન ને પ્રેમની પૂર્તિ જેવા શુકદેવ આ ભૂમિના મુખ્ય દેવતાઓ છે. કાળની અસરથી તે પર છે ને ઉત્તમ કોટિના સાધકોને તે આજે પણ કૃપા કરીને દર્શન આપે છે.

મહાભારત કાળમાં ભગવાન શ્રી કૃષ્ણે ઉદ્ધવને આ જ ભૂમિમાં આવવાનો આદેશ આપેલો. યક્ષ, કિન્નર, ગંધર્વોનો પ્રદેશ તથા કુબેરની નગરી આ તરફ કહેવાય છે. તેની યાદ આવતાં પુષ્પદંતનું શિવમહિમ્નસ્તોત્ર તથા કાલિદાસનું મેઘદૂત યાદ આવ્યા વિના રહેતું નથી.

હિમાલયની ભૂમિનું આકર્ષણ ભારતવાસી ધર્મપરાયણ માણસોને બચપણથી જ હોય છે. હિમાલયનું દર્શન કરવાની ભાવના તેના જીવનમાં ભળી ગઇ હોય છે. ઋષિમુનિની તપશ્ચર્યાનો જે ઇતિહાસ આ ભૂમિમાં

લખાયો છે. તેની યાદ તેને કાયમને માટે પ્રેરણા પૂરી પાડે છે. આજે એવા ઋષિમુનિઓ અહીં પહેલી નજરે જોવા ના મળે તેથી એમનું અસ્તિત્વ અને આ ભૂમિનો પ્રભાવ મટી જાય છે એમ માની લેવાનું નથી. આ ભૂમિની અલૌકિકતા હજી એવી ને એવી જ છે.

બદરીનાથમાં આવી પહોંચ્યાં. ઊકળતા ગરમ પાણીના કુંડમાં સ્નાન પણ કર્યું. પણ હવે ઉતારાનું શું ? પ્રભુએ એ ચિંતા પણ દૂર કરી. ઉતારા માટે મંદિરના સેક્રેટરીને મળ્યા. મંદિરની અંદર જ સિંહદ્વારની ઉપરના ભાગમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. સેક્રેટરી ધારત તો કોઈ બીજે સ્થળે પ્રબંધ કરી શકત પણ તેમને માટે અમે અપરિચિત હતાં. વળી પ્રભુની ઈચ્છા અમને આ જ જગ્યામાં રાખવાની હશે. એટલે અમે એમાં આનંદ માની લીધો. નાની ગુફા જેવી ત્રણ ઓરડીઓમાં અમારો ઉતારો થયો. છેલ્લી ઓરડીની બારીમાંથી તપ્તકુંડ, અલકનંદા, બદરીનાથના કેટલાક મકાનો ને બ્રહ્મકપાલી દેખાય તેમ હતાં. વળી મંદિરમાં દર્શનાદિનો લાભ પણ સારી પેઠે લઈ શકાય તેમ હતું.

ત્રીજે દિવસે મંદિરમાં એક બનાવ બન્યો. અમે મંદિરના ચોકમાં બેઠાં હતાં. બીજા પણ ઘણા માણસો હતાં. લગભગ બાર વાગ્યા હશે. તે વખતે એક નાનો છોકરો બુટ પહેરીને મંદિરના ચોકમાં આવી પહોંચ્યો. મંદિરના કર્મચારીએ તેને ગાળો દઈને મારવા માંડ્યો. બીજા બેચાર માણસો પણ તેને ધમકાવવા માંડ્યા. છોકરો કાંઈ પણ બોલ્યા વિના બહાર જતો રહ્યો. વાત ઘણી નાની હતી છતાં મને તેણે વિચાર કરતો કરી મૂક્યો. છોકરાએ તો ભૂલ કરી જ હતી. પણ તે ભૂલ મોટા ભાગે અજાણતામાં થઈ હશે. પરંતુ છોકરાને ગાળ દઈને, ધમકાવીને ને મારીને મંદિરના કર્મચારી ને બીજા માણસોએ શું વધારે મોટી ભૂલ ના કરી ? મંદિરની મર્યાદા ને પવિત્રતા શું તેનાથી વધારે ઝાંખી નથી પડતી ? ભગવાન શું તેમના વર્તનને પસંદ કરી લેશે ? માણસો શાંતિ ને સમજાવટથી કામ લેવાનો પાઠ ક્યારે શીખશે ?

મંદિરનું વાતાવરણ અસરકારક છે. મંદિરની મૂર્તિની પ્રતિષ્ઠા શ્રી આદ્ય શંકરાચાર્યે કરી છે. તેમની સાથે કેટલાક બ્રાહ્મણો પણ આવેલા એટલે મંદિરની પૂજાનો હક્ક ત્યારથી જ તે જ ધરાવે છે. સાંજે મંદિરમાં કથા થાય છે. સવારે ને રાતે કીર્તન ચાલે છે. રાતનું કીર્તન ઘણું સુંદર હોય છે. જે માણસો આટલે દૂર દર્શન કરવા આવે છે તેમને એવી રીતે સત્સંગનો લાભ મળે છે. મંદિરોમાં આવી સત્સંગની વ્યવસ્થા થાય એ આવકારદાયક છે.

ભગવાને અમને પોતાના અતિથિ માનીને, પોતાના જ ઘરમાં ઉતારો આપ્યો એ કાંઈ ઓછા આનંદની વાત ન હતી.

**(૨) પાંચમ આવી પહોંચી**

આખરે એ દિવસ આવી પહોંચ્યો. ગયા કારતક મહિનામાં ઋષિકેશની પવિત્ર ભૂમિની વિદાય લીધી ત્યારે અંતરમાં એક પ્રકારનો અનેરો આનંદ હતો. સાધનાની સિદ્ધિનો દિવસ જાણવા મળ્યો તેથી મનમાં પ્રસન્નતા હતી. કોઈ વાર એમ પણ થતું કે જેઠ મહિનો તો ઘણો દૂર છે. ત્યાં સુધી રાહ જોવી પડશે. 'મા'નું અમૃત નીતરતું અલૌકિક મુખ ત્યાં સુધી જોવા નહિ મળે, 'મા'ના મધઝરતા મીઠા શબ્દો સાંભળવા નહિ મળે. ને ત્યાં સુધી જીવન સંપૂર્ણપણે સફળ નહિ બને. જીવનની સંસિદ્ધિનો આનંદ પણ નહિ મળે. પણ બીજો ઉપાય જ ક્યાં હતો ? જેઠ મહિનો આવે ત્યાં સુધી ધીરજ રાખીને રાહ જોયા વિના છૂટકો જ ન હતો. ગીતામાતાએ

સર્વ પ્રકારના કર્મોની સિદ્ધિ માટે પાંચ વસ્તુને મહત્વની માની છે તેમાં દૈવનો સમાવેશ કરવામાં આવ્યો છે. માણસે કરેલા પુરુષાર્થ પરથી નક્કી થયેલા પ્રારબ્ધને પણ તેમાં સ્થાન આપવામાં આવ્યું છે. કેટલાક વિચારકો તેને કાળ પણ કહે છે. દરેક કર્મને ફળવાનો નક્કી કાળ કે સમય હોય છે. તેનો નિર્ણય કર્મની વ્યવસ્થા પ્રમાણે થાય છે. તે સમય સુધી માણસે રાહ જોવી પડે છે. બીજ જમીનમાં પડી ગયું. પણ તે ફુટીને અંકુર થાય તેને માટે ધીરજ ધારણ કરવાની જરૂર પડે છે. સાધનામાં પણ તે નિયમ લાગુ પડે છે. સાધનાની સિદ્ધિ માટેનો પુરુષાર્થ ફળે છે જરૂર, પણ તે માટે કેટલીક રાહ જોવી પડે છે. મારે માટે પણ રાહ જોયા વિના છૂટકો ન હતો.

પરંતુ કાળ પોતાનું કામ કર્યે જાય છે. સમયનું ચક્ર ફરતું જાય છે. માણસ ચાહે કે ના ચાહે તો પણ દિવસ પર દિવસ વીતતા જ જાય છે. તે પ્રમાણે વચગાળાના દિવસો વીતી ગયા ને જેઠ સુદી પાંચમનો દિવસ આખરે આવી પહોંચ્યો. 'મા'ની કૃપા અથવા સાધનાની સિદ્ધિનો દિવસ. જે દિવસની ઊંડી આશાથી પ્રતિક્ષા કરેલી તે દિવસ.

આ વખતનો દિવસ શ્રી સાંઇબાબા જેવા સમર્થ પુરુષે જાગૃતિમાં આપેલો હોવાથી સાચો પડશે જ એવી ખાતરી હતી. છતાં શુક્રવારે રાતે જરા ચિંતા થઇ ત્યારે મારા પર અત્યંત પ્રેમ રાખનાર સાંઇબાબાએ મને આંતરજગતમાં અનુભવ આપતાં કહ્યું કે : 'આજે પાંચમ ક્યાં છે ? પાંચમ તો કાલે છે. કાલે 'મા'નું સાક્ષાત દર્શન થઇ જશે ને બધું કામ થઇ જશે.'

સાંઇબાબાની કૃપા ઘણી છે. તેમની શક્તિ અસીમ છે. મારા જીવનના અનુભવો પરથી તેની ખાતરી થશે. તે બદરીનાથ પણ પહોંચી ગયા. તે તો બધે જ છે, ને વારંવાર મને સુચના આપે છે કે તે મારી સાથે જ છે. એવા મહાપુરુષ - સંસારના પ્રથમ પંક્તિના સિદ્ધપુરુષની કૃપા બદલ હું મારી જાતને બડભાગી માનું છું. ઋષિકેશ છોડ્યા પછી પણ તેમના દર્શનાનુભવ વારંવાર થતા જ રહ્યા છે. જેઠ સુદી પાંચમને દિવસે સવારે ને રાતે થયેલા અનુભવને યાદ કરીને રોજની જેમ મેં શ્રી સાંઇબાબાને પ્રાર્થના કરી કે તમારી જેમ સંપૂર્ણ, સમર્થ ને સિદ્ધ થવા માગતા મારા જેવા બાળકને તમે જે સાધનાની સિદ્ધિનો દિવસ આપ્યો છે તે પ્રમાણે આજે મારું બધું જ કામ થઇ જવું જોઇએ. તમારા જેવા મહાપુરુષનું વચન મિથ્યા જાય તો તે તમારે માટે નામોશીરૂપ ગણાશે ને તમારા ભક્તોની શ્રદ્ધાને ડગાવનારું સાબિત થશે. માટે આજે તમે આપેલો દિવસ જરૂર સાચો પાડી દો ને મને સફળ મનોરથ કરી દો.

બદરીનાથ ભગવાનને પણ પ્રાર્થના કરી કે હે ભગવાન, હું તમારા ધામમાં ને તમારા સ્થાનમાં સાધનાની સિદ્ધિની આશાથી બેઠો છું. તમારામાં સાચ હોય તો મારી ઇચ્છા આજે જરૂર પૂરી કરી દો. એમ કરવાથી આ ધામનું ગૌરવ વધારે વધશે. તમે જો અતિથિને તૃપ્ત કરવામાં માનતા હોય તો મને તૃપ્તિ ધરી દો. 'મા'ની પૂર્ણ કૃપા વિના મારા મનમાં બીજી કોઇયે વસ્તુની કામના નથી.

જેઠ સુદી પાંચમને દિવસે વહેલી સવારે જરા વરસાદ પડ્યો. તેથી ઠંડી વધી ગઇ. સૂર્યનારાયણના દર્શન દુર્લભ થયા. ગરમ પાણીના કુંડમાં નહાવાની વ્યવસ્થા ના હોત તો માણસની શી દશા થાત એ વિચાર મને ને માતાજીને વારંવાર આવી જતો. 'મા'ની પ્રાર્થના તો ચાલુ જ હતી. કેટલાંય વરસોથી તે શરૂ થઇ ચુકેલી. હવે તો તેની પૂર્ણાહુતિની જ વાર હતી. 'મા'ની કૃપા માટે મેં કેટલી ચિંતા, વેદના ને બેચેની

અનુભવી ! પોતાની પૂર્ણતા ને સંસારની સુખાકારીના વિચારને વળગી રહીને 'મા'ની કૃપા માટે મેં પ્રત્યેક દિવસે ને પ્રત્યેક પળે આતુર આંખે રાહ જોયા કરી છે. હવે તેની પૂર્ણાહુતિનો દિવસ 'મા'ની યોજના પ્રમાણે આવી પહોંચ્યો ત્યારે 'મા'ને મેં વળી ઉત્કટ ભાવે વિનવણી કરી કે હે મા, મારી પ્રાર્થનાને ધ્યાનમાં લઇને આજે તમે મારી સામે જરૂર પ્રકટ થઇ જાવ અને આ ઉત્તમ ધામમાં તમારી પૂર્ણ કૃપાનો વરસાદ વરસાવીને જીવનની ઉત્તમતાનું દાન દો. મને તમારો પૂર્ણ કૃપાપાત્ર બનાવી દો. પછી તમારા પ્રેમમાં મસ્ત બનીને, તમારી કૃપા ને શક્તિથી સુશોભિત થઇને તમારી સાથે રહીને તમારા મહિમાને સંસારમાં ફેલાવવાના ને માનવજાતિને શાંતિ તથા પ્રકાશનો નવો પંથ બતાવવાના મહાકાર્યમાં હું મુક્ત રીતે તમારી ઇચ્છા પ્રમાણે જોડાઇ જાઉં. તમારું રૂપ રૂપના અંબાર જેવું સ્વરૂપ આજે મને જરૂર બતાવો ને તમારા પ્રેમમાં પરિપ્લાવિત કરીને કૃતાર્થ કરો. મારામાં કોઇ શક્તિ નથી છતાં તમે 'મા' છો ને હું તમારો પુરાણો પ્યારો બાળક છું. માટે કૃપા કરો. તમે જ મારા સ્નેહી, સ્વજન, પ્રાણ, સર્વ કાંઇ છો. તમારા વિના મને ચેન નથી, આરામ નથી. તમારી કૃપા વિના મારું દુઃખ-દર્દ દૂર થાય તેમ નથી ને મારો ઉદ્ધાર પણ અસંભવ છે. માટે આજે જરૂર પધારો, વહેલામાં વહેલી તકે પધારો.

**(૩) દિવસ મિથ્યા થયો**

જેઠ સુદી પાંચમની રાતે 'મા'ની કૃપાને માટે આતુર હૃદયે રાહ જોઇ. રાતે તાલાવેલી રહી. પ્રાર્થના પણ ઘણી ઉત્કટ થઇ. એ રાત તો આજ સુધીના સાધનામય જીવનની આશા જેવી હતી. તેના પર તો હવે પછીના જીવનનો આધાર હતો. માતાજીને પણ કહ્યું કે બદરીનારાયણ ભગવાનને પ્રાર્થના કરજો કે તેમના ધામમાં મારું કામ પૂરું થઇ જાય.

પરંતુ 'મા'ની મરજી જુદી જ હતી. જેઠ સુદી પાંચમનો દિવસ પણ મિથ્યા ગયો ! સાંઇબાબા જેવા મહાપુરુષે આપેલો દિવસ પણ સાચો ના પડ્યો. સવાર પડતાં હૃદય રોઇ ઊઠ્યું, કરુણ બની ગયું. સિદ્ધિના મળેલા દિવસો મિથ્યા જવાનું ચક્ર છેલ્લાં છ વરસથી એકધારું ચાલ્યા કરે છે. તેની પાછળ શું રહસ્ય હશે તે કોણ કહી શકે ? આ વખતે તો એ ચક્રનો અંત આવશે એવી આશા હતી. પરંતુ ... મારી માન્યતા ખોટી પડી. ચિંતા, વેદના ને બેચેની હજી બાકી હશે. દુઃખ તો થયું, પણ શું થાય ? 'મા'ની ઇચ્છાને શિરોધાર્ય કર્યા વિના છૂટકો જ ન હતો. સાધારણ સાધકની શ્રદ્ધા ડગી જાય ને ધીરજ તૂટી જાય એવા પ્રસંગો છેલ્લાં કેટલાંય વખતથી ઉપરાઉપરી બન્યા કરતા. અંધારામાં અટવાતા માણસને કોઇ આશાનું કિરણ દેખાતું, અથવા ડૂબતાં માણસને જેમ ઘડીભર કોઇ આધાર મળે અને એ આનંદમાં આવે ને હિંમતબાજ બની જાય તેમ જરાક આધાર મળતાં હિંમત આવી જતી. પણ દિવસો મિથ્યા થતાં બાજી પાછી જેવી ને તેવી જ થઇ જતી. પણ એ પ્રમાણે ક્યાં લગી ચાલ્યા કરશે ? હવે તો હદ થઇ ગઇ. 'મા'ની કૃપાને માટે એક નાનાસરખા બાળકને આટઆટલું તલસવું પડે તે શું સારું ગણાય ?

સારું ગણાય કે ના ગણાય, તલસ્યા વિના છૂટકો પણ ક્યાં હતો ? 'મા'ની સંપૂર્ણ કૃપા વિના મને ચેન પડે તેમ ન હતું. એટલે સાધનાની યાત્રાને આગળ ને આગળ લંબાવ્યા વિના કોઇ ઉપાય ન હતો. કરેલો પુરુષાર્થ નકામો નથી જતો એ વાતમાં વિશ્વાસ રાખીને મેં મારો પ્રયાસ આશા, શ્રદ્ધા ને હિંમતપૂર્વક આગળ

ને આગળ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. ગમે તેમ કરીને મારે ગંતવ્ય સ્થાન પર પહોંચવું જ હતું. એટલે આગળ ને આગળ માર્ગ કાપવાનું જ મારે માટે બરાબર હતું.

સાંઇબાબા જેવા મહાપુરુષનો આપેલો દિવસ પણ મિથ્યા ગયો એ કેટલું વિચિત્ર કહેવાય ? મારો વચગાળાનો વખત શાંતિ અને ઉત્સાહમાં પસાર થઇ જાય માટે મને વચ્ચેના મિથ્યા દિવસો આપવામાં આવ્યા હશે એમ મને લાગ્યું. બીજો કોઇ ઉકેલ મને સમજાતો ન હતો. પરંતુ એમ પણ થયું કે 'મા'ની કૃપા અથવા સાધનાની સિદ્ધિનો એક જ સાચો દિવસ મને મળે તો સારું. જાગૃત દશાના વધારે સ્પષ્ટ ને સાચા અનુભવની જરૂર હતી. ગમે તેમ, સાધના હજી બાકી હતી ને તે માટે મહેનત કરવાનું - 'મા'ની કૃપાને માંગવાનું કામ પણ બાકી હતું.

છઠને દિવસે સવારે સૂર્યોદય થઇ ચૂકેલો. બરફના પર્વતો સૂર્યના કિરણોથી સુશોભિત બની રહેલા. ઠંડીથી બચવા માટે માણસો તડકામાં જ્યાં ત્યાં એકઠાં મળતાં. મારે માટે સાધનાની સિદ્ધિનો સૂર્યોદય થવાની હજી વાર હતી. તેના વિના અંતરમાં ઉતરી ગયેલી ઠંડી ક્યાંથી મટે અને તન, મન, અંતરને ઉષ્મા પણ ક્યાંથી મળે ?

**(૪) બદરીનાથ યાત્રાના સંસ્મરણો**

કેટલીક વાર કહેવામાં આવે છે કે 'જેને રામ રાખે તેને કોણ મારી શકે ?' એટલે કે ઇશ્વર જેની રક્ષા કરવા તૈયાર રહે છે તેને કોઇ રીતે ઉની આંચ પણ આવતી નથી. તેની રક્ષા કેટલીક વાર કલ્પનામાં પણ ના આવે એવી અજબ અને આકસ્મિક રીતે થઇ જાય છે. તેને પોતાને ને બીજાને પણ તેથી કેટલીક વાર અજાયબી લાગે છે. એ વાતની યાદ આપતો એક પ્રસંગ બદરીનાથ યાત્રામાં બની ગયો. બદરીનાથના માર્ગમાં વિષ્ણુપ્રયાગથી આગળ જતાં બલદૌડા ચટ્ટી આવે છે. ત્યાંથી ઘાટ ચટ્ટીનો લગભગ ત્રણેક માઇલનો માર્ગ જરા વધારે કપરો, પથરીલો ને લાંબો લાગે છે. એ માર્ગે આગળ ચાલતાં શરૂઆતમાં જ એક પુલ આવે છે. તેને પસાર કરીને અમે આગળ વધી રહ્યાં હતાં, એટલામાં કોઇની બૂમ સાંભળી. અમારી સાથે બીજું કોઇ હતું નહિ એટલે બૂમનું કારણ અમારી સમજમાં આવ્યું નહિ. હું ને માતાજી બંને જરા વિસ્મિત બની ઊભાં રહ્યાં. ધ્યાનપૂર્વક જોયું તો જણાયું કે પુલને સામે છેડે કેટલાંક માણસો ઊભાં ઊભાં બૂમ પાડી રહ્યાં હતાં. બૂમનું કારણ સમજવા અમે આગળ જોયું. તે જ વખતે આખોયે પ્રસંગ અમારી સમજમાં આવી ગયો. વાત એમ હતી કે એક ડોશીમા બદરીનાથથી પાછાં ફરીને પુલ તરફ જઇ રહ્યાં હતાં. તેમના સાથી આગળ નીકળી ગયા હતા ને તે પાછળ પડી ગયેલાં. આંખ બરાબર કામ કરતી નહિ હોવાથી તે મુખ્ય માર્ગ ભૂલી ગયેલાં ને બીજા ભળતાં જ પગદંડીના માર્ગે ચઢી ગયેલાં. મુખ્ય માર્ગ પરથી તે ગંગાજી તરફ આગળ લઇ જતો ને પછી પર્વતની ઊંચાઇ પર પૂરો થતો. ત્યાંથી જો કોઇ માણસ એક ડગલું પણ આગળ વધે તો નીચે ગંગામાં જ પડે ને રામશરણ થઇ જાય એવી દશા હતી. ડોશીમા તે પગદંડીને છેડે, બરાબર ભયસ્થાનના છેલ્લા પગલે લાકડી લઇને ઊભાં ઊભાં આગળ વધવાની તૈયારી કરતાં હતાં, તે જ વખતે પુલ પાસેના માણસોએ બૂમ પાડી. અમારી નજર પણ તેમના પર પડી અને અમે પરિસ્થિતિનો પાર પામી ગયા. ડોશીમા અમારી તદ્દન પાસે હતા. તેમની પાસે પહોંચીને તે આગળ પગલું ભરે તે પહેલાં જ અમે તેમને મુખ્ય માર્ગ પર દોરી લાવ્યાં. વખત એવો હતો કે એક જ ડગલું તેમના જીવનનો નિર્ણય કરી નાખે. પરંતુ જેને રામ રાખે તેને

કોઇપણ શું હરકત કરી શકે ? ડોશીમાની સાથે કોઇ ન હતું. તેમના બધા જ સાથી આગળ થઇ ગયેલા, પણ પ્રભુનો સાથ તેમને મળી ગયેલો. જે સૌની સમીપમાં સમીપ વાસ કરે છે તે પ્રભુ તેમનાથી દૂર ન હતા. તેમણે જ તેમને બચાવી લીધા. ડોશીમાએ બધી વાત જાણી ત્યારે તેમની આંખમાં પાણી આવી ગયું. પુલનો માર્ગ બતાવીને અમે તેમને કહ્યું : આ યાત્રાનો માર્ગ વિકટ છે. તેમાં એકલા ના ચાલશો. કોઇ વાર રસ્તો ભૂલી જઇને આડમાર્ગે ચઢી જવાનો ભય રહે છે.

તેમની આંખ વધારે ભીની થઇ ગઇ. તેમણે કરુણતાથી કહ્યું : 'સાથવાળાં માણસો મારો સંગાથ કર્યા વિના આગળ ને આગળ ચાલ્યા જાય છે.'

સાથવાળાં માણસો પણ કેવાં વિચિત્ર કહેવાય ? ઘરડા માણસની સંભાળ રાખવાની ફરજ ચુકીને યાત્રાનું કયું પુણ્ય મેળવવાની તેમની ઇચ્છા છે ? ક્યા ફળને મેળવવા માટે તે અધીરા થઇને આગળ ને આગળ ચાલી રહ્યાં છે ?

ડોશીમાને માર્ગ બતાવવાની અને તેમાં ઇશ્વરનો હાથ જોવાની જે તક મળી તેથી અમને આનંદ થયો. અમે વિચાર કરવા માંડ્યા કે ઇશ્વર જેને ઉગારવા ઇચ્છે છે તેને કેવી અજબ રીતે ઉગારી લે છે ! અમે ઇશ્વરને પ્રાર્થના કરી કે હે પ્રભુ, હે દયામય ! જીવનનો મુખ્ય માર્ગ ભૂલી જઇને જ્યારે પણ વિપથગામી બની જઇએ ત્યારે તમારી અદૃશ્ય મદદ અમને વેળાસર મળી રહેજો ને તમારી અમીદૃષ્ટિથી અમારું જીવન સફળ બનાવજો. તમારો અને અમારો સાથ કદી પણ ના છૂટજો. જીવનની વિકટ યાત્રામાં તમે સદાયે અમારી સાથે ફરજો.

બદરીનાથથી પાછા ફરતી વખતે પણ એ સ્થાન આવ્યું ત્યારે આખોય પ્રસંગ અમારી નજર સામે તાજો થયો અને ઇશ્વરની અદૃશ્ય શક્તિનો વિચાર કરતાં અમારું અંતર ગદગદ બની ગયું.

બદરીનાથમાં એક વિરક્ત સાધુપુરુષનું દર્શન થયું. તે મંદિરની બહાર એક દુકાનની દિવાલ પાસે ચોકમાં રહેતા. તેમનું નામ રામદાસજી. છેલ્લાં કેટલાંક વરસોથી તે શિયાળામાં પણ ત્યાં જ રહેતા. શિયાળાના દિવસોમાં બદરીનાથની ભૂમિ બરફથી છવાઇ જાય છે. તે વખતની ભયંકર ઠંડીની કલ્પના સહેજે કરી શકાય છે. એવી ઠંડીમાં કોઇના પણ સાથ વિના રામદાસજી બદરીનાથમાં રહેતા, એ તેમની નિતાંત એકાંતપ્રિયતા ને તિતિક્ષાની નિશાની હતી.

બદરીનાથમાં બારેમાસ રહેનારા મહાત્માપુરુષો છેલ્લાં પચાસેક વરસોમાં બેત્રણ થઇ ગયા છે. તેમાંના એક સિદ્ધ બાબા સુંદરનાથજી ને બીજા બચ્ચીદાસજી. બચ્ચીદાસજી વિશે કહેવાય છે કે તે શિયાળામાં કેટલીક વાર બદરીનાથ છોડી દેતા. તે ઉપરાંત, વસુધારાની ગુફામાં પણ એક મહાપુરુષ રહેતા. એ ત્રણે મહાત્માઓ હિમાલયની ભૂમિમાં જ શાંત થઇ ગયા છે. સુંદરનાથજી વિશે એમ કહેવાય છે કે તે અદૃશ્ય થઇ ગયા છે. તે વાતને યાદ કરીને રામદાસજી કહે છે કે મારું પણ એમ જ થવાનું છે. બેત્રણ વરસમાં હું પણ મરી જઇશ.

એ વાત સાંભળીને આપણને આશ્ચર્ય થાય છે ને જરા હસવું પણ આવે છે. થાય છે કે એકાંતમાં રહેનારા આ મહાત્મા પુરુષને મૃત્યુનો આવો ભય ક્યાંથી થયો ? રામદાસજી ઊંડા જ્ઞાની કે અભ્યાસી નથી. તેમની પાસે સાધનાની કોઇ સ્પષ્ટ માહિતી મેળવવા જનારને બદલામાં નિરાશા જ મળશે. પરંતુ તેમનામાં

એક વસ્તુ ઘણી મોટી છે. તે કોઇનું પણ ધ્યાન ખેંચ્યા વિના ને કોઇપણ સમજુ માણસના દિલમાં પ્રેમ ને સન્માનની લાગણી જગાવ્યા વિના રહી શકતી નથી. તે તેમની વૃત્તિ છે. બદરીનાથમાં સાધુઓ ઘણાં રહે છે ને ઘણાં આવે છે. તેમની દશા ખાસ વખાણવા જેવી નથી હોતી. તેમાંના વધારે ભાગના સાધુ ભિક્ષા માટે દોડાદોડ કરે છે, યાત્રીઓ પાસે જુદા જુદા પદાર્થોની માગણી કરે છે, ને ચંચળ બનીને ફર્યા કરે છે : પણ રામદાસજીની વાત જુદી જ છે. તે તો એક જ જગ્યાએ બેસી રહે છે. વરસાદમાં પણ ત્યાંથી હઠતા નથી, ભિક્ષા માટે કોઇની પાસે યાચના કરતા કે ક્યાંય જતા નથી. ઇશ્વરેચ્છાથી જે સહજ રીતે મળી આવે તેના પર જ પોતાનું જીવન ચલાવે છે. એમની એ શાંત, સ્થિર, નિસ્પૃહ વૃત્તિ કાંઇ ઓછી આકર્ષક ને પ્રશસ્ય નથી. તેવી વૃત્તિ પણ એક જાતની સાધનાના મહાન ફળરૂપ છે. તે જોઇને આપણા અંતરમાં તેમને માટે અપાર આદર ઉપજે છે. ફક્ત તે શાંત ને નિસ્પૃહ ઇશ્વરપરાયણ વૃત્તિનો મંત્ર મેળવીને આપણે તેમની પાસેથી પાછા ફરીએ તો આપણો ફેરો ફોગટ નથી થયો પણ સફળ થયો છે એમ નક્કી સમજી લેવું. શાંતિ વૃત્તિનો મહત્વનો સંદેશ આપનારા એ મહાત્મા પુરુષને આપણાં વારંવાર નમસ્કાર. ખૂબ ખૂબ પ્રેમપૂર્વક નમસ્કાર !

ઇશ્વરેચ્છા પ્રમાણે બદરીનાથમાં સત્તર દિવસ રહીને ઋષિકેશ આવવાની તૈયારી કરી. જે દિવસે અમે બદરીનાથ છોડ્યું તે દિવસે બદરીનાથના મંદિરમાં સંતસાધુની મંડળી ભેગી મળેલી. કોઇ દિવસ નહિ ને ત્યારે મંડળીને એ રીતે ભેગી મળેલી જોઇને અમને નવાઇ લાગી. તપાસ કરતાં વધારે માહિતી મળી કે પાર્લામેન્ટના કોઇ હરિજન સભ્ય બદરીનાથ આવેલા. તે મંદિરમાં પ્રવેશ ના કરે તે માટે સાધુસમાજમાં ચર્ચા ચાલી રહેલી. ધર્મના સંરક્ષક જેવા સાધુઓ ધર્મની રક્ષા કરવા ઉત્સુક હતા. પાછળથી જાણવા મળ્યું કે સાધુઓના વલણને માન આપીને તે હરિજન સભ્યે મંદિરમાં આવેલા ગરુડજીના સ્થાન પાસેથી દર્શન કરી લેવાનું યોગ્ય માન્યું. લોકોમાં એ વાત ત્યારે ઉગ્ર ચર્ચાનો વિષય બની. એવા સાધારણ ક્ષુબ્ધ થયેલા વાતાવરણમાં ઇશ્વરની પ્રેરણા પ્રમાણે આનંદ માની અમે બદરીનાથના પરમ પવિત્ર પ્રસિદ્ધ ધામની વિદાય લીધી. એ વરસની એ અમારી મોટી યાદગાર યાત્રા હતી. અમારા હવે પછીના વસવાટને માટે ઋષિકેશની ભૂમિને નક્કી કરવામાં આવેલી. દેવપ્રયાગમાં લગભગ છ દિવસ રહીને છેવટે અમે ઋષિકેશ પહોંચ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૫. માતાજી સરોડા જાય છે

ઋષિકેશનું વાતાવરણ બધી રીતે અનુકૂળ રહ્યું. ચોમાસાના દિવસો રળિયામણા બની રહ્યા. લીલાછમ પર્વતો ને નવા રસથી તરબતર બનેલી ગંગાના સાનિધ્યમાં એવો કયો કઠોર હૃદયી માણસ હોય જેને આનંદ ના થાય ? એ વરસે ગંગાજીમાં ભારે પૂર આવી ગયું. ચંદ્રેશ્વર મહાદેવમાં ગયા વરસની જેમ એ વરસે પણ પાણી ભરાઇ ગયું. એ તો ઠીક, પણ ગંગાતટ પર આવેલા માયાકુંડને માટે મોટો ભય ઊભો થયો. કેટલાંક ઝૂંપડાં તૂટી પડ્યાં પણ ખરાં. પાણી જરાક વધ્યું હોત તો ઘણાં વરસો પહેલાં થયેલું તેમ એ વરસે પણ માયાકુંડના બધાં મકાનો સાફ થઇ જાત. પરંતુ ત્યાં રહેનારા સંતમહાત્માઓના સદભાગ્યે બધો ભય ટળી ગયો.

ઋષિકેશનું વાતાવરણ એકંદરે અત્યંત આનંદકારક અને આશીર્વાદરૂપ બની રહ્યું. માતાજીનો સાથ પણ સ્વર્ગીય હતો. તેમનો પ્રેમાળ અને આનંદી સ્વભાવ અમારા એકાંતવાસમાં અજબ રસ રેલી રહ્યો હતો. પરંતુ તે સાથ એ વરસે છેવટે સુધી ના રહ્યો. ઇશ્વરની ઇચ્છાને માન આપીને તેમને સરોડા જવું પડ્યું. તારાબેનને સુવાવડ આવવાની હતી. તેની સેવા કરનાર કોઇ હતું નહિ. તેથી માતાજીને જવાની જરૂર પડી. એ પ્રસંગે પણ માતાજીના મહાન હૃદયની પ્રતીતિ સહેજે થઇ શકી. વાત નીકળતાં તે કહેવા માંડ્યા કે આપણી પાસે પ્રભુકૃપાથી સાધના છે, સમય છે, સાનુકૂળ સંજોગો છે, ને શક્તિ છે. વળી કોઇ બીજા માણસને મદદ કરવાની આપણને ઇચ્છા થાય છે, તો આ તો આપણું પોતાનું માણસ છે. તેની સેવા શા માટે ના કરીએ ? બીજી કોઇ સાધારણ વ્યક્તિ હોત તો આવે વખતે તે પોતાના સુખનો અને સ્વાર્થનો વિચાર કરત. પરંતુ માતાજીની વાત જુદી હતી. તેમણે સ્વાર્થનો વિચાર છોડી દીધો. મારી સાથે રહેવામાં એમને આનંદ મળતો. છતાં બેનની સેવા માટે એમણે એ આનંદને જતો કર્યો, કેમ કે એનું હૃદય મહાન હતું.

માતાજીને મોટી ચિંતા તો મારા વ્રતની હતી. નવરાત્રીમાં મારે વ્રત કરવાનો વિચાર હતો. હજી સુધી 'મા'ની કૃપા થઇ ન હતી. વળી શ્રી સાંઇબાબાએ છેલ્લે છેલ્લે આપેલો જેઠ સુદી પાંચમનો દિવસ પણ મિથ્યા ગયેલો. તે દશામાં નવરાત્રીમાં ફરી ઉપવાસ કરીને 'મા'ની પૂર્ણકૃપા માટે તલસવાની મારી ઇચ્છા હતી. તે દિવસોમાં માતાજીની હાજરી આશીર્વાદરૂપ થઇ પડે તેમ હતી. છેલ્લાં કેટલાય વરસો તેમણે મને ઉપવાસ દરમ્યાન મારી સેવા કરીને મદદ કરેલી. તે મને બધી રીતે અનુકૂળ થઇ પડેલાં. તેમને હું જગદંબારૂપ માનું છું ને તે રૂપે જ જોઉં છું. નવરાત્રી વ્રત દરમ્યાન તે મારી પાસે હોય તો સારું એવી આશા હું જરૂર રાખું. પણ ઇશ્વરની ઇચ્છા જુદી હતી. માતાજીને પણ એ વાતની ચિંતા હતી કે વ્રતમાં પોતે હાજર નહિ રહે તો શું થશે ? પરંતુ ઇશ્વરની કૃપાથી છેવટે હિંમત આવી ગઇ ને તેમને માટે સરોડા માટે પ્રસ્થાન કરવાનું નક્કી થયું.

તેમને વિદાય થવાના આગલા દિવસે મુંબઈમાં મારી સાથે કોલેજના પ્રથમ વરસમાં ભણતા ભાઇ જમનાશંકર બદરીનાથ યાત્રા કરીને ભરત મંદિરમાં મારી તપાસ કરતા આવી પહોંચ્યા. તે ખૂબ જ માયાળુ ને સંસ્કારી હતા. દિવાળી સુધી તેમણે ઋષિકેશ રહેવાનો વિચાર કર્યો. એટલે માતાજીની ચિંતા જરા ઓછી થઇ. ઉપવાસ દરમ્યાન તે ભાઇ મારી પાસે આવતા રહેશે એવી ખાતરી થવાથી તેમણે રાહતની લાગણી

અનુભવી. ઇશ્વરની દયા અપાર છે. તેના આશ્રયે જે બેસે છે તેને તે કોઇ જાતનું કષ્ટ પડવા દેતો નથી. કોઇ ને કોઇ પ્રકારે તેને મદદ મળી જ રહે છે. એ વાતની ખાતરી જીવનમાં આજ સુધી અનેક વાર થઇ ચુકી છે.

ભાદરવા વદી છઠને શનિવારનો દિવસ હતો. અંગ્રેજી તારીખ ૧૮ સપ્ટેમ્બર. માતાજીને વિદાય આપવા હું ને જમનાશંકર હરિદ્વાર સુધી સાથે ગયા. ગાડી ઉપડી ત્યારે હૃદય ખૂબ જ ગદગદ અને ભાવવિભોર બની ગયું. ગાડીમાંથી નીચે ઉતરીને મેં માતાજીને કહ્યું : મારી ચિંતા કરશો નહિ. દિવસો ક્યાંયે જતા રહેશે. બેનની ખૂબ જ પ્રેમથી સેવા કરજો. કોઇ જાતની કસર રાખશો નહિ. હમણાં દિવાળી આવી જશે, ને મારે ગુજરાતમાં આવવાનું થતાં આપણે પાછાં ભેગાં થઇશું.

ગાડી વિદાય થઇ ત્યાં સુધી અમે સ્ટેશન પર ઊભા રહ્યાં. આ વખતે અણીને વખતે માતાજીને મારી પાસેથી દૂર કરીને ઇશ્વરે જાણે મારી કસોટી કરવા ધારેલી. તેમાંથી તેની ઇચ્છા પ્રમાણે પાર ઉતર્યા સિવાય છૂટકો ન હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૬. ઉપવાસના દિવસોના મનોભાવો

**દિન ૨** : સરોડામાં આશ્રમના આંગણામાં માતાજીએ તુલસીનો ક્યારો કર્યો હતો. તુલસીમાતા મસ્તીમાં આવીને મહાલી રહ્યાં હતાં. માતાજી તેમને રોજ પાણી પાતાં ને જોઇ રહેતાં. તે વખતે તેમનું હૈયુ હાલી ને ડોલી ઊઠતું. એકલા માતાજી જ નહિ પણ જે કોઇ તેને જોતું તે ડોલી ઊઠતું ને આનંદમાં આવી જતું.

પણ પછી તો રંગ બદલાયો. માતાજીને મારી સાથે બહારગામ આવવાનું થયું, હિમાલયના પ્રદેશમાં વસવાનું થયું. તુલસીક્યારાને કોણ જુએ ? તેની સંભાળ કોણ રાખે ? ગામના ડોશીમાને માતાજીએ કહ્યું કે તુલસીને પાણી પાતાં રહેજો. તેની સંભાળ રાખજો. ડોશીમા ભારે ભક્તિશાળી હતાં. પણ તે કેટલીક સંભાળ રાખે ? આશ્રમના ઉઘાડા આંગણામાં બકરાં, ઘેંટાં, ગાયો, ભેંસો પુષ્કળ આવે. વળી ડોશીમાને કામ પણ ઘણું પહોંચે. કામ કરીને રોટલો ખાવો તે નિયમનું તે પાલન કરે. એટલે તુલસીમાતાની નિયમિત સંભાળ રાખવાનું તેમને માટે મુશ્કેલ બને. પરિણામે તુલસીમાતા સુકાઇ ગયાં. વિરહના તાપમાં તપીને છેક જડ જેવાં બની ગયાં. લીલોછમ ક્યારો છેક સૂકો થઇ ગયો. હિમાલયથી પાછા વળતાં અમે સરોડા ગયાં ત્યારે તેને જોઇને અમે અજબ લાગણી અનુભવી રહ્યાં. માતાજી જરાં દ્રવી ગયાં.

પણ દ્રવી ઉઠીને બેસી રહેવામાં તે માનતાં ન હતાં. પ્રેમ ને ભક્તિભાવથી પ્રેરાઇને તેમણે તુલસીક્યારાને ફરી ભીનો કરવા માંડ્યો. કેટલાક દિવસની માવજત પછી ક્યારો ખીલી ઉઠ્યો. તેને નવજીવન મળ્યું ને તેની શોભા અભૂતપૂર્વ બની રહી. તેને જોઇને ફરી પાછી અમારી આંખ આનંદથી અંજાઇ ગઇ ને બીજા માણસો પણ પ્રસન્નતાને પ્રકટ કરવા માંડ્યાં. સૌને આનંદ આપતો એ તુલસીક્યારો કેવો શોભી ઉઠ્યો ?

એની યાદથી આજે મારું અંતર અચાનક હાલી ઉઠ્યું છે. મારા જીવનનો તુલસીક્યારો તમે તમારે જ હાથે તૈયાર કર્યો છે. તમારા જ પ્રેમપાણીથી તેનો ઉછેર થયો છે. પણ તેની દશા આજે કેવી છે ? તેની સંભાળ તમે છોડી દીધી છે કે શું ? કેમ કે તેનો રસ સુકાવા માંડ્યો છે. કૃપા કરીને હવે તેના તરફ ધ્યાન આપો ને તેની સંભાળ લો, જેથી તમારા પ્રેમામૃતના પ્રભાવથી તે લીલોછમ બનીને ખીલી ઉઠે અને આનંદનું ધામ બનીને તમને તથા બીજાને આનંદ ધરે. આ ઉત્તમ કામમાં વિલંબ ના કરો.

- આસો સુદ ૧, મંગળવાર, ૨૮-૯-૧૯૫૪

**દિન 3** : ઉનાળાના સખત તાપમાં તપતાં ખેડૂતો આકુળવ્યાકુળ થઇને આકાશ તરફ મીટ માંડીને બેઠેલા. વરસાદનો વખત લંબાતો જતો હતો, તે તેમને બેચેન બનાવતો. અંતરમાં આશા લઇને તે વરસાદની રાહ જોતા બેઠેલા. વરસાદ તો સારાયે જગતનું જીવન. પૃથ્વીનો પ્રાણ. તેના વિના કેમ ચાલે ને ખેડૂતને આનંદ પણ કેમ મળે ? પણ કુદરતની ગતિ ન્યારી હતી. વરસાદનો વખત લંબાયે જ જતો હતો. ખેડૂતોની શ્રદ્ધાની કસોટી થઇ રહી હતી.

પણ કુદરતના કાનૂન પ્રમાણે એનોય અંત આવી ગયો. સુખ કે દુઃખ, હર્ષ અને શોક તથા તાપ ને છાયાનો ક્રમ જીવનમાં ફરતો રહે છે. એ નિયમ અતૂટ છે. તે પ્રમાણે તાપનો વખત પૂરો થયો. ખેડૂતોનો

કસોટીકાળ પૂરો થયો અને અધીરી બનેલી અવનિને માટે આશીર્વાદરૂપ વરસાદ શરૂ થયો. નિરાશાના આરે ઉભેલા ખેડૂતો ફરી આશાવાન થઇ ગયા ને બધે જ આનંદ આનંદ થઇ રહ્યો.

પછી તો આખી બાજી જ પલટાઇ ગઇ. વૃક્ષો ને વનરાજિ લીલાંછમ બની ગયાં. નદી ને પર્વતો નવા શણગારથી સજ્જ ને સુશોભિત બન્યાં ને ઉજ્જડ જેવા ખેતરો સુંદર વસ્ત્રો પહેરીને જાણે કે સ્મિત કરવા માંડ્યા. તાપથી ત્રાસી ગયેલા માણસોએ શાંતિનો શ્વાસ લીધો ને બાળકો જુદી જુદી જાતની રમતો રમતા અંતરના આનંદને ઠાલવવા માંડ્યાં. વરસાદ વિના જગતના જીવનમાં કાંઇક ખૂટતું હતું એની પ્રતીતિ થઇ.

મારા જીવનમાં પણ કાંઇક ખૂટે છે. કોઇ વસ્તુની કમી છે. તે વસ્તુ કયી છે તે તમને કહી બતાવવાની જરૂર છે ? તમે અંતર્યામી છો એટલે તે સારી રીતે જાણો છો. તમારી પરિપૂર્ણ કૃપાની વૃષ્ટિ વિના મારું જ નહિ, કોઇનુંય જીવન સૂકું છે. ગમે તેટલું જ્ઞાન હોય, બળ હોય, ધન હોય, ઐશ્વર્ય હોય, પણ તમારા વિના અધૂરું છે. માટે જ મારી આંખ ને મારા અંતરમાં તમારા માટેની વ્યાકુળતાને લઇને તમારી વાટ જોતાં બેઠો છું. તમારી કૃપા વિના જીવનના નીરસ ખેતરમાં રસ નહિ પ્રકટે ને પોતાને તથા જગતને જીવન દેનારું અનાજ પણ નહિ ઉપજે. માટે જ કહું છું, પ્રાર્થું છું, પોકાર કરું છું કે આજે જરૂર વરસો, વહેલાંમાં વહેલી તકે વરસો.

- આસો સુદી ૨, બુધવાર, ૨૯-૯-૧૯૫૪

**દિન ૧૦** : આજે તો નવરાત્રીના મારા ઉપવાસનો દસમો દિવસ. આજે નવરાત્રી પૂરી થશે, ને કાલે લોકો તેનો ઉત્સવ મનાવશે. આખો દિવસ આનંદ કરશે, પર્યટન કરશે, સારું સારું ખાશે, પહેરશે ને દેવદર્શન કરીને દાન પણ કરશે. કાલે તો આનંદનો દિવસ. મારે માટે તે દિવસ કેવો બનશે તે તમારા વિના બીજું કોણ કહી શકે ? આજે તમારી પરિપૂર્ણ કૃપા થઇ જાય તો કાલે મારે માટે સાચા આનંદનો - પરમાનંદનો ને જીવનના મહાન વિજયનો દિવસ થઇ શકે. જીવન સફળ બને ને સદાને માટે ઉત્સવ કરે. તમે ધારો તો બધી બાજીને એક પળવારમાં પલટાવી શકો તેમ છો. છતાં હજી મૂક કેમ બેસી રહ્યાં છો ? મારી પીડા ને પ્રાર્થના જોઇને પીગળતાં કેમ નથી ?

તમે શાની રાહ જુઓ છો તે મને સમજાતું નથી. હિમાલયનો પાવન પ્રદેશ છે. તેમાંય પુરાણોમાં પ્રસિદ્ધ ઉત્તરાખંડ છે. પતિતપાવની ગંગા છે. ઋષિકેશનું સુંદર ધામ છે. વળી ભરતજીનું મંદિર છે. તેની ધર્મશાળામાં આ ઓરડી વળી એકાંત અને અનુકૂળ છે. વળી હાલ નવરાત્રીના દૈવી દિવસો છે. હવે તમારે કયા યોગની કે મુહૂર્તની રાહ જોવાની છે ? આવા સુંદર સ્થળમાં તમે પ્રકટો ને મારા પર પૂર્ણ કૃપા કરી દો તે બધી રીતે બરાબર છે. તેમાં કોઇને પૂછવાનું નથી.

- આસો સુદી ૯, બુધવાર, ૬-૧૦-૧૯૫૪

**દિન ૧૨** : હિમાલયવાસના અમુલખ દિવસો એક પછી એક વીતતાં જાય છે. કાળનું ચક્ર કેવું ચંચળ છે ? તેને એક ક્ષણનો પણ આરામ નથી. સામે ગંગાજી પણ આરામનો ત્યાગ કરીને અથવા આત્મારામ બનીને રાતદિન જયઘોષ કરતાં વહ્યાં જાય છે. આજ કાલ તેમનો ઘોષ ઘણો વધી ગયો છે. કારણ ગમે તે હોય. અહીંનું વાતાવરણ ને હવામાન હાલ ઘણું સુંદર, સરસ, અનુકૂળ થઇ ગયું છે. તેમાં ફક્ત એક જ ઉણપ

તમારા મિલનની છે. આવા સરસ વાતાવરણમાં ને આ મંગલ પ્રદેશમાં તમારું મિલન થઇ જાય તો વાતાવરણ કાંઇ ઓર જ બની જાય ને જીવનમાં પણ કોઇ જુદો જ રંગ જામી જાય.

તમારી કૃપા પામીને કેટકેટલાં સાધકો ને ભક્તો સફળ ને ધન્ય થઇ ગયાં ? તેમનો હિસાબ કોણે રાખ્યો છે ? પણ શાસ્ત્રો, પુરાણો ને લોકકથાઓમાં તેમના નામ ને કામ અમર રહી ગયા છે. તેમાંના કેટલાંક એ રીતે આજે પણ પ્રેરણા દઇ રહ્યા છે ને કહી રહ્યા છે કે ચલાયમાન સંસારમાં એક તમારી જ પ્રાપ્તિ કરવા જેવી છે. તમારી જ પ્રાપ્તિ કરવાથી માણસ આત્મારામ ને અમૃતમય થઇ શકે છે, ને જીવનની ધન્યતા પણ ત્યારે જ મળે છે. તે વિના જીવનનો વાસ્તવિક આનંદ ને પૂર્ણતાની પ્રાપ્તિ આકાશકુસુમ જેવી અસંભવ છે. એટલા માટે હું પણ તમારે ચરણે પડ્યો છું. મેં પણ તમારું શરણ લીધું છે, ને તમારી પરમ પાવન કૃપાને મેળવવા સાધનાના આ નાનાસરખાં યજ્ઞને આજે વરસોથી શરૂ કરીને તેની પૂર્ણાહુતિની પ્રતીક્ષા કરતો બેસી રહ્યો છું. તમારા એક જ કૃપાકટાક્ષથી મારું બધુંય કામ પૂરું થાય તેમ છે. તો હવે કૃપા કરવામાં વાર ના કરો.

તમારી કૃપા વિના ભોજન ભાવતું નથી. એટલે હમણાં તમે ચાહો ત્યાં સુધી રોજ થોડા દૂધ પર રહીને તમારી કૃપા માટે ઝંખીને પ્રાર્થીશ. આને તપ ના સમજશો. આ તો તમારા દિલમાં મારે માટે દયા ને મમતા પેદા કરવાનો નાનો સરખો પ્રાર્થનાપ્રયાસ છે. તેથી તમે જલદી જલદી પ્રસન્ન થાવ ને પધારો.

- આસો સુદી ૧૧, શુક્રવાર, ૮-૧૦-૧૯૫૪

**દિન ૧૩** : તમારા એક જ કૃપાકટાક્ષથી મારું બધુંય કામ થઇ જશે ને જીવન સફળ બનશે. હા, એ સાચું છે. તદ્દન સાચું છે. મારા તો શું પણ કોઇનાયે જીવનને સફળ કરવા માટે તમારો કૃપાકટાક્ષ પૂરતી શક્તિ ધરાવે છે. તપસ્વી તેને માટે તપ કરે છે. યોગીઓ આસન ને પ્રાણાયામ જેવી ક્રિયાઓમાં સિદ્ધિ મેળવીને પ્રાણ તથા મનના નિરોધની સાધના કરે છે, ને તેની પ્રાપ્તિ કરીને છેવટે કૃતાર્થ થાય છે. ભક્તો ને જ્ઞાનીઓ તેની ઝંખના કરે છે ને સિદ્ધ દશાએ પહોંચેલા મહાપુરુષો પણ તેને માટે તલસે છે. એ કૃપાકટાક્ષમાં શું નથી ? સૃષ્ટિનું સમસ્ત સૌંદર્ય ને માધુર્ય તેની ઉપજ જેવાં છે. સૃષ્ટિનું ઐશ્વર્ય એના અનુગ્રહ પર ટકી રહ્યું છે. તેની શક્તિ કેટલી બધી અજબ છે તે તમે કદાચ ના જાણો. એનામાં મરણપથારીએ પડેલાંને બેઠાં કરવાની શક્તિ છે. જે મુરઝાયેલાં છે તે તેના સંજીવનસ્પર્શે ખીલી ઉઠે છે. અંધ આંખ મેળવે છે અને બધિરને સંગીતના શ્રવણનો સુખદ અનુભવ થાય છે. બંધનોને તોડી દેવાની ને ચિંતા, વેદના, અલ્પતા અને મૃત્યુના પાશમાંથી મુક્તિ આપવાની તેનામાં પૂરેપૂરી તાકાત છે. તમારા પ્રેમી પુરુષોને માટે તો તે એકમાત્ર આધાર અને આરામરૂપ છે. આશા છે કે તમારા એ મંગલ ને કીમતી કૃપાકટાક્ષથી તમે આજ સુધી જેમ અનેકનાં જીવન કૃતાર્થ કર્યાં છે તેમ મારા જીવનને પણ કૃતાર્થ કરી દેશો.

- આસો સુદી ૧૨, શનિવાર, ૯-૧૦-૧૯૫૪

**દિન ૨૩** : હજી તો બધે આછો આછો અંધકાર હોય છે અને આકાશના આંગણામાં ઉષાદેવીની પધારમણીની કોઇ નિશાની પણ નથી દેખાતી, ત્યારે રોજ સવારે મંદિરમાં ઘંટારવ થાય છે ને પૂજારી પૂજા કરે છે. શિયાળાની સખત ઠંડીમાં પણ એ ક્રમ ચાલ્યા કરે છે. પૂજાનો એ ક્રમ ન જાણે કેટલાં બધાં વરસોથી ચાલ્યા કરે છે. પૂજારી પૂજા કરે છે ને પ્રભુ તેનો સ્વીકાર કરતાં સસ્મિત જોયાં કરે છે. દર્શકો તે જોઇને આનંદમાં આવી જાય છે. બેમાંથી એકેને નથી થાક કે નથી આરામ. કોઇ કંટાળતું નથી ને પોતાની ક્રિયાને

ભારરૂપ પણ નથી સમજતું. વરસો વહી ગયાં તો પણ એ સાધના અખંડ રીતે ચાલ્યાં કરે છે ને હજી વરસો સુધી ચાલ્યા કરશે. તેની પાછળનો પ્રેમ અનુપમ છે ને તેના જ આધારે, તેના સ્વાદથી, પૂજાની એ સાધના ટકી રહી છે. વરસો વીતી જવા છતાં પણ તેમાં કોઇ જાતનો વિક્ષેપ નથી પડતો.

મારાં મનનાં મંગલ મંદિરમાં પણ તમારી પૂજા ચાલ્યા જ કરે છે. વરસો વહી ગયાં છતાં તેનો ક્રમ હજી અખંડ અને અતૂટ રીતે ચાલ્યા કરે છે. તમારી પ્રસન્નતા માટેની એ પૂજાની પાછળ અપાર પ્રેમ છે ને તે પૂજા ત્યારે જ પૂરી થશે, જ્યારે તમે પ્રત્યક્ષપણે પધારીને તેનો સપ્રેમ સ્વીકાર કરશો.

- આસો વદ ૮, મંગળવાર, ૧૯-૧૦-૧૯૫૪

**દિન ૩૬** : ઓક્ટોબર પૂરો પણ થઇ ગયો ને નવેમ્બર શરૂ થયો. ઓક્ટોબરમાં સમર્થ સિદ્ધપુરુષ શ્રી સાંઇબાબાએ સાક્ષાત દર્શનની આશા આપી હતી તે પણ વ્યર્થ ગઇ. મારી ઇચ્છા પ્રમાણેનો અનુભવ હજી બાકી જ હતો. આ આખોય મહિનો તમારે માટેના તલસાટમાં પૂરો થઇ ગયો. હજી તલસવાનું કેટલું બાકી છે તેને કોને ખબર છે ? પરંતુ તમારે ત્યાં અંધેર બિલકુલ નથી. કરેલું કર્મ નકામું કે નિષ્ફળ જતું નથી ને તમારા પર જે શ્રદ્ધા રાખીને બેસે છે તે જરૂર સફળ થાય છે. શરૂઆતમાં તેને રોવું પડે, સહેવું પડે, ને કેટલુંક આકરું કષ્ટ પણ વેઠવું પડે, પરંતુ આખરે તો તે બડભાગી બની જાય છે ને તમારી કૃપાની પ્રસાદી પામીને કૃતાર્થ થાય છે. તમારી પાસે આવીને જે પ્રાર્થે છે ને માગે છે તેને જરૂર મળે છે, એ વાતમાં વિશ્વાસ રાખીને આટલા બધાં દિવસ વીતી ગયાં છતાં હૃદયને રાજી રાખતાં ને મનનું સમાધાન કરતાં તમને ઝંખી રહ્યો છું. સંતોએ તમારા પ્રેમના પંથને પાવકની જ્વાળા જેવો કહ્યો છે. કેટલાંક ભક્તોએ ખાંડાની ધાર જેવો કહ્યો છે. એટલું તો સાચું છે કે માર્ગ ઘણો મુશ્કેલ છે. તમારી કૃપા વિના તેને પાર કરવાનું કામ કઠિન છે. ભલભલા તપસ્વી, સિદ્ધ ને જ્ઞાની પણ ગોથાં ખાઇ જાય એવી એ માર્ગની આંટીઘૂંટીઓ છે. તો પછી મારા જેવા એક સાધારણ બાળકનું શું ગજું ? પરંતુ તમે મને પ્રેરણા આપો છો, પ્રત્યેક પગલે દોરો છો, ને મારી સંભાળ રાખીને મને મંગલની દિશામાં લઇ જાવ છો, એવી ખાતરી થવાથી મારામાં હિંમત આવે છે, મારું મન નિર્ભય બને છે, ને સમજે છે કે મારું જીવન તમારા સમર્થ હાથમાં સદાને માટે સલામત છે. એક દિવસ તમે કૃપા કરીને તેને જરૂર જરૂર તારી દેશો ને ધ્રુવપદ પર પહોંચાડી દેશો. એ શ્રદ્ધાથી જ વદનને હસતું રાખીને અંતરની અપાર વેદનાને અંતરમાં સમાવી કે દબાવી રાખીને તમારી આરાધનામાં રસ લેતો રત રહું છું.

- લાભ પાંચમ, સોમવાર, ૧-૧૧-૧૯૫૪

**દિન ૪૨** : તમારી પ્રેરણા પ્રમાણે ગઇકાલે દહેરાદૂનની નજીકના આ નાનકડા ગામમાં પણ આવી પહોંચ્યો છું. બોલાવનાર ભાઇ ખૂબ પ્રેમી છે. વળી વાતાવરણ પણ સારું, એકાંત ને અનુકૂળ છે. તેથી આનંદ આવે છે. તમારી પ્રેરણા પ્રમાણે બધું મંગલ જ થાય છે એવી મારી શ્રદ્ધા છે. એ શ્રદ્ધાથી જ ઉપવાસ ચાલુ છે. છતાં હું અહીં આવી પહોંચ્યો છું. તમારી આજ્ઞાનુસાર ઉપવાસ ચાલુ રાખીને તમારે માટે પ્રાર્થું છું. તમારા સુંદર સ્વરૂપને આંખ ભરીને જોઇ લેવાની મારી ઝંખના હવે જલ્દી જલ્દી પૂરી કરો, ને ઉપવાસના આકરા કષ્ટમાંથી મુક્તિ આપો. ગયે વરસે પણ આ દિવસે શ્રી સાંઇબાબાનો સાક્ષાત્કાર કરાવીને તમે મને કામચલાઉ શાંતિ આપી હતી. તો આજે પણ તમે મારી પાસે પ્રકટ થાવ. મને તમારું સાક્ષાત દર્શન આપો, ને કામચલાઉ નહિ પણ કાયમી શાંતિ આપીને હિમાલયના પાવન પ્રદેશમાંથી ગુજરાતની પવિત્ર ભૂમિને માટે પ્રસ્થાન

કરવાનું સદભાગ્ય આપો. વિચારી જોશો તો જણાશે કે મારી માંગણી જરા પણ વધારે પડતી નથી. એના વિના હું બીજું માંગુ પણ શું ? અરે, બીજું માંગવા કે ચાહવા જેવું પણ શું છે ? માટે મારી માંગણીને હવે ધ્યાનમાં લઇને મને વહેલામાં વહેલી તકે આ સુંદર સ્થળમાં સફળ ને કૃતાર્થ કરી દો.

- કારતક સુદી ૧૨, રવિવાર, ૭-૧૧-૧૯૫૪

કોલાગઢ, દહેરાદુન

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૭. ઉપવાસના દિવસો

**(૧) કોલાગઢમાં**

માતાજી તારાબેનની સુવાવડ માટે સરોડા જવાં ઉપડ્યા પછી સાતેક દિવસ સહેજે પસાર થઇ ગયા. નવરાત્રીના પવિત્ર દિવસો શરૂ થયા. તે દિવસોમાં ને તે પછી લાંબા વખત સુધી 'મા'ની કૃપા મેળવવા માટે 'મા'ની જ પ્રેરણાથી મારે જે વ્રત કરવું પડ્યું ને ઉપવાસનું આકરું કષ્ટ સહેવું પડ્યું તેની નોંધ આની પહેલાં આવી ગઇ છે. તે પરથી મારા તે વખતના મનોભાવનો આછોપાતળો ખ્યાલ સહેલાઇથી આવી શકશે. નવરાત્રી દરમ્યાન ભાઇ જમનાશંકર ઋષિકેશ રહેવા માટે આવેલા. તેમણે રોજ મારી પાસે આવીને ચંડીપાઠ કરવાનું ચાલુ રાખેલું. તેને લીધે ઘણો આનંદ રહ્યો. ઉપવાસના દિવસોમાં બપોરનો વખત જરા આકરો હોય છે. પણ બપોરે લગભગ એક વાગ્યાથી ચાર વાગ્યા સુધી ચંડીપાઠ ચાલતો તેથી એ સમય કેવી રીતે પસાર થઇ જતો તે જણાતું નહિ. પૂનમ સુધી મેં મૌનવ્રત રાખેલું. તેને લીધે પણ નવરાત્રીના પાણી પરના ઉપવાસમાં ઘણી જ રાહત રહી. વળી એ ઉપવાસ પ્રત્યેક વખતના ઉપવાસની પેઠે 'મા'ની પ્રેરણાથી થઇ રહ્યા હતાં એટલે તેને માટે જરૂરી શક્તિ પણ 'મા'એ જ પૂરી પાડી. આરંભમાં તો એમ હતું કે પૂનમ સુધીમાં સાધનાનું કામ પતી જશે પરંતુ 'મા'ની મરજી જુદી જ હતી. તે પ્રમાણે ઉપવાસ આગળ પર ચાલુ જ રહ્યા. પાછળના ઉપવાસ સાધારણ દૂધ પરના ઉપવાસ હતા, પણ દૂધનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી અશક્તિ સારા પ્રમાણમાં લાગવા માંડી. ઠંડી પણ દિવસે દિવસે વધતી જતી. માતાજીની ગેરહાજરી પણ તરી આવતી. માતાજી ના હોવાથી રોજનું કપડાં ધોવાનું, કચરો કાઢવાનું ને દૂધના વાસણ ઉંડકવાનું સાધારણ કામકાજ મારે જ કરવું પડતું. છતાં 'મા'એ શક્તિ, સમજ ને હિંમત સારા પ્રમાણમાં આપી હોવાથી બધું આનંદપૂર્વક થઇ શક્યું. સાધનાની સિદ્ધિની લગની દિલમાં પ્રબળપણે લાગી ગઇ હોવાથી બહારની તકલીફને ના ગણકારતાં મારું કામ મેં ચાલુ જ રાખ્યું.

ઋષિકેશના છેલ્લાં દિવસોમાં નબળાઇને લીધે ઠંડી ઘણી લાગતી. છતાં આશા ને શ્રદ્ધા સાથે ઉપવાસ ચાલુ જ રાખ્યા. 'મા'ની પ્રેરણા પણ આ વખતે ઉપવાસ ચાલુ રાખવાની જ હતી. ભરત મંદિરના સુંદર સ્થાનમાં સિદ્ધિ મેળવવા બનતા પ્રયાસ કરી જોયાં, પણ 'મા'ની મરજી જુદી જ હતી, એટલે ઉપવાસ ચાલુ હતા ત્યારે જ, કારતક સુદી ૧૧ ને શનિવારે, ઉપવાસને ૪૧મે દિવસે મારે દહેરાદુન આવવાનું થયું. દહેરાદુનથી ત્રણેક માઇલ દૂર કોલાગઢ નામે ગામ છે. ત્યાંના પટવારીભાઇ શ્રી મનમોહનલાલના આગ્રહને લીધે મારે તેમને ત્યાં જવાનું થયું. તે ભાઇ ઋષિકેશ આવેલા. ત્યાં પરિચય વધવાથી પ્રેમ થયેલો ને તે પ્રેમ એવી રીતે વધારે નીકટ લાવનારો સાબિત થયો. 'મા'ની પ્રેરણા સદા મંગલ જ હોય છે. એટલે તેને વફાદાર રહીને મેં ઉપવાસ ચાલુ હોવા છતાં પણ કોલાગઢની ભૂમિમાં પ્રવેશ કર્યો. ઉપવાસનો ક્રમ કોલાગઢમાં પણ ચાલુ જ રહ્યો. કોલાગઢની ભૂમિ ઘણી સુંદર હતી. વળી ઋષિકેશ કરતાં ત્યાં ઠંડી પણ જરા ઓછી લાગી. રહેવાનું મકાન પણ એકાંતમાં. એટલે ખૂબ જ આનંદ રહ્યો. મારો ઉતારો ઘરથી અલગ એકાંત ઓરડામાં હતો. મકાનની બહાર મોટું મેદાન હતું એટલે તાપ પણ સારા પ્રમાણમાં રહેતો. સવારે નવ વાગ્યાથી સાંજે

સાડા ચાર સુધી હું ખાટલા પર બહાર તાપમાં જ બેસતો. કોલાગઢની પાસે પર્વતીય દૃશ્ય પણ સારું હતું. એ પ્રદેશ પણ પવિત્ર મનાય છે. કહે છે કે દ્રોણાચાર્યે ત્યાં તપ કરેલું. બીજા સિદ્ધોના નામો પણ પ્રસિદ્ધ છે.

કોલાગઢમાં ઉપવાસનો ક્રમ ચાલુ રહ્યો. એ વખતે દિલને એમ જ લાગતું હતું કે આ વખતનું કષ્ટસહન જરૂર સફળ થઇ જશે ને હિમાલયની પવિત્ર ભૂમિમાંથી વિદાય થવાનું થશે તે પહેલાં સાધનાની સિદ્ધિ સાંપડશે. ઉપવાસ ને વિરહની વેદના અપાર હતી. પરંતુ અંતરમાં ઉગેલા આશાના અવનવા અંકુરને લીધે બધો જ વખત એકંદરે શાંતિ અને આનંદમાં પસાર થઇ ગયો. એટલા લાંબા ઉપવાસનો ક્રમ આજ સુધીના જીવનમાં આ પ્રથમ જ હતો. તેની અસર શરીર પર ઘણી ભારે થઇ. નબળાઇ ઘણી વધી પડી. પણ માનસિક શાંતિ કાયમ રહી. રોજનું કામકાજ નિયમિત રીતે ચાલુ રહ્યું. નિંદ્રાનો તો જાણે જય જ થઇ રહ્યો. તકલીફ જરૂર હતી પરંતુ નજર સામે જે લક્ષ્ય હતું તેને પૂરું કરવા 'મા'ની ઇચ્છાનુસાર તેને સહન કર્યા વિના છૂટકો જ ન હતો. જે વેદના વેઠવાની હતી તેના પ્રમાણમાં મળવાના ફળનો લાભ ઘણો મોટો હતો. એટલે જે વેદના વરસી તે મેં સસ્મિત સહન કરી લીધી.

**(૨) મહેસાણા અને મહુવા**

'મા'ની પ્રેરણા પ્રમાણે કોલાગઢથી પ્રસ્થાન કરીને મહેસાણા આવવાનું થયું. હિમાલયવાસ દર વખતની જેમ આ વખતે પણ યાદગાર બની ગયો. સાધનાની પૂર્ણ સિદ્ધિ માટે 'મા'ની જ પ્રેરણા પ્રમાણે હિમાલયની દૈવી ભૂમિમાં આ વખતે જે સતત પ્રયાસ થયો તે હજી ચાલુ જ હતો. તેની પૂર્ણહુતિ થઈ ગઈ હોત તો જીવનનું એક અત્યંત મહત્વનું પ્રારંભિક પ્રકરણ પૂરું થઈ જાત, પરંતુ તેને હજી વાર હતી. વચગાળાનો વખત હજી વેદના ને પ્રાર્થનામાં પસાર કરવાનો હતો.એટલે સાધના ચાલુ હતી, તે જ દશામાં હિમાલયની પવિત્ર ભૂમિની વિદાય લેવી પડી. ૨૭મી નવેમ્બર ૧૯૫૪ને શનીવારે દહેરાદુન છોડ્યું. હિમાલયના છેલ્લા સિમાચિહ્ન સમું હરિદ્વાર આવી પહોંચ્યું ત્યારે હૃદયે એક પ્રકારની અવર્ણનીય લાગણી અનુભવી.

રવિવારે સાંજે મહેસાણા આવી પહોંચ્યું. ઉપવાસની નબળાઈને લીધે મુસાફરી જરાક કપરી બની ગઈ, છતાં આખે રસ્તે આનંદ રહ્યો. 'મા'ની પ્રેરણા પ્રમાણે ઉપવાસ ચાલુ જ હતા. સ્ટેશન પર પ્રેમી ભાઈ નારાયણભાઈને જોઈને આનંદ થઈ રહ્યો. નારાયણભાઈ ત્યાં જીલ્લા માહિતી અધિકારી નીમાયેલા. મહેસાણામાં એ એકલા જ હતા. તેમનો પ્રેમભાવ ઘણો ભારે હતો. મારા આગમનથી તેમને ઘણો આનંદ થયો. મારી સાધનાથી આજ સુધી મેં તેમને સતત માહિતગાર રાખ્યા હતા. તે તેને સમજી શકેલા. સાધના કરનાર તો કરે પણ તેને સહાનુભૂતિપૂર્વક સમજનાર વ્યક્તિ પણ જવલ્લે જ જડે છે.

મહેસાણામાં આવીને હિમાલયના અનુસંધાનમાં મારા ઉપવાસ ચાલુ જ રહ્યા. નબળાઈ વધતી જતી હતી. 'મા'ની પ્રેરણા સાધના માટે ઉપવાસને ચાલુ રાખવાની હતી. એટલે તેને મંગળ માનીને તેનું પાલન કર્યા વિના છૂટકો ન હતો. ઉપવાસનો ક્રમ મહેસાણાની નવી ભૂમિમાં એવી રીતે ચાલુ જ રહ્યો. ગુજરાતમાં પ્રવેશ થવાથી ઠંડીમાં આભ-જમીનનો ફેર પડી ગયો.

મહેસાણામાં ઉપવાસ ચાલુ જ રહ્યા. ૩૪મે દિવસે મહેસાણા છોડ્યું. તે પછી બીજા ચાર દિવસ ઉપવાસ રહ્યા. મહુવાના શાંત ને સુંદર સ્થાનમાં આવ્યા પછી ત્રણ દિવસ એમ જ રહ્યું. તે પછી જગદંબાની

ઈચ્છા પ્રમાણે નવરાત્રીથી શરૂ કરીને ગણીએ તો વ્રતને બરાબર ૧૦૧મે દિવસે ઉપવાસ પૂરા થયા. તેમાં કોલાગઢમાં 'મા'ની પ્રેરણા પ્રમાણે છ દિવસ ભોજનના ગયેલા.

મહુવાના સ્થાનમાં પહેલી જ રાતે દર્શન આપીને ઉપવાસની પૂર્ણાહુતિ કરવાનો આદેશ આપ્યો. એને અનુસર્યા વિના છૂટકો ન હતો. આ વખતના ઉપવાસ ખૂબ લાંબા હતા. આટલા લાંબા ઉપવાસ જીવનમાં આ પહેલા જ હતા. ઉપવાસ દરમ્યાન શ્રી સાંઈબાબા ને જગદંબાનું દર્શન વારંવાર થતું, નિદ્રાનો સંપૂર્ણ જય થઈ ગયેલો, ને રોજનું કામકાજ પણ સારી રીતે ચાલતું. એ બધી કૃપા જ હતી.

ઉપવાસ પૂરા થયા. પણ તેની પાછળ જે હેતુ હતો તે અધૂરો જ રહ્યો. 'મા'ના સાક્ષાત દર્શન દ્વારા એક તો ઈચ્છાનુસાર વરની પ્રાપ્તિ ને બીજું 'મા'નું નિત્યનિરંતર, અખંડ કે સતત દર્શન અથવા કહો કે 'મા'નો સદા માટેનો પ્રત્યક્ષ સહવાસ. 'મા'નું સાક્ષાત દર્શન ઈ.સ. ૧૯૪૭ના નવેમ્બરની પહેલી તારીખે ભાઈબીજને દિવસે રાતે થયું હતું. તે વખતે હું દેવપ્રયાગના શાંતાશ્રમાં હતો. પણ તે દર્શન ઈચ્છા પ્રમાણેનું સાક્ષાત દર્શન અને અખંડરૂપે થનારું સાક્ષાત દર્શન ન હતું. તેથી સાક્ષાત દર્શનની મારી ઈચ્છા ચાલુ જ હતી. છેલ્લા સાતેક વરસથી તેને માટે સતત પ્રયાસો થઈ રહેલા. આ વરસે એ પ્રયાસની પરંપરામાં એક નવો લાંબો પ્રયાસ ઉમેરાયો. જો કે એ અધૂરો જ રહ્યો. પણ નજીકના ભવિષ્યમાં પરિપૂર્ણ થવાની ખાતરી કરાવી ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૮. ઈશ્વરદર્શનના પાંચ પ્રકાર

ભાવનગરમાં એક રાત રોકાઈને અમે મહુવા આવ્યાં. મહુવાના દિવસો પણ ખૂબ આનંદપૂર્વક પસાર થઈ ગયા. મહુવામાં ત્રણેક દિવસ ઉપવાસ ચાલ્યા. ઉપવાસના દિવસો જલ્દી પૂરા થાય એવી કેટલાક ભાઈઓની ઈચ્છા હતી. તેમનો પ્રેમભાવ ભારે હતો. તેમાંના એક ભાઈએ એક વાર પ્રશ્ન પૂછ્યો કે 'જેને ઈશ્વરદર્શન થઈ ગયું હોય તેને ઉપવાસ કરવાની જરૂર ખરી ?'

મેં તેનો ઉત્તર આપતા કહ્યું: 'ઈશ્વરદર્શન પછી પણ સાધનાના વિકાસ માટે, ઈશ્વરની પ્રેરણા પ્રમાણે ઉપવાસ કરવાની જરૂર રહે છે. તેવી જરૂર લાગતી હોય ને તે પ્રમાણે જો કોઈ ઉપવાસનો આધાર લે તો તેને સહાનુભૂતિની નજરે જોવાની જરૂર છે. સાધક કે સિદ્ધપુરુષને કયા કારણસર ઉપવાસ કરવા પડે છે તે સાધારણ માણસ કેવી રીતે સમજી શકે ?'

'ત્યારે શું ઈશ્વરદર્શન પછી પણ કોઈ સાધના બાકી રહે છે ?' તે ભાઈએ પોતાની શંકા રજૂ કરતાં કહ્યું, 'ઈશ્વરદર્શન પછી તો કાંઈ જ કરવાનું બાકી રહેતું નથી એમ કહેવામાં આવે છે. શાસ્ત્રોની એ વાત શું ખોટી છે ?'

મેં કહ્યું : 'શાસ્ત્રોની વાત ખોટી નથી. પણ તેને યથાર્થ રીતે સમજવાની જરૂર છે. ઈશ્વરનું દર્શન થવું એ એક વસ્તુ છે, ને સ્વયં ઈશ્વરરૂપ થવું એ જુદી જ વસ્તુ છે. ઈશ્વરદર્શન પછી તે બીજી વસ્તુ માટેની સાધના શેષ રહી શકે છે. તે ઉપરાંત ઈશ્વરદર્શન પણ જુદી જુદી રીતે થાય છે. મારા પોતાના અનુભવના આધાર પર મેં ઈશ્વરદર્શનના પાંચ ભેદ પાડ્યા છે. તે પાંચે પ્રકારમાંથી પસાર થવા જેટલી જાગૃતિ ભાગ્યે જ કોઈ રાખે છે. તે બધા પ્રકારોમાંથી પસાર થવાની જરૂર છે. તે માટે કોઈ સાધકને ઉપવાસની જરૂર હોઈ શકે છે.'

એ પછી ઈશ્વરદર્શનના પાંચ પ્રકાર વિશે વાતચીત ચાલી. તેનો સારાંશ જરૂરી હોવાથી ફરી જોઈ જઈએ.

જાગૃતિ અથવા તો સમાધિ દશામાં જેમ સિદ્ધ પુરુષોનાં દર્શન થાય છે તેમ ઈશ્વરનું દર્શન પણ થાય છે. તેથી આનંદ ને શાંતિ મળે છે. પરંતુ તે બંને પ્રકારના દર્શન જુદી જુદી રીતે થાય છે. પહેલા આપણે સમાધિ કે જાગૃતિ દશામાં થનારાં કોઈ સિદ્ધ પુરુષના દર્શનનો વિચાર કરીએ. કોઈ સાધકને સિદ્ધ પુરુષનું દર્શન થાય પણ એવું બને કે કેવળ દર્શન જ થાય. કોઈ પ્રકારની વાતચીત ના થાય. વળી તે સિદ્ધ પુરુષ ઈચ્છે ત્યારે ને ત્યાં સુધી જ દર્શન થઈ શકે. એ સિદ્ધ પુરુષના દર્શનનો પહેલો પ્રકાર કહી શકાય. સમજુ સાધક એટલેથી અટકતો નથી, પણ આગળ વધીને અનુભવના આધારે આગળના પ્રદેશને સર કરવાની કોશિષ કરે છે ને ઈશ્વરની કૃપાથી તે બીજા પ્રકારના અનુભવ કે દર્શનને મેળવી શકે છે. એ અનુભવ કેવો હોય છે ? તે દરમ્યાન તેને તે સિદ્ધ પુરુષનું દર્શન તો થાય છે જ પરંતુ વધારામાં, તેની સાથેના વાર્તાલાપનો આનંદ પણ મળે છે, પણ તે વાર્તાલાપ સિદ્ધપુરુષ ચાહે તેટલો ને તેવો જ હોય છે. તે દરમ્યાન સાધક પોતે ઈચ્છે ત્યાં સુધી ને ઈચ્છે તે વિષય પર વાત કરી શકતો નથી. એટલે મુક્ત રીતે, દિલ ખોલીને વાત કરવાની તેની ઈચ્છા અધૂરી જ રહી જાય છે.

તે પછી દર્શનનો ત્રીજો પ્રકાર આવે છે. તેમાં સિદ્ધ મહાપુરુષનું દર્શન થાય છે ને ઈચ્છાનુસાર વાર્તાલાપ કરવાનો લાભ મળે છે. દર્શનનો ચોથો પ્રકાર એથી આગળ વધે છે. તે દરમ્યાન તેને સિદ્ધપુરુષના સ્પર્શનો લાભ મળે છે ને તે સિદ્ધપુરુષના આશીર્વાદ કે વરદાનની પણ પ્રાપ્તિ થાય છે. છતાં પણ કેટલીકવાર સાધકને સંતોષ નથી થતો. તેનુ મન જ્યારે ઈચ્છે ત્યારે સિદ્ધપુરુષના દર્શનની કામના કરે છે, ને ઈશ્વર કૃપાથી છેવટે તેની કામના પૂરી થાય છે. હવે તે દર્શનના પાંચમા પ્રકારમાં પ્રવેશ કરે છે ને સિદ્ધ પુરુષના દર્શનનો સ્વાદ મેળવી લે છે.

જે સિદ્ધ પુરુષના દર્શન સંબંધમાં તે જ ઈશ્વરના દર્શન સંબંધમાં પણ સમજી લેવાનું છે. ઈશ્વરના દર્શનના પણ ઉપર કહ્યા તેવા પાંચ પ્રકાર ગણી શકાય. છેલ્લા પ્રકાર પ્રમાણે સાધક જ્યારે ચાહે ત્યારે ઈશ્વરનું દર્શન મેળવી શકે છે અથવા તો તેને ઈશ્વરનું સતત દર્શન થયા કરે છે.

ઘણા ખરા સાધકો તો પહેલા પ્રકારના દર્શનથી જ તૃપ્ત થઈ જાય છે ને પોતાને સિદ્ધ દશાની પ્રાપ્તિ થઈ એમ માની લે છે. કોઈક વિરલ સાધકો જ સઘળી સાધના ભૂમિકા પરથી પસાર થાય છે. પહેલા પ્રકારનું દર્શન પણ જો કે કઠિન છે અને એનો આનંદ પણ અજબ છે. પણ બીજા બધા પ્રકારના દર્શનનો આનંદ કેટલો અનેરો હશે તેની કલ્પના તે પરથી સહેજે કરી શકાય તેમ છે. સાધકોને ઈશ્વરદર્શન થાય છે, પણ આ પાંચમાંથી કયા પ્રકારનાં દર્શન થાય છે તે તો તે જ કહી શકે. વિવેકી સાધકે ક્રમેક્રમે આગળ વધીને છેવટે ઈશ્વરમય બની જવાની આવશ્યકતા છે.

આ પ્રમાણેના ખુલાસાથી તે પ્રશ્ન પૂછનારા ભાઈની શંકાનું સમાધાન થયું. જીવનમાં ડગલે ને પગલે જે મનને મોકળું રાખીને ચાલે છે એને આનંદ શા માટે ના થાય ?

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩૯. મહાત્મા હનુમાનદાસજીનો મેળાપ

મહેસાણામાં પ્રેમી ભાઇ નારાયણભાઇને ત્યાં લગભગ ૩૬ દિવસનો સુખમય વસવાટ પૂરો થયો. એ અરસામાં માતાજી પણ સરોડાનું કામકાજ પતાવીને ત્યાં આવી પહોંચ્યા. મહુવા જવાનો કાર્યક્રમ નક્કી હતો. તે માટે ઇશ્વરી પ્રેરણા પણ થઇ ચૂકેલી. તે કાર્યક્રમના અનુસંધાનમાં મહુવા જતાં વચ્ચે સિહોર ઉતરીને શ્રી હનુમાનદાસજીના દર્શન કરવાનો પણ નિર્ણય કરી લીધો.

મહાત્મા શ્રી હનુમાનદાસજી લગભગ વીસેક વરસથી સિહોરમાં ગૌતમકુંડ પર નિવાસ કરતા. તેમને વિશે ભાવનગરથી પ્રસિદ્ધ થતાં 'દર્શન' માસિકમાં બે લેખ લખવામાં આવેલા. એક લેખમાં કહેવામાં આવેલું કે લોકો શ્રી રમણ મહર્ષિનું દર્શન કરવા દૂર દૂરથી તિરુવણ્ણામલૈમાં એકઠા થતાં પરંતુ રમણ મહર્ષિ તો ભાવનગરની તદ્દન પાસે સિહોરમાં જ વિરાજે છે. બીજા લેખમાં માતા આનંદમયી અને હરિબાબા બંને શ્રી હનુમાનદાસજીના દર્શને ગયેલાં તે વિશેનો અહેવાલ હતો. આનંદમયી માતાએ હનુમાનદાસજીને એક બે પ્રશ્નો પૂછેલા. હરિબાબાની સાથે એક બંગાળી ગૃહસ્થ હતા. તે શ્રી હનુમાનદાસજીને જોઇને આનંદમાં આવીને બોલી ઉઠ્યા કે આખા ભારતવર્ષમાં ફર્યો પણ આવા સમર્થ સંતપુરુષ બીજે ક્યાંય જોયા નહિ. હરિબાબાએ પણ હનુમાનદાસજીની પાસે કીર્તન કર્યું ને ભાવનગર આવીને આવીને પોતાના ભક્તો ને પ્રસંશકોને કહ્યું કે હનુમાનદાસજી બહુ મોટા ને જૂના જમાનાના જોગી છે. આવા મહાત્માઓ દેશમાં ભાગ્યે જ જોવા મળે છે. તે પૂર્ણ સિદ્ધપુરુષ છે ને ત્રિકાળદર્શી છે.

એ બધી રસિક વાતોને વાંચીને મને પણ શ્રી હનુમાનદાસજીની મુલાકાત લેવાનો વિચાર થયો. ખાસ કરીને તો હનુમાનદાસજી ત્રિકાળજ્ઞ છે એ જાણીને મને તેમને મળવાની વધારે પ્રબળ ઇચ્છા થઇ આવી, કેટલાય વખતથી કોઇ ત્રિકાળદર્શી સિદ્ધ મહાપુરુષને મળવાની ઇચ્છા મારા દિલમાં અંકુરિત થઇ ચૂકેલી. તેવા મહાપુરુષની મુલાકાતથી મારી સાધના ને જીવનસિદ્ધિની કલ્પનાછબીને વધારે સુરેખ, સુંદર, સ્પષ્ટ ને મજબૂત કરવાની મારી ભાવના હતી. મને થયું કે હનુમાનદાસજીના દર્શનનો અચાનક અનેરો અવસર આપીને ઇશ્વરે મારા પ્રયાસને યશસ્વી કરવાની કૃપા કરવા માંડી કે શું ? જો ખરેખર તેમ હોય તો તો મારી ઘણી ઘણી ચિંતા ઓછી થઇ ગઇ, ઉપવાસના દિવસોની લાંબી અને આકરી યાતના સફળ થઇ ને ધ્યેયસિદ્ધિની મહત્વની આશાકડી મળી ગઇ. ખરેખર, ઇશ્વરના સાચા કૃપાપાત્ર ત્રિકાળજ્ઞ સંતોના દર્શનનો યોગ ઇશ્વરની કૃપા હોય તો જ ને ત્યારે જ મળી શકે છે. મારા પર પણ એ કૃપાના કિરણો વરસવા માંડ્યા કે શું ? એ વિચારથી ઉભરાતાં અંતરે એક પ્રભાતે મેં સિહોર સ્ટેશને પગ મૂક્યો. માતાજી પણ સાથે જ હતા. તે દિવસ ૧ જાન્યુઆરીનો હતો.

સિહોરનો પ્રદેશ નાના નાના ડુંગરોને લીધે ઘણો રમણીય લાગે છે. સ્ટેશન પાસેની એક ધર્મશાળામાં ઉતરીને અમે ગામમાં જવા વિદાય થયા. ગામ સ્ટેશનથી જરા દૂર છે. ગૌતમકુંડ તેથી વળી માઇલેક દૂર છે. વ્રતની નબળાઇને લીધે ચાલવાની મુશ્કેલી હોવા છતાં એક મહાન સંતપુરુષને મળવાના ઉત્સાહ પાસે બહારની મુશ્કેલી કોઇ વિસાતમાં ન હતી.

ગૌતમકુંડની જગ્યા ઘણી સુંદર છે. નાની સરખી ગુફા, અંદર નાનું સરખું મંદિર ને નાનુંસરખું છતાં સ્વચ્છ મકાન. બહાર નાનીસરખી નદી છે. અંદરના ઓરડામાં પ્રવેશ કરતાં જ મહાત્મા શ્રી હનુમાનદાસજીના દર્શનનો લાભ મળ્યો. એક પાટ પર સાધારણ ગોદડી પાથરીને તે બેઠેલા. ઓરડામાં એક બાજુ થોડાક વાસણો પડેલાં. બીજી બાજુ દોરી પર થોડાંક વસ્ત્રો લટકતાં. અંદરના ઓરડામાં મંદિર હતું. ત્યાં દર્શન કરીને અમે હનુમાનદાસજી પાસે બેઠા. તેમની ઉંમર ઘણી મોટી દેખાતી. વાળ ધોળા થઇ ગયેલા. શરીરે કરચલી પડી ગયેલી. આંખે ચશ્મા ચઢાવેલા. ટાટનો ઝભ્ભો પહેરીને તે બેઠેલા ને કાંસકીથી વાળ સાફ કરી રહેલા. એમને વંદન કરીને અમે એમની પાસે જમીન પર બેસી ગયાં.

થોડીક ઉપલક વાતો કર્યા પછી તેમની વિશેષ શક્તિનો લાભ લેવાની ઇચ્છાથી મેં તેમને જિજ્ઞાસાવૃત્તિથી પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. ઓરડામાં એક બાજુ ઘડિયાળ પોતાનું કામ કરી રહેલું. તેની ઉપેક્ષા કર્યે ચાલે તેમ ન હતું. મને થયું કે આવો મહાન અવસર સાંપડ્યો છે ત્યારે તેનો લેવાય તેટલો લાભ લઇ લેવો એ જ ઉત્તમ છે. નદીકિનારે બે હાથ જોડીને બેસી રહેવું ને પાણી મળવા છતાં પ્યાસા રહેવું સારું ના કહેવાય. તે વખતે હનુમાનદાસજી પાસે બીજું કોઇ હતું પણ નહિ, એટલે કોઇ પણ પ્રકારની વાતચીત કરવાની અનુકૂળતા હતી.

કેટલાક માણસો સંતપુરુષોના દર્શને જાય છે પણ કોઇ ખાસ હેતુ વિના. કેટલાક કેવળ દર્શન માટે જાય છે, કેટલાક કોઇ શંકાનું સમાધાન કરવા, તો કોઇ પ્રશ્નાદિ પૂછવા. માણસ કોઇપણ હેતુથી પ્રેરાઇને સંતપુરુષના દર્શન માટે જાય પરંતુ તે હેતુની પૂર્તિ તરફ તેનું ધ્યાન રહેવું જોઇએ ને તેની પૂર્તિ વહેલામાં વહેલી તકે કરી લઇને સંતની પાસેથી વિદાય લેવા તેણે સદાયે તૈયાર રહેવું જોઇએ. સંતપુરુષનો સમય ઘણો કીમતી છે એમ સમજીને કોઇયે પ્રકારના જરૂરી હેતુ વિના જરૂરથી વધારે વખત તેમની પાસે બેસી રહેવાની વૃત્તિનો ત્યાગ કરવો જોઇએ. પણ ખેદની વાત છે કે વધારે ભાગના માણસો એ વાતને વારંવાર વિસરી જાય છે ને સંતોની પાસે કલાકો લગી નકામી ગિરદી કરીને બેસી રહે છે. કેટલાક માણસો તો સંતસમાગમના મહિમાને ભૂલી જઇને સંતની પાસે જઇને વિના પૂછ્યે પોતાની વ્યાવહારિક વાતો કરવા મંડી જાય છે અને અંદર અંદર વાતોની શરૂઆત કરે છે. ત્યારે વાતાવરણ ઘણું બેહૂદું લાગે છે. સંતદર્શનની વૈજ્ઞાનિક રીત શીખવાથી પોતાનો ને સંતપુરુષનો ઘણો ઘણો કીમતી સમય બચાવી શકાશે એમાં સંદેહ નહિ. સમયના મહત્વ ને સદુપયોગનો ખ્યાલ મારા મનમાં કાયમ રમ્યા કરતો હોવાથી ધારેલા વિષય પર વાર્તાલાપ કરવાનું મે વિના વિલંબ શરૂ કર્યું.

પહેલો પ્રશ્ન મેં મારી સાધના સંબંધી જ પૂછ્યો. મેં કહ્યું : 'મને જગદંબાના કાયમના સાક્ષાત દર્શનની ઇચ્છા છે. જગદંબાનું દર્શન તો અનેક વાર થયું છે પણ ઇચ્છાનુસાર નથી થયું. તેથી અસંતોષ અને ઉકળાટ ચાલુ રહે છે. તો મને જગદંબાનું ઇચ્છાનુસાર સાક્ષાત દર્શન ક્યારે થશે ? તમે તો ત્રિકાળજ્ઞ સિદ્ધ પુરુષ છો તો આ વાતનો ખુલાસો કરો.'

તેમણે ધીમેથી ઉત્તર આપ્યો કે, 'પ્રેમ હોય તો દર્શન થાય. દર્શન માટે ઘણી લગની ને બેચેની જોઇએ. તે હોય તો દર્શન જરૂર થઇ શકે છે.'

'પણ મને તેવું દર્શન ક્યારે થશે ?' મેં ફરી પૂછ્યું.

તેમણે કહ્યું : 'તેનો કોઇ નક્કી વખત નથી. તે ચાહે તો પળમાં પણ કરાવી દે, ને ના ચાહે તો વરસો ને યુગો પણ એમ ને એમ વહી જાય.'

મેં કહ્યું : 'એ તો હું જાણું છું. એ તો સિદ્ધાંતની વાત થઇ. પરંતુ હું તો તમારી વિશેષ શક્તિનો લાભ ઉઠાવવા માંગુ છું. તમે ત્રિકાળદર્શી છો એમ જાણીને આ વાત પૂછી રહ્યો છું. માટે મને નિશ્ચયાત્મક રીતે વરસ, માસ ને દિવસ બતાવીને કહો કે મારા પર જગદંબાની પૂરેપૂરી કૃપા ક્યારે થશે ?'

હનુમાનદાસજી જરા વિચારમાં પડી ગયા. પછી બોલ્યા કે, 'હજી વાર લાગશે.'

પણ એવા ઉપલક ઉત્તરથી મને ક્યાં સંતોષ વળે તેમ હતું ? એટલે મેં પૂછવાનું ચાલુ રાખ્યું કે કેટલી વાર લાગશે, ને જગદંબાની કૃપા ક્યારે થશે, વરસે, છ મહિને, બે વરસે ?

તેના ઉત્તરમાં પહેલાં તો તેમણે કહ્યું કે ખૂબ વાર લાગશે, પણ પછી કહ્યું કે એક વરસ પછી થશે.

પણ મને તેમનો ઉત્તર ખાસ સંતોષકારક લાગ્યો નહિ. એક ત્રિકાળદર્શી સિદ્ધ મહાપુરુષ જે દૃઢતા ને ચોક્કસતાથી આવા પ્રશ્નોનો ખુલાસો કરે તેવી દૃઢતા અને ચોક્કસતા મને તેમના શબ્દોમાં લાગી નહિ. મને થયું કે તે કદાચ ત્રિકાળદર્શી મહાત્મા નથી. નાક પર હાથ રાખીને તે વારંવાર બોલતા. તેથી મને વિચાર થયો કે તે સ્વરોદય શાસ્ત્રના અભ્યાસી તો નહિ હોય ? તેમના પ્રથમ ઉત્તરથી મને સંતોષ ના થયો છતાં આટલે દૂર આવવાનું થયું છે તો બીજા કોઇ પ્રશ્નની ચર્ચાવિચારણા પણ કરી લઉં એમ વિચારીને મેં ફરી તેમનો સત્સંગ કરવાનું ચાલુ રાખ્યું.

બીજો પ્રશ્ન જરાક જુદો હતો. મારી સાધનાનો ઇતિહાસ જાણનારને નંદપાંચમનો ખ્યાલ હશે જ. નંદપાંચમ શબ્દ કોઇ પ્રચલિત શબ્દ નથી ને મોટા મોટા વિદ્વાનોને પણ તે વિશે બરાબર માહિતી નથી. તે કોઇ પ્રાચીન લુપ્ત શબ્દ હોય એવું લાગે છે. હનુમાનદાસજી ત્રિકાળજ્ઞ છે એમ માનીને તેમની પાસે મેં તે વિશે માહિતી માગી તો તેમણે કહ્યું કે નાગપાંચમને નંદપાંચમ કહેતા હશે. મેં ખુલાસો કર્યો કે નાગપાંચમ તો શ્રાવણ મહિનામાં આવે છે. તેને કોઇ નંદપાંચમ કહેતું હોય એવું ખાસ ખ્યાલમાં નથી. ત્યારે તેમણે વધારે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે તો પછી નંદપાંચમ નંદજીના નામ સાથે સંકળાયેલી હશે. નંદજીના નામ પરથી તે પ્રચલિત થઇ હશે.

એ પછી ત્રીજા પ્રશ્નની વાત નીકળી. મેં કહ્યું : 'કેટલાક માણસો એમ માને છે કે શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ ને વિવેકાનંદના અવતાર થઇ ચુક્યા છે. તો એ વિશે આપનું શું મંતવ્ય છે ? શું તેમના અવતાર થઇ ગયા હશે ? એક વિદ્યાર્થી થોડા વખત પહેલાં અમેરિકા અભ્યાસ કરવા ગયેલો. ત્યાં જઇને તેની ચિત્તવૃત્તિ વધારે ને વધારે પ્રમાણમાં આધ્યાત્મિક માર્ગે વળવા માંડી અને અભ્યાસમાંથી તેનું મન ઉપરામ થવા માંડ્યું. તેણે પ્રાર્થના ને વ્રત કરવાનું શરૂ કર્યું. પૂર્વ સંસ્કારોની પ્રબળતા હોવાથી એને અનેક પ્રકારના અલૌકિક અનુભવો પણ થવા માંડ્યા. એમ પણ જણાયું કે તે સ્વામી વિવેકાનંદનો અવતાર છે. તો શું સ્વામી વિવેકાનંદ ને રામકૃષ્ણદેવ જેવી વિભૂતિઓનો અવતાર થઇ ગયો હશે ? એ વિશે આપનો શો અભિપ્રાય છે ?'

હનુમાનદાસજીએ માથું હલાવીને કહેવા માંડ્યું કે, 'ના, એવા લોકોત્તર મહાન પુરુષોનો અવતાર થયો છે એ વાત આજની પરિસ્થિતિ જોતાં માની શકાય તેવી નથી. એવી અલૌકિક વિભૂતિઓનો જન્મ થાય તો સંસારમાં સંકટ રહે નહિ, બધે શાંતિ થાય ને બધા સુખી થાય. હાલની પરિસ્થિતિ તો જુદી જ છે. ક્લેશ ને

કષ્ટો દિવસે દિવસે વધતાં જ જાય છે. માણસોની મુસીબતોનો પાર નથી. એવે વખતે એવા મહાન પુરુષોનો અવતાર થયો છે એવું કેવી રીતે કહી શકાય ?'

મારા મનમાં હતું કે હનુમાનદાસજી આ વાતનો ખુલાસો પોતાની આર્ષદૃષ્ટિથી કોઇ જુદી જ રીતે કરશે. પરંતુ તેમણે તો સાધારણ તર્કવાદનો જ આધાર લીધો. એટલે વાત સમજવી ને વિચારવી ઘણી સરળ થઇ ગઇ. તેમનો ખુલાસો બહુ તર્કસંગત ના લાગ્યો. સંસારમાં જ્યારે જ્યારે અધર્મ અને અશાંતિ વધે છે ત્યારે ત્યારે ઇશ્વર અવતાર ધારણ કરે છે એમ કહેવાય છે. અધર્મનો નાશ કરીને તે ધર્મની પ્રતિષ્ઠા ને શાંતિનો પ્રસાર કરે છે. ઇશ્વરના અવતારનું પ્રયોજન જ એ છે. જો સંસારમાં તેમના પ્રકટવા માત્રથી જ શાંતિ થઇ જાય તો પછી અવતાર ધારણ કરીને તેમને કોઇ વિશેષ કામ કરવાનું રહે જ નહિ. ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે ઇશ્વરના અવતાર માત્રથી સંસારમાંથી અશાંતિ દૂર થઇ નથી. ભગવાન શ્રી કૃષ્ણ ને રામના વખતમાં શું અધર્મ અને અશાંતિનો પ્રસાર ન હતો ? શું તેમના જીવનકાળ દરમ્યાન સમાજમાં કષ્ટો ન હતાં ? ભગવાન બુદ્ધ ને ઇશુના સમયમાં પણ શું બધે શાંતિ જ હતી ? અશાંતિ અને અધર્મનો નાશ કરવા માટે તો ઇશ્વર અને તેમના પ્રતિનિધિ જેવા મહાપુરુષોના અવતાર થાય છે. એટલે અવતાર થવાથી સંસારમાં સઘળે શાંતિ થઇ જાય છે એ માન્યતા બરાબર નથી. એ માન્યતા પ્રમાણે જ જો અવતારી પુરુષોનું મૂલ્યાંકન અથવા એમની યથાર્થતાનો વિચાર કરવા બેસીએ તો ભાગ્યે જ કોઇને અવતારની શ્રેણી કે સૂચિમાં મૂકી શકાય.

મારા અંગત વિચારો આ પ્રમાણે હોવા છતાં હનુમાનદાસજી વયોવૃદ્ધ હોવાથી તેમજ તેમની પાસે હું જિજ્ઞાસુ તરીકે ગયો હોવાથી તેમની સાથે ચર્ચામાં ઉતરવાનું કામ મને સારું લાગ્યુ નહિ. તેમની પ્રત્યે મને એક પ્રકારનો આદરભાવ ઉત્પન્ન થયેલો. તેથી તેમના વિચારો મેં સાંભળ્યે રાખ્યા. વળી મારી પાસે વખત પણ થોડો હતો, ને તેટલા થોડા વખતમાં મારે બીજા પણ કેટલાક વિષયો છેડવા હતા, એટલે ચર્ચામાં ઉતરવાની વાત મેં બાજુ પર જ રાખી.

હનુમાનદાસજીને મેં ફરી વાર પૂછ્યું કે, 'ભગવાનના અવતાર વિશે તમારું શું માનવું છે ? કોઇ કોઇ માણસો કહે છે કે ભગવાનનો અવતાર થઇ ગયો છે. તો શું તે વાત સાચી છે ?'

તેમણે ઉત્તર આપ્યો કે, 'ના, રામજી ! ભગવાનના અવતારને તો હજી વાર છે. ભગવાનનો અવતાર તો ત્યારે થાય જ્યારે બહુ કષ્ટ પડે ને જગત ત્રાહિ ત્રાહિ કરે.'

મેં કહ્યું : 'કષ્ટ તો અત્યારે ઘણું પડી રહ્યું છે. શું હજી પણ વધારે કષ્ટ પડશે ?'

'હા.' તેમણે જવાબ દીધો, 'હજી વધારે કષ્ટ પડશે ત્યારે અવતાર થશે. અવતારને હજી ઘણી વાર છે.'

'ત્યારે મહાત્મા ગાંધીજી વિશે તમારું શું માનવું છે ?' મેં વળી પૂછ્યું, 'ગાંધીજી ઇશ્વરના અવતાર હતા એમ કેટલાક વિચારકોનું કહેવું છે. તમને શું લાગે છે ?'

'એમને અવતાર કહેવામાં હરકત નથી.' તેમણે જરાક કચવાતા મને જવાબ આપ્યો, 'પણ તે ઇશ્વરના અવતાર નહિ, કોઇ ભક્તના અવતાર હતા.'

એમ કહીને તેમણે કાલિદાસના મેઘદૂતના યક્ષની વાતને મળતી એક વાત કહી સંભળાવી. ને કહેવા માંડ્યું કે ગાંધીજી પહેલાં જન્મમાં એક મોટા ભક્ત હતા પણ શાપ મળવાને લીધે તેમનો પુનર્જન્મ થયેલો.

મેં કહ્યું : 'ગાંધીજીનું પૂર્વજન્મનું ભક્ત તરીકેનું નામ શું હતું તે ખબર છે ?'

તેમણે તદ્દન સ્વાભાવિકતાથી જવાબ આપ્યો, 'હા, તે નાસિકા ભક્તના અવતાર હતા.'

'નાસિકા ભક્ત ?' અત્યાર સુધી નહિ સાંભળેલા એ નવા નામને સાંભળીને મેં આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછવા માંડ્યું, 'નાસિકા ભક્તનું નામ તો આજે જ સાંભળ્યું. શું કોઇ શાસ્ત્રમાં તેની વાત આવે છે ?'

'હા,' તેમણે દૃઢતાપૂર્વક ચાલુ રાખ્યું, 'નાસિકા ભક્તની વાત શાસ્ત્રોમાં આવે છે.'

'ક્યા શાસ્ત્રમાં આવે છે તે કહેવાની કૃપા કરો તો સારું. હું પણ તે પ્રસંગ વાંચીને વધારે નક્કર માહિતી મેળવી શકીશ.'

હનુમાનદાસજી જરાક વિચારમાં પડ્યા. વાતની વિચારણાનું સ્વરૂપ આટલું બધું ઉંડાણવાળુ બનશે તેની કદાચ તેમને ખબર નહિ હોય. મેં ફરીવાર તેની તે વાત પૂછી ત્યારે તેમણે કાંઇક સંકોચ સાથે કહેવા માંડ્યું કે, 'હું તો મૂર્ખ છું. શાસ્ત્રોની માહિતી મને ક્યાંથી હોય ? મને તો બરાબર લખતાં વાંચતા પણ આવડતું નથી. અહીંથી થોડે દૂર એક બગીચો છે. ત્યાં એક પંડિત રહે છે. તે કોઇવાર પુસ્તક વાંચે છે. તેમની પાસેથી મેં આ વાત સાંભળેલી છે. વાત નક્કી ક્યા પુસ્તકની છે તે મને ખબર નથી પણ કોઇક પુરાણની હશે.'

મને થયું કે આટલા ઉંડાણથી વાત કરી તે સારુ થયું. નહિ તો એમના અભિપ્રાયનો મર્મ સાચા અર્થમાં સમજી ના શકાત, ને વધારામાં, કેટલીક ગેરસમજૂતી ઊભી થાત.

મેં કહ્યું : 'ગાંધીજી ફરી જન્મશે ખરા ?'

'કામ અધૂરું રહ્યું હોય કે કોઇ વાસના બાકી રહી હોય તો જન્મે.' તેમણે પ્રત્યુત્તર આપ્યો. વાત આગળ ચાલી : 'થોડાક વખત પહેલાં અરવિંદ આશ્રમના માતાજીએ એક પત્રકારને મુલાકાત આપીને કહ્યું છે કે ભારતને સીમાડે રુસો-અમેરિકન યુદ્ધની શક્યતા ઝઝુમે છે, ને ઇ. સ. ૧૯૫૭માં ક્રાંતિ થશે. તેથી ઉલટું, દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ સંત રામદાસજીએ હમણાં જ તેમના પરદેશના પ્રવાસ દરમ્યાન જાહેર કરતાં કહ્યું છે કે યુદ્ધ થશે જ નહિ. તો ભારતની આ બંને લોકોત્તર વિભૂતિઓના વિરોધી મંતવ્યો તમારું શું માનવું છે ?'

હનુમાનદાસજી વાળ પર હાથ ફેરવીને જરાક આનંદમાં આવી જઇને ગૌરવપૂર્વક કહેવા માંડ્યા : 'યુદ્ધ નહિ થાય એમ કહે છે પણ પાંચ વરસમાં ભયંકર યુદ્ધ થશે. તેમાં ભારે સંહાર થશે.'

મને એક બીજી વાત સુઝી. થયું કે પ્રસંગ મળ્યો છે તો તે વાતની રજૂઆત પણ ભલે થઇ જાય. મહાયોગી શ્રી અરવિંદે પાકિસ્તાનની રચના વખતે કહ્યું હતું કે પાકિસ્તાન દસ વરસ ટકશે. એ પ્રમાણે અરવિંદ આશ્રમના માતાજીએ જાહેર કર્યું છે. તે વિશે મેં હનુમાનદાસજીનો અભિપ્રાય માંગ્યો. હનુમાનદાસજીએ બધી વાત શાંતિપૂર્વક સાંભળી ને પછી પોતાના મંતવ્યની રજૂઆત કરતાં કહેવા માંડ્યું કે પાકિસ્તાનનો નાશ નહિ થાય. ઉલટું, દિલ્હીમાં તેમનું રાજ્ય થશે.

'કેટલા વખત સુધી દિલ્હીમાં તેમનું રાજ્ય રહેશે ?'

'એક વરસથી જરા ઓછું.' એમણે ઉત્તર આપ્યો.

મેં પૂછ્યું, 'તેમનું રાજ્ય દિલ્હી પર કેટલા વખતમાં થશે ?'

તેમણે કહ્યું : 'પાંચ વરસમાં. હજુ તો હિંદુઓને ખૂબ જ ત્રાસ પડશે.'

ચંદ બારોટ જેવા કોઇ કવિ કે ભક્તની પ્રચલિત થઇ ચૂકેલી ભવિષ્યવાણીને યાદ કરીને અથવા એની અસર નીચે આવીને તો હનુમાનદાસજી આ વાત નહિ કરતા હોય એવો વિચાર મને ક્ષણવારને માટે થઇ આવ્યો. પણ તેને મેં મનમાં જ દાબી દીધો. સમય અત્યંત થોડો હતો, ઘડિયાળ પોતાની સાધનાના કામમાં આગળ ને આગળ વધ્યે જતી હતી, એટલે વાર્તાલાપની પૂર્ણાહુતિ કરવાની આવશ્યકતા હતી. છેલ્લે છેલ્લે બીજા બે વિષયોની વાત નીકળી પડી.

મેં કહ્યું : 'હમણાં હમણાં શ્રી સાંઇબાબાનું નામ ઘણું ફેલાતું જાય છે. શરીર તો તેમણે ઇ. સ. ૧૯૧૮માં છોડ્યું છે. છતાં આજે પણ ભક્તોને તે મદદ કરે છે ને દર્શન પણ આપે છે. તો તે પ્રમાણે કોઇ મહાપુરુષ સમાધિ લીધા પછી પણ બીજાને દર્શન આપી શકે ખરા કે ?'

તેમણે જવાબ દીધો, 'યોગીપુરુષ તેવી રીતે દર્શન આપી શકે છે. શરીર છોડે છતાં પણ તે બીજે સ્થળે પ્રકટ થઇ શકે છે.'

હવે ઉઠવાની તૈયારી ચાલી. લગભગ અડધો કલાક થઇ ગયો. સવારના સાડા દસ વાગવાનો વખત હતો. ત્યાં માતાજીએ અચાનક છેલ્લો પ્રશ્ન પૂછવા માંડ્યો. તેમણે કહ્યું : 'આમના ઉપવાસ ક્યારે છૂટશે તે તો કહો. આ વખતે તો તેમના ઉપવાસ ખૂબ જ લાંબા ચાલ્યા.'

હનુમાનદાસજીએ શાંત ચિત્તે જવાબ દીધો, 'જ્યારે મન કરે ત્યારે ઉપવાસ છૂટી શકે છે. આ વાસણમાં પાણી પડ્યું છે તે પીવું હોય તો પીવાય ને ના પીવું હોય તો ના પીવાય. એ તો મનની વાત છે.'

હનુમાનદાસજીના આવા અનેરા ખુલાસાથી મને ઘણું આશ્ચર્ય લાગ્યું. મેં કહ્યું : 'ઉપવાસ કાંઇ મારી ઇચ્છાથી થતા અને પૂરા થતા નથી. એની પાછળ ઇશ્વરની ઇચ્છા કે પ્રેરણા હોય છે. તો તમે કહો કે ઉપવાસ પૂરા કરવાની ઇશ્વરની - રામની આજ્ઞા હવે ક્યારે થશે ?'

પણ તેમણે તો એ જ ખુલાસો ચાલુ રાખ્યો : 'ઇશ્વરની પ્રેરણા જેવું કાંઇ જ નથી. એ તો મનમાં આવે ત્યારે છૂટી શકે. પીવાના પાણી જેવું છે. મરજી પડે ત્યારે પી લો.'

પણ મારાથી એ ખુલાસાને કેવી રીતે માની શકાય ? જે મારા જીવનને જરાક પણ જાણે છે ને પ્રકાશના પંથના પ્રવાસના પૃષ્ઠો જેમણે વાંચ્યા છે તે પણ તેને કેવી રીતે માની શકે ? 'મા'ની પ્રેરણા પ્રમાણે જ છેલ્લા કેટલાક વખતથી મારે ઉપવાસનો આધાર લેવો પડે છે ને કેટલાક વખત પછી ઉપવાસ છોડવા પણ પડે છે. પછીથી એમ કેમ કહી શકાય કે ઉપવાસ મારા મનનો ખેલ છે ? મને થયું કે હનુમાનદાસજી હજી ઇશ્વરી પ્રેરણાના અનેરા અનુભવથી વંચિત છે, તેથી તેવી પ્રેરણાની વાત સમજી શકતા નથી. તેને સહાનુભૂતિથી સત્કારી ને સમજાવી શકતા નથી. તેને નિરાધાર કે મિથ્યા માનવા-મનાવવાનું સાહસ પણ કરી નાખે છે. વાત એમ છે કે અંતઃપ્રેરણા અથવા તો ઇશ્વરી આજ્ઞાના અનુભવો ભાગ્યે જ કોઇ સાધકોને થતા જોવામાં આવે છે. જે સાધક દશાને વટાવીને સિદ્ધ દશાની પ્રાપ્તિ કરી ચૂક્યા છે, એમ કહેવાય છે, તેમના જીવનમાં પણ એવા અનુભવો ભાગ્યે જ જોવામાં આવે છે. એટલે જ્યારે એવા વત્તાઓછા અનુભવવાળા કોઇ સાધકના સંપર્કમાં આવવાનો પ્રસંગ આવે ત્યારે તેમને નવાઇ લાગે છે અને એમના અંતરંગ અનુભવોને તે 'મનની કલ્પના' કે 'મનના ખેલ'માં ખપાવવાનું ઉતાવળિયું પગલું ભરી બેસે છે. પણ જેમને અનુભવના ઊંડાણની ખબર છે તે તેમની માન્યતા સાથે કેવી રીતે સંમત થઇ શકશે ?

ગમે તેમ, હનુમાનદાસજીનો સત્સંગ પૂરો થયો. 'દર્શન' માસિકમાં લખાયેલા લેખોને યાદ કરીને મને થયું કે આપણે ત્યાં એવા પણ કેટલાક માણસો છે જે સંતપુરુષોના પૂરતા પરિચય વિના જ તેમના વિશે અતિશયોક્તિભર્યા અભિપ્રાયો આપી બેસે છે. સાધારણ જનસમાજ પર તેની અસર બહુ સારી નથી પડતી. એનો અર્થ એવો નથી કે હનુમાનદાસજી મને બહુ સારા સંત ના લાગ્યા. તે સારા સંત છે એ સાચું છે. ત્રીસેક વરસ જેટલા લાંબા ગાળા સુધી એક એકાંત સ્થાનમાં રહેવામાં કેટલું બધું મનોબળ ને બાહ્ય વિષયો તરફનું સતત વૈરાગ્યથી ભરેલું ઉદાસીન વલણ જોઇએ તેની જેમને સમજ છે તે તેમની તારીફ કરશે ને તેમના સંતહૃદયનો ખ્યાલ કરીને તેમને માનની નજરે જોશે. સંત તરીકે તે સારા છે. દંભ અને આડંબરથી રહિત, નમ્રતાથી ભરેલા. પણ તેટલાથી જ તેમને રમણ મહર્ષિની સાથે સરખાવવાનું બરાબર નથી. વિચારોની ઉચ્ચતા અને અનુભવના ઉંડાણની દૃષ્ટિએ તેમનું સ્થાન વિશેષ, લોકોત્તર અથવા અસાધારણ નથી લાગતું. તે ત્રિકાળજ્ઞ છે એમ પણ માની શકાતું નથી. ખાસ કરીને ભવિષ્ય દર્શનનો ઉલ્લેખ કરવાનું કામ તે પડતું મૂકે ને તે વિશે કોઇ માહિતીના આધાર પર કોઇ વસ્તુને માની લઇને બોલવાને બદલે, જેટલા હોય એટલા અનુભવના આધાર પર જ બોલે. નહિ તો મૌન સેવે, તો વધારે સારું એમ લાગ્યા વિના રહેતું નથી. બાકી તેમનો માયાળુ સ્વભાવ ને તેમની સાદાઇ ખૂબ જ અનુકરણીય અને પ્રસંશનીય છે.

તે મનોભાવ સાથે તેમને પ્રણામ કરીને અમે વિદાય લીધી. આજે પણ તેમનું સ્મરણ તાજુ થયું છે ત્યારે મારા તે સંતપુરુષના ચરણમાં વારંવાર પ્રણામ છે.

બહાર નીકળીને અમે નજીકની નાની છતાં સુંદર સરિતામાં સ્નાન કરીને સ્ટેશન તરફ પ્રયાણ કર્યું. તે સાંજે ભાવનગર પહોંચીને બીજે દિવસે અમારે મહુવા પહોંચવું હતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૦. ચોરનો પ્રસંગ

મહુવાના દિવસો ખૂબ જ આનંદમાં પસાર થઈ ગયા. તે પછી એકાદ મહિનાનો સમય સરોડામાં પસાર થઇ ગયો. સરોડા જતી વખતે રસ્તામાં ભાત અને કાસીંદ્રા ગામની સીમમાં એક અજબ બનાવ બની ગયો. અમારી મોટર ઝડપથી પસાર થતી હતી, ત્યાં જ એક મોટો કાળો સાપ તેની આડે ઉતર્યો અને સડક પરથી પસાર થઇને થોડીવાર ઊભો રહી, માથું ડોલાવીને ચાલવા માંડ્યો. થોડીવારમાં તો તે અદૃશ્ય થઇ ગયો. ડ્રાઇવરે મોટર ઊભી રાખી, આડમાર્ગે લેવા થોડીવાર પાછી વાળી, પછી મૂળ માર્ગે લાવીને હાંકવા માંડી, પણ સાપનો પત્તો ના લાગ્યો.

સારા અને નરસા શુકનની પ્રથા શું સાચી છે ? સાચી છે કે નહિ તે વાતને બાજુ પર રહેવા દઇએ તો પણ તે પ્રથા સારી પેઠે પ્રચલિત છે એ વાતનો સ્વીકાર કર્યા વિના છુટકો નથી જ. સાપ જો આડો ઉતરે તો તે અપશુકનની નિશાની ગણાય છે અને તે દ્વારા કોઇ અનિષ્ટ બનાવ બનવાની શંકા સેવાય છે. ગમે તેમ, પણ અમારે માટે તે વાત સાચી ઠરી. સાપે જાણે કે આડે આવીને કોઇ અનિષ્ટની આગાહી કરી હોય તેમ સરોડાના શરૂઆતના નિવાસ દરમ્યાન જ બે અમંગલ કહેવાય તેવા બનાવો બની ગયા.

ચોથે દિવસે રાતે લગભગ બે વાગે હું ઘરમાં પ્રભુસ્મરણ કરતો હતો તે વખતે ઘરનું બારણું જોરથી ખખડવા માંડ્યું. મને જરા નવાઇ લાગી. ઊભા થઇને બારણાંની તડમાંથી જોયું તો એક માણસ હાથમાં લાકડી લઇને બારણા પાસે ઉભેલો. મેં કહ્યું : 'કોણ છે ?' એટલે એણે 'ઉઘાડ' કહીને ગાળો દેવા માંડી. પાછા ફરી બેટરી લઇને મેં બારણાંની તડમાંથી જોયું તો તે માણસ ત્યાં જ ઉભેલો. તેની બાજુમાં એક બીજો માણસ હતો. તેના હાથમાં કોઇ હથિયાર હતું. મેં તેને પૂછ્યું કે શું કામ છે ?

જવાબમાં તેણે વળી ઉઘાડી ગાળો દેવા માંડી.

મને થયું કે વાત જરા જુદી છે ને સહેજમાં પતે તેવી નથી. એટલે મેં તે માણસ સાથે જરા કડકાઇથી બોલવા માંડ્યું. હું એકલો હોત તો તો બારણું ઉઘાડી દેત. પણ ઘરમાં માતાજી, તારાબેન ને બાળકો પણ હતાં એટલે બારણું ઉઘાડવાનું સાહસ તે સંજોગોમાં સારું કહેવાય નહિ. બહાર અંધારી રાત હોવાથી બધે જ અંધારૂ છવાયેલું અને અમારું બોલવાનું ચાલુ હતું. તે સાંભળી તારાબેન જાગી ઉઠી, પછી માતાજી ઉઠી ગયાં, ને 'ચોર ચોર'ની બૂમ પાડવા માંડ્યાં. છતાં પાંચેક મિનિટ સુધી બહારના માણસે ગાળાગાળ કર્યા જ કરી. છેવટે ગામનાં બીજા માણસો આવી પહોંચતાં તે નાસી ગયા. કુલ ત્રણ માણસો હતા એમ જણાયું.

સરોડાનો એ બનાવ અકલ્પ્ય અને અણધાર્યો હતો. એ બનાવ પછી જરા વધારે પ્રમાણમાં જાગ્રત રહેવાની આવશ્યકતા ઉભી થઇ. એ બાબતમાં ગામના પ્રેમી રણછોડ ઠક્કરે ઘણી મદદ કરી. ગામમાં તો એ બાબત તરેહ તરેહની વાતો થવા માંડી. પેલા માણસોનો આશય એકલી ચોરી કરવાનો નહિ પણ મારામારી કરવાનો હોય તેમ લાગ્યું. નહિ તો તે લાંબા વખત સુધી ગાળાગાળ ના કરત. કોઇક માણસો કહેવા માંડ્યાં કે 'મહાત્મા છે ત્યારે ચોર કેમ આવ્યા ? ચોરને એમણે અવાક્ કેમ ના કરી દીધા ?' ટીકાખોર લોકોને એક સારો વિષય મળી ગયો. નવરા લોકોને શબ્દોનું કાંતણ કરવાનું કામ મળ્યું. કોઇના દુઃખે દુઃખી થવાનું કે કોઇનું કષ્ટ જોઇને સહાનુભૂતિના બે શબ્દો કહેવાનું તો બાજુએ રહ્યું, ઉલટું તેમણે વધારે ટીકાખોર થવા માંડ્યું.

તેમને શી સમજ કે ચોર તો હવે ભગવાનનાં મંદિરોમાં પણ આવે છે. જગન્નાથપુરીના પ્રસિદ્ધ મંદિરમાં ધોળે દહાડે પ્રવેશીને ચોરોએ પૂજારીનું ખૂન કરીને ચોરી કરેલી. રમણ મહર્ષિ અને તુલસીદાસ જેવા મહાન સંતોને પણ ચોરોએ છોડ્યા નથી. તો પછી હું તો હજી બાળક છું. અને કોઇ મહાન સંત હોય તો તેને ત્યાં ચોર આવે જ નહિ એવો કોઇ નિયમ થોડો છે ? પણ જેની વૃતિ બૂરી છે તે તો દરેક પ્રસંગમાંથી બૂરાઇને ઉપજાવી કાઢીને પણ બૂરાઇનું દર્શન કર્યા કરશે. તે વિના તેને ચેન નહિ જ પડે.

ઈશ્વરની દુનિયામાં બધું મંગલ જ છે. અમંગલ દેખાતા પ્રસંગોમાં પણ મંગલમયતાનું અખંડ અસ્તિત્વ રહેલું જ હોય છે. પણ અવિવેકી માણસને બધે મંગલનું દર્શન નથી થતું. તેથી તે મંગલ અને અમંગલના ભેદો પાડીને અમંગલથી ડરે છે. મૃત્યુને પણ માણસે અમંગલ માની લીધું છે. તે દૃષ્ટિએ, સરોડામાં એક બીજો અમંગલ માનવો હોય તો મનાય તેવો પ્રસંગ બન્યો તેમ કહી શકાય. તારાબેનની નાની પુત્રી પ્રેરણાનું થોડીક માંદગીને અંતે અચાનક મૃત્યુ થયું. અમારી હાજરીથી બેનને રાહત રહી. જન્મ અને મૃત્યુ શરીરની સાથે સંકળાયેલા છે. કોઇ ભક્ત કે યોગી ઇશ્વરની કૃપાથી તેથી મુક્તિ મેળવે તો ભલે, બાકી સાધારણ માણસના લલાટમાં તો તેમના લેખ અચૂક રીતે લખાયેલા છે. માટે એનો હર્ષશોક અસ્થાને છે.

સરોડા પછી સાબરમતીનો વારો આવ્યો. સાબરમતીમાં શ્રી સુરેન્દ્રભાઇ અને નલિનીબેનને ત્યાં લગભગ સવા માસ રહીને છેવટે અમે ઋષિકેશ આવ્યાં. ઋષિકેશમાં ઉનાળામાં તાપ ઘણો સખત પડે છે એ વાતની ખબર હોવા છતાં ઇશ્વરની પ્રેરણા પ્રમાણે અમારે ચાલ્યા વિના છૂટકો જ ન હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૧. દિવ્ય દર્શનો

**(૧) ભગવાન બુદ્ધનું દર્શન**

ઋષિકેશની ભૂમિ છે તો સુંદર, આકર્ષક અને આહ્લાદક. પરંતુ ઉનાળામાં એટલી બધી તપી જાય છે કે માણસને અકળાવી નાખે છે. વરસાદ સારા પ્રમાણમાં ના વરસે ત્યાં સુધી એટલી બધી ગરમી પડે છે કે વાત નહિ. ધ્યાનાદિ સાધનામાં સતત રીતે મનને લગાડવાનું કામ કઠિન લાગે છે. એવો અનુભવ હોવા છતાં ઇશ્વરની ઇચ્છાને અનુસરીને અમારે ઋષિકેશમાં રહ્યા સિવાય છૂટકો ન હતો. ગરમી હોવા છતાં કુદરતી સૌંદર્યથી ભરેલા ઋષિકેશના પ્રવિત્ર પુરાણપ્રસિદ્ધ પ્રદેશમાં અમારા દિવસો શાંતિપૂર્વક પસાર થવા માંડ્યા.

વરસાદ વરસવા માંડે છે પછી તો એ ભૂમિ વધારે રસમય, સુંદર અને આહ્લાદક બની જાય છે. પર્વતો લીલાંછમ બનીને હસવા માંડે છે ને ધરતી હરિયાળી બને છે. વરસાદને લીધે ગંગામાં અવારનવાર પૂર પણ આવે છે. થોડીવારમાં પૂર શમી જાય છે ત્યારે સ્મશાનવૈરાગ્યનો ક્ષણિક ઉભરો શાંત થતાં સામાન્ય માણસની અવસ્થા પહેલાં જેવી થઇ જાય છે, તેવી જ સ્વાભાવિક અવસ્થાની તે પ્રાપ્તિ કરે છે. ગંગાની રમણીયતા અને આહ્લાદકતાને અનુભવવાનો એ અવસર અનોખો હોય છે.

એ આનંદના અનોખા અનુભવની સાથે સાધનાના અંતરંગ અનુભવોનો આનંદ પણ ચાલુ હતો. સાધનાની સુભગ સુખદ સરિતા પોતાના પુણ્યપ્રવાહ સાથે આગળ ને આગળ વહી રહેલી. તે દિવસોમાં કેટલાક ઉત્તમ ઉલ્લેખનીય અનુભવો થયા. એમાંનો અદભૂત અસાધારણ અનુભવ ભગવાન બુદ્ધનો હતો.

જીવનના શરૂઆતનાં વરસોમાં મને બુદ્ધ ભગવાનનું સાક્ષાત્ દર્શન થયું હતું. વડોદરામાં થયેલા દર્શનના એ અનુભવનો ઉલ્લેખ મેં આગળ પર કરી જ દીધો છે. તેવો જ સુંદર અને અનેરો પરંતુ જરા જુદી જાતનો અનુભવ મને ઋષિકેશના નિવાસ દરમ્યાન થયો. તારીખ ૫-૧૦-૧૯૫૫ ને બુધવારની સવારનો સમય હતો. ત્યારે આંતર જગતમાં ધ્યાનમાં ભગવાન બુદ્ધનું દર્શન થયું. તે દર્શન ખરેખર આનંદદાયક હતું. બુદ્ધ ભગવાન બોધિ વૃક્ષની નીચે ધ્યાનમગ્ન દશામાં બેઠા હતા. તેમના શરીર પર સ્વચ્છ અને સફેદ વસ્ત્રો શોભી રહેલાં. તેમની મુખાકૃતિ અત્યંત તેજોમય અને શાંત હતી. તેમને માથે નાની સરખી આકર્ષક જટા હતી. ખાસ વિશેષ વાત તો એ હતી કે તેમના ગળા અને હૃદયની આસપાસ એક ચળકતો સફેદ રંગનો નાગ વીંટળાયેલો.

નાગ કે સાપની કલ્પના વધારે ભાગે શંકર સાથે સંકળાયેલી છે, એટલે બુદ્ધ ભગવાનનું નાગ સાથેનું દર્શન જરા નવાઇ પમાડે તેવું હતું. પણ તેમાં નવાઇ જેવું કાંઇ જ નથી. બુદ્ધ ભગવાનનું અદભૂત દર્શન કરીને મને તરત જ અંતઃપ્રેરણા થઇ કે સાપ અથવા નાગ માયાનું સ્વરૂપ છે. મનની વાસના જે સાધકને પરમ સિદ્ધિની પ્રાપ્તિના કામમાં નડતરરૂપ થાય છે, તે નાગ જેવી જ વિષમય છે. તેનો સફળતાપૂર્વક સામનો થાય અને તેને જીતી લેવાય એટલે પરમ શાંતિ, સિદ્ધિ, નિર્વાણ અથવા બુદ્ધ ભગવાનના શબ્દોમાં કહીએ તો બોધિની પ્રાપ્તિનું કામ છેક જ સહેલું થઇ જાય છે. અંતરના ઉંડાણમાં સૂતેલી એ વાસનારૂપી નાગણ મહાભયંકર છે. અહંકાર, મમતા, રાગદ્વેષ કે સ્વાર્થબુદ્ધિની એ નાગચૂડમાંથી મુક્ત થવા માટે સાધકે

બનતો પ્રયાસ કરવાનો છે. ભગવાન બુદ્ધને પણ બોધિની પ્રાપ્તિ પહેલાં એવો પ્રખર પ્રયાસ કરવો પડેલો. બીજાએ તેમાંથી બોધપાઠ લેવાનો છે.

ભગવાન બુદ્ધના લાંબા વખતે થયેલા એ અદભૂત દર્શનથી મને આનંદ થયો. વિતરાગ અને ઇશ્વરમય મહાપુરુષોનું દર્શન સદાયે આનંદરૂપ છે. તેમના દર્શનથી પ્રેરણા મળે છે અને ઉત્સાહ સાંપડે છે.

સવારે આંખ ઉઘડી ત્યારે બુદ્ધ ભગવાનનું એ મંગલ દર્શન મન પર એવું જ તાજું હતું, એમનું એ અનોખું સ્વરૂપ કાયમ માટે યાદ રહેશે.

**(૨) સ્વામી નિત્યાનંદનું દર્શન**

નવરાત્રિથી દિવાળી સુધીના દિવસો દરમ્યાન 'મા'ના દર્શનનો આનંદ પણ પ્રાપ્ત થયો. આમ તો 'મા'નું દર્શન મને વચ્ચે વચ્ચે થયા કરતું, 'મા'ની સાથે વાર્તાલાપ કરવાનો આનંદ પણ મળતો, પરંતુ 'મા'ના દર્શનની મારી ઇચ્છા જરા જુદી જાતની હતી. તેથી જ મારે સાધનાને આગળ વધારવાની આવશ્યકતા હતી.

શિયાળામાં ગુજરાતયાત્રાનો કાર્યક્રમ નક્કી હતો. 'મા'ની પ્રેરણા પ્રમાણે આ વખતે મુંબઈ જવાનું હતું. વચ્ચે ચારપાંચ દિવસ દહેરાદૂન પાસેના કોલાગઢ ગામમાં જવાનું થયું. આ વખતે ત્યાં કોણ જાણે કેમ પણ વધારે ના ફાવ્યું, એટલે ત્યાંના ભાઇઓનો અત્યંત આગ્રહ હોવા છતાં ત્યાંનો નિવાસ ટુંકાવવો પડ્યો. 'મા'ની મારા પર જે સતત કૃપાદૃષ્ટિ છે તેનો ખ્યાલ આપતા બે ટુંકા અનુભવોનો ઉલ્લેખ અહીં અસ્થાને નહિ ગણાય. વાત એમ બની કે દહેરાદૂનથી મુંબઈ જતાં મારો વિચાર વચ્ચે નાગદા ઉતરીને ઉજ્જૈન જવાનો હતો, માતાજીને પણ ઉજ્જૈન જોવાની ખાસ ઇચ્છા હતી. પરંતુ તે દિવસોમાં 'મા'એ ઉજ્જૈન ના જવાની પ્રેરણા કરીને કહ્યું કે ઉજ્જૈન જવાથી હાલ તકલીફમાં મુકાવું પડશે, તેથી ઉજ્જૈન જવાનો વિચાર બંધ રાખવો પડ્યો. એક બીજી વાત. દહેરાદૂનથી મુંબઈ ત્રીજા વર્ગમાં જવાનો વિચાર હતો. થતું હતું કે ત્રીજા વર્ગના નવા ડબ્બાનો લાભ લઇએ. તે માટે 'મા'ની આજ્ઞા માગી તો કહેવામાં આવ્યું કે ત્રીજા વર્ગમાં જવાની જરૂર નથી. ઉપવાસનું શરીર છે એટલે હેરાન થશો ને મુશ્કેલીમાં મુકાશો. તમારે ત્રીજા વર્ગમાં શા માટે જવું છે ? પૈસાની પૂરતી વ્યવસ્થા છે. માટે પહેલા વર્ગમાં જ મુસાફરી કરો.

વાત ઘણી નાની કહેવાય, છતાં 'મા'ની કૃપાનો ખ્યાલ આપવા માટે જ એનો ઉલ્લેખ કરી રહ્યો છું. મારા જીવનની ઝીણામાં ઝીણી વાત પર પણ 'મા'ની કેવી દૃષ્ટિ છે ને મારું જીવન નાની નાની વાતોમાં પણ 'મા'ની ઇચ્છા ને પ્રેરણા પ્રમાણે કેવી રીતે સંગીનતાથી આગળ વધી રહ્યું છે તેનો ખ્યાલ લાવવામાં એ પ્રસંગો ઘણી મદદ કરે તેવા મહત્વના છે. મારું જીવન આજે વરસોથી આમ 'મા'ની ઇચ્છા ને પ્રેરણા પ્રમાણે જ ચાલે છે. નાની નાની દેખાતી વાતોમાં પણ મારું જીવન 'મા'ની મરજી મુજબ જ આકાર ધારણ કરે છે, તો પછી મોટી બાબતોમાં તો કહેવું જ શું ? ટુંકમાં કહીએ તો મારું સંપૂર્ણ જીવન એક રીતે 'મા'ની અલૌકિક ઇચ્છાનો જ આકાર કે અનુવાદ છે. માટે જ તેનું પ્રત્યેક પાસું મંગલમય છે. મારા જીવનના આજ સુધીના ઇતિહાસનું સમજપૂર્વક અધ્યયન કરનારને એ વાતની સંપૂર્ણપણે પ્રતીતિ થશે.

દહેરાદૂનથી નીકળીને મુંબઈ આવ્યાં તો ખરાં, પરંતુ મુંબઈમાં રહેવાનું સ્થાન બહુ સારું ન હતું. પુષ્કળ પ્રયત્નો છતાં દર વખતની જેમ આ વખતે સેનેટોરિયમમાં જગા ના મળી. તેથી એકાદ માસ માધવબાગની ધર્મશાળામાં રહેવાની વ્યવસ્થા કરી. ધર્મશાળા બીજી રીતે સારી હતી પણ બાજુની હોટેલોના

ધુમાડાનો ત્યાં ત્રાસ હતો. આખરે 'મા'એ પહેલેથી જ કરેલી સુચના પ્રમાણે એક માસ પછી પ્રયાસ સફળ થયો અને અમને વાલકેશ્વર પરના ખીમજી જીવા સેનેટોરિયમમાં જગા મળી ગઇ. ત્યાંનું વાતાવરણ ઘણું જ અનુકૂળ હતું.

થોડા દિવસો વીત્યા પછી અમે વજ્રેશ્વરી જવાનો વિચાર કર્યો. વજ્રેશ્વરીનું સ્થાન ઘણું સુંદર ને પ્રસિદ્ધ છે. ત્યાંનું કુદરતી સૌંદર્ય ને માતાનું મંદિર હૃદયસ્પર્શી છે. કુંડને લીધે પણ તેની શોભા ઘણી વધી જાય છે. મંદિરનું સ્થાન જરા ઊંચાઇ પર હોવાથી આજુબાજુની પર્વતમાળાના દર્શનનો અનેરો અનુભવ મળી રહે છે.

વજ્રેશ્વરીની બાજુમાં ગણેશપુરી નામે સ્થાન છે. એ એકાંતમાં આવેલું છે. વસતી પણ બહુ જ થોડી છે. ત્યાં કુંડની બાજુમાં સ્વામી નિત્યાનંદ નામે મહાત્મા રહેતા. તેમના દર્શનનો લાભ અમને મળી શક્યો. અમે તેમના સ્થાનમાં પહોંચ્યા ત્યારે સવારે નવેક વાગ્યાનો વખત હતો. દર્શનની ઇચ્છાવાળા સ્ત્રીપુરુષો બહાર ઓસરીમાં બેસી રહેલાં. સ્વામીજી એમના ઓરડામાં સફેદ ચાદર ઓઢીને સુતેલા. લગભગ અડધા કલાકે તે બેઠા થયા. તેમની પાસે જઇને અમે એમના દર્શનનો લાભ લીધો. એમની આંખ તેજસ્વી હતી. શરીર કાળું અને જરા ભારે હતું. મુખ પર ખાસ આકર્ષણ ન હતું પણ આંખ આકર્ષક હતી. થોડીવારે તે બહાર ઓસરીમાં આવીને બેઠા ને પછી આડા પડ્યા.

તેમનું વર્તન ઉદાસીન જેવું હતું. તે કોઇ મસ્ત કે દિવાના માણસની જેમ વ્યવહાર કરતા. કોઇની સાથે વાત કરવાનું પસંદ કરતા નહિ. પણ લોકો તો તેમના દર્શનમાત્રથી ખુશ હતા. તેમના વ્યવહાર પરથી તેમના વિશે કોઇ અભિપ્રાય આપવાનું કામ બરાબર ના કહેવાય. એવા મહાત્માઓની સાધના અને આંતરિક સ્થિતિનો ખ્યાલ પૂરતા કે લાંબા પરિચય વિના આવવો અઘરો છે. એટલે તે કેવા પ્રકારના મહાત્મા છે ને કયી ભૂમિકાએ પહોંચેલા છે તેની ચર્ચા અસ્થાને છે. પરંતુ એમની અવસ્થા સારી હશે એમ તટસ્થ રીતે જોનારને જણાયા વિના રહેતું નહિ. કહે છે કે પ્રસિદ્ધિમાં આવ્યા પહેલાં તેમણે ગણેશપુરીમાં વરસો સુધી કઠોર તપશ્ચર્યા કરેલી.

આવા મહાત્મા કાંઇ બોલતા હોય કે વધારે કાંઇ નહિ તો શાંત રીતે બેસીને જે આવે તેમને નિયમ પ્રમાણે દર્શન આપતા હોય તો ? એવા વિચાર કેટલાયને ઉઠે છે. પણ તેનો કોઇ ખાસ ખુલાસો નથી મળતો. તેવી રીતે થાય તો ઘણું સારું - લોકોને લાભ પણ વધારે થઇ શકે એમ જરૂર લાગે છે. પરંતુ દરેક મહાત્માની પોતાની ખાસ દૃષ્ટિ ને ખાસિયત હોય છે. તે રીતે તેને સમજીએ તો અન્યાય કે ગેરસમજ થવાનો સંભવ ઓછો રહે છે.

મારે તેમને મારી સાધના વિશે પૂછવાની ઇચ્છા હતી. પણ તે ઇચ્છા પૂરી થઇ ના શકી. પરંતુ મુંબઈ પાછા આવ્યા પછી તેમનો એક અનુભવ મળ્યો. તે દરમ્યાન એક દિવસ સવારે તેમનું દર્શન થયું. તે તેમના ઓરડામાં સ્નાનાદિથી પરવારીને બેઠેલા. કપાળે ભસ્મ હતી. તે કંઇક સંસ્કૃત પાઠ કરતાં હતા. તેમની પાસે જઇને મેં પ્રણામ કર્યા.

તે પછી તેમની સાથે થોડી અંગત વાતો થઇ.

એ દિવસોમાં એમના એવા કોઇ અનુભવની ઇચ્છા મારા મનમાં રમ્યા કરતી હોવાથી એ અનુભવથી અસાધારણ આનંદ થયો. 'મા'ની કે સ્વામીજીની, ગમે તેની ઇચ્છા કે શક્તિથી એવો અનુભવ થયો હોય પરંતુ

તે લાભકારક થઇ પડ્યો એમાં શંકા નહિ. એ અનુભવથી મારી આશા વધારે પ્રબળ બની અને મને ઘણો આનંદ મળ્યો.

**(૩) જલારામ ભગવાનની કૃપા**

ભારત દેશ સંતરૂપી રત્નોની ખાણ જેવો છે. ઇશ્વરની કૃપા પામેલા અને ઇશ્વરતુલ્ય મહાપુરુષો કે સંતો આ દેશમાં જેટલા પ્રમાણમાં થયા છે તેટલા પ્રમાણમાં બીજે ક્યાંય નથી થયા. એવા મહાન, લોકોત્તર સંતપુરુષોમાં વીરપુરના જલારામ ભગવાનનું નામ અત્યંત અગત્યનું છે.

સંસારમાં એવા લોકકલ્યાણમાં માનનારા કેટલાક સંતો છે જે સુક્ષ્મ રૂપે રહીને પણ લોકોને દર્શન આપે છે અને મદદ કરે છે. ઇ.સ. ૧૯૫૬માં મેં વીરપુરની મુલાકાત લીધી અને જલારામ ભગવાન વિશે માહિતી મેળવી, ત્યારથી લાગ્યું કે જલારામ પણ એવા જ એક લોકોત્તર સંત છે. અને એમના માટેનો મારો પ્રેમભાવ વધી પડ્યો.

એ પ્રેમભાવ અથવા તો આકર્ષણના પડઘા રૂપે કહો કે બીજા ગમે તે કારણે કહો, પરંતુ તારીખ ૧૦-૮-૧૯૫૭ને શનિવારે રાત્રે ૧૧-૩૦ વાગ્યે મને એમનું દર્શન થયું. તે વખતે હું ઋષિકેશમાં હતો. તેમનું સ્વરૂપ એકદમ ગૌર, સૌમ્ય, અને અત્યંત તેજોમય હતું. દર્શન આપીને એમણે મારી સાથે કેટલીક અંગત વાતો પણ કરી, જે ગુપ્ત રાખવા યોગ્ય હોવાથી અહીં પ્રકટ કરી શકું તેમ નથી.

ભગવાન શ્રી જલારામની કૃપા મેળવવા માંગનારા પ્રેમી ભક્તો આજે પણ એમની કૃપા મેળવી શકે છે એ વાતની ખાતરી આપવા માટે આ પ્રસંગ લખી રહ્યો છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૨. નવરાત્રિના ઉપવાસ

**(૧) ઉપવાસ**

ઋષિકેશના નિવાસ દરમ્યાન દિવસો શાંતિપૂર્વક પસાર થતા ગયા અને છેવટે નવરાત્રી વ્રતનો વખત પણ આવી પહોંચ્યો. નવરાત્રીનું વ્રત જીવનભર કર્યા જ કરવું એવો સંકલ્પ મેં કદી સેવ્યો નથી. એવા સંકલ્પમાં મને ખાસ રસ પણ નથી. વ્રતને ખાતર વ્રત કરવાની વાત સાચું કહું તો મને ભાગ્યે જ પસંદ પડે છે. તેવી વાત કોઇ બીજાને પસંદ પડતી હોય તો તે સામે મારો વિરોધ નથી...તેમાં મને લેશ પણ હરકત નથી...પણ મારે માટે તે વાતનો સ્વીકાર મેં નથી કર્યો. મારી સમજણ પ્રમાણે વ્રત એક સાધન છે અને તેનો ઉપયોગ આત્મિક ઉન્નતિ માટે અથવા પરમાત્માની કૃપાની પ્રાપ્તિ માટે કરવાનો છે.

મારા જીવનમાં મેં વ્રતને એટલા માટે જ સ્થાન આપ્યું છે. 'મા'ની કૃપા અને ઉત્તરોત્તર વધારે કૃપા મેળવવાની કામનાથી પ્રેરાઇને જ મેં મારા સાધનામય જીવનમાં વ્રત કે ઉપવાસનો આશ્રય લીધો છે અને તેથી મને લાભ થયો છે. વળી 'મા'ની પ્રેરણાથી પ્રેરાઇને જ મેં વ્રત કે ઉપવાસનો આધાર લીધો છે, એ વાત પણ અત્યાર સુધીની મારી જીવનકથા વાંચનારને માટે દીવા જેવી ચોક્ખી છે. એટલે સહેજે સમજી શકાય તેમ છે કે 'મા'ની સંપૂર્ણ કૃપાનું ધ્યેય સિદ્ધ થતાં અથવા 'મા'ની પ્રેરણા મળતાં વ્રત કરવાની જરૂર જરા પણ નહિ રહે. એનો અર્થ એવો નથી કે ઇશ્વરની કૃપા મેળવવાના મનોરથવાળા દરેક સાધકને માટે વ્રત અથવા ઉપવાસની આવશ્યકતા છે. કોઇને તેની જરૂર હોય અને કોઇને ના પણ હોય. તેનો નિર્ણય પ્રત્યેક સાધકે પોતાની મેળે કરી લેવાનો છે. મારા જીવનમાં તેની જરૂર જણાવાથી જગદંબાએ મને તે માટે પ્રેરણા આપ્યા કરી છે અને તેને વફાદાર રહીને મેં અવારનવાર ઉપવાસ કર્યા છે. આ વખતે પણ તેવી પ્રેરણા મળવાથી મેં નવરાત્રીના ઉપવાસ કેવળ પાણી પર શરૂ કર્યાં.

આજ સુધીના જીવનમાં મેં અનેક ઉપવાસો કરી લીધા હતા. છેલ્લા આઠેક વરસની મારી સાધના વધારે ભાગે લાંબા ને કઠોર ઉપવાસ પર જ નિર્ભર હતી. ગયે વરસે તો ઉપવાસે હદ જ કરી દીધેલી. ત્રણ મહિનાથી વધારે વખત માટે મેં ઉપવાસની વેદના હિંમત, આશા ને ઉત્સાહ સાથે સહન કરેલી. છતાંય હજુ ધાર્યું કામ સિદ્ધ થયું ન હતું. પરંતુ તેથી હતોત્સાહ થઇને બેસી રહ્યે પાલવે તેમ ન હતું. ઇચ્છાનુસાર સાધનાની સિદ્ધિ ના મળે ત્યાં સુધી હિંમત હાર્યા વિના ને શ્રદ્ધા ખોયા વિના આગળ ને આગળ પુરુષાર્થ કરવાની આવશ્યકતા હતી. તેથી મેં 'મા'ની ઇચ્છા પ્રમાણે ઉપવાસ કરીને મારી સાધના ચાલુ જ રાખી. તે વખતના મનોભાવોનો ઉડતો ખ્યાલ નીચેની નોંધ પરથી આવી રહેશે.

**દિન-૧ :** પર્વતો કેટલા બધા સુંદર લાગે છે ? લીલાછમ વૃક્ષોનાં વસ્ત્રો પહેરીને ઉભેલા પર્વતો કેટલા બધા સુશોભિત દેખાય છે ? સંધ્યાના સુંદર રંગો તેમની પર ફરી વળે છે ને પછી ચંદ્રમાનાં રૂપેરી કિરણો તેમને મઢી લે છે ત્યારે અંતર આનંદમાં ઉછળવા માંડે છે. ગંગાની શોભાનો પણ પાર નથી. તેનું પાણી હવે તદ્દન નિર્મળ થઇ ગયું છે અને અમૃત જેવું મધુર લાગે છે. આ બધા કુદરતી સૌંદર્યનું દર્શન કરીને મને તમારી યાદ આવે છે ને થાય છે કે આ બધી સુંદરતા - કહો કે સમસ્ત સંસારની સુંદરતા તો તમારા સહસ્ત્રાંશ બરાબર પણ નથી. છતાં પણ આ બધું આટલું સુંદર, અલૌકિક, અમૃતમય છે, તો તમે પોતે કેટલાં બધાં

સુંદર અને અમૃતમયી હશો, એવા વિચારે દિલ તમારા તરફ વધારે ખેંચાય છે અને આંખ તમારું દર્શન કરવા આતુર બને છે. તમારા સુખમય સ્વર્ગીય સ્વરૂપની ઝાંખી કરવા માટે મન તલસે છે. તમારું એ સ્વરૂપ મને વહેલામાં વહેલું બતાવો એવી મારી પ્રાર્થના છે, વારંવારની પ્રાર્થના છે.

- આસો સુદી ૧ રવિ, તા: ૧૬-૧૦-૧૯૫૫.

**દિન ૫** : 'મા'નું હૃદય આટલું બધું કઠોર બની શકે છે અને પોતાના બાળક પર આટલો બધો કઠોર કેર વરસાવી શકે છે, તે વાતની કોઇને કલ્પના પણ આવી શકે તેમ નથી. સામાન્ય રીતે જગતમાં એ વસ્તુ જોવા નથી મળતી. પરંતુ જગતનાં જનનીનું મોટું બિરુદ ધારણ કરીને પણ તમે એ વાત મારા સંબંધમાં સાચી કરી બતાવી છે. આજે વરસોથી તમે મને સતત રીતે તપાવ્યા કરો છો. દરેક વરસે મારા પર વેદના અને વિપત્તિનો વરસાદ વરસાવો છો અને મને તલસાવો છો. પૂર્વજન્મમાં તમારી સંપૂર્ણ કૃપા મેળવી હોવા છતાં મારે આટલું બધું તપવું અને સહેવું પડે છે તે આશ્ચર્ય છે. આ પ્રમાણે ક્યાં સુધી ચાલી શકે ? ધીરજ અને હિંમત પણ ક્યાં સુધી રહે ? માટે બે હાથ જોડીને પ્રાર્થના કરું છું કે હવે તો તમારી કૃપા કરી દો. તમારી અમૃતમય આંખમાં આંખ મળતાં ને તમારા શરીરની સુમધુર સુવાસની પ્રાપ્તિ થતાં મારું જીવન ધન્ય બનશે.

- આસો સુદી ૪, ગુરુવાર તા: ૨૦-૧૦-૧૯૫૫.

**દિન ૧૨** : આજે તો વહેલી સવારથી જ આકાશમાં વાદળ છે. કાળાં ને ધોળાં વાદળ આકાશમાં ભેગાં થયા છે અને તેમની વચ્ચેથી કોઇ કોઇવાર સૂર્યનાં કિરણો છૂટીને પૃથ્વીના પ્રવાસે આવ્યા કરે છે. સૂર્યદેવતાનું દર્શન દુર્લભ થયું છે. પણ આવી અવસ્થા કાંઇ કાયમને માટે રહેવાની છે ? વહેલાં કે મોડાં બધાં જ વાદળ વિખરાઇ જશે અને સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પૂરેપૂરો પહોંચી જશે. મારા જીવનમાં વ્યાપેલાં વાદળ પણ કાયમી ક્યાં છે ? આજે કે કાલે દૂર થઇ જશે ને તમારી કૃપાનાં કરોડો કિરણો મને પાવન અને કૃતાર્થ કરતાં તન, મન, અંતરમાં ફરી વળશે. એ ધન્ય પળની પ્રતીક્ષા કરતાં આજે વરસોથી બેસી રહ્યો છું. એ પળ વહેલી આવે એવી મારી પ્રાર્થના છે.

તમારી ઇચ્છાથી કાલથી મેં દૂધ લેવાનું શરૂ કર્યું છે.

- આસો સુદી ૧૧, ગુરુવાર, તા: ૨૭-૧૦-૧૯૫૫.

**(૨) આશાનું એક વધુ કિરણ**

આશા શબ્દ કેટલો બધો સુંદર છે ? તે શબ્દની શક્તિ પણ કેટલી બધી અપાર છે ? મારું સાધનામય જીવન કેટલાય વરસથી આશાના કિરણોમાંથી પસાર થતું જાય છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. તેનું ક્રમવાર અધ્યયન કરનારને એ વાત સહેલાઇથી સમજાઇ જશે. 'મા'ની પૂર્ણ કૃપા માટે પ્રત્યેક વરસે મેં બનતી મહેનત કરવામાં બાકી રાખ્યું કે પાછું વળીને જોયું નથી અને પ્રત્યેક વરસે મને આશાના એક કે વધારે કિરણ મળતાં ગયાં છે. તેને આધારે મેં મારી મુસાફરી પૂરી કરી છે. પ્રવાસ હજી પૂરો નથી થયો. પણ પંથ ઠીક ઠીક પ્રમાણમાં કપાઇ ગયો છે. એવી રીતે એક દિવસ સાધનાનો પંથ પૂરેપૂરો કપાઇ જશે એવી શ્રદ્ધા છે. એ શ્રદ્ધાની મહાન શક્તિએ જ મને આજ સુધી ટકાવી રાખ્યો છે. કોઇ કારણે નિરાશ કે નાસીપાસ થવા દીધો નથી.

નવરાત્રીના ઉપવાસ પૂરા થયા તે દરમ્યાન આશાનું એક વધુ કિરણ મળી ગયું. મારી સાધનાના ઇતિહાસમાં જે દિવસે સારો ભાગ ભજવ્યો છે તે જેઠ સુદી પાંચમનો દિવસ આ વખતે પણ આવી મળ્યો. મને ખબર હતી કે એવા પાંચમના દિવસો ઘણી વાર મિથ્યા થયા છે તો પણ મારે આશા અને ઉત્સાહ રાખ્યા વિના છૂટકો જ ન હતો. દિવાળી સુધીમાં લગભગ સોળ વાર જુદી જુદી રીતે એમ જ કહેવામાં આવ્યું કે 'આવતા જેઠ સુદી પાંચમને દિવસે દેવપ્રયાગમાં 'મા'નું સાક્ષાત્ દર્શન થઇ જશે ને તમારી બધી ઇચ્છા પૂરી થઇ જશે.'

દેવપ્રયાગના શાંતાશ્રમનું મકાન શ્રી ચક્રધરજીએ તોડી પાડ્યું હતું. એટલે મકાનમાં રહેવાનું કેવી રીતે થશે તે પ્રશ્ન હતો. પરંતુ દિવાળી પહેલાં ચક્રધરજી મને મળવા આવ્યા. તેમણે મકાન તૈયાર કરવાની મરજી બતાવી. એટલે મારી શ્રદ્ધા વધારે પ્રબળ બની. 'મા' ધારે તો શું ના કરી શકે ? મકાન તૈયાર કરવાનું કામ તેને માટે કાંઇ મુશ્કેલ નથી.

આ વખતે નવરાત્રિથી દિવાળી સુધીમાં બે વાર સાંઇબાબાએ પોતાનું દર્શન આપ્યું ને વાર્તાલાપ પણ કર્યો એ વાત ખાસ ઉલ્લેખનીય છે. તે મહાપુરુષની કૃપા મારા પર કાયમ માટે થયા કરે છે એ કાંઇ ઓછા આનંદની વાત નથી.

જેઠ સુદ પાંચમના નવા અનુભવથી નવરાત્રિના ઉપવાસનો શ્રમ હું સહેજે ભૂલી ગયો. મને થયું કે મારી દીર્ઘ સમયની સાધનાને સફળ થવાનો સમય હવે પાસે આવી ગયો. અંતરમાં અનેરી આશા અને શ્રદ્ધા સાથે હું ભાવિની પ્રતીક્ષા કરવા લાગ્યો.

દરમિયાન દેવપ્રયાગથી મેં મગાવેલી માહિતી આવી ગઇ. 'મા'ની પ્રેરણા આ વખતે મારે દેવપ્રયાગ જવું એવી હતી, પરંતુ દેવપ્રયાગમાં રહેવાની વ્યવસ્થા ન હતી. 'મા'ની પ્રેરણા પ્રમાણે ચક્રધરજીએ કુટિયા બનાવી ન હતી. એટલે દેવપ્રયાગ જવાનો કાર્યક્રમ મુલતવી રાખ્યા વિના છુટકો ન હતો. 'મા'એ આપેલી દેવપ્રયાગ જવાની પ્રેરણા મને કામચલાઉ રાહત આપવા માટે જ હતી તેની ખાતરી થઇ.

**(૩) નવરાત્રિના બીજા ઉપવાસ**

વખતને વીતતાં વાર લાગે છે ? દિવસ પછી રાત ને રાત પછી દિવસ - કાળનું ચક્ર એમ નિરંતર ચાલ્યા જ કરે છે. કોઇને રોકાવું કે અટકવું હોય તો ભલે અટકે પણ કાળ તો કોઇને માટે રોકાતો કે અટકતો નથી જ. તે તો આગળ દોડ્યે જ જાય છે. નદીનો પ્રવાહ કદાચ આગળ વધતો અટકી પડે પણ તેનો પ્રવાહ તો અબાધિત રીતે વહ્યા જ કરવાનો. તેનો લાભ લઇને જેને જીવનમાં કાંઇ મહત્વનું મેળવવું હોય, શુભ કે અશુભ, ઉન્નતિકારક કે અવનતિકારક કરવું હોય તે કરી લે. સૌને તેની સ્વતંત્રતા છે. બાકી તે તો પોતાનું કામ કર્યે જ જવાનો. ઋષિકેશના એ વખતના દિવસો પણ દર વખતની જેમ કામકાજમાં ઝડપથી પસાર થઇ ગયા ને છેવટે નવરાત્રિના પેલા મહત્વના દિવસો પણ આવી પહોંચ્યા.

સાચું છે, કે નવરાત્રિના દિવસોનું મહત્વ મારા જીવનમાં ઘણું છે. આમ તો પ્રત્યેક દિવસ, પ્રહર ને પળ મારે માટે મહત્વનો ભાગ ભજવી જાય છે, પરંતુ નવરાત્રિનો વખત સાધનાની દૃષ્ટિએ અત્યંત મહત્વનો રહ્યો છે. મારા જીવનની કથાનું ક્રમિક અવલોકન કરનારને એ વાત સહેજે સમજાઇ જશે. 'મા'ની કૃપા માટે તે વખત દરમિયાન હું ભારે ચિંતા, વેદના ને તાલાવેલી સાથે તપું છું તે વાત જાણીતી છે.

નવરાત્રિના દૈવી દિવસો આવી પહોંચ્યા. પર્વતો લીલાંછમ બનીને શોભી રહ્યા હતા. તેમ મારા અંતરમાં પણ આશા ને ઉત્સાહની અનેરી સૃષ્ટિ શોભી રહી. ગંગાની જેમ મારા હૃદયમાં પ્રેમની નદી ઉછાળા મારી રહેલી. ગયે વરસે નવરાત્રિ દરમ્યાન મળેલો જેઠ સુદી પાંચમનો દિવસ મિથ્યા થયો તેથી જરા દુઃખ થયું હતું. છતાં શ્રદ્ધા એવી જ અડગ હતી. તેની મદદથી 'મા'ની પ્રેરણાના આધાર પર 'મા'ની પૂર્ણ કૃપા માટે એક વાર ફરી પાણી પર રહીને તપવાની ને તલસવાની મેં શરૂઆત કરી. આ માર્ગમાં નિરાશ ને હતાશ થયે કાંઇ જ વળતું નથી. ઉષાની જેમ નિત્ય નૂતન બનીને રોજ રોજ નવી આશા, નવી શ્રદ્ધા, ધીરજ ને ઉત્સાહથી સજ્જ થતા જ રહેવું જોઇએ. તો જ ધારેલી વસ્તુ મળી શકે કે કાર્યસિદ્ધિ થઇ શકે છે.

નવરાત્રિના ઉપવાસ 'મા'ની કૃપાથી સારી રીતે પૂરા થઇ ગયા. વાતાવરણ એવું હતું કે ઉપવાસ કરવાનું મન થાય જ નહિ. નવરાત્રિના દિવસો દરમ્યાન ઠંડી સખત હતી. સાતેક દિવસ સતત વરસાદ વરસ્યા કર્યો. સૂર્યનારાયણનાં દર્શન દુર્લભ થઇ ગયાં. પવન અને વરસાદે જાણે કે તાંડવ શરૂ કર્યું. બીજી બાજુ ગંગા પણ હિલોળે ચઢી. છેલ્લાં કેટલાંય વરસોથી - ઋષિકેશના લોકોના કહેવા પ્રમાણે છેક ૧૯૨૦ની સાલથી ના આવ્યું હોય એવું પ્રચંડ પૂર ગંગામાં આવી ગયું. ગંગાના તટપ્રદેશ પર આવેલી સાધુમહાત્માઓની કુટિયાઓને ભારે નુકસાન થયું. એ બધા પ્રતિકૂળ વાતાવરણની વચ્ચે પણ, મારા પાણી પરના ઉપવાસ અડગ રીતે ચાલ્યા કરતા હતા. મારા જીવનના ક્રમિક ઇતિહાસનું અધ્યયન કરનારને એ વાત નવી અને આશ્ચર્યકારક નહિ લાગે. સાધનાનો જે ઉત્સાહ મારા દિલમાં ભરેલો છે તે કોઈ પણ કારણે ઓસરતો નથી ગમે તેવી પરિસ્થિતિમાં પણ તે અખંડ રીતે ચાલુ જ રહે છે. તેનાથી પ્રેરાઈને મેં મારા જીવનમાં સાધનાની ઈચ્છાનુસાર સિદ્ધિ માટે ઉપરા-ઉપરી પ્રયાસ કર્યા જ કર્યા છે. દેશ કે કાળનો અને પ્રતિકૂળતા કે અનુકૂળતાનો વિચાર કર્યા વિના સાધનાના શરૂ કરેલા યજ્ઞને ચાલુ જ રાખ્યો છે અને તેમાં ઉપરા-ઉપરી આહૂતિ આપ્યા જ કરી છે. શરીર તરફ નજર રાખ્યા વિના જગદંબાની ઇચ્છાને વફાદાર રહીને મેં મારું કામ ચાલુ જ રાખ્યું છે. શરીર તરફ જોઇને જે બેસી રહે તે વ્રત, તપ અને જરૂરી ઉપવાસ કેવી રીતે કરી શકે ? શરીર મારે મન નગણ્ય કે હેય નથી, પરંતુ જરૂર પડતાં તેને કસોટીએ ચઢાવવા, ગાળવા કે તપાવવા પણ તૈયાર થવું જોઇએ એવું મારું માનવું છે. એ માન્યતાને લીધે જ 'મા'ની આજ્ઞા થાય છે ત્યારે તેમાં મંગલ માનીને હું ઉપવાસ કરું છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૩. રાજકોટ, વીરપુર, બીલખા

**(૧) ગાંડા દરજીની વાત**

ઋષિકેશથી મહેસાણા આવ્યાં.

મહેસાણાનો નિવાસ એકંદરે ખૂબ આનંદપ્રદ રહ્યો. નારાયણભાઇ ને સરસ્વતીબેનનો પ્રેમ ને વિશ્વાસ ખૂબ ગાઢ હોવાથી ત્યાં ઘર જેવું જ વાતાવરણ લાગતું હતું. એક મહિના અને એકવીસ દિવસના સુંદર નિવાસ પછી અમે રાજકોટ ગયા. મારી સાથે તારાબેન ને તેનો નાનો બાબો નરેન્દ્ર બંને હતાં.

રાજકોટમાં કેટલાય વખતે મારે ચંપકભાઇને ત્યાં જવાનું થયું. તેમણે ભક્તિનગરમાં એક મકાન બંધાવ્યું હતું. તે મકાનમાં હું ઉતરું તે પછી જ તેમણે તેમાં રહેવાનું શરૂ કરવું, એવો તેમનો વિચાર હતો. તેમના પ્રેમને લીધે હું ત્યાં ચોવીસેક દિવસ રહ્યો. હવે તે તદ્દન રોગમુક્ત થઇ ગયા હતા. તેમણે ખૂબ જ પ્રેમથી સેવા કરી. મને પણ તેમના સ્નેહાળ સહવાસમાં આનંદ રહ્યો.

રાજકોટમાં કેટલાય માણસો સત્સંગ માટે આવતા. એક નિવૃત સરકારી નોકર પણ એકવાર તેમની પત્ની સાથે આવી પહોંચ્યા. તે બેને મને પૂછ્યું કે પૂર્વજન્મ સાચો કે ખોટો ? મેં તેમને ઉત્તર આપ્યો કે પૂર્વજન્મની વાત સાચી છે. તેમણે કહ્યું, આ વાત કરવાનું કારણ એટલું જ છે કે મારે એક બારેક વરસનો છોકરો છે. તેની પાંચ વરસની ઉંમર થઇ ત્યારથી જ તે તેના પૂર્વજન્મની વાત કર્યા કરે છે. તે સૌથી પહેલાં કહેવા માંડ્યો કે તે પૂર્વજન્મમાં ગાંડો દરજી હતો ને વઢવાણમાં અમારી પાસે રહેતો. તે મને ધર્મની બેન માનતો. તેને સાધુસંતોનો સમાગમ બહુ ગમતો ને તે સૌની સેવા કરતો. સાધુઓને તે લાડુ ને ગાંઠિયા આપતો, તે ખૂબ જ સાદાઇથી રહેતો ને સૂકો ખોરાક ખાતો. તેને શાક પર પ્રીતિ હતી એટલે કોઇ કોઇ વાર હું તેને શાક આપવા જતી. પછી તો તેનું મરણ થયું અને અમારી નોકરી બદલાવાથી અમે અહીં રાજકોટમાં રહેવા આવ્યા. તે પછી તેનો જન્મ મારે ત્યાં થયો એમ તે કહે છે. નાનપણથી જ તેને એવી ટેવ છે કે બીજાં છોકરાની થાળીમાં પીરસેલું શાક લઇ લઇને પહેલાં ખાઇ જાય ... તેની થોડી મોટી ઉંમર થઇ એટલે તે પોતાના પહેલાંના ઘેર વઢવાણ જવાની વાત કરવા માંડ્યો. અમે તેની સાથે ગયા. ત્યાં જઇને તેણે પોતાની પહેલાંની સ્ત્રીને કહ્યું કે મરતાં પહેલાં બીજું બધું જ પતાવી દીધું છે પણ ઘરમાં અમુક સ્થળે દાટેલું ધન છે તે બતાવવાનું બાકી છે. પછી તેણે ઓરડામાં એક સ્થળ બતાવ્યું. તેને ખોદ્યું તો ત્યાંથી ખરેખર ધન નીકળ્યું. પછી અમે બધાં પાછા આવ્યાં. હવે તે છોકરાની ઉંમર મોટી થવાથી તેને શરમ આવતી હોય કે પછી ગમે તે કારણ હોય, પણ પોતાના પૂર્વજન્મની વાતો નથી કહેતો.

તે બેનની વાત મારે માટે નવી ન હતી, પરંતુ બીજા સાંભળનારને માટે તો નવી જ હતી. આવા સમયમાં પણ જન્માંતર જ્ઞાનવાળા આવાં બાળકો પેદા થાય છે તે જાણીને તેમને નવાઇ લાગી. જે પૂર્વજન્મમાં માનતા નથી તેમને માનવાને પ્રેરે તેવા આવા કેટલાય પ્રસંગો આ સંસારમાં બન્યા કરે છે. ગાંડા દરજીનો આ પ્રસંગ તેમાંનો જ એક પ્રબળ પ્રસંગ છે.

**(૨) માસ્ટર મહાશયની શક્તિ**

રાજકોટમાં બીજા એક બેન આવતાં. તે અપરિણીત હતાં. તેમણે તેમના જીવનનો એક પ્રસંગ કહ્યો. શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના પ્રખ્યાત ચરિત્રકાર માસ્ટર મહાશયને મળવા તે પોતાની નાની ઉંમરે તેમની માતા સાથે કલકત્તા ગયાં હતાં. તે વખતે માસ્ટર મહાશય માંદા હતા. તે તેમના મકાનમાં છેક અંદરના ઓરડામાં આરામ કરતાં હતા. તેમની ઓસરીમાં તે બેને પગ મૂક્યો કે તરત માસ્ટર મહાશય 'આઇયે બ્રહ્મચારિણી' એમ બોલ્યા. આશ્ચર્યવશ થઇને તે બેન તેમના માતા સાથે અંદર ગયા તો માસ્ટર મહાશયે તેમને કહ્યું, 'ક્યોં માતા, મૈંને કુછ જૂઠ તો નહિ કહા ?' માતાએ કહ્યું કે ના, સાચું જ કહ્યું છે. તે પછી તેમણે કેટલીક વાતો કરી ને છૂટા પડતી વખતે કહ્યું કે પ્રત્યેક શ્વાસમાંથી જ્યારે પ્રભુનું નામ નીકળશે ત્યારે તમારું બ્રહ્મચર્ય સફળ થશે.

માસ્ટર મહાશયની મહાન સાધનાશક્તિનો આ એક નમૂનો છે. પરમહંસદેવની કૃપાથી તે ખરેખર ખૂબ જ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા હતા. પરમહંસદેવના અંતરંગ મંડળમાં ગણાતા પુરુષોમાંથી કેટલાકની આત્મિક ઉન્નતિ ખરેખર અસાધારણ હતી, તેની માહિતી આ નાની સરખી વાત પરથી મળી રહે છે.

**(૩) વીરપુર, જૂનાગઢ, આનંદાશ્રમ**

રાજકોટના બધા જ દિવસો ચંપકભાઇના સ્નેહાળ સહવાસમાં આનંદપૂર્વક પસાર થઇ ગયા. છેવટે અમે સાબરમતી જવા પ્રસ્થાન કર્યું. રાજકોટમાં એક ભાઇની ઇચ્છા મને આનંદાશ્રમ બતાવવાની હતી. તેથી અમે તેમની મોટરમાં રાજકોટની વિદાય લીધી. મારી સાથે તારાબેન, ચંપકભાઇ તથા તેમના મિત્ર વલ્લભભાઇ હતા. વલ્લભભાઇ ભારે વિવેકી ને પ્રેમી હતા. તેમના નાના ભાઇ અમેરિકામાં અભ્યાસ કરીને દેશમાં પાછા આવીને તેમની સાથે રહેતા ને વધારે ભાગે આત્મોન્નતિની સાધના જ કરતા. તેમને તે બધી રીતે મદદ કરતા. તે બંને ભાઇઓને મળીને મને ખૂબ ખૂબ આનંદ થયો.

રાજકોટથી મોટરમાર્ગે સૌથી પહેલાં અમે ગોંડલ થઇને વીરપુર આવ્યાં. વીરપુર નાનું ગામ છે. પરંતુ ત્યાં સૌરાષ્ટ્રના હમણાં હમણાં થઇ ગયેલા મહાન સંત જલારામની જગ્યા છે. ત્યાં સદાવ્રતની વ્યવસ્થા છે. સ્થાનમાં શ્રી હનુમાનજીની મૂર્તિ ને જલારામ ભગતની સમાધિ છે. જલારામ સૌરાષ્ટ્રના જ નહિ, ભારતભરના છેલ્લાં પચાસ વરસમાં થઇ ગયેલા મહાપ્રતાપી પુરુષ હતા. ભૂખ્યાને ભોજન, સાધુસંતોની સેવા ને રામનું નામ એ તેમના જીવનના મુખ્ય મંત્રો હતા. તેના પ્રભાવથી તે ભારે સિદ્ધ બની ગયા, પ્રભુરૂપ થઇ ગયા, ને કેટલાયનું કલ્યાણ કરી ગયા. તેમને માટે 'જલા સો અલા' કહેવત કહેવાય છે તે યથાર્થ જ છે. એવા મહાન પુરુષની લીલાભૂમિનું દર્શન કરીને મને આનંદ થયો.

ત્યારપછી આવ્યું જૂનાગઢ. જૂનાગઢ તો પહેલાં જોયું હતું, એટલે ત્યાંથી અમે પસાર જ થઇ ગયાં ને સીધાં આનંદાશ્રમ આવી પહોંચ્યા. આનંદાશ્રમનું સ્થાન બીલખાની બહાર ગિરનારની તળેટીમાં એકાંતમાં આવેલું છે. તે સ્થાન મહાત્મા શ્રી નથુરામ શર્માએ તૈયાર કરેલું. નથુરામ શર્મા સૌરાષ્ટ્રના એક મહાન જ્ઞાની, યોગી ને વિચારક મહાત્મા થઇ ગયા છે. તેમને પણ લાખો લોકો માને છે. આશ્રમમાં તેમનું મંદિર, તેમનો ખંડ, ધ્યાનનો ઓરડો, પુસ્તકાલય ને બીજા અનેક ઓરડા છે. આખુંય સ્થાન ખૂબ જ શાંત, ભવ્ય અને એકાંત લાગે છે. ત્યાં રહેતા સંચાલકો પણ ભારે સેવાભાવી ને નમ્ર છે. અમે ત્યાં બપોરે એકાદ વાગ્યે પહોંચ્યા. સામાન્ય રીતે તે વખત આરામનો ગણાય છે. છતાં પણ ત્યાંના વ્યવસ્થાપક ભાઇએ અમને ખબર પણ ના

પડે એવી રીતે ને એટલા ટૂંકા વખતમાં અમારા ભોજનની વ્યવસ્થા કરી દીધી. તે જોઇને ત્યાંની સેવા ને સત્કારની ભાવનાની મારા પર ઊંડી છાપ પડી.

જમી પરવારીને થોડીક વાતચીત કરીને અમે બપોરે લગભગ ત્રણેક વાગ્યે ત્યાંથી વિદાય થયા ત્યારે થોડાક દિવસ પહેલાં મેં જોયેલું વાંકાનેર પાસેનું જડેશ્વર નામનું સ્થાન મને યાદ આવ્યું. તે સ્થાન વાતાવરણની દૃષ્ટિએ જરા જુદું પણ આવું જ એકાંત અને સુંદર હતું. સૌરાષ્ટ્રમાં આવાં કેટલાંય સુંદર અને એકાંત સ્થળો છે. તે ખરેખર આનંદની વાત છે.

લગભગ બપોરે સાડા ત્રણ વાગ્યે અમે જૂનાગઢ સ્ટેશને પહોંચ્યા ત્યારે સોમનાથ મેલ પ્લેટફોર્મ પર ઊભો જ હતો. ટિકીટ લઇને અમે ટ્રેનમાં બેઠા. પછી વલ્લભભાઇ કંડકટરને બોલાવી લાવ્યા. તેણે અમારા ડબા પર રિઝર્વેશનનું લેબલ માર્યું કે તરત ગાડી ઉપડી. જાણે અમારે માટે જ રાહ જોતી ના ઊભી રહી હોય ! ચંપકભાઇ ને વલ્લભભાઇ જેતપુર ઉતરી ગયા. તે રાજકોટ જવા વિદાય થયા અને અમે આગળ વધ્યાં. અમે સાબરમતી જઇ રહ્યાં હતાં. ચંપકભાઇ ને વલ્લભભાઇ બંને પ્રેમને લીધે ગદગદ થઇ ગયાં. બંનેની આંખમાં આંસુ હતાં. પ્રેમની વાત એવી જ અનેરી છે. હાસ્ય ને રુદન તેમાં સાથે જ રહે છે. બંનેને સમજી શકે ને બંનેમાં આનંદ લઇ શકે તે જ સાચું જીવી શકે.

**(૪) સાંઇબાબાના અનુભવ પ્રસંગ**

**૧. ગીત લખવાનું કહે છે**

સમર્થ સિદ્ધ મહાપુરુષ શ્રી સાંઇબાબાનો ફરીવાર ઉલ્લેખ કરતાં મને આનંદ થાય છે. હૃદય અનેરા ભાવે ભરાઇ જાય છે. વરસો પહેલાં તેમણે મારા જીવનમાં કેવી રીતે અચાનક પ્રવેશ કર્યો ને મને વારંવાર દર્શન આપવાનું કેવી રીતે શરૂ કર્યું તે બધી વાત હું આગળ પર વર્ણવી ગયો છું. મારા પર એમની અસીમ કૃપા છે. છેલ્લાં કેટલાંય વખતથી પરિસ્થિતિ એવી છે કે બે-ત્રણ દિવસ લાગટ તેમના દર્શન કે માર્ગદર્શન માટે ઝંખું કે પ્રાર્થું એટલે તે તરત દર્શન આપે છે ને જરૂરી કામ કરી દે છે. એક યા બીજી રીતે એમના અનુભવો થતાં જ રહે છે. મારી સાધનાનો પ્રવાહ તો સતત રીતે ચાલ્યા જ કરે છે. પરંતુ તેની વચગાળાની દશામાં આવા મહાપુરુષનો આ રીતે સંબંધ થયો ને તેમની કૃપાનો મને લાભ મળ્યો તે મારું સદભાગ્ય છે.

મહેસાણાના નિવાસ દરમ્યાન સાંઇબાબાના દર્શન માટે વારંવાર પ્રાર્થના કરતો ત્યારે તેમના દર્શન કે અનુભવનો લાભ મળી રહેતો. ડીસેમ્બર મહિનામાં એક ગુરુવારે સવારે લગભગ ચારેક વાગે હું મારા ખાટલા પર બેઠો હતો. તે વખતે મારી આંખ ઉઘાડી હતી. તે દિવસે ગુરુવાર હોવાથી સ્વાભાવિક રીતે જ હું શ્રી સાંઇબાબાનું સ્મરણ કરતો હતો. ત્યાં અચાનક મારી દૃષ્ટિ મારા પૂજાના ફોટા પર ને મારી બેસવાની ગાદી પર પડી. ગાદીની પાસે જ પલાંઠી વાળીને સાંઇબાબા બેઠા હતા. તેમને જોતાંવેંત મને આનંદ થયો. પરંતુ તે નીચે બેઠાં હોવાથી મને જરા સંકોચની લાગણી થઇ આવી. મેં તેમને પ્રણામ કરીને કહેવા માંડ્યું : પ્રભુ, તમે તો નીચે બેઠા છો. હું ઉપર બેઠો છું તે સારું ના કહેવાય.

તેમણે કહ્યું : 'ના. કશી જ હરકત નથી. તમે જ્યાં હો ત્યાં જ બરાબર છો. પ્રેમ હો ત્યાં ઊંચાનીચાની કાંઇ ગણતરી હોતી નથી. પરંતુ મારે તમને એક બીજી જ વાત કહેવાની છે.'

'શું ? શી વાત કહેવાની છે ?' મેં તેમને પ્રેમથી પૂછ્યું.

તેમણે કહ્યું : 'આજે ગુરુવાર છે માટે મારે માટે એક ગીત લખજો.'

મેં કહ્યું : 'તે તો લખીશ. પણ તેના બદલામાં તમારે એક કામ કરવું પડશે. ફી આપવી પડશે.'

'શું ?' તેમણે પ્રશ્ન કર્યો.

'મને એકવાર ફરી દર્શન આપવું પડશે.'

'તે તો આપીશ જ.' કહીને તે અદૃશ્ય થઇ ગયા. આવા મહાપુરુષોને ઊભા થઇને ચાલવાનું તો હોતું જ નથી. તે પોતાની શક્તિથી જ્યારે ધારે ત્યારે ને જ્યાં ધારે ત્યાં અદૃશ્ય થઇ શકે છે.

સાંઇબાબાએ કૃપા કરીને આપેલા એ અનુભવથી મને આનંદ થયો. તેમની સુચના પ્રમાણે મેં એક ગીત પણ તે દિવસે લખ્યું.

**૨. મહાત્માજી કહીને બોલાવે છે.**

સાંઇબાબાની શક્તિ સાચેસાચ મહાન છે. છેલ્લાં કેટલાંય વરસોમાં ભારતમાં આવા શક્તિશાળી સમર્થ સંત બીજા થયા નથી. તેમની એક વિશેષતા એ છે કે પૂર્ણ શક્તિથી સંપન્ન હોવાની સાથે સાથે તે બીજાને મદદ કરવા રાત-દિવસ તૈયાર રહે છે. કોઇપણ સ્ત્રીપુરુષ આ વાતની યથાર્થતાનો અનુભવ કરી શકે છે.

તારીખ ૨૬ ડીસેમ્બર ૧૯૫૬ને બુધવારે માગશર વદ દસમ હતી. તે દિવસે વહેલી સવારે હું શૌચાદિથી પરવારીને ખાટલા પર સૂતો હતો. તે વખતે શ્રી સાંઇબાબાએ અચાનક 'મહાત્માજી .... મહાત્માજી' કહીને બૂમ પાડી. શબ્દો તેમના ફોટા પરથી બહુ જ સ્પષ્ટ રીતે સંભળાતા હતા. બીજી વાર 'મહાત્માજી' કહ્યું ત્યારે હું જાગીને બેઠો થઇ ગયો.

એ અનુભવ પણ ખરેખર આનંદપ્રદ હતો. આજે પણ તેને યાદ કરીને મને અવનવો આનંદ થઇ રહે છે.

**૩. દાન કરવાનું કહે છે.**

સાંઇબાબાના આવા તો અવારનવાર કેટલાંય અનુભવ મને થયાં કરે છે. તે બધાંનો ઉલ્લેખ અહીં શક્ય નથી. જરૂર પણ નથી. બધું જ લખવા જાઉં તો વિસ્તાર વધી જાય. તેથી એક બીજા પ્રસંગનો ઉપસંહાર રૂપે ઉલ્લેખ કરી રહ્યો છું.

ઇ. સ. ૧૯૫૭ના જૂન-જુલાઇમાં સાબરમતી રહેવાનું થયું ત્યારે રક્ષાબેનનો વિશેષ પરિચય થયો. તેની ઉંમર ફક્ત સોળ વરસની હોવા છતાં તેમની ઊંડી સમજ, શ્રદ્ધા ને સેવાભાવના કોઇ મોટા માણસને પણ શરમાવે તેવી હતી. તે દિવસોમાં તેને તાવ શરૂ થયો. તેની તંદુરસ્તી માટે મેં સાંઇબાબાને પ્રાર્થના કરી. કેમ કે તેની તબિયત જરા વધારે નરમ હતી. તે વખતે લગભગ અષાઢ સુદ એકમ-બીજે સાંઇબાબાએ મને સુચના કરી કે 'સાત રૂપિયા દાન કરો તો રક્ષાબેનને તાવ મટી જાય.'

મને થયું કે દાન ક્યાં ને કોને કરવું ? સાત રૂપિયા શ્રી સાંઇબાબાની સેવામાં શિરડી જ મોકલવાનો મેં નિર્ણય કર્યો ને બીજે જ દિવસે રક્ષાબેનને આરામ થયો. મારા નિર્ણય મુજબ મેં શિરડી પૈસા મોકલી દીધા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૪. ગાંધીજીનો પૂર્વજન્મ

મને સો ટકા ખાતરી છે કે આ પ્રકરણનું મથાળું વાંચીને કે સાંભળીને ઘણાંને - લગભગ બધાંને નવાઇ લાગશે. ગાંધીજીના નામ ને કામ સાથે જે લોકો એક યા બીજી રીતે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલા છે, તે બધાંને માટે આ મથાળું નવું ને કાંઇક અંશે ચોંકાવનારૂં થઇ પડશે. કેટલાકને તેમાં નવીનતા લાગશે, કોઇને કૂતુહલનો અનુભવ થશે, તો કોઇ અપાર આશ્ચર્ય અનુભવશે. કેટલાકની પૂર્વગ્રહયુક્ત બુદ્ધિ આવી કપોળકલ્પિત ને ગપગોળામાં ખપાવવા જેવી વાત ક્યાંથી આવી કેવો વિચાર કરીને વિરોધી ભાવ પણ અનુભવશે. માણસના મનમાં ન જાણે આ મથાળાના કેટકેટલા પ્રત્યાઘાત પડશે. મેં તો તેનો થોડોક ચિતાર જ રજૂ કર્યો છે. કોઇ ના કલ્પેલી, ના માનેલી, કે ના જાણેલી વાત માણસની આગળ રજૂ થાય ત્યારે તેના સ્વાભાવિક પ્રત્યાઘાતો એવા જ પડતા હોય છે, તે સમજી શકાય તેમ છે. છતાં પણ જે સત્યપ્રેમી, સંશોધનશીલ, જિજ્ઞાસુ ને સારગ્રાહી સ્વભાવના છે તેમને આ મથાળામાં ઘણું નવું જાણવા જેવું દેખાશે, તેમની માનસિક પ્રસન્નતામાં વધારો થશે અને આજ સુધી આત્મકથાના વાંચનના અનુસંધાનમાં આવો રસિક ને નૂતન વિષય મળવા બદલ તે આનંદ અનુભવશે. સાધનાની, બોધની દૃષ્ટિએ આ વિષયનું મહત્વ તે સમજી જશે. આ પ્રમાણે અનેક પ્રકારના પ્રત્યાઘાતોનો ખ્યાલ હોવા છતાં મને જે અનુભવવા ને જાણવા મળ્યું છે તેની રજૂઆત હું પ્રામાણિકતા ને નમ્રતાથી કરી રહ્યો છું. મને જે અનુભવવા મળ્યું છે તેનો ઉલ્લેખ કરવામાં મને કાંઇ ખોટું નથી લાગતું. એ ઉલ્લેખ કે સ્પષ્ટીકરણ ભારે રસપૂર્વક વંચાશે તેની મને ખાતરી છે.

કેટલાક માણસો હૃદય કે મનને બિલકુલ બંધ કરી રાખે છે. એટલે તે નવા વિચાર ને નવી હવા માટે કોઇ અવકાશ કે તક રાખતા નથી. પોતે પસંદ કરેલા ને સેવેલા જૂના વિચારોનું જતન કરીને જળોની જેમ જાળવવામાં જ તેમને આનંદ આવે છે. તે વિચારોને તપાસવાની કે મૂલવવાની ટેવ તેમને પસંદ નથી હોતી. તેવા પ્રયાસનો તેમને ભારે અણગમો પણ હોય છે. પરિણામે કેટલાક મિથ્યા વિચારોને તે વળગી રહે છે ને સારા વિચારોથી વંચિત રહે છે. જેને સત્યની પ્રાપ્તિમાં ને જીવનના વિકાસમાં રસ છે, તેણે એવી વૃત્તિથી દૂર ને ચેતતા રહેવાની આવશ્યકતા છે. સત્યને ગ્રહણ કરવા ને સમજવા દિલને ખુલ્લું રાખવાની અનિવાર્ય આવશ્યકતા છે. બધા પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત બનવાની ને નવા વિચારના પ્રવેશ માટે હૃદયનાં બારી બારણાંને સદા ખુલ્લાં રાખવાની જરૂર છે. મોહ નવા ને જૂના - કશાનો ના હોવો જોઇએ પણ વિવેક બંનેના સંબંધમાં લાગુ પાડવો જોઇએ. તો જ જે સાચું હોય તે સમજાય, વિચારાય ને અપનાવાય. માણસે - ખાસ કરીને જિજ્ઞાસુએ આટલું જાણી લેવાની જરૂર છે.

ગાંધીજી વિશે આજ સુધી ઘણું ઘણું લખાયું છે. તેમના જીવન ને કાર્યની પ્રશસ્તિ તથા વિવેચનમાં પુસ્તકોનાં કેટલાંય પૃષ્ઠો ભરાયાં છે. તેમને કોઇએ બુદ્ધ તો કોઇએ ઇશુની સાથે પણ સરખાવ્યા છે. તે એક મહાન સંત, દેશપ્રેમી, માનવપ્રેમી ને કર્મયોગી હતા, તેમાં શંકા નથી. એવા મહાપુરુષનો પૂર્વજન્મ પ્રભુપરાયણ ને મહાન હોય એટલું તો સહેજે સમજી શકાય તેમ છે. મને તેમના પૂર્વજન્મનું જે જ્ઞાન થયું છે તે આપોઆપ જ મળ્યું છે. મતલબ કે તેને પ્રાપ્ત કરવા માટે મેં કોઇ જાતની ઇચ્છા નથી કરી. તેને

મેળવવાનો સંકલ્પ કરીને હું કોઇ વિશેષ પ્રકારના ધ્યાનમાં નથી બેઠો કે કોઇ ખાસ સાધનાના ક્રમનો આધાર પણ નથી લીધો. એ જ્ઞાનનો અનુભવ મને સહજ રીતે પ્રભુની કૃપાથી જ થયો છે. ને પરિણામે જે વસ્તુની કલ્પના પણ ન હતી તે વસ્તુ મને જાણવા મળી છે. એ અનુભવને ટુંકમાં કહી બતાવું.

તારીખ ૨૬ ઓગષ્ટ ૧૯૫૭ ને સોમવારે રાતે એક વાગે મને એ અનુભવની પ્રાપ્તિ થઇ. તે વખતે હું ઋષિકેશમાં હતો. રાતે ધ્યાનમાં બેઠેલો ત્યારે મારા ચિત્તનો લય થઇ ગયો ને તે દશામાં મને એક આકસ્મિક અનેરું દર્શન થયું. એક નાની સરખી છતાં સુંદર નદી હતી. તેને કિનારે નાની સરખી મઢૂલી. તેમાં એક સુંદર આસન પર ગાંધીજી બેઠેલા. તેમને જોઇને મને અત્યંત આનંદ થયો. તેમના મુખ પર ઉંડી શાંતિ છવાયેલી. તે વખતે બહારથી કોઇએ મીઠા સ્વરે ગાવા માંડ્યું ...

નરસૈંયો આ જન્મ લઇને મોહનદાસ થયો;
નરસૈંયો આ વેશ લઇને મોહનદાસ થયો.

લાંબા વખત સુધી એ પંક્તિ મેં સાંભળ્યા કરી. એના અનુસંધાનમાં કોઇએ મને કહ્યું કે મહાત્મા ગાંધી પૂર્વજન્મમાં નરસિંહ મહેતા હતા. ભક્ત નરસિંહ મહેતા પોતે જ ગાંધીજીનું રૂપ અને નામ ધારણ કરીને લોકહિત માટે પ્રકટ થયેલા. મારા મનમાં તે વાત તરત જ ઉતરી ગઇ. દેહાતીત દશામાંથી જાગૃતિમાં આવતાં એ અનુભવનો વિરોધ કરવાનું કોઇ કારણ ન રહ્યું.

લગભગ વીસેક મિનીટ પછી એ અનુભવનો અંત આવ્યો ને મને ભાન આવ્યું. એ અનુભવને પરિણામે મને અત્યંત આનંદ થાય એ સ્વાભાવિક હતું. ઇશ્વરે પોતે કૃપા કરીને કોઇ પણ જાતની વિશેષ ઇચ્છા કે સાધના વિના મને આવી અગત્યની કીમતી વાત જણાવી તે સાચેસાચ મારું સદભાગ્ય હતું. મારી આંખ સામે હિમાલયની લીલીછમ પર્વતમાળા અડગપણે ઉભેલી ને ગંગા રમી રહેલી. દેહાતીત દશામાં જોયેલી તેવી જ કોઇ સુંદર નદી ને તેના તટપ્રદેશ પરની પેલી ગાંધીજીના સ્વરૂપ સાથેની મઢૂલી મને યાદ જ હતી. રાત્રિની એ અનેરી અસીમ શાંતિમાં ભક્ત કવિ નરસિંહની પેલી સુમધુર સુરાવલિ મારા સ્મૃતિપટ પર એક વાર ફરીથી તાજી થઇ -

હરિના જન તો મુક્તિ ન માગે,
માગે જનમોજનમ અવતાર રે;
નિત સેવા નિત કીર્તનઓચ્છવ,
નિરખવા નંદકુમાર રે.

એ પંક્તિમાં ભક્ત શિરોમણી નરસિંહના પુનર્જન્મનું રહસ્ય સમાયેલું છે. હરિના જનને મુક્તિ માંગવાનું કોઇ કારણ રહેતું નથી. પ્રભુને પામી કે ઓળખીને તે મુક્તિના સ્વામી તો થયા જ હોય છે, પરંતુ પ્રભુનો મહિમા ફેલાવવા ને પ્રભુનું કામ કરવા પોતાની સ્વતંત્ર ઇચ્છાથી ફરીફરી શરીરો ધારણ કરે છે. સંત તુલસીદાસે તેવા મહાપુરુષોને માટે કહ્યું છે કે 'મુક્તિ નિરાદર ભક્તિ લુભાને.'

નરસિંહ જેવા પ્રભુભક્તનો જન્મ લોકહિત માટે જ હોઇ શકે, તેમજ મહાત્મા ગાંધીજી જેવા ભવ્ય ને વિશાળ રૂપમાં જ તેની પુનરાવૃતિ પણ થઇ શકે, તે વાત તો સહેજે સમજી શકાય છે.

મહાત્મા ગાંધીજીના પૂર્વજન્મનાં જ્ઞાનનાં ઉપર્યુક્ત અનુભવ પછી મને થોડાક વિચારો સહજ રીતે આવી ગયા. તેમનો ઉડતો ઉલ્લેખ અહીં કરી લઉં તો તે અસ્થાને નહીં ગણાય, બલકે બંધબેસતો જ અવશ્ય લાગશે.

ગાંધીજી નરસિંહ મહેતાના અવતાર હતા એ અનુભવ મળ્યા પછી નરસિંહ મહેતાનું પેલું પદ મને વારંવાર યાદ આવ્યું : 'વૈષ્ણવજન તો તેને કહિયે.' ગાંધીજીને એ પદ કેટલું બધું ગમતું હતું તે તો સૌ કોઇ જાણે છે જ. તેમની નિત્ય પ્રાર્થનામાં અને આશ્રમ ભજનાવલિમાં તેમણે તેને સ્થાન આપ્યું હતું. એકલું સ્થાન આપીને બેસી રહ્યા ન હતા, પરંતુ તેને જીવનમાં ઉતારવા કે સાકાર કરવા બનતો પ્રયાસ કરતાં હતાં. નરસિંહ જેવા ગુજરાતી ભાષાના મહાન કવિના એ પદને પ્રસિદ્ધિમાં લાવવાનું કામ એટલા વિપુલ પ્રમાણમાં તેમણે જ કર્યું. એને કોઇ અકસ્માત કહો, કલ્પના કહો કે ગમે તે કહો, પરંતુ તેમના પૂર્વજન્મની માહિતીના પ્રકાશમાં આ વાત ખાસ રસપ્રદ થઇ પડે તેવી અને વિચારવા જેવી છે.

નરસિંહ મહેતાના પ્રભાતિયાં ગુજરાતી સાહિત્યમાં અજોડ છે. પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે તેવો કોઇ કવિ પાક્યો નથી એવું જેમ કહેવામાં આવે છે તેમ નરસિંહ મહેતાના પ્રભાતિયાના સંબંધમાં પણ સહેજ પણ સંકોચ સિવાય કહી શકાય. કીર્તન ભક્તિ અને તેમાંયે સમુહ કીર્તન નરસૈંયાને ખૂબ જ ગમતું. નરસિંહની તે કીર્તનપ્રિયતા ગાંધીજીને વારસામાં મળી. ફક્ત તેની સુધારાવધારા સાથેની સમયની આવશ્યકતા પ્રમાણેની અભિનવ આવૃત્તિ બહાર પડી એટલું જ. ગાંધીજીની સવાર સાંજની જાહેર સમૂહ પ્રાર્થનાઓને સંકીર્તનનું એક પ્રકારનું એવું જ સંશોધિત, સંવર્ધિત સ્વરૂપ કહી શકાય.

'હરિજન' શબ્દનો પ્રયોગ નરસિંહે સૌથી પ્રથમ કરેલો તે તો તેના સાહિત્યના રસિકો સહેજે જાણી શકશે. ગાંધીજીએ પોતાના જમાનાના પરિબળોને લક્ષમાં લઇને હરિજનની સેવા અને અસ્પૃશ્યતા નિવારણનું કામ વિશાળ પાયા પર શરૂ કર્યું. નરસિંહે રાજકારણમાં ભાગ નથી લીધો એ સાચું પણ ગાંધીજીને માટે રાજકારણમાં પ્રવેશ અનિવાર્ય બન્યો ને તે પ્રવેશ તેમણે સંત તરીકે ચાલુ રહીને કર્યો, નરસિંહના માણેકબાઇ કેવા હતાં તેની આપણને ખાસ ખબર નથી પણ ગાંધીજીને કસ્તુરબાએ સર્વપ્રકારે સાથ આપ્યો.

જન્મ માટે બન્નેએ સૌરાષ્ટ્રને જ પસંદ કર્યું. એકે જૂનાગઢ અને બીજાએ પોરબંદરને. એક કૃષ્ણભક્ત છતાં જ્ઞાની - બીજા 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' માનીને કર્મ કરતાં કરતાં રામમાં મનને રાખવામાં માનનારા. નરસિંહે પ્રભુદર્શન કર્યું પણ ગાંધીજીને તેવા દર્શન અને તેવા તપની જરૂર નહિ હોય. તેમણે ટૂંકા વખતમાં લોકહિતનું મોટું કામ કરવાનું હતું. તેથી તેમનું દર્શનનું પાસું કોરું જ રહ્યું. પણ પૂર્વજન્મમાં તે પ્રભુની પૂર્ણ કૃપા પામ્યા હોવાથી વર્તમાન જન્મમાં પણ તેમનું મન સદા પ્રભુપરાયણ રહ્યું.

આ વિચારો બંને વચ્ચેનું સામ્ય બતાવવા માટે નથી, પણ સહજ રીતે જ સ્ફુરેલા છે. માનવના પ્રત્યેક જન્મમાં બધાં તત્વોનું સામ્ય હોય છે જ એવું નથી. કોઇ વાર તેમાં દેખીતો વિરોધ પણ લાગે. બે કે વધારે જન્મોની એકવાક્યતા અથવા સગાઇ સિદ્ધ કરવા તે જન્મોમાં જે સમાન તત્વો કે લક્ષણો હોય તે બહાર લાવવાં જ જોઇએ એવું કશું જ નથી. એક વ્યક્તિના બે જન્મોમાં કેટલીક વાર કેટલાંક વિરોધાભાસી તત્વો પણ મળી આવે. જમાનાની જરૂરત પ્રમાણે દરેક જન્મનું બાહ્ય સ્વરૂપ જરા જુદું પણ લાગે. ગાંધીજી

અને નરસિંહની કેટલીક ખાસ વાતોનો ઉલ્લેખ આપણે આ અગાઉની ચર્ચાવિચારણામાં સહજ રીતે જ કરી લીધો.

મેં શરૂઆતમાં જ કહી દીધું છે કે ગાંધીજીના પૂર્વજન્મનો અનુભવ મને ઇશ્વરની કૃપાથી કોઇ ખાસ પ્રયાસ વિના આપોઆપ જ થયો છે. એ અનુભવ પછી એ જ ભાવાર્થના બીજા અનુભવો પણ થયા છે. તેથી મને પૂરેપૂરો સંતોષ છે. આ જ્ઞાન મને મારી અંતરંગ દુનિયામાંથી મળ્યું હોવાથી તે વિશે મને કોઇ જ શંકા નથી. તેમાં મારી શ્રદ્ધા દૃઢ અને અડગ છે. જે જણાયું છે તે જ સત્યને વફાદાર રહીને આ પ્રકરણમાં મેં અંકિત કર્યું છે. સૌએ તેને માનવું જ જોઇએ એવો મારો દુરાગ્રહ નથી અને ના હોઇ શકે. આધ્યાત્મિકતા અને આત્મિક સાધનાની સેવાની દૃષ્ટિએ આ અનુભવ અતિશય અગત્યનો છે એમ હું માનું છું ને તેથી જ તેને પ્રકટ કરું છું. આજે પણ એ મીઠી પંક્તિ મનમાં ગૂંજી રહી છે :

નરસૈંયો આ જન્મ લઇને મોહનદાસ થયો;<br>
નરસૈંયો આ વેશ લઇને મોહનદાસ થયો.

ભક્ત નરસિંહ અને મહાત્મા ગાંધીજી બંને મહાપુરુષોને મનોમન પ્રેમથી અંજલિ આપીને આ પ્રકરણ પૂરું કરું છું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૫. ઋષિકેશના દિવસો અને દેહુ

**(૧) દેવપ્રયાગનું દર્શન**

ઋષિકેશના દિવસો એકંદરે આનંદકારક રહ્યા. ઋષિકેશમાં આ વખતે વરસાદ પ્રમાણમાં ઓછો હતો. વરસાદ ચાલુ રહે તેટલો વખત ઠંડક સારી રહેતી. પરંતુ વરસાદ બંધ રહેતાં ગરમી સારા પ્રમાણમાં પડવા માંડતી. ઋષિકેશની આબોહવા ચોમાસામાં આવી જ રહે છે. છતાં પણ વહેલી સવારે ને સાંજે વાતાવરણ સુંદર ને શીતળ રહે છે. ગંગાની મીઠી ને તાજી નહાઇને નીકળેલી લહરી ચારેકોર ફરી વળે છે ત્યારે મન બધી જાતનો થાક ભૂલી જઇને એકવાર ફરી આનંદમય બની જાય છે. ઋષિકેશ પર્વતની તળેટીમાં વસેલું છે તેથી વધારે રળિયામણું દેખાય છે. ચોમાસામાં ગંગા નવા વારિથી ભરપૂર ને વિશાળ બની જાય છે ને પર્વતો લીલાછમ શણગાર સજીને ઊભા રહે છે ત્યારે આંખ અને અંતર અપાર આનંદમાં ડૂબી જાય છે. એ શોભાને શબ્દોમાં આલેખવાનું કામ કપરું છે.

આ વરસે ઋષિકેશની પરિસ્થિતિ જરાક જુદી હતી. પાકા ડામરના નવા રસ્તા લગભગ બધા જ મુખ્ય માર્ગો પર થઇ ગયેલા અને વધુમાં સ્થળે સ્થળે પાણીનાં નળ પણ મૂકવામાં આવેલા. પાકિસ્તાનની રચના પછી ઋષિકેશ ઉત્તરોત્તર વધતું જ જાય છે. જે દિવસોમાં ધોળે દિવસે ઋષિકેશમાં હાથીનાં ટોળાં દોડી આવતાં ને ટ્રેન તથા મોટરના સાધનોનો અભાવ હતો તે દિવસો જેમણે જોયાં છે તેમને આજનું ઋષિકેશ તદ્દન જૂદું જ જણાય એ સમજી શકાય તેવું છે. છતાં એકાંત અને શાંતિપ્રિય માનવોને માટે આ પ્રખ્યાત ને પાવન પ્રદેશમાં હજી પણ શાંતિ ને કુદરતી જીવનની એટલી જ સામગ્રી પડી રહી છે ને સાધનાને માર્ગે મુસાફરી કરતાં મહાપુરુષોને માટે આજે પણ અનુકૂળ વાતાવરણની એટલી જ તક છે. ઋષિકેશનો પ્રદેશ જ એવો સુંદર ને શાંત છે કે એની અસર અંતરના ઉંડાણમાં એકધારી થયા કરે છે.

દેવપ્રયાગમાં જે સ્થાનમાં રહીને મેં સાત વરસ જેટલાં લાંબા સમય સુધી સાધના કરી તે સ્થાન જોવાની ઇચ્છાથી પ્રેરાઇને અમે બે દિવસ દેવપ્રયાગ પણ જઇ આવ્યા. પહાડી માર્ગ પરથી પસાર થઇને અમે આશ્રમની ભૂમિની મુલાકાતે ગયાં. આશ્રમનું મકાન તો તૂટી ગયું હતું. તેનું નિશાન ન હતું, પરંતુ ભુમિ હજી એવી જ હતી. પેલું પાણીનું વરસોનું પરિચિત શાંતા નદીનું ઝરણું પણ વહી રહ્યું હતું. એ સ્થાનમાં થોડી વાર બેસીને અમે ભૂતકાળના કેટલાક પ્રસંગો પર ઊડતી નજર નાખી લીધી. મોટા મોટા સામ્રાજ્યો અને શહેરો પણ જમીનદોસ્ત થઈ જાય છે ત્યાં-તેવા પરિવર્તનશીલ સંસારમાં એક સાધારણ કુટિરનો શો હિસાબ ? પરંતુ તેણે બજાવેલી સેવા અને જીવનના ઉત્થાનમાં ભજવેલો ભાગ કાંઇ ભૂલી જવાની વસ્તુ થોડી જ છે ? તેની સ્મૃતિ જીવનને માટે સદાય સહાયક થઇ પડે છે.

દેવપ્રયાગના ગંગાના સંગમનો આનંદ ઓર જ છે. અલકનંદા અને ભાગીરથીનો મેળાપ મનને મુગ્ધ કરે છે અને ગમે તેવા દિલને પણ બે ઘડી ડોલાવી દે છે. એવી છે એની હૃદયંગમતા.

દેવપ્રયાગમાં વરસો પહેલાં વિખૂટા પડેલા રામદાસજી પણ એકાએક મળી ગયા. ગંગા કિનારે આવેલા જોગીવાડાના મશહુર સ્થાનમાં તે રહેતા. તેમને લાંબે વખતે મળીને ખરેખર આનંદ થયો.

**(૨) ઉપવાસની ના**

ઋષિકેશના પાવન પ્રદેશમાં દિવસો શાંતિ અને પ્રસન્નતાપૂર્વક પસાર થયે જતા. જુદા જુદા અનુભવો પણ થયે જતા. ઋષિકેશના પાવન પ્રદેશમાં પ્રવેશ કરતાં વેંત જ પ્રેરણાની પરંપરા શરૂ થઇ હતી. હવે નવરાત્રિનો સમય આવી રહ્યો હતો. સાધનાનું કામ હજી બાકી હતું અને તેને પરિપૂર્ણ કરવા મારાથી બનતા તમામ પ્રયાસ કરી હું રહ્યો હતો.

'મા'ની કૃપા દ્વારા સાધનાની જે સફળતાને મળવવાનો મેં મનોરથ કર્યો છે તેની સિધ્ધિ માટે આજ સુધીનાં વરસોમાં મારાથી થાય તેટલી મહેનત મેં પ્રમાણિકતા અને નિષ્ઠાથી કરી હતી, તેનો મને ઊંડો આત્મસંતોષ હતો. તો પણ મારા મનનું ઘડતર જ એવું છે કે ધારેલા કામને જ્યાં સુધી પૂરું ના કરું ત્યાં સુધી મને તૃપ્તિ ના વળે. તેથી આ વખતે પણ નવરાત્રિના દિવસોમાં પાણી પર ઉપવાસ કરવાનો મેં વિચાર કર્યો.

પરંતુ 'મા'નો વિચાર તેવો ન હતો. જે મહાશક્તિ મને દોરી રહી છે અને મારા જીવનને ચલાવી રહી છે તેની પ્રેરણા કે ઇચ્છા જુદી હતી. મારું સમગ્ર જીવન તે પ્રમાણે જ ચાલે છે. એટલે મારે તે પ્રમાણે ચાલ્યા વિના છુટકો જ ન હતો. સાધનાની આ એક ખાસ મહત્તા છે. તે દ્વારા માણસે ઈશ્વરની ઈચ્છાને ઓળખતાં શીખવાનું છે, ને તે ઇચ્છાને એક વાર જાણ્યા પછી તેમાં સંપૂર્ણ શ્રધ્ધા રાખી અને તેને મંગલ માનીને તે પ્રમાણે ચાલવાનું છે. દરેક વખતે માણસની બધી ઈચ્છા પર ઇશ્વર તરફથી મંજુરીની મહોર નથી મરાતી. તેવે વખતે તેની ખાસ કસોટી થાય છે. જે પોતાને પસંદ હોય તે ઇશ્વર તરફથી નાપસંદ કરવામાં આવે ત્યારે અને જે પોતાને પસંદ ના હોય અથવા જેની ઈચ્છા કે કલ્પનાયે ના હોય તે માટે ઇશ્વર તરફથી આજ્ઞા કે પ્રેરણા કરવામાં આવે ત્યારે તે બંને દશામાં માણસે શાંત અને પ્રસન્ન રહેતાં શીખવું જોઈએ. એવું મનોબળ ક્રમે ક્રમે કેળવી શકાય છે. પછી ભૂત કે ભાવિનું જ્ઞાન સારું હોય કે નરસું પણ માણસને વિચલિત કે ચંચળ નથી કરી શકતું.

તારીખ ૩ સપ્ટેમ્બર ૧૯૫૭ને મંગળવારે સવારે ધ્યાનમાં બેઠો હતો તે વખતે સવારે પા વાગે 'મા'એ અનુભવ આપીને જણાવ્યું કે 'ઉપવાસની શી જરૂર છે ? તે વિના તો તમને બધું જણાયા કરે છે. ઉપવાસનું નકામું દુ:ખ શા માટે ભોગવવું છે ? આ વખતે તમારે નવરાત્રીના ઉપવાસ ના કરવા. ફક્ત એક આઠમનો ઉપવાસ કરજો. '

ફરીવાર જણાવવાની પ્રાર્થના કરવાથી શ્રી સાંઈબાબાએ અનુભવ આપીને તેવો જ ખુલાસો કર્યો. તે દિવસ તા.૧૦ સપ્ટેમ્બર ને મંગળવારનો હતો.

મેં તેમને પૂછ્યું: 'હું ઉપવાસ કરું ?'

તેમણે તરત ઉત્તર આપ્યો: 'શું કામ? તમને જણાયું છે તેમ ઉપવાસ નથી કરવાના. કામ તમને કહ્યું છે તેમ થઈ જશે.'

ઉપવાસ ના કરવાનો અંતિમ નિર્ણય થઈ ગયો. મારું જીવન આ પ્રમાણે જ ચાલે છે. આ કથાનો વિચાર કરનાર તે સહેલાઈથી સમજી શકશે. આ પ્રેરણા કે અનુભવો મેં વારંવાર કહ્યું છે તેમ મારા મનનાં તરંગ કે ખ્યાલ નથી. મારી કલ્પનાના પરપોટા પણ નથી, પરંતુ ધ્યાનાવસ્થા કે જાગૃતિમાં 'મા' કે સાંઈબાબા જેવા સમર્થ મહાપુરુષો સાથે થયેલી વાતો છે. કોઈ વાર તે અંતરમાંથી સંભળાયેલી સાફ

વાતચીત કે વાણી રૂપે હોય છે. તે વિશે મેં આજ સુધી બનતું સ્પષ્ટીકરણ કરી દીધું છે, એટલે વધારે સ્પષ્ટીકરણની જરૂર નથી લાગતી. આજની દુનિયાને માટે આ વસ્તુ તદ્દન નવી છે એ જાણું છું. ને માનું છું કે મોટા મોટા ને સારા સાધકો ને સંતોને પણ આ જાતના અનુભવ નથી થતાં, તો પણ જે સાચું છે તે સાધનાની સેવા માટે લખવું જ જોઈએ. એટલે સ્વાભાવિક રીતે જ આ બધું જ લખી રહ્યો છું.

ઉપવાસ કરવાનો વિચાર પહેલા પાકો હતો. પરંતુ 'મા'ની પ્રેરણા પ્રમાણે ચાલવું જ જોઈએ. છેલ્લાં કેટલાંય વરસોથી નવરાત્રીના પાણી પર ઉપવાસ ચાલતા હતા. તેમાં લગભગ આઠનવ વરસે આ વખતે ઉપવાસ ના કરવાની સૂચના મળી. 'મા'ની તે સૂચનામાં મંગલ માનીને મેં ઉપવાસની વાતને પડતી મૂકી. તે જે કરે છે તે સારું જ કરે છે, એવો મારો દૃઢ વિશ્વાસ છે. ભૂતકાળમાં તે વિશ્વાસ દરેક વખતે સાચો જ ઠર્યો છે.

**(૩) મુંબઈ-આલંદી-દેહુ**

મને થયેલી 'મા'ની પ્રેરણા પ્રમાણે આસો સુદ પૂનમને દિવસે અમે ઋષિકેશની વિદાય લીધી. હિમાલયના પ્રદેશમાંથી પસાર થઈને આસો વદ બીજને દિવસે અમે મુંબઈ આવી પહોંચ્યાં. સેનેટોરિયમ મળવાની વાર હતી એટલે થોડા દિવસ અમારે માધવબાગના મકાનમાં રહેવું પડ્યું. વરસો પછી દિવાળીના દિવસો દરમિયાન મુંબઈમાં રહેવાનું બની શક્યું. એ એક નવો જ અનુભવ કહી શકાય. દિવાળી પછી દોઢેક માસ માટે અમે વાલકેશ્વરના ખીમજી જીવા સેનેટોરિયમમાં રહ્યાં.

માતાજીની તબિયત ઋષિકેશમાં જ બગડી હતી. તે મુંબઈ આવ્યા પછી વધારે બગડવા માંડી. તાવ અને શરીરની ગરમીના બીજા વ્યાધિથી તે તદ્દન પથારીવશ થઇ ગયાં. લગભગ એક મહિના સુધી તેમને ખોરાક આપવાની પણ ડોક્ટરે ના કહી. મુંબઈ છોડ્યું ત્યાં સુધી તેમની પ્રકૃતિ નરમ જ રહી. તેમના જીવનમાં ઇ. સ. ૧૯૪૪ પછી આવી ભયંકર બિમારી આ પહેલી જ હતી. આ શરીરનો કાંઇ જ ભરોસો નથી. તેનો સંચો ક્યારે બગડી જશે તે વિશે કશું જ ચોક્કસ કહી શકાય તેમ નથી. મૃત્યુ પણ વધારે ભાગે અચાનક જ આવે છે. એટલે સમજુ માણસે પ્રમાદનો પરિત્યાગ કરીને મળેલા સારા સમયનો સદુપયોગ કરીને જીવનને સફળ ને ઉજ્જવળ કરવા બનતો પ્રયાસ કરવો જોઇએ.

માંદગીને લીધે માતાજીનું શરીર ખૂબ જ નિર્મળ બની ગયું. તો પણ તેમને સાધારણ આરામ જેવું જણાતાં અમે પ્રસિદ્ધ તીર્થસ્થાન આલંદી અને દેહુ જવાનો વિચાર કર્યો. મુંબઈથી લગભગ ત્રીસેક ભાઇબેનોની હાજરીમાં એક દિવસ અમે યાત્રા માટે પ્રસ્થાન કર્યું અને રાત્રે પુના પહોંચ્યા.

પુનામાં ઉતારાની વ્યવસ્થા ઘણી સારી હતી. એક ખાસ બંગલો તે માટે પસંદ કર્યો હતો. બીજે દિવસે સવારે ત્યાંથી આલંદીની યાત્રા શરૂ કરી. થોડા વખતમાં જ અમે આલંદી આવી પહોંચ્યા. લાંબે વખતે એ અલૌકિક ધામના દર્શનથી અમને અપાર આનંદ થયો. છેલ્લાં થોડાં વરસોથી અમે શિરડીની યાત્રા કરતાં પરંતુ આ વખતે વિચાર બદલાયો અને થયું કે સમર્થ સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સમાધિસ્થાનને જોઇએ તો સારું. આલંદી મહાન સંત જ્ઞાનેશ્વરનું જન્મ, લીલા અને સમાધિસ્થાન છે. તેનો મહિમા ઘણો મોટો છે. મહાનપુરુષોના સ્મૃતિસ્થાનોમાં એક પ્રકારની તાજગી અને પ્રેરણા હોય છે. તેને મેળવીને માનવનું મન નૂતન થાય છે.

આલંદીની એ મારી ત્રીજી યાત્રા હતી. પેલા પ્રખ્યાત પ્રાચીન વૃક્ષનો આ વખતે ફરી ફોટો લીધો અને સમાધિ મંદિરના પ્રાંગણમાં બેસીને અમે એ સમર્થ સંતના જીવન સાથે સંકળાયેલા પ્રસંગોનો વિચાર કર્યો. તે પછી મોડી સાંજે દેહુ ગામની મુલાકાત લીધી.

દેહુ ગામ મહારાષ્ટ્રના પ્રસિદ્ધ અને સમર્થ સંત તુકારામનું જન્મસ્થાન છે. તે મહાન સંતનું જીવન પણ તે જ નાનાસરખા ગામમાં પસાર થયેલું. ગામ પ્રમાણમાં ખૂબ જ નાનું છે. પરંતુ તુકારામની સાથે સંકળાયેલું હોવાથી તેનું મહત્વ ઘણું વધી ગયું છે. મહાપુરુષોની લીલાભૂમિની મહત્તા એવી જ અનેરી હોય છે.

દેહુમાં પ્રવેશ કરીને અમે સૌથી પહેલાં પેલા ભંડારા પર્વતને જોયો, જેના પર બેસીને તુકારામ ભજનકીર્તન ને પ્રભુસ્મરણ કરતા. એ પર્વત પર જ તુકારામે વિઠ્ઠલના દર્શનનો નિર્ધાર કરેલો ને તેર દિવસના ઉપવાસ ને તપ પછી કહે છે કે તેમને વિઠ્ઠલ ભગવાનનો સાક્ષાત્કાર થયેલો. નદીને લીધે આ પ્રદેશની શોભા વધારે હૃદયંગમ બની ગઇ છે. સંધ્યાના સુંદર રંગોથી રંગાયેલું પાણી ખૂબ જ સુંદર લાગે છે. તુકારામ મહારાજની યશગાથા ગાતો પર્વત આજે પણ પ્રશાંત યોગી જેવો ઊભો રહ્યો છે. સાધકો કે ભક્તોને પ્રેરણા પાય છે ને સંદેશ આપે છે કે તુકારામ જેવી ભાવભક્તિ હોય તો પ્રભુનું દર્શન દૂર નથી. પરમાત્માને જોવા માટે અંતર જ્યારે આતુર બને, આકુળવ્યાકુળ બને ને પરમાત્માની ચાહના કે ઝંખનામાં નિરંતર મગ્ન બને, ત્યારે પરમાત્માની કૃપા જરૂર થઇ જાય છે. તેને માટે કોઇ વિશેષ ભણતર કે ડીગ્રીની જરૂર નથી. પદ કે ધનની પણ જરૂર નથી. જોઇએ છે ફક્ત પ્રેમ ને પ્રેમના પરિણામે પીગળેલા પ્રાણમાંથી પ્રકટતો નિરંતર પોકાર. સંત તુકારામના જીવનમાં એ મહાન ને સનાતન સત્યનું પૂરેપૂરું પ્રતિબિંબ પડે છે.

નદીની બાજુમાં જ મંદિર છે. કહે છે કે આ મંદિરમાં તુકારામ સંકીર્તન કરતા. ત્યાંથી થોડેક દૂર જઇએ એટલે તુકારામનું મકાન આવે છે. મકાન તદ્દન જીર્ણ દશામાં છે. કેટલું નાનું, તૂટેલું-ફૂટેલું ઝૂંપડી જેવું મકાન છે ! કેટલાય મહાપુરુષો આવા જ નાના ગામમાં, નાના મકાનમાં ને તદ્દન ગરીબ માતા-પિતાને ત્યાં પેદા થયા છે. મહારાષ્ટ્રના બધા મોટા સંતોનો ઇતિહાસ આવો જ છે. તેમના જીવનકાળમાં કુટુંબ ને ગામના લોકોએ તેમની ટીકા ને નિંદા કરી તથા તેમનો બધી રીતે વિરોધ કર્યો. તેમને એકલે હાથે અનેકાનેક કષ્ટોનો ને મુસીબતોનો સામનો કરવો પડ્યો. પાછળથી લોકો તેમને પૂજવા ને માનવા લાગ્યા. તેમની મૂર્તિ કરીને તેમને મંદિરમાં સ્થાપ્યા. આજે તેમની પ્રતિષ્ઠા બધે જ ફેલાઇ ગઇ છે અને લોકો તેમનાં ગુણગાન ગાતાં થાકતાં નથી. માણસનું શરીર શાંત થાય પછી આંખો મીંચીને તેની પૂજા કરવી તેનાં કરતાં તેનું શરીર હયાત હોય ત્યારે જ તેની યોગ્યતા જોવી, વિવેકી બનીને તેનો લાભ લેવો અને તેનાં ગુણ ગાવા, તેમાં વધારે ડહાપણ અને મનુષ્યતા રહેલાં છે. પરંતુ મહાપુરુષો જ્યારે આપણી વચ્ચે શ્વાસ લેતા હોય ત્યારે એવું ડહાપણ વધારે ભાગના લોકોને સુઝતું નથી. નહિ તો ધર્મ અને સંતોના ગૌરવનું ગીત ગાતાં કદી ના થાકનારા આ દેશમાં સાચા સંતોની આવી દુર્દશા તેમના જ જીવન દરમ્યાન ના થઇ હોત.

તુકારામ જેવા મહાન સંતના જન્મસ્થાનને જોઇને ઘણો આનંદ થયો. પરંતુ તેમના જીર્ણ ઘરનો પુનરુદ્ધાર થવો જોઇએ અને તેમનું સારું સ્મારક પણ કરાવવું જોઇએ એમ લાગ્યા વિના ના રહ્યું. ભક્તો અને તુકારામના જીવનમાં રસ લેનાર પ્રસંશકો આ બાબતે ઘણું સારું કામ કરી શકે. ૩૬ કે ૩૭ વર્ષ જેટલી નાની વયમાં આ મહાન સંતે જે સુંદર પદોની રચના કરી છે તે આજે પણ લાખો લોકોને પ્રેરણા આપે છે અને

ભવિષ્યમાં પણ વરસો સુધી આપ્યા કરશે. માનવ જાતિને સદાચાર અને પ્રભુમય જીવનને પંથે વાળવામાં તેનો ફાળો કાંઇ નાનોસુનો નથી. એકલા સાહિત્યની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ તેમની સેવા કિંમતી છે. ભારતના સંતસાહિત્યમાં તુકારામની ભક્તિવાણી ખાસ નોંધપાત્ર છે એ નિર્વિવાદ છે.

દેહુ ગામની નદી વિશે એક ખાસ ઉલ્લેખનીય વાત જાણવા મળી. કહે છે કે અગિયારસને દિવસે આ નદીનાં માછલાં અન્ન નથી ખાતાં. મતલબ કે તે ઉપવાસી રહે છે. ત્યાંના રહેવાસી આ વાતનો પ્રચાર પણ ખૂબ પ્રેમથી કરે છે. નદીનાં માછલાં પણ ખૂબ મોટાં થાય છે. નદીનું નામ ઇન્દ્રાયણી છે.

દેહુ ગામ તદ્દન નાનું અને સાધારણ છે. કેટલાક લોકો કહે છે કે આવા પછાત ગામ અને ઉજ્જડ પ્રદેશમાં જન્મીને જે ગરીબાઇમાં ઉછરે અને કુટુંબ અને ગામના લોકોની નિંદા સહન કરે તેનું મન સંસારના પદાર્થોથી ઉપરામ બનીને શું આપોઆપ પ્રભુપરાયણ ના બને ? પણ તેવા લોકોની વાત બરાબર નથી. આવાં પછાત ગામો ને ગરીબ કુટુંબોમાં તો કરોડો લોકો જન્મે છે. તેમને નિંદા, ટીકા, કષ્ટો ને નિર્ધનતાનો સામનો પણ કરવો પડે છે. છતાં તેમનું મન પ્રભુપરાયણ ને સંસારમાંથી ઉપરામ ક્યાં થાય છે ? એટલે મુખ્ય વસ્તુ જન્માંતર સંસ્કાર ને વિવેકની છે. તેનો ઉદય થાય એટલે માણસ સુખી કે દુઃખી ને નિર્ધન કે ધની - ગમે તે દશામાં હોય તો પણ પરમાત્માને માર્ગે વળીને જીવનનું શ્રેય કરવા તૈયાર થાય છે. એકલા દુઃખ ને દારિદ્રયને જ તેનું કારણ માનવું બરાબર નથી.

હવે દેહુની એક બીજી પ્રસિદ્ધ જગા જોવાની બાકી હતી. ગામમાં બધે ફરીને અમે તે જગાના દર્શન માટે વિદાય થયાં. તે જગા તુકારામ મહારાજના સ્વર્ગગમનની જગા તરીકે ઓળખાય છે. સંત તુકારામ સદેહે પ્રભુના ધામમાં ગયેલા અથવા અંતકાળે અદૃશ્ય થયેલા એ વાત જાણીતી છે. એ જગા તે જ મહાન અને અજોડ અમર ઘટના સાથે સંકળાયેલી છે.

એ પ્રસિદ્ધ સ્થાનમાં એક વૃક્ષ છે. તેની પાસે તુકારામ મહારાજના સશરીર અદૃશ્ય થયા પહેલાં રચેલા અભંગ લખેલાં છે. આ સ્થાનમાંથી પ્રભુના ગુણાનુવાદ ગાતાં તે મહાન સંતપુરુષ તિરોધાન થઈ ગયા હશે તે વખતે કેવું અલૌકિક દૃશ્ય ઉત્પન્ન થયું હશે ? શરીર સાથે અદૃશ્ય થવાની વાત નવાઈ લાગે તેવી જરૂર છે પરંતુ  નિરાધાર નથી. અને તેથી જ તેને મિથ્યા માનવાની ઉતાવળ કરવાની જરૂર નથી. યોગદર્શનના વિભૂતિપાદમાં યોગીની અદૃશ્ય થવાની સિદ્ધિનો ઉલ્લેખ કરેલો છે. ભક્તને પ્રભુની કૃપાથી તેવી શક્તિની પ્રાપ્તિ થઈ શકે છે.

તુકારામ મહારાજના અદૃશ્ય થયા પછી કહે છે કે તેમના કોઈ ભક્તે તેમના દર્શન માટે તે જ સ્થાનમાં બેસીને લગભગ ચાળીસ દિવસ ઉપવાસ કર્યા. કહે છે કે તેને પરિણામે તુકારામે તે ભક્તને ફરી દર્શન આપ્યું. તે ભક્તની પ્રતિમા આ સ્થાનમાં આજે પણ જોઈ શકાય છે.

દેહુથી રાતે પુના પાછા ફરીને બીજે દિવસે અમે મુંબઈ પાછાં ફર્યાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૯. સાધનાનો દિવસ લંબાય છે

આ વખતે સાધનાની સંપૂર્ણ સિદ્ધિ માટે ઋષિકેશમાં મહા સુદી પાંચમનો દિવસ મળ્યો હતો. એ વાત મેં આગળ પર જણાવી જ છે. એના અનુસંધાનમાં મહાસુદી ચોથને દિવસે અમે સરોડા આવી પહોંચ્યાં. પરંતુ પાંચમનો તે દિવસ પણ નિષ્ફળ ગયો. તે દિવસે નિર્ધારીત વખતના થોડાક સમય પહેલાં એટલે રાતે ૧ વાગે 'મા'એ મને પ્રેરણા આપી કહ્યું કે 'કામ ના થાય તો ચિંતા ના કરશો. નિરાશ ના થશો.' ને ખરેખર કામ ના જ થયું. સાધનાની સિદ્ધિના આવા કેટલાય દિવસો છેલ્લાં દસેક વરસમાં મિથ્યા થયા. મિથ્યાત્વનું આ ચક્ર લાંબા વખતથી ચાલ્યા કરે છે. તેની અસર પણ મારા પર ભારે થાય છે. છતાં નિરાશ થઇને બેસી રહેવાથી શું વળે ? મારી સમજશક્તિ દૃઢ ને પ્રબળ હતી. તેથી જ હું પ્રત્યેક વખતે પ્રસન્ન ચિત્ત રહી શકતો. સાધનાનો માર્ગ સહેલો નથી. તેમાં દૃઢ સંકલ્પ, શ્રદ્ધા ને સમર્પણના ભાવની જરૂર પડે છે. જે મહાન ને સર્વસમર્થ ઇશ્વરી શક્તિ માનવને ડગલે ને પગલે દોરી રહી છે ને જેને તેણે જીવનનું દાન કર્યું છે તેની દોરવણીમાં તેને વિશ્વાસ હોવો જોઇએ. તેના હાથમાં પોતે સલામતીનો સતત અનુભવ કરતો હોવો જોઇએ. તો જ તે દેખીતી ટીકા, નિરાશા, નિષ્ફળતાની સામે અડગ રહી શકે, હસી શકે, અને ઉત્તરોત્તર આગળ પણ વધી શકે.

આ વખતનો દિવસ તો જરૂર સાચો પડશે એવો વિશ્વાસ હતો. પરંતુ સાધનાની પ્રતીક્ષા કરવાનું ભારે કપરું કામ હજુ બાકી જ હતું. હજી મારી ધીરજ, હિંમત અને સહનશક્તિની વધારે કસોટી થવાની હતી, અને સિદ્ધિની એ સોનેરી ઘડી થોડી દૂર હતી. આ વખતે મારું ધારેલું કાર્ય પરિપૂર્ણ થયું હોત તો કેટલો બધો આનંદ થાત ! વરસોની મહેનત સફળ થાત અને મગજ પરથી એક મોટી ચિંતા ટળી જાત. પરંતુ 'મા'ની ઇચ્છામાં આનંદ માન્યા વિના બીજો ઉપાય ન હતો. તેણે નક્કી કરેલા દિવસે મારો મનોરથ પૂરો થશે અને મારી ચિંતા દૂર થશે એવી શ્રદ્ધા સાથે હજી થોડો વધારે વખત વિતાવવાની જરૂર હતી. તે માટે મારી તૈયારી પણ હતી.

નિરાશ થયા કે હિંમત હાર્યા વિના 'મા'ની કૃપા માટે મેં ફરીવાર પ્રાર્થના કરવા માંડી. 'મા'એ પ્રાર્થનાને પરિણામે મને ફરી શાંતિ આપી. એટલે કે પોતાની કૃપાને માટે જેઠ સુદી પાંચમનો બીજો દિવસ આપ્યો. પરંતુ તે દિવસ પણ બીજા બધાં દિવસોની પેઠે કામચલાઉ જ સાબિત થયો. લાંબા સમયથી શરૂ કરેલી સાધનાની સફર એવી ને એવી જ અધૂરી રહી. તેની પૂર્ણતા કે સફળતાના ધન્ય દિવસને હજી વાર હતી અને તેને માટે વધારે ને વધારે ધીરજને ધારણ કરી, હિંમતથી સજ્જ બનીને આગળ વધવાનું હતું. એક વાત જરૂર છે કે સાધનાની સંપૂર્ણ અને ઇચ્છાનુસાર સિદ્ધિના આવા ઉપરાઉપરી અથવા અવારનવાર મળેલા મળેલા મિથ્યા દિવસોએ મારા આશા ભરેલા અંતરને તોડી નાખ્યું નથી અને એનો ઉત્સાહ ઓછો પણ નથી કર્યો. ઉપરાઉપરી આવી મળેલી નિષ્ફળતા છતાં પણ મારી શ્રદ્ધાની જ્યોતિ એવી જ જ્વલંત અને અડગ રહી છે કે મારા જીવનની પાછળ, જીવનની પ્રત્યેક પળ અને પ્રવૃતિની પાછળ, એ મહાન શક્તિનો હાથ છે. મારા દ્વારા તેની જ સાધના થઇ રહી છે, તે જ સાધના કરે છે, અને તેની ઇચ્છા પ્રમાણેના ચોક્કસ સમયે સાધનાના સુવર્ણ મંદિરને સિદ્ધિના કિંમતી કળશથી પણ તે જ સુશોભિત કરી દેશે. એ શ્રદ્ધા જ મારી સદાની સહચરી

બનીને મારા જીવનમાં જાગ્રત રહી છે અને મને શક્તિ પણ તેણે જ પૂરી પાડી છે. મારી જગ્યાએ કોઇ બીજો માણસ હોત તો લાંબા વખતથી મળતી આવી નિષ્ફળ પ્રેરણાઓને લીધે જરૂર હાલી જાત. તેનું હૈયું હિંમત હારી બેસત, ઉત્સાહ ખોઇ નાખત, ને ઇશ્વરમાં, પોતાની જાતમાં તથા સાધનાના માર્ગમાં તે નાસીપાસ તથા નિરાશ થઇને અવિશ્વાસુ બની જાત. સાચું છે, માણસના ઉમળકાભર્યા કોમળ કાળજા પર આવી વાતોની અસર અચૂક અને અત્યંત ઊંડી થાય. પરંતુ જે ઇશ્વરી શક્તિ મને ચલાવે છે તેની મારા પર કૃપા દૃષ્ટિ છે. તેની મીટ મારા પર સદા મંડાયેલી છે. મારા અદમ્ય ઉત્સાહ, ખંત, ધૈર્ય અને વિશ્વાસ તથા પુરુષાર્થનો બધો યશ તેને જ ઘટે છે. તે મહાશક્તિનું શરણ લેવામાં આવે તો કોઇયે સંજોગોમાં નિરાશ થવાનું કે ડરવાનું કારણ ના રહે. તેના હાથમાં તેનું સમગ્ર જીવન - ભૂત, વર્તમાન ને ભાવિ સહીસલામત બની જાય. સુખ ને દુઃખ, નિંદા ને સ્તુતિ, પતન ને ઉત્થાન - બધે જ વખતે તે શાંત ને અડગ રહી શકે ને ઇશ્વર માટેની શ્રદ્ધાને સાચવી શકે.

તપેલી ધરતી જેમ વરસાદની રાહ જોઇને ઉભી રહે છે તેમ રોમેરોમમાં રાગની રાગરાગિણી ભરીને તે પરમશક્તિની પૂર્ણ કૃપાની પ્રતીક્ષા કરીને વધારે ને વધારે તપવા સિવાય મારે માટે કોઇ માર્ગ ન હતો.

'ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું' એ મંત્ર મને ખૂબ જ પ્રિય થઇ પડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૭. મસુરીમાં ત્રણ માસ

આ વરસે 'મા' ને સાંઈબાબાએ મસુરી જવાની પ્રેરણા પહેલેથી જ આપી હતી એટલે હિમાલયના એ નવા સ્થાનમાં રહેવાનું નક્કી હતું. મસુરીમાં ત્રણ મહિના રહેવાની આજ્ઞા અથવા કહો કે સૂચના પહેલેથી જ મળી ગઈ હતી. તે પ્રમાણે ત્રણ મહિના અમારે મસુરીમાં રહેવાનું થયું પણ ખરું. એ બધો સમય અમે પિક્ચર પેલેસની સામે આવેલી નવભારત હોટેલમાં પસાર કર્યો. તેનું મકાન જરા ઊંચાઈ પર ને પ્રમાણમાં નાનું હતું. ઉપર પહેલે માળે રહેવા માટે બધા મળીને ફક્ત ચાર ઓરડા હતા. તેમાંયે ચોમાસાના દિવસોમાં પ્રવાસી ભાગ્યે જ ને બહુ ઓછી સંખ્યામાં આવતા. એટલે વધારે ભાગે મકાન ખાલી જ રહેતું ને કોઈ હોટેલ નહિ પરંતુ સ્વતંત્ર ને શાંત મકાનમાં રહેતા હોઈએ તેવું લાગતું. મકાનના ઉપરના કઠેરામાંથી નજર નાખતાં દૂર દૂર દહેરાદૂનની ખીણ દેખાતી ને પર્વતમાળા તથા પર્વતની અંદરથી પસાર થતા મોટરમાર્ગનું દર્શન થતું. બીજી બાજુ ઓરડાની બારીમાંથી ચાર રસ્તા દેખાતા. માણસોની અવરજવર તેના પર એટલી બધી રહેતી કે કોઈ મેળાનું સ્મરણ થઈ આવતું. ઓરડાની અંદર એકદમ એકાંત અને વસતી બંનેનો રસ અથવા આનંદ એ મકાનમાં મળી શકે તેમ હતો. પાસે જ પુસ્તકાલય હતું - તિલક મેમોરિયલ લાયબ્રેરી. દેશના એક મહાન સેવાભાવી ને વિદ્વાન પુરુષનું નામ એની સાથે જોડવામાં આવ્યું એ ખરેખર ખુશ થવા જેવું હતું. મસુરી જેવા દૂરના પર્વતીય પ્રદેશમાં એ મહાપુરુષને એવી અંજલિ આપવામાં આવે એ જોઈને કોને હર્ષ ના થાય ? મસુરીમાં નાની ને મોટી, આકર્ષક અને અનાકર્ષક હોટલોનો પાર નથી, ને તેમાં અનેક લોકો ઊતરે છે પણ ખરા. પરંતુ ઈશ્વરે અમારે માટે સ્થાન નક્કી કરી રાખ્યું હતું ને બીજી અનુકૂળતાની દૃષ્ટિએ અમારે માટે તે સારું હતું. એટલે બીજા સારાંનરસાં ઘણાં સ્થળ જોયાં તો પણ, અમુક અગવડ વેઠીને પણ અમે તે જ સ્થાનમાં નિવાસ કર્યો. અમારો સઘળો સમય અત્યંત શાંતિ ને આનંદપૂર્વક પસાર થઈ ગયો. ઋષિકેશના છેલ્લા સાતેક વરસના વસવાટ પછી મસુરીનું સ્થાન નવીનતાની દૃષ્ટિએ પણ ખૂબ ગમી ગયું ને ઉપયોગી થઈ પડ્યું.

મસુરી હવે તો ખૂબ ખૂબ જાણીતું થઈ ગયું છે એટલે તેનો નવેસરથી પરિચય આપવાની જરૂર ભાગ્યે જ હોય. દહેરાદૂન શહેરથી મોટરમાર્ગે લગભગ દોઢ કલાકમાં ત્યાં પહોંચી શકાય છે. માર્ગ આખો પર્વતીય છે ને પર્વતોની આજુબાજુ વળાંક પર વળાંક લેતી મોટર ઉપર ચઢે છે ત્યારે દેખાવ ઘણો સુંદર લાગે છે. શરૂઆતમાં દહેરાદૂનથી રાજપુર સુધી સીધો રસ્તો છે ને પછી જ પર્વતીય માર્ગ શરૂ થાય છે. લીલાછમ પર્વતો એક પછી એક આવ્યા કરે છે ને મોટર તેમનું દર્શન કરતી ને કોઈ વાર તેમની પ્રદક્ષિણા કરતી આગળ વધે છે. છેલ્લા બે માઈલ જેટલા કે તેથી પણ વધારે લાંબા અંતરથી મસુરીનાં પર્વતીય મકાનો જોવા મળે છે ને થાકેલા મુસાફરને થાય છે કે મસુરી આ આવ્યું....પરંતુ મસુરી દૂર હોય છે ને તેના પ્રવેશ માટે જરા વધારે ધીરજ રાખવી પડે છે.

મસુરીનાં મોટર સ્ટેન્ડ પણ ત્રણ છે : લાયબ્રેરી કે ગાંધીચોક, કિંકરેટ ને પિક્ચર પેલેસ. તેમાંથી ક્યા સ્ટેન્ડે ઊતરવું છે તે મુસાફરે પહેલેથી જ નક્કી કરી દેવું પડે છે. નહિ તો કેટલીક મુસીબત ઊભી થાય છે. અમને એ વાતની ખબર ન હતી એટલે થોડીક તકલીફ પડી. અમારે ભારત હોટલમાં જવું હતું ને

મોટરવાળાએ અમને ગાંધીચોક કે લાયબ્રેરી બજારમાં ઉતાર્યાં. પરિણામે અમારે ઘણું લાંબું ચાલવું પડ્યું. પાછળથી ખબર પડી કે દહેરાદૂનથી ગાંધીચોક ને પીક્ચર પેલેસની જુદી જુદી બસ ઉપડે છે ને ટેક્ષી પણ બંને ઠેકાણે જવા મળી રહે છે. કિંકરેટના ત્રીજા સ્ટેન્ડનો ઉપયોગ હવે મોટા ભાગના મુસાફરો નથી કરતા. એ બાજુ રહેનારા કેટલાક લોકો ને માલ લઇ જનારા મજૂર હવે તેનો લાભ લે છે. થોડાં વરસ પહેલાં લગભગ બધી મોટરો આ જ સ્ટેન્ડ પર ઊભી રહેતી ને મુસાફરોને હાંફ ચઢે તેવી ચઢાઇ પસાર કરીને શહેરમાં જવું પડતું. પરંતુ પિક્ચર પેલેસનો નવો રસ્તો તૈયાર થવાથી એ મુશ્કેલી દૂર થઇ છે ને ચઢાઇ ઉતરાઇનો ભય ટળી ગયો છે. એ જૂના માર્ગે માલ લઇ જતા, ધીરે ધીરે ચાલતા, શ્વાસ ખાવા વચ્ચે વચ્ચે ઊભા રહેતા, ને પરસેવે કેટલીક વાર લથપથ થઇ ગયેલા મજૂરોને જોઇને આજે પણ આપણને કરુણાની લાગણી થઇ આવે છે. તેમની મહેનત કાંઇ ઓછી નથી. તે ઉપરાંત બીજા મજૂરો ને સીમલાની પેઠે હાથે રીક્ષા ખેંચનારા ને ગરીબ તથા મધ્યમ વર્ગના માણસોનો અહીં પાર નથી. ભિખારી અને અપંગ પણ સારી સંખ્યામાં જોવા મળે છે. તે બધાને જોઇને આપણને થાય છે કે મસુરી જેમ માનવામાં આવે છે તેમ એકલા શ્રીમંત ને સાંસારિક રીતે સુખી લોકોનું જ નિવાસ ને આરામ તથા સહેલગાહનું સ્થાન નથી. ત્યાં મોટાં મકાનોમાં સુખપૂર્વક સૂનારાં લોકોની જેમ તે જ મકાનોને ઓથે વરસાદમાં ભીંજાતા ને ટાઢમાં થરથરતાં લોકો પણ વસે છે. દિવસમાં ચાર-પાંચ વાર નાસ્તાપાણી કરનારા લોકોની જેમ જેમને પેટ ભરીને એક ટંક ખાવાની પણ મુસીબત છે તેવા અર્ધભૂખ્યાં ને શરીરને જેમ તેમ ઢાંકીને ફરનારાં માણસો પણ ત્યાં વસે છે. મસુરીના બહારના ચળકાટ, વિલાસ ને દમામની પાછળ ગરીબીની એક કરુણ દુનિયા પણ વસે છે એ ભૂલવા જેવું નથી અને એવી દુનિયા ક્યાં નથી વસતી ? ગરીબી અને અમીરીનાં એ વિરોધાભાસી દૃશ્યો આ દેશમાં પૂર્વ ને પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ બધે જ દેખાયા કરે છે. એક ઠેકાણે બધું જ છે ને બીજે ઠેકાણે કશું જ નથી. એક ઠેકાણે સંપત્તિ ને સુખસાહ્યબીની રેલમછેલ છે ને બીજે ઠેકાણે એની એકદમ અછત છે. આવી વિરોધાભાસી અવસ્થામાંથી આપણે સર્વોદય કે સમાજવાદી સમાજરચનાની સ્થાપના કરવાની છે. કામ ધાર્યા જેટલું, માન્યા જેટલું ને વાતો અથવા યોજનાઓ કરવા જેટલું સહેલું નથી, છતાં પણ તેને પૂરું કર્યા વિના છૂટકો નથી. આપણે ઈચ્છીએ કે એક દિવસે-દિવસોના પરિશ્રમને અંતે એક ધન્ય દિવસે તે સફળ થાય. આ દેશમાં ને દુનિયાના બધા જ દેશોમાં જીવનની જરૂરી ચીજો સૌને બરાબર મળી રહે ને સૌ સુખી થાય.

**(૨)**

મસુરી સમુદ્ર સપાટીથી આશરે ૬૦૫૦ ફીટ ઉંચુ છે. ક્યાંક ક્યાંક ૭૦૦૦ ફીટથી વધારે ઊંચાઇ પણ છે. વરસાદના દિવસોમાં તે ખૂબ જ ઠંડુ થઇ જાય છે. વરસાદના દિવસોમાં લાગે છે પણ ઘણું અનેરૂં. વરસાદ પર્વતીય પ્રદેશ હોવાને લીધે પડે છે પણ ઘણો પરંતુ વરસાદ ના હોય ત્યારે ધુમ્મસના ગોટેગોટા ઊંચા ઊંચા પર્વતો, મકાનો તથા રસ્તાઓ પર બધે જ ફરી વળે છે. સાધારણ રીતે તો માણસને એવે વખતે ગમે પણ નહિ. પરંતુ એમાં પણ એક પ્રકારનો આનંદ છે. પર્વતીય પ્રદેશમાં રહેવાને ટેવાયેલા લોકો માટે એવું વાતાવરણ નવું નથી હોતું. એ વખતનું વાતાવરણ જોવા જેવું હોય છે. ઘડીમાં ધુમ્મસના ગોટેગોટા બધે પથરાઇ જાય ને જ્યાં જુઓ ત્યાં કોઇ નાટકનો પડદો પડે તેમ વિશાળ પડદો પડી જાય ને બીજી જ ઘડીએ અથવા થોડી વાર પછી એ બધું જ ધુમ્મસ વિખરાઇ જાય, અંધકારને બદલે બધે પ્રકાશ પ્રકાશ ફેલાઇ જાય

ને બધું ચોક્ખે ચોક્ખું દેખાવા માંડે. પરંતુ એ દેખાવ પણ કાયમને માટે થોડો જ રહેવાનો છે ? લશ્કર જેમ આગેકૂચ કરતું હોય તેમ વળી પાછું ધીમે ને ઝડપી ગતિથી ધુમ્મસ દોડાદોડ કરવા માંડે ને વળી પાછો જ્યાં જુઓ ત્યાં બધે જ પડદો પડી જાય. કોઇવાર વરસાદની ધારા પર ધારા પડવા માંડે તો કોઇ વાર વરસવાની સંભાવનાવાળા વાદળ વરસ્યા વિના જ પસાર થઇ જાય. કુદરતના એવા અનેરા અભિનયનું દર્શન કરીને અંતરને અવર્ણનીય આનંદ થાય.

તો પણ દિવસ કરતાં રાતે ઠંડી વધારે હોય છે. તેમાં પણ વરસાદ પડે છે ત્યારે તો ઠંડી ઘણી જ વધી જાય છે. ઠંડીનો સફળતાપૂર્વક સામનો કરવા લોકો વધારે ભાગે ઊનના ગરમ કપડાં પહેરે છે. બાકી સુતરાઉ વસ્ત્રોમાં સજ્જ લોકો પણ કેટલાય જોવા મળે છે. રંગબેરંગી પોશાક પહેરીને સાંજે ને સવારે સ્ત્રીપુરુષો રસ્તા પરથી પસાર થતા હોય છે ત્યારે દેખાવ અજબ જેવો લાગે છે. સ્ત્રી ને પુરુષોનું પ્રદર્શન ભરાયું હોય - કોઇ મોટો મેળો ભરાયો હોય તેવું લાગે છે. ખૂબ જ સરસ દૃશ્ય હોય છે.

મસુરી શહેર પ્રમાણમાં ચોક્ખું છે. રસ્તા મોટા, પાકા અને પહોળા છે. લાંબે લગી વિસ્તરેલા રસ્તા પર ફરવા જવાનો આનંદ ઓર જ હોય છે. ઠંડી વધારે હોવાથી શરૂઆતમાં કોઇને પાતળા મળ તથા શરદી જેવા વ્યાધિ થઇ જાય છે. તે માટે ઠંડીથી રક્ષણ મેળવવામાં મદદ કરે તેવા વસ્ત્રોની તથા આહાર વિહારમાં નિયમિત રહેવાની જરૂર પડે છે. અમને પણ - ખાસ કરીને માતાજીને શરૂઆતમાં પાતળા મળ શરૂ થયા. માતાજી જરા વધારે નરમ થઇ ગયા. પરંતું થોડાક દિવસોમાં જ તકલીફ દૂર થઇ ગઇ. વૈદ્યનાથ ફાર્મસીની ક્લોરોડીન નામની દવાએ એ બાબત બહુ જ ઉપયોગી કામ કર્યું. તે દવા ખરેખર અક્સીર લાગી. બે-ચાર વાર તેનો પ્રયોગ કરવાથી જ મળ બંધ થયા ને પૂરેપૂરી રાહત મળી. પછી તો તે દવાની એક બાટલી કાયમ માટે સામે ટેબલ પર જ રાખી મૂકતાં. એ ઠંડા પ્રદેશમાં તેનું મહત્વ એટલું બધું હતું. દવા અત્યંત અક્સીર હતી ને તેના પ્રમાણમાં ખાસ મોંઘી ન હતી. આજે તો બજારમાં જાત જાતની ને ભાત ભાતની દવાઓ દેખાય છે. અસલી દવામાં ભેળસેળ કરવાની ને નકલી દવા વેચવાની પ્રવૃત્તિ ધમધોકાર ચાલે છે. દવાઓ મોંઘી પણ એટલી બધી મળે છે કે સાધારણ માણસ તેનો લાભ ભાગ્યે જ લઇ શકે. દવા ને ડોક્ટર બંનેની કિંમત વધી પડી છે. માણસનું ધ્યાન દર્દીની દવા કે સારવાર કરતાં પણ પૈસા પેદા કરવા તરફ વધારે છે. આપણે આયુર્વેદને વધારે ને વધારે લોકપ્રિય ને વ્યાપક બનાવવું હોય તો એ અક્સીર બને, સુલભ બને ને વધારે ને વધારે સસ્તું છતાં સારું બને તેનું ધ્યાન રાખવું જોઇશે. તે ઉપરાંત, સત્તા અને પદપ્રતિષ્ઠાની હોડ અને આંતરિક મતભેદ, ઇર્ષા અને વૈમનસ્યને દૂર કરીને સૌના હિતસાધનને માટે સંયુક્ત પુરુષાર્થ કરવો જોઇએ.

(3)

સવારે ઊઠી પરવારીને બીજા બહારના કામમાં મન લગાડીએ તે પહેલાં દાતણની જરૂર પડે. હવે તો મોટા ભાગના માણસો આવા અને બીજા સ્થળમાં દાતણને બદલે કાયમને માટે બ્રશનો ઉપયોગ કરે છે. છતાં પણ જેમને દાતણ જોઇતા હોય તેમને માટે મસુરીમાં દાતણ નથી એમ નહિ. બજારમાં કેટલેક ઠેકાણે તેજમલના દાતણ વેચાય છે. પર્વતોમાં તેજમલના ઝાડ થાય છે. તેમાંથી એ દાતણ તૈયાર કરવામાં આવે છે. તે કાંટાવાળા હોય છે. કાંટા કાઢી નાખીને પછી જ તેનો ઉપયોગ થાય છે. તેજમલના એ દાતણ ભારે વિચિત્ર ને યાદગાર હોય છે. તેનાથી મોંમાં એક જાતની ઝણઝણાટી ઉત્પન્ન થાય છે ને સુંદર સુવાસ પેદા

થાય છે. થોડી જ વારમાં મોં બરાબર સાફ થઇ જાય છે. તે દાતણનો પ્રયોગ કરવા જેવો છે. અમે તો રોજ સવારે તેનો જ ઉપયોગ કરતા. તેજમલના ઝાડ પર્વતોમાં બધે જ ઠેકાણે કે બધા જ પર્વતોમાં નથી થતાં. અમુક ખાસ ઉંચાઇ પરના પર્વતોમાં થાય છે. દેવપ્રયાગ પાસેના દશરથાચલ પર્વત પર જતાં રસ્તામાં અમે તે ઝાડ જોયા હતા. ઊંચા પર્વતો પર તે પ્રમાણે દેવદાર, ચીડ ને ચિનારના ઝાડ પુષ્કળ પ્રમાણમાં થાય છે ને તે ઝાડ અહીં પણ જોવા મળે છે. તે ઉપરાંત, પાતળા ને લાંબા થડવાળા બીજા જાતજાતના ઝાડ પર્વતમાં બધે જ છવાયેલા છે. મકાનો પણ છૂટાછવાયાં અનેક જોવા મળે છે. લીલાંછમ પર્વતો છૂટાછવાયાં મકાનોને લીધે વધારે રમણીયતા ધારણ કરે છે.

ફુલોના વિશિષ્ટ બગીચા અહીં ક્યાંયે નથી દેખાતા. મકાનોમાં ક્યાંક ક્યાંક બગીચા છે તે જ. બજારમાં ક્યાંય ફુલ નથી મળતાં. શહેરથી દૂર દૂર એક તરફ મ્યુનિસિપલ ગાર્ડન છે પણ તે એટલું બધું આકર્ષક નથી. છતાં પણ સુંદર, પહોળા ને સ્વચ્છ રસ્તાને લીધે શહેર દેખાવડું લાગે છે. દુકાનો ને મકાનો પણ આધુનિક ઢબે સજ્જ છે. ઇંડા, માંસ ને દારૂનો વપરાશ અહીં ઘણા વધારે પ્રમાણમાં થાય છે. ઠંડા પ્રદેશમાં ગરમી ઉત્પન્ન કરવા એ બધું જરૂરી છે એમ કેટલાક માને છે ને કહી બતાવે છે. પણ તેમની માન્યતા બરાબર નથી. તેવા લોકો આદતના દાસ થઇ ગયા છે એટલું જ. બાકી ઠંડા પ્રદેશમાં એવી વસ્તુઓ જરૂરી છે એવું નથી. ઠંડા પ્રદેશમાં આજે પણ એવા કેટલાય લોકો છે જે એમના સિવાય સહેલાઇથી ચલાવે છે. એટલે એવી બધી દલીલોને છોડી દઇને માણસે પોતાનું જીવન વધારે ને વધારે સાદું, સંયમી, વ્યસન વિનાનું, સાત્વિક અને અહિંસક કરવાની જરૂર છે.

(૪)

પર્વત પર ને પર્વતની માળા વચ્ચે વસેલા આ શહેરમાં ઉત્સવો પણ નથી થતાં એમ નહિ. દરેક પ્રજાને પોતાના આગવા ઉત્સવો ને તેમને ઉજવવાની વિશેષ પદ્ધતિ હોય છે. કેટલાક રાષ્ટ્રીય તહેવાર પણ હોય છે ને તેમની ઉજવણી લગભગ બધે જ થાય છે. પંદરમી ઓગષ્ટનો દિવસ એવો જ ને મસુરીના સુંદર શહેરમાં તે બહુ જ સારી રીતે ઉજવવામાં આવે છે. વહેલી સવારે જુદી જુદી નિશાળોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીના સરઘસ નીકળે છે ને સાંજે મ્યુનિસિપાલીટીના વિશાળ હોલમાં કાર્યક્રમ યોજાય છે. કુતૂહલથી પ્રેરાઇને અમે પણ એ કાર્યક્રમ જોવા ગયા હતા. તે વખતે ત્યાં જુદી જુદી નિશાળો ને પાઠશાળાના છાત્રોની ગીત હરિફાઇ ચાલી રહી હતી. પ્રેક્ષકો મોટી સંખ્યામાં ભેગા થયા હતા ને અવાજ કે કોલાહલનો પાર ન હતો. મસુરી જેવા આગળ પડતા શહેરના વિદ્યાર્થી ને નાગરિકો આવી અશાંતિ ઉભી કરે ને અસભ્ય રીતે વર્તે ને તે પણ પંદરમી ઓગષ્ટ જેવા ગંભીર દિવસે, તે જરા દુઃખ થાય તેવું હતું. પરંતુ એ તો આપણી દેશવ્યાપી અસભ્યતાનો પડઘો હતો. દેશે આઝાદી મેળવી છે પરંતુ હજી વિનય, વિવેક, પ્રામાણિકતા, દેશપ્રેમ ને શિષ્ટાચારની બાબતમાં પ્રજાએ ઘણું ઘણું શીખવાનું છે. આવા રાષ્ટ્રીય ઉત્સવોની બાબતમાં પણ આપણે શિસ્ત કેળવવાની છે. ઉત્સવોને દિવસે આપણે સરઘસ કાઢીએ, કાંતીએ, લાઇટ કરી મકાનોને શણગારીએ, પ્રાર્થના અને ચર્ચા ને બીજા કાર્યક્રમ કરીએ તેની હરકત નથી. પરંતુ બાકીના દિવસોમાં સ્વચ્છંદી ને નિયંત્રણ રહિત જીવન જીવવાની જરૂર નથી. આપણું આખુંય જીવન સેવામય, શિસ્તબદ્ધ અને આદર્શ

બનાવવાની આપણી નેમ હોવી જોઇએ. તે માટે જાગ્રત રહીને આપણે મહેનત કરવી જોઇએ. દેશનું મુખ ત્યારે જ ઉજ્જવળ થઇ શકે. જે સારું છે તેને રોજિંદા જીવનમાં ને કાયમ માટે વણી લેવાની આવશ્યકતા છે.

જન્માષ્ટમી ને નાનક જયંતિના દિવસો પણ મસુરીમાં બહુ ભાવપૂર્વક ઉજવવામાં આવે છે. તે દિવસે સરઘસ કાઢીને શહેરના મુખ્ય માર્ગે ફેરવવામાં આવે છે. સરઘસમાં અંગકસરત ને જાદુના પ્રયોગો તથા તલવાર ને છરાના દાવ કરવામાં આવે છે. શહેરની જુદી જુદી સંસ્થાઓ એ કાર્યક્રમમાં ભાગ લે છે. ઉત્સવ, પર્વ કે જયંતિના દિવસોને નિમિત્તરૂપ બનાવીને લોકો એ રીતે બને તેટલો આનંદ કરે છે.

નવરાત્રીના દિવસો દરમ્યાન મસુરીમાં દસેક દિવસનો મોટો ઉત્સવ થાય છે. તેને ઓટમ ફેસ્ટીવલ કહે છે. તે વખતે પર્વતોની અંદરના લોકો ઘણી મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ભાતભાતના પોશાક પહેરીને ટોળે વળતા એ લોકો પર્વતીય સભ્યતાનો પરિચય કરવા માગનારને અત્યંત કીમતી સામગ્રી પૂરી પાડે છે. એ દિવસોમાં પર્વતોના બીજા કેટલાક પ્રદેશોમાં થાય છે તેમ રામલીલાનો કાર્યક્રમ પણ કરવામાં આવે છે. રાતે મોડે સુધી રામલીલાનો રસિક કાર્યક્રમ ચાલ્યા કરે છે ને તેનો લાભ લેવા અત્યંત ઠંડી હોવા છતાં અનેક લોકો ભેગા થાય છે. નવરાત્રી શરૂ થતાં પહેલાં શ્રાદ્ધ પક્ષના પ્રારંભથી જ મસુરીમાં ઠંડીનું પ્રમાણ વધી જાય છે ને વાતાવરણ બદલાઇ જાય છે. સાંજે છ વાગે અંધારુ થવા માંડે છે ને બહાર નીકળનારે ભારે હિંમત ને તૈયારી સાથે નીકળવું પડે છે. છતાં કોઇ કોઇ વિરલા પ્રવાસી એ ઋતુમાં પણ ત્યાં આવી પહોંચે છે. એ વખત અત્યંત ઠંડો છતાં સુંદર અને આહ્‌લાદક હોય છે. વરસાદે હવે વિદાય લીધી હોવાથી આકાશ તદ્દન સ્વચ્છ વાદળ વિનાનું થઇ ગયું હોય છે ને પર્વતો અત્યંત રળિયામણું રૂપ ધારણ કરીને ઊભા રહ્યા હોય છે. ઠંડી ને કારમી ઠંડીને સહન કરવાની હિંમત કે શક્તિ હોય તો પ્રવાસને માટે એ વખત પસંદ કરવા જેવો છે.

ઓટમ ફેસ્ટીવલનું ઉદઘાટન એ વરસે - ઇ. સ. ૧૯૫૮માં ભારતના ગૃહપ્રધાન પંડીત ગોવિંદ વલ્લભ પંતને હાથે કરાવવામાં આવ્યું. તે નિમિત્તે તેમને જોવાનો લાભ મળી શક્યો. તેમનું શરીર ખૂબ જીર્ણ ને અશક્ત જેવું દેખાતું. બોલતી વખતે પણ તેમને કંપ થતો. દેશના મુખ્ય મુખ્ય અનુભવી નેતાઓ મોટી ઉંમરને લીધે આ રીતે શારિરીક અશક્તિવાળા છે. છતાં તે દેશસેવાના મહત્વના કામમાં બનતો ફાળો આપી રહ્યાં છે. ભવિષ્યમાં દેશને સારા અનુભવી નેતા વિના મુસીબતમાં મુકાવું ના પડે તે માટે નાની ઉંમરના નેતાને તૈયાર કરવાની ખૂબ ખૂબ જરૂર છે, એમ મને તે વખતે લાગ્યા વિના રહ્યું નહિ. જૂના નેતાઓની દોરવણી નીચે તે સારી રીતે ઉછરી શકે એમાં સંદેહ નહિ.

શ્રી વલ્લભભાઇ પટેલ છેલ્લે છેલ્લે મસુરી આવતા ત્યારે બિરલા હાઉસમાં રહેતા એવું મેં સાંભળ્યું હતું. ગાંધીજી પણ ત્યાં ઉતરતા. કુતૂહલથી પ્રેરાઇને એક દિવસ અમે એ બાજુ ફરવા ગયાં. પણ બિરલા હાઉસ કંઇ પાસે નથી. ગાંધી ચોકથી કેટલેય દૂર જઇએ ત્યારે ચાર્લીવેલી હોટલ આવે છે. ત્યાંથી કાચા રસ્તા પર લાંબે લગી ચાલવું પડે છે. ત્યારે ભારે તપ કર્યા પછી સાધકને જેમ સિદ્ધિ મળે તેમ બિરલા હાઉસના દર્શન થાય છે. મકાન ઘણું સુંદર ને ભવ્ય છે. પરંતુ આજુબાજુનું વાતાવરણ એટલું આકર્ષક ના લાગ્યું. પર્વતની છેક ખીણમાં આવેલી એ જગ્યા કુદરતી સૌંદર્યની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર ના જણાઇ. એટલે માત્ર તે સ્થાન સુધી ફરવા જવાનો સંતોષ માણીને અમે પાછાં ફર્યાં.

(૫)

મસુરીના નિવાસ દરમ્યાન એક બીજો પણ નોંધપાત્ર બનાવ બન્યો. મદ્રાસથી લાભુબેન જગન્નાથપુરી ને કાશી જેવા તીર્થોની યાત્રાએ નીકળેલા. તે ફરતાં ફરતાં અમારી પાસે આવી પહોંચ્યા. તેમના ભાઇ પણ તેમની સાથે હતા. તે લગભગ બારેક દિવસ અમારી પાસે રહ્યાં. વરસોથી તે મદ્રાસ જવા માટે સંદેશા મોકલતાં. પરંતુ એક યા બીજા કારણે ને ખાસ તો ઇશ્વરની ઇચ્છા ના હોવાને લીધે જઇ શકાતું ન હતું. આ વખતે તો બંને ભાઇબેને રૂબરૂ આવીને ખાસ આગ્રહ કર્યો ને પ્રભુની પ્રેરણા પણ મળી ગઇ એટલે દિવાળી પર કે દિવાળી પછી જ્યારે પણ અનુકૂળતા મળે ત્યારે મદ્રાસ જવાની વાત મેં મંજૂર રાખી.

મસુરીમાં જોવા જેવી જગ્યાઓમાં લાલ ટિબ્બા, ગન હિલ, કેમ્પટી ફોલ, ભટ્ટા ફોલ, મ્યુનિસિપલ ગાર્ડન વગેરે ખાસ ગણાય છે. અહીં આર્યસમાજની શાખા ને સનાતન ધર્મનું મંદિર પણ છે. સનાતન ધર્મશાળા પણ છે. તેની બાજુમાં ગુરુદ્વારા પણ છે. ઉપરાંત ખ્રિસ્તી મંદિર કે ચર્ચ ઘણાં છે. ખાસ કરીને રવિવારે ત્યાં પ્રાર્થનાદિ થાય છે. તે વખતે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ ને બીજા માણસો મોટી સંખ્યામાં ભેગા થાય છે. પંજાબી, શીખ ને બીજા યુવાનોને સરઘસાકારે ચર્ચમાં જતાં જોઇને મને થયું કે શીખ ધર્મ ને સનાતન ધર્મમાં એવું શું નથી કે જેથી આ યુવાનોને ખ્રિસ્તી ધર્મનું શરણ લેવું પડ્યું ! તોપણ જે શાંતિ ને ઉત્સાહથી નિયમિત રીતે આ બધા ચર્ચમાં એકઠા થાય છે એ આવકારદાયક ને અનુકરણીય છે. આપણે ત્યાં આવી નિયમિતતા ને આવા ઉત્સાહથી ધર્મસ્થાનોની મુલાકાત લેનારા કેટલા ? ભણેલા કે ભણવા માંડતા ને સંપન્ન લોકો વધારે ભાગે ધર્મથી વિમુખ થયેલા ને થતા દેખાય છે. ધર્મનો સાર જીવનને ધર્મમય બનાવવાનો છે એ સાચું છે, પરંતુ એ અંગે આપણે ત્યાં ખાસ પ્રગતિ થઇ હોય તેમ નથી દેખાતું. ધર્મને જીવનનું અગત્યનું અંગ માનનારા, ધર્મસ્થાનો ને ધર્મપુરુષો પ્રત્યે આદરભાવ રાખનારા, ને જીવનને ધર્મમય કરવા પ્રામાણિકપણે પુરુષાર્થ કરનારા માણસોની આપણને આવશ્યકતા છે. ધર્મ જો જીવનમાંથી કપાઇ જશે તો માણસમાં માણસાઇ જેવું કાંઇ નહિ રહે. તે પશુથી પણ પામર, હીન ને બદતર બની જશે.

મસુરીમાં હેકમન હોટલથી થોડેક આગળ એક મકાનમાં હાથે દોરેલાં ચિત્રોનું પ્રદર્શન યોજાતું. પહેલાં તો મને થતું કે આ કોઇ સાધારણ ચિત્રોનું પ્રદર્શન હશે. પરંતુ એકવાર મેં ને માતાજીએ તે જોયું ત્યારે જ ખબર પડી કે તેની મહત્તા ધાર્યા કે માન્યા કરતાં ઘણી વધારે છે ને ચિત્રકળાના રસિકોએ ને સામાન્ય માણસોએ પણ તે ખાસ જોવા જેવું છે. ચિત્રકારે વધારે ભાગે ગાંધીજી, નહેરુજી, સરદાર, ટાગોર અને એવા બીજા દેશનેતાનાં જ ચિત્રો દોરેલાં છે. પરંતુ એ એટલા બધા આબેહુબ, સજીવ કે સરસ છે કે વાત નહિ. બુદ્ધના ગૃહત્યાગનાં ને બીજાં એવાં થોડાં પ્રસંગચિત્રો પણ એટલાં જ આકર્ષક છે. તે જોઇને આપણું અંતર આનંદથી ઉભરાઇને ઓતપ્રોત બની જાય છે ને બોલી ઉઠે છે કે ચિત્રકાર કોઇ બજારુ કે સામાન્ય ચિત્રકાર નથી પરંતુ ઉત્તમ કક્ષાના કલાકાર છે ને ચિત્રકળા તેમને વરેલી છે. આપણા વિશાળ દેશમાં ખૂણેખાંચરે આવાં કેટલાં કલાકાર રત્નો હશે તેની કોને ખબર છે ? દરેકને પ્રોત્સાહન મળે જ છે એમ નથી હોતું; ને કેટલાયની કળા ઉત્સાહ કે પોષણ ના મળવાથી કે બીજા કોઇ કારણે અકાળે કરમાઇ પણ જાય છે, તો કેટલાકની અર્ધવિકસિત અથવા અવિકસિત અવસ્થામાં જ રહી જાય છે. ગમે તેમ પણ ચિત્રોનું એ પ્રદર્શન જોઇને અમને અત્યંત આનંદ થયો. દેશમાં આવા ઉત્તમ કલાકારોનું સન્માન કે બહુમાન કરવામાં આવે એ અત્યંત આવશ્યક છે. તેથી તેમનું ને દેશનું હિત જ સધાશે.

વરસાદના દિવસોમાં મસુરીની શોભા જોવા જેવી હોય છે. ધુમ્મસ, વાદળ, વરસાદ, ઉઘાડ તથા તાપના નવા નવા પડદા ક્રમેક્રમે પડ્યે જાય છે. નવા પ્રવાસી કે મુલાકાતી તો એથી ગભરાઇ જ જાય છે. વરસાદમાં ઠંડી પણ વધી પડે છે. આ વરસે તો વરસાદ પહેલેથી જ સતત અને સખત રીતે પડ્યા કરતો. છેક શ્રાદ્ધ પક્ષમાં આકાશ રોજ રોજ ઉઘાડું રહેવા માંડ્યું. તો પણ ત્રણ મહિનાનો મસુરીનો નિવાસ અમારે માટે અત્યંત અનુકૂળ અને આનંદદાયક રહ્યો. 'મા'એ અને સાંઇબાબા જેવા સમર્થ પુરુષે અમારે માટે જે નવું સ્થાન આગલા વરસે નક્કી કર્યું હતું તે અમને ગમી ગયું.

'મા'ની પ્રેરણા પ્રમાણે આસો સુદી પાંચમે મસુરીથી નીકળીને અમે ઋષિકેશ પહોંચ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૮. મસુરીથી ઋષિકેશ

**(૧)**

આત્મકથાનું ક્રમિક વાંચન-મનન કરનારાને 'મા'ની પ્રેરણા પ્રમાણે - એ ગયા પ્રકરણને અંતે લખેલા શબ્દો કાંઇ નવા નહીં લાગે. મારું જીવન વરસોથી ખરેખર એ રીતે જ ચાલે ને તે વાત આ કથા પરથી સહેજે સમજી શકાશે. 'મા' જ તેને પ્રેરે છે, દોરે છે કે ચલાવે છે. એટલે પ્રેરણા શબ્દને કેવળ લખવા ખાતર નથી લખતો. તેને લખવાની ટેવ પડી છે એમ પણ નથી. આધ્યાત્મિક પુરુષો કે સાધકોના જીવનમાં અત્યંત વિરલ કે ભાગ્યે જ આવતી અંતઃપ્રેરણા કે ઇશ્વરીય આદેશની આવી વાતો મારા જીવનમાં ડગલે ને પગલે આવે છે ને તેમનો ઉલ્લેખ મેં ઠીક લાગ્યો ત્યાં ત્યાં કરી બતાવ્યો છે. તેની પાછળ મારી વ્યક્તિગત વિશેષતાને કહી બતાવવાનો લેશ પણ ખ્યાલ નથી; પરંતુ જે સત્ય હકિકત છે તેને રજૂ કરવાની જ દૃષ્ટિ છે. ઇશ્વરી શક્તિ જીવનમાં કેવી રીતે કામ કરે છે ને મદદરૂપ બને છે તેનો ખ્યાલ આપી, એ રીતે તેનો થોડોઘણો મહિમા બતાવી, તેના પ્રત્યે પ્રેમ, વિશ્વાસ અને આદરભાવ ઉત્પન્ન કરવાનો ગૌણ વિચાર પણ તેની પાછળ કામ કરી રહ્યો છે. આત્મિક વિકાસને પંથે પ્રવાસ કરનારની ઇચ્છા રાખનારાને તે વત્તેઓછે અંશે કામ લાગશે એવી આશા છે. તેમ થશે તો આ પંથના એક શરૂઆતના ને સાધારણ પ્રવાસી તરીકે મને ખરેખર આનંદ થશે.

આત્મકથાનું લેખન બીજા પ્રકારના લેખનથી સહેલું છે કે અઘરું એ પ્રશ્નને છોડી દઇએ અથવા અણઉકલ્યો જ રહેવા દઇએ તો પણ એક વાત તો નક્કી ને વિવાદ વગરની છે કે આત્મકથાનું લેખન હાથવણાટની કે એવી કોઇ કળાની જેમ અત્યંત શાંતિ, સમજ ને સંયમ સાથે કરવું પડે છે, ને તેથી ભારે ધીરજ, હિંમત ને વિવેચનશક્તિ માગી લે છે. જીવનના ઇતિહાસને જેવો છે તેવો રજૂ કરવાની વૃતિ કે દૃષ્ટિ આત્મકથાના આલેખનકારે નજર સામે રાખવાની આવશ્યકતા છે. વાસ્તવિકતાને વધારીને ના હોય તેવા સ્વરૂપમાં રજૂ કરવાની અથવા તો વાસ્તવિકતાને કોઇ કારણે વેરવિખેર કરીને, કાપીને કે ઘટાડી દઇને બીજા રૂપમાં ચીતરવાની એ ઉભયવિધ વૃત્તિ, દૃષ્ટિ અથવા તો આદતમાંથી એણે મુક્તિ મેળવવાની જરૂર છે. નહિ તો તે સાહિત્યને સારુ સાહિત્ય સમજી શકશે પરંતુ જીવનનો ઇતિહાસ નહિ આપી શકે કે જીવનને ન્યાય પણ નહિ કરી શકે.

બીજી વાત એ પણ છે કે દરેક લેખકને પોતાનો આગવો જીવનઇતિહાસ હોય છે. તેમાં કેટલાય મુદ્દાઓ નવા લાગે તેવા ને સામાન્ય લોકો જલ્દી ના સમજે ને ના સ્વીકારે તેવા હોય છે. તેમાંથી કોઇને માટે વિવાદ કે શંકા પણ થવાનાં. પણ તેનો જ વિચાર કરીને લેખકે - ને ખાસ કરીને આત્મિક સાધનાના લેખકે પોતાની હકીકતને વિકૃત રૂપે રજૂ કરવાની કે છેક જ છૂપાવવાની જરૂર નથી. ઊંડા વિચાર પછી જીવનનો જે ઇતિહાસ તેને રજૂ કરવા જેવો લાગે તે તેણે પૂરી પ્રામાણિકતાથી રજૂ કરવો જોઇએ. લોકોના આઘાત પ્રત્યાઘાતોનો વિચાર તે ભલે કરે પરંતુ તેથી જ પ્રેરાઇને કે પ્રભાવિત થઇને લખવા બેસે નહિ. તેથી જ એ કામમાં ભારે ધીરજ, હિંમત, સંયમ, સમજ ને શાંતિની આવશ્યકતા પડે છે એ વાતનો ઉલ્લેખ આપણે આગળ ઉપર કરી ગયા છીએ.

હવે ઋષિકેશની પુણ્યભૂમિમાં પ્રવેશ કરીએ.

આ વરસે ઋષિકેશમાં પરિસ્થિતિ જરા જુદી હતી. દર વખતે તો ભરત મંદિરની ધર્મશાળામાં રહેવાનું થતું પરંતુ આ વખતે બીજી જગ્યા શોધવી પડે તેમ હતી. અમે જે ઓરડીમાં દરેક વખતે રહેતા તે ઓરડી મંદિરના કોઇક કર્મચારીને રહેવા માટે લાંબા વખતથી અપાઇ ગઇ હતી. ધર્મશાળામાં બીજા ઘણાં ઓરડા હતા ને તે ખાલી પણ રહેતા પરંતુ અમે જેમાં રહેતા તે જગ્યા બીજી બધી જ રીતે અનુકૂળ હોવાથી બીજે રહેવાનું મન ના થાય તે સાવ સ્વાભાવિક હતું. ભરત મંદિરના મેનેજર શ્રી ભટ્ટજીને અમારા પર પ્રેમ હતો. તે પ્રેમથી પ્રેરાઇને તેમણે અમારે માટે ઋષિકેશના રાધાકૃષ્ણ મંદિરમાં રહેવાની વ્યવસ્થા કરેલી પરંતુ તે સ્થાન સારું છતાં વસ્તીની વચ્ચે હતું. તેથી ત્યાંના મહંતનો પ્રેમ હોવા છતાં અમે ત્યાં રહેવાની વાતને પડતી મૂકી, ને ભગવાન આશ્રમમાં રહેવાનું નક્કી કર્યું. ભગવાન આશ્રમનું સ્થાન પણ જો કે વસ્તીમાં હતું પણ પહેલાનું પરિચિત હોવાથી ઘણું અનુકૂળ રહ્યું ને દોઢેક મહિના જેટલો સમય ત્યાં અત્યંત શાંતિ ને પ્રસન્નતાપૂર્વક પસાર થઇ ગયો. સ્થાન એકદમ સ્વચ્છ ને વ્યવસ્થાવાળું હોવાથી ગમી ગયું.

આ વખતે સાધના અથવા 'મા'ની વિશેષ કૃપાને માટે પહેલેથી જ નવરાત્રિનું વ્રત ને તે દરમ્યાન ઉપવાસ કરવાનો વિચાર હતો પણ ગયા વરસની જેમ આ વરસે પણ 'મા'એ પ્રેરણા આપીને ઉપવાસ કરવાની ના પાડી તેથી ઘણી ઘણી ઇચ્છા હોવા છતાં ઉપવાસનો વિચાર પડતો મૂક્યો.

એ માટેના અનુભવ તારીખ ૨૮-૯-૧૯૫૮ સવારે સાડા છ વાગ્યે ને તારીખ ૧-૧૦-૧૯૫૮ બુધવારે સવારે સાડા છ વાગ્યે થયા હતા. આ રહ્યા એ અનુભવ -

'મા'એ દર્શન આપ્યુ એટલે દેહાતીત દશામાં આ પ્રમાણે વાતચીત થઇ :

કહો કે હવે અહીંથી ક્યારે નીકળું ? પાંચમે નીકળું નવરાત્રીમાં ?

કહે, હા. પાંચમે નીકળજો.

પછી ઋષિકેશ જાઉં ?

હા.

ત્યાં ક્યાં રહું ?

ભગવાન આશ્રમમાં.

ત્યાં ફાવશે ?

હા. ફાવશે.

તો પાંચમ સુધી અહીં ને પછી નવરાત્રિમાં ઋષિકેશ રહું એમ ને ?

હા. 'મા'એ ઉત્તર આપ્યો.

બીજો અનુભવ આપીને 'મા'એ કહ્યું કે નવરાત્રીમાં ઉપવાસ કરવાની જરૂર નથી.

એટલે અનુભવ દર વખતે પોતાની ઇચ્છા પ્રમાણે જ મળે છે એમ નથી સમજવાનું. જેની ઇચ્છા કે કલ્પના ના હોય એવા અનુભવ પણ પ્રાપ્ત થાય છે. તે આપવા - ના આપવામાં જે દૈવી શક્તિ આપણી પાછળ કામ કરે છે તે સંપૂર્ણ સ્વતંત્ર છે. આપણું કામ તો એની ઇચ્છાને અપનાવવાનું ને અનુકૂળ થઇને જીવવાનું છે. એમાં ઓછું આત્મસમર્પણ નથી જોઇતું. ખાસ કરીને ઇચ્છાને અનુકૂળ ના હોય તેવી પ્રેરણા મળે

ત્યારે જ સાધકની ખરેખરી કસોટી થાય છે. મારે માટે એ વાત નવી ન હતી એટલે ઘણી ઇચ્છા હોવા છતાં 'મા'ની મંજૂરી ના મળવાથી મેં ઉપવાસનો વિચાર પડતો મૂક્યો.

પરંતુ સાધનાની લગન કાંઇ એથી ઓછી મટે છે ? ઉપવાસ થાય કે ન થાય પણ તે તો સાવ સહજ કે સ્વાભાવિક હોવાથી ચાલુ જ રહેવાની. નદી જ્યાં સુધી દરિયાને મળે નહિ ત્યાં સુધી તેનો પ્રવાસ કર્યા જ કરે છે, તે પ્રમાણે તેનું પણ સમજી લેવાનું છે. સંપૂર્ણ સફળતા સુધી તેની સફર ચાલુ જ રહેવાની. એવી સફર કાંઇ ઓછું મનોબળ નથી માગી લેતી. તેમાં અનન્ય નિષ્ઠા, હેતુની પ્રામાણિકતા ને ભારે જાગૃતિની જરૂર પડે છે. પ્રભુની કૃપા સિવાય એ બધાનું જતન કરવાનું કામ ખરેખર મુશ્કેલ થઇ પડે છે. નવરાત્રીના બધા દિવસો બીજા અનેક દિવસોની જેમ એ વખતે પણ મેં સતત પ્રેમપૂર્ણ પ્રાર્થનામાં જ પસાર કર્યા.

ઋષિકેશમાં એ વખતે દિવાળી પહેલાં ઠંડીનું પ્રમાણ ઘણું ઓછું લાગ્યું પરંતુ દિવાળી પછી ઋતુમાં ઝડપી પરિવર્તન થઇ ગયું. ઠંડી ઘણી જ વધી પડી. છતાં પણ રોજ સવારે ગંગાસ્નાનનો અમારો કાર્યક્રમ ચાલુ જ રહ્યો. ઋષિકેશ પર્વતની તળેટીમાં છે તો પણ અત્યંત આકર્ષક અને સુંદર લાગે છે. ગંગાનો નિર્મળ પ્રવાહ પર્વતીય પ્રદેશની સંકડામણવાળી કેડીને છોડીને અહીં પહેલી જ વાર વિશાળ બને છે ને પર્વતની પાસે વિસ્તરેલાં વિશાળ મેદાનમાં પ્રવેશ કરે છે. તેથી અત્યંત હૃદયંગમ લાગે છે. પર્વતો ગંગાને લીધે શોભે છે કે ગંગા પર્વતોને લીધે એ કહેવું મુશ્કેલ છે. છતાં પણ કહેવા ખાતર કહીએ કે બંને એકમેકને લીધે સમૃદ્ધ લાગે છે ને શોભે છે. જેમ કોઇ સુંદર કવિતા કે નાટકનો સ્વાદ લેતાં ધરાવાય નહિ તેમ તેનો રસ પીતાં પણ તૃપ્તિ ના થાય. ગંગાને કાંઠે કલાકો સુધી બેસી રહો પણ કંટાળો ના આવે. ઉલટું, શાંતિ થાય ને ઉઠવાનું મન જ ના થાય. મનની સ્થિરતા ત્યાં સહેજે સધાઇ જાય.

**(૨) મુંબઈ-સરોડા થઇને હિમાલય**

મદ્રાસનો બે મહિના જેટલો સઘળો સમય ખૂબ જ શાંતિમય પસાર થઇ ગયો. છેવટે અમે મુંબઈ પહોંચ્યા. મુંબઈ બહુ થોડા દિવસો માટે જ રહેવાનો વિચાર હતો એટલે દર વખતની પેઠે સેનેટોરિયમની વ્યવસ્થા કરવાને બદલે અમે માધવબાગના મુળજી નિવાસમાં જ મુકામ કર્યો.

તે પછીના ચાર મહિના અમારે સરોડામાં જ રહેવાનું થયું. તે દરમ્યાન મેં વરસની શરૂઆતમાં શરૂ કરેલું ઉપનિષદ પરનું લખાણ 'ઉપનિષદનું અમૃત' પૂરું કર્યું. વળી તે દરમ્યાન છેલ્લા દિવસોમાં પ્રેમી ભાઇ ચંપકભાઇની મદદથી એકાદ બે પ્રકાશકોની મદદથી થોડુંક સાહિત્ય છપાવવા માટે સાધારણ જેવો પ્રયાસ પણ કરી જોયો. એ બાબત ચંપકભાઇએ ઘણો સારો ઉત્સાહ બતાવ્યો. બે વાર તો તે સરોડા પણ આવી ગયા. છેલ્લે છેલ્લે એમના એક પ્રકાશક મિત્રને લઇને તે મને મળવા ને બધું નક્કી કરવા પણ આવવાના હતા પરંતુ પેલા ભાઇની તબિયત એકાએક બગડવાથી તે ના આવી શક્યા. એમ તે પ્રયાસ ને બીજા પણ બે પ્રયાસ એક યા બીજા કારણથી નિષ્ફળ ગયા.

સરોડા ગામ છેક નાનું ને ત્યાં રહેવાનું મકાન શાંતિમય અને એકાંતમાં હોવાથી વરસો વરસ ત્યાં રહેવાનું ગમતું ને ફાવતું પણ ખરું. ગયે વરસે બાકી રહેલી ગીતાની વિચારણા આ વરસે ફરી ચાલુ કરી ને ચાર મહિનામાં દસથી માંડીને તેરમા અધ્યાયના અર્ધ ભાગ સુધી આવી પહોંચ્યા. રોજ બપોરના ચારથી પાંચના એ સત્સંગ દરમ્યાન ઘણાં રસિક ને જિજ્ઞાસુ ભાઇબેનો આવતા હતા. બેન તારાબેન તથા બાળકો

પણ અમારી સાથે જ હતાં. ઉનાળાની રજામાં ભાઇ અંબાલાલે મણિનગર મકાન રાખ્યું એટલે તે બધાં અમદાવાદ ગયાં. તેમને ત્યાં ને નડિયાદ થોડો વખત રોકાઇને અમે અષાઢ સુદ એકમને દિવસે સવારે હિમાલય માટે પ્રસ્થાન કર્યું. એ વખતે તારાબેનને સુવાવડ આવવાની હતી. એટલે માતાજીનું મારી સાથે આવવાનું અનિશ્ચિત હતુ. પરંતુ બેન સમરથ સરોડાથી બેનની સેવાસુશ્રુષા સારુ આવી પહોંચ્યા એટલે તેમને રાહત મળી ને શાંતિ થઇ. બેન સમરથ અત્યંત પ્રેમી, સમજુ ને સેવાભાવી હોવાથી બેનનો બધો ભાર ઉપાડી લે તેમ હતા. માતાજીને તેમણે ભારે ભાવપૂર્વક વિદાય આપી. પ્રભુ જે કરે તે સારાને માટે માનીને અમે હિમાલય માટે વિદાય થયા. ગયા વરસની જેમ એ વખતે પણ પ્રથમથી જ ઇશ્વરી આદેશ મળી ચુકેલો એટલે એને અનુલક્ષીને અમારે મસુરી જ જવાનું હતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪૯. અદભૂત અનુભૂતિ : સિદ્ધિપ્રાપ્તિ

### (૧) અલૌકિક નામકરણ

કાળચક્ર પોતાનું કાર્ય અબાધિત રીતે કર્યે જ જાય છે. એને એક વિપળનો પણ વિશ્રામ નથી. દિવસો એક પછી એક પાણીના પ્રવાહની પેઠે પવનવેગે પસાર થતા ગયા અને જોતજોતામાં ઇ. સ. ૧૯૬૦નું વર્ષ પણ આવી પહોંચ્યું. કાળની ગણતરીની દૃષ્ટિએ સઘળાં વરસો સરખાં હોય છે પરંતુ જીવનના વ્યક્તિગત વિકાસની દૃષ્ટિએ એમનામાં ફેર પડે છે. વિકાસની દૃષ્ટિએ જોતાં અથવા મૂલવતાં કેટલાંક વરસો શકવર્તી બને છે, ચિરસ્મરણીય ઠરે છે, અને ચિરસ્થાયી અમીટ અસર પહોંચાડે છે. એમનો ફાળો ઘણો અગત્યનો હોય છે. જીવનમાં એ અમોઘ અમુલખ આશીર્વાદ થઇને અથવા દેવતાના દિવ્ય વરદાન બનીને આવતા હોય છે. ઇ. સ. ૧૯૬૦નું વરસ મારા જીવનનું એવું જ આશીર્વાદરૂપ વરસ સાબિત થયું.

એ વરસે ઇશ્વરકૃપાથી મારા લખેલા પુસ્તકોમાંના બે પુસ્તકો 'અનંત સૂર' અને 'સરળ ગીતા'ના પ્રકાશનની યોજના તૈયાર થઇ. 'અનંત સૂર'ને મુંબઈના શ્રી શાંતિલાલ દલાલ પોતાની ધર્મપત્નીની પુણ્યસ્મૃતિમાં પ્રસિદ્ધ કરાવવા માગતા હતા, તો 'સરળ ગીતા'નું પ્રકાશન શ્રી જટાશંકરભાઇ તથા ધનેશ્વરભાઇના સંયુક્ત સહયોગથી થવાનું હતું. એને માટેની ભૂમિકા સર્વપ્રકારે સાનુકૂળ હતી, ત્યારે મારી સમક્ષ એક અનોખી સમસ્યા ઊભી થઇ. એ સમસ્યા મારા નામની હતી. નાનપણથી મળેલું નામ મને એટલું બધું અનુકૂળ નહોતું લાગતું. એટલે બીજા કોઇ મિતાક્ષરી સારવાહી નામને અપનાવવાની ઇચ્છા હતી. એ ઇચ્છાથી પ્રેરાઇને જુદા જુદા નામો પર વિચાર કરવા માંડ્યો. કક્કાના જુદા જુદા અક્ષરો પરથી કયાં કયાં નામો બની શકે અને એ નામોમાંથી કોઇ નામ મને અનુકૂળ થઇ શકે કે કેમ તેની વિચારણા કરવાનો આરંભ કર્યો. એવી રીતે દિવસો સુધી યથામતિ યથાશક્તિ વિચારણા કરી તો પણ એક નિશ્ચિત મનપસંદ નામનો નિર્ણય ના કરી શકાયો, ત્યારે શું કરવું તે ના સમજાયું. વ્યક્તિગત રીતે કોઇપણ પ્રકારના નિશ્ચય પર અથવા નિશ્ચયજન્ય સુખદ સમાધાન પર પહોંચવાના મારા સઘળાં પાર વિનાનાં પ્રયાસો નિષ્ફળ નીવડ્યાં ત્યારે મેં પરમાત્માની સર્વોપરી સર્વશક્તિમાન સર્વજ્ઞ શક્તિનું શરણ લઇને એની પ્રેમપૂર્ણ પ્રાર્થના દ્વારા એની મદદ માગી. જગદંબાને વિનવણી કરી કે મારે માટે જે પણ ઉચિત હોય તે નામ મારી ઉપર અલૌકિક અનુગ્રહની વર્ષા વરસાવતાં મને પ્રદાન કરો.

થોડા દિવસની પ્રેમપૂર્વકની સતત પ્રાર્થના તથા ઉત્સુકતા પછી એક ધન્ય દિવસે વહેલી સવારે 'મા'ની કૃપા થઇ. ધ્યાનાવસ્થામાં 'મા'ના દૈવી દર્શનનો દેવદુર્લભ લાભ મળ્યો. ત્યારે 'મા'એ મને ચિંતાનું ને વેદનાનું કારણ પુછ્યું તો મેં જણાવ્યું કે મારે ક્યું નામ પસંદ કરવું તેની સમજ નથી પડતી.

'મા'એ સુધાસભર શાંત સ્વરે સત્વર સ્પષ્ટીકરણ કર્યું કે એમાં ચિંતા કરવા જેવું કે વ્યથિત થવા જેવું શું છે ? તમારે માટે 'યોગેશ્વર' નામ જ બરાબર છે. તે જ નામને અપનાવો. તે સર્વપ્રકારે યોગ્ય અને ઉત્તમ રહેશે.

'મા'ના એ અલૌકિક આદેશ અથવા નામકરણથી મારી સમસ્યા ઉકલી ગઈ. મને સંપૂર્ણ સંતોષ થયો. બુદ્ધિ તથા ચિંતનશક્તિને સુખદ સમાધાન સાંપડ્યું. તર્કવિતર્ક ટાઢા પડ્યા. ચિંતા તથા વેદના શાંત થઇ.

જગદંબાએ એવી અલૌકિક રીતે મને જે નામ આપ્યું એ મને પહેલાં કદી સ્ફુર્યું જ નહોતું. પરમાત્મા પોતાના શરણાગતને સર્વપ્રકારે સહાય કરે છે અથવા પથપ્રદર્શન પહોંચાડે છે એની એક વાર ફરીથી પ્રતીતિ થઇ.

પુસ્તકો એ જ નામે પ્રકાશિત થયા ત્યારે શ્રી શાંતિલાલ દલાલે મુંબઈના સુંદરાબાઇ હોલમાં એ વખતના 'જન્મભૂમિ' પત્રના તંત્રી શ્રી રવિશંકર મહેતાના પ્રમુખપદે અને અતિથીવિશેષ શ્રી મંગળદાસ પકવાસાની સંનિધિમાં શાનદાર સમારંભ યોજ્યો. એમણે એમના અનુરાગ અને આદરભાવને એવી રીતે વ્યક્ત કરી બતાવ્યો.

પુસ્તક પ્રકાશનની એ પવિત્ર પ્રેમપૂર્વક પ્રારંભાયેલી પ્રક્રિયા પછી તો એક અથવા બીજી રીતે પોષણ પામતી વધતી રહી. બીજમાંથી વિસ્તરતા વૃક્ષની જેમ અનેકને માટે તે આશીર્વાદરૂપ થઇ.

**(૨) સંસિદ્ધિની અલૌકિક અવસ્થા**

ઇ. સ. ૧૯૬૦નું વર્ષ સાધનાત્મક રીતે શકવર્તી નીવડ્યું.

જમીનમાં નાખવામાં આવતું બીજ બહાર ના દેખાય કે વૃદ્ધિ પામતું ના જોવાય તો પણ અંદરખાને પોતાની પ્રવૃત્તિ કર્યા કરે છે. એક ધન્ય સાર્થક ક્ષણે એ અંકુરના રૂપમાં બહાર ઊગી નીકળે ત્યારે અભૂતપૂર્વ આનંદ આપે છે. જેમને બીજના આરોપણની માહિતી નથી હોતી એમને અંકુરનો એ આવિર્ભાવ આકસ્મિક અને આશ્ચર્યકારક લાગે છે. પરંતુ કુદરતી કાનુનને સમજનારની ઉપર એવી પ્રતિક્રિયા નથી થતી. એ તો સ્પષ્ટતયા સમજે છે કે બીજ એના નૈસર્ગિક નિયમાનુસાર જ અંકુરના આકારમાં આવિર્ભાવ પામ્યું છે. આત્મિક સાધનાના ક્ષેત્રમાં પણ જુદા જુદા અવસર દરમ્યાન જે બીજારોપણ કરવામાં આવે છે એના અંકુરો, એના સિદ્ધિરૂપી ફળો કે સુપરિણામો તરત ને તરત જ નથી દેખાતાં. તો પણ એ બીજારોપણ નકામું નથી જતું. નૈસર્ગિક નિયમને અનુસરીને એ એક દિવસ અંકુરિત થાય છે, બહાર નીકળે છે અને દૃષ્ટિગોચર બને છે કે અનુભવાય છે ત્યારે અનેકને આશ્ચર્યચકિત કરે છે. મારા સાધનાત્મક જીવનમાં પણ એવો અસાધારણ અવસર આવી પહોંચ્યો. ઇ. સ. ૧૯૬૦ની શરૂઆતમાં સંસિદ્ધિની એક અલૌકિક અવસ્થાનો એકાએક આરંભ થયો. છેલ્લા કેટલાય વખતના, સુદીર્ઘ સમયના ઉપવાસ, પોકાર તથા પ્રાર્થનાવ્યાપાર જાણે કે સાર્થક અથવા સફળ થયા.

એ વખતે વહેલી સવારે સ્નાનાદિથી પરવારીને હું મુંબઈમાં વાલકેશ્વર પરના ખીમજી જીવા સેનેટોરિયમના મારા વિશ્રામખંડમાં બેઠેલો ત્યારે પરમાત્માની જે પરાત્પર સર્વસમર્થ મહામહિમામયી શક્તિનો મને ધ્યાનાવસ્થામાં વારંવાર સંસ્પર્શ અથવા સાક્ષાત્કાર થતો તે શક્તિ અથવા જગદંબાનો સંસ્પર્શ અથવા સાક્ષાત્કાર જાગૃતિ દશામાં સ્થૂળ ભૂમિકા પર થવા માંડ્યો અને એ પણ એક વિપળના વ્યવધાન વિના અખંડ અથવા સતત રીતે હરતાં-ફરતાં કે કોઇપણ ક્રિયા કરતાં એ અનુભૂતિની એ અવસ્થા અનવરત રીતે ચાલુ રહી. એ અવસ્થા દરમ્યાન પરમાત્માની એ પરાત્પર પરમ ચેતનાનો સનાતન સંપર્ક અને એની સાથેનો ઇચ્છાનુસાર વાર્તાલાપ શક્ય બન્યો. એ અવસ્થાવિશેષને દૈવી શક્તિના અવતરણની અવસ્થા કહેવા કરતાં દૈવી શક્તિના અલૌકિક અદભૂત આવિર્ભાવની અવસ્થા કહીએ એ વધારે ઉચિત લેખાશે. એ અનેરી અનુભૂતિથી મને અવર્ણનીય આત્મસંતોષ અને આનંદ થાય એ સ્વાભાવિક હતું. વરસોના તપ, વ્રત અને

વેદના સફળ થયેલા લાગ્યાં. સાધનાની સાર્થકતા દેખાઇ. શરીર ધારણની ધન્યતા અનુભવાઇ. જે સનાતન પરમ શક્તિ, સત્તા કે ચેતનાનો અનુભવ સુદીર્ઘ સમયની સાધના પછી કોઇક સૌભાગ્યશાળી સુસંસ્કારી સત્કર્મપરાયણ સાધકને સમાધિ દશામાં ભાગ્યે જ થાય તે શક્તિ, સત્તા, કે પરમ ચેતના મારે માટે અતિન્દ્રીય અવસ્થાની અનુભૂતિ મટીને પ્રત્યક્ષ થઇ, એકાદ વારની અનુભૂતિ મટીને ક્ષણે ક્ષણની શાશ્વત સ્વાનુભૂતિ થઇ, એ કૃતકૃત્યતા કાંઇ ઓછી ન હતી. મારું અંગેઅંગ આનંદાર્ણવમાં અવગાહન કરવા માંડ્યું. જગદંબાના એ અસાધારણ અવર્ણનીય અનુગ્રહને લીધે અંતર ભાવવિભોર બનીને અશ્રુબિંદુના રૂપમાં ટપકવા લાગ્યું.

પરમાત્માની પરમ ચેતનાના સ્થૂળ ભૂમિકા પરના એ અનુભવની અલૌકિક અવસ્થા ત્યારથી નિત્ય નિરંતર ચાલુ જ રહી છે. એ દેશકાળથી અતીત, દેશકાળ નિરપેક્ષ અવસ્થામાં એક વિપળનોય વિક્ષેપ નથી પડ્યો. પહેલાં જગદંબાના સંપર્ક માટે ધ્યાન કરવું કે પ્રાર્થવું પડતું. હવે એવી આવશ્યકતા ના રહી. ધ્યાન, સમાધિ અને જાગૃતિના ભેદ મટી ગયા. શરીર સંજીવનથી સંપન્ન બન્યું. અવનવી બેટરીથી ચાર્જ બન્યું. ચિન્મય થયું. એ અલૌકિક અનુભૂતિના સુપરિણામે કેટલીય અવનવી શક્તિઓનો આવિર્ભાવ થયો. રેડિયો પર જેમ ઇચ્છાનુસાર કોઇયે સ્ટેશનને વગાડી કે સાંભળી શકાય તેમ વિશ્વમાં વિરાજતા કે વિચરતા કોઇયે સુક્ષ્મ શરીરધારી સિદ્ધ મહાપુરુષનો સંપર્ક સંકલ્પમાત્રથી સત્વર સધાવા લાગ્યો. ગમે તે આત્માનું આહ્‌વાન કરીને એની સાથે વાર્તાલાપ કરવાનું શક્ય બન્યું. વૈદિક ઋષિઓ દેવતાનું આહ્‌વાન કરતાં તે વાત યથાર્થ લાગી. ભૂત ભાવિના ભેદ સરળ બન્યા. જીવન પરમાત્માની પરમ શક્તિ કે જગદંબાના સીધા પવિત્ર પથપ્રદર્શન પ્રમાણે એની જ લીલા રૂપે ચાલવા લાગ્યું. તન, મન, વચન, અંતર સઘળું એનો આધાર બન્યું. કોઇ વાર એવું બનતું કે શાસ્ત્રોના ગુઢતમ રહસ્યોને સમજવામાં મુશ્કેલી લાગતી ત્યારે એમના રચયિતા મહાપુરુષની મદદથી એ રહસ્યોનું ઉદઘાટન કરાતું ને મને સંતોષ સાંપડતો. કેટલીક વાર 'મા'ની વિરાટ વિભૂતિ તો કેટલીક વાર એ મહાપુરુષો મારી દ્વારા લેખનકાર્ય પણ કરવા લાગ્યા. મોટા મોટા સાધકો તથા સંતોને માટે પણ એવી અલૌકિક અવસ્થાને સમજવાનું કામ કપરું છે તે જાણું છું. તેને સમજવાની વાત તો દૂર રહી પરંતુ એની સુચારુરૂપે કલ્પના કરવાનું કામ પણ કઠિન છે. છતાં પણ તેની વાસ્તવિકતાની મને પ્રતીતિ થઇ. 'મા'નું સતત સાનિધ્ય સાંપડ્યું, અખંડ અનવરત અનુસંધાન મળ્યું. એ ઘટના જીવનની અમુલખ આશીર્વાદરૂપ અમર ઘટના બની ગઇ. તેથી અધિક શું લખું ? એ રહસ્યમયી અલૌકિક અનુભૂતિના કેટલાક રહસ્યો વ્યક્તિગત હોવાથી મારા પોતાના પૂરતાં મર્યાદિત અને સુરક્ષિત રહે એ જ ઉચિત છે. એનું આટલું આલેખન પર્યાપ્ત છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૦. પુષ્પની કૃપાપ્રસાદી

વાત આશરે ઇ. સ. ૧૯૬૩ની છે.

એ વખતે ઇશ્વરેચ્છાને અનુસરીને હું માતાજી સાથે હિમાલયના મસુરી નગરમાં નિવાસ કરતો.

મસુરીમાં કેવી રીતે રહેવાનું થયું એનો ઇતિહાસ ખૂબ જ રસપ્રદ, અવનવો અને અનોખો હોવાથી જાણવા જેવો છે.

દેવપ્રયાગના મારા દીર્ઘકાલીન નિવાસ દરમ્યાન મને કોઇ કોઇવાર વિચાર આવતો કે મસુરીના શાંત સ્વચ્છ સ્થળમાં રહેવાનું હોય તો સારૂં. પરંતુ એ સ્થળમાં રહેવાનું ધાર્યા જેટલું સહેલું નહોતું, એની મને માહિતી હતી. ઇશ્વરની ઇચ્છા હોય તો જ રહી શકાય. મારા સમગ્ર જીવનનો અથવા એની નાની મોટી ગતિવિધિનો દોરીસંચાર પરમાત્માની પરમ શક્તિ દ્વારા થઇ રહેલો. વરસોથી એ જ મારી પ્રેરક, પથપ્રદર્શક તથા સહાયક હતી. મારા ઋષિકેશના નિવાસ દરમ્યાન વરસો પછી ઇ. સ. ૧૯૫૬માં પરમાત્માની એ પરમ શક્તિએ એક દિવસ મને ધ્યાનાદેશ આપતાં જણાવ્યું : તમારે આવતા વરસે મસુરી રહેવા જવાનું છે.

મસુરીમાં ક્યાં રહેવાનું થશે ?

નવભારત હોટલમાં.

ત્યાં કેટલો સમય રહેવાનું થશે ?

ત્રણ મહિના.

વાર્તાલાપ ખૂબ જ સ્પષ્ટ હતો. આદેશના એ પ્રકારના અનુભવો આજ સુધી અનેક વાર થઇ ચૂકેલા હોવાથી એ અનુભવથી મને કશું આશ્ચર્ય ના થયું.

બીજે વરસે અમે મસુરી માટેનો કાર્યક્રમ બનાવ્યો. મસુરીના ગાંધી ચોકના બસ સ્ટેન્ડે ઊતરી પડ્યાં. ત્યાંથી આગળ વધીને મસુરી નગરમાં દાખલ થયા. હોટલના ભોમિયાઓ પોતપોતાની હોટલની ભલામણ કરતા અને પસંદગીનો આગ્રહ સેવતા. અમારા અને એમના કાર્યને સરળ બનાવવા માટે અમારી પાછળ પડ્યા. માર્ગે મળતી હોટલોને નિહાળતા અમે ક્રમશઃ આગળ વધ્યાં પરંતુ કોઇયે હોટલ પર અમારી દૃષ્ટિ ઠરી નહિ. ખૂણા પરની એવરેસ્ટ હોટલને પણ જોઇ લીધી. અમારી સાથે બસસ્ટેન્ડથી જ ચાલ્યા આવતા હોટલના એક ગઢવાલી ગાઇડે અમને કહ્યું : 'તમે બીજી હોટલોને જુઓ છો ને પાછા ફરો છો તો મારી હોટલ તો જુઓ.'

'તમારી હોટલ ક્યાં છે ?'

'તદ્દન પાસે, સામે જ છે. ચઢાઇ ઉતરાઇ જેવું કશું જ નથી. તમને જોતાંવેંત જ ગમી જશે.'

અમે એમની હોટલમાં પ્રવેશ કર્યો. હોટલનો રૂમ વિશાળ, સ્વચ્છ ને સુંદર હતો. અમને તે પસંદ પડી ગયો. સામાનને અંદર મંગાવ્યો એટલે ગાઇડની પ્રસન્નતાનો પાર ના રહ્યો. સામાનને સુવ્યવસ્થિત રીતે મૂકાવ્યા પછી મેં એમને પૂછ્યું : 'આ હોટલનું નામ શું ?'

એમણે તરત જ ઉત્તર આપ્યો : 'નવભારત હોટલ.'

મને આશ્ચર્ય અને આનંદ બંનેનો અનુભવ થયો. ઇશ્વરનો આદેશ નવભારત હોટલમાં જ ઊતરવાનો હતો, તે કેવી અજ્ઞાત છતાં અદભુત રીતે સફળ થયો ? ઇશ્વરની વિરાટ સર્વોપરી શક્તિ કેવી અલૌકિક રીતે

ચોક્કસપણે કાર્ય કરે છે એના વિચારથી અમે ગદગદ બની ગયાં. એની લીલા અતિ ગહન, અવર્ણનીય, અજબ છે.

અગાઉના આદેશ અનુસાર નવભારત હોટલના એ સ્થાનમાં અમારે બરાબર ત્રણ મહિના જ રહેવાનું થયું. અમારો આવાસ સર્વ પ્રકારે અનુકૂળ રહ્યો.

પીક્ચર પેલેસ સિનેમાની સામેની એ નવભારત હોટલમાં અમે છ વરસ જેટલાં લાંબા કાળ સુધી - પ્રત્યેક વરસે ત્રણ મહિના વાસ કર્યો. ઠંડી વધતાં ઓક્ટોબરના આરંભે ઋષિકેશ આવી જતાં. પાછળથી મૂળ મકાનને વધારીને ત્યાં અપ્સરા હોટલનું નિર્માણ કરવામાં આવ્યું.

મસુરીના નિવાસ દરમ્યાન છઠ્ઠે વરસે એકાએક એવો અવસર ઉપસ્થિત થયો કે મારે ત્યાંની સત્સંગ પ્રેમી જનતા સમક્ષ એક પ્રવચન કરવું પડ્યું. પ્રવચનની પ્રવૃતિ મને પસંદ ન હતી અને હિન્દીમાં પ્રવચન કરવાનો મારો અભ્યાસ પણ ન હતો. તો પણ થિયોસોફીકલ સોસાયટીના આગ્રહપૂર્વકના આમંત્રણથી મારે યોગ પર એક પ્રવચન આપવાનું થયું. પ્રવચન સંપૂર્ણ સંતોષકારક રહ્યું. એ એક જ પ્રવચનથી મસુરીની સત્સંગપ્રેમી સુશિક્ષિત શિષ્ટ સંસ્કારી પ્રજામાં મારી પ્રખ્યાતિ થઇ. જનતા મને પ્રેમપૂર્વક જોવા લાગી.

બીજું પ્રવચન એ જ વરસે જનમાષ્ટમીને દિવસે ત્યાંની સુપ્રસિદ્ધ 'ચિત્રશાળા' સંસ્થાના મધ્ય ખંડમાં ગોઠવાયું. પ્રવચનનો વિષય ભગવાન કૃષ્ણના જીવન સંબંધી રાખવામાં આવેલો. વ્યાસપીઠ પરની મારી બેઠકની પાછળ, ઉપર દિવાલ પર ભગવાન કૃષ્ણનું વિશાળ ચિત્તાકર્ષક તૈલચિત્ર રાખવામાં આવેલું. એ તૈલચિત્રને તાજાં ગુલાબનાં ફુલોનો સુંદર હાર પહેરાવવામાં આવેલો.

પ્રવચન પૂરું થયું ને મેં ભગવાન કૃષ્ણના નામની સમુહ ધૂન બોલાવવા માંડી ત્યારે વાતાવરણ ખૂબ જ રસમય અને આહ્લાદક બની ગયું. પરંતુ અધિક આહ્લાદક, આશ્ચર્યકારક પ્રસંગ તો એ પછી બન્યો. સમૂહ ધૂનની સમાપ્તિ થઇ કે તરત જ ભગવાન કૃષ્ણને પહેરાવેલા હારમાંથી એક સુંદર ફોરમવંતુ ફુલ મારા મસ્તક પર, ખોળામાં, અને પછી વ્યાસપીઠ પર મારી સમીપ પડ્યું. મને અને અન્ય અનેક શ્રોતાજનોને એ ઘટનાથી નવાઇ લાગી.

કાર્યક્રમ પૂરો થયો અને બધાં વીખરાવા લાગ્યાં ત્યારે પરમાત્માની પ્રસાદી જેવા એ પુષ્પને પેખીને કેટલાક ભાવિકો ભાતભાતના તર્કવિતર્ક કરવા લાગ્યા. સૌને સમજાયું નહીં કે ફુલહારમાંથી એક જ ફુલ કેવી રીતે પડ્યું ? મને લાગ્યું કે ભગવાન કૃષ્ણે પોતાના પ્રેમપૂર્વકના ગુણસંકીર્તનથી પ્રસન્ન બનીને પુષ્પવૃષ્ટિ કરીને મને અંતરના અંતરતમમાંથી આશીર્વાદ આપ્યો છે. તે આશીર્વાદથી મારું અહીંનું કાર્ય સફળ તથા સાર્થક થશે.

બીજે વરસે પણ એવી જ અલૌકિક ઘટના બની. ગાંધી નિવાસ સોસાયટીના આશ્રયે એના હોલમાં પ્રારંભાયેલા મારાં પ્રવચનોની પૂર્ણાહુતિ થઇ ત્યારે ચિત્રશાળાના આચાર્યે ભગવાન કૃષ્ણના પેલા પૂર્વપરિચિત તૈલચિત્રને મારી પાછળની દિવાલે લટકાવેલું. એને પહેરાવેલી સુંદર મનહર પુષ્પમાળામાંથી, ભગવાન કૃષ્ણની સમૂહ ધૂનની સમાપ્તિ થઇ કે તરત જ એક પુષ્પ મારા મસ્તક પર, ખોળામાં, ને છેવટે વ્યાસપીઠ પર પડ્યું. એ ઘટના સૌને માટે અતિશય આશ્ચર્યકારક થઇ પડી. મેં એને ભગવાન કૃષ્ણનો અદભૂત અમોઘ આશીર્વાદ માન્યો ને પુષ્પને સુખદ સ્મૃતિ તરીકે સાચવી રાખ્યું.

એ ઘટનાદ્વયનું રહસ્ય ગમે તે હોય પરંતુ એ પછીનો ઈતિહાસ ઉજ્જવળ બન્યો. મસુરીની કારકીર્દિ સર્વ પ્રકારે સફળ બની. જનતાનો મારે માટેનો પ્રેમ અને આદરભાવ વધતો ચાલ્યો. વખતના વીતવાની સાથે મારા ઉપર જાણે કે અકલ્પ્ય અજ્ઞાત અવર્ણનીય કીર્તિકળશ ચઢ્યો. પરમાત્માની પરમ કૃપાથી મારો માર્ગ સર્વ રીતે સરળ, સરસ, સુખમય બન્યો.

એ ઘટનાની સ્મૃતિ આજે પણ સુખદ ઠરે છે. અંતર એને લીધે અનેરી ભાવોર્મિનો અનુભવ કરે છે. પરિમલથી પરિપ્લાવિત પુષ્પરૂપે પ્રાપ્ત થયેલી પરમાત્માની એ અનોખી કૃપા મૂલ્યવાન થઇ છે અને અવિસ્મરણીય બની ગઇ છે.

ભક્તશ્રેષ્ઠ નરસૈંયાને એની પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે હાર પહેરાવેલો એમ કહેવાય છે. મારામાં એવી અસાધારણ એકનિષ્ઠ ભક્તિ નથી. એવી પ્રાર્થનાની શક્યતા અને આવશ્યકતા નથી. એ વખતે પણ નહોતી. છતાં પણ ભગવાને એમની અલૌકિક કૃપા વરસાવી. જે ભગવાન હાર પહેરાવે તે પુષ્પને પ્રદાન ના કરી શકે ? એ સર્વ શક્તિમાન શું ના કરી શકે તે જ સવાલ છે. એ અલૌકિક ઘટનાપ્રસંગ પછી હું વધારે વિશ્વસનીય રીતે માનું છું ને સ્પષ્ટતયા સમજી શકું છું કે ભગવાને ભક્ત નરસિંહને હાર પહેરાવ્યો જ હશે.

☼ ☼ ☼ ☼ ☼



## ૧૫૧. ગાંધીનિવાસ સોસાયટીમાં

મસુરીના નિવાસકાળ દરમ્યાન ઇ. સ. ૧૯૬૩ના આરંભમાં થિયોસોફીકલ સોસાયટીના આશ્રયે એની પ્રત્યેક બુધવારે ગાંધીનિવાસ સોસાયટીમાં યોજાતી પ્રવચન સભામાં અને પછી ગાંધી નિવાસ સોસાયટીના આશ્રયે એના હોલમાં મારા પ્રવચનો યોજાયા. ગાંધીજી જ્યારે મસુરી આવતા ત્યારે તે બિરલા હાઉસમાં રહેતા. એ વખતે એમણે ઇચ્છા દર્શાવેલી કે મસુરીમાં એક ગરીબોની સેવાની સંસ્થા હોય તો સારું. એવી સંસ્થા સમાજ કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી શકે અને આવશ્યકતા અનુસાર હું પોતે પણ બિરલા હાઉસને બદલે એમાં રહી શકું. એમની ઇચ્છાને અનુસરીને મસુરીમાં એક મકાનને સોસાયટીની સ્થાપના કરીને ખરીદવામાં આવ્યું. ગાંધીજી એ પછી પોતાની ઇચ્છાને પૂરી કરવા માટે મસુરીની મુલાકાતે ના આવી શક્યા. એમનું સ્થુળ શરીર શાંત થયું, પરંતુ એમની સ્મૃતિમાં ગાંધી નિવાસ સોસાયટી સાકાર બની. ઇશ્વરની ઇચ્છાથી એની જ કોઇ સર્વશ્રેયસ્કરી મંગળમયી ઇચ્છાની પૂર્તિ માટે મારે એના સંપર્કમાં આવવાનું થયું. મારા મસુરી નિવાસની એ એક અત્યંત અગત્યની ચિરસ્મરણીય ઘટના સાબિત થઇ. મસુરીની સત્સંગપ્રેમી ને બીજી જનતાનો પ્રેમ મારા પર દિનપ્રતિદિન વધવા માંડ્યો.

નવભારત હોટલ પછીના બે વરસો દરમ્યાન ત્રણ ત્રણ મહિના જેટલા સમય સુધી મારે માતાજી સાથે રામા હોટલમાં રહેવાનું થયું. એ પછીનો બીજો કેટલોક સમય અમે ઋષિકેશમાં પસાર કરતાં. રામા હોટલના નિવાસ દરમ્યાન દિલ્હીના સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી એચ. એસ. દાસનો મેળાપ થયો. દાસ સાહેબ મારા પ્રવચનોમાં નિયમિત રીતે આવવા માંડ્યા. પરિણામે એમનો પ્રેમભાવ વધતો ગયો. એમણે કેટલાક ભાવિક ભક્તોને જણાવ્યું કે યોગેશ્વરજી હોટલમાં ભાડે રહીને પોતાના ખર્ચે આજીવિકા ચલાવીને કોઇપણ પ્રકારની અપેક્ષા વિના સૌની સેવા કરે છે. એમને લીધે જનતાને ઘણો લાભ પહોંચે છે. આપણે એ ઉનાળામાં પણ અહીં આવી શકે અને હોટલના ભાડાને ભરવાની જવાબદારીમાંથી મુક્ત રહે એટલા માટે એમના રહેવાની વ્યવસ્થા કરવી જોઇએ. ભાવિકોએ એમની વાતને વધાવી લીધી. એના પરિણામરૂપે એક યોજના બની. ગાંધી નિવાસ સોસાયટીનો ઉપરનો ભાગ જીર્ણાવસ્થામાં અને સંડાસ, બાથરૂમ, રસોડાથી રહિત હતો. એને આવશ્યક સંશોધન તથા સંવર્ધન સાથે નવેસરથી તૈયાર કરવાનો નિર્ણય લેવાયો. દાસ સાહેબે પોતે એ શુભ કાર્ય માટે પાંચ હજાર રૂપિયાની મદદ કરી અને અન્ય આવશ્યક રકમને એકત્ર કરવાનો સંકલ્પ કર્યો. તારીખ ૨૮-૮-૧૯૬૫ની સોસાયટીની ગવર્નિંગ બોડીની બેઠકમાં નીચે પ્રમાણે સર્વસંમતિથી ઠરાવ થયો.

'વર્તમાન હોલની ઉપરના ઓરડાઓને બાથરૂમ, રસોડું વગેરે સાથેના સંપૂર્ણ નિવાસસ્થાનમાં બદલી નાખવા.

એનો નક્શો શ્રી મહાવીરપ્રસાદજી તૈયાર કરશે.

શ્રી યોગેશ્વરજી મહારાજના પ્રવચનોથી સોસાયટીને મોટો લાભ પહોંચે છે, માટે એમને એ નિવાસસ્થાનમાં કોઇપણ રકમ લીધા સિવાય રહેવાની પ્રથમ પસંદગી આપવી.

આવશ્યક સંશોધન અને સંવર્ધન માટેના જરૂરી ફંડને એકત્ર કરવા માટે સ્વતંત્ર પ્રયત્ન આદરવો.'

એ પ્રસ્તાવ એ જ વરસે અમલી બનવાથી મારે ઇ. સ. ૧૯૬૬થી ગાંધી નિવાસ સોસાયટીના એ અભિનવ સ્થાનમાં પ્રત્યેક વરસે પાંચેક મહિના જેટલા લાંબા સમયપર્યંત રહેવાનું થયું. પ્રવચનો પ્રત્યેક વરસે ચારેક મહિના સુધી ચાલતાં રહ્યાં. એને લીધે જનતાનું ધ્યાન સોસાયટી પ્રત્યે વધારેને વધારે પ્રમાણમાં ખેંચાતું ગયું, જનતા એમાં રસ લેવા લાગી, એની સદસ્યતા વધી, અને એની કાયાપલટ શરૂ થઇ. પ્રવચનની પ્રવૃતિ એક સુખદ નિમિત્ત બની.

પ્રવચનોની પ્રવૃતિનું એક બીજું શુભ પરિણામ એ આવ્યું કે દેશના ભિન્ન ભિન્ન ભાગોમાંથી આવતા પુરુષોનો સંપર્ક સધાયો. એમનામાંના કેટલાકના આમંત્રણથી મારે શિયાળા દરમ્યાન જુદા જુદા પ્રદેશોમાં પ્રવચનો કરવા જવાનું થયું. દહેરાદૂન, ઋષિકેશ, મેરઠ, મુજફ્ફરનગર, દિલ્હી, આગ્રા, વૃંદાવન, અલીગઢ, કાનપુર, અલ્હાબાદ, કલકત્તા, કોટા, દેવબંધ, જગાધરી, અમૃતસર, કપૂરથલા જેવાં કેટલાંય સ્થળોમાં મને આમંત્રવામાં આવ્યો. ઠેક ઠેકાણે કોલેજોમાં પણ કાર્યક્રમો ગોઠવાયા. મુંબઈ, પૂના, નાગપુર, વડોદરા, સુરત, વલસાડ, અતુલ, ભરુચ, ઝઘડિયા, નડીયાદ, આણંદ, અમદાવાદ, ધોળકા, ભાવનગર, રાજકોટ, પોરબંદર, મોરબી, જૂનાગઢ, માંગરોળ તથા જામનગરના કાર્યક્રમો પણ ગોઠવાતા ગયા. પ્રવચનની પ્રવૃતિ એવી રીતે વિશાળ બની.

એની સાથે મસુરીમાં ગરીબ વિદ્યાર્થીઓની સેવાનું કલ્યાણકાર્ય પણ આરંભાયું. ઇ. સ. ૧૯૬૯ થી માંડીને ઇ. સ. ૧૯૭૬ સુધીના સમયમાં જનતા પાસેથી પ્રવચનો દરમ્યાન રૂપિયા ચાલીસ હજાર જેટલી રકમ એકઠી કરવામાં આવી અને મસુરીની જુદી જુદી છ સ્કૂલોના છસોથી વધારે વિદ્યાર્થીઓને ફીની ને બીજી મદદ કરાઇ.

સોસાયટીની સામાન્ય સભાએ પોતાની તારીખ ૯ જુલાઇ ૧૯૭૨ની બેઠકમાં એ બધી લોકોપયોગી પ્રવૃત્તિઓથી પ્રેરાઇને પસાર કરેલો વિશેષ પ્રસ્તાવ જોવા જેવો છે :

'સંત શ્રી યોગેશ્વરજી છેલ્લાં કેટલાંય વરસોથી સોસાયટીને માટે મહાન પ્રેરણાના સર્વોત્તમ સતત ઉદભવસ્થાન જેવા બન્યા છે. એની ભાવિ સામાજિક પ્રવૃત્તિઓની ઊંડી ભૂમિકાના નિર્માણકાર્યમાં કારણભૂત બનીને એના સર્વશ્રેષ્ઠ સહાયક થયા છે. સોસાયટી દ્વારા એના હોલમાં કરાવવામાં આવતાં એમના દૈનિક પ્રવચનો દ્વારા અને ગરીબ વિદ્યાર્થીઓને એમની પ્રેરણાથી અપાતી નક્કર મદદના સામાજિક સેવાકાર્યને લીધે સોસાયટીની પ્રતિષ્ઠા જનસમાજની દૃષ્ટિમાં વધી છે. સોસાયટી પોતાના 'મેમોરન્ડમ ઓફ એસોસિએશન'માં સુચવ્યા પ્રમાણે પોતાના અનેકવિધ આદર્શોને કાર્યાન્વિત કરવા માટે પોતાની પ્રવૃત્તિઓને વધારવા માંગે છે.

એ બધાં કારણોને લીધે સર્વસંમતિથી ઠરાવ કરવામાં આવે છે કે સંત શ્રી યોગેશ્વરજીને આજથી સોસાયટી સાથે એના માર્ગદર્શક તરીકે જોડવામાં આવે છે અને વિનંતી કરવામાં આવે છે કે એ અમને બધી જ મહત્વની વાતોમાં માર્ગદર્શન આપે.'

સોસાયટીના ઇતિહાસમાં એ પ્રકારનો પ્રસ્તાવ એ પહેલો જ હતો.

મસુરીના નવભારત હોટલના છેલ્લાં વરસના અમારા નિવાસ દરમ્યાન રાજકોટથી શ્રી ચંપકભાઇ થોડા દિવસો માટે સહકારી પ્રવૃત્તિની તાલીમ લેવા માટે આવી પહોંચ્યા. ધરમપુરથી છૂટા પડ્યા પછી પ્રત્યેક

વરસે એ એક અથવા બીજી રીતે મળતાં અને મારા જીવનપ્રવાહથી પરિચિત બનતાં. એ વખતે શી ખબર, કલ્પના સરખી પણ ક્યાંથી કે અમારું સ્થૂળ મિલન વધારે વરસો સુધી નહિ થઇ શકે ? અંતે તો કર્મના નિશ્ચિત નિયમાનુસાર કે કુદરતના ક્રમ પ્રમાણે જે થવાનું હોય છે તે જ થાય છે. માનવનું એની આગળ કશું જ નથી ચાલતું. એની એક વાર પુનઃ પ્રતીતિ થઇ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૨. ચંપકભાઇ ચાલ્યા ગયા

તારીખ ૨૭ ઓક્ટોબર ૧૯૬૪ને દિવસે શ્રી ચંપકલાલ વોરાનો આત્મા પંચમહાભૂતના સ્થૂળ શરીરને છોડીને ચાલ્યો ગયો. લૌકિક રીતે અથવા રૂઢ ભાષામાં કહીએ તો એમનું અવસાન થયું. એ કેવી રીતે બન્યું ? કાળને કોઇ ને કોઇ નિમિત્ત જોઇએ છે. અને એ અનુસાર એમના અવસાનને માટે પણ એક કરુણ, અતિ કરુણ, કહો કે કરુણાતિકરુણ નિમિત્ત ઊભું થયું. આગલે દિવસે રાતે રાજકોટના બેડીપાર વિસ્તારમાંથી ખેડૂતો સાથે વાતચીત કરીને એ લગભગ અગિયારેકના સુમારે પાછા ફરતા હતા. ત્યારે થોડો વખત પગે ચાલવાથી એમને હાંફ ચઢી. એટલે ઘેર પહોંચવા માટે રસ્તામાંથી એમણે રીક્ષા કરી. પરંતુ એ રીક્ષા એમને માટે કાળના દૂત જેવી થઇ પડી. થોડીક વાર પછી સામેથી આવતા બંબા સાથે એ રીક્ષા અથડાઇ. એના પરિણામરૂપે ચંપકભાઇ ભયંકર રીતે ઘાયલ થયા. એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડોક્ટરોની મહેનત છતાં એ બચી ના શક્યા. તારીખ ૨૭મી ને મંગળવારે બપોરે બારેક વાગે એમનું શરીર છૂટી ગયું.

બરાબર એ જ દિવસે અમે મસુરીથી નીકળીને દહેરાદૂન આવ્યા. ત્યાંથી ગુરુવારે ઋષિકેશ આવ્યા ત્યારે બપોર પછી તાર મળ્યો. ત્યારે જ એ કરુણ ઘટનાની ખબર પડી. સૌથી પહેલા તો મન માન્યું નહિ પરંતુ પછી માન્યા સિવાય છુટકો ન હતો.

લગભગ પંચાવન વરસની વયે ચંપકભાઇનું અવસાન થયું. ઉમર કાંઇ બહુ મોટી ના કહેવાય. પરંતુ કાળ નાના મોટાનો હિસાબ ક્યાં રાખે છે ? એ તો પોતાનું ધારેલું જ કરે છે. માનવતાનો એક મહાદીવડો જાણે કે અકાળે ઓલવાઇ ગયો. સંસારની વિશાળ વાટિકામાંથી એક ફોરમવંતુ સુંદર ફુલ ચૂંટાઇ ગયું. સમસ્ત સૌરાષ્ટ્રની અને એમાંયે રાજકોટની ધરતી આક્રંદ કરી ઉઠી. ચેતના, પ્રભા તથા શ્રીવિહોણી થઇ.

ચંપકભાઇ એક ઉત્તમ કક્ષાના આદર્શ માનવ હતા. લોકસેવા તથા તેને માટેના જરૂરી સ્વાર્પણની ભાવના એમને ગળથૂથીમાંથી પ્રાપ્ત થઇ હતી. એ એમના અસ્તિત્વના અણુએ અણુમાં અને રગેરગમાં ઉતરી આવી હતી. કોઇ પણ પ્રકારના દંભ, ઘમંડ કે પુરસ્કારની બાહ્ય કામના વિના બીજાની સુખ-શાંતિ ને સમૃદ્ધિ માટે ભારે ખંત અને લગનપૂર્વક પુરુષાર્થ કર્યા કરવો, એ એમને માટે સ્વભાવમાં વણાયેલી એક સહજ વસ્તુ હતી. તારીખ ૧૭મી ની રાતે અકસ્માતના ભોગ બન્યા ત્યારે પણ એ મોડી રાતે લોકોના કૂટપ્રશ્નોમાં રસ લઇને પાછા ફરતા હતા. રાજકોટ મ્યુનિસિપાલીટીના પ્રમુખ તરીકે અને બીજી રીતે એમણે કરેલી જનતાની સેવા સુવિદિત છે. એમની જગ્યાએ કોઇ બીજો માણસ હોત તો પોતાના પદ અથવા પોતાની પ્રતિષ્ઠાનો ઉપયોગ કરીને અતિશય સમૃદ્ધિવાન કે માલદાર બની જાત; પરંતુ એમના સ્વભાવમાં એ વસ્તુ હતી જ નહિ. પોતાની પદવી તેમજ લાગવગનો એમણે કદી પણ અને ક્યાંયે પોતાની અંગત સમૃદ્ધિ માટે દુરુપયોગ નહોતો કર્યો. મને કેટલીય વાર વિચાર આવે છે કે દેશમાં બધા જ પ્રધાનો, અમલદારો, પાર્લામેન્ટ તથા એસેમ્બલીના સભ્યો તેમજ લોકસેવકો અને નેતાઓ ચંપકભાઇ જેવા નિસ્વાર્થ અને શુદ્ધ હેતુથી કામ કરવા માંડે તો ? દેશનું ચિત્ર કેટલું બધું ફરી જાય અને સુંદર થાય ! આજે જવાબદાર નેતાઓ અને પ્રધાનો સામે લાંચરુશ્વતની તથા પદપ્રતિષ્ઠાનો દુરુપયોગ કર્યાની જે ફરિયાદો થાય છે ને સાચી ઠરે છે એ ફરિયાદોનો એમને માટેના કારણો સાથે અંત આવી જાય, જાહેર જીવન સ્વચ્છ થાય, તેમજ એમને માટેનો પ્રજાનો

વિશ્વાસ પણ વધી પડે. ચંપકભાઇ દૈવયોગે એક મર્યાદિત ક્ષેત્રમાં રહ્યા પરંતુ તેને બદલે એમને કોઇ મોટા ક્ષેત્રમાં કામ કરવાનું થયું હોત તો પણ પોતાના એ જન્મજાત સ્વભાવગુણથી બીજા અનેકને માટે ઉદાહરણરૂપ અથવા માર્ગદર્શક થઇ પડત.

આટલી બધી ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓમાં રહેવા છતાં એમનો આત્મા એ પ્રવૃત્તિઓથી ખરડાયેલો ન હતો. રોજ સવારે ઊઠતાંવેંત એ ઇશ્વરનું નામસ્મરણ ને ઇશ્વરની પ્રાર્થના કરતાં. મને તે વારંવાર કહેતા કે આપણી પ્રવૃત્તિઓનું શું મૂલ્ય ? ઇશ્વર કોઇ વિશાળ, મોટી, વધારે લોકોના હિતની શક્યતાવાળી પ્રવૃત્તિ આપે તો એમાં જોડાઇ જઇએ. ક્ષય રોગમાંથી બચ્યો છું તે ઇશ્વરની કૃપા છે. એટલે બાકીનું બધું જ જીવન હવે તો લોકોની સેવાના કામમાં ખરચવાનો જ નિર્ણય કર્યો છે.

ઇ. સ. ૧૯૪૯ પછી ક્ષયરોગમાંથી સંપૂર્ણ સાજા થઇને, મારી સૂચનાથી લગ્નજીવનનો સ્વીકાર કરીને એ સ્થિર થયા, ત્યારથી દર વરસે મને મળવાનો તેમણે સંકલ્પ કરેલો અને એ સંકલ્પ પ્રમાણે એ મને મળતા પણ ખરા. પરંતુ એવો એક પણ વખત ન હતો જ્યારે મને મળીને એમણે દેશની ચિંતા ના કરી હોય. દેશની સમસ્યાઓનું ચિંતન, મનન ને ચર્વણ એ હંમેશા કર્યા કરતાં. છેલ્લે છેલ્લે મને મળવા માટે સરોડા આવેલા ત્યારે નહેરુજીનું અવસાન થયેલું. એટલે 'હવે દેશનું શું થશે, કેવી પરિસ્થિતિનું નિર્માણ થશે, કોણ વડાપ્રધાન બનશે, અને કોણે બનવું જોઇએ, તથા મોંઘવારીને દૂર કરવા માટે શું કરવું જોઇએ' એની જ ચર્ચાવિચારણા કર્યા કરી. એમનું અંતર આખા દેશની સાથે એકતાનતા અનુભવતું. એમની વિચારધારા તથા ભાવના દેશવ્યાપી હતી. દેશની પરિસ્થિતિની એ ચિંતા કરતા. દેશની સમસ્યાઓનો જ જપ જપતા. એ જોઇને પ્રત્યેક વખતે મને એમને માટે પ્રેમ અને આદરભાવ થતો. એ વાતચીત કરતા હોય ત્યારે હું અવારનવાર એ જ વિચાર કરતો કે એમનું હૃદય કેટલું બધું સીધું, સરળ, સાફ અને સેવાસભર છે ! બીજાને માટેની કેટલી લાગણી એમના દિલમાં ઊછળી રહી છે ? જે માણસ દિવસના મોટા ભાગમાં પોતાની લેશ પણ ચિંતા કર્યા વગર બીજાની જ ચિંતા કર્યા કરતો હોય તે માણસનો આત્મા કેટલો બધો ઉંચો હશે ? ખરેખર, ચંપકભાઇ એવા ઉચ્ચાત્મા હતા. આદર્શરૂપ હતા. બધા જ માણસો એવી રીતે પોતે જેમાં રહે છે તે સમાજની ને દેશની ચિંતા કરી, તેને સુખી અને સમૃદ્ધ કરવાના સાધનો શોધી, એમના અમલને માટે ભરચક કોશિષ કરવા માંડે તો ? સમાજ ને દેશ કેટલો બધો સમુન્નત થાય ? એવી રીતે જો બધા જ કે મોટાભાગના માણસો યથાશક્તિ પ્રયાસ કરવા માંડે તો અછત, આપત્તિ, કંગાલિયત અને ભાતભાતનાં દુઃખદર્દ દૂર થાય ને સંસારમાં સ્વર્ગને ઉતારવાની મહાપુરુષોની ઇચ્છા પણ સફળ થાય.

ચંપકભાઇ છેવટ સુધી એક મધ્યમવર્ગના માનવી તરીકે સાદાઇથી જ રહ્યા. છતાં પણ એમનો સ્વભાવ એવો ઉમદા અને અમીર હતો કે વાત નહિ. ગજવામાં કાંઇ પણ ન હોય તો પણ ઘણાં ઘણાં રૂપિયાનું જોર કરવાની એમની વૃત્તિ હતી. કેવળ પરિચિતો કે મિત્રોને માટે એ ઘસાઇ છૂટતા એમ નહિ, અપરિચિતો અને વિરોધીઓને માટે પણ એમના દિલમાં એવું જ સ્થાન હતું. ગરીબ, હડધૂત, અનાથ, ચિંતિત, પિડીત, દીન ને દુઃખીને મદદ કરવા એ સદાય તૈયાર રહેતા. એમના મનના અને ઘરના દ્વાર એમને માટે હમેંશા ઉઘાડાં રહેતાં. કોઇપણ એમની પાસે ગમે તે વખતે જઇને પોતાની દાદફરિયાદ સંભળાવી શકતું, અને એ દરેકને માર્ગદર્શન આપતા, પ્રેરણા પૂરી પાડતા તથા દરેકને મદદરૂપ થવા માટે પોતાનાથી

બનતું બધું જ કરી છૂટતા. એ ગરીબોના બેલી હતા એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી થતી. શક્ય હોય ત્યાં પોતાની મેળે મદદ કરીને તથા જરૂર પડ્યે બીજાની પાસે મદદ કરાવીને બીજાને ઉપયોગી થવાનો એ પ્રામાણિક પ્રયત્ન કરતા. બીજાને ઉપયોગી થવાની ભાવનાથી પ્રેરાઇને જ એ રાજકીય તથા સામાજિક સેવાના ક્ષેત્રમાં પડેલા. ભિન્ન ભિન્ન પ્રકારની એમની પ્રવૃત્તિઓ એ હેતુથી પ્રેરાઇને શરૂ થઇ હતી. અંગત યશ, માન, મોટાઇ કે મરતબાની તથા સમૃદ્ધિની લાલસા એમનામાં સ્વપ્ને પણ પેદા નહોતી થતી. એ એક સાચા અને મૂંગા લોકસેવક હતા. લોકસેવાના સિદ્ધાંતોમાં એમને ઊંડી શ્રદ્ધા હતી. એમનું જીવન નખશીખ નિર્મળ હતું. આજના અને ભવિષ્યના લોકસેવકોએ એમના જીવનમાંથી ઘણું ઘણું શીખવા જેવું છે.

ઇ. સ. ૧૯૪૭માં ક્ષયરોગમાંથી મુક્તિ મેળવ્યા પછી ઇચ્છા કે અનિચ્છાએ એ લગ્નજીવનમાં પ્રવેશ્યા તો ખરા પરંતુ એમનો આત્મા એથી અલિપ્ત જ રહ્યો. લગ્નજીવનની મોહિની એમને કદીપણ બાંધી ના શકી. સંયમની મહત્તા એ શરૂઆતથી જ સમજ્યા હતા. એટલે છેવટ સુધી સંયમી જ રહ્યા. લગ્ન પછી પોતાની પત્નીની સંમત્તિથી એમણે વ્રત લીધેલું કે અંબાજીના દર્શન પછી જ શરીરસંબંધ કરવો. એ વ્રત એમણે પાળ્યું. તે પછી બીજું વ્રત લીધું કે પાટવારા હનુમાનના દર્શન પછી જ સંબંધ કરવો. દર્શનનો દિવસ પણ એ બને તેટલો પાછો ઠેલતા જતા. એ પછી પણ એમણે પોતાની સમજુ ને સંયમી પત્ની કનકબેનની સહાયથી એવું જ બીજું વ્રત લીધું. એવી રીતે એમને ત્રણ સંતાનો થયા. ત્રણે ત્રણ છોકરીઓ. પરંતુ એમના પર એ છોકરા જેવો જ પ્રેમ રાખતાં. છોકરા અને છોકરીનો ભેદ એમના મનમાં ન હતો. વિલાસી જીવન જીવનારા તેમજ લગ્નજીવનને આજીવન કામુકતાની પૂર્તિનો ઇજારો માનનારા માનવો, જો સમજુ હશે તો, આવા સંયમી જીવનની સિદ્ધિ માટે જે અનંત અને અડગ આત્મબળ જોઇએ છે તેની કલ્પના સહેલાઇથી કરી શકશે. વિલાસીતામાં માનતાં-મનાવતાં માનવોની મોટી સંખ્યાવાળા યુગમાં સંયમી જીવનનો આવો સ્વૈચ્છિક સ્વીકૃતિનો આદર્શ એક અજાયબી મનાશે એવો પણ સંભવ છે. છતાં પણ વ્યક્તિ તથા સમષ્ટિના વિશાળ હિતની દૃષ્ટિએ વિચારીએ તો એ આદર્શ એક અથવા બીજી રીતે અનુકરણીય છે અને અતિશય ઉપયોગી કે આશીર્વાદરૂપ છે એમાં શંકા નથી. કામુકતા કે વિલાસીતાની વચ્ચે પળાતા સંયમી જીવનના આવા ઉચ્ચતમ આદર્શનું મહત્વ ધાર્યા કરતાં ઘણું મોટું છે. લોકસેવકો પોતાના વ્યક્તિગત જીવનમાં પણ વિશુદ્ધિનો આગ્રહ રાખતા શીખે તો તેની છાપ બીજાની ઉપર પણ ઘણી જ સારી પડવાની અને એમને તો લાભ થવાનો જ.

ચંપકભાઇના એવા સંયમી લગ્નજીવનમાં જ નહિ પરંતુ સમગ્ર જીવનમાં પડદા પાછળ રહીને એક પ્રેરક અને સહાયક બળ બનનાર એમની પત્ની કનકબેન પણ ભારે ધીરજ, હિંમત ને મનોબળવાળી સ્ત્રી છે. એમણે ચંપકભાઇને સદાયે સાથ આપ્યો. એટલું જ નહિ, ચંપકભાઇ પરદેશપ્રધાન જેવા બનીને બહારના કામ કરતા રહ્યા, ત્યારે એમણે ગૃહપ્રધાનની પેઠે ઘરની સંપૂર્ણ સંભાળ રાખવા માંડી અને આર્થિક સ્થિતિને ઠીકઠીક રાખવા માટે લગ્ન પછી પણ પોતાની હાઇસ્કૂલ શિક્ષિકાની જૂની નોકરીને ચાલુ રાખી. એમને લીધે ચંપકભાઇનો સેવામાર્ગ ઘણો સરળ થયો. એમણે એક આદર્શ ગૃહિણી તરીકેની પોતાની ફરજ પૂરેપૂરી બજાવી.

ચંપકભાઇ એક આદર્શ અને મૂંગા લોકસેવક તરીકે જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કરતા કરતા શાંતિથી જીવી ગયા છે. ધનની મોહિની એમને હતી જ નહિ અને ધનને એકઠું કરવા તરફ એમનું ધ્યાન જ

ન હતું એટલે એ કોઇ ધનનો નાનો મોટો સંગ્રહ, મોટરકાર, નોકરચાકર કે વિશાળ બંગલો નથી મૂકી ગયા. કોઇ લૌકિક સંપત્તિ પણ નથી છોડી ગયા. છતાં પણ ઉત્તમ કર્મોની એવી અસાધારણ થાપણ મૂકી ગયા છે, જેની કિંમત લૌકિક ધનભંડારથી અનેક ગણી અધિક છે અને જે અમર છે. એની સૌરભ વખતના વીતવાની સાથે વધતી જ જશે. રાજકોટ શહેરનાં સુંદર કાર્યો એમની સ્મૃતિરૂપ બનીને ભાવિ પ્રજાને પ્રેરણા પાતાં રહેશે. પેલી લોકોક્તિમાં કહ્યું જ છે કે 'નામ રહંતા ઠક્કરા, નાણાં નવ રહંત, કીર્તિ કેરાં કોટડાં પાડ્યા નવ પડંત.' એ પ્રમાણે નાણાં નથી રહેતા પણ નામ રહે છે. સાધારણ મકાનો તો કોઇવાર પડી પણ જાય છે પરંતુ કીર્તિની ઇમારત અક્ષય રહે છે. ચંપકભાઇનું શરીર પડી ગયું છે પણ નામ અમર છે. એમનું કીર્તિમંદિર અક્ષય છે અને અક્ષય રહેશે. એને ઘડપણ કે કાટ કશું જ નહિ લાગે.

જે રાજકોટ શહેરને સર્વાંગસુંદર કરવા માટે એમણે જીવનભર પુરુષાર્થ કર્યો ને જેના એ કર્ણધાર કે પ્રાણ રહ્યા તે રાજકોટ શહેર અને એની મ્યુનિસિપાલિટી એમના સ્મારકને માટે ગુણગ્રાહી તથા કૃતજ્ઞ થઇને કાંઇ કરશે ખરી ? એમનું સ્મારક થાય એ ખરેખર ઇચ્છવા જેવું છે. એથી એમના ઋણાનુબંધમાંથી છૂટાશે તો ખરું જ પરંતુ સાથે સાથે ભવિષ્યની પેઢીને પણ પ્રેરણા મળશે. એમના જેવા પ્રામાણિક અને આદર્શ લોકસેવકોના સ્મારક કરવામાં આવે એ બધી રીતે યોગ્ય જ છે. જો કે એમનું સાચું સ્મારક તો એમના જીવનમાંથી પદાર્થપાઠ લઇ, એમણે ચીંધેલા સેવામાર્ગે આગળ વધવું તે જ છે, છતાં પણ એમની વિશેષ સેવાની કદર રૂપે એમનું કાંઇ સ્થૂળ સ્મારક કરવામાં આવે તે પણ એમને માટે મોટી અંજલિ ગણાશે.

એમના અવસાનથી સૌ કોઇને દુઃખ થયું છે. સૌએ એમને ભાવે ભરાઇને અંજલિ આપી છે. સૌને પોતાના સ્વજનની વિદાય થઇ હોય તેવી ખોટ પડી છે. એમનું અવસાન સૌને સાલ્યું છે. એમ કેમ બન્યું ? એ આટલા બધા લોકપ્રિય કેમ બન્યાં ? કારણ કે એ નિસ્વાર્થ, ભેદભાવ તથા પક્ષાપક્ષીથી રહિત, સૌને માટે કાંઇ ને કાંઇ કરી છૂટનારા અને સૌના પર સ્નેહ રાખનારા હતા. એમનું દિલ સૌને માટે લાગણીનો અનુભવ કરતું. જીવનમાં એમણે કોઇની સાથે શત્રુતા નહોતી રાખી. વિરોધીઓ પણ એમને માટે પ્રેમ રાખતા તથા માન આપતા, એ એમની વિશેષતા હતી. એમનામાં સમજ હતી, સૂઝ હતી, દૃષ્ટિ હતી, ભાવના હતી ને નવી નવી યોજના કરવાની- વિચારવાની શક્તિ હતી. ભાવનાઓ તથા યોજનાઓને સિદ્ધ કરવા માટે એ બનતું બધું જ કરી છૂટતાં.

કાળનો અકાળ પડદો વહેલો મોડો સૌના પર પડવાનો છે. તેવી રીતે એમના પર પણ પડી ચૂક્યો છે. કોઇ એનાથી મુક્ત નથી. આજે કે કાલે સૌએ જવાનું જ છે એ નક્કી છે. સંસારમાં કોઇનુંય શરીર સનાતન નથી, સૌની ઘડીઓ ગણાય છે. કાળ સૌનો હિસાબ કરી રહ્યો છે. જે વખત જાય છે તે સોનાનો વીતે છે અને જીવનને વધારી નહિ પણ ઘટાડી રહ્યો છે. એમ કરતાં છેલ્લી સફરમાં, અંતિમ કૂચમાં જોડાઇ જવાની વિપળ પણ આવી પહોંચશે. છતાં પણ એવા વિચાર કરીને ડરવાની, ગભરાવાની, નાહિંમત થવાની કે બેચેન બનવાની જરૂર નથી. ઉલટું, જીવનને ઉત્તમોત્તમ બનાવવાના ને ધરતીને સરસ તેમજ સુખશાંતિમય કરવાના પ્રયાસમાં લાગી જવાની જરૂર છે. જીવનના રૂપમાં જે મળ્યો છે તે સમય ખરેખર બહુમૂલ્ય છે એવું સમજી લઇ, એની પ્રત્યેક પળનો સદુપયોગ કરવાનો સંકલ્પ કરવામાં આવે તો જીવન યાદગાર, સફળ અને પ્રેરક થાય એમાં સંદેહ નથી. એવું જીવન સૌ કોઇને માટે આદર્શરૂપ અને પ્રશંસનીય બની શકે. કબીરે કહ્યું છે

કે 'જગતમાં આવ્યો ત્યારે તું રડતો હતો, અને બીજાં બધાં હસતાં'તાં. હવે એવા ઉત્તમ કર્મો કર અને જીવનનો સદ્દુપયોગ કર કે જગતમાંથી વિદાય થતી વખતે તું તારા જીવનને સફળ કર્યાના સંતોષ સાથે સ્મીત કરે અને બીજા તારી ખોટનો અનુભવ કરતાં રડે. એમની આંખ ભીની બને તથા એમનાં અંતર ઘેરી કરુણાનો અનુભવ કરે.' કર્મવીરોના જીવન એવાં જ અસરકારક હોય છે. ચંપકભાઇ એવાં જ ઉત્તમ કર્મવીર હતા. પોતે શાંત રહીને બીજાને રડાવતાં એ વિદાય થયા છે. પરંતુ વખત રડવાનો કે શોક કરવાનો નથી, જીવનની ઉજ્જવળતાને સારૂં સંકલ્પ કરીને કામે લાગી જવાનો છે. એમના આત્માનું એ સૌથી સુંદર, ઉત્તમ તર્પણ થશે. એથી એ પ્રસન્નતા અનુભવશે.

એમના આત્માને શાંતિ તો મળી જ છે. ઇશ્વર એવા આત્માને શાંતિ ના આપે તો બીજા કોને આપે ? એવી શાંતિના એ અધિકારી હતા.

રીક્ષાના અકસ્માતથી ભયંકર રીતે ઘવાયા પછી ચંપકભાઇને હોસ્પિટલ લઇ જવામાં આવ્યા ત્યાં તેમણે ભાનમાં આવ્યા પછી રીક્ષાવાળાના સમાચાર પૂછ્યા. એના સમાચારને સાંભળીને એમણે સત્વર જણાવ્યું કે રીક્ષાવાળો ખૂબ જ ગરીબ છે. એને કોઇ પ્રકારની હેરાનગતિ ના થાય કે કોઇ સજા કરવામાં ના આવે તેનું ધ્યાન રાખજો.

જે થઇ ગયું તે થઇ ગયું; હવે અન્યથા નથી થવાનું, એવું સમજીને જ એમણે એવા શબ્દો ઉચ્ચારેલા. એ શબ્દોમાંથી એમની દયા, નિર્વૈરતા, સહાનુભૂતિ તથા સેવાભાવના ટપકે છે.

એમને નાળિયેરનું પાણી આપવામાં આવ્યું ત્યારે પણ એમણે તરત જ જણાવ્યું કે રીક્ષાવાળાને પાણી આપો. એની સ્થિતિ વધારે ખરાબ છે. રીક્ષાવાળાને પાણી આપવામાં આવ્યું ત્યારે જ એમને સંતોષ થયો. એ એવી અનોખી માટીના બનેલા. એ આદર્શ માનવ હતા. એમણે સમય પર શાંતિથી આંખ મીંચી દીધી. જેમને જીવતાં જ શાંતિ તથા સદગતિ સાંપડેલી એમની મરણોત્તર શાંતિ તથા સદગતિની ચિંતા કે કામના કરવાની હોય જ નહિ. એ વાસનારહિત, સ્વાર્થરહિત બનીને જીવનને અને મરણને જીવી તેમજ જીતી ગયા. એમની સ્મૃતિ સદાય સજીવ રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૩. સરીલા, કલકત્તા, મુંબઈ

**(૧) સરીલામાં**

મસુરીમાં મારા પ્રવચનોમાં અવારનવાર આવતા સરીલાનરેશે મને એક દિવસ સરીલા આવવાનું આમંત્રણ આપ્યું. મૌખિક આમંત્રણથી સંતોષ માનીને બેસી રહેવાને બદલે એ આમંત્રણને પાકું કરવા માટે પત્ર પણ લખ્યો :

सरीला लोज
मसूरी
६–९–१९६५

श्री १०८ श्री योगेश्वरजी महाराज,

मैं आपको निमंत्रण करता हूं कि इस झाडेमें आप सरीला राज्य पधारें ओर हमारे परिवारको व सरीलाकी जनताको श्री गीता सुनावें ।

अति कृपा होगी ।

आपके पधारनेको १ दीसम्बर बहुत अच्छा होगा ।

दिल्ली से झांसी ओर वहाँ से मानिकपुर लाइन पर हरपालपुर स्टेशन ।

शुभ चिंतक
महिपालसिंह
सरीला नरेश

એ આમંત્રણને અનુસરીને અમે સરીલાની મુલાકાત લેવાનું નક્કી કર્યું. સરીલાના મહારાજા અગાઉથી નિશ્ચિત કર્યા પ્રમાણે અમને દિલ્હીમાં પણ મળ્યા અને કાર્યક્રમની સુવ્યવસ્થા માટે બે-ત્રણ દિવસ અગાઉથી સરીલા ગયા. એમનો પ્રેમભાવ પ્રામાણિક હતો એની એવી રીતે પ્રતીતિ થઇ. દિલ્હીથી ટ્રેન મારફતે ઝાંસી થઇને અમે હરપાલપુર સ્ટેશને પહોંચ્યા ત્યારે એમના પ્રતિનિધિએ અમારો સત્કાર કર્યો. એ મોટર લઇને આવેલા એટલે સરીલા સુધીની આગળની મુસાફરી અમે મોટરમાં જ પૂરી કરી. મોટરમાર્ગ નહેરની એક તરફથી પસાર થતો હોવાથી અત્યંત આકર્ષક અથવા આહ્લાદક લાગતો.

અમે રાજપ્રસાદમાંના અમારા એક તરફના ઉતારામાં પ્રવેશ કર્યો. સરીલા નરેશને મેં અલગ ઉતારા માટે પહેલેથી જ સુચના આપેલી. મસુરીમાં એમણે મને પૂછેલું : 'તમને અમારું ભોજન ચાલશે ? અમારે ત્યાં રસોઇયો છે.'

'તમે શાકાહારી છો ?' મેં પૂછ્યું.

'ના. માંસાહારી છું. પરંતુ તમારે માટે શાકાહારી ભોજન બની શકશે.'

'રસોઇયો કોણ છે ?'

'મુસલમાન. ખૂબ જ સરસ રસોઇ બનાવી શકે છે.'

પરંતુ અમારે માટે એવો પ્રબંધ પ્રતિકૂળ હોવાથી એમણે અમારા ઉતારા પર જ અલગ ભોજનની ને સ્વતંત્ર રસોઇયાની વ્યવસ્થા કરેલી.

રાજપ્રાસાદના પ્રાંગણમાં સુંદર મંડપ બાંધવામાં આવેલો. ત્યાં સત્તર દિવસ સુધી સાંજે દોઢ કલાક સુધી ગીતાપ્રવચનો ચાલ્યા. સરીલા નરેશ પોતે એ અવસર પર રાજકુટુંબ સાથે સાદો ભારતીય પોશાક પહેરીને ત્યાં સાંભળવા બેસતાં. છેલ્લે દિવસે મારા દ્વારા એમના પૌત્રનું નામકરણ પણ કરવામાં આવ્યું.

સરીલા નગર છેક જ સાધારણ અને પછાત લાગ્યું. એનો સમુચિત વિકાસ નહોતો સધાયો. એક રાજ્ય તરીકેના એના વિલીનીકરણ પહેલાં પણ એનું સ્થાન એટલું બધું મહત્વનું નહોતું મનાતું. તો પણ સરીલા નરેશની નામના ઘણી સારી હતી અને રાજવી મંડળમાં એમનું સ્થાન આગળ પડતું ગણાતું. એ અતિશય નમ્ર, ઉદાર અને પરગજુ હતા. એમને મળ્યા પછી મને થયું કે ભારતમાં સારા રાજાઓનો પણ અભાવ નથી.

સરીલાથી પ્રયાણ કર્યા પછી અમે ખજૂરાહોની અને ચિત્રકૂટની મુલાકાત લીધી.

મુંબઈમાં રત્નાગર સેનેટોરિયમના નિવાસ દરમ્યાન વરસો પછી મહાત્મા વેદબંધુનો મેળાપ થયો. પૂર્વસંસ્કારોથી પ્રેરાઇને એમણે લગ્નજીવનમાં પ્રવેશીને મુંબઈના બાણગંગા વિસ્તારમાં રહેવાનું શરૂ કરેલું. એ આયુર્વેદમાં અભિરુચિ રાખતા હોવાથી વૈદ તરીકે ઓળખાતા. એમના બાહ્ય જીવનમાં આમૂલ પરિવર્તન થયું હોવા છતાં એમનો આત્મા જાગ્રત અને સાધનાપરાયણ હતો. એ જોઇને મને આનંદ થયો. કોઇને સંસ્કારવશ લગ્નજીવનમાં પ્રવેશવાનું થાય અથવા કોઇ કારણથી અવિવાહિત રહેવાનું બને તો પણ એના આત્મવિકાસની અભિરુચિ અખંડ રહે છે કે નથી રહેતી એ જ અગત્યનું હોય છે, અને એની ગુણવત્તાનો નિર્ણય પણ એના પરથી જ કરી શકાય છે. વેદબંધુ એ મૂળભૂત પરીક્ષામાંથી પાર ઊતર્યા.

**(૨) કલકત્તામાં**

ઇ. સ. ૧૯૬૭ પછી સત્સંગપ્રેમી બેન અમરકુમારીના આમંત્રણને માન આપીને અમારે બે વાર કલકત્તા જવાનું થયું, ત્યારે દક્ષિણેશ્વરના દર્શનનો લાભ વરસો પછી અનાયાસે મળી ગયો. દક્ષિણેશ્વરનું દર્શન અત્યંત આનંદદાયક થઇ પડ્યું. ત્યાંના શાંત, સુંદર, સ્વર્ગીય વાયુમંડળમાં અમે ભૂતકાળની સંસ્મૃતિઓને તાજી કરતાં સારો સમય પસાર કર્યો. મારી ઇચ્છા એ શાંત વિશુદ્ધ વાયુમંડળમાં નવરાત્રિના દૈવી દિવસો દરમ્યાન વસવાની હોવાથી અમે ત્યાંના આંતરરાષ્ટ્રીય અતિથીગૃહનું નિરીક્ષણ કર્યું. પરંતુ એના અવલોકનથી અમને નિરાશા થઇ. એના નામ પ્રમાણે ત્યાં રહેવાની સારી સંતોષકારક વ્યવસ્થા જરા પણ ના દેખાઇ. એનું ઉદઘાટન શ્રી મોરારજી દેસાઇ દ્વારા કરવામાં આવેલું, અને એના પ્રાંગણમાં રામકૃષ્ણ પરમહંસદેવની મનહર મોટી મૂર્તિ સ્થાપિત થયેલી. એ સિવાય ત્યાં કશી જ વિશેષતા અથવા અનુકૂળતા નહોતી દેખાતી. એવા આંતરરાષ્ટ્રીય અગત્ય ધરાવતા ઐતિહાસિક સ્થળમાં કેવી સ્વચ્છ સુંદર ધર્મશાળા અથવા કેવું અદ્યતન અતિથીગૃહ જોઇએ ? દક્ષિણેશ્વરનું ટ્રસ્ટીમંડળ એ અનિવાર્ય આવશ્યકતા પ્રત્યે એકદમ ઉદાસીન લાગ્યું. દક્ષિણેશ્વરના સ્થળની પણ સ્વચ્છતા તથા રંગરોગાનની દૃષ્ટિએ ઉપેક્ષા કરાતી હોય એવી છાપ પડી. એના વિશાળ ચોકના અને ગગનગામી ઘુમ્મટોના નવનિર્માણની આવશ્યકતા લાગી.

બહાર દક્ષિણેશ્વરના મંગલમય મંદિરની સ્થાપિકા રાણી રાસમણિદેવીની પ્રતિમા-પ્રતિષ્ઠા કરવામાં આવેલી. મંદિરની દયનીય દશાથી એની મુખાકૃતિ સહેજ દુઃખી દેખાતી હતી. પાસે જ ગંગા વહેતી હતી. ગંગાનો અવાજ એટલે જીવનભર પુરુષાર્થ કરીને પોતાના આદર્શ તરફ વેગથી ધપતા કોઇ સાધકના હૃદયનો ઉલ્લાસ, સંવાદ, રણકાર, તરવરાટ ! પુરુષાર્થીના દિલની અખૂટ પ્રેરણા : કર્મવીરની દીક્ષા, કવિની કવિતા તથા તત્વજ્ઞાનનું તત્વ એવી ગંગા એટલા જ ઉલ્લાસથી વહી જતી. જોનારને તે સંદેશ આપી રહેલી કે હે માનવ, જીવનમાં અખૂટ કે અનંત આનંદની ઉપલબ્ધિ કર. ખૂબ પ્રેમથી જીવ. ઉલ્લાસથી આગે બઢ. ને તારા મૂળ આદર્શ ઇશ્વર તરફ - પૂર્ણતા તરફ પ્રયાણ કર. રાત હોય કે દિવસ, તાપ હોય કે છાંય, સલામતીનું સપાટ મેદાન હોય કે મુશ્કેલીની કાંકરાભૂમિ કે દુઃખના ડુંગર હોય, બધામાં પ્રસન્ન રહી, પ્રેરણાના પિયૂષનું પાન કરી, વિકાસ કર. માર્ગમાં ક્યાંય ઉત્તમ સુંદર વનશ્રી આવશે તો ક્યાંક દિલને ડોલાવી નાખનારા શહેર, ગામ કે કુદરતના દૃશ્યો આવશે. કોઇના હર્ષોલ્લાસ જોવા મળશે તો કોઇના પોકાર ને કોઇ દીનદુઃખીની આહ પણ સંભળાશે, કશાથી ચલિત કે ચંચલ થયા વિના વહ્યે જજે, કોઇ ફૂલ ધરે, આરતી કરે, કે સ્તુતિના બે બોલ કહે તો પણ રોકાઇ ના રહેજે. ને કોઇ થૂંકે, અપમાન કરે, નિંદે કે પ્રહાર કરે તો પણ દુઃખી ના બનજે. વિશ્વની વિવિધતા કે વિચિત્રતાનો એને પણ એક પ્રકાર માનીને કોઇને દુઆ દીધા વિના કે અભિશાપ આપ્યા વિના આગળ ને આગળ ધપ્યે જજે. સર્વને માટે મધુર થઇને શીતળતાનો રાગ તથા દ્વેષ - વહાલ ને વૈમનસ્ય બંનેને તિલાંજલી આપી, પ્રેમમાં પ્રતિષ્ઠિત થઇને ભાવવિભોર થઇને અનંત અમર જીવનની યાત્રાને ચાલુ રાખજે. પૂર્ણતાના પંથનો પ્રવાસી બનજે ને જીવનના ઉલ્લાસને ખોઇશ નહિ.

ગંગાનું દર્શન કરતાંવેંત એવી એવી ભાવોર્મિ હૃદયમાં જાગી ઊઠતી. ભૂતકાળના કેટકેટલા ઇતિહાસની એ શાંત સાક્ષી હતી ? એ મંદ ગતિથી દક્ષિણેશ્વરના દર્શનથી કૃતાર્થ બનતી પોતાના ગંતવ્યસ્થાન તરફ જઇ રહેલી.

કલકત્તા સુધીના પ્રવાસનો લાભ લઇને અમે જગન્નાથપુરી તથા તારકેશ્વર પણ જઇ આવ્યાં.

કલકત્તાના સુપ્રસિદ્ધ કાલી મંદિરમાં અપાતા પશુઓના બલિદાનની પ્રથાને પેખીને અમને પીડા થઇ. આઝાદીના આટલાં વરસો પછી પણ એવી પ્રથા ટકી રહી છે એ આશ્ચર્યકારક છે. એનો અંત આણવા લાગતાવળગતા સૌ કોઇએ કટિબદ્ધ બનવું જોઇએ. દેશમાં કોઇયે કારણે જીવહિંસા ના થાય તેનું ધ્યાન રાખવું જોઇએ.

કલકત્તામાં અમે નેતાજી સુભાષચંદ્ર બોઝના નિવાસસ્થાનને જોવા ગયા, ત્યારે સુભાષબાબુના ભાઇએ અમને એમની સ્મૃતિમાં સચવાયેલી વસ્તુઓ બતાવી. મેં પૂછ્યું : 'નેતાજી અહીંથી એકાએક અદૃશ્ય થઇ ગયા તે પહેલાં કાંઇ વાંચતા હશે ?'

'હા.' એમણે ઉત્તર આપ્યો, 'નિયમિત રીતે વાંચતા હતા. '

'શું વાંચતા ?'

'એમને બે પુસ્તકોનું વાંચન પુષ્કળ પ્રિય હતું. એક તો સ્વામી વિવેકાનંદના પ્રવચનોનું ને બીજું શ્રીમદ્ ભગવદ્ ગીતાનું.'

'ગીતાનું ?'

'હા. એ અવારનવાર કહેતા કે ગીતામાંથી મને નિષ્કામ કર્મયોગની, માતૃભૂમિને માટે કાંઇક કરી છૂટવાની પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. એ પ્રેરણાને સાર્થક કરવા માટે હું આજકાલ કાંઇક વિચારી રહ્યો છું.'

એમના શબ્દો આશ્ચર્યકારક હોવા છતાં સાચાં હતાં. ગીતાએ કેવળ સર્વસંગપરિત્યાગી વિવિક્તવાસી ત્યાગી પુરુષોને જ પ્રેરણા નથી પાઇ. એ વસ્તીની વચ્ચે વસનારા ને વિચરનારા વર્તમાન ભારતના નિર્માતા કે પ્રેરણાપ્રદાતા કર્મવીરોની પણ પ્રેરણાદાત્રી બની છે. નેતાજીને પણ એણે અસાધારણ અસર પહોંચાડી છે. એ વાર્તાલાપથી અમને એની માહિતી મળી.

**(૩) સદભાગી સાક્ષર**

વડોદરામાં થિયોસોફિકલ સોસાયટી તરફથી મારાં પ્રવચનો યોજાયાં ત્યારે ત્યાંના એક સુપ્રસિદ્ધ લેખક અને વિદ્વાન મને મળવા આવ્યા. એમણે મને કેટલાક પ્રશ્નો પૂછ્યાં.

થોડા જ દિવસો પછી એમના આગ્રહપૂર્વકના આમંત્રણથી અમે અલકાપુરીના એમના મકાન પર ગયા. ત્યાંથી બહાર નીકળતી વખતે એમણે મને એક તરફ લઇ જઇને જણાવ્યું : તે દિવસે હું થિયોસોફિકલ સોસાયટીમાં આવીને તમને પ્રશ્નો પૂછવા માંડ્યો ત્યારે તમારા મસ્તકની ઉપરના ભાગમાં મને રામકૃષ્ણ પરમહંસદેવની સુંદર સ્પષ્ટ આકૃતિ દેખાઇ. તો તમારો એમની સાથે પૂર્વજન્મમાં કોઇ સંબંધ હતો કે તમે એમના શિષ્ય હતા ?

મેં એમને કહ્યું : મારો એમની સાથેનો સંબંધ કેવો હતો તે હમણાં નહિ કહું. પરંતુ હું એમનો શિષ્ય તો નહોતો જ.

મારા શબ્દોથી એમને સંપૂર્ણ સંતોષ થયો હોય એવું ના લાગ્યું. તો પણ મેં જણાવ્યું : તમને રામકૃષ્ણદેવના દર્શનનો એવો લાભ મળ્યો એ પણ તમારું સદભાગ્ય કહેવાય. તમારા સંસ્કારો એટલા અસાધારણ. એ અસાધારણ સંસ્કારવાળા સૌજન્યમૂર્તિ સદભાગી સાક્ષર શ્રી કિસનસિંહ ચાવડા હતા.

**(૪) અમૂલખ માનવ**

મુંબઈના બીજા વરસના નિવાસ દરમ્યાન પ્રેમકુટિરમાં જગ્યાની મુશ્કેલી હોવાથી પ્રવચનોના વ્યવસ્થાપકોએ અમારે માટે રહેવાની વ્યવસ્થા ત્રણ બત્તીના માર્ગના એક મકાનમાં કરેલી. સ્ટેશનથી અમે એ મકાનમાં પહોંચ્યા તો ખરાં પરંતુ ત્યાંનું વાતાવરણ અમને અનુકૂળ ના લાગ્યું. ત્યાં શ્રી જગમોહન એન્જીનીયર પણ આવેલા. એમનો ઉપલક પરિચય હજુ એક વરસ અગાઉ જ થયેલો. એ તરત જ બોલ્યા : 'સવારે આ સ્થળને જોયું ત્યારથી જ મને થયેલું કે આ તમારે માટે અનુકૂળ નથી.'

'બરાબર છે.' મેં એમનું સમર્થન કર્યું, 'છતાં પણ અહીં રહેવું જ પડશે.'

'શા માટે ?'

'બીજો વિકલ્પ ક્યાં છે ?'

'વિકલ્પ છે.'

'શો ?'

'તમે મારે ત્યાં પધારો. મારે ત્યાં સર્વ પ્રકારની અનુકૂળતા છે. મારો મોટો છોકરો અમેરિકા ગયો છે. તેનો રૂમ ખાલી છે. તમારો સામાન ત્યાં લઇ જાઉં છું. તમને કશી જ તકલીફ નહિ પડે. બહાર મોટર તૈયાર છે.'

'પરંતુ તમને તકલીફ પડશે.'

'તકલીફ કેવી ? મારું મકાન મોટું છે. તમે ત્યાં પધારશો એથી અમને આનંદ થશે. અમારું ભાગ્ય એવું ઉત્તમ ક્યાંથી ?'

થોડી વારમાં અમે ચોપાટી પરના રત્નાગર પેલેસના એમના શાંત આવાસમાં પહોંચી ગયા.

એમણે અણીને વખતે અમારી સરસ રીતે સેવા કરી. એમનું દિલ એમના મકાન કરતાં પણ મોટું છે એની ખાતરી થઇ.

બીજે વરસે માતાજીની આંખે મોતિયાનું ઓપરેશન કરાવ્યું ત્યારે પણ એ ખૂબ જ મદદરૂપ થઇ પડ્યા.

રત્નાગર પેલેસના એ એક અમૂલખ માનવ હતા.

**(૫) મહાપુરુષનો મેળાપ**

આધ્યાત્મિક વિકાસના મંગલમય માર્ગમાં આગળ વધીને સર્વોત્તમ પદ પ્રાપ્ત કર્યા પછી સર્વોચ્ચ કોટિના જ્ઞાનીઓ, ભક્તો કે યોગીઓ આ વિશ્વના વાયુમંડળમાં વસે છે ખરાં ? એ એમની આકાંક્ષા અનુસાર કોઇને દર્શન આપવાનું અથવા કોઇ ઉપર અનુગ્રહ કરવાનું કલ્યાણકારક કાર્ય કરી શકે ખરાં ? સ્વાનુભવસંપન્ન સત્પુરુષો અને શાસ્ત્રો એનો ઉત્તર હકારમાં આપે છે ને કહે છે એવું બની શકે છે. એવા કેટલાક સાધકો પણ મળે છે, જેમના જીવનમાં અજબ અનુભૂતિની એવી આશ્ચર્યકારક ઘટનાઓ બનતી હોય છે. હમણાં હમણાં આલંદીની મારી યાત્રા દરમ્યાન મને એવા સાધકનો પરિચય થયો.

એ સાધક આલંદીના જ્ઞાનેશ્વર મહારાજના સુવિખ્યાત સમાધિ મંદિરના પૂજારી હતા. એમનું નામ ગોવિંદ લક્ષ્મણરાવ પ્રસાદે. અમને એ આલંદીમાં મળ્યા ત્યારે અસાધારણ પ્રેમપૂર્વક એમણે અમારું સ્વાગત કર્યું અને સમાધિ મંદિરમાં સર્વત્ર ફેરવીને અમારી સાથે વાતો કરી. એમને કૈલાસના માર્ગમાં આલ્મોડાથી ઉપર આશ્રમ કરીને રહેતા શ્રી નારાયણ સ્વામી પર પ્રેમ તથા પૂજ્યભાવ હતો. તેમણે નારાયણ સ્વામી સાથે મારે ઘણો સ્નેહ સંબંધ હતો એવું જાણીને મને કહ્યું : 'નારાયણ સ્વામી અહીં આવતા અને જ્ઞાનેશ્વર મહારાજની સમાધિ પર માથું મૂકતાં ત્યારે ખૂબ ગળગળા બની જતા. કેટલીક વાર તો બેહોશ પણ થઇ જતા. એ અવસ્થામાં એમને ઊંચકીને લઇ જવા પડતા. એમને આ સ્થળ ઘણું પ્રિય હતું.'

કેટલીક બીજી વાતો કરીને પછી એમણે એમના સ્વાનુભવ સંબંધમાં જણાવ્યું : 'નારાયણ સ્વામીને કલકત્તામાં ઓપરેશન કરાવ્યા પછી નાની ઉંમરમાં એમનું શરીર છૂટી ગયું એ જાણીને મને દુઃખ થયું. મારા અંતરમાં છેલ્લે છેલ્લે એમનું દર્શન ના થયાનો અસંતોષ રહી ગયો. એ પછી તો કેટલાય દિવસો વીતી ગયા. એક વાર રાતે હું રોજની પેઠે મારા ઘરમાં સુઇ ગયેલો ત્યારે ઘરનાં બારણાં પર ટકોરા પડ્યા. એકાએક ઊભા થઇને મેં બારણું ઉઘાડ્યું તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. બારણાની બહાર નારાયણ સ્વામી ઊભેલા. તેમનું સ્વરૂપ અત્યંત આકર્ષક તથા તેજોમય હતું. હું એને અવલોકી રહ્યો. એમણે તરત જણાવ્યું : 'મને ભૂખ લાગી

છે, કાંઇક ખાવાનું આપો.' એમના શબ્દો સાંભળી મને થયું કે અત્યારે તો શું ખાવાનું હોય ? મેં એમને અંદર આવવાનો આગ્રહ કર્યો. પરંતુ એને અમાન્ય રાખી એમણે મને જે હોય તે ખાવાનું લાવવાનો આદેશ આપ્યો. હું ઘરમાં જઇ જે કાંઇ હતું તે લઇ વહેલી તકે બહાર આવ્યો તો એમને મેં જોયા જ નહિ ! મને કશું સમજાયું નહિ. એટલા વખતમાં ક્યાં ગયા ? આજુબાજુ બધે જોયું તો પણ એમનો પત્તો ના લાગ્યો. મને સમજાયું એમના શરીરત્યાગ પછી મારા પર કૃપા કરી એમણે મને દર્શન આપ્યું છે.'

પૂજારીનું હૃદય ભરાઇ આવ્યું. એમનો કંઠ ગળગળો થતાં એ વધારે ના બોલી શક્યા. થોડાક સમય પછી પોતાની જાતને સહેજ સ્વસ્થ કરીને સંભાળીને એ બોલ્યા : 'એ એમની અસામાન્ય કૃપા હતી. એવી રીતે એવા મહાપુરુષનું દર્શન થઇ શકે ?'

'જરૂર થઇ શકે. એમની કૃપાથી એવું જરૂર થઇ શકે છે. તમને તો એમનું દર્શન થયું છે, પછી તમારે માટે એવો સવાલ જ ક્યાં છે ? તમે ભાગ્યશાળી છો. એમના એ અજબ અનુભવથી તમે જાણી શક્યા કે એ મહાપુરષ મર્યા નથી પણ જીવતા છે. એમના અલૌકિક સ્વરૂપે અમર છે. એમનું શ્રદ્ધાભક્તિપૂર્વક સ્મરણ કરો અને એમના જીવનમાંથી પ્રેરણા અથવા પથપ્રદર્શન પામીને આગળ વધો એટલે થયું. તમારા પર તો સંતોના તથા સિદ્ધોના શિરમુકુટ શ્રી જ્ઞાનેશ્વર મહારાજનો અનુગ્રહ છે.'

મારા ઉદગારોથી એમને આનંદ થયો. એમની આંખ ભરાઇ આવી. પરમ ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરતાં ને જ્ઞાનેશ્વર મહારાજનું ધ્યાન ધરતાં એમણે આંખો મીંચી દીધી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૪. ગાંધીજીનો અદભૂત અનુભવ

ઇ. સ. ૧૯૭૦નું વરસ ગાંધી શતાબ્દિ વરસ તરીકે ભારતભરમાં ઉજવવાનું નક્કી થયેલું. ભારતની બહારના દેશોમાં પણ એ દરમ્યાન કેટલાક વિશેષ કાર્યક્રમો યોજવાનું વિચારાયેલું. મહાત્મા ગાંધીજીનું યોગદાન ભારત પૂરતું મર્યાદિત ન હતું. એમણે આપેલો ફાળો સમસ્ત સંસારને માટે મહત્વનો હતો. એમનું મુખ્ય કાર્યક્ષેત્ર ભારત હતું એ સાચું હોવા છતાં એ પણ એટલું સાચું હતું કે એમની નજર સમસ્ત મહીમંડળ પર મંડાયેલી. ભારતમાં કરોડો દેશબાંધવોની મુક્તિ, ભક્તિ, શાંતિ તથા સમૃદ્ધિને માટે કરવામાં આવેલું એમનું કાર્ય ચક્રવર્તી અને ચિરસ્મરણીય હતું. એને લક્ષમાં લઇને એમને આદરપૂર્ણ અંજલિ આપવામાં આવે અને એમના વિરાટ વ્યક્તિત્વમાંથી ને કલ્યાણકાર્યમાંથી કાંઇ ને કાંઇ પ્રેરણા મેળવવામાં આવે એ ઉચિત અથવા આવકારદાયક હતું.

મેં પોતે પણ એમને મારી રીતે અંજલિ આપવાનો વિચાર કર્યો. ગાંધીજીના શરીરત્યાગ પછી કેટલેક વખતે મેં એમના જીવન અને કાર્યને અનુલક્ષીને 'ગાંધી ગૌરવ' નામની કાવ્યકૃતિની રચના કરેલી. એનું આવશ્યક સંશોધન-સંવર્ધન કરીને અને એને અભિનવ રૂપ આપીને શતાબ્દિ વરસ દરમ્યાન એના પ્રકાશનનો મેં સંકલ્પ કર્યો. એ સંકલ્પને સાર્થક કરવાનો પ્રયત્ન પણ પ્રારંભી દીધો. દિવસોના એકધારા નિષ્ઠાપૂર્વકના પરિશ્રમ પછી શતાબ્દિ મહોત્સવના વરસ પહેલાં જ 'ગાંધી ગૌરવ' કાવ્યકૃતિની રચના પૂરી થઇ. એને માટે મેં ગાંધીજીને લગતાં કેટલાંય પુસ્તકોનો આધાર લીધો. અત્યંત અનુરાગ અને શ્રદ્ધાભક્તિથી મેં એની રચના કરી. રચના દરમ્યાન અનેરો, અદભૂત, અવર્ણનીય આનંદ અનુભવ્યો. સંતશ્રેષ્ઠ તુલસીદાસજીના હૃદયમાં રામચરિતમાનસની રચના દરમ્યાન જેવી રામભક્તિ હશે તેવી જ ગાંધીભક્તિથી ભરાઇને મેં એ કાવ્યકૃતિની રચના કરેલી. એ રચના દ્વારા એક અત્યંત આવશ્યક, આશીર્વાદરૂપ કાર્યને કરવાનો મને સંતોષ થયો.

મારી ઇચ્છા 'ગાંધી ગૌરવ'ની પ્રસિદ્ધિ શતાબ્દિ વરસ દરમ્યાન અને કોઇ ખ્યાતનામ પ્રકાશન સંસ્થા દ્વારા થાય એવી હતી. પરંતુ એ ઇચ્છાની પૂર્તિ ધાર્યા જેટલી સહેલી ન હતી. અંતરમાં ઊંડે ઊંડે વિશ્વાસ તો હતો જ કે જે પરમ શક્તિએ એ સરસ કવિતાકૃતિનું સર્જન કરાવ્યું છે એ એના પ્રકાશનનો પ્રબંધ પણ કરશે જ, તો પણ એને માટે બને તેટલો પ્રયત્ન તો કરવાનો જ હતો. એ પ્રયત્નમાં સફળ થવા માટે મેં પરમાત્માની પ્રાર્થના કરી. એ સંબંધી ગાંધીજીનું જ માર્ગદર્શન માંગ્યું. એક ધન્ય દિવસે વહેલી સવારે ગાંધીજીએ મને અલૌકિક અનુભવ આપ્યો ત્યારે મને સંતોષ થયો.

'તમને મારું 'ગાંધી ગૌરવ' કાવ્ય ગમ્યું ?' મેં એમને પૂછ્યું.

એમણે પ્રત્યુત્તર આપ્યો : 'શા માટે ના ગમે ? ખૂબ જ ગમ્યું. મારે માટે આટલા બધા પ્રેમપૂર્વક બીજું કોણ લખે છે ? મને યાદ પણ કોણ કરે છે ? હું એથી ખૂબ જ પ્રસન્ન થયો છું.'

'પરંતુ એને છાપશે કોણ ? કોઇક સારી સંસ્થા છાપે એવી મારી ઇચ્છા છે. વોરા કંપની છાપશે ?'

'ના. નહિ છાપે.'

'આર. આર. શેઠની કંપની ?'

'એ પણ નહિ છાપે.'

'તો પછી કોણ છાપશે ?'

'નવજીવન કાર્યાલય જ છાપશે અને સારી રીતે છાપશે.'

'પરંતુ નવજીવન સંસ્થા તો ગદ્ય જ છાપે છે, પદ્યના પુસ્તકો નથી છાપતી.'

'છતાં પણ ત્યાં કોશિષ કરજો. એ છાપશે અને બહાર પાડશે.'

એ બાબત વિશેષ દલીલ કરવાનો બીજો અર્થ ના હોવાથી એ વિષયને મેં ત્યાં જ પડતો મૂક્યો.

'ગાંધી ગૌરવ'ના પ્રકાશન માટે વરસો પહેલાં, લગભગ ઇ. સ. ૧૯૬૦માં મેં નવજીવનને પત્ર લખેલો. એ સંસ્થાની સૂચનાનુસાર એને એની હસ્તપ્રત પણ મોકલેલી. પરંતુ એ હસ્તપ્રત સંસ્થાની છાપવાની અશક્તિના શેરા સાથે પાછી આવેલી. ગાંધીજીએ આટલા બધા સમય પછી એ જ સંસ્થા પ્રકાશનસંસ્થા બનશે એવો સ્પષ્ટ નિર્દેશ કરીને એની સાથે પત્રવ્યવહાર માટે સંકેત કરેલો. તો પણ મેં મારી રીતે તપાસ કરવા વોરા કંપનીને અને બેત્રણ બીજી પ્રકાશન સંસ્થાઓને લખી જણાવ્યું. એ બધી પ્રકાશન સંસ્થાઓએ 'ગાંધી ગૌરવ'ના પ્રકાશન માટે ના પાડી. હવે ગાંધીજીની પ્રેરણા પ્રમાણે એક નવજીવન સંસ્થાને જ લખવાનું શેષ રહ્યું.

'ગાંધી ગૌરવ' વિશે ગાંધીજી સાથે જે વિશેષ વાર્તાલાપ થયેલો એનો ઉત્તરાર્ધ આ પ્રમાણે હતો :

'ગાંધી ગૌરવ' વિશે કોઇની પાસે પ્રસ્તાવના જેવું લખાવું ?'

'લખાવવું હોય તો કાકા કાલેલકર પાસે લખાવજો. એ સારું લખશે.'

'મોરારજી દેસાઇ પાસે કાંઇ લખાવું ?'

'એ પણ લખી આપશે. લખાવજો.'

મેં નવજીવન સંસ્થા પર પત્ર લખ્યો. 'ગાંધી ગૌરવ'નો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો. સંસ્થાના ટ્રસ્ટીએ ટૂંકમાં જણાવ્યું કે આ સંસ્થા કાવ્યોનું પ્રકાશન નથી કરતી. તમે મહાત્મા ગાંધીજી પર આટલું મોટું કાવ્ય લખ્યું છે તે જાણીને હર્ષ થાય છે. તમને હરકત ના હોય તો એની હસ્તપ્રત જોવા માટે મોકલી આપો.

એ ઉત્તરથી કંઇક અંશે ઉત્સાહિત અને આશાવાદી બનીને મેં એમને હસ્તપ્રત મોકલી આપી.

એ દરમ્યાન મેં કાકા કાલેલકરનો પત્ર દ્વારા સંપર્ક સાધીને એમની પાસે 'ગાંધી ગૌરવ' વિશે કશુંક લખી આપવાની માગણી કરી. એમણે કાવ્યોની પ્રસ્તાવના લખવાનું બંધ કરેલું અને એમની આંખની શક્તિ સારી ન હતી તો પણ હસ્તપ્રતને મંગાવીને પોતાનો અભિપ્રાય લખી મોકલ્યો. શ્રી મોરારજી દેસાઇએ પણ એમના અનેકવિધ વ્યવસાયમાં રત રહેવા છતાં પણ મારા પત્રના ત્વરિત પ્રત્યુત્તરમાં જણાવ્યું કે 'ગાંધી ગૌરવ' જેમ જેમ છપાતું જાય તેમ તેમ મને એના છપાયેલા ફરમા મોકલશો તો મારો અભિપ્રાય લખી મોકલીશ.

નવજીવન પ્રકાશન પાસે મારી 'ગાંધી ગૌરવ'ની હસ્તપ્રત ત્રણેક મહિના સુધી સુરક્ષિત રહી. એ દરમ્યાન એનું નામી કવિજન ને ગાંધીવાદી વિચારકોએ અવલોકન કર્યું. આર્થિક રીતે એનું પ્રકાશન અનુકૂળ રહેશે કે કેમ તે પણ વિચારવામાં આવ્યું. છેવટે સંસ્થા તરફથી એને છાપવાનો નિર્ણય કરવામાં આવ્યો. મને એ નિર્ણયથી આનંદ થાય એ સ્વાભાવિક હતું. ગાંધીજીની ઇચ્છા તથા પ્રેરણાનો વિજય થયો. મહાપુરુષોના

સંકેતો સદા સાચા પડે છે. એ સ્થૂળ સ્વરૂપે વસતા હોય કે સુક્ષ્મ સ્વરૂપે શ્વાસ લેતા હોય તો પણ એમના ઉદગારો મિથ્યા નથી થતાં.

શ્રી મોરારજી દેસાઇએ લખેલ આમુખ સુયોગ્ય સમયે આવી પહોંચ્યો. 'ગાંધી ગૌરવ' ગાંધી શતાબ્દિ દરમ્યાન જ બહાર પડ્યું તેથી મારી પ્રસન્નતાનો પાર રહ્યો નહિ.

નવજીવન પ્રકાશનના મેનેજિંગ ટ્રસ્ટીએ એક વાર વાતવાતમાં મને જણાવ્યું : 'ગાંધી ગૌરવ'ના પ્રકાશનનો નિર્ણય લેતાં પહેલાં અમે સ્વાભાવિક રીતે જ ખૂબ ખૂબ વિચાર કરેલો. એને આટલો બધો સારો આવકાર મળશે એની કલ્પના પણ ન હતી. વિદ્વાનોએ એની ખૂબ જ પ્રસંશા કરી છે અને વિવેચકોએ એની પર સરસ વિવેચનલેખો લખ્યા છે. સાહિત્ય અને કવિતાની દૃષ્ટિએ એની રચના ઘણી સુંદર અને ઊંચી કોટિની થઇ છે.

એનાથી અધિક સંતોષ બીજો કયો હોઇ શકે ? એના પ્રકાશન પાછળની પ્રેરણાના પ્રામાણિક ઇતિહાસનું આલેખન કરતાં આજે આટલાં વરસો પછી પણ મારું અંતર અવનવા ભાવોનો અનુભવ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૫. ભગવાન રમણ મહર્ષિના અનુભવો

'ભારતના આધ્યાત્મિક આકાશમાં છેલ્લાં બસો બસો જેટલાં વરસોમાં પ્રકાશેલા પરમ પ્રકાશવાન અસાધારણ શક્તિસંપન્ન નક્ષત્રગણોમાં ભગવાન રમણ મહર્ષિનું સ્થાન ઘણું આગળ પડતું અને શકવર્તી છે. કેટલાક માને છે તેમ સ્થૂળ શરીરના પરિત્યાગ પછી એ કાર્ય કરતાં બંધ નથી થયાં. એમની અલૌકિક અમોઘ આત્મશક્તિ આજે પણ એટલી જ અસરકારક રીતે કાર્ય કરે છે. એનો અનુભવ અનેક રીતે થયા કરે છે. જે એમના પ્રત્યે અભિમુખ હોય છે, એમની શ્રદ્ધા ભક્તિથી સંપન્ન બને છે, અથવા એમના અનોખા અનુગ્રહની અભીપ્સા સેવે છે. એમને અથવા બીજાને એમની સંનિધિનો અનેરો આસ્વાદ મળી રહે છે. એના સ્વાનુભવ સહિતના સમર્થન માટે કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ કરવાનું કાર્ય અનુચિત નહિ લેખાય.

ઇ. સ. ૧૯૬૯ના માર્ચ મહિનામાં મારા મુંબઈના નિવાસ દરમ્યાન કોઇપણ પ્રકારના પ્રત્યક્ષ પૂર્વપરિચય વિના મને મળવા માટે આર. આર. શેઠની કંપનીવાળા શ્રી ભગતભાઇ તથા શ્રી ધીરુભાઇ આવી પહોંચ્યા. એમણે મારી આગળ રમણ મહર્ષિના જીવન અને કાર્ય પર એક મહાગ્રંથ તૈયાર કરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. મને મહર્ષિ પ્રત્યે પ્રથમથી જ પુષ્કળ પ્રેમભાવ હોવાથી, એમના જ્યોતિર્મય જીવન અને કાર્યનું અક્ષરાલેખન સૌને સારું શાંતિદાયક અને શ્રેયસ્કર થશે એવું સમજીને, એ કલ્યાણકાર્ય કરવાની મેં હા પાડી. મને નિશ્ચાત્મક રીતે વિશ્વાસપૂર્વક લાગ્યું કે મહર્ષિએ પોતાની સવિશેષ અલૌકિક આત્મશક્તિથી જ આ પ્રસંગનું આયોજન કર્યું છે. એમના સંકલ્પ અથવા અનુગ્રહબળથી પ્રેરાઇને જ મારી આગળ આ પવિત્ર પ્રસ્તાવ રજૂ કરાયો છે. એમણે એના કલ્યાણકાર્યને માટે મારી પસંદગી કરી છે એથી અધિક આનંદ બીજો કયો હોઇ શકે ? મારે તો કેવળ નિમિત્ત થવાનું છે, બાકીનું બધું જ કામ એ જ કરવાના છે. એની મને માહિતી હતી તો પણ, એવા કાર્યમાં નિમિત્ત બનવાનું ભાગ્ય પણ કાંઇ ઓછું ન હતું.

મારી અનુકૂળતા પ્રમાણે મેં એ કલ્યાણકાર્યનો આરંભ કર્યો. મારી મદદ માટે રમણાશ્રમમાંથી આવશ્યક પુસ્તકો મંગાવવામાં આવ્યાં. સૌથી પહેલાં મહર્ષિના જીવનપ્રસંગોને આલેખવાના હતા. એ રસમય પુનિત પ્રસંગોને આલેખતાં મને અવર્ણનીય આનંદાનુભવ થવા માંડ્યો. એ આહ્લાદક આલેખન દરમ્યાન એક વાર શ્રી ભગતભાઇ મળવા આવ્યા. એ વખતે હું અમદાવાદમાં હતો. મેં એમને મહર્ષિના જીવન પર લખેલાં ૧૫૦ જેટલાં હસ્તલિખિત પૃષ્ઠો બતાવ્યાં. એટલે એમણે પ્રસન્નતાને પ્રદર્શાવીને જણાવ્યું : 'લખાણ ખૂબ જ સંતોષકારક રીતે થઇ રહ્યું છે. એ જોઇને મને આનંદ થાય છે. પરંતુ એમાં એક મુશ્કેલી પેદા થઇ છે. આપણે એ મુશ્કેલીને લીધે લખાણ બંધ રાખવું ને પુસ્તક પ્રકાશનનો વિચાર પડતો મૂકવો પડશે.'

'કયી મુશ્કેલી ?'

'આશ્રમ પાસેથી મહર્ષિના પુસ્તકના પ્રકાશન માટે મંજૂરી મંગાવેલી પરંતુ એમણે એવી મંજૂરી આપવાની ના પાડી છે અને કહ્યું છે કે મહર્ષિના જીવન પર કેટલાંય પુસ્તકો લખાયેલાં હોવાથી આવા બીજા મોટા પુસ્તકને તૈયાર કરવાની અને છાપવાની આવશ્યકતા નથી લાગતી. એવી મંજૂરી વિના આપણાથી કશું જ ના કરી શકાય. આપણે પુસ્તક પ્રકાશનનો વિચાર પડતો મૂકવો પડશે.'

હું પોતે વિચારમાં પડ્યો. મહર્ષિના જીવનને પોતાની રીતે કોઇ પણ લખી શકે. એનું પ્રકાશન પણ કરી શકાય. એમાં કશી હરકત નહોતી લાગતી. હરકત આશ્રમના પુસ્તકોના ઉપયોગની હતી. એટલે મેં મહર્ષિના જીવનનું લખાણ પૂરું કરવાનો નિર્ણય કર્યો. મહર્ષિની મરજી હશે તો પુસ્તક લખાશે ને પ્રકાશન પામશે એવો વિશ્વાસ તો હતો જ.

ભગતભાઇએ મને આશ્રમની મંજૂરી માટે સ્વતંત્ર રીતે પત્ર લખીને પ્રયત્ન કરવાની સૂચના કરી. એ સૂચનાને મેં વધાવી લીધી. રાતે મેં મારી રીતે મહર્ષિનો પ્રાર્થના દ્વારા સંપર્ક સાધ્યો. એમને સઘળી હકીકત કહી બતાવી ને એમનું માર્ગદર્શન માંગ્યું. એમણે જણાવ્યું કે તમે આશ્રમના ટ્રસ્ટીને ફરીવાર પત્ર લખીને મંજૂરીની માગણી કરો. મંજૂરી જરૂર મળશે. હું અપાવીશ. તમારી દ્વારા મારા જીવન અને કાર્યનું એ પુસ્તક તૈયાર થાય એવી મારી ઇચ્છા છે. મેં જ એને માટેની સમગ્ર ભૂમિકાનું નિર્માણ કર્યું છે.

એમની પ્રેરણાથી પ્રેરાઇને મેં રમણાશ્રમના ટ્રસ્ટીમંડળના અધ્યક્ષને પત્ર લખ્યો. ટ્રસ્ટીમંડળના અધ્યક્ષ મહર્ષિના નાના ભાઇ સ્વામી નિરંજનાનંદના સુપુત્ર વેંકટરામને અઠવાડિયા પછી ઉત્તર આપ્યો કે તમારા જેવા પુરુષ આવું સુંદર સર્વોપયોગી સત્કર્મ કરતા હોય તો તેને માટેની મંજૂરી આપવામાં અમને વાંધો નથી. તમે એ કાર્યને કોઇપણ પ્રકારના સંકોચ સિવાય કરી શકો છો.

મેં એમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો અને ઉચિત નિર્ણય લેવા માટે એમને અભિનંદન આપ્યાં.

મહાપુરુષોની અદૃષ્ટ અચિંત્ય આત્મશક્તિ કેવી અદભૂત રીતે કાર્ય કરે છે અને અશક્યને શક્ય અથવા કઠિનને સરળ બનાવે છે એનો એક વિશેષ અનુભવ થયો.

મેં અનુભવ્યું કે મહર્ષિની ઇચ્છા, પ્રેરણા તથા કૃપાથી જ આ કલ્યાણકાર્ય થઇ રહ્યું છે. એમના જીવન અને કાર્યના પુસ્તકને લખતી વખતે મને મહર્ષિની સુખદ સંનિધિનો સતત અનુભવ થતો. એવું લાગતું કે એ મારી સાથે ને પાસે છે, મારી પ્રવૃત્તિનું નેહપૂર્વક નિત્ય નિરીક્ષણ કરે છે, અને સર્વ પ્રકારે મદદરૂપ બને છે. એ સંબંધી એમણે આપેલા અન્ય વિલક્ષણ અનુભવોનો ઉલ્લેખ અસ્થાને નહિ લેખાય.

એમના જીવન વિષયક પુસ્તકની રચના દરમ્યાન તારીખ ૯ જુલાઇ ૧૯૬૯ ની સવારે લગભગ સાડા ચાર વાગ્યે મસુરીમાં ધ્યાનાવસ્થામાં મને એમનું દર્શન થયું. એમના સુંદર સુપ્રકાશિત શરીર પર કૌપીન હતું ને રૂમાલ વીંટાળેલો. મેં એમને જણાવ્યું : 'હું તમારા જીવન પર પુસ્તક લખું છું તે તમને ગમે છે ?'

'ખૂબ જ ગમે છે.' એમણે કહ્યું, 'તમે પ્રખર પ્રેમથી પ્રેરાઇને લખી રહ્યા છો.'

'તે પુસ્તકનું નામ 'ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય' રાખ્યું છે તે બરાબર છે ?'

'હા. બરાબર છે.'

એ આનંદદાયક અનુભવ દરમ્યાન એમની સાથે બીજી કેટલીક અધ્યાત્મવિષયક વાતો થયેલી.

પુસ્તકના લેખન દરમ્યાન દરેક મહિને અવારનવાર અને આકસ્મિક રીતે એમના દિવ્ય દર્શનનો લાભ મળતો રહેતો. એથી જે અસાધારણ આનંદ થતો એને વર્ણવવા યોગ્ય શબ્દો મને નથી મળતા.

સપ્ટેમ્બર મહિનામાં પુસ્તકના પ્રશ્નોત્તરી વિભાગનું લેખન કાર્ય ચાલી રહેલું. એ કાર્યની પરિસમાપ્તિ પછી પત્ર સાહિત્યનો પરિચય કરાવવાનું એક જ કાર્ય શેષ રહેવાનું હતું. પરંતુ એ કાર્યના આરંભ પહેલાં એક મુશ્કેલી દેખાઇ. આર. આર. શેઠની સંસ્થા પાસેથી પુસ્તકલેખનમાં મદદ મેળવવા માટે મહર્ષિને લગતાં જે

પુસ્તકો મેં મંગાવેલાં તેમાં પત્રોનું પુસ્તક 'letters from Ramanashram' નહોતું આવ્યું. એ પુસ્તક વિના પત્રસાહિત્યના છેવટના વિભાગને ન્યાય ના જ કરી શકાય. મેં એને માટે રમણાશ્રમના શ્રી વેંકટરામનને લખી જોયું. એમનો ઉત્તર આવ્યો કે એ પુસ્તક ખલાસ થઇ ગયું છે. ફરી છાપવા આપ્યું છે. ત્રણેક મહિનામાં બહાર પડતાં એની નકલ સૌથી પહેલાં તમને મોકલી આપીશું.

એમનો ઉત્તર એટલો બધો સંતોષકારક ના લાગ્યો. એ પુસ્તકની પુનરાવૃત્તિ બહાર પડે ત્યાં સુધી મારે શું કરવું ? મેં મહર્ષિનું માર્ગદર્શન માંગ્યું. મહર્ષિએ મારી પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે મારી સામે પ્રકટીને જણાવ્યું કે પુસ્તક તમને અઠવાડિયામાં જ મેળવી આપીશ. એટલે તમારું લેખનકાર્ય નહિ અટકે. એ પછી મારા સુખદ આશ્ચર્ય વચ્ચે વેંકટરામનનો બીજો પત્ર આવ્યો. તેમાં તેમણે લખેલું કે તમને પત્ર લખ્યા પછી તપાસ કરી તો અહીંની લાયબ્રેરીમાં એ પુસ્તકની એક વધારાની નકલ મળી છે. તે તમારા કાર્યના મહત્વને સમજીને વી. પી. થી રવાના કરી છે. તેને છોડાવી લેજો.

મહર્ષિની સુચનાનુસાર અઠવાડિયામાં તો પત્રસાહિત્યનું એ પુસ્તક આવી પહોંચ્યું. મેં એને છોડાવી લીધું. દસેક દિવસ પછી પ્રશ્નોત્તરીનો વિભાગ પૂરો થયો ત્યાં સુધી એનું નીરક્ષીર વૃત્તિથી વાંચન કર્યું અને એ પછી એના લેખનનો આરંભ કર્યો. મારી ભાવના પ્રમાણે વચ્ચેનો એકપણ દિવસ લેખન વિના ખાલી ના ગયો.

તારીખ ૧૦-૧૧-૧૯૬૯ની સવારે નૂતન વરસે અમારે કલકત્તા પહોંચવાનું થયું. ત્યાં મારો વિચાર વહેલી તકે શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના સુપ્રસિદ્ધ સ્થાન દક્ષિણેશ્વરના દર્શને જવાનો હતો. ભાઇબીજને દિવસે મહર્ષિએ પુનઃ દર્શન આપીને પૂછ્યું કે જે કામ માટે અહીં આવ્યા છો તે કામ પૂરું થઇ ગયું ?

એવી રીતે એમણે મારી ઇચ્છાનુસાર દક્ષિણેશ્વર જવાનો સંકેત કર્યો.

શ્રી રમણ મહર્ષિના એ સ્વાનુભવો એમની અસાધારણ શક્તિને ને દેશકાળરહિતતાને સૂચવે છે. જે એમનું સાચા દિલથી શરણ લેશે ને એમના અનુગ્રહ અથવા પથપ્રદર્શનને માટે પ્રાર્થશે તેને નિરાશ નહિ થવું પડે. મારા અનુભવના આધાર પર એટલું અવશ્ય કહી શકું છું. કોઇક શ્રદ્ધાભક્તિસંપન્ન સાચા સાધકને એથી સાધનાત્મક મદદ મળશે તો મારો લેખનનો પ્રયાસ સફળ કે સાર્થક થશે. મને આનંદ થશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૬. ઉડીયાબાબાનો મેળાપ

કેટલાંક પ્રસંગો અથવા મેળાપો શાશ્વત બનવા માટે સરજાયેલા હોય છે અને જીવનમાં એમની અમીટ અમર છાપ મૂકી જાય છે. એ પ્રસંગો અથવા મેળાપો જીવનના ધન્ય પ્રસંગો અથવા મેળાપો બની રહે છે. ઈ. સ. ૧૯૭૨ના ઓક્ટોબરની અગિયારમી તારીખે થયેલો મેળાપ પણ એવો જ ધન્ય ને ચિરસ્મરણીય મેળાપ હતો. એ મેળાપ અથવા વધારે સારી ભાષામાં કહીએ તો સ્વર્ગીય સમાગમ એક પ્રાતઃસ્મરણીય સત્પુરુષ અથવા સંતનો હતો. એ સુખદ સમાગમનું વિહંગાલોકન કરી જઈએ.

એ વખતે અમે બદરીકેદારના પુણ્યપ્રવાસેથી પાછા ફરતાં થોડા વખતને માટે દેવપ્રયાગના દૈવી સ્થળમાં રોકાયેલા. ત્યાં વરસો પહેલાં અમે જે સ્થાનમાં નિવાસ કરેલો તે સ્થાનમાં ઓરિસ્સા તરફના એકાંત પ્રેમી મહાત્મા પાંચ-છ વરસોથી નિવાસ કરતા. એમનું નામ ઉડિયાબાબા હતું. દેવપ્રયાગના નિવાસીઓ એમના તપ તથા ત્યાગની મુક્તકંઠે પ્રશંસા કરતા. અમે અમારી સાથેના જિજ્ઞાસુ ભાઈબહેનોની ઈચ્છાને માન આપી એ સ્થાનના દર્શને ગયા ત્યારે એમના સમાગમનો લાભ સહેજે મળી ગયો.

અમારા વખતની કુટિરને તોડી પાડીને એના સ્થાન પર એક નાની સરખી પાકી સુંદર કુટિરનું નિર્માણ કરવામાં આવેલું. ઉડિયાબાબા એમાં જ નિવાસ કરતા. એ સ્થાન કેટલું બધું સુંદર, આકર્ષક અને એકાંત દેખાતું ? અમે એ નાની સરખી, કુદરતની ગોદમાં વિરાજેલી કુટિરમાં પ્રવેશ કર્યો ત્યારે ઉડિયાબાબાને એની અંદર બેઠેલા જોયા. એમનું વ્યક્તિત્વ લેશ પણ આકર્ષક અથવા અસાધારણ નહોતું દેખાતું. શરીર શ્યામ હતું. મુખમંડળ કોઈ પણ પ્રકારની વિશિષ્ટતા અથવા ચમત્કૃતિથી રહિત હતું, અને એમનું આખુંય વ્યક્તિત્વ છેક જ સાધારણ દેખાતું. અલબત્ત એમના મુખ પર ને નેત્રોમાં ઊંડી શાંતિ પથરાયેલી અથવા આત્મસંતોષની આભા પ્રકટેલી. એ નિશાની કાંઈ જેવી તેવી અને ઉપેક્ષણીય ન હતી. એમના શિર પર મલિન લાગતા ગૂંચળાંવાળા વાળની જટા, મુખ પર નાની સરખી શ્વેત દાઢી અને શરીરે સફેદ, સંપૂર્ણ કે સારી પેઠે સ્વચ્છ ના કહી શકાય એવાં વસ્ત્રો હતાં. પ્રથમ નજરે નિહાળતાં જ એ કોઈ વૈરાગી સાધુ હોવાની છાપ પડ્યા વિના ના રહી. એવા એકાંત, નિતાંત એકાંત સ્થાનમાં રહેવાનું કાર્ય સામાન્ય કક્ષાના સાધકને માટે મુશ્કેલ હતું. પૂરેપૂરી ઈશ્વરભક્તિ, સાધનાપ્રીતિ કે વિરક્તિ વગર એવા સ્થાનમાં સુદીર્ઘ સમય સુધી ના જ રહી શકાય. એવા વિચારથી અમને એમના સારુ સદભાવ પેદા થયો. ભારતમાં આજે પણ એવા કેટલાય સંતો છે જે ઈશ્વરપરાયણ જીવન જીવતાં આત્મવિકાસની સમજપૂર્વકની સાધનામાં પોતાના જીવનને જોડીને એકાંતમાં વસી રહેલા છે. એમનો સમાગમ સાચેસાચ સુખદ ઠરે છે.

ઉડિયાબાબાએ સૌને બે હાથ જોડીને મસ્તક નમાવીને નમસ્કાર કર્યા. એમના એવા વર્તનની પાછળ ભારે વિનમ્રતાનું દર્શન થયું. સામાન્ય રીતે સંતપુરુષો બીજાને એવી રીતે નમસ્કાર કરવાનું ઓછું પસંદ કરતા હોય છે. અમારી સાથેના પ્રવાસીઓ એમની એ વિનમ્રતાને વિલોકીને આશ્ચર્ય પામ્યા. ઉડિયાબાબાએ શાંતિપૂર્વક છતાં પણ ભાવભરપૂર ભાષામાં મને જણાવ્યું કે તમે આ સ્થાનમાં વરસો સુધી વસવાટ કરેલો એ જાણીને તમને મળવાની ભાવના થયેલી. ઈશ્વરકૃપાથી એ ભાવના આજે પૂરી થઈ. જીવનમાં પરમાત્મા વિના કશું જ સ્થાયી નથી. એ જ જાણવા કે પામવા જેવા છે. જીવ એમને ભૂલીને ને જગતના વિષયોમાં ડૂબીને

દુ:ખી થાય છે. જે પરમાત્માને ભજે છે ને જાણે છે તેની કૃતાર્થતાનો અંત નથી રહેતો. એ સદાને સારું, સાચા અર્થમાં સુખી બની જાય છે.

એમણે ખૂબ ખૂબ પ્રેમપૂર્વક અમારે માટે નીચેથી પેંડાનો પ્રસાદ મંગાવ્યો. અમારી સાથેના સૌ કોઈએ એમના ચરણે પૈસા અર્પણ કર્યા. એની પાછળ શુદ્ધ સેવાદૃષ્ટિ હોવા છતાં એમણે એ પૈસાને ગ્રહણ ના કર્યા. 'મારે પૈસાનું કામ જ શું છે ? એના સિવાય સહેજે ચાલે છે. આ બધા પૈસા પાછા લઈ લો. ભગવાનની કૃપા છે. એમનો ભંડાર મારે માટે ઉઘાડો છે. મારે કોઈ પણ પ્રકારની મુશ્કેલી નથી. આ ધન મારે ના જોઈએ.' એ એમના ઉદગારો હતા. એમની અપરિગ્રહ વૃત્તિ અને નિ:સ્પૃહતા સાચી અને સંપૂર્ણ હતી. એમને મનાવવાના કેટલાક પ્રયત્નો કરવામાં આવ્યા તો પણ એ હિમાલય જેવા અચળ રહ્યા અને લેશ પણ ના ડગ્યા. આખરે અમારી સાથેના એક બીજા બીજા સાધુપુરુષને એ પૈસા આપી દેવામાં આવ્યા. એમણે એ સહર્ષ સ્વીકારી લીધા. એ એમના મહત્વમાં માનતા હોવાથી એમને માટે એ સહજ હતું.

ઉડિયાબાબા એવા વિવિક્તવાસ દરમિયાન પોતાનો નિર્વાહ કેવી રીતે ચલાવતા ? એવો પ્રશ્ન સહેજે પેદા થાય છે. એના ઉત્તરમાં અમારી સાથેના પંડાભાઈઓએ કેટલોક પ્રકાશ ફેંક્યો. એમણે કહ્યું કે ઉડિયાબાબા ગામમાં નથી આવતા. લોકસંપર્કની અભિરુચિ એમને જરા પણ નથી. કોઈની પાસે એ કશું માંગતા નથી. કોઈ સહજ રીતે પ્રેમભાવે કશુંક પહોંચાડે તો આવશ્યક્તાનુસાર સ્વીકારે છે. વધારે ભાગે તો મગની દાળ પર અથવા કશું ના હોય ત્યારે પાંદડાં ખાઈને જીવન ગુજારે છે. એ ઈશ્વરપરાયણ થઈને કેવળ આકાશ વૃત્તિથી જ જીવે છે. કોઈની પણ લાલસા, વાસના કે અપેક્ષા નથી રાખતા.

ઉડિયાબાબાના મુખમંડળ પર નિસ્પૃહતા છવાયેલી. એમની નિઃસ્વાર્થતા અને તપપરાયણતા ખીલી ઊઠેલી. એની સાથે સાથે ઊંડા આત્મસંતોષની છાયા દેખાતી. એ એક અસાધારણ અવસ્થાએ આસીન થયેલા સંતપુરુષ હતા એમાં કશા સંદેહને માટે સ્થાન ન હતું.

એમની અસાધારણતાનો એક બીજો વિશેષ પુરાવો તો એ પછી છેક છેવટે, એમની અને એમના એકાંત આશ્રમની વિદાય લેતી વખતે મળ્યો. અમે એ નાની સરખી કુટિરમાંથી બહાર નીકળ્યા ત્યારે અમારી સાથે એ પણ બહાર નીકળ્યા. લગભગ મધ્યાન્હનો સમય હતો. સૂર્યનારાયણ પોતાની પરિપૂર્ણ શક્તિથી પ્રકાશી રહેલા. કુટિરના પર્વતમાળાથી આવૃત્ત થયેલા આંગણામાં આવીને એ મહાપુરુષ ભારે નમ્રતાપૂર્વક પ્રેમથી પરિપ્લાવિત હૃદયે મારી આગળ ઉભા રહ્યા. એમણે પૂર્ણપણે તપતા સૂર્ય તરફ દૃષ્ટિને સ્થિર કરીને મનોમન કાંઈક બોલવા માંડ્યું. સૂર્યનો પ્રખર પ્રકાશ એમને આંજી શકતો ન હતો. એમણે સૂર્યોપાસનાની કોઈક સામાન્ય સિદ્ધિ મેળવી હોય એવું લાગવા માંડ્યું. સૂર્ય સામે એવી રીતે એકધારું જોયા પછી એ મારી તરફ ફર્યા અને મને બે હાથ જોડીને એકાએક પગે લાગ્યા, એમના મુખમંડળ પર સુમધુર સંમોહક સ્મિત ફરી વળ્યું. એ બે હાથ જોડીને મારા તરફ જોઈ રહ્યા અને સત્વર, વિપળનાય વિલંબ વિના ધીમા છતાં સરસ સ્વરમાં બોલ્યા: ' તમે ....છો. તમે ..... ફરી આવ્યા છો.'

એટલું બોલીને એ સ્નેહપૂર્વક છૂટા પડ્યા. ધીમેથી ઉચ્ચારાયેલા એ શબ્દોને મારા સિવાય બીજું કોઈ ના સાંભળી શક્યું. બીજાં બધા જ અમારાથી દૂર હતાં.

એમના શબ્દો સાંભળીને મને ખૂબ જ નવાઈ લાગી. નવાઈ લાગે એ સ્વાભાવિક હતું. કેવો અચિંત્ય, અલૌકિક અવનવો અનુભવ ! અને એ પણ કેટલી બધી આકસ્મિક રીતે થયો ! હું .... છું તેની માહિતી એમને કેવી રીતે મળી ? એ હકીકત એ એમના ઈષ્ટદેવની મદદથી જાણી શક્યા કે બીજી કોઈ રીતે ? એ પ્રશ્નોના મહત્વ કરતાં એમને મળેલી મહામૂલ્યવાન માહિતીનું મહત્વ મારે મન વધારે હતું. મારા જીવનમાં મેં જોયેલા અનેક નાના મોટા મહાત્મા પુરુષોમાં કેવળ એક જ મહાત્મા એવા મળેલા જેમણે મને સ્થૂળ રીતે, જાગૃતિ દશામાં, મારા પૂર્વજન્મની માહિતી આપી હોય. ઈ.સ. ૧૯૪૪માં મને મારા પૂર્વજન્મની માહિતી મળી ત્યારથી માંડીને આજ સુધી સૂક્ષ્મ શરીરધારી, સમાધિ જેવી અવસ્થામાં એનો લાભ આપનારા મહાત્મા પુરુષો તો કેટલાય, અવારનવાર અને અનેક મળ્યા પરંતુ જીવંત મહાપુરુષોમાંથી કોઈએ જાગૃતિમાં એ જ્ઞાન પૂરું પાડ્યું હોય એવો પ્રસંગ તો આ બીજો જ હતો. અને એ પણ ક્યારે ઉપસ્થિત થયો તે જાણવા જેવું છે. છેલ્લા કેટલાક વખતથી મારા મનમાં વિચાર પેદા થતો કે કોઈ એવા મહાપ્રતાપી મહાપુરુષ નહિ હોય જે આપણને જોતાંવેંત આપણા પૂર્વજન્મને જાણી શકે ? એવા મહાત્માનો અત્યારે અભાવ હશે ? આટલા મોટા દેશમાં એવા મહાત્મા હશે જ નહિ ? હશે તો ક્યાં હશે ? એમનો મેળાપ શી રીતે થશે ? ઈશ્વરની વિરાટ શક્તિએ એવા વિચારો કે પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે આ વિરક્ત મહાપુરુષનો મેળાપ કરાવ્યો અને એ પણ મારી વરસો પહેલાંની, વરસો સુધીની ચિરસ્મરણીય ઐતિહાસિક શાંત સુંદર સાધના ભૂમિમાં, એ ઓછા આનંદની વાત ન હતી. ઉડિયાબાબા પોતે પણ એ દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ એકદમ આકસ્મિક અને આશ્ચર્યકારક રીતે પરમાત્માની અલૌકિક શક્તિનું માધ્યમ બનીને કરી શક્યા હોય એવું લાગ્યું. શક્તિના મંગલમય માધ્યમ બનવાનું સદભાગ્ય પણ કાંઈ સ્વલ્પ કે સાધારણ તો નહોતું જ. ઉડિયાબાબા એને માટે પૂરેપૂરા યોગ્ય હતા. એ દૃષ્ટિએ એમનું મહત્વ ધાર્યા કે માન્યા કરતાં ઘણું વધારે હતું.

એ પ્રસંગને અત્યાર સુધી હું અનેક વાર વાગોળતો રહ્યો છું. મારે માટે એ ખૂબ જ પ્રસન્નતાપ્રદાયક તેમજ પ્રેરક થઈ પડ્યો છે. ભારત વર્ષ આજે પણ આધ્યાત્મિક રીતે, આધ્યાત્મિક મહાપુરુષોના જગતમાં જીવે છે ખરું. ઉડિયાબાબા જેવા તપઃપૂત પરમ પ્રતાપી પરમાત્મપરાયણ મહાત્મા પુરુષ એની પરિતોષપ્રદ પ્રતીતિ કરાવે છે. એમને સાદર સસ્નેહ વંદન કરીએ. બહારથી છેક જ સાધારણ દેખાતા હોવા છતાં પણ એ અંદરથી અત્યંત અસાધારણ હતાં એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૭. મોરારજીભાઈનો મેળાપ ને બીજા પ્રસંગો

**(૧) મેળાપ**

શ્રી મોરારજી દેસાઈને મળવાનો સુયોગ ઈ. સ. ૧૯૭૦ના આરંભમાં અનાયાસે પ્રાપ્ત થયો. મુંબઈમાં એ એમના સુપુત્રને ત્યાં ઊતરેલા. ત્યાંથી એમણે કહેવડાવ્યું કે હું તમને મળવા આવીશ તો લોકો ભેગા થશે માટે તમે જ આવો તો સારું. એટલે અમે એમને મળવા ગયાં. પ્રેમકુટિરનો અમારો ઊતારો એમના ઊતારાની તદ્દન પાસે હતો.

એમણે અમને સત્કાર્યા. એ શાંતિપૂર્વક બેઠેલા. એમના મુખમંડળ પર વેદના છવાયેલી. દેશની પ્રવર્તમાન પરિસ્થિતિથી એ પીડિત દેખાયા. એમની સાથેની વાતચીતથી એની સ્પષ્ટતા થઈ. તાજેતરની ઘટનાઓએ એમને અસાધારણ અસર પહોંચાડેલી. એમણે વાતવાતમાં કહ્યું : મોટા ભાગના લોકો હજુ પણ સાચું સમજતા નથી, પછી શું થાય ? વખત વિતશે ને જેમ જેમ અનુભવ મળશે તેમ તેમ સમજશે. એને માટે ઈશ્વરને પ્રાર્થના કરવી રહી. બીજો કોઈ રસ્તો નથી.

એમના ખંડમાં એક તરફ રમણ મહર્ષિનો ફોટો પડેલો. એમણે એ તરફ દૃષ્ટિપાત કર્યો. સંભવ છે કે એમને એમના પ્રત્યે શ્રદ્ધા હોય.

ગાંધીગૌરવ વિશે વાત નીકળતાં એમણે મને જણાવ્યું કે એના આમુખની નકલો તમને તથા નવજીવન કાર્યાલયને હું સાત દિવસમાં મોકલી આપીશ.

ઊઠતી વખતે એ અમને દરવાજા સુધી વળાવવા આવ્યા ને પ્રણામ કરીને બોલ્યા : આશીર્વાદ આપો કે સઘળું સારું થાય.

મેં કહ્યું : તમારી ઉપર તો ઈશ્વરના આશીર્વાદ છે.

એવા સેવાવ્રતધારી લોકહિતૈષી પવિત્ર પુરુષ પર ઈશ્વરના અનંત આશીર્વાદ જ હોય. સમસ્ત દેશને સારું સર્વસમર્પણ અને ચિંતા કરનારા એવા મહાપુરુષો હશે અને એમની શુભ ભાવનાઓ સાંપડશે ત્યાં સુધી દેશ સુરક્ષિત રહેશે. એમને જોઈને સંત તુલસીદાસની પેલી પંક્તિઓ યાદ આવી :

પરહિત બસ જિનકે મનમાંહી,
તિનહ કહં જગ દુર્લભ કછુ નાહીં.

વચનપાલનનું આદર્શ ઉદાહરણ પૂરું પાડવામાં આવતું હોય તેમ બરાબર સાતમે દિવસે મને અને નવજીવનને એમણે મોકલેલા આમુખની નકલોની પ્રાપ્તિ થઈ.

**(૨) જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન**

મહાપુરુષોએ જે સ્થાનમાં પોતાની જીવનલીલા કરી હોય છે તે સ્થાન સાધારણ સ્થાન મટીને અસાધારણ તીર્થસ્થાન બની જાય છે અને બહુજન સમાજને માટે પ્રેરણાત્મક થાય છે. એ સ્થાનમાં એમની સ્મૃતિઓ વધારે સજીવ બને છે ને જીવનઉપયોગી ઠરે છે. સંત શિરોમણિ જ્ઞાનમૂર્તિ જ્ઞાનેશ્વર મહારાજના લીલાસ્થાન આલંદીનું પણ એવું જ છે. એના દર્શનનો સુયોગ મારા જીવનમાં અનેક વાર આવ્યો છે અને પ્રત્યેક વખતે મને કાંઈ ને કાંઈ લાભ જ થયો છે.

ઈ. સ. ૧૯૭૦ દરમિયાન એ પવિત્ર ભૂમિમાં એક રાત રહેવાનું થયું ત્યારે મને જ્ઞાનેશ્વર મહારાજના દર્શનની ઈચ્છા થઈ. રાતે હું એમનું આત્મિક અનુસંધાન સાધીને એમની પ્રાર્થના કરતાં બેસી રહ્યો એ વખતે અમારો ઊતારો સમાધિ મંદિરની પાસેની ધર્મશાળામાં હતો. લગભગ રાતે બે વાગે મારું મન અસાધારણ શાંતિને અનુભવવા લાગ્યું અને મને જ્ઞાનેશ્વર મહારાજનું દર્શન થયું. એમનું સ્વરૂપ અત્યંત ઓજસ્વી, આહ્લાદક અને આકર્ષક હતું. થોડોક પ્રેમપૂર્ણ વાર્તાલાપ કરીને એ અદૃશ્ય થઈ ગયાં. પછી હું આરામ કરવા માટે પથારી પર આડો પડ્યો.

આલંદીની એ યાત્રામાં અમારી સાથે મુંબઈથી કાંતિભાઈ પણ જોડાયેલા.

પુનાનાં મારા પ્રવચનોની પરિસમાપ્તિ વખતે એ મારી સાથે થોડાક દિવસ એકાંતવાસ માટે પુના આવી પહોંચ્યા એટલે ત્યાંથી અમે નાશિક ગયાં. નાશિકમાં એ મારી સાથે જ રોજ ધ્યાનમાં બેસતાં. એક દિવસ મને ધ્યાનમાં મારા પૂર્વજન્મોને અનુભવવાની આકાંક્ષા થઈ. એના પરિણામે મને મારા ચાર પૂર્વજન્મોનું દર્શન થયું. એ ચારે જન્મો સંતપુરુષોના જ હતા. ધ્યાનમાંથી ઊઠ્યા પછી મેં કાંતિભાઈને પૂછ્યું કે તમને કોઈ અનુભવ થયો, તો તેમણે જણાવ્યું કે અત્યંત અસાધારણ આનંદદાયક અનુભવ થયો. ધ્યાનાવસ્થા દરમ્યાન મન સહેજ શાંત થઈ ગયું અને મને જુદા જુદા સ્વરૂપવાળા ચાર મહાત્મા પુરુષોનું દર્શન થયું. એમનામાંના એકને હું ઓળખી શક્યો પરંતુ બીજાની ઓળખાણ ના પડી. મારા પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે એમણે એ મહાત્માઓનું વર્ણન કરી બતાવ્યું ત્યારે સમજાયું કે મને પણ જન્માંતર જ્ઞાનના પરિણામે એ જ ચાર મહાત્મા પુરુષોનું દર્શન થયેલું. એમના સરળ નિષ્કપટ હૃદયને લીધે જ એવો અદભુત અનુભવ થઈ શકેલો.

**(૩) કાંતિભાઈનો સ્વર્ગવાસ**

પાંચેક વરસના ટુંકા પરિચય-ગાળામાં કાંતિભાઈ ખૂબ જ નજદીક આવી ગયેલા. એમણે અમારી સાથે સૌરાષ્ટ્રની, બદરીકેદારની અને છેલ્લે છેલ્લે ગંગોત્રી તથા પશુપતિનાથની યાત્રા કરી. બીજે વરસે એમનું શરીર બગડ્યું અને એ ઈ. સ. ૧૯૭૫ની ૧૫મી ઓગષ્ટની વહેલી સવારે સ્વર્ગવાસી થયાં. મૃત્યુ પહેલાં એમણે આપેલા આદેશને અનુસરીને એમનાં ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું. એમના જવાથી નાના-મોટા અનેકને અસાધારણ ખોટ પડી. સુમન ગયું, સુવાસ રહી ગઈ. સરિતા સરી કિન્તુ ધરતીને સલિલવંતી કરી ગઈ.

ઘરનાં સૌ કોઈને એમણે સૂચના આપેલી : મારી પાછળ કોઈ રડશો નહિ. શોક ના કરશો. જે જન્મ્યું છે તે દરેકને જવાનું તો છે જ. ઘરમાં રોજ ગીતા અને વિષ્ણુસહસ્ત્રનામનો સમૂહ પાઠ શરૂ કરો. સારા સારા સંતો વિદ્વાનોને બોલાવીને સત્સંગ કરાવો. મનને પરમાત્મામાં લગાડો. એ જ કાર્ય કરવા જેવું છે.

એમને પૂછવામાં આવ્યું કે કોઈ કામના છે ? કોઈને કાંઈ કહેવું છે ? તો એમણે ઉત્તર આપ્યો કે ના, કોઈયે કામના નથી ને કાંઈયે નથી કહેવું. સૌમાં સદબુદ્ધિ છે. એને અનુસરીને સૌ આગળ વધશે. મને એની લેશ પણ ચિંતા નથી થતી.

એમના અસ્થિ-વિસર્જન માટે હરિદ્વારને પસંદ કરવામાં આવ્યું. એમના કુંટુબીઓ મને ને માતાજીને મસુરીથી અત્યંત આગ્રહ કરીને ત્યાં લઈ ગયાં. હરિદ્વારના બ્રહ્મકુંડમાં એમનાં અસ્થિને પ્રવાહિત કરવામાં

આવ્યાં. અમે ઉતારા પર પહોંચ્યાં તે પછી મધ્યાહ્ન સમયે એ મારી સમક્ષ સૂક્ષ્મરૂપે ઉપસ્થિત થઈને સંતોષ પ્રદર્શાવતા કહેવા લાગ્યા કે તમારી શુભ સંનિધિમાં અસ્થિ-વિસર્જનનું કાર્ય કરાયું એથી મને આનંદ થયો છે. હું સંપૂર્ણ શાંત, સંતુષ્ટ ને સુખી છું.

જે બીજાની સમુન્નતિ, સુખાકારી અને શાંતિની સદા કામના કરે છે તથા તેને માટે પ્રયત્નો આદરે છે એ સુખી ને શાંત જ હોય. એને કશું પણ અશાંત ના કરી શકે. એ સંદર્ભમાં એમના શબ્દો સાચા હતા.

કાંતિભાઈના સ્વર્ગવાસ પછી પંદર દિવસે ડોક્ટર રસિકલાલનો સ્વર્ગવાસ થયો. એ પણ ખૂબ જ પરગજુ ને સેવાભાવી હતા. એમના આત્માની ઉદાત્તતા પણ અમર રહી ગઈ.

**(૩) અમૃતસરમાં**

અમૃતસરમાં વેદાંતકેસરી સ્વામી નિર્મલજી મહારાજે શરૂ કરેલાં વેદાંત સંમેલનનો રજતજયંતિ મહોત્સવ ઈ. સ. ૧૯૭૫માં દિવાળી પહેલાં થવાનો હોવાથી સ્વામી નિર્મલજીના શિષ્ય અને સંમેલનના પ્રધાન શ્રી હરકિશનદાસના આગ્રહપૂર્ણ આમંત્રણને માન આપીને અમે અમૃતસર ગયાં. એ અવસર યાદગાર બની ગયો.

અમૃતસરનું વેદાંત સંમેલન વિશાળ પાયા પર યોજાયેલું. એમાં અનેક વિખ્યાત મહાત્માઓ, મહામંડલેશ્વરો, વિદ્વાનોએ ભાગ લીધો. શ્રોતાઓની સંખ્યા ઘણી મોટી હતી. એમાં મારા પ્રવચનો રોજ થતાં. પ્રત્યેક દિવસે એકેક મહાત્માની અધ્યક્ષપદે નિયુક્તિ થતી. છેલ્લે દિવસે મારી પણ નિયુક્તિ થઈ. બે દિવસના પ્રવચનો પછી મહંતો, મંડલેશ્વરો અને સંતો મારા પર પ્રેમ પ્રદર્શાવતા થયાં. એક મંડલેશ્વર મહારાજને તો એટલો બધો પ્રેમ થયો કે એ બીજા મહાત્માઓને અને મંડલેશ્વરોને કહેવા લાગ્યા કે, યોગેશ્વરનું પ્રવચન સાંભળો. ધન્ય બની  જશો. કેવું સરસ સારગર્ભિત બોલે છે ? એ સ્વયં સુંદર વક્તા હતા તો પણ ગુણગ્રાહી વૃત્તિથી પ્રેરાઈને મારી પ્રશંસા કરવા લાગ્યા, એ એમની મહાનતા હતી.

સંમેલનમાં બીજા સારા પ્રવક્તાઓ પણ આવેલા. એમને લીધે સંમેલન સર્વ પ્રકારે સફળ અને સાર્થક હતું.

ભારતમાં સાંપ્રત સમયે સાધનાપરાયણ, સિદ્ધિસંપન્ન અને પ્રાતઃસ્મરણીય સત્પુરુષોનો અભાવ છે. એવું વિધાન કેટલાકો તરફથી થાય છે, પણ સાચી રીતે એવું નથી જ. એવા સાધુપુરુષોનો દર્શન-સમાગમનો લાભ દુર્લભ હોય તે ભલે, પરંતુ એમનું અસ્તિત્વ આજે પણ છે, અને પ્રભુની અસીમ, અહેતુકી કૃપાથી એમના દર્શનનો દેવદુર્લભ લાભ મળી રહે છે એ હકીકત છે.

ઈ. સ. ૧૯૭૫ના ઓક્ટોબર-નવેમ્બર માસ દરમિયાન અમૃતસરમાં થયેલા 'અખિલ ભારતીય વેદાંત સંમેલન' વખતે મને એની પ્રતીતિ થઈ. આજે ચારે તરફ માનવીય મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે અને આત્મિક અભ્યુત્થાનને બદલે સાંસારિક સુખોપભોગની ભાવના વધતી જાય છે, ને તે પ્રવૃત્તિ પ્રબળ બનતી જાય છે ત્યારે એવા અપરિગ્રહી, આત્મારત, આત્મકામ મહાપુરુષો પણ પોતાની રીતે કાર્ય કરી રહ્યા છે એ ઓછું આશ્ચર્યકારક નથી લાગતું. એવા એક મહાપુરુષનું રેખાચિત્ર અહીં રજૂ કરું છું.

વેદાંત સંમેલનમાં લગભગ સો જેટલા સંતપુરુષો પધારેલા. એમાંના કેટલાક ખ્યાતિપ્રાપ્ત, તો કેટલાક ખ્યાતિ વગરના પણ હતાં. એમનામાંના ઘણા સંમેલન સ્થાનની બહારના મુખ્ય માર્ગની બેઉ બાજુની

ફૂટપાથ પર બેસતાં. સંમેલનમાં જતી વખતે મારે એ માર્ગ પરથી પસાર થવું પડતું, એટલે એમના દર્શનનો લાભ આપોઆપ મળી રહેતો.

એ સંતપુરુષોમાંના એક પ્રત્યે મારું લક્ષ સહજ રીતે આકર્ષાયું. એમને અવલોકતાં જ મને એવી લાગણી થઈ કે આ કોઈ સામાન્ય મહાત્મા નથી, પણ આત્મિક સાધનાનો આધાર લઈને જીવનસિદ્ધિના ઉચ્ચ શિખરે પહોંચેલા કોઈ અપવાદરૂપ મહાપુરુષ છે. સંસારમાં એમની કોઈ સ્થૂળ સંપત્તિ ભલે ન હોય, પણ મુખ્ય માર્ગના વિશાળ વૃક્ષ નીચે બેસી રહેલા એ સંત અધિકારી મહાત્મા હતા. આસન અને કમંડલ સિવાય બીજું એમની પાસે કાંઈ નહોતું. એમનું અંગ અતિ સ્થૂળ હતું. મુખમંડળ ગૌર અને તેજસ્વી. ઊંડી શાંતિથી આચ્છાદિત અને પ્રસન્નતાથી પુલકિત. એના જેવી અદભુત મૂર્તિ મેં મારા આજ સુધીના જીવનમાં બીજી નથી જોઈ.

અમે સંમેલનમાં પ્રવેશવા માટે બીજે દિવસે એમની પાસેથી પસાર થયા ત્યારે એમણે અમને જોઈને સુખદ-સંમોહક સ્મિત કર્યું. ત્રીજે દિવસે એમના હાથમાં ચ્હાનો પ્યાલો હતો. એમને જોઈ મને થયું કે આ મહાત્મા પુરુષ વૃક્ષ નીચે બેસી રહે છે. એમની પાસે ભૌતિક સંપત્તિ કે સાધન-સામગ્રી દેખાતી નથી. તેઓ રાતે ક્યાં રહેતા-સૂતા હશે ?

મારા આ મનોભાવોને સમજી લઈ, મારી જિજ્ઞાસાના જવાબમાં, એમણે મને નમસ્કાર કરીને કહેવા માંડ્યું :

યા નિશા સર્વભૂતાનામ્ તસ્યાં જાગર્તિ સંયમી ।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥

ગીતાજીના બીજા અધ્યાયના એ શ્લોકનો ભાવાર્થ સ્પષ્ટ હતો. એ દ્વારા મહાપુરુષ સૂચવવા માગતા હતા કે સામાન્ય રીતે માનવો રાતે નિદ્રાધીન બને છે. પરંતુ યોગી નિદ્રાજીત થઈ રાતે જાગે છે. એ અવિદ્યાના જગતમાં કદિ પણ સૂતો નથી. અખંડ જાગ્રત રહી, પ્રજ્ઞાથી પવિત્ર પરમાત્માના પ્રેમના જગતમાં જાગે છે. હું પણ એવી રીતે જાગું છું. આમ કહીને એમણે મને પુનઃપ્રણામ કર્યા. મારા મનોભાવોને પોતાની સવિશેષ સાધનાશક્તિથી સમજી લઈને એમણે સંતોષકારક સમ્યક્ પ્રત્યુત્તર આપ્યો. એથી મને સાનંદ એમની શક્તિનો સહેજ અનુભવ પણ થયો. એ સુંદર, સ્વચ્છ, વિશાળ રાજમાર્ગ પરથી મને પોતાની પાસેથી પસાર થતો જોઈ, એ રોજ પ્રણામ કરતાં તો પણ હું એમની સાથે ખાસ બોલતો નહિ. મારે નક્કી થયેલા સમયે સંમેલનમાં જવાનું હોવાથી ત્યાં જવાની ઉતાવળ રહેતી. પાછા ફરતી વખતે પણ રોકાવાનો સમય ન મળતો. એક દિવસ મને થયું કે હું આ સંતપુરુષને પ્રેમથી બોલાવતો નથી તો પણ એ મને બોલાવે છે. એમને માન અપમાન જેવું કશું જ નથી. મારા આ વિચારને એમણે જાણી લીધો હોય તેમ, એના જવાબમાં કહ્યું : 'માનાપમાન યો સ્તુલ્યઃ'

એનો અર્થ એ કે મહાત્મા પુરુષો માન અને અપમાનને સરખાં ગણે છે, અને માન અથવા અપમાનની વચ્ચે પણ મનને સ્થિર, શાંત અને સ્વસ્થ રાખી શકે છે.

એ ઉદગારો સાધુપુરષની અંતરંગ અસાધારણતાના પરિચાયક હતા. કોઇને જિજ્ઞાસા જાગવાનો, શંકા થવાનો સંભવ છે કે એવા આત્મદર્શી અને પરમસિદ્ધિ પામેલા મહાત્માને અરણ્યનો એકાંતવાસ છોડી, એવી રીતે જાહેર સંમેલન સમયે, વસ્તી વચ્ચે આવીને બેસવાનું કારણ શું ?

આ શંકા અથવા પ્રશ્નનો જવાબ એટલો જ આપી શકાય, આપણે એમને સંપૂર્ણપણે સમજી ન શકીએ માત્ર અનુમાન જ કરી શકીએ. છતાં એટલું સાચું છે કે એમની ગમે તે સ્વરૂપની ઉપસ્થિતિ, એમના પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવનારા માટે પ્રેરક અને આશીર્વાદરૂપ જ બને છે. એમના જીવન દ્વારા વસતી કે જંગલ સર્વત્ર લોકો માટે કલ્યાણકાર્ય જ થતું હોય છે. એ કયા જીવોના કલ્યાણ કાજે ક્યાં, કેવા સ્વરૂપે અને ક્યારે પ્રકટે છે તે કોઈ કહી શકતું નથી. એમના દ્વારા પ્રેરણા ને પ્રકાશ પામીએ એટલું જ આપણે માટે પર્યાપ્ત છે. 'વંદે મહાપુરુષ તે ચરણારવિન્દમ્ '

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫૮. ઉપસંહાર

આત્મકથાના આલેખનનો આનંદ અવર્ણનીય અથવા અનેરો છે. આત્મકથાનું આલેખન બીજું કાંઈ નહીં પરંતુ પૃથ્વી પર પ્રકટીને લીધેલા કે છોડેલા શ્વાસનું સરવૈયું છે. સંસારમાં શ્વાસ લેવાનો અમૂલખ અવસર મેળવીને માણસે શું કર્યું, સમયને ક્યાં કેવી રીતે પસાર કર્યો, તેનો ઈતિહાસ તેની મારફત મળી રહે છે. જે આત્મકથાનું આલેખન કરે છે તેને પોતાને પણ ઘણું મહત્વનું જાણવાનું મળે છે, તટસ્થ રીતે કરાતો પોતાના જીવનનો વિચાર શ્રેયસ્કર છે.

આત્મકથાનું સ્થાન સાહિત્યની દૃષ્ટિએ ગમે તેવું હોય, એથી સાહિત્યની સમૃદ્ધિમાં નોંધપાત્ર વધારો થતો હોય કે ના થતો હોય, મારી દૃષ્ટિએ એના કરતાં વિશેષ મહત્વની વાત એની માનવ મન પર થનારી અસર છે. એ વાત મને વધારે કીમતી લાગે છે અને સ્પર્શે છે. મને પોતાને મારી નાની વયમાં જીવનકથાઓએ અગત્યની જીવનોપયોગી પ્રેરણા પૂરી પાડેલી. એ પ્રમાણે આત્મકથાની મદદથી માનવ પ્રેરણા પામે, પ્રકાશ મેળવે, જીવનને ઉજ્જવળ કરવાની સામગ્રીથી સંપન્ન બને અને જે જીવનને ઉજ્જવળ કરવાના કલ્યાણકાર્યમાં રત છે તે તેમાંથી વધારે શક્તિ અને સમજ મેળવે, તો આત્મકથાની અગત્યતા ઓછી ના અંકાય. માનવજીવનની ઉપયોગિતાની દૃષ્ટિએ એની કિંમત અસાધારણ લાગે છે.


જીવનના વીતેલા વખતનું સરવૈયું કાઢતી વખતે જીવનને મારી સમજ તથા શક્તિ પ્રમાણે જીવ્યાનો સંતોષ સાંપડ્યો છે અને કોઈક મહામૂલ્યવાન મંગલ મહોત્સવમાં સામેલ થયા જેવો આનંદ મળ્યો છે.

પ્રકાશના પંથના પ્રવાસની આત્મકથા અહીં પૂરી થાય છે, છતાં પણ એ સંપૂર્ણ થાય છે એવું નથી કહી શકાતું. આત્મકથા તો અંખડ રીતે ચાલ્યા જ કરે છે, જીવન ચાલશે ત્યાં સુધી ચાલ્યા કરશે, પરંતુ એટલું કહી શકાય કે એનો એક તબક્કો પૂરો થયો. એ તબક્કો કોઈને પણ પ્રેરણા કે આનંદ આપશે તો એનું આલેખન સફળ ઠરશે.

☼ ☼ ☼ ☼ ☼

**(સમાપ્ત)**

**About the Author**



**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈંશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

## શ્રી યોગેશ્વરજી - વચનામૃત

- એક મહાન શક્તિની મીટ તમારા પર સદાયે મંડાયેલી છે અને એ તમને મદદ કરવા તૈયાર છે. એ તમને હંમેશા જુએ છે, સાંભળે છે, તથા માર્ગદર્શન આપે છે.
- કોઈ પણ ધર્મ માણસને કેટલે અંશે માણસ બનાવી શકે છે અને માનવતાના ઉચ્ચ ગુણધર્મોથી યુક્ત કરે તેના પરથી એની કિંમત નક્કી કરી શકાય છે.
- પ્રેમ જ્યારે ઉત્કટ બનશે ત્યારે એના પરિણામરૂપે વ્યાકુળતા પેદા થશે. ઈશ્વરના દર્શનને માટે અંતર અધીરૂ બનશે અને ઈશ્વર સિવાય બીજું કશું જ નહીં ગમે. અંતરની દુનિયામાં એવા ઉષ:કાલનો આવિર્ભાવ થવાથી ઈશ્વરના સાક્ષાત્કારૂપી સૂર્યોદયને થતાં વાર નહી લાગે.
- ઈશ્વરનો સાક્ષાત્કાર કોઈ રમત વાત નથી. તે વાતવાતમાં કે ચપટી વગાડતામાં થઈ જાય એમ પણ નથી. તેને માટે તો મોટામાં મોટી તૈયારી જાઈએ છે. યોગ્યતા જોઈએ છે, ને લાંબા વખતના એકધારા શ્રદ્ધાપૂર્વકના પુરૂષાર્થની જરૂર પડે છે.
- પહેલા બહારના ગુરૂ, પછી અંદરના. બહારના ગુરુમાં શ્રદ્ધાભક્તિ રાખનારે અંદરના ગુરુનો સંબંધ છેવટે તો કરવાનો રહેશે જ.
- માનવજીવન શાને માટે મળ્યું છે એનો વિચાર કરો. આ શરીર કેવળ ખાવા, પીવા, ભોગ ભોગવવા, ગમે તેવી પ્રવૃત્તિ કરવા અને એક દિવસ અજ્ઞાત રીતે જન્મીને અજ્ઞાત રીતે અદ્રશ્ય થવા માટે મળ્યું છે ?
- સાંકળ લોઢાની હોય કે સોનાની તે બાંધી તો શકે જ. એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં સંપૂર્ણતાએ પહોંચતાં પહેલાં બધી લૌકિક ને પારલૌકિક વાસનાઓનો ભોગ આપવો પડે છે. આધ્યાત્મિક સાધનમાં સૌથી આવશ્યક વસ્તુ સર્વસમર્પણની છે.
- આ શરીર ઈશ્વરનું મંદિર છે. તે એક ફૂલ જેવું ફોરમવંતુ બનીને ઈશ્વરને ચરણે પડી રહે એમાં જ એની ધન્યતા છે. જેમ ફૂલમાં મઘમઘાટ હોય છે તેમ આ શરીરમાં પણ પ્રેમ, આનંદ, દયા વગેરે દૈવી ગુણોનો મઘમઘાટ હોય, એમાં જ એની કૃતકૃત્યતા છે.
- જે કોઈ પ્રેમની, સત્યની કે પવિત્રતાની પૂજા કરે છે તે ઈશ્વરની જ પૂજા કરે છે, ને જેટલા પ્રમાણમાં તે પ્રેમ, પાવિત્ર્ય કે સત્યની સમીપ જાય છે તેટલા જ પ્રમાણમાં તે ઈશ્વરની પાસે પહોંચે છે.
- સ્વાર્થ એ બંધ છે, ને નિ:સ્વાર્થતા એ મુક્તિ છે. દ્વેષ એ બંધ છે, ને પ્રેમ એ મુક્તિ છે. વિલાસ એ બંધ છે, ને સંયમ એ મુક્તિ છે. દ્વેષદર્શન એ બંધ છે, ને એકદર્શન-અભેદદર્શન એ મુક્તિ છે. દેહનો અધ્યાસ એ બંધ છે, ને આત્મતત્વની અનુભૂતિ એ મુક્તિ છે.
- અચળ શ્રધ્ધા એ એક એવો આશીર્વાદ છે જે કોઈ બડભાગી સાધકને જ પ્રાપ્ત થાય છે. અને જેને એ પ્રાપ્ત થઈ જાય છે તેનો બેડો પાર થઈ જાય છે.
- પ્રયત્નથી સાંપડેલી નિષ્ફળતા એ નિષ્ફળતા નહિ પણ સફળતાની કેડી છે.
- મનુષ્યજીવનનું અંતિમ ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે.

For more information
on
Life and works of

## Shri Yogeshwarji



Please visit

## www.swargarohan.org